ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૩૪

સોમવાર, તા. ૧૦ મી માર્ચ, ૨૦૦૮
ફાલ્ગુન ૨૦, ૧૯૨૯ શાકે

થી

ગુરુવાર તા. ૧૩મી માર્ચ, ૨૦૦૮
ફાલ્ગુન ૨૩, ૧૯૨૯ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**પ્રથમ અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક્ર મ ણિ કા

**વિષય** **પાના નંબર**

## સોમવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૦૮ / ફાલ્ગુન ૨૦, ૧૯૨૯ શાકે


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૦ - ૫૩ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૫૪ - ૫૭ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૫૮ - ૬૦ |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક | ૬૧ - ૬૫ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૬૬ - ૮૫ |


## મંગળવાર, તા.૧૧મી માર્ચ, ૨૦૦૮ / ફાલ્ગુન ૨૧, ૧૯૨૯ શાકે


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૮૬ - ૯૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૯૮ - ૧૨૪ |
| શોકદર્શક ઉલ્લેખો | ૧૨૫ - ૧૩૧ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૧૩૨ - ૧૩૫ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૧૩૬ - ૧૩૬ |
| મંત્રીશ્રીઓના પ્રસ્તાવો | ૧૩૭ - ૧૩૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૩૮ - ૧૫૯ |


## બુધવાર, તા.૧૨મી માર્ચ, ૨૦૦૮ / ફાલ્ગુન ૨૨, ૧૯૨૯ શાકે

### પહેલી બેઠક


| | |
|---|---|
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૬૦ - ૧૬૫ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૧૬૬ - ૧૬૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૬૮ - ૧૯૮ |

## અ નુ ક્ર મ ણિ કા

**વિષય** **પાના નંબર**

### બુધવાર, તા.૧૨મી માર્ચ, ૨૦૦૮ / ફાલ્ગુન ૨૨, ૧૯૨૯ શાકે

### બીજી બેઠક


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧૯૯ - ૨૧૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૧૪ - ૨૮૨ |
| ઔચિત્યભંગનો મુદ્દો | ૨૮૩ - ૨૮૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૮૫ - ૩૧૨ |


### ગુરૂવાર, તા.૧૩મી માર્ચ, ૨૦૦૮ / ફાલ્ગુન ૨૩, ૧૯૨૯ શાકે


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૩૧૩ - ૩૨૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૨૪ - ૩૪૮ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૩૪૯ - ૩૪૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૫૦ - ૩૮૧ |


**************

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૧૦ મી માર્ચ, ૨૦૦૮**
**ફાલ્ગુન ૨૦, ૧૯૨૯ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## સહકારી ખાંડ મિલોને લીકવીડીટી સ્પોટ લોન આપવા બાબત

*** ૨૬૧ શ્રી ભગવાનભાઈ ધા. બારડ(તાલાળા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સહકાર વિભાગ દ્વારા રાજયની સહકારી ખાંડ મિલોને લીકવીડીટી સ્પોટ લોન આપવા માટે કઈ કઈ મિલોને કેટલી રકમની લોન આપવા માટે નાણા વિભાગને ભલામણ કઈ કઈ તારીખે કરી,

(૨) ભલામણ કરેલ રકમ અને મિલો સામે કઈ કઈ મિલની કેટલી રકમની લોન નાણા વિભાગે મંજૂર કરી, અને

(૩) નામંજૂર થયેલ દરખાસ્ત અન્વયે સહકાર વિભાગે શી કાર્યવાહી કરી?

**સહકાર મંત્રીશ્રી:**

(૧)

| **અ.નં.** | **સંસ્થાનું નામ** | **રકમ (રૂ.લાખમાં)** | **નાણા વિભાગને ભલામણ કર્યા તારીખ.** |
|---|---|---|---|
| ૧ | સરદાર સુગર, લઢોદ | ૧૩૩૦.૦૦ | ૨૬-૯-૦૫ |
| ૨ | મરોલી સુગર, કોલાસણા | ૮૨૬.૪૫ | ૨૬-૯-૦૫ |
| ૩ | ઉકાઈ સુગર, ખુશાલપુરા | ૮૦૦.૦૦ | ૨૬-૯-૦૫ |
| ૪ | વડોદરા સુગર, ગંધારા | ૮૫૫.૦૦ | ૨૬-૯-૦૫ |
| ૫ | તાલાલા સુગર, તાલાલા | ૬૩૮.૦૦ | ૨૬-૬-૦૭ |

(૨) ઉપર જવાબ-(૧) ના ક્રમ:૧ થી ૪ માં ભલામણ કર્યા મુજબની લીકવીડીટી સપોર્ટ લોન સરકારશ્રીએ મંજૂર કરેલ છે.

(૩) સહકાર વિભાગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, જે પાંચ સુગર મિલોની દરખાસ્ત આવી હતી અને એમાંથી ચાર સુગર મિલોની દરખાસ્ત નાણા વિભાગમાં મોકલી છે તે તાલાલા સુગર મિલ, તાલાલાની દરખાસ્તની ફેરવિચારણા કરીને સરકાર દરખાસ્ત મોકલવા માગે છે કે કેમ?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે દરખાસ્તો જે તે વખતે આવી એમાંથી ચાર સુગર મિલોને લીકવીડીટી સ્પોટ લોન આપવામાં આવેલ છે. તાલાલાની દરખાસ્ત એના પછીથી આવેલ છે જે અત્યારે નકકી કરેલ નોર્મ્સ પ્રમાણે અને આર્થિક ક્ષમતા કે જે નકકી કરેલ નોર્મ્સ છે એમાં એવું છે કે માલની ઉપલબ્ધી આનું મેઈન કારણ છે. માલની ઉપલબ્ધી ન હોવાને કારણે જે તે વખતે મંજૂર કરવામાં આવી ન હતી.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત મારે મંત્રીશ્રીને પૂછવું છે કે રાજયમાં નવી શરૂ થતી ખાંડ મિલોને રાજય સરકાર તરફથી કેવા પ્રકારની સહાય કરવામાં આવે છે?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નવી શરૂ થતી ખાંડ મિલોને માન્ય નાણાકીય સંસ્થા દ્વારા મંજૂર કરવામાં આવતી પ્રોજેકટ કોસ્ટની કુલ રકમના ૩૦ટકા લેખે શેર ફાળો રાજય સરકાર તરફથી આપવામાં આવે છે. આ શેર ફાળાની રકમ આ મિલ જયારથી શેરડી પિલાણનું કામ શરૂ કરે ત્યારથી પાંચ વર્ષ દર વર્ષે સરખા હપ્તે પરત લેવાની થાય છે. આ ઉપરાંત નવી શરૂ થતી ખાંડ મિલોને તેની જરૂરિયાત મુજબ અન્ય નાણાકીય લોન માટે લોન મંજૂર કરનાર બેંક, સંસ્થાને રાજય સરકાર દ્વારા ગેરંટી પૂરી પાડવાની સહાય કરવામાં આવે છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજય સરકાર દ્વારા સહકારી ખાંડ મિલને લીકવીડીટી સ્પોટ લોન આપવામાં આવે છે તેના રીવાઈવલ પેકેજની કઈ કઈ શરતો અને બોલીઓ રાખવામાં આવી છે?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા સહકાર વિભાગના તા.૨૯-૧૦-૦૫ના ઠરાવ અન્વયે માંદી ખાંડ સહકારી મંડળીઓને પૂનર્વસનની યોજના હેઠળ લીકવીડીટી સ્પોટ લોન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તેની શરતો અને બોલીઓ નીચે મુજબ છે. માંદી ખાંડ સહકારી મંડળીને લોન પરત ચૂકવવા માટે બે વર્ષનો મોરેટોરીયમ પિરીયડ આપવાનો રહેશે. લોનની રકમ પાંચ સરખા હપ્તામાં પરત કરવાની રહેશે. માંદી સહકારી ખાંડ મિલોને મંજૂર કરેલ લોનનો વ્યાજનો દર ૪ ટકા સાદો વાર્ષિક દર ગણવાનો રહેશે. નાબાર્ડે તાજેતરમાં જાહેર કરેલ ખાંડ સહકારી મંડળીના રીવાઈવલ પેકેજની રાહત યોજનામાં આ ચાર ખાંડ સહકારી મંડળીઓએ અરજી કરેલ છે તેનો લાભ આ ખાંડ સહકારી મંડળીને મળવાપાત્ર થશે. નાબાર્ડ તરફથી મળનાર અપેક્ષિત સહાયની શરતે રાજયનું આ પેકેજ મંજૂર કરવામાં આવેલ છે. શેરડી ઉત્પાદકોએ શેરડીના ભાવ ભારત સરકારની ફોર્મ્યુલાથી વધુ ચૂકવવા નહીં.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, જવાબ જેટલો બને તેટલો ટૂંકો આપશો તો સારું. લાંબો હોય તો મેજ ઉપર મૂકજો.

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બે જ બાકી છે.સરદાર સુગરના કિસ્સામાં સ્ટેટ કો.ઓ.બેંક અને અન્ય પાંચ રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા રાજય સરકારને આપવામાં આવેલ ડીફોલ્ટ ગેરંટી અંગેની નોટિસ પરત ખેંચી રીશીડયુઅલ કરી આપવાની રહેશે. શેરડી ઉત્પાદકોએ ગ્રીન ડીવોલ્યુશન કંપની દ્વારા ડ્રીપ ઈરીગેશન પ્રથા અપનાવવાની રહેશે.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : રાજ્ય સરકાર દ્વારા સુગર ફૅકટરીને અત્યાર સુધીમાં કઈ કઈ સહાય કરવામાં આવી? તલાલા સુગર ફૅકટરીને સરકાર તરફથી કેટલો શેરફાળો આપવામાં આવેલ છે. તેમાંથી ફૅકટરીએ કેટલો શેરફાળો પરત કરવાનો બાકી છે. આ શેરફાળો ક્યારથી પરત લેવાનો બાકી છે અને પરત લેવા માટે સરકાર કોઈ પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીમાં જે ખાંડ મંડળીઓને શેરફાળો.

**અધ્યક્ષશ્રી** : તલાલા પૂરતો પ્રશ્ન છે.

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : તલાલાને અત્યાર સુધીમાં ૧૯૭૦ થી ૧૯૭૭ સુધીમાં ૧૬૦ લાખનો શેરફાળો આપેલ છે. આ ફૅકટરીને જુદી જુદી નાણાકીય સંસ્થાઓ પાસેથી રૂપિયા ૪૦૦ લાખની લોન મેળવવા માટે રાજ્ય સરકારે ગ્રાન્ટ આપેલ હતી. રાજ્ય સરકાર દ્વારા ૧૯૭૭ સુધીમાં શેરફાળો પરત લેવાનો થતો હતો. તે પૈકી તલાલા ખાંડ મિલ દ્વારા રૂપિયા ૯૬ લાખનો શેરફાળો પરત કરેલ છે. હજુ બીજા ૬૪ લાખનો શેરફાળો સંસ્થાએ ચૂકવવાનો બાકી છે. આ માટે સંસ્થાને સહકાર વિભાગ તરફથી વારંવાર શેરફાળો પરત કરવા માટે તાકીદ કરવામાં આવી છે, પરંતુ સ્થાનિક શેરડી ઉત્પાદકોના ખેડૂતોનું આર્થિક હિત ધ્યાનમાં રાખીને આ રાજ્ય સરકાર દ્વારા કોઈ ઉગ્ર કે કડક પગલાં આજદિન સુધીમાં લેવામાં આવેલ નથી.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે તલાલા સુગર ફૅકટરીની દરખાસ્ત આવી છે એ માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે મોડી મળી છે, પણ ૨૬-૯-૨૦૦૫ ના રોજ પણ તલાલા સુગર મિલને દરખાસ્ત મોકલેલ છે. ફરી વખત તા. ૨૬-૬ અને ૨૬-૭ ના રોજ ફરી દરખાસ્ત પાછી મોકલેલ છે. આમાં ફેરવિચારણા કરવા માગો છો અને દરખાસ્ત મોકલવા માગો છો કે નહિ એ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : રાજ્ય સરકાર દ્વારા જ્યારે લિકવિડિટી સ્પૉર્ટ લોન અંગે ૨૦૦૫ માં સહાય મંજૂર કરવાની વિચારણા કરવામાં આવી ત્યારે વર્ષ ૨૦૦૧-૦૨ અને વર્ષ ૨૦૦૩-૦૪ માં દુષ્કાળને કારણે શેરડી ઉપલબ્ધ ન થવાના કારણે ફૅકટરી બંધ હતી, તેથી તલાલા ખાંડ મિલ પાસે શેરડીનો અપૂરતો જથ્થો એટલે કે કાચા માલની પૂરતી વ્યવસ્થા કે ભવિષ્યનું આયોજન સંતોષકારક ન હોવાના કારણો ધ્યાનમાં લેતા તેથી તે સંસ્થાને જે લોન સહાય આપવામાં આવેલ તેના ફંડોનો કાર્યક્ષમ ઉપયોગ થાય તેમ શકય ન હોવાનું જણાતા સંસ્થાની દરખાસ્ત સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવી ન હતી.

### મેઘરજ,માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં ડામર કર્યા વગરના રોડ

***૧૨૩૨ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(મેઘરજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાના પંચાયત અને રાજય હસ્તકના રસ્તાઓમાં ડામર કર્યા વગરના ૭ વર્ષથી વધુ સમયના કુલ કેટલા અને કયા રસ્તાઓ છે, અને

(૨) સરકારે આ રસ્તાઓને કયાં સુધીમાં ડામર કરવાનું આયોજન કર્યુ છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાના પંચાયત અને રાજય હસ્તકના ડામર કર્યા વગરના ૭ વર્ષથી વધુ સમયના રસ્તાની સંખ્યા નીચે મુજબ છે.

**રસ્તાના નામ પત્રક મુજબ**

| તાલુકો | પંચાયત | રાજય | કુલ |
|---|---|---|---|
| મેઘરજ | ૮ | ૨૨ | ૩૦ |
| માલપુર | ૧૫ | ૭ | ૨૨ |
| બાયડ | ૯ | ૨૭ | ૩૬ |
| ધનસુરા | ૧૨ | ૯ | ૨૧ |
| કુલ: | ૪૪ | ૬૫ | ૧૦૯ |

(૨) આ માર્ગોનું રીસરફેસીંગ કરવાનું આયોજન કરેલ છે, જે તબક્કાવાર પૂર્ણ કરવાનું આયજન છે.

**પત્રક**

**મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં ડામર ર્ક્યા વગરના રોડ.**

**સાત વર્ષથી વધુ સમયથી રીસરફેસીંગ ન થયેલ રસ્તાઓની યાદી.**

| **ક્રમ** | **તાલુકો (વિભાગ)** | **રસ્તાનું નામ** |
|---|---|---|
| ૧ | મેઘરજ (રાજ્ય) | દધાલીયા-ભાટકોટા-શીવરાજપુર કંપા રોડ. |
| ૨ | "" | સીસોદરા-મોતી મોરી રોડ. |
| ૩ | "" | ધરોલા એપ્રોચ રોડ. |
| ૪ | "" | ખાંડીવાવ એપ્રોચ રોડ. |
| ૫ | "" | ગાલીયાદાંતી-મંગલપુર-સોનારીયા રોડ. |
| ૬ | "" | ઇસરોલ-રાજેલી-દધાલીયા રોડ. |
| ૭ | "" | બામણી એપ્રોચ રોડ. |
| ૮ | "" | માલપુર-રઘુનાથપુર રોડ. |
| ૯ | "" | સાલમબાપુના પહાડીયા-સુરાના પહાડીયા રોડ. |
| ૧૦ | "" | સરદાર ખાંટની મુવાડી રોડ. |
| ૧૧ | "" | રામગઢી એપ્રોચ રોડ. |
| ૧૨ | "" | કૃષ્ણપુરા એપ્રોચ રોડ. |
| ૧૩ | "" | અગાટીયા-ભુખાકુત્તરી રોડ. |
| ૧૪ | "" | સાતરડી-મહુડી-ગોરવાડા-આંતોલી-પુંજપુર રોડ. |
| ૧૫ | "" | પાણીબાર-ધરોલા રોડ. |
| ૧૬ | "" | વલુણા-તરકવાડા-રાજેડી રોડ. |
| ૧૭ | "" | નારણપુરા એપ્રોચ રોડ. |
| ૧૮ | "" | ઓઢા એપ્રોચ રોડ. |
| ૧૯ | "" | ડચકા એપ્રોચ રોડ. |
| ૨૦ | "" | લીંબોદરા-કૃષ્ણપુર રોડ. |
| ૨૧ | "" | સીસોદરા-અદાપુર-ઠેમડા રોડ. |
| ૨૨ | "" | મુન્સીવાડા એપ્રોચ રોડ. |
| | | **કુલ : ૨૨ રસ્તા** |
| ૧ | મેઘરજ (પંચાયત) | પંચાલ કદવાડી જામગઢ રોડ. |
| ૨ | "" | માલપુર લીંબોદ્રા લાખાપુર રોડ. |
| ૩ | "" | ડચકા એ. રોડ. |
| ૪ | "" | ગેડ છીટાદરા રોડ. |
| ૫ | "" | લીભોઇ એ. રોડ. |
| ૬ | મેઘરજ (પંચાયત) | ઉન્ડવા આગોડીયા રોડ. |
| ૭ | "" | વાઘપુર ગોપાવાડા જામગઢ રોડ. |
| ૮ | "" | ભુતીયા એ. રોડ (રામગઢી રાયવાડા). |
| | | **કુલ : ૮ ક્રમ** |
| ૧ | માલુપર (રાજ્ય) | ટીસ્કી-ગોપાલપુરા રોડ. |
| ૨ | "" | ડોડીયા-મેવાડા રોડ. |

| ક્રમ | તાલુકો (વિભાગ) | રસ્તાનું નામ |
|---|---|---|
| ૩ | "" | સોનારીયા એપ્રોચ રોડ. |
| ૪ | "" | રંભોડા એપ્રોચ રોડ. |
| ૫ | "" | જેસીંગપુરા એપ્રોચ રોડ. |
| ૬ | માલુપર (રાજ્ય) | ઉભરાણ રંભોડા હેલોદર રાજ્ય રસ્તો, કિ.મી. ૯/૨ થી ૨૦/૪ |
| ૭ | "" | સાતરડા અપ્રોચ રોડ. |
| | | કુલ............૭ રસ્તા |
| ૧ | માલુપર (પંચાયત) | અમલાઈ ઉભરાણ અણીયર રોડ |
| ૨ | "" | શીણાવાડ બડોદરા ટીસ્કી (સે. બડોદરા ટીસ્કી) |
| ૩ | "" | મેવડા નાનાવાડા રોડ |
| ૪ | "" | મહીયાપુર એ. રોડ |
| ૫ | "" | ઉભરાણ એ. રોડ |
| ૬ | "" | મહીયાપુર વાવડી રોડ |
| ૭ | "" | સાતરડા હરીપુરા રોડ |
| ૮ | "" | ગાલીયાદાંતી નવાધરા રોડ |
| ૯ | "" | આંબલીયા બામણી ઓઢા આંક્લીયા રોડ |
| ૧૦ | "" | મસાદરા એ. રોડ |
| ૧૧ | "" | ધીરાખાંટના મુવાડા એ. રોડ. |
| ૧૨ | "" | અણીયોર કંમ્પા હરીપુરાકંપા રોડ |
| ૧૩ | "" | ડબારણ આંક્લીયા રોડ |
| ૧૪ | "" | ફગોડીયા એ. રોડ |
| ૧૫ | "" | જીતપુર અંધારીવાડી રોડ |
| | | **કુલ-- ૧૫ ક્રામ** |
| ૧ | બાયડ(રાજ્ય) | ગાબટ-ગોતાપુર રોડ |
| ૨ | "" | મોતીપુરા એપ્રોચ રોડ |
| ૩ | "" | ધોમ એપ્રોચ રોડ |
| ૪ | "" | મોતીપુરા નાગાના મઠ રોડ |
| ૫ | "" | બાદરપુરા એપ્રોચ રોડ |
| ૬ | "" | સીમલીયા એપ્રોચ રોડ |
| ૭ | "" | વાત્રક-ભૂખેલ રોડ |
| ૮ | "" | અમરાપુર એપ્રોચ રોડ |
| ૯ | "" | લીંબ એપ્રોચ રોડ |
| ૧૦ | "" | આંબલીયારા એપ્રોચ રોડ |
| ૧૧ | "" | અલાના-પાટો રોડ |
| ૧૨ | "" | લાલુકંપા એપ્રોચ રોડ |
| ૧૩ | "" | લાલુકંપા-આકોડીયા રોડ |
| ૧૪ | બાયડ(રાજ્ય) | ભુડાસણ-ડેરીયા રોડ |
| ૧૫ | "" | વજેપુરકંપા એપ્રોચ રોડ |
| ૧૬ | "" | ડાભા-માનપુર રોડ |
| ૧૭ | "" | ચોઈલા-શણગાલ રોડ |
| ૧૮ | "" | ગોતાપુરા-પ્રાતવેલ રોડ |
| ૧૯ | "" | ગાબટ-નાભેલા રોડ |
| ૨૦ | "" | સરસોલી-હમતાજ-જુમતાલ રોડ |
| ૨૧ | "" | સિમલેજ એપ્રોચ રોડ |
| ૨૨ | "" | લાલપુર-મોટા એપ્રોચ રોડ |
| ૨૩ | "" | વાંટડા-કાવઢ રોડ |
| ૨૪ | "" | વાંટડા-બોરમઢ રોડ |

| ક્રમ | તાલુકો (વિભાગ) | રસ્તાનું નામ |
|---|---|---|
| ૨૫ | "" | જામલપુરા-વજાવત-સાઠંબા રોડ |
| ૨૬ | "" | અંબાગામ-કાદવીયા રોડ |
| ૨૭ | "" | હાથીપુરા-ખારી રોડ |
| | | **કુલ : ....... ૨૭ રસ્તા** |
| ૧ | બાયડ (પંચાયત) | અમીયાપુર આંબલીયારા રોડ |
| ૨ | "" | ડેમાઈ મોતીપુરા લાંક રોડ |
| ૩ | "" | હઠીપુરા એ. રોડ |
| ૪ | "" | પગીયાના મુવાડા એ. રોડ |
| ૫ | "" | રડોદરા એ. રોડ |
| ૬ | "" | જીતપુર એ. રોડ (જીતપુર અમીયાપુર) |
| ૭ | "" | ચોઈલા એ. રોડ |
| ૮ | "" | પીપોદરા એ. રોડ (પીપોદરાથી નવાપીપોદરા) |
| ૯ | "" | આંબલીયારા એ. રોડ |
| | | **કુલ.......... ૯ ક્રમ** |
| ૧ | ધનસુરા (રાજ્ય) | છેવાડીયા એપ્રોચ રોડ |
| ૨ | "" | બીબીપુરા-ચમારપુર રોડ |
| ૩ | "" | પોયડા એપ્રોચ રોડ |
| ૪ | "" | આકરૂન્દ-ઉદેપુર રોડ |
| ૫ | "" | કેશરપુરા-જશવંતપુરા રોડ |
| ૬ | "" | રતનપુર-અલવા રોડ |
| ૭ | "" | ખેડા-કામલી રોડ |
| ૮ | "" | ધામનીયા કંપા એપ્રોચ રોડ |
| ૯ | "" | બારનોલી-રમાના રોડ |
| | | **કુલ.......... ૯ રસ્તા** |
| ૧ | ધનસુરા (પંચાયત) | તેનપુરકંપા કમાલીયા રોડ |
| ૨ | "" | તેનપુરકંપા કમાલીયા રોડ |
| ૩ | "" | ભેસાવાડા એ. રોડ |
| ૪ | "" | આકરૂન્દ્ર વાત્રકગઢ રોડ |
| ૫ | "" | વડાગામ ખીલોડા અલવા રોડ |
| ૬ | "" | બુટાલ કંજેરીકંપા રોડ |
| ૭ | ધનસુરા (પંચાયત) | ધનસુરા શીણોલ બાયલ ઢાંખરોલ રોડ |
| ૮ | "" | વડાગામ જામઠા કનાલ રોડ |
| ૯ | "" | આકરૂન્દ ઉદેલપુર અલવા રોડ |
| ૧૦ | "" | નાણાં એ. રોડ |
| ૧૧ | "" | રહીયોલ કંપા એ. રોડ |
| ૧૨ | "" | ધનસુરા દોલપુર એ. રોડ |
| | | **કુલ..........૧૨ ક્રમ** |
| | | ***રાજ્યનું કુલ .........................૬૫*** |
| | | ***પંચાયતનુ કુલ ......................૪૪*** |
| | | ***એકંદરે કુલ .......................૧૦૯*** |

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા :** મેં. સાત વર્ષથી વધુ સમયના કેટલા રસ્તાઓ અને કયા રસ્તાઓ ડામર વગરના રસ્તાઓ છે એ પૂછયું છે. તેના જવાબમાં પંચાયતના ૪૪ અને રાજ્યના ૬૫ ટોટલ ૧૦૯ બાકી છે.

મારો સીધો પ્રશ્ન છે અને આ માર્ગોનું રીસરફેસિંગ કરવાનું આયોજન તબક્કાવાર કરવામાં આવશે તેમ જણાવ્યું છે. આ પછાત વિસ્તારમાં વાહનવ્યવહારની તકલીફ, બાળકોને ભણવા માટે આવવાની તકલીફ પડે છે, તો તે માટેની કોઈ ફિકસ નીતિ કરી છે કે કેમ કે ટૂંક સમયમાં પતાવીશું, આટલા ટાઈમમાં પતાવીશું એ મારે જાણવું છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા એમાં રાજ્યના ૬૫ અને પંચાયતના ૪૪ રસ્તાઓ ૭ વર્ષ કરતાં વધારે સમયથી ડામર સપાટીથી નહોતા થયા, એમાં ૬૫ માંથી ૨૪ રસ્તાઓ મંજૂર થયા છે. એનાં કામ પ્રગતિમાં છે. ૪૧ જે રોડ છે. તેનું આયોજન થઈ ગયું છે. ટેન્ડરની પ્રક્રિયામાં વગેરેમાં છે. પંચાયતના જે રસ્તાઓ છે, તે પંચાયતના ૪૪ માંથી ૧૩ રસ્તાનું આયોજન થયું છે. આ પણ ટેન્ડરની પ્રક્રિયામાં છે. બાકીના ૩૧ રસ્તાઓ બાકી રહે છે, જેનું આયોજન હવે પછી કરવામાં આવશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય મંત્રીશ્રીએ પ્રશ્ન પેટા-૨ ના જવાબમાં કહ્યું છે કે આ મોર્ગોનું રીશરફેસિંગ કરવાનું આયોજન છે અને તબક્કાવાર પૂર્ણ કરવાનું આયોજન છે. મારે જાણવું છે કે પ્રથમ તબક્કામાં કયારે પૂર્ણ થશે અને પ્રથમ તબક્કામાં કેટલા રસ્તા લેવામાં આવ્યા છે અને કેટલા ખર્ચનું આયોજન છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, મેઘરજના જે રસ્તાઓ છે તેમાં રાજયના જે રસ્તાઓ છે તેના કામો પ્રગતિમાં છે. બે મહિનામાં તે કામો પૂર્ણ થઈ જશે. બાકીના રસ્તાઓ જે છે રાજયના હું મેઘરજ તાલુકાના રસ્તાઓની વાત કરું છું તેમાં રાજયના બાકીના રસ્તાઓ છે તેમાં ત્રણ રસ્તાઓ છે તેમાં રામગઢી એપ્રોચ રોડ, કૃષ્ણપુરા એપ્રોચ રોડ અને અગાટીયા ભુખાકુતરી રોડ જે ટેન્ડરની પ્રક્રિયામાં છે, ટેન્ડરની પ્રક્રિયામાં એટલે ટેન્ડર મંજૂર થવાની પ્રક્રિયામાં છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ એ છે કે તબકકાવાર કહયું છે અને પ્રથમ તબકકો કયારે પૂર્ણ થશે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આ તબકકો જ છે ભાઈ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સ્પેસિફીક પ્રશ્ન છે. when there is a specific reply from Hon. minister. We have right to know એમણે કહયું છે કે તબકકાવાર આયોજન કર્યુ છે. મારો સવાલ એટલો જ છે કે પ્રથમ તબકકો કયારે પૂર્ણ થશે? કેટલા રસ્તા છે અને કેટલી રકમના છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રથમ તબકકાની જ હું વાત કરું છું. હું એ જ વાત કરું છું કે કામ પ્રગતિમાં છે અને બે મહિનામાં કામ પૂર્ણ થશે.

**અધ્યક્ષશ્રી** : બે મહિનામાં કામ પૂર્ણ થશે. શ્રી પ્રફુલ્લભાઈ.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, તેનાથી કયો વિશેષ સારો જવાબ હોઈ શકે.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજયની વિવિધ યોજનાઓ હેઠળ કેટલા કિલોમીટરના રસ્તાઓના કામ પૂર્ણ કર્યા અને તેની પાછળ કેટલો ખર્ચ થયો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં ૨૦૦૫-૦૬મા ૨૯૬૧ લાખનો ખર્ચ થયો છે. ૨૦૦૬-૦૭માં ૪૯૨૦ લાખનો ખર્ચ થયો છે અને ૨૦૦૭-૦૮માં ૨૯૮૮ લાખનો ખર્ચ રાજયના રસ્તાઓમાં થયો છે. જયારે પંચાયતના રસ્તાઓમાં તેમાં ૨૦૦૫-૦૬માં ૧૭૨૦ લાખનો ખર્ચ, ૨૦૦૬-૦૭માં ૨૬૯૩ લાખનો ખર્ચ અને ૨૦૦૭-૦૮માં ૨૭૪૪ લાખનો ખર્ચ થયો છે.

## જામનગર જિલ્લામાં નમૂના-૬માં એન્ટ્રીની અરજીઓ

***૧૫૨૮શ્રી મૂળુભાઈ હ. આયરબેરા(ભાણવડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી ગામની નમૂના નંબર-૬ની નોંધો પાડવા માટેની અરજીઓ છેલ્લા બે વર્ષમાં મળી,

(૨) તે પૈકી કેટલી નોંધ પાડવામાં આવી અને પડતર કેટલી છે, અને

(૩) બાકી નોંધો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | કુલ અરજીઓ |
|---|---|---|
| ૧ | જામનગર (શહેર) | ૫૨૨ |
| ૨ | જામનગર (ગ્રામ્ય) | ૧૨૫૯૪ |
| ૩ | લાલપુર | ૮૩૮૪ |
| ૪ | કાલાવાડ | ૧૧૯૫૬ |
| ૫ | ધ્રોળ | ૫૯૮૯ |

| | | |
|---|---|---|
| ૬ | જોડીયા | ૫૮૪૭ |
| ૭ | ખંભાળીયા | ૯૫૮૯ |
| ૮ | કલ્યાણપુર | ૧૫૨૦૪ |
| ૯ | દ્વારકા | ૪૬૬૯ |
| ૧૦ | ભાણવડ | ૭૦૫૬ |
| ૧૧ | જામજોધપુર | ૮૧૮૯ |
| | કુલ : | ૮૯,૯૯૯ |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | પાડવામાં આવેલ કુલ નોંધ | પડતર |
|---|---|---|---|
| ૧ | જામનગર (શહેર) | ૫૦૮ | ૧૪ |
| ૨ | જામનગર (ગ્રામ્ય) | ૧૨૫૩૪ | ૬૦ |
| ૩ | લાલપુર | ૮૩૮૪ | ૦ |
| ૪ | કાલાવાડ | ૧૧૯૫૬ | ૦ |
| ૫ | ધ્રોળ | ૫૯૮૯ | ૦ |
| ૬ | જોડીયા | ૫૮૪૭ | ૦ |
| ૭ | ખંભાળીયા | ૯૫૮૯ | ૦ |
| ૮ | કલ્યાણપુર | ૧૪૯૮૯ | ૨૧૫ |
| ૯ | દ્વારકા | ૪૫૦૯ | ૧૬૦ |
| ૧૦ | ભાણવડ | ૬૭૫૩ | ૩૦૩ |
| ૧૧ | જામજોધપુર | ૮૧૮૯ | ૦ |
| | કુલ : | ૮૯,૨૪૭ | ૭૫૨ |

(૩) બાકી નોંધો પૂર્ણ કરવામાં આવેલ છે. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં ૮૯,૯૯૯ કુલ નોંધો પાડવાની હતી. તેની અરજીઓ મળી હતી છેલ્લા બે વર્ષમાં. તેમાંથી ૮૯૨૪૭ અરજીઓનો નિકાલ થયો છે. ૭૫૨ અરજીઓ પડતર છે. તો તેમાં પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવાનો પ્રશ્ન પૂછયો છે તો જવાબમાં કહયું છે કે બાકીની નોંધો પૂર્ણ કરવામાં આવેલ છે એટલે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ૭૫૨ અરજીઓ બાકી હતી તે. મારા ભાણવડ તાલુકામાં ૩૦૩ અરજીઓ પડતર છે. તો પડતર રહેવાના કારણો કયા છે? અને વિલંબ થવાના કારણો કયા છે? આ એન્ટ્રીઓ પાડવામાં વિલંબ થયો છે તેમાં ત્રણ મહિના, છ મહિના અને નવ મહિના ઉપરાંતની એન્ટ્રીઓ હોય, ૬ નંબરની નોંધ પાડવાની હોય અને અરજીઓનો નિકાલ કરવાનો બાકી હોય તેમાં નાયબ કલેકટર કક્ષાએ રીવ્યુ કરવામાં આવે છે? મારો બીજો પ્રશ્ન એ છે કે જે ઈ-ધારાની નાયબ મામલતદારની જે જગ્યાઓ ખાલી છે તે કેટલા સમયમાં ભરવામાં આવશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, ૭૫૨ અરજીઓ તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ પડતર હતી. પરંતુ જાન્યુઆરી, ફેબ્રુઆરી મહિનાની અંદર આ ૭૫૨ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. હાલની સ્થિતિએ કોઈ જ અરજી પડતર નથી. જે ખાલી જગ્યાઓની વાત છે તે હું જોઈ લઈશ અને ખાલી જગ્યાઓ ભરવા માટેના પૂરા પ્રયત્નો કરવામાં આવશે. ૩૦૩ અરજીઓની જે સભ્યશ્રીની વાત છે તેમાં જે નામંજૂર થઈ છે તેમાં જો પુરાવા આપવામાં આવશે તો કામ તુરત જ પૂર્ણ કરવામાં આવશે. આમાં ખાસ કરીને ખેડૂતો ખાતેદારનો દાખલો રજૂ કરતા નથી તેના કારણે નામંજૂર થાય છે. જમીન ગીરો હોવાને કારણે નામંજૂર થાય છે, ટૂકડા ધારાનો ભંગ થતો હોવાના કારણે નામંજૂર થાય છે. ખેડૂત ખાતેદારો તરફથી જરૂરી વિગતો અને આધાર માગવામાં આવે છે તે સમય મર્યાદામાં આપતા નહીં હોવાને કારણે નામંજૂર કરવામાં આવે છે.

## ખેડૂત અકસ્માત યોજનાના લાભાર્થીઓ

* **૧૩૫૫ શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ખેડૂત અકસ્માત વીમા યોજનામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓની અરજીઓ આવી, અને

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવાઈ અને બાકી રહેતી અરજીઓ ઉપર ક્યારે નિર્ણય લેવામાં આવશે ?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ખેડૂત અકસ્માત વીમા યોજનામાં તારીખ ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પત્રક-૧ મુજબના લાભાર્થીઓની દાવા અરજીઓ આવી છે.

(૨) તે અન્વયે ૭૨ અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવાઈ અને બાકી રહેતી અરજીઓ ઉપર નિયમાનુસાર સત્વરે નિર્ણય લેવામાં આવશે.

**પત્રક-૧**

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ડિસેમ્બર-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની ખાતેદાર ખેડૂત અકસ્માત મૃત્યુ વીમા યોજના અંગેની આવેલ અરજીઓની તાલુકાવાર વિગત**

| અ.નં. | જિલ્લો | તાલુકો | આવેલ અરજીઓ | | |
|---|---|---|---|---|---|
| | | | વર્ષ-૨૦૦૬ | વર્ષ-૨૦૦૭ | કુલ |
| ૧ | અમદાવાદ | અમદાવાદ | ૨ | ૧ | ૩ |
| ૨ | | બરવાળા | ૧ | ૧ | ૨ |
| ૩ | | બાવળા | ૧૧ | ૧૨ | ૨૩ |
| ૪ | | દસ્ક્રોઇ | ૧૧ | ૧૧ | ૨૨ |
| ૫ | | દેત્રોજ | ૩ | ૫ | ૮ |
| ૬ | | ધંધુકા | ૧૦ | ૫ | ૧૫ |
| ૭ | | ધોળકા | ૩ | ૪ | ૭ |
| ૮ | | માંડલ | ૩ | ૫ | ૮ |
| ૯ | | રાણપુર | ૩ | ૧ | ૪ |
| ૧૦ | | સાણંદ | ૧૨ | ૧૦ | ૨૨ |
| ૧૧ | | વિરમગામ | ૩ | ૫ | ૮ |
| ૧૨ | | મહેમદાવાદ | ૦ | ૧ | ૧ |
| | કુલ : | અમદાવાદ | ૬૨ | ૬૧ | ૧૨૩ |
| ૧૩ | ગાંધીનગર | ગાંધીનગર | ૨૫ | ૮ | ૩૩ |
| ૧૪ | | દહેગામ | ૭ | ૧૦ | ૧૭ |
| ૧૫ | | કલોલ | ૭ | ૮ | ૧૫ |
| ૧૬ | | માણસા | ૧૦ | ૧૪ | ૨૪ |
| | કુલ : | ગાંધીનગર | ૪૯ | ૪૦ | ૮૯ |
| | | સમગ્ર કુલ : | ૧૧૧ | ૧૦૧ | ૨૧૨ |

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, બે જિલ્લામાં ૨૧૨ અરજીઓ આવી છે અને ૭૨ અરજીઓ મંજૂર થઈ છે તો બાકી જે રહી એ અત્યાર સુધીમાં મંજૂર નહીં થવાના કારણો શું છે, અને આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે,આ ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના છે એ ખેડૂત ના હોય એને નથી મળતી અને રાજયમાં તલાટીઓ દ્વારા પણ વારસાઈ એન્ટ્રિઓમાં મોટો ભ્રષ્ટાચાર ચાલતો હોવાથી વારસાઈની એન્ટ્રિઓ થતી નથી અને તેથી કેટલાય સાચા ખેડૂતો આ યોજનાના લાભાર્થી થવાથી રહી જાય છે તો આમાં માનનીય મંત્રીશ્રી કંઈક કરવા માગે છે કે કેમ ?

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, જે માત્ર ૧૨ અરજીઓ પડતર છે એ ત્વરિત ચૂકવી દેવામાં આવશે અને જેમને આ અકસ્માત વીમા યોજનાનો લાભ નથી મળતો એના કારણો જણાવું તો, દાવા વખતે ગુનાહિત ઇરાદો હોય અને મૃત્યુ થયેલ પોલીસ ફરિયાદમાં કંઈક નોંધાયેલું હોય, અકસ્માતની તારીખ ખેડૂતનો જે દાવો હોય એ પુરવાર થતો ન હોય, સમય મર્યાદા બહારની અરજી હોય, નિશ્ચિત કરેલ ઉંમર કરતાં વધારે એટલે કે ૭૦ વર્ષ કરતાં વધારે હોય અને શરતો અને બોલીઓ મુજબ આંશિક કાયમી અપંગતા ન હોય, આત્મહત્યા હોય વગેરે જે કારણો છે એમાં પાંચ હેકટર કરતાં વધારે જમીન ધરાવતા હોય એ કારણ જે હતું એમાં મને જણાવતાં આનંદ થાય છે કે આ વર્ષે સરકારે પાંચ એકર કરતાં વધારે જમીનનું જે નિર્ધારિત હતું એ કાઢીને તમામ ખેડૂતોને આ યોજનાનો લાભ આપવાનો નિર્ણય સરકારે કર્યો છે. ઉપરાંત એ પરિવારમાંથી પણ વીમાનો લાભ આપી શકાય એમાં જેમના ખાતે જમીન હોય એ જ નહીં પણ એના પરિવારમાંથી પણ એક જણને લાભ મળે, આ વાત આજે આ સરકાર વિચારી રહી છે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ ખેડૂત અકસ્માત વીમા યોજના ક્યારથી અમલમાં આવી અને આ યોજના સહાયના ધોરણોમાં સમયાંતરે શું શું ફેરફારો કરવામાં આવ્યા છે ?

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના તા. ૨૬-૧-૯૬ના રોજથી અમલ કરવામાં આવી અને સમયાંતરે આમાં ફેરફારમાં આપ સૌને આનંદ થશે કે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્ય મંત્રીશ્રી તરીકે જવાબદારી સ્વીકાર્યા પછી આ યોજનામાં ફેરફારો કરીને ૫૦૦૦૦ રૂપિયાના બદલે એક લાખ રૂપિયા ખેડૂતને આપી શકાય આ યોજનામાં મૃત્યુ પ્રસંગે, અને આકસ્મિક રીતે આંશિક અપંગતામાં રૂપિયા ૨૫૦૦૦રૂપિયા જે હતા એને બદલે ૫૦૦૦૦ રૂપિયા આપી શકાય એ તા. ૨૬-૧-૨૦૦૦થી માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અમલીકરણ કરેલ છે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ દરવર્ષે કઈ કંપનીએ કેટલુ પ્રીમિયમ ચૂકવ્યું અને જે તે કંપનીઓએ દાવામાં કેટલા રૂપિયા ચૂકવ્યા ?

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રીના માર્ગદશર્નથી જ્યારથી આ યોજના ડબલ કરવામાં આવી ત્યારે ન્યુ ઈન્ડિયા કંપનીને ૨૦૦૧-૦૨માં ૧૪૮.૩૧ લાખ રૂપિયા પ્રીમિયમ ચૂકવ્યું, એની સામે ૭૪૫.૫૦ લાખના દાવાઓ મંજૂર થયા, જ્યારે ૧૯૯૬-૯૭માં નેશનલ વીમા કંપની, અમદાવાદને ૫૭.૪૨ લાખ રૂપિયા ચૂકવ્યા, એની સામે ૬૨.૧૦ના દાવાઓ મંજૂર થયા, નેશનલ વીમા કંપની, અમદાવાદને ૧૯૯૭-૯૮માં ૪૮.૭૬ લાખ રૂપિયા પ્રીમિયમ ચૂકવ્યું એની સામે ૫૬ લાખના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા. ન્યુ ઈન્ડિયા વીમા કંપની, ગાંધીનગરને ૯૮-૯૯માં ૪૪.૩૯ લાખ રૂપિયા પ્રિમિયમ ચૂકવવામાં આવ્યું અને એની સામે ૬૧.૪૦ ના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા, ન્યુ ઈન્યિા વીમા કંપની, ગાંધીનગરને ૧૯૯૯માં ૭૮.૩૯ લાખ રૂપિયા પ્રિમિયમ ચૂકવવામાં આવ્યું અને એની સામે ૪૨.૭૦ ના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા, ન્યુ ઈન્ડિયા વીમા કંપની, ગાંધીનગરને ૨૦૦૦-૨૦૦૧ના વર્ષમાં ૨૦૬.૮૧ લાખ પ્રિમિયમ ચૂકવવામાં આવ્યું એની સામે ૨૭૭.૦૦ના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, આ ખેડૂત અકસ્માત યોજનાના કિસ્સા છે એમાં જે સંખ્યા છે એમાં ખેડૂત જે તે વખતે ખાતેદાર ન હોય એવા કેટલા કિસ્સા છે, અને બીજુ પ્રિમિયમ ભરવામાં અગાઉ મોડું થયું હતું એના હિસાબે કોઈ કેસ રહી ગયા છે ખરા?

**શ્રી દિલીપ સંઘાણી** : ના જી. અને જેટલા ખેડૂત ખાતેદાર ન હોય એની માહિતી ન હોય કારણ કે, એનું પ્રિમિયમ જ ન ભરાયું હોય એટલે એની માહિતી ઉપલબ્ધ ન હોય. બાકી પ્રિમિયમ મોડું ભરાવાના કારણે કોઈ કેસ રહી ગયા હોય એવો એકેય કેસ નથી.

## આદિજાતિ જિલ્લાઓની માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

***૨૨૨ શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજયના આદિજાતિ જિલ્લાઓમાં છેલ્લા બે વર્ષમાં કયા કયા તાલુકામાં ગ્રાન્ટેડ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ મંજૂર કરી, અને

(૨) કેટલા આદિવાસી તાલુકાઓમાં આવી શાળાઓ મંજૂર કરવાની વિચારણા છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

**(૧)**

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગ્રાન્ટેડ કરેલ માધ્યમિક શાળાઓ | ગ્રાન્ટેડ કરેલ ઉ. માધ્યમિક શાળાઓ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | શહેરા | ૦૦ | ૦૨ | ૦૨ |
| | | સંતરામપુર | ૦૧ | ૦૧ | ૦૨ |
| | | ગોધરા | ૦૦ | ૦૧ | ૦૧ |
| | | મોરવા (હડફ) | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૨ | સુરત | મહુવા | ૦૧ | ૦૦ | ૦૧ |
| | | પલસાણા | ૦૦ | ૦૧ | ૦૧ |
| | | નિઝર | ૦૨ | ૦૧ | ૦૩ |
| | | ઉચ્છલ | ૦૩ | ૦૦ | ૦૩ |
| ૩ | ભરૂચ | ઝઘડીયા | ૦૧ | ૦૦ | ૦૧ |
| | | આમોદ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૪ | વડોદરા | વડોદરા | ૦૦ | ૦૧ | ૦૧ |
| | | સાવલી | ૦૦ | ૦૧ | ૦૧ |
| | | સંખેડા | ૦૧ | ૦૦ | ૦૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | સાબરકાંઠા | મોડાસા | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૬ | વલસાડ | કપરાડા | ૦૧ | ૦૦ | ૦૧ |
| | | ધરમપુર | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૭ | નવસારી | ચીખલી | ૦૦ | ૦૧ | ૦૧ |
| | | વાંસદા | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૮ | દાહોદ | ઝાલોદ | ૦૫ | ૦૫ | ૧૦ |
| | | દેવગઢ બારીયા | ૦૨ | ૦૧ | ૦૩ |
| | | લીમખેડા | ૦૩ | ૦૨ | ૦૫ |
| | | ગરબાડા | ૦૨ | ૦૨ | ૦૪ |
| | | દાહોદ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૯ | બનાસકાંઠા | ડીસા | ૦૧ | ૦૦ | ૦૧ |
| | | ધાનેરા | ૦૧ | ૦૦ | ૦૧ |
| | | કુલ : | ૨૭ | ૨૩ | ૫૦ |

(૨) આદિજાતિ વિસ્તાર માટે બજેટમાં કરવામાં આવતી જોગવાઈની મર્યાદામાં વિચારણા કરવાની રહે છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા :** માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે છેલ્લા બે વર્ષમાં જે ૯ જિલ્લાઓ આદિજાતિ વિસ્તારના છે તે જિલ્લામાંથી કુલ કેટલી માગણીઓ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે અને માધ્યમિક શાળાઓ માટે ગુજરાત સરકાર પાસે આવી?

**શ્રી રમણલાલ ઈ. વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કુલ ૨૭ માધ્યમિક શાળાઓ માટે અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ૨૩ની માગણી આવી.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં એ પૂછયું હતું કે ૯ જિલ્લામાં તમે કુલ ૨૩ અને ૨૭ ઉચ્ચતર અને માધ્યમિક શાળાઓ મંજૂર કરી. પરંતુ કુલ કેટલી માગણીઓ આ ૯ આદિવાસી જિલ્લામાંથી આવી?

**શ્રી રમણલાલ ઈ. વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, આ સમયગાળા દરમ્યાન જેટલી માગણીઓ આવી છે એટલાનો જ જવાબ આપ્યો છે. એ પછીની કોઈ માગણીઓ એ બે વર્ષના સમયગાળા દરમ્યાન આવી નથી.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા :** માનનીય અધ્યક્ષશ્રી, મારું પૂછવું છે કે કુલ કેટલી માગણીઓ આવી ? (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** કેટલી માગણીઓ કુલ આવી એ વિગત છે તમારી પાસે?

**શ્રી રમણલાલ ઈ. વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાની તમામ વિગતો છે અને એ માગણીઓમાં શાંતિથી તમે પૂછશો એટલે જવાબ આપીશ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી :** એમણે શાંતિથી જ પૂછયું છે. શાંતિ અશાંતિનો સવાલ નથી. કેટલી માગણીઓ આવી એનો સરવાળો છે તમારી પાસે ?

**શ્રી રમણલાલ ઈ. વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, સરવાળો પણ છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** એ નહી, એ નહીં. પ્રશ્ન આટલો જ છે કે કેટલી માગણીઓ આવી?

**શ્રી રમણલાલ ઈ. વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહું છું કે એમાં તમારી પણ બોલુંને?

**અધ્યક્ષશ્રી :** પ્રશ્ન આટલો જ છે માનનીય મંત્રીશ્રી કે, કુલ કેટલી માગણીઓ આવી અને એની વિગત ન હોય તો ટેબલ ઉપર મૂકજો.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વડોદરા જિલ્લામાં બે વર્ષમાં કેટલી દરખાસ્તો આવી અને એમાંથી કેટલી મંજૂર કરવામાં આવી અને મંજૂર કરવાની કેટલી બાકી છે?

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, વડોદરા જિલ્લામાં કુલ ૪૨૮ માધ્યમિક શાળાઓ પૈકી ૩૧૦ માધ્યમિક શાળાઓ જેમાં એક સરકારી એમ કુલ ૩૧૧ શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ૨૫૫ પૈકી ૧૨૪ અને બે સરકારી એટલે ૧૨૬ શાળાઓ એમાં આવેલી છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ એમ પૂછયું કે વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે માગણીઓ આવી અને તે પૈકી કેટલી મંજૂર કરી?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : વડોદરા જિલ્લાની કુલ ૪૨૮ માધ્યમિક શાળાઓની માગણીઓ પૈકી ૩૧૦ને ગ્રાન્ટેબલ કરવામાં આવી, ૧૧૭ને નૉન ગ્રાન્ટેબલ કરવામાં આવી. આખા જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કુલ માગણીઓ ૨૫૫ પૈકી ૧૨૪ને ગ્રાન્ટેબલ કરવામાં આવી અને ૧૨૯ નૉન ગ્રાન્ટેબલ છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા :** મારો જવાબ મને મળી ગયેલ છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ:** માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, વડોદરા જિલ્લામાં જવાબમાં એમ જણાવેલ છે કે સાવલીમાં એક ગ્રાન્ટેડ આપી છે અને સંખેડામાં એક આપી છે. તો વડોદરા જિલ્લાના બાર તાલુકા છે. આમાં એ જાણવું છે કે, આદિવાસી તાલુકામાં આવી શાળાઓ મંજૂર કરવાની કોઈ વિચારણા છે. બીજુ નસવાડી, કવાટ, છોટા ઉદેપુર, જેતપુર પાવી, સંખેડા, જે ટ્રાયેબલ તાલુકા છે એમાં કેટલી અરજી આવી અને કેટલી મંજૂર કરી અને બીજું મારે એ જાણવું છે કે, આવા તાલુકાઓમાં આવી શાળાઓ મંજૂર કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં કુલ તેર તાલુકાઓ છે. આ તેર તાલુકાઓ પૈકી વડોદરા તાલુકો એમાં કુલ ૩૫, ગ્રાન્ટેબલ ૨૫, નૉન ગ્રાન્ટેબલ ૧૦, સંખેડામાં કુલ ૨૧ ગ્રાન્ટેબલ ૨૧, નૉન ગ્રાન્ટેબલ ૦, નસવાડીમાં કુલ ૭ ગ્રાન્ટેબલ માધ્યમિક શાળાઓ, ૬, નૉન ગ્રાન્ટેબલ ૧, કવાટમાં કુલ ૯ ગ્રાન્ટેબલ ૬, નૉન ગ્રાન્ટેબલ ૩, છોટા ઉદેપુરમાં કુલ ૧૨ ગ્રાન્ટેબલ ૯, નૉન ગ્રાન્ટેબલ ૩, પાવી જેતપુરમાં કુલ ૨૧ ગ્રાન્ટેબલ ૧૯, નૉન ગ્રાન્ટેબલ ૨, ડભોઈમાં કુલ ૨૭ ગ્રાન્ટેબલ ૨૩, નૉન ગ્રાન્ટેબલ ૪, કરજણમાં ૨૩માંથી ૧૮ ગ્રાન્ટેબલ, ૫ બાકી, પાદરામાં કુલ ૩૦માંથી ૨૭ ગ્રાન્ટેબલ, નૉન ગ્રાન્ટેબલ ૩, સાવલીમાં કુલ ૨૮માંથી ગ્રાન્ટેબલ ૨૬, નૉન ગ્રાન્ટેબલ ૨, મારા કહેવાનો મતલબ એ છે કે, ૩૧૦ શાળાઓ આ આદિવાસી જિલ્લાઓ હોવાના કારણે ગ્રાન્ટેબલ કરી છે અને માત્ર ૧૧૭ બાકી છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન-૨ માં મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે, ગ્રાન્ટેબલ શાળા માટે આદિજાતિ વિસ્તાર માટે બજેટમાં કરવામાં આવતી જોગવાઈની મર્યાદામાં એટલે આ બે વર્ષમાં બજેટમાં કેટલી જોગવાઈ કરવામાં આવી અને સાબરકાંઠામાં જે શેડયુલ એરિયા છે એ એરિયામાં કેટલી સંસ્થાઓ મંજૂર કરી? ગાન્ટેડ કરી.

**શ્રી રમણલાલ ઈ. વોરા :** જવાબ તો માત્ર વડોદરા જિલ્લા પૂરતો છે. સાબરકાંઠા જિલ્લામાં એક શાળાને મંજૂર કરવામાં આવી છે અને તે મોડાસા ખાતે એક શાળા છે. પ્રશ્ન જે છે એ આદિવાસી જિલ્લાઓ માટેનો છે મેં અગાઉ કહયું એ પ્રમાણે બાર આદિવાસી જિલ્લાઓ પૈકી સાબરકાંઠા જિલ્લાનો સમાવેશ છે અને સાબરકાંઠા જિલ્લામાં મોડાસા ખાતે વિજ્ઞાન પ્રવાહની શાળાને ગ્રાન્ટેબલ કરવામાં આવી છે.

**મહેસાણા જિલ્લામાં કોમ્પ્યુટરાઈઝડ જમીન દસ્તાવેજોના વેચાણની આવક**

***૧૬૪ શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

કોમ્પ્યુટરાઈઝડ ૭/૧૨, ૮-અ અને નંબર-૬ની નકલોની વેચાણની તારીખ ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી આવક થઈ.

**મહેસૂલ મંત્રીશ્રી**

| તાલુકો | આવક રૂા |
|---|---|
| મહેસાણા | . ૯,૨૮,૭૪૦ |
| વિસનગર | ૬,૭૪,૩૦૦ |
| વિજાપુર | ૭,૯૩,૫૪૦ |
| કડી | ૧૦,૮૭,૪૩૫ |
| વડનગર | ૩,૦૬,૮૭૫ |
| ખેરાલુ | ૪,૪૦,૦૪૦ |
| સતલાસણા | ૨,૯૬,૪૨૫ |
| ઉંઝા | ૩,૯૭,૧૩૦ |
| બેચરાજી | ૪,૮૪,૫૩૫ |
| કુલ.. | રૂા. ૫૪,૦૯,૦૨૦/-અંકે રૂપિયા ચોપ્પન લાખ નવ હજાર વીસ પૂરા) |

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ નકલો હાલમાં તાલુકા મથકમાંથી આપવામાં આવે છે. તેને ગ્રામ્ય કક્ષાએથી આપવાનું આયોજન છે કે કેમ? રેવન્યુ રેકર્ડ કોમ્પ્યુટરાઈઝડ કરતી વખતે થયેલ ક્ષતિઓની સુધારણા ઝડપી કરવા માટે શું આયોજન કરેલ છે, ગ્રામ્ય કક્ષાએથી વિતરણ કરવાનું આયોજન હોય તો ગ્રામ્ય લેવલે કોમ્પ્યુટર સંચાલન કરવા માટે શું વ્યવસ્થા કરવાનું સરકાર વિચારે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ નકલો આપવાનું કામ જે છે, એ તાલુકા કક્ષાએ થઈ રહ્યું છે, પરંતુ મહેસાણા જિલ્લામાં ૯ તાલુકામાં ૧૫૯ ગામોમાં ગ્રામ પંચાયતની અંદર આ વ્યવસ્થા કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે અને એના દ્વારા આ ૧૫૯માંથી ૭-૧૨, ૮-અ અને ગામ નમૂના નંબર ૬ ની નોંધ આપવામાં આવે છે. જે ગામોમાં આ વ્યવસ્થા નથી, એને તાત્કાલિક તો શકય નહીં બને, પરંતુ જેમ જેમ ગ્રાન્ટની મર્યાદા આવે છે, એમ એમ આ કામ કરતા રહ્યા છીએ. દરેક ગામમાં કોમ્પ્યુટરાઈઝેશન થાય એના

પ્રયાસો પણ રાજય સરકારે કરેલા છે. જે ફેરફારની નોંધો છે એ માત્ર ને માત્ર તાલુકા લેવલે જ કરવામાં આવે છે અને જે કંઈ નોંધ બાકી હશે એ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : ખેડૂતો માટે અને જમીનધારકો માટે આ ખૂબ આશીર્વાદરૂપ અને ઉપયોગી યોજના છે. મારે એ જાણવું છે કે મહેસાણા જિલ્લાના કુલ કેટલા ખેડૂતો પાસેથી આ ૫૪ લાખની આવક થઈ છે, એટલે કે કુલ કેટલા ખેડૂતોએ આ યોજનાનો લાભ લીધો છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ**: એ માહિતી મારી પાસે નથી, પરંતુ ૭-૧૨ના વેચાણની કેટલી રકમ મળી છે, ૮-અ ના વેચાણની કેટલી રકમ મળી છે, નમૂના-૬ ના વેચાણની કેટલી રકમ મળી છે એ વિગતો છે. કેમ કે કોઈએ એક લીધી હોય, કોઈએ બે લીધી હોય અને કોઈએ ત્રણ લીધી હોય. એટલે એ વિગતો નથી.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક:૧૨. (અંતરાય) માનનીય રામસિંહભાઈ, આપને જે કહેવું હોય એ ચેમ્બરમાં આવીને કહેજો. (અંતરાય) આ પ્રશ્ન મહેસાણા જિલ્લા પૂરતો મર્યાદિત છે. (અંતરાય) આપણી પરંપરા રહેલી છે કે તેઓ એમના જિલ્લાના પ્રશ્ન પૂછી શકે. તેઓ એમના જિલ્લાનો પ્રશ્ન ચોકકસ પૂછી શકત, અને એનો જવાબ એમને મળી શકત. મેં એમને એકલાને ના નથી પાડી, બીજા સભ્યશ્રીઓને પણ ના પાડી છે. (અંતરાય) માનનીય શકિતસિંહજી, વિપક્ષના નેતાશ્રી, આપ એ વાત એપ્રિસિએટ કરશો કે જિલ્લાના ધારાસભ્ય, જિલ્લાના પ્રશ્ન ઉપર પૂછે એ પ્રથા આપણે જે પાડી છે, એ પ્રથા યોગ્ય છે અને એ પ્રથા ઉપર હું ચાલું છું. પ્રશ્ન ક્રમાંક:૧૨. (અંતરાય) માનનીય રામસિંહભાઈ, આ અંગેની ચોકકસ ચર્ચા મંત્રીશ્રી પાસે જઈને આપ કરી શકો છો. પ્રશ્ન ક્રમાંક: ૧૨.

## અમદાવાદ જિલ્લામાં બ્લોક વિભાજનની માગણી

***૪૨૩ શ્રી કાન્તિલાલ રા. લકુમ(બાવળા): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) બ્લોક વિભાજન માટે અમદાવાદ જિલ્લાના કેટલા ખેડૂતોની માગણી તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આવી છે, અને

(૨) તેમાંથી કેટલી માગણી ગ્રાહ્ય રાખી અને કેટલી માગણી નામંજૂર કરવામાં આવી?

**મહેસૂલ મંત્રી :**

(૧) કુલ ૧૫૧ ખેડૂતોની માગણી આવી.

(૨) ૧૩૮ માગણીઓ ગ્રાહ્ય રાખી.
૧૩ માગણી નામંજૂર કરવામાં આવી.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : હું એ જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લાના બાવળા, ધોળકા અને સાણંદ તાલુકાની અંદર મોડાસર, કાવીઠા, સાણંદ તાલુકાનું મખીયાવ આવા ગામોમાં રકબો નાનો છે, એટલે પિતાનું મૃત્યુ થાય તો તેના વારસદારોને ભાઈઓના ભાગ પાડવામાં, વહેંચણી કરવામાં તકલીફ થાય છે અને બ્લોક વિભાજન થતું નથી. એટલે આનું સરળીકરણ કરીને બ્લોક વિભાજન થાય એવું કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ**: બ્લોક વિભાજન અને સરળીકરણ બનાવવા માટે રાજય સરકારે પ્રયત્નો કર્યા છે, પરંતુ જમીન માટે કલમ ૫ની જોગવાઈ મુજબ ક્ષેત્રફળ સરકાર નકકી કરે છે. જરાયત જમીન માટે ૨ એકર, બાગાયત જમીન માટે ૨૦ ગૂંઠા અને કયારી જમીન માટે ૨૦ ગૂંઠા ક્ષેત્રફળ નકકી કરવામાં આવ્યું છે. આનાથી ઓછું હોય તો નથી થતું અને એનાથી વધારે હોય તો કરવામાં આવે છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : મારે જાણવું છે કે બ્લોક વિભાજનમાં ખેડૂતોને પડતી મુશ્કેલી નિવારવા માટે સરકારે શું પગલાં લીધાં છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ**: મેં જવાબ આપ્યો જ છે કે જે અરજીઓ આવી છે એના ઉપર ધ્યાન આપીને ૨ એકર અથવા તો ૨૦ ગૂંઠા એ પ્રમાણેના ટૂકડાની જમીન હોય તો નથી કરવામાં આવતું, બાકી એનાથી ઉપર થયેલી જમીન હોય તો એનું બ્લોક વિભાજન કરી આપવામાં આવે છે.

## સાવરકુંડલા, ચલાળા, બગસરા રોડ પર માઈનોર બ્રીજ બનાવવા અંગે

*** ૧૩૧૦ શ્રી કાળુભાઈ વીરાણી(કુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) સાવરકુંડલા-ચલાળા-બગસરા સ્ટેટ હાઈવે રોડ આવેલ છે. જેમાં સા.ક. ૦ થી કિ.મિ. ૮ સુધીમાં જ ૪ (ચાર) જગ્યાએ નદીઓ આવે છે જેના કારણે ચોમાસા દરમ્યાન આ સ્ટેટ હાઈવે રોડ બંધ થઈ જતો હોય છે, તે સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો આ રસ્તા ઉપર આવેલ નદીઓ ઉપર માઈનોર બ્રીજ બાંધવા માગે છે કે કેમ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

(૧) સાવરકુંડલા-ચલાળા-બગસરા સ્ટેટ હાઈવે રોડ પર આવેલ નદીઓ પર ડીપ/કોઝવે હયાત છે, જેના ઉપર ચોમાસા દરમ્યાન અમૂક સમય ઓવરટોપિંગ થતાં તેટલા સમય પૂરતો વાહન વ્યવહાર બંધ રહે છે.

(૨) નદીઓ પર બ્રીજ બાંધવાનું કામ તબકકાવાર હાથ ધરવાનું આયોજન છે.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ સાવરકુંડલા-ચલાળા-બગસરા સ્ટેટ હાઈવે રોડ આવેલ છે અને જૂનાગઢ, પોરબંદર જેવા અનેક જિલ્લા સાથે જોડાયેલ છે અને એમાં સા.ક. ૦ થી ૮ કિ.મિ. સુધીમાં જ ચાર જગ્યાએ નદીઓ આવે છે એટલે ચોમાસામાં વરસાદ હોય ત્યારે આ રસ્તો બંધ થઈ જાય છે. તો સરકારે રોડનો વિકાસ કર્યો છે અને વરસાદ પણ ખૂબ પડે છે અને ૨૪ કલાક એમાં પાણી હોય છે એટલે આ આખો રસ્તો બંધ થઈ જાય છે તો મારે જાણવું છે કે આ નદીઓ ઉપર બ્રીજનું કામ તબકકાવાર હાથ ધરવામાં આવશે એમ જણાવેલ છે તો વહેલામાં વહેલી તકે એટલે આ વર્ષે જ આ કામ પૂરું કરવામાં આવે એવી મારી વિનંતી છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીની વાત સાચી છે કે આ રસ્તાની વચ્ચે ચાર નાના બ્રીજ આવે છે અને બીજા બે એકદમ નાના એટલે કે ૬-૬ મિટરના છે અને આ વખતના ૨૦૦૮-૦૯ ના બજેટમાં રૂા. ૧૮૧.૫૧ લાખની જોગવાઈ એના માટે કરી દીધી છે અને આ વર્ષે રોડની શરૂઆત કરવામાં આવશે.

**ધાંગધ્રા અને લખતર તાલુકાની જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા અંગે**

***૧૧૨૮શ્રી હરીલાલ મો. પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા અને લખતર તાલુકાની તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની કેટલી અરજીઓ આવી,

(૨) તેમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૪) કેટલી પડતર છે અને કેટલા સમયમાં નિકાલ કરવા માગો છો?

**મહેસૂલ મંત્રીશ્રી:**

| | | | |
|---|---|---|---|
| (૧) | ક્રમ | તાલુકો | સંખ્યા |
| | ૧ | લખતર | ૩૫૧ |
| | ૨ | ધાંગધ્રા | ૪૭૬ |
| | | કુલ: | ૮૨૭ |
| (૨) | ક્રમ | તાલુકો | સંખ્યા |
| | ૧ | લખતર | ૨૭૩ |
| | ૨ | ધાંગધ્રા | ૩૫૩ |
| | | કુલ: | ૬૨૬ |
| (૩) | ક્રમ | તાલુકો | સંખ્યા |
| | ૧ | લખતર | ૭૮ |
| | ૨ | ધાંગધ્રા | ૧૨૩ |
| | | કુલ: | ૨૦૧ |

(૪) શૂન્ય.

**શ્રી હરીલાલ મો. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા અને લખતર તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટેની કેટલી અરજીઓ આવી, એમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરવામાં આવી, કેટલી પડતર છે અને એ કેટલા સમયમાં નિકાલ કરવા માગો છો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્નનગર જિલ્લાના ધાંગધ્રા અને લખતર તાલુકા એમાં લખતર તાલુકામાં ૩૫૧ અરજીઓ આવી અને એમાંથી ૨૭૩ મંજૂર કરવામાં આવી અને ૭૮ નામંજૂર કરી છે, ધાંગધ્રા તાલુકામાં ૪૭૬ અરજીઓ આવી એમાંથી ૩૫૩ મંજૂર કરી છે અને ૩૫૩ નામંજૂર કરી છે અને ૧૨૩ નામજૂર કરવામાં આવી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે એ આખેઆખો જવાબ છાપેલો જ છે. (અંતરાય)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે પ્રશ્ન પૂછે એનો મારે જવાબ તો આપવો જ પડે ને?

**અધ્યક્ષશ્રી** : માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, આપે જે કાઈ કહેવાનું હોય એ પ્રશ્નોત્તરી પછી કહેજો.(અંતરાય)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : અંદર જવાબ આપેલો જ હોય તો એમણે પ્રશ્ન નહીં પૂછવો જોઈએ ને? હું એમ તો ના કહી શકું ને કે અંદર જવાબ લખેલો જ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, ચર્ચામાં ગયા વિના જવાબ આપો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** :એટલે લખતર તાલુકાના ૭૮ કેસો નામંજૂર કર્યા છે. એમાં ૪૯ માં પટની રકમ ભરપાઈ કરી નથી, ૧૯ કિસ્સામાં ૧૫ વર્ષનો સળંગ કબજો નહીં હોવાના કારણે, ૮ કિસ્સામાં ટોચમર્યાદાનો

પ્રતિબંધ હોવાના કારણે અને ૨ કેસ પૂર્વ મંજૂરી વિના વેચાણ કરવામાં આવેલ હોવાથી શરતભંગના કારણે નામંજૂર થયેલ છે. ધાંગધ્રા તાલુકામાં ૧૨૩ અરજીઓ નામંજૂર કરેલ છે એમાં ટોચમર્યાદાની જમીન ઉપર પ્રતિબંધ હોવાના કારણે એ નામંજૂર થઈ શકે છે અને ૭૯ કિસ્સામાં સતત ૩ વર્ષથી વધારે સમય પડતર રહેવાના કારણે મંજૂર કરવામાં આવ્યા નથી.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે જમીનનની કિંમત નકકી કરવા અંગે કે પ્રિમિયમની કિંમત નકકી કરવા અંગે સરકારમાં શું જોગવાઈ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગના તા. ૧૫-૧-૧૯૯૮ ના ઠરાવ મુજબ જિલ્લા મૂલ્યાંકન સમિતિ દ્વારા એની કિંમત નકકી થાય છે અને એ જિલ્લા મૂલ્યાંકન સમિતિ દ્વારા નકકી થતી કિંમત રૂા. ૫૦ લાખથી વધારે હોય તો મુખ્ય નગર નિયોજકનો અભિપ્રાય મેળવીને ત્યારપછી એ સ્ટેટ મૂલ્યાંકન સમિતિમાં આવે છે અને એ એની કિંમત નકકી કરે છે. એમાંથી જે કિંમત હોય એના ૮૦ ટકા પ્રમાણે એનું પ્રિમિયમ વસૂલ લેવામાં આવે છે. અને એ કિંમત જે નકકી કરેલ હોય છે એ કિંમત એક વર્ષ સુધી અમલમાં રહે છે અને એક વર્ષના ગાળા દરમ્યાન બીજું એક વર્ષ થાય તો ૧૨ ટકા પ્રમાણે વધારાનું વ્યાજ અને ૨ વર્ષ થાય તો પુનઃ મૂલ્યાંકનમાં જવું પડે છે.

**આણંદ જિલ્લામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા મળેલ માગણીઓ**

*** ૧૨૧૮ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નવી શરતમાંથી જૂની શરતમાં જમીન ફેરવવા માટેની કેટલી માગણીઓ તાલુકાવાર આવી, અને

(૨) તે અન્વયે કેટલી માગણીઓ મંજૂર થઈ અને કેટલી કયા કારણસર પડતરમાં છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

**(૧)**

| **ક્રમ** | **તાલુકો** | **બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ આવેલ માગણીઓ** |
|---|---|---|
| ૧ | આણંદ | ૭૪૬ |
| ૨ | ઉમરેઠ | ૪૧૬ |
| ૩ | આંકલાવ | ૨૦૧ |
| ૪ | બોરસદ | ૨૧૨૫ |
| ૫ | પેટલાદ | ૧૧૩૪ |
| ૬ | સોજીત્રા | ૯૫ |
| ૭ | ખંભાત | ૧૩૨૭ |
| ૮ | તારાપુર | ૩૦ |
| | કુલ: | ૬૦૭૪ |

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ મંજૂર થયેલ માગણીઓ** | **તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ પડતર રહેલ માગણીઓ** |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૭૪૬ | ૦ |
| ૨ | ઉમરેઠ | ૪૧૬ | ૦ |
| ૩ | આંકલાવ | ૨૦૧ | ૦ |
| ૪ | બોરસદ | ૨૧૨૫ | ૦ |
| ૫ | પેટલાદ | ૧૧૩૪ | ૦ |
| ૬ | સોજીત્રા | ૯૫ | ૦ |
| ૭ | ખંભાત | ૧૩૨૭ | ૦ |
| ૮ | તારાપુર | ૩૦ | ૦ |
| | કુલ: | ૬૦૭૪ | |

પડતર રહેવાનાં કારણો:- પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રીરાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આણંદ જિલ્લામાં ૬૦૭૪ અરજીઓ આવેલી છે અને ૬૦૭૪નો નિકાલ કરવામાં આવ્યો છે. અને બોરસદ તાલુકામાં ૨૧૨૫ અરજીઓ આવેલી જેનો નિકાલ કરવામાં આવ્યો છે. આમાં છેલ્લે કઈ તારીખે અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે, અને હું બોરસદ તાલુકામાંથી આવું છું, તેથી મારું કહેવું છે કે આજે પણ થોડી અરજીઓ નિકાલ કરવાની બાકી છે, તો તેનો સત્વરે નિકાલ કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી માહિતી પ્રમાણે નિકાલ કરવાની કોઈ અરજીઓ બાકી નથી, તેમ છતાં જયારે ધારાસભ્યશ્રી કહે છે ત્યારે ચોકકસ જોવડાવી લઈશ અને ટૂંક સમયમાં તેનો નિકાલ થાય તેવા પ્રયત્નો કરીશું.

**શ્રી જયંતભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ આણંદ જિલ્લાની વાત છે, અને માનનીય મંત્રીશ્રી આ બાબતમાં ખરેખર ટ્રાન્સપરન્સી લાવવા માગે છે કે કેમ? કારણ કે આણંદ જિલ્લામાં જમીનોના ભાવો દિવસે દિવસે વધી રહ્યા છે. અને આ સિસ્ટમમાં લોકો પીડાતા જાય છે. ૭/૧૨ વગેરેમાં, એટલે, ટૂંકમાં તોડ બહુ થાય છે, એટલે એ તોડની સિસ્ટમ નીચી આવે અને ટ્રાન્સપરન્સી આવે તેવું કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : તોડ ફોડ કરનારના નામ આપશે તો જરૂર એકશન લઈશું.

## ઈજનેરી કોલેજોની બેઠકોમાં વધારો

***૧૫૩૦શ્રી કિરણકુમાર એલ. મકવાણા(જંબુસર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) રાજયમાં વર્ષ ૨૦૦૬-૦૭માં ઈજનેરી કોલેજોની બેઠકોમાં કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા નવા અભ્યાસક્રમો ચાલુ કરવામાં આવ્યા?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) રાજયમાં વર્ષ ૨૦૦૬-૦૭માં ઈજનેરી કોલેજોની બેઠકોમાં ૧૪૬૯નો વધારો કરવામાં આવ્યો છે,

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં ડીગ્રી ઈજનેરીમાં ૧ અભ્યાસક્રમ તથા ડિપ્લોમામાં ૪ એમ કુલ ૫ અભ્યાસક્રમો ચાલુ કરવામાં આવ્યા છે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં છેલ્લા ૩ વર્ષમાં ૧૪૬૯ બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે તો એમાંથી ભરૂચ જિલ્લામાં કયો કયો વધારો કરવામાં આવ્યો છે?

**શ્રી રમણલાલ વોરા** : રાજયમાં ૨૦૦૬-૦૭માં ઈજનેરી કોલેજોમાં ૧૪૬૯નો વધારો કરવામાં આવ્યો છે આ વધારો કરવામાં જે જે ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ એમ બન્નેમાં કુલ ૧૨૮૭૨ હતી તેમાં ૧૪૬૯ બેઠકોનો વધારો થવાને કારણે ૧૪૩૪૧ જગ્યાઓ થઈ છે. અને શાળા-કોલેજોના નામોની લાંબી યાદી ૩ થી ૪ પાનાની છે.

**અધ્યક્ષશ્રી** : ટેબલ ઉપર મૂકી દેજો.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઈજનેરી કોલેજોમાં ડીગ્રી અને ડીપ્લોમાંની જે બેઠકો છે તે છેલ્લી સ્થિતિએ કેટલી બેઠકો છે, અને છેલ્લા પાંચ વર્ષમાં આપણા રાજયમાં કેટલી બેઠકોનો વધારો થયો તેની માહિતી હું જાણવા માગું છું.

**શ્રી રમણલાલ વોરા** : એમણે જે માહિતી માગી છે તે માહિતી પ્રમાણે ૨૦૦૬-૦૭ ના વર્ષની માહિતી માગી છે. એમાં કુલ ૧૪૬૯ સીટનો વધારો થયો છે, પરંતુ આગામી ૨૦૦૮-૦૯ ના વર્ષમાં સરકારી કોલેજો છે એમાં હયાત સીટોનો વધારો ૧૦૨૫ છે, કુલ નવી ૧૪ કોલેજો રાજય સરકાર બનાવવા માગે છે, એમાં ૩૩૬૦ બેઠકોનો વધારો થશે. અને ૮ નવી પોલીટેકનીકનો વધારો ૧૯૨૦ બેઠકોનો થશે એટલે કુલ ૬૩૦૫ બેઠકોનો વધારો થશે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં ફકત ભરૂચ જિલ્લાનો પ્રશ્ન પૂછેલો તેનો જવાબ નથી મળ્યો.

**શ્રી રમણલાલ વોરા** : મેં પહેલાં, આગળ જ જવાબ આપ્યો.

**અધ્યક્ષશ્રી** : તમારી પાસે ભરૂચ જિલ્લાની વિગતો હોય તો આપો, આખા રાજયની યાદી ટેબલ ઉપર મૂકી દેજો.

**શ્રી રમણલાલ વોરા** : મારી પાસે જે બેઠકોના વધારાની યાદી છે એમાં ભરૂચ જિલ્લાનો સમાવેશ નથી.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય મંત્રીશ્રીના જવાબમાંથી ફલિત થાય છે તે પ્રમાણે ડીગ્રી ઈજનેરી કોલેજમાં એક અભ્યાસક્રમ અને ડિપ્લોમામાં ૪ અભ્યાસક્રમો નવા શરૂ કરવામાં આવ્યા છે તો આ કયા અભ્યાસ ક્રમો શરૂ કરવામાં આવ્યા છે અને તેને કારણે ડીગ્રી અને ડીપ્લોમામાં કેટલી સંખ્યા વધશે અને કેટલા વિદ્યાર્થીઓને તેનો લાભ મળશે?

**શ્રી રમણલાલ વોરા** : જે ટ્રેડ વાઈઝ બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે એમાં એમણે ૪ કહ્યું, મારી પાસે જે યાદી છે એ પ્રમાણે ઈલેકટ્રોનિક એન્જિનિયર, ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન, ઈલેકટ્રીકલ,

ઈલેક્ટ્રોનિક્સ ટેલી કોમ્યુનિકેશન, કોમ્પ્યુટર એન્જિનિયરઅને ઈન્ફોરમેશન ટેકનોલોજી એમ ૬ પ્રકારના ટ્રેન્ડમાં મેં અગાઉ કહ્યું તે પ્રમાણેની બેઠકોનો વધારો થયો છે.

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં નવા નવા ઉદ્યોગો આવતા તેને અનુરૂપ કયા કયા નવા અભ્યાસક્રમો દાખલ કરેલ છે?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : અગાઉ કહ્યું એ પ્રમાણે ગુજરાતમાં જે નવા ઉદ્યોગો આવે છે એને ધ્યાનમાં રાખીને રાજય સરકારે નવી કૉલેજો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. સરકારી કૉલેજો થાય, સ્વ નિર્ભર કૉલેજો થાય, નવી પોલિટેકનિકો થાય એમાં જે તે જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને રાખીને તથા ત્યાંના ઉદ્યોગોને ધ્યાને રાખીને નવા કોર્ષીસો રાજય સરકાર દાખલ કરવા માગે છે.

**રાજયમાં વિદ્યાર્થીઓને વીમા સહાય**

*** ૧૫૩૭ શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શહીદ વીર કિનારીવાલા યોજના અંતર્ગત કેટલા વિદ્યાર્થીઓને વીમાનો કલેઈમ આપવામાં આવેલ છે?

**શિક્ષણ મંત્રીશ્રી:**

કુલ ૩૫ સ્વર્ગસ્થ વિદ્યાર્થીઓના વાલીઓને કલેઈમ આપવામાં આવેલ છે.

**શ્રી રાકેશ શાહ** : શહીદ વીર કિનારીવાલા યોજના અંતર્ગત વીમાનો કલેઈમ મળે છે પરંતુ આ યોજના ક્યારથી અમલમાં આવી છે, આ યોજનાનો ઉદ્દેશ શું અને કોને આમાં આવરી લેવામાં આવેલ છે?

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : આ યોજના તા. ૧૪-૮-૨૦૦૦ના ઠરાવથી શરૂ કરવામાં આવી છે. આ યોજનાનો ઉદ્દેશ આ સંવેદનશીલ સરકાર જ્યારે ભૂકંપ આવ્યો, કચ્છના અંજારમાં સ્કૂલમાં જતાં બાળકોના મૃત્યુ થયાં એનાથી પ્રેરાઈને ગુજરાતમાં જેટલા પણ વિદ્યાર્થીઓ એ શાળામાં અભ્યાસ કરતાં હોય કે કૉલેજમાં અભ્યાસ કરતાં હોય એને અકસ્માત થાય તો વીમા યોજના અંતર્ગત આવરી લેવાનો નિર્ણય કર્યો છે. ૧૪મી ઑગસ્ટ, ૨૦૦૦ના ઠરાવથી આ યોજના શરૂ કરવામાં આવી છે. એમનો બીજો પ્રશ્ન એ છે કે કોને કોને આમાં આવરી લેવામાં આવેલ છે. રાજયમાં આવેલ યુનિવર્સિટીઓ, સરકારી બિન સરકારી સ્વનિર્ભર કૉલેજો, ગ્રામીણ વિદ્યાપીઠો,જી.બી.ટી.સી. કૉલેજ તેમજ ટેકનિકલ શિક્ષણની જુદી જુદી અનેક સંસ્થાઓમાં વિવિધ પ્રકારના જુદા જુદા અભ્યાસક્રમો કરતાં પાંચ લાખ વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા** : આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે શહીદ વીર કિનારીવાલા યોજના અંતર્ગત આજની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને વીમાનો કલેઈમ આપવામાં આવેલ છે?

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : માનનીય સભ્યશ્રીએ છેલ્લા બે વર્ષનો પ્રશ્ન પૂછ્યો છે. છેલ્લા બે વર્ષમાં ૯૬ અરજીઓ આવી છે. ૩૫ વિદ્યાર્થીઓને એનો લાભ આપવામાં આવ્યો છે. બે અરજીઓ નામંજૂર કરવામાં આવી છે અને ૫૯ અરજીઓ વીમા કંપની હેઠળ પડતર છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના મૃત્યુ થયેલ છે. એના કલેઈમ પણ મોકલી આપેલ છે પરંતુ એનો હજી સુધી નિકાલ થયેલ નથી. તો એનો ક્યારે નિકાલ થશે?

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : માનનીય સભ્યશ્રીએ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની વાત કરી તે વિદ્યાદીપ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. જ્યારે આ પ્રશ્ન શહીદ વીર કિનારીવાલા યોજના અંતર્ગત છે. તેથી એના માટે બીજી નોટિસ જોઈશે.

**શ્રી કાળુભાઈ વીરાણી** : આ યોજનાનો લાભ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મળે કે કેમ? આઠમી તારીખે મારા વિસ્તારની પ્રાથમિક શાળામાં...

**અધ્યક્ષશ્રી** : માનનીય કાળુભાઈ, આપ તો સિનિયર સભ્ય છો. પરમ દિવસે બનેલા બનાવને આમાં કઈ રીતે આવરી લેવાય?

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : મેં પહેલા કહ્યું એ પ્રમાણે પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓને વિદ્યાદીપ યોજના નીચે આવરી લેવામાં આવેલ છે. જ્યારે કૉલેજના વિદ્યાર્થીઓને શહીદ વીર કિનારીવાલા યોજના અંતર્ગત આવરી લેવામાં આવેલ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્ય શ્રીમતી ગીતાબેન...

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**પડધરી તાલુકામાં ખેડૂત અકસ્માત વીમાની બાકી ચૂકવણી અંગે**

*** ૫૩૬ શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના તરઘડી ગામના ખેડૂત ખાતેદારોને અકસ્માત વીમાની રકમ મળેલ નથી તે વાત સાચી,
(૨) જો હા, તો તેના કારણો શું છે, અને
(૩) વીમા રકમ આપવા માગો છો કે કેમ?

**કૃષિ મંત્રીશ્રી:**

(૧) રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના તરઘડી ગામનો કોઈપણ કેસ ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના હેઠળ નોંધાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સુરતની કોઈ ઈન્સ્યોરન્સ કંપની છે એના મારફત ખેડૂત ખાતેદારોને વીમા કલેઈમ મળતો હતો. પડધરી તાલુકાના તરઘડી ગામના ખાતેદારો છે એના માટે ૫૦ હજારની વીમા યોજના હતી. અને સુરતની ઈન્સ્યોરન્સ કંપની હતી તેમાં ઘણી વખત પત્રવ્યવહાર પણ કર્યો છે અને જે ઘટતી માહિતી માગી હતી તે પૂર્ણ કરેલ છે. છતાં સુરત વીમા કંપની આપણે બંધ કરી દીધી છે. અગાઉના વખતના વીમા હોય તેની સાથે બેઠક કરીને આ ખેડૂતોને આ લાભ મળે તેના માટે સરકાર શું કરવા માગે છે?

**શ્રી દિલીપ સંઘાણી** : તરઘડી ગામનો એક પણ કેસ પેન્ડીંગ નથી આમ છતાં પણ માનનીય ધારાસભ્યશ્રી જો માહિતી આપશે એ હું ફોલોઅપ કરાવીશ.

**મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી સહાય**

***૧૬૧ શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી ૨૦૦૭ના વર્ષમાં જિલ્લાવાર કેટલા કેસોમાં સહાય ચૂકવવામાં આવી?

**મહેસૂલ મંત્રીશ્રી** :

**વર્ષ ૨૦૦૭માં જિલ્લાવાર ચૂકવેલ સહાયના કેસો**

| અ.નં. | જિલ્લાનું નામ | તબીબી સહાય | આફત સહાય | કુલ |
|---|---|---|---|---|
| (૧) | અમદાવાદ | ૧૪૮ | ૨૯ | ૧૭૭ |
| (૨) | અમરેલી | ૩૬ | ૭ | ૪૩ |
| (૩) | આણંદ | ૧૪ | ૫૧ | ૬૫ |
| (૪) | બનાસકાંઠા | ૩૮ | ૧૪ | ૫૨ |
| (૫) | ભરૂચ | ૨૦ | ૨૦ | ૪૦ |
| (૬) | ભાવનગર | ૭૨ | ૯ | ૮૧ |
| (૭) | દાહોદ | ૨ | ૧ | ૩ |
| (૮) | ડાંગ | ૦ | ૦ | ૦ |
| (૯) | ગાંધીનગર | ૪૭ | ૪ | ૫૧ |
| (૧૦) | જામનગર | ૧૮ | ૦ | ૧૮ |
| (૧૧) | જુનાગઢ | ૩૯ | ૯ | ૪૮ |
| (૧૨) | ખેડા | ૨૨ | ૦ | ૨૨ |
| (૧૩) | કચ્છ | ૧૧ | ૦ | ૧૧ |
| (૧૪) | મહેસાણા | ૩૭ | ૨૨ | ૫૯ |
| (૧૫) | નર્મદા | ૨ | ૨ | ૪ |
| (૧૬) | નવસારી | ૩૦ | ૦ | ૩૦ |
| (૧૭) | પંચમહાલ | ૯ | ૧૨ | ૨૧ |
| (૧૮) | પાટણ | ૨૮ | ૧૫ | ૪૩ |
| (૧૯) | પોરબંદર | ૬ | ૫ | ૧૧ |
| (૨૦) | રાજકોટ | ૪૮ | ૫ | ૫૩ |
| (૨૧) | સાબરકાંઠા | ૨૪ | ૦ | ૨૪ |
| (૨૨) | સુરત (વ્યારા સહિત) | ૨૪૩ | ૨૫ | ૨૬૮ |
| (૨૩) | સુરેન્દ્રનગર | ૧૧ | ૧ | ૧૨ |
| (૨૪) | વડોદરા | ૨૦ | ૪ | ૨૪ |
| (૨૫) | વલસાડ | ૧૧ | ૧૩ | ૨૪ |
| | **કુલ** | **૯૩૬** | **૨૪૮** | **૧૧૮૪** |

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એ જવાબથી મને સંતોષ છે. હું અભિનંદન પાઠવું છું.

**અધ્યક્ષશ્રી** : હર્ષદભાઈ, આપ પ્રશ્ન જ પૂછો અને પ્રશ્નનો જવાબ મળશે. આપને સંતોષ હોય તો પ્રશ્ન પૂરો કરી દઈએ.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે અગાઉના મુખ્યમંત્રીશ્રીઓએ આવી યોજના બનાવી હતી કે કેમ અને જો બનાવી હોય તો અગાઉના વર્ષમાં કેટલી રકમ ચૂકવવામાં આવી? બીજો એક પ્રશ્ન છે કે આવી અરજીઓ મળ્યા પછી કેટલા દિવસમાં મંજૂરી આપવામાં આવે છે અને ત્રીજો પ્રશ્ન છે કે બી.પી.એલ.નો નિયમ આમાં લાગુ પડે છે કે નહીં?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડના જે નિયમો છે તેમાં ઠરાવ નં. એસ.સી.વાય. ૩૬૬૬, તા. ૨૦-૯-૧૯૬૭થી બનાવેલ અને વખતોવખત સુધારેલા નિયમો પ્રમાણે આ રાહતફંડ આપવામાં આવે છે. જ્યારે ઑપરેશન કરવાનું નક્કી થાય એ વખતે જ ઑપરેશન કરતાં હોય તેનો ૧/૩ ખર્ચ ઑપરેશન કરાવતાં પહેલાં જે તે હૉસ્પિટલના ડૉક્ટરને અથવા તો હૉસ્પિટલને આપી દેવામાં આવે છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ભરૂચમાં તબીબી સહાયના ૨૦ અને આફત સહાયના ૨૦ એમ કરીને ૪૦, નર્મદામાં ૨-૨ એમ કરીને ૪, તો તબીબી સહાય અને આફત સહાય બન્નેમાં કેટલી-કેટલી રકમની સહાય આપવામાં આવી છે અને કુલ કેટલી રકમ આપી?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તબીબી સહાય છે તેમાં જે ખર્ચ થવાનો હોય તેનો ૧/૩ ખર્ચ તબીબી સહાયમાં આપવામાં આવે છે અને જે અકસ્માતમાં મૃત્યુ થાય છે તેમાં ૧ લાખ રૂપિયા આપવામાં આવે છે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૧૧૮૪ કેસ પૈકી કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૪,૦૭,૧૦,૦૦૦ રૂપિયા તબીબી સહાયમાં ચૂકવવામાં આવી છે અને ૭,૮૦,૦૦,૦૦૦ રૂપિયા અકસ્માતમાં ચૂકવવામાં આવી છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગંભીર રોગોમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની સહાયમાંથી ૧/૩ રકમ મળે છે પણ આ ગંભીર રોગોની સારવાર પણ અતિ મોંઘી થઈ હોવાથી આ રકમ ૧/૩ છે તેને સરકાર ૫૦ ટકા કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ગંભીર રોગોમાં કૅન્સર, કીડની અને હૃદયનો સમાવેશ થાય છે. આપનું સૂચન છે, બાકી અત્યારે ૧/૩ ચૂકવવામાં આવે છે. મારે આની સાથે એ પણ જોડવું છે કે નાના બાળકો છે, જન્મે ત્યારથી માંડીને ૧૮ વર્ષના થાય ત્યાં સુધી તો સરકાર તદ્દન મફતમાં આ પ્રકારના ઑપરેશન કરી આપે છે. એટલે ૧૮ વર્ષથી ઉપરની વ્યકિતઓને ૧/૩ ચૂકવીએ છીએ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું જાણવા માગું છું કે હૃદયરોગના અંગે જે તબીબી સહાય ચૂકવવામાં આવે છે એ કેટલાક કેસમાં દર્દીને ઈમરજન્સી ઓપરેટ કરવું પડતું હોય છે અને એવા સંજોગોમાં તેણે જરૂરી પેપર્સ પૂરા કર્યા હોતા નથી. તેવા સંજોગોમાં આવા કેસને કન્સીડર કરવામાં આવે છે કે કેમ અને બીજું કે કીડની, હૃદયરોગ કે કૅન્સર ઉપરાંત થેલેસેમિયાના કેટલાંક નાના બાળકો હોય છે. આ નાના બાળકોને આ સારવારના લાભની અંદર સમાવેશ કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે કેન્સર, ટી.બી. અને હૃદયરોગના દર્દીઓ છે તેમના માટે સરકારે ૮ હૉસ્પિટલો નક્કી કરેલ છે. તે હૉસ્પિટલોમાં દાખલ થાય અને ડૉક્ટર તેને કેટલો ખર્ચ થશે એનું સર્ટિફિકેટ આપે એના આધારે આ ૧/૩ ભાગ નક્કી કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ થેલેસેમીયાની વાત કરી છે એ આની અંદર આવતો નથી. પરંતુ રાજય સરકાર આવા બાળકો માટે મૅડિકલ સારવાર કૅમ્પ ચાલતો હોય છે એની અંદર સારવાર આપવામાં આવે છે.

### હારીજ તાલુકમાં સરકારી વિશ્રામ ગૃહ બનાવવા અંગે

*** ૧૪૩૭ શ્રી ભાવસિંહભાઈ ડા. રાઠોડ(સમી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પાટણ જિલ્લાના હારીજ તાલુકા મથકે સરકારી વિશ્રામ ગૃહ બનાવવા અંગેની દરખાસ્ત રાજય સરકારને ક્યારે મળી, અને

(૨) રાજય સરકારે નવું વિશ્રામ ગૃહ બનાવા માટે શું આયોજન કર્યું છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** :

(૧) હારીજ તાલુકા મથકે વિશ્રામ ગૃહ બનાવા માટેની કોઈ દરખાસ્ત મળેલ નથી.

(૨) નવું વિશ્રામ ગૃહ બનાવવા માટે હાલમાં કોઈ આયોજન નથી.

**શ્રી ભાવસિંહભાઈ ડા. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, પાટણ જિલ્લાના હારીજ તાલુકા મથકે સરકારી વિશ્રામગૃહ બનાવવા અંગેની દરખાસ્ત રાજય સરકારને ક્યારે મળી છે અને રાજય સરકાર નવું વિશ્રામગૃહ બનાવવા માટે આયોજન કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હારીજમાં વિશ્રામગૃહ બનાવવા માટેની કોઈ દરખાસ્ત રાજય સરકારને મળી નથી અને હાલમાં એનું આયોજન કરવાની વિચારણા પણ નથી. કારણ કે, હારીજમાં પંચાયતનું ગેસ્ટ હાઉસ છે એની અંદર રૂ.૧૦ લાખનો ખર્ચ કરીને રીટ્રો ફિટિંગ કામગીરી કરવામાં આવી છે અને એનો ઉપયોગ કરવામાં આવે છે અને આવી કોઈ માગણી પણ નથી. એટલું જ નહીં આજુબાજુના પાટણ, ચાણસ્મા અને બીજી જગ્યાએ વિશ્રામગૃહો છે.

**પાલનપુર શહેરમાં કસ્બા તલાટી કચેરી ખસેડવા અંગે**

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ(પાલનપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પાલનપુર શહેરમાં આવેલા કસ્બા તલાટીની કચેરી ખસેડવા સરકારમાં તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કોઈ ફરિયાદ થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ અંગે શી કાર્યવાહી થયેલ છે?

**મહેસૂલ મંત્રીશ્રી** :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે. વિશેષમાં હું જાણવા માગું છું કે, ભવિષ્યમાં કસ્બા તલાટીની કચેરી ખસેડવાનું આયોજન છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે હાલ કસ્બા તલાટી કચેરી ખસેડવાનું કોઈ આયોજન નથી.

**ભરૂચ જિલ્લામાં જમીન બિનખેતી કરવા માટેની અરજીઓ**

*** ૪૯ શ્રી ઇકબાલ પટેલ(વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર જમીન બિન ખેતી કરવા માટેની અરજીઓ છેલ્લા એક વર્ષમાં માસવાર મહેસૂલ વિભાગને કેટલી મળી, અને

(૨) આ પૈકી કેટલીને મંજૂરી આપવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૩) આ કામોમાં વિલંબ થવાના કારણો શાં છે?

**મહેસૂલ મંત્રીશ્રી** :

(૧) પ્રશ્ન ખંડ :૧ નો જવાબ આ સાથેના પત્રક ક - અને ખ મુજબ.

**પત્રક-ક : તાલુકાવાર બિનખેતીની મળેલ અરજીઓ**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ભરૂચ | ૧૦ |
| ૨ | આમોદ | ૦૨ |
| ૩ | વાગરા | ૦૫ |
| ૪ | જંબુસર | ૦૪ |
| ૫ | અંકલેશ્વર | ૦૩ |
| ૬ | હાંસોટ | ૦૩ |
| ૭ | ઝગડીયા | ૦૦ |
| ૮ | વાલીયા | ૦૧ |
| | કુલ | ૨૮ |

**પત્રક-ખ : માસવાર બિનખેતીની મળેલ અરજીઓ**

| ક્રમ | માસનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | જાન્યુઆરી-૦૭ | ૦૪ |
| ૨ | ફેબ્રુઆરી-૦૭ | ૦૧ |
| ૩ | માર્ચ-૦૭ | ૦૧ |
| ૪ | એપ્રીલ-૦૭ | ૦૧ |
| ૫ | મે૬૦૭ | ૦૪ |
| ૬ | જૂન૬૦૭ | ૦૨ |
| ૭ | જુલાઈ-૦૭ | ૦૬ |
| ૮ | ઓગસ્ટ-૦૭ | ૦૩ |
| ૯ | સપ્ટેમ્બર-૦૭ | ૦૦ |
| ૧૦ | ઓકટોબર-૦૭ | ૦૪ |
| ૧૧ | નવેમ્બર-૦૭ | ૦૧ |
| ૧૨ | ડીસેમ્બર-૦૭ | ૦૧ |
| | કુલ | ૨૮ |

(૨) મંજૂર-૨
નામંજૂર-૮

(૩) (ક) લે આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાયેલ ન હોવાના કારણે
(ખ) ગણોત ધારાની કલમ-૬૩ એ એ હેઠળનું પ્રમાણપત્ર મેળવેલ ન હોવાના કારણે.
(ગ) સંબંધિત ખાતાના અભિપ્રાય સમયસર ન મળવાના કારણે.

**શ્રી ઇકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ બિન ખેતીની આવી? માસવાર કેટલી આવી? તે પૈકી કેટલીનો નિકાલ કરવામાં આવ્યો? એના જવાબમાં મંત્રીશ્રીએ ૨૮ અરજીઓ પૈકી માત્ર બેને મંજૂરી આપવામાં આવેલી છે. મારો પ્રશ્ન એ છે કે, ભરૂચ જિલ્લામાં જે બિન ખેતી માટેની મહેસૂલ વિભાગની જે કામગીરી ચાલુ છે એમાં એક ચોક્કસ એવી હવા છે. બિનખેતીની અરજી મૂકવામાં આવે તો તંત્ર તરફથી મંજૂરી આપવામાં આવતી નથી અને તેના ભાગરૂપે આખા વર્ષ દરમિયાન માત્ર ૨ અરજીઓ મંજૂર કરેલ છે. મોટા ભાગની અરજીઓ રિજેકટ કરવામાં આવી છે. આ અરજીઓનો નિકાલ કઈ રીતે કરવામાં આવે છે અને અરજીઓ શા માટે નામંજૂર કરવામાં આવે છે? ડી.ડી.ઓ. કે કલેક્ટર કક્ષાએ આ બાબતની સરળતા કરવા માટે કોઈ પગલાં ભરવા માગો છો કે કેમ? કેમ કે મોટા ભાગના વર્ષમાં આ અરજીઓનો નિકાલ થતો નથી.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો નિયમાનુસાર આનો નિકાલ કરવામાં આવતો હોય છે. એમાં અંકલેશ્વરના યુસુફભાઈ આદમભાઈ મતાદાર એમણે ૯૦૦૪ ચો.મી. જમીન માગેલ. એ નામંજૂર થવા પાછળનું કારણ એ છે કે, હયાત જમીનમાં બાંધકામ કેટલા પ્રકારનું છે અને કેટલી જમીનમાં આ બાંધકામ છે એ પોતે એના ડોકયુમેન્ટ રજૂ કરેલ છે એની અંદર એ દર્શાવવામાં આવ્યું નથી. એ દર્શાવવામાં આવશે અને નિયમમાં આવશે તો રાજય સરકાર એ કરી શકે છે. એ જ રીતે ઈલીયાસ હસન કારભારી એમણે ૧૨૬૪૭ ચો.મી. જમીન રહેણાંકના હેતુ માટે માગેલી પણ એ નામંજૂર કરી છે. કારણ કે, બ્લૉક નંબરો એકત્ર કરવા માટેનો હુકમ એમણે રજૂ કરેલ નથી. એટલા માટે નામંજૂર થઈ છે. એ જ રીતે સુહેલ મહંમદ સલીમ વજુવાલા એમની નામંજૂર થઈ છે. એમણે ૮૭૪૮ ચો.મી. જગ્યા માગેલી છે. રસ્તાનો પ્રવેશ ટી.પી. રોડમાંથી મેળવેલ છે. જે અંગે નગરપાલિકા ભરૂચની પરવાનગી મેળવેલ ન હોવાથી નથી મળી.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**ચોટીલા અને સાયલા તાલુકામાં તળાવોની ઊંડાઈ**

૧૪૩૯ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ચોટીલા અને સાયલા તાલુકામાં તળાવો ઊંડા ઉતારવા તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણીઓ આવી, અને

**જવાબ**

(૧) ચોટીલા અને સાયલા તાલુકામાં તળાવો ઊંડા ઉતારવા આવેલ માંગણીઓની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | તાલુકો | રૂા. ૫૦૦/- વાળી મળેલ માંગણીઓ | તે પૈકી ૧૦ % ફાળો ભરેલ માંગણીઓ | |
|---|---|---|---|---|
| | | | અરજી | રૂા. લાખ |
| જાન્યુ-૦૬ થી ડીસે-૦૬ | સાયલા<br>ચોટીલા | ૧૧<br>૯ | ૩<br>૨ | ૧.૭૩<br>૧.૩૧ |
| જાન્યુ-૦૭થી ડીસે-૦૭ | સાયલાો<br>ટીલા | ૨૭<br>૧૩ | ૧૮<br>૪ | ૮.૮૦ |
| | કુલ : | ૬૦ | ૨૭ | ૧૩.૯૭ |

(૨) સિંચાઈની સુવિધા વિનાના આ તાલુકાઓમાં તળાવો ઊંડા ઉતારવા માટે સરકાર તરફથી શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) તળાવો ઉંડા ઉતારવા માટે નીચે મુજબની કાર્યવાહી થયેલ છે.

| વર્ષ | તાલુકો | ઉંડા ઉતારવામાં આવેલ તળાવની સંખ્યા | ઉંડા ઉતારવામાં આવેલ તળાવનો ખર્ચ રૂા. લાખ |
|---|---|---|---|
| જાન્યુ-૦૬ થી ડીસે-૦૬ | સાયલા<br>ચોટીલા | ૩<br>૨ | ૧૩.૦૮<br>૧૨.૧૯ |
| જાન્યુ-૦૭ થી ડીસે-૦૭ | સાયલા<br>ચોટીલા | ૧૮<br>૪ | ૮૮.૦૭<br>૨૧.૩૦ |
| | કુલ : | ૨૭ | ૧૩૪.૬૪ |

------------

**ખેડા જિલ્લામાં રસ્તાઓની મરામત પાછળ કરેલ ખર્ચ**

૧૨૪૧ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં સન ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના વર્ષમાં તાલુકાવાર રસ્તાઓની મરામત કામગીરી પાછળ તા.૩૧-૧૨-૦૭ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં સન ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮માં તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં ચાલુ મરામત સદરે થયેલ ખર્ચની વિગત તાલુકાવાર નીચે મુજબ છે.

(રૂા. લાખમાં)

| તાલુકા | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ (૩૧-૧૨-૦૭ સુધી) |
|---|---|---|
| મહેમદાવાદ | ૧૭.૫૯ | ૧૦.૬૧ |
| નડીયાદ | ૪૯.૭૭ | ૨૦.૮૬ |
| મહુધા | ૨૮.૮૩ | ૬.૮૭ |
| કઠલાલ | ૬.૩૦ | ૧૬.૫૫ |
| કપડવંજ | ૨૫.૮૪ | ૪૯.૨૧ |
| ઠાસરા | ૨૨.૮૨ | ૧૯.૮૬ |
| માતર | ૧૯.૧૪ | ૧૦.૯૬ |
| ખેડા | ૧૬.૪૯ | ૮.૦૬ |
| બાલાશિનોર | ૧૦.૭૭ | ૯.૫૫ |
| વિરપુર | ૬.૩૮ | ૯.૬૬ |

(૨) આવી મરામત કામગીરી થયા પછી ટૂંક સમયમાં જ રસ્તાઓ તૂટી ગયા હોય તેવા કેટલા રસ્તાઓ છે ?

(૨) ચાલુ મરામતની કામગીરી સતત ચાલતી પ્રક્રિયા હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## મોરબી બાયપાસ પર ટોલટેક્સ

૧૦૩૨ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા (મોરબી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ-મોરબી રોડ તથા નેશનલ હાઈવે-૮ એ ને જોડતો મોરબી બાયપાસ પર બનાવવામાં આવેલ ટોલ પ્લાઝા પર ટોલ ટેક્ષ ઉઘરાવવાનું ક્યારથી શરૂ થયું છે,

(૨) અત્યાર સુધીમાં આ ટોલ પ્લાઝા પરથી કેટલી રકમ ઉઘરાવવામાં આવી છે, અને

(૩) આ ટોલ પ્લાઝા ક્યારે બંધ કરવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૧૬-૫-૧૯૯૭ થી આ ટોલ પ્લાઝા પર ટેક્ષ ઉઘરાવવાનું શરૂ કરેલ છે.

(૨) અત્યાર સુધીમાં એટલે કે તા. ૧૯-૨-૦૮ સુધીમાં કુલ રૂા. ૫૫૭.૦૦ લાખ ઉઘરાવવામાં આવ્યા.

(૩) પુલ તથા પ્રવેશ માર્ગો (બાયપાસ) પર થયેલ ખર્ચ વ્યાજ સહિત વસુલ કરવાનો થાય છે. જે વસુલાત પુરી થયેથી ટોલ પ્લાઝા બંધ કરવાનું આયોજન છે.

------------

## વલસાડ નજીક પૂર્ણ કક્ષાનું મત્સ્યોદ્યોગ બંદર વિક્સાવવા અંગે

૧૬૦૩ **શ્રી દોલતભાઈ દેસાઈ(વલસાડ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દક્ષિણ ગુજરાતમાં વલસાડ નજીક પૂર્ણ કક્ષાનું મત્સ્ય બંદર વિક્સાવવાનું આયોજન છે, અને

(૨) જો હા, તો ક્યાં ક્યાં ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧. ભદેલી જગાલાલા
૨. ઉમરગામ

------------

## અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ઓરડાઓ અંગે

૧૩૬૧ **શ્રી કાનજીભાઈ તળપદા(ધોળકા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના ક્યા ક્યા તાલુકાની કેટલી પ્રાથમિક શાળાઓના ઓરડાઓ પાડી નાખવામાં આવ્યા,

(૨) આ ઓરડાઓ ક્યારે બાંધવામાં આવેલ હતા, અને

(૩) આ પાડી નાખવામાં આવેલ ઓરડાની સામે નવા ઓરડાઓ બનાવવા સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) પત્રક-અ મુજબ

તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં પાડી નાખવામાં આવેલ ઓરડાઓની તાલુકાવાર વિગત

| ક્રમ | તાલુકો | શાળાની સંખ્યા | ઓરડીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | બાવળા | ૯ | ૧૨ |
| ૨ | બરવાળા | ૩ | ૩ |
| ૩ | ધંધુકા | ૫ | ૯ |
| ૪ | ધોળકા | ૧૦ | ૨૦ |
| ૫ | દસ્ક્રોઇ | ૧૪ | ૩૭ |
| ૬ | દેત્રોજ | ૫ | ૧૧ |
| ૭ | માંડલ | ૬ | ૬ |
| ૮ | રાણપુર | ૧ | ૨ |
| ૯ | સાણંદ | ૧૨ | ૧૮ |
| ૧૦ | વિરમગામ | ૭ | ૮ |
| ૧૧ | સીટી | ૨ | ૩ |
| | કુલ : | ૭૪ | ૧૨૯ |

(૨) આ ઓરડાઓ અંદાજે ૯ થી ૩૫ વર્ષ પહેલાં બાંધવામાં આવેલ હતા.

(૩) આ પાડી નાખવામાં આવેલ ઓરડાની સામે ચાલુ વર્ષે ૨૦૦૭-૦૮ માં રૂા. ૧૨૬ લાખની જોગવાઇ

કરવામાં આવેલ છે. બાકી રહેતા ઓરડાઓના બાંધકામ માટે વર્ષ ૨૦૦૮-૦૯માં તબક્કાવાર આયોજન કરવામાં આવેલ છે.

------------

**પાદરા તાલુકામાં સંપ બનાવવા માટે જમીનની ફાળવણી**

૧૨૨૯ **શ્રી દિનેશભાઈ બી.પટેલ (પાદરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પાદરા શહેર માટે નર્મદા જૂથ પાણી પુરવઠા યોજના માટે સરસવણી ગામ ખાતે સંપ બનાવવા માટે જરૂરી જમીન ફાળવવા માટે સરકાર શું પગલાં લેવા ધારે છે ?

**જવાબ**

પાદરા શહેર માટે નર્મદા જુથ પાણી પુરવઠા યોજના માટે સરસવણી ગામે સંપ બનાવવા માટે પાદરા નગર સેવા સદન, મામલતદારશ્રી પાદરા તેમજ ગુજરાત પાણી પુરવઠા બોર્ડ ધ્વારા અનુકૂળ જમીન અંગે પરામર્શ કરી મોજેઃ સરસવણી તા. પાદરાની બીનનંબરી જમીન પૈકી ૧૦૦૦૦ ચો.મી. જમીનની ફાળવણી માટે મામલતદારશ્રી પાદરા તેમજ નાયબ કલેકટરશ્રી વડોદરા મારફતે દરખાસ્ત તા. ૨૫-૨-૨૦૦૮ના રોજ કલેકટરશ્રી વડોદરાને રજૂ કરવામાં આવેલ છે. જમીનના મુલ્યાંક્નની કાર્યવાહી હાલ ચાલુમાં છે.

------------

**દાહોદ-ખોડવા-સુથારવાસા બિસ્માર રોડને ડામર કામ**

૧૨૩૬ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાનો દાહોદ-ખોડવા-સુથારવાસા રોડ બિસ્માર હાલતમાં છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ રોડનું ડામરકામ મંજૂર કરવા સરકાર વિચારે છે કે કેમ ?

**જવાબ**

(૧) અને (૨)

રસ્તો મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય કરવામાં આવેલ છે.

નાણાકિય ઉપલબ્ધતા મુજબ ડામરકામ કરવાનું વિચારવામાં આવશે.

------------

**રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેડ કરવા અંગે**

૧૦૪૮ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન રાજ્યમાં નોંધાયેલ નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કેટલી શાળાઓને ગ્રાન્ટેડ ક્યારે કરવામાં આવી, અને

(૨) ગ્રાન્ટેડ કરવાના કારણો શું ?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**કેન્દ્ર સરકારે રાજ્યના ખેડૂતો માટે ફાળવેલ ગ્રાન્ટ**

૧૫૫ **શ્રી સિદ્ધાર્થ ચી.પટેલ (ડભોઇ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રાજ્યના ખેડૂતો માટે કેટલી ગ્રાન્ટ કેન્દ્ર સરકારે ફાળવી,

(૨) ફાળવેલ ગ્રાન્ટમાંથી કેટલી રકમ તે અન્વયે વર્ષવાર ખર્ચ કરવામાં આવી, અને

(૩) ફાળવેલ ગ્રાન્ટ કરતાં ઓછો ખર્ચ કરવામાં આવેલ હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

| | **વર્ષ** | **રકમ (રૂ. લાખમાં)** |
|---|---|---|
| (૧) | ૨૦૦૫-૦૬ | ૧૦૧૨૭.૩૧ |
| | ૨૦૦૬-૦૭ | ૧૦૨૬૪.૮૯ |
| | ૨૦૦૭-૦૮ | ૭૭૮૭.૮૧ |
| (૨) | ૨૦૦૫-૦૬ | ૭૧૦૮.૭૩ |
| | ૨૦૦૬-૦૭ | ૧૧૪૨૯.૮૮ |
| | ૨૦૦૭-૦૮ | ૬૨૪૭.૦૮ |

(૩) (૧) રીજીયોનલ કોકોનટ નર્સરી ઘટકમાં વર્ષ ૨૦૦૫-૦૬ માં ગ્રાન્ટ સમયસર ન મળવાના કારણે સદર ઘટકમાં સિધ્ધિ થઈ શકે નહિ જેના કારણે ખર્ચ ઓછો થયેલ છે.

(૨) ગુજરાત હોર્ટી કલ્ચર મિશનના કાર્યક્રમોનું અમલીકરણ સને ૨૦૦૫-૦૬ ના ડિસેમ્બર-૦૫ થી શરૂ થયેલ હોવાથી ખર્ચ ઓછો થયેલ છે.

(૩) ઓઈલ પામ વાવેતર વિસ્તારમાં જે તે સમયે ઉત્પાદનની બજાર વ્યવસ્થા તથા પ્રોસેસીંગ સુવિધા ઉપલબ્ધ ન થઈ શકવાના કારણે તથા અન્ય પાકોની સરખામણીમાં ઓઈલ પામમાંથી આર્થિક વળતર ઓછું મળતું હોઈ વાવેતર કરવા માટે ઓછા ખેડૂતો આગળ આવે છે.

(૪) સને ૦૭-૦૮ દરમ્યાન આવી પડેલ પુરની કુદરતી આપત્તિને કારણે ફ્લડ પેકેજની વધારાની કામગીરી

(૫) ચૂંટણી અંગેની વધારાની કામગીરી તથા ક્ષેત્રીય કક્ષાએ ખાલી જગ્યાઓ.

(૬) વર્ષ આખરમાં છેલ્લા હપ્તાની ગ્રાન્ટ ફાળવવા આવતી હોવાથી બચત રહે છે. પરંતુ તે પછીના વર્ષમાં કેન્દ્ર સરકારની રીવેલીડેશનની મંજૂરી મેળવી ખર્ચ કરવામાં આવે છે.

------------

**ધોલાઈ મત્સ્ય બંદર ખાતે સુવિધાઓ**

૧૬૦૨ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નવસારી જિલ્લાના ધોલાઈ મત્સ્ય બંદર ખાતે શું સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે અને ભવિષ્યનું આયોજન શું છે ?

**જવાબ**

જેટી, રીવેટમેન્ટ, રીક્લેમેશન, કમ્પાઉન્ડવોલ, ઓક્શનલ હોલ, વહીવટી બિલ્ડીંગ, ગીયર શેડ, નેટ મેન્ડીંગ શેડ, વર્કશોપ, કેન્ટીન બિલ્ડીંગ, રેસ્ટ શેડ, ડોરમેટરી, સિક્યુરીટીરૂમ, વોટર સપ્લાય, હાઈમાસ્ટર ટાવર જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે અને

સીમેન્ટ કોન્ક્રીટ રસ્તાના કામો, સેનીટેશન બ્લોક, ઈલેક્ટ્રીક રૂમ, પાણીનો સમ્પ, ઓવર હેડ ટાંકી, હાર્ડ સરફેસીંગના બાકી રહેતા કામો હાથ ધરવાનું તથા ડીઝલ પંપ અને અન્ય સુવિધાઓ પૂરી પાડવા માટેનું આયોજન છે.

------------

**વિકાસ પથ યોજના હેઠળ નડિયાદ શહેરમાંથી પસાર થતા રસ્તાઓના નવીનીકરણ અંગે**

૧૩૧૩ **શ્રી પંકજકુમાર દેસાઈ (નડિયાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય સરકારની વિકાસ પથ યોજના હેઠળ નડિયાદ શહેરમાંથી પસાર થતાં રસ્તાઓને નવીનીકરણ કરવા માટેની યોજના બનાવેલ છે તેમાં સમાવિષ્ટ રસ્તાઓ તથા તેમાં ઉભી થનાર તમામ સુવિધાઓ શી છે ?

**જવાબ**

વિકાસ પથ યોજના હેઠળ નડિયાદ શહેરમાંથી પસાર થતા નીચેના રાજ્ય રસ્તાના અનુભાગોના નવીનીકરણનો સમાવેશ છે.

(અ) ડભાણ-નડિયાદ-ભુમેલ કી.મી. ૫૩/૦-૫૯/૦
(બ) નડિયાદ-કપડવંજ કી.મી. ૦/૬-૩/૫
(ક) નડિયાદ-પેટલાદ કી.મી. ૧/૦-૩/૦
(ડ) નડિયાદ-પીજ-વસો કી.મી. ૨૫/૨-૨૬/૨
(ઈ) નડિયાદ-મહેમદાવાદ કી.મી. ૪૫/૨-૪૫/૮

કુલ-૧૨.૫૦ કી.મી. લંબાઈનાં નવીનીકરણમાં ૧૧.૫૦ કી.મી. ચાર માર્ગીય અને ૧.૦ કી.મી. ૧૦ મીટર ડામર સપાટીનો માર્ગ થશે.

વરસાદી પાણીના નિકાલ, જરૂરી ક્રોસડ્રેઈનેજ, ફુટપાથ, પાર્કિંગ પ્લેસ અને રોડ ફર્નિચર, સ્ટ્રીટલાઈટ સહિતનાં માર્ગોની સુવિધા ઉપલબ્ધ થશે.

------------

**વ્યારા તાલુકામાં કાચા-પાકા રસ્તાઓથી જોડાયેલા ગામ**

૨૬૪ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ વ્યારા તાલુકામાં કેટલા ગામો કાચા-પાકા રસ્તાઓથી જોડાયેલ છે, અને

(૨) જે ગામો કાચા રસ્તાના છે તેને ડામર સપાટીવાળા બનાવવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૦૭ ની સ્થિતિએ વ્યારા તાલુકામાં કુલ ૧૪૮ ગામો પાકા રસ્તાથી જોડાયેલ છે. કાચા રસ્તાથી જોડાયેલ ગામોની સંખ્યા શૂન્ય છે.

(૨) દરેક ગામ પાકા રસ્તાથી જોડાયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**કપડવંજ તાલુકામાં રસ્તાના ધોવાણ અંગે**

૧૦૫૧ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કપડવંજ તાલુકાના આંબલીયારા તાબે અંકલઈ ગામમાં અતિવૃષ્ટિને કારણે ગામમાં જવાનો રસ્તો ધોવાઈ ગયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) કેટલા સમયમાં દુરસ્ત કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) રસ્તો વાહન વ્યવહાર લાયક છે. અતિવૃષ્ટિના કારણે રસ્તો ધોવાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**આણંદ જિલ્લામાં વિધવા બહેનોના પેન્શન અંગે**

૧૧૨૬ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૭-૦૮ ના વર્ષમાં આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ તાલુકાવાર કેટલી નિરાધાર વિધવા બહેનોને સહાય મંજૂર કરેલ છે અને કેટલી અરજીઓ પેન્ડીંગ છે,

(૨) આણંદ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને

(૩) નિરાધાર વિધવા બહેનોને છેલ્લે ક્યા માસ સુધીની સહાય ચૂકવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સન ૨૦૦૭-૦૮ ના વર્ષમાં આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ નીચે મુજબ તાલુકાવાર ૩૨૧ નિરાધાર વિધવા બહેનોને સહાય મંજૂર કરેલ છે અને ૧૮૩ અરજીઓ પડતર છે

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મંજુર કરેલ અરજીઓની સંખ્યા** | **પેન્ડીંગ અરજીઓની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૫૭ | ૪૬ |
| ૨ | આંક્લાવ | ૦૯ | ૧૮ |
| ૩ | ઉમરેઠ | ૧૧ | ૨૯ |
| ૪ | પેટલાદ | ૬૧ | ૨૦ |
| ૫ | સોજીત્રા | ૫૫ | ૦૬ |
| ૬ | બોરસદ | ૮૭ | ૩૪ |
| ૭ | ખંભાત | ૪૦ | ૨૯ |
| ૮ | તારાપુર | ૦૧ | ૦૧ |
| | **કુલ** | **૩૨૧** | **૧૮૩** |

(૨) સમગ્ર રાજ્યની નિરાધાર વિધવા બહેનોને વિધવા સહાય પોસ્ટખાતાના હવાલે મુકવામાં આવે છે. જે પોસ્ટખાતા દ્વારા સંબંધિત પોસ્ટખાતાની આણંદ હેડપોસ્ટના હવાલે રૂા. ૧૫૧.૫૧ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૩) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ નિરાધાર વિધવા બહેનોને ઓકટોબર-૨૦૦૭ સુધીની સહાય ચુકવવામાં આવેલ છે.

------------

**આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા અંગે**

**૧૧૧૮ શ્રી લાલસિંહ ઉ.વડોદીયા (ઉમરેઠ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળામાં પીવાના પાણીની સુવિધા નથી,

(૨) સુવિધાથી વંચિત પ્રાથમિક શાળાઓને સુવિધા આપવા માગો છો કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા નથી તેવી શાળાઓની સંખ્યા નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **શાળાની સંખ્યા** | **પીવાના પાણીની સુવિધા વિનાની** | **પીવાના પાણીની સુવિધા વાળી** |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૯૪ | ૦ | ૧૯૪ |
| ૨ | ઉમરેઠ | ૧૧૦ | ૦ | ૧૧૦ |
| ૩ | બોરસદ | ૨૦૯ | ૦ | ૨૦૯ |
| ૪ | આંક્લાવ | ૯૫ | ૦ | ૯૫ |
| ૫ | પેટલાદ | ૧૬૦ | ૦ | ૧૬૦ |
| ૬ | સોજિત્રા | ૫૯ | ૦ | ૫૯ |
| ૭ | ખંભાત | ૧૫૬ | ૦ | ૧૫૬ |
| ૮ | તારાપુર | ૫૨ | ૦ | ૫૨ |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**નસવાડી તાલુકામાં મંજૂર કરેલ પુલના ખર્ચ અંગે**

**૧૨૨૧ શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નસવાડી તાલુકામાં દુગ્ધા-ધારસીમેલ-કોલુ-જેમલગઢ અને યોયાવાટ-લાવાકોઈ પુલ ક્યા વરસમાં મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) આ કાર્યવાહી તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) નસવાડી તાલુકામાં ચાર પુલના નીચે મુજબ બજેટમાં સમાવેશ કરવામાં આવેલ છે.

૧. દુગ્ધા ધારસિમેલ સને ૯૭-૯૮
૨. કોલુ જેમલગઢ સને ૯૭-૯૮
૩. ગોયાવાંટ સને ૯૯-૨૦૦૦
૪. લાવાકુઈ સને ૯૯-૨૦૦૦

(૨) ઉપરોક્ત પુલના કામો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ નીચે મુજબના તબક્કે છે.

| ક્રમ | રસ્તાના નામ | ખર્ચ (રૂા. લાખમાં) | કામની પરિસ્થિતિ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | દુગ્ધા ધારસિમેલ રસ્તા પર મેન નદી પર પુલનું કામ. | ૨૫.૬૮ | કામ પ્રગતિમાં. |
| ૨ | કોલુ જેમલગઢ રસ્તા પર મેન નદી પર પુલનું કામ. | -- | નકશા અંદાજ સ્તરે. |
| ૩ | ગોયાવાંટ ગામ પાસે તણખલા ગોયાવાંટ લાવાકુઈ દુગ્ધા રોડ પર કોતર પર પુલનું | -- | કોઝવેની કામગીરી પ્રગતિમાં (ગુજરાત પેટર્ન હેઠળ મંજુર |

| | | | |
|---|---|---|---|
| | કામ. | | થયેલ છે.) |
| ૪ | લાવાકુઈ ગામ પાસે તણખલા ગોયાવાંટ લાવાકુઈ દુગ્ધા રોડ મેન નદી પર પુલનું કામ. | -- | સર્વે ડેટાની કામગીરી પ્રગતિમાં. |

------------

**જામનગર જિલ્લાના ગામોમાં શિક્ષણની સગવડ અંગે**

૧૪૯૬ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ગ્રામ વિસ્તારોમાં માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણથી વંચિત રહેતા ગામોને માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણની સગવડો આપવા રાજ્ય સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણથી વંચિત રહેતા ગામોને સરકાર ક્યારે સગવડ પૂરી પાડવા માંગે છે ? | (૨) દર વર્ષે અંદાજપત્રમાં જોગવાઈની મર્યાદામાં નવી શાળાઓ માટે આયોજન કરવામાં આવે છે. |

------------

**કિમ થી માંડવી રસ્તાને પહોળો કરવાની કામગીરી અંગે**

૧૩૧૮ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાનાં કિમથી માંડવી રસ્તાને પહોળો કરવાની કામગીરી તાજેતરમાં ચાલે છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો અરેઠ નોગામાં અને તડકેશ્વર ગામોમાં રસ્તાની આજુબાજુ કેટલી ખાનગી મિલક્તો દૂર કરવામાં આવી, | (૨) અને (૩) |
| (૩) આ બાબતે માલિકોને અગાઉથી નોટિસ આપવામાં આવેલ છે કે કેમ, અને | રસ્તાની હદમાં આવેલ અનધિકૃત દબાણો દુર કરવા નોટીસ પાઠવેલ છે જે અન્વયે અરેઠ ગામના દબાણો દુર કરાવેલ છે જ્યારે બાકીના માટે જરૂરી કાર્યવાહી થઈ રહેલ છે. |
| (૪) આ માટે સરકારે કેટલું વળતર ચૂક્વેલ છે ? | (૪) અનધિકૃત દબાણો માટે વળતરનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજ્યની બી.એડ. કોલેજોમાં પ્રવેશ અંગે**

૧૦૩૬ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે શૈક્ષણિક વર્ષમાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.એડ. કોલેજોમાં લઘુત્તમ લાયકાત ન હોય તેવા કેટલાં વિદ્યાર્થીઓને બી,એડ.માં પ્રવેશ આપવામાં આવ્યો, અને | (૧) ૧૭. |
| (૨) સંચાલકો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ ? | (૨) હા, જી. |

------------

**બાબરા તાલુકાના રસ્ત અંગે**

૧૬૦૭ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બાબરા અને વડીયા તાલુકામાં માર્ગ અને મકાન (પંચાયત) હેઠળના પેવર રોડ કુલ કેટલા છે, | (૧) ૬૨ રોડ. |
| (૨) તેમાંથી કેટલા રોડ કેટલા સમયથી રીપેવર થયા નથી, અને | (૨) ૨૪ રોડ ૭ વર્ષ કરતા વધુ સમયથી રીપેવર થયા નથી. |
| (૩) પેવર રોડ એક વખત થયા પછી બીજી વખત રીપેવર કરવાની જોગવાઈ કેટલા સમયમાં છે ? | (૩) રસ્તાની હયાત સપાટી અને આવશ્યક્તા મુજબ નાણાકીય ઉપલબ્ધતા અનુસાર અગ્રતાક્રમે રીપેવર કરવામાં આવે છે. |

------------

**ભિલોડા અને ઈડર તાલુકાના રસ્તાઓના ડીપ તૂટી જવા અંગે**

૧૩૩૬ ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૬-૦૭ અને વર્ષ ૨૦૦૭-૦૮ ના ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે સાબરકાંઠા જિલ્લાના ભિલોડા અને ઈડર તાલુકાના પંચાયત હસ્તકના રસ્તાઓમાં કુલ કેટલા ડીપ તાલુકાવાર તૂટી ગયા હતા,

(૨) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ તે પેકી કેટલા ડીપ રીપેર કરવામાં આવ્યા અને કેટલા બાકી છે, અને

(૩) બાકી રહેલ ડીપ ક્યાં સુધી રીપેર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) પંચાયત હસ્તકના કુલ ૨૬ ડીપ તુટી ગયા હતા.

| તાલુકો | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | કુલ |
|---|---|---|---|
| ભિલોડા | ૭ | ૧૦ | ૧૭ |
| ઈડર | ૭ | ૨ | ૯ |
| કુલ | ૧૪ | ૧૨ | ૨૬ |

(૨) ૨૬ ડીપ તાત્કાલિક મરામત કરી વાહન વ્યવહાર માટે ચાલુ કરેલ છે. આ પેકી ૧૧ ડીપની કાયમી મરામત કરેલ છે. જ્યારે ૧૫ ડીપની કાયમી મરામતની કામગીરી બાકી છે.

(૩) જેમ બને તેમ ઝડપથી.

------------

**આંતર રસ્તા જોડાણ કાર્યક્રમ નીચે વધુ ગામોને રસ્તાનું સીધું જોડાણ**

૧૭૮ **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આંતર રસ્તા જોડાણ કાર્યક્રમ હેઠળ ૩૦૦૦ કરતા વધુ વસ્તી ધરાવતા ગામોને સીધુ રસ્તાનું જોડાણ આપવાની કોઈ યોજના છે, | (૧) હા. |
| (૨) જો હા, તો આ યોજનાનો લાભ કેટલા જિલ્લાના ગામડાઓને મળવાપાત્ર છે, અને | (૨) ગુજરાત રાજ્યના બધા જિલ્લાઓના નજીક નજીક આવતા ગામડાઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. |
| (૩) પ્રથમ તબક્કે કેટલા ગામોનો સમાવેશ થશે અને તેથી પાછળ કેટલો ખર્ચ થશે ? | (૩) વર્ષ ૨૦૦૭-૦૮માં કુલ ૫૯ રસ્તાઓ માટે રૂા. ૩૬૯૭.૫૦ લાખની મંજુરી અન્વયે ૧૧૮ ગામોનો સમાવેશ થયેલ છે. |

------------

**વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ**

૧૪૭૨ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક શાળાના શિક્ષકોની ઘટ છે

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | ઘટ |
|---|---|---|
| ૧ | વડોદરા | ૩૦ |

ઘટ છે,

| | | |
|---|---|---|
| ૨ | પાદરા | ૨૮ |
| ૩ | કરજણ | ૮૭ |
| ૪ | ચાવલી | ૮૦ |
| ૫ | વાઘોડિયા | ૨૫ |
| ૬ | ડભોઈ | ૪૮ |
| ૭ | શિનોર | ૧૪ |
| ૮ | સંખેડા | ૩૦ |
| ૯ | જેતપુરપાવી | ૦૦ |
| ૧૦ | નસવાડી | ૧૨ |
| ૧૧ | છોટાઉદેપુર | ૮૫ |
| ૧૨ | ક્વાંટ | ૬૨ |
| કુલ | | ૫૦૧ |

(૨) આ ઘટ સામે કેટલા વિદ્યા સહાયકોની નિમણૂંક કરવામાં આવી, અને

(૨) એક પણ નહી.

(૩) જો નિમણૂંક કરવાની બાકી હોય તો તેના કારણો શાં છે અને આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) આ જગ્યાઓ વય નિવૃત્તિ, રાજીનામા, મૃત્યુ અને જિલ્લા ફેરબદલી તથા નવી જગ્યાઓ મંજુર થવાથી ખાલી રહેલ છે. હવે પછીની વિદ્યાસહાયક ભરતીની જાહેરાત વખતે જગ્યાઓ ભરવામાં આવનાર છે.

------------

## શહેરા અને લુણાવાડા તાલુકામાં વારસાઈની એન્ટ્રીઓ

૧૦૪૫ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૫ થી તા. ૩૧-૩-૨૦૦૭ ના સમય દરમ્યાન શહેરા અને લુણાવાડા તાલુકામાં વારસાઈ કરવાની કેટલી એન્ટ્રીઓ મંજૂર કરી અને કેટલી બાકી,

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૨૦૦૫ થી તા. ૩૧-૩-૨૦૦૭ સમય દરમ્યાન શહેરા અને લુણાવાડા તાલુકામાં વારસાઈ એન્ટ્રીઓની માહિતી

| અ. નં. | તાલુકાનું નામ | મંજૂર કરેલ વારસાઈ નોંધો | બાકી વારસાઈ નોંધો |
|---|---|---|---|
| ૧ | લુણાવાડા | ૬૬૯ | ૯૨ |
| ૨ | શહેરા | ૬૪૦ | ૪૦ |
| | **કુલ ...** | **૧૩૦૯** | **૧૩૨** |

(૨) આથી વારસાઈ એન્ટ્રીઓ બાકી રહેવાના કારણો શું છે,

(૨) આવી વારસાઈ એન્ટ્રીઓ જે તે સમયે મુદત થવા પર તથા લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૩૫-ડીની નોટીસની બજવણી થવા પર બાકી રહેવા પામેલ છે.

(૩) વારસાઈ એન્ટ્રીઓ કરવા માટે સરકાર તરફથી કેટલો સમયગાળો નકકી થયેલ છે, અને આ સમયગાળામાં વારસાઈ એન્ટ્રી ન થયેલ હોય તો, આ બાબતે જવાબદારી કોની, અને

(૩) લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૩૫-સી ની જોગવાઈ પ્રમાણે વારસાઈ કે અન્ય રીતે જમીન કે મિલક્ત પર હક્ક સંપાદન કરનાર વ્યક્તિએ તે અંગેની લેખિત જાણ ત્રણ માસની અંદર કરવાની રહે છે. અને તેની હક્ક સંપાદન કરનારની અરજી કરવાની જવાબદારી રહે છે.

(૪) આવા જવાબદાર અધિકારી સામે શાં પગલાં લીધેલ છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## ગઢડા અને ઉમરાળા તાલુકામાં શિક્ષણ સુવિધા

૧૦૪૨ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના ગઢડા અને ઉમરાળા તાલુકામાં કોઈ આર્ટસ-સાયન્સ કે કોમર્સ કોલેજ ન હોવાની હકીક્ત સાચી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો આ પછાત વિસ્તારમાં શિક્ષણની સુવિધા લોકોને મળી શકે તે માટે સરકાર સરકારી કોલેજ શરૂ કરવા માંગે છે કે કેમ ?

(૨) ગઢડા અને ઉમરાળા તાલુકામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઉપલબ્ધ થયે જરૂરિયાત જણાયે વિચારણા કરી શકાય.

## પંચમહાલ જિલ્લામાં કોલેજોની સંખ્યા

૧૧૨૪ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિભાગની કેટલી બિન સરકારી/સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા સંચાલિત કેટલી કોલેજો આવેલી છે, અને તેમાં જુદા જુદા વિષયોના કેટલા પ્રાધ્યાપકો છે,

(૨) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિભાગોમાં ક્યા ક્યા વિષયોના પ્રાધ્યાપકોની નિમણૂંકો માટે છેલ્લા ત્રણ વર્ષમાં મંજૂરી માંગવામાં આવી છે, અને તે પૈકી કેટલી મંજૂરી આપવાની તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ બાકી છે, અને

(૩) નિમણૂંકો માટેની બાકી દરખાસ્તોની મંજૂરી કેટલા સમયમાં સરકાર આપવા માગે છે ?

**જવાબ**

(૧) ૧૧ બિન સરકારી/સ્વૈચ્છિક સંસ્થાઓ હેઠળ ૧૧ કોલેજો આવેલી છે. અને જુદા જુદા વિષયના ૧૭૦ પ્રાધ્યાપકો છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના વિષયના અધ્યાપકોની મંજૂરી માંગવામાં આવેલ છે.

| | વર્ષ ૨૦૦૫ | વર્ષ ૨૦૦૬ | વર્ષ ૨૦૦૭ | **કુલ** |
|---|---|---|---|---|
| વિનયન | ૧૩ | ૦૮ | ૧૬ | ૩૭ |
| વિજ્ઞાન | ૦૩ | ૦૧ | ૦૩ | ૦૭ |
| વાણિજ્ય | ૦૨ | ૦૩ | - | ૦૫ |
| **કુલ :** | ૧૮ | ૧૨ | ૧૯ | ૪૯ |

તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ૧૯ પ્રાધ્યાપકોની મંજૂરી આપવાની બાકી છે.

(૩) પ્રાધ્યાપકોની ભરતી ઉપર નામ હાઈકોર્ટનો મનાઈ હુકમ હોવાથી અંતિમ નિર્ણય બાદ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

------------

## ઈજનેરી કોલેજોની બેઠકોમાં વધારા અંગે

૧૫૩૩ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૬-૦૭માં ઈજનેરી કોલેજોની બેઠકોમાં કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા નવા અભ્યાસક્રમો ચાલુ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૬-૨૦૦૭માં ઈજનેરી કોલેજોની બેઠકોમાં ૧૪૬૯નો વધારો કરવામાં આવ્યો.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં ડિગ્રી ઈજનેરીમાં

૧. અભ્યાસક્રમ તથા ડિપ્લોમામાં ૪ એમ કુલ ૫ અભ્યાસક્રમો ચાલુ કરવામાં આવ્યા.

------------

## ઝાલોદ-ગરાડુ ફતેપુરા રોડના ડામર કામ અંગે

૧૨૩૫ **શ્રી દિતભાઈ ભી.મછાર (ઝાલોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ઝાલોદ ગરાડુ-ફતેપુરા રોડ અત્યંત બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ રોડનું ડામરકામ કરવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

રસ્તો મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય કરવામાં આવેલ છે.

નાણાકીય ઉપલબ્ધતા મુજબ ડામર કામ કરવાનું વિચારવામાં આવશે.

------------

## પ્રાથમિક શાળાઓમાં વીજ વપરાશ ખર્ચ

૧૧૩૧ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૧૯૯૭માં શિક્ષણ વિભાગના ઠરાવથી પ્રાથમિક શાળાઓને મહત્તમ મર્યાદા બાંધીને વિજ વપરાશ ખર્ચ આપવાની જોગવાઈ કરેલ છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ આવી પ્રાથમિક શાળાઓને વિજબીલ પેટે વાર્ષિક કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૨) શિક્ષણ વિભાગના તા. ૧૯-૯-૨૦૦૭ના ઠરાવથી પ્રાથમિક શાળાઓમાં વીજળી બીલની પૂરેપૂરી ચુકવણી રાજ્ય કક્ષાએ કરવા નીતિ નિર્ધારિત થયેલ છે. અને તે મુજબ દર ચાર માસે રૂા. ૨.૫૦ કરોડ લેખે ચાર વીજ કંપનીઓને વીજળી બીલની રકમ ચૂકવવામાં આવે છે. જે રકમ ચૂકવવામાં આવી હોય તેના કરતાં બીલની રકમ વધારે હોય તો તે મુજબ વધારાની રકમનું ચુકવણું પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી દ્વારા કરવાનું રહે છે. જે રકમ ચૂકવવામાં આવી હોય તેના કરતાં બીલની રકમ ઓછી હોય તો તે રકમ પછીના બીલમાં જે તે એજન્સીએ સરભર કરવાની રહે છે. મહાનગર પાલિકાઓની શિક્ષણ સમિતિઓને સંબંધ છે ત્યાં સુધી નિયમિત બીલની ચૂકવણી જે તે મહાનગરપાલિકાઓએ કરવાની રહે છે. (જુનાગઢ મહાનગરપાલિકા સિવાય-જ્યાં પ્રાથમિક શાળાઓ જિલ્લા પંચાયત હસ્તક છે.) મહાનગરપાલિકાઓની શિક્ષણ સમિતિઓ તેમના દ્વારા ચૂકવાયેલ વીજળી બીલોની રકમના ૮૦ ટકા રકમ મેળવી શકશે. તે માટે જે તે નાણાકીય વર્ષના અંતે મહાનગરપાલિકાઓએ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી સમક્ષ માંગણી કરવાની થાય છે.

(૩) સન ૧૯૯૭ થી ૨૦૦૭ સુધીમાં વિજળીના બીલોમાં ભાવ વધારો થતા સરકાર આ ઠરાવમાં તાકીદે સુધારો કરી આપવા માંગે છે કે કેમ ?

(૩) શિક્ષણ વિભાગના તા. ૧૯-૯-૨૦૦૭ના ઠરાવ અન્વયે વીજળી બીલની પુરેપૂરી રકમની ચુકવણી કરવામાં આવે છે.

------------

**થરા ખાતેના ગો સંવર્ધન કેન્દ્રની જમીન**

૧૪૯૪ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) થરાના ગો સંવર્ધન કેન્દ્રને બંધ કરી દઈ તેની જમીન સરકારે કોઈ કંપનીને આપવાનું નક્કી કર્યું છે તે હકીક્ત સાચી, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો જમીન કઈ કંપનીને આપવાનું નક્કી કરેલ છે અને તેની પાછળના શું કારણો છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**પાટણ - શિહોરી માર્ગના કામ અંગે**

૩૩૫ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાટણ-શિહોરી સ્ટેટ રોડના કામ માટેનો વર્કઓર્ડર ક્યારે આપવામાં આવ્યો, | (૧) પાટણ-શિહોરી રસ્તાના કિ. મી. ૧૬/૪૬ થી ૧૯/૫૦ અને કિ. મી. ૩૧/૦ થી ૩૪/૦ ના કામનો વર્કઓર્ડર તા. ૨૪-૯-૨૦૦૭ના રોજ આપેલ છે. |
| (૨) વર્ક ઓર્ડર અપાયા પછી કામ ક્યારે શરૂ કરવામાં આવ્યું, અને | (૨) વર્કઓર્ડર આપ્યા બાદ તુરત જ પ્રારંભિક કામગીરી શરૂ કરવામાં આવેલ. |
| (૩) તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ તે ક્યા તબક્કે છે ? | (૩) કામગીરી પ્રગતિમાં છે. |

------------

**કચ્છ જિલ્લાના ઉદ્યોગો માટે જમીનની ફાળવણી**

૧૪૮૬ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં ઉદ્યોગ માટે સરકારી જમીનના માગણીદારોની કેટલીક જમીનો અંગે એક વર્ષ કરતા વધુ | (૧) હા, જી. |

સમયથી નિકાલ થયો નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ક્યા ક્યા ઉદ્યોગકારો કે વ્યાપારીઓની આવી જમીનો અંગેની ખરાઈ ઉદ્યોગ કમિશ્નરની કચેરી કે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ધ્વારા ખરાઈ થઈ હોવા છતાં જમીન ફાળવવામાં આવી નથી, અને

(૨) ઉદ્યોગ કમિશ્નરશ્રી/જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની ભલામણ અન્વયે પડતર કેસોની માહિતી *પત્રક ૧ મુજબ.

(૩) આ સમય ગાળા દરમ્યાન કચ્છ જિલ્લામાં કોને કોને કેટલી જમીન ક્યાં ક્યાં કેટલી કીંમતે ક્યા ઉદ્યોગોનાં હેતુસર ફાળવવામાં કે મંજૂર કરવામાં આવી ?

(૩) *પત્રક ૨ મુજબ

***પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.**

------------

**આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ**

૧૧૨૧ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શિક્ષણના કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૧) પત્રક અ મુજબ

(૨) આ ઘટ પૂરી કરવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) આ ઘટ પૂરી કરવા સને ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં ૧૦૧ નવા ઓરડાઓ બનાવવા માટે રૂા. ૨૨૭.૨૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. અને બાકી રહેતાં ૧૪૬ ઓરડાઓનું આગામી વર્ષમાં તબક્કાવાર આયોજન કરી ઓરડાઓની ઘટને પુરી કરવામાં આવનાર છે.

**પત્રક-અ**

**તા. ૩૧-૧૨-૨૦૦૭ની સિથતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ પ્રાથમિક શિક્ષણના ઓરડાઓની ઘટ છે.**

| ક્રમ | તાલુકો | કુલ શાળાઓ | ખૂટતા ઓરડાવાળી શાળાઓ | ખૂટતા ઓરડાવાળી શાળાઓમાં હાલ ઉપલબ્ધ ઓરડાઓ | ખૂટતા ઓરડાઓવાળી શાળામાં ઓરડાની ઘટ |
|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૯૪ | ૧૪ | ૧૪૧ | ૨૮ |
| ૨ | આંક્લાવ | ૯૫ | ૯ | ૮૮ | ૧૭ |
| ૩ | બોરસદ | ૨૦૯ | ૫૭ | ૨૦૪ | ૭૯ |
| ૪ | ખંભાત | ૧૫૬ | ૧૨ | ૧૭૧ | ૪૮ |
| ૫ | પેટલાદ | ૧૬૦ | ૮ | ૮૭ | ૨૨ |
| ૬ | સોજીત્રા | ૫૯ | ૫ | ૨૪ | ૫ |
| ૭ | તારાપુર | ૫૨ | ૧૩ | ૭૭ | ૨૬ |
| ૮ | ઉમરેઠ | ૧૧૦ | ૧૮ | ૧૧૮ | ૨૨ |
| | કુલ : | ૧૦૩૫ | ૧૩૬ | ૯૧૦ | ૨૪૭ |

------------

**મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાથી હૃદયરોગ, કેન્સર જેવા ગંભીર રોગોમાં આર્થિક સહાય આપવા બાબત**

૧૭૫ **શ્રી ચંદુભાઈ વઘાસિયા (ગોંડલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં હ્દયરોગ, કેન્સર તથા અન્ય ગંભીર બિમારીઓમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી આર્થિક અને નબળા વર્ગના કેટલા લોકોને છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી સહાય આપવામાં આવી છે ?

તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૮૭૪ દર્દીઓને કુલ સહાયની રકમ રૂપિયા ૭૮૮૫૩૫૦૦/-નીચેની વિગતે ચુકવવામાં આવી છે.

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ-૦૬ | | વર્ષ-૦૭ | |
|---|---|---|---|---|---|
| | | દર્દીની સંખ્યા | ચુકવાયેલ સહાયની રકમ | દર્દીની સંખ્યા | ચુકવાયેલ સહાયની રકમ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | અમદાવાદ | ૧૫૭ | ૬૪૦૭૫૦૦ | ૧૪૮ | ૬૧૭૫૫૦૦ |
| ૨ | અમરેલી | ૪૦ | ૧૮૩૯૦૦૦ | ૩૬ | ૨૦૩૦૦૦૦ |
| ૩ | આણંદ | ૩૧ | ૧૧૪૬૦૦૦ | ૧૪ | ૬૦૦૦૦૦ |
| ૪ | બનાસકાંઠા | ૪૦ | ૧૫૬૭૫૦૦ | ૩૮ | ૧૪૧૯૦૦૦ |
| ૫ | ભરૂચ | ૨૧ | ૬૬૯૦૦૦ | ૨૦ | ૯૦૪૦૦૦ |
| ૬ | ભાવનગર | ૩૮ | ૧૫૬૩૦૦૦ | ૭૨ | ૩૨૩૮૦૦૦ |
| ૭ | દાહોદ | ૫ | ૧૭૫૦૦૦ | ૨ | ૬૨૦૦૦ |
| ૮ | ડાંગ | ૧ | ૧૧૦૦૦ | ૦ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૩૭ | ૧૫૨૮૦૦૦ | ૪૭ | ૧૯૫૭૦૦૦ |
| ૧૦ | જામનગર | ૨૭ | ૧૬૦૭૦૦૦ | ૧૮ | ૧૦૦૫૦૦૦ |
| ૧૧ | જૂનાગઢ | ૪૮ | ૨૦૪૦૫૦૦ | ૩૯ | ૧૯૯૮૦૦૦ |
| ૧૨ | ખેડા | ૨૮ | ૧૧૬૧૦૦૦ | ૨૨ | ૭૭૧૦૦૦ |
| ૧૩ | કચ્છ | ૮ | ૫૧૭૦૦૦ | ૧૧ | ૭૭૭૦૦૦ |
| ૧૪ | મહેસાણા | ૩૬ | ૧૨૬૯૦૦૦ | ૩૭ | ૧૫૧૯૦૦૦ |
| ૧૫ | નર્મદા | ૧ | ૩૯૦૦૦ | ૨ | ૧૪૦૦૦૦ |
| ૧૬ | નવસારી | ૩૩ | ૧૧૯૦૦૦૦ | ૩૦ | ૧૮૮૬૫૦૦ |
| ૧૭ | પંચમહાલ | ૧૦ | ૫૫૯૦૦૦ | ૯ | ૪૯૨૦૦૦ |
| ૧૮ | પાટણ | ૧૭ | ૫૬૬૦૦૦ | ૨૮ | ૧૩૩૮૦૦૦ |
| ૧૯ | પોરબંદર | ૪ | ૨૬૮૦૦૦ | ૬ | ૨૬૨૦૦૦ |
| ૨૦ | રાજકોટ | ૩૫ | ૨૦૪૧૦૦૦ | ૪૮ | ૨૩૯૦૦૦૦ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૯ | ૭૧૧૦૦૦ | ૨૪ | ૭૬૩૦૦૦૦ |
| ૨૨ | સુરત | ૨૬૩ | ૯૪૮૯૦૦૦ | ૨૪૩ | ૮૮૫૮૦૦૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૦ | ૪૯૦૦૦૦ | ૧૧ | ૪૩૧૦૦૦ |
| ૨૪ | વડોદરા | ૧૫ | ૬૯૧૦૦૦ | ૨૦ | ૧૦૭૯૦૦૦ |
| ૨૫ | વલસાડ | ૧૪ | ૫૯૯૦૦૦ | ૧૧ | ૬૧૫૦૦૦ |
| | કુલ | ૯૩૮ | ૩૮૧૪૩૫૦૦ | ૯૩૬ | ૪૦૭૧૦૦૦૦ |

------------

**અમદાવાદ જિલ્લામાં રસ્તાઓના કામ**

૧૦૩૯ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં ૨૦૦૫ થી ૨૦૦૭ના વર્ષમાં કેટલા રસ્તા બનાવવા માટે જોબવર્ક ઓર્ડર આપેલ છે, અને

(૨) તે પૈકી કેટલા રસ્તાનું કામ પૂર્ણ થયેલ છે અને કેટલા રસ્તાનું કામ અધૂરું છે ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં સને ૨૦૦૫ થી ૨૦૦૭ના વર્ષમાં બજેટ ઉચ્ચક જોગવાઈ હેઠળ ૫ રસ્તા બનાવવાના જોબનંબર આપેલ છે.

(૨) તે પૈકી એક રસ્તાનું કામ પુર્ણ થયેલ છે અને ચાર રસ્તાના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

------------

**જૂનાગઢ જિલ્લામાં સરકાર સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ**

૨૬૩ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં સરકાર ધ્વારા સંચાલિત માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તાલુકાવાર ક્યા ક્યા સ્થળે છે,

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ શાળાવાર મંજૂર થયેલ સેટઅપ કેટલું છે,

(૩) મંજૂર થયેલ સેટઅપ સામે ખાલી જગ્યા કેટલી

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ

(૨) પત્રક-૨ અને પત્રક-૩ મુજબ

(૩) પત્રક-૨ અને પત્રક-૩ મુજબ

ક્યા ક્યા વિષયની, અને
(૪) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? (૪) જેમ બને તેમ જલ્દી.

**પત્રક--૧**
**જુનાગઢ જિલ્લાની તાલુકાવાર સરકારી શાળાઓ**

| ક્રમ | તાલુકો | શાળાનું નામ |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | સરકારી ગર્લ્સ હાઈસ્કુલ જૂનાગઢ |
| ૨ | | પાઠશાળા જૂનાગઢ |
| ૩ | વિસાવદર | સરકારી હાઈસ્કુલ વિસાવદર |
| ૪ | માણાવદર | સરકારી હાઈસ્કુલ માણાવદર |
| ૫ | | સરકારી સિંધી હાઈસ્કુલ-બાંટવા |
| ૬ | | સરકારી ગુજરાતી હાઈસ્કુલ-બાંટવા |
| ૭ | કેશોદ | સરકારી ગર્લ્સ હાઈસ્કુલ-કેશોદ |
| ૮ | | સરકારી એલ. કે. હાઈસ્કુલ-કેશોદ |
| ૯ | માંગરોળ | માનનીય કે.કા. શાસ્ત્રી વિદ્યાલય-માંગરોળ |
| ૧૦ | માળીયા | સરકારી હાઈસ્કુલ માળીયા હાટીના |
| ૧૧ | હાટીના | સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા ચોરવાડ |
| ૧૨ | વેરાવળ | શેઠ એમ. પી. ગર્લ્સ હાઈસ્કુલ-વેરાવળ |
| ૧૩ | | વેરાવળ હાઈસ્કુલ-વેરાવળ |
| ૧૪ | ઉના | સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા-સીમર |

**પત્રક--૨**
**સરકારી માધ્યમિક શાળાનું સેટઅપ**

| ક્રમ | શાળાનું નામ | મંજુર મહેકમ | કામ કરતા શિક્ષકો | ઘટ/ખાલી જગ્યા | વિષય |
|---|---|---|---|---|---|
| ૧ | સરકારી ગર્લ્સ હાઈસ્કુલ જૂનાગઢ | ૩૨ | ૩૧ | ૦૧ | વર્ગ-૨ (આચાર્ય) |
| ૨ | પાઠશાળા જૂનાગઢ | ૦૨ | ૦૨ | ૦૦ | -- |
| ૩ | સરકારી હાઈસ્કુલ વિસાવદર | ૦૫ | ૦૫ | ૦૦ | -- |
| ૪ | સરકારી હાઈસ્કુલ માણાવદર | ૧૫ | ૧૫ | ૦૦ | -- |
| ૫ | સરકારી સિન્ધી હાઈસ્કુલ-બાંટવા | ૦૫ | ૦૪ | ૦૧ | વર્ગ-૨ (આચાર્ય) |
| ૬ | સરકારી ગુજરાતી હાઈસ્કુલ-બાંટવા | ૦૫ | ૦૪ | ૦૧ | વર્ગ-૨ (આચાર્ય) |
| ૭ | સરકારી ગર્લ્સ હાઈસ્કુલ-કેશોદ | ૧૫ | ૧૫ | ૦૦ | -- |
| ૮ | સરકારી એલ. કે. હાઈસ્કુલ-કેશોદ | ૦૫ | ૦૫ | ૦૦ | -- |
| ૯ | માનનીય કે.કા. શાસ્ત્રી વિદ્યાલય-માંગરોળ | ૦૫ | ૦૪ | ૦૧ | વર્ગ-૨ (આચાર્ય) |
| ૧૦ | સરકારી હાઈસ્કુલ માળીયા હાટીના | ૧૨ | ૧૧ | ૦૧ | વર્ગ-૨ (આચાર્ય) |
| ૧૧ | સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા ચોરવાડ | ૦૮ | ૦૭ | ૦૧ | વર્ગ-૨ (આચાર્ય) |
| ૧૨ | શેઠ એમ. પી. ગર્લ્સ હાઈસ્કુલ, વેરાવળ | ૨૩ | ૨૩ | ૦૦ | -- |
| ૧૩ | વેરાવળ હાઈસ્કુલ, વેરાવળ | ૧૧ | ૧૧ | ૦૦ | -- |
| ૧૪ | સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા- | ૦૦ | ૦ | ૦૦ | -- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | સીમર | | | | |
| | **કુલ :-** | ૧૪૩ | ૧૩૭ | ૦૬ | -- |

તા. ક. આચાર્ય વર્ગ-૨ની ૬ જગ્યાઓ જાન્યુઆરી-૦૮થી ભરાઈ ગયેલ છે.

**પત્રક--૩**

**સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાનું સેટઅપ**

| ક્રમ | શાળાનું નામ | મંજુર મહેકમ | કામ કરતા શિક્ષકો | ઘટ/ખાલી જગ્યા | વિષય |
|---|---|---|---|---|---|
| ૧ | સરકારી ગર્લ્સ હાઈસ્કુલ જૂનાગઢ | ૨૮ | ૨૮ | ૦૦ | -- |
| ૨ | પાઠશાળા | -- | -- | -- | -- |
| ૩ | સરકારી હાઈસ્કુલ વિસાવદર | ૦૪ | ૦૪ | ૦૦ | -- |
| ૪ | સરકારી હાઈસ્કુલ માણાવદર | ૨૦ | ૧૫ | ૦૫ | તત્વજ્ઞાન, હિન્દી, અર્થશાસ્ત્ર ભૂગોળ, સંસ્કૃત |
| ૫ | સરકારી સિંધી હાઈસ્કુલ-બાંટવા | ૦૦ | ૦૦ | ૦૦ | -- |
| ૬ | સરકારી ગુજરાતી હાઈસ્કુલ-બાંટવા | ૧૬ | ૧૪ | ૦૨ | અંગ્રેજી, સંસ્કૃત |
| ૭ | સરકારી ગર્લ્સ હાઈસ્કુલ-કેશોદ | ૧૮ | ૧૬ | ૦૨ | અર્થશાસ્ત્ર, ગુજરાતી |
| ૮ | સરકારી એલ. કે. હાઈસ્કુલ-કેશોદ | ૧૩ | ૧૩ | ૦૦ | -- |
| ૯ | માનનીય કે.કા. શાસ્ત્રી વિદ્યાલય-માંગરોળ | ૨૧ | ૨૧ | ૦૦ | -- |
| ૧૦ | સરકારી હાઈસ્કુલ માળીયા હાટીના | ૨૦ | ૧૩ | ૦૭ | અંગ્રેજી, ગુજરાતી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઉદ્યોગ શારિરીક શિક્ષણ |
| ૧૧ | સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા ચોરવાડ | ૦૬ | ૦૩ | ૦૩ | અંગ્રેજી, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર |
| ૧૨ | શેઠ એમ. પી. ગર્લ્સ હાઈસ્કુલ, વેરાવળ | ૨૦ | ૧૨ | ૦૮ | તત્વજ્ઞાન, ગુજરાતી, ભૂગોળ, સંસ્કૃત, નામુ, આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, શારિરીક શિક્ષણ |
| ૧૩ | વેરાવળ હાઈસ્કુલ, વેરાવળ | ૨૮ | ૨૫ | ૦૩ | સંસ્કૃત, આંકડાશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર |
| ૧૪ | સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા-સીમર | ૦૨ | ૦૦ | ૦૨ | ગુજરાતી, અંગ્રેજી |
| | **કુલ :-** | **૧૯૬** | **૧૬૪** | **૩૨** | -- |

-----------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સહકારી મંડળીઓ**

૧૪૪૦ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ તાલુકાવાર કેટલી સહકારી મંડળીઓ છે,

**જવાબ**

(૧) અને (૨) સુરેન્દ્રનગર જીલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ તાલુકાવાર કુલ ૧૫૧૨ સહકારી મંડળીઓ અને તે પેકી ફડચામાં લઈ જવામાં આવેલ કુલ ૧૬૪ સહકારી મંડળીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું | તાલુકાવાર | તે પેકી ફડચામા |
|---|---|---|---|
| ૧. | વઢવાણ | ૩૦૭ | ૪૪ |
| ૨. | લીંબડી | ૧૨૮ | ૨૫ |
| ૩. | ચુડા | ૦૫૪ | ૦૧ |
| ૪. | સાયલા | ૧૧૬ | ૦૪ |
| ૫. | ચોટીલા | ૧૭૫ | ૧૩ |
| ૬. | મુળી | ૧૦૪ | ૦૭ |
| ૭. | હળવદ | ૧૫૨ | ૧૫ |

| | | | |
|---|---|---|---|
| ૭. | હળવદ | ૧૫૨ | ૧૫ |
| ૮. | ધ્રાંગધ્રા | ૧૭૮ | ૨૩ |
| ૯. | દશાડા | ૨૧૦ | ૨૪ |
| ૧૦ | લખતર | ૦૮૮ | ૦૮ |
| | **કુલ :** | **૧૫૧૨** | **૧૬૪** |

(૨) તે પૈકીની ફડચામાં લઇ જવામાં આવેલી કેટલી સહકારી મંડળીઓ છે,

(૩) સાયલા અને ચોટીલા તાલુકામાં કઇ કઇ સહકારી મંડળીઓ ફડચામાં લઇ જવામાં આવી છે, અને

(૩) સાયલા તાલુકામાં નિમ્નદર્શિત ચાર અને ચોટીલા તાલુકામાં નિમ્નદર્શિત ૧૩ (તેર) સહકારી મંડળીઓને ફડચામાં લઈ જવામાં આવી છે.

**સાયલા તાલુકો**

૧. શ્રી મોટા કેરાળા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. મોટાકેરાળા
૨. શ્રી ચોરવીરા દુધ ઉત્પાદક સ.મં.લી. મુ. ચોરવીરા
૩. શ્રી ગંગાનગર કો.ઓ.હાઉસીંગ સો.લી. સેજકપર
૪. શ્રી આદર્શ સેવા સ.મં.લી. વાટાવચ્છ

**ચોટીલા તાલુકો**

૧. શ્રી સાંગાણી દુધ ઉત્પાદક સ.મં.લી. મુ. સાંગાણી
૨. શ્રી પરબડી દુધ ઉત્પાદક સ.મં.લી. મુ. પરબડી
૩. શ્રી સુરેઈ દુધ ઉત્પાદક સ.મં.લી. મુ. સુરેઈ
૪. શ્રી ચિરોડા (ભા) દુધ ઉત્પાદક સ.મં.લી. મુ. ચિરોડા
૫. શ્રી જય અંબે કો.ઓ.હા.સો.લી.મુ. થાનગઢ
૬. શ્રી ગ્રામ્યલક્ષ્મી કો.ઓ.હા.સો.લી., મુ. થાનગઢ
૭. શ્રી ચીરોડા ગોપાલક સ.મં.લી. મુ.ચીરોડા
૮. શ્રી ઢોળાપીપળીયા ગોપાલક સ.મં.લી. મુ. પીપળીયા
૯. શ્રી રેશમીયા સેવા સ.મં.લી. મુ. રેશમીયા
૧૦. શ્રી નાનીમોલડી સેવા સ.મં.લી. મુ.નાનીમોલડી
૧૧. શ્રી ચોટીલા તા. પ્રાથમિક શિક્ષક શ.મં.લી. ચોટીલા
૧૨. શ્રી પેપ્સી કોલા કર્મ.ધિ. અને ગ્રા.સ.મં.લી. ચોટીલા
૧૩. શ્રી પરશુરામ પોટરી કર્મ.ધિ. અને ગ્રા.સ.મં. લી. થાન.

(૪) આ સહકારી મંડળીઓ ફડચામાં જવાના કારણો શું છે?

(૪) ફડચામાં લઇ જવાના કારણો નીચે મુજબ છે.
(૧) સહકારી મંડળી તેના ઉદ્દેશ મુજબ કામગીરી કરતી ન હોવાથી અને/અથવા
(૨) સહકારી મંડળી સ્થગિત હોવાના કારણે.

------------

**મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં પ્રાથમિક સુવિધા વગરની પ્રાથમિક શાળાઓ**

૧૨૩૩ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાની તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓ પ્રાથમિક સુવિધા-પીવાના પાણી-વીજળી-શોચાલય-મુતરડી-કમ્પાઉન્ડ વોલથી વંચિત છે,

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાની તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓ પ્રાથમિક સુવિધા - પીવાના પાણી - વીજળી - શોચાલય - મુતરડી - કંમ્પાઉન્ડ વોલથી વંચિત છે તેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનુ નામ | શાળાની સંખ્યા | ખુટતી સુવધિા વાળી શાળાની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|---|
| | | | પીવાનું | વીજળી | શોચાલય | કંપાઉન્ડ વોલ |

| | | | નું પાણી | કરણ | શૌચાલય મુતરડી | વોલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | મેઘરજ | ૨૪૮ | ૦ | ૪૮ | ૨ | ૧૬૬ |
| ૨ | માલપુર | ૧૫૦ | ૦ | ૩૪ | ૫ | ૧૦૪ |
| ૩ | બાયડ | ૨૫૪ | ૦ | ૪૫ | ૧૪ | ૧૪૦ |
| ૪ | ધનસુરા | ૧૪૦ | ૦ | ૧૦ | ૨ | ૪૭ |
| | કુલ :- | ૭૯૨ | ૦ | ૧૩૭ | ૨૩ | ૪૫૭ |

(૨) આવી સુવિધાઓ કેટલા સમયમાં પૂરી પાડવામાં આવશે, અને

(૨) પીવાના પાણીની મેઘરજ, માલપુર, બાયડ અને ધનસૂરા તાલુકામાં વ્યવસ્થા છે.
-વીજળીકરણની સુવિધા વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન પૂરી થનાર છે.
-સેનિટેશનની સુવિધા તા. ૨૫-૦૨-૦૮ની સ્થિતિએ પૂર્ણ થયેલ છે.
-કંપાઉન્ડ વોલની સુવિધા વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના અંત સુધીમાં પુરી પાડવામાં આવનાર છે.

(૩) આ અંગે કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે ?

(૩) આ અંગે નીચે મુજબનો ખર્ચ અંદાજવામાં આવેલ છે.
-૧૪૪ શાળાઓ માટે પીવાના પાણીની સુવિધાયુક્ત સુચારૂ વ્યવસ્થા ઉભી કરવા રૂા. ૯૨.૦૦ લાખ
-૪૫૭ શાળઆઓ માટે કંપાઉન્ડ વોલની સુવિધા માટે રૂા. ૯૧૪.૦૦ લાખ
-૨૩ શાળાઓમાં સેનીટેશનની સુવિધા માટે રૂા. ૪.૬૦ લાખ
-૧૩૭ શાળાઓમાં વીજળીકરણની સુવિધા માટે રૂા. ૬૮.૫૦ લાખ

------------

**જામનગર જિલ્લાના નાળા / પુલીયાની મરામત**

૧૫૨૯ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૭ના ચોમાસા દરમ્યાન જામનગર જિલ્લામાં ભારે વરસાદના કારણે કુલ કેટલા નાળા-પુલીયા તૂટી ગયેલ છે,

(૨) તે પૈકી કેટલા કામો પ્રગતિ હેઠળ છે, અને

(૩) બાકી કામો કેટલા સમયમાં પૂરા કરવા માટેનું આયોજન છે ?

**જવાબ**

(૧) ચોમાસા દરમ્યાન જામનગર જિલ્લામાં ભારે વરસાદના કારણે કુલ ૧૪૫ નાળા-પુલીયા તૂટી ગયેલ છે.

(૨) તે પૈકી ૧૧૧ કામો પ્રગતિ હેઠળ છે.

(૩) બાકી કામોની જરૂરી વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે કામ હાથ ધરી પૂર્ણ કરવાનું આયોજન બનતી ત્વરાએ.

------------

**બાવળા મામલતદાર કચેરીના રેકર્ડ અંગે**

૪૨૪ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધોળકા તાલુકામાંથી બાવળા તાલુકો અલગ થયો તેનું રેકર્ડ ધોળકા મામલતદાર કચેરીમાંથી અલગ પાડી બાવળા મામલતદારને સુપરત કરવામાં આવ્યું નથી તેના કારણો શું છે, અને

(૨) આ રેકર્ડ ક્યારે બાવળા તાલુકામાં અલગ કરી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૨૦-૨-૨૦૦૮ના રોજ રેકર્ડ સુપરત કરવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રણું તુલજામાતાના મંદિરથી લતીપુરા સુધીનો રસ્તો વધારવા અંગે**

૧૨૩૦ **શ્રી દિનેશભાઈ બી.પટેલ (પાદરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રણું તુલજા માતાના મંદિરથી લતીપુરા ગામ સુધી રસ્તાની પહોળાઇ વધારવા માટે કોઇ યોજના છે કે કેમ?

**જવાબ**

હાલમાં કોઈ આયોજન નથી.

------------

**સાવરકુંડલા, અમરેલી સ્ટેટ હાઇવે ઉપર બ્રીજ બાંધવા અંગે**

૧૩૧૧ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા અમરેલી સ્ટેટ હાઇવે રોડ પર કિ.મી. ૧૭માં સેલ નદી આવેલ છે. ચોમાસા દરમ્યાન આ સેલ નદીમાં પાણી હોવાથી સદંતર વાહન વ્યવહાર બંધ થઇ જાય છે. જેના કારણે કુંડલા તાલુકો જિલ્લા મથકથી જુદો પડી જતો હોય છે, તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો આ સેલ નદી ઉપર બ્રીજ બાંધવા માટે સરકાર તરફથી શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) બ્રીજનું કામ ક્યારે શરૂ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) હાલ સાવરકુંડલા અમરેલી સ્ટેટ હાઇવે રોડ પર સેલ નદી પર કોઝવે હયાત છે. જેના પર ચોમાસા દરમ્યાન અમુક સમય ઓવરટોપીંગ થતાં તેટલા સમય પુરતો વ્યવહાર બંધ રહે છે.

(૨) અને (૩) કામ પ્રગતિમાં છે.

------------

**આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાના બાંધકામ અંગે**

૧૨૧૯ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સર્વ શિક્ષા અભિયાન હેઠળ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક શાળાના ઓરડાઓનું બાંધકામ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કરવામાં આવ્યું અને કેટલો ખર્ચ થયો, અને

(૨) કેટલા ઓરડાઓનું બાંધકામ બાકી છે ?

**જવાબ**

(૧) પત્રક અ મુજબ

(૨) વર્ષ ૨૦૦૬-૦૭માં કુલ ૧૧૫ ઓરડા પેકી ૧૮ ઓરડાના કામો પ્રગતિમાં છે તેમજ વર્ષ ૨૦૦૭-૦૮માં ૫૮ ઓરડા પેકી ૩૯ ઓરડાના કામો પ્રગતિમાં છે, અને ૧૨ ઓરડાઓનું કામ વિધાનસભા ચુંટણીની આચાર સંહિતાને કારણે શરૂ થઈ શકેલ ન હતુ. જેની તાલુકાવાર માહિતી પત્રક-બ મુજબ છે.

**પત્રક--અ**

**સર્વ શિક્ષા અભિયાન અંતગર્ત આણંદ જિલ્લામાં ૨૦૦૬-૦૭માં બાંધવામાં આવેલ ઓરડાની માહિતી**

| અનુ. | તાલુકા | કુલ | પૂર્ણ કામ | પ્રગતિમાં | ન શરૂ થયેલ કામ | ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૩૧ | ૧૯ | ૧૨ | ૦૦ | ૫૦.૨૨ |
| ૨ | આંકલાવ | ૧૪ | ૧૪ | ૦૦ | ૦૦ | ૩૧.૫૭ |
| ૩ | બોરસદ | ૩૬ | ૩૬ | ૦૦ | ૦૦ | ૯૦.૧૭ |
| ૪ | ખંભાત | ૧૦ | ૪ | ૬ | ૦૦ | ૧૯.૯૮ |
| ૫ | પેટલાદ | ૪ | ૪ | ૦૦ | ૦૦ | ૯.૧૪ |
| ૬ | સોજીત્રા | ૩ | ૩ | ૦ | ૦૦ | ૬.૮૫ |
| ૭ | તારાપુર | ૪ | ૪ | ૦૦ | ૦૦ | ૮.૭૫ |
| ૮ | ઉમરેઠ | ૧૩ | ૧૩ | ૦૦ | ૦૦ | ૩૦.૨૩ |
| | **કુલ :** | **૧૧૫** | **૯૭** | **૧૮** | **૦૦** | **૨૪૬.૯૧** |

**સર્વ શિક્ષા અભિયાન અંતગર્ત આણંદ જિલ્લામાં ૨૦૦૭-૦૮માં બાંધવામાં આવેલ ઓરડાની માહિતી**

| અનુ. | તાલુકા | કુલ | પૂર્ણ કામ | પ્રગતિમાં | ન શરૂ થયેલ | ખર્ચ |
|---|---|---|---|---|---|---|

| | | | | | કામ | (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૦ | ૪ | ૧૬ | ૦ | ૨૩.૫૫ |
| ૨ | આંકલાવ | ૬ | ૦ | ૬ | ૦ | ૧૦.૬૭ |
| ૩ | બોરસદ | ૧૬ | ૨ | ૨ | ૧૨ | ૯.૯૨ |
| ૪ | ખંભાત | ૨ | ૦ | ૨ | ૦ | ૫.૦૮ |
| ૫ | પેટલાદ | ૨ | ૧ | ૧ | ૦ | ૪.૮૩ |
| ૬ | સોજીત્રા | ૧ | ૦ | ૧ | ૦ | ૨.૫૩ |
| ૭ | તારાપુર | ૯ | ૦ | ૯ | ૦ | ૪.૫૯ |
| ૮ | ઉમરેઠ | ૨ | ૦ | ૨ | ૦ | ૪.૫૯ |
| | **કુલ :** | **૫૮** | **૭** | **૩૯** | **૧૨** | **૬૫.૭૬** |

**પત્રક--બ**

**સર્વ શિક્ષા અભિયાન અંતગર્ત આણંદ જિલ્લામાં ૨૦૦૭-૦૮માં બાંધવામાં આવેલ ઓરડા પેકી બાંધકામ બાકી હોય તેની માહિતી**

| **અનુ.** | **તાલુકા** | **કુલ** | **પ્રગતિમાં** | **ન શરૂ થયેલ કામ** |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૩૧ | ૧૨ | ૦ |
| ૨ | અંકલાવ | ૧૪ | ૦ | ૦ |
| ૩ | બોરસદ | ૩૬ | ૦ | ૦ |
| ૪ | ખંભાત | ૧૦ | ૬ | ૦ |
| ૫ | પેટલાદ | ૪ | ૦ | ૦ |
| ૬ | સોજીત્રા | ૩ | ૦ | ૦ |
| ૭ | તારાપુર | ૪ | ૦ | ૦ |
| ૮ | ઉમરેઠ | ૧૩ | ૦ | ૦ |
| | **કુલ :** | **૧૧૫** | **૧૮** | **૦** |

**સર્વ શિક્ષા અભિયાન અંતગર્ત આણંદ જિલ્લામાં ૨૦૦૭-૦૮માં બાંધવામાં આવેલ ઓરડા પેકી બાંધકામ બાકી હોય તેની માહિતી**

| **અનુ.** | **તાલુકા** | **કુલ** | **પ્રગતિમાં** | **ન શરૂ થયેલ કામ** |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૦ | ૧૬ | ૦ |
| ૨ | અંકલાવ | ૬ | ૬ | ૦ |
| ૩ | બોરસદ | ૧૬ | ૨ | ૧૨ |
| ૪ | ખંભાત | ૨ | ૨ | ૦ |
| ૫ | પેટલાદ | ૨ | ૧ | ૦ |
| ૬ | સોજીત્રા | ૧ | ૧ | ૦ |
| ૭ | તારાપુર | ૯ | ૯ | ૦ |
| ૮ | ઉમરેઠ | ૨ | ૨ | ૦ |
| | **કુલ :** | **૫૮** | **૩૯** | **૧૨** |

------------

**દાહોદ જિલ્લાના ખેડૂતોને પાક વીમાની ચૂકવવાની બાકી રકમ અંગે**

**૧૨૩૮શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના ખેડૂતોને તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ તાલુકાવાર કેટલી પાક વીમાની રકમ ચૂકવવાની બાકી છે,

(૨) આ પાક વીમાની રકમ ન ચૂકવવાના શાં કારણો છે, અને

(૩) આ રકમ કેટલા સમયમાં ચૂકવવા માંગો છો ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લાના ખેડૂતોને તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કોઈપણ તાલુકામાં પાક વીમાની મંજૂર થયેલ કોઈ રકમ ચૂકવવાની બાકી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જસદણ તાલુકામાં ગામતળ નીમ કરવા અંગે**

૮૩૯ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના ગામતળ નીમ કરવાના કેટલા અને ક્યા ક્યા ગામોની દરખાસ્ત રજૂ થઇ, | (૧) ૮-(આઠ) ગામ<br>(૧) ખડકાણા<br>(૨) દેવધરી<br>(૩) હિંગોળગઢ<br>(૪) નવા ગામ<br>(૫) ખારચીયા<br>(૬) બેલડા<br>(૭) કોટડા<br>(૮) સોમપીપળીયા |
| (૨) તે પૈકી કેટલા ગામના ગામતળ નીમ કરવામાં આવ્યા, અને | (૨) ૫ (પાંચ) |
| (૩) કેટલા બાકી છે, અને બાકી રહેવાના કારણો શું છે ? | (૩) ૨ (બે) બાકી<br>તાલુકા અધિકારી શ્રી તરફથી લે-આઉટ પ્લાન મળેલ નહીં હોવાથી, બાકી ૧ (એક) ના-મંજૂર |

------------

**રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં છેડછાડના બનાવો**

૧૫૩૨ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિદ્યાર્થીનીઓ સાથે શારિરીક છેડછાડ થતી હોવાની ફરિયાદો સરકારને મળી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકારે આ અંગે શી કાર્યવાહી કરી છે, અને | (૨) આ અંગે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>- પોલિસ ફરિયાદ નોંધાયેલ છે.<br>- ફરજ મોકૂફી હેઠળ મૂકવામાં આવેલ છે.<br>- એક કિસ્સામાં વિદ્યાર્થી દોષિત જણાતાં વિદ્યાર્થીનું નામ શાળાના જનરલ રજીસ્ટરમાંથી અશિસ્તના વર્તનનો શેરો મારી નામ રદ કરેલ છે.<br>- બદલીઓ કરવામાં આવેલ છે.<br>- નોકરીમાંથી છુટા કરવામાં આવેલ છે. |
| (૩) વિદ્યાર્થીનીઓમાં સલામતીની ભાવના ઉભી કરવા માટે કેવા અને શાં પગલાં ભરવામાં આવેલ છે ? | (૩) દરેક પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શાળા કક્ષાએ ત્રણ મહિલા સભ્યોની જાતિય સતામણીના કિસ્સા રોકવા માટેની એક સમિતિની રચના કરવા સુચના અપાયેલ છે. જે શાળામાં ત્રણ મહિલા શિક્ષકો ન હોય તો વિદ્યાર્થીઓના વાલીમહિલાની સમિતિમાં નિમણુંક કરવા વ્યવસ્થા ગોઠવવા જણાવવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓને જાણકારી માટે નોટિસ બોર્ડ ઉપર સમિતિની વિગત મુકવા તેમજ વાલી-શિક્ષકોની મિટીંગમાં પણ સમિતિની રચનાની જાણકારી આપવા સુચના આપવામાં આવેલ છે. |

------------

**મોરબી તાલુકામાં ખેડૂત અકસ્માત વીમાની બાકી ચુકવણી અંગે**

૫૩૭ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના મોરબી તાલુકાના જીકીયારી ગામના ખેડૂત ખાતેદારોને અકસ્માત વીમાની રકમ મળેલ નથી તે વાત સાચી છે,

(૨) જો હા, તો કારણો શું છે, અને

(૩) વીમા રકમ આપવા માંગો છો કે કેમ ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લાના મોરબી તાલુકાના જીકીયારી ગામના ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના હેઠળ બે દાવા અરજીઓ વીમા કંપનીએ નામંજૂર કરેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી સહાય**

૧૬૩ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં હ્નદયરોગ, કેન્સર તથા અન્ય ગંભીર બીમારીઓમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી આર્થિક અને નબળા વર્ગના કેટલા લોકોને છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી સહાય આપવામાં આવી ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૮૭૪ દર્દીઓને કુલ સહાયની રકમ રૂપિયા ૭૮૮૫૩૫૦૦/-નીચેની વિગતે ચુકવવામાં આવી છે.

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ-૦૬ | | વર્ષ-૦૭ | |
|---|---|---|---|---|---|
| | | દર્દીની સંખ્યા | ચુકવાયેલ સહાયની રકમ | દર્દીની સંખ્યા | ચુકવાયેલ સહાયની રકમ |
| ૧ | અમદાવાદ | ૧૫૭ | ૬૪૦૭૫૦૦ | ૧૪૮ | ૬૧૭૫૫૦૦ |
| ૨ | અમરેલી | ૪૦ | ૧૮૩૯૦૦૦ | ૩૬ | ૨૦૩૦૦૦૦ |
| ૩ | આણંદ | ૩૧ | ૧૧૪૬૦૦૦ | ૧૪ | ૬૦૦૦૦૦ |
| ૪ | બનાસકાંઠા | ૪૦ | ૧૫૬૭૫૦૦ | ૩૮ | ૧૪૧૯૦૦૦ |
| ૫ | ભરૂચ | ૨૧ | ૬૬૯૦૦૦ | ૨૦ | ૯૦૪૦૦૦ |
| ૬ | ભાવનગર | ૩૮ | ૧૫૬૩૦૦૦ | ૭૨ | ૩૨૩૮૦૦૦ |
| ૭ | દાહોદ | ૫ | ૧૭૫૦૦૦ | ૨ | ૬૨૦૦૦ |
| ૮ | ડાંગ | ૧ | ૧૧૦૦૦ | ૦ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૩૭ | ૧૫૨૮૦૦૦ | ૪૭ | ૧૯૫૭૦૦૦ |
| ૧૦ | જામનગર | ૨૭ | ૧૬૦૭૦૦૦ | ૧૮ | ૧૦૦૫૦૦૦ |
| ૧૧ | જૂનાગઢ | ૪૮ | ૨૦૪૦૫૦૦ | ૩૯ | ૧૯૯૮૦૦૦ |
| ૧૨ | ખેડા | ૨૮ | ૧૧૬૧૦૦૦ | ૨૨ | ૭૭૧૦૦૦ |
| ૧૩ | કચ્છ | ૮ | ૫૧૭૦૦૦ | ૧૧ | ૭૭૭૦૦૦ |
| ૧૪ | મહેસાણા | ૩૬ | ૧૨૬૯૦૦૦ | ૩૭ | ૧૫૧૯૦૦૦ |
| ૧૫ | નર્મદા | ૧ | ૩૯૦૦૦ | ૨ | ૧૪૦૦૦૦ |
| ૧૬ | નવસારી | ૩૩ | ૧૧૯૦૦૦૦ | ૩૦ | ૧૮૮૬૫૦૦ |
| ૧૭ | પંચમહાલ | ૧૦ | ૫૫૯૦૦૦ | ૯ | ૪૯૨૦૦૦ |
| ૧૮ | પાટણ | ૧૭ | ૫૬૬૦૦૦ | ૨૮ | ૧૩૩૮૦૦૦ |
| ૧૯ | પોરબંદર | ૪ | ૨૬૮૦૦૦ | ૬ | ૨૬૨૦૦૦ |
| ૨૦ | રાજકોટ | ૩૫ | ૨૦૪૧૦૦૦ | ૪૮ | ૨૩૯૦૦૦૦ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૯ | ૭૧૧૦૦૦ | ૨૪ | ૭૬૩૦૦૦ |
| ૨૨ | સુરત | ૨૬૩ | ૯૪૮૯૦૦૦ | ૨૪૩ | ૮૮૫૮૦૦૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૦ | ૪૯૦૦૦૦ | ૧૧ | ૪૩૧૦૦૦ |

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ-૦૬ | | વર્ષ-૦૭ | |
|---|---|---|---|---|---|
| | | દર્દીની સંખ્યા | ચુકવાયેલ સહાયની રકમ | દર્દીની સંખ્યા | ચુકવાયેલ સહાયની રકમ |
| ૨૪ | વડોદરા | ૧૫ | ૬૯૧૦૦૦ | ૨૦ | ૧૦૭૯૦૦૦ |
| ૨૫ | વલસાડ | ૧૪ | ૫૯૯૦૦૦ | ૧૧ | ૬૧૫૦૦૦ |
| | **કુલ** | **૯૩૮** | **૩૮૧૪૩૫૦૦** | **૯૩૬** | **૪૦૭૧૦૦૦૦** |

------------

**હારિજ તાલુકામાં મામલતદાર કચેરી બનાવવા અંગે**

૧૪૩૮ **શ્રી ભાવસિંહ રાઠોડ (સમી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હારિજ તાલુકા મથકે મામલતદાર કચેરીનું મકાન બનાવવા અંગેની દરખાસ્ત સરકારમાં કેટલા સમયથી પડતર છે, અને

(૨) મામલતદાર કચેરી બનાવવા અંગે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) દરખાસ્ત આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વડોદરા જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ અંગે**

૧૦૩૦ **શ્રી સિદ્ધાર્થ ચી.પટેલ (ડભોઇ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૨) શિક્ષકોની ઘટ અને ઓરડાઓની ઘટ પૂરી કરવા સરકારે શી વ્યવસ્થા કરેલ છે ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર મહેકમ | કામ કરતા શિક્ષકો | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૧૧૬૭ | ૧૧૩૭ | ૩૦ |
| ૨ | પાદરા | ૯૪૩ | ૯૧૫ | ૨૮ |
| ૩ | કરજણ | ૫૯૪ | ૫૦૭ | ૮૭ |
| ૪ | સાવલી | ૧૧૬૦ | ૧૦૮૦ | ૮૦ |
| ૫ | વાઘોડિયા | ૭૧૯ | ૬૯૪ | ૨૫ |
| ૬ | ડભોઈ | ૬૭૮ | ૬૩૦ | ૪૮ |
| ૭ | શિનોર | ૨૦૬ | ૧૯૨ | ૧૪ |
| ૮ | સંખેડા | ૯૯૧ | ૯૬૧ | ૩૦ |
| ૯ | જેતપુરપાવી | ૧૦૮૩ | ૧૦૮૩ | ૦૦ |
| ૧૦ | નસવાડી | ૭૧૫ | ૭૦૩ | ૧૨ |
| ૧૧ | છોટાઉદેપુર | ૮૬૬ | ૭૮૧ | ૮૫ |
| ૧૨ | ક્વાંટ | ૭૯૬ | ૭૩૪ | ૬૨ |
| | કુલ | ૯૯૧૮ | ૯૪૧૭ | ૫૦૧ |

(૨) શિક્ષકોની ખાલી જગ્યા વિદ્યા સહાયકોની નવી ભરતીથી પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે. તથા ઓરડાની ઘટ પુરવા ચાલુ વર્ષે (૨૦૦૭-૦૮) ૪૦ ઓરડાઓ બનાવવાનું આયોજન કરેલ છે.અને બાકી રહેતા ૨૬૫ ઓરડાઓનું આગામી વર્ષોમાં આયોજન કરી ઓરડાની ઘટ પુરી કરવામાં આવશે.

------------

## ભરૂચ જિલ્લામાં ગામતળની જમીનોની માગણી

**૫૦ શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ગામતળની જમીનો જાહેર હેતુ માટે માગણી કરતી કેટલી અરજીઓ વિવિધ સંસ્થાઓ કે પંચાયતોએ કરી,

(૨) ગામતળની જમીનમાં જાહેર હેતુ માટે જાહેર હરાજીથી નિકાલ કરવા માટેની કેટલી અરજીઓ આવીતે પેકી કેટલી અરજીઓનો નિકાલ થયો, અને કેટલી પડતર છે, અને

(૩) જિલ્લામાં મુલ્યાંક્ન સમિતિની બેઠક કઇ કઇ તારીખે મળી અને નિકાલ ન થવાના કારણો શાં છે?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| આમોદ | ૧ |
| કુલ :- | ૧ (એક) |

(૨) કોઈ અરજી મળેલ નથી.

(૩) તા. ૧૦-૧-૨૦૦૭
તા. ૧૪-૨-૨૦૦૭
તા. ૯-૫-૨૦૦૭
તા. ૧૧-૭-૨૦૦૭
તા. ૨૨-૮-૨૦૦૭
તા. ૧૯-૯-૨૦૦૭
તા. ૧૩-૨-૨૦૦૮

ખંડ-૧માં દર્શાવેલ માગણીના હેતુ માટે કિંમત નકકી કરવાની થતી નથી, તેથી કારણનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## કપડવંજ તાલુકામાં રસ્તાથી વંચિત ગામો

**૧૦૫૨ શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કપડવંજ તાલુકાના કેટલા ગામડાઓ તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ પાકા રસ્તાઓથી વંચિત છે, અને

(૨) કેટલા સમય ગાળામાં પાકા રસ્તાથી જોડવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કપડવંજ તાલુકાના કોઈપણ મહેસુલી ગામ પાકા રસ્તાથી વંચિત નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## સદસ્ય નિવાસનો મરામત ખર્ચ

**૧૧૨૭ શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સેક્ટર-૨૧ ગાંધીનગર ખાતે આવેલ સદસ્ય નિવાસમાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ મરામતની કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે રૂા.૨૫ હજાર કે તેથી વધુ રકમનો ખર્ચ થયો હોય તેવા ક્યા ક્યા ક્વાર્ટસ છે ?

**જવાબ**

(૧) ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮માં તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં રૂા. ૫૫.૯૭ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) કુલ : ૭, ક્વાર્ટસ
નંબર : ૨/૬, ૨/૧૦, ૪/૬, ૫/૬, ૧૨/૬, ૧૩/૭ અને ૧૫/૨

------------

## ૭/૧૨ અને ૮/અ નો ઉતારો મળવા અંગે

**૧૧૧૯ શ્રી લાલસિંહ ઉ.વડોદીયા (ઉમરેઠ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હાલમાં રાજ્યમાં ખેડૂતોને ૭/૧૨ અને ૮/અ નો ઉતારો ગ્રામ પંચાયતની કચેરીમાંથી મળે છે,

**જવાબ**

(૧) હા, જી. પંચાયત વિભાગની ઈ-ગ્રામ યોજના હેઠળ જે ગામે કોમ્પ્યુટર, પ્રિન્ટર, યુ.પી.એસ. તથા

ઈન્ટરનેટની સવલત ઉપલબ્ધ કરાયેલ હોય તે ગામોએથી આવા ઉતારા મળે છે.

(૨) જો ના, તો સરકાર ગ્રામ પંચાયતની કચેરીએથી ૭/૧૨ અને ૮-અ નો ઉતારો ખેડૂતોને આપવા યોજના બનાવવા માંગે છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો હા, તો સરકાર ક્યારથી અમલ કરવા માંગે છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**નસવાડી તાલુકામાં કોલેજનું મકાન બનાવવા અંગે**

૧૨૨૨ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નસવાડી તાલુકામાં સરકારી આર્ટસ એન્ડ કોર્મસ કોલેજ હાલ ક્યા મકાનમાં કાર્ય કરે છે, અને

(૨) સરકાર કોલેજનું પોતાનું મકાન બનાવવા શું કાર્યવાહી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) વિનયન પ્રવાહ પ્રાથમિક શાળાના જ્યારે વાણીજ્ય પ્રવાહ તથા કાર્યાલય આદર્શ નિવાસી શાળાના મકાનમાં

(૨) મકાન બાંધકામ માટે જમીનની ફાળવણી થયેલ છે. જરૂરી અંદાજપત્રીય જોગવાઈ થયે મકાન બાંધકામ હાથ ધરવામાં આવશે.

------------

**માંડવી તાલુકામાં કોઝ-વેનું બાંધકામ અંગે**

૧૩૧૯ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સુરત જિલ્લાના માંડવી તાલુકાના નરેણ, ખરોલીથી હરિપુરા ગામ જવા માટેનો રસ્તો અને વરઇ ખાડી પર કોઝ-વેનું બાંધકામ કરવા માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

નરેણ, ખરોલીથી હરિપુરા ગામ જવા માટેનો રસ્તો હયાત છે અને વરઈ ખાડી પર કોઝવેનું બાંધકામ કરવા માટે હાલમાં કોઈ આયોજન નથી.

------------

**મહિલા અને બાળ કલ્યાણ યોજના અંતર્ગત રાજ્યને ફાળવાયેલ રકમ અંગે**

૧૩૫૮ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર તરફથી સન ૨૦૦૬-૦૭ તથા ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૧-૦૮ સુધીમાં મહિલા અને બાળ કલ્યાણ માટેની કઇ કઇ યોજનાઓ પેટે કેટલી રકમ મળી,

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર તરફથી નીચેની યોજનાઓ માટે યોજનાવાર રકમ મળી.

(રૂા. લાખમાં)

| ક્રમ | યોજના | વર્ષ ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ તા. ૩૧-૧-૦૮ સુધીમાં |
|---|---|---|---|
| ૧ | આઈસીડીએસ જનરલ | ૧૨૮૩૭.૬૨ | ૧૧૧૨૨.૬૯ |
| ૨ | આઈસીડીએસ જનરલ પોષણ | ૪૨૯૭.૨૧ | ૩૧૮૭.૫૮ |
| ૩ | કિશોરી શક્તિ યોજના | ૩૭૪.૦૦ | ૧૩૯.૧૫ |
| ૪ | એન.પી.એ.જી. | ૩૦૮.૪૦ | ૩૧૨.૩૨ |
| ૫ | ઘોડીયાઘર | ૩૩૦.૧૮ | ૩૩૮.૬૪ |
| ૬ | કન્ડન્સ્ડ કોર્સ | ૧૩.૪૫ | -- |

| | | | |
|---|---|---|---|
| ૭ | મહિલા જાગૃતિ શિબિર | ૧૭.૧૦ | ૩૦ |
| ૮ | કુટુંબ સલાહ કેન્દ્ર | ૭૩.૮૩ | ૫૨.૫૬ |
| ૯ | મહિલા મંડળ | ૩.૭૪ | ૨.૮૨ |
| ૧૦ | શોર્ટ સ્ટે હોમ | ૨૯.૫૪ | -- |
| ૧૧ | હેલ્પલાઈન | ૬.૨૭ | -- |
| ૧૨ | નોરાડ | ૨.૭૮ | -- |
| | **કુલ :** | **૧૮૨૯૪.૧૨** | **૧૫૧૮૫.૭૬** |

(૨) આ યોજનામાં રાજ્ય સરકારને કોઇ ફાળો આપવાનો હોય તો કઇ કઇ યોજનામાં રાજ્ય સરકારે કેટલી રકમ ફાળવી છે, અને

(૨) આઈસીડીએસ જનરલ (પોષણ) યોજનામાં રાજ્ય સરકારે ૫૦ ટકા ફાળો આપવાનો હોય છે. તે માટે રાજ્ય સરકારે ૨૦૦૬-૦૭ ના વર્ષ દરમ્યાન ૩૮૯૦.૯૩ લાખ તથા ૦૭-૦૮ વર્ષ દરમ્યાન તા. ૩૧-૧-૦૮ સુધી રૂા. ૩૯૯૧.૪૫ લાખ ફાળવેલ છે.

(૨) પ્રદર્શન સહ વેચાણ યોજના માટે રાજ્ય સરકારે રૂા. ૧,૦૭,૯૦૦/- ફાળવેલ છે.

(૩) આ પેકી કેટલી રકમ ખર્ચવામાં આવી છે ?

(૩) આ પેકી નીચે પ્રમાણે યોજનાવાર ખર્ચ થયેલ છે.

(રૂા. લાખમાં)

| ક્રમ | યોજના | વર્ષ ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ તા. ૩૧-૧-૦૮ સુધીમાં |
|---|---|---|---|
| ૧ | આઈસીડીએસ જનરલ | ૧૧૫૮૦.૩૮ | ૭૯૩૦.૧૦ |
| ૨ | આઈસીડીએસ જનરલ પોષણ | ૭૭૮૧.૮૬ | ૭૯૮૨.૯૦ |
| ૩ | કિશોરી શક્તિ યોજના | ૨૮૬.૦૦ | ૧૩૦.૦૦ |
| ૪ | એન.પી.એ.જી. | ૦.૦૦ | ૩૧૨.૩૨ |
| | **કુલ :** | ૧૯૬૪૮.૨૦ | ૧૬૩૫૫.૩૨ |
| ૫ | ઘોડીયાઘર | ૨૯૨.૬૦ | ૧૨૨.૦૬ |
| ૬ | કન્ડેન્સ્ડ કોર્સ | ૫.૯૩ | -- |
| ૭ | મહિલા જાગૃતિ શિબિર | ૫.૦૪ | -- |
| ૮ | કુટુંબ સલાહ કેન્દ્ર | ૫૯.૫૦ | ૧૨.૬૬ |
| ૯ | મહિલા મંડળ | ૨૪.૪૨ | ૦.૨૦ |
| ૧૦ | શોર્ટ સ્ટે હોમ | ૧૦.૪૬ | -- |
| ૧૧ | હેલ્પલાઈન | ૪.૧૮ | -- |
| ૧૨ | નોરાડ | -- | ૨.૫૪ |
| | **કુલ :** | **૨૦૦૫૦.૩૭** | **૧૬૪૯૨.૭૮** |

------------

**અમરેલી જિલ્લામાં અસરગ્રસ્ત ખેડૂતોને વળતર**

૧૬૦૮ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૫-૨૦૦૭ થી તા. ૭-૯-૨૦૦૭ સુધીમાં અમરેલી જિલ્લામાં ખેડૂતોના ખેતરો અતિવૃષ્ટિના લીધે ધોવાણ કેટલા એકરમાં થયા, અને

(૨) તેમાંથી કેટલા ખેડૂતોને એક એકરે કેટલું વળતર ચૂકવ્યું ?

**જવાબ**

(૧) તા. ૧-૫-૨૦૦૭ થી તા. ૭-૯-૨૦૦૭ સુધીમાં અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિના લીધે ૭૦,૯૨૪.૧૯ એકર જમીનમાં ધોવાણ થયેલ છે.

(૨) સર્વેની કામગીરી પ્રગતિમાં હોઈ વળતર ચૂકવવામાં આવેલ નથી.

------------

**ભિલોડા તાલુકામાં મહેસૂલી ગામોની જાહેરાત**

૩૮૬ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મહેસૂલી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં કેટલા ૧૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા ગામો મહેસૂલી ગામો તરીકે જાહેર થયેલ નથી, અને

(૨) સરકાર ક્યારે આવા ગામોને મહેસૂલી ગામો તરીકે જાહેર કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ૩ (ત્રણ).

(૨) નિયમાનુસારની દરખાસ્ત મળ્યેથી.

------------

**વલસાડ નજીક પૂર્ણ કક્ષાનું મત્સ્યોદ્યોગ બંદર વિક્સાવવા અંગે**

૧૬૦૧ **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દક્ષિણ ગુજરાતમાં વલસાડ નજીક પૂર્ણ કક્ષાનું મત્સ્ય બંદર વિક્સાવવાનું આયોજન છે, અને

(૨) જો હા, તો ક્યાં ક્યાં ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧. ભદેલી જગાલાલા
૨. ઉમરગામ

------------

**નારી અદાલતોમાં મળેલ કેસો**

૧૪૭૩ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સરકારની નારી ગોરવનીતિ અન્વયે રાજ્યમાં કેટલી નારી અદાલતો શરુ કરવામાં આવેલ છે,

(૨) આવી કઇ કઇ અદાલતોમાં કઇ કઇ બાબતોના કેટલા કેસો આવેલ છે, અને

(૩) આવી અદાલતો દ્વારા ચાલતા કેસોમાં કેટલા ઇસમોને સજા ફરમાવવામાં આવી ?

**જવાબ**

(૧) નારી ગોરવનીતિ અન્વયે નારી અદાલતોની રચના કરવાની રહેતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્યમાં ગોપાલકોના વાડા નિયમિત કરવા અંગે**

૧૦૪૬ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૭ ની સ્થિતિએ રાજ્યની અંદર ગોપાલકોને નિરણ ભરવા માટે તેમજ પશુઓ માટેના વાડાઓ જેઓના કબજામાં છે તેઓને નિયમિત કરવા સરકારે શું પગલાં લીધા છે,

**જવાબ**

(૧) ગામ દફતરે વાડા રજિસ્ટરમાં નોંધાયેલ વાડાઓની કબજા હક્કની રકમ ભરપાઈ કરવાની મુદત અવારનવાર સરકારશ્રીએ લંબાવી આપી હતી. નિયત કરેલ મુદતમાં જે વાડાધારકો તરફથી કબજા હક્કની રકમ ભરપાઈ થયેલ તેવા વાડા નિયમિત કરી આપવામાં આવેલ છે. તે સિવાયના વાડાઓ સરકારી જમીન પરનું દબાણ ગણવાનું રહે આથી આવા વાડા નિયમિત કરવાનો પ્રશ્ન રહેતો નથી.

(૨) આવા વાડાઓ નિયમિત કરવા માટે સરકાર પાસે કેટલી અરજીઓ પેન્ડીંગમાં છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બાકી રહેલ અરજીઓ માટે સરકાર શું કરવા માંગે છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્ય મહિલા આયોગની રચના અંગે**

૧૫૩૫ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય મહિલા આયોગની ક્યારે રચના કરવામાં આવી,

(૨) આ આયોગ દ્વારા શી કાર્યવાહી તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિલાઓના હિતમાં કરવામાં આવી, અને

(૩) આ આયોગ પાછળ રાજ્ય સરકારે કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) તા. ૧૬-૨-૨૦૦૫

(૨) આયોગ દ્વારા મહિલાઓના વિકાસ માટે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

(અ) જિલ્લા કક્ષાએ સેમિનાર અને સંમેલનોનું આયોજન

(બ) જિલ્લા પ્રવાસ દરમ્યાન જિલ્લાના સંબંધિત અધિકારી સાથે મહિલાઓના પ્રશ્ન બાબતે સમીક્ષા અને માર્ગદર્શન

(ક) જિલ્લાના નારી સંરક્ષણ ગૃહ, મહિલા જેલની મુલાકાત લઈ માર્ગદર્શન અને સુચન

(ડ) આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિત્તે મહિલાઓના હિતલક્ષી કાર્યક્રમોનું આયોજન

(ઈ) આયોગને તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં મહિલાઓના પ્રશ્નો અંગે મળેલ ૯૦૧ ફરિયાદો પેકી ૫૨૯ ફરિયાદોનું નિરાકરણ.

(૩) આયોગ પાછળ રાજ્ય સરકારે નીચે મુજબ ખર્ચ કરેલ છે.

| | **વર્ષ** | **રકમ (રૂ. લાખમાં)** |
|---|---|---|
| (અ) | ૨૦૦૫-૦૬ | ૧૯.૮૧ |
| (બ) | ૨૦૦૬-૦૭ | ૩૫.૯૮ |
| (ક) | ૨૦૦૭-૦૮ (તારીખ ૩૧-૧૨-૦૭ સુધીમાં) | ૨૩.૦૪ --- |
| | **કુલ :** | **૭૮.૮૩** |

------------

**રાજ્યને સન ૨૦૦૬-૦૭માં સ્ટેમ્પ ડયૂટી પેટે થયેલ આવક**

૧૧૩૨ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારને સને ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષમાં સ્ટેમ્પ ડયુટી પેટે કેટલી આવક થઈ અને શેરોના સ્ટેમ્પ ડયુટીની આવક કેટલી, અને

(૨) સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં શેરની સ્ટેમ્પ ડયુટી પેટે તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલી આવક થઈ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારને સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં સ્ટેમ્પ ડયુટી પેટે કુલ રૂા. ૧૪૦૬.૩૧ કરોડ જેટલી આવક થયેલ છે. આ આવક પેકી શેરોમાં રૂા. ૧૧.૯૩ કરોડની આવક થયેલ છે.

(૨) સને ૨૦૦૭-૦૮ના નાણાકીય વર્ષમાં શેરની સ્ટેમ્પ ડયુટી પેટે તા. ૩૧-૧-૨૦૦૮ અંતિત રૂા. ૨૪.૫૦ કરોડની આવક થયેલ છે.

------------

## પાટણ જિલ્લામાં જમીન બિનખેતી કરવાની અરજીઓ

૩૩૬ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતીની જમીન બિનખેતી કરવાની કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે કેટલી અરજીઓ માન્ય રાખી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ પડતરમાં છે?

**જવાબ**

(૧) (૨) (૩) નો જવાબ નીચેના પત્રક મુજબ છે.

પત્રક

જવાબ ખંડ : (૧) (૨) (૩)

| | | કલેકટર કચેરીની વિગતો | | | | જિ.વિ. અધિકારીની કચેરીની વિગતો | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી | મંજૂર અરજી | નામંજૂર અરજી | પડતર અરજી | મળેલ અરજી | મંજૂર અરજી | નામંજૂર અરજી | પડતર અરજી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | પાટણ | ૨૩ | ૧૪ | ૦૫ | ૦૪ | ૫૨ | ૨૪ | ૧૯ | ૦૯ |
| ૨ | ચાણસ્મા | -- | -- | -- | -- | ૨૬ | ૧૦ | ૧૫ | ૦૧ |
| ૩ | સમી | -- | -- | -- | -- | ૨૦ | ૧૨ | ૦૮ | ૦૦ |
| ૪ | સિધ્ધપુર | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૧ | ૧૪ | ૦૮ | ૦૫ | ૦૧ |
| ૫ | સાંતલપુર | -- | -- | -- | -- | ૦૯ | ૦૫ | ૦૨ | ૦૨ |
| ૬ | રાધનપુર | ૧૦ | ૦૬ | ૦૪ | ૦૦ | ૩૩ | ૨૨ | ૦૯* | ૦૦ |
| ૭ | હારીજ | ૦૪ | ૦૨ | ૦૨ | ૦૦ | ૧૯ | ૦૯ | ૦૯ | ૦૧ |
| | કુલ | ૪૦ | ૨૩ | ૧૨ | ૦૫ | ૧૭૩ | ૯૦ | ૬૭ | ૧૪ |
| | | | | | | | * ૨ અરજીઓ કલેકટર કચેરીને તબદીલ કરેલ છે. | | |

------------

## આણંદ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય અંગે

૧૧૨૩ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિરાધાર વિધવા બહેનોને સહાય આપવા અંગેની કેટલી અરજીઓ તાલુકાવાર મળી,

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિરાધાર વિધવા બહેનોને સહાય આપવા અંગેની નીચેની વિગતે ૧૧૮૫ અરજીઓ તાલુકાવાર મળી

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **અરજીઓની સંખ્યા** |
|---|---|---|
| ૧ | આણંદ | ૨૬૨ |
| ૨ | આંકલાવ | ૮૧ |
| ૩ | ઉમરેઠ | ૧૧૨ |
| ૪ | પેટલાદ | ૨૨૫ |
| ૫ | સોજીત્રા | ૫૯ |
| ૬ | બોરસદ | ૨૮૩ |
| ૭ | ખંભાત | ૧૫૩ |
| ૮ | તારાપુર | ૧૦ |
| | કુલ | ૧૧૮૫ |

(૨) કેટલી મંજૂર થઈ અને બાકી રહેતી અરજીઓ કેટલા સમયમાં મંજૂર થશે, અને

(૨) તે પેકી ૬૩૮ અરજીઓ નીચેની વિગતે મંજૂર થઈ અને બાકી રહેતી અરજીઓની વહેલી તકે નિકાલ કરવામાં આવશે

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મંજૂર થયેલ અરજીઓની સંખ્યા** |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૦૯ |
| ૨ | આંકલાવ | ૪૧ |
| ૩ | ઉમરેઠ | ૪૧ |
| ૪ | પેટલાદ | ૧૩૯ |
| ૫ | સોજીત્રા | ૩૨ |
| ૬ | બોરસદ | ૧૮૪ |
| ૭ | ખંભાત | ૯૦ |
| ૮ | તારાપુર | ૨ |
| | કુલ | ૬૩૮ |

(૩) મંજૂર થયેલ અરજીઓ અન્વયે દર માસે નિયમિત સહાય મળે તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે?

(૩) જે અરજદારોને સહાય મંજૂર થયેલ હોય તેમને દર માસે નિયમિત સહાય મળે તે માટે પોસ્ટ ખાતાના હવાલે ગ્રાન્ટ મુકવામાં આવે છે અને દર માસે નિયમિત રીતે ચુકવણીની સમીક્ષા કરવામાં આવે છે.

------------

**રીબડા-રામોદ રસ્તાને ડબલ પટ્ટીનો બનાવવા અંગે**

*૧૨૨૪ **શ્રી ચંદુભાઈ વઘાસીયા** (ગોંડલ) **: માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજકોટ-ગોંડલ એન.એચ.૮બી અને સ્ટેટ હાઈવે નં. ૧ ગોંડલ આટકોટને જોડતો રસ્તો રીબડા થી કોટડા સાંગાણી થઈને રામોદ સુધીના રસ્તાને ડબલ પટ્ટી કરવા માટે રાજ્ય સરકારનું શું આયોજન છે?

**જવાબ**

રીબડાથી કોટડા સાંગાણી થઈને રામોદ સુધીના રસ્તાને દ્વીમાર્ગીય કરવા માટે હાલ આયોજન નથી.

------------

**પ્રવાસ પથ યોજના હેઠળ રસ્તાના કામો**

૧૬૮ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રવાસી પથ યોજના ક્યારે શરૂ થઈ,

(૨) આ યોજના નીચે કેટલા કિ.મી.ના રસ્તાનું બાંધકામ કરવામાં આવેલ છે, અને

(૩) આ યોજનાનો મુખ્ય હેતુ શું છે અને તેનો ખર્ચ કેટલો થયેલ છે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૬-૦૭

(૨) યોજના હેઠળ આયોજન થયેલ લંબાઈ પેકી ૧૫૫.૪૩ કી.મી. લંબાઈની કામગીરી પુર્ણ થયેલ છે.

(૩) યોજનાનો મુખ્ય હેતુ પર્યટક સ્થળોને જોડતા માર્ગોની સુધારણા છે. યોજના હેઠળ તા. ૩૧-૧-૦૮ સુધી રૂા. ૩૮૭૦.૧૫ લાખનો ખર્ચ થયેલ છે.

------------

**મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ**

૧૨૩૪ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાની ઘટ છે,

**જવાબ**

(૧) ચાર તાલુકામાં નીચે મુજબ પ્રાથમિક શાળાઓના ઓરડાઓની ઘટ છે.

| ક્રમ | તાલુકો | કુલ શાળાઓ | ખુટતા ઓરડાઓ વાળી શાળાઓ | ખુટતા ઓરડાઓ વાળી શાળાઓમાં હાલ ઉપલબ્ધ ઓરડાઓ | ખુટતા ઓરડાઓ વાળી શાળાઓમાં ઓરડાની ઘટ |
|---|---|---|---|---|---|
| ૧ | મેઘરજ | ૨૪૮ | ૦૭ | ૩૫ | ૦૭ |
| ૨ | માલપુર | ૧૫૦ | ૨૬ | ૮૮ | ૩૭ |
| ૩ | બાયડ | ૨૫૪ | ૬૩ | ૨૩૨ | ૮૬ |
| ૪ | ધનસુરા | ૧૪૦ | ૨૨ | ૮૮ | ૩૦ |
| | કુલ.. | ૭૯૨ | ૧૧૮ | ૪૪૩ | ૧૬૦ |

(૨) આ ઓરડાઓની ઘટ ક્યારે પૂરી કરવામાં આવશે, અને

(૨) આગામી વર્ષમાં તબક્કાવાર આયોજન કરી જેમ બને તેમ જલ્દી.

(૩) આ તાલુકાઓમાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા નવા ઓરડા બનાવવામાં આવ્યા?

(૩) છેલ્લા બે વર્ષમાં ચાર તાલુકામાં નીચે મુજબ નવા ઓરડાઓ બનાવવામાં આવ્યા

| ક્રમ | તાલુકો | શાળાની સંખ્યા | ઓરડાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મેઘરજ | ૧૨ | ૧૨ |
| ૨ | માલપુર | ૧૨ | ૧૯ |
| ૩ | બાયડ | ૨૬ | ૩૦ |
| ૪ | ધનસુરા | ૧૪ | ૧૪ |
| | કુલ.. | ૬૪ | ૭૫ |

------------

**અમદાવાદ જિલ્લા રજીસ્ટ્રારની કચેરી ખસેડવા અંગે**

૪૨૫ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓની ઓફિસ (ગ્રામ્ય) ન્યુ મેન્ટલ સીવીલ હોસ્પિટલ પાસે આવેલ છે. અમદાવાદ જિલ્લાના સહકારી કામો માટે સરખેજથી ન્યુ મેન્ટલ ૨૦ થી ૨૨ કિ.મી. અમદાવાદ શહેરમાં ટ્રાફીકમાં જવું પડે છે. તો આ કચેરી પાલડી, લાલદરવાજા સરકારી બિલ્ડીંગ ખાલી હોવા છતાં ખસેડવામાં આવતી નથી તેના કારણો શું છે, અને

(૧) વહીવટી કારણોસર

(૨) આ કચેરી ક્યારે ખસેડવામાં આવશે?

(૨) વહીવટી અનુકુળતા થયેથી

------------

**પાદરાથી તાજપુરા પંચાયત માર્ગ પહોળો કરવા તેમજ નાળુ બનાવવા અંગે**

૧૨૩૧ **શ્રી દિનેશભાઈ બી.પટેલ (પાદરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

પાદરા શહેર થી તાજપુરા પંચાયત માર્ગને પહોળો કરવા તથા તેના ઉપર નાળુ બનાવવા માટે કોઈ યોજના છે કે કેમ?

પાદરા શહેર થી તાજપુરાને જોડતો હયાત નાળાઓ સાથે ડામરનો રસ્તો છે. જેને પહોળો કરવાનુ હાલમાં કોઈ આયોજન નથી.

------------

**સાવરકુંડલા-રાજુલા રાજ્યધોરી માર્ગને પહોળો કરવા અંગે**

૧૩૧૨ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

સાવરકુંડલા-મહુવા-રાજુલા સ્ટેટ હાઈવેને પહોળો કરવા સરકાર માંગે છે કે કેમ?

સાવરકુંડલા-રાજુલા સ્ટેટ હાઈવેને પહોળો કરવાની બાબત વિચારણા હેઠળ છે. જ્યારે સાવરકુંડલા-મહુવા

સ્ટેટ હાઈવે અંગે હાલ આયોજન નથી.

------------

**આણંદ જિલ્લામાં મહિલા સંમેલનો પાછળ ચૂકવેલ રકમ**

૧૨૨૦ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વિભાગ દ્વારા કેટલા મહિલા સંમેલનો છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કરવામાં આવ્યા, અને | (૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ત્રણ મહિલા સંમેલનો થયા. |
| (૨) તે અન્વયે એસ.ટી. તંત્રને તેમજ મંડપ ડેકોરેશન પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૨) તે અન્વયે એસ.ટી. તંત્રને કુલ રૂા. ૪૮,૬૮,૫૮૫/- ની રકમ અને મંડપ ડેકોરેશન પેટે રૂા. ૩,૦૦,૦૦૦/- ચૂકવેલ છે. |

------------

**વડોદરા જિલ્લામાં પાક વીમાની ચૂકવણી**

૧૦૩૧ **શ્રી સિદ્ધાર્થ ચી.પટેલ (ડભોઇ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સપ્ટેમ્બર, ૨૦૦૫માં ઢાઢર નદીમાં એક સામટું પાણી છોડવાના કારણે ડભોઇ, વડોદરા અને વાઘોડીયા તાલુકાના ૫૨ થી વધારે ગામોના ખેડૂતોના પાક સદંતર રીતે નાશ પામ્યા હતા, આ ખેડૂતોને વળતર ચૂકવવાની માંગણીના સંદર્ભમાં સરકારે કોઇ કાર્યવાહી કરેલ છે કે કેમ ? | (૧) કાર્યવાહી ગતિમાં છે. |

------------

**પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ વડોદરા જિલ્લામાં મંજૂર કરેલ રસ્તાઓ**

૧૨૨૩ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ વડોદરા જિલ્લામાં તાલુકા દીઠ ક્યા ક્યા રસ્તાઓ તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં મંજૂર ક્યાં અને કેટલા રસ્તાઓના કામો હાથ ધરવામાં આવ્યા, અને | (૧) પરિશિષ્ટ--૧ મુજબ ૩૭ રસ્તા મંજુર ક્યાં અને ૧૪ રસ્તાના કામો હાથ ધરવામાં આવ્યા. |
| (૨) બાકી રહેતા કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) ટેન્ડરની પ્રક્રિયા પુર્ણ થયેથી ૯ માસમાં પુર્ણ કરવાનું આયોજન છે. |

**પરિશિષ્ટ--૧**

**પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ તા. ૩૧/૧૨/૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર મંજુર થયેલ કામોની યાદી**

| ક્રમ | તાલુકો | રસ્તાનું નામ |
|---|---|---|
| ૧ | **ડભોઈ** | કારવણ પુનીયાદ રોડ |
| ૨ | ,, | થુવાળી બોરબાર વખતપુરા |
| ૩ | **સંખેડા** | પચ્ચીસગામ એપ્રોચ રોડ |
| ૪ | ,, | ચીખોદ્રા સીહાદ્રા રોડ |
| ૫ | ,, | એન.એચ. ૧૧ થી ખંડેલવાલ |
| ૬ | ,, | એમ. ૦૭ થી અંબાપુરા |
| ૭ | **છોટા ઉદેપુર** | ઝોઝ જામલી રોડ થી ગુડા રોડ |
| ૮ | ,, | સ્ટેટ હાઈવે ૬૧ રોડ થી બાંડીભીત એ. રોડ |
| ૯ | ,, | નાલેજ સીમલફળીયા થી પાંધરવાટ એ. રોડ |
| ૧૦ | ,, | માલધી ચોકડી થી બોપા રોડ |

| ક્રમ | તાલુકો | રસ્તાનું નામ |
|---|---|---|
| ૧૧ | ,, | સ્ટેટ હાઈવે ૧૧ થી રૂનવડ એ. રોડ |
| ૧૨ | ,, | સ્ટેટ હાઈવે ૧૧ થી અંબાલા એ. રોડ |
| ૧૩ | ,, | ઝોઝ ઝામલી વઠવાણ |
| ૧૪ | ,, | કટાંરવાંટ નાનારામપુરા રોડ |
| ૧૫ | **ક્વાંટ** | ટીટોડ મુસટ એ. રોડ |
| ૧૬ | ,, | રેણધા ક્વાંટ થી આમસોટા એ. રોડ |
| ૧૭ | ,, | માણકા ભુંડમારીયા રોડ |
| ૧૮ | ,, | કાંક્નપુર પલાસકુવા રોડ |
| ૧૯ | ,, | ભાખા ક્વાંટ રોડ થી થાંબલા એ. રોડ |
| ૨૦ | ,, | વગુદણ થી મોહનકોષ્ટા રોડ |
| ૨૧ | ,, | એસ.એચ. ૬૨ થી ગોરધા |
| ૨૨ | ,, | છાંપરીયા અમલવાંટ |
| ૨૩ | ,, | તલાવ નાંખલ |
| ૨૪ | **પાદરા** | ડબકા મહંમદપુરા |
| ૨૫ | ,, | મજાતન પાવડા |
| ૨૬ | ,, | અંબાળા શહેરા |
| ૨૭ | **શિનોર** | જીયા તલાવડી કરમાલ |
| ૨૮ | ,, | ભેખડા અચીસરા |
| ૨૯ | **સાવલી** | ભાદરા ખાંડી |
| ૩૦ | **વાઘોડીયા** | કાગલીપુરા અંટોલી |
| ૩૧ | **નસવાડી** | પાટડીયા વગુમા |
| ૩૨ | ,, | ખાપરીયા શાંક્લ (ટી) |
| ૩૩ | ,, | ભાંખા ખરેડા |
| ૩૪ | ,, | તણખલા કાડીયાપુરા |
| ૩૫ | ,, | બોરીયાદ ખાંધા |
| ૩૬ | ,, | ખાંધા શેગપુર |
| ૩૭ | ,, | ખાંધા કપરાલી |

------------

## વડોદરા જિલ્લામાં ખેતીની જમીન બિન ખેતીમાં ફેરવવાની મળેલ અરજીઓ

૧૪૭૪ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ દરમ્યાન વડોદરા જિલ્લામાં તાલુકાવાર ખેતીની જમીન બિનખેતીમાં ફેરવવા અંગેની કેટલી અરજીઓ મળી,

(૨) આ પૈકી તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે, અને

(૩) બાકી અરજીઓનો નિકાલ ન થવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) આ સાથેના પત્રક--ક મુજબ સને ૨૦૦૫-૦૬ દરમ્યાન ૩૬૬ અરજીઓ અને ૨૦૦૬-૦૭ દરમ્યાન ૪૧૮ અરજીઓ મળી.

(૨) તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં તમામ અરજીનો નિકાલ કરવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક : ક**

| ક્રમ | તાલુકાનું નામ | સને : ૨૦૦૫-૦૬ દરમ્યાન મળેલ અરજીઓ | | | સને : ૨૦૦૬-૦૭ દરમ્યાન મળેલ અરજીઓ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કલેકટર કચેરી | જિલ્લા પંચાયત | કુલ | કલેકટર કચેરી | જિલ્લા પંચાયત | કુલ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૧૧૪ | ૧૦૦ | ૨૧૪ | ૧૦૩ | ૧૭૬ | ૨૭૯ |
| ૨ | કરજણ | ૦૦૨ | ૦૧૦ | ૦૧૨ | ૦૧૫ | ૦૧૩ | ૦૨૮ |
| ૩ | પાદરા | ૦૦૦ | ૦૨૪ | ૦૨૪ | ૦૦૪ | ૦૧૯ | ૦૨૩ |
| ૪ | ડભોઈ | ૦૦૩ | ૦૨૦ | ૦૨૩ | ૦૦૩ | ૦૧૯ | ૦૨૨ |
| ૫ | છોટા ઉદેપુર | ૦૦૧ | ૦૦૭ | ૦૦૮ | ૦૦૦ | ૦૦૪ | ૦૦૪ |
| ૬ | સાવલી | ૦૦૪ | ૦૨૯ | ૦૩૩ | ૦૦૨ | ૦૧૮ | ૦૨૦ |
| ૭ | વઘોડીયા | ૦૦૦ | ૦૨૩ | ૦૨૩ | ૦૦૦ | ૦૧૨ | ૦૧૨ |
| ૮ | સંખેડા | ૦૦૦ | ૦૧૭ | ૦૧૭ | ૦૦૦ | ૦૧૩ | ૦૧૩ |
| ૯ | નસવાડી | ૦૦૦ | ૦૦૨ | ૦૦૨ | ૦૦૦ | ૦૦૨ | ૦૦૨ |
| ૧૦ | જેતપુરપાવી | ૦૦૦ | ૦૦૩ | ૦૦૩ | ૦૦૦ | ૦૦૮ | ૦૦૮ |
| ૧૧ | ક્વાંટ | ૦૦૦ | ૦૦૦ | ૦૦૦ | ૦૦૦ | ૦૦૧ | ૦૦૧ |
| ૧૨ | શિનોર | ૦૦૦ | ૦૦૭ | ૦૦૭ | ૦૦૦ | ૦૦૬ | ૦૦૬ |
| | કુલ | ૧૨૪ | ૨૪૨ | ૩૬૬ | ૧૨૭ | ૨૯૧ | ૪૧૮ |

------------

## પંચમહાલ જિલ્લામાં સ્ટેમ્પ વેંડરોની સંખ્યા

૧૦૪૭ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષના સમયગાળા દરમ્યાન પંચમહાલ જિલ્લામાં કુલ કેટલા સ્ટેમ્પ વેંડરો છે અને ક્યા ક્યા તાલુકાના છે,

(૨) આવા સ્ટેમ્પ વેન્ડરોને જે લાઇસન્સ આપેલ છે તે નિયમને ધ્યાને રાખીને આપેલ છે કે કેમ, અને

(૩) સ્ટેમ્પ વેંડરો વિરૂધ્ધ કોઇ ફરિયાદો આવેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષના સમયગાળા દરમ્યાન પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કુલ--૪૬ સ્ટેમ્પ વેન્ડરો છે.

(૧) ગોધરા--૧૦ (૨) કાલોલ--૦૩
(૩) હાલોલ--૦૪ (૪) ઘોઘંબા--૦૬
(૫) લુણાવાડા--૦૬ (૬) કડાણા--૦૧
(૭) શહેરા--૦૩ (૮) જાંબુઘોડા--૦૧
(૯) મોરવા--૦૪ (૧૦) સંતરામપુર--૦૫
(૧૧) ખાનપુર--૦૩

(૨) હા જી,

(૩) હા જી,

------------

## પાટણ - સિધ્ધપુર માર્ગની મરામત

૩૩૭ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ - સિધ્ધપુર સ્ટેટ રોડ વચ્ચે ૮ કી. મી. બિસ્માર હાલતમાં છે તે હકિકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ બિસ્માર રોડનું મરામત કામ ક્યારે હાથ ધરવામાં આવશે ?

**જવાબ**

(૧) પાટણ--સિધ્ધપુર રસ્તાની કુલ ૨૪.૨૦ કિ.મી. લંબાઈ પૈકી ૨.૧૦ કી.મી. ના અનુભાગની લંબાઈ સુધારણાપાત્ર છે.

(૨) સુધારણાની કામગીરી શરૂ કરી મેટલીંગ પૂર્ણ કરેલ છે. ડામર કામ બનતી ત્વરાએ કરવાનું આયોજન છે.

------------

**ગોંડલ તાલુકાના આંબરડી તેમજ કાલાવડ તાલુકાના કાલમેઘડા ગામે કોઝ-વે બાંધવા અંગે**

૧૨૨૬ **શ્રી ચંદુભાઈ વઘાસિયા (ગોંડલ): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગોંડલ તાલુકાના આંબરડી ગામને કાલાવડ તાલુકાના કાલમેઘડા ગામ સાથે જોડતા રસ્તામાં ફોફળ નદી ઉપર કોઝવે બાંધવાના કામ માટે, રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા સરકારમાં દરખાસ્ત કરવામાં આવેલ છે, અને

(૨) જો હા, તો આ કામ માટે શું આયોજન છે અને કામ ક્યારે મંજૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) આંબરડી અને કાલમેઘડા બંને ગામ ડામર સપાટીવાળા રસ્તાથી જોડાયેલ છે તથા સુચિત કોઝવેની જગ્યાએથી ૨૦૦ મી. દુર ફોફળ નદી પર મોટો પુલ હયાત છે. જેથી હાલમાં કોઈ આયોજન નથી.

------------

**કિસાન પથ યોજના હેઠળ રસ્તાના કામો**

૧૬૯ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કિસાન પથ યોજના ક્યારે શરૂ થઇ,

(૨) આ યોજના નીચે કેટલા કિ. મી. ના રસ્તાનું બાંધકામ કરવામાં આવેલ છે, અને

(૩) આ યોજનાનો મુખ્ય હેતુ શું છે અને તેનો ખર્ચ કેટલો થયેલ છે ?

**જવાબ**

(૧) કિસાનપથ યોજના વર્ષ ૨૦૦૫-૦૬ માં શરૂ થઈ.

(૨) આ યોજના નીચે જાન્યુઆરી--૨૦૦૮ સુધીમાં ૨૨૭૦ કિ.મી.ના રસ્તાનું બાંધકામ કરવામાં આવેલ છે.

(૩) આ યોજનાનો મુખ્ય હેતુ નીચે મુજબ છે.

- ગામડાઓને રસ્તા થકી સમૃધ્ધ કરવા.
- ગ્રામીણ અર્થતંત્રને વેગવાન બનાવવા.
- ખેડૂતો તેની ખેતનિપજનુ વહન બજાર સુધી સુલભતાથી કરી શકે તેવી સુવિધા.
- તાલુકાથી તાલુકા અને તાલુકાથી જિલ્લાનું જોડાણ.

આ યોજનામાં જાન્યુઆરી--૨૦૦૮ સુધીમાં રૂા. ૧૫૭.૫૪ કરોડનો ખર્ચ થયેલ છે.

------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### દીપડાએ મચાવેલો આતંક અંગે

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય વનમંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

"તાજેતરમાં ડાંગ જિલ્લામાં જંગલી દીપડા દ્વારા આતંક મચાવી અંદાજે છ થી સાત વ્યકિતઓને મારી નાખવામાં આવ્યા છે. દીપડા દ્વારા માનવ વસાહત ઉપર હુમલાના બનાવો વધતા જાય છે ત્યારે માનવીની સલામતી માટે આમ જનતામાં ભય અને ગભરાટની લાગણી ફેલાયેલ છે જે અંગે રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : ડાંગ જિલ્લાના દક્ષિણ વન વિભાગમાં સાકર પાતળ રેન્જમાં ડિસૅમ્બર માસમાં ત્રણ, ફેબ્રુઆરી માસમાં બે અને તા: ૧-૩-૨૦૦૮ના દિવસે એક, એમ દીપડા દ્વારા માનવ મૃત્યુના કુલ છ બનાવો બનેલ છે. વન વિભાગ દ્વારા દીપડાના હુમલા/રંજાડના આ દરેક બનાવને ખૂબ ગંભીરતાથી લેવામાં આવેલ છે. માહિતી મળતાં જ વિભાગના કર્મચારી/ અધિકારીઓએ સ્થળની મુલાકાત લઈ દીપડા પકડવા માટે સ્થાનિક લોકોને સાથે રાખી દીપડાના આવવા જવાના રસ્તાની શોધખોળ કરી

જરૂરિયાત પ્રમાણે દરેક કિસ્સામાં પીંજરાની ગોઠવણ કરેલ. સાથોસાથ સ્થાનિક લોકોને સાવધાન રહેવા માટે સમજ અને સૂચના પણ આપેલ. જેમાં સવારે, રાત્રે કે સાંજના સમયે એકલા બહાર નહી નીકળવાની, ઉજાસો કે તાપણું રાખવાની અને સાવધ રહેવાની સૂચના આપવામાં આવેલ. સ્થાનિક ગ્રામજનોને માંસાહારી ખોરાક ખાધા બાદ, તેનો વધેલો ખોરાક કે એંઠવાડ ગમે ત્યાં છૂટો નહીં ફેકતાં જમીનમાં ઘરથી દૂર ખાડામાં દાટવા જણાવાયેલ છે. વધેલી માંસાહારી બનાવટને ઘરમાં રાખી નહીં મૂકવી અને તેને પણ ખાડામાં દાટી દેવા જણાવવામાં આવેલ. તે વિસ્તારમાં ચાલતા કામો માટે એકત્રિત થયેલ મજૂરો એક જ જગ્યાએ એકસાથે રહે અને તેમના કેમ્પમાં ઉજાસો કરવામાં આવે તેવી પણ વ્યવસ્થા કરવામાં આવેલ.

દીપડા સતત સ્થળ બદલતા રહે છે. જેથી તા:૨૬-૧૨-૨૦૦૭ના છેલ્લા બનાવ પછી તા:૧૦-૨-૨૦૦૮ સુધી આ વિસ્તારમાં કોઈ બનાવ નહીં બનતાં દીપડા આ વિસ્તારમાંથી અન્યત્ર ચાલ્યા ગયા હોય તેમ જણાતું હતું પરંતુ તા:૧૦-૨-૨૦૦૮ થી તા:૧-૩-૨૦૦૮ના સમયગાળામાં ત્રણ બનાવ બનતાં અને દરેક ગામમાં બે-બે, ત્રણ-ત્રણ પીંજરા ગોઠવવામાં આવેલ છતાં પણ પકડમાં નહીં આવતાં તેને પકડવા માટે યુદ્ધના ધોરણે વિશેષ આયોજન ગોઠવવાનું નક્કી કરવામાં આવેલ. જેના ભાગરૂપે વિભાગના ઉચ્ચ અધિકારીઓએ એકીસાથે સ્થળ પર કૅમ્પ કરેલ. ગીરથી ટ્રેકર્સની વિશેષ ટુકડી બોલાવવામાં આવેલ, અને સમગ્ર વિસ્તારનો અભ્યાસ કરી ગામમાં આવતા બધા જ રસ્તાઓની ઉપર વધારે પીંજરાની ગોઠવણ કરી દીપડા પકડવા માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવેલ. જેમાં સફળતા મળતાં તા:૫-૩-૨૦૦૮ના સવારે એક દીપડી સુસરદા ગામે રાખેલ એક પીંજરામાં પકડાઈ ગયેલ છે અને સ્થાનિક લોકોએ રાહત અનુભવેલ છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ જિલ્લાની અંદર છેલ્લા ત્રણ મહિનાની અંદર દીપડાના હુમલાથી છ જેટલા માણસોના મૃત્યુ થયાં છે તેમાં વિશેષ મહિલાઓનો સમાવેશ થાય છે એ બાબત માનનીય મંત્રીશ્રીનું એટલું ધ્યાન દોરવા માગે છું કે એમને વળતર ચૂકવવામાં આવ્યું છે કે નહીં?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તમામને વળતર ચૂકવી દેવામાં આવ્યું છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, વળતર ચૂકવ્યું એ તો બરાબર છે પણ સવાલ એ છે કે આદિવાસી વિસ્તારમાં લગભગ છ જેટલા ભાઈ બહેનોના દીપડાએ જે મૃત્યુ કર્યા એ દીપડાને કાયમી ધોરણે પકડવા માટે વન વિભાગે શું કાર્યવાહી કરી?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારથી આ બનાવ બન્યો છે ત્યારથી દીપડાના સગડ મેળવી દીપડાના આવવા-જવાના રસ્તા છે એ રસ્તા ઉપર પાંજરાની વ્યવસ્થા કરી, દીપડો લૉકેટ થાય તો ગન થી બેભાન કરીને પકડવામાં આવતો હોય છે એટલે એ રીતે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ૪૭ ગામોમાં પાંજરાની પણ, જે જગ્યાએ અવરજવર કરે કારણ કે દીપડો એક જગ્યાએ નથી રહેતો, જૂદી જૂદી જગ્યાએ જાય છે. જ્યાં જ્યાં સગડ મળે ત્યાં પાંજરાની વ્યવસ્થા કરી છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે છ જેટલી મરનાર વ્યકિતઓને કેટલા કેટલા રૂપિયા વળતર ચૂકવવામાં આવેલ છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મૃત્યુનું વળતર એક લાખ રૂપિયા આપવામાં આવ્યું છે અને સામાન્ય ઈજા થઈ હોય તો પાંચ હજાર રૂપિયા અને વધારે ઈજા હોય તો વીસ હજાર રૂપિયા આપવામાં આવે છે.

# માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

## કોમનવેલ્થ દિન અંગે

**અધ્યક્ષશ્રી :** આજે આપણા માટે કોમનવેલ્થ ડે છે અને કોમન વેલ્થ ડે નિમિત્તે માનનીય પ્રમુખશ્રીનો સંદેશો હું વાંચી સંભળાવું છું.

**ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશન**

સોમવાર, તા:૧૦મી માર્ચ ૨૦૦૮

**કોમનવેલ્થ દિન નિમિત્તેનું માન. પ્રમુખશ્રીનું નિવેદન**

કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસીએશન એ આપણી સહુની સહિયારી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. જે દેશો અને સંસ્થાઓનો અગાઉ બ્રિટિશ સામ્રાજ્યમાં હતા અને સ્વતંત્ર થયા બાદ જેમણે સ્વેચ્છાપૂર્વક સંસદીય લોકશાહી અપનાવી છે તેવા આશરે ૬૪ જેટલા દેશો આ સંસ્થાના સભ્ય છે. જે દેશો અને રાજયોમાં સંસદ કે વિધાનસભા સક્રિય રીતે કાર્યરત હોય ત્યાં સંસદ કે વિધાનસભામાં ઠરાવ પસાર કરીને કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસીએશનની શાખાની સ્થાપના કરી શકાય છે.

સન ૧૯૭૬ થી દર માર્ચ મહિનાના બીજા સોમવારે કોમનવેલ્થ દિનની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસીએશનના સ્થાનિક શાખાના પ્રમુખશ્રી અથવા તો કોઈ એક મંત્રીશ્રી આ આંતરરાષ્ટ્રીય સંસ્થાનું મહત્ત્વ અને તેની કામગીરીનો વિગતવાર ખ્યાલ આપતું નિવેદન ગૃહ સમક્ષ રજુ કરે તેવી

અપેક્ષા રાખવામાં આવે છે. આજે સોમવાર તા:૧૦મી માર્ચ, ૨૦૦૮ના રોજ "કોમનવેલ્થ દિન" હોવાથી મારું નિવેદન આપની સમક્ષ રજૂ કરું છું.

હવે હું કોમનવેલ્થ દિન નિમિત્તે કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસીએશનનાં પેટ્રન અને ઈન્ગ્લેન્ડનાં નામદાર રાણી ઈલીઝાબેથે સભ્યો જોગ સંદેશો પાઠવ્યો છે, જેનો ગુજરાતી ભાવાનુવાદ અત્રે પ્રસ્તુત કરું છું.

**" ગત વર્ષે, કોમનવેલ્થ હેડસ ઓફ ગવર્મેન્ટની મીટિંગ લેક વિકટોરીયાના કાંઠે યુગાંડામાં મળી હતી.** અને હવામાનમાં આવી રહેલા બદલાવો સાથે કામ પાડવા બાબતમાં બેઠકમાં એક કાર્ય યોજના ઉપર સંમતિ સાધવામાં આવી હતી. કાર્ય યોજના ઘડવા માટેનું એક સુયોગ્ય સ્થાન હતું કારણ કે મહા નદી નાઈલનાં જળ ભૂમધ્ય સમુદ્રમાં ભળવા માટેની ત્રણ માસની પોતાની યાત્રા અહીંથી શરૂ કરે છે.

ઈતિહાસના ફલકમાં નાઈલ નદીએ માનવજાતની ઘણી રીતે સેવા કરી છે. તેનું કદ અને મહાત્મ્ય ભલે ગમે તેટલું વિશાળ હોય પરંતુ તેની જૈવિકતા ખૂબ જ નાજુક છે, તથા આ મહાનદી પર જેટલાં વધુ લોકો આધારિત હશે તેટલી તે વધારે નાજુક બનશે, આમ ઉપરવાસમાં પ્રદૂષણની એક ઘટના નીચે વાસના લાખોની જિંદગીને અસર પહોંચાડશે.

નાઈલનું ઉદાહરણ, વૈશ્વિક પર્યાવરણ જેનો સામનો કરી રહ્યું છે તેવા પડકારોને તાદશ કરે છે જેને આપણે મોડા મોડા સમજી શક્યા છીએ અને જે પહેલાની માફક આપણી જિંદગી ટકાવી રાખી શકે નહીં. તાજા પાણી માટે વધી રહેલી વસતીની હરીફાઇ, પોતે જ સંભવિત સંઘર્ષનું ઉદ્‌ગમ સ્થાન છે. પર્યાવરણ પ્રત્યેનો આપણો અભિગમ તથા તેનો ઉપયોગ દરેક ખંડ અને દરેક સમુદ્ર તથા મહાસાગર પર અસર કરશે. પ્રદૂષણની અસર અસમાન રીતે પડે છે. જેઓ ખૂબ ઓછું પ્રદૂષણ કરે છે, ધાર પર હોય તેવા વિશ્વના ઓછામાં ઓછા વિકસિત રાષ્ટ્રોને હવામાનના બદલાવની સૌથી વધારે અસર થાય છે અને તેઓ આવી અસરને પહોંચી વળવા માટે ઓછામાં ઓછા સજ્જ હોય છે.

એ વાત પણ યાદ રાખવી આવશ્યક છે કે અમૂક રાષ્ટ્રોમાં પર્યાવરણ સંબંધી પસંદગી ઉપલબ્ધ હોય છે જ્યારે અન્ય રાષ્ટ્રોમાં આવો વિકલ્પ ન પણ હોય. વિશ્વના અમૂક ભાગોમાં ઉદાહરણ સ્વરૂપ, અશ્મિકૃત બળતણનો વપરાશ ઘટાડી શકાય અને મકાનો વધુ ટકાઉ સામગ્રીમાંથી બનાવી શકાય, પરંતુ જો કોઈ વ્યક્તિ બળતણ, આશ્રયસ્થાન અને આજીવિકા માટે સ્થાનિક વનના વૃક્ષો પર આધારિત રહે તો તે અનુકૂલન સાધે તેવી અપેક્ષા રાખવી મુશ્કેલ છે. જેઓ સૌથી વધારે અસરગ્રસ્ત છે તેવા લોકોના રસની બાબતો અને જરૂરિયાતોને જો આપણે માન્યતા આપીએ તો આપણે લાંબા ગાળાના પરિવર્તન માટે તેઓ સાથે કામ કરી શકીશું. આનંદદાયક બાબત એ છે કે આ વલણ હંમેશા કોમનવેલ્થની તાકાત બની રહી છે, અને પર્યાવરણલક્ષી મુદ્દાઓ પ્રત્યેની જાગૃતિ હવે, આ ગ્રહને આપણી પૃથ્વીને હાનિ પહોંચાડ્યા વિના જ આવતી પેઢી સ્વચ્છ હવા, પુરતું તાજું પાણી અને ઉર્જા માણી શકે તેવા નિર્ધાર સાથે વ્યાપક બની છે. હવામાનના આ બદલાવનો સામનો કરવા માટે યુવાનો સિવાય બહુ થોડા લોકો જાગૃત તથા પ્રયત્નશીલ છે જેમને આપણે સહાય કરવી જોઈએ.

કોમનવેલ્થમાં સરકારો, વેપારગૃહો, સમુદાયો અને વ્યક્તિઓ, એમ તમામે પોતાના શબ્દો કૃત્યમાં પરિણમે તેવા પ્રયત્નો કરવા રહ્યાં. દરેક દરેકે પોતાની આગવી ભૂમિકા ભજવવાની છે. આપણે ગમે તે કરીએ, ગમે ત્યાં જીવતા હોઈએ પરંતુ પર્યાવરણની જાળવણી માટેના આપણા કાર્યો અન્યોની જિંદગીમાં આજે તથા ભવિષ્યમાં હકારાત્મક અસર કરશે જ."

નામદાર રાણીના ઉક્ત સંદેશા બાદ અંતમાં હું એટલું કહીને આ પ્રવચન પૂર્ણ કરીશ કે આવો, આપણા પર્યાવરણની રક્ષા કરીને સુરક્ષિત બનાવીએ તથા આપણે આપણા શ્રેષ્ઠ પ્રયત્નો દ્વારા સંસદીય લોકશાહીને સફળ બનાવવા તથા તે દ્વારા આમ આદમીના જીવનને વધુ કલ્યાણકારી બનાવવામાં આપણું યથા યોગ્ય પ્રદાન આપીએ.

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

## કેન્દ્ર સરકારની કામગીરીની ટીકા કરવા અંગે

**અધ્યક્ષશ્રી** : તારીખ ૨૬-૨-૨૦૦૮ના રોજ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવની ચર્ચા દરમિયાન સભ્યશ્રી કમાભાઈ રાઠોડે કેન્દ્ર સરકાર રાજ્યને અન્યાય કરે છે તેવું કહીને સભ્યશ્રીએ કેન્દ્ર સરકાર ઉપર દોષારોપણ કર્યુ હતું તેમ જણાવીને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહજી ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો. શ્રી શકિતસિંહ ગોહિલના પોઈન્ટ ઓફ ઓર્ડર સંબંધે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો પુસ્તક ૧૯૬૦ થી ૧૯૮૪ના નિર્ણય ક્રમાંક - ૪૮૩ પૃષ્ટ ૩૩૮નો સંદર્ભ ટાંકીને ગૃહમાં કેન્દ્ર સરકારની ટીકાટીપ્પણ થઈ શકતી નથી. તે સંબંધમાં કેન્દ્ર સરકારની ટીકા કરતા અવલોકનો ગૃહની કાર્યવાહીના રેકોર્ડમાંથી દૂર કરવા જોઈએ. રાજ્યપાલના આભાર પ્રસ્તાવની અને તે જ પ્રકારની ચર્ચામાં ભાગ લેતા સભ્યશ્રી જયદ્રથસિંહજી પરમારે પણ કચ્છના ભૂકંપ અને અન્ય રાજ્યો પાસેથી શેષરૂપે ઉઘરાવેલ ૪૦૦૦ કરોડ રૂપિયાની રકમ રાજ્યને નહિ આપીને "કેન્દ્રની યુ.પી.એ. સરકારે રાજ્યને હળહળતો અન્યાય કર્યો છે." આ સંબંધે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો, ઉપસ્થિત કર્યો ત્યારે મેં તે સંબંધી બંને સભ્યશ્રીઓએ ચર્ચા દરમ્યાન કરેલા ઉલ્લેખો અને અવલોકનો જોઈને પછીથી રૂલિંગ આપીશ એમ જણાવેલ. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડર સંબંધે તા.૨૬-૨-૨૦૦૮ની ગૃહની કાર્યવાહી હું જોઈ ગયો છું.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે એમના પ્રવચન દરમ્યાન કેન્દ્ર સરકારની કામગીરી અંગેના ઉલ્લેખો કર્યા હતાં કે, "આખું ગૃહ અને આખા ગુજરાતની પ્રજા જાણે છે કે કેન્દ્ર સરકાર ગુજરાતનું કેટલું હિત ઈચ્છે છે. આ રાજ્ય સરકાર છૂપાવી ના શકે એટલે જવાબ આપવો પડે છે. બહાર તો બહુ ગાળો પડે છે. કેન્દ્રની સરકારને, માનનીય અધ્યક્ષશ્રી ૨૦૦૫-૨૦૦૬માં નાણાપંચ દ્વારા જે ભલામણના પૈસા મળવા જોઈએ એ માત્ર ૩૬૪.૪૦ કરોડ હતા. ૨૦૦૬-૦૭ના લગભગ ડબલ ૩૬૪.૪૦ની સામે ૩૭૨.૦૬ કરોડ રૂપિયા આ ગુજરાતને કેન્દ્ર સરકારે આપ્યાં છે. આ બતાવે છે કે માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ સભ્ય સભ્યશ્રી કે જ્યારે એન.ડી.એ.ની સરકાર હતી, ત્યારે દરેક વિભાગમાં કેટલા પૈસા આવતા હતા. આપના નાયબ વડાપ્રધાન હતા. ઘણા બધા વગનાના સંજોગો હતાં. ગાંધીનગરનું રેલવે સ્ટેશન પણ કઈ પરિસ્થિતિમાં લઈ શક્યા હતા?" તેના પ્રત્યુત્તરરૂપે સભ્યશ્રી કમાભાઈ રાઠોડ અને જયદ્રથસિંહ પરમારે કેન્દ્ર સરકારની ટીકાના ઉલ્લેખ કર્યા હોય તેમ મને લાગે છે. તા.૨૬-૨-૨૦૦૮ની ગૃહની કાર્યવાહી હું સંપૂર્ણ જોઈ ગયો છું. કાર્યવાહી જોતાં મને લાગે છે કે, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહજી, શ્રી કમાભાઈ રાઠોડ તેમજ સભ્યશ્રી જયદ્રથસિંહ પરમારે તેમના વકતવ્યમાં કેન્દ્ર સરકારના ટીકાત્મક ઉલ્લેખો કર્યા હતા. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી દ્વારા ઉલ્લેખ કરાયેલ નિર્ણય ક્રમાંક : ૪૮૩નું હાર્દ "જે વ્યકિત ગૃહમાં ના હોય તે વ્યકિતની ટીકા થઈ શકે નહિ તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સુમેળભર્યા સંબંધો જળવાઈ રહે" તે પ્રકારના હોય તેમ લાગે છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે સુમેળભર્યા સંબંધો જળવાઈ રહે એ ઉમદા હેતુને ધ્યાનમાં રાખીને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ઉઠાવેલ મુદ્દાના હાર્દનો હું સ્વીકાર કરું છું અને ગૃહના સૌ સભ્યોને વિનંતી કરું છું કે, રાજ્ય સરકારના કાર્યક્ષેત્ર હેઠળ આવતી બાબતોની જ આ ગૃહમાં ચર્ચા કરે. કેન્દ્ર સરકાર કે એ અન્ય રાજ્ય સરકારની કામગીરી અંગે ટીકા ટીપ્પણ કરવાથી દૂર રહે.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય(સુધારા) વિધેયકની પુનઃવિચારણા કરવા માટેના નામદાર રાજ્યપાલશ્રીના સંદેશ અંગે

**અધ્યક્ષશ્રી** : ૧૧મી ગુજરાત વિધાનસભાના ૧૦મા સત્રમાં ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૬ નાં રોજ સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક ૩૦, સન ૨૦૦૬નું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક સભાગૃહે પસાર કર્યુ હતું.

આ વિધેયકને રાજયપાલશ્રીની અનુમતિ માટે રજૂ કરવામાં આવતા નામદાર રાજયપાલશ્રીએ આ વિધેયક ઉપર વિચારણા કરીને ભારતના બંધારણની કલમ -૨૦૦ના પ્રથમ પરંતુકના અનુસરણમાં નિર્દેશ આપીને સદરહુ વિધેયક ઉપર પૂનર્વિચારણા કરવા અને વિધેયકની કલમ -૨(ખ) માં નિર્દિષ્ટ થયેલ જોગવાઈના સંદર્ભમાં પૂનર્વિચારણા કરવાના સંદેશા સાથે ગુજરાત વિધાનસભામાં પરત મોકલ્યું છે. હવે હું નામદાર રાજયપાલશ્રીનો સંદેશો સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવું છું.

" ગુજરાત ધર્મ સ્વાતંત્ર સુધારા વિધેયક ૨૦૦૬ને મારી અનુમતિ આપવાના પ્રશ્ને મેં વિચારણા કરી છે. આ વિધેયકથી ધર્મ પરિવર્તન કરાવવું શબ્દ પ્રયોગ સહિત તેની નીચેના સ્પષ્ટીકરણોની ૧, ૨ અને ૩ની વ્યાખ્યા આપતી નવી કલમો ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમન ૨૦૦૩ની કલમ-૨(ખ)માં બદલવા ધાર્યુ છે. ચકાસણી કરતાં મને જણાયું છે કે ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમન ૨૦૦૩ની જોગવાઈઓથી બળજબરીથી, કપટપૂર્વક તમામ ધર્મ પરિવર્તનની સામે રક્ષણ મળે છે કારણકે અધિનિયમની કલમ-૩ થી એવી જોગવાઈ કરાયેલી છે કે કોઈપણ વ્યકિતને એક ધર્મમાંથી બીજા ધર્મમાં બળજબરીથી અને લાલચ આપીને અથવા કપટપૂર્વક રીતે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કે અન્યથા ધર્મ પરિવર્તન કરાવવું કે ધર્મ પરિવર્તન કરાવવાનો પ્રયત્ન કરવો એ શિક્ષા પાત્ર છે. હાલની કલમ-૨(ખ) હેઠળ ધર્મ પરિવર્તન કરાવવું એ શબ્દ પ્રયોગનું વિસ્તૃત અર્થઘટન થઈ શકે છે. હવે કલમ-૨(ખ) ના સુધારાથી એવી જોગવાઈ કરવા ધાર્યું છે કે એક વ્યકિતને સંપ્રદાયનો ત્યાગ કરાવીને અને તે જ ધર્મના બીજા સંપ્રદાયને અપનાવો તો પણ ધર્મ પરિવર્તન કરાવવામાં સમાવેશ થતો નથી આમ એટલા પ્રમાણમાં તેને ધર્મ પરિવર્તન સામે રક્ષણ મળતું અટકે. ભારતના સંવિધાનની કલમ-૨૫(૧)ની સંવિધાનમાં ઠરાવેલી અમૂક મર્યાદાને આધીન રહીને તમામ નાગરિકોને મુકત રીતે ધર્મ પાળવાના, માનવાના અને તેના પ્રચાર કરવાના અને અંતઃકરણની સ્વતંત્રતાના હકકની બાંહેધરી મળે છે. મેં અંતઃકરણ અને ધર્મની સંકલ્પનાની કાળજીપૂર્વક તપાસ કરી છે. સંવિધાનમાં ધર્મ એ શબ્દ પ્રયોગની વ્યાખ્યા આપી નથી તેમછતાં આવશ્યકપણે ધર્મ એ શ્રદ્ધાની બાબત છે. જૈન અને બૌદ્ધ ધર્મને ધર્મ તરીકેની માન્યતા મળી છે. સુપ્રિમ કોર્ટ જૈન ધર્મને હિંદુ ધર્મના સત્વના આધારે રચાયેલ વિશિષ્ટ ધર્મ ગણ્યો છે. જો કે ઘણા અંગત કાયદાના હેતુ માટે જૈનો અને હિંદુઓને સમાન ગણ્યા છે. પરંતુ એ ધર્મના સંપ્રદાય હોવાના કારણે નહીં સુચિત સુધારાઓની ધર્મ પરિવર્તન કરાવવુંની સુચિત વ્યાખ્યાથી બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવવું દા.ત. જૈનોનું હિંદુઓમાં ધર્મ પરિવર્તન રાજય સરકાર અટકાવી શકશે નહીં તેથી સુચિત સુધારાથી સંવિધાનની કલમ-૨૫ની જોગવાઈઓથી રાજય પર નાખેલી ફરજનું પાલન થઈ શકે નહીં પરંતુ જો કોઈ એક વ્યકિત કોઈ એક જ ધર્મના એક જ સંપ્રદાયનો ત્યાગ કરાવીને બીજો સંપ્રદાય અપનાવવાનો સમાવેશ થતો નથી એ શબ્દોથી બાકાત કરેલી જોગવાઈથી સંવિધાનની કલમ-૨૫નું ઉલ્લંઘન થતું હોય તેમ લાગે છે કારણકે તેનાથી અંતઃકરણની સ્વતંત્રતાને બળજબરીપૂર્વક ધર્મ પરિવર્તન સામેના રક્ષણને નુકસાન થાય છે તેથી વિધેયકની કલમ-૨(ખ) હેઠળ આપેલા ત્રણ સ્પષ્ટીકરણો અયોગ્ય જણાય છે. મને એવું જણાય છે કે જૈનમાંથી બૌદ્ધ અને

બૌદ્ધમાંથી જૈન ધર્મની બળજબરીપૂર્વક ધર્મ પરિવર્તન રોકવાની ફરજ સંવિધાનથી રાજય પર લાદેલ છે તેમછતાં સુચિત સુધારાથી આવા ધર્મ પરિવર્તનને પરવાનગીપાત્ર બનાવી રહયા છે અને તેથી ધર્મ પરિવર્તન કરાવવાની વ્યાખ્યામાં સુચિત સુધારાથી ભારતના બંધારણની કલમ-૨૫નું ઉલ્લંઘન થશે.
અને સુધારા વિધેયકની કલમ-૨ (ખ) હેઠળના સ્પષ્ટીકરણ ૧, ૨ અને ૩ પણ ગેરકાયદેસર છે, તેથી પરિસ્થિતિની કાળજીપૂર્વક વિચારણા કર્યા બાદ મને લાગે છે કે આ સુધારા વિધેયકની ઉપર જણાવેલી જોગવાઈઓ પ્રસ્તુત વિધેયકની જોગવાઈઓ ભારત સરકારના સંવિધાનની જોગવાઈ સાથે સુસંગત બને તેવા યોગ્ય સુધારો કરવા અને તેની ફેરવિચારણા કરવી જરૂરી છે. તદ્દનુસાર હું આથી ઉપર જણાવેલ સુધારા વિધેયક માટે જણાવેલ જોગવાઈને ફેરવિચારણા કરવા માટેની ભલામણ સાથેના મારા સંદેશા સાથે ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય(સુધારા) વિધેયક પરત કરું છું.
નેકસ્ટ.

# માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રીનો પ્રસ્તાવ

**સચિવશ્રી :** બાબત ક્રમાંક-૪ સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૦૬નું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયકને પાછું ખેંચવાની અનુમતિ માંગતો પ્રસ્તાવ. માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમીતભાઈ શાહ

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### વિધેયકને પાછું ખેંચવાની અનુમતિ માગતા પ્રસ્તાવ અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(વિરોધ પક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. આપણી પાસે આજે જે કામ આવ્યું છે. જે ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં પ્રથમ વખત છે. હું વિધાનસભા નિયમો ૧૪૭ અને ૧૪૮ ધ્યાનપૂર્વક વાંચી ગયો છું. Any member who is a mover of the Bill can withdraw the Bill at any stage. I know that provision. But Mr. Speaker, sir, here the situation is different. The stages were over. Not in this House. But in the House where were not members. Thereafter the Bill went to H.E. Governor of Gujarat. Came back. And now the new Assembly is giving permission to withdraw the Bill. We have Practice & Procedure of Parliament. The book written by Kaul & Shekdhar. Lok Sabha Secretariat has given this book. Now I would like to invite your attention on page no.૫૮૫. The last line on page ૫૮૪ first. A statement containing the reasons of which the Bill is being withdrawn is circulated to Members by minister concerned sufficiently in advance of the date on which the motion of withdrawal is sought to be made. This is my first point, sir. પહેલો મુદ્દો મારો એ છે કે જે કોલ અને શકધરમાં પાર્લામેન્ટરી પ્રોસિજર અને પ્રેક્ટિસમાં કહેવામાં આવ્યું છે કે આ સ્ટેજ ઉપરનું હોત, આપણો ૧૪૭, આપણો ૧૪૮, આપણા નિયમો સીધા લાગુ પડે. At any stage a member can withdraw the Bill. I have no objection. અહીંયાં વિધેયક પસાર થઈ ગયું છે. His Excellency પરત મોકલ્યું છે અને જયારે પરત કરવાનું આવ્યા પછી withdrawal ની વાત છે, ત્યારે withdrawal ના સ્ટેજમાં કોલ અને શકધરના પુસ્તકમાં પાર્લામેન્ટરી પ્રોસિજરમાં જે કહેવાયું છે. Statements shall be given, and also in advance, the reasons, no reasons are assigned, no reasons are given. અનાથી આગળ વધીને મારો બીજો મુદ્દો છે કે આ જ બાબતમાં If a motion for leave it to withdraw a Bill is opposed, I am opposing, So the situation is there. The Speaker permits, if he thinks fit. The Member who moves and the Member who opposes the motion to make a brief statement. ચર્ચાનો અવકાશ છે. આ પુસ્તક અમને આ પ્રણાલિકાઓ જે આપણા માટે ગીતા સમાન છે. We cannot run away from this. એ અવકાશ આપે છે. આજે દિવસ છે એ અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચાઓનો. સરકારી બિઝનેશ નથી. There is no government business today. સરકારી વિધેયકોના બિઝનેશના દિવસે આ જ વસ્તુ લાવી શકાઈ હોત. શા માટે આજે? આ અમારા અધિકાર ઉપરની તરાપ છે, જ્યાં કારણો નથી અપાયા. આજે વિધેયક માટેનો દિવસ નથી. We have a Business Advisory Committee. The old practice is that every Wednesday, meeting for Business Advisory Committee is fixed.

માનનીય અધ્યક્ષશ્રી, બુધવારે મીટિંગ બીઝનૅસ એડવાઈઝરી કમિટીની બોલાવી શકાઈ હોત.આગલા દિવસે પણ બોલાવી શકાઈ હોત. બીઝનૅસ એડવાઈઝરી કમિટીએ જેને મંજૂરી આપી નથી, જેના અંગેના કોઈ કારણો અપાયા નથી His Excellencyક્ષ્ણ message is very clear. And when the message was given to this House? In July ૨૦૦૭. The practice says ક્ષas early as possible it shall be put before the House આપણે ક્યારે લઈને આવીએ છીએ? આપણે ૧૮ જાન્યુઆરીએ પણ મળ્યા હતા. I have through this in July **૨૦૦૭.** Today in the month of March ૨૦૦૮ after so many days,

અને આજે માનનીય અધ્યક્ષશ્રી, આ લાવવામાં આવે છે ત્યારે આપણા મારફતે કારણકે આ એક દૂરંદેશી બાબત બનવાની છે. આજ સુધી ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં આ નથી થઈ. ૧૪૭ અને ૧૪૮ આપે પણ વાંચ્યો છે. આ વિધાનસભાનું સચિવાલય જે આપને માર્ગદર્શન પૂરું પાડે છે એમણે પણ વાંચ્યો હોય. આજ સુધીના ઈતિહાસમાં His excellency એ પાછું મોકલેલું બિલ વિડ્રો કરવામાં આવ્યું હોય અને એમાં ૧૪૭ અને ૧૪૮ મારી સમજ પ્રમાણે નહીં લાગુ પડે અને એટલા માટે આપનો આ બાબતની અંદર એવો નિર્ણય કે જે આવતા દિવસોમાં પણ બહુ જ માર્ગદર્શક બની રહે તેવો અપેક્ષિત છે.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪૭ અને ૧૪૮ નિયમ અહીંયાં લાગુ ન પડે એ વાત એટલા માટે યોગ્ય નથી કારણકે માનનીય રાજયપાલશ્રીએ બિલ પાછું મોકલ્યા પછી એમનો સંદેશનું વાંચન અને પછી બિલ જુદા જુદા પદ્ધતિથી બિલ ઉપરની ચર્ચા અથવા તો વિડ્રોઅલ આ પણ બિલનો જ તબક્કે છે. એટલે જે આ આની અંદર ૧૪૮(૧)માં છે તે બરાબર આ ઘટનાને લાગુ પડે જ છે અને ૧૪૮(૧) અને (૨) બંને સાથે વાંચીએ તો એની અંદર બહુ સ્પષ્ટ જોગવાઈઓ છે. હું ફરી એકવાર વાંચી જાઉ છું. " વિધેયકના પ્રભારી સભ્ય સભાગૃહની અનુમતિથી વિધેયક તેના કોઈપણ તબક્કે, કોઈપણ તબક્કે પાછું ખેંચી શકશે અને જો ૧૪૮ મહામહિમ રાજયપાલે પાછા મોકલેલા બિલ માટે ના બનાવેલો નિયમ હોત તો એને ૧૪૭ થી આગળ રાખ્યો હોત અને ૧૪૭ પછી રાખ્યો છે it means કે એને માટેની જોગવાઈ છે અને (૨) પણ માનનીય વિરોધપક્ષના નેતા વાંચી લે. વિધેયક પાછું ખેંચવાની અનુમતિ માગતા પ્રસ્તાવ પર કોઈપણ ચર્ચા કરવા દેવામાં આવશે નહીં. ૧૪૮(૧) અને (૨) બહુ સ્પષ્ટ છે અને જ્યાં સુધી ગીતાનો સવાલ છે ત્યાં સુધી આ ગૃહ માટે તો આ વિધાનસભાના નિયમો જ ગીતા હોય. આ ગૃહ વિધાનસભાના નિયમો મુજબ ચાલી શકે.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે પ્રશ્ન ઉભો કર્યો છે and he has very rightly said that the decision on the issue will become a kind of a path finder as far as the business in the House is concerned. Sir, issue at debate is that do we follow in toto what is the exact interpretation mentioned based upon certain precedents which did take place outside the precincts of this House. Or do we have a system where the decisions of the former Speakers and the business that came up before this House and the rules that were formed out of that, the rule supreme as far as the conduct of the House is concerned. Now the issue at debate is whether this is a continuous bill, the answer is yes so far so the government is a process in continuance, this is a continuous process and therefore I do not think there is any debate on that whether this bill should be treated as continuous process or not and therefore, the Hon.ble Minister in charge of this Bill, who is piloting this Bill is fully within his right to come up and either ask or pilot the Bill for further debate or take recourse to rule ૧૪૮ and exercise his right and seek the kind of the process as it is provided under rule ૧૪૮ of this House. Rule ૧૪૮ is absolutely clear. It clearly establishes the supremacy of the House. It is not the absolute right that has been vested in the Government. The right is absolutely vested with the honorable Members of this House that if they permit, it is not an unqualified right. Therefore, it is not as the Leader of the Opposition says, but if we go beyond the precincts of this rule ૧૪૮ which also challenges the supremacy of this House and the rights of the Members which are granted to them as the Honorable Members of the House and thereby permit them to vote either in favor of or against the mandate that has been placed before the House. So, I personally believe and I would like to state that the Hon.ble Minister is the minister who can pilot this bill fully within his right. The issue at debate is His Excellency has sent a message and that message is fully being honored by withdrawal of this bill and therefore it is in total compliance with the directives which have from His Excellency the Governor of Gujarat and it is fully within the competence of this House to permit the Honorable Minister to withdraw this bill. I think rule ૧૪૮ is perfectly in order, and, therefore, if the House desires so, the Honorable Minister may, with the permission of the House, be permitted to withdraw the Bill, sir.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ બન્ને એજન્ડા છે એમાં એક એજન્ડા છે એ આપ વાંચી ગયા કે નામદાર રાજયપાલશ્રીનો સંદેશો, એ આપે ગૃહ સમક્ષ રજૂ કર્યો અને માનનીય રાજયપાલશ્રીનો સંદેશો બહુ કિલયર હતો કે આ વિધેયક ફેર વિચારણા કરવા માટે આ ગૃહને પરત કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ એજન્ડા પૂરો થયો એના પછી, જે બીજો એજન્ડા છે એ આ વિધેયક છે એનો સુધારા પાછો ખેંચવાનો અનુમતિ માગતો પ્રસ્તાવ છે એ રજૂ કરવાનો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારો જ્યારે માનનીય રાજયપાલશ્રીએ સંદેશો પાઠવ્યો હોય એ પછી રાજય સરકાર સ્વતંત્ર છે કે આ બિલનો જે પ્રસ્તાવ છે, એ પાછો ખેંચવો, સુધારાવધારા સાથે રજૂ કરવો કે કોઈ કાનૂની સલાહ લઈને નવા સ્વરૂપે મૂકવો અને એ સ્વરૂપ ઉપર આ સભાગૃહને આ જે રાજય સરકારનો પ્રસ્તાવ છે, જે બિલ છે એના ઉપર કોઈપણ સભ્યશ્રીને એના ઉપર સુધારા મૂકવાનો અધિકાર છે અને એ સુધારા ઉપર વિચારણા કરવાનો પણ અધિકાર છે આ ગૃહનો, એ અધિકાર પણ જતો રહ્યો છે જ્યારે ગુજકોકનો સુધારો આ સભાગૃહ સમક્ષ મૂકવામાં આવ્યો ત્યારે પણ અમે એ જ આગ્રહ રાખ્યો હતો કે માનનીય સભ્યશ્રીનો જે અધિકાર સુધારા મુવ કરવાનો છે એ અધિકાર પણ ઝૂંટવાયો છે, આ બિલ પણ, આ બિલ સુધારા બિલ જ ગણી શકાય એના ઉપર સભ્યશ્રીનો અધિકાર હતો કે એના ઉપર સુધારા મુવ કરે એ માટે પણ મુદત, એનો સમય પણ આપવામાં આવેલ નથી એ અધિકાર પણ આપણો અત્યારે ઝૂંટવી લેવામાં આવ્યો છે એટલે આ બિલ છે, જે સમયસર રજૂ થવું જોઈએ સભાગૃહમાં, અને માનનીય સભ્યશ્રીઓને નિયમ મુજબ સમયસર મળવું જોઈએ એ બે દિવસ પહેલાં મળવું જોઈએ એ પણ મળ્યું નથી, બીજા જે કારણોસર આ બિલો આપણા અટકે છે એ પણ આપના ધ્યાને મૂકવા માગું છું કે, આ ગૃહ છે એ ધારા ઘડનારું ગૃહ છે અને જ્યારે ધારા ઘડનારું ગૃહ છે ત્યારે ધારા ઘડતી વખતે. જે પ્રભારી મંત્રીશ્રી છે એમણે નિયમ, કાનૂન ચકાસણી કરીને આવવું જોઈએ જેથી આ માનનીય સભાગૃહનું ગૌરવ હણાય નહીં પણ આ રીતે ઉતાવળે દર વખતે લઈને આવવાથી (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, બિલની ચર્ચાઓ ઉપર ન જાઓ, બિલ પાછું ખેંચવાનો અધિકાર છે કે નહી એ મુદ્દા ઉપર આપ મંતવ્ય આપો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જરાય ગુણદોષ ઉપર જતો જ નથી, હું તો જે ધારા ઘડવાની જે ઉતાવળ થાય છે એના કારણે આ ગૃહનો સમય બગડે છે એ બાબતે આપશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, (અંતરાય) હું જે વાત કરતો હતો કે આને કારણે વારંવાર બિલો અને રાજય સરકારનો જે હેતુ છે એ પણ સિદ્ધ થતો નથી. અને ગૃહનો હેતુ પણ સિદ્ધ થતો નથી. હું માનનીય અધ્યક્ષશ્રી, નિયમ ૧૪૮ વાચુ છું 'વિધેયકના પ્રભારી સભ્યશ્રી સભાગૃહની અનુમતિથી વિધેયક તેના કોઈ પણ તબક્કે પાછું ખેંચી શકે છે.' આ તો બિલ પાછું ખેંચવાનું નથી, આ તો સુધારા વિધેયકનું જ સુધારા વિધેયક છે. એણે જ્યારે બંધારણની કલમ ૨૦૦ અને ૨૦૦(૧) મુજબ જ્યારે બિલ પરત કર્યું છે ત્યારે પહેલું વાચન, બીજું વાચન અને ત્રીજું વાચન અને દરેક તબક્કે સભ્યશ્રીને એમાં એનો અભિપ્રાય આપવાનો અને આ પ્રસ્તાવ છે એને રીજેકટ કરવાનો અથવા તો સ્વીકારવાનો અધિકાર છે એટલે આની અંદર ચર્ચા થઈ શકે એમ છે અને એટલા માટે આ બિલ જે છે, પ્રસ્તાવ રજૂ કરેલો છે એ ઑર્ડરમાં નથી એટલા માટે કે સમયસર બે દિવસ પહેલા આપવું જોઈએ એ અપાયું નથી અને એના ઉપર સુધારા મુવ કરવાનો અધિકાર પાછો લઈ લેવામાં આવ્યો છે એટલે એ તક મળી નથી અને બીજું જે છે એ એ કે આ વિધેયક બીઝનૅસ એડવાઈઝરી કમિટીમાં પણ મૂકાયું નથી. એટલે આજનો સમય છે એ આજે જ વિચારણા કરવાના બદલે સભ્યશ્રીઓને સુધારા મુવ કરવાના અધિકાર સાથે બીઝનેશન એડવાઈઝરી કમિટી મારફત લઈ આવી અને સરકારી સમયના દિવસે રજૂ કરવામાં આવે એવી મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજીએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો અને તેના ઉપર માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીએ જે પોતાના અવલોકનો રજૂ કર્યા અને માનનીય શકિતસિંહજીના સમર્થનમાં સિનિયર સભ્યશ્રી અર્જુનભાઈએ એમનું મંતવ્ય રજૂ કર્યું. ત્રણેયને શાંતિથી સાંભળ્યા બાદ આપણી વિધાનસભાના નિયમોના ઘડનારાઓએ ખૂબ ચિંતન કરીને આપણા નિયમો બનાવેલા છે. સમગ્ર દેશની અંદર કોઈ એક વિધાનસભાની અંદર આપણા પૂર્વ અધ્યક્ષો અને નિયમોના ઘડનારાઓએ ઘટના બની હોય કે ન બની હોય પણ આવી પરિસ્થિતિ પેદા થાય તો આપણી વિધાનસભાએ શું કરવું જોઈએ એ ખૂબ સ્પષ્ટતાપૂર્વક કહ્યું છે. માનનીય શકિતસિંહજીની એ વાત સાથે સંમત થાઉ છું કે અગાઉ રાજયપાલશ્રીએ આવી રીતે બિલ પાછા મોકલ્યા હોય એવું બિલ અને એ વિધેયક પાછું ખેંચાયું હોય એવી ઘટના આપણે ત્યાં અગાઉ બની નથી. બિલ પાછા મોકલવાની ઘટનાઓ બની છે પરંતુ એના સુધારાઓ સાથે, માનનીય અર્જુનભાઈ જે કહેતા હતા, અગાઉના સમયમાં જે વિધેયકો ત્યાંથી પાછા આવ્યા એના ઉપર આપણી આ જ વિધાનસભાની અંદર આ અગાઉની એક થી અગિયારમી વિધાનસભાની અંદર અલગ અલગ સત્ર દરમ્યાન ક્યારેક એવી ઘટનાઓ બની છે એના આપણે સાક્ષી છીએ. હું એ પણ જોઈ ગયો છું આપણા અધ્યક્ષશ્રીના નિર્ણયોની અંદર કે એવું એક પણ ઉદાહરણ નથી બન્યું કે જેની અંદર રાજયપાલશ્રીએ વિધેયક પાછું મોકલ્યું હોય અને સંસદીય બાબતોના મંત્રી અથવા ટ્રેઝરી બેંચે એ વિધેયક પાછું મોકલવા માટેની વાત કરી હોય એવી આ પહેલી ઘટના છે અને એ ઘટના મારે માટે અને આ ગૃહ માટે સૌથી પહેલી વાત કોઈ હોય તો આપણા પોતાના નિયમો. અને આપણા પોતાના નિયમો શ્રી શકિતસિંહજીએ પણ કહ્યું કે એ ૧૪૮ ના નિયમનો આધાર રાખીએ તો તબક્કાની વ્યાખ્યા આપણા માટે મર્યાદિત થાય છે કે તબક્કા, કયા તબક્કે એ આપણો નિયમ બહુ સ્પષ્ટ છે કે વિધેયકના પ્રભારી સભ્ય સભાગૃહની અનુમતિથી વિધેયક તેના કોઈ પણ તબક્કે પાછું ખેંચી શકશે. હવે જ્યારે સભ્ય પાછું ખેંચે છે ત્યારે શું પરિસ્થિતિ થાય એટલા માટે

એમણે પહેલેથી કહ્યું ૧૪૮ (૧) અને ૧૪૮ (૨) વિધેયક પાછું ખેંચવાના અનુમતિ માગતા પ્રસ્તાવ ઉપર કોઈ ચર્ચા કરવા દેવામાં આવશે નહીં. શ્રી અર્જુનભાઈનો ચર્ચા કરવાનો જે આગ્રહ છે એ ત્યારે સંભવિત બને છે કે જો સરકાર રાજયપાલશ્રી પાસેથી બિલ પાછું આવે અને એને ફરીથી સુધારા વિધેયક તરીકે લાવે તો એના ઉપર સુધારાનો ચોક્કસ અવકાશ છે અને એ સાથે બધી જ વિધેયકની જે બાબતો છે એને આપણે લાગુ પાડી શકીએ. કૌલ શકધર એ આ દેશ માટે જુદી જુદી સંસદીય પરંપરાઓની માર્ગદર્શક દિશા આપતું પુસ્તક છે. એટલે કોઈ દિશા આપતું પુસ્તક, અર્થઘટન કરી આપતું પુસ્તક, એને આપણે માન્ય રાખવું એ મારા માટે અગત્યનું છે કે આપણા નિયમોનું પાલન કરવું, તો હું ચોક્કસ માનું છું કે, શકિતસિંહજી જેવા કાયદાના નિષ્ણાત એમ કહેશે કે, બંધારણ એ આ દેશનું સૌથી સર્વશ્રેષ્ઠ છે અને બંધારણ ઉપરની જે કોમેન્ટ્સ છે એના પર આધાર રાખી શકાય નહિ. એ જ રીતે આજે જો કોઈ નિર્ણય મારા માટે કરવાનો હોય તો, હું ૧૪૮ના આધારે નિર્ણય કરું છું. જે આ સભાગૃહના સૌ સભ્યશ્રીઓ માટે બંધનકર્તા છે. ૧૪૮ના નિર્ણય પ્રમાણે કોઈપણ તબક્કે આ વિધેયકને પાછું ખેંચી શકાય છે અને એટલા માટે હું માનનીય મંત્રીશ્રીને વિધેયક પાછું ખેંચવાની અનુમતિ આપું છું.

# માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રીનો પ્રસ્તાવ

### વિધેયક પાછું ખેંચવા અંગે

**શ્રી અમિત શાહ (રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૩૦, સન ૨૦૦૬નું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૩૦, સન ૨૦૦૬નું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક પાછું ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી:** વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

### પૉઈન્ટ ઑફ કલેરિફિકેશન

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઈફ યુ પરમીટ મારો પૉઈન્ટ ઑફ કલેરિફિકેશન છે.

**અધ્યક્ષશ્રી:** હું છે એ જાણ્યા વગર હું હા કે ના કહી શકું નહિ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુધારા વિધેયક પાછું ખેંચાયું છે. એનો બેઝ એ છે કે, આર્ટિકલ-૨૫ ના ભંગ બદલ છે. મારે મંત્રીશ્રી પાસેથી કલેરિફિકેશન એટલું જોઈએ છીએ કે, ઓરિજિનલ ૨૦૦૩નું બિલ પણ પાછું ખેંચવા સરકાર આવવા માગે છે કે કેમ?

**શ્રી અમિત શાહ** : નાજી.

# સરકારી વિધેયકો

### સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૬

# ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક

### સન ૨૦૦૮ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમૂક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૬, સન ૨૦૦૮ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી:** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૬, સન ૨૦૦૮ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

**અધ્યક્ષશ્રી:** સભાગૃહની આજની બેઠકનો સમય ૧૨-૦૦ વાગ્યાથી ૫-૧૫ સુધીનો છે. આ બેઠકમાં પૂરક વિનિયોગ વિધેયક અને અંદાજપત્ર પરની ચોથા અને છેલ્લા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવાના છીએ. પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા ૧૦ સભ્યોએ તેમના મુદ્દા આપ્યા છે. વિધાનસભાના નિયમોના નિયમ- ૨૩૮(૩) મુજબ આવા વિધેયક ઉપરની સઘળી ચર્ચા સભાગૃહની બેઠક મુલતવી રાખવાના નક્કી કરેલ સમયના એક કલાક અગાઉ પૂરી કરવાની થાય છે. પરંતુ આગળ જણાવ્યું તેમ આ બેઠકમાં પૂરક વિનિયોગ

* વિધેયક તારીખ.૫મી માર્ચ, ૨૦૦૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

વિધેયક તથા અંદાજપત્ર પરની ચોથા અને છેલ્લા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવાની હોઈ નિયમ-૨૩૯ હેઠળ મને મળેલ સત્તાની રૂએ નિયમ-૨૩૮(૩) મુજબ એમાં છૂટછાટ મૂકીને પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચા અને મતદાન માટે બપોરના ૨-૧૫ વાગ્યા સુધીનો સમય ઠરાવું છું, થોડો સમય જરૂર પડશે તો વધારીશું તથા વિનિયોગ વિધેયકમાં ચર્ચામાં ભાગ લેવા ૧૦ સભ્યશ્રીઓએ મુદ્દા આપેલા હોઈ ચર્ચામાં ભાગ લેવા તેમને ત્રણ મિનિટનો સમય ફાળવું છું, તદ્અનુસાર આ મુદ્દાની ચર્ચા સમાપ્ત થયા બાદ વિધેયક સભાગૃહના મત માટે મૂકવામાં આવશે.

# ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક (ક્રમશઃ)

**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજના પૂરક વિનિયોગ વિધેયક્ના મુર્દ્દ પૈકી 'મતદાર યાદીમાં વ્યાપક ક્ષતિઓ તાત્કાલિક અસરથી દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા.' આ અંગે હું આપના દ્વારા સરકાર પાસે કેટલાક સૂચનો મૂકું છું. એ એટલા માટે કે ચૂંટણી દરમ્યાન વિવિધ સંસ્થાઓ અસ્તિત્વમાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, જયારે ચૂંટણીનું તંત્ર ગોઠવાયું હશે ત્યારે લોકશાહીની દેવીને ધ્યાનમાં રાખીને ગોઠવાયું હશે, પણ છેલ્લા સમયની ચૂંટણીઓ આપ જોશો, તો ઓળખ કાર્ડ હોય, મતદાર યાદીમાં નામ ન હોય. ઓળખ કાર્ડ હોય, મતદાર યાદીમાં નામ પણ હોય અને મતદાર યાદી અને ઓળખ કાર્ડના એ.પી.એફ. નંબર એક હોય અને સામાન્ય ક્ષતિના કારણે એને મતદાનથી વંચિત રાખવામાં આવે. મતદાર કાર્ડ મતદાર યાદીમાં ઈસ્યુ થઈ ગયેલ બતાવવામાં આવે છે અને મતદારને ઓળખ કાર્ડ મળતું નથી. તંત્રની આવી ગંભીર ક્ષતિઓ આ વખતે આ ચૂંટણીઓમાં આપણે જોઈ છે. જયારે આવી ફરિયાદોમાં એને ફોટો આપવાનું મતદાર યાદીમાં ઈસ્યુ થઈ ગયેલ છે, પણ એને ફોટો મળતો નથી. એવી સંસ્થાઓ, એવી એજન્સીઓ, જે કામ કરે છે એને માટે આ ચૂંટણી પંચમાં શું દાખલો બેસાડી શકાય એવા નિયમો લાવવા માગીએ છીએ? ફોટો પાડવા માટેની જે એજન્સી નકકી થાય છે એ ફોટો પાડીને એના બીજા દિવસે કાર્ડ ઈસ્યુ કરવાની વાતો કરે છે, પણ કાર્ડ મળતું નથી. ઘરે ઘરે જઈને ફોટો પાડવાનો કાર્યક્રમ તૈયાર થાય છે, મારા વિસ્તારમાં હું આપને કહું કે ૪ ટીમો બની. આખા દિવસમાં આ ૪ ટીમો ફોટોગ્રાફર અને અધિકારીઓ સાથે આખા તાલુકામાં ફરે છે, ત્યારે માત્ર ૫૦ ફોટા પડીને આવે છે. આ એટલા માટે કે...

**શ્રી અમિત અ. શાહ**: મારી વાત નાનકડી જ છે. ચૂંટણી કમિશનની વાતની અહીંયાં કયાં સમીક્ષા થઈ શકે?

**અધ્યક્ષશ્રી** : એમનો મુદ્દો અહીંયાં સ્વીકારાયો છે, એટલે એના ઉપર ચર્ચા કરે છે. (અંતરાય) આપને પણ જવાબ આપવાનો અધિકાર છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ એટલા માટે કહું છું કે આ વખતનું જે • (ચૂંટણીનું કામ થયું છે એ જાણી જોઈને કેટલાક વિસ્તારોમાં, કેટલાક રાજકીય પક્ષોના ઉમેદવારોને કેમ હરાવવા, એ ક્ષતિઓ જાણી જોઈને સરકાર દ્વારા અને ચૂંટણી પંચ દ્વારા ઉભી કરવામાં આવી છે) એમ કહેતાં પણ હું અચકાતો નથી. એટલા માટે કે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ, હું એ જ કહું છું. આપણા નિયમોની અંદર સ્પષ્ટ છે. આપ તો વિરોધ પક્ષના દંડક રહ્યા છો. આપે ચૂંટણી પંચ માટે જે શબ્દો વાપર્યા છે, એ વીથડ્રો કરી લો અને ખૂબ ગંભીરતાપૂર્વક લો. આપને શબ્દો વીથડ્રો કરવા માટે કહેવું પડે એ પણ મને ગમતું નથી. આવા શબ્દો કયારેય ન વપરાય. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી કહેતા હતા એ મર્યાદામાં આપ બોલ્યા હોત તો વાંધો નહોતો, પણ ચૂંટણી પંચ માટે આપે જે શબ્દો વાપર્યા છે, એ વીથડ્રો કરી લો અને ખેદ વ્યકત કરો તો સારું રહેશે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ લાગણીનો સવાલ નહોતો. આપ કહો છો એટલે આ શબ્દો વીથડ્રો કરું છું. પરંતુ જે ઘટનાઓ ઘટી છે એ ઘટનાઓ તરફ ધ્યાન નહીં આપીએ તો આવતા દિવસોમાં એના જે પ્રત્યાઘાતો પડશે, સામાન્ય અને ગરીબ મતદાર તો મતદાર યાદીમાંથી વંચિત રહી જશે. આ મતદારો સરકારો બનાવે છે. આવા એકપણ મતદાર આ મતદાર યાદીમાંથી વંચિત રહી જતા હોય ત્યારે જયારે આપણે પોલીંગ એજન્ટ કોઈપણ ગુનેગાર ન હોવો જોઈએ એવું કહીએ છીએ, તો આવા ચૂંટણીમાં કામગીરી કરવાવાળા લોકો જે ક્ષતિઓ કરે છે એની ફરિયાદો થાય છે, એ થયેલી ફરિયાદો ઉપર તંત્ર કોઈ કડક હાથે કામ લેવા માગે છે કે કેમ? એ આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૦૮નું પૂરક માગણીઓ મંજૂર કરી એના ખર્ચ માટેની અનુમતિ માગતું વિનિયોગ વિધેયક લઈને આવ્યા છે ત્યારે જયારે ખર્ચની માગણી હતી ત્યારે મેં કેટલાક મુદ્દાઓની રજૂઆત કરી હતી. તો એ વખતે જો માનનીય નાણામંત્રીશ્રીએ એની

---

• (     ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો સભ્યશ્રી દ્વારા પાછા ખેંચાવી લેવામાં આવ્યા છે.

સ્પષ્ટતા કરી હોત તો આજે મારે કહેવાનું ના હોત, પરંતુ નવી સેવાઓ માટેની એકાએક જરૂરત પડે, બજેટમાં પૂરતી જોગવાઈ હોય, એનું ખર્ચ થાય નહીં અને એને રિ-એપ્રોપ્રિએશન કરીને એ પૈસા બીજે લઈ જવામાં આવે અને નવી સેવાઓ માટે આ ગૃહ પાસે માગણી લાવવાની આ પરંપરામાં પ્લાનિંગ ખર્ચ માટેની નથી, પરંતુ ૨૫૩૫ કરોડ રૂપિયાનું મહેસૂલી ખર્ચ એટલે કે નોન પ્લાનિંગ એકસપેન્ડીચર છે, ૨૮૫૬ કરોડ રૂપિયામાંથી ૨૫૩૫ કરોડ રૂપિયા એ મહેસૂલ ખર્ચ નોન પ્લાન માટેની માગણીઓ છે અને ત્યારે આ વિનિયોગ વિધેયક તો ગૃહ પસાર કરશે. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ માગણી ક્રમાંક ૧૫ એમાં મુદ્દો સ્પષ્ટ છે અને કર્મચારીઓના પગાર માટેનો છે અને એ આખા ડિપાર્ટમેન્ટ વિશે બોલે છે.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે તેમના માટે ૩ જ મિનિટ છે એટલે પહેલાં એમને જે કાઈ કહેવાનું હોય એ કહી દેવા દો અને પછી જવાબમાં આપ જે કહેવાનું હોય એ કહેજો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સચિવાલય સેવાઓમાં જે બજેટમાં પૂરતી જોગવાઈ હોવા છતાં આડેધડ આનો ખર્ચ કરવાની નીતિના કારણે પૂરક માગણીઓ માટે ચાલુ વર્ષે થયેલ કે થનાર ખર્ચ માટે નાણાકીય શિસ્ત અંગેનો મારો મુદ્દો છે કે નાણકીય શિસ્તનો ભંગ થાય અને જે વસ્તુ માટે ખર્ચ કરવા માટેની અનુમતિ હોય ત્યાં એ ખર્ચ ના થાય અને નવું ખર્ચ કરવામાં આવે અને મેં મારો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે ગુજરાત ટ્રેકટરના કર્મચારીઓ જે છે એને વી.આર.એસ.આપવા માટેની નવી સેવાઓની માગણીઓ લેવામાં આવેલ એની જો સ્પષ્ટતા કરી હોત તો હું ના કહેત. ગુજરાત ટ્રેકટરનું જે કારખાનું વેચેલું તો એમાં તો લેનારની જવાબદારી કર્મચારીઓ માટેની આવી જાય. આ કારખાનું જે તે સમયે પાણીના ભાવે આપી દીધું અને વેચવાની પણ અનુમતિ આપી અને એની જવાબદારી આપણે ભોગવીએ અને એના માટેની નવી સેવાઓની માગણીઓ કરવામાં આવે તો ત્યારે પણ આનો મુદ્દો મેં ઉપસ્થિત કર્યો હતો એની કોઈ સ્પષ્ટતા પણ કરેલ નથી અને આવી માગણીઓ માટેની નવી સેવાઓ માટેની માગીણઓ આ ગૃહમાં આવે ત્યારે રાજયની નાણાકીય બાબતોમાં કાળજી રાખવાની હોય છે અને એટલા માટે માનનીય નાણામંત્રીશ્રીનું ત્યારે પણ ધ્યાન દોર્યુ હતું અને એની કોઈ જ સ્પષ્ટતા કે જવાબ આપવાની પણ તેમણે દરકાર કરી નહોતી. એટલે મારે આ મુદ્દો ઉપસ્થિત કરવો પડયો હતો.

**શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી પ્રકાશનોમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના સૂચનોને મહત્વ આપવામાં આવેલ છે અને સારી રીતે એનું અવલોકન પણ કરવામાં આવે છે. એ જ પ્રમાણે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પણ એટલા જ મહત્વના છે, ગૃહમાં પણ તેમનું એટલું જ મહત્વ છે, કેટલીક વખત માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનાં સૂચનો પણ એટલાં જ અગત્યનાં હોય છે અને રાજય માટે પણ મહત્વનાં હોય છે ત્યારે એવાં નિવેદનોને રાજયના પ્રકાશનોમાં મહત્વ આપવામાં આવતું નથી. મારું સૂચન છે કે આવાં રચનાત્મક સૂચનો જે રાજય માટે અને રાજયની જનતા માટે મહત્વનાં હોય, અગત્યનાં હોય તો એવા સૂચનોને પણ એટલું જ મહત્વ આપીને આ પ્રકાશનોમાં છાપવાં જોઈએ. ઘણી વખત માત્ર અવગણના કરવાની ખાતર અને મહત્વ ન આપવાને ખાતર અને સારી બાબત હાઈલાઈટ ના થાય એ માટે આવા સૂચનોને પ્રકાશનમાં છાપવામાં આવતાં નથી અને આ પણ એક ઔચિત્યભંગ સમાન છે. મારી લાગણી છે કે આવાં સૂચનોને ચોકકસ સ્થાન આપવું જોઈએ જે અપાતું નથી.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા(ઉમરેઠ)** : માનનીય અધ્યક્ષશ્રી, અકસ્માત અથવા બિમારીના કારણે કર્મચારીનું મૃત્યુ થવાને કારણે રહેમ રાહે નોકરી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે ત્યારે, બધા જ દસ્તાવેજો બધા જ પૂરાવા, બધા જ જરૂરી કાગળો સમયસર જે તે મૃત્યુ પામેલ કર્મચારીઓના કુટુંબી દ્વારા સરકારમાં રજૂ કરવામાં આવ્યા હોય તેમ છતાં પણ મને એ સમજાતું નથી કે શા માટે રહેમ રાહે નોકરી આપવામાં વિલંબ થાય છે? આજે મારે, અગાઉ માનનીય શંકરસિંહજી વાઘેલા મુખ્ય મંત્રી હતા અને એક જ નિર્ણયથી જેટલાએ રહેમ રાહે નોકરી માગી હતી તે તમામને રહેમ રાહે નોકરી આપી દેવામાં આવેલી હતી, તે જ પ્રકારનો નિર્ણય લઈ અને આ સરકાર પણ જો ખરેખર જરૂરીયાતમંદ લોકોને મદદરૂપ થવા માગતી હોય તો રહેમ રાહે નોકરી માગતા તમામને શા માટે સમય મર્યાદામાં નોકરી આપતી નથી? અને જે કેટુંબમાં ખરેખર મૃત્યુ પામેલ કર્મચારી હાજર ન હોય, ત્યારે આર્થિક એટલી બધી ભીંસમાં હોય છે તેવા સમયમાં જો સરકાર દ્વારા ત્વરીત નિર્ણય લઈ અને રહેમ રાહે નોકરી આપવાનો નિર્ણય લઈ લેવામાં આવે તો સાચા અર્થમાં ગુજરી ગયેલ કર્મચારીના કુટુંબની આ સરકાર દ્વારા આશિર્વાદરૂપ સેવા કરી હોય તેવું પ્રસ્થાપિત કરી શકાય. માટે મારી ફરીથી આપના દ્વારા સરકારશ્રીને વિનંતી છે કે રહેમ રાહે જે કોઈ નોકરી મેળવવા માગે છે એમને સમય મર્યાદામાં નોકરી મળે તેવા પ્રકારની વ્યવસ્થા થવી જોઈએ.

**શ્રી મુકેશ ભે. ગઢવી(દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે જયારે ચૂંટણી આવતી હોય છે અને મતદાનનો સમય હોય છે તે વખતે મતદારો કોઈપણ જાતના ગંભીર બનાવો ન બને, મારા મારી ન થાય, એક બીજા જુથોના ટોળા ભેગા ન થાય તેના માટે વધુ ને વધુ અપેક્ષા એ પોલીસ કર્મચારીઓ પાસે રાખતા હોય છે. અને સરકારની વયવસ્થાના ભાગ રૂપે જયાં જરૂર પડે ત્યાં આપણે હોમગાર્ડને તૈનાત કરીએ છીએ. અને ફરજ પર મૂકીએ છીએ. જરૂર પડે ત્યાં એસ.આર.પી. પણ મોકલીએ છીએ. અને જરૂર પડે ત્યાં ગુજરાત સરકારની

પોલીસનો બંદોબસ્ત પણ ગોઠવાતો હોય છે. સરકારની પણ એ ભાવના હોય છે અને ચૂંટણી પંચની પણ એ ભાવના હોય છે કે રાજયમાં સુલેહ શાંતિનો ભંગ ન થાય, અને શાંતિથી ચૂંટણી પસાર થાય. પણ આ વિચારધારાને ધ્યાને લઈ અને પોલીસ કર્મચારીઓ કે જેમને છેવાડાના બૂથ ઉપર નિમણૂક કરવામાં આવી હોય છે અને એમને ત્યાં ફરજ ઉપર મૂકવામાં આવ્યા હોય છે તેમને સમયસર વાહન, સમયસર ભોજન એ મોકલવાની પણ આપણા સૌની ફરજ બને છે. કેટલીક જગ્યાએ એવા આક્ષેપો થાય છે કે ફલાણા બૂથ ઉપર મૂકેલ કર્મચારીને ફલાણી વ્યકિતએ જમવાની વ્યવસ્થા કરી દીધી છે. એટલે સવારે તે ફૂટી ગયા છે અને બોગસ મતદાન થયું છે. એટલે આ વાત પણ આપણા સૌ માટે કાળી ટીલી સમાન છે. એટલે આ લોકોની વ્યવસ્થા માટે નોર્મલી કલેક્ટર પોતે એક જાહેરાત આપે છે અને ટેન્ડર બહાર પાડતા હોય છે અને જણાવવામાં આવે છે કે આટલા પોલીસ કર્મીઓને આ પ્રકારની ભોજન વ્યવસ્થા બનાવવાથી માંડીને પહોંચાડવા સુધીની તમામ જવાબદારી હોય છે. જેનું સૌથી નીચું ટેન્ડર આવ્યું હોય એને ઑર્ડર આપવામાં આવે છે. (સમય સૂચક ઘંટડી) માનનીય બીજા ઘણા સભ્યશ્રીઓ બોલ્યા નથી તેથી મને બે ત્રણ મિનિટ આપો. મારી સરકારને નમ્ર વિનંતી છે કે આ પ્રથામાંથી બહાર નીકળીને પોલીસ કેન્ટીનમાંથી અથવા તો સરકારનો જે કંઈ ભોજન વ્યવસ્થાનો કાર્યક્રમ સદંતર ચાલતો હોય તેમાંથી પૂરું પાડવું જોઈએ અને આ જે ટેન્ડર પદ્ધતિથી વ્યવસ્થા ગોઠવવામાં આવે છે તેને બંધ કરી દેવી જોઈએ. સરકાર દ્વારા જે વ્યવસ્થા ગોઠવવામાં આવે એમાં એમની જવાબદારી ફિક્સ કરવામાં આવે અને પોલીસોને તંદુરસ્ત ભોજન મળે અને છેવાડાના બૂથ સુધી પહોંચે તેવી મારી સરકારશ્રી સમક્ષ રજૂઆત **છે.**

# અધ્યક્ષશ્રીનું અવલોકન

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી જવાબ આપે એ પહેલા મારે સભાગૃહનું ધ્યાન દોરવું છે કે વિનિયોગ વિધેયકની ચર્ચા નિયમ ૨૩૮(૫) નીચે મુદ્દાઓ ઉપસ્થિત થયા છે. ઉપસ્થિત કરનાર સભ્યશ્રીઓ દસ હતા એ પૈકી કેટલાક સભ્યશ્રીઓ આ ગૃહની અંદર મુદ્દા ઉપસ્થિત થયા ત્યારે હાજર હતા અને જેવી ચર્ચા શરૂ થઈ એટલે એ બહાર જતા રહ્યા. બહાર જવાનો એમનો અધિકાર છે પરંતુ પોતે મુદ્દો ઉપસ્થિત કર્યો હોય એની ચર્ચા આવવાની હોય અને એ ચર્ચા વખતે બહાર જાય એ યોગ્ય નથી એવું મારુ સ્પષ્ટ માનવું છે.

તે જ રીતે પ્રશ્નોત્તરી વખતે પ્રશ્ન પોતાનો મૂકે અને બધી જ વિધિ પતીને પ્રશ્ન અહીંયાં સભાગૃહમાં આવે ત્યારે એની ચર્ચા વખતે સભ્યશ્રીઓ ગેરહાજર રહે. સંભવ છે કે કોઈ અગત્યની જરૂરિયાત હોય બહાર ગૃહ કરતાં પણ વધારે અગત્યનું કામ હોય અને ગેરહાજર રહે એ બનવા જોગ છે. પરંતુ જેવો પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે અને તરત જ અહીંયાં પ્રગટ થાય આ બંને બાજુ માટે યોગ્ય નથી. એટલા માટે હું આશા રાખું છું કે આ સભાગૃહની અંદર બહુ જ ચિંતનવાળા સભ્યશ્રીઓ છે અને એમનું યોગદાન વધે એ હેતુથી આપને માર્ગદર્શન આપું છું.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓના કુલ દસ મુદ્દા હતા એમાંથી પાંચ સભ્યશ્રીઓએ પોતાના મુદ્દા રજૂ કર્યા છે. આ પાંચમાંથી બે તો ચૂંટણી અંગેના હતા. માનનીય જગદીશભાઈએ વાત કરી મારે ફક્ત એટલું જ કહેવાનું છે કે ચૂંટણી અંગેનું કામ થાય છે એ ચૂંટણી પંચ નક્કી કરે છે. ગુજરાત સરકારની અંદર ચૂંટણી અધિકારી નિયુક્ત કરે છે એ આ બધી કાર્યવાહી કરે છે. રાજય સરકારે એમાં કંઈ કરવાનું રહેતુ નથી. ન તો ફોટા પડાવવા માટે કે ન તો આઈડેન્ટીકાર્ડ આપવા માટે. આપણે તો એટલું જ કરવાનું હોય કે ગુજરાત રાજયના ચૂંટણી અધિકારી છે એ ચૂંટણી પંચના નિયમો પ્રમાણે જે આપણી પાસે મદદ જોઈતી હોય એ આપણે આપીએ છીએ, મદદ કરીએ છીએ. ચોક્કસ એની અંદર ફરિયાદો આવતી હોય છે. ઘણા પ્રકારની ફરિયાદો હોય છે, ઘણીવાર એવું બને પહેલા તો ચૂંટણી પંચ કહે છે એ પ્રમાણે લિસ્ટની અંદર એનું નામ હોવું જોઈએ, નામ પછી ફોટાવાળું આઈડેન્ટીકાર્ડ હોવું જોઈએ એ કદાચ ન હોય તો ઇન્કમટૅક્સનું કાર્ડ હોય, આર.ટી.ઓ.એ આપણને લાઇસન્સ ફોટાવાળું ઓળખપત્ર આપેલ હોય તે હોય તો મત આપવાની છૂટ આપતા હોય છે. કયાં કેટલી છૂટ આપવી એ આપણે નક્કી કરવાનું નથી હોતું. ઘણીવાર જૂનું કાર્ડ હોય પણ મતદારયાદીમાં નામ ન હોય, કાર્ડ હોય એટલે મારે મત આપવા જવાનું છે પરંતુ ત્યાં વિપરીત પરિસ્થિતિ એવી થતી હોય કે કાર્ડ હોય પણ મતદારયાદીમાં નામ ન હોય તો મત આપવા દેવામાં આવતો નથી. તો આપણને મતદાન કરવા દેવામાં આવતું નથી. આ બાબતમાં જે જે થયું છે તે રીતે જે તે વખતે અધિકારીઓને ફરિયાદ કરવામાં આવી છે અને આ ટોટલ જે કંટ્રોલ અને સુપરવીઝન છે તે ચૂંટણી અધિકારીનું હોય છે. તેમાં રાજય સરકારે કંઈ વિશેષ કરવાનું હોતું નથી. રાજય સરકારે તેના માટેના પેસા પ્રોવાઈડ કરવાના હોય. અત્યારે આ વખતે અંદાજે ૩૧ કરોડ રૂપિયા વધારે ખર્ચ થયો તે આપણે આપવાને માટે, રાજય સરકારમાં વિધાનસભાની ચૂંટણી હોય ત્યાં પૂરેપૂરો ખર્ચ રાજય સરકારે ભોગવવાનો હોય. લોકસભાની ચૂંટણી આવે ત્યારે તેનો પૂરેપૂરો ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવે અને ઘણી વાર ચૂંટણીઓ સાથે આવે, એટલે લોકસભા અને ધારાસભાની, ત્યારે બન્નેએ ૫૦-૫૦ ટકા ખર્ચ ભોગવવાનું આ રીતે નક્કી હોય છે. આ વખતે વિધાનસભાની ચૂંટણી માટેનું ખર્ચ રાજય સરકારે ભોગવ્યું છે. ચૂંટણી પંચના અહેવાલ મુજબ જે ખર્ચ માગ્યું એ ટોટલ આપણે પૂરેપૂરું આપી દીધું છે.

બીજું, માનનીય મુકેશભાઈએ જે વાત કરી છે કે ભોજનમાં મુસીબત થાય છે. ભૂતકાળમાં આવી મુસીબત ન થાય એટલા માટે કોન્ટ્રાકટ આપે. જમવાની સગવડતા પોલીસવાળા કયાંથી કરે? આપણે જે ૫૦ રૂપિયા ભથ્થું અપાતું હતું તે ૫૨ ડે ૧૦૦ રૂપિયા કરી દીધું છે. એટલા માટે થઈને કે લગભગ જે જગ્યાએ હશે, ત્યાં આગળ હવે હું તમને કહું કે પોલીસવાળા અને હોમગાર્ડવાળા હોય, પોલીસવાળા કેવી રીતે વ્યવસ્થા કરી શકે અને તેનું મારે કંઈ કહેવાનું નથી. •(xxxxx) છતાંય જો આપણે રાજય સરકારે કંઈ કરવાનું હોય, એવું કોઈ સૂચન હોય કે હજી કદાચ એ ૧૦૦ રૂપિયાનું ભથ્થું ઓછું પડે છે તો આપણે તેમાં ચોક્કસ વધુ કરી શકીએ. પણ આ જે ટોટલ કંટ્રોલ છે તે તેમની નીચે છે.

બીજી વાત માનનીય બાબુભાઈએ પણ કરી. અત્યારે પૂરવણી બજેટ લાવવું તે નાણાંકીય શિસ્તમાં નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે જ્યારે રાજયની આવક વધતી હોય, આજે રાજયની આવકમાં વધારો થાય તે વધારાના પૈસા ખર્ચ કરવા માટે થઈને આયોજન તો કરવું જ પડે. એ ખર્ચ માટેનું આયોજન કરવા માટે થઈને આ પૈસાનું પૂરવણી બજેટમાં આયોજન કર્યું છે. આ વખતના બજેટમાં વધારાની આવક આપણી થઈ, મહેસૂલી આવકમાં લગભગ ૨૦૦૦ કરોડનો વધારો થયો અને આ રકમમાંથી વિકાસલક્ષી કામો છે એ આગળની જે પુરાંત હતું અને આજે વધારો થયો તેમાંથી થઈને ૨૨૪૭ કરોડ રૂપિયા વિકાસલક્ષી કામમાં ફાળવ્યા. કુલ ૨૮૦૦ કરોડ રૂપિયા હતા. તેમાંથી આટલા તો વિકાસના કામો માટેની રકમ ફાળવી અને આપણાં ટોટલ બજેટના અંદાજે સાડા છ ટકા થઈ છે. અત્યાર સુધીના બજેટની રીતે મૂક્યા છે તેમાંથી ઓછામાં ઓછું પૂરવણી બજેટ હોય તો આ સાડા છ ટકા વાળું છે. માનનીય બાબુભાઈ, બાકીનું નાણાખાતાની માગણી આવશે ત્યારે હું કહીશ. આપ પણ આ ખાતામાં મંત્રી રહી ચૂક્યા છો. ત્યારે કેટલું બજેટ, ત્યારે કેટલા ટકા હતા એ હું અત્યારે જાહેરમાં ઓપન નથી કરતો. પછી ખાનગીમાં હું તમને કહીશ કે કેટલું છે. પણ આ જે વાત છે એ કોઈ તેમાં નાણાકીય અશિસ્ત નથી. પૈસા પડ્યા હોય અને વિકાસના કામમાં હું ન માગું તો પણ એ યોગ્ય ન કહેવાય. એટલા માટે થઈને આ રકમની પૂરક માગણી લઈને આવ્યો છું.

માનનીય હીરાભાઈએ જે વાત કરી છે કે પ્રકાશનમાં રચનાત્મક સૂચનોને મહત્ત્વ આપવું જોઈએ. ચોક્કસ તમારી વાત સાથે સંમત થાઉં છું કે ગુજરાત રાજયનું પ્રકાશન હોય છતાં કોઈ પણ ધારાસભ્ય તેનું સૂચન હોય તે કરે. પણ એવા કોઈ સૂચનો આપ્યા હોય અને ન છાપ્યા હોય તો એ કહો તો માહિતી ખાતાનું ચોક્કસ ધ્યાન દોરી શકીશું. બાકી માનનીય લાલસિંહભાઈ વડોદરિયાએ જે વાત કરી છે, તેમણે જિલ્લા પંચાયતની રહેમરાહે નોકરી માટેની તેમની વાત હતી. તેમાં તા. ૧-૧-૨૦૦૪થી તા. ૨૮-૨-૨૦૦૮ સુધીમાં ૨૫૩૮ લોકોને નોકરી આપી છે અને ૩૧-૧-૨૦૦૮ના રોજ ૫૦૬ કેસો પેન્ડીંગ છે. એને પણ આમાં બધાની અંદર વહેલામાં વહેલી તકે નોકરી મળે એના માટે આયોજન છે. છતાં કોઈ જે કેસ કરવા જેવા હોય અને ચોક્કસ ન કરતા હોય તો ઈન્ડીવિઝયુલ કોઈ હોય, સૈદ્ધાંતિક રીતે આના બદલે આટલો ફેર કરીને આ થઈ શકે એવું સૂચન હોય અને એ એકસેટેબલ સ્વીકાર્ય હોય તો એ કરીશું અને રહેમરાહે નોકરીનો જે સિદ્ધાંત સ્વીકાર્યો છે એ પ્રમાણે વહેલામાં વહેલી તકે નોકરી મળે તે માટે રાજય સરકારે વિચાર કર્યો છે. માનનીય સભ્યશ્રીઓએ જે રીતે મુદ્દા આપ્યા છે એનો મે ટૂંકમાં જવાબ આપ્યો છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮ ગુજરાત વિધેયક ક્રમાંક-૬ સન ૨૦૦૮ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૩ અને અનુસૂચિ, કલમ-૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮ ગુજરાત વિધેયક ક્રમાંક-૬ સન ૨૦૦૮ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૮ ગુજરાત વિધેયક ક્રમાંક-૬ સન ૨૦૦૮ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

---

• **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી ૨૦૦૮-૨૦૦૯નું રૂ.૪૯૮૬૦.૧૯ કરોડનું જે અંદાજપત્ર લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજૅટનું સ્વરૂપ કેવું હોવું જોઈએ અને નાણામંત્રી કેવા હોવા જોઈએ એના અનેક અભિપ્રાયો અહીંયાં બધાએ ઉપસ્થિત કર્યા. એક બહુ સાચી વાત એ કરી કે, નાણામંત્રી એવા હોવા જોઈએ કે, જે ફૂલમાંથી જે રીતે અર્ક લઈને મધ બનાવે છે અને એ મધ બીજાને આપે છે. નાણામંત્રીની આ પ્રકારની કલ્પના કરી. એમાં મારા વિદ્વાન મિત્ર જયનારાયણભાઈ અહીંયાં નથી. એમણે નાણાંમંત્રીને ભ્રમર સાથે સરખાવવાને બદલે ભમરા સાથે સરખાવ્યા. કારણ કે, હું તો ગામડામાં રહું છું. મધમાખી ઘણી ખરી કરડી ગઈ છે. મોઢા લાલઘુમ થયાં છે અને ભમરો તો બહુ જ હિંસક હોય છે, એક વખત ભમરો કરડ્યો અને એમાં પણ માણસને કરડ્યો તો એ તો સુજાડી તો દે પણ બેભાન કરી નાખે. (અંતરાય) એ પણ કરડી ગયો છે કારણ કે હું એરકન્ડીશન રૂમમાં રહ્યો નથી એટલે જયનારાયણભાઈએ આ જે બજૅટ છે અને નાણામંત્રીશ્રીને જે ભમરાની વક્રોકિત દ્વારા જે નિરૂપણ કર્યુ એની સાથે આપણે સંમત થવું પડે કારણ કે આમાંથી મધ નીકળવાનું નથી અને આ ભમરો ગુજરાતની પ્રજાને એટલો બધો કરડ્યો છે કે લોહી એટલું બધું નીકળ્યું છે કે ભાનમાં આવતા ખૂબ વાર લાગવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ એમ કીધું કે મેં તો માત્ર વેટની અંદર ચાર પૈસામાંથી પાંચ પૈસા કર્યા, માત્ર એક જ પૈસો વધાર્યો છે. અને જે બીજી આઈટમો હતી જેનો દર જે આઠ ટકા અને બાર ટકા હતા એમાં માત્ર આઠની જગ્યાએ અઢી પૈસા વધાર્યા એટલે સાડા દસ પૈસા કર્યા અને જ્યાં બાર પૈસા હતા ત્યાં સાડા ચૌદ પૈસા કર્યા, એમાં મેં કશું વધારે વધાર્યુ નથી. પૈસાની વાતમાં ગુજરાતની પ્રજાને કઈ રીતે પીળા કલરના ચશ્મા પહેરાવી શકાય. આપણને ખબર છે કે ઘોડો ઘાસ ના ખાતો હોય એટલે એને લીલા કલરના ચશ્મા પહેરાવી દો તો સૂકું ઘાસ છે એ લીલું ઘાસ સમજીને ખાઈ જાય. અહીં પણ ગુજરાતની પ્રજાને એક પ્રકારના ચશ્મા પહેરાવવાની કોશીશ કરી છે. ચાર પૈસામાંથી પાંચ પૈસા થયા એટલે એક પેસો નથી વધ્યો પણ જે ગુજરાતની પ્રજાને ટેકસના, વેટના દરની અંદર સાડા બાવીસથી પચીસ ટકાનો વધારો કર્યો. આખા ગુજરાતના વેપારીઓનું, પ્રજાનું અર્થતંત્ર વિખેરી નાખી શકાય એ પ્રકારનો બોજો માત્ર એક જ આઈટમની અંદર લગાડયો છે. અને માનનીય નાણામંત્રી એમ કહે છે કે એમાં મેં તો માત્ર ૮૮૦ કરોડ રૂપિયાની આવક ધારી છે પણ જે વેટની આવક હતી જે આ વર્ષે ૧૫હજાર કરોડની છે એમાં જો ૨૫ ટકાની આવક વધે તો ખરેખરી આવક છે એ ૨૫૦૦કરોડ રૂપિયા કરતા વધારે આવક જે આ વેટના દરમાં ફેરફાર કરવાથી વધવાની છે. બીઝનેસ વોલ્યુમ ગુજરાતની અંદર વધે છે એના કારણે ઓછામાં ઓછા ૧૫૦૦ કરોડ રૂપિયા બીજા આવવાના છે એટલે વેટના અંદર જ આ નાણામંત્રીશ્રી ૪હજાર કરોડ રૂપિયા વધારે ગુજરાતની પ્રજા પાસેથી ખંખેરી લેવાના છે અને પાછા એમ કહે છે કે અમે તો બીજું કશું વધાર્યુ નથી પણ વિધાનસભા ચાલુ છે અને જંત્રીના દરનો જે ફેરફાર થાય છે એને કારણે ગુજરાતનો જે સામાન્ય જમીન લેનારો સામાન્ય સો વાર, બસ્સો વારનો પ્લોટ લેનારો, ફલેટ લેનાર વ્યકિત છે એને હાહાકાર થઈ જાય. સ્ટૅમ્પ ડ્યૂટીની આવક, એમ કીધું છે કે ૧૬૫૮ કરોડ રૂપિયા થવાની છે પણ આ જંત્રીના દરની અંદર જે ફેરફાર થશે એના કારણે બીજા વધારાના ૧૫૦૦ કરોડનો બોજો આવવાનો છે અને એ સિવાય એવી એક પણ જગ્યા નથી રાખી આ સરકારે કે જ્યાં એમણે એમના ટેક્સની અંદર વધારો ના કર્યો હોય. વીજળીના દરમાં વધારો કર્યો ફયુઅલ એડજેસ્ટમેંટ કોસ્ટના નામે યુનીટ દીઠ ૩૦ પૈસા વધ્યા એના ઉપર જે વીજળીનો કર હતો, ડ્યૂટી હતી એ પણ વધી. એ કયાંય બતાવવામાં ન આવી. ૬૫૦ કરોડ રૂપિયાનો બોજો એના કારણે પડવાનો છે. દરેક મ્યુનિસિપલ કોર્પોરેશને એના વેરા વધાર્યા, રાજય સરકારે કોઈકને કોઈક શરતો મૂકી એના કારણે પહેલા જે રાજય સરકાર એવો કાયદો લઈ આવ્યા કે હવે નગરપાલિકાઓની અંદર જે ઘરવેરા છે એ સ્કવેર એરિયાને ધોરણે એના કારણે એના વેરા લગભગ ઘરવેરા હતા એ પાંચ પાંચ ગણા થઈ ગયા. નગરપાલિકા અને કોર્પોરેશનો અને ગામડામાં તમામ જગ્યાએ પીવાના પાણીના દરો વધાર્યા, પહેલા તો જમાનો એવો હતો કે પાણીના પરબ બંધાવતા હતા. હવે પાણી રાજય સરકારે વેચવાનું નકકી કર્યુ અને એમાંથી કમાવવાનું નકકી કર્યુ, જેના કારણે એના ભાવ વધી ગયા. કેન્દ્ર સરકારે તો ૬૦હજાર કરોડના દેવા માફ કર્યા પણ અહીંયાં સિંચાઈના દર જેવી ચૂંટણી પૂરી થઈ અને તરત સિંચાઈના દર વધારી દીધા. હવે એમાં પાછા દર વખતે વધારવાના છે. વીજ કનેક્શન લેવાનો દર હતો એમાં નામ પૂરતા પૈસા લઈને આપતા હતા એના દર વધારી દીધા. એના દશ દશ ગણા દર કરી દીધા. દવાખાનામાં જ્યાં મફત સારવાર અપાતી હતી ત્યાં યુઝર્સ ચાર્જના નામે દરેક જગ્યાએ ભાવો વધારી દીધા. કેસ કાઢવાના પાંચ, દાખલ થવાના પૈસા એમ કોઈ જગ્યાએ બાકી નથી રાખ્યું. દવાખાનામાં પશુ સારવારનો દર છે એના દરો પણ બે-પાંચ ગણા કરી નાખ્યા. અમારી સરકાર હતી ત્યારે ઇલેક્ટ્રિક સ્મશાન ગૃહમાં જે વીજળી વપરાતી હતી એની ૧૦૦ ટકા સબસિડી અપાતી હતી. આ સરકાર આવી અને માણસની સ્મશાન વિધિ થાય એના પૈસા આપવા પડે. એની સબસિડી પાછી ખેંચી લીધી. ૨૨ લાખ

બી.પી.એલ. પરિવારો હતા એમાંથી ઘટાડીને આ લોકોએ ૧૨ લાખ રહેવા દીધા. કાગળ ઉપર ગરીબી નાબૂદ કરી દીધી. આટલા બધા પૈસા રાજ્ય સરકારે લીધા ત્યારે મને એમ હતું કે મધના સ્વરૂપમાં પ્રજાને પાછા આપવાના હશે. પણ એની જગ્યાએ જે પૈસા આવ્યા એનો ઉપયોગ આમ આદમીના ફાળે જવાનો નથી. મને એમ હતું કે ૧૩મી વખત માનનીય નાણામંત્રીશ્રી બજૅટ રજૂ કરે છે. આટલો બધો અનુભવ હશે એટલે કોઈક નવી યોજનાઓ લઈને આવશે અને ઘણા લોકોને ખાલી કહેવા ખાતર માનનીય મુખ્યમંત્રીશ્રીમાંથી પ્રેરણા મળી છે પણ વજુભાઈ બાજુમાં બેસે છે કદાચ એમાંથી પ્રેરણા લેવાનું એમને સ્વીકાર્ય નહીં હોય પણ જાતે કંઈક નવું લઈને આવશે પણ એક ચાલીચાલું બજૅટ હતું. એમાં આટલા ટકા આમાં વધારો, આટલા ટકા આમાં વધારો એમ કરીને બજૅટ પૂરું કરી નાખ્યું. આટલી બધી આવકો આવી છે, આટલી બધી ટેક્સમાં આવકો વધી છે છતાં પણ આમ આદમીના ભાગમાં કશું આવવા દેતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું ન્યાયતંત્ર છે એનો વહીવટ સુચારું હોવો જોઈએ. એટલે એના માટે નાણાની જોગવાઈ પૂરતી થવી જોઈએ. પણ જે ન્યાય તંત્રની અંદર ગયા વખતે ૨૦૦૭-૦૮માં ૧૯૯ કરોડની જોગવાઈ હતી એ ઘટાડી ૧૯૬ કરોડ થઈ ગઈ. આમાં પ્રજાને ક્યાંથી ન્યાય મળે? પૈસાવાળા લોકો પૈસા ખરચીને ન્યાય લઈ આવશે પણ આવા લોકોને ક્યાંથી ન્યાય મળશે? સૌથી ચિંતા આપણી છે એ દેવું ઘટાડવા માટેની છે. મને એમ હતું કે આટલી આવકો વધી છે તો દેવું ઘટાડવા પાછળનો ખર્ચ વધશે. મારે કહેવું જોઈએ કે દેવું ઘટાડવા માટેનો ખર્ચ છે એમાં ગઈ વખત કરતાં ૪૦૦ કરોડ રૂપિયાનો ઘટાડો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, તબીબી ક્ષેત્રમાં એમ કહે છે કે માનવ સૂચકાંક છે એમાં પ્રગતિ કરવી છે અને એમ કહે છે કે આખા દેશમાં અમે પહેલ કરી છે. બીજા તમામ રાજ્યોએ પહેલ કરીને એનો સૂચકઆંક આગળ લઈ ગયા ત્યારે આપણે વિચાર કરવાનું શરૂ કર્યું છે. કરોડપતિઓનો વિચાર આ સરકારે લાંબા સમય સુધી કર્યો પણ કરોડ પ્રજાજનોનું કોઈ જગ્યાએ નામોનિશાન નથી રહેવા દીધું. તબીબીમાં ૧૦૦ કરોડ રૂપિયાનો વધારો છે એ તો મોટા શહેરોમાં મોટી મોટી હૉસ્પિટલો માટે છે. ગામડાંની પી.એચ.સી., સી.એચ.સી. માં કોઈ સુવિધા નથી, ડૉકટરો નથી, કોઈ સારવાર નથી મળતી એના માટે કોઈ વિચાર કરવામાં આવ્યો નથી. આટલી બધી આવકો વધી છતાં એસ.ટી. અને એસ.સી. માટેની કલ્યાણ યોજનાઓ છે એના અંદર નામ પૂરતો વધારો કર્યો છે. વર્ષ ૨૦૦૭-૦૮માં ૭૯૦ કરોડની જોગવાઈ હતી એની સામે ૮૬૩ કરોડનો વધારો સૂચવ્યો છે. જે ખેડૂતોના ઉત્પાદન વધારવાની વાત આ સરકાર કરે છે એ કૃષિ, ડેરીઓ અને મત્સ્યોદ્યોગની જોગવાઈઓમાં આ વર્ષે ઘટાડો કરવામાં આવ્યો છે. જો ઘટાડો કરીશું તો કેવી રીતે ખેતીને, ડેરીઓને અને મત્સ્યોદ્યોગનો વિકાસ થવાનો? ગુજરાત ૧૮ હજાર ગામડાંમાં વસે છે, માત્ર શહેરોમાં નહીં. આ શહેરી પ્રજાને ફલાય ઓવર બનાવી દે, બગીચા બનાવી દે એનાથી વિકાસ નથી થવાનો.

માનનીય અધ્યક્ષશ્રી, જે ઉદ્યોગોને ખનીજ વિભાગ હેઠળ જે દર વખતે જોગવાઈ કરી છે એના માંડ ૫૦ થી ૬૦ ટકા ખર્ચ થાય છે. કારણ કે એમાં સૌથી વધારે ખર્ચ કુટિર ઉદ્યોગ અને નાના ગ્રામોદ્યોગ પાછળ કરવાના હોય છે પણ એની પાછળ આ સરકારને પૈસા વાપરવા માટે કોઈ ઇચ્છા થતી નથી. વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી ક્ષેત્રની અંદર ૬૦ ટકા ઘટાડો થયો છે. વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીમાં આપણે એમ કહીએ છીએકે વિશ્વની સાથે સ્પર્ધા કરવી છે. Knowledge corridor બનાવવો છે, આ કરવું છે પણ ઘટાડો તો ગયા વખતે બજૅટના પ્રમાણમાં આ વખતે ૬૦ ટકા ઘટાડો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટુરિઝમમાં પણ ancient નગરી છે, coastal belt છે, નેશનલ પાર્ક છે છતાં ટુરિઝમ માટે થઈને ગયા વર્ષે ૧૦૫ કરોડની જોગવાઈ હતી એની જગ્યાએ આ વખતે ૧૦૪.૫૦ કરોડ ગયા વખત કરતા ઘટાડો કર્યો છે. પંચાયતોની ગ્રાન્ટોમાં પણ ૪૦ કરોડ ઘટાડો થયો છે. સિંચાઈ યોજનાનું પાણી છે એ ખેડૂતોને માટે જીવાદોરી છે પણ સિંચાઈ યોજનાની અંદર પણ ૨૦૦૬-૦૭ ની અંદર પહેલી વખત આ સરકારે ૩૦૦ કરોડ ઘટાડો કર્યા પછી આજે એ ૩૦૦ કરોડ વધારીને મૂકયા. નર્મદા યોજનાની ૮૫૦૦૦ કરોડ રૂપિયા, ૮૫૦૦૦ કિલોમીટર લાંબુ નૅટવર્ક છે એમાં ૧૭૦૦૦ કિલોમીટર નૅટવર્ક પૂરું થયું છે. રાજય સરકાર એમ કહે છે કે ૨૦૧૦ સુધીમાં મારે યોજના પૂરી કરવી છે, ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાનો છે અને છતાં ૩૦૦૦ કરોડ રૂપિયા કરતાં થોડો વધારે ખર્ચ થશે. ૨૦૧૦ માં આ યોજના ક્યારે પૂરી થશે? પ્રજાને સ્વપ્નાનું વેચાણ કરવા માટે આ સરકાર માહીર છે અને એટલા માટે નર્મદા યોજનાની વાત મૂકીને કલ્પસરની વાત કરે અને કલ્પસરનો pre-feasibility report હજુ તૈયાર થયો નથી. Pre-feasibility report તૈયાર થાય પછી feasibility report તૈયાર થાય અને પછી યોજનાનો વાસ્તવિક અમલ કરવાની વિચારણા શરૂ થાય, એના બદલે કશું નહિ અને છતાં દર વર્ષે આ સ્વપ્નાઓ પ્રજાને બતાવ્યા રાખ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, મારે તો થોડી આપણી સ્થિતિ કરજની અંદર કયાં છે એ ધ્યાન આપના મારફત આ સરકારનું દોરવું છે. આપણું અત્યારે જે કરજ છે એ કરજની અંદર સૌથી જે કરજવાન ચાર રાજ્યો છે એ ચાર રાજ્યોની અંદર આપણું સ્થાન છે અને આ ચાર રાજ્યોની અંદર પણ જે આપણું કરજ હોય અને આપણું જે દ ારગથ્થું ઉત્પાદન હોય એનો ગુણોત્તર રહ્યો છે એ ૩૦ ટકાથી નીચો લઈ આવવાની અને દર વર્ષે બે-બે ટકા દ ટાડવાની આપણે ઈચ્છા વ્યકત કરી હતી. જ્યારે fiscal responsibility bill લઈ આવ્યા હતા. હરિયાણા

સહિતના અનેક રાજ્યો એવા છે કે ૨૪ ટકાથી નીચો લઈ આવ્યા છે. આપણો ગુણોત્તર છે એ ૩૬માંથી ૩૪ ટકા રહેવાનો છે. કારણ કે જવાબદારીની સામે એમ કહેવાય છે કે આપણો માનવ સૂચકઆંકમાં આપણે સૌથી આગળ જવાનો આપણે વિચાર કર્યો છે, અત્યારે તો સૌથી પાછળ છીએ. ૧૮ રાજ્યો સાથે જે સરખામણી થાય છે, આખાયે ઈકોનૉમિક સરવેમાં એમાં per capita income ની અંદર આપણે ચોથા નંબરે છીએ. હરિયાણા આપણા કરતા per capita income માં ૩૮,૮૮૩ રૂપિયાની આવક સાથે સૌથી પ્રથમ નંબરે છે, પછી મહારાષ્ટ્ર ૩૭,૦૮૧, પંજાબ ૩૪,૯૨૯ અને ગુજરાત એના પછી ચોથા નંબરે છે. ગરીબીની રેખા હેઠળની જે વસ્તી છે એ આપણી ૧૬.૮ ટકા છે અને આ ગરીબીની રેખા હેઠળ વસ્તીના percentage ની અંદર આપણે જે સૌથી વધારે છેવાડાના ૧૪ રાજ્યો છે એમાં આપણો સમાવેશ થાય છે. દર મહિને જે આપણી ખર્ચ કરવાની કેપેસીટી છે એમાં પણ આપણે આઠમા ક્રમે છીએ. ૬ થી ૧૪ વર્ષના બાળકોનો growth enrolment ratio છે એ જે બાળકો સ્કૂલે જાય એ રેશિયો છે એમાં આપણો નંબર સાતમો નંબર છે. કૉલેજમાં જે બાળકો જાય છે એમાં આપણો રેશિયો ચોથા નંબરે છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થાય છે આપનું વકતવ્ય ચાલુ રહેશે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ, અધ્યક્ષસ્થાને**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : (ક્રમશ:) : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો તે એ હતી કે આટલી બધી આવકો ઉભી થયા પછી પણ આટલી બધી હદ સુધીના કરવેરા નાખીને ઉઘરાવ્યા પછી પણ આજના અર્થતંત્રની તંદુરસ્તી હોવી જોઈએ એ પણ આ બજેટને કારણે થતી નથી એટલું જ નહીં પણ પ્રજાની તંદુરસ્તી વધારવા માટે કોઈ પ્રયાસ આ બજેટમાં કરવામાં આવ્યો નથી. મને એક વાત યાદ આવે છે હું એક જગ્યાએ જતો હતો. ટ્રેનમાં હું બહુ જઉં છું. એટલે મને એક ભાઈ ટ્રેનમાં મળ્યા. મને કહે આ વખતે મારો પગાર ન આવ્યો. મને થયું તકલીફ હશે. મને ચિંતા થઈ. એ રડવા જેવા થઈ ગયા. મારાથી પૂછાઈ ગયું તારો પગાર શું કરવા ન આવ્યો ત્યારે કહે આગલા વર્ષે લઈને વાપરી નાખ્યો હતો. આપણા નાણામંત્રી એવા છે કે આટલી બધી આવકો આવે છતાં પણ દર વર્ષે વધારાનું કરજ ઊભું કરીને આ વર્ષે પણ જે કુલ બજેટ છે એના ૧૦૪૫૫ કરોડ કરજ કરીને ઊભા કરવાના છે. ચૂકવવાનું તો કયાંય નામ નહીં લેવાનું. ૮૦૦૦કરોડ દર વર્ષે એના કરતા વધારે વ્યાજમાં વાપરીએ છીએ. દેવું ઓછું કરવાની વાત નહીં કરવાની. તો આ બજેટ કયા વિચારથી લાવવામાં આવ્યું છે. દરેક વખતે એમ કહેવાય કે કેન્દ્ર સરકાર આમ નથી કરતી, કેન્દ્ર સરકાર તેમ નથી કરતી. હું તો નાણામંત્રીને બજેટના આંકડામાંથી કહું છું આ વખતે કેન્દ્ર સરકારના ટેકસમાંથી જે હિસ્સો મળવાનો છે તે ૬૦૫૦કરોડ મળવાનો છે. ત્રણ વર્ષ પહેલા હતા એના કરતાં ત્રણ ગણો છે. એ સિવાય ૮૭૫૮કરોડ એ કેન્દ્રની જુદી જુદી જે ગ્રાન્ટ ઈન એઈડ છે એમાંથી પૈસા આવવાના છે અને છતાં બીજા કોઈનો પોપટ રામ ન બોલે તો વાંધો નહીં પણ નાણામંત્રીશ્રી ડીસીપ્લીનવાળા છે તેમણે રામ બોલવું જોઈએ કે કેન્દ્ર સરકાર ભરપુર પૈસા આપે છે. આટલું બધું આવે છે છતાંપણ કયાંય કોઈ જગ્યાએ ઉલ્લેખ કરવાનો નહીં અને કરજ કર્યું હોય એને ગૌરવથી એમ કહેવાનું કે અમારા રાજયે કરજ કર્યું છે અને બીજીબાજુ જે લોકોનું અર્થતંત્ર નબળું છે એને એમ કહેવાનું કે એનું બરાબર નહોતું. અહીં ઘણી બધી વાતો થઈ. બજેટ સાથે નિસ્બત નહોતી એવી પણ વાતો કરી. રેવન્યુ મંત્રી અત્યારે નથી એમણે કહ્યું કે છ વર્ષના ભા.જ.પા.ના શાસનમાં અમે આટલું આટલું કર્યું છે. છ વર્ષથી ભા.જ.પા.નું શાસન ચાલે છે તો વજુભાઈએ તો આ તેરમુ બજેટ રજૂ કર્યું છે પણ એ લોકોની માનસિકતા એવી છે કે એને નંબર-૧ માં જે બેઠા છે એ સિવાયનું શાસન ભા.જ.પા.નું શાસન લાગતું નથી એટલા માટે એ લોકો છે એ દરેક વખતે દરેક વાતમાં એમ કહે છે કે અમને માનનીય મુખ્યમંત્રીમાંથી પ્રેરણા મળી છે. મુખ્યમંત્રીશ્રી એમ કહે છે કે હું કોમન મેન હતો, કોમન મેન છું અને કોમન મેન રહીશ. કોમન મેનને મળવું હોય તો બિચારો ફુટપાથ પર રખડતો હોય જયારે તમારે ત્યાં કેટલી જગ્યાએથી પાસ થવું પડે છે? કોમન મેનના હોર્ડીંગ કયાંય લાગતા નથી. કોમન મેનને એસ્સાર, અદાણી હૅલિકૉપ્ટર મફત ફરવા આપતા નથી. અને પાછા એમ કહે છે કે કૉમન મેન છે. હું તો એમ કહું છું કે આવા કૉમન મેન ભગવાન ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાને એના પચાસમા ભાગનું, એક હજારના ભાગનું કઈકને કઈક મળે તેવી પ્રાર્થના કરું.

એમ કહે છે કે અમે ઉત્સવો ઉજવીએ અને ઉત્સવની ટીકા કરીને ગુજરાતને બદનામ કરીએ છીએ. ઉત્સવો તો ગુજરાતની પ્રજા આ સરકાર નહોતી ત્યારની ઉજવતી હતી, પણ તમારે આ ઉત્સવોની અંદર એક જ વ્યકિતના ફોટા રાખી અને એની આરતી ઉતારો છો અને એ સરકારી ખર્ચે એનો વાંધો લઈએ છીએ અને ઉત્સવો કેવા ઉજવે. અમે રણનો ઉત્સવ ઉજવ્યો, નવરાત્રિની અંદર બહારથી બહેનો બોલાવી ઓછા કપડા પહેરાવી એની પાસે ડાન્સ કરાવીએ. હવે તો માંદગી ઉત્સવ ઉજવો. ગુજરાતમાં માંદગી આવે ત્યારે એનો ઉત્સવ ઉજવો. પુર આવે ત્યારે પુરનો ઉત્સવ ઉજવો, ધરતીકંપ આવે ત્યારે એનો ઉત્સવ ઉજવો. કાંઈ બાકી રાખ્યું હોય તો સ્મશાનની અંદર મરણોત્સવ ઉજવવાનું બાકી રાખ્યું છે. ઉત્સવોથી જો વિકાસ થઈ જતો હોય તો ઉત્સવમાં કાયમ સાથે જોડાવવા તૈયાર છીએ. એમ કહે છે કે ઉત્સવોને કારણે, ઉત્સવની ટીકા કરો છો તો વિશ્વમાં બદનામ થઈએ છીએ. એને કારણે બદનામ નથી થતા. તમે જેની આરતી ઉતારો છો, એને દુનિયાના ૨૦ દેશો વિઝા નથી

આપતી, એના કારણે ગુજરાતની પ્રજાને નીચે જોવું પડ્યું છે. ઉત્સવો ઉજવો કોઈ વાંધો નથી, પણ વિઝા ન આપ્યા તેનો ઉત્સવ ઉજવો કોઈક દિવસ. એની વાત નહિ કરે. એને કાઈ થાય એટલે મુખ્યમંત્રી નંબર-૧ના હોર્ડિંગ્સ લગાવી એની આરતી ઉતારે. અહીંયાં એમ કહેવાય કે મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી આ થયું, આ થયું. એટલે બજેટની અંદર આમાં માત્રને માત્ર કરોડપતિઓને સંતોષ આપે તેવું બજેટ છે. આમ આદમી કૉમન મેન કોઈ જગ્યાએ નથી, એટલા માટે હું આ બજેટ સાથે સહમત થઈ શકતો નથી.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા ૧૩મી વખત બજેટ લઈને આવ્યા છે. એ બજેટને સમર્થન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું. માનનીય અર્જુનભાઈએ નાણામંત્રીશ્રીને મધમાખીના બદલે ભ્રમરની વાત કરી. ભ્રમર કરડે તો શું થાય એ પણ કહ્યું. પરંતુ આ ભ્રમર જેને તમે છંછેડો એને જ કરડે. બીજાને કરડતો નથી. એટલે વજુભાઈને બહુ છંછેડશો તો ભ્રમર વળી ડંખ દેશે અને હું બજેટની વાત ઉપર આવું એ પહેલા હું આ સત્રમાં જ્યારથી જોવું છું ત્યારથી મુરબ્બીશ્રી અર્જુનભાઈ કહે છે કે આ પોપટ રામ બોલતો નથી. પોપટ રામ પણ બોલે, રાધેશ્યામ પણ બોલે, પોપટ અન્ય પણ કઈક બોલે. એક પશુપ્રેમી માણસ હતો. રવિવારની ગુજરીમાં એ પોપટ લેવા ગયો. પોપટ વિષે પૂછયું કે આ પોપટની શું કિમત. પેલાએ કહ્યું કે આ પોપટની કિમત ૧૦૦ રૂપિયા અને આ બીજો ૫૦૦ રૂપિયાનો. તો એણે કહ્યું કે ભલા માણસ પોપટ તો એકસરખા દેખાય છે, તો પછી આના ૧૦૦ અને આના ૫૦૦ રૂપિયા એનું કારણ શું? કારણ એટલા માટે આ પોપટ ૫૦૦ રૂપિયાનો છે કે આ પોપટનો એક પગ ખેંચો એટલે બોલે રામ અને બીજો પગ ખેંચો તો બોલે રાધેશ્યામ એટલે પોપટ રામ પણ બોલે અને રાધેશ્યામ પણ બોલે. એણે ૫૦૦ ચુકવીને પોપટ લઈ લીધો. અને એ પોપટને લઈને સીધો બજારમાંથી ઘરે પહોંચ્યો ત્યાં સુધી જેટલા રસ્તામાં ઓળખીતા, પારખીતા મળે એને પોપટ બતાવે અને એટલે પોપટનો એક પગ ખેંચે એટલે પોપટ બોલે રામ અને વળી બીજો પગ ખેંચે તો પોપટ બોલે રાધેશ્યામ. આ ગુજરીમાંથી નીકળીને ઘરે પહોંચતા પહોંચતા તો પોપટ ૨૦-૨૫ વખત રામ બોલ્યો, રાધેશ્યામ બોલ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, પેલો માણસ તેના ઘેર પહોંચ્યો એટલે આનંદ થયો અને બધાને કહી દીધું હું ખાસ વિશિષ્ટ પ્રકારનો પોપટ લાવ્યો છું. પોપટ રામ પણ બોલે છે અને પોપટ રાધેશ્યામ પણ બોલે છે. એમ કરીને એણે શરૂઆત કરી. તમે હજુ બહુ વાર છે ભાઈ, આવન જાવન વારા છો. અર્જુનભાઈની વાતનો મારે અસ્વીકાર કરવો. મારા મુરબ્બી છે, પરમ મિત્ર છે. પેલો પોપટ લઈને એના ઘેર ગયો. બધાને કહ્યું. બધા ભેગા થઈ ગયા અને કહ્યું હું સરસ પોપટ લાવ્યો છું, પોપટ રામ પણ બોલે છે અને પોપટ રાધેશ્યામ પણ બોલે છે. ઘરના બધા ભેગા થયા અને પોપટનો પગ ખેંચ્યો એટલે પેલો પોપટ બોલ્યો કે અસંતુષ્ટ. પેલો તરત એને થયું કે આ પોપટ રામ રાધેશ્યામમાંથી અસંતુષ્ટ પર કયાંથી આવ્યો. એ પાછો ગયો પેલા વેપારી પાસે. કહ્યું તમે ૫૦૦ રૂપિયા લઈ લીધા અને તમે કહેતા હતા કે પોપટ રામ પણ બોલે છે અને રાધેશ્યામ પણ બોલે છે. પણ આ પોપટ પંખી છે એની પણ મર્યાદા છે. તમે ઘડીકમાં રામ અને રાધેશ્યામ આ ઘેર જતાં જતાં ૫૦ જોડે રામ રાધેશ્યામ બોલાવો તો એ પણ ખિજાય તો ખરો ને? ખિજાયેલો પોપટ બોલ્યો અસંતુષ્ટ છે. એટલે અર્જુનભાઈને અસંતોષ શાનો છે? પહેલીથી બીજે આવ્યા, બીજેથી ત્રીજે આવ્યા અને આ કઈ કારણસર છે અને એટલા માટે માનનનીય અધ્યક્ષશ્રી, અર્જુનભાઈનો પોપટ રામ બોલતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સ્થાપનાના ૧૯૬૧થી ૨૦૦૧ સુધીના સમયગાળા એટલે ૪૧ વર્ષના શાસનમાં જે આયોજન થયું અર્જુનભાઈ ૪૧ વર્ષમાં જે શાસન થયું એમાં જેટલા રૂપિયા વપરાયા એટલા છ વર્ષમાં તમે છ વર્ષની વાત કરો છો ને એટલા માટે માત્ર ૧૦૮૦૦ કરોડનો ખર્ચ છ વર્ષમાં થયો છે. ૧૯૯૫-૯૬માં આવક ૫૩૦૦ કરોડની હતી ૨૦૦૬-૦૭માં ૧૮૪૬૫ અને ૨૦૦૮-૦૯માં આવક વધીને ૨૩૬૫૦ કરોડ રૂપિયા થઈ. વજુભાઈ વાળાએ ૧૩મી વખતે અંદાજપત્ર રજૂ કર્યુ છે અને ૧૩ એ ૧૩ વખત મને આ ગૃહમાં બેસવાનો મોકો મળ્યો છે અને એટલા માટે કહું કે આ પહેલું બજૅટ હશે કે જેમાં એમણે કરવેરા નાંખ્યા હશે. આના પહેલાં કયારેય આ બજૅટમાં કરવેરા નાંખ્યા નથી. પરંતુ કરવેરાની સામે આ રાજય સરકારનો જે અભિગમ રહ્યો છે તે આપણે બધા ભણતા હતા ત્યારે આપણને એવું શિખવાડે નિબંધ એવો લખતા કે ભારત ખેતી પ્રધાન દેશ છે, ખેડૂત જગતનો તાત છે, ભારત એટલે ગામડામાં વસેલો દેશ છે. ૧૯૯૫ પહેલાં કોઈપણ શાસનમાં ગામડાનું કયાંય દસાડાના દફતરમાં નામ નહોતું અર્જુનભાઈ. ૧૯૯૫માં પહેલી યોજના આવી ગોકુળગ્રામ યોજના. ગામડાઓમાં ભૌતિક સુવિદ્યા આવી. બીજી યોજના સમરસ ગામ જેના કારણે વેરના વાવેતર ન થાય તેની વાત આ રાજય સરકારે કરી. તીર્થગ્રામ કોઈપણ ગામમાં ઝગડો ન હોય અને ગામની પવિત્ર ધરતી કહેવાય તીર્થગ્રામ. નિર્મળ ગ્રામની યોજના અમલમાં મૂકી અને છેલ્લે અમારા સૌરભભાઈ પટેલે યોજના મૂકી જયોતિગ્રામ યોજના. ગુજરાતના ૧૮૬૦૦ ગામો વીજળીથી ઝળહળતા કર્યા. પેટા પરાઓની અંદર સિંગલ ફેઈઝ વીજળી આપી અને છતાંય આ લોકો જયોતિગ્રામ માટે વીજળી મળતી નથી, આમ થતું નથી, તેમ થતું નથી. આટલુ કર્યા પછી પણ આ વાત કરે છે ત્યારે મિત્રો કોંગ્રેસના મિત્રોની સ્થિતિ એવી છે. શાળામાંથી બાળકો છૂટતા હોઈએ. આપણે પણ જ્યારે શાળામાં હતા ત્યારે છોકરા ધિંગામસ્તી કરે, એકબીજાને દફતર મારે, આવું કઈ કરે. આમાં પાંચ સાત છોકરાઓનું ટોળું જતું હતું. રસ્તામાં એક માતાજીની ચાર ઈંટો મૂકેલું મંદિર આવ્યું એટલે બધા છોકરાઓએ નક્કી

કર્યુ કે આ માતાજીની દેરી પર બધાએ પત્થર મારવો. એટલે બધાએ ધારી ધારીને પત્થર માર્યો પણ કોઈ ધાર્મિક માણસ એનો દીકરો એને થયું કે આ માતાજીની દેરી ઉપર આપણે થોડો પત્થર મરાય એટલે એને બીચારાએ સમજી, વિચારી, જાણી જોઈને બાજુ પર પત્થર માર્યો. સાંજ પડી અને પેલાના ઘરમાં માતાજીની પધરામણી થઈ ગઈ. માતાજી તો ધૂણવા માંડ્યા, અને માતાજીએ કહ્યું કે તારા છોકરાએ મને પથ્થર કેમ માર્યો, પેલો તો બિચારો નાનો છોકરો, સ્કૂલનો છોકરો એ તો રડમસ થઈ ગયો, એ છોકરાને પૂછવામાં આવ્યું કે તે માતાજીને પથ્થર માર્યો, ત્યારે છોકરાએ રડતાં રડતાં એવું કહ્યું કે, બધા ભાઈબંધોએ એવું કહયું કે, માતાજીને મારો, જે પથ્થર નહીં મારે તે આવતા જનમમાં ગધેડો થાય એટલે બધાએ માર્યુ અને એ બધા છોકરાંઓએ તો માતાજી તમારી દેરી ઉપર તાકી તાકીને પથ્થર માર્યા પણ મેં તો જાણીજોઈને સમજીને બાજુ પર પથ્થર માર્યો છતાં તમે મારા ઘરે આવી ગયાં, ત્યારે પેલાં માતાજીએ કહ્યું કે, આ બધા છોકરાઓ જ્યારે ધારી ધારીને મારી દેરી પર પથ્થર મારતા હતા એટલે ત્યાંથી ઊઠીને હું બાજુ પર બેઠી હતી અને બાજુ પર જ્યાં હું બેઠી હતી ત્યાં જ તારો પથ્થર આવ્યો, આમ ગોકુળ ગ્રામ યોજના નીચે ૧૮૬૦૦ ગામ ઝળહળતા કરી સીંગલ ફેઇઝ વીજળી આપી, આ બધુ જ ભાજપાની સરકારે કર્યુ, આંધ્ર અને મહારાષ્ટ્રમાં તો તમે કહેતા હતા કે અમે તો સો ટકા વીજળી મફત આપીશું, એ કયાં ગયું ? મિત્રો, આજે આ ઊર્જા વિભાગે માત્ર ૫૦ રૂપિયામાં ગરીબોને મીટર આપ્યાં, અઢી લાખ લોકોને, આઝાદીના ૬૧મા વર્ષમાં અઢી લાખ લોકો ઘરમાં પહેલી વખતે વીજળીનો દીવો થયો, આ વીજળીનો દીવો થયો એટલે બીપીએલની યાદીમાંથી નીકળી જાય, બીપીએલની યાદીમાંથી નીકળી જાય તો માનનીય અર્જુનભાઈના કહેવા પ્રમાણે આ બીપીએલની યાદી ઘટી, કારણ શું તો અઢી લાખ લોકોને વીજળીના દીવા આપ્યા, અને આપે તો ચૂંટણીમાં એવું કહ્યું હતું કે, અમે તો રંગીન ટીવી આપીશું એટલે માનનીય સૌરભભાઈએ થયું કે આ રંગીન ટીવી આપે એ પહેલાં મારે એમને વીજળી તો આપવી એટલા માટે આ જરૂરિયાત ઊભી થઈ. જેના ઘરમાં વીજળી નથી એને રંગીન ટીવી આપવાની ભ્રામક વાતો આ કોંગ્રેસના મિત્રો જ્યારે કરી રહ્યા છે ત્યારે રાજય સરકારની મેં કહ્યું એ પ્રમાણે ગ્રામ લક્ષી યોજના.

દરેક વર્ષને કોઈક્ને કોઈ નિમિત્ત બનાવીને ઉજવવાનું નક્કી કર્યુ, કન્યા કેળવણી વર્ષ હોય, ઈ-ધારા પ્રોજૅકટ હોય કે પછી શહેરી વિકાસ વર્ષ હોય, પ્રવાસન વર્ષ હોય આ બધું જ રાજય સરકારે કર્યુ, એની સાથે માનનીય અર્જુનભાઈએ કહ્યું કે તમે તો તહેવારો ઉજવો છો? મિત્રો, આપણે બધાય જાણીએ છીએ કે , પહેલી મે, પંદરમી ઑગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીના આપણે બધાય સાક્ષી છીએ, ગાંધીનગરમાં જાય, શાળામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ, અને ન છૂટકે થોડાક રાજકારણીઓ જાય, ધ્વજવંદન ત્યાં થાય, ભાષણ થાય અને આ યોજના પૂરી થતી પણ આજે ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રીની કોઠાસૂઝના કારણે દર વખતે નવો જિલ્લો, દર વખતે નવો તાલુકો અને માત્ર ધ્વજવંદન જ નહીં પણ રાજય સરકારના તમામ મંત્રીશ્રીઓ ત્યાં જાય, કાર્યક્રમો લોકાર્પણ કરે, નવા કાર્યક્રમોનો શુભારંભ કરે, એ આખા જિલ્લામાં વિકાસ કામોમાં તેજી આવે એ પ્રકારનો કાર્યક્રમ, આ કાર્યક્રમો દ્વારા આ રાજય સરકારે એ કર્યુ, પતંગોત્સવ તો ભાજપાનું શાસન આવ્યુંને પતંગોત્સવ ઊજવાય છે એવું નથી પણ પતંગોત્સવમાં તો કામ કરવાવાળા કારીગરો કોણ છે? આ કારીગરોમાં વિશેષ કરીને, હું એ વિસ્તારમાંથી આવું છું એટલે મને ખબર છે મુસ્લિમ બિરાદરો છે, આ પહેલાં પતંગોત્સવ પહેલાં આખા ગુજરાતમાં પતંગોત્સવનો ધંધો દશ કરોડનો હતો, આજે રાજય સરકારના પતંગોત્સવના કારણે એ ધંધો વધીને દશ કરોડથી વધીને સો કરોડ સુધીનો પહોંચ્યો છે, માનનીય અધ્યક્ષશ્રી, આ પતંગોત્સવ એટલે માત્ર પતંગ ઉડાડવાનો ઉત્સવ નહીં પણ ગરીબ માણસોને રોજીરોટી મળે એ માટેનો આ રાજય સરકારનો પ્રયાસ છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, પરમ પૂજનીય મહાત્મા ગાંધીજી જ્યારે આફ્રિકાથી એટલે કે વિદેશથી પરત થયા એ દિવસને યાદ કરીને એનડીએની સકારે, માનનીય અટલજીની સરકારે પ્રવાસી ભારતીય દિવસ ઉજવવાનું નક્કી કર્યુ, એ દિવસથી દિલ્હીમાં આખા દુનિયાના લોકો ભેગા થાય છે, યુપીએની સરકારે આ વ્યવસ્થાને જાળવી રાખી, એમણે પ્રયોગ કર્યો, કેન્દ્ર સરકાર જો પ્રવાસી ભારતીય દિન ઉજવે તો ઠીક છે પણ આ ગુજરાત સરકાર વાયબ્રન્ટ ગુજરાત, નવરાત્રી મહોત્સવ કરે તો કોંગ્રેસના મિત્રોને તકલીફ છે, વાયબ્રન્ટ ગુજરાતની ઉજવણી કરીને રાજય સરકારે કર્યુ શું? ૨૦૦૩-૦૫માં વાયબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમમાં ૧ કરોડ ૭૨ લાખ ૨૨૮ કરોડના એમઓયુ સાઈન થયા તે પૈકી ૧,૩૫,૨૧૩ કરોડના પ્રોજેકટ પૂરા થયા. આ રાજય સરકારના વાઈબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમના કારણે લગભગ ૨૫ લાખ યુવાનોને નોકરી મળે એના માટેનો કાર્યક્રમ આ રાજય સરકારે કર્યો. કન્યા કેળવણી રથયાત્રા, માનનીય અર્જુનભાઈ આપ બધા જાણો છો, માનનીય રામસિંહભાઈ, ૧૯૯૫ પહેલા તમે દરેક સ્ટેટ હાઈવે ઉપર પથ્થર મારેલા હતા ફલાણો જિલ્લો સો ટકા સાક્ષરતાને પંથે તમે ૧૯૯૫માં અમને વારસામાં આપ્યું કે શિક્ષણની અંદર આપણો ક્રમ ૧૪મો અને કન્યાઓના શિક્ષણની અંદર આપણો ક્રમ ૨૧મો આ તમારો વારસો છે. આ તમારા વારસાને દૂર કરવા માટે રાજય સરકારે (અંતરાય) આ કન્યા કેળવણી રથ યાત્રાના કારણે ડ્રોપ આઉટ રેટમાં ઘટાડો થયો અને નામાંકનની સંખ્યામાં વધારો થયો. કૃષિ મહોત્સવ આ સરકારે કર્યો અને કૃષિ મહોત્સવના કારણે ડેરી ઉદ્યોગ, પશુપાલન ઉદ્યોગ અને સર્વાંગી વિકાસના કારણે આપણે ૯ હજાર કરોડથી ૩૪ હજાર કરોડ સુધી પહોંચ્યા. આપણા દેશના અન્ય રાજયોની સરકારોની વાત કરું તો આખા દેશમાં જો સૌથી

વધારે ખેડૂતો આપઘાત કરતા હોય તો આંધ્ર અને મહારાષ્ટ્રમાં કરે છે. એની તમને ચિંતા થતી નથી. આપણે ઉત્પાદનમાં ૯ હજારથી ૩૪ હજાર કરોડ ઉપર પહોંચ્યા તો પણ તમે મિત્રો એની વાત કરો છો.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી રાજય સરકાર અનેકવિધ પગલાંઓ લઈ રહી છે. એમાં ૮મી માર્ચના દિવસે મહિલા દિનની ઉજવણી થઈ. આ રાજય સરકારે મહિલાઓ માટેના જે કામો કર્યા છે, આપણે બધા જાણીએ છીએ. માતૃ વંદના યાત્રા, બેટી બચાવો કાર્યક્રમ, ત્રણ માસના ગર્ભને ગર્ભપાત કરાવવાની પ્રક્રિયામાં સૅક્સ રેશિયાનો જે ઘટાડો થયો એની વાત આ રાજય સરકારે કરી. બેટી બચાવોની સાથે બેટી ભણાવોનો કન્યા કેળવણીનો કાર્યક્રમ પણ કર્યો. રામસિંહભાઈ કહેતા હતા કે રક્ષાબંધનના દિવસે મુખ્યમંત્રીશ્રીને સ્વપ્ન આવ્યું અને સ્વપ્ન આવવાના કારણે એમણે બસો ચાલું કરી, અને મારા વખતે આમ હતું. રામસિંહભાઈ, તમારી લીલા કલરની બસને ધક્કો મારવાનું કામ મેં પણ કરેલ છે. સાહેબ, તમને જોઈને જ બોલું છું. આ સી.એન.જી. બસ એમની કલ્પના બહારનો વિષય છે રાજય સરકારે એક હજાર નવી સી.એન.જી. બસો લાવી છે. અને જ્યાં સુધી મુખ્યમંત્રીને સંબંધ છે ત્યાં સુધી (અંતરાય) બે મિનિટ મને આપો સાહેબ, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને સ્વપ્ન આવ્યું, આ મુખ્યમંત્રી એવા છે કે ધોળા દિવસે સ્વપ્ન જુએ છે અને એ સ્વપ્નને સાકાર કરવાનું સામર્થ્ય આ ગુજરાતના મુખ્યમંત્રીમાં છે. અને એ સામર્થ્ય હોવાના કારણે માત્ર ગુજરાત જ નહીં આખા દેશમાં ચાર-ચાર વખત સર્વશ્રેષ્ઠ મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદી એ બિરુદને પામ્યા છે. નરેન્દ્રભાઈ મોદી માટે એક જ વાત મારે કરવી છે,

'વો જબ મચલતે હૈ તો ભૂચલ મચલ જાતા હૈ
વો જબ ઉબલતે હૈ તો સાગર ખનક જાતે હૈ,
નરેન્દ્રભાઈ કો બદલને કી કોશીશ કયા કરેગા જમાના
નરેન્દ્રભાઈ જબ બદલતે હૈ તો ઈતિહાસ બદલ જાતા હૈ.'

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૨માં ગોધરા કાંડમાં ધર્માન્તરની વાત કરી, સાહેબ, નગરપાલિકાઓ હારી ગયા, તાલુકા-જિલ્લા પંચાયત હારી ગયા, વિધાનસભામાં હારી ગયા અને ચાર મહિના પછી લોકસભાની આવનારી ચૂંટણીની અંદર ચોથા ઉપર પાંચમો જો દોણી પકડવા વાળો મળે તો મિત્રો આજનો દિવસ યાદ રાખજો.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર)** : રાજયના બાહોશ અને અનુભવી નાણામંત્રી શ્રી વજુભાઈ વાળા, ૨૦૦૮-૦૯ નું અંદાજપત્ર લઈને આવ્યા છે, તેને અનુમોદન આપીને હું હર્ષની લાગણી અનુભવું છું. એક સમય એવો હતો કે, રાજયની મહેસૂલી ખાધ ૧૯૯૫-૯૬માં સતત વધતી રહી હતી. આદરણીય નાણામંત્રીશ્રીના કુનેહપૂર્વકના આયોજન અને રાજયના અર્થતંત્રનું વ્યવસ્થિત સંચાલન, જેને કારણે ગુજરાતની આર્થિક સ્થિતિ મજબૂત કરી અને તેને કારણે છેલ્લાં ત્રણ વર્ષથી રાજયમાં મહેસૂલી પુરાંત રહેવા પામી છે. હું કહીશ કે રાજયના ઇતિહાસમાં ૨૦૦૫-૦૬ થી રાજયનું અંદાજપત્ર પુરાંતવાળું રજૂ થયું છે. આદરણીય મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રીના કુશળ વહીવટને કારણે આપણે રાજયના ઇતિહાસમાં પુરાંતવાળુ બજૅટ રજૂ કરી શક્યા છીએ. ૨૦૦૬-૦૭માં રૂા.૧૭૭૦.૯ કરોડની મહેસૂલી પુરાંત હતી, જે ચાલુ વર્ષના અંતમાં રૂા.૨૩૩૯.૬૪ કરોડ થશે તેમ સુધારેલા અંદાજ જોતા જણાય છે, જ્યારે આગામી ૨૦૦૮-૦૯ માટે ૫૨.૩૯ કરોડની મહેસૂલી પુરાંત રહેશે તેમ અંદાજવામાં આવે છે. રાજયમાં રાજય સરકારની વેરાની વસૂલાતના કારણે છેલ્લાં ચાર વર્ષમાં મહેસૂલી આવકમાં સતત વધારો થતો રહ્યો છે અને રાજય સરકારની ૨૦૦૪-૦૫માં કરવેરાની આવક ૧૨૯૫૬ કરોડની હતી તે વધીને ૨૩૬૪૯.૬૦ કરોડની ૨૦૦૮-૦૯ના વર્ષમાં થશે એવો અંદાજ આંક્યો છે. આમ રાજયની આર્થિક સધ્ધરતા એ જ નિર્ધાર સાથે સુદ્દઢ અને કાર્યક્ષમ નાણાકીય આયોજનના પરિણામે આ શકય બન્યું છે. રાજયની આવક વધતાં રાજયના વિકાસ માટેની ક્ષિતિજો વિસ્તરી છે, વિકાસલક્ષી ખર્ચમાં ઉત્તરોત્તર વધારો થયો છે, ૨૦૦૪-૦૫માં વિકાસલક્ષી ખર્ચમાં ૧૮૫૩૮.૯૮ કરોડનો આપણે ખર્ચ કર્યો અને ૨૦૦૮-૦૯માં ૩૦૮૧૨.૮ કરોડનો અંદાજ મૂકવામાં આવ્યો છે, એ રાજયના વિકાસલક્ષી ખર્ચમાં ઉત્તરોત્તર આપણે પ્રગતિ જોઈ રહ્યા છીએ. વેટનો અમલ રાજય સરકારે કર્યો અને એ વેટના અમલમાં રાજય સરકારે ઉદ્યોગજગત, વેપારી આલમ સાથે સતત નેગોશિએશન કર્યુ છે એમની તકલીફોને વિશ્વાસમાં લઈને રાજય સરકારે વેટનો અમલ સફળતાપૂર્વક પાર પાડ્યો છે અને એને કારણે રાજયની વેરાની આવકમાં ૨૬.૭૮ ટકાના દરે રાજયનો વૃદ્ધિ દર આપણે જોઈ શક્યા છીએ. નાણામંત્રીના સફળ વહીવટને કારણે, જે ડેબ્ટ, સ્વેપ્ટ અને રીસ્ટ્રક્ચરીંગનું કામ પણ આપણે કરી શક્યા છીએ. એમાં હું એ કહેવા માગું છું કે, વેરાના વ્યાજના દરોમાં જે વધારો હતો એક સમયે આપણે ૧૧.૮૩ ટકા જેટલો એવરેજ સરેરાશ વ્યાજ આપતા હતા ચૂકવતા હતા પણ સફળ વહીવટને કારણે આજે ૨૦૦૭માં ૯.૨૨ ટકા જેટલો વ્યાજનો દર આપણે નક્કી કરી શક્યા છીએ. સફળ આયોજનનું આ પરિણામ છે.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા(બાયડ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગરવી ગુજરાતના ગૌરવવંતા સન્માનનીય સભાગૃહ સમક્ષ ગોલ્ડન ગુજરાતના સ્વર્ણિમ ધ્યેય સાથે માનનીય નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૦૮-૦૯ના રજૂ કરેલ અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચામાં મને સહભાગી બનાવેલ છે તે પ્રસંગે મારા જીવનનું સદ્‌ભાગ્ય ગણીને મારા વિચારો પ્રદર્શિત કરવા હું આપની સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય નાણામંત્રીશ્રીએ પોતાના અંદાજપત્રમાં યુનાઈટેડ નેશન ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત માનવ વિકાસ સૂચકાંકના પાસાંઓને વણી લઈને જે વિકાસનો નિર્ધાર રજૂ કરેલ છે, તે ખરેખર કાબિલ-એ-દાદ છે. આ સૂચકાંકોમાં મુખ્યત્વે જન્મ સમયે આયુષ્ય મર્યાદા, સાક્ષરતા, શાળા પ્રવેશ દર, માથાદીઠ આવકના ત્રિવિધ પાસાઓને બેરોમીટર બનાવીને વિકાસના ધ્યેય પ્રતિબિંબિ થાય છે. યુનાઈટેડ નેશન ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં સૂચકાંકો હાંસલ કરવાનું આયોજન. ૨૦૦૭-૦૮ની રૂપિયા ૧૫.૫૦૬ કરોડની વાર્ષિક યોજનામાં કૃષિ, ગ્રામીણ વિકાસ તથા સિંચાઈ માટે ૬.૧૦૨ કરોડની ૪૦ ટકા ફાળવણી. સામાજિક સેવાઓ, આરોગ્ય, શિક્ષણ, પીવાનું પાણી વગેરે માટે ૬૨.૬૦૫ કરોડની ૪૦ ટકા ફાળવણી. આમ સામાજિક સેવાઓ માટે બજેટના ૮૦ ટકા નાણા વપરાશે. આદિવાસી વિકાસ માટે ૭૫ ટકાના વધારા સાથે ૨.૩૩૫ કરોડ વપરાશે. અનુસૂચિત જાતિ માટે ૩૦ ટકાના વધારા સાથે ૪૧૩ કરોડ ફાળવાયા. વિકસતિ જાતિ માટે ૨૦ ટકાના વધારા સાથે ૨૪૫ કરોડ વપરાશે. વિકલાંગ કલ્યાણ માટે ૭૫. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય કાળુભાઈ વીરાણી, આપ પાછળ જાઓ અને ક્ષમા માગો.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : મીઠાના અગરિયાઓ માટે ૩૬ કરોડની જોગવાઈ. માછીમારો માટે ૨૫ કરોડની જોગવાઈ, સામાન્ય માણસનું જીવનધોરણ ઉંચું લાવવા માટેના પગલાંની વિચારણા કરેલ છે. તેના ઉદાર પગલાં. ૬૦,૦૦૦ કન્યાઓને સાયકલ. ૭૨ લાખ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અપાઈ. ૧૮,૦૦૦ કન્યાઓને લગ્નપ્રસંગે મામેરા સહાય. ૫ લાખ ખેડૂતોને ૫ લાખ હેકટરમાં નર્મદા યોજનામાંથી સિંચાઈનો લાભ. ૭ લાખ ખેડૂતોને કૃષિ, પશુપાલન કીટ. એક લાખ સખી મંડળોની રોજગારી માટે નાબાર્ડના સહયોગથી સ્થાપના. ૫ લાખ યુવાઓ માટે અંગ્રેજીમાં પ્રભુત્વ મેળવવા માટે ૧ હજાર ટ્રેનિંગ કેન્દ્રો. ૧ લાખ વિધવાઓને નાણાકીય સહાય. ૩ વર્ષથી નાના ૧૦ લાખ ભૂલકાઓને આંગણવાડીઓમાં પોષણયૂકત આહાર. ૧૨૦૦ ગામોને સુજલામ્ સુફલામ્ યોજનામાંથી પીવાનું પાણી. ૧૦ લાખ કુટુંબોને વાપીથી કચ્છ સુધીના ૨૦ શહેરોમાં પાઈપલાઈનથી રાંધણગેસ. ૧ લાખ આવાસ શહેરી ગરીબો માટે. ૧૫૦૦ કરોડ ગામડા તથા શહેરોની રસ્તા સુધારણા માટે. ૧૦ નવી આઈ.ટી.આઈ. ૨ બહેનો માટે અને ૨ આદિવાસી વિસ્તારમાં. ૧૫૦૦ નવી એસ.ટી. બસો નાગરિકોની સગવડતા માટે. છેવાડાના માનવીને નજર સમક્ષ રાખીને ૪૦૦ કરોડની માતબર કર રાહત આપી છે. રાજયના ગરીબ અને મધ્યમવર્ગની ચિંતા પણ સેવી છે.

ગુજરાતે દેશ અને દુનિયામાં પોતાના વિકાસની આગવી ઓળખ આપી હતી. ગુજરાતે ગત ૫ વર્ષમાં સરેરાશ ૧૦.૪ ટકાનો વૃદ્ધિ દર હાંસલ કરેલ છે. જયારે આગામી ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન ૧૧.૩ ટકાનો વૃદ્ધિ દર હાંસલ કરવાનો લક્ષ્યાંક છે. નિર્મળ ગુજરાત. આ માટે ગત વર્ષના ૧૬૮ કરોડની સામે ૫૫ ટકાના વધારા સાથે આગામી વર્ષમાં ૨૬૧ કરોડની જોગવાઈ છે. નીરોગી બાળક. વર્ષ ૨૦૦૮ને નીરોગી બાળક વર્ષ તરીકે ઉજવવાનો નિર્ધાર કરેલ છે, જેને કારણે બાળ મૃત્યુ દરમાં ઘટાડો કરવાનું આયોજન છે. આજનો બાળક આવતીકાલનો નાગરિક છે. તેને અનુલક્ષીને બાળકની ગર્ભાવસ્થાથી માંડીને કુમારાવસ્થા સુધીના સમયને આવરી લઈને તેના વિકાસનું આયોજન છે.

**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : માનનીય અધયક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આઝાદીના સમયથી લઈને આજ દિવસ સુધી સમગ્ર દેશમાં ભૂતકાળમાં પણ અગ્રેસર રહ્યું છે, આજે પણ અગ્રેસર છે અને ભવિષ્યમાં પણ અગ્રેસર રહેવાનું છે. ગુજરાતને બીજાં રાજયો સાથે સરખાવવાની જે પ્રણાલિકાઓ શરૂ થઈ છે એનાથી થોડાક ચિંતિત આપણે બનવું પડશે. આ ગુજરાત દેશની આઝાદીનું નેતૃત્વ કરે, આઝાદીનું રખોપું કરે અને એ ગુજરાતમાં જયારે આજે જે બનાવો બની રહયા છે એ પછી પાટણનો બનાવ હોય કે જૂનાગઢની ચાંદની દીકરી કે જે સારા માર્કે પાસ થવાની બાધા રાખે અને પોતાના પરિવાર સાથે ગિરનારનાં દર્શન કરવા જાય અને ત્યાં રસ્તામાં એને પીંખી નાંખવામાં આવે એવી ઘટના બને, પાટણકાંડ બને અને આ રીતે સવારમાં વર્તમાનપત્ર ખોલીએ અને કે જે સરસ્વતીનાં મંદિરો ગણાય એ સરસ્વતીનાં મંદિરોમાં જે આજે બનાવો બની રહયા છે એના અહેવાલ વાંચીએ એનાથી આ ગુજરાતની જનતાએ અને આ ગૃહના ધારાસભ્યશ્રીઓએ ચિંતિત બનવું પડશે એટલા માટે કે અહીંયાં જયારે જવાબ આપવામાં આવે છે ત્યારે બિહાર, ઉત્તર પ્રદેશ અને બીજાં રાજયોની સરખામણી થાય છે. આપણે ત્યાં ધારાસભ્યોની કે માજી મંત્રીશ્રીઓની હત્યા નહોતી થતી. એક બાપ આજીજી કરે, એક બાપ ચિંતા કરે અને એક બાપ જયારે ચિંતા કરતો હોય અને સીધી આંગળી ચિંધાય, એ સીધી આંગળી • (xxxxxx) તરફ ચિંધાય ત્યારે આપણે એની ચિંતા કરવી જોઈએ.

• (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

**અગાઉથી જાણ કર્યા સિવાય આક્ષેપ કરવા અંગે**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આ રીતે આરોપ ના લગાવી શકે. માનનીય મુખ્યમંત્રીશ્રી ગૃહમાં હાજર નથી અને એ સિવાય પણ આરોપ લગાવવા હોય તો એના માટેની સૂચના આપવી પડે અને એમને જાણ પણ કરવી પડે.

**અધ્યક્ષશ્રી** : માનનીય જગદીશભાઈ, આપ ખૂબ જ ગંભીરતાથી બોલો છો ત્યારે જે વિષય ઉપર કોર્ટે પોતાનો ચૂકાદો આપી દીધો છે અને કેટલીક વસ્તુ સબજયુડિસ છે, એ તો છે જ, પરંતુ આપે જે પ્રકારના મોઘમ આક્ષેપો કરીને જે દિશા અપનાવી છે એ સંસદીય નથી. એટલે એના માટે દિલગીરી વ્યકત કરીને આપ આગળ વધો.

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) (ક્રમશ:)

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપ કહો છો એટલે દિલગીરી વ્યકત કરું છું, પરંતુ આજે જે બનાવો બની રહ્યા છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** યોગેશભાઈ, એમણે દિલગીરી વ્યકત કરી છે અને એ જે શબ્દો છે એ હું રેકર્ડમાંથી કાઢી નાંખું છું.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર:** બહુમતિના જોરે દબાવવાથી આ બનાવો બની રહ્યા છે. તમે ઈતિહાસના ચોપડામાંથી નહીં કાઢી શકો. અહીંયાં પાા કરોડ ગુજરાતીઓની વાત થઈ છે, સાડા પાંચ કરોડ ગુજરાતીઓની અસ્મિતાની વાત થઈ છે. હું એ પૂછવા માગું છું કે આ ૧૦ વર્ષમાં એકપણ દલિત, એકપણ બક્ષીપંચના જમીન વિહોણી વ્યકિતને એક વીઘો જમીન કયાંય એલોટ કરી છે ખરી એકસાલી પધ્ધતિમાં? એલોટ કરી છે એ કુલ ૨૭ જેટલા સેઝ બન્યા છે એમાં જી.આઈ.ડી.સી.માં ૧૯૬૮ હેકટર જમીનના સેઝ બને છે. તો ગુજરાતના વિકાસની વાતો કરવાવાળા લોકોને આપના માધ્યમ દ્વારા હું કહેવા માગું છું કે આ ૨૭ એકમો જે કુલ છે એમાંથી પ્રાઈવેટ સેઝ, પ્રાઈવેટ ઉદ્યોગપતિઓને જમીનો અપાઈ છે, ૧૬૯૮૫ હેકટર જમીન ૫ કરોડપતિઓને આપવામાં આવી છે. તેમને ગુજરાતના ગામડામાં રહેતા ગરીબ દેખાતા નથીં, ગામડામાં રહેતો કોઈ દેવીપૂજક કે જે શાકની લારી કે ફળની લારી લઈને બેઠો છે એને એકસાલી પધ્ધતિમાં જમીન આપવાનો કાયદો હોવાછતાં એ એમને દેખાતો નથી. આજે જે બનાવો બની રહયા છે એ એટલા માટે ગંભીર છે કે મેં અગાઉ પણ કહયું છે અને આજે પણ કહેવું પડે છે કે માત્ર મૂઠ્ઠીભર લોકોનો વિકાસ.

માનનીય અધ્યક્ષશ્રી, સમતોલ વિકાસની વાત છે, એક જ જગ્યાએ એક જ જિલ્લામાં ઉદ્યોગપતિઓને આટલી જમીન આપવામાં આવી તો કયાં તમારો સમતોલ વિકાસ છે? ઉત્તર ગુજરાતમાં કે આદિવાસી પૂર્વ પટ્ટીમાં એક પણ ઉદ્યોગ આપણે લાવી શકયા ખરા? એ એટલા માટે નથી લાવી શકયા કારણ કે આદિવાસી પૂર્વની પટ્ટી અને બક્ષીપંચના વિસ્તારોમાં ઉદ્યોગો આવે તો ત્યાં રોજી રોટી મળે, અને રોજી રોટી મળે તો સામાન્ય માણસ બેઠો થાય અને જો સામાન્ય માણસ બેઠો થાય તો આ સરકાર પાસે જવાબ માગતો થાય, એટલા માટે તેને કેમ રોજી રોટી વગરનો કરવો, કેમ ખતમ કરવો, તેને કેમ હેરાન કરવો તે દિશામાં આજની સરકાર આ બાબતો લઈને ચાલે છે. અહીં બધા મારા મિત્રો ૫૦ રૂપિયાના મીટરની વાત કરે છે, રાજીવ ગાંધી ગ્રામીણ વિકાસ વિભાગ તરફથી આ રૂપિયા આવે છે તેવું કોઈ બોલતું નથી. સો ટકા સેનીટશન માટે અહીં લક્ષ્યાંક આપણા ગુજરાતના ૨૫ જિલ્લામાં આપ્યો ૩૦,૮૫,૫૬૨, એમાંથી કેટલા યુનિટો બન્યા? ૧૩,૭૫,૬૨૧ યુનિટો બન્યા, સેનિટેશનની વાત, મહિલાઓની આબરૂ ઢાંકવાની વાત, કયાંક અંધારામાં ગાડી લઈને ગામડાંમાં નીકળો ત્યારે ગાંડો બાવળ એ દીકરીની કેવી લાજ રાખે છે તે જુઓ, પણ આમાં નજર નહીં ચાલે એમની, આ જોવા તરફ એમની દૃષ્ટિ નહીં જાય, એટલા માટે દૃષ્ટિ નહીં જાય કે ત્યાં ગરીબ ઘરના લોકોને જે કંઈ સેનિટેશનની વ્યવસ્થા આપવાની વાત છે તે એમનાં એજન્ડામાં નથી. એમની સરકારનું મુખ્ય કામ નથી. માનનીય અધ્યક્ષશ્રી, બે ત્રણ મંત્રીઓની ખૂબ સરસ વાત આવે છે. સિંચાઈ ખાતાના મંત્રી એમ કહે છે કે ચેક ડેમો બન્યા, બોરી બંધો બન્યા, નદીઓમાં ડેમો બનાવ્યા, પાણીના તળ ઉંચા આવ્યા, બીજા મંત્રી એમ કહે છે કે પાણીના તળ ઉંડા છે એટલે પાણી ખેંચાઈ ન જાય એટલા માટે ડાર્ક ઝોન નાખવામાં આવ્યા છે, તો કોણ સાચું? એક મંત્રી એમ કહે છે કે ડાર્ક ઝોન છે એટલા માટે પાણી માટે વધારાની વીજળી અમે આપી શકતા નથી, હું કહેવા માગું છું કે ધરોઈ ડેમની બાજુમાં કોઈક ગામમાં તો જાવ, સિંચાઈ મંત્રીશ્રીને વિનંતી કરું છું આપના માધ્યમ દ્વારા, કે આજે આટલા મોટા ડેમો હોવા છતાં પણ ત્યાં ૫૦૦-૬૦૦ ફૂટે પાણી નથી, બોરી બંધ, ખેત તલાવડીઓ, અને તળાવો ઉંડા કરવાથી પાણીના તળ ઉંચા કઈ રીતે આવી ગયા તેનો સહેજ લોજીકલી વિચાર કરીને ગુજરાતની પ્રજા પાસે વાત મૂકો, માત્ર તુક્કાની વાત કરવી, માત્ર ભોળવવાની વાત કરવી, માનનીય અધ્યક્ષશ્રી, વીજ ઉત્પાદનની વાત થાય, મારા મિત્રોએ કહ્યું, પણ કેટલા વર્ષનું વેઈટીંગ બાકી છે? ચૂંટણીના ૧૫ દિવસમાં ૮ કે ૯ કલાક વીજળી આવે, અને જે દિવસે ચૂંટણી પૂરી થઈ જાય કે

પાછી છ કલાક લાઈટ થઈ જાય. આ બધી બાબતો એટલા માટે છે કે પંચાયતનું વિભાજન, ગામ તળ નીમ કરવાની કાર્યવાહી, લાખો ચોરસ મીટરની હજારો હેકટર જમીન કોઈ ઉદ્યોગ પતિને આપવાની હોય તો તેને કંઈક અધિકારીઓની ભાષામાં ઈલકેટ્રોનિકસ ફાઈલ કહેવામાં આવે છે. તેને ૨૪ કલાકમાં ફાઈલ કલીયર થઈ જાય, લાખો ચોરસ મીટર જમીન એક રૂપિયા ટોકને મળી જાય, હજારો હેકટર જમીન એક રૂપિયા ટોકને મળી જાય, પણ પંચાયતને શાળા બનાવવાની હોય, પંચાયતને બોર કરવાનો હોય, પંચાયતને શાળાનો ઓરડો બનાવવાનો હોય, તેને ગામતળ નીમ કરવાનું હોય તો તેની કાર્યવાહી પાંચ પાંચ વર્ષ સુધી આ રાજય સરકાર કરતી નથી. તેવા દાખલા પણ આ સરકારના ચોપડે બોલે છે. અને એટલે ગ્રામ્ય વિસ્તારમાં તેને સહેજ પણ રસ નથી. ભાવુક બનીને વાતો કરીને ચોકકસ સરકારો બની શકે, મતદારોના આંકડાની રમતમાં કયાંક કોઈક મત વિસ્તારને નકકી કરેલા ટારગેટ મુજબ લઈ જઈ અને કયાંક કોઈક સમીકરણમાં ગોઠવી લોકોની લાગણીઓને ભડકાવીને સરકારો બનાવી શકાય છે, પણ તે સરકારો ચલાવવાની જવાબદારી પણ આપણે ચોકકસ પૂરી કરવી પડશે. અગાઉ ભાષણો થયા, અહીં કોંગેસ જીતશે તો પાકિસ્તાનમાં ફટાકડા ફૂટશે, અહીં કોંગ્રેસ જીતશે તો ફલાણું થશે. આ વખતે પણ ભાષણો થયા. મને મારી નાખવો હોય તો મારી નાખો, મારા ચાર ટૂકડા કરી નાખો, મને ફાસીએ ચડાવી દો. હું પૂછવા માગું છું કે કોણે મારી નાખવાની ધમકી આપી?

**અધ્યક્ષશ્રી** : માનનીય જગદીશભાઈ, કોંગ્રેસ પક્ષ પાસે આપનું અત્યારનું વક્તવ્ય પૂરું કરતાં પાછળ હવે નવ મિનિટ બાકી રહે છે. જ્યારે સામી બાજુ ૬૦ મિનિટ બાકી રહે છે એમાં બે મંત્રીશ્રીઓ ભાગ લેવાના છે. એટલે આપના વક્તવ્ય પછી એક સભ્યશ્રી બોલશે અને ત્યારપછી બે મંત્રીશ્રીઓ આવશે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારુ વક્તવ્ય પૂરું કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્ય શ્રીમતી ભાવનાબેન....

**શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(તળાજા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ જે બજૅટ રજૂ કર્યુ છે તેને મારું સમર્થન છે. આવું સરસ મજાનું બજૅટ રજૂ કરવા બદલ મારા હ્દયપૂર્વકનાં માનનીય નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

સૌ પ્રથમ તો બારમી વિધાનસભામાં પ્રથમ વખત મને વિધાનસભા ગૃહમાં બેસવાનો મોકો મળ્યો છે તે મારા માટે ખૂબજ આનંદની વાત છે. બારમી વિધાનસભાના મારા સાથી મિત્રોને મારી શુભેચ્છા.

માનનીય નાણામંત્રીશ્રીએ જે બજૅટ રજૂ કર્યુ તેમાં ખાસ મહિલાઓને અગ્રિમતા આપી છે તે સૌ કોઈ જાણે છે. આ બજૅટમાં મહિલાઓનાં વિકાસ માટે ૭૨ ટકાથી વધુ ફાળવણી કરાઈ છે. યુવા વિધવાઓને પેન્શન ઉપરાંત સ્વરોજગારી ચાલુ કરવા રૂા. ૩૦૦૦/-ની સહાય આવકારદાયક છે. ગામડાંમાં વિમેન્સ સેલ્ફ હેલ્પ ગૃપ, દોઢ લાખ સખી મંડળીઓ રચી ૧૫ લાખ બહેનોને સ્વરોજગારી મળે તે માટે રૂા. ૯૪ કરોડની જોગવાઈ પણ આવકારદાયક છે.

આંગણવાડીમાં કામ કરતી કાર્યકર અને તેડાગરના માનદવેતનમાં રૂા. ૫૦૦ તથા રૂા. ૨૫૦નો વધારો કરવામાં આવ્યો તે બદલ મુખ્યમંત્રીશ્રીને ધન્યવાદ. આ ઉપરાંત માનદ વેતનનાં વધારાની સાથે સાથે બે સાડીઓની સહાય તથા કાયમી ધોરણે ભવિષ્યનિધિનો લાભ આપવામાં આવશે જે પ્રશંસનીય બાબત છે. ચાલુ વરસે ૪૦૦૦ મકાનો આંગણવાડી માટે બાંધવામાં આવશે.

એ સિવાય સતત ત્રીજા વરસે મહેસૂલી પુરાંતવાળું આ બજૅટ રૂા. પચ્ચાસ હજાર કરોડે પહોંચ્યું છે. વિચારશીલ તથા લોકભોગ્ય વહીવટથી બજૅટનાં ૬૧.૮ ટકા નાણાં વિકાસલક્ષી ખર્ચમાં વપરાય છે તે આ સરકારે કરી બતાવ્યું છે. કેન્દ્ર સરકારને અબાધિત આવક હોવા છતાં દેશનાં વિકાસ પાછળ ફક્ત ૩૦ ટકા નાણાં પણ ખર્ચી શકતી નથી. આ રીતે જોઈએ તો નાનકડું ગુજરાત મર્યાદિત આવક હોવા છતાં બજૅટના બે તૃતિયાંશ જેટલા નાણાં વિકાસ પાછળ વાપરે તે અભૂતપૂર્વકનું કહી શકાય.

આ બજૅટમાં અનેક માનવહિતનાં કાર્યોને કેન્દ્રબિંદુ ગણીને અનેક નવાં પગલાં લેવામાં આવ્યા છે. જેમાં સૌથી મહત્ત્વનું પગલું ૨૦૦૮ના વર્ષને " નીરોગી બાળક વર્ષ" તરીકે ઉજવવાનું જે સૌથી મહત્ત્વનું પગલું ગણી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૮-૨૦૦૯ની વાર્ષિક યોજના ૧૯૦૩૦ કરોડની જાહેર કરવામાં આવી છે. તેમાં માત્ર સામાજિક ક્ષેત્રો માટે રૂા. ૮૧૭૧ કરોડ એટલે કે ૪૩ ટકાની મોટી જોગવાઈ કરવામાં આવી છે. તેમાં કૃષિ અને સિંચાઇ પેટે ૭૦૧૫ કરોડ એમ કુલ ૧૫૧૮૬ કરોડ તો માત્રને માત્ર કૃષિ સિંચાઇ અને સામાજિક ક્ષેત્રમાં ફાળવાયા છે. આમ યોજનાની કુલ રકમમાંથી ફક્ત ૮૦ ટકા રકમ સામાજિક ક્ષેત્ર, કૃષિ અને સિંચાઇ ક્ષેત્રમાં ફાળવવામાં આવી છે. આમાં નર્મદા યોજના માટેના રૂા. ૩૪૦૦ કરોડનો પણ સમાવેશ થાય છે.

આ બજૅટમાં શિક્ષણ પાછળ ૨૬ ટકાનો વધારો તેમજ આરોગ્ય માટે ૪૬ ટકાનો નાણાં ફાળવણીમાં વધારો કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની તમામ હૉસ્પિટલો તથા આરોગ્ય કેન્દ્રો સગવડતાભર્યા તથા આકર્ષક બને તે માટે ગુજરાત સરકારનું આયોજન છે. તે માટે ગુજરાત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર બોર્ડની રચના કરવામાં

આવનારી છે જે કદાચ દેશમાં પ્રથમવાર થશે. આના કારણે વધારેમાં વધારે લોકો સરકારી હૉસ્પિટલોમાં પ્રેરાય તેવી સરકારશ્રીની નેમ છે.

આ બજૅટમાં પીવાના પાણી માટે ૧૪૭૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. ફ્લૉરાઇડ-નાઈટ્રોજનયુકત ગામડાંને ચાલુ વરસે સંપૂર્ણપણે શુદ્ધ પીવાનું પાણી મળે તેવું સરકારશ્રીનું આ બજૅટમાં આયોજન છે. આ યોજનાથી રાજયનાં આવા ૭૫૭૬ ગામડાંને શુદ્ધ પાણીનો લાભ મળશે. હું જે વિસ્તારમાંથી ચૂંટાઈ છું તે વિસ્તાર મને યાદ છે ત્યાં સુધી મોટા ભાગનો વિસ્તાર દરિયા કિનારાનો છે. જ્યાં થોડા વરસો પહેલાં મને બરાબર યાદ છે કે જ્યાં ક્ષારવાળું પાણી જ મળતું હતું જેના કારણે લોકોમાં બિમારી ઘર કરી ગઈ હતી. (સમય સૂચક દ ંટડી) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કરેલા આ સમગ્ર બજૅટને મારુ સમર્થન આપું છું અને ફરીને અભિનંદન આપી મારું વક્તવ્ય પૂરું કરું છું.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે ૧૩મું બજૅટ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આનંદની વાત તો એ છે કે ૧૯૬૧માં ભાવનગરમાં ૬૬મું રાષ્ટ્રીય કૉંગ્રેસનું મહા અધિવેશન ભરાયું હતું. તેમાં જે વિષયો ગુજરાત માટે, ગુજરાતના વિકાસ માટે ઉપસ્થિત થયા, કારણ કે બ્રુહદ મુંબઈમાંથી આપણે ૧૯૬૦માં છૂટા પડ્યા તે વખતે ગુજરાતની શું પરિસ્થિતિ હતી અને તેમાં ગુજરાતના જે આગેવાનો, જે વિચારકો હતા તે વખતે આદરણીય માધવસિંહજી સોલંકી, આદરણીય ચીમનભાઈ પટેલ પોતાના વક્તવ્ય રજૂ કરતાં ત્યારે તે વખતે તેમનું કોઈ રાજકીય સ્ટેટસ નહોતું, તેમ છતાં એ લોકોએ જે વિચારો ગુજરાતના વિકાસ માટે મૂક્યા હતા, મારે ખાસ આનંદની આ વાત એટલા માટે ગૃહ સમક્ષ મૂકવી છે કે તેમણે જે વિચારો મૂક્યા હતા એ વિચારોમાંથી આજે આટલા વર્ષો થયા પણ તેમાંથી કયાંય એ વિચારથી બહાર ગુજરાત નથી ગયું. કોઈ નવી આઈડીયોલોજી આ ગુજરાતમાં હજી એડપ્ટ નથી થઈ. બધા જ વિચારો ગમે તે ગમે તે રીતે તેના મૂળ હેતુ ઉપર આવીને ઉભા રહે છે. આજે આપણે ચેકડેમોની વાતો કરીએ છીએ કે આ સરકારે ખૂબ ચેકડેમો બાંધ્યા. એ વખતે એ ચિંતા જયમલભાઈ હાથીએ કરી હતી. જે ભારત સરકારના સિંચાઈ મંત્રી હતા. તેમણે એ ચિંતા વ્યક્ત કરેલી કે સૌ પ્રથમ ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે વિકાસ સંપન્ન કરવો હશે તો આપણે પહેલાં મોટા બંધ બાંધવા પડશે. પછી મધ્યમ સિંચાઈ યોજનાઓ અને પછી નાની સિંચાઈ યોજનાઓ બાંધવી પડશે. પછી ચેકડેમો બાંધવા પડશે અને પછી નાળા પ્લગીંગ કરવું પડશે. ત્યારે પાણી રોકી શકીશું અને પાણીના તળ ઉંચા લાવી શકીશું. અમે લાવ્યા, અમે લાવ્યા, અમે લાવ્યા, આ કેવી રીતે ચાલે? (અંતરાય) આ કઈ રીતે ચાલે? પાવર સ્ટેશનોની વાત કરીએ તો ઉર્જા ક્ષેત્રે પણ મારે આ સરકારને પૂછવું છે કે (અંતરાય) એ પણ કહું છું. ઉર્જા ક્ષેત્રની મારે વાત કરવી છે. એ વખતે એવું નક્કી કરેલું હતું કે ૪૦ ટકા વીજળી કૃષિ ક્ષેત્રે આપવી અને ૬૦ ટકા વીજળી એ ઉદ્યોગક્ષેત્રે આપવી અને ઉદ્યોગ ક્ષેત્રનો નફો જે થાય તે સબસિડીના રુપે ખેડૂતોને આપવી. ખેડૂતોને નહીં નફો, નહીં નુકસાનના ધોરણે વીજળી આપવાની વાત તે વખતે થયેલી હતી તેમાં ઓટ આવી છે. અમે લાવ્યા એટલા માટે કહું છું કે એ વખતે કોઈ પ્રાઇવેટ પાવર હાઉસ નહોતું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ બાજુથી ચર્ચામાં ભાગ લેતા હતા ત્યારે આ બાજુથી અવાજ નહોતો થતો એટલો ખ્યાલ રાખો.

**શ્રી મુકેશકુમાર ભે. ગઢવી** : એ વખતે એવું કહેવામાં આવેલું કે તબક્કાવાર વીજળીનું ઉત્પાદન વધારતા જાવ, જો હાઈડ્રોપાવરસ્ટેશન પ્રોપર ન થાય તો થર્મલ પાવર સ્ટેશન ઉપર જાવ. આ રીતે વિકલ્પો આપીને ગુજરાત વીજળી ક્ષેત્રે પોતે સંપન્ન બને, ગુજરાતમાં વીજળીની માંગ પૂરી કરવા માટે તબક્કાવાર વીજળીનું ઉત્પાદન વધે તે દિશામાં પ્રયત્નો કરો. તે ચિંતા તે વખતે વ્યક્ત કરવામાં આવી હતી. આજે શું? આજે ગુજરાત પાવરમાં આગળ આવી રહ્યું છે. પણ કોના કારણે? બધા જ પાવર સ્ટેશનો પ્રાઈવેટ કંપનીઓને આપી દીધા. પ્રાઇવેટ કંપનીઓને વેચી માર્યા. તેની પાસેથી પાવર ખરીદવા માંડ્યા. વેચાતો કરવા માંડ્યા. આપણે ગુજરાત રાજયના પાવરહાઉસોનું મેન્ટેનન્સ સુદ્ધાં કરી શકતાં નથી. આજે આપણે પાવર ઉત્પાદન કરવાનો ગર્વ લઈએ છીએ. પણ એ ખાનગી ઉત્પાદકો જો પાવર ઉત્પાદન કરે અને તેનાથી વિશેષ..

**અધ્યક્ષશ્રી** : મુકેશભાઈ, તમે તેમણે આપેલા મુદ્દા ઉપર ન બોલો. તમારા મુદ્દા ઉપર બોલો

**શ્રી મુકેશકુમાર ભે. ગઢવી** : હું એ નથી કહેતો. હું મારા મુદ્દાઓ જ કહું છું. આ લોકો જશ લેવાની વાત કરે છે. ખાસ મારે એટલા માટે ધ્યાન દોરવું છે કે આ લોકો યશ લેવાની વાત કરે છે કે જ્યારે તેમનો જન્મ નહોતો થયો તે વખતે ગુજરાતના આગેવાનોએ આ ચિંતા વ્યક્ત કરી હતી. એટલા માટે હું આ કહું છું. માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી કદાચ આપ તો તેના સાક્ષી હશો.આપ તો એના સાક્ષી હશો, આપ તો ખૂબ સિનિયર સભ્ય છો.

**અધ્યક્ષશ્રી** : મને સંબોધીને નહીં કહી શકો. આપ સીધા જ જે કહેવું હોય તે કહી શકો છો. આપનું પ્રવચન અડધી મિનિટમાં પૂરું થાય છે.

**શ્રી મુકેશકુમાર ભે. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે વખાણ થઈ રહ્યા છે. વખાણ હોઈ શકે પણ એનો અતિરેક ન હોઈ શકે. તમામ સભ્યોને બજૅટ ઉપર લખાણ આપવામાં આવ્યું છે. દુ:ખની વાત એ છે કે, પોતે

જે મત વિસ્તારમાંથી ચૂંટાયેલ છે એ પોતાના મત વિસ્તારની વાત એક પ્રતિનિધિ તરીકે બોલી શકતા નથી. એમણે જે લખાણ આપ્યું છે એમાંથી એકપણ શબ્દ આઘોપાછો નહીં કરીને બોલવાનું છે. અને મારા માટે આનંદની વાત એ છે કે, આદરણીય નરેન્દ્રભાઈ કે જે સૌથી જુનિયર ધારાસભ્ય છે અને જુનિયર હોવા છતાં પણ એ સિનિયર થઈને મુખ્યમંત્રી તરીકે બેઠા છે. એ નાના સમાજમાંથી આવે છે. આટલી મારી વાત કરીને હું મારી વાત પૂરી કરું છું. (અંતરાય)

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય નાણા મંત્રીશ્રી આ વિધાનસભાગૃહની અંદર તેરમી વાર જે બજૅટ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૉન્ગ્રેસના મિત્રો ઘણા ઊંચા અવાજે ઘણી બધી રજૂઆતો કરી. મારે થોડાક જૂના દિવસો યાદ કરાવવા છે કે, જ્યારે એ લોકો હતા ત્યારે શું થયું? અને પછી જેમ અર્જુનભાઈએ કહ્યું કે, નાણામંત્રીશ્રી કેવા હોવા જોઈએ? અને એ સમયે અમારા વજુભાઈએ બજૅટ આપવાનું ચાલુ કર્યું. ટેક્સીસ બાબતમાં અર્જુનભાઈથી માંડીને વિરોધપક્ષના નેતાથી માંડીને સિદ્ધાર્થભાઈએ ઘણી બધી ટીકાઓ કરી છે. મારે એટલું જ કહેવું છે કે, જ્યારે કૉન્ગ્રેસનો સમય હતોને ત્યારે સ્ટૅમ્પ ડ્યૂટી ૧૪.૮૦ ટકા હતી. માનનીય નાણામંત્રીશ્રીએ એમના સમયમાં આ ૧૪.૮૦ ટકાથી ઘટાડીને ૪.૯૦ ટકા કરી છે. જ્યારે વજુભાઈએ નાણા વિભાગ સંભાળ્યો ત્યારે ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટી હાઈએસ્ટ ૬૦ ટકા હતી. આ કૉન્ગ્રેસના સમયે હતી. આજે ઘટાડીને ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટી હાઈએસ્ટ ૨૫ ટકા કરી છે. સોથી અઢીસો વર્ષ જૂની ઑક્ટ્રૉય નાબૂદી કયારેય વિરોધપક્ષો ન કરી શક્યા. આદરણીય નરેન્દ્રભાઈ અને ભારતીય જનતા પાર્ટીએ ઑક્ટ્રૉય નાબૂદ કરી અને પહેલાં નગરપાલિકામાં કરી અને પછી શહેરોમાં કરી. એવી જ રીતે આપણે દરેક ટેક્સીસ જોઈએ તો લકઝરી ટેક્સ હોય, સેલ્સ ટેક્સ હોય, એન્ટરટેઈનમેન્ટ ટેક્સ હોય, આ દરેકની અંદર ટેક્સીસ ઘટાડીને આ હાઉસની અંદર હું એક વસ્તુ જોતો આવ્યો છું અને છેલ્લા છ વર્ષથી જોતો આવ્યો છું કે, આ વિરોધપક્ષના મિત્રો માત્રને માત્ર ટીકાઓ કર્યા સિવાય કાંઈ જ કામ કર્યું નથી. આજે કહ્યું કે, કમર તૂટી ગઈ, ભારણ વધી ગયું, ગુજરાતની પ્રજા ખલાસ થઈ ગઈ છે. એક નાનો દાખલો આપવો છે. છેલ્લા સાડા ત્રણ વર્ષની અંદર જે ડિઝલ અને પેટ્રોલનો વધારો થયો છે એમાં ગુજરાતની પ્રજા ઉપર ૨૭૦૦ કરોડ રૂપિયાનો બોજો વધ્યો છે. એક નવો ટેક્સીસ આવ્યો સર્વીસ ટેક્સ. એ સર્વીસ ટેક્સ આઠ ટકાથી દસ ટકા કર્યો, દસ ટકાથી વધારીને બાર ટકા કર્યો. આ આંગડીયાવાળાઓ ઉપર વધાર્યો, મંડપવાળાઓ ઉપર વધાર્યો, લાઈફ ઈન્સ્યોરન્સવાળાઓ ઉપર વધાર્યો, કપડાં ધોવાવાળા ઉપર વધાર્યો. જેનાથી આ ગુજરાતની અંદર ચાલીસ હજાર એસેસી હતા એના બ્યાંસી હજાર કર્યા અને ગુજરાતની પ્રજા ઉપર અઢારસો કરોડનો વાર્ષિક બોજો વધાર્યો. આ ૧૮૦૦, આ ૨૭૦૦ તમે તો બહેનોને પણ છોડયા નથી. એલ.પી.જી. સિલિન્ડરમાં Declared Goods કર્યુ છે. સાડા બાર ટકા ગુજરાત સરકારનો ટેક્સ હતો અને Declared Goods ની સ્થાપના કરી અને ચાર ટકા થયો. સાડા આઠ ટકા ભાવ ઘટવો જોઈએ. સિલિન્ડરે ઘટાડવા જોઈએ, ભાવ ન ઘટાડયા, ભાવ વધાર્યા અને ગુજરાતની બહેનોની પાસેથી ૧૦૧ કરોડ રૂપિયા લઈ ગયા. છેલ્લા ૩ વર્ષની અંદર વાર્ષિક ૬૭૨૪ કરોડનો બોજો વધાર્યો અને વધાર્યો તો વધાર્યો પણ પાછા અહીંયાં બેઠા બેઠા શું કહે છે કે ગુજરાતમાં સૌથી વધારેમાં વધારે ટેક્સ ચાલે છે. આખા દેશની દૃષ્ટિએ. એવી બધી અહીંયાંથી વાતો આવે છે. મારે ખાલી ધ્યાન દોરવું છે કે આ એડીશનલ ટેક્સ વધાર્યા પછી પણ આજે માથાદીઠ ગુજરાતમાં ૪૨૩૮ છે. કર્ણાટકમાં ૫૦૫૦ છે. મહારાષ્ટ્રમાં ૪૭૩૫ છે. તામિલનાડુમાં ૪૯૬૬ છે. ગુજરાતનો હજુ આ મોટા રાજયોની સરખામણીમાં માથાદીઠ ટેક્સ ઓછો છે. વધારે આપણે વાત કરીએ આ બધા પેરામીટર્સ છે કે કયા રાજયમાં ટેક્સ વધારે કહેવાય. આમાં એક બીજો પેરામીટર છે એ ટેક્સથી જી.એસ.ડી.પી.નો રેશીયો, આપણો ૭.૧૪ છે. આંધ્રનો ૮.૨૭ છે. કર્ણાટકનો ૧૦.૯૧ છે. તામિલનાડુમાં ૧૦.૪૪ છે. આ શું દર્શાવે છે? કે હજુ પણ ગુજરાતમાં બીજા રાજયની સરખામણીમાં ટેક્સનું પ્રમાણ યોગ્ય અને વ્યાજબી છે. ઘણી બધી વાતો થઈ ૬ હજાર કરોડ રૂપિયા ગુજરાતને મળે છે કેન્દ્રમાંથી આ વધારાના ભારણ, મારે એક દાખલો ઓફીસીયલ આંકડા જ આપવા છે કે ૨૦૦૫-૦૬ની અંદર ગુજરાતમાંથી ૩૬૧૮૯ કરોડ રૂપિયા લઈ ગયા હતા. ઇન્કમટૅક્સ, કૉર્પોરેટ ટેક્સ બધું જ ભેગું મળી અને આખા રાજયમાં ૩ લાખ ૫૬હજાર કરોડ આખા દેશમાંથી આવ્યું. આના ૩૦.૫૦, ૫ ટકા ડીસ્ટ્રીબ્યુશન પુલમાં જાય છે અને પુલમાંથી આપણને ૩.૫૬ ટકા મળે છે એટલે જો ઓરીજનલ આંકડો જોવા જઈએ તો ૩ લાખ ૫૬ હજારમાંથી જો ૩ હજાર કરોડ જો મળે તો .૯ ટકા મળે છે. રાજયના ૧૦ ટકા લઈ જાય છે અને એની સામે .૯ ટકા આપે છે. ચલો બીજે આપે તો કોઈ જ વાંધો નથી, આપવું જોઈએ પણ મિત્રો આજે જે રૂપિયા મોકલીએ છીએ એટલે એમ ના કહી શકે એ કે આપણા ઉપર ઉપકાર કરે છે. આખા દેશમાં સરકારની વાહ વાહ થઈ રહી છે અને એના ઘણા કારણો છે. અમે પ્લાનીંગ કમિશનમાં જઈએ ત્યારે અમને એમ કહે છે આયોજન પંચવાળા કે ગુજરાત ગ્રોથએન્જિન છે. આપ નક્કી કરો કે તમારું લક્ષ્યાંક શું છે અને તમે જો લક્ષ્યાંક નક્કી કરશો એના પરથી આખા દેશનું લક્ષ્યાંક નક્કી થશે. આપણું લક્ષ્યાંક તો આયોજન પંચે જે આપ્યું એ ૧૧.૨ ટકા આપ્યું. અગિયારમી પંચવર્ષીય યોજનાનું, થોડી સરખામણી કરો આંધ્રપ્રદેશ ૯.૫, મહારાષ્ટ્ર ૯.૧, તામિલનાડુ ૮.૫ અને આપણું ૧૧.૨ આપ્યું છે એટલે આખા દેશનું ૯ ટકા એવરેજ આવવાનું છે. આટલું ઉંચું લક્ષ્યાંક ૫ વર્ષનું આપ્યું અને મને કહેતાં આનંદ થાય છે કે પહેલું વર્ષ પૂરું થયું એના એસ્ટીમેટ જે આ વર્ષના છે

એ ૧૧.૨ નહીં પણ ૧૧.૩ ટકા નીકળે છે, એટલે આ આપણી લીડ કહેવાય એવી જ રીતે મને યાદ છે વિરોધ પક્ષના નેતા જ્યારે અર્જુનભાઈ હતા ત્યારે એક જ વસ્તુ કહેતા હતા કે આ બધું તમે પ્લાન બનાવો છો, પણ ખર્ચો છો કેટલા એ આંકડા આપો. ચોક્કસ એમને યાદ હશે ૪૭ હજાર કરોડ રૂપિયાનો જે પ્લાન બન્યો હતો ૫ વર્ષનો એની સામે ૪૯૪૧૫ કર્યો ખર્ચો. ૧૦૫.૧૪ ટકાનો ખર્ચો કર્યો છે અને બીજાની સરખામણી કરીએ આંધ્રપ્રદેશ ૯૦% મહારાષ્ટ્ર માત્ર ૭૭% વેસ્ટબેંગાલ માત્ર ૬૨%. આ પ્રમાણેની જો સરખામણી બીજા રાજય જોડે કરીએ તો આખું એવરેજ આખા દેશનું ૮૯ ટકા આવે છે અને એની સામે આપણું ૧૦૫ ટકા છે એટલે સંપૂર્ણપણે આપણે ખર્ચો પણ કરીએ છીએ. અને એવી જ રીતથી જોઈએ છીએ તો આખા દેશમાં ગુજરાત ગ્રોથ રેટ ઉપર આજની તારીખમાં નંબર વન ગણાય છે. અમારા ઘણાબધા મિત્રોએ ઊર્જાની ફરિયાદ કરી, મને આ વિધાનસભા ગૃહમાં કહેતાં આનંદ થાય છે કે જી.ઈ.બી.ની બધી જ કંપની થોડા વર્ષો પહેલા અઢીહજાર કરોડ રૂપિયાનું નુકસાન કરતું હતું. માત્ર ત્રણ વર્ષમાં ૨૦૦ કરોડના નફા ઉપર આવી ગયું. લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સ, યુનિવર્સિટી ઑફ લંડન જે દુનિયાની સૌથી નિષ્ણાંત અને સારામાં સારી ઈકોનોમિક્સની કૉલેજ ગણાય છે એ લોકોએ આ ટર્ન એરાઉન્ડ સ્ટોરીને કેસ સ્ટડી માટે આખી દુનિયા માટે લીધો છે. એમણે શું લખ્યું છે? - "Let me compliment you on this outstanding and exemplary achievement for strategic intent, meticulous planning and effective implementation. Since the case provides an exemplary achivement in infrastructure transformation, changed management and innovation which might serve as role model not only for the States in India but for other developing countries." એમનો આખો રિપોર્ટ વાંચો. એમણે જે કેસ સ્ટડી લખ્યો છે એમાં એમણે પોલિટિકલ વીલને અભિનંદન આપ્યા છે - "The case demonstrates how a strong commitment at the highest political level in Gujarar lead to transformation of loss-making public undertaking into one of the best public undertakings of the country."

માનનીય અધ્યક્ષશ્રી, આ લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ જ્યારે અમને શાબાશી આપતી હોય ત્યારે તમે હવે ચશ્મા તો કાઢો. મારી ઘણી ટીકાઓ થઈ. ટીકાઓ શું થઈ? ટીકાઓ એવી થઈ કે ૧૮ પૈસા ફ્યુઅલ રેટ વધાર્યા છે. રેગ્યુલેટરી કમિશનનો ઑર્ડર છે કે છેલ્લા સાત વર્ષમાં એક પૈસાનો ટેરિફ ઈન્ક્રીઝ આ ગુજરાત સરકારમાં થયો નથી. હમણાં છેલ્લે એમણે એક ફ્યુઅલ ફૉરમ્યુલા આપી છે. એ કેમ આપી? વધતા જતા ફ્યુઅલના ભાવોના કારણે. એની અંદર કહીશ કે, During the quarter October-December, ૨૦૦૭, the prices of all sorts of fuel were increased; revision in royalty rate - ગુજરાત સરકારનો કોઈ વાંક નહીં, ૪૦ કરોડ.. Increase in basic prices of coal - ૧૦ ટકા, ગુજરાત સરકારનો કોઈ વાંક નહીં ૧૧૬ કરોડ રૂપિયા. Increase in railway frieght charges- ગુજરાત સરકારનો કોઈ વાંક નહીં, ૬૦ કરોડ રૂપિયા. Loss due to less allocation of coal- નજીકનો નહીં દૂરનો coal આપવાનું ચાલું કર્યું, ૩૩ કરોડ રૂપિયા. વેગનની unloading કેપેસિટી ઓછી કરી એના ૨૩ કરોડ. Increase in NHSH - ૭૦ કરોડ રૂપિયા. એ.પી.એમ. ગેસના જે આપણે નક્કી કરેલ હતા એના ૨૦૯ કરોડ રૂપિયા. આમાં એક પણ ગુજરાત સરકારનો વાંક નથી અને કેન્દ્રની નીતિ બદલાવાના કારણે ૭૭૬ કરોડનું ભારણ થયું છે. એક પૈસો યુનિટનો ભાવ વધે એ અમારા કારણે નહીં પણ દિલ્હી દરબારની નીતિઓના કારણે છે. આજની તારીખે જો દિલ્હી દરબારમાં ઘટાડો કરવામાં આવે તો ખાતરી આપું છું કે કાલે બધો ઘટાડો કરવામાં આવશે. એક પૈસો નહીં રાખીએ. એમાં હિંમત હોય તો કરો. અન્યાયની વાતો કરે છે. હું અન્યાયની એક વાત કરું આ તો એક નાની વાત કરી છે. આવી રીતથી જ મેં પહેલા પણ વાત કરી હતી. ગેસમાં પણ ખૂબ મોટો અન્યાય થયેલો છે. એવી જ રીતે રાજીવ ગાંધી ગ્રામીણ યોજના, કેટલી મોટી આખી દુનિયાની યોજના? એના કારણે આપણે વીજળીનો કરન્ટ આપીએ છીએ. આ યોજનામાં આપણા રાજયમાં ૯ જિલ્લાઓ પસંદ કરવામાં આવ્યા પછી કેન્સલ કરી નાખ્યા. આણંદ કેન્સલ કરી દીધો, વડોદરા, ભાવનગર, અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લાને કેન્સલ કરી નાખ્યા. માત્ર ત્રણ જિલ્લાઓ ભરુચ, નર્મદા અને પંચમહાલ જેમાં આર.જી.જી.વાય.નું કામ ચાલે છે. મારી નમ્ર વિનંતી છે કે આપ વગ વાપરીને ગુજરાતના બધા જિલ્લાઓને આર.જી.જી.વાય.માં લગાવડાવી દો. જે આ અઢી લાખ ઘરવાળાની અને પાંચ લાખની વાત કરે છે. એ આપણી સરકારના નાણામાંથી બજેટમાં ૮૬.૫૦ કરોડ રૂપિયા ફાળવ્યાં છે અને એના કારણે ST, SC, Rural, Urban આ ચારેયમાં ૨.૭૫ લાખ વીજ કનેકશનો આ વખતે આપવાના છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મુકેશભાઈ, તમને બોલવાની તક મળી ત્યારે તમે તેનો ઉપયોગ ના કર્યો, આ વાત તમે કહી શક્યા હોત.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરજીભાઈ અહીંયા હતા ત્યારે કહેતા હતા કે disparities of rich and poor, ગરીબી વધતી જાય છે, એ એવું બોલ્યા ત્યારે મારે ખાલી એટલું જ કહેવાનું છે કે આ બજૅટને તમે ધ્યાનથી જોયું હોતને તો ખ્યાલ આવત કે રૂપિયો કયા વધારે વપરાય છે? માનનીય અધ્યક્ષશ્રી, બજૅટની અંદર Human Development Index કેમ સુધારો થયો? એ પ્રમાણે ધ્યાન આપીને આ બજૅટમાં વપરાય છે. માનનીય અધ્યક્ષશ્રી, તમે જુઓ કે ૨૦૦૦ પહેલા શિક્ષણમાં ૯૩૬ હતા એના ૧૩૪૦, હેલ્થમાં ૪૬૦ હતા એના ૮૦૦

કરોડ, Women & Child ૧૫૮ ના ૨૫૦ કરોડ તમે બે વર્ષમાં જુઓ કેટલા બધા ટકા છે. ખાલી આ વર્ષની વાત કરીએ તો ૧૯,૦૩૦ કરોડ રૂપિયાના પ્લાનમાં ૮,૦૭૧ કરોડ તો માત્ર Social Sector માં છે. આ HDI કોને લાભ થવાનો છે? આજે આ ઈન્ડેક્ષમાં સુધારો લાવી એ તો એ નાનામાં નાના વ્યકિતને ફાયદો થાય, એનું શિક્ષણ વધે, એના standard of living માં સુધારો થાય અને મારે ખાસ આ વિધાનસભા ગૃહનું ધ્યાન દોરવું છે કે disparities of incomeની વાત કરે, પણ ખબર છે કે રાજ્યની અંદર જો સૌથી વધારે આવક વધી હોયને છેલ્લા પાંચ વર્ષમાં, ખેડૂતોમાં ૯૦૦૦ કરોડના ૩૪૦૦૦ કરોડ થઈ છે. બીજું આજે જ્યારે growth rateની વાત કરી છે કે growth rate જ્યારે આપણને ૧૧.૨ ટકાનો આપ્યો છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો. આ બહુ અગત્યના આંકડા છે. માનનીય અધ્યક્ષશ્રી, જે ગઈ વખતે ૧૦th Five Year Plan માં જે Growth rate વધ્યો છે એમાં agriculture growth નો ૨૦૦૨ની અંદર ૪.૦૩ હતો એ વધીને ૧૦.૩ થયો છે. મને આખા હિન્દુસ્તાનનું એક રાજ્ય તો બતાડો કે જેનો agriculture growth ૧૦.૦૩ હોય? એકેય રાજ્ય નહિ મળે. આને આપણે inclusive growth નહિ કહીએ તો શું કહેવાય? માનનીય અધ્યક્ષશ્રી, આ માત્ર અને માત્ર (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ તમે બહુ સરસ તમારા સમયનો ઉપયોગ કર્યો છે. હવે તેમને કરવા દો. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો Point of Information છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહિ આપ બેસી જાવ. કોઈ Point of Information ના હોય. એમનું વકતવ્ય પૂરું થાય પછી. (અંતરાય) આપ વચ્ચે ના બોલો. Point of Information એમનું વકતવ્ય પૂરું થાય પછી I request you. સમય હશે તો આપીશ.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાલી આપનું ધ્યાન દોરવું છે, આજની તારીખમાં માનનીય સભ્યશ્રી બાબુભાઈ શાહ એમ કહેતાં હતાં કે ગામડામાં પાણી પહોંચ્યું નથી. આપને ખ્યાલ છે કે કેન્દ્રએ ત્રણ વર્ષની સ્વજલધારા યોજના કાઢી હતી. મને દુ:ખ થાય છે કે બંધ થઈ ગઈ. આ પાણીની પાઈપ લાઈન ગામડામાં પહોંચાડવા માટેની હતી એ બંધ કરી નાંખી અને અમે આ વર્ષે ઘરે ઘરે પાણી આપવા માટે ૧૧૫ કરોડ રૂપિયાની બજેટમાં જોગવાઈ કરી છે અને ખેડૂતો માટે નર્મદા, સિંચાઈ અને ખેતીમાં આ ત્રણેયનું આ વખતે ભેગું કરીએ તો ૧૯,૦૩૦ કરોડના આયોજનમાંથી ૫,૮૨૬ કરોડ માત્ર ખેડૂતોને માટે છે, એ ૩૦ ટકા છે. એટલે આ બધી કામગીરી જ્યારે ખર્ચ થાય છેને ૧૦૦ ટકા અને ૧૦૫ ટકા થાય છે એ છેવાડાના માનવીને પહોંચે છે. આજે તમે ફરી આવો ઘઉં જ ,ઘઉં દેખાશે. હું જવાબદારીની વાત કરું (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહભાઈ, આપ મર્યાદાની બહાર જઈ રહ્યા છો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબદારીની વાત કરું, અમેય જવાબદારી સમજીએ છીએ. દેવું કરીએ છીએ, જવાબદારી સમજીએ છીએ. એક નાનો દાખલો આપું ૧૯૯૩-૯૪માં નર્મદા માટે બૉન્ડ કાઢવામાં આવ્યા હતા એ બૉન્ડની ઈસ્યુ પ્રાઈસ કેટલી? ૩૬૦૦ રૂપિયા. કેટલા વર્ષનો? તો ૨૦ વર્ષનો. એનો વ્યાજનો દર કેટલો? તો સાડા ઓગણીસ ટકા અને વિચાર તો કરો કેટલા નિષ્ણાત લોકો વહીવટ કરતા હતા કે જેણે બોન્ડ લીધા એ પાછા આપી શકે પણ જેણે ઈસ્યુ કર્યા એ પાછા ન ખરીદી શકે એટલે કોલ ઓપ્શન જ નહીં. હવે જવાબદારી શું થાય. જે બોન્ડમાં ૨૫૬કરોડ મળ્યા આપણને ૧૯૯૩-૯૪માં એ ૨૦૧૪માં જયારે ફરીથી અમારી સરકાર આવશે ત્યારે ૭૪૩૦કરોડ અમારે આપવા પડશે. વિચાર કરો જવાબદારી કેટલી? ૨૫૬ કરોડના ૭૪૩૦કરોડ આજે અમે બોન્ડ પાછા લેવા જઈએ તો નથી મળતા. આજે અમને આઠ ટકાએ લોન મળે છે પણ નથી આપતા કારણકે એની અંદર કોઈ જોગવાઈ કરી નથી અને આ દેવાની વાત કરી છે ત્યારે મારે એટલું જ કહેવાનું છે હું વર્ષોવર્ષ કહું છું વિધાનસભામાં અનેક પત્રો કેન્દ્રમાં અમે લખ્યા છે. માનનીય સિદ્ધાર્થભાઈ બોલી ગયા, સલાહ આપી ગયા કે ઊંચી એન.એસ.એસ.ની લોન પાછી આપી દો અને સસ્તી લો. ચાર વર્ષથી અમે કહીએ છીએ તમે પાછી લો. કેન્દ્ર પાછી લેતું નથી. આજે કેન્દ્ર પાછી લે. કેન્દ્રએ નીતિ કેવી કરી હતી કે ફરજિયાત લેવાની. ગુજરાતની પ્રજા સદ્ધર છે. પોષ્ટ ઓફિસમાં પૈસા ભરી આવે. જે પોષ્ટ ઓફિસમાં પૈસા ભરે એ પૈસા ગુજરાતમાં દેવા તરીકે તિજોરીમાં આવી જાય. ૫૦૦૦કરોડ પોષ્ટ ઓફિસમાં આવે એ દેવા તરીકે સીધા આવી જાય. ઊંચા વ્યાજની ૧૨.૨ટકાની લોન છે. આજની તારીખમાં અમે પાછા આપીએ તો અમને ૮ કે સવા આઠ ટકાએ મળે. કમનસીબી તો જુઓ ફરજિયાત દેવુ લઈને ટીકા સાંભળવાની વિધાનસભા ગૃહમાં અને એ ઉપરાંત વર્ષે ૧૦૦૦કરોડ વધારે વ્યાજ આપો. મારે વિનંતી કરવી છે કે આ દેવા માટે આદરણીય ચિદમ્બરજીને ઓમ્પાવર કમિટીવાળા..(અંતરાય)..શું ફરક પડવાનો છે? તો પછી સલાહ આપવા ત્યાં દિલ્હીમાં જાવ.

**અધ્યક્ષશ્રી** : નટવરસિંહજી, આપનો બોલવાનો સમય આવે ત્યારે આપ બોલજો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે રીસ્પોન્સીબીલીટી જે ગુજરાત ફીશ્કલ રીસ્પોન્સીબીલીટી એકટ અમે પસાર કર્યો આ ફીશ્કલ રીસ્પોન્સીબીલીટી એકટમાં આ વિધાનસભા ગૃહે જે તારીખ નકકી કરી હતી એ તારીખ કઈ નકકી કરી હતી કે આપણે સરપ્લસ થઈશું. રેવન્યુ ડૅફિશિટમાંથી બહાર નીકળીશું. રેવન્યુ ડેફીશીટમાંથી તા.૩૧-૧-૦૮માં બહાર નીકળવાના હતા પણ ૨૦૦૮માં નહીં પણ એનાથી બે વર્ષ પહેલા સરપ્લસ થયા. ૧૭૭૦

અને બીજા વર્ષે ૨૩૪૦ અને અહીં ટીકા થતી હતી. તમે સરપ્લસ નહીં થાવ. અમે કહ્યું હતું કે કરી બતાવીશું અને કરી બતાવ્યું. તમે વાત કરી ફીશ્કલ ડેફિશિટની. ફીશ્કલ ડેફિશિટ જી.એસ.ડી.પી.ના ત્રણ ટકા હોવી જોઈએ. ૨૦૦૬-૦૭ માં ૨.૨૨ ટકા હતા એ ઘટીને ૨૦૦૭-૦૮માં ૧.૭૪ થઈ. એવી જ રીતે દેવાની વાત થઈ. ૩૦ટકા, ૩૨ ટકા, ૩૪ટકા, એવી વાત થઈ. આજની તારીખમાં ૨૦૦૮-૦૯ માં ૩૦ટકા નહીં એસ્ટીમેટેડ ૨૫.૭૭ટકાનું પ્લાનીંગ કર્યું છે. આ વખતે રીવાઈઝ એસ્ટીમેટમાં આપ્યા ત્યારે ૨૬.૯૮ટકા હતું. આ બધી જવાબદારી અમે સમજીએ છીએ. મારે વજુભાઈને અભિનંદન આપવા છે. જે બજેટ લાવ્યા છે એમાં નાનામાં નાની વ્યકિતને પીવાના પાણીથી માંડીને, વીજળીથી માંડીને, હોસ્પિટલની સારામાં સારી સુવિધા મળે એવું સંપૂર્ણપણે આયોજન કર્યુ છે એટલે મારી વિરોધ પક્ષના સભ્યશ્રીઓને વિનંતી છે કે એક વાત બરાબર સમજજો. થોડું શીખજો અને શીખશો તો કાંઈક ફાયદો થશે. હું ફરીથી એક વાર વજુભાઈ સાહેબને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું.

**અધ્યક્ષશ્રી** : શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો પૉઈન્ટ ઑફ ઈન્ફર્મેશન.

**અધ્યક્ષશ્રી** : એમના પ્રવચનની અંદર ઉપસ્થિત વાત હોય તો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : રૅકૉર્ડ ઉપરની.

**અધ્યક્ષશ્રી** : નહિ, નહિ રેકર્ડ ઉપરની નહિ, હમણાં પ્રવચન આપ્યું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એમણે પ્રવચનમાં ઉલ્લેખ કર્યો. ૨૦૦૨ માં જે ખેત ઉત્પાદન હતું ૯,૦૦૦ કરોડનું અને જે ૪ ટકા હતું એ વધીને ૩૪,૦૦૦ કરોડ થયું છે. હું સામાજિક આર્થિક સમીક્ષા, ગુજરાત રાજ્ય ૨૦૦૭-૦૮ના પાના નં. ૪૫ ઉપરના ઔદ્યોગિક જુથ મુજબ ૧૯૯૯ ના સ્થિર ભાવે રાજ્યનું એકંદરે દ ારગથ્થું ઉત્પાદન. એની અંદર અનુક્રમ નં. ૧.૧ એના તરફ આપનું ધ્યાન દોરું છું. ખેતી અને પશુપાલન સહિત રૂપિયા કરોડમાં અને પર્સેન્ટેઝમાં. એમાં ૧૯૯૯ માં ૧૫૯૭૫ કરોડ હતું એ ૨૦૦૧-૦૨ માં ૧૮૮૫૯ કરોડ થયું. ૨૦૦૨-૦૩ માં ૧૭૩૩૪ કરોડ થયું. ૨૦૦૩-૦૪ માં ૨૫૦૩૫ કરોડ થયું.

**અધ્યક્ષશ્રી** : આપના પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપનું ધ્યાન દોરવાનું છે. ૨૦૦૪-૦૫ માં ૨૩,૨૨૨ કરોડનું, ૨૦૦૫-૦૬ માં ૨૮૫૩૭ કરોડનું, ૨૦૦૬-૦૭ માં ૨૮૪૧૫ કરોડનું થયું. આમાં કોઈ જગ્યાએ ૩૪,૦૦૦ કરોડ નથી. એટલું જ નહિ, પણ ૨૦૦૫ માં ખેતઉત્પાદન હતું, એના કરતા ૨૦૦૬-૦૭ માં ઘટ્યું છે. જે પર્સન્ટેઝમાં પણ ૨૦૦૫-૦૬ માં ૧૬.૭૭ ટકા હતું.

**અધ્યક્ષશ્રી** : આપના પ્રશ્ન ઉપરનું આવી જાય છે, સૌરભ ભાઈ. હું ટાઈમની સાથે દોડું છું, એટલા માટે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એમણે સત્ય બોલવું જોઈએ.

**શ્રી સૌરભ પટેલ** : આ બધા જાણે છે કે.

**અધ્યક્ષશ્રી** : આ બધા જાણે છે. આપ બંને જણા બેસી જાઓ. (અંતરાય) શ્રી નીતિનભાઈ મને ખબર પડે છે. પૉઈન્ટ ઑફ ઈન્ફર્મેશન આપણી પ્રણાલિકાઓ છે. એમના પ્રવચનની અંદર ઉપસ્થિત પ્રશ્ન હતો તે મેં ઉપસ્થિત કરવા દીધો છે. આપને વચ્ચે ટીકા કરવાનો કોઈ અધિકાર નથી. આ અંગેનો જવાબ તમારી પાસે હોય તો આપો, નહિતર ટેબલ ઉપર મૂકજો.

**શ્રી સૌરભ પટેલ** : આ કહે છે એ હું જોઈ લઈશ અને વિગતવાર પહોંચાડી દઈશ એમને. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી ટેબલ ઉપર મૂકશે. ટેબલ ઉપર વિગતવાર જવાબ ટેબલ ઉપર મૂકશે. હું ટેબલ ઉપર મૂકાવીશ. નેકસ્ટ મહેન્દ્રસિંહ વાઘેલા.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(મેઘરજ)** : માનનીય નાણા મંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે, એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ગૃહમાં ઉપસ્થિત થયો છું.

ગુજરાતના આ સર્વોચ્ચ ગૃહમાં મારા વિચારો રજૂ કરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. નામદાર રાજયપાલશ્રીએ એમના પ્રવચનમાં પ્રથમ વાર ચૂંટાયેલા સભ્યોને અભિનંદન આપ્યા હતા. હું પણ પ્રથમ વખત ચૂંટાઈને આવ્યો છું. એમનો ખૂબ ખૂબ આભાર માનું છું. હું પ્રથમ વખત ચૂંટાઈને આવ્યો છું. ગૃહની કાર્યવાહી શરૂ થઈ ત્યારથી લગભગ બધા સભ્યો, વડીલોએ જે અત્યાર સુધી ચર્ચા કરી એને સાંભળવા અને સમજવાનો પ્રયત્ન કર્યો છે. જે સાંભળ્યું છે એમાં અભિનંદનની ભરમાર ચાલી છે. જે કઈ બનાવ બને એમાં ગુજરાત સરકારને અભિનંદન આપવામાં આવે છે. ક્યાંક ક્રિકેટ જિતાય તો ગુજરાત સરકારને અભિનંદન, કુદરતી વરસાદ થાય તો ગુજરાત સરકારને અભિનંદન, ક્યાંક ખેડૂત કાળી મજૂરી કરીને આવક વધારતો હોય તો ગુજરાત સરકારને અભિનંદન. તો મને કહેવાનું મન થાય છે કે ગુજરાતમાં ભૂંડની વસ્તી વધે છે અને ક્યાંક રોઝનો ત્રાસ પણ વધ્યો છે એને અભિનંદન ન આપી દે. એની પણ મને ચિંતા છે. અભિનંદન આપવાના હોય તો અમારા મુરબ્બીશ્રી સિદ્ધાર્થભાઈએ વાત કરી એક જાહેરાત પ્રેસમાં આવી હતી. બધાએ જોઈ હશે. એમાં ગુજરાતને અને આ વિસ્તારના ખેડૂતોને ચિંતા કરાવે તેવી જાહેરાત હતી. અભિનંદન ત્યારે અપાય કે જ્યારે ધારાસભ્ય એમ કહેતા હોત કે હું ભાજપ સરકારનો ધારાસભ્ય છું. હું અહીંયાં બેઠો છું. કોઈ ચોર કે ડફેરની

તાકાત નથી કે આ વિસ્તારમાં આવીને ખેડૂતોને હેરાન કરે. એવી જાહેરાત હોય તો ચોક્કસ અભિનંદન આ સરકારને આપત.

આ જાહેરાત ગુજરાતની પ્રજાને આપવાની છે. એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, હું બજૅટની વાત ઉપર આવું તો ૨૫મી તારીખે આપણા આ ગૃહમાં બજૅટ રજૂ થયું. સાથે સાથે બીજું બજૅટ કેન્દ્ર સરકારનું ૨૯ તારીખે રજૂ થયું છે. હું પ્રથમ વખત બોલી રહ્યો છું અને કોઈ રાજકીય અવલોકન કરવા નથી માગતો પણ થોડી વાત ના કરું તો આ ગૃહમાં હું મારી સંવિધાનિક ફરજ ચૂકું એટલા માટે વાત કરું છું. આ સરકાર જે બજૅટ લઈને આવી છે તેમાં લગભગ ૮૮૦ કરોડના કરવેરા સાથે બજૅટ લઈને આવી છે. જ્યારે કેન્દ્ર સરકાર કરોડની રાહત સાથે આવી છે. આસમાન જમીનનો ફરક છે. રાત દિવસનો ફરક છે. એટલા માટે ખાસ કરીને જ્યારે આવી પરિસ્થિતિ હોવા છતાં મારા મુરબ્બી સભ્યો આ કેન્દ્ર સરકારના બજૅટને પ્રજા વિરોધી બજૅટ કહેતા હોય અને આને વિકાસલક્ષી બજૅટ કહેતા હોય તો મને દુઃખ થાય છે તે કહેવું છે. બીજું કઈ કહેવાનું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આદર્શ અંદાજપત્ર. આદર્શ અંદાજપત્ર કોને કહેવાય કે વાસ્તવિકતાની નજીક હોય અંદાજમાં ક્યાંક નજીક આવતા હોય તો જે અંદાજો સરકારે બાંધ્યા હોય તેની નજીક આવવું જોઈએ,વાસ્તવિકતાની નજીક આવવું જોઈએ અને ભૌતિક લક્ષ્યાંકો પૂરા કર્યા હોવા જોઈએ. હું આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું. ૨૦૦૬-૦૭નું અંદાજપત્ર આ ગૃહમાં રજૂ કર્યુ ત્યારે એમાં ૧૫૩ કરોડની પુરાંત રહેશે તેવી ધારણા અંદાજવામાં આવી હતી પરંતુ ૨૦૦૬-૦૭ના વર્ષમાં ૩૭૭ કરોડની ખાધ દર્શાવવામાં આવી છે. ૨૦૦૭-૦૮નું અંદાજપત્ર રજૂ કર્યે ત્યારે ૩૨૯ કરોડની પુરાંતનો અંદાજ બાંધ્યો હતો અને ૧૫૧૭ કરોડની પુરાંત થાય છે. આટલો માટો ફરક. પાંચગણો ફરક. કમસેકમ આ જ પરિસ્થિતિ રહી હોય તો ૮૮૦ કરોડના કરવેરા છે તે આવતા વર્ષે પાંચ ગણા નહીં થાય તેની શું ખાતરી. આ પરિસ્થિતિમાં અંદાજ જે કહીએ છીએ તો શેના માટે આપણે અંદાજપત્ર રજૂ કરીએ છીએ. અંદાજની નજીક ન હોઈએ તો. બજૅટના સાહિત્ય સાથે મને જે સાહિત્ય આપવામાં આવ્યું છે તેમાં વિકાસના કાર્યક્રમ પુસ્તકમાં ચેપ્ટર-૧૩ ઉપર ધ્યાન દોરવા માગું છું. આમાં પાંચ વર્ષના શાસનમાં સાગરખેડું યોજનાની વાત કરી છે. એમાં જણાવવામાં આવેલ છે કે સાગરખેડું વિસ્તારમાં ૮૨ ટકા વિસ્તારમાં માધ્યમિક શાળાઓ નથી, ૯૦ ટકા વિસ્તારમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ નથી અને પ્રાથમિક શાળાની વાત કરીએ તો પાંચ ટકા પ્રાથમિક શાળાઓ નથી. આ પરિસ્થિતિ શિક્ષણની? આરોગ્યની વાત કરીએ તો આરોગ્યની સેવાઓ એટલી હદ સુધી કથળેલી છે કે મેલેરીયા, ટાઈફોઈડ,કમળો, ચામડીના દર્દો અને ચેપી રોગોનું પ્રમાણ ખૂબ છે. આ હું નથી કહેતો પણ પુસ્તકમાં ચેપ્ટર-૧૩ ઉપર છપાયેલી વાત છે. જો આ વિસ્તારની પરિસ્થિતિ આવી હોય તો અન્ય વિસ્તારની ચિંતા જ કયાં કરવી આપણે? આટલી પરિસ્થિતિ આપણા ગુજરાતની ખરાબ છે ત્યારે સાગરખેડુ યોજનાની વાત કરું તો સાગર ખેડવા માણસ જાય ત્યારે ઘરે રામ રામ કરી નીકળતો ત્યારે અઠવાડિયે પાછો આવશે તે ખબર હતી. પરંતુ સાગર ખેડું આજે સાગર ખેડવા નીકળે છે તો રામ રામ કરી નીકળે છે ખરો પણ પાછો કયારે આવશે તેની કોઈ ખબર નથી. એટલા માટે કે સાગરકાંઠા વિસ્તાર સાચવવાની જવાબદારી રાજય સરકારનો વિષય છે. તેમાં પણ પૈસા ફાળવવામાં નથી આવ્યા તે હું જણાવવા માગું છું. આ વર્ષનું બજૅટ ૧૧મી પંચવર્ષીય યોજનાનું બીજા વર્ષનું બજૅટ છે તેની સમીક્ષા લગભગ વાર્ષિક આયોજન અને ભૌતિક લક્ષ્યાંકો નકકી થતા હોય છે. એની સમીક્ષા આ ગૃહમાં થઈ નથી. દસમી યોજનાના લક્ષ્યાંકો અને સિદ્ધિઓ આ ગૃહે ચર્ચા તરીકે લેવી જોઈએ અને માનનીય શકિતસિંહજીને વિનંતી કરીશ કે આની ઉપર ખાસ ઠરાવ કરીને આ ઠરાવ દ્વારા ચર્ચાના બે વિષય લે. એટલા માટે સરકારનું આયોજન સરકારની કલ્પના મુજબનું જો આયોજન હોય તો ચોક્કસ આ ગૃહમાં તેની ચર્ચા કરવી જોઈએ એવું મારું માનવું છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી વજુભાઈ.

**શ્રી સૌરભ પટેલ** : અધ્યક્ષશ્રી, હું એમને મારી પાસે છે. તૈયાર જ છે. એક જ સેકન્ડ થશે. જવાબ. માનનીય અધ્યક્ષશ્રી, આપણે આ પુસ્તકમાં એસ-૪૪ પાનું જોઈએ તો આની અંદર Gross State Domestic Product by Industry Group's current prices ની અંદર Agriculture, Forestry and Logging, Fishing, Mining and Quoring - વન નંબરનો પૉઈન્ટ છે. એની અંદર ૨૦૦૫-૦૬ની અંદર ૪૩,૬૭૨ છે એમાં ૧.૧ એટલે Out of ways agriculture including animal husbandry એ ૩૩,૦૫૩ કરોડ ૨૦૦૫-૦૬માં અને ૨૦૦૬-૦૭ માં ૩૭,૬૪૫ કરોડ છે.

**અધ્યક્ષશ્રી** : આનાથી વધારે હોઈ શકે નહીં. આપને જે માહિતી જોઈતી હતી તે આપી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ ગૃહને ગેરમાર્ગે દોરે છે.

**અધ્યક્ષશ્રી** :આપને જે જરૂર લાગે તે નોટિસ આપજો. નેકસ્ટ વજુભાઈ

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ ગૃહને ગેરમાર્ગે દોરાય છે.

**અધ્યક્ષશ્રી** : આપને ગેરમાર્ગે લાગતું હોય તો નોટિસ આપજો. આપ તે અંગેની નોટિસ આપજો હું તે ચોક્કસ લઈશ. આપની ગેરહાજરીમાં પૉઈન્ટ ઑફ ઈન્ફરમેશનનો એક પ્રશ્ન હતો, એમને જે પ્રશ્ન ઊભો કર્યો એનો એમણે જવાબ આપ્યો, જવાબ ગેરમાર્ગે લાગતો હોય તો એના માટેની કાર્યવાહી કરે. પ્રવચન પછી પૉઈન્ટ ઑફ ઈન્ફરમેશનો મુદ્દો ભાગ્યે જ ઊભો કરવા દેવામાં આવે છે છતાં મેં એ ઊભો કરવા દીધો, એની અંદર જે એ

માહિતી નહોતી આપી શક્યા ત્યારે મેં કહ્યું હતું કે ટેબલ ઉપર મૂકજો, હવે જ્યારે એ માહિતી મળી છે અને એ માહિતી આપે છે ત્યારે માનનીય મંત્રીશ્રીએ શું જવાબ આપવો એ તમે કે હું, એમને માર્ગદર્શન આપી શકીએ નહીં, એમના જવાબ સાચા માનીને ચાલવું પડે, અથવા તો તમને યોગ્ય ન લાગે અને ગેરમાર્ગે લાગે તો નોટિસ આપવી જોઈએ, આઈ એમ સોરી, નહીં, નહીં, મિનિટનો પ્રશ્ન નથી, પ્રશ્ન પ્રોસિઝરનો છે અને હું પ્રોસિઝર પ્રમાણે જાઉં છું.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, નોટિસ તો પ્રજાએ આપી દીધી છે, એમને ઘેર બેસાડી દીધા છે પ્રજાએ, હવે તો બહાર નીકળો, હવે શું છે? આંકડા અમે કહીએ છીએ, હા, તમે કહો એ માનીએ છતાં પણ અમે અહીંયાં બેઠા છીએ, હવે તો વ્યવહારિક રીતે સમજીને ચાલો, આંકડાની માથાકૂટમાં એ તો શિક્ષકોનું કામ છે પણ હવે તો તમારે વ્યવહારિક રીતે ધરતી ઉપર ચાલવું જોઈએ. હું આંકડાથી બોલું અને આંકડાથી બોલીશ તો વળી પૉઈન્ટ ઑફ ઈન્ફરમેશન આવે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના લગભગ ૬૨ સભ્યશ્રીઓએ આની અંદર ભાગ લીધો છે અને મોટા ભાગના સભ્યશ્રીઓએ જે બજૅટનો મૂળ હાર્દ છે એ હાર્દને બદલે જે વિભાગ ઉપરની ચર્ચા હોય એમાં વિગતવાર ચર્ચા કરી છે, કોઈએ આરોગ્ય વિભાગ પર, કોઈએ શિક્ષણ માટેની વાત કરી છે તો કોઈએ આદિવાસી વિસ્તાર માટેની વાત કરી છે આ તમામ વિભાગોની આખા દિવસ માટેની એકેએક વિભાગની ચર્ચા તો થવાની જ છે એટલે આ બધા વિભાગોની વિગતવાર હું વાત નહીં કરું પણ જે મુખ્ય વાત હતી કે રાજય સરકારે ૮૮૦ કરોડ રૂપિયાનો ટેક્સ નાખ્યો છે, અત્યાર સુધીમાં જેટલા બજૅટ રજૂ કર્યા અને છેલ્લા પાંચ છ વર્ષમાં આપ જોશો તો પંદરસો, સાડા પંદરસો કરોડ રૂપિયાની રાહતો જ આપી છે, તમામ જગ્યાએ રાહતો આપી છે અને આજે જે ટેક્સ નાખવા માટેની વાત છે એ ટેક્સ ૮૮૦ કરોડ રૂપિયાનો ટેક્સ, વેલ્યુએડેડટેકસ છે એમાં જે સાડા ચાર ટકા હતો, એક રૂપિયે ચાર પૈસા હતા એના પાંચ પૈસા કર્યા છે અને એક રૂપિયા પર સાડા બાર પૈસા હતા એના પંદર પૈસા કર્યા છે,

માનનીય અર્જુનભાઈએ વાત કરી કે, ૧૫૦૦૦ કરોડ રૂપિયા સેલ્સટેકસના આવે છે અને ૨૫ ટકા જો એમાં વધારો થાય તો ૪૦૦૦ કરોડ રૂપિયા મળે, ૮૮૦ કરોડ ન મળે ત્યારે મારે એ કહેવાનું છે કે, આ જે ટેક્સ છે, એમાં મોટર સ્પિરિટ એટલે કે ડિઝલ ઉપરનો ટેક્સ આવી જાય અને પેટ્રોલ ઉપરનો ટેક્સ પણ આવી જાય છે, સેન્ટ્રલ ટેક્સનો પણ આમાં સમાવેશ થઈ જાય છે અને સેન્ટ્રલ સેલ્સટેકસ ડિઝલ ટેક્સ પછી કેન્દ્ર સરકારે જે આપણને કહ્યું છે કે અમૂક વસ્તુ ઉપર ચાર ટકાથી વધુ લઈ શકતા નથી એનો પણ આની અંદર સમાવેશ થઈ જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, જે ટેક્સની આવક આવવાની છે, આ ટેક્સની આવક કોની પાસેથી આપણે લઈએ છીએ એ મહત્ત્વની વાત છે અને એ કોના માટે વાપરીએ છીએ એ એટલી જ જોવાની વાત છે. આજે આપણે એમ કહીએ કે સાડા પાંચ કરોડની જનતા ઉપર આ ટેક્સનો બોજો આવવાનો છે, કદાચ આવશે પણ એનું પ્રમાણ શું? એક તો આપણે વિચાર કરીએ કે આ રાજયમાં ગરીબી રેખાથી નીચે જીવવાવાળા લોકો છે કે જેમને પહેરવા માટે કપડાં જોઈએ અને જમવા માટે અનાજ જોઈએ, તો આપણે અનાજ ઉપર અને કલોથ ઉપર તો કોઈ ટેક્સ નાખ્યો નથી, એના ઉપર સેલ્સટેકસ જ નથી, કપડાં ઉપર નથી કે અનાજ ઉપર નથી, ત્યારે હું એટલું ચોક્કસ કહીશ કે ગુજરાત રાજયમાં આપણે જ નહીં પણ જે હાઈ પાવર કમિટી છે એણે પણ નક્કી કર્યુ હતું કે દિલ્હી અને પંજાબમાં અનાજ અને કઠોળ ઉપર ટેક્સ લેવામાં આવે છે. અનાજ અને કઠોળ ઉપર ટેકસ લેવામાં આવશે ત્યારે અમે સ્પષ્ટ કહ્યું હતું કે અમારે એગ્રિકલ્ચર પ્રોડકટ અનાજ અને કઠોળ છે એના ઉપર ટેકસ લેવો નથી અને ટેકસ લેવો હોય તો અમારે વેટમાં રહેવું નથી. અને એના કારણે હાઈપાવર કમિટીએ કેંન્દ્રની મંજૂરી લઈને કહ્યું કે જે રાજય અનાજ અને કઠોળ ઉપર ટેકસ જેને લેવો હોય એ લઈ શકશે અને ન લેવો હોય તે ન લે. એટલા માટે ગુજરાત રાજયે નક્કી કર્યું કે આપણે અનાજ અને કઠોળ ઉપર ટેકસ લેવો નથી. ગરીબ વર્ગના માણસો છે, જે ગરીબી રેખાથી નીચે જીવે છે એને કોઈ ટેકસની અસર નથી થવાની. જે ગરીબ અને નીચલા મધ્યમ વર્ગના લોકો છે એ વર્ગમાં તમે જોશો તો એને જમવા માટે અને કપડાં માટે એની આવકના ૭૫ ટકા વપરાય જાય છે. પણ જે આ ટેકસ ભરનાર લોકો છે એ અહીં હાઉસમાં બેઠેલ સભ્યો સહિતનાને કહીશ કે આપણે પોતે જમવા માટે અને કપડાં માટે આપણી આવકનો ઓછો ભાગ વાપરીએ છીએ પણ બાકીના માટે થઈને આપણે વાપરીએ છીએ. જે ખરેખર જરૂરિયાત માટે નહીં પણ સગવડ માટે વધારે વાપરીએ છીએ. એટલે સાડા બાર ટકાના બદલે પંદર ટકા કર્યા છે એમાંથી અમને વધુમાં વધુ આવક મળવાની છે.સાડા બાર ટકાની આવક એ શેમાંથી અમે લઈએ છીએ? ઈલેકિટ્રક ગુડ્ઝ, કોઈ રેફ્રિજરેટર વાપરતા હશે, કોઈ ટીવી વાપરતા હશે, કોઈ એરકન્ડીશનર વાપરતા હશે એના ઉપર લઈશું. મોટર પાટર્સ એના ઉપર સાડા બાર ટકાને બદલે પંદર ટકા લઈશું.. આમ જે લકઝરી આઈટેમ છે એના ઉપર સાડા બાર ટકાના બદલે પંદર ટકા ટેકસ લેવાના છીએ. એમાં કોઈ ગરીબ માણસને મુસીબત થવાની નથી. ચોક્કસ રીતે કહું છું કે ગરીબ માણસને અસર નથી જ થવાની. થવાની હશે તો પણ કદાચ ઓછી જ થશે. ઓછી થવાની પાછળ પણ હું કહું છું કે આ જે પૈસાની આવક થશે એ કોના માટે વાપરવાના છીએ એ મહત્ત્વની વાત છે. આ જે આવક આવશે એ અમે વ્યાજ ચૂકવવા માટે નથી વાપરવાના, કર્મચારીના પગારમાં નથી આ પૈસા જવાના કેમ કે, ગુજરાત રાજયની આજે પરિસ્થિતિ એવી છે કે, ગુજરાત રાજયની જેટલી મહેસૂલી આવક છે

એના કરતાં એનું મહેસૂલી ખર્ચ ઓછું છે, મહેસૂલી પુરાંતવાળું રાજય છે. મહેસૂલી પુરાંતવાળું જ્યારે રાજય હોય અને એમાં જ્યારે ટેકસમાં વધારો થાય ત્યારે એ ટેકસ હંમેશા વિકાસ લક્ષી કામની અંદર વપરાવાનો છે. આની અંદર જે ૮૮૦ કરોડ રૂપિયા ટેકસ નાંખ્યોને એમાં વ્યાજના હપતા માટે આજની તારીખે પણ કોઈ ટેકસ નથી નાંખ્યો અને એ પહેલા પણ એના હપતા હું નિયમિત ભરતો હતો, એના વ્યાજનો હપતો પણ નિયમિત ભરતો હતો અને એક રૂપિયો પણ કોઈનો બાકી નહોતો અને છતાં પુરાંતવાળું બજૅટ હતું આપણું અને એ પુરાંતની અંદર આજે પુરાંતમાં વધારો થવાનો છે. આમ પુરાંતમાં જે વધારો થવાનો છે એના કારણે સામાન્ય માણસ માટે અને ગરીબ વર્ગના લોકો માટે જ આ બજૅટ કર્યું છે. તમામ જે માનનીય સભ્યશ્રીઓ વિરુધમાં બોલ્યા છે એમને હું કહીશ કે આખું બજેટને એનું પાને પાનું તમે વાંચી જજો અને એમાં પૈસાદાર લોકો માટે થઈને કેટલી રાહત એમાં આપી છે? કોઈને એક પૈસાની પણ રાહત નથી આપી. જે કાંઈ બજેટ ફાળવ્યું છે એ ગરીબ વર્ગના લોકો માટે ફાળવ્યું છે. શિક્ષણ માટે મેં બજેટ ફાળવ્યું છે, આરોગ્ય માટે બજેટ ફાળવ્યું છે, નર્મદા યોજના માટે બજેટ ફાળવ્યું છે, ઈન્દિરા આવાસ યોજના નીચે ૪૦ હજાર રૂપિયા ગરીબ વર્ગના લોકોને મકાન માટે આપુ છું. કેન્દ્ર સરકાર તરફથી ૧૫ હજાર રૂપિયા મળે છે, ગુજરાત સરકાર ૪૦ હજારની લોન આપે છે. ઈન્દિરા આવાસ યોજના હોય, સરદાર પટેલ આવાસ યોજના હોય કે આંબેડકર આવાસ યોજના હોય મહિલાઓ માટેના મકાનની યોજના હોય આવી જે મકાન માટેની યોજના છે આ એના માટે થઈને પૈસા વાપરવાના છે. આ પૈસા જે વપરાવાના છે એ ગુજરાત રાજયે ડિકલેર કરેલી વાત છે અને અમે ૧૫ હજાર કરોડ રૂપિયા વનબંધુ માટે વાપરવાના છીએ, ૧૧ હજાર કરોડ રૂપિયા સાગર ખેડુ માટે વાપરવાના છીએ અને ૧૩ હજાર કરોડ રૂપિયા એ ગરીબ વર્ગ માટે અને શહેરી ગરીબો માટે થઈને વાપરવાના છીએ. આ જે યોજનાઓ છે એના ભાગરૂપે આપવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા બજેટની અંદર માનનીય શકિતસિંહજીએ પણ જે વાત કરી હતી ચાર ટકાના પાંચ ટકા કર્યા, તો એનો તો મેં ખુલાસો કર્યો છે પણ બીજી એમણે વાત કરી કે કેન્દ્ર સરકારમાંથી ૬૦૫૦ કરોડ રૂપિયા તમને મળવાના છે, હું કહીશ કે હા, કેન્દ્રમાંથી મળશે. કેન્દ્ર આપે છે એ કોઈ ગુજરાત રાજયને જ આપે છે એવું નથી. ૬૩૫૦ કે ૬૦૫૦ જે કાંઈ છે એ (અંતરાય) સાડા છ હજાર ચાલોને બસ્સો મૂક્યા છૂટના. જે કંઈ રકમ આપવાના છે એ જે આપે છે એ તો બારમું નાણાંપંચ જે છેને એણે નક્કી કર્યુ છે કે તમારી રીતે ફિક્સ ડિપાર્ટમૅન્ટની અંદર કયા કયા કામ માટે થઈને આપવા અને બીજું કેન્દ્ર સરકારની જે કરની આવક આવે છે એ ટેક્સની આવકની અંદર ઇન્કમટેક્સ હોય, એ ટેક્સની આવકની અંદર એને કસ્ટમ ડ્યૂટી મળતી હોય, એકસાઈઝ ડ્યૂટી મળતી હોય, સર્વિસ ટેક્સ મળતા હોય આવા કેન્દ્ર સરકાર જે કર ઉઘરાવે અને કરની ટોટલ આવક હોય એ ટોટલ આવકમાંથી ૩૦.૫ ટકા એ તમામ રાજયો માટે થઈને ફાળવે અને આ ૩૦.૫ ટકાને ૧૦૦ ટકા ગણી ધારોકે ૧ કરોડ રૂપિયાની આવક થઈ એમાંથી ૩૦ લાખ ૫૦ હજાર રૂપિયાની આવકને ૧૦૦ ટકા ગણી અને એમાંથી ૩.૫૬ ટકા એ આપણને આપે છે. એ જે આપણને આપે છે એ તો નાણાંપંચે નક્કી કર્યુ છે ફોર્મ્યુલા, આપણને નહિ, હિંદુસ્તાનના તમામ રાજયોને આપે છે જ્યાં ગરીબીનું પ્રમાણ વધુ હોય ત્યાં વધુ આપે છે આપણે તો કમભાગ્યે આપણને પ્રમાણમાં ઓછાં પૈસા મળે છે. એ જે પૈસા મળે છે એની અંદર જોઈએ તો જ્યારે ૬૨૫૩ કરોડ આપણને ગુજરાતમાંથી મળે છે ત્યારે મારી પાસે છેલ્લાં આંકડા નથી પણ ૨૦૦૫-૦૬ના જો આંકડા આપણે જોઈએ તો ૨૦૦૫-૦૬ની અંદર આપણે ૩૬૧૭૯ કરોડ રૂપિયા ગુજરાત રાજયે કેન્દ્રને આપ્યા અને એની સામે મળ્યા એ ૪૪૨૬ કરોડ. એટલે આપણને મળ્યા છે એ ૧૨.૨૩ ટકા એટલે ૧૨ ટકા જેટલા આપણને એમાંથી મળે, કેન્દ્ર લઈ જાય છે એના ૧૨ ટકા આપણને આપે છે કેન્દ્ર લઈ જાય છે કેટલા અને જે આપે છેને એ કોઈ બીજી રીતે નથી આપતું નાણાંપંચે બંધારણે જે આપણને હક્ક અને અધિકાર આપ્યા છે એ અધિકારની રૂએ કેન્દ્ર સરકાર આપે છે આમાં કોઈ સવાલ નથી (અંતરાય) બાબુભાઈ તમે જે દિવસે હતાને તે દિવસે ૨.૮ ટકા મળ્યા હતા..

**અધ્યક્ષશ્રી :** શ્રી બાબુભાઈ આપ તો નાણાં મંત્રી રહ્યા છો. નહિ નહિ,.. આપને ઓચિંતાનો ઓડકાર આવે એવું તમે બંધ કરો. તમે વજુભાઈ જે જવાબ આપે છે એ સાંભળો, આવતીકાલે ચર્ચા છે નાણાંની એમાં આપ કહેજોને. (અંતરાય) પૉઝિટીવ કોમેન્ટ થશે પછી એમાં આ બેય જણનું ચાલશે. બાબુભાઈ આવતીકાલે આપને પૂર્ણ સમય મળશે, દંડકશ્રી આપ એમને જ સમય આપજો, નાણાં વિભાગની ચર્ચામાં..

**શ્રી વજુભાઈ વાળા :** કંઈ વાંધો નહિ, આપ જ્યારે હતાને ત્યારે ૨.૮ ટકા મળતા હતા અને એ પણ,

**અધ્યક્ષશ્રી :** શ્રી વજુભાઈ, મને કહો આપ, એમને સીધું ના કહેતા.

**શ્રી વજુભાઈ વાળા :** હું એમને સમજાવું છું, મારા આટલા વર્ષો સુધી સાથી રહ્યા છે, અત્યારે તો મને દુ:ખ છે કે એમને આ બોલવાનો વારો આવે છે, નહિતર વખાણ કરવાનો વારો આવત એમનો. હશે હવે, કમભાગ્ય બધાના. માનનીય અધ્યક્ષશ્રી, તે દિવસે ૨૯ ટકા હતું અને એમાંથી ૨.૮ ટકા રાજયને હિસ્સો મળતો અને પછી બધા લોકોએ રજૂઆત કરી એટલે ૨૯ ટકામાંથી ૩૦.૫ ટકા નાણા પંચે નક્કી કર્યુ. એ આપણામાંથી આપે છે જે

અહીંથી લઈ જાય છેને એમાંથી આપણને આપે છે. નાણાં પંચની ભલામણ મુજબ આપે છે અને ચોક્કસ એમાં જે ટેક્સના શેર હોય છે એમાં બે ફાયદા થાય છે. જો કેન્દ્ર સરકારને ટેક્સ ઓછો મળેને તો આપણને આવક ઓછી થાય અને કેન્દ્ર સરકારમાં જો ટેક્સની આવક વધુ મળેને તો આપણને વધારે આવક આવે. આપણે પણ એમજ ઇચ્છીએ છીએ કે કેન્દ્ર સરકારને આવક વધુ થાય કારણકે આવક વધુ થાય તો એ પૈસા જે છે એ ગમે ત્યાં રાષ્ટ્રની અંદર તમામ રાજયોની અંદર વિકાસમાં એ વાપરવાના છે અને એનાથી બધાને લાભ થવાનો છે. આ સિવાય જે વાત કરી કે અહીંયાં ટેક્સ વધારો કરવામાં આવશે એના કારણે પાડોશી રાજયની અંદર એ ધંધાની હરીફાઇ થશે, ચોરીનું પ્રમાણ વધશે પણ મારે એટલું જ કહેવાનું કે આ ટેક્સ વધારાના કારણે ગુજરાત રાજયની અંદર જે માલ કન્ઝમ્પ્શન થતો હશેને એને જ આ ટેક્સ લાગુ પડશે, કારણકે જો બીજા રાજયોમાં કોઈ માણસ માલ મોકલેને તો બીજા રાજયની અંદર આજે જે ૪ ટકા સેન્ટ્રલ સેલ્સટેક્સ હતો. એના ચાલુ વર્ષે ૩ ટકા છે અને ૧/૪/૨૦૦૮થી એ ૨ ટકા થવાનો છે. એટલે બીજા રાજયોમાં જશે એ ૨ ટકાએ જશે અને બીજા રાજયોમાંથી આપણા રાજયમાં ૧લી એપ્રિલ પછી આવશે એ પણ ૨ ટકાએ જ આવવાના છે. એટલે રાજયો વચ્ચેની આંતરિક હરીફાઈ વધશે એ કોઈ રીતે આનાથી એ થવાનું નથી. આના કારણે ગુજરાતની પ્રજા ઉપર જ રહેવાનું છે. એમાંથી ચોરીનું પ્રમાણ વધવાની વાત હોય એ ૧ ટકાથી આગળ જઈને આજે આપણે ૧૨.૫ ટકાનો રેઈટ છે જ અને એમાંથી સારી એવી આવક મળી રહે છે. ચોરીની બીક હોય તો તો કોઈ દિવસ કોઈ ટેકસમાં આપણે વધારો કરી શકીએ નહીં. કાયમ માટે ટેકસ ઘટાડવો જ પડે. એટલે પહેલો મુદ્દો એ છે કે આ જે ટેકસ નાંખ્યો છે એ ટેકસ મહેસૂલી ખર્ચમાં વાપરવાનો નથી. એ ટેકસ, પ્રજા વિકાસના કામોમાં જ આ પૈસા વાપરવાના છે. એના વિકાસ માટે જ વાપરવાના છે. મેં ૮૮૦ કરોડનો ટેકસ નાંખ્યો છે. પરંતુ મારો પ્લાન જૂઓ તો ૧૬ હજાર કરોડથી ૧૯ હજાર કરોડ સુધીનો પ્લાન પહોંચાડયો છે. ૩ હજાર કરોડ પ્લાન સાઈઝ વધારી છે. એ પૈસા કોના માટે વાપરવાના છે? એ પૈસા વિકાસ ખર્ચ માટે જ વાપરવાના છે.

બીજી વાત કરી કે નોન પ્લાનમાં ખર્ચ વધતો જાય છે. મારે કહેવું છે કે નોન પ્લાન ખર્ચ પણ વિકાસલક્ષી કામ માટે વપરાતો હોય છે. એટલા માટે હું કહું છું કે એજયુકેશન આપવા માટે જે ખર્ચ થાય છે, એના અનુસંધાને શિક્ષકોના પગાર આપવાની વાત થાય, તો એ શિક્ષકોના પગાર એળે જતા નથી. એ ખરેખર વિકાસના કામ માટે જ કહેવાય. આપણે આરોગ્ય માટે ડોકટરોને પગાર આપતા હોઈએ તો એ પણ આરોગ્ય જાળવવા માટેના વિકાસના કામમાં જ એ પૈસા વપરાતા હોય છે. એટલે આપણે ચોકકસ કહી શકીએ કે આમ છતાં પણ આપણો નોન ડેવલપમેન્ટ ખર્ચ દિવસે ને દિવસે ઘટતો જાય છે. ૨૦૦૨-૦૩માં ૬૨.૯૨ ટકા નોન ડેવલપમેન્ટ ખર્ચ હતો. આગામી વર્ષમાં એ ૩૭.૫૭ ટકા થશે. એટલે એમાં ખૂબ જ ઘટાડો થયો છે. વિકાસ ખર્ચ જે ૨૦૦૨-૦૩ માં ૩૭.૯૮ ટકા હતો એ ૨૦૦૮-૦૯માં ૬૨.૪૩ ટકા થશે. આ રીતે જો આપણે જોઈશું તો ટોટલ બજેટમાં નોન ડેવલપમેન્ટ ખર્ચમાં ઘટાડો થતો જાય છે અને ડેવલપમેન્ટ ખર્ચમાં વધારો થતો જાય છે.

માનનીય કુંવરજીભાઈ બાવળીયાએ પણ વાત કરી હતી કે જાહેર દેવું વધતું જાય છે. બાકીના સભ્યશ્રીઓએ પણ જાહેર દેવા માટેની વાત કરી હતી. આપણે જે કંઈ કાયદો બનાવ્યો છે એમાં આપણું જે ઘ રગથ્થું ઉત્પાદન છે, એના ૩૦ ટકા કરતા આપણું જાહેર દેવું વધવું જોઈએ નહીં. એ દૃષ્ટિએ પણ જો જોવામાં આવે તો આપણું જાહેર દેવું આપણા ઘરગથ્થું ઉત્પાદનના ૩૦ ટકા કરતા વધતું નથી. એ છેલ્લા વર્ષમાં જોશો તો આ આંક ૨૭, ૨૮, ૨૬, ૨૫ ટકા એ રીતે જ આપણું જાહેર દેવાનું પ્રમાણ રહ્યું છે. હું હજુ પણ સ્પષ્ટ કહું છું કે આપણું જાહેર દેવું જેટલું વધતું જશે એ હંમેશા વિકાસના કામ માટે જ વાપરવાનું છે. આજનો રૂપિયો આવતીકાલ માટે સસ્તો છે. ભૂતકાળમાં પણ મેં દાખલો આપ્યો છે કે નર્મદા ડેમની યોજના જયારે બની ત્યારે એ યોજના બે, ત્રણ હજાર કરોડની જ હતી અને તે દિવસે જો એ યોજના બની ગઈ હોત તો આજે એના ફળ પણ પ્રજા ચાખતી હોત અને એનું દેવું પણ કયારનુંયે ભરાઈ ગયું હોત, પણ આજે જે ડેમ બનાવીએ છીએ. ભૂતકાળમાં કોંગ્રેસની સરકારોએ જે ડેમ અને મકાનો બનાવ્યા છે એ આજે બનાવવામાં આવે તો અનેકગણો ખર્ચ થાય. આ રીતે આજનું બનાવેલું એ આવતીકાલ માટે સસ્તુ છે. આજનું દેવું આવતીકાલ માટે સસ્તુ છે. અહીં બેઠેલા સભ્યશ્રીઓને પણ જાણ હશે કે તેમણે લોન લઈને મકાન બનાવ્યુ હોય અને એની રી-પેઈંગ કેપેસિટી હોય અને લોન ભરપાઈ કરી હોય. અને એ એક લાખ રૂપિયાનું બનાવેલ મકાન આજે ૨૦ લાખ રૂપિયાની કિંમતનું બની ગયું છે. દિવસેને દિવસે રૂપિયાની કિંમત ઘટતી જાય છે ત્યારે આજનું કરેલું દેવું એ આવતીકાલ મો આર્શીવાદરૂપ છે, પરંતુ એ દેણું પગાર ચૂકવવામાં વાપરે, કરજ ચૂકવવામાં આવે, વ્યાજ ચૂકવવામાં આવે, લોનના હપતા ચૂકવવામાં વાપરે, એ રીતે આપવામાં આવે તો ચોકકસ ભારરૂપ થવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મણીભાઈ પટેલે વાત કરી કે ૭૦ ટકા લોકો ગામડાંમાં વસે છે તેમના પ્રત્યે ઓછું ધ્યાન આપવામાં આવ્યું છે. તો મારે કહેવું છે કે આજે કાંઈ પૈસા વાપરવામાં આવે છે એમાં ગ્રામ્ય વિસ્તાર માટે, ગ્રામ્ય ગરીબો માટે એમના માટે બધી રકમ વપરાય છે એમાં ગ્રામ્ય વિસ્તારમાં ઈલેકટ્રીસીટી આપીએ છીએ,

ગ્રામ્ય વિસ્તારમાં બધી જગ્યાએ એક એક સ્કૂલ આપીએ છીએ અને સ્કૂલમાં એકએક શિક્ષક આપીએ છીએ, આરોગ્ય કેન્દ્રો પણ મેકસીમમ સુવિધાવાળાં થઈ રહ્યાં છે, ગ્રામ્ય વિસ્તારમાં ચેકડેમો કર્યા છે, પ્રાથમિક શાળાઓ, આરોગ્ય કેન્દ્રો, ચેકડેમો, ગ્રામ્ય રસ્તાઓ, આ તમામ સુવિધાઓ ગામોના વિકાસ માટે કરીને એમાં પૈસા વાપર્યા છે કારણ કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને એમાં અમે બેઠા છીએ એ છાપાંમાં ફોટા આવે અને અમારી પ્રશસ્તિ થાય એ માટે નથી બેઠા, પરંતુ અમારૂં ધ્યેય છે કે 'હર હાથકો કામ દો ઔર હર ખેતકો પાની મિલે' એટલે કે દરેકને કામ મળે અને દરેક ખેતરની પાણી મળે તો આપણાં ગામડાં છે એ સમૃધ્ધ બનવાનાં છે. ગામડાના લોકોમાં પાણી છે, પરંતુ ગામડાને પાણી મળતું નથી અને એ ઓશિયાળા થઈને બેઠા છે એ ઓશીયાળાપણું દૂર કરવા માટે આજે આપણે પાણી માટેની યોજનાઓ કરી છે એમાં સુજલામ્ સુફલામ યોજના છે. એમાં એક માનનીય સભ્યશ્રીએ આ સુજલામ્ સુફલામ્ યોજના માટે વાત કરી કે એની કેનાલ પાકી બનાવી નથી. તો મારે એમને કહેવું જોઈએ કે આ યોજનામાં એમાં પાકી કેનાલ માટેનું કોઈ આયોજન જ નથી. એ કેનાલ કાચી જ રહે અને એમાં વહેતું પાણી એ નીચે પરકોલેટ થઈને જમીનમાં ઉતરે અને એ જમીનમાં ગયેલું પાણી એ કૂવામાં નહીં, પરંતુ બોરમાં આવે અને એ પાણી મારફતે ખેતી કરવામાં આવે.

માનનીય ઘણા સભ્યશ્રીઓએ જે સૂચનો કર્યા છે એમાં માનનીય અર્જુનભાઈએ વાત કરી એમાં તો માનનીય જયનારાયણભાઈએ ભમરા માટેની વાત કરી. આ ભમરો ગુજરાતની પ્રજાને કરડે છે એવી વાત કરી. મેં કહયું કે કોઈપણ ભમરો, પશુ કે પક્ષી કે માણસ એને લો તો એમાં સદ્ગુણ પણ હોય છે અને અપલક્ષણ પણ હોય છે. તો એ અપલક્ષણ યાદ કરવાને બદલે તેમણે સદ્ગુણ કરીને કહયું કે કોઈપણ ફૂલ ઉપર બેસતો ભમરો એવી રીતે મધ ચૂસે છે કે ફૂલની કોઈ પરિસ્થિતિમાં બગાડ ના આવે. આ હું તમને કહું છતાંપણ ગુજરાત રાજયનો વેપાર ટકી રહે, ગુજરાત રાજયનો ઉદ્યોગ ટકી રહે, સામાન્ય માણસ ઉપર બોજો ના આવે એટલા માટે આ ૮૮૦ કરોડ રૂપિયાના કરવેરા જે લોકો સમાજને આપી શકે, એમની પાસેથી લીધા છે. આમાં કરડવાથી કોઈ બેભાન થવાનું નથી. મારો કલર જ એવો છે કે ભલભલાને ભમરા સાથે સરખાવવાનું મન થાય. એનો કોઈ સવાલ નથી, પરંતુ જે આ વાત છે એના માટે જંત્રીના દરની વાત કરવામાં આવી. તો આ જંતરી એ કોઈ ટેકસ નથી એ આજની એની કિંમત પ્રમાણે એ રજીસ્ટર ના કરાવે તો જંતરી પ્રમાણે એના માટે ૩૨(ક) માં એ જાય અને ૫-૫ કે ૭-૭ વર્ષ સુધી એનો નવેડો ના આવે એના માટે આ છે. આ જંતરી મુજબ દસ્તાવેજ ના કરાવવો હોય તો દસ્તાવેજ કરાવવાની છૂટ છે, પરંતુ એ પછી ૩૨(ક) માં એ જાય અને અને પછી એનું એસેસમેન્ટ થાય એના નિરાકરણ માટે આ રીતે કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે એક વાત કરી કે કેન્દ્ર સરકારે ૬૦,૦૦૦ કરોડ રૂપિયાનાં ખેડૂતોનાં દેવાં માફ કર્યા છે. તો કેન્દ્ર સરકારની હું કોઈ વિશેષ ટીકા કરવા માગતો નથી. કેન્દ્ર સરકારે આ જે કાંઈ દેવાં નાબૂદ કર્યા છે ખેડૂતોનાં એ હું તો એમ કહું કે આ માફ કર્યા એ સારું કર્યુ છે, પરંતુ હું એટલું કહું કે આ દેવાં માફ કરવાની પરિસ્થિતિ નિર્માણ કેમ થઈ? ખેડૂતોને હંમેશાં સધ્ધર કેમ ના બન્યા,એ દેવાદાર કેમ બન્યા એના કારણોમાં જવાની જરૂર છે. તેના કારણોમાં ગુજરાત સરકાર જાય છે, કે ભવિષ્યમાં ખેડૂતો દેવાદાર ન બને, ખેડૂતોને વિકાસલક્ષી કામો માટે થઈને તેને પાણી જોઈએ છે, તો પાણી આપો, તેને ખાતર જોઈએ છે તો ખાતર આપો, ખેડ, ખાતર અને પાણી, સમૃદ્ધિ લાવે તાણી, તેને આજે પાણી આપો, ગામડે ગામડે ચેક ડેમો બનાવ્યા છે, સુઝલામ સુફલામ યોજના કરી છે, નર્મદા યોજના મારફત આજે પીવાનું પાણી જાફરાબાદ, રાજુલા અને જુનાગઢ સુધી પહોંચાડવામાં આવ્યું છે,નેવાના પાણી મોભે ચડાવ્યા છે, તે આ સરકારે કર્યુ છે. કહેવાની વાત એ છે કે ખેડૂતો સદ્ધર બને, અમે તો એમ માનીએ છીએ કે ભાજપ કરે કે ગમે તે કરે, પણ ખેડૂત સદ્ધર બનવો જોઈએ. જો આ દેશમાં ખેડૂત સદ્ધર બનશે તો ગામડું સદ્ધર બનશે, અને ગામડું સદ્ધર બનશે તો તેના ઉપર આધારિત શહેર પણ સમૃદ્ધિમાં આળોટવાનું છે, પેલા પાયામાં પડેલા લોકો છે તે ખેડૂતને સમૃદ્ધ બનાવવા માટે થઈને અમે તેનું દેણું માફ કરવા માટે થઈ ને દેણું નથી કરતા, કેન્દ્ર સરકાર શું કરવાની છે તે નથી કહેતો, પણ અમે ચોકકસ દેવું કરીને ડેમો બનાવીએ છીએ, અને દેવું કરીને ડેમો બનાવવાથી ખેડૂત દેવા મુકત થવાનો છે. અને અમે તેનું દેણું ભરી દેવાના છીએ. આજે ખેડૂતોને એટલા માટે અમે આ રીતે રાહત આપીએ છીએ.

**શ્રી આર.સી. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને મતદાન થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : પૂરું કરે જ છે એમ માનનીય મંત્રીશ્રી કહે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પૂરું જ થાય છે. બીજી વાત ઉત્સવોની કરી, તો ઉત્સવો માટે બીજું શું થઈ શકે? આજે આ ઉત્સવોના કારણે તમે જોઈ શકો છો કે ૬ લાખ ૬૬ હજાર કરોડના ઉદ્યોગોના

એમ.ઓ.યુ. આ ઉત્સવોને કારણે થયા છે. આજે ઈન્ડસ્ટ્રીઝને ઈન્વાઈટ કરી, અને તેના કારણે આજે ગુજરાતમાં સમૃદ્ધિ આવી છે. અને કચ્છમાં ભૂકંપ થયો એમાં આપણે એને રાહત આપી સેલ્સટેકસમાં રાહત આપીએ છીએ, એકસાઈઝ ડયુટીમાં કેન્દ્ર સરકારે રાહત આપી, અને કચ્છ જે સ્મશાન ભૂમી થઈ ગયું હતું તેને આજે આપણે સ્વર્ગ જેવું બનાવી દીધું છે. માનનીય બાબુભાઈ વારંવાર મારું કચ્છ, મારું કચ્છ, એમ કહે છે. પણ કચ્છડો બારે માસ, કાયમી લીલો છમ છે, અને હું હજુ આજે પણ કહી શકું કે ગુજરાતમાં સારામાં સારો કોઈ જિલ્લો હોય તો તે કચ્છ છે. પણ હવે આટલું આટલું મળવા છતાં પણ જુની રોવાની ટેવ હોય તો અમે કંઈ ન કરી શકીએ. આ રીતે મેં આ બજેટ રજૂ કર્યુ છે તે બજેટની અંદર આ બજેટ કિસાનલક્ષી બજેટ છે, ગ્રામ્ય લક્ષી બજેટ છે, ગરીબ વર્ગના લોકોની ગરીબાઈ દૂર કરનારું બજેટ છે અને ટેકનિકલ લોકોને વધુ જ્ઞાન મળે તેના માટેનું બજેટ છે, આમાં મેં વધુમાં વધુ પૈસા આરોગ્ય માટે, શિક્ષણ માટે અને ખેતી માટે ગ્રામ્ય વિસ્તાર માટે થઈને ફાળવ્યા છે, અને ગરીબ વિધવા હતી એમા અનેક સંચાઓનો વધારો કરી આપ્યો છે. અને ટોટલ મારું બજેટ છે તે બજેટ મેં સામાન્ય માણસને નજર સમક્ષ રાખી અને આ ભારતીય જનતા પાર્ટીની સરકારે સામાન્ય લોકોના દુઃખ દર્દ દૂર થાય અને તેને મદદરૂપ કેમ થવાય અને સમસ્ત રાષ્ટ્રના વિકાસમાં ગુજરાતનો વિકાસ, અમે તો એમ માનીએ છીએ કે ગુજરાત પહેલા નંબરે નહીં, અમે તો ઈચ્છીએ છીએ કે અમારા કરતાં પણ બીજા રાજયો ખૂબ આગળ વધે, અને જે રાજય આગળ વધશે તેની પ્રજા સુખી થશે, અને તે પ્રજા અમારા ભાઈ બહેનો છે, અમારા રાષ્ટ્રના નાગરિકો છે. અને આ રાષ્ટ્રીય ભાવનાથી ગુજરાતને સમૃદ્ધ કરવાની યોજનાઓ લઈને આ બજેટ બનાવ્યું છે તેને આપસૌ સ્વીકારશો તેવી આશા રાખું છું.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૧૧મી માર્ચ, ૨૦૦૮ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર તા.૧૧મી માર્ચ, ૨૦૦૮**
**ફાલ્ગુન ૨૧, ૧૯૨૯ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

**શ્રી દોલતરાય ના. દેસાઈ :** મારો પ્રશ્ન સ્વીકારેલ છે, પણ આમાં નથી.
**અધ્યક્ષશ્રી** : હું જોવડાવી લઈશ. રિસેસમાં ચેમ્બરમાં આવીને મળજો.

# તારાંકિત પ્રશ્નો

### કચ્છ જિલ્લામાં સી.એચ.સી. અને પી.એચ.સી. મૅડિકલ ઑફિસરની ખાલી જગ્યાઓ

***૧૦૫૫ શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી(અબડાસા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સી.એચ.સી. અને પી.એચ.સી. માં મૅડિકલ ઑફિસર વર્ગ-૨ ની કુલ કેટલી જગ્યાઓ છે,
(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે, અને
(૩) ખાલી જગ્યાઓ ભરવા સરકાર શું વિચારે છે, આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી :**

(૧) સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં-૨૬ જગ્યાઓ
પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં-૩૭ જગ્યાઓ

(૨)

| ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|
| સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં-૧૬ | ૧૦ |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં-૩૩ | ૦૪ |

(૩) ખાલી જગ્યાઓ વહેલી તકે ભરવામાં આવશે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે. તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી. માં મૅડિકલ ઑફિસર વર્ગ-૨ ની કુલ કેટલી જગ્યા છે એ પૈકી કેટલી જગ્યા ભરાયેલી છે અને કેટલી ખાલી છે. ખાલી જગ્યા ભરવા સરકાર શું વિચારે છે અને આમાં બોન્ડેડ ડૉક્ટર જે સરકાર ભરે છે એ કાયમી હાજર થતા નથી, તો આ અંગે સરકાર શું વિચારે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ :** માનનીય સભ્યશ્રીને આપના થકી જણાવવા માગું છું કે વિવિધ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કચ્છ જિલ્લામાં વર્ગ-૨ની ૨૬ મંજૂર થયેલી જગ્યા છે, એમાંથી ૧૬ ભરાયેલી અને ૧૦ ખાલી છે અને માનનીય સભ્યશ્રીની ચિંતા સકારણ છે. ઘણા લાંબા સમય સુધી આ જગ્યા ખાલી રહે છે અને એ માટે વખતો વખત પ્રયત્ન કરવા છતાં પણ આ જગ્યા ભરાતી નથી. બોન્ડેડ ડૉક્ટર માટેની સભ્યશ્રીએ વાત કરી એ સાચી છે. બોન્ડેડ ડૉક્ટરમાં ક્લાસ-૧ માં ૩૬૮ ને નિમણૂક આપી એમાં માત્ર ૧૩ હાજર થયા. વર્ગ-૨ માં બોન્ડેડ ડૉક્ટર માટેની નિમણૂક આપવામાં આવી. તેમાં ૨૦૦૬ ના વર્ષમાં ૬૨૬ બોન્ડેડ તબીબોને નિમણૂક આપી હતી, એમાંથી ૮૬ હાજર થયા. ૨૦૦૭ માં ૧૨૦૪ બોન્ડેડ તબીબોને નિમણૂક આપી હતી, એમાંથી ૧૨૨ હાજર થયા. એટલે ઘ ણી જગ્યાઓ બોન્ડેડ જે તબીબો હાજર નહિ થવાના કારણે માત્ર કચ્છમાં જ નહિ, પણ રાજ્યભરમાં ખાલી રહે છે, તે સભ્યશ્રીની વાત સાચી છે.

**ડો. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, આ જગ્યાઓ ખાલી છે, એ કેટલા સમયથી ખાલી છે એ એક અને જે આપણે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર હેલ્થ ડેવલપમેન્ટ બોર્ડની રચના કરવાનું નક્કી કર્યુ છે, એ બોર્ડ દ્વારા કોઈ કામગીરી કરીને આ ડૉક્ટરોનો મૂંઝવતો પ્રશ્ન છે કે એમ.બી.બી.એસ. નથી મળતા, પણ સુપર સ્પેશ્યાલિસ્ટ પોસ્ટ ગ્રૅજ્યુએટ બિલકુલ મળતા નથી, જેના પરિણામે હૉસ્પિટલ આટલી સરસ કરી છે અને આટલી સારી વ્યવસ્થા હોવા છતાં પણ ડૉક્ટરોના અભાવે જે તકલીફ પડે છે, એના માટે કોઈ ડિપ્લોમાં કોર્સિસ ડૉક્ટરો માટેની કરવાની સરકારની કોઈ વિચારણા છે, કે પછી આરોગ્ય કેન્દ્ર એ કોઈ સંસ્થાઓને આપી એમને મેનેજમેન્ટ સોંપીએ, જેથી કરીને ડૉક્ટરની વ્યવસ્થા કરી શકે એવું કઈ કરવાની વિચારણામાં છે કે નહીં?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો, એમાં ભુજમાં બે જગ્યા ખાલી છે. એક તા. ૩૦-૩-૨૦૦૭ થી ખાલી છે અને બીજી ૧૭-૧૦-૨૦૦૭ થી ખાલી છે. અંજારમાં એક જગ્યા તા. ૨૭-૧૦-૨૦૦૭ થી ખાલી છે. નખત્રાણામાં ડિસેમ્બર-૨૦૦૭ થી ખાલી છે. ભચાઉમાં બે જગ્યા ખાલી છે એક ૫ એપ્રિલ, ૨૦૦૬ થી અને બીજી ૨૨ માર્ચ, ૨૦૦૬ થી ખાલી છે. જનાર તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં એક જગ્યા તા. ૩૧-૧૨-૨૦૦૫ થી અને એક જગ્યા તા. ૨૦-૪-૨૦૦૭ થી ખાલી છે. ભુજમાં એક જગ્યા તા.૨૨-૪-૨૦૦૪ થી અને બીજી જગ્યા તા. ૧૫-૧૦-૨૦૦૩ થી ખાલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ચિંતા સરકારની પણ છે અને હું આપના થકી માનનીય સભ્યશ્રીઓને કહેવા માગું છું કે સઘન પ્રયત્નોને પરિણામે તાજેતરમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ૬૦૭ તબીબોની સીધી ભરતીથી તબીબી અધિકારી વર્ગ-૨ તરીકેની નિમણૂક કરી તે માટેની યાદી મોકલવામાં આવી છે. આના કારણે હાલમાં ૨૭૭ જગ્યાઓ ખાલી છે તે લગભગ પૂર્ણતયા ભરાઈ જાય તે અને આ જગ્યાઓ ભરવાનું કામ અમારો પ્રયત્ન એવો રહેશે કે ૩૧ મે ૨૦૦૮ સુધીમાં આ જગ્યાઓ ભરાઈ જાય તે માટેના પ્રયત્નો હાથ ધરી આ જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી હાથમાં લીધી છે. આ સિવાય રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં આયુષ યોજના નીચે ૨૦૦૭માં ૪૫૮ તબીબોને નિમણૂક આપી તેમાંથી ૩૬૨ તબીબો હાજર થયા છે અને ૨૦૦૮માં ૧૪૬ આયુર્વેદ તબીબોને નિમણૂક આપી તેમાંથી ૧૦૪ તબીબો હાજર થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના થકી આ સન્માનનીય ગૃહને..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ કચ્છ જિલ્લા પૂરતા મર્યાદિત રહેશો તો વધારે સારું. આપ બધી વિગતો આપી શકો છો તો એનો અર્થ એ થશે કે મારે બીજા સભ્યોને પણ તક આપવાની છે.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : I take your advise sir,

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્નમાં કચ્છ જિલ્લામાં કેવી રીતે ભરવા માગો છો તે પૂરતા મર્યાદિત રહો.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : એગ્રી સર. કચ્છ જિલ્લાની આ જગ્યાઓ ૩૧ મે ૨૦૦૮ સુધીમાં ભરાઈ જાય તે માટેના પ્રયત્નો રહેશે.

### માળીયા તાલુકાને સિચાઈ સુવિદ્યા ઉપલબ્ધ કરવા અંગે

***૧૮૨ શ્રી કાંતિલાલ શી. અમૃતિયા (મોરબી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તદ્દન સિંચાઈ વિહોણા માળીયા(મીયાણા) તાલુકાને સિંચાઈ ઉપલબ્ધ કરાવવાની એક માત્ર આશા મચ્છુ-૩નું કામ તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ બંધ છે તે કામ ક્યારે શરૂ થશે

(૨) મચ્છુ-૩ દ્વારા કેટલા ગામોને કેટલી જમીન માટે સિંચાઈ સુવિદ્યા ઉપલબ્ધ થશે.

(૩) મચ્છુ-૩ની કેનાલ દ્વારા લીફટ ઈરીગેશન દ્વારા સિંચાઈ સુવિદ્યા ઉપલબ્ધ કરાવવામાં આવે તો કેટલી વધુ સિંચાઈ સુવિદ્યા ઉપલબ્ધ થઈ શકે?

**જળસંપત્તિ મંત્રીશ્રી:**

(૧) સત્વરે શરૂ કરવાનું આયોજન છે.

(૨)અને (૩) આયોજન કટીંગ નહેરનું જ છે જેમાંથી ખેડૂતો પાણી લીફટ કરશે. આ યોજનાથી ૧૧ ગામોની ૨૦૪૦ હેકટર જમીન સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થશે તેવો અંદાજ છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો મંત્રીશ્રીનો આભાર માનું કે તાત્કાલિક શરૂ કરવાનો જવાબ આપ્યો છે. બીજો પ્રશ્ન એ છે કે મચ્છુ-૩ ડેમ છે ૧૯૭૦માં જ્યારે વાત થયેલી હતી ત્યારથી અત્યાર સુધીમાં બે વાર એવું બન્યું કે પહેલાં પણ ખાત મુહૂર્ત કર્યુ પછી આજથી પાંચ વર્ષ પહેલાં ખાત મુહૂર્ત કર્યુ. ખાત મુહૂર્ત કર્યા પછી આ જે એજન્સીને કામ આપ્યું છે તે એજન્સીએ કામ નથી કર્યુ તો આ એજન્સી ઉપર તાત્કાલિક પગલાં ભરવા માગો છો કે કેમ? બીજું કે મચ્છુ-૩માં કેટલો ખર્ચ કરવા માગો છો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મચ્છુ-૩ સિંચાઈ યોજના મોરબી તાલુકાના સાદુરકા ગામે ૨૦૦૧માં મંજૂર કરવામાં આવી હતી. ત્યાર પછી તબક્કાવાર સરવે, તાંત્રિક મંજૂરી, ટેન્ડરોની પ્રક્રિયા સરકારે પૂર્ણ કરી અને કેતન કન્સ્ટ્રકશન નામની કંપનીને વર્ક ઑર્ડર આપેલા છે. આ એજન્સીએ ૨૦૦૪ થી કામ ચાલુ કરી ૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું હતું. આ દરમ્યાનમાં સતત સારા ચોમાસા આવવાને કારણે મચ્છુ મુખ્ય બંધ, મચ્છુ-૨ બંધ અને જે આ સૂચિત ડેમ છે તેની નીચાવાસમાં બે મોટા ચેકડેમ અગાઉ સરકારે બનાવેલા છે. તે બંન્ને ચેકડેમમાં સતત બારે મહિના પાણી ભરાયેલ. ઈજારદારને કામ આપ્યું ત્યારે કામ ચાલુ કર્યુ અને પછી નવી સિઝનનો વરસાદ આવ્યો ત્યાર પછી આજસુધી તે સાઈટ ઉપર સતત પાણી ભરાયેલું રહેલ છે. એટલે કામ વિલંબમાં મૂકાયું છે. આ કામ ચાલુ કરવા માટે પાણીનું ડીવોટરીંગ કરી પાણી ખાલી કરવાનો પણ પ્રયત્ન કર્યો પણ આજુબાજુના ખેડૂતોએ વિરોધ કર્યો અને તે કામ ન થવા દીધું. જ્યાં સુધી સાહેબ આ પાણી ખાલી ન થાય ત્યાં સુધી સૂચિત જગ્યાનું કામ ચાલુ કરી શકીએ તેવી અત્યારે સ્થિતિ નથી. આગળ નવા ચેકડેમ જે નીચવાસમાં છે તેમાં કટીંગ કરી પાણીનો નિકાલ થાય તે પ્રયત્ન કરી જોયું પણ ચેકડેમ એટલા મજબૂત હોવાને કારણે કટીંગ કરવાનું કામ ટેકનિકલી શકય બન્યું નહી. આમાં બધુ તૈયાર છે, ઈજારદાર તૈયાર છે, બજેટ તૈયાર છે, બધી રીતે કામ પૂરું થાય તેવું છે પણ પાણી જયાં સુધી ખાલી ન થાય અને સાહેબ લગભગ ૨૦ કિ.મી.ના વિસ્તારમાં પાણી ભરાયેલ છે. આમાં પાણીનું ડીવોટરીંગ કરવામાં બે થી ત્રણ કરોડનો વધારાનો ખર્ચ કરવો પડે તેમ છે. એટલે પાણી વપરાઈ જાય અને ખેડૂતો બહાર કાઢવાની સંમતિ આપે તો ચોક્કસ આ કામ કરી શકાશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન કર્યો કે માળિયા તાલુકા માટે આ સિંચાઈ યોજના આપણે અમલમાં મૂકી છે, માળિયા તાલુકામાં અત્યાર સુધીમાં ભૂતકાળમાં કોઈ સિંચાઈ યોજના કોઈ સરકારે બનાવી નહોતી, આ સરકારે આ પહેલી યોજના મૂકી છે અને નર્મદામાંથી પણ આ અહીયાં પાણી આપવાનું

૧૬૫૧૨ હેકટરમાં આયોજન કર્યુ છે. એટલે અત્યાર સુધી જે માળિયા તાલુકો સિંચાઈ વિહોણો હતો પણ હવે સિંચાઈ વાળો થશે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, મચ્છુ-૩ સિંચાઈ યોજના છે, ખરા અર્થમાં હમણાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે એના નીચે બે ચેકડેમો આવેલા છે, તો આ સિંચાઈ યોજનાનું ૨૦૦૭માં કામ પૂર્ણ કરવાનું હતું અને પહેલો ચેકડેમ છે એને આગલી સાલ તોડી અને પાણી ખાલી કરવાનો પ્રયત્ન પણ કર્યા હતા, ખરા અર્થમાં આ પહેલો ચેકડેમ તોડે એટલે સો ટકા કામ આગળ વધી શકે તેમ છે. આ બાબતમાં કોન્ટ્રાકટર અને અધિકારી સાથે આ ડૅમ સાઈટ ઉપર હું પણ સાથે ગયો હતો અને આ બાબતમાં અગાઉના માનનીય મંત્રીશ્રી સાથે મિટિંગ પણ કરી હતી તો આ કોન્ટ્રાકટરે આ કામ લેઈટ કર્યું એની પેનલ્ટી કરવા માગો છો કે કેમ અને બીજા નંબરમાં, પેલો ચેકડેમ તોડવા માટેનો ખેડૂતોનો પણ વિરોધ નથી, તો આ તોડી થોડુંક પાણી લિફ્ટ કરવું પડે તેમ છે તો ડેમ તાત્કાલિક માળિયા તાલુકાનો વર્ષો જૂનો પિયતનો પ્રશ્ન હતો, એનાથી ૧૧ ગામોને જે ૨૦૦૦ હેકટરમાં સિંચાઈનો લાભ મળવાનો છે. આ કામ તાત્કાલિક પૂર્ણ કરવા માટે રાજય સરકાર કોન્ટ્રાકટર પાસે કોઈ પેનલ્ટી લઈને કામ કરવા માગે છે કે કેમ ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોન્ટ્રાકટરે જે વિલંબ કર્યો એનું કારણ તો મેં જવાબમાં કહ્યું કે સતત પાણી ભરાયેલ રહેતું હોવાના કારણે , પાણીનો જો નિકાલ થાય તો જ પાયાનું કામ કરી શકાય, હું સંબંધિત બંને ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, ખેડૂતો પાણી ઉલેચવાની પરવાનગી આપે અથવા ચેકડેમ કટિંગ કરી પાણી નિકાલ કરવાની સંમતિ, પરવાનગી આપે અને બંને ધારાસભ્યશ્રીઓ આમાં અમને મદદરૂપ થાય અને આ થઈ શકે તો વહેલામાં વહેલીતકે કામ શરૂ કરવા માગીએ છીએ.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો એ ખરેખર સાચો છે પણ જેમ માનનીય મોહનભાઈએ કહ્યું એમ ચેકડેમ તોડીને પાણી ખાલી કર્યુ હતું, ખેડૂતોએ ખાલી કર્યુ હતું પણ જે કોન્ટ્રાકટર છે એને ભૂકંપ પછી જે કપચીના ભાવ વધ્યા હતા અને એણે અહીં કોરી બેસાડી હતી એ કોરીમાં જ એને રસ હતો, આ ચેકડેમ બનાવવામાં એને રસ ન હતો એટલે અમારે આટલી બધી રજૂઆત કરવાની વાત છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ મને અલગ રીતે આ બાબતમાં રજૂઆત કરી છે, મેં તપાસ કરાવી હતી, પહેલા વર્ષે જે કામ ચાલુ થયું એમાં જે પાયો તોડ્યો (અંતરાય) આ થોડીક જુદી માહિતી છે જે હું આપું છું , એમાં પાયામાં પથ્થર છે અને ટેન્ડરની જોગવાઈ પ્રમાણે જે પથ્થર તોડીને કાઢે એનો સાઈટ ઉપર ઉપયોગ કરી શકાય એ પરમીશેબલ છે, એણે બહાર કપચી વેચી હશે તો એની અમે તપાસ કરાવીશું કારણ કે પથ્થર તોડ્યો છે એનું માપ અમારી પાસે છે અને જેટલી કપચી ત્યાં વાપરી છે એનું માપ પણ અમારી પાસે છે, બાકી રહેતો ડીફરન્સ એ બહાર વેચ્યો હશે તો અમે તપાસ કરાવીશું.

### વાંકાનેર ભૂગર્ભ ગટર યોજનાની દરખાસ્ત

*** ૫૪૦ મહંમદજાવીદ અ. પીરઝાદા (વાંકાનેર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વાંકાનેર શહેરની ભૂગર્ભ ગટર યોજનાની મંજૂરીની દરખાસ્ત તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) આ દરખાસ્ત સરકારને ક્યારે મળી છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) તા. ૧-૭-૧૯૮૬થી નવી ભૂગર્ભ ગટર યોજનાના કામો હાથ પર નહીં લેવાનું નક્કી થયેલ હોવાથી આ યોજના મંજૂર કરવાની કાર્યવાહી હાથ ધરાયેલ ન હતી.

(૨) મૂળ દરખાસ્ત તા. ૧૬-૩-૭૨થી અને સુધારેલ યોજનાની દરખાસ્ત તા. ૨૭-૨-૮૪થી.

**શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, જવાબ એક અને બેમાં કહ્યું છે પણ આ રીતે વિકાસના કામો હાથ ઉપર લેવામાં નહીં આવે તો શહેરમાં જે ગંદકી ફેલાશે એ માટે આ સરકારશ્રી શું વિચારે છે અને વાંકાનેર શહેર માટે ગટર યોજના જરૂરી છે એવું સરકારશ્રી માને છે કે કેમ ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો હું એમના પાછલા પ્રશ્નનો જવાબ આપું તો, રાજયના તમામ શહેરો સ્વચ્છ રહે અને નિર્મળ રહે, એ માટે નિર્મળ શહેર યોજના અન્વયે સ્વચ્છતાં જળવાઈ રહે એ માટે ભૂગર્ભ ગટર યોજનાઓ દરેક શહેરમાં બને એ સરકાર ઇચ્છે છે. બીજું, આ વાંકાનેર શહેરની ગટર યોજનાનું કામ આજકાલથી નહીં પણ ૧૯૮૬થી પડતર છે અને મંજૂરીની કક્ષાએ કહીએ તો ૧૯૭૨-૭૩થી આ યોજના પડતર છે, એનું મોટામાં મોટું કામ એ છે કે જે તે વખતે તત્કાલિન સરકારે ૧૯૮૬માં તત્કાલીન સરકારે ૧૯૮૬માં એવો નિર્ણય લીધો કે પાણી પુરવઠા બોર્ડે જે યોજનાઓ એ વખતે હાથ પર લીધી હતી એ જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી નવી યોજનાઓ એઝ એન્ડ વેરના ધોરણે હાથ ઉપર લેવી નહીં. આ ૧૯૮૬ની સરકારનો નિર્ણય હતો એના કારણે આ યોજના પેન્ડીંગ રહી છે. સર્વે થઈ ગયો છે, બધું થયું છે પણ આર્થિક સક્ષમતા

નગરપાલિકાની ચકાસવાની હોય છે અને એમાં મેં હમણાં જ તપાસ કરાવી એમાં પાણીની સિંચાઈ યોજનામાંથી જે પાણી વાંકાનેર શહેર માટે લેવામાં આવે છે કારણ કે, આમાં નિયમ એવો છે પીવાનું પાણી, ઘર વપરાશનું પાણી પૂરતા જથ્થામાં મળે તો જ ડ્રેનેજ યોજના સફળતાપૂર્વક ચાલી શકે. પૂરતા પ્રમાણમાં પાણી મળે છે પણ એનું ૩ કરોડ રૂપિયા અમારું સિંચાઈ વિભાગનું, નગરપાલિકાનું આજે પણ લેણું બાકી છે એ ભૂગર્ભ ગટર કરી શકવાની એની આર્થિક સ્થિતિ અને સક્ષમતા અત્યારે લાગતી નથી.

**શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા** : માનનીય અધ્યક્ષશ્રી, વાંકાનેર શહેરની ગટર યોજનાનો પ્રશ્ન સરકાર કઈ રીતે હલ કરવા માગે છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા બોર્ડના જે નિયમો છે એમાં શહેરની વસતિ પ્રમાણે પાણીની ઉપલબ્ધિ હોવી જોઈએ તે ઉપલબ્ધિ પછી જે તે નગરપાલિકાએ તેના ફાળાની રકમ જમા કરાવવાની હોય છે એ રકમ ભરવા માટે એ નગરપાલિકા આર્થિક સક્ષમ છે કે કેમ? એ પણ લોકલ બોર્ડ મ્યુનિસિપાલિટીનું ઑડિટર છે એ સર્ટિફિકેટ આપે છે એ સર્ટિફિકેટ મળે અને આર્થિક રીતે સક્ષમ હોય તો ચોક્કસ વિચારવામાં આવશે.

**ગાંધીનગર જિલ્લામાં પીવાના પાણીના બોર**

***૧૬૯૩ શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૦-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં પીવાના પાણીના બોર પાણી પુરવઠા વિભાગ દ્વારા કેટલા બનાવવામાં આવ્યા, અને

(૨) કેટલો કયા તાલુકામાં ખર્ચ કરવામાં આવ્યો?

**પાણી પુરવઠા મંત્રીશ્રી:**

(૧) ૧૭

(૨)

| તાલુકો | ખર્ચ રૂપિયા લાખમાં |
|---|---|
| ગાંધીનગર | ૩.૬૨ |
| દહેગામ | ૮.૫૧ |
| માણસા | ૩૮.૫૭ |
| કલોલ | ૧૨.૯૪ |
| કુલ :- | ૧૩.૬૪ |

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં જે કામો થયાં છે તો માનનીય મંત્રીશ્રી જણાવવાની કૃપા કરશે કે ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬માં પાણી પુરવઠા દ્વારા ગાંધીનગર જિલ્લામાં કેટલાં કામો થયાં હતાં અને ૧૨માં નાણાપંચ એમ.એલ.એ. કે એમ.પી. ફંડમાંથી જે બોરો બન્યા છે, વીજળીકરણ અને ઈલેકિટ્રક એસેસરીઝ વગર રહી ગયા છે તો એવા બોરો બે બે વર્ષથી બંધ પડયા છે તો એને વીજળીકરણના કામમાં કે ઈલેકિટ્રક એસેસરીઝના પાણી પુરવઠા વિભાગ એને પૈસા આપીને ચાલુ કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એ ૩૦-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પૂછયો છે એણે ૨૦૦૪-૨૦૦૫ ની માહિતી અત્યારે માગી એટલે એ સ્વાભાવિક ઉપલબ્ધ નથી.

**અધ્યક્ષશ્રી:** તો વિગત એમને આપી દેજો. (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિગત એમને આપી દઈશ.

**અધ્યક્ષશ્રી:** એ વિગત એમને આપી દેજો. અને એમનો બીજો પ્રશ્ન છે ઈલેકિટ્રફિકેશન અને સાધનો અંગેનો એનો જવાબ હોય તો આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લાના કુલ ૨૯૯ ગામ છે આ ૨૯૯ ગામમાં દરેક ગામની અંદર નાનામાં નાનું ગામ હોય તો એક ટયુબવેલ છે જે મોટા ગામો અથવા પેટા પરા વાળા ગામો છે એમાં ૧ થી ૮ સુધીના ટયુબવેલો છે અને ચાર પીવાના પાણીની નર્મદા આધારિત જૂથ યોજનાઓનું પણ ગાંધીનગર જિલ્લામાં આયોજન કર્યું છે અને એમાંથી કેટલીક ચાલુ થઈ ગઈ છે અને અત્યારે એમાંથી ૫૦૩ ટયુબવેલ, ૨૯૯ ગામ છે એમાં ૫૦૩ ટયુબવેલ ગાંધીનગર જિલ્લાના ગામોમાં છે એક પણ ગામમાં પીવાના પાણીની તકલીફ નથી. મશીનરીની, પંપીંગ મશીનરીની પણ કોઈ ફરિયાદ કે માગણી અમારી પાસે પેન્ડીંગ નથી.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા વિભાગમાં માનનીય નરોતમભાઈ હતા ત્યારે એક નિર્ણય લેવાયો હતો કે પીવાના પાણીના બધા જ કામ ૧૨માં નાણાપંચમાં લેવા. ૧૨માં નાણાપંચની મર્યાદા હોય છે એટલે આજે દહેગામ તાલુકામાં ૧૯ બોર પીવાના પાણીના કરવાના બાકી છે. ધારીસણા દસ હજારની વસતિવાળું ગામ છેલ્લા બે વર્ષથી પાણી વગર તરફડે છે, આ ટેન્કરો બંધ કરવાની વાત કરો છોને ટેન્કરોની વાત કરીએ તો સરપંચ પૈસા ભરે તો ટેન્કર આવે. એટલે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે બોરો ૧૨માં નાણાપંચ કે એમ.એલ.એ. અને એમ.પી. ફંડમાં બન્યા છે એ વીજળીકરણ અને ઈલેકિટ્રક એસેસરીઝ નથી એને

કારણે ચાલુ થઈ શકતા નથી. તો પાણી પુરવઠા વિભાગ એ પૈસાનું આયોજન કરીને આ બોરો ચાલુ કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : જે ટ્યૂબવેલો થઈ ગયા છે એમાં કોઈ નાના કારણસર કોઈ કામ પૂરું નહિ થયું હોય તો એ ચોક્કસ પૂરું કરાવી દઈશું.

**અમરેલી જિલ્લામાં ચેકડેમો બનાવવાના આયોજન અંગે**

***૧૭૯૦ શ્રી મનસુખભાઈ પાં. ભુવા (ધારી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

અમરેલી જિલ્લામાં ખારાપાટ વિસ્તારમાં મીઠા પાણી માટે સરકારનું શું આયોજન છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

ટેકનોઈકોનોમિક ફિઝિબિલિટી અને નાણાકીય ઉપલબ્ધિ અનુસાર આ વિસ્તારમાં જળસંચયના શકય તેટલા વધુ કામો હાથ ધરવાનું આયોજન છે.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા** : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં ખારાપાટ વિસ્તાર માટે મીઠા પાણી માટે સરકારનું કંઈ આયોજન છે કે કેમ? એવી જ રીતનો મારો બીજો પ્રશ્ન અમારો વિસ્તાર ખારોપાટ હોવાના કારણે પીવા માટે મીઠું પાણી પૂરું પાડવા માટે વ્યવસ્થા કરવાનું સરકારનું કંઈ આયોજન છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ:** માનનીય સભ્યશ્રીની લાગણી સાચી છે, અમરેલી જિલ્લામાં અમરેલી, લીલીયા, લાઠી, બગસરા અને સાવરકુંડલા તાલુકાના કુલ ૧૨૭ ગામો એ ખારાપાટ તરીકે ઓળખાય છે. આ વિસ્તારમાં પાણી ઊંચું હોવા છતાં આપણે એને વાપરી શકતા નથી પીવા માટે કે ઘરવપરાશ માટે કારણકે પાણી ખારું છે, આનો ઉપાય એકજ છે કે સરફેસ લેવલના પાણીની ઉપલબ્ધિ નાગરિકો માટે વધારવામાં આવે એના માટે ચેકડેમો તળાવોનું મોટા પ્રમાણમાં આપણે આયોજન કર્યુ છે, સાથે સાથે જે મહી પરિએજ પાણીની લાઈન છે એમાંથી આ વિસ્તારના ગામોને વધુને વધુ આવરી લઈ અને મીઠું પીવાનું પાણી આપવાનું પણ આયોજન છે એમાં ઘણું કામ થઈ ચૂક્યું છે એટલે સરકાર આ પ્રશ્નની ગંભીરતા સમજે જ છે અને આના માટે જરૂરી તમામ રકમ ફાળવવા માટે સરકાર સંમત છે.

**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં મધ્યમ સિંચાઇ યોજના કેટલી અને કયાં કયાં છે એ હું જાણવા માગું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લાના ભૌગોલિક રીતે જે બે ભાગ પડે છે એમાં આ ખારોપાટ અને બાકીના તાલુકાઓમાં બીજી અન્ય સિંચાઇ યોજનાઓ છે એમાં મધ્યમ સિંચાઇ યોજનાઓ છે, નાની સિંચાઇ યોજનાઓ છે અને ચેકડેમની પણ યોજનાઓ, નાના નાના ચેકડેમથી માંડીને મોટા ચેકડેમ, નાના વોંકળાથી માંડીને મોટી નદીઓ સુધી બનાવવાનું આપણું આયોજન છે એના કારણે મીઠા પાણીના તળ ઊંચા આવે અને ખારા પાણીનું દબાણ ઓછું થાય અને અત્યારે ખોડિયાર, ભુજિયાસર, વડીયા, ધાતરવાડી, રાયડી, શેર, ડેડુમલ, સૂરજવાડી, વડી અને ખેડી આ દસ યોજનાઓમાંથી સાત બની ગઈ છે અને ત્રણ યોજનાઓ પ્રગતિ હેઠળ છે.

**શ્રી બાવકુભાઈ ના. ઊંધાડ** : હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અમરેલી જિલ્લાના છ તાલુકા સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદ, લીલીયા, બગસરા અને અમરેલીમાં ખારોપાટ વિસ્તાર આવેલો છે માનનીય મંત્રીશ્રી પાસેથી સ્પેશ્યલ, સ્પેસિફિક જાણવા માગું છું કે, આ છ તાલુકાના ખારાપાટ માટે કોઈ સ્પેશ્યલ પેકેજ આપવા માગો છો કે નહિ અને બીજું પ્રશ્નના જવાબમાં આપ્યું છે કે ટેકનોઈકોનોમિક ફિઝિબિલિટી રિપોર્ટ આવ્યેથી અને નાણાકીય ઉપલબ્ધિ થાય ત્યારે આ કામગીરી હાથ ધરવામાં આવશે તો સ્પેશ્યલ પેકેજ આપવા માગો છો કે નહિ અને આ રિપોર્ટ માટે આપણે અગાઉ કોઈ સરવે કરેલ છે કે નહિ અને સરવે ન કર્યો હોય તો કેટલા સમયમાં સરવે કરી અને આ કામગીરી કરવા માગો છો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ:** મેં અગાઉ જ કહ્યું કે સરકાર આ પ્રશ્નની ગંભીરતા સમજે છે અને દરેક વિસ્તારના નાગરિકોને પીવા માટે મીઠું પાણી ઉપલબ્ધ થાય તે માટે જે ખર્ચ કરવો પડે. આમાં ખર્ચનો પ્રશ્ન નથી આવતો મીઠા પાણીની ઉપલબ્ધિ એ આમાં મોટો પ્રશ્ન આવે છે જ્યારે સારો વરસાદ થાય, સારું ચોમાસું થાય તો આપણે હજારો ચેકડેમ જે બનાવ્યા છે એમાં પાણી ભરાય અને કદાચ પાણી ના ભરાય તો આ પ્રશ્ન ઉપસ્થિત થાય અને મીઠા પાણીની ઉપલબ્ધિ થાય એ માટે અમે તમામ આયોજન કરવા માગીએ છીએ.

**શ્રી કાળુભાઈ વીરાણી** : અમરેલી જિલ્લામાં આ અમારા તાલુકામાં ખારાપાટ વિસ્તારના ગામડા ઘણી મોટી સંખ્યામાં છે ત્યાં પીવાનું પાણી ફ્લૉરાઇડવાળું હોવાથી લોકો પાણી પી શકતા નથી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા એ જાણવા માગું છું કે અમરેલી જિલ્લાના કયા તાલુકાના કેટલા ગામોમાં ખારાપાટ આવે છે અને એમાં પીવાના પાણી માટે અત્યારે શું વ્યવસ્થા છે અને જયાં વ્યવસ્થા ન હોય ત્યાં આવતા દિવસોમાં શું વ્યવસ્થા કરવા માગે છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના ૭૨માંથી ૧૭ ગામો સંપૂર્ણ ખારાપાટમાં આવે છે, ૭ ગામો અંશતઃ ખારાપાટમાં આવે છે. લીલીયા તાલુકાના ૩૭માંથી ૨૭ ગામો સંપૂર્ણ ખારાપાટમાં આવે છે અને ૧૦ અંશતઃ ખારાપાટમાં આવે છે. લાઠી તાલુકાના કુલ ૫૧માંથી ૯ ગામો સંપૂર્ણ

ખારાપાટમાં આવે છે અને ૮ અંશતઃ ખારાપાટમાં આવે છે. બગસરાના ૩૨માંથી ૪ ગામો સંપૂર્ણ ખારાપાટમાં આવે છે અને ધારીના ૮૨માંથી ૧૩ ગામો સંપૂર્ણ ખારાપાટમાં આવે છે. સાવરકુંડલાના ૮૫ ગામોમાંથી ૨૧ ગામો સંપૂર્ણ ખારાપાટમાં આવે છે અને ૧૧ ગામો અંશતઃ ખારાપાટમાં આવે છે. કુલ ૯૧ સંપૂર્ણ અને ૩૬ ગામો અંશતઃમાં આવે છે. આમ કુલ ૧૨૭ ગામો આ ખારાપાટ વિસ્તારમાં આવે છે.

**રાજકોટ જિલ્લાની સિંચાઈ યોજનાને લીફટ ઈરિગેશનમાં કનવર્ટ કરવા અંગે**

***૫૪૩ શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટ જિલ્લાના મોરબી અને ટંકારા તાલુકામાં આવેલ મચ્છુ-૨ અને ડેમી-૧ અને ડેમી-૨ આ ત્રણે સિંચાઈ યોજનાને લીફટ ઈરિગેશનમાં કન્વર્ટ કરવા માગો છો કે કેમ?,

(૨) જો હા, તો એ બાબતે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) જો લીફટ ઈરિગેશન કરવામાં આવે તો સિંચાઈ કમાન્ડ એરીયા વધી શકે છે કે કેમ?

**જળસંપત્તિ મંત્રીશ્રી:**

(૧) અને (૨) કન્વર્ટ કરવા અંગે હાલ કોઈ નિર્ણય લીધેલ નથી.

(૨) હા,જી.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયની એક કલ્પના છે કે હાલમાં જે પિયત છે, એના કરતાં ૫ વર્ષમાં દોઢું પિયત કરવું. તો એના માટે મચ્છુ-૨, ડેમી-૧ અને ડેમી-૨ આ ૩ સિંચાઈ યોજનાને લીફટ ઈરિગેશન કરવામાં આવે, એટલે હાલની કેનાલને ડ્રીપ કરવામાં આવે. એમાં વધારે ખર્ચ પણ આવવાનો નથી. એને કારણે જોડિયા અને માળિયા તાલુકાની કેનાલને લાભ મળે તેમ છે. તો રાજય સરકાર ૮૦-૨૦ ના ધોરણે આ ત્રણેય ડેમને હાલમાં ફલો પદ્ધતિથી છે એને ઉંડી કરીને લીફટ ઈરિગેશન કરીને હાલમાં જે પિયત થાય છે એના કરતાં ડબલ પિયત થઈ શકે તેમ છે અને ખેડૂતોની આવક પણ વધી શકે તેમ છે, તો રાજય સરકાર ૮૦-૨૦ ના ધોરણે આ ડેમોની ત્રણેય કેનાલોનું લીફટ ઈરિગેશન કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ:** માનનીય સભ્યશ્રીનો વિચાર સૈદ્ધાંતિક રીતે ખૂબ અગત્યનો છે અને જેટલો ફલો ઈરિગેશનથી પાણી ખેડૂતોને આપવામાં આવે છે એમાં ખેડૂતો જરૂરિયાત કરતાં વધારે ઉપયોગ કરે છે અને આગળના વિસ્તારને, જરૂરિયાતવાળા વિસ્તારના ખેડૂતોને પાણી મળી શકતું નથી. પાણીનો દુર્વ્યય પણ થાય છે. બીજું ડ્રીપ અને સ્પ્રીન્કલર ઈરિગેશન એ રાજય સરકારે સ્વીકારેલો આગળના ભવિષ્યનો મોટામાં મોટો આયોજિત કાર્યક્રમ છે. પરંતુ આ ત્રણેય સિંચાઈ યોજનાઓ જે છે, એ બની ચૂકી છે. આ ત્રણેય સિંચાઈ યોજનાઓમાં લાઈનીંગ કેનાલો પણ બની ચૂકી છે. એટલે રાજય સરકારે વહીવટી નિર્ણય લેવાનો થાય કે અગાઉ લાઈનીંગવાળા કામો થયા છે, ખર્ચ થઈ ચૂકયા છે, એને તોડીને, ઉપરના જમીન લેવલથી કાપીને ડ્રીપ ઈરીગેશનમાં લઈ જઈએ તો ખેડૂતોને પણ ચાલુ યોજનામાં સ્વાભાવિક છે કે વિરોધ આવે, કેમ કે અત્યારે ખેડૂતોને સીધું પાણી મળે છે અને જો આ ફેરફાર કરીએ તો પંપ મૂકીને કે ઈલેકટ્રીક મોટર મૂકીને પાણી લીફટ કરવું પડે. પણ, નવી યોજનાઓ જે બને છે તેમાં સિંચાઈ વિભાગે નિર્ણય કરી જ લીધો છે કે હવે રાજયમાં કોઈપણ યોજના બને, એ તમામમાં લીફટ ઈરીગેશન આધારિત જ બનાવવી, ફલો ઈરીગેશનથી નહીં. જેથી કરીને વધુ ને વધુ ખેડૂતોને અને વધારે ને વધારે જમીનને સિંચાઈનો લાભ આપી શકાય.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : મચ્છુ-૨ ની વાત કરી, એમાં મોરબી માળિયાને વર્ષો પહેલા પાણી અપાતું અને કમાન્ડ એરિયા પણ હતો. અત્યારે જોડિયાને પણ આપીએ છીએ, જામનગરને પણ એમાંથી આપીએ છીએ અને રાજકોટને પણ એમાંથી પાણી આપીએ છીએ. એટલે ખેડૂતોને જે પાણી મળવું જોઈએ એ મળતું નથી. તો સ્પેશ્યલ કેસમાં મચ્છુ-૨ ને ડ્રીપ ઈરીગેશન કરવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ:** મેં કહ્યું તેમ મચ્છુ-૨ પણ અગાઉ બની ચૂકયો છે અને તમામ કેનાલોનું કામ પણ થઈ ચૂકયું છે. આ નિર્ણય લઈએ તો આખા રાજયની તમામ સિંચાઈ યોજનાઓમાં પણ આ સિદ્ધાંત લાગુ કરી શકાય, પણ એની પાછળનો ખર્ચ અને અત્યાર સુધી કરેલ ખર્ચ નકામો જાય. આ બાબતે ગંભીર વિચારણા કરવાની રહે છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે લાઈનિંગની કેનાલની વાત કરી. તો ખરા અર્થમાં મચ્છુ-૨ માં વર્ષો પહેલાં લાઈનિંગ કામ થયેલ છે અને ડેમી-૧ અને ડેમી-૨ માં લાઈનિંગ નથી અને એ લાઈનિંગ કેનાલ માટે ગયા વર્ષે અધિકારીઓ ગાંધીનગરથી મચ્છુ-૨ ડેમ ઉપર આવ્યા હતા મારી સાથે અને ખરા અર્થમાં તો વર્ષો પહેલાં એનું લાઈનિંગ થયું હતું એ તૂટી ગયું છે. તો રાજય સરકારને પણ ડ્રીપ ઈરિગેશન કરવા માટે ખર્ચ આવે તેમ છે. ડ્રીપ ઈરિગેશન કરવાનું એમાં માટી કામ છે તો વર્ષો પહેલાં જે લાઈનિંગ કામ થયું હતું એ તૂટી ગયું છે એટલે રાજય સરકારને ભવિષ્યમાં આ કેનાલમાં રિપેરિંગ માટે ખર્ચ કરવો પડે તેમ છે. તો એ ખર્ચ ના કરવાને બદલે આ લિફટ ઈરિગેશન કરવામાં આવે તો એનાથી પિયત ડબલ થઈ શકે તેમ છે અને જે આ વિસ્તારનો કમાન્ડ વિસ્તાર છે એની જમીન એવી છે કે વધુ પાણી આવવાને કારણે એ જમીન ખરાબ થઈ જાય છે. જો ફલો બંધ કરીને લિફટ કરે તો ખેડૂતોને મોટર અને મશીન રાખવાં પડે અને એના કારણે પાણીનો બગાડ થાય નહીં

અને જમીન પણ બગડે નહીં. તો એના માટે રાજય સરકારે ખાસ કિસ્સામાં વિચારવા જેવી આ યોજના છે. તો એનો હકારાત્મક સ્વીકાર કરે એવી મારી માગણી છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓની લાગણી ધ્યાનમાં રાખીને ફરીથી એનો આર્થિક સરવે કરાવીને કે આ કાઢી નાંખવાથી કેટલો વધારે ખર્ચ થાય તેમ છે અને ખેડૂતોની સંમતિ માનનીય સભ્યશ્રીઓ સાથે રહીને અપાવશે તો આના માટે વિચારીશું.

**જવાહરલાલ નહેરૂ અર્બન રિન્યુઅલ મીશન હેઠળ મંજૂરી બાબત**

*** ૧૬૪૫ શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) જવાહરલાલ નહેરૂ અર્બન રિન્યુઅલ મીશન હેઠળ રાજય કક્ષાએ કેટલા કરોડની મંજૂરી તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ છે,

(૨) આ મીશન હેઠળ મળેલ રકમ રાજય સરકારે કયા કયા પ્રોજેકટ હેટળ કેટલી રકમ ફાળવી, અને

(૩) હાલ આ પ્રોજેકટની પ્રગતિ કયા તબકકે છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી:**

(૧) જવાહરલાલ નહેરૂ અર્બન રિન્યુઅલ મીશન હેઠળ રાજય સરકાર દ્વારા કોઈ મંજૂરી આપવામાં આવતી નથી, પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા રૂા. ૪૨૬૮.૯૮/- કરોડના અંદાજીત કિંમતના પ્રોજેકટોને તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં મંજૂરી આપવામાં આવેલ છે. જે પૈકી કેન્દ્ર સરકારનો ફાળો રૂા. ૨૦૬૮.૨૯/- કરોડ, રાજય સરકારનો ફાળો રૂા. ૭૨૧.૫૩/- કરોડ અને સ્થાનિક સંસ્થા/લાભાર્થી ફાળો રૂા. ૧૪૭૯.૧૬/- કરોડ છે.

(૨) આ મીશન હેઠળ રાજય સરકારે નીચેના પ્રોજેકટ હેઠળ નીચે મુજબ રકમ ફાળવેલ છે:

| કાર્યક્રમનું નામ | ફાળવેલ રકમ રૂા. |
|---|---|
| -શહેરોમાં માળખાકીય સુવિધા અને ગવર્નન્સ | ૫૫૬.૮૮ |
| -શહેરી ગરીબો માટે પાયાની સુવિધા | ૧૩૨.૧૯ |
| -નાના અને મધ્યમ કદના શહેરોના વિકાસ માટે | ૧૭૦.૩૧ |
| -આઈ.એચ.એસ.ડી.પી. કાર્યક્રમ અંતર્ગત | ૪૭.૭૫ |
| સરવાળો...... | ૯૦૭.૧૩ |

ઉકત રૂા. ૯૦૭.૧૩ /- કરોડમાં કેન્દ્ર સરકારના ફાળાના રૂા. ૫૫૧.૧૦/- કરોડ અને રાજય સરકારના ફાળાના રૂા. ૩૯૨.૦૩/- કરોડનો સમાવેશ થાય છે.

(૩) આ મિશન હેઠળ મંજૂર થયેલ વિવિધ પ્રોજેકટસનું કામ જુદા જુદા તબકકામાં પ્રગતિમાં છે.

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, જવાહરલાલ નહેરૂ અર્બન રિન્યુઅલ મીશનમાં કેન્દ્ર સરકાર, રાજય સરકાર, કોઈ સંસ્થા કે લાભાર્થીની રકમ ફાળા રૂપે હોય છે. અહીંયાં માનનીય મંત્રીશ્રીએ જવાબમાં ચાર પ્રોજેકટો બતાવ્યા છે અને એ દરેક પ્રોજેકટ પાછળ કેટલી રકમ ફાળવી છે એ પણ બતાવ્યું છે. મારે જાણવું છે કે આ ફાળવેલ રકમમાંથી આજ દિવસ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારની આ જે યોજનાઓ છે એ મોટા શહેરોથી માંડીને નગરપાલિકા કક્ષાના શહેરો સુધીની આંતરમાળખાકીય સુવિધાઓ, ગરીબો માટેના આવાસોની સુવિધા, પર્યાવરણલક્ષી સુવિધાઓ, ડ્રેનેજનાં કામો વગેરે માટે આપવામાં આવે છે. એમાં ગુજરાતનાં જે શહેરો છે એમાં અમદાવાદ ૪૦ લાખ ઉપરની વસતિ ધરાવતું શહેર હોવાથી એમાં આ યોજનાનો લાભ લીધો છે. મને જણાવતાં આનંદ થાય છે કે આખા ભારતમાં અન્ય રાજયો કરતાં ગુજરાત રાજય આ કામગીરીમાં આગળ છે, આપણાં કોરપોરેશનો અને નગરપાલિકાઓ પણ એમનો જે લોકફાળો આપવાનો હોય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** માનનીય મંત્રીશ્રી આપ ખર્ચની વિગત આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, એના ખર્ચની વિગતો આપું તો અત્યાર સુધીમાં કુલ ૯૦૭ કરોડ રૂપિયાના આ પ્રોજેકટોમાં જે ખર્ચ થયો છે એ લગભગ ૩૫૦ કરોડ રૂપિયા જેટલો છે. (અંતરાય) હું સ્પષ્ટતા કરું કે આ સતત ઓન ગોઈંગ કાર્યક્રમ છે અને એમાં ઓવર બ્રિજ, ગટરો, શહેરી ગરીબો માટેનાં નિવાસ સ્થાનો એ બધાં જ કામો સતત ચાલતાં હોય છે. (અંતરાય) ગઈકાલે ખર્ચનો આંકડો આપ્યો હોય એમાં આજે સીધો ૫૦ કરોડ રૂપિયાનો વધારો થાય છે. એમાં સુધારો થઈ જાય છે. એટલે આ એક ઓન ગોઈંગ પ્રોસેસ છે અને કામો ચાલુ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ મિશન હેઠળ અમદાવાદ શહેરમાં હાલ કયા કયા પ્રોજેકટ અને કેટલી કિંમતના ચાલે છે? બીજો પ્રશ્ન એ છે કે આમાં ગાંધીનગર શહેરનો સમાવેશ કરવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ કોઈ રજૂઆત કરી છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : આ યોજના હેઠળ આપણે ગુજરાતના અમદાવાદ શહેર કે જે ખૂબ ઝડપથી કામ કરીને પ્રગતિ કરી રહયું છે એ અમદાવાદ શહેર માટે પ્રશ્નની તારીખની સ્થિતિએ ૨૦ યોજનાઓ મંજૂર થઈ છે અને આ ૨૦ યોજનાઓમાં પીવાના પાણી માટેનો નર્મદાની મુખ્ય કેનાલથી કોતરપુરની પાઈપ લાઈનનો સમાવેશ કર્યો છે, વાસણા સ્યુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનો સમાવેશ કર્યો છે, બી.આર.ટી.એસ. પ્રોજેકટનો સમાવેશ કર્યો છે, રેલવે પુલ બનાવવાના છે એનો સમાવેશ કર્યો છે અને અન્ય પણ ઔડા વિસ્તારના રેલવેના પુલો વગેરેનો પણ એમાં સમાવેશ થાય છે. બીજો માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો કે ગાંધીનગર શહેરનો સમાવેશ થાય છે કે કેમ, તો મારે દુ:ખ સાથે જણાવવું પડે છે કે ભારત સરકારે આ યોજના જયારે અમલમાં મૂકી ત્યારે નીતિ વિષયક નિર્ણય કર્યો હતો કે ૪૦ લાખ ઉપરથી વધુ વસતિના શહેરો નહીં લેવા, દસ લાખથી વધુ વસતિના શહેરોનો સમાવેશ કરવો, અને નગરપાલિકાઓનો સમાવેશ કરવો, અને જે તે રાજયના પાટનગરનો પણ આ યોજનાના લાભાન્વીત શહેર તરીકે સમાવેશ કરવો, ગુજરાત સરકારની રજૂઆત હોવા છતાં દિલ્હીની કેન્દ્ર સરકારે ગાંધીનગર શહેરને આ યોજનાના લાભાર્થી શહેર તરીકે લીધું નથી એટલે આપણે તેનો લાભ ગાંધીનગરની પ્રજાને આપી શકતા નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આપણા જે પ્રોજેકટ મંજૂર થાય છે તે પ્રોજેકટ મોટા ભાગે મોટા ઈન્ફ્રા સ્ટ્રકચરના આપણે મૂકીએ છીએ અને તે મંજૂર થાય છે પરંતુ જે આ યોજના હેઠળના સ્લમ ઈન્ટીગ્રેશન અને પોવર્ટી એલીવીએશનના પ્રોજેકટ છે તે એમની ગાઈડલાઈન્સ પ્રમાણે પૂરતી સંખ્યામાં તૈયાર થતા નથી અને તેને કારણે જે ગરીબ વિસ્તારો છે તેને લાભ મળતો નથી તો આ માટે કોઈ ખાસ કન્સલ્ટન્સી રોકી અને આવા પ્રોજેકટ વધુ બને તે માટેનો પ્રયાસ કરવા માગે છે કે કેમ? બીજો પ્રશ્ન, આ યોજના હેઠળની શરત એ હોય છે કે જે શહેર હોય ત્યાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ અમલમાં હોવી જોઈએ, ગાંધીનગર શહેર તેના માટે એન્ટાઈટલ થાય એટલા માટે ગાંધીનગર શહેરમાં તમે સ્થાનિક સ્વરાજયની સંસ્થા તરીકે કોરપોરેશન કે મ્યુનિસિપાલીટી આપવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો માનનીય સભ્યશ્રીએ જે વાત મૂકી અહીંયા કે શહેરી ગરીબો માટે આમાં આયોજન કરતા નથી. પણ માનનીય અધ્યક્ષશ્રી, એ હકીકત સાચી નથી, જે ઈન્ફ્રાસ્ટ્રકચર માટેની રકમની જોગવાઈ કરી છે તેની સાથે સાથે શહેરી ગરીબો માટે માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૮૪,૧૦૪ મકાનો બનાવવાનું આમાં આયોજન થઈ ચૂકયું છે. એના માટે કુલ જે રકમની ફાળવણી કરી છે તે ૧૨૦ કરોડ રૂપિયા અહીંયાથી મંજૂર કરવાના છે. કેન્દ્ર સરકારનો ફાળો પણ એમાં છે. કુલ ૧૨૦૭ કરોડની રકમ મુકી છે તેમાંથી ૫૮૧ કરોડ કેન્દ્ર સરકારના છે, ૨૩૨ કરોડ રાજય સરકારના છે અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓનો પણ એમાં ફાળો છે. એટલે કુલ ૮૪ હજાર ગરીબોને આ શહેરી વિસ્તારમાં ગંદા વસવાટમાંથી સારા, સ્વચ્છ અને સગવડવાળા વસવાટોમાં અને અનેક સુવિધાઓ ધરાવતા વસવાટમાં રહેવા જવાનો આ યોજના પૂર્ણ થયેથી લાભ મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર શહેર એ ગુજરાતનું પાટનગર છે, આપણે કેન્દ્ર સરકારને આગ્રહ કર્યો છે કે ગાંધીનગર શહેરને આ યોજનાનો લાભ કોઈ પણ શરત વગર આપવામાં આવે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈ તો વિપક્ષના નેતા રહેલા છે, આ ગૃહને માહિતી સાચી રહે એટલા માટે મારે ચોખવટ કરવી છે. ભારત સરકારનો આવો કોઈ નિયમ નથી, નિર્ણય નથી, માની લો કે આવો જો નિર્ણય હોય તો જયાં ગવર્નર રૂલ્સ હોય ત્યાં તો એક રૂપિયો પણ નહીં જાય, આવો કોઈ નિયમ જ નથી એટલે મહેરબાની કરીને ગુજરાતની જનતાને આપણે સાચી માહિતી આપીએ, એમણે આખા દેશના રાજયના પાટનગરોને એમાં સામેલ કર્યા છે, એક માત્ર ગુજરાતને નથી સામેલ કર્યુ, ગાંધીનગરને બાકાત રાખ્યું છે. અને બીજી માહિતી, રાજયે બીજી બે વિનંતી કરી છે કે પોરબંદર મહાત્મા ગાંધીનું જન્મ સ્થાન છે તેનું રાષ્ટ્રીય મૂલ્ય છે, આ યોજનાની અંદર પોરબંદરને એ કેડર આપીને સમાવેશ કરવો જોઈએ, બીજી વાત કરી છે સરદાર પટેલ, જેમનું આ દેશ માટે બહુ મોટું યોગદાન છે તેને ધ્યાને રાખીને કરમસદને મહાત્મ્ય આપવું જોઈએ, આ બન્ને વાતનો પણ કેન્દ્ર સરકારે કમનસીબે સ્વીકાર નથી કર્યો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે પ્રશ્ન પૂછવો છે..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નનો જવાબ આવી ગયો છે. નેકસ્ટ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું પણ ગૃહના રેકર્ડ ઉપર આપના મારફત એ મૂકવા માગું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ ત્રણ શહેરો માટે પત્ર લખ્યો છે એ વાત સાચી છે. એના પછી અમે માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રીને પણ મળવા ગયા હતા એમણે રૅકૉર્ડ ઉપર વાત કરી છે કે અમારી આ શરત છે.

**અધ્યક્ષશ્રી** : આ રેકર્ડ ઉપર મૂકવાની પદ્ધતિ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું ફરી પ્રશ્ન પૂછવા માગું છું કે ગાંધીનગર શહેરને તમે કોરપોરેશનનો દરજ્જો આપવા માગો છો કે કેમ એના વગર આ જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ લાભ મળી શકે તેમ નથી. એની કેટલીક શરતો છે એ પૈકીની આ એક શરત છે. અમદાવાદ માટે એમણે શરતો મૂકી છે. એટલે એમણે જે શરતો મૂકી છે એનું પરિપાલન કરીને આ યોજનાનો લાભ મેળવવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**વડોદરા મહાનગરપાલિકામાં કલીન્સીંગ પ્રોજૅકટ**

***૧૭૯૯ શ્રી જીતેન્દ્ર સુખડીયા (સયાજીગંજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વડોદરા મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલ વિશ્વામિત્રી નદી કલીન્સીંગ પ્રોજૅકટ જે નેશનલ રીવર કન્ઝર્વેશન પ્રોજૅકટ (એન.આર.સી.પી.) સહયોગથી કરવાનો છે,

(૨) તે યોજનાની હાલની પરિસ્થિતિ શું છે,

(૩) સદર પ્રોજૅકટ ક્યારે પૂર્ણ કરાશે,

(૪) તથા શહેરીજનોને એના દ્વારા કયા કયા વિવિધ લાભો-સગવડો મળશે, અને

(૫) સદર નદી કિનારે આવેલ ઝૂંપડપટ્ટી વિના ગરીબોના પુનઃવસન માટે શું આયોજન કરાવ્યું છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી:**

(૧) અને (૨) વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિશ્વામિત્રી નદી કલીન્સીંગ પ્રોજૅકટ નેશનલ રીવર કન્ઝર્વેશન પ્રોજૅકટના સહયોગથી કરવાનો હતો. પરંતુ એન.આર.સી.પી. પોગ્રામ હેઠળ પૂરતી બજૅટ જોગવાઈ ન હોવાને કારણે કેન્દ્ર સરકારના પર્યાવરણ અને વન મંત્રાલયે આ યોજનાને નામંજૂર કરેલ.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : હું માનનીય મંત્રીશ્રી દ્વારા એ જાણવા માગું છું કે આ પ્રોજૅકટ બજૅટમાં જોગવાઈ ન હોવાને કારણે કેન્દ્ર સરકારે રિજેકટ કરેલ છે. પરંતુ ત્યારપછી કોઈ પ્રયત્નો આપણે કર્યા છે કે કેમ? જો ન કર્યા હોય તો હવે આપણે એ કરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આ વિગતો થોડી જૂની છે. જ્યારે વડોદરા શહેરમાંથી વિશ્વામિત્રી નદી પસાર થાય છે ત્યારે આ નદીમાં ડ્રેનેજનું ગંદુ પાણી તથા અન્ય રીતનો બીજો કચરો ઠલવાતો હતો. જે તે વખતે એ વખતના ભારત સરકારના એન.આર.સી.પી. પોગ્રામ હેઠળની બજૅટ જોગવાઈ હતી કે જે શહેરમાંથી આવી નદીઓ પસાર થતી હોય એવી નદીઓની સફાઈ, એમાં ગંદુ પાણી કે અન્ય રીતે ગંદકી આવતી હોય તો એ નદીઓને સૂરક્ષિત બનાવવા માટે ભારત સરકારનો કાર્યક્રમ હતો. પરંતુ ગુજરાતમાંથી દરખાસ્ત બનાવીને મોકલવામાં આવી અને ભારત સરકારે ૨૦૦૨માં એમ કહીને દરખાસ્ત પરત મોકલી કે અમારે ત્યાં આ બાબતનું વધારાનું કોઈ બજૅટ આજે નથી. એટલે એ દરખાસ્ત પાછી આવી. ત્યારપછી અગત્યની જરૂરિયાતવાળું કામ હતું એટલે વડોદરા મ્યુનિસિપલ કોરપોરેશને પોતાના સ્વભંડોળમાંથી ૧૦ કરોડ ૯૮ લાખ રૂપિયાનો ખર્ચ કરીને કામ જે તે વખતે ચાલુ કર્યુ હતું એ દરમિયાન ભારત સરકારની નવી જે.એન.આર.વાય. યોજના આવી જેમાં રાજય સરકારનો પણ ફાળો છે. જેમાં વડોદરા મ્યુનિસિપલ કોરપોરેશનનો પણ ફાળો છે. આ ફાળાવાળી યોજનામાં આ નદીને સાફ કરીને સ્વચ્છ બનાવવી અને સુશોભિત બનાવવી. એના તમામ પ્રોજૅકટો માટે વડોદરા મ્યુનિસિપલ કોરપોરેશને ૮૧.૫૪ કરોડ રૂપિયાની યોજનાનો સમાવેશ કર્યો છે. આ યોજના મંજૂર પણ થઈ ગઈ છે અને એમાં ઘણું કામ ચાલુ થયું છે. એટલે મૂળ જે પ્રશ્ન હતો એનું નિરાકરણ થયું છે.

**શ્રી યોગેશ પટેલ** : વડોદરા શહેરની ઉપરવાસમાં થઈને વડોદરા શહેરમાં થઈને આ વિશ્વામિત્રી નદી પસાર થાય છે. જ્યારે ઉપરવાસમાં ખૂબ જ વરસાદ પડે છે ત્યારે આ નદીમાં પૂર આવવાથી શહેરના નાગરિકોને ઘણું નુકસાન થાય છે. તેથી આ નદી પહોળી કરવા માગો છો કે કેમ?

બીજું મંત્રીશ્રીએ કહ્યું કે ગટર લાઈનો જોડાયેલી છે એ વાત સાચી છે. આ આખી નદી મારા વિસ્તારને અડીને આવેલી છે એના લીધે અનેક રોગો થાય છે. મેલેરિયા થાય છે. મચ્છરોનો ત્રાસ આ નદીને લીધે વધે છે. તેથી નર્મદાનું પાણી આ નદીમાં નાખીને જેવી રીતે સરસ્વતીમાં આપણે કર્યુ એવી રીતનું અહીંયા કરવા માગો છો કે કેમ? કારણ કે આ નદીને લોકો ગટરગંગા તરીકે અમારા શહેરમાં ઓળખે છે.

**અધ્યક્ષશ્રી** : યોગેશભાઈ, પ્રશ્ન ઉપર આવો, વિવરણના બદલે.

**શ્રી યોગેશ પટેલ** : નર્મદા નદીનું પાણી નાખીને સતત વહેતું પાણી કરવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા બાબતે જે તેમની રજૂઆત છે, એક સૂચન છે અને નદી પહોળી કરવી એ જે તે સ્થળ-સ્થિતિ પ્રમાણે અભ્યાસ કર્યા પછી જ નિર્ણય લઈ શકાય, કારણ કે આ નદીની આજુબાજુ શહેરના બજારો, રહેણાંક વિસ્તાર અને રસ્તાઓ વગેરે વસેલું છે, એટલે નદી પહોળી કરવી હોય તો સ્વાભાવિક છે કે જમીન સંપાદન કરવી પડે, આ બધી બાબતો સૂચનોવાળી છે. તપાસી લઈશું. બીજું, તેમણે જે પ્રશ્ન કર્યો કે અત્યારે ગંદકી અને રોગચાળાનો પ્રશ્ન છે. કૉર્પોરેશને જે યોજના હાથ ઉપર લીધી છે એટલે આ ગંદકીનું નિરાકરણ થઈ જ જવાનું છે અને બિમારીનો પ્રશ્ન રહેવાનો નથી.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : આ પ્રોજેક્ટ જે.એન.યુ.આર.એમ. યોજના હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે. માનનીય મંત્રીશ્રીના કહેવા પ્રમાણે કામગીરી પણ શરૂ થઈ છે. મારે જાણવું છે કે આ પ્રોજેક્ટ કેટલા સમયમાં પૂરો થશે, કારણ કે વડોદરા શહેરના નાગરિકોને તેની ઘણી ચિંતા છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આ સતત ચાલતો કામગીરીનો પ્રોજેક્ટ છે. તેમાં ઓકસીલરી પંપીંગ સ્ટેશન છે, ગ્રેવીટી લાઈન્સ છે, પ્રૅશર લાઈન્સ છે અને સુએજ ટ્રિટમૅન્ટ પ્લાન્ટ છે. કુલ ૮૧ કરોડના પ્રોજેક્ટ છે. બને તેટલું ઝડપથી આ કામ પૂર્ણ થાય તે માટે કૉર્પોરેશનને સૂચના આપીશું.

**શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ** : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વામિત્રીના કિનારા ઉપર વર્ષોથી ઝૂંપડપટ્ટી વસેલી છે. જ્યારે ચોમાસુ આવે છે ત્યારે તેમને સ્થળાંતર કરવું પડે છે અને સરકારે તેને ઘરવખરી અને બધું આપવું પડે છે. તો જે ઝૂંપડપટ્ટી છે તેને કોઈ જગ્યાએ રાજય સરકારની યોજના કે કેન્દ્ર સરકારની યોજનામાં નવેસરથી વસવાટ કરાવવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : વડોદરામાં શહેરી ગરીબો માટેના આવાસની યોજના અમલમાં મૂકાયેલી છે. તેમાં લાભાર્થી તરીકે જે નોર્મ્સ પ્રમાણે સિલૅક્ટ થઈ શકતાં હશે તેમને ચોક્કસ તેમાં વસાવવા માટે નિયમો પ્રમાણે જોગવાઈ કરીશું.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : વિશ્વામિત્રી નદી ઉપર અત્યારે જે રીતે કામગીરી ચાલી રહી છે. તેની સાથે સાથે જેમ અમદાવાદમાં સાબરમતી નદી ઉપર રીવરફ્રન્ટ બનાવ્યો એવી આ આખા શહેરની વચ્ચેથી નદી જાય છે. ખૂબ સુંદર છે. તેની ઉપર રીવરફ્રન્ટ બનાવવા માટેનું કોઈ આયોજન સરકારે વિચાર્યું છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સાબરમતી રીવરફ્રન્ટ એ નદી કાંઠાની બાજુમાં ખૂબ મોટા પ્રમાણમાં ખુલ્લી રહેતી જગ્યાવાળી મોટી નદી છે. વિશ્વામિત્રી એ ખૂબ સાંકડી નદી છે અને અમદાવાદમાં પણ જે પ્રોજૅક્ટ થયો એ સાબરમતી રીવર ફ્રન્ટ પ્રોજૅક્ટ કૉર્પોરેશને પોતાના બજૅટમાંથી રાજય સરકારની મદદથી કર્યો છે. તેમાં વડોદરામાં જે કંઈ થઈ શકતું હશે અને કૉર્પોરેશન દરખાસ્ત મોકલશે તો રાજય સરકાર હકારાત્મક રીતે તે અંગે વિચારશે.

**આણંદ જિલ્લામાં સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મરામત**

***૧૧૫૨ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મરામત કામગીરીની કેટલી દરખાસ્તો પડતરમાં છે અને
૨. આવી દરખાસ્તોને સત્વરે મંજૂરી આપવા સરકારે શી કાર્યવાહી કરી?

**આરોગ્ય મંત્રીશ્રી** :

૧. એક પણ નથી.
૨. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી નિરંજન પટેલ** : મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે એક પણ દરખાસ્ત સરકારને મળી નથી તો મારે આપના માધ્યમથી પૂછવું છે કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને જે જિલ્લાના કેન્દ્રો છે તેમાં છેવાડાના માનવી અને ગરીબ વર્ગ બહુ જ લાભ લે છે. એવા સંજોગોમાં આ એક પણ દરખાસ્ત મળી નથી તેનો અર્થ એ કે બધું સમુ-સુતરૂં સારું છે. બધી મિલકતો..

**અધ્યક્ષશ્રી** : શ્રી નિરંજનભાઈ સમયની મર્યાદા છે. આપ પ્રશ્ન ઉપર આવો.

**શ્રી નિરંજન પટેલ** : પ્રશ્ન ઉપર આવું છું. બહુ ખરાબ પરિસ્થિતિ છે આરોગ્ય કેન્દ્રોની તેની ચર્ચા કરું છું. તેમાં ચૂનો અને બધું પડે છે. તો આ જે દરખાસ્ત નથી ગઈ તો દરખાસ્ત દર્દીએ કરવાની, અધિકારીએ કરવાની, ધારાસભ્યશ્રીઓએ કરવાની, કોણે કરવાની? કારણ કે એકેય દરખાસ્ત મળી નથી અને તંત્રમાં બધું બરાબર નથી.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી તો આ ગૃહના એક સિનિયર સભ્ય છે. ભાષામાં ક્યાંક અર્થમાં ક્યાંક, અર્થઘટનમાં કંઈક ફરક પડતો હોય એવું લાગે છે. પ્રશ્ન છે દરખાસ્તો પડતર કેટલી છે? હું તો એમ માનતો હતો કે સરકાર પાસે એક પણ દરખાસ્ત પડતર નથી એટલે માનનીય સભ્યશ્રી અમને અભિનંદન આપશે કે બધી દરખાસ્તો અમે મંજૂર કરીને કામ શરૂ કરાવ્યા છે. માટે પડતર નથી, દરખાસ્ત પડતર નથી એનો અર્થ એ નથી કે કામ થતું નથી અને એટલા માટે કામગીરી પ્રગતિમાં છે અને માનનીય સભ્યશ્રીને આપના થકી કહેવા માગું છું કે, કયાંય પણ કોઈ મહત્ત્વનું મરામતનું કામ આણંદ વિસ્તારમાં બાકી હોય અને માનનીય સભ્યશ્રી અમારા ધ્યાન ઉપર લાવશે તો એને પૂરી ગંભીરતાથી લઈશું. એવી કોઈપણ દરખાસ્ત હશે તો આપ મોકલાવશો તો એના ઉપર પૂરતી ગંભીરતાથી કામગીરી કરાવાશે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ખંભાતનું સી.એચ.સી. સૅન્ટર જૂનું થઈ ગયું હોવાથી બંધ પડેલ ઈ.એસ.આઈ. હૉસ્પિટલમાં ટ્રાન્સફર કરવાની વાત હતી એ કોઈ કારણસર ઈ.એસ.આઈ. હૉસ્પિટલમાં આ ટ્રાન્સફર થઈ શકેલ નથી. તો ખંભાતના હયાત સી.એચ.સી. સૅન્ટરને અપગ્રેડ કરીને અને મરામત કરાવીને એ કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ**: માનનીય અધ્યક્ષશ્રી, વિવિધ યોજનાઓના અપગ્રેડેશન માટેની એન.આર.એચ.એમ. તેમજ અન્ય કાર્યક્રમો હેઠળની વિચારણા થશે ત્યારે એની પણ વિચારણા કરવામાં આવશે અને ત્યારે માનનીય સભ્યશ્રીના સૂચનને ચોક્કસ ગંભીરતાથી લઈને એના માટે કાર્યવાહી કરવામાં આવશે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં કાર્યરત સી.એચ.સી. કેન્દ્રો પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન મરામત પૂરતો મર્યાદિત છે. એટલે અલગ નોટિસ જોઈશે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી જાણ મુજબ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કેટલીય જગ્યાએ બારી- બારણાં તૂટી ગયાં છે, એના કાચ તૂટી ગયા છે, ઘણી જગ્યાએ બારણાં પણ નથી અને ઉપરથી પ્લાસ્ટરના પોપડા પડે છે તો એવી સ્થિતિમાં મરામત કરવા માગો છો કે કેમ? અને જો આ સાચું હોય હાલ આ કામ હાથ પર લેવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ બાબત હશે તો એની વ્યવસ્થા કરીશું. જિલ્લા કક્ષાએ આરોગ્ય સમિતિઓ અને આરોગ્ય રોગી કલ્યાણ સમિતિ થકી આ માઈનોર રીપેરીંગ થાય છે. એમાં બારીના કાચ તૂટી ગયા હોય, ક્યાંક ચકલી તૂટી હોય, ક્યાંક બલ્બ રિપ્લેશ કરાવવાના હોય. એ માટેની અલગ ગ્રાન્ટ સ્થાનિક કક્ષાએ વ્યવસ્થા થઈ જાય એ માટેની ફાળવણી છે અને માનનીય સભ્યશ્રીને જણાવતાં આનંદ થાય છે કે, ૨૦૦૫-૨૦૦૬થી માંડીને આજ સુધી સતત આ ખર્ચ પડી રહ્યો છે. ૨૦૦૫માં રૂ.૧૧,૦૦,૦૦૦/-નો ખર્ચ આ પેટે થયો છે. ૨૦૦૫-૨૦૦૬માં રૂ.૨૫.૫૫ લાખનો ખર્ચ થયો છે. ૨૦૦૬-૨૦૦૭માં રૂ.૩૩,૦૦,૦૦૦/- લાખનો ખર્ચ થયો છે. અને આમ છતાં પણ માનનીય સભ્યશ્રી નિરંજનભાઈની હાજરીમાં ગઈકાલે મેં આણંદ જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારીને સૂચના આપી છે. આ સદર બાબતે માનનીય ધારાસભ્યશ્રીઓને સાથે રાખીને એક બેઠકનું વહેલી તકે આયોજન કરવું. આ પ્રકારની જે કોઈ નાની મોટી તકલીફો હોય, મરામતનું કામ હોય તો એનો ઉકેલ કરવો અને કોઈપણ નાની મોટી તકલીફો હશે તો તે નાણાંના અભાવે નહીં રોકાય. તે આપના થકી માનનીય સભ્યશ્રીઓને હૈયાધારણ આપવા માગું છું.

### સાવરકુંડલા શહેરમાં બી.પી.એલ.કુટુંબોને મકાનો બાબત

***૧૬૦૯ શ્રી કાળુભાઈ વીરાણી(કુંડલા) :માનનીય શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સાવરકુંડલા શહેરમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને સરકાર તરફથી આશરે ૩૫૦ પ્લૉટ મકાન વિહોણા લોકોને આપવામાં આવેલ છે. પરંતુ તેના ઉપર આઈ.એચ.એસ.ડી.પી. યોજનાની દરખાસ્ત ઘણા સમય પહેલાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગમાં મોકલેલ છે તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો આ મકાનોની યોજનાનો લાભ ગરીબી રેખા નીચે જીવાતા લોકોને ક્યારે મળશે, અને

(૩) સરકાર આ ગરીબ લોકોને મકાનો આપવાની કામગીરી ક્યારે કરવા માગે છે?

**શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી** :

(૧) હા જી, આ દરખાસ્ત ગુજરાત શહેરી વિકાસ મિશનમાં તા.૨૨-૧-૨૦૦૭ના રોજ મળેલ છે.

(૨) અને (૩)

આ દરખાસ્ત સંદર્ભે Detailed Project Report તૈયાર કરવામાં આવી રહેલ છે. આ રિપૉર્ટ પૂરો થયા બાદ રાજય કક્ષાની સમિતિની સૈદ્ધાંતિક મંજૂરી મેળવવામાં આવશે, ત્યારબાદ આ દરખાસ્ત ભારત સરકારની મંજૂરી માટે મોકલવામાં આવશે, ભારત સરકારની મંજૂરી મળ્યા બાદ કામગીરી કરવામાં આવશે.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નમાં સાવરકુંડલા શહેરમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને સરકાર અને નગરપાલિકા તરફથી ૩૫૦થી વધારે પ્લૉટ દસ રૂપિયાના ભાવમાં ફાળવ્યા છે. તે બદલ મહેસૂલ વિભાગ અને નગરપાલિકાને અભિનંદન આપું છું. હવે આ પ્લૉટ ઉપર આઈ.એચ.એસ.ડી.પી. યોજનાની દરખાસ્ત નગરપાલિકાએ કરી છે. આ ગરીબોના મકાનો બંધાય તે માટે આ યોજના વહેલામાં વહેલી તકે મંજૂર થાય અને મકાનોનું બાંધકામ મંજૂર થાય એવી મારી માગણી છે અને રજૂઆત છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની ગરીબો માટેની લાગણી આ પ્રશ્નમાંથી દેખાઈ આવે છે. એમના શહેરી મત વિસ્તાર સાવરકુંડલા શહેરમાં જે ગરીબ લાભાર્થીઓ છે તેની કુલ સંખ્યા ૮૮૬ થાય છે. આ ૮૮૬ લાભાર્થીઓ જુદાજુદા સ્લમ વિસ્તારમાં વસે છે. એ તમામને આ યોજના હેઠળ ૨૫ ચોરસ મીટરના પાકા મકાન ઉપલબ્ધ કરાવવા એમણે રજૂઆત કરી છે. સરકારમાં દરખાસ્ત આવી ગઈ છે. કન્સલ્ટન્ટ દ્વારા પણ રિપોર્ટ થઈ ગયો છે અને એનો શકયતા અહેવાલ પણ મૂકાઈ ગયો છે. અહીંથી મંજૂર કરી અને ભારત સરકારને મંજૂરી માટે આ દરખાસ્ત વહેલી તકે મોકલી આપવામાં આવશે અને મંજૂર થયા પછી લાભાર્થીઓના જે નોર્મ્સ છે એ પ્રમાણે જેમ જેમ જમીન ઉપલબ્ધ થશે એ પ્રમાણે આ ગરીબોને મકાનની સુવિધાઓ પૂર્ણ કરવામાં આવશે.

## તિથોર-બદલપુર વિયર યોજના

***૧૨૫૩ શ્રી દિનેશભાઈ બી. પટેલ (પાદરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તિથોર- બદલપુર પાસે મહીસાગર નદી વિયર બનાવવાની કોઈ યોજના છે કે કેમ, અને

(૨) જો હા, તો અત્યારે કયા તબકકે છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) આલેખનના તબકકે છે.

**શ્રી દિનેશભાઈ બી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મહીસાગર ઉપર તિથોર-બદલપુર વિયર યોજનામાં આજ દિન સુધી કોઈ ખર્ચ કરવામાં આવ્યો છે કે કેમ? આ યોજનામાં કેટલો ખર્ચ કરવા માગો છો? અને કેટલા સમયમાં આ કામ ચાલુ થશે એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ આણંદ અને બોરસદના બદલપુર ગામમાંથી વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના તિથોર ગામની બેની વચ્ચે જે મહી નદી વહે છે એ અને આ સૂચિત જે જગ્યા છે એનાથી દરીયો ૩-૪ કિલોમીટર દૂર છે ત્યાં આગળ વિયર બનાવવાની રજૂઆત કરી છે. ૨૦૦૪માં આ યોજનાના પ્રાથમિક સરવે કરવાની રાજય સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપેલી એ વખતે પ્રાથમિક સરવે જે ૧૫ લાખ રૂપિયા ફાળવી પણ આપ્યા છે અને એની પછીની જે ટેકનિકલ કામગીરી છે સરવેની કંટ્રોલ લેવલ લેવાની વગેરે પૂર્ણ થઈ છે અને હવે આ યોજનાની ટેકનીકલ કામગીરીની ડિઝાઈન બનાવવાની વગેરેની, કારણ કે ૧૬ લાખ કયુસેકનું વધુમાં વધુ પુર મહી નદીમાં જયારે આવે ત્યારે છેક દરીયાના છેડે હોવાથી એ તમામ પૂરના ધકકાને આ વિયર સહન કરી શકે કે કેમ, નીચે એવું ફાઉન્ડેશન મળે છે કે કેમ એ તપાસવું ખૂબ અગત્યનું છે. બીજું આ જે સૂચિત ડેમ છે વિયર એના ઉપરવાસમાં બીજો ડેમ વિયર હમણાં જે આપણે બનાવ્યો છે એનું કામ તાજેતરમાં જ પૂરું થયું છે. ૪૫ કરોડ રૂપિયાનો એમાં રાજય સરકારે ખર્ચ કર્યો છે. એમાં ૧૫-૨૦ કરોડ રૂપિયાના બીજા સંરક્ષણના કામો કરવાના છે તો એક જ નદી ઉપર આ બંને કામો સૂચિત છે. એક થઈ ગયું છે બીજું સૂચિત છે એ કરવા અંગેની ટેકિનકલ, અને નાણાકીય ફીઝીબીલીટી તપાસી અને ભવિષ્યમાં સરકાર આખરી નિર્ણય કરશે.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે બદલપુર અને તિજોર એ મારા મતવિસ્તારમાં આવે છે. મારે એટલા માટે વિનંતી કરવી પડે છે કે ઉપર વણાકબોરી ડેમ, કડાણા ડેમ છે અને ઉમેઠા આગળ બીજો એક આડબંધ બનાવ્યો છે એના લીધે અમારા પાદરા, બોરસદ અને આંકલવ અને જંબુસર આ ચાર તાલુકાની પરિસ્થિતિ અત્યારે ખુબ ગંભીર છે અને પાણી બિલકુલ પીવા લાયક નથી તો ઝડપથી આ બંને અથવા તો અમને કોઈ પાણી પુરવઠા યોજનામાંથી નવી યોજના આપીને પીવા લાયક પાણી સીધું પહોંચે એવું કંઈ કરવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહયું એ પ્રમાણે તાંત્રિક અને નાણાકીય બંને રીતે એ જોવું પડે એવું છે કારણ કે છેક નદીના છેલ્લા કિલોમીટરે છે. આખી નદીનું પૂર સહન કરી શકે એવી ડિઝાઈન કરવી પડે. બીજું એક સાઈડ એમાં આરો મળે છે, બીજી સાઈડ ફ્લેટ છે એટલે ડિઝાઈન સક્ષમ થાય, વાયેબલ બને અને નાણાકીય જોગવાઈ થાય પછી હાથ ઉપર લઈશું. બીજું માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો કે પીવાના પાણી માટે તો એમાં કોઈ તકલીફ અંગે અલગથી ધ્યાન દોરજો, પીવાનું પાણી મીઠું નાગરિકોને મળે એ માટે જે શકય હશે એ આયોજન કરી આપીશું.

## પાનમ સિંચાઈ યોજનાનું પાણી ખેડૂતોને આપવા અંગે

*** ૧૦૭૦ શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) પાનમ સિંચાઈ યોજના હેઠળ પાનમ મુખ્ય કેનાલ કેટલા કી.મી. લંબાઈ ધરાવે છે,

(૨) આ મુખ્ય કેનાલ કેટલા ક્યુસેંક પાણી વહન કરવાની ક્ષમતા ધરાવે છે,

(૩) આ સિંચાઈ યોજના હેઠળ કયા કયા તાલુકાના ગામોનો કમાન્ડ એરિયા આવરી લીધેલ છે,

(૪) આવરી લીધેલ કમાન્ડ એરિયામાં ખેડૂતોને સિંચાઈનું પાણી મળે છે કે કેમ અને તા:૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કેટલા ખેડૂતોને મળે છે, અને

(૫) જો ના, તો તેના કારણો શું છે, અને બાકી ખેડૂતોને ક્યારે સિંચાઇનું પાણી આપવા માગો છો?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) ૯૯.૭૨૫ કિ.મી.

(૨) ૭૪૧ ક્યુસેંક

(૩) પંચમહાલ જિલ્લાના લુણાવાડા, શહેરા, ગોધરા તથા કાલોલ તેમજ વડોદરા જિલ્લાના સાવલી તાલુકાને કમાન્ડ એરિયામાં આવરી લીધેલ છે.

(૪) અને

(૫) તા:૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કુલ ૪૫,૩૯૭ ખાતેદારો પૈકી માંગણી મુજબ ૩૪,૮૪૦ ખાતેદારોને પાણી મળે છે. બાકી ખાતેદારોને જમીન સંપાદન તથા નહેર સુધારણાના કામો પૂર્ણ થયેથી તબક્કાવાર પાણી આપવામાં આવશે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ કેટલા.. ..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**કેન્દ્ર સરકારે રાજ્યને પાણી પુરવઠા યોજના માટે ફાળવેલ રકમ**

૧૮૩ **શ્રી સિદ્ધાર્થ ચી.પટેલ (ડભોઇ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૬-૦૭ના વર્ષમાં કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને કઈ કઈ પાણી પુરવઠા યોજના માટે કેટલી રકમ ફાળવી છે, અને

(૨) આ પાણી પુરવઠાના કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૬-૦૭માં કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને ફાળવેલ રકમ

| યોજના | ફાળવેલ રકમ રૂા. લાખમાં |
|---|---|
| ત્વરિત ગ્રામ્ય પાણી પુરવઠા યોજના | ૧૩૭૦૩.૮૦ |
| રણ વિસ્તારની યોજનાઓ | ૩૨૯.૨૮ |
| ક્વોલીટી પ્રોબ્લેમવાળા ગામોની યોજના | ૩૫૪૭.૧૦ |
| ત્વરિત શહેરી પાણી પુરવઠા યોજના | ૨૯૬.૪૧ |
| સ્વજલધારા કાર્યક્રમ | ૧૮૩૮.૦૦ |
| ભૂકંપ અસરગ્રસ્ત ગામોમાં લોક વ્યવસ્થાપિત પેયજળ અને સ્વચ્છતા કાર્યક્રમ | ૩૫૪૧.૨૩ |
| પાણીની ગુણવત્તા નિયમન અને દેખરેખ | ૪૮૧.૦૦ |
| એમ.આઇ.એસ. | ૧૨૨.૬૫ |
| કુલ.... | ૨૩૮૫૯.૪૭ |

(૨) પાણી પુરવઠાના કામો ક્રમશઃ માર્ચ-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

----------

**નડિયાદ શહેરમાંથી વરસાદી પાણીનો નિકાલ**

૧૩૧૪ **શ્રી પંકજકુમાર દેસાઈ (નડિયાદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નડિયાદ શહેરમાંથી વરસાદી પાણીના નિકાલ માટે મહેસૂલ વિભાગ ધ્વારા કેલીમીટી ફંડમાંથી ફાળવણી થયેલ નાણાંમાંથી કીડની હોસ્પિટલ-નાના કુંભનાથ રોડ-સંતરામ મંદિરની પાછળ મુખ્ય કાંસને જોડતી પાકી આર.સી.સી. સ્લેબ ડ્રેઈન તથા ઈન્દિરાનગર તળાવ-વલ્લભનગર થઈ પીજ રોડ-ઝારોલ કાંસને જોડતી પાકી આર.સી.સી. સ્લેબ ડ્રેઈનની કામગીરી ક્યારે શરૂ થશે તથા કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

મહેસૂલ વિભાગ દ્વારા અપાયેલ પૂર રાહત ગ્રાન્ટમાંથી નગરપાલિકા નિયામકશ્રીએ તેઓના તા. ૭-૧૦-૨૦૦૬ના કાર્યાલય આદેશથી રૂા. ૪ કરોડની રકમ નડિયાદ નગરપાલિકા વિસ્તારમાંથી વરસાદી પાણીના નિકાલની યોજના માટે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને ફાળવેલ. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડે ચકલાસી ભાગોળથી માહિતી ભવન સુધીની વરસાદી પાણીની નિકાલ અંગેની કામગીરીની દરખાસ્ત મંજૂર કરી તે કામગીરી હાથ ધરેલ છે જેની ૮૦ % કામગીરી પૂર્ણ થયેલ છે.

કિડની હોસ્પીટલ- નાના કુંભનાથ રોડ-સંતરામ મંદિરની પાછળ મુખ્ય કાંસને જોડતી પાકી આરસીસી સ્લેબ ડ્રેઈન તથા અને ઈન્દીરાનગર તળાવ-વલ્લભનગર થઈ પીજ રોડ-ઝારોલ કાંસને જોડતી પાકી આરસીસી સ્લેબ ડ્રેઈનની

કામગીરી માટે બાજપાઈ વિકાસ યોજના હેઠળ રૂા. ૪૫૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જે અન્વયે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કામ હાથ ઉપર લઈ વહીવટી/તાંત્રિક મંજૂરી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વહીવટી/તાંત્રિક મંજૂરી મળ્યે આ કામગીરી શરૂ કરવામાં આવશે.

આ કામગીરીનો અંદાજિત કુલ ખર્ચ રૂા. ૧૧૩૦.૬૫ લાખ છે.

---------------

## રાજ્યમાં એઈડસના દર્દીઓ

૧૧૪૩ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર એઈડસ રોગના કુલ કેટલા દર્દીઓ ધ્યાનમાં આવેલ છે, અને | (૧) કુલ ૯૬૫૫<br>જિલ્લાવાર અને વર્ષવાર માહિતી દર્શાવતું *પત્રક અ સામેલ છે. |

**પત્રક--અ**

**ગુજરાત રાજ્યમાં નોંધાયેલ જિલ્લાવાર એઈડસ કેસોની માહિતી**

| અ નં. | જિલ્લાનું નામ | ૧૯૮૬ થી ૧૯૯૬ | ૧૯૯૭ | ૧૯૯૮ | ૧૯૯૯ | ૨૦૦૦ | ૨૦૦૧ | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૩૬ | ૩૨ | ૭૫ | ૫૦ | ૧૧૯ | ૨૧૮ | ૨૪૧ | ૨૦૩ | ૨૩૫ | ૩૪૪ | ૦૨૯૭ | ૨૩૮ | ૨૦૮૮ |
| ૨ | અમરેલી | ૪ | ૨ | ૯ | ૩ | ૧૩ | ૧૪ | ૩૦ | ૪૬ | ૪૫ | ૪૩ | ૨૯ | ૫ | ૨૪૩ |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૫ | ૦ | ૮ | ૨૭ | ૩૪ | ૨૦ | ૨૪ | ૩૨ | ૩૭ | ૧૫ | ૨૦૨ |
| ૪ | બનાસકાંઠા | ૪ | ૨ | ૩ | ૦ | ૪ | ૯ | ૭ | ૧૮ | ૧૦ | ૧૩ | ૧૯ | ૮ | ૯૭ |
| ૫ | ભરૂચ | ૭ | ૦ | ૩ | ૦ | ૨ | ૫ | ૧૦ | ૨૭ | ૨૪ | ૪૭ | ૫૨ | ૪૬ | ૨૨૩ |
| ૬ | ભાવનગર | ૩ | ૪ | ૨ | ૪ | ૧૭ | ૧૮ | ૨૩ | ૪૪ | ૪૫ | ૭૪ | ૭૮ | ૧૦૭ | ૪૧૯ |
| ૭ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૨ | ૧૮ | ૦૬ | ૧૭ | ૨૫ | ૧૯૪ | ૨૬૬ |
| ૮ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૫ | ૦૨ | ૮ | ૯ | ૫૭ | ૮૨ |
| ૯ | ગાંધીનગર | ૦ | ૧ | ૧ | ૦ | ૪ | ૮ | ૧૩ | ૧૪ | ૨૪ | ૨૨ | ૨૩ | ૭૩ | ૧૮૩ |
| ૧૦ | જામનગર | ૨૨ | ૫ | ૮ | ૧૩ | ૨૮ | ૪૦ | ૮૨ | ૭૯ | ૧૦૫ | ૧૬૨ | ૧૫૩ | ૧૦ | ૭૦૭ |
| ૧૧ | જૂનાગઢ | ૭ | ૦ | ૯ | ૮ | ૨૭ | ૪૨ | ૫૦ | ૩૧ | ૪૨ | ૩૮ | ૩૭ | ૭૧ | ૩૬૨ |
| ૧૨ | ખેડા | ૧૫ | ૭ | ૧૨ | ૧૩ | ૮ | ૧૫ | ૨૨ | ૨૪ | ૧૪ | ૩૬ | ૨૬ | ૩૭ | ૨૨૯ |
| ૧૩ | કચ્છ | ૫ | ૧૭ | ૧૫ | ૨ | ૧ | ૧૩ | ૩૭ | ૧૧ | ૦૯ | ૧૪ | ૨૨ | ૩૯ | ૧૮૫ |
| ૧૪ | મહેસાણા | ૮ | ૯ | ૧૦ | ૦ | ૧૫ | ૧૦ | ૨૦ | ૧૨ | ૧૩ | ૨૫ | ૧૮ | ૦૯ | ૧૪૯ |
| ૧૫ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨ | ૧ | ૦૧ | ૨ | ૦૫ | ૬૦ | ૭૨ |
| ૧૬ | નવસારી | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૪ | ૫૮ | ૬૪ | ૩૬ | ૪૭ | ૩૯ | ૧૯ | ૨૭૦ |
| ૧૭ | પંચમહાલ | ૨ | ૦ | ૨ | ૦ | ૫ | ૧૦ | ૧૮ | ૧૫ | ૧૦ | ૨૩ | ૧૮ | ૧૩ | ૧૧૬ |
| ૧૮ | પાટણ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૪ | ૪ | ૪ | ૦૨ | ૯ | ૬ | ૧૩ | ૪૪ |
| ૧૯ | પોરબંદર | ૦ | ૦ | ૧ | ૦ | ૧૦ | ૪ | ૧૦ | ૧૩ | ૨૯ | ૧૬ | ૧૭ | ૨૯ | ૧૨૯ |
| ૨૦ | રાજકોટ | ૨૩ | ૧૦ | ૧૧ | ૮ | ૧૪ | ૭૮ | ૧૧૦ | ૯૦ | ૧૧૩ | ૮૯ | ૧૧૨ | ૨૦ | ૬૭૮ |
| ૨૧ | સાબરકાંઠા | ૪ | ૧ | ૬ | ૦ | ૪ | ૨૬ | ૨૦ | ૧૪ | ૦૯ | ૬૦ | ૪૯ | ૩૨ | ૨૨૫ |
| ૨૨ | સુરત | ૨૨ | ૮ | ૪૪ | ૫૩ | ૪૫ | ૬૮ | ૧૦૭ | ૨૨૨ | ૪૭૪ | ૩૩૯ | ૧૧૩ | ૨૦ | ૧૫૧૫ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૩ | ૮ | ૫ | ૦ | ૯ | ૬ | ૧૫ | ૨૫ | ૨૩ | ૧૬ | ૧૩ | ૪ | ૧૨૭ |
| ૨૪ | વડોદરા | ૧૫ | ૧૪ | ૫ | ૧૪ | ૪ | ૫૬ | ૮૬ | ૫૬ | ૪૧ | ૮૬ | ૧૧૫ | ૦૬ | ૪૯૮ |
| ૨૫ | વલસાડ | ૬ | ૧ | ૧ | ૧ | ૦ | ૫ | ૪ | ૨૮ | ૫૧ | ૪૪ | ૬૫ | ૧૫ | ૨૨૧ |
| ૨૬ | બીજા રાજ્યમાંથી આવેલ | ૧૭ | ૬ | ૧૧ | ૬ | ૧૧ | ૨૮ | ૨૫ | ૪૦ | ૨૯ | ૫૩ | ૪૮ | ૫૧ | ૩૨૫ |
| | કુલ.-- | ૨૦૩ | ૧૨૭ | ૨૪૧ | ૧૭૬ | ૩૫૦ | ૭૧૩ | ૧૦૩૦ | ૧૧૨૪ | ૧૪૧૬ | ૧૬૫૯ | ૧૪૨૫ | ૧૧૯૧ | ૯૬૫૫ |

| | |
|---|---|
| (૨) આવા દર્દીઓની સારવારમાં સરકાર ધ્વારા કઈ રીતે સહાય-મદદની જોગવાઈ છે ? | (૨) રાજ્યમાં એચ.આઈ.વી. /એઈડસગ્રસ્ત દર્દીઓની સારવારમાં સરકાર દ્વારા એન્ટીરેટ્રોવાઈરલ થેરાપી સેન્ટર, લીંક એ.આર.ટી. સેન્ટર, કોમ્યુનીટી કેર સેન્ટર, ડ્રોપ ઈન સેન્ટર, વાત્સાયન કેન્દ્રો, મમતા ક્લીનીક અને પબ્લીક/પ્રાઈવેટ પાર્ટનરશીપ દ્વારા નિઃશુલ્ક સારવાર/સહાય/મદદ કરવામાં આવે છે. |

---------------

**ધરમપુર અને વાંસદા તાલુકામાં પૂર્ણ કરેલ પીવાના પાણીની યોજનાઓ**

૨૮૫ **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ અને નવસારી જિલ્લાના ધરમપુર અને વાંસદા તાલુકામાં પીવાના પાણીની તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી કેટલી યોજનાઓ ચાલે છે,

(૨) જેમાંથી કેટલી પૂર્ણ કરી અને કેટલી બાકી છે, અને

(૩) કેટલી યોજના લોકાપર્ણ કરવામાં આવી ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

નીચેની વિગતે

| ક્રમ | જિલ્લો | તાલુકો | યોજનાઓ | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ચાલુ | પૂર્ણ | બાકી | લોકાર્પણ |
| ૧ | વલસાડ | ધરમપુર | ૨૦૧ | ૭૬ | ૧૨૫ | ૭૬ |
| ૨ | નવસારી | વાંસદા | ૧૬૩ | ૩૮ | ૧૨૫ | ૯ |

--------------

**બોરસદ મહી નદી પર આડબંધ બનાવવાનું સર્વે**

૧૨૪૩ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બોરસદ મહી નદી ખારું પાણી રોકવા માટે આડબંધ બનાવવા માટે સર્વેનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવેલ છે,

(૨) આ સર્વે કામ પછી આડબંધ બનાવવાનું કામ તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) કેટલા સમયમાં તે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) ઓકટોબર-૨૦૦૫ માં પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) યોજનાકીય આલેખનની કામગીરીના તબક્કામાં છે.

(૩) તાંત્રિક તથા નાણાંકીય શક્યતાદર્શી અહેવાલ આખરી થયેથી વિચારવામાં આવશે.

--------------

**ભરૂચ સિવિલ હોસ્પીટલમાં મંજૂર થયેલ મહેકમ**

૫૧**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરુચ ખાતેની સિવિલ હોસ્પીટલમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પેકી તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શા પગલાં લીધા ?

**જવાબ**

(૧)

| સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|
| વર્ગ-૧ | ૧૨ |
| વર્ગ-૨ | ૧૬ |
| વર્ગ-૩ | ૮૫ |
| વર્ગ-૪ | ૫૬ |

(૨) વર્ગ-૧ થી વર્ગ-૪ની કુલ ૧૫ જગ્યા તા. ૧૦-૪-૨૦૦૦ થી તા. ૩૧-૫-૨૦૦૭ દરમ્યાન થી ખાલી છે.

(૩) વર્ગ-૧ માટે વોક ઈન ઈન્ટરવ્યુ યોજીને તેમજ ગુજરાત જાહેર સેવા આયોગને માંગણીપત્રક મોકલીને અને વર્ગ-૩ અને ૪ ની જગ્યાઓ અનુક્મે ગોણ સેવા દ્વારા, બઢતી તથા આઉટ સોર્સીગ થી ભરવાના પ્રયત્ન કરવામાં આવેલ છે.

--------------

**માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકામાં ભારે વરસાદથી તૂટેલ નાળા**

૧૦૬૩ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન - ૨૦૦૫ થી ૨૦૦૭ના વર્ષમાં અતિભારે વરસાદથી માંડલ, દેત્રોજ, વિરમગામ તાલુકામાંથી પસાર થતી ડ્રેઈન ઉપર કેટલા નાળાં તૂટી

**જવાબ**

(૧) ૧૮.

| | |
|---|---|
| પડેલ છે, | |
| (૨) તૂટી પડેલ નાળા બનાવવાની કામગીરી હાથ ધરેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૩) નાણાંકીય ઉપલબ્ધી પ્રમાણે તબક્કાવાર શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------------

**મહી સિંચાઈ નહેરના પાણીના દર**

૧૧૩૮**શ્રી લાલસિંહ ઉ.વડોદીયા (ઉમરેઠ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહી સિંચાઈ યોજનાથી ખેડૂતોને મળતા નહેરના પાણીના સિંચાઈના દર ૨૦૦૦-૨૦૦૧ માં કેટલા હતા, અને | (૧) વર્ષ-૨૦૦૦-૨૦૦૧ માટે મહી સિંચાઈ યોજનાથી ખેડૂતોને મળતા નહેરના પાણીના સિંચાઈના દરો તા. ૧૬-૬-૨૦૦૦ થી તા. ૧૫-૨-૨૦૦૧ સુધી પત્રક-૧* પ્રમાણે અને તા. ૧૬-૨-૨૦૦૧થી તા. ૧૫-૬-૨૦૦૧ સુધી પત્રક-૨* પ્રમાણે હતા. |
| (૨) હાલમાં પ્રતિ હેકટર પ્રતિ સિઝન પ્રતિ પાક કેટલા છે ? | (૨) હાલમાં વર્ષ-૨૦૦૭-૦૮ માટે સીઝનવાર કોઈપણ પાકો માટેના દરો ખરીફ, રવિ, ઉનાળુ તથા બે મોસમી પાકો માટે રૂા. ૧૭૨/- પ્રતિ હેકટર, પ્રતિ પાણ છે અને બારમાસી પાકો માટે રૂા. ૩૨૩/- પ્રતિ હેકટર, પ્રતિ પાણ છે. |

**(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

--------------

**સુરત અને તાપી જિલ્લામાં પાણીના સંગ્રહ માટે તળાવો**

૧૪૭૮ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત અને તાપી જિલ્લાનાં આદિવાસી વિસ્તારોમાં તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ પાણીનાં સંગ્રહ માટે છેલ્લાં બે વર્ષમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલાં તળાવો બનાવવામાં આવ્યા, | (૧) નવા તળાવ બનાવવામાં આવેલ નથી, પરંતુ પાણીના સંગ્રહ માટે છેલ્લા બે વર્ષમાં ૩૧૧ તળાવો ઊંડા કરવામાં આવ્યા હતા. |
| (૨) આ તળાવોના નવીનીકરણનાં બહાના હેઠળ કેટલી ગેરરીતિઓ થઈ, | (૨) ઊંડા કરેલ તળાવોના ખોદકામમાં કોઈ ગેરરીતિની ફરિયાદ મળેલ નથી. |
| (૩) આ ગેરરીતિઓની તપાસ ક્યા તબક્કામાં છે, અને | (૩) અને (૪) |
| (૪) આ ગેરરીતિઓ બાબતે જવાબદારો સામે સરકારે અત્યાર સુધીમાં શા પગલાં લીધાં? | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------------

**ધ્રોલ-જોડીયાના પીવાના પાણીથી વંચિત ગામો**

૧૪૯૮ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ ધ્રોલ-જોડીયા અને જામનગર તાલુકાના કેટલા ગામો કાયમી પીવાના પાણીની યોજનાથી વંચિત છે, અને | (૧) એક પણ નહીં. |
| (૨) આ ગામોને પીવાના પાણીની કાયમી સગવડતા ક્યારે પૂરી પાડવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## વડોદરા જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

૧૨૪૮ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાદીઠ જુથ પાણી પુરવઠા યોજનાઓ કેટલી છે,

(૨) નસવાડી અને ક્વાટ તાલુકાઓમાં જુથ પાણી પુરવઠા યોજનાઓ ન બનાવવાના કારણો શા છે, અને

(૩) આ બન્ને તાલુકાની જનતાને પીવાના પાણી માટે સુવિધાઓ આપવા સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) નીચેની વિગતે

| ક્રમ | તાલુકો | જૂથ યોજના |
|---|---|---|
| ૧ | વડોદરા | ૪ |
| ૨ | વાઘોડીયા | ૨ |
| ૩ | પાદરા | ૧ |
| ૪ | સાવલી | ૧ |
| ૫ | જેતપુર | ૧ |
| ૬ | સંખેડા | ૨ |

(૨) સ્થાનિક સોર્સમાં પૂરતું પીવાનું પાણી મળી રહેતું હોવાથી.

(૩) સ્થાનિક સોર્સ આધારિત સ્વતંત્ર યોજના, મીનીપાઈપ, હેન્ડ પંપ યોજનાનું આયોજન કરેલ છે અને જરૂર જણાયે જૂથ પાણી પુરવઠા યોજનાનું આયોજન કરવામાં આવશે.

-------------

## જસદણ તાલુકાની નાની સિંચાઈ યોજના મંજૂર કરવા અંગે

૧૦૫૭ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાની ક્નેસરા અને ગોંડલાધાર નાની સિંચાઈ યોજના ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) હાલ આ બન્ને યોજનાઓના કામ ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) અને (૨)

ક્નેસરા નાની સિંચાઈ યોજનાને પડતી મુકીને તેના બદલે સીરીઝ ઓફ ચેકડેમ કરવાનો માહે ૫/૦૬ માં નિર્ણય થયેલ છે. ગોડલાધાર નાની સિંચાઈ યોજના મંજૂર થયેલ નથી.

-------------

## રાજ્યમાં તળાવો ઊંડા કરવા અને તૂટી ગયેલા રીપેર કરવા અંગેની જોગવાઈ

૧૪૮૯ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૭-૦૮ના સિંચાઈ વિભાગની બજેટ માંગણીમાં નવી સેવા અંગે મંજૂર થયેલ ૨૫-૦૦ કરોડની રાજ્યમાં તળાવો ઊંડા કરવા અને તૂટી ગયેલ તળાવો રિપેર કરવાની રકમ તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં ખર્ચી શકાઈ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કારણો શું છે, અને

(૩) જો ના, તો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ક્યા ક્યા જિલ્લામાં તળાવો ઊંડા કરવા કે/અને તૂટી ગયેલ તળાવો રીપેર કરવા કેટલું ખર્ચ થયું?

**જવાબ**

(૧), (૨) અને (૩)

વર્ષ ૨૦૦૭-૦૮ના બજેટમાં તળાવો ઊંડા કરવા અને તુટી ગયેલ તળાવો રીપેર કરવા કોઈ નવી સેવા દાખલ થયેલ ન હોઈ પ્રશ્ન રહેતો નથી.

---------------

## પાવી-જેતપુર તાલુકામાં પુલ બનાવવા અંગે

૧૯૯ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર પાવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના પાવી જેતપુર તાલુકાના બાર ગામથી સટુણ ગામને જોડતા નવીન પુલ બનાવવાનું કામ ક્યા વર્ષમાં મંજૂર કરવામાં આવ્યું,

(૨) પુલ બનાવવાનો ઈજારો કઈ કંપનીને આપવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) આ કામ ૧૦/૨૦૦૭ માં મંજૂર કરવામાં આવ્યું.

(૨) મે. રોયલ બિલ્ડર્સ, સુરત.

(૩) આ કામ કેટલા સમયમાં સરકાર પૂર્ણ કરવા માંગે છે? — (૩) તા. ૨૨-૧-૦૮ના વર્ક ઓર્ડરથી ૧૮ માસ.

---

**બાજવા ગામમાં પી.એચ.સી.ને બદલવા વિચારણા**

૧૦૫૩ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા તાલુકાના બાજવા ગામમાં આવેલ પી.એચ.સી.ને બદલવાની વિચારણા છે કે કેમ,અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો નવું સી.એચ.સી.વસ્તીના ધોરણે બનાવવા માંગો છો કે કેમ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---

**ખેડા જિલ્લામાં કેનાલોનું મરામત કામ**

૧૬૪૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર આવેલ કેનાલોની મરામત કામ તથા સફાઈ કામ તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વખત કરવામાં આવ્યું, અને | (૧) મહી જમણા કાંઠાની નહેરોમાં એકવાર અને શેઢી શાખાની નહેરોમાં બે વાર, નહેરોમાં પાણી બંધ રાખી જરૂરીયાત મુજબની લંબાઈમાં મરામત અને સફાઈ કામ કરવામાં આવેલ છે. |
| (૨) હજુ કેટલી કેનાલોના કામો બાકી છે? | (૨) હજુ શાખા - વિશાખા - પ્રશાખા મળીને ૨૨ નહેરોના મરામતના કામો બાકી છે. |

---

**આદિજાતિ વિસ્તારમાં સિક્લસેલના દર્દીઓ**

૧૩૪૨ **શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં આદિજાતિ વિસ્તારમાં સિક્લસેલ એનીમીયા રોગ જોવા મળે છે તે સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) આ દર્દીને ક્યા પ્રકારની સારવાર આપવામાં આવે છે? | (૨) દર્દીઓનું સ્ક્રીનીંગ કરતા જે દર્દીઓ સીક્લસેલવાળી હોય તે દર્દીઓ લગ્ન ન કરે તે અંગેની તકેદારી રાખવામાં આવે છે, તથા ગર્ભાશયમાં રહેલ બાળકનું સ્ક્રીનીંગ કરીને તેને સીક્લસેલની બિમારી છે કે કેમ તે અંગેની ચકાસણી કરવામાં આવે છે. તેમજ સીક્લસેલવાળા બાળકોનો જન્મદર ઘટે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવે છે. તેમજ સીક્લસેલવાળા દર્દીઓને ફોલીક એસિડની ટેબલેટ, જરૂર જણાયે દર્દશામક દવાઓ અને એન્ટીબાયોટીક દવાઓ આપવામાં આવે છે. વારંવાર સિક્લસેલની ક્રાયસીસમાં જતા દર્દીઓને હાઈડ્રોક્સીયુરીયા નામની દવા આપવામાં આવે છે તેમજ જરૂર જણાયે હોસ્પિટલમાં દાખલ કરી ઘનિષ્ઠ સારવાર આપવામાં આવે છે. ઉપરાંત સીક્લસેલના દર્દીઓને જરૂરી સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકારે આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આગામી વર્ષ માટે જરૂરી દવા તથા સાધન સામગ્રી માટેની બજેટ જોગવાઈ સુચવેલ છે. |

---

**સુરેન્દ્રનગર જિલ્લામાં ચેકડેમો બાંધવાની અરજીઓ**

૧૧૩૫ **શ્રી હરિલાલ પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા અને લખતર તાલુકાના ૮૦:૨૦ યોજનામાં કેટલા ચેકડેમો બાંધવા માટેની અરજીઓ આવેલ, | (૧) ૪૯. |

(૨) તેમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને? — (૨) ૩૪.

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી? — (૩) ૧૫.

---------------

**વડોદરા જિલ્લામાં મહી નદીમાંથી ઉદવહન સિંચાઈ યોજના**

૧૧૪૦ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં લાંછનપુર ગામે મહી નદીમાંથી ઉદવહન સિંચાઈ યોજના ક્યારે મંજૂર કરવામાં આવી, અને | (૧) તા. ૧૨-૬-૯૬ થી મંજૂર કરવામાં આવી. |
| (૨) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે, કેટલો ખર્ચ થયો ? | (૨) યોજનાના લાભીત પિયત વિસ્તારનો સમાવેશ નર્મદા યોજનાની રાસવાડી માઈનોર તથા લાંછનપુર માઈનોરના પિયત વિસ્તારમાં થયેલ છે. રૂા. ૧૮.૫૬ લાખ ખર્ચ થયેલ છે. |

---------------

**સમી અને હારીજ તાલુકામાં સ્વજલધારા યોજના હેઠળના કામો**

૧૪૪૩ **શ્રી ભાવસિંહ રાઠોડ (સમી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લાના સમી અને હારીજ તાલુકાનાં ગામડાઓમાં પીવાના પાણીનો પ્રશ્ન હલ કરવા સ્વજલધારા યોજના હેઠળ તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા અને કેટલા બાકી છે, અને

(૨) આ બાબતે સરકારે કેટલી રકમની ગ્રાંટની ફાળવણી કરી ?

**જવાબ**

(૧) અને (૨)
નીચેની વિગતે

| ક્રમ | તાલુકો | મંજૂર યોજના | બાકી યોજના | ફાળવેલ રકમ રૂા. લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | સમી | ૪૬ | ૨૪ | ૫૮.૯૦ |
| ૨ | હારીજ | ૨૫ | ૧૩ | ૩૫.૮૬ |

-------------------

**દાહોદ જિલ્લામાં પાણી પુરવઠા યોજનાના કામો**

૧૨૫૪ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં તાલુકાવાર કેટલા પાણી પુરવઠા યોજનાના કામો મંજૂર કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) નીચેની વિગતે

| ક્રમ | તાલુકો | જૂથ યોજના | સ્વતંત્ર યોજના | કુલ કામો |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૦ | ૧૬ | ૧૬ |
| ૨ | ગરબાડા | ૦ | ૧૬ | ૧૬ |
| ૩ | ઝાલોદ | ૦ | ૨૨ | ૨૨ |
| ૪ | ફતેપુરા | ૧ | ૧૧ | ૧૨ |
| ૫ | લીમખેડા | ૦ | ૨૪ | ૨૪ |
| ૬ | ધાનપુર | ૦ | ૦૯ | ૦૯ |
| ૭ | દેવગઢ બારીયા | ૦ | ૧૪ | ૧૪ |
| | કુલ | ૧ | ૧૧૨ | ૧૧૩ |

(૨) આ પેકી તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા ? — (૨) એક જૂથ યોજનાના (૭૪ ગામો) સહિત ૨૫ યોજના પૂર્ણ કરેલ છે.

---------------

**મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં ચેકડેમો**

૧૪૪૭ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના | (૧) ૨૫૯ ચેકડેમો |

હેઠળ ૮૦:૨૦ ચેકડેમો તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા બન્યા,

(૨) તે પૈકી ચેકડેમો કઈ કઈ સંસ્થાએ કેટલા બનાવ્યા,

(૨)

| અ.નં. | સ્વૈચ્છિક સંસ્થાનું નામ | ચેકડેમની સંખ્યા |
|---|---|---|
| ૧ | શ્રી ગાયત્રી શિક્ષણ સેવા ટ્રસ્ટ, ટીંટોઈ. | ૨ |
| ૨ | નવયુક આશ્રમ સેવા ટ્રસ્ટ, મોડાસા. | ૨ |
| ૩ | ગોકુળ ગ્રામ વિકાસ ટ્રસ્ટ, હડીયોલ. | ૨ |
| ૪ | શ્રી આશા ફાઉન્ડેશન ટ્રસ્ટ. | ૪ |
| ૫ | મહાત્મા ગાંધી પ્રતિષ્ઠાન, ગાંધીનગર. | ૧૮ |
| | કુલ | ૨૮ |

(૩) ક્યા ક્યા ચેકડેમો તૂટ્યા, અને

(૩) ઉપરોક્ત સંસ્થાએ બનાવેલ ચેકડેમો પૈકી કોઈ ચેકડેમ તુટેલ નથી.

(૪) તે અંગે કઈ કઈ સંસ્થા સામે શાં શાં પગલાં ભરવામાં આવ્યા ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------------

**વડોદરા શહેરમાં ઠંડાપીણાનું વેચાણ**

૧૨૫૮**શ્રી યોગેશભાઈ પટેલ(રાવપુરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા શહેરમાં ખાસ કરીને શિયાળામાં કોકો-કોલા કંપની, પેપ્સી, થમ્સ-અપ, જેવી સોફ્ટડ્રીન્ક કરતી કંપનીઓ ધ્વારા એક્સપાયરી ડેટની ઠંડાપીણાની બોટલોનું વિતરણ કરી રહી છે, તે હકીક્ત સરકાર જાણે છે, અને

(૧) આવી કોઈ બાબત ધ્યાન પર આવેલ નથી.

(૨) જો હા, તો આવી કંપનીઓ સામે શું પગલાં લેવા માંગો છો ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**ભરુચ અને નર્મદા જિલ્લામાં ચોમાસાના પાણીની નિકાલ વ્યવસ્થા**

૮૪ શ્રી અમરસિંહ રા. વસાવા(દેડિયાપાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરુચ અને નર્મદા જિલ્લામાં સને ૨૦૦૫ થી ૨૦૦૭ના વર્ષોમાં ચોમાસાના પાણીના નિકાલ માટે કાંસ યોજના હેઠળ કેટલા તાલુકામાં આ યોજના હેઠળ કાંસ બનાવવામાં આવ્યા હતા,

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લાનાં કોઈ તાલુકામાં કાંસ બનાવવામાં આવેલ નથી.

(૨) તેના માટે કેટલા નાણાની જોગવાઈ કરવામાં આવી હતી, અને

(૨) શૂન્ય

(૩) તેના માટે કેટલા કામો કઈ કઈ એજન્સીઓ મારફતે કામ કરવામાં આવેલ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**સંખેડા તાલુકામાં પાણી પુરવઠા યોજનાઓ**

૧૫૨૧ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ પાણી પુરવઠા વિભાગ ધ્વારા સંખેડા તાલુકામાં કેટલી યોજનાઓ કાર્યરત છે,

(૧) બે યોજના.

(૨) દરેક યોજનામાં કેટલાં ગામોમાં પીવાનું પાણી મળે છે કે કેમ, અને

(૨) અને (૩)
સંખેડા જૂથ યોજના ભાગ-૧ હેઠળ ૫૦ ગામો અને

(૩) જો ના, તો ક્યા કારણસર ?

ભાગ-૨ હેઠળ ૫૮ ગામો પાણી મેળવે છે.

સંખેડા ભાગ-૧ના ૫૮ ગામો પેકી ૮ ગામોમાં સ્થાનિક વ્યવસ્થા હોવાથી સ્વેચ્છિક રીતે પાણી લેતા નથી.

જ્યારે સંખેડા ભાગ-૨ના ૬૧ ગામો પેકી ૩, ગામ/પરાને આયોજનના ભાગરૂપે ટાંકીની જગ્યા માટેની વન વિભાગ ધ્વારા મંજૂરી મળેલ ન હોવાથી.

--------------

## બાબરા-વડીયા તાલુકામાં સિંચાઈ યોજના

૧૬૧૨ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બાબરા, વડીયા તાલુકાઓમાં દરેડ સિંચાઈ યોજના તથા રાંદલ-દડવા સિંચાઈ યોજના મંજૂર કરવામાં આવે છે કે કેમ, અને | (૧) ખાખરીયા દરેડ સિંચાઈ યોજના મંજુર કરવામાં આવેલ છે. જ્યારે રાંદલ-દડવા સિંચાઈ યોજના મંજૂર થયેલ નથી. |
| (૨) ક્યારે મંજૂર કરવામાં આવી અને તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) ખાખરીયા દરેડ સિંચાઈ યોજનાને ૩/૨૦૦૨ માં વહીવટી મંજુરી આપેલ હતી. સ્ત્રાવક્ષેત્રમાં ચેકડેમોનાં બાંધકામ થતાં યોજના સ્થળે પાણી ઉપલબ્ધી ઘટતા આ યોજનાના બદલે સીરીઝ ઓફ ચેકડેમ બાંધવાનું વિચારણા હેઠળ છે. |

----------

## ગોંડલ નગરપાલિકાને વિકાસના કામો માટે રાજ્ય અને કેન્દ્ર સરકારની ગ્રાન્ટ

૧૨૫૦ **શ્રી ચંદુભાઈ વઘાસિયા (ગોંડલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાની ગોંડલ નગરપાલિકાને રાજ્ય અને કેન્દ્ર સરકારની છેલ્લા ૨ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ વિકાસ કામો માટે કેટલી અને ક્યા હેતુ માટેની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, | (૧) રાજકોટ જિલ્લાની ગોંડલ નગરપાલિકાને રાજ્ય અને કેન્દ્ર સરકારની છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ વિકાસના કામો માટે રૂા. ૩૯૨.૭૬ લાખની ગ્રાંટ પાણી પુરવઠા યોજના માટે, સ્થાનિક વિકાસના કામો માટે, શહેરી ગરીબ વિસ્તારના વિકાસના કામો માટે સ્થાનિક વિકાસના કામ અને પગાર ભથ્થા માટે, ન્યુનતમ જરૂરિયાતના કામો કે મહત્વના વિકાસના કામો માટે આંતરમાળખાકીય સુવિધાઓ માટે, પે એન્ડ યુઝ ટોઈલેટના કામો માટે, ગંદા વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ માટે જાહેર મિલક્તો ઉભી કરવા અને રોજગાર આપવા માટે અને વ્યક્તિગત શોચાલય બનાવવાના હેતુ માટે ફાળવવામાં આવેલી છે. |
| (૨) જે પેકી કેટલા કામો પૂર્ણ થયા અને કેટલી ગ્રાન્ટનો વપરાશ થયો, | (૨) જે પેકી ૯ કામો પૂર્ણ થયા અને ૬૪૫ વ્યક્તિગત શોચાલયના કામો પૂર્ણ થયા અને કુલ રૂ. ૩૫૬.૪૭ લાખની ગ્રાંટનો વપરાશ થયો. |
| (૩) કેટલા કામો અધૂરા અને બાકી છે, અને | (૩) ૪ કામો અધૂરા અને ૧ કામ બાકી છે. |
| (૪) કેટલી ગ્રાન્ટ વપરાશ કર્યા વગરની છે, તેનાં શા કારણો છે ? | (૪) રૂા. ૩૬.૨૯ લાખની ગ્રાંટ વપરાશ કર્યા વગરની છે, જે અંગેની દરખાસ્તો તાજેતરમાં મળેલ હોવાથી. |

----------------

## જૂનાગઢ ખાતે રોપ વે નું કામ

૨૬૫ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ ખાતે આવેલ ગીરનાર પર્વત ઉપર રોપ વે બનાવવાનું કામ કેટલા ખર્ચે ક્યારે મંજૂર કરવામાં આવ્યું, | (૧) રૂા. ૩૨ કરોડ (અંકે રૂપિયા બત્રીસ કરોડ પૂરા)ના ખર્ચે તા. ૧૬-૭-૯૪ના રોજ |

(૨) કામની એજન્સી નક્કી થઈ ગયેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) હા, જી.

(૩) જો હા, તો ક્યારે,

(૩) તા. ૧૬-૭-૯૪ ના રોજ

(૪) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રોપ વે નું કામ શરૂ ન થવાના કારણો શા છે, અને

(૪) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રોપવેનું કામ શરૂ ન થવાના મુખ્ય કારણોમાં વન ખાતા તરફથી જમીન ફાળવવામાં વિતેલ સમય, રોપવે બનાવનાર કંપની તરફથી ફીઝીબીલીટી રીપોર્ટ, ટાઈમ શીડયુલ રજુ કરવામાં ગયેલ સમય છે.

(૫) કામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૫) કંપની ધ્વારા આપવામાં આવેલ ટાઈમ શીડ્યુલ મુજબ હાલ આનુષંગિક કાર્યવાહી ચાલુ કરેલ છે અને રોપવેની સિવિલ વર્ક કામગીરી તા. ૧-૬-૦૮થી શરૂ કરવામાં આવનાર છે.

-------------

**સિંચાઇ યોજનાના અસરગ્રસ્તોને જમીનો આપવાનો અભિગમ**

૧૪૯૩ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સિંચાઇ યોજનાના અસરગ્રસ્તોને ખેતીની જમીન તથા રહેણાંક્ના પ્લોટ આપવાની નીતિ હોવા છતાં અને સબંધિત કલેકટરશ્રીઓ પાસે સરકારી ખરાબા તથા ગોચરની જમીનોની યાદી ઉપલબ્ધ હોવા છતાં તેવી જમીનો અસરગ્રસ્તોને આપવાનો અભિગમ નકારાત્મક હોવાને કારણે અસરગ્રસ્તોને એ જમીનો સમયસર મળતી નથી તે હકીક્ત સાચી છે, અને

(૧) ના, જી.

(૨) જો ના, તો ધરોઈ સીપુ તથા બાલારામ સિંચાઈ યોજનાના અસરગ્રસ્તોને એવી જમીનો ન મળવા પાછળના કારણો શાં છે?

(૨) (૧) ધરોઇ યોજના :- ધરોઇ યોજનાના ઉમેદપુરા તથા ઘંટોળી ગામનાં અસરગ્રસ્તોને સરકારી જમીન ફાળવવાની કામગીરી પ્રગતિમાં છે.

(૨) સીપુ અને બાલારામ યોજનાના કોઇ અસરગ્રસ્તોને જમીન આપવાની બાકીમાં નથી.

-----------------

**રાજ્યમાં ચેકડેમોનું આયોજન**

૧૫૪૬ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સુજલામ-સુફલામ યોજના હેઠળ રાજ્યમાં મોટા ચેકડેમોનું શું આયોજન છે, અને

(૧) સુજલામ સુફલામ યોજના હેઠળ મૂળ આયોજન મુજબ રાજ્યમાં ૩૭૬ મોટા ચેકડેમ બનાવવાનું આયોજન છે.

(૨) તે ક્યાં સુધીમાં પૂરું કરવામાં આવશે?

(૨) ટેક્નોઇકોનોમિક ફિઝિબિલિટી અને નાણાંકીય ઉપલબ્ધી અનુસાર શક્ય તેટલા વહેલા પૂરા કરવામાં આવશે.

--------------

**બનાસકાંઠા રેફરલ હોસ્પિટલમાં સ્ટાફ અને દવાની વ્યવસ્થા**

૧૪૪૪ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) બનાસકાંઠાની ડીસા રેફરલ હોસ્પિટલમાં સ્ટાફ અને દવાના અભાવે દર્દીઓને ખાનગી દવાખાનામાં જવું પડે છે તે હકીક્ત સાચી છે, અને

(૧) ના, જી.

(૨) જો, હા, તો ગરીબ દર્દીઓને પૂરતા પ્રમાણમાં સારવાર મળે તે માટે સરકાર શી વ્યવસ્થા કરવા માંગે છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**રાજ્યની સ્ટાફ નર્સોને છૂટી કરવા અંગે**

૧૬૯૪ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૧ના ઠરાવ તા. ૨૧-૧૧-૨૦૦૧થી એડહોક ધોરણે તબીબી વિભાગ, તબીબી શિક્ષણ, આયુર્વેદ વિભાગ અને કામદાર રાજ્ય વિમા યોજના તમામમાં સ્ટાફ નર્સો લેવામાં આવેલ. તેમાં ૧૩૬૩ સ્ટાફ નર્સોને તા. ૧૬-૧૧-૨૦૦૬થી નિયમિત પગાર ધોરણમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે. જ્યારે ગુજરાત રાજ્ય કામદાર વિમા યોજનાની ૩૫ સ્ટાફ નર્સોને ૩ વર્ષ બાદ ત્રણ ઈજાફા આપ્યા પછી છૂટી કરવામાં આવેલ છે તેમને ક્યારે પરત લેવામાં આવશે.

(૨) આ અંગેની કામગીરી તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૩) બધી નર્સોને સાથેજ ભરતી કરવામાં આવેલ છતાં આ ૩૫ નર્સો માટે જ અલગ ધોરણો રાખવાના શા કારણો છે,

(૪) હાલમાં કામદાર રાજ્ય વિમા યોજનામાં સ્ટાફ નર્સોની કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૫) ૩૫ સ્ટાફ નર્સોને છૂટી કરવામાં આવી તે સમયે કેટલી જ્ગ્યાઓ ખાલી હતી?

**જવાબ**

(૧) કામદાર રાજ્ય વિમા યોજના હેઠળ ખાલી પડેલ સ્ટાફનર્સની બેકલોગની જ્ગ્યાઓ સામે બોન્ડેડ ઉમેદવારો તરીકે તદ્દન એડહોક ધોરણે તદ્દન હંગામી નિમણૂંક આપવામાં આવેલ, અને બોન્ડનો સમય પૂર્ણ થતાં સેવામાંથી છુટી કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ પરિસ્થિતિ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ | નિમણૂંક આપેલ નર્સોની સંખ્યા | ૧૭ |
| ૨ | નિમણૂંક્ની કાર્યવાહી ચાલુ છે તેવી નર્સોની સંખ્યા | ૦૭ |
| ૩ | પસંદગી યાદીમાં છે તેવી નર્સોની સંખ્યા | ૦૪ |
| ૪ | અરજીઓ મંગાવવામાં આવેલ છતાં અરજી ન મોકલેલ હોય તેવી નર્સોની સંખ્યા | ૦૬ |
| ૫ | સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં નિમણૂંક મળેલ છે તેવી નર્સની સંખ્યા | ૦૧ |

(૩) કામદાર રાજ્ય વિમા યોજના હેઠળની સ્ટાફનર્સની ભરતી પ્રક્રિયા અલગ છે.

(૪) ૧૬૮ જ્ગ્યાઓ

(૫) ૧૨૯ જ્ગ્યાઓ

---------------

**પાનમ સિંચાઈની પેટા ક્ચેરી દ્વારા ચેકડેમ તથા કેનાલનું રીપેરીંગ**

૧૧૪૬ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના પાનમ સિંચાઈ વર્તુળના પેટા વિભાગના શહેરા લુણાવાડાની પેટા ક્ચેરીમાં છેલ્લા એક વર્ષમાં ચેકડેમો તથા કેનાલ રીપેરીંગના કેટલા કામો કરવામાં આવ્યા,

(૨) સદરહુ પેટા ક્ચેરીના કરેલા કામોના ઈજારદારોને કેટલા નાણા ચૂકવવામાં આવ્યા, અને

(૩) જો બાકી રહ્યા હોય તો ચૂકવવા માંગો છો કે કેમ?

**જવાબ**

(૧) ચેકડેમ રીપેરીંગના ૭૨ કામો તથા કેનાલ રીપેરીંગના ૨૩ કામો કરવામાં આવ્યા.

(૨) રૂા. ૧૩૫.૫૯ લાખ

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**અમદાવાદ જિલ્લામાં ચેકડેમ બનાવવાની માંગણી**

૪૨૬ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના બગોદરા ગામ પાસે મીઠાપુર ગામ પાસે ગામ લોકોની ચેકડેમ બનાવવાની માંગણી વર્ષોથી ચાલે છે સિંચાઈ વિભાગે માટીનો ચેકડેમ બનાવેલ હતો પરંતુ તે તૂટી ગયેલ છે તો આ જ્યાએ પાકો ચેકડેમ બનાવવા સરકાર વિચારે છે, અને | (૧) તાંત્રિક દ્રષ્ટિએ શક્ય ના હોય તેમજ આર્થિક રીતે પોષણક્ષમ થતો ના હોય, ના, જી. |
| (૨) જો, હા, તો ક્યારે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------------

**રાજ્યમાં ચેકડેમોનું આયોજન**

૧૫૪૩ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુજલામ સુફલામ યોજના હેઠળ રાજ્યમાં મોટા ચેકડેમોનું શું આયોજન છે, અને | (૧) સુજલામ સુફલામ યોજના હેઠળ મૂળ આયોજન મુજબ રાજ્યમાં ૩૭૬ મોટા ચેકડેમ બનાવવાનું આયોજન છે. |
| (૨) તે ક્યાં સુધીમાં પૂરૂં કરવામાં આવશે? | (૨) ટેક્નોઇકોનોમિક ફિઝિબિલિટી અને નાણાંકીય ઉપલબ્ધી અનુસાર શક્ય તેટલા વહેલા પૂરા કરવામાં આવશે. |

---------------

**લખપત તાલુકામાં સી.એચ.સી. શરૂ કરવા અંગે**

૧૦૫૬ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના લખપત તાલુકાના દયાપર ખાતે સી.એચ.સી. મંજૂર થયા પછી શરૂ કરવામાં આવેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો ના, તો તેના કારણો શું છે, અને | (૨) અને (૩) દયાપર ખાતે તબદિલ થયેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર બનતી ત્વરાએ શરૂ કરવામાં આવશે. |
| (૩) ક્યારે શરૂ કરવામાં આવશે? | |

---------------

**અમરેલી જિલ્લામાં ચેકડેમો બનાવવાના આયોજન અંગે**

૧૬૯૧ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) :માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં ૮૦:૨૦ ની સ્કીમમાં જે ચેકડેમ બનાવવામાં આવેલ છે તેનું ત્યારે વરસાદને કારણે કેટલું નુક્સાન થયેલ છે, આ ચેકડેમો રીપેર કરવાનું શું આયોજન છે, અને | (૧) ૨૨ ચેકડેમને નુક્શાન થયેલ છે.<br>૯ ચેકડેમ રીપેર કર્યા.<br>બાકીના ચેકડેમો ટેક્નો-ઇકોનોમીક ફીઝીબીલીટી અને નાણાંકીય ઉપલબ્ધી અનુસાર આગામી ચોમાસા પહેલા રીપેર કરવાનું આયોજન છે. |
| (૨) નવી સ્કીમ મુજબ અમરેલી જિલ્લામાં કેટલા ચેકડેમ બનાવવામાં આવશે? | (૨) લોકજુથોનો પ્રતિસાદ ટેક્નો-ઇકોનોમીક ફીઝીબીલીટી અને નાણાકીય ઉપલબ્ધી અનુસાર ચેકડેમ બનાવવાનું આયોજન છે. |

---------------

**મોરબી તાલુકામાં મચ્છુ-૩ સિંચાઈ યોજનાનું કામ**

૫૪૪ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના મોરબી તાલુકામાં મચ્છુ-૩ સિંચાઈ યોજનાનું કામ ક્યારે આપવામાં આવેલ અને તે કામ પૂર્ણ કરવાની સમય મર્યાદા કેટલી | (૧) મચ્છુ-૩ યોજનાનું કામ તા. ૧૬-૭-૦૪ના રોજ આપવામાં આવેલ અને કામ પૂર્ણ કરવાની સમય મર્યાદા ૩૬ માસ હતી. |

હતી,

(૨) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કેટલું કામ પૂર્ણ કરેલ છે, અને

(૨) રૂા. ૨૯૧.૨૭ લાખનું કામ પૂર્ણ કરેલ છે.

(૩) કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) શક્ય તેટલું વહેલું પૂર્ણ કરવાનું આયોજન છે.

---------------

**વડોદરા જિલ્લામાં યાત્રાધામ સ્થળોની પસંદગી**

૧૬૪૬ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં યાત્રાધામ પ્રવાસન માટે ક્યા ક્યા સ્થળોની પસંદગી કરવામાં આવેલ છે, અને

(૨) તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં આ સ્થળોના વિકાસ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં યાત્રાધામ પ્રવાસન માટે એક પણ સ્થળની પસંદગી કરવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**યાત્રાધામો માટે બ્લ્યુ પ્રિન્ટ બનાવવા અંગે**

૧૦૬૪ **શ્રી સિદ્ધાર્થ ચી.પટેલ (ડભોઇ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના તમામ યાત્રાધામોના વિકાસ માટે સરકારે કોઈ બ્લુપ્રિન્ટ બનાવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ક્યા યાત્રાધામો માટે કઈ બ્લુ પ્રિન્ટ બનાવવામાં આવેલ છે, અને

(૩) તે મુજબ ક્યા ક્યા કામો શરૂ થયા છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

રાજ્યના તમામ યાત્રાધામોના વિકાસ માટે હાલ બ્લ્યુ પ્રિન્ટ તૈયાર નથી પણ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી જાણીતી સંસ્થા "સેપ્ટ" યુનિવર્સિટીને છ યાત્રાધામોના વિકાસ કામોની કાર્ય યોજના તૈયાર કરવા માટેની કામગીરી સોંપવામાં આવી રહી છે. આ પ્રકારે બ્લ્યુ પ્રિન્ટ તૈયાર થાય તે પહેલા સરકારશ્રી ધ્વારા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ મારફત આ યાત્રાધામોમાં કુલ-૧૩ કામો રૂા. ૪૩૬.૩૮ (અંકે રૂપિયા ચાર કરોડ છત્રીસ લાખ આડત્રીસ હજાર પુરા)ના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. આ સિવાય લોકભાગીદારીથી અને ગુજરાત પ્રવાસન નિગમ તરફથી તેમજ જે તે મંદિર ટ્રસ્ટના ભંડોળમાંથી કુલ -૩૦૭ કામો રૂા. ૧૫૦૦.૭૨ કરોડ (અંકે રૂપિયા પંદરસો કરોડ બોત્તેર લાખ પુરા)ના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

---------------

**આણંદ જિલ્લામાં કાંસની સફાઈ પાછળ ખર્ચ**

૧૧૫૩ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં આવેલ નહેરમાંથી તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કાંસની સફાઈ પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૨) ગેરરીતિ અન્વયે કેટલી ફરિયાદો મળી ?

**જવાબ**

(૧) રૂા. ૧૭૩૩.૦૧ લાખ.

(૨) ૧ (એક).

---------------

**સાવરકુંડલા શહેરમાં ગટર વ્યવસ્થાની સગવડ**

૧૬૧૦ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા શહેરમાં વર્ષો પહેલાં ભુગર્ભ ગટર કરવામાં આવેલ શહેરની વસ્તીમાં ૫૦% નો વધારો થયેલ છે. જેના કારણે ઘણા વિસ્તારમાં ગટરની કોઈ સુવિધા નથી આ માટે શહેરી વિભાગમાં ઘણા સમયથી માંગણી કરવામાં આવેલ છે. તે સરકાર જાણે છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો સાવરકુંડલા શહેરમાં રહેતા લોકોને ભુગર્ભ ગટરની સગવડતા આપવા માંગો છો, અને

(૨) દરખાસ્ત વિચારણા હેઠળ છે.

(૩) આ ગટર યોજના માટે સરકારમાં શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

(૩) નવા વિકસીત વિસ્તાર માટે ભુગર્ભ ગટર યોજના માટે નકશા તથા અંદાજો યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટી. અંતર્ગત બનાવવાની કાર્યવાહી કન્સલટન્ટ મારફત પ્રગતિમાં છે.

---------------

## પાનમ અને કડાણા ડેમની મરામત પાછળ ખર્ચ બાબત

૧૦૬૧ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ પાનમ અને કડાણા ડેમ ઉપર મરામત કરવા માટે છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) આ મરામતનું કામ ક્યા ઈજારદારને ક્યા પ્રકારનું કામ સુપ્રત કરેલ,

(૩) ઈજારદારોને ન આપવામાં આવેલ કામો કોના મારફતે કરવામાં આવેલા છે, અને

(૪) મરામત કામો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) રૂા. ૧૫૧.૯૦ લાખ.

(૨) સામેલ પત્રકમાં દર્શાવ્યા મુજબ.

(૩) ખાતાકીય રાહે.

(૪) રૂા. ૧૫૧.૯૦ લાખ.

**પત્રક**

**પાનમ અને કડાણા ડેમની મરામત પાછળ ખર્ચ બાબત**

| અ.નં. | ઈજારદારનું નામ | કામનો પ્રકાર |
|---|---|---|
| ૧ | ધી કનાવાડા વિભાગ મજુર કામદાર સહકારી મંડળી લિ. કનાવાડા. | કડાણા એડીશનલ સ્પીલવેથી કડાણા સેડલ ડેમ વચ્ચે પૂરથી થયેલ નુકશાનનું મરામતનું કામ. |
| ૨ | ધી મહી યોજના નવનિર્માણ સહકારી મંડળી લિ. કડાણા, તા. કડાણા | કડાણા વિલેજ રેસ્ટ હાઉસથી કડાણા ડેમ સુધીના રસ્તાનું મરામતનું કામ |
| ૩ | રાજેશકુમાર એલ. કેલા,<br>ભાગ્યોદય ઈલેકટ્રીક, આમીર રોડ, સંજય ચોક, પાલનપુર, જિ. બનાસકાંઠા | પાનમ ડેમના રેડીયલ ગેટને કલર કામ કરવાનું કામ. |
| ૪ | કુમાર એન્જીનીયરીંગ,<br>૧૦૫, જી. આઈ. ડી. સી., ભુરાવાવ રોડ, એફસીઆઈ ગોડાઉન સામે, ગોધરા. | પાનમ ડેમના રેડીયલ ગેટમાં રબર સીલ નાખવાનું કામ. |
| ૫ | ઈશાક વાય. સુરતી,<br>સલામત સોસાયટી, ઓકટ્રોય જકાત નાકા. ગોધરા | પાનમ ડેમના સ્ટીલ સ્ટ્રક્ચર્સ અને ગેટનું કલર કામ કરવાનું કામ. |
| ૬ | મે. રાધા ક્રિષ્ણા કન્સ્ટ્રકશન, અમદાવાદ. | રેડીયલ ગેટ નં. ૧૪નું રીપેરીંગ કામ. |
| ૭ | મે. અરવિંદકુમાર જી. ધીંગા, બાંડીબાર | રેડીયલ ગેટ, સ્ટોપલોગ અને ગેન્ટ્રી ક્રેનનું રંગકામ. |
| ૮ | આર. કે. એન્જીનીયર્સ, અમદાવાદ. | રેડીયલ ગેટના વાયર રોપ સોકેટની ૭૦ mmQ અને ૬૨ mmQ માઈલ્ડ સ્ટીલ પીન બનાવીને પુરી પાડવાનું કામ તથા મુખ્ય નિયંત્રકના દરવાજાના મરામતનું કામ |

-----------------

## આણંદ જિલ્લામાં મહી નદીના કિનારે રહેણાંક

૧૧૪૫ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પસાર થતી મહી નદીના કિનારે પાકા રહેણાંક મકાનો બનાવવામાં આવેલા છે તે અંગે જળ સંપત્તિ વિભાગના કેટલા અંતરે બાંધકામ કરવું તેવા નિયમો છે કે કેમ, અને

(૨) જો હા, તો નિયમો હોય તો આવા રહેણાંકના મકાનો માટે મંજૂરીઓ અપાઇ છે કે કેમ ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વાપી ખાતેના કામદાર રાજ્ય વીમા યોજના હોસ્પિટલમાં સંવર્ગવાર ખાલી જગ્યા**

૧૨૪૬ **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાપી ખાતેના કામદાર રાજ્ય વીમા યોજના સંચાલીત હોસ્પિટલમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ હોસ્પિટલમાં પુરતી સવલતો ઉપલબ્ધ નથી તે અન્વયે સરકાર દ્વારા આવી સુવિધા પૂરી પાડવા શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) વાપી ખાતેના કામદાર રાજ્ય વીમા યોજના સંચાલીત હોસ્પિટલમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ વર્ગ-૧ થી વર્ગ-૪ સુધીની મંજૂર થયેલ જગ્યા, ખાલી જગ્યા તથા જગ્યા કેટલા સમયથી ખાલી છે તે દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

(૨) સરકારે લીધેલ પગલાં નીચે મુજબ છે.
(૧) વીમા લાભાર્થીઓ માટે હોસ્પિટલમાં જરૂરી તબીબી સાધનો ઉપલબ્ધ કરાયેલ છે. (૨) ટાઈ-અપ વ્યવસ્થા હેઠળ હરીયા હોસ્પિટલ વાપી ખાતે ૨૭ સેશનો ફાળવાયેલ છે અને ૭૪ પથારી આરક્ષિત રખાયેલ છે (૩) ભાવિની હોસ્પિટલ વાપી ખાતે ૪ સેશનો અને ૧૦ પથારી આરક્ષિત કરાયેલ છે. ઉપરોક્ત પ્રયાસોથી વાપીના વીમા લાભાર્થીઓ માટે સુપર સ્પેશીયાલીટી સારવાર પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

**પત્રક**

**જનરલ હોસ્પિટલ, કામદાર રાજ્ય વીમા યોજના વાપી, ખાતેની તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ મંજૂર થયેલ અને ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર જગ્યા | ખાલી જગ્યા | કેટલા સમયથી ખાલી છે. |
|---|---|---|---|---|
| ૧ | ફીઝીશીયન, વર્ગ-૧ | ૧ | -- | -- |
| ૨ | સર્જન, વર્ગ-૧ | ૧ | -- | -- |
| ૩ | ઓર્થોપેડીક સર્જન | ૧ | -- | -- |
| ૪ | તજજ્ઞ વર્ગ-૧ ગાયનેકોલોજીસ્ટ | ૧ | ૧ | તા. ૩૦-૪-૦૬ |
| ૫ | એનેસ્થેટીસ્ટ | ૧ | -- | -- |
| ૬ | વિમા તબીબી અધિકારી, વર્ગ-૧ | ૧ | ૧ | તા. ૧-૫-૨૦૦૨ |
| ૭ | વિમા તબીબી અધિકારી, વર્ગ-૨ (એલોપથી) | ૯ | ૨ | તા. ૩૧-૩-૦૫ અને<br>તા. ૫-૧-૦૭ |
| ૮ | વિમા તબીબી અધિકારી, વર્ગ-૨ (આયુર્વેદ) | ૧ | -- | -- |
| ૯ | સીનીયર ક્લાર્ક | ૧ | -- | -- |
| ૧૦ | જુનીયર ક્લાર્ક | ૨ | ૧ | તા. ૭-૨-૨૦૦૭ |
| ૧૧ | લેબોરેટરી ટેક્નીશીયન | ૧ | -- | -- |
| ૧૨ | એક્સ-રે ટેક્નીશીયન | ૧ | -- | -- |
| ૧૩ | મેટ્રન | ૧ | ૧ | તા. ૧-૧૨-૦૬ |
| ૧૪ | સીસ્ટર ઈન્ચાર્જ | ૩ | ૧ | તા. ૩-૮-૦૭ |
| ૧૫ | સ્ટાફ નર્સ | ૧૫ | ૦૫ | ૩ જગ્યા તા. ૩૧-૮-૦૫<br>૪થી જગ્યા તા. ૧-૭-૦૬<br>૫મી જગ્યા તા. ૩૧-૧૦-૦૭ |
| ૧૬ | જુનીયર ફાર્માસીસ્ટ | ૩ | ૧ | તા. ૨૬-૧૧-૦૭ |
| ૧૭ | આયુર્વેદિક કંપાઉન્ડ | ૧ | ૧ | તા. ૨૭-૧૧-૦૭ |
| ૧૮ | વર્ગ-૪ | ૧૩ | -- | -- |
| | **કુલ ...** | ૫૭ | ૧૪ | -- |

-------------

## આણંદ જિલ્લામાં દરિયાનું ખારૂ પાણી અટકાવવા આયોજન

૧૨૪૪ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના બદલપુર ગામથી તિથોર સુધી દરિયાનું ખારૂ પાણી અટકાવવા માટે તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સરકારે આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) આ અંગે સત્વરે કામગીરી કરવા સરકારે શું પ્રયાસો કર્યા ?

**જવાબ**

(૧) અને (૨)

દરિયાનું પાણી અટકાવવા આડબંધનું આયોજન છે. જેની સર્વેક્ષણની કામગીરી પૂર્ણ કરેલ છે. તથા આલેખનની કામગીરી હાથ ઉપર છે. તાંત્રિક તથા નાણાંકીય શક્યતાદર્શી અહેવાલ આખરી થયેથી વિચારવામાં આવશે.

-------------

## ભરૂચ જિલ્લાની દહેજ પાણી પુરવઠા યોજનામાં વિલંબ

૫૨ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાની પીવાના પાણી પહોંચાડવાની દહેજ પાણી પુરવઠા યોજનાની કાર્યવાહીમાં ભારે વિલંબ થઇ રહ્યો છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) આ યોજના ક્યારે શરૂ કરવામાં આવી અને કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) તા. ૦૧-૧૧-૨૦૦૨ થી શરૂ કરી તા. ૧૬-૦૫-૦૭ના રોજ કાર્યાન્વિત કરેલ છે.

--------------

## કેન્યા દેશમાં થયેલા તોફાનોમાં સરકાર દ્વારા ગુજરાતી પરીવારોને મદદ

૧૨૫૯ **શ્રી લાલસિંહ ઉ.વડોદીયા (ઉમરેઠ) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્યા દેશમાં થયેલ આંતરિક તોફાનો દરમ્યાન ભોગ બનેલ ગુજરાતી પરિવારોને રાજ્ય સરકાર મદદરૂપ થવા માંગે છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં તોફાનોનો ભોગ બની ઘરબાર ગુમાવી બેઠેલા, આર્થિક નુકસાન ભોગવનાર ગુજરાતી પરિવારોને શું મદદ કેટલા પરિવારોને કરવામાં આવી, અને

(૩) વધુમાં સરકાર આગામી શું પગલાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ બાબત કેન્દ્ર સરકારના કાર્યક્ષેત્રમાં આવે છે. જે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી માનનીય વડાપ્રધાનશ્રીને વિનંતી કરવામાં આવેલ છે.

(૩) રાજ્ય સરકાર આ બાબતમાં કેન્દ્ર સરકારના સતત સંપર્કમાં છે અને જરૂરી આર્થિક પગલાં લેવા માટેના વિકલ્પ સૂચવવામાં આવેલ છે.

--------------

## સુરત અને તાપી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની ટાંકીઓ

૧૪૭૯ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત અને તાપી જિલ્લાનાં આદિવાસી વિસ્તારોના તમામ તાલુકાઓનાં ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલી પીવાનાં પાણીની ટાંકીઓનું બાંધકામ કરવામાં આવ્યું,

(૨) તે પૈકી હાલમાં પીવાના પાણીની કેટલી ટાંકીઓ કાર્યરત છે અને કેટલી બંધ હાલતમાં છે, અને

(૩) બંધ ટાંકીઓ કેટલા સમયમાં સરકાર કાર્યરત કરવા માંગે છે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | આદિવાસી તાલુકાની સંખ્યા | ટાંકીઓની સંખ્યા |
|---|---|---|
| સુરત | ૫ | ૧૬ |
| તાપી | ૫ | ૧૪ |
| | **કુલ ...** | **૩૦** |

(૨) ઉપરોક્ત બધી ટાંકીઓ કાર્યરત છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**અતિવૃષ્ટિથી ક્ષતિગ્રસ્ત થયેલ સિંચાઈ યોજનાઓ**

૧૪૯૯ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૭-૦૮ની અતિવૃષ્ટિના કારણે જામનગર જિલ્લાની કેટલી સિંચાઈ યોજના ક્ષતિગ્રસ્ત થયેલ છે, | (૧) ૧૮ (અઢાર) |
| (૨) આ ક્ષતિગ્રસ્ત યોજનાઓના દુરસ્તીકરણ માટેની કામગીરી ક્યારે હાથ ધરવામાં આવશે, અને<br>(૩) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) અને (૩)<br>૧૧-યોજનાની કામગીરી પૂર્ણ થયેલ છે. જ્યારે બાકીની યોજનાની દુરસ્તીકરણની કામગીરી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

**જસદણ તાલુકામાં ઘેલા સોમનાથ યાત્રા ધામના વિકાસ અર્થે કરેલ ખર્ચ**

૧૦૫૮ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના ઘેલા સોમનાથ પવિત્ર યાત્રાધામના વિકાસ અર્થે સરકારમાં ક્યા ક્યા પ્રોજેક્ટો ડિસેમ્બર ૨૦૦૭ સુધીમાં મુકાયા, | (૧) રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના ઘેલા સોમનાથ ખાતે વિકાસ કાર્ય માટે નીચે મુજબના પ્રોજેક્ટો ડીસેમ્બર-૨૦૦૭ સુધીમાં મુકાયા છે.<br>(૧) મંદિરના પ્રાંગણમાં દર્શનાર્થીઓને બેસવા કાસ્ટ આયર્ન બેંચિઝ તેમજ પીવાના પાણીની સુવિધાનું કામ.<br>(૨) અંડરગ્રાઉન્ડ હોલ અને તેના ઉપર ૧૨ રૂમ એટેચ બાથ-સંડાસ ઓસરી ઉતારનું કામ,<br>(૩) મંદિરના પ્રાંગણમાં મંદિરથી દક્ષિણ બાજુ ડોરમેટ્રી-૪ |
| (૨) તે પૈકીના કેટલા મંજૂર કરી કેટલાના કામ શરૂ કરવામાં આવ્યા, | (૨) ઉપર મુજબના ત્રણે કામ મંજૂર કરી શરૂ કરવામાં આવ્યા. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૩) કુલ ખર્ચ રૂા. ૫૨,૫૫,૦૦૦/-<br>(અંકે રૂા. બાવન લાખ પંચાવન હજાર પૂરા) |
| (૪) બાકીના ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે, તેની પાછળના ખર્ચનું આયોજન શું છે ? | (૪) આ ત્રણ કામો પૈકી ડોરમેટરી બ્લોક-૪નું કામ ચાલુ છે જેની પાછળ રૂા. ૨૩,૨૩,૫૦૦/- ના ખર્ચનું આયોજન છે. |

----------

**વડોદરા તાલુકામાં પીવાના પાણીની સમસ્યા**

૧૦૫૪ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા તાલુકામાં પુરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ હોવા છતાં ક્યા ક્યા ગામોમાં પીવાના પાણીની સમસ્યા છે, અને | (૧) કોઇપણ ગામોમાં પીવાના પાણીની સમસ્યા નથી. |
| (૨) તેના કારણો શું ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**ડાકોર યાત્રાધામના અધૂરા કામો**

૧૬૪૪ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાકોર યાત્રાધામ ખાતે યાત્રાધામ વિકાસ માટે કેટલી રકમ ક્યા ક્યા કામો માટે તા. ૩૧-૧૨-૦૭ની | (૧) અને (૨)<br>આ માહિતી પત્રક-અ માં સામેલ છે. |

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફાળવી, અને

(૨) આ ફાળવેલ રકમમાં કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા કામો અધૂરા છે ?

**પત્રક - અ**

**ડાકોર યાત્રાધામ ખાતે તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ગ્રાન્ટની ફાળવેલી રકમ તથા હાથ ધરવામાં આવેલ કામોની વિગતો :**

| ક્રમ | ફાળવેલ ગ્રાન્ટ દર્શા વતી સંસ્થા | કામનું નામ | ફાળવેલ રકમ | કામની સ્થિતિ |
|---|---|---|---|---|
| ૧ | ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ધ્વારા | ગોમતીઘાટ સુધારણા-૧ | રૂા. ૬૬,૩૩,૦૦૦/- (અંકે રૂપિયા છાસઠ લાખ તેત્રીસ હજાર પુરા) | પુર્ણ |
| | | ગોમતીઘાટ સુધારણા-૨ | રૂા. ૬૩,૯૧,૦૦૦/- (અંકે રૂપિયા ત્રેસઠ લાખ એકાણું હજાર પુરા) | પ્રગતિમાં |
| ૨ | કલેક્ટરશ્રી ખેડા ફાળવેલ પ્રવાસન ગ્રાન્ટમાંથી. | ૧. ડાકોર વિજયથી બોડાણા સ્ટેચ્યુ સુધીનો પ્રવેશ માર્ગ | રૂા. ૪,૦૮,૦૦૦/- (ચાર લાખ આઠ હજાર પુરા) | પુર્ણ |
| | | ૨. શામળાથીનું ડહેલું- બહુવિધ સંકુલ. | રૂા. ૩૪,૨૨,૦૦૦/- (ચોત્રીસ લાખ બાવીસ હજાર પુરા) | પ્રગતિમાં |
| | | ૩. ગોમતીઘાટ ઉપર હોડીઘાટ | રૂા. ૧૨,૮૦,૦૦૦/- (બાર લાખ એંશી હજાર પુરા) | પ્રગતિમાં |

----------

**સાવલી તાલુકામાં ચેકડેમ પૂરો કરવાની કાર્યવાહી**

૧૧૪૨ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં સુજલામ સુફલામ યોજના હેઠળ સાંઢાસાલ ગામે ચેકડેમ અધૂરો છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકારે પ્રાયોજકને કેટલી રકમ તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં અદા કરી છે, અને | (૨) રૂા. ૨૭.૯૦ લાખ. |
| (૩) આ ચેક ડેમ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) માર્ચ ૨૦૦૮ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે. |

----------

**દાહોદ જિલ્લામાં આયુર્વેદ સેન્ટરોમાં ડૉક્ટરોની ખાલી જ્ગ્યા**

૧૨૫૬ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ તાલુકાવાર કેટલાં આયુર્વેદિક સેન્ટરો કાર્યરત છે, અને

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ તાલુકાવાર ૨૦ આયુર્વેદિક સેન્ટરો કાર્યરત છે. તેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | દવાખાનાનું સ્થળ |
|---|---|---|
| ૧ | લીમખેડા | કાળીયારાઇ |
| ૨ | ,, | મંડેર |
| ૩ | ,, | દાસા |
| ૪ | ,, | અગારા |
| ૫ | ધાનપુર | રામપુર |

| | | |
|---|---|---|
| ૫ | ધાનપુર | રામપુર |
| ૬ | બારીયા | દેગાવાડા |
| ૭ | ,, | ગાંગરડા |
| ૮ | ગરબાડા | સહાડા |
| ૯ | ,, | ટુંકીવજુ |
| ૧૦ | ફતેપુરા | કુંડલા |
| ૧૧ | દાહોદ | ટાંડા |
| ૧૨ | ,, | ઉચવાણીયા |
| ૧૩ | ,, | ખરોદા |
| ૧૪ | ,, | ચોસાલા |
| ૧૫ | ,, | કઠલા |
| ૧૬ | ઝાલોદ | છાસીયા |
| ૧૭ | ,, | કારઠ |
| ૧૮ | ,, | ધોળા ખાખરા |
| ૧૯ | ,, | હિરોલા |
| ૨૦ | ,, | કરંબા |

(૨) આ કેન્દ્રોમાં કેટલા ડૉક્ટરોની જગ્યા ખાલી છે ?

(૨) આ કેન્દ્રોમાં ૧૪ ડૉક્ટરોની જગ્યા ખાલી છે.

----------

**સાબરકાંઠાને નર્મદા આધારીત પાઈપલાઈનથી આવરી લેવાનું આયોજન**

૧૪૪૯ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના તાલુકાવાર કેટલા ગામોને નર્મદા યોજના આધારિત પાણી પુરવઠો પાઈપલાઈન યોજના હેઠળ આવરી લેવાનું આયોજન હતું,

(૨) તે પૈકી કેટલા ગામોને આવરી લેવામાં આવ્યા છે, અને

(૩) બાકી રહેલા ગામોને ક્યાર સુધીમાં આવરી લઈને પીવાના પાણીનો પુરવઠો પહોંચાડવામાં આવશે ?

**જવાબ**

(૧) તાલુકાવાર નીચે મુજબ છે.

| **તાલુકો** | **ગામની સંખ્યા** |
|---|---|
| હિંમતનગર | ૧૩૩ |
| તલોદ | ૭૩ |
| પ્રાંતિજ | ૬૩ |
| બાયડ | ૧ |
| ભિલોડા | ૧ |
| **કુલ.** | **૨૭૧** |

(૨) તમામ ૨૭૧ ગામ આવરી લીધેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**વડીયા તાલુકામાં પી.એચ.સી. મંજૂર કરવા અંગે**

૧૬૧૪ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડીયા તાલુકાના કોઈ ગામમાં પી.એચ.સી. મંજૂર કરવામાં આવ્યું છે કે કેમ, | (૧) કુકાવાવ તાલુકાના વડીયા ગામે સામુહિક આરોગ્ય કેન્દ્ર કાર્યાન્વિત હોઇ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો ક્યારે મંજૂરી આપવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ કેન્દ્રમાં કેટલો સ્ટાફ મૂક્વામાં આવ્યો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**જૂનાગઢ જિલ્લાના સ્થળોનો યાત્રાધામ પ્રવાસન વિકાસ અન્વયે સમાવેશ**

૨૬૬ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) યાત્રાધામ પ્રવાસન વિકાસ અન્વયે જૂનાગઢ જિલ્લાના કેટલા સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે, | (૧) જૂનાગઢ જિલ્લામાં બે સ્થળોનો પવિત્ર યાત્રાધામ તરીકે સમાવેશ કરવામાં આવેલ છે.<br>(૧) સોમનાથ (૨) ગીરનાર |
| (૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં કુલ કેટલી ગ્રાન્ટ વિકાસ માટે ફાળવવામાં આવી, | (૨) અને (૩)<br>(૧) ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સોમનાથ માટે તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં કુલ રૂા. ૭૩.૬૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી અને તેની સામે રૂા. ૭૩.૬૦ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે ગીરનાર માટે રૂા. ૧૧૭.૧૮ લાખની ગ્રાન્ટ ફાળવી જેની સામે રૂા. ૪૩.૩૯ લાખનો ખર્ચો થયેલ છે.<br>(૨) ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા વેરાવળ/સોમનાથ માટે કુલ રૂા. ૪૮.૫૯ લાખની ગ્રાન્ટ ફાળવી જે સામે રૂા. ૨૭.૮૨ લાખનો ખર્ચ થયો છે. જ્યારે જૂનાગઢ/ગીરનાર માટે રૂા. ૫૪.૫૭ લાખની ગ્રાન્ટ ફાળવી છે. જે સામે રૂા. ૧૬.૫૯ લાખનો ખર્ચ થયો છે. |
| (૩) ફાળવેલ ગ્રાન્ટમાંથી ક્યા સ્થળ પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૩) ક્લેક્ટરશ્રી હસ્તક્ના જીલ્લા તંત્ર દ્વારા ગીરનાર માટે રૂા. ૧.૨૦ લાખની ગ્રાન્ટ ફાળવી જે સામે રૂા. ૧.૨૦ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે સોમનાથ માટે સોમનાથ મંદિર ટ્રસ્ટ અને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હોઇ, જીલ્લા તંત્ર દ્વારા કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી. |
| (૪) અધુરા કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૪) જેમ બને તેમ જલ્દીથી. |

**તાલુકા તથા જિલ્લા કક્ષાએ યાત્રાધામ વિકાસની સુવિધાઓ**

૧૬૪૦ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાલુકા તથા જિલ્લા કક્ષાએ યાત્રાધામ વિકાસ માટેના રસ્તાઓ, ધર્મશાળાઓ, સેનીટેશન બ્લોક્સ, વિજળીકરણ, પુજારી નિવાસ સ્થાન, ક્લોક રૂમ જેવી સરકારે જાહેર કરેલ સુવિધાઓ હજુ સુધી ઉપલબ્ધ કરાવવામાં આવી નથી તે હકીક્ત સાચી છે, અને<br>(૨) જો ના, તો ડિસેમ્બર-૦૭ અંતિત બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા યાત્રાધામોના સ્થળે આવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે ? | (૧) અને (૨)<br>આ હકિક્તો સાચી નથી. બનાસકાંઠામાં એક્માત્ર યાત્રાધામ શ્રી આરાસુરી અંબાજી માતાજી દેવસ્થાન આવેલ છે. આ માટે (૧) ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (૨) શ્રી આરાસુરી અંબાજી માતાજી દેવસ્થાન ટ્રસ્ટ (૩) જીલ્લા તંત્ર અને (૪) લોક્ભાગીદારી દ્વારા આ સાથેના પત્રક-**અ** અને **બ** માં દર્શાવ્યા મુજબ સુવિધાઓ ડીસેમ્બર-૦૭ અંતિત ઉપલબ્ધ કરવામાં આવી છે. |

તા.૧૧મી માર્ચ, ૨૦૦૮
અતારાંકિત પ્રશ્નો

## પત્રક - અ

| ૧. | **ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (૨) આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી અને (૩) લોકભાગીદારીથીશ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન, અંબાજી ખાતે નીચે મુજબની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.** |
|---|---|
| (૧) | રૂા. ૨૨.૦૦ લાખના ખર્ચે પંચામૃત શક્તિ ચોક્નું નિર્માણ કરી લોકાર્પણ કરવામાં આવ્યું. |
| (૨) | રૂા. ૧૨ લાખના ખર્ચે યાત્રિકો માટે જાહેર શૌચ-સ્નાન સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી. |
| (૩) | રૂા. ૭૦.૦૦ લાખના ખર્ચે યાત્રિકો માટે હવન શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું. |
| (૪) | રૂા. ૧૨૯.૦૦ લાખના ખર્ચે માન સરોવરનું લોકાર્પણ કરવામાં આવ્યું. |
| (૫) | રૂા. ૩.૦૦ લાખના ખર્ચે વૃધ્ધ યાત્રિકો માટે પ્રતિક્ષાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું. |
| (૬) | રૂા. ૯.૩૦ લાખના ખર્ચે મુખ્ય આમલસારાને સુવર્ણ જડિત કરવામાં આવ્યો. |
| (૭) | રૂા. ૧૧૦.૦૦ લાખના ખર્ચે મારૂં ગુર્જર શૈલીમાં બનાવેલ સ્થાપત્ય કલાના નમૂના રૂપ શક્તિદ્વારનું નિર્માણ કરવામાં આવ્યું. |
| (૮) | રૂા. ૪૮૦.૦૦ લાખના ખર્ચે નૃત્ય મંડપનું નવનિર્માણ કરવામાં આવ્યું. |
| (૯) | રૂા. ૫.૦૦ લાખના ખર્ચે નૃત્ય મંડપ પર ૨૮૮ નંગ સૂવર્ણ કળશ બનાવવા માટે તાંબા અને સુવર્ણ જડિત કામ લોકભાગીદારીથી પૂર્ણ કરવામાં આવ્યું. |

## પત્રક - બ
## જિલ્લા વહીવટી તંત્ર દ્વારા થયેલ વિકાસ કામો અને ખર્ચ

| અ.નં. | કામની વિગત | થયેલ ખર્ચ રૂપિયા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | રતનપુર મુકામે જંક્શન પર શક્તિચોક બનાવવાનું કામ | ૧૦૮૩૮૪૧.૦૦ |
| ૨ | માંગલ્ય વન ડેવલપમેન્ટ માટે ટ્રસ્ટ તરફથી આપેલ સહાય | ૨૫૦૦૦૦.૦૦ |
| ૩ | હડાદથી અંબાજી તથા રતનપુરથી અંબાજી વચ્ચે પગપાળા યાત્રિકોને બેસવા માટે બાંકડાઓની વ્યવસ્થા (નંગ-૨૪૩) | ૧૭૬૯૦૪.૦૦ |
| ૪ | પગપાળા યાત્રિકો માટે દાંતાથી અંબાજી રોડ ઉપર જુદી જુદી પાંચ જગ્યાઓએ બનાવેલ શૌચાલય બ્લોક. | ૪૧૬૮૦૭.૦૦ |
| ૫ | યાત્રિકો માટે મફત સુવાની સગવડ ટેન્ટ બાંધીને કરેલ તે સ્થળ જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડથી માનસરોવર - કૈલાસ ટેકરી એપ્રોચ રોડ સુધી સિમેન્ટ, કોંક્રીટ રોડ બનાવવાનું કામ. | ૨૮૬૬૬૧.૦૦ |
| ૬ | કોટેજ હોસ્પિટલનું કલરકામ. | ૭૮૫૭૯.૦૦ |
| ૭ | ડી.કે.ત્રિવેદી સર્કલથી જુના નાકા સુધીના રસ્તાનું સમારકામ તથા દાંતા-અંબાજી રોડ ઉપર આવેલ કોઝ-વે ઉપર પાઇપ રેલીંગ લગાવવાનું કામ (મા.મ. વિભાગ, પાલનપુરના મારફતે). | ૭૦૬૪૧૨.૦૦ |
| ૮ | ફ્લાય ઓવર બ્રીજના છેડે શક્તિદ્વાર બનાવવાનું કામ. | ૫૬૦૫૮૩.૦૦ |
| ૯ | સભામંડપના પ્રથમમાળની આર્ચામાં પિત્તળની ગ્રીલ બનાવવાનું કામ. | ૧૧૦૩૮૬૪.૦૦ |
| ૧૦ | ગબ્બર ઉપર યાત્રિકોને બેસવાના શેડ રીપેરીંગ કામ. | ૨૮૫૪૭.૦૦ |
| ૧૧ | ગ્રામ પંચાયતની હાઇસ્કૂલમાં રીપેરીંગ કામ. | ૧૩૮૬૧.૦૦ |
| ૧૨ | એસ.ટી.બ્લોક્ના બાંકડા પર માર્બલ ફીટીંગ. | ૩૮૯૪૬.૦૦ |
| ૧૩ | પૌરાણિક શિવમિંદરમાં (અંબાજી મંદિરને અડીને આવેલ કલામંદિર સામે) યાત્રિકોને બેસવા સારૂં પતરાનો શેડ બનાવવાનું કામ | ૨૩૭૫૩.૦૦ |
| ૧૪ | વી.આઇ.પી.પાર્કીંગમાં બેઠક વ્યવસ્થા તથા કોટા સ્ટોનનું ફ્લોરીંગ કામ | ૬૫૨૮૩.૦૦ |
| ૧૫ | પોડીયમમાં ભંડાર ગણતરી રૂમ | ૪૪૮૦૭.૦૦ |
| ૧૬ | કૈલાસ ટેકરી મહાદેવ મંદિરના ઉત્તર દિશા તરફના ભાગમાં માર્બલ ફ્લોરીંગનું કામ | ૧૭૯૨૭૯.૦૦ |
| ૧૭ | શ્રી અંબિકા ભોજનાલયના રસોડામાં ગ્રેનાઇટનું પ્લેટફોર્મ બનાવવાનું કામ | ૧૦૪૭૬૨.૦૦ |
| ૧૮ | જગદજનની પથિકાશ્રમ ખાતે નિયોન બોર્ડ બનાવવાનું કામ | ૧૦૦૦૦૦.૦૦ |
| ૧૯ | વૃધ્ધો માટે મંદિર ચોકમાં પ્રતિક્ષાલય બનાવવાનું કામ | ૩૦૦૦૦૦.૦૦ |
| ૨૦ | ભાદરવી પૂર્ણિમાએ કલક્ત્તી સ્પે. રોશનીની કામગીરી | ૧૨૫૫૫૦.૦૦ |
| ૨૧ | ભાદરવી પૂર્ણિમાએ લાઇટીંગની કામગીરી | ૨૫૩૮૭૯.૦૦ |

| અ.નં. | કામની વિગત | થયેલ ખર્ચ રૂપિયા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૨૨ | ભાદરવી પૂનમે સુવાની મફ્ત સગવડ કરવા, શૌચાલયો તથા જમવાની સગવડ કરવા માટે મંડપ તથા અન્ય વ્યવસ્થા (ડોનેશન મેળવીને) | ૨૨૪૯૫૪૦.૦૦ |
| ૨૩ | ભાદરવી પૂર્ણિમાએ પ્રવાસન વર્ષ  નિમિતે યાત્રિકોને સૂચના તથા માર્ગદર્શન માટે મોટા હોર્ડિંગ્સ બનાવવાનું કામ | ૧૨૮૮૮૫.૦૦ |
| ૨૪ | નૃત્ય મંડપમાં વચ્ચેના દરવાજા આગળ ડેકોરેટીવ પિત્તળની ગ્રીલ બનાવવા બાબત | ૨૩૯૨૫૯.૦૦ |
| ૨૫ | મીટીંગ હોલમાં પ્રેઝન્ટેશન તથા ધાર્મિક ઉત્સવોમાં પ્રદર્શન માટે મલ્ટીમીડીયા પ્રોજેક્ટર | ૭૯૮૭૫.૦૦ |
| ૨૬ | મા અંબાના ચોકમાં હવનશાળા બનાવવાનું કામ. | ૭૦૦૦૦૦૦.૦૦ |
| ૨૭ | લોકભાગીદારીથી સુવર્ણમય આંબલસારા તથા ધ્વજદંડ પ્રતિષ્ઠિત કરવાનું કામ (સોના સહિતની અંદાજિત કિંમત) | ૯૦૦૦૦૦૦.૦૦ |
| ૨૮ | શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની સંસ્થાઓમાં સોલાર વોટર હીટર સીસ્ટમ લગાડવાનું કામ. | ૯૦૦૦૦૦.૦૦ |
| ૨૯ | અંબાજીના ત્રણેય મુખ્ય હાઇવેરોડ ઉપર ડેકોરેટીવ સ્ટોનના મુખ્ય પ્રવેશ દ્વાર બનાવવાનું કામ | ૨૧૧૧૩૦૫.૦૦ |
| ૩૦ | માનસરોવર વિકાસ-ડેકોરેટીવ સ્ટોન વર્ક (ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ગાંધીનગર દ્વારા ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી) | ૭૩૪૪૭૬૮.૦૦ |
| | કુલ રૂા. : | **૩,૪૯,૯૫,૯૫૦.૦૦** |

----------

## જળસંચય યોજનાના પ્રતિસાદ માટે પ્રક્રિયામાં ફેરફાર

૧૫૪૭ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાને પહેલા જેવો લોક પ્રતિસાદ મળતો નથી તે બાબત સરકારનાં ધ્યાન ઉપર આવેલ છે,

(૨) જો હા, તો એના કારણો શાં છે એના નિરાકરણ માટે સરકારે યોજનાના ઢાંચા માટે પ્રક્રિયામાં કોઈ ફેરફાર કરવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો કેવા પ્રકારના ફેરફાર કરવા માંગે છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

આ હકીક્ત સાચી નથી. મોટાભાગના જીલ્લામાં લોકફાળો ભરવાની સંમતિ સાથે ચેકડેમ બનાવવા માટેની માંગણી-અરજીઓ આવેલ છે. જેની વિવિધ તબક્કે કાર્યવાહી ચાલી રહી છે આમ લોક પ્રતિસાદ સારો મળતો હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## બનાસકાંઠા જિલ્લામાં પીવાના પાણીની વ્યવસ્થા

૧૪૪૫ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના તાલુકાવાર કેટલા ગામોમાં પીવાના પાણીની વ્યવસ્થા નથી,

(૨) આ ગામોમાં અત્યારે લોકો ક્યાંથી કેવી રીતે પીવાનું પાણી મેળવે છે, અને

(૩) આ ગામોને પીવાના પાણીની તક્લીફમાંથી મુક્ત કરવા સરકારે કાયમી ધોરણે શું આયોજન કર્યુ છે?

**જવાબ**

(૧) જિલ્લાના તમામ ગામોમાં પીવાના પાણીની વ્યવસ્થા છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) હાલમાં તક્લીફ નથી પરંતુ લાંબા ગાળાના આયોજન તરીકે જળાશયો તથા નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજનાઓ હાથ ધરવાનું આયોજન કરેલ છે.

----------

## હેન્ડપંપ રીપેરનું કામ ગ્રામ પંચાયતને સોંપવા અંગે

૧૬૯૫ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષથી પાણી પુરવઠા વિભાગે હેન્ડપંપ રીપેરીંગનું કામકાજ ગ્રામ પંચાયત હસ્તક સોંપવામાં આવ્યું છે એના શાં કારણો છે, અને

(૨) હેન્ડપંપ દીઠ દર વર્ષે કેટલી રકમ

**જવાબ**

(૧) સ્થાનિક કક્ષાએથી મરામત અને નિભાવણીની ફરિયાદો ત્વરિત નિકાલ થાય અને લાભાર્થીઓને નિયમિત પાણી પુરવઠો પૂરતા પ્રમાણમાં મળી રહે તે હેતુથી.

(૨) જે ગામમાં કાર્યરત હેન્ડપંપની સંખ્યા ૧ થી ૫

ફાળવવામાં આવે છે ?

હોય ત્યાં હેન્ડપંપ દીઠ મરામત અને નિભાવણી માટે વાર્ષિક રૂા. ૬૦૦/- અને જે ગામમાં કાર્યરત હેન્ડપંપની સંખ્યા ૬ થી વધારે હોય ત્યાં હેન્ડપંપ દીઠ રૂા. ૫૦૦/- સહાયક અનુદાનની રકમ ફાળવવામાં આવે છે. આ ઉપરાંત હેન્ડપંપની મરામત માટે તાલીમ તથા ટુલ કીટ આપવાની કામગીરી પણ હાથ પર છે.

----------

**પંચમહાલ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડૉક્ટરો**

૧૧૪૭ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે, અને

(૧) ૬૪

(૨) તેમાં કેટલાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉપર એમ.બી.બી.એસ. ડોકટરો છે ?

(૨) ૨૯

----------

**અમદાવાદ જિલ્લામાં નર્મદાના પીવાના પાણીની યોજના**

૪૨૭ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં નર્મદાનું શુધ્ધ પીવાનું પાણી આપવાની યોજના છે, તેમાં અમદાવાદ જિલ્લામાં ક્યારે પાણી આપવાની યોજના હતી,

(૧) ૫૩૫ ગામોને સપ્ટેમ્બર - ૨૦૦૭

(૨) કેટલા ગામોને પાણી ૨૦૦૭ ના વર્ષમાં આપ્યું,

(૨) ૩૨૮ ગામોને

(૩) ધોળકા, બાવળા, સાણંદ તાલુકામાં કેટલા ગામોને પાણી મળ્યું, કેટલા ગામો બાકી છે,

(૩) નીચેની વિગતે કુલ ૯૬ ગામોને મળેલ અને ૮૭ ગામોને પાણી આપવાનું બાકી છે.

| તાલુકો | તાલુકાના કુલ ગામો | પાણી અપાતા ગામો | પાણી આપવાનું બાકી રહેતા ગામો |
|---|---|---|---|
| ધોળકા | ૭૦ | ૪૨ | ૨૮ |
| બાવળા | ૪૭ | ૧૦ | ૩૭ |
| સાણંદ | ૬૬ | ૪૪ | ૨૨ |
| **કુલ :** | **૧૮૩** | **૯૬** | **૮૭** |

(૪) તે ક્યારે પાણી આપવામાં આવશે, અને

(૪) શક્ય તેટલું ઝડપથી

(૫) મોડું થવાના કારણો શાં છે ?

(૫)

૧) રેલ્વે ક્રોસીંગ, નેશનલ હાઇવે ક્રોસીંગ અને કેનાલ ક્રોસીંગ માટેની મંજૂરી મળવામાં વિલંબ થવાથી.

૨) ગેસ / તેલની પાઇપ લાઇનોને ક્રોસીંગ કરવા માટેની મંજૂરી મળવામાં વિલંબ થવાથી.

૩) નળસરોવર પક્ષી અભ્યારણમાંથી પાઇપ લાઇન પસાર કરવા માટેની મંજૂરી મળવામાં વિલંબ થવાથી.

૪) ખેતરમાં ઉભા પાકમાં પાઇપ લાઇન નાખવાના કામમાં ખેડૂતો દ્વારા વિક્ષેપ ઉભો કરવાથી મોડું થયેલ છે.

----------

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના પ્રતિસાદ માટે પ્રક્રિયામાં ફેરફાર**

૧૫૪૪ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાને પહેલા જેવો લોક પ્રતિસાદ મળતો નથી તે બાબત સરકારનાં ધ્યાન ઉપર આવેલ છે કે કેમ, | (૧) આ હકિક્ત સાચી નથી. મોટા ભાગના જીલ્લામાં લોકફાળાની સંમતિ સાથે ચેકડેમ બનાવવા માટેની માંગણી-અરજીઓ આવેલ છે જ. જેની વિવિધ તબક્કે કાર્યવાહી ચાલી રહી છે. આમ લોક પ્રતિસાદ ખૂબજ સારો મળી રહયો છે. |
| (૨) જો હા, તો એના કારણો શાં છે એના નિરાકરણ માટે સરકારે યોજનાના ઢાચા માટે પ્રક્રિયામાં કોઈ ફેરફાર કરવા માંગે છે કે કેમ, અને<br>(૩) જો હા, તો કેવા પ્રકારના ફેરફાર કરવા માંગે છે ? | (૨) અને (૩)<br>ના, જી. |

----------

**સાવરકુંડલા શહેરમાં મહી પરીએજ યોજના હેઠળ પીવાના પાણી માટેની કાર્યવાહી**

૧૬૧૧ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા શહેરમાં પીવાના પાણી માટે મહી પરીએજ યોજનાનું કામ પાઈપલાઈન, સમ્પ, ટાંકી વગેરે પૂર્ણ થવામાં છે, અને શહેરના સમ્પ સુધી મહી પરીએજ યોજનાનું પાણી આવી ગયેલ છે તો શહેરી વિસ્તારને પાણી આપવા માટે પાણી પુરવઠા વિભાગને માંગણી મૂકવામાં આવેલ છે. છતાં પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણી આપવામાં આવેલ નથી તે સરકાર જાણે છે, | (૧) ના, જી.<br>વર્ષ ૨૦૦૩-૦૪માં તથા ૨૦૦૪-૦૫માં નગરપાલિકાની માંગણી અન્વયે પાણી આપેલ છે તથા ત્યારબાદ ૧૫-૦૨-૦૮ સુધીમાં નગરપાલિકા તરફથી કોઇ માંગણી આવેલ નથી. |
| (૨) જો હા, તો નગરપાલિકામાં રહેતા લોકોને પીવાનું પાણી આપવામાં આવશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેના માટે શું કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**શહેરા અને લુણાવાડા તાલુકામાં સ્વજલધારા યોજના હેઠળ અરજીઓ**

૧૦૬૨ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શહેરા અને લુણાવાડા તાલુકામાં કઈ કઈ ગ્રામ પંચાયતોએ સ્વજલધારા યોજના હેઠળ અરજીઓ કરી,

**જવાબ**

(૧) નીચેની વિગતે

| **તાલુકો** | **ગ્રામ પંચાયત** |
|---|---|
| શહેરા | ૧. પાદરડી<br>૨. નાંદરવા<br>૩. ખોજલવાસ<br>૪. સુરેલી<br>૫. રેણા |
| **તાલુકો** | **ગ્રામ પંચાયત** |
| લુણાવાડા | ૧. ચાવડીબાઇની મુવાડા<br>૨. કાક્ચીયા<br>૩. લીંબોદ્રા<br>૪. આંક્લવા<br>૫. મહેતાના ચાક્લીયા<br>૬. હરદાસપુર<br>૭. સરકારી ચમારીયા<br>૮. પટ્ટણ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર

(૨) બધી જ અરજીઓ મંજૂર કરેલ છે.

કરી અને કેટલી નામંજૂર કરી, અને

(૩) નામંજૂર કરવાના કારણો શું છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**આણંદ જિલ્લાના કાંઠા વિસ્તારના ગામોમાં પીવાનું પાણી શુધ્ધ કરવા આયોજન**

૧૨૪૫ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લાના બોરસદ અને આંક્લાવ તાલુકાના કાંઠા વિસ્તારના ગામોમાં પીવાના પાણી પીવા લાયક રહ્યા નથી તે હકીક્તથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ ગામોનું શુધ્ધ પીવાનું પાણી મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ગુણવત્તાની અસરવાળા ગામોને શુધ્ધ પીવાનું પાણી મળે તે માટે કુલ ૪૨ ગામો પૈકી ૨૪ ગામોના કામો પૂર્ણ કરેલ છે, ૧૩ ગામોના કામો પ્રગતિ હેઠળ છે અને ૫ ગામોમાં નવા સોર્સ આધારિત યોજના બનાવવાનું આયોજન છે.

----------

**ભરૂચ જિલ્લામાં મેડીકલ ઓફીસર અને ડૉકટરોની ખાલી જગ્યાઓ**

૫૩ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧ ડીસેમ્બર-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં કુલ કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને આયુર્વેદિક દવાખાનાઓમાં મેડીકલ ઓફીસરો અને ડૉકટરોની કુલ કેટલી મંજૂર થયેલ જગ્યા સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) સામેલ પત્રક-૧ મુજબ

**પત્રક-૧**

**ભરૂચ જિલ્લામાં સા.આ.કેન્દ્ર/પ્રા.આ.કેન્દ્રો/આયુર્વેદ દવાખાનામાં વર્ગ-૧ અને વર્ગ-૨ના તબીબોની ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક (તા.૩૧-૧૨-૦૭ અંતિત)**

| સા.આ.કેન્દ્રો/પ્રા.આ. કેન્દ્રો/આયુર્વેદિક દવાખાનાઓની સંખ્યા | મંજુર જગ્યાઓ | | | ખાલી જગ્યાઓ | | | ખાલી જગ્યાની તારીખ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | તજજ્ઞ વર્ગ-૧ | તબીબી અધિકારી વર્ગ-૨ | આયુર્વેદ તબીબી અધિકારી વર્ગ-૨ | તજજ્ઞ વર્ગ-૧ | તબીબી અધિકારી વર્ગ-૨ | આયુર્વેદ તબીબી અધિકારી વર્ગ-૨ | તજજ્ઞ વર્ગ-૧ | તબીબી અધિકારી વર્ગ-૨ | આયુર્વેદ તબીબી અધિકારી વર્ગ-૨ |
| સા.આ.કેન્દ્રો-૮ | ૧૦ | ૨૦ | — | ૭ | ૨ | — | ૦૧/૦૮/૦૪<br>૦૧/૦૮/૦૪<br>૩૦/૦૫/૦૦<br>૩૦/૦૪/૯૮<br>૧૨/૧૦/૯૮<br>૦૨/૧૨/૦૩<br>૦૬/૦૨/૦૪ | ૦૪/૦૫/૦૭<br>૦૨/૦૪/૦૭ | — |
| પ્રા.આ.કેન્દ્રો-૩૭ | — | ૩૭ | — | — | ૫ | — | — | ૩૧/૧૨/૦૪<br>૦૨/૦૬/૦૭<br>૧૪/૧૧/૦૭<br>૧૪/૧૧/૦૭<br>૦૧/૦૯/૦૭ | — |
| આયુ.દવાખાના-૧૫ | — | — | ૧૫ | — | — | ૮ | — | — | /૪/૦૭<br>/૩/૦૦<br>/૩/૦૦<br>/૯/૦૭<br>/૬/૦૫<br>/૭/૦૭<br>/૯/૯૧<br>/૪/૦૦ |

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શી

(૨)

કાર્યવાહી કરી ?

(૧) તજજ્ઞ વર્ગ-૧ની તમામ સંવર્ગની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા ગુજરાત જાહેર સેવા આયોગને માંગણી પત્રકો મોકલાવેલ છે અને કમિશ્નરશ્રી આરોગ્યની કચેરીમાં દર મંગળવારે વોક ઇન ઇન્ટરવ્યુ યોજવામાં આવે છે.

(૨) મેડીકલ ઓફીસર વર્ગ-૨ની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા અંગેની કાર્યવાહી ચાલુ છે.

(૩) મેડીકલ ઓફીસર વર્ગ-૨ (આયુર્વેદ) ની સીધી ભરતીની કુલ-૨૩૮ ખાલી જગ્યાઓ માટે માંગણી પત્રકો ગુજરાત જાહેર સેવા આયોગને મોકલેલ છે.

(૪) અન્ય ખાલી પડેલ જગ્યાઓ એડહોક ધોરણે ભરવા નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિ, ગાંધીનગરની કચેરીએ જાહેરાત આપી યોગ્ય કાર્યવાહી હાથ ધરેલ છે.

----------

## સુરત અને તાપી જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની સુવિધા

૧૪૮૦ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત અને તાપી જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં તમામ તાલુકાઓનાં ગ્રામ્ય વિસ્તારોમાં તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલા ગામોમાં પીવાનાં પાણીની સુવિધા નથી,

(૨) આ ગામોમાં પીવાનું પાણી પુરું પાડવા માટે સરકાર નવી ટાંકીઓનું બાંધકામ કરવા માંગે છે, અને

(૩) જો હા, તો સરકાર કેટલા સમયમાં નવી ટાંકીઓનું બાંધકામ કરીને પૂર્ણ કરશે ?

**જવાબ**

(૧) તમામ ગામોમાં સુવિધા છે.

(૨) હા, જી

(૩) નાણાકિય ઉપલબ્ધી અનુસાર ક્રમશઃ પૂર્ણ કરવાનું આયોજન છે.

----------

## જામનગર જિલ્લામાં ડૉક્ટર અને નર્સની ખાલી જગ્યાઓ

૧૫૦૦ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧, ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ જામનગર જિલ્લાના ક્યાં ક્યાં તાલુકામાં ડૉક્ટર અને નર્સની જગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર ડૉક્ટર અને નર્સની ખાલી જગ્યાની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તબીબી અધિકારી વર્ગ-૨ | નર્સ |
|---|---|---|
| ૧. જામનગર | ૬ | ૧૧૯ |
| ૨. ધ્રોળ | ૨ | ૩ |
| ૩. જોડીયા | ૫ | ૪ |
| ૪. કાલાવાડ | ૧ | ૨ |
| ૫. જામજોધપુર | ૪ | ૦ |
| ૬. ભાણવડ | ૨ | ૦ |
| ૭. લાલપુર | ૨ | ૦ |
| ૮. ખંભાળીયા | ૨ | ૯ |
| ૯. જામકલ્યાણપુર | ૫ | ૫ |
| ૧૦. દ્વારકા | ૨ | ૧ |
| **કુલ...** | **૩૧** | **૧૪૩** |

(૨) કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ક્યા ક્યા તાલુકામાં ડૉક્ટરોને સેવા મુક્ત કર્યા, ક્યા કારણોસર,

(૩) એડહોક અને નબળી કામગીરી જેવા કારણોસર કેટલા ડૉક્ટરોને ફરજ મુક્ત કર્યા અને ક્યાંના,

(૪) ત્યાં લોકોની જરૂરીયાત મુજબ શું વ્યવસ્થા કરવામાં આવી, અને

(૫) બાકી રહેતી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

(૨) કોઇ તબીબી અધિકારી વર્ગ-૨ ને સેવા મુક્ત કરેલ નથી.

(૩) એડહોક અને નબળી કામગીરી જેવા કારણોસર કોઇ તબીબી અધિકારી વર્ગ-૨ ને ફરજ મુક્ત કરેલ નથી.

(૪) અને (૫)

(૧) તબીબી અધિકારી વર્ગ-૨ની ખાલી જગ્યાઓમાં સીધી ભરતીથી ભરવા અંગેની કાર્યવાહી ચાલુ છે તેમજ ઓપન ઇન્ટરવ્યુથી પણ જગ્યાઓ ભરવામાં આવે છે.

(૨) જામનગર જિલ્લામાં ફેબ્રુ.-૨૦૦૮માં કુલ-૫૧ સ્ટાફ નર્સના નિમણૂંક્ના આદેશ કરવામાં આવેલ છે.

(૩) નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત ફિક્સ પગારથી તબીબ અધિકારી તથા સ્ટાફ નર્સની નિમણૂંક કરવાની સત્તા સ્થાનિક ક્ક્ષાએ આપેલ છે.

(૪) આયુષ ડોક્ટર્સને નિમણુંક આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

----------

**જસદણ તાલુકામાં પી.પી. યુનિટમાં સ્ટાફની ખાલી જગ્યાઓ**

૧૦૫૯ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના જસદણ ખાતે આવેલ પી.પી. યુનિટમાં તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ મેડીકલ અને પેરામેડીકલ સ્ટાફની કેટલી જગ્યાઓ ખાલી છે અને કેટલી ભરાયેલ છે, અને

(૨) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ પી.પી. યુનિટ જસદણ જિલ્લા રાજકોટ ખાતે મેડીકલની-૨ જગ્યા તથા પેરામેડીકલની-૪ જગ્યા ખાલી છે. પરંતુ હાલમાં પીડીયાટ્રીશ્યન સિવાયની તમામ ખાલી જગ્યાઓ ઉપર જરૂરીયાત મુજબ પ્રતિનિયુક્તિના ધોરણે અધિકારીઓ / કર્મચારીઓ કામગીરી સંભાળે છે.

(૨) હાલમાં જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુમાં છે. ઉમેદવારો ઉપલબ્ધ થયે જગ્યાઓ સત્વરે ભરવામાં આવશે.

----------

**ચેકડેમો બાંધવાનું આયોજન**

૧૫૪૮ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન કઈ કઈ મોટી નદીઓ પર ચેકડેમો બાંધવાનું સરકારે આયોજન કરેલ છે,

(૨) તે પૈકી તા.૩૧-૧-૦૮ સુધીમાં કેટલા ચેકડેમો બન્યા, અને

(૩) તેમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) આની, ભારજ, ઢાઢર, કરાડ, મેશરી, દેવ, મેન, પાનમ, અનાસ, ગોમા, કુણ, ચીકણી, હાથમતી. માઝમ, ખારી (મહેસાણા) નિલકા, ભાદર, ઉતાવળી, લીંબડી-ભોગાવો, વઢવાણ-ભોગાવો, બ્રાહમણી, કંકાવટી (ખારી), ઉન્ડ,મણવર, હિરણ, વ્રજમી, નોલી, ખારો, રાવળ, ધાતરવડી, ગાંગડીયો, કાળુભાર, ફુલઝર, ગોમા, ઘેલો, કેરી, પાડલીયો, ખલખલીયો, માલણ, ભાદ્રોડી, સોરઠી, મીણસાર, ઉન્ડ, ઓઝત,

(૨) ૩૫

(૩) ૨૦૮૧.૧૬ લાખ

----------

**ચેકડેમો બાંધવાનું આયોજન**

૧૫૪૫ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન કઈ કઈ મોટી નદીઓ પર ચેકડેમો બાંધવાનું સરકારે આયોજન કરેલ છે, | (૧) આની, ભારજ, ઢાઢર, કરાડ, મેશરી, દેવ, મેન, પાનમ, અનાસ, ગોમા, કુણ, ચીકણી, હાથમતી. માઝમ, ખારી (મહેસાણા) નિલકા, ભાદર, ઉતાવળી, લીંબડી-ભોગાવો, વઢવાણ-ભોગાવો, બ્રાહમણી, કંકાવટી (ખારી), ઉન્ડ, મણવર, હિરણ, વ્રજમી, નોલી, ખારો, રાવળ, ધાતરવડી, ગાંગડીયો, કાળુભાર, ફુલઝર, ગોમા, ઘેલો, કેરી, પાડલીયો, ખલખલીયો, માલણ, ભાદ્રોડી, સોરઠી, મીણસાર, ઉન્ડ, ઓઝત, |
| (૨) તે પૈકી તા.૩૧-૧-૦૮ સુધીમાં કેટલા ચેકડેમો બન્યા, અને | (૨) ૩૫ |
| (૩) તેમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) ૨૦૮૧.૧૬ લાખ |

----------

# શોકદર્શક ઉલ્લેખો

**ગુજરાત વિધાનસભાના પૂર્વ મંત્રી સ્વ.ડૉ. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, પૂર્વ સભ્ય સ્વ.શ્રી નાનાલાલ ચોક્સી, સ્વ.શ્રી હિંમતસિંહજી વિજયરાજજી અને સ્વ.શ્રી માધુભાઈ જે.ભોયેના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો**

**ગુજરાત વિધાનસભાના પૂર્વ મંત્રી સ્વ.ડૉ. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ.**

**શ્રી નરેન્દ્રભાઈ મોદી સભાગૃહના નેતાશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી ડૉ. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલનું તારીખ પહેલી માર્ચ, ૨૦૦૮ના રોજ ૯૩ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ પાંચમી જાન્યુઆરી, ૧૯૧૫ના રોજ થયો હતો. સ્વર્ગસ્થશ્રી પટેલે મૅડિકલ કૉલેજ મુંબઈ ખાતે અભ્યાસ કરી તબીબી ક્ષેત્રની પદવીઓ પ્રાપ્ત કરી અને તબીબી સેવામાં જોડાયા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થશ્રી પટેલે વડોદરા મ્યુનિસિપલ કોરપોરેશનના મેયર, અખિલ ભારતીય મેયર કાઉન્સિલના ચેરમેન, એમ.એસ.યુનિવર્સિટીની તબીબી ફેકલ્ટીના ડીન તેમજ વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડના ચેરમેન તરીકે સેવાઓ આપી હતી. તેઓશ્રી અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટી, પ્રમુખ અને સભ્ય તરીકે જોડાયેલા હતા. આરોગ્ય ક્ષેત્રે તેમના અમૂલ્ય યોગદાનને ધ્યાન પર લઈ અતિ પ્રતિષ્ઠિત ડૉ. બી.સી.રોય એવોર્ડ તેઓશ્રીને એનાયત કરવામાં આવ્યો હતો. કન્યા કેળવણીમાં પણ તેઓનું મોટું પ્રદાન હતું. દેશમાં સૌપ્રથમ વડોદરા શહેરને પાઈપલાઈન દ્વારા ઘરેલું ઉપયોગ માટે ગેસ પૂરો પાડવાનું શ્રેય પણ તેમને જાય છે. ૯૩ વર્ષનું નીરોગી અને ચેતનાસભર જીવન જીવનાર સ્વર્ગસ્થશ્રી પટેલ, જીવનના અંતિમ દિવસો સુધી જાહેર જીવનમાં સક્રિય રહ્યા હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે ચોથી ગુજરાત વિધાનસભામાં વડોદરા શહેરના રાવપુરા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને પોતાના વિસ્તારમાં લોકહિતના કામો કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી. રાજ્ય સરકારના પંચાયતો, આરોગ્ય અને કુટુંબનિયોજન વિભાગના મંત્રી તરીકે તારીખ ૨૦-૭-૭૩ થી તા. ૯-૨-૭૪ સુધી સેવાઓ આપી તેઓશ્રીએ પ્રશંસનીય કામગીરી બજાવી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ બહુમુખી પ્રતિભા ધરાવતા, જાહેરજીવનના વટવૃક્ષ જેવા વડીલ અને વિચક્ષણ માર્ગદર્શક ગુમાવ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**બૃહદ મુંબ વિધાનસભા તેમજ ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી નાનાલાલ ચોક્સીના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, બૃહદ મુંબઈ વિધાનસભા તેમજ પહેલી ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી નાનાલાલ ડાહ્યાભાઈ ચોકસીનું તારીખ ૭મી માર્ચ, ૨૦૦૮ના રોજ ૯૧ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી ચોકસીનો જન્મ ૧૯મી મે, ૧૯૧૬ના રોજ વડોદરામાં થયો હતો. સ્વર્ગસ્થશ્રી ચોકસીએ ફિલૉસૉફીના વિષય સાથે સ્નાતક થઈ ત્યાર બાદ એલ.એલ.બી.નો અભ્યાસ પૂર્ણ કર્યો હતો અને વકીલાતના વ્યવસાયમાં જોડાયા હતા. ૧૯૪૨માં આઝાદીના સંગ્રામમાં જોડાવવા તેઓશ્રીએ વકીલાતનો વ્યવસાય છોડી દીધો હતો.

સ્વર્ગસ્થશ્રી ચોક્સીએ વડોદરા શહેરના પ્રથમ મેયર તરીકે શહેરના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. બરોડા ડેરી અને ભારતીય વિદ્યાભવનની સ્થાપનામાં તેઓનો મહત્ત્વનો ફાળો હતો. સહકારી બૅન્કના ડાયરેક્ટર, વડોદરા મ્યુનિસિપલ કોરપોરેશનની સ્ટેન્ડીંગ સમિતિના ચેરમેન, વડોદરા શહેર સ્કૂલ બોર્ડ તથા એમ.એસ.યુનિવર્સિટી સેનેટના સભ્ય તરીકે રહી નોંધપાત્ર સેવાઓ આપી હતી.

સન ૧૯૫૭માં બરોડા સિટી (પૂર્વ) મત વિસ્તારમાંથી મુંબઈ વિધાનસભામાં ચૂંટાઈ આવી અને ત્યારબાદ પહેલી ગુજરાત વિધાનસભાના સભ્યપદે રહી તેઓશ્રીએ પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી. સ્વર્ગસ્થશ્રી ચોક્સીએ અનેક શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા રહી શૈક્ષણિક ક્ષેત્રે પણ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. ઉદ્યોગ જગતના વિકાસમાં તેઓશ્રીની મહત્ત્વની ભૂમિકા રહી હતી અને મહી નદીનું પાણી વડોદરા શહેરમાં લાવવામાં સિંહફાળો આપ્યો હતો. વડોદરામાં "નવભારત દૈનિક" વર્તમાનપત્ર શરૂ કરવામાં પણ તેઓશ્રીએ સક્રિય રસ દાખવ્યો હતો.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી હિંમતસિંહજી વિજયરાજજીના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી હિંમતસિંહજી વિજયરાજજીનું તારીખ બાવીસ ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ ૮૦ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી હિંમતસિંહજીનો જન્મ નવમી ઑક્ટોબર, ૧૯૨૮ના રોજ ભુજ ખાતે રાજ પરિવારમાં થયો હતો. સ્વર્ગસ્થશ્રી હિંમતસિંહજીએ પ્રારંભિક શિક્ષણ રાજ પરિવારમાં જ મેળવ્યા બાદ ઉચ્ચ શિક્ષણ રાજકોટની રાજકુમાર કૉલેજ અને પુનાની વાડિયા કૉલેજમાંથી મેળવ્યું હતું.

તેઓશ્રીને પક્ષીઓનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવામાં ઊંડો રસ હતો. તેઓશ્રી કચ્છની ભૌગોલિક વિશિષ્ટતાઓ, સરહદી સલામતી દળ, પર્યાવરણ તેમજ ઈતિહાસના પ્રખર જ્ઞાતા હતા. તેઓશ્રી મુંબઈ નેચરલ હિસ્ટ્રી સોસાયટીના આજીવન સભ્ય હતા. સ્વર્ગસ્થશ્રીનું સીમા સૂરક્ષાદળની રચનામાં મહત્ત્વનું પ્રદાન હતું. કચ્છ સત્યાગ્રહ વખતે તેમણે સરહદ પર કૂચ કાઢી હતી. જાગીરદારીના પ્રશ્ને તેમણે રાજપૂત સભાના અધ્યક્ષપદે રહી સક્રિય લડત ચલાવી હતી. સ્વર્ગસ્થશ્રીએ લાયન્સ ક્લબ સહિત કચ્છની અનેક પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં મહત્ત્વનું સ્થાન શોભાવ્યું હતું.

સ્વર્ગસ્થશ્રી હિંમતસિંહજી સન ૧૯૬૨માં સ્વતંત્ર પક્ષના નેતા હેઠળ ત્રીજી લોકસભામાં કચ્છની બેઠક તથા બીજી વિધાનસભામાં માંડવીની બેઠક પરથી ચૂંટાયા હતા. તેઓશ્રીએ માંડવીની વિધાનસભાની બેઠક ખાલી કરી દીધી હતી. તેઓશ્રીએ ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, સ્વીટ્ઝરલેન્ડ અને ઈટાલીનો પ્રવાસ કર્યો હતો.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉમદા સમાજ સેવક અને જાણીતા પક્ષીવિદ્ ગુમાવ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી માધુભાઈ જેલ્યાભાઈ ભોયેનો શોકદર્શક ઉલ્લેખ**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી માધુભાઈ જેલ્યાભાઈ ભોયેનું તારીખ બીજી માર્ચ, ૨૦૦૮ ના રોજ ૬૯ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી માધુભાઈનો જન્મ સોળ એપ્રિલ, ૧૯૩૯ ના રોજ ડાંગ જિલ્લાના દેડિયાપાડા ગામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી માધુભાઈ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી માધુભાઈએ ગુજરાત રાજ્ય હળપતિ હાઉસિંગ નિગમ તથા ડાંગ જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષશ્રી તરીકે તેમજ ગુજરાત આદિજાતિ નિગમના સભ્ય તરીકે સેવાઓ આપી હતી. તેઓશ્રીએ ડાંગ પ્રદેશ જંગલ કામદાર સહકારી મંડળી લિમિટેડ, જિલ્લા વન વિકાસ મંડળી લિમિટેડ, ડાંગ આદિવાસી વિકાસ ટ્રસ્ટ તથા ડાંગ જિલ્લા અંબિકા એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ તરીકે તેમજ દક્ષિણ ગુજરાત આદિજાતિ વિકાસ મંડળના અને દક્ષિણ ગુજરાત રૂરલ લેબર એસોસિએશનના મહામંત્રી તરીકે સેવાઓ આપી અમૂલ્ય યોગદાન આપ્યું હતું. સ્વર્ગસ્થશ્રી માધુભાઈએ આઠમી, નવમી, દસમી અને અગિયારમી ગુજરાત વિધાનસભામાં રાજ્યના ડાંગ-વાંસદા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને પોતાના વિસ્તારમાં લોકહિતના કામો કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપી લોકચાહના મેળવી હતી. આદિવાસી વિસ્તારના સાચા પ્રતિનિધિ તરીકે તેઓએ જનસમાજના પ્રશ્નો વિધાનસભા ગૃહમાં ઉઠાવી મક્કમપણે પ્રજાનો અવાજ રજૂ કર્યો હતો. સ્વર્ગસ્થશ્રી માધુભાઈને વાંચનનો શોખ હતો. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા (ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભાગૃહના આદરણીય નેતાશ્રી સદ્ગત ધારાસભ્યશ્રીઓ સ્વર્ગસ્થ ડો. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, પૂર્વ સભ્ય સ્વર્ગસ્થશ્રી નાનાલાલ ચોકસી, સ્વર્ગસ્થશ્રી હિંમતસિંહજી વિજયરાજજી અને સ્વર્ગસ્થશ્રી માધુભાઈ જે. ભોયેના અવસાન અંગેના શોકદર્શક પ્રસ્તાવ લઈને આવ્યાં છે તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા શહેરના પ્રથમ નાગરિક એવા કોંગ્રેસના અગ્રગણ્ય વિરલ, સેવાભાવી અને વડોદરા શહેરના વિકાસ પુરુષ એવા માનનીય ડો. ઠાકોરભાઈ પટેલ પાંચમી જાન્યુઆરી, ૧૯૧૫ ના રોજ એક સામાન્ય કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. શિક્ષણ માટે તેમણે વિદ્યાર્થીઓના ટ્યુશન કરીને ડો. ઠાકોરભાઈ પટેલે એક ડૉકટરની પદવી મેળવી હતી. ૧૯૪૧માં મુંબઈની ગ્રાન્ટ મૅડિકલ કૉલેજમાં તેઓ MBBS થયા હતા. ૧૯૪૮માં તેઓ MD થયા અને ૧૯૫૪માં FICS માં તેમની પસંદગી થઈ. ૧૯૪૨માં જનરલ પ્રૅક્ટિસ તેમણે શરૂ કરી. સ્ત્રીરોગ નિષ્ણાંત તરીકે વડોદરા સયાજીરાવ વિધાલયમાં તેમની નિયુક્તિ થઈ. ૧૯૫૪માં તેઓ વડા બન્યા. ૧૯૬૦માં એમ.એસ. યુનિવર્સિટીના ફેકલ્ટી ઑફ એડીશનના તેઓ ડીન હતા. ૧૯૬૬ થી ૧૯૬૮ ડૅપ્યુટી મેયર અને તેઓએ મેયર પદે રહીને ડો. બી.સી. રોય એવોર્ડથી પશ્ચિમ બંગાળની સરકારે તેમનું બહુમાન પણ કરેલું. ૧૯૭૨માં વિધાનસભાના સભ્ય તરીકે રાવપુરાથી ચૂંટાયા અને ગુજરાત રાજ્યના માર્ગ અને ગ્રામીણ વિકાસ મંત્રી બન્યાં ત્યારે તેમની સાથે મને કામ કરવાનો મોકો મળેલો, તેવા આદરણીય ડો.ઠાકોરભાઈ પટેલ સાહેબ જે પહેલી માર્ચ ૨૦૦૮ ના રોજ ૯૩ વર્ષની વયે આ ફાની દુનિયા છોડીને હંમેશને માટે ચાલી ગયા. તેમણે એવા એક જબરજસ્ત મોટો વિકાસશીલ પુરુષ વડોદરાની જનતાએ ગુમાવ્યાં. પ્રભુ તેમના આત્માને શાશ્વત શાંતિ અર્પે અને કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખ સહન કરવાની શકિત આપે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ નાનાલાલ ચોકસી, તેમનો જન્મ ઓગણીસમી મે, ૧૯૧૭ ના રોજ બરોડામાં થયો હતો. તેઓએ ફિલૉસૉફી સાથે સ્નાતક થઈ, LLBનો અભ્યાસ કરેલો. એ અભ્યાસ કરીને વડોદરા શહેરમાં પ્રથમ મેયર તરીકે તેઓએ કારકિર્દીની શરૂઆત કરેલી. વડોદરા ડેરી, ભારતીય વિદ્યા ભવનની સ્થાપના પણ તેમણે કરેલી. ૧૯૬૦માં પ્રથમ તેઓ મેયર બન્યા અને મેયર બનીને બૃહદ મુંબઈ વિધાનસભાના પહેલી વખત તેઓ સભ્ય બન્યા. ૯૧ વર્ષની વયે તેઓ આ ફાની દુનીયા છોડીને જતા રહયા પણ વડોદરા શહેરમાં તેઓએ સામાજિક, શૈક્ષણિક અને સહકારી માળખાની સંસ્થામાં અનેક જુદી જુદી જગ્યાઓ ઉપર ચેરમેન તરીકે સેવા પણ બજાવી છે. એમ.એસ. યુનિવર્સિટીના સભ્ય તરીકે પણ તેઓ રહયા. ઔદ્યોગિક સહકારી બેંક, અપના બજાર આ બધાની તેઓએ સ્થાપના કરેલી. પ્રભુ સદગતના આત્માને ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના કરું છું. ૧૬ મી એપ્રિલ ૧૯૩૯ના રોજ ડોડીપાડા, વઘઈ ખાતે જન્મેલા માનનીય માધુભાઈ જેલીયાભાઈ ભોયે જેઓ ૬૯ વર્ષની વયે આપણી વચ્ચેથી કાયમ માટે આ ફાની દુનિયા છોડીને જતા રહયા છે. માધુભાઈએ આમ તો હળપતિ હાઉસીંગ નિગમના સભ્ય તરીકે કામગીરી કરેલી. ડાંગ જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન, આદિજાતિ નિગમના સભ્ય તરીકે કામ કરેલ. ગ્રામ પંચાયતની ચૂંટણીમાં અને ખાસ કરીને ડાંગ જિલ્લો એક જબરજસ્ત સમૃદ્ધ જંગલવાળો હોઈ વિવિધ જંગલ કામદાર સહકારી મંડળીઓમાં તેઓએ કામ કર્યું હતું. મને તેમની સાથે આઠમી, નવમી અને દસમી એમ ત્રણ ટર્મ સુધી વિધાનસભામાં કામ કરવાનો મોકો મળેલો. એ જ રીતે માનનીય હિંમતસિંહજીભાઈનો જન્મ ૯મી ઓકટોબર, ૧૯૨૮ ના રોજ ભુજ ખાતે થયો હતો. રાજ પરિવારમાં તેઓ જન્મેલા. ઉચ્ચ શિક્ષણ તેઓએ મેળવેલું. સ્વર્ગસ્થશ્રીનું સીમા સૂરક્ષા દળની રચના કરવામાં જબરજસ્ત મહત્વનું યોગદાન હતું. આ બધા આદરણીય સ્વર્ગસ્થ નેતાઓ જેમ અગરબત્તી પોતે આખી બળીને પોતાની સુવાસ આ સમાજમાં મુકતી જાય છે તેવી જ રીતે આ લોકો આપણી વચ્ચેથી હંમેશને માટે વિદાય થયા છે. તેમના આત્માને પ્રભુ ચિર શાંતિ આપે. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલી આફતને પ્રભુ સહન કરવાની શકિત આપે.

શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને રાજયના મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે તેને વિરોધ પક્ષના સભ્યશ્રીએ સમર્થન આપ્યું છે તેમાં હું મારો સૂર પૂરાવું છું. ડો. ઠાકોરભાઈ પટેલ ગુજરાત વિધાનસભાના સભ્ય હતા અને આરોગ્ય મંત્રી હતા એ જ રીતે શ્રી નાનાલાલ ચોકસી મુંબઈ રાજય વિધાનસભાના સભ્ય રહયા છે. બંને મહાનુભાવો વડોદરા શહેરના શૈક્ષણિક કાર્યોમાં, બેંકિંગ ક્ષેત્રે, આરોગ્ય ક્ષેત્રે, સહકારી ક્ષેત્રે સક્રિય રહયા છે. હું કહીશ કે બંને વડિલો વડોદરા શહેરમાં જેન્ટલ જાયન્ટ તરીકે રહયા. નાનાલાલ ચોકસી જેઓ સ્વાતંત્ર્ય સેનાની હતા અને ૧૭ મહિના સુધી આઝાદી માટે જેલમાં રહયા હતા. તેમણે વકિલાત છોડીને ખાદી અપનાવી. શ્રી નાનાલાલ ચોકસી અને ડો. ઠાકોરભાઈએ મહાનગરપાલિકામાં અને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જે સેવાઓ આપી છે એ આજે વડોદરા શહેર પણ યાદ કરે છે. શ્રી નાનાકાકા નગરપાલિકામાં પ્રમુખ હતા પછી નગરપાલિકાનું કોર્પોરેશનમાં રુપાંતરિત થતાં મેયર થયા અને ડો. ઠાકોરભાઈ મેયર તરીકે ચુંટાઈને આવ્યા. એટલે બંનેએ વડોદરા શહેરના વિકાસમાં જે યોગદાન આપ્યું છે, એને આજે સૌ અમે યાદ કરીએ છીએ. બંને વડીલો ગરીબો માટે, વિદ્યાર્થીઓ માટે અને ડૉક્ટર ઠાકોરભાઈ પટેલે ખાસ કરીને બહેનો માટે જે પ્રસૂતિગૃહ શરૂ કર્યુ હતું અને એમાં બહેનો માટે જે સેવાઓ આપી છે, એ આજે પણ વડોદરા શહેર યાદ કરે છે. કદાચ કોઈ માતા ગરીબ છે, આર્થિક રીતે સક્ષમ નથી, તો એવી માતાઓને પણ એમણે સાંત્વના આપી

અને કહેતા કે પૈસા હોય ત્યારે આપી જજે. બંને વડીલો યુનિવર્સિટીમાં સેનેટ સભ્ય હતા અને સિન્ડિકેટ સભ્ય હતા. ડો. ઠાકોરભાઈએ આરોગ્ય ક્ષેત્રમાં ઘણી સેવાઓ આપી છે. મૅડિકલ કૉલેજના ડીન રહ્યા છે. એસ.એસ.જી. હોસ્પિટલમાં એમણે સેવાઓ આપી છે. આવા બંને મહાનુભાવો ચૂંટણીમાં હારી ગયા. ૧૯૭૫ માં મને યાદ છે કે ડો.ઠાકોરભાઈ વિધાનસભામાં હારી ગયા અને નાના કાકા કૉર્પોરેશનની ચૂંટણીમાં હારી ગયા, તેમ પછી પણ આ બંને મહાનુભાવોએ જાહેર જીવનમાં જિંદગીના અંતિમ દિવસો સુધી સક્રિય રહીને વડોદરા શહેરને સેવાઓ આપી છે. આવા બંને મહાનુભાવોને મારી હાર્દિક શ્રદ્ધાંજલિ આપું છું, કારણ કે બંનેએ છેક સુધી લાઈવ જિંદગી જીવ્યા. એમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આફતમાં પ્રભુ એમને હિંમત આપે એવી પ્રાર્થના.

**શ્રી બાબુભાઈ મે. શાહ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે અને વિરોધ પક્ષના ઉપનેતાશ્રી મોહનસિંહભાઈએ એમાં સૂર પૂરાવ્યો છે, એમાં હું મારો સૂર પૂરાવું છું. સદ્ગત ઠાકોરભાઈ પટેલ, નાનાલાલ ચોકસી, મહારાજ કુમાર હિંમતસિંહજી અને માધુભાઈ ભોયે આ બધા સાથેનો મારો નાતો પ્રત્યક્ષ નહિ, તો પરોક્ષ પણ રહેલ છે, પણ ઠાકોરભાઈ સાથેનો પરિચય હંમેશા યાદ રહે એવો ખૂબ તીવ્રતા સાથેનો અને શિસ્તના ચાહક, મૅડિકલ કૉલેજના ડીન તરીકે રહેલો. કચ્છની પણ એ ચિંતા કરે. એ આરોગ્ય મંત્રી હતા સ્વ. ચીમનભાઈ પટેલની મિનિસ્ટ્રીમાં ત્યારે મળવાનું થતું, એ પછી ૧૯૭૫ પછી પણ એ કોઈ પ્રજાકીય પ્રતિનિધિ નહોતા અને ત્યારે પણ કચ્છ આવતા ત્યારે મળવાનું થતું. નાનાલાલ ચોકસી સ્વાતંત્ર્ય સેનાની અને વડોદરા શહેરની અંદર એમનું ખૂબ કાર્ય બોલે અને ઔદ્યોગીકરણની અંદર પણ સરદાર પટેલ ઈન્ડસ્ટ્રિયલ જેવી ઔદ્યોગિક વસાહત એ એમની દોરવણી નીચે થયેલ, એની જાણ પણ મને ખૂબ લેઈટલી થયેલી, પણ આ બધાં કાર્યોના કારણે વડોદરાના મહાનુભાવો ગુજરાતના જાહેર જીવનમાં ચોમેર જાણીતા હતા. મહારાજા હિંમતસિંહજી સાહેબ કચ્છના વરીષ્ઠ આગેવાન ૧૯૬૨ માં લોકસભા અને વિધાનસભામાં ચૂંટાયા. વિધાનસભાનું પદ લીધું નહિ, પણ લોકસભાના સભ્યો તરીકે એ ભારતની લોકસભામાં જાગૃત સંસદસભ્ય તરીકે અને ખાસ કરીને ગુજરાતના પ્રશ્નોને એ ખૂબ ધ્યાનપૂર્વક તમામ સંસદસભ્યોને સાથે રાખીને વિશેષ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છની કાળજી રાખી હાલની જે જૂન કન્ટ્રા રેલ્વે જે ફેરામાં જવાની હતી, ત્યારે તમામ સંસદસભ્યોને આનું અંતર વધી ન જાય એ માટે થઈને કન્વીન્સ કરેલા. એના કરતા પણ કચ્છ સત્યાગ્રહ વખતે કોઈ પ્રજાકીય પ્રતિનિધિ નહોતા, પરંતુ ભારતભરના આગેવાનોના એ યજમાન હતા અને એ નાતે રાષ્ટ્રીય આગેવાનો સાથેનો નિકટતાનો પરિચય અને છેલ્લે જ્યારે ભૂકંપ પછી માનનીય વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી આવ્યા પછી ખાસ એમણે મળવાનો સમય આપેલો અને એમણે કચ્છની વિટંબણાઆની વાત મહારાજ કુમાર હિંમતસિંહજીએ રજૂ કરેલ હતી. હિંમતસિંહજી એ પર્યાવરણના નિષ્ણાંત હતા. કચ્છની ભૌગોલિક પરિસ્થિતિના જાણકાર હતા. પક્ષીવિદ તરીકેનું એમનું નામ વિશ્વભરની અંદર જાણીતું હતું. રાજ કુટુંબમાં જન્મેલા હતા તેમ છતાં સામાન્ય માણસની સાથે ઓતપ્રોત તેવા આગેવાન હતા.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.માધુભાઈ ભોયે સાથે આ ગૃહની અંદર રહેવાનું થયું છે. એમને ત્યાં વઘઈની અંદર અમે જયારે અંદાજ સમિતિનો પ્રવાસ લઈને ગયેલા ત્યારે તેમની મહેમાનગતિ પણ માણેલી. આ આગેવાન ડાંગ વિસ્તારની અંદર કેવા લોકપ્રિય હતા તેની અનુભૂતિ થયેલી. આ તમામ આગેવાનો જવાથી તેમની ખોટ વર્તાશે અને તમામ લોકોને તે યાદ રહેશે. સદ્ગત આત્માઓને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરું છું અને સદ્ગતના પરિવારજનોને વિયોગ સહન કરવાની શકિત આપે તેવી પ્રાર્થના કરું છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી પૂર્વ સભ્યો ડો.ઠાકોરભાઈ પટેલ, પૂર્વ સભ્યશ્રી સ્વ.નાનાલાલ ચોકસી, સ્વ.હિંમતસિંહજી અને સ્વ. માધુભાઈ ભોયેના જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માધુભાઈ ભોયે સાથે આઠમી, નવમી, દસમી, અને અગિયારમી વિધાનસભામાં સાથે કામ કરવાનો મોકો મળ્યો છે. લાંબા સમય સુધી તેમની સાથે કામ કરવાથી બહુ નજીકનો તેમની સાથે પરિચય થયેલો. આદિવાસીનો કોઈપણ પ્રશ્ન હોય પછી તે પોતાના વિસ્તારનો હોય કે બહારના વિસ્તારનો હોય ખૂબ જોરદાર રજૂઆત કરીને તે પ્રશ્ન હલ ન થાય ત્યાં સુધી પ્રયત્નો કર્યા છે. આદિવાસીઓના ઉત્કર્ષ માટેની અનેક સંસ્થાઓમાં તેઓએ કામ કરીને આદિવાસીઓના પ્રશ્નો હલ કર્યા છે. તેઓને લાંબા સમય સુધી ડાંગની પ્રજા યાદ રાખશે. સ્વ. સદ્ગતોના જે અવસાન થયા છે અને તેઓના પરિવારો પર જે દુઃખ આવી પડેલ છે તે દુઃખ સહન કરવાની પ્રભુ શકિત આપે અને તમામ સદ્ગતોના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું. ડો.ઠાકોરભાઈ પટેલ તે માત્ર રાજકીય નેતા ન હતા પરંતુ એક બહુમુખી પ્રતિભા ધરાવતા એક ઉમદા સમાજ સેવક હતા. તેઓએ વડોદરાના ઘાટ અને ઘડતરમાં તેમનો ખૂબ મોટો ફાળો હતો. આજનું જે વડોદરા છે તે વડોદરા જો કોઈને આભારી હોય તો ડો.ઠાકોરભાઈ પટેલ અને સ્વ.નાનાલાલ ચોકસીને આભારી છે. સમગ્ર આયોજન અને વડોદરાનો જે ભવ્ય વારસો હતો તે વારસાના પ્રમાણમાં એની એ જ ટાઉન પ્લાનીંગ સ્કીમોની, એ જ વ્યવસ્થા, એ જ સંસ્કૃતિ આગળ લઈ જવાનું કામ ડો.ઠાકોરભાઈ પટેલે કર્યુ હતું. તેઓ એક ઉમદા ડૉક્ટર હતા અને અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. આ

ગૃહની પણ તેઓએ શોભા વધારી હતી. ડો.ઠાકોરભાઈ પટેલ વ્યકિતગત દરજ્જે પણ અમારા સૌના વડીલ અને એક માર્ગદર્શક હતા અને નવી પેઢી માટે એક ઉમદા રાજનીતિજ્ઞ હતા. એમના જવાથી જાહેર જીવનને ખૂબ મોટી ખોટ પડી છે અને એમના પરિવારજનોને પણ ખોટ પડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.નાનાલાલ ચોકસી પણ એવા જ એક આપણા જૂની પેઢીના આગેવાન હતા. આઝાદીના સંગ્રામમાં ભાગ લીધો હોય તેવા બહુ ઓછા મહાનુભાવો બચ્યા છે. તે પૈકીના નાનાલાલ ચોકસી એક આગેવાન હતા. તેઓ વડોદરાના મેયર રહી ચૂક્યા હતા. તેઓએ વડોદરાને એક નવી દિશા આપવાનું કામ કર્યુ હતું. તે સિવાય જાહેર જીવનની અંદર અનેક ક્ષેત્રોમાં તેઓનું ઉમદા પ્રદાન રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેવી જ રીતે સ્વ.હિંમતસિંહજી તે કચ્છના રાજવી પરિવારનું ઉમદા વ્યકિતત્વ હતું. માત્ર રાજવી પરિવારમાં જન્મ લીધો હતો એટલું જ નહીં પણ એ અત્યંત બહુમુખી પ્રતિભા હતા અને ખાસ કરીને જે કચ્છનો ઈતિહાસ અને ભૂગોળ છે, એમાં ખાસ કરીને ભૂગોળ છે એ તો એમના મોઢે હતી ક્યારેક કોઈક બાબતમાં એમ લાગે કે કોઈએ કચ્છ વિશે જે ઉલ્લેખ કર્યો છે એમાં એમની ભૂલ રહી છે તો એ વારંવાર એ ભૂલને સુધારવાની કોશિશ કરતા, એ આ ગૃહના સભ્ય હતા એટલું જ નહીં પણ કચ્છ અને ગુજરાતમાં અનેક ક્ષેત્રોમાં એમનું પ્રદાન રહેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. માધુભાઈ ભોયે ગઈ વિધાનસભામાં આપણા સૌના સાથી તરીકે જે જગ્યાએ માનનીય સભ્યશ્રી મોહનભાઈ બેસે છે એ જ જગ્યાએ એ લગભગ સાડા ત્રણ વર્ષ સુધી બેઠા, અને ગૃહની ચર્ચાઓમાં ગરીબોની જે વાત છે એ ભારપૂર્વક કહેતા. ડાંગની સંસ્કૃત્તિનું એ પ્રતિક હતા, વ્યકિતગત જીવનમાં ખૂબ જ ધાર્મિક વૃત્તિના હતા, વ્યસનમુકિતથી માંડીને અનેક બીજી ચળવળો એમણે ડાંગ જિલ્લાના આદિવાસી ક્ષેત્રમાં કરેલી હતી અને આદિવાસીઓના પ્રશ્નો ખૂબ જોરપૂર્વક ઉઠાવતા હતા. ડાંગમાં એમના ઘરે મહેમાન બનવાનું બને અને એમની સાથે વાત કરવાનો અનેક વખતે મોકો મળેલો અને ડાંગની સાચી સંસ્કૃત્તિના દર્શન આપણને સૌને જે લોકો ત્યાં ગયા એમને એમણે કરાવેલાં હતાં.

માનનીય અધ્યક્ષશ્રી, આ ચારેય મહાનુભાવો છે એ સમાજના ઘરેણાં હતાં એમના જવાથી ખૂબ મોટી ખોટ પડી છે. પ્રભુ, એમના અંતરાત્માને શાંતિ આપે અને એમના પરિવારજનોને આપની મારફતે આ ગૃહની લાગણી પહોંચે તેવી હું વિનંતી કરું છું.

**શ્રી યોગેશ પટેલ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા શહેરના બે પ્રૌઢ નેતાઓ ડૉકટર ઠાકોર કાકા અને નાના કાકા, આ બંને બહું જ ગાઢ મિત્રો હતા, એક જ અઠવાડિયામાં આ બંને મહાનુભાવોના જવાથી વડોદરા શહેરને રાજયકીય રીતે ઘણું નુકસાન થયું છે. આ બંને મિત્રો શહેરનો કોઈ પણ પ્રશ્ન ઊભો થાય ત્યારે એ પ્રશ્નમાં દોરવણી આપતા હતા અને ડૉકટર ઠાકોરકાકા જ્યારે મેયર હતા ત્યારે દર રવિવારે વડોદરા શહેરમાં ગલીએ ગલીએ અધિકારીઓને લઈને શહેરમાં ફેરણી કરતા હતા અને આ ફેરણીના આધારે આ શહેરને ઘણું સુંદર બનાવવાનું કામ ઠાકોરકાકાએ કરેલું, ઠાકોરકાકાનું મારી ઑફિસની સામે જ એમનું નિવાસસ્થાન છે, મારા પિતાજીના બંને ગાઢ મિત્રો હતા. આ લોકો જે વહીવટ કરતા હતા તો વહીવટમાં કોઈપણ ખામી ના રહે એનું ધ્યાન રાખતા હતા અને એમના જીવનમાંથી અનેક વસ્તુઓ મને શીખવા મળી છે. ઠાકોરકાકા માટે કહું તો જ્યારે ૧૯૭૬માં ઇલૅક્શન લડતા હતા તો એ વખતે પ્રચારયુધ્ધ એમની સામે મેં કરેલું, એમની પાસે બે કૂતરા હતા રૂબી અને રોમી, એનું મેં એક પોસ્ટર બનાવ્યું તો ત્યારે એક શબ્દ એ બોલેલા કે મારો રૂબી અને રોમી પણ જીતી જાય , જો એને ઊભો રાખું તો, તેમાં એ ઇલૅક્શન હાર્યા છતાં પણ કદાપિ મારી પર વેરઝેર નહોતું રાખ્યું, અને બે વર્ષ પછી જ્યારે હું દૂધના આંદોલનમાં દાઝ્યો તો મારી સેવા એમણે એટલી બધી કરેલી કે હું એને કદાપિ પણ ભૂલું નહીં, એવા જે રાજકીય નેતાઓ આ શહેરમાં પેદા થયા હતા, આજે એ નેતાઓની આ શહેરને ખોટ પડી છે. ડૉકટર ઠાકોરકાકા છેલ્લે છેલ્લે જ્યારે મળતા ત્યારે કહેતા કે હું જાઉં અને તરત જ નાના કાકા પણ મારી સાથે જ આવશે, એમ બંને મિત્રો એક સાથે જવાથી આ શહેરને રાજકીય રીતે ઘણું નુકસાન થયું છે, ભગવાન એમના આત્માને શાંતિ આપે.

**શ્રી ખુમાનસિંહ ર. ચૌહાણ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જેઓ આ ગૃહના સન્નમાનિત સ્વર્ગસ્થ સભ્યશ્રીઓનો શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે ત્યારે હું પણ એ શોકદર્શક ઠરાવમાં મારુ અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મુરબ્બી ઠાકોરભાઈનું ૯૩ વર્ષની વયે અવસાન થયું છે ત્યારે સમગ્ર વડોદરા શહેર અને જિલ્લાને એક મોટી ખોટ પડી છે. મુરબ્બી ઠાકોરભાઈ ૧૯૭૩-૭૪માં જ્યારે વિધાનસભાના સભ્ય અને સરકારમાં આરોગ્ય મંત્રી તરીકે હતા ત્યારે એ વખતે હું પણ મારા ગામમાં સરપંચ તરીકે હતો. અવાર નવાર કોઈકના કોઈ પ્રશ્નો માટે વડોદરા અથવા તો ગાંધીનગર જ્યારે આવવાનું થતું હતું ત્યારે મારે એમને મળવાનું થતું હતું એ વખતે અમારા અનુભવ પ્રમાણે એમનો જે સ્વભાવ હતો એ એવા પ્રકારનો હતો કે અમે એમની પાસે કોઈ રજૂઆત કરીએ તો એ તુરત જે તે અધિકારીને બોલાવી લે, અધિકારીને બોલાવીને તાત્કાલિક અમારી રજૂઆતનો નિકાલ થાય એ પ્રકારની સૂચના આપે એ એમની જે વહીવટની આગવી શૈલી હતી એ વહીવટની શૈલીને જ્યારે આજે યાદ કરીએ છીએ ત્યારે મને એ વાતનું દુ:ખ થાય છે કે, ખરેખર મારા જેવા જાહેર જીવનમાં પડેલા

રાજકીય આગેવાનો આવા સન્નમાનિત સભ્યોને જ્યારે શોક દર્શક ઠરાવની અંદર અનુમોદન આપતા હોય ત્યારે એમના જીવનમાંથી આપણે કંઈક એવી પ્રેરણા મેળવીએ, એવા વિચારો લઈએ અને આપણા જાહેર જીવનમાં એને આચરણમાં મૂકીએ. મુરબ્બી ઠાકોરભાઈ એવા પરિવારમાં જન્મ્યા, તબીબ થયા, દવાખાનાઓ ખોલ્યા અને છતાં એને પોતાનો વ્યવસાય ન બનાવતા ગામડાનો એક ગરીબમાં ગરીબ માણસ પોતાનો પૂરક ધંધો ઊભો કરે અને એ પૂરક ધંધાથી પોતાની આજીવિકાનો રોટલો રળે એવા એક ઉમદા વિચારોથી બરોડા ડેરીની અંદર તેઓ પ્રમુખ તરીકે રહ્યા. ખેડૂતોના પ્રશ્નો હોય, દૂધ ઉત્પાદકોના પ્રશ્નો હોય તો નિખાલસતાથી એ પ્રશ્નોનું નિરાકરણ લાવતા હતા. એવા મુરબ્બી ઠાકોરભાઈ આપણી વચ્ચે નથી ત્યારે સ્વાભાવિક છે કે જે માણસ જન્મે છે એનું મૃત્યું નિશ્ચિત છે. પણ આવા સન્નમાનિત આગેવાનો છે એમના જીવનમાંથી આપણે કોઈક બોધપાઠ લઈએ કે જેથી આપણા જીવનને પણ સારી રીતે જીવવા માટે મોકો મળે. આવા મુરબ્બી સ્વર્ગસ્થ ઠાકોરભાઈના પરિવાને આપના માધ્યમ દ્વારા દિલસોજીનો સંદેશો પહોંચાડવામાં આવે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે સ્વ.શ્રી નાનાલાલ કાકા તેઓ પણ બૃહદ વિધાનસભાની અંદર ગુજરાત વિધાનસભામાં ચૂંટાઈને આવેલા. તેઓએ બરોડ ડેરીની સ્થાપના કરેલી અને ગરીબ માણસ માટેનો જે પ્રેમ એમનો હતો કે કેવી રીતે કોઈ ગરીબ માણસ માટે સેવાના માધ્યમ દ્વારા આપણે એને મદદરૂપ થઈએ, એ મુરબ્બી નાનાલાલ કાકા પણ આપણી વચ્ચે નથી ત્યારે એમના પરિવારજનોને આ ગૃહનો દિલસોજીનો સંદેશો આપના મારફત પહોંચાડવામાં આવે

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી માધુભાઈ ભોયે તેઓ આદિવાસી પરિવામાંથી આવતા હતા અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા ૮મી, ૯મી, અને ૧૦મી વિધાનસભાની અંદર સાથે બેસીને ગરીબ માણસોની સેવા કરવા માટેની મતે પણ તક સાંપડી હતી ત્યારે મને એમ થાય છે કે સ્વ.શ્રી માધુભાઈના જવાથી આદિવાસી પરિવારને ખૂબ મોટી ખોટ પડી છે જે કદાપિ પૂરી શકાય એમ નથી. ભગવાન સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે અને એમના પરિવારજનો ઉપર આવી પડેલ દુઃખ સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત આપે. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત એમના પરિવારજનોને દિલસોજીનો સંદેશો પાઠવવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી હિંમતસિંહજી પણ માંડવી વિધાનસભાની બેઠક ઉપરથી ચૂંટાઈને એક રાજવી પરિવારમાંથી આવતા હતા. લોકસભામાં જઈને પણ એમણે લોકસભા કે વિધાનસભાના માધ્યમથી ગરીબ માણસને કેવી રીતે મદદરૂપ થઈએ એનો આપણને એમના જીવનમાંથી બોધપાઠ આપ્યો છે. એક રાજકીય પરિવારમાં જન્મીને ગરીબ માણસ માટે જે સેવાઓ કરી છે એ કયારેય ભૂલી શકાય એમ નથી. ત્યારે આ ચારેય મહાન આત્માઓને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ અર્પે અને એમના કુટુંબીજનોને આ ગૃહનો દિલસોજીનો સંદેશો આપના મારફત પાઠવવામાં આવે.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું. આ માનવંતા ગૃહના ચાર સભ્યો આજે આપણી વચ્ચે નથી. તે પૈકીના ડો. ઠાકોરભાઈ પટેલ, તેઓશ્રીએ તેમના જીવનની શરૂઆતના કાળથી જ પ્રત્યેક બાબતમાં શ્રેષ્ઠતા હાંસલ કરી છે. એમ.ડી. એફ.આઈ.સી.એસ.નો અભ્યાસ કર્યો ત્યારે ગ્રાન્ટ મૅડિકલ કૉલેજ, મુંબઈ ખાતે તેઓ હેમાબાઈ વખતચંદ્ર સુવર્ણચંદ્રક વિજેતા પણ બન્યા હતા. આરોગ્યમંત્રી તરીકે પણ એમની કામગીરી રહી, પણ તેથી પણ વિશેષ વડોદરા મહાનગરમાં કલ્પના ક્લિનિક અને ઉમા ક્લિનિકના માધ્યમથી ગાયનેકના ક્ષેત્રમાં એમણે જે પ્રદાન કર્યુ છે. સમગ્ર શહેરના નગરજનોનો વિશ્વાસ એમણે જે સંપાદન કરેલો ગરીબ પરિવારની માતાઓની જે એમણે સેવા કરી હતી તેને આજે પણ લોકો યાદ કરે છે અને તે હૉસ્પિટલનું સ્થાન આજની આધુનિક જમાનાની કોઈપણ હૉસ્પિટલ હજીસુધી લઈ શકી નથી. આરોગ્યમંત્રી તરીકે પણ તેમની શ્રેષ્ઠ કામગીરી હતી. વેસ્ટ બેંગાલ ગવર્નમૅન્ટે એમને એમની સારી પ્રવૃત્તિઓ માટે એવોર્ડ પણ આપેલો. એમ.એસ. યુનિવર્સિટીની ફેકલ્ટી ઑફ મેડિસિન્સના ડીન તરીકે પણ તેમની શ્રેષ્ઠ કામગીરી રહી હતી અને શૈક્ષણિક ક્ષેત્રમાં ખાસ કરીને કન્યા શાળાઓનું નિર્માણ કરીને આજે પણ વડોદરા શહેરમાં એમની સ્થાપેલી જે કન્યાશાળાઓ છે, જે વિદ્યાલયો છે તેનું રેપ્યુટેશન ખૂબજ ઊંચું ગણાય છે. એટલે કન્યા કેળવણી ક્ષેત્રે પણ એમનું વિશેષ પ્રદાન રહેલું છે. મુળ ચરોતરના પટેલ, સોજીત્રાના એ સંતાન ગણાય વડોદરા એમનું કાર્યક્ષેત્ર હતું અને પછી ગુજરાત એમનું કાર્યક્ષેત્ર બન્યું અને જાહેર જીવનમાં એમનું ખૂબ ઊંચું પ્રદાન રહ્યું છે.

શ્રી નાનાલાલ ચોકસી પણ અમારા વડોદરાના એક નામાંકિત સજ્જન એવા રાજકીય અને સામાજિક આગેવાન રહી ચૂક્યા. સ્વાતંત્ર્ય ચળવળમાં તેમણે સોળ સોળ માસનો જેલવાસ પણ ભોગવ્યો. ધીકતી વકીલાત છોડીને પણ એમણે રાજકીય અને સામાજિક ક્ષેત્રે પોતાની સેવાઓ આપવા માટે થઈને તેઓ વડોદરામાં કાર્યરત થયાં. જ્યારે વડોદરાને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યો ત્યારે તેઓ પ્રથમ મેયર તરીકે આરૂઢ થયાં. નાનાલાલ ચોકસીએ મેયર પદે રહીને વડોદરા મહાનગરને મહીસાગરનું પાણી આપ્યું, તેવી જ રીતે ડૉકટર ઠાકોરભાઈએ વડોદરા મહાનગરપાલિકાના મેયરપદે રહીને એશિયામાં સૌપ્રથમ એવી ગેસની પાઈપલાઈન મારફતે ઘેર ઘેર ગેસ પહોંચાડયો. આ બન્નેય નેતૃત્વને આપણે શ્રદ્ધાંજલિ આપીએ છીએ. આ બન્નેય નેતાઓ પોતાના રાજકીય કાર્યક્રમોમાંથી પર રહીને એમના વૃદ્ધત્વના દિવસોમાં પણ બન્નેય સાથે રહીને સમગ્ર શહેરના માનવંતા વડીલ

નેતાઓ બની ચૂક્યા હતા. સૌ કોઈના સુખદુ:ખના પ્રસંગે અથવા તો શહેરમાં કોઈ આપત્તિ આવી પડે ત્યારે પણ આ બન્નેય ત્યાં સાથે જતા અને લોકોને સાંત્વના આપતા અમારા વડોદરા મહાનગરના આ બન્નેય નેતાઓને હું શ્રદ્ધાંજલિ આપું છું

સ્વ. માધુભાઈ ભોયે ચાર ટર્મ વિધાનસભામાં રહ્યા. પણ અગિયારમી વિધાનસભાં એમની સાથે કામ કરવાનો જે મોકો પ્રાપ્ત થયો. ચાર ચાર ટર્મથી જે વ્યકિત ચૂંટાઈને આવે છે પોતાના ક્ષેત્રમાં લોકોનો પ્રેમ સંપાદન કર્યો છે. સારામાં સારી સેવાકીય પ્રવૃત્તિઓ કરી છે. આદિવાસી ક્ષેત્રમાં વિશેષ સેવા- પ્રદાન એમણે કરી છે અને તે છતાંય વ્યવહારની બાબતમાં સદાય નમ્ર. જ્યારે એમના વિસ્તારમાં અમે પ્રવાસ માટે જતાં ત્યારે એમને જાણ થાય તો આગ્રહ કરીને એમના ઘેર લઈ જઈને અમને ત્યાં રાતવાસો કરવા માટે પણ પ્રેરતા હતા. આવો આત્મીય ભાવ ધરાવનાર વ્યકિતત્વ આપણી પાસેથી વિદાય થયું છે. સાથોસાથ શ્રી હિંમતસિંહજી વિજયરાજજી. આ ચારે ચાર ગૃહના માનવંતા સભ્યશ્રીઓને હું મારી શ્રદ્ધાંજલિ આપું છું. વંદન કરું છું.

**શ્રી છનાભાઈ કા. ચૌધરી(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે, એમાં ગૃહના પૂર્વ સભ્ય શ્રી ઠાકોરભાઈ પટેલ, નાનાલાલ ચોકસી, સ્વર્ગસ્થ શ્રી હિંમતસિંહજી અને સ્વર્ગસ્થ શ્રી માધુભાઈ ભોયેના અવસાન અંગેના શોકદર્શક ઠરાવને વિરોધ પક્ષના ઉપનેતાશ્રીએ અનુમોદન આપ્યું છે, એવા આ ગૃહના ચારે ચાર સ્વર્ગસ્થ સભ્યશ્રીઓને હું મારી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

ખાસ કરીને અમારા મત વિસ્તાર વિભાગના સ્વર્ગસ્થ શ્રી માધુભાઈ ભોયે, જેઓએ ડાંગના આંતરિયાળ વિસ્તારમાં અને આદિવાસી વિસ્તારમાં પોતાની રાજકીય શરૂઆત એક ધર્મ સાથે અને ધાર્મિક પ્રવૃત્તિ સાથે સંકળાઈને વ્યસન મૂકિત કાર્યક્રમ સાથે લઈને શરુ કરી. ત્યારબાદ વઘઈ ગામના ડેપ્યુટી સરપંચ તરીકે ૧૦ વર્ષ સુધી કામગીરી બજાવી છે. સાથે જિલ્લા પંચાયતના સભ્ય અને ન્યાય સમિતિના અધ્યક્ષ પણ રહી ચૂકયા છે. છેલ્લી ૪ ટર્મથી તેઓ આ સન્માનનીય ગૃહના સભ્ય તરીકે ચૂંટાઈને આવતા હતા. છેલ્લી અગિયારમી વિધાનસભામાં એમની સાથે ત્રણેક વર્ષ સુધી સાથે રહેવાનું થયું. પણ અમારા વિસ્તારમાં ડાંગ, વાંસદા, ધરમપુર વગેરે વિસ્તારોના આદિવાસીઓમાં તેઓ ખૂબ પ્રિય હતા. એમની કામ કરવાની પદ્ધતિ એવી હતી કે હંમેશા નાના માણસની સાથે રહીને નાના માણસના પ્રશ્નનો કેમ ઝડપથી ઉકેલ આવે એ માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેતા હતા. ખાસ કરીને સ્વર્ગસ્થ ચીમનભાઈ પટેલ જયારે મુખ્યમંત્રી હતા ત્યારે ડાંગના ખેડૂતોને માલિકી હકક અપાવવા બાબતે તેઓશ્રી ખૂબ સક્રિય રહ્યા હતા. ઝાડનો માલિકી હકક ડાંગના આદિવાસીઓને અપાવવા બાબતે સક્રિય રહીને ૫૦ ટકા માલિકી હકક તે વખતે તેઓએ અપાવ્યો હતો. એના લીધે ડાંગના ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ સુધરી હતી.

ખાસ કરીને ડાંગના આંતરિયાળ વિસ્તારોમાં પાણીની સમસ્યા, કે જયાં ૫૦, ૫૦ કે ૧૦૦, ૧૦૦ ટેન્કર ફરતા હોય ત્યાં એ પરિસ્થિતિના ઉકેલ માટે ઝઝૂમતા રહ્યા અને ડાંગના આંતરિયાળ વિસ્તારોમાં પાણી પુરવઠાની યોજનાઓ, હેન્ડ પંપ, આડબંધ બાંધીને લોકોને પીવાનું પાણી મળી રહે એના માટે એમણે ખૂબ પ્રયત્નો કર્યા હતા. એને લીધે ડાંગ અને આજુબાજુના આદિવાસી વિસ્તારોમાં તેઓ ખૂબ પ્રિય હતા. કુદરતનો નિયમ છે કે જે જન્મે છે, તે મરે છે. એ રીતે આપણી વચ્ચેથી આ ચારે ચાર મહાનુભાવો કુદરતને પ્યારા થયા છે. આપણને એની ખૂબ ખોટ છે, પણ કુદરતને પણ એમની જરૂર છે. ત્યારે આ ચારેચાર આત્માઓને હું મારી હૃદયપુર્વકની શ્રદ્ધાંજલિ આપું છું અને એમના કુટુંબીજનો ઉપર જે આફત આવી પડેલી છે એને સહન કરવાની કુદરત એમને શકિત આપે અને આપના તરફથી એમને શોકદર્શક ઠરાવ મોકલીએ એવી અભ્યર્થના.

**શ્રી વાસણભાઈ ગો. આહિર(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા સન્માનનીય ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે, એને હું મારી શ્રદ્ધાંજલિ આપવા ઉભો થયો છું.

સ્વર્ગસ્થ શ્રી ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, નાનાલાલભાઈ ચોકસી, હિંમતસિંહજી વિજયરાજજી અને માધુભાઈ ભોયે. માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય હિંમતસિંહજી બાપુ, એટલે કે કચ્છના રાજવી હતા. તેઓએ વર્ષો સુધી કચ્છના જાહેર જીવનમાં લોકસભાના સદસ્ય તરીકે પરિવારમાં હોવાને કારણે સમગ્ર કચ્છમાં તેઓ લોકપ્રિયતા ધારણ કરતા હતા. વધુમાં વધુ શિક્ષણનું પ્રમાણ કચ્છ જેવા વિસ્તારમાં છેવાડાના માનવી સુધી પહોંચે તેની તેઓ હંમેશા ચિંતા કરતા હતા. જયારે જયારે તેઓને જવાબદારીઓ સ્વીકારવાની આવતી હતી ત્યારે ત્યારે હંમેશા તેઓ આગેવાની લેતા હતા. સ્વર્ગસ્થ હિંમતસિંહજી બાપુએ ઘણા વર્ષો સુધી પક્ષીઓનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવામાં ખૂબ મોટો રસ લીધો હતો. કચ્છ એટલે બોર્ડરનો જિલ્લો હોવાને લીધે સરહદ સલામતિ દળની પરંપરા શરૂ કરનારા અને ઈતિહાસના તેઓ પ્રખર જ્ઞાતા હતા. તેઓશ્રીએ મુંબઈ નેચરલ ઈન્સ્ટિટયુટ, સોસાયટીના આજીવન સભ્ય રહયા હતા, એટલું જ નહીં, પરંતુ આ રાજવી પરિવાર દ્વારા ૧૯૪૭ માં જયારે માઈગ્રેશનનો પ્રશ્ન આવ્યો ત્યારે કંડલા કોમ્પ્લેક્ષ એટલે કે ગાંધીધામ કોમ્પ્લેક્ષને આ રાજવી પરિવાર દ્વારા જમીન આપવામાં આવી અને આજે સમગ્ર દેશનું આખું કંડલા કોમ્પ્લેક્ષ જે અસ્તિત્વમાં આવ્યું છે એના જશના ભાગીદાર અને પ્રજાની ખરેખર ચિંતા કરાવવાળા એ આદરણીય હિંમતસિંહજી બાપુ હતા.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ય આદરણીય સભ્ય સ્વ. શ્રી માધુભાઈ ભોયે સાથે પણ નવમી અને દશમી વિધાનસભામાં આ જ સન્માનનીય ગૃહમાં તેમની સાથે બેસવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું. તેઓ પણ આદિવાસી વિસ્તારમાંથી આવતા હતા અને આદિવાસી અને અધર બેકવર્ડ કલાસની ચિંતા કરવાવાળા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના માનનીય નેતાશ્રી જે આ ચારેય મહાનુભાવોનો શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે એ સર્વેને હું મારી હ્દયપૂર્વકની શ્રદ્ધાંજલિ આપું છું. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે અને તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આફતના સમયે આપણે તેમને શાંતવના આપીએ અને આપશ્રી મારફત તેમને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભાગૃહના સભ્યશ્રીઓ, આ સભાગૃહના નેતાશ્રી અને માનનીય વિરોધપક્ષના ઉપ નેતાશ્રી અને સભાગૃહના અન્ય સભ્યશ્રીઓએ સ્વર્ણીમ ગુજરાતના છેલ્લા પચાસ વર્ષનો જે ઈતિહાસ છે એ ઈતિહાસના રચનારા એવા પહેલી વિધાનસભામાં આ સભાગૃહના સભ્યપદે રહીને સ્વ. નાનાલાલ ચોકસી અને ત્યારપછી ડો. ઠાકોરભાઈ પટેલ અને ત્યારપછીની વિધાનસભામાં અને આપણી સાથે રહેનાર અને આદિવાસી અને વનબંધુના કલ્યાણની વાતો કરનાર શ્રી માધુભાઈ ભોયે અને કચ્છના રાજવી સમાજ જીવનના એક સમાજસેવક અને પ્રકૃત્તિના પુત્ર જેવા સ્વ. શ્રી હિંમતસિંહજી આ ચારેયને આપણે શ્રદ્ધાંજલિ આપીએ છીએ.

સ્વ.ડો. ઠાકોરભાઈ પટેલ અને નાનાલાલ ચોકસી વિશે ઘણું કહેવાયું, પરંતુ હું એનો સાક્ષી છું કે વિધાનસભાના સભ્યપદેથી નિવૃત્ત થયા પછી દાયકાઓ સુધી જાહેર જીવનમાં પ્રવૃત્ત રહીને જાહેર જીવનનાં મૂલ્યોની સાચવણી માટે લોકસેવાને આદર્શ બનાવીને અને સદાય સાચી વાત કહેવા માટેના એક વિરલ પુરુષ તરીકે મેં તેમને જોયા છે. હું આરોગ્ય મંત્રી બન્યો હતો ત્યારે તેમણે રકતપિત્ત નિર્મૂલન કાર્યક્રમમાં મારા સહયોગી અને માર્ગદશક તરીકે કામ કર્યુ હતું. મેં અધ્યક્ષપદ સંભાળ્યું ત્યારે તેઓ ટૂંકાગાળાની માંદગીનો ભોગ બન્યા અને ત્યારે તેમના પરિવાર સાથે હું સતત સંપર્કમાં હતો. મુરબ્બી શ્રી નાનાલાલ ચોકસી એ પહેલી વિધાનસભાના સભ્ય હતા. મેં ૫૪૨ જેટલા પૂર્વ ધારાસભ્યશ્રીઓને પત્ર લખ્યા હતા અને તેમાં તેઓશ્રીના પત્રનો જવાબ આવ્યો હતો એ મારા માટે ખૂબ જ પ્રેરણારૂપ હતો. એમાં આ સભાગૃહના પૂર્વ સભ્યો જેમણે આ ગુજરાતનો ઈતિહાસ રચ્યો છે અને તેમાં પણ ગુજરાતના રાજવી રહીને ગુજરાતની ચિંતા કરનારા શ્રી હિંમતસિંહજીભાઈ અને આદિવાસી અને વનવાસી ક્ષેત્રમાં રહીને પ્રકૃત્તિને સાચવનારા એ માધુભાઈ કે જેઓ તો આપણી વચ્ચે જ હતા અને હજુ તો નજર નાંખીએ તો દેખાય એ પ્રકારના વ્યકિતત્વે વિદાય લીધી છે ત્યારે આપણે સૌ તે સર્વેને શ્રદ્ધાંજલિ આપીએ. ગૃહના નેતાશ્રી અને ઉપનેતાશ્રી જે પ્રસ્તાવ લાવ્યા છે એમાં આપણે સર્વે બે મિનિટ ઉભા રહીને મૌન પાળીએ અને તેમને શ્રદ્ધાંજલિ અર્પીએ.

(બે મિનિટ મૌન બાદ)

**અધ્યક્ષશ્રી:** સભાગૃહની આ લાગણી સ્વર્ગસ્થ સભ્યશ્રીઓનાં કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### શ્રીમદ રાજચંદ્ર આશ્રમ સંચાલિત હોસ્પિટલમાં આંખના ઓપરેશન બાદ દૃષ્ટિ ગુમાવવા બાબત

**શ્રીખુમાનસિંહ રા. ચૌહાણ(સાવલી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધી નિવેદન કરવા માટે વિનંતી કરું છું.

"તાજેતરમાં ધરમપુર તાલુકાની શ્રીમદ રાજચંદ્ર આશ્રમ સંચાલિત હોસ્પિટલમાં આંખના ઓપરેશન કરાવ્યા બાદ થોડા જ દિવસોમાં નવ વ્યકિતઓએ દૃષ્ટિ ગુમાવી છે. ઓપરેશન કરાવ્યા બાદ દર્દીઓને પૂરતી સારવારના અભાવે દૃષ્ટિ ગુમાવવી પડી છે ત્યારે આવી રીતે દૃષ્ટિ ગુમાવનાર ઈસમો તથા સારવાર માટે આવતા દર્દીઓમાં ભય અને ગભરાટની લાગણી ફેલાયેલ છે. જેથી દૃષ્ટિ ગુમાવનાર માટે રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩-૩-૨૦૦૮ના રોજ રાજય સરકારને વર્તમાનપત્ર તેમજ વલસાડ વિસ્તારના અન્ય વ્યકિતઓ દ્વારા શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ, ધરમપુર મુકામે ૯ આંખના દર્દીઓને મોતિયાના ઓપરેશન બાદ તકલીફ થતાં અસર પામેલ એક આંખ કાઢી લેવાની બાબત ધ્યાન પર આવેલ તેથી રાજય સરકાર દ્વારા તા. ૪-૩-૨૦૦૮ના રોજ સીવીલ સર્જન, વલસાડની આગેવાની અંતર્ગત એક ટીમને તપાસ કરવા માટે મોકલવામાં આવેલ. જેનો અહેવાલ તા.૫-૩-૨૦૦૮ના રોજ જિલ્લા અધિકારીઓ તેમજ રાજય સરકારને સુપ્રત કરાયેલ.

(૧) શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ, ધરમપુર એ ૫૦ પથારી ધરાવતી ટ્રસ્ટ સંચાલિત ખાનગી હોસ્પિટલ છે જેમાં આંખના વિભાગ ઉપરાંત અન્ય વિભાગો પણ છે. આ હોસ્પિટલ આદિવાસી વિસ્તારમાં સેવાઓ આપે છે અને ત્યાં કુલ ૧૮ ડોકટર્સ ફુલટાઈમ ફરજો બજાવે છે અને તજજ્ઞો રાજયમાંથી અને રાજય

બહારથી સેવા આપવા આવે છે. હોસ્પિટલ ખાતે એક જનરલ ઓપરેશન થિયેટર અને એક આંખનું અલગ ઓપરેશન થિયેટર ઉપલબધ છે. ત્યાં વખતો વખત મોતીયાનું તેમજ અન્ય આંખોના દર્દોને લગતા ઓપરેશન કરવામાં આવે છે.

(૨) નવ દર્દીઓના તા.૨૨/૨/૦૮ના રોજ સ્ક્રીનીંગ કેમ્પ કરી શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ ધરમપુર ખાતે આંખના મોતિયા બીંદુના ઓપરેશનની જરૂરિયાત જણાતા બીજા દિવસે ઓપરેશન કરવાના હેતુથી દાખલ કરવામાં આવ્યા. તા.૨૩-૨-૨૦૦૮ના રોજ આંખના સર્જને શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ, ધરમપુર ખાતે આંખના ઓપરેશન થિયેટરમાં તમામ નવ દર્દીઓના ઓપરેશન કર્યા હતા. ઓપરેશન કર્યાના એક દિવસ બાદ ઓપરેશન કરેલ આંખની તપાસ કર્યા બાદ યોગ્ય જણાતા નવ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપી.

(૩) તા. ૨૯-૨-૦૮ના રોજ એક દર્દીને ઓપરેશન કરેલ આંખમાં દુ:ખાવો થતાં તે તાત્કાલિક શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ ખાતે નિયત કરેલ દિવસે એટલે કે, ૧લી માર્ચ ૨૦૦૮ની જગ્યાએ એક દિવસ વહેલા એટલે કે ૨૯-૨-૨૦૦૮ના રોજ બતાવવા આવેલ હતો. ત્યાં હાજર આંખના તબીબે તપાસ કરતાં એન્ડોઓપ્થલમાઈટીસ નામનો આંખનો ચેપી રોગ થયો હોવાનું નિદાન કર્યુ હતું અને ઓપરેશન કરનાર આંખના સર્જનને ટેલીફોનીક જાણ કરી હતી. આંખના સર્જનની સૂચના બાદ બાકીના તમામ આઠ દર્દીઓને તબીબી તપાસ માટે શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ ધરમપુર ખાતે લાવવામાં આવ્યા હતા. આંખના સર્જન અને એક આંખના પડદાના રોગોના નિષ્ણાંત (વીટ્રોરેટીનલ સર્જન) એ સાથે મળી તમામ દર્દીઓની તબીબી તપાસ કરતાં એન્ડોઓપ્થલમાઈટીસ નામના આંખના ચેપી રોગની પુષ્ટિ થતા વધુ સારવાર માટે પ્રયાસ હાથ ધર્યા હતા. પરંતુ આંખનો ચેપ નિયંત્રણમાં આવતો ન લાગતા તેમજ દર્દીની દૃષ્ટિ બચાવી શકાય તેવા કોઈ અણસાર ન મળતા તબીબી પરિસ્થિતિને ધ્યાને લેતા તમામ નવ દર્દીઓની આંખ કાઢવાનું ઓપરેશન કરવામાં આવેલ હતું. અને તા. ૪-૩-૨૦૦૮ના રોજ સવારે ૧૦-૦૦ વાગ્યાના અરસામાં રજા આપવામાં આવી હતી.

(૪) તપાસ ટીમ જયારે તા. ૪-૩-૨૦૦૮ના રોજ સવારે ૧૧-૩૦ કલાકે સ્થળ ઉપર પહોંચી ત્યારે દર્દીઓને રજા આપેલી હોવાથી એક પણ દર્દી હોસ્પિટલમાં મળ્યા ન હતા. જે ઓપરેશન થિયેટરમાં ઓપરેશન કરવામાં આવ્યા હતા તે થિયેટરમાંથી વિવિધ જગ્યાઓથી માઈક્રોબાયોલોજીકલ તપાસ માટે શ્વોબ એકત્રિત કરવામાં આવ્યા હતા અને બાદમાં તે ઓપરેશન થિયેટરને પંચોની હાજરીમાં સીલ કરવામાં આવ્યું હતું.

રાજય સરકાર તરફથી નીચે પ્રમાણે કાર્યવાહી કરવામાં આવેલ છે.

-તા. ૫/૩/૨૦૦૮ના રોજ સિવીલ સર્જનશ્રી વલસાડ તથા નેત્ર સર્જનશ્રી વલસાડે આંખ ગુમાવેલ દર્દીઓની રૂબરૂ મુલાકાત લીધી હતી. જે વખતે દર્દીઓની આંખમાં સોજો અને દુખાવો જણાતા તેઓને વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે આવવા જણાવેલ. તા. ૬-૩-૨૦૦૮ના રોજ તમામ દર્દીઓને સિવિલ હોસ્પિટલ વલસાડ ખાતે લાવવામાં આવેલ, જયાં તેઓને એન્ટીબાયોટીક, પેઈન કીલર,આંખના ટીપાં દ્વારા સારવાર ચાલુ કરવામાં આવેલ. છેલ્લે તા. ૭-૩-૨૦૦૮ના રોજ મેડીકલ કોલેજ સૂરતની ટીમ તથા અધિક્ષકશ્રી જુની સીવીલ હોસ્પિટલ સૂરતની તજજ્ઞ ટીમ દ્વારા તમામ દર્દીઓને તપાસવામાં આવેલ છે અને કોઈ વાંધાજનક સ્થિતિ જણાયેલ નથી. તેમ છતાં સાવચેતીના અનેક પગલાં રૂપે હાલમાં આ તમામ દર્દીઓને સિવિલ હોસ્પિટલ વલસાડ ખાતે અવલોકન તેમજ સારવાર અર્થે ચાલુ રાખવામાં આવેલ છે.

- તા. ૭-૩-૦૮ના રોજ રાજય સરકાર તરફથી આઈ.પી.સી.સી.ની કલમ ૩૩૮ અને ૧૧૪ અંતર્ગત ટ્રસ્ટ વિરૂધ્ધ એફ.આઈ.આર. દાખલ કરવામાં આવેલ છે.

સમગ્ર ઘટનાની જાણ થતાં તાત્કાલિક કાર્યવાહી કરી અસરગ્રસ્ત દર્દીઓને પણ સઘન સારવાર તેમજ દાકતરી અવલોકન હેઠળ મુકી જરૂરી સારવાર માટેની વ્યવસ્થા રાજય સરકારે કરી છે તે સંજોગોમાં આ ઘટનાને કારણે અન્યત્ર કોઈ ભય અને ગભરાટની લાગણી ફેલાય તેવી શકયતા નથી.

**શ્રી ખુમાનસિંહ ૨ા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આ એટલી મોટી ગંભીર બાબત છે કે આ જે ટ્રસ્ટ છે તે ટ્રસ્ટની સામે અગાઉ પણ આવાં કેટલાંક ઓપરેશનો બાબતમાં ફરિયાદો થયેલ છે. આ એક એવી જગ્યાએ હોસ્પિટલ છે કે જયાં આદિવાસી વિસ્તાર છે. આદિવાસી વિસ્તારમાં સ્વાભાવિક છે કે આવા કેટલાક જે ટ્રસ્ટો હોય તે ટ્રસ્ટની અંદર બહારથી આવતા કેટલાંક જે વિદ્યાર્થીઓ હોય, જે ડોકટરો હોય, એવી ડોકટરોની ટીમોને આવી ખાનગી ટ્રસ્ટોની હોસ્પિટલોની અંદર બોલાવવામાં આવે છે, એમને ટ્રેઈનિંગ પણ ત્યાં અપાય છે, ટ્રેઈનિંગ પણ આવા વિદ્યાર્થીઓ ત્યાં લેતા હોય છે, અને આવી ટ્રેઈનિંગ લેતા વિદ્યાર્થીઓ મારફત પણ ઘણી જગ્યાએ આવા ઓપરેશનો થતા હોય ત્યારે એની અંદર દર્દી તેનો ભોગ બને છે. અને આવા દર્દીઓની સાથે આવા ડોકટરો, શીખાઉ ડોકટરો મારફતે તેમના જીવન સાથે ચેડાં થતાં હોય છે અને તેને કારણે આ જે પરિસ્થિતિ ત્યાં ઉભી થઈ છે તે પરિસ્થિતિમાં હું સરકાર પાસેથી એટલું જાણવા માગું છું કે વર્તમાન છાપાઓ મારફતે જયારે આ વાત સરકારના ધ્યાને આવી છે.

**અધ્યક્ષશ્રી** : આપ જે પ્રશ્ન હોય તે પ્રશ્ન ઉપર આવો.

**શ્રી ખુમાનસિંહ ર્ા. ચૌહાણ** : વર્તમાન પત્રોના આધારે જયારે આ પ્રશ્ન સરકારના ધ્યાન ઉપર આવેલો છે...

**અધ્યક્ષશ્રી** : વર્તમાનપત્રોનો ઉલ્લેખ કર્યા વગર જે પ્રશ્ન હોય તે પ્રશ્ન ઉપર આવો.

**શ્રી ખુમાનસિંહ ર્ા. ચૌહાણ** : એમાં જે તપાસ સમિતિ નીમી અને વલસાડના સુપ્રીન્ટેન્ડેન્ટ અને કલેકટરે જયારે સૂચના આપી અને આની તપાસ થઈ, ત્યારે ખરેખર આખી ઘટના માત્ર ડોકટરોની બેદરકારીને કારણે જ બની છે, એવી વાત સ્પષ્ટ ફલિત થાય છે ત્યારે માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમ દ્વારા હું એ પૂછવા માગું છું કે જે લોકોએ દૃષ્ટિ ગુમાવી, જેમને નુકસાન થયું, એને સરકાર કોઈ વળતર આપવા માગે છે કે કેમ? અને સાથે સાથે જે ટ્રસ્ટની બેદરકારીના કારણે અને ડોકટરોની બેદરકારીના કારણે આ બનાવ બન્યો, સરકારે તો પી.સી.સી.ની ફલાણી ફલાણી કલમો લગાડી અને એક આત્મ સંતોષ માન્યો, પણ આવા ટ્રસ્ટોની માન્યતા સરકાર રદ કરવા માગે છે કે કેમ, અને ત્રીજી વાત, જે લોકોએ દૃષ્ટિ ગુમાવી છે એને આંખોનું પ્રત્યારોપણ કરવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય સભ્યશ્રીની સમગ્ર બનાવ બાબતની ચિંતા છે એ ચિંતા સાથે આ ગૃહમાં કોઈપણ માનનીય સભ્યશ્રીને કોઈ વિવાદ હોઈ શકે નહિ. પ્રસંગ એવો છે કે સ્વાભાવિક રીતે કોઈપણ સંવેદનશીલ માણસને આ પ્રસંગે લાગણી થાય અને એ માટે સ્વાભાવિક રીતે ગૃહના માનનીય સભ્યશ્રીઓ ચિંતિત હોય ત્યારે આપના થકી માનનીય સભ્યશ્રીઓને કેટલીક વિગતો આપવા માગું છું.

પહેલા માનનીય સભ્યશ્રીએ કહ્યું કે અખબારો અથવા અન્ય માધ્યમો થકી સરકારશ્રીને આ બાબતની જાણ થઈ છે. કલેકટરશ્રીએ આ તપાસ બાબતે સિવિલ સર્જનને કહ્યું છે, એમાં ક્યાંક જે હકીકતો રજૂ કરવામાં આવી એ વાસ્તવિકતા સાથે સુસંગત નથી. બધી બાબતો મારા ધ્યાન ઉપર આવી હતી અને આપણા ભૂતપૂર્વ મંત્રીશ્રી અને આ ગૃહના એક સન્માનનીય સભ્યશ્રી સાથે એમના વડીલ એવા ડો. કે.સી. પટેલે આ બાબતની મને વાત કરી, એમની સામે જ એમની હાજરીમાં આરોગ્ય કમિશ્નરને ઈ.મેલ દ્વારા આ સમગ્ર ઘટના પ્રકાશમાં આવી એ પહેલા આ સરકારે તપાસ કરવાની સૂચના આપી છે એ હું કહેવા માગું છું. આ સૂચના અપાયા બાદ ત્રીજી માર્ચના રોજ સૂચના અપાઈ, ચાર માર્ચની સવારે ધરમપુર જેવા અંતરિયાળ વિસ્તારમાં તપાસ માટેની ટીમ પહોંચી અને ત્યારપછી પાંચમી તારીખે ટીમનો અહેવાલ આવ્યો એની સાથે સાથે સરકારશ્રી આ બાબતને જરાય હળવાશથી લેવા માગતી નથી. જે કંઈ દરદીઓને ત્યાંથી ટ્રીટમેન્ટ આપીને છૂટા કરવામાં આવ્યા હતા એ બધા જ દરદીઓ વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે સઘન સારવાર નીચે રાખવામાં આવ્યા છે એમની દરકાર કરવામાં આવી છે અને આજની તારીખમાં આ બધા જ દરદીઓ સિવિલ હોસ્પિટલ વલસાડ ખાતે સઘન સારવાર નીચે અને અવલોકન હેઠળ છે. સભ્યશ્રીઓને આપના થકી કહેવા માગું છું કે એમની બેય આંખોમાં મોતિયો કે એનું ઑપરેશન એક સાથે થતું નથી. પરંતુ પહેલા તબક્કે એક આંખનું થયું છે અને બીજી આંખનું કરવાનું થશે અને બીજી આંખે તકલીફ ન પડે એટલા માટે એ ઑપરેશન કરવાની પરિસ્થિતિ ઊભી થશે ત્યારે આ નવે નવ દરદીઓને સરકારશ્રી પોતાની નિગરાની નીચે એક નિષ્ણાંત તબીબના હાથ નીચે ઑપરેશન થાય એ માટે વ્યવસ્થા ગોઠવવાનું આયોજન અમે વિચાર્યુ છે. એટલે સરકારશ્રી સંવેદનશીલ નથી અથવા સરકારશ્રી કંઈ છૂપાવવા માગે છે એ વાત હકીકતો સાથે સુસંગત નથી. ત્યારપછી સરકારશ્રીએ શું કર્યુ એની વાત આવી. આ ટીમનો અહેવાલ આવ્યો એની તરત જ સાતમી માર્ચ અને આઠના રોજ એફ.આર.આઈ. દાખલ કરવામાં આવેલી છે. એમાં ગમે તે કલમ દાખલ કરવામાં નથી આવી. એમાં આઈ.પી.સી. ની કલમ ૩૩૮ હેઠળ કાર્યવાહી કરવાનું કહેવામાં આવ્યું છે. આ કલમ ૩૩૮ હેઠળ કાર્યવાહી એટલે causing grievous hurt or endangering human life or personal safety of others. અને એના માટે બે વર્ષની સજાની જોગવાઈ કાનૂનમાં છે. એ સાથે ૧૧૪ ની કલમ એટલે એમની સાથે ઑપરેશનમાં જોડાયેલા એમની સાથે મેળાપીપણામાં આ સમગ્ર કામગીરી થઈ છે એ કાયદાની કલમ લાગુ કરવામાં આવી છે. એની સજાની જોગવાઈ આની સાથે સુસંગત હોય તે રીતની છે. એનાથી પણ આગળ કહેવા માગું છું કે કદાચ માનનીય સભ્યશ્રી કહેશે કે એનાથી વધારે કડક કલમની જોગવાઈ કેમ ન કરી. કાયદાના પુસ્તકમાં ત્યાર પછીની કલમ છે એ ૩૨૬ ની કલમ છે. ૩૨૬ની કલમ છે એ કોઈ ડેન્જરસ વેપન સાથે નેગ્લીજન્સીથી કામ કરવામાં આવ્યું હોય તે અંગેની છે. તબીબી વ્યવસાયના સાધનો ફેંકો માટેની સાધન સામગ્રી છે. તેને કોઈ હિસાબે ડેન્જરસ વેપનની કેટેગરીમાં ન મૂકી શકાય. એટલે મહત્તમ જે શકય હતું તે કરવામાં આવ્યું છે. એટલે કોઈ પણ રીતે સરકાર કયાંય કોઈ પ્રકારની ઢીલ રાખીને આ સમગ્ર મામલે ચાલી છે તેવું નથી. ત્યાર પછી માનનીય સભ્યશ્રીની ચિંતા છે તે બાબતમાં પણ અમે તપાસ કરી છે. માનનીય સભ્યશ્રી એમ કહે છે કે શિખાઉ ડૉકટર અને વિદ્યાર્થીઓને અહીં લાવવામાં આવે છે. ધરમપુર જેવા અંતરિયાળ વિસ્તારમાં ૧૨ ડૉકટરો આ હૉસ્પિટલમાં કામ કરે છે. તેમના ક્વૉલિફિકેશનની વિગતો મારી પાસે છે. માનનીય સભ્યશ્રીને જોઈતી હશે તો હું આપીશ, પણ મારે આપના થકી કહેવું છે કે આ હૉસ્પિટલમાં અત્યાર સુધીમાં ૨૦૦૪થી ૨૦૦૮ સુધીમાં ૨૧૦૦ ઑપરેશન કરવામાં આવ્યા છે અને ૨૧૦૦ ઓપરેશનમાંથી ૮૫૦ આંખના ઑપરેશન છે. ત્યારે મેં તપાસ કરવાનું ઉચિત માન્યું કે આ લોકોના જે ઑપરેશન કરવામાં આવે છે તેમાં આ હૉસ્પિટલ કંઈ ફાયદો મેળવે છે કે નહીં? તો જે બાબત તપાસમાં બહાર આવી છે તે

એવી છે કે ૮૫૦ મોતિયાના ઑપરેશન કર્યા તેમાંથી માત્ર ચાર જ દર્દી આર્થિક રીતે સક્ષમ હોવાથી તેમની પાસેથી ૧૦૦૦ રૂપિયા પ્રમાણે ફી લેવામાં આવી છે. બાકીના એક પણ દર્દી પાસેથી આ ઑપરેશન માટે કોઈ પ્રકારની ફી લેવામાં આવી નથી. ઑપરેશન માટે ૯ દર્દીઓને જેમણે મોકલ્યા હતા તે ભણસાળી ટ્રસ્ટ જેવી એક સેવાકીય સંસ્થાએ મોકલ્યા છે. એટલે કોઈ રીતે દર્દીઓને લલચાવીને, ફોસલાવીને અથવા તો કોઈ રીતે તેમને ત્યાં લાવીને તેમના ભોળપણનો લાભ ઉઠાવવામાં આવ્યો હોય એવું નથી. એટલા માટે કાયદાનો પહેલો સિદ્ધાંત છે કે મેન્સ રીયા, મેન્સ રીયા એટલે ગુનાહિત મનોવૃત્તિથી કરવામાં આવેલી કોઈ કાર્યવાહી. આને બેદરકારી જરૂર કહી શકાય. ક્યાંક ક્ષતિ રહી ગઈ છે તે પણ જરૂર કહી શકાય. તે ક્ષતિ શું છે તે શોધવા માટેની અમે તપાસની ટીમ મોકલાવી છે. દવાઓ સબ સ્ટાન્ડર્ડ હોય તો ડ્રગ કંટ્રોલરના ડ્રગ રિપૉર્ટ લૅબૉરેટરીમાંથી તેનો રિપૉર્ટ આવશે, જે આંખને જે રોગ માટે કાઢી નાખવામાં આવી છે તેમાં કયા વિષાણુંઓ હતા તે અંગેના રિપૉર્ટ માટેની લૅબૉરેટરી છે તે લૅબૉરેટરીને અમે સમગ્ર બાબત રીફર કરી છે. એટલે કોઈ પણ રીતે આ બાબતને અમે ગંભીરતાથી લીધી નથી તેવું નથી અને આ પ્રકારની જે ક્ષતિ થઈ છે તેના કારણો જણાશે ત્યારે જે કંઈ કારણ હશે તેને લગતા જે કોઈ જવાબદાર ગણાશે તેની સામે સરકારે જે કોઈ કાર્યવાહી કરવાની થતી હશે તે કાર્યવાહી નહીં કરવાનું કોઈ જ કારણ નથી અને આ બાબત સરકાર કયાંય ઢીલ વર્તવા માગતી નથી.

છેલ્લે હું આપના થકી માનનીય સભ્યશ્રીને એટલું કહેવા માગું છું કે જે નેત્રસર્જને ઑપરેશન કર્યું છે એ પોસ્ટગ્રેજયુએટ ક્વૉલિફિકેશન ઓપ્થેલ્મોલોજીમાં ધરાવે છે અને તેની સાથેના બીજાં નેત્રસર્જન છે તે પણ પોસ્ટગ્રેજયુએટ ક્વૉલિફિકેશન ઓપ્થેલ્મોલોજીમાં ધરાવે છે. ઑપરેશન થિયેટરમાં ઑપરેશન થયું છે. કોઈ રીતે અન્યથા ઑપરેશન થયું નથી. એટલે આ એક કમનસીબ ઘટના જરૂર છે. ક્યાંક કોઈક જગ્યાએ ચેપ લાગવાની વાત બની છે. તે વાત પણ જરૂર છે. પણ તેની જે વિગતો છે તે જ્યારે લૅબૉરેટરીના અહેવાલો આવશે ત્યારે સમગ્ર બાબત સપાટી પર આવશે અને તે સમયે જે કંઈ આગળની કાર્યવાહી કરવાની થતી હશે તે માટેની વિચારણા કરવામાં આવશે. હું માનનીય સભ્યશ્રીઓને આપના થકી ખાતરી આપવા માગું છું કે તેમની ચિંતા સકારણ છે. આ ગૃહના સભ્યશ્રીઓ આ પ્રકારના બનાવો પ્રત્યે સજાગ રહીને પ્રજાની લાગણી અને ચિંતાનો પડઘો પાડે એ આવકારદાયક છે અને મારા ખાતા માટે પણ જરૂરી ચેક છે કે જેને અનુલક્ષીને અમે પ્રજાની સેવાની કામગીરી કરવા માગીએ છીએ. એટલે આ સમગ્ર ઘટના It is unfortunate but it is a solitary incidence. ૮૫૦ ઓપરેશન કર્યા તેમાં આ કમનસીબ ૯ દર્દીઓના કિસ્સામાં આવું થયું છે અને એ દિશામાં જે કોઈ કાર્યવાહી કરવાની થતી હોય એ અમે સતર્કતાપૂર્વક અને સજાગતાપૂર્વક કરી છે તે વાત સાથે હું મારી વાત પૂરી કરું છું.

**અધ્યક્ષશ્રી** : શ્રીમતી ઉષાબેન પટેલ.

**શ્રીમતી ઉષાબેન ગી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીની રજૂઆતથી દરેક પ્રશ્નનો ઉકેલ મને મળ્યો છે. વિશેષ કહેવા માગતી નથી.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ઑપરેશન ધરમપુર તાલુકની રાજચંદ્ર હૉસ્પિટલમાં થયું છે અને ૯ દર્દી મારા મત વિસ્તારના છે. કપરાડા તાલુકાના છે. માનનીય મંત્રીશ્રી પાસેથી એવી અપેક્ષા રાખું છું કે, આ દર્દીઓ આદિવાસી અને અતિ ગરીબ છે. કારણ કે જેમની ઉંમર ૬૦ વર્ષ ઉપરની છે. ગરીબ હોય એટલે કોઈ ટ્રસ્ટ કે સંસ્થાના દ્વારે જવું પડે છે. ..

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર આવો.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ અતિ ગરીબ છે એટલે આ દર્દીઓને સરકાર તરફથી શું મદદ કરી શકાય અને કેવી રીતે મદદરૂપ થઈ શકીએ. બાકી શરીરની અંદર બધી જ કુદરતે વસ્તુઓ બનાવેલ છે હાથ આપેલ છે. પણ કહેવત છે કે, " દાંત ગયા તો સ્વાદ ગયા અને આંખ ગઈ તો દેશ ગયા." એમ કહીએ તો ખોટું નથી. એટલે એમના જીવનમાં અંધારું આવી ગયું છે. તો એમને કેવી રીતે મદદરૂપ થઈ શકીએ એવી અપેક્ષા રાખું છું.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ કહ્યું તેમ બીજી આંખનું ઑપરેશન કરાવીશું. એમની દૃષ્ટિ સંપૂર્ણ ન જાય તે માટે આંખની હૉસ્પિટલમાં તજજ્ઞની દેખરેખ નીચે બાકીની બધી જ ઑપરેશન અંગેની કાર્યવાહી સરકારશ્રી કરાવશે અને આગળ કોઈપણ ખર્ચ કરવો ન પડે અને તકલીફ ન પડે તે માટેની વ્યવસ્થા કરીશું. (અંતરાય)

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારી એટલી અપેક્ષા છે કે, ટ્રસ્ટ કોઈ મદદ કરી શકે, સરકાર તરફથી આપણે એમને શું મદદ આપી શકીએ?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, અહેવાલ આવ્યા બાદ યોગ્ય જણાશે તો તે અંગેની કાર્યવાહી કરવાનું વિચારીશું.

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહભાઈ પૂરો જવાબ આપ્યો છે. જે કોઈ વિગત જોઈતી હોય તો એમને રૂબરૂ મળશો. નેકસ્ટ.. શ્રી રણજીતભાઈ..

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## સભાગૃહની હદ મર્યાદા અંગે

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા(સૂરત શહેર (પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડીક વાત આપના ધ્યાન ઉપર લાવવી છે. આ બારમી વિધાનસભાના સભ્ય બન્યા બાદ લગભગ તમામ બેઠકની અંદર મારે હાજર રહેવાનું બન્યું છે એવો મોકો મને મળ્યો છે અને હું હાજર રહ્યો છું.

**અધ્યક્ષશ્રી** : આપને શું કહેવું છે?

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એવું કહેવું છે કે, આ વિધાનસભાનું આ ગૃહ અને આ સમગ્ર સંકુલ એ આપના કાર્યક્ષેત્રમાં આવે છે, આપની હકૂમતમાં આવે છે. ગઈકાલે જે નાનો એક પ્રસંગ બન્યો છે તે પ્રસંગ ઉપર આપનું ધ્યાન દોરવા માગું છું. આ ગૃહની અંદર જ્યારે ઉચ્ચ સંસદીય પ્રણાલીની જાળવણીની આપણે જ્યારે વાતો કરતા હોઈએ અને સાથોસાથ તે તરફ આગળ જવાનો પ્રયત્ન કરતા હોઈએ ત્યારે ગઈકાલે આપના તાબા હેઠળના સંકુલની અંદર આજ ગૃહમાં બેસતા માનવંતા સભ્યશ્રીઓ દ્વારા સરકારશ્રીના એક બીલને લઈને આ સંકુલમાં સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા. સૂત્રોચ્ચાર કરે ત્યાં સુધી વાંધો ન હોઈ શકે પરંતુ આ સંકુલની અંદર. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, નવા સભ્ય છે એટલે બહુ ડિસ્ટર્બ કરવાની કોશિશ નહોતી કરી. પણ જ્યારે તાકીદની જાહેર અગત્યની બાબત સાથે સુસંગત ન હોય અને ગૃહમાં બનેલ આ પ્રશ્નની બાબતનો ઉલ્લેખ કરતા આપ એમને રોકો.

**અધ્યક્ષશ્રી** : એમને સાંભળીને પછી હું કહું છું.. આત્મારામભાઈ..

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા** :માનનીય અધ્યક્ષશ્રી, સૂત્રોચ્ચાર કરવામાં આવે ત્યાં સુધી વાંધો ન હોઈ શકે પરંતુ જ્યારે બિલની.. .. ..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તમારો મુદ્દો શું છે? આપ મુદ્દા પર આવો.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા** :માનનીય અધ્યક્ષશ્રી, આપની હકૂમત હેઠળના વિસ્તારમાં આ પ્રકારની રાજકીય પ્રવૃત્તિ ન થાય એ જોવા માટેની મારી આપને નમ્ર વિનંતી અને માગણી છે. થેન્ક યુ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલની ઘટનાનો ઉલ્લેખ કર્યો છે અને ચર્ચા થાય છે તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર. એટલે તાકીદની જાહેર અગત્યની બાબત પૂરતો જ એમનો પ્રશ્ન હોય તો એમને ચાન્સ આપો. નવા સભ્ય છે એટલે કાંઈક બોલે એવું અમે ઇચ્છીએ. ગઈકાલની આપની હાજરીમાં ઘ ટના બની એની ચર્ચામાં એમણે આટલો સમય લીધો. એમને ફરી તક આપો.

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ, તાકીદની જાહેર અગત્યની બાબત પૂરી થઈ ગઈ છે. હું સમજું છું ત્યાં સુધી એ પૉઈન્ટ ઑફ ઑર્ડર તરીકે લાવ્યા છે. જાહેર અગત્યની બાબત પૂરી કરી દીધી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ના, સાહેબ આ ચર્ચાના સંદર્ભ ઉપર વાત ચાલે છે.

**અધ્યક્ષશ્રી** :ના ના એવું નથી. મેં નેક્સ્ટ કહયા પછી હું ચોથી આઈટમ ઉપર જતો હતો એની વચ્ચે સરકારી કામકાજ શરુ થાય એ પહેલા એમણે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે એવું છે એટલે એમના પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર આપને કંઈ કહેવું હોય તો કહો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પોઈન્ટ ઓફ ઓર્ડર તો ગૃહની અંદર કોઈ બનેલી ઘટના હોય એના ઉપર થઈ શકે. આપની હાજરીમાં કોઈ ઘટના બની નથી એટલે પોઈન્ટ ઓફ ઓર્ડર કોઈ પ્રકારનો રહેતો નથી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહની અંદર બનેલી ઘટના જ નહીં પરંતુ આ આખું કમ્પાઉન્ડ અને બાકીનું બધું છે ને એ અધ્યક્ષશ્રીના, આપના સુપરવીઝન નીચે છે. આપના કબજામાં છે. આજે બહાર જઈને પગથીયાની નીચે જઈને, પોલીસ કોઈ ધારાસભ્યની સાથે અયોગ્ય વ્યવહાર કરે, કોઈ બનાવ બને, કોઈ અહીં આંદોલનકારો અંદર આવીને દેખાવો કરે તો પણ એ ગેરશિસ્ત રહી છે. ભૂતકાળની અંદર માનનીય અધ્યક્ષશ્રીએ એની નોંધ પણ લીધી છે અને જે તે વખતે જેવા નિર્ણયો આપવા હોય એવા નિર્ણયો પણ આપેલ છે. ફકત આ હાઉસની અંદર જ બને એનો જ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવાય એવું નથી હોતું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ જે ઉલ્લેખ થયો છે એ ગૃહની કાર્યવાહીનો ભાગ નથી, જે ગૃહની કાર્યવાહીનો ભાગ ન હોય એ બાબતની અહીંયા પોઈન્ટ ઓફ ઓર્ડર મારફત ચર્ચા કરવી એ વ્યાજબી નથી. જે કાંઈ બાબત હશે તો આપનું વ્યકિતગત રીતે કોઈ ધ્યાન દોરે, આપ અમારું વ્યકિતગત રીતે ધ્યાન દોરો એ વાત જૂદી છે. જે ચર્ચા આ ગૃહની અંદર ગૃહની કાર્યવાહીનો ભાગ હોય એ બાબત પૂરતો જ પોઈન્ટ ઓફ ઓર્ડર રહી શકે. એ સિવાયનો પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી રણજીતભાઈ ગિલીટવાલાએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો, એના ઉપર માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ પોતાનું મંતવ્ય રજૂ કર્યુ, નાણામંત્રીશ્રીએ પોતાનું રજૂ કર્યુ. આ સભાગૃહનું સમગ્ર ભવન એ અધ્યક્ષના તાબા હેઠળનું ગણાય છે. પરંતુ આપણ વિધાનસભાના નિયમોના નિયમ પ્રમાણે અધ્યક્ષ કેટલીક હદો નકકી કરે છે અને એને માટે within the precincts ગણીએ છીએ કેટલીક હદ બહાર ગણીએ

છીએ અને કેટલીક જગ્યાઓ હદની અંદર ગણીએ છીએ. આપણો એક નિયમ રહયો છે કે અધ્યક્ષશ્રી સંપૂર્ણ ભવનને પણ પોતાની હદની અંદર જાહેર કરી શકે છે અને તે ઉપરાંત પ્રેક્ષક ગેલેરીઓ અને અન્ય ગેલેરીઓ એ પણ સમગ્ર અધ્યક્ષશ્રીના આધિપત્યની અંદર ગણાય છે. શ્રી રણજીતભાઈએ બે વાત અહીં કહી છે. આખા વિષયને જો બે ભાગની અંદર વહેંચી લઈએ તો એક વાત એમણે એમ કહી હતી કે હું નવા ધારાસભ્ય તરીકે બારમી વિધાનસભાની અંદર આવ્યો ત્યારથી જે વાતાવરણ જોયું છે એનાથી અભિભૂત થયા છે. આપણે સૌએ સંસદીય સંસ્કાર ફરી પુર્નજીવિત કરવાની દિશાના ગૃહની અંદર પ્રયત્ન કર્યા છે એમ હું કહું તો ગૃહના નેતા અને વિપક્ષના નેતાએ અને સમગ્ર ૧૮૨ સભ્યોએ સાથે મળીને એક સાચી દિશાનાં પગલાં ભર્યા છે, ત્યારે ગઈકાલે બનેલી ઘટના એ ચોકકસ આપ કહો છો એ પ્રમાણે ગૃહની સમક્ષ નથી બની એ હકીકત છે. આપ કહો છો એ પ્રમાણે ગઈ કાલે બની છે એ પણ હકીકત છે, પરંતુ આજ સુધી આપણે બધાએ કંઈકને કંઈક પ્રવૃત્તિઓ આ પક્ષમાં અમે હોઈએ ત્યારે કે તે પક્ષમાં અમે હોઈએ ત્યારે કરી છે. કયારેક સૂત્રોચ્ચાર કર્યા છે. કયારેક દેખાવો કર્યા છે. કયારેક અધ્યક્ષની કચેરીઓમાં ગયા છીએ પણ બારમી વિધાનસભાનું ૧૦૮મું સત્ર એ આપણને સૌને માટે માર્ગદર્શક સત્ર બન્યું છે.આ સત્રની અંદરથી એક ભાવ પેદા થયો છે કે સમગ્ર દેશે અને આપણે પોતે, પહેલા આપણે પોતે સંસદીય પરંપરાઓને એક નવી દિશા આપવી છે. એટલા માટે ભૂતકાળના કોઈપણ પ્રસંગોને યાદ કર્યા વિના આપણે સૌ એક એવી દિશા તરફ જઈએ કે જે દિશા તરફ દેશ જાય, જે દિશા તરફ આવનારી પેઢી જાય. એટલા માટે મેં કહયું તેમ કે ભૂતકાળની અંદર આ સભાગૃહની અંદર વોકઆઉટકર્યા હોય, બાકીની ઘટના બની એની હું ચર્ચા કરવા માગતો નથી. આ સભાગૃહની બહાર જઈને પણ આપણે દેખાવો કર્યા હોય. અધ્યક્ષના રૂમમાં પણ દેખાવો થયા હોય એવી ઘટનાઓ બની છે. આ સભાગૃહના બિલ્ડીંગમાં કૅબિનૅટ રૂમમાં પણ સભાઓ, અન્ય સંસ્થાઓએ સભાઓ ભરી હોય એવા અનેક દાખલાઓ બન્યા છે. જે દાખલાઓ બન્યા છે એની પુનરોક્તિ કરવા માગતો નથી. શ્રી રણજીતભાઈએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો છે એ પૉઈન્ટ ઑફ ઑર્ડર કદાચ અત્યારના નિયમોની મર્યાદામાં નથી આવતો. આપણા નિયમો, આપણા અધ્યક્ષોના આદેશો અને જે નિર્ણયો લેવાયા છે એની મર્યાદાની બહાર છે એમ હું કહું છું. છતાં પણ આપણે સૌએ એક વસ્તુ નક્કી કરવી પડશે. આપણમાં રાજકીય મત-મતાંતર હોઈ શકે, આપણે પ્રજાના અવાજનો પ્રતિઘોષ પાડવા આવ્યા છીએ માટે આપણે વિરોધ વ્યક્ત કરવા માટે શું કરવું જોઈએ એ આપણી જવાબદારી છે, વિરોધ પક્ષ તરીકે કે સત્તાધારી પક્ષ તરીકે. પણ આ પ્રતિઘોષની મર્યાદા જો આપણે સાથે મળીને નક્કી કરીશું તો મને લાગે છે કે, એ મર્યાદા નક્કી કરીએ ત્યારે એની અંદર સૂત્રોચ્ચાર સુધીની મર્યાદા સ્વીકારીએ તો એ. ભવનની બહાર સૂત્રોચ્ચાર થાય એ એક વાત આવે. સાથે બેસીને પોતાના પક્ષમાં નક્કી કરે. આ પક્ષ અને પેલો પક્ષ સાથે બેસીને એવું નહીં પણ આપણે સાથે બેસીને એક વાતાવરણ સર્જવું છે અને આવું વાતાવરણ સર્જવા માટે અને પ્રજાના અવાજને રજૂ કરવા માટે શું કરવું જોઈએ એનું એક ચિંતન એમના પૉઈન્ટ ઑફ ઑર્ડરમાંથી આવે છે એટલું તો હું ચોક્કસ કહીશ. એ ચિંતનમાંથી ચિંતા કરીને આ સભાગૃહના આ ભવનની અંદર બેસનારા સૌનું ગૌરવ વધે એ રીતે અને પ્રજાનો અવાજ પણ વ્યક્ત થાય એ રીતે આપણે રજૂઆતો કરવાની દિશાઓ અપનાવીએ એ માટે એમના પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં હું આટલેથી અટકું છું. હવે પછીથી આપણે સૌએ જે શરૂઆત કરી છે, વિરોધ પક્ષના નેતાશ્રી અને ગૃહના નેતાશ્રી તેમજ આ સભાગૃહના સૌ સભ્યોનો ખૂબ ખૂબ આભારી છું. અત્યારે કરેલ શરૂઆતનો જો કોઈને પણ યશ જતો હોય તો સમગ્ર સભાગૃહને જાય છે. આવનાર આવતીકાલ માટે સંસદીય પરંપરાઓઓની એક નવી અને સાચી દિશાની પરંપરા પાડવી હશે તો એ આપે જ પાડવાની છે. એ પાડવા માટેની દિશા બતાવતો આ પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. આને પૉઈન્ટ ઑફ ઑર્ડર તરીકે નહીં લઈએ તો પણ એક દિશા દર્શાવીને ચિંતા વ્યક્ત કરી છે એનું આપણે ચિંતન કરીએ એટલેથી અટકું છું.

# મંત્રીશ્રીઓના પ્રસ્તાવો

### શિક્ષણ મંત્રીશ્રીનો પ્રસ્તાવ

### ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના પાંચ સભ્યશ્રીઓની ચૂંટણી કરવા અંગે.

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ ૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યો (૧૦)ની જોગવાઈ મુજબ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના પાંચ સભ્યશ્રીઓની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

### આદિજાતિ વિકાસ મંત્રીશ્રીનો પ્રસ્તાવ

### ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ માટે વિધાનસભામાંથી અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી પંદર સભ્યોની ચૂંટણી કરવા અંગે

**શ્રી મંગુભાઈ છ. પટેલ (આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ ભારતના બંધારણના પરિશિષ્ટ-પના ફકરા-૪ હેઠળ સરકારના શિક્ષણ અને મજૂર વિભાગ દ્વારા બહાર

પાડવામાં આવેલ તા. ૧૯-૦૮-૧૯૬૦ના જાહેરનામા ક્રમાંક: ટીએસી/૧૨૬૦/ગ અન્વયે ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ માટે વિધાનસભામાંથી અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી પંદર સભ્યોને ચૂંટવાનું કામ હાથ ધરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**સહકાર મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, "આ સભાગૃહ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૫૬ (૧) (૫) ની જોગવાઈઓ અનુસાર ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સિલ ઉપર ગુજરાત વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે."

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યોં અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**પંચાયત મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, "આ સભાગૃહ સને ૧૯૯૩ ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-૨૬૬ની પેટા કલમ-(૧)ના ખંડ-(૬) મુજબ રાજ્ય પંચાયત કાઉન્સિલ ઉપર ગુજરાત વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે."

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

**ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ , ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ, ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સિલ, ગુજરાત રાજ્ય પંચાયત કાઉન્સિલ તેમજ રાજ્યની જુદી જુદી યુનિવર્સિટીની સેનેટ/કોર્ટ ઉપર વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણી માટેના કાર્યક્રમ અંગે**

**અધ્યક્ષશ્રી** : હવે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર પાંચ, ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ ઉપર પંદર, ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સિલ ઉપર ત્રણ, ગુજરાત રાજ્ય પંચાયત કાઉન્સિલ ઉપર ત્રણ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ ઉપર ત્રણ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, ભાવનગર યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક અને કચ્છ યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક એમ ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણી માટેનો હું નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

નામ-નિર્દેશન પત્રો સ્વીકારવાની છેલ્લી તા. ૧૭-૩-૨૦૦૮ ના સાંજના ૬-૦૦ વાગ્યા સુધી. નામ-નિર્દેશન ચકાસણીની તારીખ, સમય અને સ્થળ મંગળવાર તા.૧૮-૩-૨૦૦૮, બપોરે ૩-૦૦ વાગ્યા સુધી નાયબ સચિવશ્રી મહેન્દ્રભાઈ જે. પરમારની ચેમ્બરમાં. નામ-નિર્દેશન પત્રો પાછા ખેંચી લેવાની છેલ્લી તારીખ અને સમય સોમવાર તા.૩૧-૩-૨૦૦૮ ના ૩-૦૦ વાગ્યા સુધી. મતદાન જો જરૂરી બનશે તો તારીખ, સમય અને સ્થળ પાછળથી જાહેર કરવામાં આવશે. આ ચૂંટણી માટે નામ-નિર્દેશનો કામકાજના દિવસના સમય દરમ્યાન વિધાનસભાના પહેલા માળે આવેલી સમિતિ ખંડમાંથી મળી શકશે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ હું સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષના અનુદાન માટેની માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની માનનીય રાજ્યપાલશ્રીની *સિફારીશ વાંચી સંભળાવીશ.

**નાણા વિભાગ**

**માગણી નં. ૧૫**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૮,૩૬,૬૬,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૧૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.**

---

* પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણામંત્રીશ્રીએ સને ૨૦૦૮-૦૯ ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૧૬**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ (નાણા વિભાગ) સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૯૫,૫૦,૪૭,૦૦૦/- ની માગણી ક્રમાંકઃ ૧૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૧૭**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું તિજોરી અને હિસાબ વહીવટ સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૭૯,૪૧,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંકઃ ૧૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૧૮**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભ સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૬,૬૩,૬૪,૧૦,૦૦૦/- ની માગણી ક્રમાંકઃ ૧૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રમ અને રોજગાર વિભાગ

**માગણી નં. ૫૭**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૦૨,૫૬,૦૬,૦૦૦/- ની માગણી ક્રમાંક: ૫૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક: ૫૭ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક: ૫૭ ઉપરની કાપ દરખાસ્તો.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રી** : હું રિસેસનો સમય એક મિનિટ લંબાવું છું.

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા.૧૧/૩/૨૦૦૮(પહેલા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | નાણા વિભાગ<br>માગણી નં.૧૫ | | |
| ૧. | ૨૦૫૨-સચિવાલય ...... સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-નાણા વિભાગ<br>રૂા. ૮,૨૧,૧૬,૦૦૦<br>પા.નં. ૫૪ | ૧૦૦ | અંદાજપત્રના અંદાજ અને વાસ્તવિક ખર્ચ વચ્ચે રહેતો મોટો તફાવત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જગદીશભાઈ ઠાકોર |
| ૨. | --"-- | ૧૦૦ | કેન્દ્ર સરકાર સમક્ષ પડતર પ્રશ્નોનો નિકાલ લાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાઘવજીભાઈ પટેલ |
| ૩. | --"-- | ૧૦૦ | વાર્ષિક બજેટ તૈયાર કરતી વખતે મોંઘવારી ભથ્થા વિગેરે લાભોની પૂરતી ગણત્રીઓ ધ્યાને લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૪. | --"-- | ૧૦૦ | વાર્ષિક બજેટમાં ફાળવવામાં આવતી રકમનો પૂરતો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫. | --"-- | ૧૦૦ | સ્થાપિત હિત ધરાવતા ઉદ્યોગોને વેરામાં લાભો આપવાના કારણે મધ્યમ વર્ગ ઉપર વધતું વેરાનુ ભારણ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરુભાઈ ભીલ |
| ૬. | --"-- | ૧૦૦ | સંસદ સભ્યો/ધારાસભ્યોના પત્રોનો જવાબ આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ડો. અનિલ જોષીયારા |
| ૭. | ૨૦૫૨-સચિવાલય ........ સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-નાણા વિભાગ<br>રૂા. ૮,૨૧,૧૬,૦૦૦<br>પા.નં. ૫૪ | ૧૦૦ | નાણા વિભાગ ધ્વારા સરકારી કર્મચારીઓ માટે નાણાકીય લાભો આપવાના પરિપત્રોમાં મંત્રી મંડળના અને વિરોધ પક્ષના કાર્યાલયમાં કામ કરતા સીધી ભરતીના કર્મચારીઓના ઉલ્લેખ ન થવાના કારણે તેઓને સમયસર લાભ અપાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| *૮. | ૨૦૫૨-સચિવાલય ........ સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-નાણા વિભાગ<br>રૂા. ૮,૨૧,૧૬,૦૦૦<br>પા.નં. ૫૪ | ૧૦૦ | પાંચમાં પગાર પંચની વિસંગતના અહેવાલનો અમલ કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૯. | --"-- | ૧૦૦ | સરકારના પરિપત્રોનું યોગ્ય અમલીકરણ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| | | **માગણી નં. ૧૬** | | |
| ૧૦. | ૨૦૪૦-વેચાણવેરા ...... કરવેરા<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૨-ગુજરાત ... વેરા પંચ<br>રૂા. ૫૩,૯૨,૦૦૦<br>પા.નં. ૧૦-૧૧ | ૧૦૦ | વેચાણવેરા પંચ સમક્ષ સમયસર પડતર કેસોનો નિકાલ લાવવામાં અને વેરાની વસુલાત કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષીયારા |
| *૧૧. | ૨૦૪૦-વેચાણ...... કરવેરા<br>૧૦૧-વસૂલાત ખર્ચ<br>૦૧- ટી.ડી.પી.-૧૦ વાણિજિય..કચેરીઓ<br>રૂા. ૮૪,૨૩,૧૩,૦૦૦<br>પા.નં. ૧૨,૧૩ | ૧૦૦ | વેચાણવેરાની અબજો રૂપિયાની બાકી રહેતી રકમ સત્વરે વસૂલ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૨. | --"-- | ૧૦૦ | મોટા ઉદ્યોગ ગૃહો અને નાના વેપારી વર્ગ વચ્ચે વેરાની વસૂલાતમાં થતો ભેદભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| ૧૩. | --"-- | ૧૦૦ | વ્યવસાયકારો પાસે સમયસર અને હપ્તામાં વેરો વસૂલ કરવામા તંત્રની ઉદાસીનતા | શ્રી સી. કે. રાઉલજી |
| ૧૪. | --"-- | ૧૦૦ | વેચાણવેરાની વસૂલાતમાં વેપારી વર્ગને કનડગત કરી માનસિક ત્રાસ ન થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| *૧૫. | --"-- | ૧૦૦ | " જે માંગે બીલ તેનુ નસીબ જાગે"ની યોજનામાં ઈનામી રકમો સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **માગણી નં. ૧૭** | | |
| *૧૬. | ૨૦૫૪-તિજોરી.........વહીવટ<br>૦૯૫-હિસાબ ......... કચેરી<br>૦૧-જી.ઈ.એસ.-૧-નિયામકની કચેરી<br>રૂા.૨૯,૫૮,૩૦,૦૦૦<br>પા.નં. ૫૭-૫૮ | ૧૦૦ | કચેરીના નબળા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૭. | --"-- | ૧૦૦ | સરકારી બીલો તિજોરી કચેરીમાં પાસ થવામાં કરાતો અસહય વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૧૮. | --"-- | ૧૦૦ | બીલોમાં રહેલ ભુલોની જાણ તિજોરી કચેરી ધ્વારા સત્વરે વિભાગને કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નિરંજન પટેલ |
| *૧૯. | ૨૦૫૪-તિજોરી.....વહીવટ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૧-પેન્શન...કચેરી<br>રૂા. ૩,૮૨,૫૫,૦૦૦<br>પા.નં. ૬૨-૬૩ | ૧૦૦ | કર્મચારી/ અધિકારીઓની અનિયમિતતાના કારણે સમયસર પેન્શન કેસો મંજૂર કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૨૦. | --"-- | ૧૦૦ | ઘણા સમયથી એક જ જગ્યાએ ફરજ બજાવતા પેન્શન કચેરીના કર્મચારીઓની અન્યત્ર બદલીઓ કરી વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | **માગણી નં. ૧૮** | | |
| ૨૧. | ૨૦૭૧-પેન્શન...લાભ<br>૦૧-મુલકી<br>૧૦૧-વય નિવૃત્તિની ... ભથ્થાં<br>રૂા. ૧૬, ૯૫,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૬૪ | ૧૦૦ | નિવૃત્તિ લાભો સમયસર મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હરીલાલ પટેલ |
| *૨૨. | ૨૦૭૧-પેન્શન......લાભ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૧ મનીઓર્ડર....ખર્ચ<br>રૂા. ૧૬,૬૦,૦૦૦<br>પા.નં.૬૬ | ૧૦૦ | મનીઓર્ડર ધ્વારા પેન્શન ચૂકવણીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **શ્રમ અને રોજગાર વિભાગ** | | |
| | | **માગણી નં.૫૭** | | |
| ૨૩. | ૨૨૩૦ - શ્રમ અને રોજગાર<br>૦૧-શ્રમ | ૧૦૦ | શ્રમિક કામદારોને વિવિધ યોજનાઓની સંપૂર્ણ માહિતી વિગતવાર સરળતાથી મળે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વાઘેલા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૦૧ નિર્દેશ અને વહીવટ<br>૦૧ એલબીઆર -૧ શ્રમ આયુકત<br>રૂ।.૪,૫૨,૧૧,૦૦૦<br>પાના નં.૬ અને ૭ | | | |
| ૨૪. | -"- | ૧૦૦ | એક જ જગ્યા પર લાંબા સમયથી ફરજ બજાવતા કર્મચારીઓની અન્યત્ર બદલીઓ કરવામાં તેમજ ખાલી જગ્યાઓ પ્રમોશનથી ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૨૫. | -"- | ૧૦૦ | કર્મચારીઓને પ્રમોશન આપવા અંગે લાંબા સમયથી ન મળેલ ડી.પી.સી.ની બેઠક તાત્કાલિક મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બચુભાઈ કિશોરી |
| ૨૬. | -"- | ૧૦૦ | કર્મચારીઓને સમયસર ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ) |
| ૨૭. | -"- | ૧૦૦ | શ્રમિક કામદારોના હકકોનું જતન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૨૮. | --"-- | ૧૦૦ | શ્રમિકોના વીમાની અરજીઓમાં અધિકારીઓ ઘ્વારા યોજનાના મૂળ પરિપત્ર / ઠરાવના નિયમોનું ઉલ્લઘન થતું અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હરીલાલ પટેલ |
| ૨૯. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૧-શ્રમ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૨-એલ.બી.આર.-૧૫ ગ્રામ શ્રમ આયુકત<br>રૂ।. ૪૯,૦૮,૦૦૦<br>પા.નં.૮-૯ | ૧૦૦ | ખેત મજૂરો માટેના લઘુતમ વેતનનો દર ઉંચો લાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રામસિંહ પરમાર |
| ૩૦. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૧-શ્રમ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૨-એલ.બી.આર.-૧૫ ગ્રામ શ્રમ આયુકત<br>રૂ।. ૪૯,૦૮,૦૦૦<br>પા.નં.૮-૯ | ૧૦૦ | ખેત મજૂરોના વીમાના નાણાની ચુકવણી સમયસર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૩૧. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૧-શ્રમ<br>૧૦૧-ઔદ્યોગિક સંબંધો<br>૦૧-એલ.બી.આર..જિલ્લા મહેકમ<br>રૂ।. ૩,૩૬, ૦૭, ૦૦૦<br>પા.ન. ૧૪-૧૫ | ૧૦૦ | કામદારો સાથેના ઔદ્યોગિક સંબંધો જાળવવામાં થતી ઢીલ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| *૩૨. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૧-શ્રમ<br>૧૦૨-કામકાજ...સલામતી<br>૦૧-એલ.બી.આર.૧૦..એકમ<br>રૂ।.૨,૫૮,૪૫,૦૦૦<br>પા.નં. ૨૪-૨૫ | ૧૦૦ | ઔદ્યોગિક એકમોમાં અકસ્માતે ઈજા કે મૃત્યુ પામતા કામદારોના પરિવારજનોને પૂરતી નાણાકીય રાહતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૩. | -"- | ૧૦૦ | ઔદ્યોગિક એકમોમાં થતી આકસ્મિક ઘટનાઓમાં કામદારોને સત્વરે પ્રાથમિક સારવાર મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૩૪. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૧-શ્રમ<br>૧૦૨-કામકાજ..સલામતી<br>૦૪-એલ.બી.આર.૧૩..મુખ્ય..મહેકમ<br>રૂ।. ૧,૦૬,૩૪,૦૦૦<br>પા.નં. ૨૮-૨૯ | ૧૦૦ | કારખાનાની ચકાસણીના અભાવે બોઈલરો ફાટવાના બનતા બનાવો નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મણીભાઈ પટેલ |
| *૩૫. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૧-શ્રમ<br>૧૦૩-સામાન્ય મજૂર કલ્યાણ<br>૦૨-એલ.બી.આર.૧૪-સાતેમ.. રક્ષણ<br>રૂ।. ૩,૩૪,૯૫,૦૦૦<br>પા.નં. ૩૧-૩૨ | ૧૦૦ | સાતેમ પંચ અન્વયે અસંગઠીત ગ્રામીણ મજૂરોનું રક્ષણ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૬. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૧-શ્રમ<br>૧૦૩-સામાન્ય મજૂર કલ્યાણ<br>૦૨-એલ.બી.આર.૧૪-સાતેમ.....રક્ષણ<br>રૂ।. ૩,૩૪,૯૫,૦૦૦<br>પા.નં. ૩૧-૩૨ | ૧૦૦ | અસંગઠીત ગ્રામ મજુરોને સ્થાનિક કક્ષાએ રોજગારી મળે તેવી કાર્યવાહી કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૩૭. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૨-રોજગાર<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-ઈએમપી.૬ રોજગાર..યોજના<br>રૂ।. ૯,૩૪,૭૮,૦૦૦<br>પા.નં. ૪૧-૪૨ | ૧૦૦ | વરસોથી નોંધણી થયેલ બેરોજગારોને રોજગારીની તકો મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૮. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૨-રોજગાર<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-ઈએમપી.૬ રોજગાર..યોજના<br>રૂા. ૯,૩૪,૭૮,૦૦૦<br>પા.નં. ૪૧-૪૨ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાંથી રોજગારી માટે મોટા શહેરો તરફ હિજરત કરતા બેરોજગારોને સ્થાનિક કક્ષાએ જ રોજગારીની વિપુલ તકો મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમત ચંદ્રીકાબેન બારીયા |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

વિરામ બપોરના ૨.૩૨ થી ૩.૧૭

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર... ઑર્ડર..હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે. માનનીય બાબુભાઈ શાહ.

**શ્રી બાબુભાઈ મે. શાહ (૨૫૨)** : માનનીય નાણામંત્રીશ્રી નાણા વિભાગ માગણી ક્રમાંક-૧૫, ૧૬, ૧૭ અને ૧૮ અને શ્રમ અને રોજગાર વિભાગની માગણી ક્રમાંક-૫૭ નંબરની લાવ્યા છે, એના ઉપર મારી વાત કરવા માટે ઊભો થયો છું. હમણાં બજેટનો જવાબ આપતી વખતે માનનીય નાણા મંત્રીશ્રીએ એક એવી ટકોર સપ્લીમેન્ટરી બજેટ વખતે કરી હતી અને મને કહેવાના છે કે હું તમને સપ્લીમેન્ટરી બજેટ વખતે કહીશ કે સપ્લીમેન્ટરી બજેટમાં તમે કેટલું ખર્ચ લાવ્યા હતા. એની પહેલા આપની મારફત નાણામંત્રીશ્રીને થોડાક આંકડા એકત્રિત કર્યા છે એ કહીને પછી મારી વાતની શરૂઆત કરીશ. આમાં એવું છે કે આપણે ત્યાં લોકસાહિત્યના જણ છીએ. આપણે એમ કહીએ કે સમજણ દે તો ભેગું ધન દે. અને કા તારી સમજણને વાત. એક તો સમજણ નહિ અને પાછું ધન નહિ એમ બે બાજુ ધક્કા ન દે. એવી વાત અહીયા નાણામંત્રીશ્રી કરી રહ્યા છે. માત્ર એક વર્ષના ગાળાના નાણામંત્રીને હંમેશા એમ કહે કે તમે પણ નાણામંત્રી હતા, તમે પણ નાણા મંત્રી હતા. તમારા વખતે શું થયું હતુ? તો આપના મારફતે ફાઈનાન્સ બીલની નાણાં ખાતાની ચર્ચા છે તે વખતે તેની અંદર સ્કોપ લઈને હું એક સ્પષ્ટતા કરવા માગું છું. એક વર્ષમાં ન તો અમે કોઈ ઓવર ડ્રાફટ લીધો હતો. આપનું આગલા વખતનું બજૅટ પછીનું બજૅટ અને વચ્ચેના બજૅટમાં મોટો ફેર ન હતો એપ્રોપ્રીએશન બીલની અંદર. પાછલા વર્ષમાં તમે ૧૫૦૫૯ કરોડની માગણીઓ મંજૂર કરાવેલી. તેના પહેલાંના વર્ષમાં એટલે એક વર્ષ પહેલાં ૧૨૨૫૨ કરોડની અને વચ્ચેનું બજૅટ મારું આવેલું ત્યારે પણ ૧૪૬૪૭ કરોડની માગણીઓ આ સભાગૃહે મંજૂર રાખેલી. એપ્રોપ્રીએશન બીલ અને તેની અંદર પણ જે મારે પણ બીલ લાવવું પડેલ. તે આપના વખતના ખર્ચના જે આંકડા હતા અને તેના કારણે એ બીલ જે છે તે ૨૧૮૮ કરોડ રૂપિયાની સપ્લીમેન્ટરી માગણીઓ આવેલી. તેમાંની ૬૬૭ કરોડની વીજળીની હતી અને ૫૩૧ કરોડ રૂપિયાની નાણાં ખાતાની હતી. એટલે ૧૧૯૮ કરોડ રૂપિયાની માગણીઓ માનનીય વજુભાઈ સાહેબના ખાતાની હતી. એ વખતે એપ્રોપ્રીએશન બીલની ચર્ચામાં માનનીય શકિતસિંહજીએ ખાસ ટકોર કરેલી કે આ ૬૬૭ કરોડની માગણીઓ જે છે આગળની સરકારના કારણે આ ગૃહમાં લાવવી પડેલી છે. એટલે એટલી સ્પષ્ટતા કરવાની છે હું નાણામંત્રીશ્રીની ટીકા કરવાનું વિચાર પણ ન કરું કારણકે તે જ્યારે બોલતા હોય છે ત્યારે કોઈ ગંભીરતાથી લેતા હોતા નથી. ગઈકાલે એમણે બજૅટની ચર્ચાના જવાબમાં કહ્યું કે જે મેં ટેક્સ નાંખ્યો છે તે સામાન્ય માણસને તો અસર જ નથી કરતો. સામાન્ય માણસને અસર ન કરે તેવી વસ્તુ ચણા, રેવડી, ચવાણું, હોઝીયરી, બુટ ચપ્પલ આ બધું કોઈ સામાન્ય માણસ વાપરતા જ નથી. ચાની ભૂકી છે તેના ઉપરનો ટેક્સ છે તે વધારો છે તે સામાન્ય માણસને જાય જ ને? માનનીય નાણામંત્રીશ્રી એ હંમેશાં ખૂબ હળવાશભરી રીતે લે. એમણે ગઈકાલે જે મુકેશભાઈને જવાબ આપ્યો તે તેમની રમૂજવૃત્તિ હતી. પરંતુ આ વખતે જે ટેક્સનું ભારણ નાંખ્યું ત્યારે કોઈકે તેમણે કહ્યું કે વજુભાઈ સાહેબની મશ્કરી કરવાની ટેવ છે. પણ આવી ક્રૂર મશ્કરી કરે તેવી કલ્પના ન હતી. આ કહીને હું મારી વાત શરૂ કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે આ માગણીઓની અંદર કેટલીક માગણીઓ આ ગૃહની હંમેશાં લાગણી હતી તેને અનુરૂપ છે. આની અંદર ૨૭ કરોડ રૂપિયા જે કર ઉઘરાવવાના માટેની સંસ્થા છે તેને માટેની સગવડો વધારવા માટેની છે. તેમાં કયાંય સ્પષ્ટતા એવી નથી કરેલી કે જે જગ્યાઓ ખાલી છે, જે જગ્યાઓ કેટલીય જગ્યાઓ એ સેલ્સ ટેક્સ વિભાગની અને પછી વેટ થયું જોઈન્ટ કમિશ્નર, ડૅપ્યુટી કમિશ્નર, આસિસ્ટન્ટ કમિશ્નર અને વેટ આવ્યા પછી કોમર્શિયલ ટેક્સ ઑફિસરની જગ્યા પણ હજી ભરાઈ નથી. પણ માનનીય અધ્યક્ષશ્રી, કોઈ ઠેકાણે ચેકપોસ્ટો હોય, મારે ત્યાં સામખિયારીની અંદર ચેક પોસ્ટ રસ્તા ઉપર છેલ્લા લગભગ આઠેક વર્ષથી તંબૂની અંદર અને ટેન્ટની અંદર કર્મચારીઓને કઈ રીતે ફરજ બજાવે તે કોઈ વખત નાણા મંત્રીશ્રી જો એની મુલાકાત લે તો ખબર પડે. જ્યારે નાણા મંત્રીશ્રી જ્યારે નીકળતા હોય, કારણકે સામાન્ય રીતે હૅલિકૉપ્ટરમાં ઉડવાનું હોય છે એટલે મંત્રીઓ જમીન ઉપર નથી ચાલતા. પણ વજુભાઈ તો હંમેશાં જમીન ઉપર ચાલનારા છે અને કયારેય ક્યારેક મુલાકાત લે તો ખબર પડે કે આ સેલ્સ ટેક્સ ઉઘરાવતા ટાઢ તકડામાં કેવી વિટંબણાઓ લઈને રાજયની તિજોરીની આવકો એકત્રિત કરતા હોય છે એમને માટેની કોઈ વિચારણા કરવામાં આવે નહીં. ૨૭ કરોડ રૂપિયામાં કદાચ આધુનિકતા બનાવશો, ઑફિસોમાં વધુ એર કન્ડીશ્નરો બેસાડશો પરંતુ જે ખાલી જગ્યાઓ છે તે જગ્યાઓ

જો ભરાય ને તો ટેક્સ ભરનાર જે છે તેનું એસેસમેન્ટ સમયસર થઈ શકે, તેને કોઈ વિટંબણાઓ ન થાય અને જ્યારે રાજયની આવકો જે છિદ્રોમાંથી જતી હોય તેના માટે નાણામંત્રીશ્રીનું અમે ધ્યાન દોરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે એનો જવાબ આવેને ત્યારે છિદ્રો છે જ નહીં અને તમારી જે રજૂઆત છે એમાં કોઈ વજૂદ નથી એવું અમને જ્યારે સાંભળવા મળે ત્યારે અમને ખૂબ આઘાત લાગે છે, રાજયનું આ જે ગૃહ છે, રાજયની આવકો વધે એને માટે અમે હકારાત્મક રીતે નાણા ખાતાને લઈએ છીએ. રાજયની આવકો વધે એ દિશામાં આપણે લઈએ છીએ, મધમાખી અને ભમરાની બાબતમાં હું નહીં પડું, પણ માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની મોટી આવક છે એ સેલ્સટેકસ મારફતે, હવે એ વેટ મારફતે છે. ટેક્સનું ભારણ નાખીને આ પ્રજા ઉપર બોજો નાખવા કરતાં, પહેલા વર્ષે આપણે વેટમાં ગયા નહીં, બીજા વર્ષે ગયા. બીજા રાજયોએ આ વેટની ઉપરના પ્રજાના ભારણ જે ઓછા કર્યા એમાંનું કંઈક વિચાર્યુ હોત તો, વેટ તો મહારાષ્ટ્રમાં પૅટ્રોલિયમમાં, કોંગ્રેસના જે બધા રાજયો છે એમણે પૅટ્રોલિયમ પ્રોડકટમાં, એના ભાવ ઓછા કર્યા અને આવકો જે ઓછી થઈ એ કેન્દ્ર સરકાર પાસેથી એના વ્યવસ્થાના ભાગરૂપે એમણે મેળવી લીધી, પહેલા વર્ષમાં મહારાષ્ટ્રે ૩૪૦૦ કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર પાસેથી કોમ્પેન્સેશન મેળવી લીધા, વેટની અંદર આપણે પણ રજૂઆત કરેલી, અગાઉ જ્યારે કોમ્પેન્સેશન નહોતું આપવાનું ત્યારે રાજયની આવકો ઓછી થવાની હતી એટલે ત્યારે ૧૯૯૭-૯૮માં હાલના નાણા મંત્રીશ્રી ત્યારે પણ નાણા મંત્રીશ્રી હતા. વેટના ઈમ્પલીમેન્ટેશન માટે નાણા મંત્રીશ્રીઓની મિટિંગમાં ગુજરાતે પણ રજૂઆત કરેલી કે આવક ઓછી થાય તો એટલી આવક તમે અમને વગર વ્યાજે લોન તરીકે આપો, આ વખતે લોન તરીકે નહીં પણ સંપૂર્ણ એ જે ખોટ આવે એ ભરી દેવાની શરતે આ વેટનું ઈમ્પલીમેન્ટેશન કરાવ્યું. આપણે બીજા વર્ષે વેટમાં ગયા અને કૉલર ચડાવીને આત્મશ્લાઘાથી એમ કહે કે અમારી ૨૩ ટકાની આવક વધી ગઈ છે પછી તમારે કોમ્પેન્સેશન લેવાની જગ્યા કયાં રહી? એના બદલે જો વેટમાં જો કંઈ દર ઓછા કર્યા હોત અને આવકો ઓછી દર્શાવીને, અને એ તો પાંચ વર્ષ સુધીની સગવડ હતી અને હવે બીજા ત્રણ વર્ષ બાકી છે, જો આવકો ઓછી થાય આ કેન્દ્ર સરકાર પાસેથી વળતર લઈને ગુજરાતની પ્રજાને તમે રાહતો આપી શકયા હોત, અને માનનીય અધ્યક્ષશ્રી, પૅટ્રોલિયમના ભાવ વધે, આંતરરાષ્ટ્રિય બજારમાં ભાવ વધે એટલે કેન્દ્ર સરકારના પૅટ્રોલિયમ મંત્રીશ્રીએ બહુ કન્ટ્રોલ રાખીને ભાવ વધાર્યા પરંતુ રાજય સરકારે જો ધાર્યું હોત તો એની અંદર પૅટ્રોલિયમના એ ૨૨ ટકા છે એમાંથી દશ ટકાનો જો ઘટાડો કર્યો હોત તો એક લિટરે ચાર રૂપિયાનો ઘટાડો થઈ શક્યો હોત. માનનીય અધ્યક્ષશ્રી, આજે તો નાણા મંત્રીશ્રીની સાથે બીજા મંત્રીશ્રી પણ છે એમણે પણ સ્વતંત્ર રીતે બજૅટ પણ રજૂ કર્યુ હતું એટલે ખૂબ અનુભવી, વેપારી માણસ છે એટલે આ સમજી શકે એવી વાત છે, આપણા ગુજરાતને જો સીધેસીધી રાહત બારોબાર મળતી હોય તો શું કામ ન લેવી જોઈએ? એ લેવામાં આ રાજય ચૂકી ગયું છે એ મારે એમને કહેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવતા દિવસોમાં છઠ્ઠા પગારપંચનો પણ અમલ કરવાનો છે અને એ અમલ પણ આપણે સામાન્ય રીતે આપણી પરંપરા પ્રમાણે વિલંબ વગર કરીએ છીએ ત્યારે આવતા દિવસોમાં આપણે આવકો વધારી પડશે. આપણે ખૂબ જ પ્રોગ્રેસીવ રાજય છે એવી વાતો કરીએ છીએ અને આપણે બહુ ટનાટન નાણા ખાતામાં બહુ રિલેવન્ટ છીએ અને તેમ છતાં આપણું કરજ વધતું જાય છે. હમણાં જ આ રાજયની રાજનીતિની જવાબદારી છે એમાં રાજય સરકાર તરફથી જે આપવામાં આવેલું છે એમાં આવતા વર્ષોમાં જે કરજ છે એ અત્યારે ૭૬૦૦૦ કરોડ છે એની સામે આવતી વખતે કરજ વધીને લગભગ ૮૪૦૦૦ કરોડ થવાનું છે એટલે કે ૮૦૦૦ કરોડનો વધારો અંદાજવામાં આવેલો છે, અને આપણે એમ કહીએ કે વ્યાજના દર ઘટતા જાય છે તો વ્યાજની રકમ કેમ વધતી જાય છે.? આ રાજયમાં આટલું ઔદ્યોગિકકરણ થયું હોય તો એની આવકો વધવી જોઈએ એટલા માટે થઈને હું કહું છું. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો શરૂઆત છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વેટ ડિપાર્ટમૅન્ટ, સેલ્સટેકસ ડિપાર્ટમૅન્ટને સક્ષમ બનાવવું જોઈએ. રાજયના બંદરો ઉપર જે માલ આયાત થતો હોય એ માલ અહીં પ્રોસેસ થતો હોય તે છતાં કન્સાઈનમેન્ટ કે બ્રાન્ચ ટ્રાન્સફર મારફતે થાય છે અને આ વધુમાં વધુ કયાંય થતું હોય તો કચ્છમાં થાય છે. દાખલા તરીકે લાકડું આપણે આયાત કરીએ, લાકડું વેરીએ આપણે ગાંધીધામની અંદર અથવા એની આજુબાજુમાં પણ એને મોકલાવીએ ત્યારે કાં તો કન્સાઈનમેન્ટ કાં તો બ્રાન્ચ ટ્રાન્સફરથી થાય છે. રીફોર્મ્સથી પણ ન થાય અને કેન્દ્ર સરકારની કોઈક એવી કલમ જે છે જેને કારણે આપણે કંઈ કરી શકતા નથી એવો મુદો કહેવામાં આવે છે. તો કેન્દ્ર સરકાર પાસે નાણામંત્રીશ્રીઓની જ્યારે મિટિંગ થાય ત્યારે રજૂઆત કરીને કન્સાઈનમેન્ટ કે બ્રાન્ચ ટ્રાન્સફરની અંદર આપણા બાજુના જે કેન્દ્ર શાસિત પ્રદેશો છે ત્યાંથી એક બાજુ નુકસાન થતું હોય બીજી બાજુથી આ રીતે થતું હોય, લાકડું કેટલું ઉતરે છે, કેટલી કિંમતનું થાય છે એના કસ્ટમ્સની પાસેથી આંકડા લો તો ખબર પડે કે કેટલી રકમના લાકડાની આયાત થાય છે અને એની સામે રાજયની તિજોરીમાં લાકડામાંથી કેટલો ટેક્સ આવે છે. કોલસો આપણે ત્યાં ઈમ્પોર્ટ થાય, કોલસા ઉપર કેટલો ટેક્સ આવે છે એ જોવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે આ આવકો જો વધશે તો સામાન્ય ચણા-રેવડી અને ચવાણા ઉપરનો ટેક્સ છે એ આવતા દિવસોમાં આપણે જતો કરી શકીશું. આપણે ટેક્સ એવા વિભાગોમાંથી ઉઘરાવીએ છીએ કે જેથી કરીને સામાન્ય માણસ છે એની કોઈ મુશ્કેલીઓ વધે નહીં. ગુજરાત રાજય હંમેશા ખૂબ જ પ્રોગ્રેસીવ આ બાબતમાં રહ્યું છે ૧૭ સ્લેબમાંથી ૬ સ્લેબ આપણે ૧૯૯૭માં કરેલા હતા.

આ જે ટેક્સ રીફોર્મ્સની પ્રક્રિયા જે છે એ પ્રક્રિયા ચાલુ રહે એ બહું જરૂરી છે. આપણે ઘડિયાળના કાંટા પાછળ ન મૂકીએ. ૧૭ માંથી ૬ સ્લેબ કરેલા ત્યારે એક આઈટેમમાં અડધો ટકો વધારો કરેલો બાકી તમામ આઈટેમોમાં ઘ ટાડો કરેલો. અને નાણામંત્રીશ્રીએ આ ગૃહમાં એકરાર કર્યો છે કે અલંગના શીંપીંગ યાર્ડની અંદર જે ટેક્સનું ભારણ હતું એ છેક ૧૯૯૭માં આપણે ઓછું કરેલ હતું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે શ્રમ અને રોજગાર ઉપર બે મિનિટ લેવી છે. શ્રમ અને રોજગારમાં જે ઔદ્યોગિકીકરણ વધતું જાય છે એ ઈન્ડસ્ટ્રીઝની સેફટી માટેનો વિચાર કરીએ. અને એના માટેની જે શ્રમ વિભાગની મજૂર કાયદા નીચેની જે ઈન્સ્પેકટરોની, આસિસ્ટંટ કમિશનર વગેરેની કચેરી છે એની જગ્યાઓ પૂરેપૂરી ભરવામાં આવે એ ખૂબ જરૂરી છે અને એ કાળજી લેશે તો આ શ્રમજીવીઓના અપમૃત્યુ થાય છે ઈન્ડસ્ટ્રિયલ સેફટીની અંદર બેદરકારી રહે છે એની અંદર આ મજૂરોનું આપણે રક્ષણ કરી શકીશું. અત્યારે તો આ શ્રમના કાયદામાં શ્રમ વિભાગ દ્વારા જે લોક અદાલતો છે એની અંદર સેટલમેન્ટ એવા પ્રકારના થાય છે કે એક મજૂરનું અવસાન થયું હોય એ અવસાન માટે લોક અદાલતમાં કેવી રીતે સેટલમેન્ટ થઈ શકે? દંડ ભરે એટલે જે મજૂરનું મૃત્યું થયું હોયને એમાંથી માલિકને પૈસા ભરીને મુકિત મળી જાય આ વસ્તુ બરાબર નથી. એટલું આપના મારફતે માનનીય શ્રમ મંત્રીશ્રીનું ધ્યાન દોરવાનું છે. કારણ કે ઔદ્યોગિકીકરણ વધે એની સાથે સાથે મજૂરોની સંખ્યા જે છે એ પ્રાઈવેટ સેકટરમાં તો વધી છે પરંતુ સરકારી નોકરીઓમાં, રાજય સરકારની નોકરી અને કેન્દ્ર સરકારની નોકરીમાંથી આનું પ્રમાણ દિવસો દિવસ ઘટતું જાય છે. રાજયની કામગીરી વધતી હોય તો મેન પાવરની જરૂર પડે. કદાચ તમે એમ કહેશો કે ઓટોમેશનને કારણે આ સંખ્યા વધારવાની અમારે જરૂર નથી. પણ જે મહેકમ હોય એ જગ્યાઓ ભરવાની નાણાં ખાતું અનુમતિ આપે કારણ કે નાણાં અને શ્રમ-રોજગાર વિભાગ બન્ને એક જ વિભાગ પાસે હોય ત્યારે આ અપેક્ષા રાખી શકાય કે જે જગ્યાએ મેન પાવર્સને ભરવા માટે સ્કોપ હોય એ જગ્યાએ ખાલી જગ્યાઓ ભરવા માટેનું હકારાત્મક વલણ લેવામાં આવે અને એમાં જે જગ્યાઓ સરકારની ભરવાની ફરજ છે એ જગ્યાઓ ભરાવી ખૂબ જરૂરી છે અને સોસિયલ ઈકોનૉમિક રીવ્યુમાં પણ આ આંકડાઓ આવેલા છે અને એ આંકડાઓ ઉપરથી હું આપને કહી શકું એમ છું કે આ જગ્યાઓ ખૂબ લાંબા સમયથી ભરાતી નથી. ખાનગી નોકરીઓમાં પણ એનું રોજગારીનું પ્રમાણ વધવું જોઈએ. પ્રપોસનલ રાજયનો વિકાસ જો ૧૧ ટકા ઉપરનો હોય તો રોજગારીની અંદર માત્ર ૬ ટકાના દરે લોકોને રોજગારીની તકો વધે છે આ બે વચ્ચેની વિસંગતતા દૂર થવી જરૂરી છે.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા (સૂરત શહેર (પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી દ્વારા નાણા વિભાગની માગણી નંબર-૧૫ થી ૧૮ કુલ ચાર માગણીઓ રજૂ કરવામાં આવી છે તેને અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું. નાણાં વિભાગ તરફથી રૂપિયા ૨૮૪૬ કરોડ ૯૨ લાખ ૮૩ હજારની માગણીઓ મૂકવામાં આવી છે અને કુલ મહેસૂલી ખર્ચની સાથે એને જો કમ્પેર કરવામાં આવે તો આ માગણી ફક્ત ૭.૪૫ ટકા થાય છે અને અંદાજીત મહેસૂલી અને મૂડીખર્ચના સંદર્ભમાં એને કમ્પેર કરવામાં આવે તો એ માત્ર ૫.૭૬ ટકા જેટલી જ થાય છે. ફક્ત અહીં રજૂ કરવામાં આવેલી ચાર માગણીઓના સંદર્ભમાં જ હું આ ટકાવારી રજૂ કરી રહ્યો છું. નાણા વિભાગ એ રાજય સરકારની સમગ્ર નાણાકીય વ્યવસ્થા ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ ઑફ ધ સ્ટેટ એ કરોડરજ્જુ સમાન છે. નાણાં વિભાગ રાજય સરકારની વિવિધ પ્રકારની જવાબદારીઓ ખૂબજ મોટા પ્રમાણમાં ખૂબ કાર્યક્ષમતાથી બજાવતું આવેલું છે. આ દેશના કોઈપણ મોટા સફળ કૉર્પોરેટ સૅકટર હોય. એ જે ફાઈનાન્સીયલ મેનેજમેન્ટનું કાર્ય કરી રહ્યું હોય.રિઝલ્ટ ઓરિએન્ટેડ ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ આ કૉર્પોરેટ સૅકટરમાં થતું હોય છે, એવું જ એ કક્ષાનું ઓલમોસ્ટ પૅરેલલ કાર્યક્ષમ ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ આ ગુજરાત રાજયનું નાણા વિભાગ કરી રહ્યું હોય ત્યારે આ વિભાગ અભિનંદનને પાત્ર છે. માગણી નંબર-૧૫ પ્રમાણે કુલ ૮ કરોડ ૩૬ લાખ રૂપિયાની માગણી કરવામાં આવી છે તેમાં મુખ્યત્વે સચિવાલયની સામાન્ય સેવાઓમાં કર્મચારીઓ અને અધિકારી વર્ગના પગાર, મોંઘવારી ભથ્થાં, ઘરભાડા વિગેરેનો સમાવેશ થયો છે. માગણી નંબર-૧૬ પ્રમાણે કુલ ૯૫.૫૦ કરોડ રૂપિયાની માગણી કરવામાં આવી છે નાણાં વિભાગની કુલ જે માગણી છે ૨૮૪૬ કરોડ તેના ફક્તને ફક્ત ૩.૩૫ ટકા જેટલી જ છે. આમાં કમિશનર ઑફ કોમર્શિયલ ટેક્સ, ગુજરાત વેલ્યુએડેડ ટેક્સ ટ્રિબ્યુનલ અને કોમર્શિયલ ટેક્સ કચેરીઓ આ ત્રણે ત્રણ વિભાગ ખાતા દ્વારા કરવામાં આવતી ખર્ચની માગણી ૯૫.૫૦ કરોડની કરવામાં આવી છે. આ તમામ માગણીઓમાં અધિકારી-કર્મચારી વર્ગના પગાર, મોંઘ ્વારી, મોંઘવારી પગાર, એલ.ટી.સી. ઘરભાડા વિગેરેનો સમાવેશ થયેલો છે. માગણી નંબર-૧૬ એ કર વસૂલાત માટે કરવામાં આવતી ખર્ચની માગણી છે. એટલે મારે કહેવું છે કે, જ્યારે જ્યારે પણ કર વસૂલાત કરવાનો હોય છે એને લગતો ખર્ચ અને એ કેટલા રૂપિયાનો કર વસૂલ કરી આપે છે આ ડિપાર્ટમૅન્ટ જેની પાછળ આ ખર્ચ કરવામાં આવે છે એ કેટલા રૂપિયાનો કર વસૂલ કરી આપે છે એના સંદર્ભમાં જો ખર્ચનો વિચાર કરવામાં આવે તો મને જણાવતાં ખૂબ આનંદ થાય છે કે, કરવેરાની જે આવક છે, ટેક્સ રેવન્યુ કે જેની અંદર કેન્દ્રીય કરમાં રાજય સરકારનો હિસ્સો અને રાજયના કર, સ્ટેટ ટેક્સનો સમાવેશ થાય છે એવી ૨૦૦૮-૦૯ ની કુલ ૨૯,૭૦૦ કરોડની આવક સામે ૯૫.૯૫ કરોડની કર વસૂલાત માટેના ખર્ચની માગણી ફક્તને ફક્ત ૦.૩૨૫ એટલે કે ૦.૩૨ ટકા જેટલી માગણી છે આ ખૂબ કાર્યક્ષમ વહીવટના કારણે આટલી મોટી રિકવરી કરવા માટે થનાર વસૂલાતના

ફક્ત ૦.૩૨ ટકા ખર્ચની જ્યારે આ માગણી મૂકવામાં આવી છે ત્યારે એ સ્વીકારવા માટે હું આ સભાગૃહના સૌ સભ્યોને અનુરોધ કરું છું. આ ૯૫.૫૦ કરોડમાં ૭ કરોડ રૂપિયાની નવી આઈટેમોનો સમાવેશ પણ કરેલો છે. નાણાં વિભાગની આઈટેમ નંબર-૧૭ દ્વારા ૭૯.૪૧ કરોડની માગણી રજૂ કરવામાં આવી છે. તે તિજોરી અને હિસાબ વહીવટ માટે કરવામાં આવી છે તેમાં સામાન્ય રીતે ડાયરૅક્ટર ઑફ એકાઉન્ટ્સ એન્ડ ટ્રેઝરી, પે એન્ડ એકાઉન્ટ્સ ઑફિસ, ટ્રેઝરી એસ્ટાબ્લીશમેન્ટ, લોકલ ફંડ ઓડિટ અને ડાયરૅક્ટર ઑફ પેન્શન એન્ડ પ્રૉવિડન્ટ ફંડના કર્મચારીઓના પગાર અને મોંઘવારી, એના ભથ્થાં, એલ.ટી.સી. વિગેરેના ખર્ચ માટે માગણીઓ મૂકવામાં આવી છે તેને હું અનુમોદન આપું છું. આમ માગણી નંબર-૧૫, ૧૬ અને ૧૭ દ્વારા કુલ્લે ૧૮૩.૨૮ કરોડની માગણી રજૂ કરવામાં આવી છે. નાણાં વિભાગ એ રિઝલ્ટ ઓરિએન્ટેડ અને કલેકટીવ પરફોરમન્સના કારણે કરવામાં આવતી ૧૮૩.૨૮ કરોડની માગણી કુલ ટેક્સ રેવન્યુના સંદર્ભમાં મૂલવવામાં આવે તો ૨૯૭૦૦ કરોડના અંદાજીત ટેક્સ રેવન્યુની સામે ૦.૬૨ ટકા જેટલી જ આ માગણી થાય છે. ટોટલ ટેકસ રેવન્યુના સંદર્ભમાં આ ત્રણ માગણીઓની હું વાત કરું છું. એ ૦.૬૨ ટકા જેટલી થાય છે. એટલે નાણા વિભાગની ઓછામાં ઓછો ખર્ચ કરીને વધુમાં વધુ આવક મેળવવાની કામગીરી કાબિલે તારીફ છે એમ અવશ્ય કહી શકાય.

માગણી નંબર ૧૮માં ૨૬૬૩ કરોડની માગણી કરવામાં આવી છે. એમાં મુખ્યત્વે સરકારી કર્મચારીઓના પેન્શન અને નિવૃત્તિ લાભોની ચૂકવણી કરવા માટે કરવામાં આવી છે, જેમાં ગ્રેચ્યુઈટી, પ્રોવિડન્ટ ફંડનો ફાળો, જૂથ વીમા યોજના હેઠળ ભારતીય જીવન વીમા નિગમને ચૂકવવામાં આવતું પ્રીમીયમ તથા પેન્શનર તથા તેમના કુટુંબીજનોને ચૂકવવામાં આવતા તબીબી ખર્ચની ચૂકવણી એ હેડ હેઠળ ચૂકવવામાં આવે છે. આમ આ ચારે ચાર માગણીઓને હું મારું અનુમોદન આપું છું.

માનનીય મંત્રીશ્રીએ વેટ ઉપર એડિશનલ ટેકસ દ્વારા ૮૮૦ કરોડની દરખાસ્ત મૂકી છે. એ સંદર્ભમાં આ હાઉસમાં ગઈકાલે એમણે કન્વીન્સીંગ જસ્ટિફિકેશન્સ આપ્યા છે. છતાં એના સમર્થનમાં હું મારા મુદ્દા રજૂ કરવા માગું છું. રાજય સરકારને આ આવક કેટલા પ્રમાણમાં થશે? ટોટલ ઈન્કમ, સરકાર પોતે કેટલી આવક કરે છે અને ટેકસની દરખાસ્તોને કારણે કેટલી આવક ઉભી કરવા માગે છે એની ટકાવારી, ટોટલ આવકના ટકા, રેઈટ કમ્પેર ન કરતા સરકારની કુલ આવક અને સરકાર આ દરખાસ્ત દ્વારા કેટલી રકમ વસૂલ કરવા માગે છે એને કમ્પેર કરવામાં આવે તો સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવતો હોય છે. મારે આ દૃષ્ટિકોણથી માનનીય નાણામંત્રીશ્રીની દરખાસ્તોને મૂલવવી છે.

૨૦૦૮-૦૯ની વેટની અંદાજીત ૧૩,૯૬૪ કરોડની આવક સામે ફકત ૮૮૦ કરોડની આવક નવી દરખાસ્તોથી ઉભી થનાર છે. એટલે કે ફકત ૬.૩૦ ટકાનો વધારો થનાર છે. સેલસટેકસ અને વેટ એ બંનેને ભેગા કરવામાં આવે તો ૧૭,૦૨૩ કરોડની સામે ૮૮૦ કરોડ એટલે કે ૫.૧૭ ટકા જેટલો જ આવકનો વધારો થનાર છે. એ જ પ્રમાણે સ્ટેટ ટેકસની કુલ આવકનો વિચાર કરીએ તો ૨૩,૫૦૦ કરોડની સ્ટેટની કુલ કર આવકના અંદાજ સામે ૨૦૦૮-૦૯માં નવી ૮૮૦ કરોડની દરખાસ્તથી ૩.૭૨ ટકા જેટલી રકમ વસૂલ કરવાનો માનનીય નાણા મંત્રીશ્રીએ પ્રયત્ન કર્યો છે. ફકત ૩.૭૨ percent of the total state taxes.

માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે સમગ્ર આવકના સંદર્ભમાં વિચાર કરવો જોઈએ. ૨૦૦૮-૦૯માં સરકારશ્રીએ, નાણામંત્રીશ્રીએ ૩૮,૨૭૮ કરોડની રેવન્યુ આવકનો અંદાજ મૂકયો છે, એની સામે કરવેરાની નવી દરખાસ્ત પ્રમાણે ૮૮૦ કરોડ રૂપિયા ઉઘરાવવાની દરખાસ્ત છે. જે ૩૮,૨૭૮ કરોડની કુલ આવકના ૨.૩ પર્સન્ટ જ થાય છે. સાહેબ, સરકાર પોતાની જે આવક છે એના કેટલા ટકા વધારાની આવક ઉભી કરવા માગે છે તેના ઉપર દરખાસ્તની વિચારણા થવી જોઈએ, નહીં કે એના રેઈટની સાથે કમ્પેર કરવા જોઈએ. આટલી મોટી આવકના સંદર્ભમાં સરકાર ફકત ને ફકત જયારે ૨.૩૦ ટકા આવક વધારવા માગે છે, ત્યારે માનનીય નાણામંત્રીશ્રી દ્વારા આજે જે દરખાસ્ત કરેલ છે, it is more than reasonable દરખાસ્ત છે એવું મારે અવશ્ય કહેવું છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : આદરણીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નાણા વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે, એને સમર્થન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના નાણા વિભાગનું જો મૂલ્યાંકન કરવામાં આવે, તો છેલ્લા ૫ વર્ષની અંદર નાણા વિભાગે એકઝેમ્પલરી કામગીરી કરી બતાવી છે એમ કહું તો અતિશ્યોકિત નહીં ગણાય. જે પ્રકારની ફાયનાન્સિયલ રીસ્પોન્સિબિલિટી અને ફાયનાન્સિયલ ડિસિપ્લીન આ નાણા વિભાગે રાજય સરકારના નાણાકીય વહીવટમાં બતાવી છે, એના ઉપરથી પ્રતિપાદિત થાય છે કે આપણે રીસ્પોન્સિબિલિટી એકટ જે ૨૦૦૫માં સરકારે પસાર કર્યો ત્યારે એની જે માર્ગદર્શક રેખાઓ નકકી કરેલી છે, એને પણ પરિપૂર્ણ કરવામાં આ નાણા વિભાગે સફળતાપૂર્વક કામગીરી કરી છે. ખાસ કરીને એવું ચગાવવામાં આવે છે કે રાજય સરકારનું કરજ વધતું જાય છે. હું તો કોરપોરેટ ક્ષેત્રમાંથી આવું છું અને મારો અનુભવ એમ કહે છે કે કોઈપણ પ્રગતિશીલ કંપનીએ જો વિકાસ કરવો હોય તો એણે ઉછીનાં નાણા જરૂર લેવાં પડે, પરંતુ એના વિકાસનો દર એ ઉછીના લીધેલ નાણાના કારણે સતત વધતો જતો હોય તો જેને આપણે ડેટ સર્વિસ કહીએ કે દેવું પરત કરવાની ક્ષમતામાં વધારો થતો હોય તો એવું દેવું કરવામાં કોઈપણ પ્રકારનું, ઈન ફેકટ એવું દેવું ના કરીએ તો વિકાસનો દર ઘટતો

જાય છે અને અર્થશાસ્ત્રીઓ અને કોરપોરેટનું મેનેજમેન્ટ તો એમ કહે છે કે જે કંપનીઓ બોરો કરતી નથી એ કંપનીઓના મેનેજમેન્ટનું પૂરો વહીવટ કરવાનું પોતાનું વીઝન નથી અને એના કારણે એ નથી કરી શકતા. આપણા રાજયમાં જે રીતે નવું મૂડીરોકાણ આવે છે એની પાછળનો આશય, એની પાછળનું કારણ એ છે કે આપણું ઈન્ફ્રાસ્ટકચર ડેવલપમેન્ટ માટે, સોશ્યલ ઈન્ફ્રાસ્ટકચર, હયુમન રિસોર્સ ડેવલપમેન્ટ, લો એન્ડ ઓર્ડરની પોઝીશન એ બધા માટે ખર્ચ કરીએ છીએ એના કારણે આજે નવા ઉદ્યોગો આવવા માટેનું આકર્ષણ તેમને થાય છે અને આ રીતે કરજની બાબતમાં જે આંતરિક દેવું છે જે સામાન્ય રીતે ગુજરાતના નાગરિકો પાસેથી નાની બચતના રૂપે મેળવેલી રકમ છે એ માત્ર ને માત્ર ગુજરાતના નાગરિકોની જ સંપત્તિ છે, જેમ બાપ કે વડીલ પાસેથી કોઈ દીકરો ધંધો કરવા માટે પૈસા ઉછીના લે એમ આ બચતકારો પાસેથી રાજયની નવી પેઢીએ પૈસા ઉછીના લીધા એમ અર્થ કરી શકાય અને ૫૦ ટકા કરતાં વધુ રકમ આંતરિક દેવું છે. સાથે સાથે જે વ્યાજનો ખર્ચ હતો આજથી ૫ વર્ષ પહેલાં એ ૧૧.૮૦ ટકાજેટલો વ્યાજનો સરેરાશ ખર્ચ હતો એને ઘટાડીને ૯ ટકાની લગોલગ લાવી શકયા છીએ અને હજુ પણ વધારે ઘટાડવા માટેના પ્રયત્નો છે એના કારણે હું માનું છું કે કરજ અને એની સામે સરકારની અને રાજયની સંપત્તિનો વિચાર કરવામાં આવે તો આ કરજ છે એ નેગ્લીજીબલ બની જાય છે. જયારે કોઈ એમ કહે છે કે દરેક બાળક જન્મે છે ત્યારે એ ૨૦ હજારનું દેવું લઈને જન્મે છે. તો જયારે ગુજરાતનું એક બાળક જન્મે છે ત્યારે એ લખપતિ બાળક તરીકે જન્મે છે કારણ કે રાજયની સંપત્તિના હિસ્સામાં એનો હિસ્સો છે એ એક લાખ રૂપિયા કરતાં વધારે એના ભાગે આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગ કામગીરી કરે છે એમાં વેલ્યુ એડેડ ટેકસની જે શરૂઆત કરી એ વખતે જે સ્મૂથ ટ્રાન્ઝેકશન થયું સેલ્સટેકસમાંથી એ મારે જણાવવું છે સેલ્સ ટેકસ કે જેનો દર ૬ ટકાથી ૮ ટકા હતો એ ઉત્પાદિત કર વેલ્યુ એડેડ ટેકસના કારણે ૪ ટકા લાદેલ હતો જે નવા બજેટની શરૂઆતમાં ૫ ટકા સુધી લઈ જવામાં આવ્યો છે ત્યારે સેલ્સ ટેકસના દર કરતાં આ દર નીચો છે. એટલે આ વેટનો દર બહુ વધી ગયો છે એ વાત કરવી અસ્થાને છે. આ વખતે જેને આપણે પ્રોહિબીટરી ગુડઝ કહીએ એના કારણે વેટના કારણે લગભગ ૭૦૦ થી ૮૦૦ કરોડ રૂપિયાની રકમનો સેટ ઓફ મળતો નહોતો એ સેટ ઓફ મળવાને કારણે આજે ઉદ્યોગ વેપારને એનો ફાયદો થયો છે અને વેલ્યુ એડેડ ટેકસનું સ્મૂથ ટ્રાન્ઝેકશન અને કેન્દ્ર સરકારની કોઈપણ રાહત લેવી ના પડે અને ૨૬ ટકા જેટલી આવકમાં વધારો કર્યો છે. નાણા વિભાગ ઉદ્યોગ અને વેપારના જે લોકો છે તેમની પાસેથી આ પ્રકારની જે રિકવરી છે એને સફળતાપૂર્વક પાર કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ જણાવવું છે કે વેલ્યુ એડેડ ટેકસનો અમલ થવાથી એની અંદર ૪૭ હજાર જેટલા વેપારીઓનો વધારો થયો છે, ૪૭ હજાર જેટલા વેપારીઓનો વધારો થયો છે એના બે અર્થ થાય છે. એક તો કોમ્પ્લાયન્સ વધ્યું છે. આપણા રાજયમાં વેપાર ઉદ્યોગના લોકો વધારે ટેકસ ભરવા આગળ આવ્યા છે અને બીજું કે આર્થિક વિકાસ એ રીતે થયો છે કે દરેકની આવક અને વેપાર ઉદ્યોગની સંખ્યામાં વધારો થયો છે એના કારણે આ શકય બન્યું છે. ટૂંકમાં જો થોડાક આંકડા આપું તો આપણી જે જી.એસ.ડી.પી. જેને આપણે સ્ટેટનો ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડકટ કહીએ છીએ, એ ૨૦૦૫-૦૬ માં જે ૨,૧૯,૭૮૦ કરોડ હતો તે લગભગ ૫૦ ટકા કરતાં પણ વધુ વધીને ૨૦૦૮-૦૯ની અંદર અંદાજિત ૩ લાખ ૩૬ હજાર કરોડ રૂપિયાએ પહોંચવાનો છે જેના કારણે આપણી તેની સામે દેવાની ટકાવારી છે તે ૩૦.૪૫ ટકામાંથી ઘટીને ૨૫.૭૭ ટકાએ પહોંચી છે. માનનીય અધ્યક્ષશ્રી, તેની સામે જે પગાર ખર્ચ છે, રાજય સરકારે જે વહીવટ કર્યો છે તેમાં પગાર ખર્ચ મહેસૂલી આવકના ૨૬.૬૩ ટકા હતું, તે ઘટીને ૧૮.૬૦ ટકાએ તેને લઈ જવામાં આવ્યું છે. આ રીતે નાણા વિભાગે જે વહીવટ કર્યો છે તેના કારણે હું એમ માનું છું કે રાજયની આર્થિક સમૃદ્ધિ છે તેમાં વિશેષ વધારો થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગની જે માગણી છે તેમાં નિવૃત્ત કર્મચારીઓ માટેની પણ જોગવાઈઓ કરવામાં આવી છે, એમાં પણ માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવાનું કે અંદાજિત ૩ લાખ કરતાં પણ વધારે, જેણે સરકારની સેવા કરીને જે કર્મચારીઓ નિવૃત્ત થયા છે તેના પેન્શન માટેની જોગવાઈ ૩ હજાર કરોડ રૂપિયા કરતાં પણ વધારે રકમની જોગવાઈ આ બજેટની અંદર આ માગણીઓમાં કરવામાં આવી છે. અંદાજે દરેક કર્મચારીને પેન્શન પેટે એવરેજ ૧ લાખ રૂપિયા જેટલી રકમ મળે તે પ્રકારનું આયોજન કર્યુ છે, હું એમ માનું છું કે જે સરકારી કર્મચારીઓએ રાજયની સેવા કરી છે તેમના પેન્શનની સલામતી આપવાની ફરજ અને જવાબદારી એ રાજય સરકારની રહેલી છે અને નાણા વિભાગે આ કામગીરી કરવા માટે જે પ્રતિબદ્ધતા બતાવી છે અને જે રીતે રાજયનો ગ્રોથ રેઈટ ૧૦.૪ ટકાનો જે વૃદ્ધિ દર આપણો થયો છે તેના કારણે આજે ગુજરાત એ સમગ્ર દેશની અંદર આર્થિક રીતે સૌથી વધુ ઝડપથી વિકસતા રાજય તરીકે ઉભરી આવ્યું છે. અને ૧૧મી પંચ વર્ષીય યોજના માટે આપણને દસ પંચ વર્ષીય યોજનામાં થયેલા કુલ ખર્ચ જેટલી રકમ, એક લાખ કરોડ રૂપિયા કરતાં પણ વધારે રકમના આયોજન માટેનું ગુજરાતનું બજેટ આયોજન પંચે મંજૂર કરેલું છે.

મારે નાનકડાં એક બે સૂચનો માનનીય નાણા મંત્રીશ્રીને કરવાં છે. મને એમ લાગે છે કે રાજય સરકાર જયારે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપને સવિશેષ મહત્વ આપે છે ત્યારે જયારે કોઈ વેપાર ઉદ્યોગના વેટ ભરવા વાળા વેપારીઓ ચીફ મિનિસ્ટર રીલીફ ફંડ કે ગુજરાત કન્યા કેળવણી નીધિ કે શિક્ષણ, કે આરોગ્યની સંસ્થાઓને કોઈ દાન આપે, તો એ દાનની ૨૦ ટકા જેટલી રકમ જો વેટમાંથી એને ઈન્સેન્ટીવ તરીકે બાદ આપવામાં આવે તો

હું એમ માનું છું કે એક રૂપિયો આપીને પાંચ રૂપિયાનું કામ આપણે શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રે કે ચીફ મિનિસ્ટર રીલીફ ફંડમાં સો રૂપિયા આપીને પાંચસો રૂપિયા મેળવવાનું કામ એનાથી થઈ શકશે એટલે આ એક મારું સૂચન છે, બીજું મારું નાનકડું સૂચન એ છે કે જંત્રી અને સ્ટેમ્પ ડયુટી, માનનીય નાણા મંત્રીશ્રીએ છેલ્લા ૩ વર્ષ દરમિયાન સતત સ્ટેમ્પ ડયુટીમાં ઘટાડો કરી અને વાજબી સ્ટેમ્પ ડયુટીના દરો લાવ્યા છે ત્યારે, જયારે જંત્રીમાં વધારો થાય છે ત્યારે આ સ્ટેમ્પ ડયુટીના દરને રી વીઝીટ કરે તો હું એમ માનું છું કે આવકમાં કોઈ ફર્ક પડશે નહીં અને રાજય સરકારના એકાઉન્ટમાં વધારે ટ્રાન્ઝેકશન થાય તે દિશામાં જે વલણ છે તેને જસ્ટીફિકેશન મળશે. માનનીય અધ્યક્ષશ્રી, મારાં આ સૂચનો સાથે હું નાણા મંત્રીશ્રીની આ માગણીને મારું સમર્થન જાહેર કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એમાં હું મારું વકતવ્ય આપવા માટે ઉભો થયો છું. માનનીય અનિલભાઈ જયારે બોલતા હતા ત્યારે હું તેમને ધ્યાનથી સાંભળતો હતો. કારણ કે એમના ક્ષેત્રના તેઓ સફળ વ્યકિત છે. એટલે મને એમ હતું કે કંઈક સારાં સૂચનો પણ લઈને આવશે, અને કંઈક સારી સલાહ પણ આપશે. સારી સલાહ તો ન આપી. સારાં સૂચનો જરૂર આપ્યાં અને એ સૂચનોમાં હું સૂર પૂરાવું છું, બન્ને સૂચનોમાં પણ અનિલભાઈની મને એક વાતનું આશ્ચર્ય થયું કે આ રાજયનો જે બાળક જન્મે છે તે દરેક બાળક લખપતિ બાળક તરીકે જન્મે છે. મને પાછળથી જગદીશભાઈએ ટકોર કરી કે અર્જુનભાઈ હવે આપણા રાજયમાંથી બી.પી.એલ.ની યાદી નાબૂદ થઈ ગઈ. એટલે મને એમ થયું કે પહેલા જે ૨૨ લાખ હતા એમાંથી ૧૧ લાખ તો કાઢી નાખ્યા અને આજના પ્રવચન પછી કદાચ સરકાર તો વીસફૂલ થીંકીંક કરે છે. ચશ્મા જુદા જુદા પ્રકારના પહેરીને કદાચ આમાં પણ એવું કરે. માનનીય અનિલભાઈ તમે સલાહ બરાબર ન આપી. માનનીય અનિલભાઈની સલાહ પ્રમાણે બી.પી.એલ. ની યાદી કાઢી નાખવાની આ સલાહ બરાબર નથી. હું વાત એ કરતો હતો કે કર્જ કરવાની વાતને જસ્ટીફાઈ કેમ થાય? હંમેશા આપણા રીસોર્સીસમાંથી જે આવક આવે એનો સુયોગ્ય ઉપયોગ કરવાની વાત કરવી જોઈએ. આવક કેમ વધે એના માટેની વાત કરવી જોઈએ એના બદલે આપણને કોઈ એમ નથી કહેતું કે મારા બાપે દેવું કર્યુ એ બહું સારું કર્યુ. મારી બા એમ કહેતાં હતાં કે વ્યાજને ઘોડાય ના પહોંચે. બીજી વાત વારંવાર કહેતા કે કોઈ દિવસ દેવું કરીને ઘી નહિ પીવાનું પણ અહીંયા તો દેવું કરીને ઘી પીવે છે, બીજુ પીતા હોય તો ખબર નથી પરંતુ મંત્રીમંડળના સભ્યો ઘી પીવે છે એ સિવાય બીજું કંઈ પીતા હોય તો મને વાંધો નથી. આપણે આ વૃત્તિમાંથી બહાર નીકળવું જોઈએ, આપણે હંમેશા એમ કહેવું જોઈએ દેવું ઘટાડવાનો પ્રયાસ કરવો જોઈએ એના બદલે દેવાને જસ્ટીફાઈ કરવાની કોશિશ દરેક વખતે કરવાની? આપણે દેવાની બાબતમાં આડે પાટે ચડી ગયા.

નાણા વિભાગનો વહીવટ છે એ સુદ્રઢ વહીવટ હોવો જોઈએ અને એ પારદર્શક વહીવટ હોવો જોઈએ. આખા દેશની અંદર સુધારાઓ થાય છે. ટ્રાન્સફરન્સી આવે છે, ઇન્કમટૅક્સથી માંડીને બીજા અનેક રીટર્નસ ઑન લાઈન થાય છે. ગુજરાત પ્રગતિશીલ રાજય છે, ગુજરાત વેટના વહીવટની અંદર અને બીજા કર ઉઘરાવીએ છીએ એ કર ઉઘરાવવાની પ્રક્રિયાની અંદર આપણે પણ કંઈક બીજા રાજયો કરતાં આગળ છીએ.ટેકનોલોજીની અંદર મેનેજરિયલની કેપેસિટીની અંદર અને કર ઉઘરાવવાના ખર્ચની અંદર એવું બતાવીએ તેવી અપેક્ષા હું જરૂર રાખીશ. માનનીય અનિલભાઈએ આવું કોઈ સૂચન કર્યુ હોત તો વધારે સારું થાત.

શ્રમ અને રોજગારની વાત કરું તો એક જમાનો હતો ભારતની અંદર કે આ દેશના બ્લુ કલરવાળા કપડાં પહેરેલા લોકો આ દેશની રાજનીતિ નક્કી કરતા હતા દેશની નીતિ નક્કી કરતા હતા અને એના માટે સમય બદલાયો પણ આઝાદી પહેલા જે કલ્પના કરી હતી આપણા વડવાઓએ એ કલ્પના હતી કે કોઈ સફેદ કપડાં પહેરેલા લોકો માટે સ્વરાજ નહિ પણ સમાજના છેવાડાના માનવી માટેના સ્વરાજની વાત થઈ હતી. એ વખતે કવિઓએ જુદી જુદી કલ્પનાઓ કરી હતી. આપણે બધા નાના હતા ત્યારે કવિ સુંદરમની કવિતા વાચતા હતા.

"ઘણ રે બોલેને એરણ સાંભળે રે,
બંધુડો બોલેને એરણ સાંભળે રે.
ઘડયા તમે ભાલા ને તલવાર તોપને મનવાર
ઘડો હવે તંબૂરાના તાર. (અંતરાય)
રાજકીય પ્રવચન આવે ત્યારે બોલજો હું એનો જવાબ આપીશ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જે સભ્યશ્રીઓએ વચ્ચે દખલ કરવાનો પ્રયત્ન કર્યો છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : સાહેબ હું નથી બોલ્યો.

**અધ્યક્ષશ્રી** : હું કયાં કહું છું પણ તમારે કહેવું કેમ પડ્યું કે હું નથી બોલ્યો. માનનીય આત્મારામભાઈ, આપ બેઠા બેઠા અસંસદીય શબ્દો બોલ્યા છો એ તમારા સંસદીય સંસ્કારને દુઃખ પહોંચાડે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા:** માનનીય અધ્યક્ષશ્રી, મારે આપની વાતમાં એટલી વાત કહેવાની છે કે શાહબુદ્ધિન રાઠોડનો વનેચંદ હતો તે કોઈ દિવસ એમ નહોતો કહેતો કે મેં તોફાન કર્યું છે અને બિચારા વનેચંદનો દર વખતે કંઈ કારણ વગર વારો ચડી જતો હતો. ખરેખર વનેચંદે કયારેય કોઈ દિવસ તોફાન ન કર્યું હોય અને પછી પૂછે કે મને માર્યો શું કરવા? કારણ કે દરરોજ તેનો વારો ચડે.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, આ બધા તમને આડે પાટે લઈ જવાનો પ્રયત્ન કરે છે અને તમે પાછો વિષય મૂકીને આડે પાટે જાવ છો. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એટલે એ કારણસર બોલવું પડે છે. એટલે હું જે વાત કરતો હતો કે શ્રમ અને રોજગાર વિભાગ છે એ એક જમાનામાં આ દેશની અને આ રાજયની નાણાકીય અને રાજકીય નીતિ કરનારો વિભાગ હતો. ખૂબ મહત્ત્વના લોકો તેની અંદર જતા હતા. હવે તો એક વધારાના ખાતા તરીકે આપી દે. કોઈ લેવાવાળું તૈયાર ન થાય એટલે વજુભાઈને આપી દેવાનું. એટલા માટે કહું છું કે આપણે શ્રમ અને રોજગારને એટલો બધો અવગણ્યો છે અને તેના માટેની આ સરકાર પાસે કોઈ નીતિ નથી.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. કોઈ ખાતુ લેવા તૈયાર ન હોય અને એટલા માટે વજુભાઈને આપીએ આ શબ્દો ઠીક નથી. આ રૅકૉર્ડ ઉપરથી દૂર કરવા જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આમાં કયાં પૉઈન્ટ ઑફ ઑર્ડર બને છે?

**અધ્યક્ષશ્રી** : કોઈ પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી. આપ આગળ ચાલો.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : આ રીતે ટીકા ન કરી શકાય. આ મંત્રીશ્રીની ટીકા છે.

**અધ્યક્ષશ્રી** : હું ખૂબ જ સમયની મર્યાદામાં જાઉં છું. મેં કહ્યું, પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી. આપ આગળ ચાલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ નીતિ નક્કી કરનારો વિભાગ હોવો જોઈએ તેના બદલે આ વિભાગની સંપૂર્ણ અવગણના થાય છે અને આ રાજયના જે લાખો કામદારો છે, અસંગઠિત ક્ષેત્રના કામદારો છે તેમની કોઈ આ નીતિમાં, કયાંય આ રાજય સરકારના બજૅટમાં, કયાંય રાજયપાલશ્રીના પ્રવચનમાં કે કોઈ જગ્યાએ ઉલ્લેખ નથી. તેનો મતલબ એ થાય છે કે આ રાજય સરકાર માત્ર વ્હાઈટ કૉલરવાળા લોકોની ચિંતા કરે છે. નહીં કે બ્લૂ કૉલરવાળા કે મેલાં-ઘેલાં કપડાંવાળાની. હું એક જ દાખલો આપું છું. મીનીમમ વેજીસ નક્કી કરવાનું કામ રાજય સરકાર કરતી હોય છે. હું અત્યાર સુધીના કેટલાયના વેજીસ વધ્યા, કેટલાયના ભાવ વધ્યા પણ ૨૦૦૨માં જે મીનીમમ વેજીસ રાજયમાં ૩૪ રૂપિયા હતું તેના ૫૦ રૂપિયા કર્યા. ૨૦૦૨ એટલે આજે ૬ વર્ષ થયા પછી આ ૫૦ રૂપિયામાં એક પણ રૂપિયો વધાર્યો નથી. મીનીમમ વેજીસમાં બીજાં રાજયોની સ્થિતિ શું છે? હું આપને કહેવા માગું છું, મીનીમમ વેજીસની જે રેન્જ નક્કી કરી છે, તેમાં ગુજરાતની રેન્જ છે એ મીનીમમ રૂપિયા ૫૦થી શરૂ કરીને ૯૯ રૂપિયા સુધીની છે. કેરાલામાં મીનીમમ વેજીસ ૭૨ રૂપિયા છે. મધ્યપ્રદેશ આપણાં કરતા ગરીબ રાજય છે, છતાં ત્યાંનું મીનીમમ વેજીસ, લઘુત્તમ વેતન ૬૧.૩૭ પૈસા છે. ઓરિસ્સા જેવું એકદમ આદિવાસી પછાત રાજય છે તેનું લઘુત્તમ વેતન ૭૦ રૂપિયા છે. હરિયાણાનું લઘુત્તમ વેતન ૯૮ રૂપિયા છે. હિમાચલપ્રદેશનું ૭૫ રૂપિયા, કર્ણાટકનું ૭૧ રૂપિયા અને જે બિહારમાંથી બાળમજૂરો જાય છે તેનું ૬૬ રૂપિયા છે. મીનીમમ વેજીસમાં એટલા માટે ઓછા વેજીસ રાખીએ છીએ કે પેલા કરોડપતિ માણસોને વધારે પૈસા ચૂકવવા ન પડે. એટલું જ નહીં પણ કેન્દ્ર સરકાર જે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના આપે છે જેમાં ગ્રાન્ટની કોઈ લિમિટ નથી. આ યોજનામાં આપણે ૫૦ રૂપિયાના ૧૦૦ રૂપિયા કરીએ તો કેન્દ્ર સરકાર ૧૦૦ રૂપિયા આપવા તૈયાર છે. પરંતુ તેના કારણે કરોડપતિઓને નુકસાન થાય, એટલા માટે મીનીમમ વેજીસ વધારાતું નથી. આખા ભારતમાં જે વેજીસ અપાય છે તેમાં જે સરવે થયો છે તેમાં પણ મીનીમમ વેજીસ ગુજરાતમાં માત્ર ૫૭ ટકા લોકોને મળે છે અને બીજાં બધાં જ રાજયોમાં આના કરતાં સ્થિતિ સારી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપને એ કહેવા જતો હતો કે, છેલ્લે સરવે થયો એ સરવે નેશનલ કમિશન ફૉર લેબરે કર્યો છે. એમાં મિનિમમ વેજીસ ન મળતા હોય એના પર્સન્ટેઝ છે. એમાં હરિયાણામાં ૧૯ ટકા લોકોને મિનિમમ વેજીસ નથી મળતા. ગુજરાતમાં ૫૭ ટકા લોકોને મિનિમમ વેજીસ નથી મળતા., પંજાબમાં ૧૩ ટકા લોકોને મિનિમમ વેજીસ નથી મળતા., રાજસ્થાનમાં ૯ ટકા લોકોને મિનિમમ વેજીસ નથી મળતા અને ઉત્તર પ્રદેશમાં ૧૮ ટકા લોકોને મિનિમમ વેજીસ મળતા નથી. આપણે ત્યાં ૫૭ ટકા લોકોને મિનિમમ વેજીસ નથી મળતા. જો રાજય સરકાર આ ચિંતા કરતી હોત તો અત્યારે મિનિમમ વેજીસ આખા દેશમાં સૌથી ઓછામાં ઓછા છે એ વધારે આપવાનું કરી શકે છે. પણ એની ચિંતા કરતી નથી. બાંધકામ ક્ષેત્રની અંદર આપણે સેસ ઉઘરાવીએ છીએ. ૬૬ કરોડ રૂપિયાની સેસ ઉઘરાવી છે. બાંધકામ ક્ષેત્રના જે કામદારો છે એના માટે એક રૂપિયાનો ખર્ચ કરવાની કોઈ જોગવાઈ કરી નથી. આપણે જો નીતિ નિર્ધારણ કરવાની અંદર જો ચોક્કસ હોઈએ તો (સમયસૂચક ઘંટડી) એક મિનિટમાં પૂરું કરું છું. આ સેસનો ખર્ચ કરવાની જોગવાઈ કરીને નીતિ નિર્ધારણ કરવાની વાત હોય તો સારું. શ્રમ અને રોજગાર વિભાગ છે, નીતિ નિર્ધારણ કરવાની અંદર જો ક્યાંક અસર કરતા હોત તો ૫૦૦ વારના બંગલા બનતા હોય અને એક કરોડ રૂપિયાનો બંગલો બને પણ આપણે એ નીતિમાં ઈન્કલુડ કરતા નથી. એટલે બને છે એવું કે, ૫૦૦ વારનો બંગલો હોય એણે એમાં બે કરોડ રૂપિયા વાપર્યા હોય પણ છતાંય એનો ઘર ઘાટી છે એના માટે બાર બાય બારની એક ઓરડી બનાવવા માટે ટાઉન પ્લાનીંગ સ્કીમમાં કોઈ જોગવાઈ કરી નથી. આ મંત્રાલય છે એ એને કશું કહી શકતું નથી. એની અંદર કામ કરનાર બહેનને રહેવાની કોઈ વ્યવસ્થા હોતી નથી. દિલ્હી, બેંગલોર અને હૈદ્રાબાદ જેવા શહેરોમાં નીતિ નક્કી થઈ છે. અને આપણે ત્યાં કશું નથી. એને શેરીઓમાં નહીં પણ ફૂટપાથ ઉપર રહેવું પડે છે અને આપણું વહીવટ તંત્ર ત્યાંથી એને હઠાવવાનું કામ કરે છે. (અંતરાય) અડધી મિનિટમાં પૂરું કરું છું, એક અપીલ જ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આવા અસંગઠિત ક્ષેત્રના અને સંગઠિત ક્ષેત્રના કામદારો છે એની નીતિ નક્કી કરવા માટે તમામ મંત્રાલયોને આદેશ આપે. બાંધકામ ક્ષેત્રના મજૂર હોય, અસંગઠિત ક્ષેત્રના મજૂરો હોય એના માટે રહેઠાણથી માંડીને તમામ નીતિમાં એનો સમાવેશ થાય અને મિનિમમ વેજીસ છે એ વધારે અને પહેલી એપ્રિલથી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનાનો અમલ થવાનો છે એ યોજનામાં મિનિમમ સો રૂપિયા અપાય એવી જાહેરાત કરે તો આ માગણીઓ છે એને સર્વાનુમતે ટેકો આપીશું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા જે નાણા વિભાગની માગણી નંબર: ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ આ સભાગૃહ સમક્ષ લઈને આવ્યા છે, એના સમર્થનમાં મારી વાત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગ એ રાજયની કરોડરજ્જુ છે, નાણા વિભાગ એ દરેક વિભાગ જે ખર્ચ કરે છે એનો વિવેકપૂર્ણ અને પ્રજાલક્ષી થાય એની તકેદારી રાખવાનું કામ કરે છે. કૌટિલ્યે પણ પોતાના પુસ્તકમાં કહ્યું છે કે, પ્રજાના નાણા વેડફાય નહીં, લોકોની સમૃદ્ધિ વધે અને રાષ્ટ્ર કે રાજય અખંડ અને અવિભાજ્ય રહે એની ચિંતા બજૅટમાં કરવી જોઈએ. ભારતીય જનતા પાર્ટીની સરકાર, નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ માનનીય નાણામંત્રીશ્રીએ આ બજૅટ રજૂ કર્યું છે. એમાં Justice for all, appeasement to none સૌને માટે ન્યાય વાળું આ બજૅટ છે. કોઈ એક લઘુમતીને વધારે પૈસા આપીને કોઈ બહુમતીને અન્યાય કરનારું તત્ત્વ આ બજૅટમાં કયાંય દેખાતું નથી. દુ:ખની, ચિંતાની વાત એ છે કે, જ્યારે દેશની નાણા વ્યવસ્થાને જ્યારે મત બૅન્કના રાજકારણ સાથે જોડવામાં આવે ત્યારે તેની વિધાતક અસર આ દેશની દુર્દશા કરતી હોય છે, આ દુર્દશાની સામે રાજયનું બજૅટ, આ રાજયના બજૅટની અંદર સર્વાંગી વિકાસનો શ્રી વજુભાઈએ વિચાર કર્યો છે. હમણાં જે મેં બજૅટમાં સાંભળ્યું એ પ્રમાણે આ દેશની અંદર અત્યાર સુધીમાં ૩૦ હજાર જેટલા કિસાનોએ આત્મહત્યા કરી. અને ૩૦હજાર જેટલા કિસાનોની આત્મહત્યા બાદ કેન્દ્રની અંદર વડાપ્રધાનશ્રીએ ૬૦હજાર કરોડનું દેવું માફ કરવાનું નક્કી કર્યુ તો શું આજ દિવસ સુધી એ ૩૦હજાર આત્મહત્યાઓ થાય એની રાહ જોવા માટે આપણે બેઠા હતા? આ શરમજનક વસ્તુ છે. (અંતરાય) એમાં એવું છે ખુમાનસિંહભાઈ, માનનીય અધ્યક્ષશ્રી, એમાં એવું છે હું અને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :આપ આપના ટ્રેક ઉપર રહો. મધુભાઈ, બેસો. આપ ચાલુ રાખો

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : હું એ જ કહેવા માગું છું કે વચ્ચે તરણેતરનો મેળો જોવા માટે અમે જતા હતા. રાજય સરકાર દ્વારા, પ્રવાસન નિગમ દ્વારા એક સારો ઉત્સવ હતો.

**અધ્યક્ષશ્રી** : ખૂબ મર્યાદાની મિનિટો છે આપની પાસે. માત્ર નવ મિનિટ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : હું જાણું છું પણ છતાં મારે આ કહેવું પડશે. એટલા માટે કે ત્યાં પસાર થતા હતા તો રસ્તાના પાંજરાની અંદર એક પોપટ હતો અને એ પોપટ અર્જુનભાઈ, એ પોપટના બે પગે દોરી બાંધેલી હતી. તમે એક પગની દોરી ખેંચો એટલે રામ બોલે, અને બીજા પગની દોરી ખેંચો એટલે સીતા બોલે. ત્યાંથી કોઈક એક માથાભારે માણસ નીકળ્યો એને થયું કે લાવ હું બેય દોરી ખેંચું એટલે સીતારામ બોલે પણ સાહેબ પેલાએ બે પગની દોરી ખેંચી પોપટ સીતારામ ન બોલ્યા, એ એવું બોલ્યો, કે તારો બાપ પડી જશે. માનનીય અધ્યક્ષશ્રી, અર્જુનભાઈની હાલત એવી છે કે મુખ્યમંત્રી બનવાના સપના લઈને નીકળ્યા હતા. મુખ્યમંત્રી પદ તો ના મળ્યું પણ વિપક્ષનું નેતાપદ પણ ગુમાવવું પડ્યું

**અધ્યક્ષશ્રી** : આપ આપના ટ્રેક ઉપર રહો. આ રોજ પોપટ નવી નવી વાતો કહે છે તો પોપટ સાચો કયો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : સાહેબ અર્જુનભાઈને પૂછો, આ પોપટ સાચો છે.

**અધ્યક્ષશ્રી** : કાલે રમણભાઈનો પોપટ બીજું કંઈ કહેતો હતો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં અર્જુનભાઈ પૉઈન્ટ ઑફ કલેરીફીકેશન નહીં માંગે, અર્જુનભાઈ આમાં માગશો?

**અધ્યક્ષશ્રી** : તમે કહી દો તમારો સમય પૂરો થાય છે. (અંતરાય)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : અર્જુનભાઈ, મારું પ્રવચન પૂરું થયા પછી જે કહેવું હોય એ કહેજો. મારું પૂરું કરી દેવા દો. તમને ૧૫ મિનિટ મળી હતી. (અંતરાય) બેંકોના નાણામાંથી ૧૫ ટકા લઘુમતિને આપવાની ફરજિયાત જાહેરાત રાજયના નાણામંત્રીએ કયાંય કરી નથી. રાજયના નાણામંત્રીએ ચિંતા કરી છે તો સમગ્રનું વિશ્વની અંદર ૧૨૮મા ક્રમે ભારત છે, આ ભારતની અંદરથી આપણે ગુજરાતને કેવી રીતે ઉપર ઉઠાવી શકીએ. ગુજરાતને ઉપર ઉઠાવવા માટે ગુજરાતનું શિક્ષણ, ગુજરાતનું આરોગ્ય, ગુજરાતનું પીવાનું પાણી, ગુજરાતની સામાજિક સેવાની અંદર કેવી રીતે વધારો કરીને ગુજરાતના સામાન્ય ગરીબજનને આ સુવિધાઓ સાથે એનો હયુમન ઈન્ડેકસ ઉંચો કરીને ગુજરાત એ વિશ્વના દેશોની સાથે સરખામણી કરે એની ચિંતા રાજયના માનનીય નાણામંત્રી વજુભાઈ વાળાએ આમાં કરી છે. યુ.પી.એ.એ જ્યારે દેશના કેન્દ્રનું બજેટ રજૂ કર્યુ ત્યારે એવું લાગતું નહોતું કે આ દેશનું પવિત્ર આર્થિક બજૅટ રજૂ કરે છે કે પોતાના પક્ષનો ચૂંટણીનો ઢંઢેરો નક્કી કરે છે, અને જ્યારે વજુભાઈ વાળા નક્કી કરતા હતા ત્યારે એમાં લોકોને થતું કે આ ગરીબલક્ષી બજૅટ, આ સંવેદનશીલ

બજૅટ છે અને આ સંવેદનશીલ બજૅટ એટલા માટે છે કે આ બજૅટની અંદર ગરીબ કેન્દ્રમાં છે. આ રાજયની અંદર ૩ લાખ જેટલા પેન્શન ધારકો છે અને કોઈપણ પેન્શન ધારક એ જ્યારે નિવૃત્ત થવાના હોય એના ૨૪ મહિના પહેલા એનું આયોજન કરવામાં આવે છે અને આ નિવૃત્ત થનાર કર્મચારીના ૧૨ માસ પહેલા એના પેન્શન પેપર્સ એ પેન્શન નિયામકની કચેરીમાં પહોંચી જાય છે અને આ પેન્શન કચેરીની વેબસાઈટ ઉપર પેન્શન કેસ સ્ટેટસ ઓન લાઈન, જેના માધ્યમથી ખબર પડે છે. ગુજરાત સરકાર એ ગુજરાતના ૩ લાખ પેન્શન ધારકોને નિયમિત પેન્શન મળે એની ચિંતા કરે છે. નિવૃત્ત થનારા કર્મચારીઓને પેન્શન મળે એની ચિંતા કરે છે જ્યારે આ દેશની એક રાજયની સરકાર એ જમ્મુ કાશ્મીરની સરકાર એ આતંકવાદીઓના મૃત પરિવારોને પેન્શન આપવાનો પ્રસ્તાવ લઈને ત્યાંની વિધાનસભાની વચ્ચે આવે છે. આ શરમજનક ઘટના છે. આપણે આ સત્રમાં આ સભાગૃહમાં ફીસકલ રિસ્પોન્સિબિલિટી એક્ટ નક્કી કર્યો. આ ફીસકલ રિસ્પોન્સિબિલિટી એક્ટ પ્રમાણે આખા દેશમાં સતત ત્રણ વર્ષથી એનું જો અમલીકરણ કરતું હોય તો એ માત્રને માત્ર ગુજરાતની આ ભારતીય જનતા પક્ષની સરકારમાં થાય છે. કુલ દેવું ૩૦ ટકાથી ઓછું રાખવું જોઈએ. આપણું દેવું ૨૮ ટકા છે. મહેસૂલી ખાદ્ય શૂન્ય થવી જોઈએ અને પુરાંત થવી જોઈએ. આપણે સતત ત્રણ વર્ષથી પુરાંત કરીએ છીએ. રાજ્ય સરકારે નાણાકીય ખાદ્ય જી.ડી.પી.ના ૩ ટકાથી ઓછી રાખવી જોઈએ. આપણી ૨.૭ ટકા છે. જ્યારે ૧૯૯૧ થી ૧૯૯૫ દરમિયાન કોંગ્રેસની સરકાર હતી ત્યારે ચાર ચાર વખત ઓવર ડ્રાફ્ટ કરવો પડ્યો હતો. ભારતીય જનતા પક્ષમાં વજુભાઈ વાળાના નિયંત્રણ હેઠળના નાણા વિભાગે છેલ્લા ચાર વર્ષમાં એક પણ વખત ઓવર ડ્રાફ્ટ લીધો નથી. (સમયસૂચક ઘંટડી) છેલ્લી વાત કરવા માગું છું. અર્જુનભાઈ, એટલું કહીશ કે, સ્થિર જળ સાથે અટકચાળા ન કરો, કાંકરા નાખીને કુંડાળા ન કરો, લોકો ભલે દિવાળી ઉજવે મોજથી, નરેન્દ્રભાઈ મોદીની જીતથી પેટ બાળીને તમે બળતરા ન કરો.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા (વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, શ્રમ અને રોજગાર વિભાગની ૫૭ નંબરની માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે સિક્કાની બે બાજુઓમાં એક બાજુએ ઉદ્યોગો છે તો બીજી બાજુએ શ્રમિકો છે. ઉદ્યોગોનો વિકાસ શ્રમિકની શક્તિ ઉપર જ હોય છે. હું કહીશ કે રાજ્ય સરકારે રાજ્યના સંગઠિત શ્રમિકો હોય કે અસંગઠિત શ્રમિકો હોય, એમની ચિંતા કરી છે. શ્રમિકોને પૂરતું વેતન મળે, તેમની સામાજિક સૂરક્ષા જળવાઈ રહે, ઔદ્યોગિક વિવાદની ન્યાયિક પ્રક્રિયામાં એમને ન્યાય મળે અને એમના આરોગ્ય અને સલામતી પ્રત્યે પણ રાજ્ય સરકારે ધ્યાન આપ્યું છે. હું કહીશ કે રાજ્યના શ્રમ વિભાગે ૧૫ જેટલા કાયદાઓથી શ્રમિકોને સૂરક્ષા આપી છે. અરક્ષિત કામદારો હોય તો એમને પણ રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ ખાતે કાપડ બજારના શ્રમિકોના રક્ષણ માટે બોર્ડની રચના કરવામાં આવી છે. અસંગઠિત કામદારો માટે રાજ્ય સરકારે તા. ૬-૨-૨૦૦૭ના ઠરાવથી ગુજરાત અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડની પણ રચના કરી છે અને એ અસંગઠિત કામદારોમાં અગરબત્તી બનાવનાર કામદાર હોય, રેગ પીકર્સ કામદાર હોય, બ્રાસ પાર્ટના કામદાર હોય, સ્ટ્રીટ હોકર્સ હોય કે શહેરી વિસ્તારમાં કામ કરતા કામદારો હોય એમના માટે રાજ્ય સરકારે તા. ૬-૨-૨૦૦૭ના ઠરાવથી એમના કલ્યાણ માટે બોર્ડની રચના કરી છે. આમ તો ગુજરાત કામદાર કલ્યાણ બોર્ડ કામ કરે છે. સાથોસાથ અનેક પ્રવૃત્તિઓમાં પણ આ કામદાર બોર્ડ જોડાયેલું છે. ખાસ કરીને શ્રમિકોના શિક્ષણ માટે અને આર્થિક રીતે રાજ્યનો શ્રમિક વર્ગ આગળ વધે એ માટે બોર્ડ કામ કરતું હોય છે. હું ખાસ કહીશ કે રાજ્યનો બૉઇલર વિભાગ છે એ બોઈલર વિભાગ જુદા જુદા નિરીક્ષણો કરતું હોય છે. રાજ્ય નાના મોટા અનેક કારખાનાઓમાં નિરીક્ષણ કરવાનું, બૉઇલરની કેપેસિટી, ઈકોનોમાઈઝર, બોઈલરનું માઉન્ટીંગ્ઝ છે, હીટ એક્સચેન્જર છે, સ્ટીમ રિસીવર છે, એવું બૉઇલર વિભાગનું નિરીક્ષણ હોય છે. ખાસ આશય એની પાછળનો એ છે કે બૉઇલરથી જે અકસ્માતો થતા હોય છે એના નિરાકરણ માટે બૉઇલર વિભાગ કામ કરે છે. શ્રમ વિભાગના સહકારથી મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન કામ કરે છે અને આ સંસ્થા આપણને ખબર છે કે સંશોધન, તાલીમ અને શિક્ષણનું કામ કરે છે. ખાસ કરીને ખેતમજૂરો ઉપર સંશોધન થતું હોય છે. ભૂમિહીન મજૂરો ઉપર સંશોધનો થતા હોય છે. મહિલા અને બાળ મજૂરો પર પણ આ સંસ્થા સંશોધન કરે છે અને આ સંશોધન દ્વારા એ શ્રમિકો માટે શું લાભ થશે? એની આરોગ્ય પ્રવૃત્તિમાં આપણે શું કરી શકીએ? એ આ મહાત્મા ગાંધી શ્રમ સંસ્થા દ્વારા આપણે કાર્યવાહી કરી રહ્યાં છીએ. આ સંસ્થા દેશ અને પરદેશની જે મજૂર સંસ્થાઓ છે એની સાથે પણ સહયોગમાં રહીને કામ કરે છે. અનેક કાર્યક્રમો આ સંસ્થા દ્વારા થઈ રહ્યાં છે, એમાં પરિસંવાદ છે, રિસર્ચ માટેના પ્રોજેક્ટ ઊભા કરે છે અને ઘણાં અભ્યાસક્રમો પણ આ સંસ્થા દ્વારા થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના ૩૨,૪૬૧ કારખાનાઓ આવેલ છે એમાં ૪,૬૦૨ કેમિકલ કારખાના છે, ૫૩૦ Major Haardous કારખાના છે અને ૧૦,૯૩,૦૪૦ શ્રમિકો આ કારખાનાઓમાં કામ કરે છે. ખાસ કરીને Haardous કારખાના છે એમાં જે શ્રમિકો છે એમને રક્ષણ કેવી રીતે મળે એની કામગીરી પણ આ શ્રમ વિભાગ દ્વારા થતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કહીશ કે રોજગાર સેવાઓ પણ રાજ્ય સરકાર જોઈ રહી છે. તાલીમ સેવા પણ જુએ છે અને ૩૯ જેટલી કચેરીઓ આ રાજ્યમાં કાર્યરત છે.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી દ્વારા રાજ્યની આવક વધે, રાજ્યને આવક આવે, એ રાજ્યની આવકોમાંથી એમણે ગઈકાલે જ ઉલ્લેખ્ કર્યો હતો કે આવક એવી જગ્યાએથી અમે વધારીશું જેથી સામાન્ય માણસને અસર ના થાય. આવતા દિવસોમાં સામાન્ય માણસની પરિસ્થિતિ શું છે? એ તો જ્યારે એને વેરો ભરવાનો આવશે ત્યારે ખબર પડશે, પણ આ આવક જે આવે એ કોના માટે વાપરવી? એ આવક કોના વિકાસની ચિંતા કરશે? અને એટલા માટે બેરોજગાર યુવાનોની રોજગાર કચેરીમાં નોંધણી થાય છે એજ બેરોજગારો છે? શહેરી વિસ્તારના બેરોજગારો, ગ્રામ્ય વિસ્તારના બેરોજગારો જે નોંધાય છે એ જ આપણે જો આંકડો સમજતા હોય તો ગુજરાતની આ વિધાનસભામાં મારે કહેવું છે કે સૌથી મોટી ભૂલ આપણે કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ભણેલ-ગણેલનો પણ એક વર્ગ એવો છે કે જે રોજગાર કચેરીમાં એનું નામ નોંધાવવા નથી જતો એવો ૫૦ ટકા વર્ગ છે. આ તો શિક્ષિત બેરોજગારોની વાત થઈ. માનનીય અધ્યક્ષશ્રી, અશિક્ષિત બેરોજગારો ગ્રામ્ય અને શહેરી વિસ્તારના, અસંગઠિત બેરોજગારો ગ્રામ્ય અને શહેરી વિસ્તારના એની કયાંય ચિંતા કરી છે? છેલ્લા ઘણાં વર્ષોથી આપણે આયોજન કર્યુ નથી. એનાથી પરિણામ શું આવશે? આર્થિક વિકાસની વાતો થાય છે એનાથી ગરીબી અને ભૂખમરો દૂર કરી શકાય ખરો? આર્થિક વિકાસ એના સપ્રમાણ સામાજિક વિકાસની ખાતરી આપી શકે છે ખરો? આર્થિક વિકાસ સૌને સમાનતા અને ન્યાય ઉપલબ્ધ કરવા માટે છે? આ ત્રણ પ્રશ્નોનો જવાબ આવે છે - ના. માત્ર ઔદ્યોગિક ગૃહોની ચિંતા કરવાની, માત્ર અને માત્ર વેપાર-રોજગારની ચિંતા કરવાની અને રોજગારથી વંચિત, રોજગારી વગર રહી જતા બેરોજગાર યુવાનોની ચિંતા નહિ કરીએ તો શું પરિણામ આવશે? દેશના અન્ય રાજ્યોમાં જે બનાવો બની રહ્યાં છે એની ચિંતા આ ગુજરાત વિધાનસભામાં આજે કરવી પડશે. ગુજરાતના કેટલાય રસ્તાઓ એવા છે જેનું નામ દઈને હું કહી શકું તેમ છું કે સાંજે ૬-૦૦ વાગ્યા પછી એ રસ્તા ઉપરથી ટ્રાફિક બંધ થઈ જાય છે, કેમ બંધ થઈ જાય છે? ત્યાં બેરોજગારીનું પ્રમાણ વધ્યું છે. ત્યાં સરકારના મીઠાફળ જે આપણે છેવાડાના માનવી સુધી પહોંચાડવા જોઈએ એ પહોંચાડવામાં કયાંક કસર જાણી જોઈને રહી ગઈ છે એ વિસ્તારને ગતિમાં લાવવાની આપણે કયાંય ચિંતા નથી કરી.એટલે એ વિસ્તારમાં સાધનો અમુક સમયે બંધ થઈ જાય છે અને જાય છે તો ત્યાં લુંટ થાય છે. સાધનોની સલામતીનો ખતરો બની રહે છે ત્યારે આજે રોજગારીનો પ્રશ્ન છે એ માત્ર રોજગાર કચેરીએ નોંધાય એનો જ પ્રશ્ન ન રહે, સાચા બેરોજગારોને માટે નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું, સૂચન કરું છું કે કાંઈક એવું આયોજન લઈને આવો. આપણે ગ્રામસભા બોલાવીએ છીએ. ગ્રામસભાના પ્રશ્નો રાજય સરકાર સોલ કરે છે. તો ગ્રામસભા દ્વારા ગ્રામ્ય વિસ્તારના બેરોજગાર યુવાનોની નોંધણી ગ્રામસભામાં થાય એવું કાંઈક કરી શકો જેથી બેરોજગાર, અશિક્ષિત, અસૂરક્ષિત, અસંગઠિત યુવાનોની ટકાવારી, આંકડા અને ગુજરાતની ૫.૬કરોડ પ્રજામાંથી જો આ આંકડા આવશે તો બે કરોડ કરતાં પણ અધિક આંકડા આવશે. માનનીય અનિલભાઈ સાહેબે કહ્યું કે એક લાખ રૂપિયા સરેરાશ લખપતિ બની ગયો ગુજરાતનો ગુજરાતી. આ ગાંધીનગર, પાટનગરથી ૮-૧૦ કિલોમીટર દૂર આવેલ મારા મત વિસ્તારનું સાદરા, માધવગઢની ગરીબ વસ્તીની મુલાકાત તો લો. ખબર પડે. એક લાખ રૂપિયાની આવકની વાતો થાય છે. અને આવી વાતો કરીને આપણે ગુજરાતના યુવાનોની મશ્કરી કરીએ છીએ, મજાક કરીએ છીએ. રોજીરોટી મળતી નથી તેથી વ્યસનના રવાડે ચડી જાય છે, ગુનાના રવાડે ચડી જાય છે એની ચિંતા કરવી પડશે, એની રોજીરોટીની ચિંતા નથી કરવી. માત્ર સપનાના સોદાગર બનીને રવાડે ચડાવી દેવા છે. આ વિધાનસભામાં માત્ર ગુજરાતી યુવાન લખપતિ છે એવી વાતો કરીને ગુજરાતનો સંદેશો સમગ્ર દેશમાં તમે શું આપવા માગો છો? હું કહયા વગર રહી શકતો નથી કે આની આ જ વાત જો ચાલુ રહી તો સરહદી રાજયોમાં પરિસ્થિતિ શું છે? આ દેશના કેટલાય રાજયોમાં જઈ શકતા નથી કારણકે ત્યાં નકસલવાદ પેદા થયો છે. આ પગપેસારો કરવાનું કારણ બન્યા છે. જયાં જયાં બેરોજગાર યુવાનોને આપણે રાહ નથી બતાવી શકયા, જયાં જયાં બેરોજગાર યુવાનોને રોજીરોટી નથી આપી શકતા ત્યાં બેરોજગાર યુવાનો કયાંક ભુલો પડે છે, આડા રસ્તે ચડી જાય છે અને આ રાજયની વિકાસ યાત્રા થંભાવવાનું કામ આપણે હાથે કરીને કરી રહ્યા નથીને એની ચિંતા કરવી પડશે. ૨૦૦૭-૦૮માં ૪૭૫૮૮૭ ઉમેદવારોની ભલામણ કરી. ૯૮૨૪૬ને રોજગારી મળી. ૨૦૦૬-૦૭માં ૧૧ લશ્કરી ભરતી મેળવા થયા. એમાં માત્ર ૧૧૦૮ પસંદ થયા. ૨૦૦૭-૦૮માં લશ્કરી ભરતી મેળા ૬ થયા. એમાં માત્ર ૨૧૧ યુવાનો પસંદ થયા. ૨૦૦૭-૦૮ સુધીમાં ૨૬૨ ભરતી મેળા થયા અને એ ભરતી મેળામાં સરકારના આંકડા છે ૩૪૬૨૫ લોકોને નોકરીની તકો પૂરી પાડવામાં આવી. આ જે આંકડા છે. ૩૪ તાલુકા અતિ પછાત છે. એ ૩૪ તાલુકામાં ૩૭૬૦ લોકોને આપણે રોજી આપી. માત્ર ૯૬૩ ઉમેદવારને તાલીમ આપી. આ ૩૪ તાલુકામાં પંડિત દિનદયાલ સંકલિત સ્વબલ યોજના ૫૧ તાલુકામાં ચાલે છે ૫૩૦૪ ઉમેદવારોમાંથી આપણે કેટલા લોકોને રોજીરોટી તરફ લઈ જઈ રહ્યા છીએ ત્યારે ગુજરાત હાઈટેક છે. જે શિક્ષણ કયાંય ન મળતું હોય એવું ગુજરાતમાં શિક્ષણ મળે એવી વાતો થાય છે. ફલાઈંગ સ્ટુઅર્ડ એરલાઈન્સ, ગ્રાઉન્ડ સ્ટાફ, એરહોસ્ટેસ જેવામાં એક વર્ષમાં માત્ર ૧૦૦ યુવાનોને તાલીમ

આપી શકયા છીએ. આપણી સરકારે જે પુસ્તક બતાવ્યું છે બજેટનું. એને વાંચવાની ક્યાંક તસ્દી લો. અહી પોપટ બહુ ચાલે છે. *(આ સામી પાટલીએ બેઠેલા પોપટ) પાંચ વર્ષની અંદર બોલતા હતા એ અત્યારે બોલવાનું.

**અધ્યક્ષશ્રી** : શ્રી જગદીશભાઈ પોપટને લાવો એનો વાંધો નથી. અર્જુનભાઈનો પોપટ ફરતો ફરતો તમારે ત્યાં આવે એનો વાંધો નથી, પણ (આ સભાગૃહના સભ્યોને પોપટ કહો).

**શ્રી જગદીશ ઠાકોર** : મેં એવું નથી કહ્યું.

**અધ્યક્ષશ્રી** : મેં સાંભળ્યું છે. (સામી પાટલી ઉપર બેઠેલા પોપટ )એ શબ્દ હતો એટલા માટે.

**શ્રી જગદીશ ઠાકોર** :જો બોલાઈ ગયું હોય તો હું મારા શબ્દો પાછા ખેંચું છું. વિદ્વાન સભાગૃહના સભ્યોની અવગણના કરવાની મારી તૈયારી ન હોય. આપ જોઈ રહ્યા છો આ ચર્ચાના મુદ્દામાં સરસ મજાનું હાઉસનું વાતાવરણ બનાવ્યું છે. અમારા પક્ષનો સહકાર જુઓ. ગમે એટલી કોમેન્ટ આવે, ગમે એટલું થાય, છતાં અમારા તરફથી ઉવાટ નહિ અને તમે સાંભળવાની પણ તૈયારી નથી રાખતા. એ વાતાવરણની શરૂઆત આપે જ્યારે કરી છે, ત્યારે હરહંમેશ વિરોધ પક્ષમાંથી સાથ સહકાર રહેશે, પણ એટલી જ જવાબદારી ટ્રેઝરી બૅન્ચની બને છે. કારણ આ હાઉસની શોભા એ રાજ્ય સરકારની શોભા છે, ગુજરાતની શોભા છે, એટલે જે મારા મિત્રોને બોલ્યા વગર ચાલતું નથી, એના ઉપર પણ અંકુશ આવે એવી ચોક્કસ અપેક્ષા આપના દ્વારા રાખું છું.

**અધ્યક્ષશ્રી** : ( સભ્યશ્રી બેઠા બેઠા કઈક બોલતા ) મહેન્દ્રભાઈ, સભ્યશ્રી જવાબદારીપૂર્વક કહેતા હોય અને સભાગૃહનું ગૌરવ વધારવાની વાત હોય ત્યારે તમારે બોલવાનું?

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી (જામનગર (ગ્રામ્ય)** : માનનીય નાણામંત્રીશ્રીના આગામી વર્ષ ૨૦૦૮-૦૯ માટે રજૂ કરેલ બજેટને આવકારું છું, ગુજરાતના ભાવી વિકાસ અને આમ જનતાની સુખ, શાંતિ અને સમૃદ્ધિને ધ્યાનમાં રાખીને તમામ ક્ષેત્રોમાં કરેલ નાણાકીય ફાળવણી બદલ નાણા મંત્રીશ્રીને હાર્દિક અભિનંદન આપું છું.

નાણા મંત્રીશ્રીએ શ્રમ અને રોજગાર વિભાગ માટે ૨૦૦૮-૦૯ માટે ૯,૬૯૭.૪૦ લાખ ફાળવવાની જોગવાઈ કરી છે. તે ગત વર્ષ ૨૦૦૭-૦૮ માટે ૬૪૯૦૮.૦૦ લાખની સરખામણીથી વધુ છે, કારણ કે આપણા રાજ્યની શ્રમ અને રોજગાર વિભાગની જવાબદારી, કામગીરી દિવસેને દિવસે વધતી જાય છે. આગામી વર્ષ માટે ફાળવેલ રકમ વ્યાજબી છે, જે માટે હું શ્રમ અને રોજગાર વિભાગની કામગીરી માનનીય અધ્યક્ષશ્રી આપશ્રી અને સર્વ સદસ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવા માગું છુ. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વ હેઠળ ગુજરાતનો વિકાસ દરેક ક્ષેત્રે વેગવંતો થઈ રહ્યો છે, જે એક સત્ય હકીકત છે. સાથે સાથે આ વિકાસનું મહત્ત્વનું અંગ શ્રમ અને રોજગાર જે વિભાગ છે. આ વિભાગ જેટલો સક્રિય રહેશે તેટલો વધુ ઝડપથી ગુજરાતનો વિકાસ થશે, તે હકીકત પણ સત્ય છે, તેથી શ્રમ અને રોજગાર વિભાગ માટે આગામી વર્ષ માટે સૂચવવામાં આવેલ ખર્ચને હું મારું સમર્થન આપું છું. નરેન્દ્ર મોદીજી જ્યારે વિકાસ લઈને આવ્યા હોય ત્યારે મારે એમ કહેવું જોઈએ કે ચોમેર ગુજરાતનો નાથ, ચોમેર ગુજરાતનો નાથ, વિશ્વમાં વિવાદ, વણથંભ્યો વિકાસ, પ્રદેશમાં જાવ મળે આ જ. ધન્ય હોય મોદી સાહેબ, મા ભારતી કાયમ લડાવે આપને લાડ. એવા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજી જ્યારે ગુજરાતનું નેતૃત્વ કરી રહ્યા હોય ત્યારે શ્રમ અને રોજગાર વિભાગ પાછળ કેમ રહી શકે? આપણા રાજ્યના શિક્ષિત યુવાનો, યુવતીઓ રોજગારી મેળવી પોતાના માતા-પિતા અને કુટુંબને મદદરૂપ થાય અને એમની ચિંતા સરળ અને હળવી થાય તે પ્રકારનું શ્રમ અને રોજગાર વિભાગનું કામ રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં ૨૫ જિલ્લાઓમાં રોજગાર કચેરીઓ, ૫ નગર કચેરીઓ, ૭ યુનિવર્સિટી રોજગાર કેન્દ્રો તેમજ ૨ મહિલાઓ માટેની ખાસ રોજગાર કચેરીઓ મળી કુલ ૩૯ રોજગાર કચેરીઓ વર્તમાન સમય મુજબ કોમ્પ્યુટરાઈઝેશન તેમજ તમામ કચેરીએથી નામ નોંધણી, રીન્યુઅલ, અપડેશન, નોટીફાઈડ, સબમીશન વગેરે કામગીરી સરળ અને ઝડપથી કરવામાં આવેલ છે. તેથી બેરોજગાર યુવાન યુવતીઓની મુશ્કેલીઓ દૂર થઈ છે. રાષ્ટ્રના સંરક્ષણ ક્ષેત્રે આપણું રાજય ખૂબ જ પાછળ હતું. શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ગુજરાતના યુવાનોને વધુમાં વધુ સંરક્ષણ સેવા ક્ષેત્રે જોડાય તે માટે ખાસ લશ્કરી ભરતી મેળાનું પણ આયોજન કરવામાં આવેલ. જેમાં છેલ્લા બે વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના વર્ષમાં કુલ ૧૭ લશ્કરી ભરતી મેળાઓ દ્વારા ૧૩૫૦૬ યુવાનોને સંરક્ષણ વિભાગમાં આખરી પસંદગી થયેલ છે. રોજગાર વિભાગ દ્વારા સંરક્ષણ સેવામાં ભરતી માટે યુવાનોને લેખિત પરીક્ષા પૂર્વે ચાર દિવસની શૈક્ષણિક તાલીમ (સમય સૂચક ઘંટડી) અધ્યક્ષશ્રી, એક મિનિટમાં મારું પૂરું કરવા માગું છું. શૈક્ષણિક તાલીમ આપવામાં આવે છે. રાજયના આપણા બેરોજગાર યુવાનોને ઈન્ટરવ્યુ આપવા માટે આર્થિક મુશ્કેલી ન પડે તેની પણ ચિંતા શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા કરવામાં આવી છે. ૨૦૦૭-૦૮ ડિસૅમ્બર સુધીમાં કુલ ૧૬૫૫૮ બેરોજગાર યુવાનોને ઈન્ટરવ્યુ આપવાના સ્થળેથી પોતાના ઘરે આવવા જવા માટે વિદ્યાર્થીઓને અને વાલીઓને આર્થિક મુશ્કેલી ન પડે તે માટે પાસ આપીને મદદ કરવામાં આવી છે.

**અધ્યક્ષશ્રી** : શ્રીમતી વર્ષાબેન દોશી.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી (વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી શ્રમ અને રોજગાર વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમને સમર્થન આપવા માટે મારા વિચારો રજૂ કરું છું.

---

* (       ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો સભ્યશ્રી દ્વારા પાછો ખેંચી લેવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે એટલે કે ૨૦૦૮-૦૯માં રાજય સરકારે ૧૨૭ કરોડ ફાળવીને શ્રમયોગીઓને ૫૮ કરોડનો વધારો ફાળવીને નાના માણસોની હૂંફ આપનારી આ સરકાર સાબિત થઈ ગઈ છે ત્યારે મારું ચોક્કસપણે માનવું છે કે આજના મુક્ત અર્થતંત્ર અને વૈશ્વિકરણના સમયમાં કોઈપણ ઉદ્યોગને રાષ્ટ્રીય તેમજ આંતર રાષ્ટ્રીય હરીફાઈમાં ટકી રહેવું હોય તો ઉત્પાદનની ગુણવત્તા મુખ્ય ભાગ ભજવે છે. ઉત્પાદન અને ઉત્પાદકની સીધી અસર કરતાં પરિબળો પૈકી કોઈ પરિબળ હોય તો કુશળ માનવબળ છે. રાજયના તમામ ઉદ્યોગો અને નવા સ્થપાતા ઉદ્યોગોને માનવબળ પૂરું પાડવા માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ રહી છે ત્યારે ગુજરાત રાજય દેશનું પાંચ વર્ષથી નંબર વન રોજગારી પૂરું પાડતું રાજય બન્યું છે અને તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ અને તેમની સાથે કામ કરતી ટીમને ખાસ અભિનંદન આપવા ઘટે છે. આજે રાજયમાં આઈલોના ધારાધોરણ મુજબ શ્રમિકોની સૂરક્ષા અને સ્વાસ્થ્યની કાળજી લેવામાં આવે છે. મને કહેતાં ખૂબ ગૌરવ થાય છે કે રાજયમાં ગુમાવેલ માનવ દિવસોની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો થયો છે તે નોંધનીય બાબત છે. શ્રમિકોના બંધારણીય હક્ક અને સલામતિને બાધ ન આવે તે હેતુથી રાજયમાં લોક અદાલતનો પ્રયોગ ખૂબ સફળ થયો છે અને એટલા માટે તાલુકા સ્થળે અને જિલ્લા સ્તરે આ પ્રકારના હજારો વિવાદોના કેસનો નિકાલ થયો છે અને કોર્ટનું ભારણ પણ દૂર થયું છે. ખાસ કરીને જે મહિલાઓ છે તેમના માટે સૂરક્ષા કવચ પૂરું પાડીને જે રાત્રે કામ કરવાની છૂટ મળી છે તેના કારણે અમદાવાદ, વડોદરા ગાંધીનગરમાં સ્થાપિત ડી.પી.ઓ. અને એ.પી.ઓ. જેવી આઈ.ટી. આધારિત કંપનીઓમાં આજે સ્ત્રીઓ કામ કરતી થઈ છે. મને કહેતાં આનંદ થાય છે કે રાજય સરકાર આઠ મહિલા આઈ.ટી. સૅન્ટર ચલાવી રહી છે. જે રાજયમાં મહિલાઓને ઔદ્યોગિક ક્રાંતિકરણમાં જોડાવવાની તક પૂરી પાડે છે.

**અધ્યક્ષશ્રી** : વર્ષાબેન આપ પ્રવચન પૂરું કરો. માનનીય બચુભાઈ આપની પાસે ચાર જ મિનિટ છે.

**શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી નાણા વિભાગની માગણી નંબર ૧૫, ૧૬, ૧૭, ૧૮ અને શ્રમ અને રોજગાર વિભાગની માગણી નંબર ૫૭ લઈને આવ્યા છે એમાં હું મારા સૂચનો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બેરોજગારીની સમસ્યા એ સૌથી મોટી આજની સમસ્યા છે. રાજયમાં ૨૦૦૫-૦૬માં ૮,૩૦,૫૮૩, ૨૦૦૬-૦૭માં ૭,૭૮,૮૧૧ અને ૨૦૦૭-૦૮માં ૭,૯૩,૨૮૨ બેરોજગારો, શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે એ સિવાય પણ લાખો શિક્ષિત બેરોજગારો એવા છે કે એ નોંધાવવા માટે નથી ગયા એવા બેઠા છે, દાહોદ જિલ્લાનો પ્રશ્ન છે, માનનીય અધ્યક્ષશ્રી, હું આજે પંચમહાલ અને દાહોદ જિલ્લાની ચિંતાની વાત કરી રહ્યો છું. દાહોદ જિલ્લામાં ૩૧-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૮૭૦૭ બેરોજગારો નોંધાયા તે પૈકી ૧૮૯૧ને બે વર્ષમાં નોકરી આપવામાં આવી, એટલે બે વર્ષમાં ૬૮૧૬ બેરોજગારો નોકરીથી વંચિત છે, એ બેરોજગારો છે, આમ દર વર્ષે દાહોદ જિલ્લામાં ૩૪૦૮ બેકારો વધી રહ્યા છે. પાંચ વર્ષ પછીની મને ચિંતા એ થાય છે કે ૧૭૦૪૦ બેરોજગારો મારા દાહોદ જિલ્લામાં જ નોકરી માટે ઊભા છે એમની ચિંતા લઈને હું આજે આવ્યો છું તો માનનીય મંત્રીશ્રી, આ ૧૭ હજાર જે બેરોજગારો પાંચ વર્ષમાં થવાના છે એમના માટે સરકારશ્રી શું કરવા માગે છે, આ એક પ્રશ્ન છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લાની વાત કરું, કારણ કે પંચમહાલ જિલ્લો પણ મારી નજીકનો જિલ્લો છે ત્યાં ૨૦૦૬માં કુલ નોંધાયેલા બેરોજગારો ૭૪૦૬ છે અને ૨૦૦૭માં નોંધાયેલા છે એ ૧૬૩૧૩ બેરોજગારો છે અને એમ કુલ નોંધાયેલા છે એ ૨૩૭૧૯ બેરોજગારો છે, વાર્ષિક સરેરાશ ૧૧૮૫૯ બેરોજગારો વધી રહ્યા છે, આમ જો પાંચ વર્ષનું જોઈએ તો ૫૯ હજાર જેટલા બેરોજગારો થવાના છે, આ બે જિલ્લાઓ અમારા આદિવાસી વિસ્તારના ખાસ જિલ્લાઓ છે, ત્યારે આ જે બેરોજગારી વધી રહી છે એના માટે સરકાર કોઈ નક્કર પગલાં લેવા માગે છે કે કેમ, એ હું જાણવા માગું છું. સરકારશ્રી તો એમ કહેશે કે એમને તાલીમ આપીએ છીએ, ટ્રેનિંગ આપીએ છીએ, આઈટીઆઈ ખોલીએ છીએ, કૉલેજો કરીએ છીએ, આટલું બધું આપઆપ કરીએ છીએ પણ માનનીય અધ્યક્ષશ્રી, આજે બેરોજગારીની સમસ્યા વધી છે, એ અમારા માટે મોટામાં મોટી સમસ્યા છે તો એનો ઉકેલ સરકારશ્રી શું કરવા માગે છે એ પ્રશ્નનો જવાબ આપે.

બીજી વાત એ છે કે જે લોકો અસંગઠિત અને અશિક્ષિત છે અને માનનીય અધ્યક્ષશ્રી, અમારા દાહોદ જિલ્લામાં અને પંચમહાલ જિલ્લામાં જો સૌથી મોટો ઉદ્યોગ હોય તો એ મજૂરો ઉત્પન્ન કરવાનો ઉદ્યોગ છે. ત્યાં કોઈને કાયમી રોજગારી મળતી નથી, લોકો પાસે કોઈ કાયમી સાધન નથી કે કોઈ ઉદ્યોગ નથી, વરસાદ આધારિત ખેતી ઉપર એ લોકો નભી રહ્યા છે અને રોજીરોટી માટે, મોટા ભાગે ત્યાં સ્થાનિક રોજી ન મળવાને કારણે શહેરોમાં અથવા તો સમૃદ્ધ જિલ્લાઓમાં એ લોકો જાય છે, તો ત્યાં ગયા પછી જ્યાં જે જગ્યાએ શહેરોમાં રહે છે એ મને કહેતાં દુ:ખ થાય છે કે, શહેરોમાં જ્યાં અમારા મજૂરો રહે છે ત્યાં કાં તો આખા શહેરનો ગંદામાં ગંદો, ગંદકીવાળો વિસ્તાર હોય અથવા તો જયાં ગંદો કચરો ખાલી કરવામાં આવતો હોય એવી જગ્યા હોય એવી જગ્યાએ ઝૂંપડપટ્ટી બાંધીને મજૂરો રહે છે, હવે આ લોકોને ચોમાસામાં પણ નાછૂટકે ત્યાં એવી જગ્યાએ રહેવું પડે છે અને કાયમી પોતાના બાળબચ્ચાંની સાથે ત્યાં રહે છે તો એવા લોકોને માટે સરકાર કંઈક વિચારે છે કે નહીં, કાં તો ટોકન ભાડે ત્યાં રહે, એના બાળકોને કોઈ સુવિધાઓ મળતી નથી કે શિક્ષણ મળતું નથી, તો એ સુવિધાઓ

અને શિક્ષણ મળે એ માટે સરકારશ્રી વિચારશે ખરી ? આ એક મોટો પ્રશ્ન મારા દાહોદ જિલ્લાનો અને પંચમહાલ જિલ્લાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત મારે એ કરવી છે કે, રોજગારીની વાત કરું તો રાષ્ટ્રિય ગ્રામીણ રોજગાર યોજના દાહોદ જિલ્લામાં ચાલે છે તેનાથી ત્યાં થોડી ઘણી રોજી મળે છે પણ એમાં આ લોકોને ખરેખર મીનીમમ વેઈઝ મળે છે, ઓછામાં ઓછી રોજી મળે છે તો એ માટે પણ સરકારશ્રી વિચારે એટલાં મારાં સૂચન છે.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું દશેક મિનિટમાં મારી વાત પૂરી કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના સભ્યશ્રીએ બે ત્રણ વાત કરી એનો ખુલાસો કરવા માટે હું ઊભો થયો છું

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાબુભાઈ શાહે વાત કરી પણ તેઓશ્રી અત્યારે છે નહીં, એ હાજર હોત તો થોડીક જાણકારી મળત. સભ્યશ્રીએ વાત કરી કે ટેક્સ ઘટાડી કેન્દ્ર સરકાર પાસે કોમ્પેન્સેશન લેવાની. જ્યારે વેટનો આપણે અમલીકરણ કર્યો ત્યારે કેન્દ્ર સરકારે નીતિ ઘડી હતી કે જેટલો ટેક્સ, જેટલી આવક ઘટે એની અંદર પહેલા વર્ષે ૧૦૦ ટકા, બીજા વર્ષે ૭૫ ટકા અને ત્રીજા વર્ષે ૫૦ ટકા કોમ્પેન્સેશન આપવાનું નક્કી કર્યું હતું. આ કોમ્પેન્સેશન ક્યારે મળે? કે જે ફલો રેટ હોય એ ફલો રેટથી ઓછો ટેક્સ રાખ્યો હોય તો કોમ્પન્સેશનમાં આવતા નથી. એટલે દાખલા તરીકે કોઈ પ્રોડકટમાં ૧૨.૫૦ ટકા ફલો રેટ હોય કેન્દ્રએ નક્કી કર્યું હોય અને રાજય સરકાર ૪ ટકા કરે એને કારણે ૮.૫૦ ટકાનું જે નુકસાન થયું એ કોમ્પેન્સેશનમાં ગણાય નહીં. એટલે ટેક્સ ઘ ટાડવાથી કોમ્પેન્સેશન મળતું નથી. બીજું એમણે જે વાત કરી ડિઝલ પેટ્રોલની તો ડિઝલ અને પેટ્રોલ કોમ્પેન્સેશનમાં આવતું જનથી. માત્રને માત્ર વેટ માટે જે પ્રોડકટ આઈડેન્ટીફાઈ કર્યા છે એટલા જ આવે છે. એટલે ગૌરવ સાથે કહીએ છીએ કે અમારો વિભાગ કોમર્શીયલ ટેકસીસનો વિભાગ સારી રીતે ચલાવ્યો કે અમારે કેન્દ્ર સરકાર પાસે કોમ્પેન્સેશન માગવા જવું પડયું નથી. આપણા માટે એ ગૌરવની વાત છે. આજે હું હાઉસમાં કહું છું કે, આંધ્રપ્રદેશે ૪૦૪ કરોડનું કોમ્પેન્સેશન લેવું પડયું કેમ કે, ફલો રેટથી એ લોકોને ટેકસ ઘટયો. કર્ણાટકે ૧૫૪૨ કરોડનું કોમ્પેન્સેશન લેવું પડયું ગયા વર્ષે, મહારાષ્ટ્રે ૨૩૭૪ કરોડનું લેવું પડયું જ્યારે ગુજરાતની આવકમાં ૨૦ થી ૨૫ ટકાનો વધારો થયો એક પૈસાનો કોમ્પેન્સેશનનો કાગળ પણ અમે કેન્દ્ર સરકારમાં મોકલ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી જે વાત કરી માનનીય અર્જુનભાઈએ મારી વાત જાણીને સો ટકા એમને આનંદ થશે. એમણે ટેકનોલોજીની વાત કરી એમણે એમ કહ્યું કે વેટની અંદર કોમર્શીયલ ટેક્સ ડિપાર્ટમેન્ટે સારી કામગીરી કરી હોત ગુજરાત આગળ પડતું રાજય છે ગુજરાતે ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ કર્યો હોત તો વધારે સારું રહ્યું હોત. માનનીય અર્જુનભાઈને મારે જણાવવું છે કે, કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડિયાએ ગુજરાતના ઈ-ગવર્નન્સને બેસ્ટ ઈ-ગવર્નન્સ પ્રોગ્રામમાં જાહેર કર્યું છે. ૧-૧૨-૦૭ ના રોજ એમને એવોર્ડ આપ્યો છે. અને એવી જ રીતે કેન્દ્ર સરકારનું ડિપાર્ટમેન્ટ ઓફ એડમિનિસ્ટ્રેટીવ રીફોર્મ્સ, પબ્લિક ગ્રીવન્સીસ ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયાએ સિલ્વર એવોર્ડ આપણને બ્રિઝનેશ પ્રોસેસીંગ માટે ઈલેવન્થ નેશનલ કોન્ફરન્સમાં ૭-૨-૨૦૦૮ના રોજ આપ્યો છે. એ શેના માટે આપ્યો છે એ હું આપને સમજાવું, જે કામગીરી છેલ્લા વર્ષમાં કરી છે ઈ-સર્વિસીસની એના માટે. એમણે ઈ-રીટર્નની વાત કરી, મને ગૌરવ થાય છે કહેતાં કે, રાજયની અંદર ઈ-રીટર્ન ફાઈલીંગનો ૩૫ હજારે આંકડો પહોંચ્યો છે. ૨ લાખ ૨૫ હજાર ઈ-રીટર્ન ફાઈલ થયાં છે. એવી જ રીતે ઈ-પેમેન્ટનો પાઈલટ પ્રોજેકટ પણ ચાલુ કર્યો છે, ઓન લાઈન એપ્લિકેશન ચાલુ કર્યું છે, ઓન લાઈન રજીસ્ટ્રેશન પણ ચાલુ કર્યું છે The dealer will be able to track the status of his application online. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક માત્ર રાજય છે કે જેણે આ ટેકનોલોજીનો ઉપયોગ કરી અને વેટનું ડિપાર્ટમેન્ટ, કોમર્શીયલ ટેકસનું ડિપાર્ટમેન્ટે આખા દેશની અંદર દાખલો બેસાડયો છે. આ બધું તો આપણે વેટની અંદર કર્યું અને હમણાં જ માનનીય સભ્યશ્રીએ વાત કરી કે સામાન્ય પ્રજા, હું આપને નાની એક વાત કરું કે સામાન્ય પ્રજાને કેવી રીતે લાભ થાય છે. જ્યારે સેલ્સટેકસમાં હતું ત્યારે ઘી ઉપર ૮ ટકા હતો એ વેટમાં આવ્યા પછી ૪ ટકા થયો, ઓઈલ એંજિન જે ખેડૂતો ખરીદે છે એના ઉપર ૮ ટકા હતો એ વેટમાં આવ્યા પછી ૪ ટકા થયો, બાંબુ ઉપર ૮ ટકા હતો એનો ૪ ટકા થયો, ડ્રગ્સ એન્ડ મેડિસિન ઉપર ૮ ટકા હતો, ઈલેકિટ્રક્લ ગુડ્ઝ ઉપર ૧૫ ટકા હતો, ઇલૅક્ટ્રોનિક્સ હોમ એપ્લાઈઝ પર ૧૫ ટકા હતો માનનીય નાણામંત્રીશ્રીએ આ બધું જ ધ્યાનમાં રાખીને ટેકસ સ્ટ્રકચર ગોઠવ્યું હતું. એટલે અમે કહીએ છીએ કે, સામાન્ય પ્રજાને કોઈ જ નુકસાન નથી. બીજુ મારે માનનીય સભ્યશ્રીઓને ખુશ સમાચાર આપવા છે અને જાણકારી આપવી છે કે, આપણે ગુજરાતની અંદર પબ્લિક સેકટર કંપનીઝ ખૂબ મોટો ડેવલપમેન્ટનો રોલ પે કરે છે. જી.એન.એફ.સી. હોય, જી.એસ.એફ.સી. હોય, જી.એ.સી.એલ. હોય, જી.એસ.પી.સી. હોય આ બધી જ કંપનીઓ એનો ગ્રોથ વધારી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈને કહું છું કે, આ સામાન્ય નાગરિક માટે આપણે આ ઉદ્યોગોને કહેવડાવવામાં આવ્યું છે અને સરકારે એક નીતિ બનાવી છે, એ નીતિ એવી બનાવી છે કે, પબ્લિક સેકટર કોરપોરેશન અને એમાં આપણી ૧૩ નફા કરતી કોરપોરેશન જે વાર્ષિક જે વાર્ષિક ૨૦૦૦ કરોડ રૂપિયાનો નફો

કરે છે. ૫૦૦ કરોડ રૂપિયાનો ટેક્સ ભરે છે. આ લોકોને કહેવડાવવામાં આવ્યું છે કે સોશિયલ રિસ્પોન્સીબિલિટી, નાના માણસો માટે તમારે રૂપિયો ખર્ચવાનો અને એ રૂપિયો ખર્ચવા માટે ગુજરાત સરકારે 'ગુજરાત સોશિયો ઈકોનૉમિક ડૅવલપમેન્ટ સોસાયટી' નામની રચના કરી છે અને આ કોર્પોરેશનોએ નાના માણસો માટે આવતા દિવસોમાં એમની કમાણીમાંથી રૂપિયા આપવા પડશે, રાજય સરકાર નક્કી કરશે એ પ્રમાણે એ રૂપિયાનો ખર્ચો કરશે અને સામાન્યમાં સામાન્ય માણસ નાગરિકને આ રૂપિયો જશે. એમણે જે ઉદ્યોગોની વાત કરીને પણ મેં કહ્યું તેમ અમે આની ચિંતા કરી છે આવા નાના માણસોની ચિંતા કરીએ છીએ. એના કારણે આજની તારીખમાં નાનામાં નાના છેવાડાના માણસને રૂપિયો કઈ રીતે પહોંચે એની ચિંતા કરી છે. દેવાની વાત કરી, ગઈકાલે દેવાની બહુ જ ચર્ચા કરી. મારે ખાલી ચાર જ રાજયોની વાત કરવી છે એ રાજયોની દેવાની પરિસ્થિતિ શું છે. અમે હમણાં ચિદમ્બરમજીને મળવા ગયા, એમને મળવા જવાનું કારણ શું કે અમારા સી.એસ.ટી. ચારના ત્રણ ટકા કરો છો ત્રણના બે ટકા કરો છો તો કોમ્પેન્સેશન તો આપો. તો એમણે શું કહ્યું કે કોમ્પેન્સેશનના કા દેખેંગે. પણ તમારી પાસે ૩૦ ટકા જી.ડી.પી.ના બોરોઈંગ કરવા માટેની તાકાત છે તો તમે બોરો કેમ નથી કરતાં તમારા ડૅવલપમેન્ટ માટે? ઉપરથી કેન્દ્રીય નાણા મંત્રીશ્રીએ દરેક રાજયને કહ્યું કે, તમારા રિસ્પોન્સીબિલિટી એકટની અંદર તમે જો આવી શકતા હો તો તે પ્રમાણે તમારે બોરોઈંગ કરવું જોઈએ અને આ પ્રમાણે ગુજરાતે તો સમજી વિચારીને આવતા વર્ષનું ટારગેટ ૨૬.૫ નું રાખ્યું છે પણ ઉત્તરપ્રદેશનું ટોટલ બોરોઈંગ ૧,૨૮,૦૦૦ કરોડ છે. વેસ્ટ બેંગાલનું ૧,૧૯,૦૦૦ કરોડ છે, મહારાષ્ટ્રનું ૧,૧૮,૦૦૦ કરોડ છે. હવે આ ત્રણ આપણાથી ઘણું વધારે છે અને એ ત્રણેય (અંતરાય) આંધ્રપ્રદેશ ૮૨,૦૦૦ કરોડ છે. ડૅવલપમેન્ટ માટે દેવું થતું હોય એમાં કોઈ જ વાંધો નથી. વધારે એક વાત કહું કે સી.એસ.ટી. હજુ આ કેન્દ્ર સરકારે જે બજૅટ આપ્યું પણ સી.એસ.ટી. કોમ્પેન્સેસશન ૩ નું ૨ ટકા થાયને અને જો કેન્દ્ર સરકાર કોમ્પેન્સેશન ના આપે તો ૭૦૦ કરોડ રૂપિયાનું નુકશાન ગુજરાતને થાય છે. લખ્યું છે આના માટે તો કહ્યું છે કે આવતા દિવસોમાં એમ્પાવર કમિટી જોડે વાત કરીને કરીશું. ગયા વખતે પણ આ કહ્યું હતું, ગયા વખતે કહ્યું હતું એમાં ડી ફોર્મમાં ૧૭૩ કરોડ રૂપિયા આપણા કાપી નાંખ્યા. ડી ફોર્મની અંદર આજની તારીખમાં આપણને આવક નથી થતી કોમ્પેન્સેશનનો એક ફટકો ૧૭૩ કરોડનો આપ્યો છે એમ્પાવર કમિટીમાં ફરીથી રજૂઆત કરી છે પ્લાનિંગ તો જૂઓ કેન્દ્રનું? ૪૮૮ કરોડ રૂપિયા ૩૧-૧-૨૦૦૮ સુધીમાં લેવાના થાય છે હજીસુધી ૧૩૬ કરોડ રૂપિયા આપ્યા છે હવે બે મહિના બાકી છે અને ૩૫૦ કરોડ રૂપિયા લેવાના છે. આ આયોજન આપણે બજૅટ જ્યારે બનાવતા હોઈએ છીએ ત્યારે બધું ધ્યાનમાં રાખીને બનાવતા હોઈએ છીએ અને એના આધારે ખર્ચો કરતા હોઈએ છીએ. મારે નાણાં ખાતાને અભિનંદન આપવા છે કારણકે પહેલાંની સરકારોની અંદર જ્યારે બજૅટ બનતું હતું ત્યારે કોઈ વિભાગનો ૧૦૦ કરોડ રૂપિયાનું બજૅટ હોય તો એના ૧૬માં ભાગે ડિવાઈડ કરવામાં આવતું હતું અને છ કરોડ રૂપિયા દર મહિને એને એલોકેટ કરવામાં આવતા હતા અને પછી જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચની અંદર એને જેટલા વધે એટલો ખર્ચ કરવામાં આવતો હતો. છેલ્લાં વર્ષ દોઢ વર્ષથી વહિવટી મંજૂરી ઓન ગોઈંગ પ્રોસેસની અંદર. આ માર્ચ, ૩૧મી પહેલાં બધી જ આપી દેવામાં આવે છે અને એના કારણે મોટાભાગની કામગીરીની વિગતો બધાને વહિવટી મંજૂરી ૩૧મી માર્ચ પહેલાં આપવામાં આવે છે અને પહેલી એપ્રિલ અને દસમી એપ્રિલની અંદર એપ્રિલ, મે અને જૂન ત્રણ મહિનાનું એકસાથે બેલેન્સ આપવામાં આવે છે અને એ ત્રણ મહિનાના કારણે આજની તારીખમાં ત્રણ ત્રણ મહિનાના બેલેન્સ જ્યારે સાથે જતા હોયને એના કારણે છેવાડાના ફેબ્રુઆરી, માર્ચ મહિનાની અંદર ખર્ચો નથી થતો આ ઇલૅક્શન ઈયર હોવાના કારણે પણ સંપૂર્ણપણે ખર્ચ ટાઈમસર થાય છે અને એના કારણે આપણે ગૌરવ સાથે કહીએ છીએ કે આખા વર્ષનો ખર્ચ અમે ૧૦૫ ટકા સુધી કર્યો છે એટલે નાણાં ખાતાએ આ પ્રમાણે ખૂબ સરસ જે વહિવટી સુધારણા કરી છે અને એને કારણે પણ લાભ થયો છે. બીજા ઘણા બધા વિષય છે પણ હજી વજુભાઈ સાહેબે કહેવાનું છે એટલે હું નાણાંમંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપું છું.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગ તેમજ શ્રમ અને રોજગાર વિભાગની માગણીઓની અંદર કુલ અગિયારેક સભ્યશ્રીઓએ ભાગ લીધો. શરૂઆતમાં માનનીય બાબુભાઈ શાહે એમના પોતાના વખતની વાત કરી. એ તો ગઈકાલના રેફરન્સમાં હતું, એટલે એમાં કહેતો નથી. પરંતુ એટલું ચોકકસ કહું કે જે કંઈ ટેકસ નાંખ્યો છે એ સમાજમાં સદ્ધર લોકો ભરી શકે એવા લોકો પાસેથી લઈને સમાજમાં જેને જરૂરિયાત છે એમને આપવા માટે જ આ ટેકસ નાંખ્યો છે અને આ રીતે આ ટેકસના પૈસા છે એ ગ્રામ્ય વિસ્તારના લોકોને ખેત ઉત્પાદનમાં વધારો કરવા માટે, એમના શિક્ષણ માટે, આરોગ્ય માટે, ગ્રામ્ય વિસ્તારના એક એક ખેતરને પાણી કેમ મળે, શહેરના લોકો પ્રાપ્ત કરે છે, એવી તમામ સુવિધા ગ્રામ્ય વિસ્તારના લોકોને મળી રહે એટલા માટે આ ટેકસના પૈસાનો ઉપયોગ થવાનો છે. ગઈકાલે પણ મેં કહ્યું હતું કે રાજય સરકારની મહેસૂલી આવક એ મહેસૂલી ખર્ચ કરતા વધારે છે. મહેસૂલી પૂરાંત આપણી પાસે છે અને મહેસૂલી પૂરાંતની અંદર આ ટેકસ ભરે એ હંમેશા વિકાસલક્ષી કામોમાં જ વપરાવાનો છે. આ દૃષ્ટિથી કોઈ પ્રશ્ન નથી. આ આવકનો ઉપયોગ પ્રજા હિતના કામો માટે જ થવાનો છે.

માનનીય બાબુભાઈએ બીજી વાત કરી કે વહીવટમાં ઘણી જગ્યાઓ ખાલી છે. ચોકકસ જરૂરિયાત મુજબ જયાં જયાં જરૂરિયાત હશે એ બધી જગ્યા પૂરી દઈશું. ચેકપોસ્ટના કર્મચારીઓની હાલતની વાત કરી છે, એની

ચિંતા કરી છે, પણ એમાં રોટેશન મુજબ હોય છે, પરમેનેન્ટ સ્ટાફ હોતો નથી. અન્ય રાજયોએ કેન્દ્ર પાસેથી વળતર લીધું અને આપણે નથી લીધું. આપણે લેવાની જરૂર પણ નથી. આપણે ત્યારે જ વળતર લઈએ કે આપણી સેલ્સટેકસની જે આવક હતી એના કરતાં આપણી વેટની આવક ઓછી હોય, તો આપણે વળતર લેવાનું થાય, પણ રાજય સરકારની સેલ્સટેકસની આવક કરતાં રાજય સરકારની વેટની આવક વધી હોય તો કેન્દ્ર સરકાર પાસે આપણે વળતર લેવાની જરૂર નથી. કેન્દ્ર સરકાર પૈસા આપે છે એટલે અહીં ટેકસ ઓછો બતાવીને કે ઓછો કરીને કેન્દ્ર સરકાર પાસેથી લઈ લઈએ, કેન્દ્રના પૈસા એ આપણા રાષ્ટ્રના પૈસા છે, રાષ્ટ્રના પૈસા માટે રાજયને એનો બેનિફિટ કરવો એ તો રાષ્ટ્ર ભાવનાને છેહ દેવા જેવી વાત છે.  આપણે કેવી રીતે એવો વિચાર કરી શકીએ? આજે સમસ્ત રાષ્ટ્ર એક છે. આપણે તો એમ કહીએ છીએ કે અમારા પૈસા ભલે કેન્દ્ર સરકાર અમારી પાસેથી ગુજરાતમાંથી ૮ ગણા પૈસા લઈ જાય છે અને એનો ૮મો ભાગ આપે છે, પણ અમારા ૭ ભાગના પૈસા તો રાષ્ટ્રના વિકાસમાં અને રાષ્ટ્રના બાંધુઓ માટે જ વપરાય છે, એ માટે અમને ગૌરવ છે. કેન્દ્રમાંથી પૈસા લેવાની વૃત્તિ રાજય સરકારે રાખી નથી અને રાખવાની પણ નથી. રાજય સરકાર, પોતાના કાંડાના બળ ઉપર આ રાજય ઉભું રહેવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે બ્રાન્ચ ટ્રાન્સફર અને એના માટેની વાત કરી. એ કેન્દ્ર સરકારનો કાયદો છે. બ્રાન્ચ ટ્રાન્સફર કરવા માટેની હોય તો બે વર્ષની અંદર સેન્ટ્રલ સેલ્સટેકસ નાબૂદ થવાનો છે. ૪ ના આ વર્ષે ૩ કર્યા છે. આવતા વર્ષે ૨ ટકા થશે અને પછી ૧ થશે અને પછી ૦ થશે અને એ રીતે એ ટેકસ નાબૂદ થશે. એટલે બ્રાન્ચ ટ્રાન્સફર કરવાની વાત આ રીતે છે. ટેકસ રી-ફોર્મ કરવાનો હોય ત્યારે ૧૭માંથી ૬ આઈટમનો કર્યો હતો. હવે તો ફકત ઝીરો, ૧ ટકો, ૪ ટકા અને ૧૨.૫ ટકા આ ચાર જ રેઈટ રહ્યા છે. અને એ આખા હિન્દુસ્તાનમાં એકસરખા છે, એટલે આપણે કંઈ કરવાની વાત નથી.

નાણા ખાતા સિવાય ખાસ કરીને માનનીય સભ્યશ્રીઓએ રોજગાર માટે પણ વાત કરી છે. માનનીય અર્જુનભાઈએ પણ કહ્યું કે ખેત વ્યવસાયમાં શ્રમિકો છે, એને લઘુત્તમ વેતન ૫૦ રૂપિયા આપવામાં આવે છે, એમાં વધારો કરવો જોઈએ.. તો એના માટે નેશનલ ફલોર લેવલ એ મુજબ ૫૦માંથી ૮૦ કરવા માટેની કાર્યવાહી ચાલે જ છે અને ટૂંક સમયમાં એ થઈ જશે.

બાકી જે દુકાનોની અંદર અને એની અંદર છે, એમાં સરેરાશ લઘુત્તમ વેતન ૫૭ રૂપિયા મૂળ પગાર છે, ડેઈલી અને ખાસ ભથ્થું ૪૬ મળે, એમ કુલ ૧૦૩ છે. એ એની અંદર મીનીમમ વેઈઝ છે. જેમ બધા લોકોને ચિંતા હોય છે કે ખરેખર ગુજરાત રાજયમાં બેકારી નાબૂદ થવી જોઈએ, બેકાર લોકોને વધુમાં વધુ ઉત્તેજન મળવું જોઈએ. બેકારી મટે એના માટે ૩ સેકટરમાં જી.ડી.પી. કહીએ છીએ. એ ૩ સેકટરમાં કામ.  એક તો ખેતીમાં ઉપજ વધે, બીજું કે ઉદ્યોગોમાં કામ મળે અને ત્રીજી વાત કે એને સર્વિસ સેકટરમાં વધારે કામ મળે. સર્વિસ સેકટરમાં વધારે કામ મળે એના માટેના પ્રયત્નો કરવા જોઈએ. ખેતી માટે મેં ગઈકાલે કહયું હતું એ પ્રમાણે ખેડૂતો પોતે પાક પકવી શકે એટલી એમની પાસે તાકાત છે, એમની પાસે જમીન છે, પરંતુ પાણી નથી એટલે એ લાચાર બની જાય છે, તો આપણે એ પાણી માટે વધારેમાં વધારે પૈસા એલોટ કર્યા છે જેના કારણે સારો પાક પકવી શકે અને એ સમૃધ્ધ બની શકે અને ખેડૂત સમૃધ્ધ બનશે એટલે ગામડું સમૃધ્ધ બનશે. તો આ રીતે રોજગારી મળી શકે એની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત ઈન્ડસ્ટ્રીલ ડેવલપમેન્ટ માટે છે. એના માટે ગુજરાત રાજય તરફથી જે જુદા જુદા આપણે સમીટ કરીએ છીએ એમાં આઈ.ટી. એટલે કે ઈન્ફર્મેશન ટેકનોલોજી માટેનો સેમિનાર ૨૦૦૬ માં કર્યો, ૨૦૦૭ માં ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ, ૨૦૦૭ માં અર્બન સમીટ કર્યો અને એના કારણે જે આપણા વાયબ્રન્ટ ગુજરાત અને ગુજરાત સમીટને કારણે ગુજરાત રાજયમાં ૬,૬૬,૦૦૦ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. થયાં અને એમાંથી ઈન્ડસ્ટ્રીઝ ચાલુ પણ થવા માંડી છે જેના કારણે શ્રમિકોને મેકસીમમ રોજગારી મળવાની છે. એની સાથે સાથે અટલું કહું કે ગુજરાત રાજયે વધારે ગૌરવ લેવા જેવી વાત છે કે છેલ્લા ૫ વર્ષમાં ગુજરાત રાજય કે જેમાં આપણી રોજગાર કચેરીઓ છે એ કચેરીઓમાં નોંધાયેલ સભ્યો છે એમાંથી રોજગારી આપવામાં સમસ્ત રાષ્ટ્રમાં ગુજરાત પહેલા નંબરે છે. છેલ્લા ૫ વર્ષમાં ૨૦૦૨ માં ૭૦,૭૦૦ લોકોને રોજગારી આપી છે, ૨૦૦૩ અને ૨૦૦૪ માં સરખા જેવી એટલે કે ૬૪,૯૦૦ એટલે કે લગભગ ૬૫,૦૦૦ જેટલા લોકોને રોજગારી આપી છે, ૨૦૦૫ માં ૯૨,૯૦૦ લોકોને રોજગારી આપી છે અને ૨૦૦૬ માં આખાય હિન્દુસ્તાનમાં  જે ૧,૭૬,૦૦૦ લોકોને રોજગારી મળી છે એમાંથી ગુજરાત રાજયે એકલાએ ૯૯,૦૦૦ લોકોને રોજગારી આપી છે. એટલે કે ૫૬ ટકા જેટલી રોજગારી આખા હિન્દુસ્તાનનો આંકડો છે એના ૫૬ ટકા જેટલી રોજગારી તો એકલા ગુજરાત રાજયે આપી છે અને એમાં બીજા સ્થાને મહારાષ્ટ્ર છે એમણે ૧૩-૧૪ હજાર જેટલા લોકોને રોજગારી આપી છે. તો એ ૧૪ હજારને બદલે ૯૮ હજાર એટલે કે લગભગ ૭ ગણી રોજગારી ગુજરાત રાજયે એકલાએ આપી છે  અને એમાં પણ દિવસે દિવસે રોજગારીનું પ્રમાણ વધે એટલા માટે ચાલુ વર્ષે પણ ૨૦૦૭ માં આપણે રાજયની રોજગાર કચેરીઓ મારફતે જે આપણે રોજગારી આપવા માટેની જોગવાઈ કરી છે એમાં ૧,૭૧,૭૬૧ લોકોને રોજગારી આપી છે ૨૦૦૭ માં જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીમાં અને આ ૫ વર્ષ નહીં, પરંતુ છઠ્ઠા વર્ષમાં પણ ગુજરાત રાજય લોકોને રોજગારી આપવામાં પહેલા નંબરે આવ્યું છે એ નિર્વિવાદ વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે ખાનગી ક્ષેત્રમાં આપણે કહીએ કે ખાનગી ક્ષેત્રમાં લોકોને બોલાવીને લોકોને રોજગારી મળે એ માટે જુદા જુદા ૪૨૪ ઔદ્યોગિક મેળાઓ મારફતે ૯૬૫૪૧ લોકોને રોજગારી આપી છે, યુવાનોને લશ્કરમાં ૩૮ ભરતી મેળા દ્વારા ૨૮૧ યુવાનોને રોજગારી આપી છે. સ્વરોજગાર માટે જે શિક્ષિત યુવાનો છે તેમને શિબિરો યોજીને માર્ગદર્શન આપીને લગભગ ૫૦,૯૦૬ યુવાનો આવ્યા હતા તેમને શિક્ષણ આપાવની વાત છે અને કેરીયર કોમ્પીટીશન દ્વારા વધુ યુવાનોને વ્યવસાયલક્ષી માર્ગદર્શન આપવા માટેની પણ કામગીરી એ રીતે ચાલે છે અને ખાસ કરીને મહિલાઓને નોકરીમાં ૩૦ ટકા અનામતની જોગવાઈ પણ રાજય સરકારે કરી છે અને એની વયમર્યાદામાં પણ ૫ વર્ષની છૂટછાટ આપી છે. અનુસુચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને એ નોકરી માટે પસંદ પામે એટલા માટે તેમને એડવાન્સમાં એટલે કે એની પહેલાં જ રાજય સરકાર તરફથી તાલીમ આપવામાં આવે છે અને એના માટેના પણ વર્ગો ચાલે છે. જે મોટા ઉદ્યોગોની અંદર જે કમ્પલસરી આપણે કહીએ કે ૬૦ ટકા તમારે સુપરવાઈઝરી સ્ટાફ અને ૮૫ ટકા કામદાર કક્ષાનો સ્ટાફ એ ગુજરાતમાંથી જ રાખવો જોઈએ, આના માટે પણ પૂરેપૂરું સુપરવીઝન કરવામાં આવે છે. અને તેના પરિણામે ડિસેમ્બર ૨૦૦૭માં સ્થાનિક રોજગારી અંગેનું જે નિરિક્ષણ કર્યુ તેમાં ૯૭ ટકા ખાનગી ક્ષેત્રની અંદર, ૯૮ ટકા રાજયના જાહેર સાહસોમાં અને કેન્દ્રના ૨૪ ટકા એકમોમાં, આ ટકાવારી જે છે ૬૦ ટકા અને ૮૫ ટકા, એ જાળવે છે. અને જયાં આ ટકાવારી નથી જાળવતા ત્યાં આપણે ઈન્ડસ્ટ્રીઝ ડિપાર્ટમેન્ટ કે સરકાર મારફત એ લોકોને જે લાભો આપતા હોઈએ તે લાભો નહીં મળે તેવી જાતની તેમને નોટિસ આપી અને આ ૬૦ ટકા અને ૮૫ ટકાનું ધોરણ જળવાઈ રહે તેના માટે રાજય સરકાર ચિંતિત છે. આજે સર્વિસ સેકટરની અંદર આઈ.ટી.આઈ., ઈન્ડસ્ટ્રિયલ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટયૂટ છે તે ૧૪૫ તાલુકાની અંદર રાજય સરકાર દ્વારા આઈ.ટી.આઈ. કેન્દ્ર ચાલે છે. પછી બીજી વાત કરીએ તો સરકાર પોતે ન ચલાવે પણ જેમ શાળાઓ ગ્રાન્ટ ઈન એઈડમાં ચાલે છે એમ ગ્રાન્ટ ઈન એઈડમાં પણ ૧૦૭ આવા આઈ.ટી.સી. કેન્દ્રો ચાલે છે. અને પછી સ્વ નિર્ભર કોલેજો અને સ્વ નિર્ભર હાઈસ્કૂલો છે તે પ્રમાણે સ્વ નિર્ભરમાં પણ ૧૮૯ સ્વ નિર્ભર આઈ.ટી.સી. કેન્દ્રો ચાલે છે. તેના મારફત જુદા જુદા પ્રકારના ૧૧૮ વ્યવસાયો ત્યાં તેમને શીખવાડવમાં આવે છે. અને એમાં ૮૭૯૮૧ વિદ્યાર્થીઓને તાલીમ આપી શકીએ છીએ, એટલે જુદા જુદા કોર્સીસમાં અંદાજે ૮૮ હજાર લોકોને આપણે તાલીમ આપવા માટે સમાવેશ કરી શકીએ છીએ અને તેટલા વિદ્યાર્થીઓ છે. આગામી વર્ષમાં મેં ડિકલેર કરેલું છે કે અમે ૨૦નવી આઈ.ટી.આઈ. શરૂ કરીશું. અને એમાં એક સેટેલાઈટ આઈ.ટી.આઈ. પણ કરવામાં આવશે. એમાં બે કોમન એરિયામાં એટલે વિકાસશીલ તાલુકામાં થશે, અને ૬ આઈ.ટી.આઈ. આવતા વર્ષે આદિવાસી તાલુકાઓની અંદર થશે, સાત દરિયા કાંઠાના વિસ્તારમાં થશે. અને ૪ આઈ.ટી.આઈ. મહિલાઓ માટે શરૂ કરવામાં આવશે. આ રીતે ૨૨૫ તાલુકામાંથી ૧૭૮ તાલુકામાં આઈ.ટી.આઈ. આજે છે. બાકી ૪૭ તાલુકાઓ છે તેની અંદર સ્વ નિર્ભર આઈ.ટી.સી. શરૂ કરવા માટે થઈને જાહેરાત આપી દીધી હતી તેની અરજીઓ પણ આવેલી છે. પરંતુ આગામી વર્ષમાં ગુજરાત રાજયમાં એક પણ તાલુકો આઈ.ટી.આઈ. કે આઈ.ટી.સી. વગરનો બાકી ન રહે તેના માટે રાજય સરકારના પુરેપુરા પ્રયત્નો રહેશે. જે તાલીમાર્થીઓ છે તેમને વીમા નું કવચ પુરું પાડવા માટે એક લાખનો વીમો તાલીમાર્થી માટે રાખ્યો છે. અને માનનીય સભ્યશ્રીએ જેમ કહ્યું કે આખા હિન્દુસ્તાનમાં આપણે એર હોસ્ટેસ અને કેબીન ક્રુ, જે એર સર્વિસની અંદર હોય છે, તેના માટે એર હોસ્ટેસ અને કેબીન ક્રુ ની તાલીમ માટે ગુજરાત પ્રથમ એવું રાજય છે કે જેમાં સરકાર મારફત આની તાલીમ આપવામાં આવે છે. બીજે ટ્રેઈનિગ મળે છે પણ તે પ્રાઈવેટમાં મળે છે. પણ સરકાર મારફત આઈ.ટી.આઈ. કે આઈ.ટી.સી. માં ટ્રેઈનિંગ મળતી હોય તેવું ગુજરાત રાજય પહેલું છે. અને દરિયા કાંઠાની અંદર મરીન એન્જિનિયરીંગ અને ટેકનીશીયનના વ્યવસાય માટે પણ બે આઈ.ટી.આઈ. ગુજરાત રાજયે શરુ કરી છે. આ ઉપરાંત મોટર ડ્રાઈવીંગ સ્કુલ માટેની પણ ૧૫ જગ્યાએ સવલત ઉભી કરી છે. ગુજરાતના એકે એક યુવાનને નોકરી કેમ મળે, તેના માટે સ્વરોજગારી ક્ષેત્ર માટે આઈ.ટી.આઈ.ટ્રેઈનિંગ વધુમાં વધુ મળે તે માટે હું તમામ માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે તમારા આઈ.ટી.આઈ. કે આઈ.ટી.સી. કેન્દ્રો ચાલે છે ત્યાં તમે તમામ લોકો તેની વીઝીટ કરો અને એમાં જે ખામી રહી ગઈ હોય કે કોઈ જરુરીયાત હોય તો તે તમે રાજય સરકારને કહો, તેને પૂરે પૂરી મદદ કરવા માટે રાજય સરકાર ભૂતકાળમાં પણ તૈયાર હતી અને ભવિષ્યમાં પણ રહેશે. એક પણ ગુજરાતનો યુવાન કામ વગરનો બાકી ન રહે તે અમારો નિશ્ચય છે અને આ નિશ્ચય અમે આ પાંચ વર્ષનું આ પહેલું વર્ષ છે પણ પાંચ વર્ષની અંદર આનાથી ગુજરાતને મુકત કરવા માટે અમે કટીબદ્ધ છીએ. ૨૦૦૩ની અંદર ૯.૯૯ લાખ બેરોજગારો નોંધાયા હતા. જ્યારે ૨૦૦૭માં ૭.૯૯ લાખ બેરોજગારો હતા એટલે કે બે લાખ બેરોજગારો ઓછા થતા જાય છે. દિવસે દિવસે રાજયમાંથી બેરોજગારી નાબૂદ થાય એના માટેનો સરકારનો પ્રયત્ન રહેશે. પાંચ વર્ષના શાસનની અંદર અમે અહીંયા બેઠેલા લોકોને ખાતરી આપીએ છીએ કે સૌ સાથે મળીને ગુજરાતમાં કોઈ વિરોધ પક્ષ નહિ કે કોઈ શાસક પક્ષ નહિ પરંતુ સૌ સાથે મળીને એક થઈને ગુજરાતનો એક પણ યુવાન રોજગારી વગરનો બાકી ન રહે એના માટેના કામે લાગી જઈશું તેવી વિનંતી કરું છું. (અંતરાય) અર્જુનભાઈએ કહ્યું હતું કે ખેત મજૂરોનું વેતન ૫૦ રૂપિયા છે એ વધારી દો તો તમારી દરખાસ્ત મંજૂર કરી દઈશું. આ નેશનલ લેવલની વાત છે એમાં વધારી શકીએ ૮૦ કરવા માટેની વાત ચાલે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ૧૦૦ રૂપિયા કરી દો, કેન્દ્ર સરકારની યોજના એન.આર.ઈ.જી. આવે જ છે, એમાં સો એ સો ટકા પૈસા આપણને મળવાના છે. અને તો જ સો ટકા યોજનાનો અમલ થાય.

**શ્રી વજુભાઈ વાળા** : એ આવ્યા પછી .

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીનું પ્રવચન તથા મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : સૌ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)

**શ્રી વજુભાઈ વાળા** : એનો હું અભ્યાસ કરી લઈશ. મેકસીમમ આપવામાં કોઈ વાંધો નથી. એટલા માટે થઈને સભ્યશ્રીઓને કહું છું કે આપે મૂકેલી કાપદરખાસ્તો પાછા ખેંચી લે અને મારી મૂળ દરખાસ્ત છે એ મંજૂર કરવામાં આવે. કાપ દરખાસ્તો મૂકવામાં આવી છે એ સૂચન પ્રકારની છે એમાં કોઈ સૈદ્ધાંતિક વાંધો નથી. એટલે કાપ દરખાસ્તો પાછી ખેંચીને મારી મૂળ દરખાસ્ત સર્વાનુમતે મંજૂર કરે તેવી સર્વે સભ્યશ્રીઓને વિનંતી કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૭, ૯, ૧૦, ૧૨ થી ૧૪, ૧૭,૧૮,૨૧, ૨૩ થી ૩૧, ૩૩, ૩૪, ૩૬,૩૭ અને ૩૮ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૧૫,૧૬,૧૭,૧૮ અને ૫૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**
**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૧૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૧૨મી માર્ચ, ૨૦૦૮ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર તા.૧૨મી માર્ચ ૨૦૦૮**
**ફાલ્ગુન ૨૨, ૧૯૨૯ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮.૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષ સ્થાને**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

**ગૃહ વિભાગ**

**માગણી ક્રમાંક:૪૨**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૨૪,૦૫,૯૫,૦૦૦/- ની માગણી ક્રમાંક :૪૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૪૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક:૪૩**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૧૧,૦૧,૮૮,૦૩,૦૦૦/- ની માગણી ક્રમાંક :૪૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૪૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક:૪૪**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જેલ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૩૨,૫૯,૭૬,૦૦૦/- ની માગણી ક્રમાંક :૪૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૪૪ રજૂ કરવામાં આવી.**

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**માગણી ક્રમાંક : ૬૫**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (નર્મદામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા વિકાસ યોજનાની સેવાને લગતી નર્મદા અને જળસંપત્તિ, પાણી પુરવઠા, કલ્પસર વિભાગની મૂડી ખર્ચ માટેની રૂા.૨૧,૩૬,૩૮,૦૦,૦૦૦/ ની માગણી ક્રમાંક: ૬૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૬૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૮ રજૂ કરવામાં આવી.**

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

**માગણી નંબર: ૭૪**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવહનને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૨,૪૩,૩૪,૯૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા. ૧,૩૨,૫૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૭૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૭૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ(કપડવંજ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૦ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક: ૪૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક: ૪૩ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી બુધવાર, તા.૧૨/૩/૨૦૦૮ (પહેલી બેઠક) (બીજો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | ગૃહ વિભાગ<br>માગણી નં. ૪૨ | |
| *૧. | ૨૦૫૨-સચિવાલય.....સેવા<br>૦૯૦-સચિવાલય<br>૦૧- ગૃહ વિભાગ<br>રૂા.૫,૭૯,૦૦,૦૦૦<br>પાનં.૧૬-૧૭ | ૧૦૦ | ધારાસભ્યો ધ્વારા કરવામાં આવેલી રજૂઆતો સામે તાકીદે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨. | -"- | ૧૦૦ | પી.આઈ/પી.એસ.આઈ.ની જગ્યાઓ ખાલી હોવાને કારણે કાયદો વ્યવસ્થા ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| *૩. | -"- | ૧૦૦ | કાયદો વ્યવસ્થા સંબંધે અધિકારીઓની જવાબદારી નકકી કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૪. | -"- | ૧૦૦ | પોલીસ તંત્ર ઉત્સાહિત બની ફરજ બજાવે તેવી કાર્યવાહી કરવામાં નિષ્ફળતા | |
| | | | માગણી નં. ૪૩ | |
| ૫. | ૨૦૫૫-પોલીસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-પોલીસ ...મહાનિરીક્ષક<br>રૂા.૬,૫૬,૯૦,૦૦૦<br>પાના નં. ૨૪ થી ૨૬ | ૧૦૦ | પોલીસ તંત્રની નિષ્ઠા સંબંધમાં આમજનતામાં વધી રહેલા અસંતોષની લાગણી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| *૬. | -"- | ૧૦૦ | સગીરબાળાઓ સાથે દુષ્કૃત્ય કરતા ઝડપાયેલા પોલીસના કિસ્સામાં તટસ્થતાથી તાકીદે પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૭. | -"- | ૧૦૦ | "પોલીસ આપની સેવામાં છે" તેવા પ્રજાના રક્ષણ અર્થે પોલીસ મથકો પર લગાવાયેલ બેનરોને ચરિતાર્થ કરવામાં પોલીસ તંત્રની નિષ્ફળતા | |
| *૮. | -"- | ૧૦૦ | પ્રમાણિક પોલીસ અધિકારીઓને થતી હેરાનગતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૯. | --"-- | ૧૦૦ | હત્યાના બનાવોમાં પોલીસની સંડોવણી અટકાવવામાં પોલીસ તંત્રની નિષ્ફળતા | |
| ૧૦. | ૨૦૫૫-પોલીસ<br>૦૦૩-શિક્ષણ અને તાલીમ<br>૦૧-એમ.ઈ.પી.-૧૩..પોલીસ..શાળાઓ<br>રૂા. ૭,૨૭,૬૦,૦૦૦<br>પા.નં. ૨૭-૨૯ | ૧૦૦ | પોલીસ ખરેખર પ્રજાના હિતાર્થે કામો કરે તેવી તાલીમ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર (પરેશભાઈ વસાવા અને બ્રીજરાજસિંહ જાડેજા ) |
| *૧૧. | ૨૦૫૫-પોલીસ<br>૧૦૧-ગુના...તકેદારી<br>૦૧-છુંપી....ખાતું<br>રૂા. ૧૯,૯૫,૮૦,૦૦૦<br>પા.નં. ૩૦,૩૧ | ૧૦૦ | અશ્લીલ સીડી બનાવનાર ગુનેગારો સામે સખત પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૧૨. | -"- | ૧૦૦ | છુપી પોલીસ ધ્વારા બાતમીના આપી ગુનેગારોને ભાગી જવામાં મદદરૂપ થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૩. | ૨૦૫૫-પોલીસ<br>૧૦૧-ગુના...તકેદારી<br>૦૪-ગુના...ગાંધીનગર<br>રૂા. ૭૩,૬૦,૦૦૦<br>પા.નં. ૩૬, ૩૭ | ૧૦૦ | રાજયમાં બનતા ગુનાઓની વાસ્તવિક માહિતી આમ જનતા માટે જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૪. | ૨૦૫૫ પોલીસ | ૧૦૦ | અસામાજિક તત્વોના અડ્ડાઓના કારણે આમ જનતા માટે કપરી | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૯ જિલ્લા પોલીસ<br>૦૧-એમ.ઈ.પી-૬-જિલ્લા પોલીસખુદ<br>રૂા. ૫,૬૫,૪૩,૭૬,૦૦૦<br>પાન નં. ૪૦-૪૨ | | બનતી પરિસ્થિતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૫. | --"-- | ૧૦૦ | જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થા હાથમાં લેતા અસામાજિક તત્વો સામે સખત પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી દીતાભાઈ મછાર (જોધાજી ઠાકોર) |
| *૧૬. | --"-- | ૧૦૦ | માસુમ બાળાઓનું શોષણ - અપહરણ કરી નિર્મમ રીતે થતી હત્યાના બનાવો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૭. | --"-- | ૧૦૦ | ગુના સંબંધમાં પોલીસ હદ નકકી કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઈ ગામીત (પ્રભુભાઈ વસાવા) |
| *૧૮. | --"-- | ૧૦૦ | ચોરી,લૂંટ,ધાડના બનતા ગંભીર બનાવો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૧૯. | --"-- | ૧૦૦ | જનતાના મકાનો તેમજ મંદિરોને સલામતી પુરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૦. | --"-- | ૧૦૦ | પોલીસ/કોર્ટમાં ફરિયાદ કરનાર અને બળાત્કારનો ભોગ બનેલી મહિલાઓને ધમકી આપતા અસામાજિક તત્વો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૧. | --"-- | ૧૦૦ | પોલીસની રહેમનજર ધરાવતા દારૂના અડ્ડાવાળાઓ સામે સખત પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૨૨. | --"-- | ૧૦૦ | અસામાજિક તત્વો અને પોલીસ ધ્વારા હેરાન થતી મહિલાઓને રક્ષણ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| ૨૩. | --"-- | ૧૦૦ | માર્ગ પરના સામાન્ય અકસ્માતના કેસમાં પંચનામું કરવામાં થતો અસહય વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| *૨૪. | ૨૦૫૫ પોલીસ<br>૧૦૯ જિલ્લા પોલીસ<br>૦૧-એમ.ઈ.પી-૬-જિલ્લા પોલીસખુદ<br>રૂા. ૫,૬૫,૪૩,૭૬,૦૦૦<br>પાન નં. ૪૦-૪૨ | ૧૦૦ | હેલમેટ / સીટ બેલ્ટ અંગે પોલીસ ધ્વારા આમજનતાને થતી ભારે પરેશાની દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૫. | -"- | ૧૦૦ | પોલીસના વાહનોમાં સીટ બેલ્ટની વ્યવસ્થા કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૬. | --"-- | ૧૦૦ | ગ્રામીણ કક્ષાએ નિયમિત પેટ્રોલીંગ વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૨૭. | --"-- | ૧૦૦ | ક્રિકેટની રમત ઉપર રમાતો સટ્ટો પકડવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૨૮. | --"-- | ૧૦૦ | ઠેર ઠેર ચાલતા દારૂ જુગારના અડ્ડાઓ બંધ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | | **માગણી નં. ૪૪** | |
| *૨૯. | ૨૦૫૬-જેલ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-એમઈપી-૨૨-જેલ<br>મહા નિરિક્ષક<br>રૂા. ૨,૬૬,૫૫,૦૦૦<br>પા.નં. ૭૩ | ૧૦૦ | કેદીઓ પાસેથી નાણા લઈને સવલતો પુરી પાડતા જેલના અધિકારી/કર્મચારીઓ સામે યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૩૦. | --"-- | ૧૦૦ | સાબરમતી જેલ સહીત અન્ય જેલોમાં કેટલાક કેદીઓને અપાતી સુખ સગવડો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૩૧. | --"-- | ૧૦૦ | જેલમાં કેદીઓ વચ્ચે થતી મારામારી -ખૂનના બનાવો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૩૨. | --"-- | ૧૦૦ | સાબરમતી સેન્ટ્રલ જેલમાં "પૈસા આપો સુવિધા માંગો" નું સુત્ર કેદીઓમાં પ્રચલિત થતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | | **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>**માગણી નં. ૬૫** | |
| *૩૩. | ૪૭૦૦ - મોટી ...જોગવાઈ<br>૩૨-નર્મદા પરિયોજના -૨<br>૧૯૦ - જાહેર ....રોકાણ<br>રૂા.૪,૯૨,૧૩,૦૦,૦૦૦<br>પાના નં.૧૮૫ | ૧૦૦ | નર્મદા યોજનાની મુખ્ય કેનાલોના બાકી રહેતા કામો ઝડપથી પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૪. | -"- | ૧૦૦ | નર્મદા કેનાલોમાં જામી ગયેલ વ્યાપક કચરો-કાંપની સફાઈ કામગીરી નિયમીત કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| *૩૫. | ૪૭૦૦-મોટી.... જોગવાઈ<br>૩૩-નર્મદા એકમ-૪<br>રૂા.૧૩,૯૦,૩૬,૩૦,૦૦૦<br>પા.નં. ૧૮૬ | ૧૦૦ | નાની કેનાલોના કામો સત્વરે પૂર્ણ કરી ખેતરો સુધી પાણી પહોંચે તેવી વ્યવસ્થા કરાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૩૬. | --"-- | ૧૦૦ | જિલ્લાવાર નાની કેનાલોના કામોના લક્ષ્યાંકો બનાવી તે સત્વરે પૂર્ણ થાય તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૩૭. | -"- | ૧૦૦ | નર્મદા નિગમમાં કર્મચારીઓની અનિયમીત હાજરી નિવારવા અને વધુ પડતા ડેપ્યુટેશન પર આવેલા સ્ટાફને પરત મોકલવામાં તંત્રની | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ઉદાસીનતા | |
| ૩૮. | ૪૮૦૧-વિજળી...જોગવાઈ નર્મદા યોજના એકમ-૩(વિજળી) ૧૯૦-જાહેર.....રોકાણ રૂા. ૪૦, ૪૮,૦૦,૦૦૦ પા.નં. ૩૪૫ | ૧૦૦ | નર્મદા જળવિદ્યુત યોજનાની કામગીરી પેટે લાભાર્થી રાજયો પાસેથી બાકી રહેતી રકમ વસુલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ હળપતી |
| | | **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ** **માગણી નં. ૭૪** | | |
| *૩૯. | ૨૦૪૧-વાહનો પર કર ૧૦૨-મોટર....નિરીક્ષણ રૂા.૪૨,૦૦,૪૦,૦૦૦ પા.નં. ૬ થી ૮ | ૧૦૦ | ચેકપોસ્ટો ઉપરથી મોટા પ્રમાણમાં વાહનો ધ્વારા ગેરકાનૂની રીતે માલસામાન લઈ જવાથી સરકારને થતું નુકશાન અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪૦. | --"-- | ૧૦૦ | સ્માર્ટ કાર્ડ બનાવવાની કામગીરી ખાનગી એજન્સીઓને બદલે સરકારી રાહે આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મણીભાઈ પટેલ |
| *૪૧. | --"-- | ૧૦૦ | સ્માર્ટ કાર્ડ આપવામાં ચાલતી અનિયમિતતા દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૪૨. | --"-- | ૧૦૦ | ચેકપોસ્ટો ઉપર ગેરરિતી આચનાર અધિકારી / કર્મચારી સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૩. | ૩૦૫૫-માર્ગ પરીવહન ૧૯૦- જાહેર...સહાય રૂા. ૨,૦૦,૦૦,૦૦,૦૦૦ પા.નં. ૧૧ | ૧૦૦ | ખાનગી બસો કરતાં સારી સુવિદ્યાવાળી બસો ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૪૪. | --"-- | ૧૦૦ | ખાનગી વાહન ચાલકોને લાભ થાય તે પ્રમાણે એસ.ટી. બસોના ટાઈમ ટેબલો ગોઠવાતા પડતી ગંભીર અસર નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૪૫. | --"-- | ૧૦૦ | એસ.ટી. બસોમાં મૂકવામાં આવતા ફેસ્ટએઈડ મેડીકલ બોક્ષમાં સમયસર જરૂરી દવાઓ મૂકવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૪૬. | ૩૦૫૫-માર્ગ પરીવહન ૧૯૦- જાહેર...સહાય રૂા. ૨,૦૦,૦૦,૦૦,૦૦૦ પા.નં. ૧૧ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારની કન્યાઓ માટે એસ.ટી. બસમાં મફત મુસાફરીની જાહેરાત કરાયા પછી મોટાભાગના રૂટો બંધ કરાતાં પડતી અગવડતાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૪૭. | --"-- | ૧૦૦ | ગ્રામ્ય રૂટો બંધ કરતાં આમજનતાને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૪૮. | ૩૦૫૫-માર્ગ પરિવહન ૧૯૦-જાહેર ક્ષેત્ર....સહાય રૂા. ૨,૦૦,૦૦,૦૦,૦૦૦ પા.નં. ૧૧ | ૧૦૦ | અમદાવાદ-ગાંધીનગર વચ્ચે સાંજના સમયે બસ રુટોનું શીડયુલ યોગ્ય રીતે ગોઠવી આમ જનતાને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર) :** માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ અને બંદરો અને વાહન વ્યવહાર વિભાગના માનનીય મંત્રીશ્રીઓ માગણીઓ લઈને આવ્યા છે ત્યારે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ છે એ માણસના જીવન સાથે જોડાયેલો છે, રાજયની સલામતી અને શાંતિ સાથે જોડાયેલો છે, એના કરતાં વિશેષ આપણા સૌના અસ્તિત્વ સાથે જોડાયેલો છે અને જ્યારે જ્યારે આ ગૃહમાં આ બાબત આવી છે ગૃહને લગતી ત્યારે કોઈપણ સરકાર હોય, એ ભાજપાની સરકાર હોય કે કોંગ્રેસની સરકાર હોય, જેણે જે સારાં કામો કર્યા હોય, સારી વ્યવસ્થા આપી હોય એમને હંમેશાં મેં બિરદાવવાનો પ્રયાસ કર્યો છે. આપણા સૌના માટે આ ગૃહ વિભાગ છે એ રાજનીતિથી પર રહેવો જોઈએ અને એમાં જે કામ કરનારા અધિકારીઓ છે એ પણ રાજનીતિની અસર અને વિચારધારાથી એમને મૂકત રાખવાની કોશિશ થવી જોઈએ અને એટલા માટે આ જ્યારે ગૃહ વિભાગ આવે છે ત્યારે આખા ગુજરાતની સાડા પાંચ કરોડની જનતા એવી અપેક્ષા રાખે છે કે આ રાજય સરકાર છે એ કાયદો અને વ્યવસ્થાનું કામ સખત હાથે લે, મારા તમારા ભાવમાંથી બહાર નીકળી જાય, ભૂતકાળમાં જ્યારે રાજાશાહી શાસન હતું એ વખતે રાજાઓ છે, એ જમાનો એવો હતો કે એ વખતે કદાચ સાચી માહિતી રાજાને ન મળે અને એટલા માટે રાજા વેશપલટો કરીને લોકો વચ્ચે જતો હતો અને એ રીતે પ્રજાના સુખદુ:ખનો અભ્યાસ કરીને બીજા દિવસે સૂચનાઓ અપાતી હતી, પણ આજે તો પરિવર્તનો આવ્યાં છે અને માહિતીઓ મેળવવા માટે રાજય સરકાર સૌથી મોટું આઈબી તંત્ર નિભાવે છે પણ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આ આઈબીની માહિતીનો ઉપયોગ રાજકીય વિશ્લેષણો માટે થાય છે, જે ગુનેગારો છે એ ગુનેગારો કયાં છે એ ગુનેગારોને કેમ રોકી શકાય, ગુનાઓ થતા કેમ અટકે એને બદલે કરોડો રૂપિયા એમના માટે થાય છે, કોઈના ફોન ટેપિંગ થાય છે, કોઈના ઘરનું સરવેક્ષણ માટે થાય છે, પક્ષની આંતરિક બાબતોની માહિતી મેળવી અને કેવી રીતે એનો પોલિટીકલી મેનેજ કરવા માટે માટે થાય છે, મેં માત્ર ખાલી ફરિયાદ કરી છે એવું નથી પણ

ભાજપાના જ એક માનનીય મુખ્ય મંત્રીશ્રી સુરેશભાઈ મહેતાએ ફરિયાદ કરી છે અને એટલા માટે કહું છું કે આટલો ખર્ચો કર્યા પછી પણ રાજયની સ્થિતિનું સાચું દર્શન થતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એકાદ વર્ષ પહેલાં, ચૂંટણી પહેલાં એકાદ વર્ષ મહિલા સંમેલનો બહુ થયાં અને સરકારી ખર્ચે થયાં. મહિલા વિકાસ નિગમનો સૌથી વધારે ખર્ચ આ સંમેલનો પાછળ થયા. આપણી અપેક્ષાઓ એ હતી કે માનનીય મુખ્યમંત્રીશ્રી આ મહિલા સંમેલન સંબોધે અને એને સલામતીની ભાવનાનો સંદેશ આપે. આપ્યો પણ ખરો. એમણે એમ કહ્યું કે, ગુજરાતની બહેનોને, ગામડામાં છેવાડામાં રહેતી બહેનોને કોઈને એકને પણ તકલીફ પડે તો મને ફરિયાદ કરજો તમારો ભાઈ ગાંધીનગરમાં બેઠો છે. મને પોસ્ટ કાર્ડ લખજો હું એનું નિરાકરણ કરવા માટે રાતો રાત વ્યવસ્થા કરી દઈશ. બહેનો ખુશ થાય કારણ કે, રાજયના દરેક મુખ્યમંત્રીને દરેક બહેન પોતાના ભાઈ માનતી હોય છે. પણ જ્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ ભાષણ ચાલતું હતું ત્યારે પાટણની બહેનોએ એમની પ્રિન્સિપાલને ફરિયાદ કરી, પ્રિન્સિપાલે ગાંધીનગરમાં ફરિયાદ કરી કે આ નરાધમ શિક્ષકો છે ત્યાંના એ માર્ક આપવાની બદલામાં શરીર સોંપવાની વાત કરે છે. જો ત્યારે જ પગલાં લેવાયાં હોત તો પાટણના શરમજનક બનાવને નિવારી શકાયો હોત. ૮ મહિના પહેલા ત્યાંની દીકરીઓએ ફરિયાદ કરી હતી, એની પહેલા પણ વારંવાર ફરિયાદો થઈ પણ મને એમ લાગે છે કે આ ભાઈનું અર્થઘટન કંઈક જુદું થતું હશે. પોરબંદર અને મુંબઈની અંદર ભાઈઓ ઘણા રહે છે અને એ ભાઈઓના માણસો એમ કહે કે હમ ભાઈ કા આદમી હે. એ ભાઈ કા આદમીની સામે ન જોઈ શકાય. પાટણની અંદર જે લોકો આ ઘટનામાં સંડોવાયેલા છે એ કયા ભાઈના આદમી હતા, કયા બહેનના આદમી હતા અને એટલા માટે એમને કશું થયું નહીં. એને કારણે, આ ઘટનાને કારણે ગુજરાતને આખા દેશમાં બદનામ થવું પડ્યું, જવાબ આપવો પડ્યો. જ્યારે આવો બનાવ બહાર લઈ આવીએ ત્યારે એમ કહેવાય કે ગુજરાતને બદનામ કરાય છે, અને જ્યારે જ્યારે આવી વાત કરીએ ત્યારે આંકડાઓ અપાય પેલા રાજય કરતા આપણા રાજયમાં બળાત્કારના બનાવો ઓછા બને છે. આંકડાઓ અપાય બીજી જગ્યા કરતા આપણે ત્યાં ઓછા બનાવો બને છે તો આપણે શું એ રાજયો કરતા આપણો આંકડો આગળ વધારવા માગીએ છીએ? આંકડા તો એના કરતા વધારે છે. પાટણની ઘટના માત્ર સમુદ્રમાંના આઇસ બર્ગ જેવી છે. ફરિયાદો લેવાતી નથી અને ફરિયાદો નથી લેવાતી એને કારણે આવી ઘટનાઓ બધી જગ્યાએ બને છે. માંડલની અંદર ડો. પુરૂષોતમ સોનીના પત્ની શ્રીમતી શીલાબેન સોનીનું ખૂન થયું, એમના પતિની ધરપકડ થઈ •(xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) કયા ભાઈના અને કયા બહેનના માણસો છે એને જેલના સળિયાની પાછળ જવું પડે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને કહેવું છે, (અંતરાય)

**પૉઈન્ટ ઑફ ઑર્ડર**

**કોર્ટને વિચારાધીન બાબત અંગે ઉચ્ચરણો કરવા બાબત**

**શ્રી આર.સી. ફળદુ :** માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. કોઈ બાબત કોર્ટને વિચારાધીન હોય એવી બાબતો આજે ગૃહની અંદર ઉઠાવવામાં આવે છે ત્યારે મને એવું લાગે છે એ બાબત ઉઠાવી શકાય નહીં. તો આ બાબતમાં આપનું માર્ગદર્શન માગું છું.

**અધ્યક્ષશ્રી :** માનનીય અર્જુનભાઈ, આપ જાણો છો કે આ કેસ સુપ્રીમ કોર્ટમાં અને નીચલી કોર્ટમાં પેન્ડીંગ છે. માનનીય અર્જુનભાઈ, તમે જેટલી વિગતો રજૂ કરી એ લક્ષ્મણ રેખાની મર્યાદાની અંદર હતી. કોર્ટમાં કેસ પડેલો હોય ત્યારે એના ઉપરના અવલોકનો કરવા એ યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટમાં ગઈ એટલું કહો તો બરાબર છે. એના ઉપરના અવલોકનમાં ન પડો. (અંતરાય) આખી તમારી સ્ક્રીપ્ટ જોઈ જજો અને પછી તમે તપાસશો તો તમને ખ્યાલ આવશે કે તમે ચોક્કસ સબ જયુડિસ મેટરની અંદર એન્ટર થયા છો અને હવે હું એમ કહું છું કે તમે આગળ ચાલો એ પ્રશ્નને અહીં છોડી દો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને એમ કહેવા જતો હતો કે ભાષણ કરવું એ જુદી વાત છે અને પ્રજાને સુરક્ષાનો ભાવ આપવો એ પણ જુદી વાત છે. મુંબઇની અંદર મુખ્યમંત્રી ગયા. ૭૫ કલાક સુધી પોતાના ભાષણનું રિહર્સલ કર્યુ અને ત્યાં જઈને કહ્યું કે ગુજરાતની અંદર ત્રાસવાદીઓને મૈં ચૂન ચૂન કે મારુંગા. આવું ભાષણ થાય એટલે સ્વાભાવિક તાળીઓ પડે. આપણને એમ થાય કે ખરેખર એવું હશે. ગુજરાતમાં ગુનેગારોને નહિ ચૂન ચૂન કે મારુંગા એ હવે આપણને ખબર પડે છે કે, આંતરસૂબાની અંદર જે આદિવાસી લોકો જમીનના ટુકડા માટેની માગણી કરતા હતા એને મરાયા, બાકી ગુનેગારો તો આજે પણ છુટથી ફરે છે. જે સારા અધિકારીઓ છે એમને સાઈડટ્રેક કરવામાં આવે છે. જે સરકારને સરન્ડર થાય છે એમને પ્રાઇમ પોસ્ટીંગ આપવામાં આવે છે. મારે ત્યાં પોરબંદરની અંદર, હું વારંવાર સરકારને વિનંતી કરું છું કે, સારા અધિકારીઓને મૂકો. પણ કેવા અધિકારીને મૂકાય? કે જે મમ્મુમીંયા પન્જુમીંયા નામનો આંતરરાષ્ટ્રીય ગુનેગાર છે એ ગુનેગારની સાથે વાત કરે અને કોઈ અપરાઈટ ઑફિસર હોય એને ફસાવવાની કોશિષ થાય તો એવા અધિકારીને કયાં મૂકાય અને પછી એમ કહેવામાં આવે કે આનું સારું પોસ્ટીંગ નહિ આપવાનું અને આવા અધિકારીને એન્ટી ટેરરીસ્ટ સ્કવોર્ડની અંદર મૂકાય અને એમાં રહીને સરકારને ખુશ કરવા માટે, મુખ્યમંત્રીને ખુશ

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કરવા માટે કોઈના એન્કાઉન્ટર કરે અને પછી આવા અધિકારીઓ જેલમાં જાય છે. આ રૅકૉર્ડ પરની વાત કરું છું. પહોંચતા ગુનેગારો છે જેલની અંદર, બધા પહોંચેલા ગુનેગારો છે એ જેલમાં નથી રહેતા ક્યાંક રાતના બહાર નીકળી જાય છે અને કયાં દવાખાનાની અંદર શરણું લે છે. જે ગરીબ કેદીઓ છે એનું તમામ પ્રકારે શોષણ થાય છે. હું પોરબંદરથી આવું છું. એ મહાત્મા ગાંધીની જન્મભૂમિ છે પણ આ સરકારના રાજયાશ્રયથી એ માફિયાઓની ભૂમિ બની ચૂકી છે. જ્યારે જ્યારે મુખ્યમંત્રી પોરબંદર આવે ત્યારે ક્યાં ૩૦૭ના ગુનેગારો એમની સાથે ફરતા હોય, પોલીસના ચોપડે વોન્ટેડ હોય અને ૩૦૨ના ગુનેગારો હોય એ પોલીસના ચોપડે વોન્ટેડ હોય છતાં મુખ્યમંત્રીની સાઇડ બાય સાઇડ ચાલતા રહેતા હોય. આખી સિસ્ટમનો કબજો લીધેલો છે આ માફિયા તત્ત્વોએ. પણ રાજયાશ્રયથી ચાલે છે અને એમને એમ છે કે આવા હશે તો સામેની વ્યકિતઓને પરાસ્ત કરી શકાશે. આવી રીતે કયારેય પરાસ્ત કરી શકાતા નથી. આવા લોકોને તમામ પ્રકારની સહાય મળે. આ આખી કુદરતી સંપત્તિ છે. એ કુદરતી સંપત્તિને ખાઈ જનારા લોકો આજે ત્રણ ત્રણ ચાર ચાર મહિના જેલમાં રહી આવે અને સરકારની સમિતિના એ ચેરમેન હોય, સરકારની ગાડી વાપરતા હોય અને ચાર મહિના પછી જેલમાંથી બહાર આવે ત્યારે સરકારી ગાડી એને સામેથી આપવા જાય કે સરકારી ગાડી સંભાળો, તમે તો ખૂબ સેવા કરો છો કારણકે ૫૦૦ કરોડ રૂપિયાના લાઈમ સ્ટોનની ચોરી તમે કરી છે. શું કહેવાય? આ લોકો કોઈને ભાગ આપે છે એટલા માટે આવું થાય છે. માનનીય મોહનભાઈ બેઠા છે એ સૌરાષ્ટ્રના છે એમણે તો સાચી વાત કરવી જોઈએ.

**અધ્યક્ષશ્રી:** મને સંબોધીને કહોને. સીધી વાત મને કરોને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એટલા માટે સાચી વાત કરવી જોઈએ. સૌરાષ્ટ્રની અંદર આવા તત્ત્વોએ સ્વ. વલ્લભભાઈ પટેલ અને સ્વ. પોપટ લાખા સોરઠિયાનો પણ ભોગ લીધો. (અંતરાય) એ કોંગ્રેસના આગેવાનો હતા મને એનું દર્દ છે પીડા છે. મારે આપને વિનંતી એટલી કરવાની છે કે, • (xxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxx) આનાથી વધારે ખરાબ દશા રાજયની કઈ હોય? હું જેલોની સ્થિતિની વાત કરું છું જેલના એક આઈ.જી. એ તારીખ ૨૦-૧૦-૨૦૦૭ના રોજ સાબરમતી જેલના જેલરને એક પત્ર લખ્યો છે. એમાં લખ્યું છે કે પાકા કામના કેદીઓ પાસેથી સાદા કપડાં પણ મળી આવ્યાં છે. ઉપરાંત એક છેલ્લો પેરેગ્રાફ એમણે લખ્યો છે કે ખાનગી રાહે એવી હકીકત પણ જાણવા મળી છે કે અમૂક બેરેક જેલબંધી પછી અધિકૃત રીતે ખોલી દેવાય છે. આ હકીકત જો સત્ય હોય તો જેલની સુરક્ષા માટે જોખમી બાબત છે. આવી શકયતા નિવારવા માટે જેલબંધી પછી રાત્રિના જુદા જુદા સમયે દરરોજ ઓછામાં ઓછા એક વાર જાત તપાસ કરી તમામ બેરેક બંધ કરવાની ખાતરી કરવાની પ્રથા ચાલુ કરવી જોઈએ." આ શા માટે લખવું પડયું? એટલા માટે કે જેલો મહેલ બની ગઈ છે. ૧૮/૧૧/૨૦૦૭ના રોજ સાબરમતિ જેલમાં રેડ કરવામાં આવી. એમાં બે કેદીઓ પાસેથી ૨ મોબાઈલ, ૪...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તમારો સમય તમે નકકી કરેલો છે તે....

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું મારા દંડકશ્રીને વિનંતી કરીશ કે...

**અધ્યક્ષશ્રી** : હું પણ આપને સમય આપવા તૈયાર છું. મારે તમારો સમય કાપવો છે એવું નથી, પરંતુ આપના બાકીના સભ્યોનો સમય કપાશે અને એ સભ્યોએ મર્યાદામાં રહેવું પડશે. (અંતરાય) હા.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં રેડ કરવામાં આવી. બે કેદીઓને પકડવામાં આવ્યા. અને એમની પાસેથી ૪ સીમકાર્ડ, ૨ મોબાઈલ, ૧ સી.ડી. પ્લેયર અને ૪૦ સી.ડી. નીકળી. આ તપાસ કરતાં જાણવા મળ્યું કે ગુલામ મહંમદ નામનો કેદી છે, જે રઉફ વલીઉલ્લાહ ખૂન કેસમાં સજા ભોગવે છે અને ટાડા પાસાનો આરોપી છે. એ આ ઉપયોગ થતો હતો. આ સીમ કાર્ડમાંથી ૧૭૦ જેટલા કોલ એ કયાં તો સાઉદી અરેબિયા થયા હતા અને કયાં તો પાકિસ્તાનમાં થયા હતા. અને આનું કનેકશન જે છે એ શરીફખાન અને રસૂલ પાટી સાથે છે. રાજય સરકાર કહે છે કે, "મૈં ચૂન ચૂન કે મારુંગા. કોને કોને ચૂન ચૂન કે મારો છો? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હરેન પંડયાની હત્યાની
અંદર સંડોવાયેલા આરોપી છે. જે આરોપીઓના નામો આવ્યા છે એ બધાને બા-અદબ અહીંથી ભાગી જવાની સગવડતા કરવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, • (xxxxx) (xxxxx)(xxxxx)(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જેઓ આ ગૃહમાં ન હોય, એના રેફરન્સીસ ન કરો. તમારે બાકીના અવલોકનો કરવા હોય તો કરો. હું એ શબ્દોને કાઢી નાંખું છું. (અંતરાય) ઓથેન્ટીક જે વાત હોય એ કરો ને. મેં તમને આઈ.જી.વાળી વાત કહેવા દીધી. આગળ વધો અને એ શબ્દો હું કાઢી નાંખું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અવલોકનો નથી કર્યા. મેં તો એમ કીધું છે કે (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx). (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું ફરીથી આપને કહું છું કે (xxxxx) (xxxxx) એના ઓથેન્ટીક રેફરન્સીસ તમારી પાસે લેખિત હોય તો મને કહો. (અંતરાય) નહીં, નહીં. આપણે કોઈને પણ રીફર કરીને કહેતા હોઈએ ત્યારે છાપાના

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

આધારે નહીં કહેવાનું. ઓથેન્ટીક હોય તો મને ચોકકસ કહો કે મારા ઉપર એમનો પત્ર હતો અને એ પત્રની નકલ આ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને પત્રની નકલ આપીશ.

**અધ્યક્ષશ્રી** : ના. અત્યારે જોઈએ. એટલે એ વિષયને છોડીને આપ આગળ ચાલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને ખાતરી આપું છું કે આપને પત્ર આપીશ.

**અધ્યક્ષશ્રી** : આપ જે કહો એ ઓથેન્ટીક હોવું જોઈએ અને એના ઉપર આપે અહીંયા રજૂ કરવું જોઈએ અને ત્યારપછી કહી શકાય. આપ કાર્યવાહી જોઈ જાઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રીને આપ આવતીકાલે રજૂ કરવાનું કહો છો અને મને આજે જ રજૂ કરવાનું કહો છો. (અંતરાય) મેં આપને કહ્યું કે હું આપને આવતીકાલે આપીશ.

**અધ્યક્ષશ્રી** : મેં માનનીય મંત્રીશ્રીને પ્રશ્નના જવાબમાં આવતીકાલે કહ્યું છે, બાકી નથી કહ્યું. કોઈ માહિતી માગી હોય તો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રીને પ્રવચનમાં આપે ગઈકાલે કહ્યું હતું. માનનીય સૌરભભાઈને આપે એમ કહ્યું હતું કે માહિતી ન હોય તો આવતીકાલે આપજો. હું એમ કહું છું હવે કે આવતીકાલે નહીં, હું આજે મૂકીશ.

**અધ્યક્ષશ્રી** : પહેલા મને સાંભળી લો. પહેલી વસ્તુ એ છે કે કોઈપણ ઓથેન્ટીક વાતો કહેવી હોય, કોઈના પણ નામે, તો એ પત્ર અથવા તો એની વિગતો અથવા એ પુસ્તકના રેફરનસીસ આપે રજૂ કરવા જોઈએ કે આ છે. આ સભાગૃહની અંદર છાપાની અંદર આવેલી વાતોને આપણે કહી શકતા નથી. (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) પરંતુ, આ વાત જે કલ્પનાતીત છે. એવી વાત નહીં કહેવી. (અંતરાય) માનનીય મંત્રીશ્રી, બેસો. માનનીય અર્જુનભાઈ, આપે વિષયની અંદર જે કહેવું હોય તે બધું જ કહેવાનો આપને અધિકાર છે. પરંતુ આપણા નિયમો અને પરંપરાની મર્યાદા છે એની અંદર રહીને. આગળ વધો અને પેલી વાત જે કહી છે એને હું કાઢી નાંખું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી જયંતીભાઈ ભાનુશાળી, આટલી ગંભીરતાથી ચર્ચા ચાલતી હોય અને આપ એને સહન ના કરી શકતા હોય તો આપ બહાર જઈને બેસજો (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે એ પત્ર આવી ગયો છે અને હું આપને એ પત્ર આપું છું.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### સબ જયુડિસ મેટરનો ઉલ્લેખ કરવા અંગે

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે કે હાઈકોર્ટ એના ઉપર વિચાર કરી રહી છે.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** :માનનીય અધ્યક્ષશ્રી, આપે કહયું અને હું પત્ર રજૂ કરું છું.(અંતરાય)

**શ્રી અમિત શાહ** : તો એ પણ સબ જયુડિસ બાબત છે અને હાઈકોર્ટ એના ઉપર વિચાર કરી રહી છે એટલે એ વાતની ચર્ચા આ ગૃહમાં ના થઈ શકે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપે કહયું હતું એ પ્રમાણે હું એ પત્ર આપને આપું છું •(xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) .(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, હવે મુદ્દો બીજો ઉભો થાય છે,(અંતરાય) એક મિનિટ, માનનીય અમિતભાઈ, એક મિનિટ, આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર મેં સાંભળ્યો છે અને એટલે હું કહું છું કે (અંતરાય)માનનીય અમિતભાઈ શાહે જે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉભો કર્યો છે કે (xxxxx) (xxxxx) રજૂ કરેલ મેટર હાઈકોર્ટમાં પેન્ડિંગ છે એટલે એ સબજયુડિસ થાય છે . હવે એ સબજયુડિસ છે કે નહીં એની ઉપર આપે કહેવાનું રહેશે. ત્યારે આ પત્રની વાત છે એ બાજુ ઉપર રહે છે અને જો એ સબજયુડિસ હોય તો હું આપને એ પત્ર રજૂ કરવા નહીં દઈ શકું.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી,.....

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપે મને પત્ર રજૂ કરવા માટે કહયું છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, મેં જયારે આપને પત્ર રજૂ કરવા માટે કહયું હતું તે વખતે આ મેટર સબજયુડિસ છે એ માટેનો પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો નહોતો થયો અને હવે આ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો થયો છે કે આ જે પ્રશ્ન છે એ સબજયુડિસ છે. હવે એ સબજયુડિસ છે કે નહીં એના ઉપર આપે જે કહેવાનું હોય એ કહો પછી હું મારું રૂલિંગ આપું અને પછી આપણે આગળ વધીએ.

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** :માનનીય અધ્યક્ષશ્રી, જે કાંઈ ઘટનાઓ બને છે એ સબજયુડિસ હોય છે. મેં પાટણની વાત કરી એ જસબજયુડિસ હતી, (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) અને માનનીય મંત્રીશ્રી જે જવાબ આપશે એ પણ સબજયુડિસ છે. હું ચુકાદાની વાત કરતો નથી, હું ચુકાદાની વાત કરતો નથી (અંતરાય)

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હવે મારો બીજો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અમીતભાઈનો પોઈન્ટ ઓફ ઓર્ડર હું ગ્રાહ્ય રાખું છું અને એ સબજયુડિસ વાત આપ નહીં કરી શકો, આપ વાતને હવે આગળ લઈ જાઓ.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પોઈન્ટ ઓફ ઓર્ડર છે કે માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ બીજી પણ સબજયુડિસ ઘટનાઓનો ઉલ્લેખ કર્યો છે. આ બધી જ ઘટનાઓનો ઉલ્લેખ રેકર્ડ ઉપરથી કાઢી નાંખવો જોઈએ. એમણે પોતે જ સ્વીકાર્યુ છે કે આ બધી ઘટનાઓ સબજયુડિસ છે તો એ બધી ઘટનાઓ રેકર્ડ ઉપરથી કાઢી નાંખવી જોઈએ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપે પાટણની ઘટનાની વાત કરી એ પાટણની મેટર સબજયુડિસ નથી, હું ખૂબ કાળજીપૂર્વક જાણું છું કે એ સબજયુડિસ નથી, બાકીની મેટરોનો પણ તેમનો પ્રશ્ન છે એ તપાસ કરવાનો છે. જે મેટર ઉભી કરવા માગે છે કે એ સબજયુડિસ છે અને એ સબજયુડિસ મેટર આ ગૃહમાં ચર્ચી ના શકાય એટલા માટે એ મેટરની જે કાંઈ વિગતો આપે કહી છે એ રેકર્ડ ઉપરથી રદ કરું છું અને આપ હવે ચર્ચાને આગળ લઈ જઈ શકો છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** :માનનીય અધ્યક્ષશ્રી, મને દુ:ખ એ વાતનું છે કે મારા મિત્રો છે અને એમણે જે ઘટનાઓની અંદર શરમ અનુભવવી જોઈએ •(xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એ નામ લીધા વિના પણ એની એ જ મેટર બોલે છે એનો શું અર્થ છે? (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** :માનનીય અધ્યક્ષશ્રી, તો મને એ બ્રીફ આપી દે એ પ્રમાણે હું બોલું.

**શ્રી વજુભાઈ વાળા** :અર્જુનભાઈ, બ્રીફ નહીં, પણ આપણે વિધાનસભાના નિયમો પ્રમાણે ચાલવું જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં કોઈનું નામ લીધું નથી તો શું કામ બંધબેસતી પાઘડી પહેરી લો છો, મેં કોઈનું નામ લીધું નથી.

**શ્રી વજુભાઈ વાળા** :એમને એમ ઘણાં નામ લીધા વિના વાત થાય છે (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં કોઈનું નામ લીધું નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપણે નિયમોની પરંપરા અને એની મર્યાદાઓ જાણીએ છીએ કે એકવાર જે સબજયુડિસ કેસ હોય એ શા માટે ના ચર્ચાવો જોઈએ (અંતરાય) એક મિનિટ પ્લીઝ, આપણે આ સભાગૃહના નિયમો કર્યા પછી એની પરંપરાને જાળવવાની છે અને એની પાછળનો હેતુ એ છે કે જે કેસ કોર્ટોમાં પડેલા હોય એ કોર્ટોમાં પડેલા કેસોની ઉપર આ સભાગૃહની ચર્ચાની અસર ના થાય એટલા માટે આપણે એની ચર્ચા કરતા નથી. હવે એ ચર્ચા, એ વિષયને જો આપણે નામ સાથે અથવા નામ વિના ચર્ચા કરીએ તો આપ તો એક વિદ્વ પુરૂષ છો અને જે આપણા સબજયુડિસના નિયમો છે એ નિયમોની મર્યાદાનો ભંગ થાય છે એવું તમને પણ સ્પષ્ટ લાગે અને મને પણ સ્પષ્ટ લાગે છે. એટલા માટે હું તમને કહું છું કે આપની પાસે અનેક વિષય છે તો આ વિષયને છોડીને આપની ચર્ચા આગળ ચલાવો. બીજી વાત એ છે કે આપના પક્ષને મળેલ સમયની સંપૂર્ણ મિનિટો તમે વાપરશો તો પણ મને વાંધો નથી. પણ પછી બાબુભાઈ જેવા સભ્ય ઉભા થાય ત્યારે મારો સમય તમે ઓછો આપો છો તેવું ન થાય, એટલા માટે હવે આપનો સમય પૂરો થયો છે. અને સમય હજુ વાપરવો હોય તો આપના પક્ષનો સમય પૂરો થતો નથી. કારણ કે આપના પક્ષને મળેલી ટોટલ મિનિટો પણ આપને વાપરવાનો અધિકાર છે એમાં મને જરાય વાંધો નથી. આપ આપની ચર્ચાને ચલાવો, પણ સબ જયુડિસ મેટરની અંદર ચર્ચા ન કરો. અને હું આ ચર્ચાને ગૃહની કાર્યવાહીની બહાર મૂકું છું એટલે તેને પ્રસિદ્ધિ આપતાં પહેલાં માધ્યમો પણ તેનો સંયમ જાળવે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) (ક્રમશ:)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આજે સાથે નર્મદાની માગણીઓ પણ લઈને આવ્યા છે. વાહન વ્યવહારની માંગણીઓ પણ લઈને આવ્યા છે. નર્મદા આપણી સૌની યોજના છે. આ બાબતની અંદર વારંવાર અમે આ ગૃહના રેકોર્ડ ઉપર કહ્યું છે કે નર્મદા યોજના પૂરી કરવા માટે અમે રાજય સરકારની સાથે છીએ એટલું જ નહીં પણ રાજયના મુખ્ય મંત્રીશ્રીની પણ સાથે છીએ. આ યોજના પૂરી કરવાની અંદર આ રાજયના તમામ મુખ્ય મંત્રીઓ, આપણા પડોશી રાજયો રાજસ્થાન હોય, મહારાષ્ટ્ર હોય કે મધયપ્રદેશ હોય તેના તમામ મુખ્ય મંત્રીશ્રીઓ, ભારત સરકારના તમામ સિંચાઈ/જળ સંપત્તિ મંત્રીશ્રીઓ અને તમામ વડાપ્રધાનો અને તમામ રાજકીય પક્ષોએ તેને ટેકો આપ્યો છે. છતાં આ યોજના આજે ૨૦૦૭માં પૂરી કરવાની હતી, તે યોજનાની અંદર હજુ પણ ૨૦,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવા પડે એમ છે. અને એ યોજના છે તે આજે ૨૦૧૦-૧૧ની અંદર પૂરી

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કરવાની વાત કરે છે. લીલાધરભાઈ નર્મદાની આ ચર્ચા ચાલે છે, ગૃહ વિભાગની ચર્ચા વખતે બોલ્યા હોત તો વાંધો નહોતો. અને ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની જરૂર છે અને આ વખતે જે માગણીઓ લઈને આવ્યા છે તે જોતા મને એમ લાગતું નથી કે ૨૦૧૦-૧૧માં પૂરી થઈ શકશે. આ યોજના પૂરી કરવી હોય તો રાજ નીતિને વચ્ચે લાવ્યા વગર, હું કરું છું હું કરું છું એમાંથી બહાર આવી અને આ રાજય સરકાર અને તમામ લોકોના સહકારથી આપણે કરીએ છીએ તે ભાવ લઈ આવવો જોઈશે. સમય આવે ત્યારે જશ ખાટવા માટે ફાઈવ સ્ટાર ઉપવાસથી બધાએ દૂર રહેવું પડશે. અને તેની જગ્યાએ તમામને સાથે લઈને ચાલવું જોઈએ. આ યોજનામાં હવે કોઈ સંકટ નથી. કેનાલોનું ૮૫ હજાર કિ.મી. લાંબુ નેટવર્ક છે ૧૭ હજાર કિ.મી. થયું છે. અને તેનું કામ પૂર્ણ કરવાની અંદર એક પણ કોર્ટનો સ્ટે નથી કોઈ બીજા રાજયનો હસ્તક્ષેપ નથી. પણ રાજકીય ઈચ્છા શકિત આપણે સૌએ બતાવવી જોઈશે. અમે તો ઈચ્છીએ કે નર્મદા ઉપરની અમે રજૂ કરેલી જે કાપ દરખાસ્તો છે તે સ્વતંત્ર રીતે આ નર્મદા યોજના પુરતી અમને પાછી ખેંચવાનો મોકો મશળે તો એમાં પણ અમે સહકાર આપીશું. અને આ યોજના પૂર્ણ થાય તે પ્રત્યેની પ્રતિબદ્ધતા અમે સૌ વ્યકત કરીશું.

**અધ્યક્ષશ્રી** : આપના પક્ષના ઘણા સભ્યોએ કાપ દરખાસ્તો ન મૂકીને પણ સહયોગ આપ્યો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નહીં, ચર્ચા તો ઉભી કરવી પડે માનનીય અધ્યક્ષશ્રી. ચર્ચા તો ઉભી કરવી જ પડે.

**અધ્યક્ષશ્રી** : કરવી જ જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** અમે દર વખતે આ ભાવ વ્યકત કર્યો છે અને સામેથી પણ હું ઈચ્છું કે આવો જ ભાવ વ્યકત થાય અને આની અંદર રાજકીય અવલોકનો ન થાય અને નર્મદા યોજના પૂરતા આપણે સૌ એક રહીએ અને પ્રતિબદ્ધતા આપણે સૌ વ્યકત કરીએ, સમયસર પૂરી થાય અને નર્મદા યોજનાના પાણી જે ૧૮ મીલીયન એકર ફીટ પાણી છે તે પુરેપુરું ખેડૂતોના ખેતરો સુધી જાય, કારણ કે સૌથી વધારે પાણી આપણને મળે છે. વીજળીની વાત કરીશું તો વીજળીમાં તો સોળ ટકા જ મળે છે. એટલે પાણી મળે તેના માટેની સૌ કોઈ કોશીશ કરીએ તે સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય ગૃહ મંત્રીશ્રી, ગૃહ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારી વાત કરવા માટે ઉભો થયો છું. માનનીય અર્જુનભાઈએ પોતાના પ્રવચનમાં રાજયના કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના સંદર્ભમાં ચિંતા વ્યકત કરી, માનનીય અધ્યક્ષશ્રી, હું એમનું એ બાબતમાં ધ્યાન દોરવા માગું છું કે જયારે કોંગ્રેસનું શાસન હતું, તેઓ પોરબંદરમાંથી આવે છે, એ પોરબંદરમાં જયાંથી દાખલ થાઓ તે ભાગમાં કોંગ્રેસના શાસન વખતે લખાયું હતું કે અહીંયા કાયદો અને વ્યવસ્થાની હદ પૂરી થાય છે. એ દિવસો હતા. થોડા દિવસ પહેલાનો ગુજરાતનો ભૂતકાળ જોઈએ, એમણે માફિયા ગેંગોની વાત કરી. (અંતરાય) માનનીય અર્જુનભાઈ, આપ ઉશ્કેરાઈ ન જાવ. સાચી વાતમાં બળતરા થાય. કોંગ્રેસના શાસનમાં આખાને આખા શહેરો માફિયા ગેંગોના નામોથી ઓળખાતા હતા. •(xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx)

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદીપસિંહજી, એ નામ કાઢી નાખો, એ નામનો ઉલ્લેખ છોડી દો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો આશય એ છે કે એક જમાનો એવો હતો કે આ બધી માફિયા ગેંગોના કારણે પ્રજા પારેવાની જેમ ફફડતી હતી, પોલીસ તંત્ર પણ ત્યાં જતું અચકાતું હતું. ૧૯૮૫ના એ દિવસોમાં લતીફના દરબારમાં જઈને પોલીસ અધિકારીઓને ન્યાય મેળવવાનો પ્રયત્ન કરવો પડતો હતો. આનાથી શરમજનક કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કઈ હોઈ શકે? એમણે ઇન્ટૅલીજન્સ બ્રાંચની વાત કરી. આ દેશની અંદર આ દેશની ગુપ્તચર એજન્સી છે, આ દેશના લશ્કરના ત્રણેય પાંખના વડાઓએ ગુપ્તચર એજન્સીના અહેવાલ ઉપરથી કહ્યું કે ઈસ્લામીક કટ્ટરવાદી દેશોના કહેવાથી ભારતની ક્રોસ બૉર્ડર ટેરીરીસ્ટના નામે ભારતને આંતરિક રીતે ખોખરુ કરવા માટે આતંકવાદી વરસોથી પ્રયાસ કરી રહ્યા છે એટલા માટે પોટાનો કાયદો આ દેશના હિતમાં છે. પરંતુ માત્રને માત્ર લઘુમતીઓના તૃષ્ટિકરણ હેઠળ મતોની રાજનીતિ માટે જેવી યુ.પી.એ.ની સરકારે આવીને પહેલું જ શરમજનક કામ આ પોટાના કાયદાને હટાવવાનું કર્યુ. એ વખતે કેમ તમે આઈ.બી.ના અહેવાલને ભૂલી જાવ છો.

થોડા સમય પહેલાં આંતરસુબાની ઘટના બની એનો અહીંયાં ઉલ્લેખ કર્યો. એમના જ પક્ષના •(xxxxx) (xxxxx) ત્યાંના આદિવાસીઓને ઉશ્કેરીને માત્રને માત્ર જ્યારે લોકસભાની ચૂંટણી આવવાની છે ત્યારે મોતના સોદાગરની જેમ એમણે નિર્દોષ આદિવાસી સમાજને ઉશ્કેરીને આંદોલન કરવા માટે પ્રેર્યા હતા. ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઈ મોદીની સરકાર કયારેય મતો માટે રાજનીતિ કરતી નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અનિલભાઈ, આપના પક્ષે પૂરો જવાબ આપવાની તક છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય સભ્યશ્રી (xxxxx) (xxxxx) નામ લે છે એ બરાબર નથી.

---

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી (xxxxx) (xxxxx) નામ નથી બોલ્યા. તમે એનો પૂરો જવાબ આપજો હું તમને તક આપીશ. માનનીય બાબુભાઈની જગ્યાએ તમે બોલજો હું ના નથી પાડતો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે વ્યકિત અહીંયા હાજર નથી એનું નામ દઈને ઉલ્લેખ ન કરી શકાય. સંસદસભ્યના નામનો ઉલ્લેખ ન કરી શકાય. નામ વગર વાત કરે એની સામે વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી પ્રદિપસિંહજી, તેમણે પૉઈન્ટ ઑફ ઑર્ડર રેઈઝ કર્યો છે એટલે હું કહું છું. તમે જે બોલ્યા તેમાં (xxxxx) (xxxxx) નામ નથી દીધું પણ (xxxxx) (xxxxx) એ વિસ્તારના થાય છે. એટલે અંગુલીનિર્દેશ થાય છે. એ વિગતો હું કાઢી નાખું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : અર્જુનભાઈ, નામ કઢાવવાથી કંઈ ફરક પડવાનો નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી પ્રદિપસિંહજી, તમે તમારા મુદ્દા ઉપર આગળ વધો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની જે પરિસ્થિતિ હતી, ભારતીય જનતા પાર્ટી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ જ્યારે ચૂંટણીમાં લોકોની વચ્ચે ગઈ ત્યારે લોકો એક વાત તો જરૂર કહેતા હતા કે ગુજરાતની ગાદી ઉપર એવા જવાંમર્દ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી છે કે ગુજરાતની ધરતી ઉપર કોઈ પણ આતંકવાદી પ્રવેશી શકતો નથી. કોંગ્રેસના રાજમાં જે ગુનેગારો, જે માફિયાઓ મહેલમાં રહેતા હતા, આજે એ બધાને વીણી વીણીને જેલના હવાલે મોકલવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. મને યાદ છે, એ દિવસોમાં લઠ્ઠાકાંડ થાય અને લઠ્ઠાકાંડમાં નિર્દોષ, ગરીબ પરિવારના લોકો તેના કારણે મૃત્યુ પામે. ૧૯૯૧થી ૧૯૯૪ના સમયગાળા દરમ્યાન જે લઠ્ઠાકાંડ થયા, ૯૪ લોકો મૃત્યુ પામ્યા. જ્યારથી ગુજરાતમાં નરેન્દ્રભાઈ મોદીની સરકાર છે, છ વર્ષમાં એક પણ લઠ્ઠાકાંડ બન્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે વિધાનસભાનું સત્ર હોય ત્યારે પ્રજા જીવનના પ્રશ્નોને લઈને જનઆંદોલનો થતાં પણ આ નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની એવી સરકાર છે કે જ્યારથી આ વિધાનસભાના સત્ર શરૂ થયા છે, એક પણ મોરચા અહીં આવતા નથી. તેના કારણે આ સરકાર સમગ્રતયા સમગ્ર સમાજને સંતુષ્ટ કરવા માટેનો પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસના શાસનમાં ખેડૂતોની રેલી થાય, નિર્દોષ ખેડૂતો પોતાના લાભો માટે જ્યારે આંદોલન કરતાં હોય એવા નિર્દોષ કિસાનો ઉપર લાઠીચાર્જ કરવામાં આવે, ગોળીબાર કરવામાં આવે. બે-બે ટ્રક ભરીને પગરખાં એકત્રિત થાય એવો બેરહેમ અત્યાચાર આ કોંગ્રેસના શાસનમાં ખેડૂતો ઉપર કરવામાં આવ્યો.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. ગયા વખતમાં ખેડૂતો જ્યારે લોકશાહીના ગઢની અંદર..

**અધ્યક્ષશ્રી** : પૉઈન્ટ ઑફ ઑર્ડર શું છે? પૉઈન્ટ ઑફ ઑર્ડર કહો કુંવરજીભાઈ.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : એમણે જે ખેડૂતોની વાત કરી..

**અધ્યક્ષશ્રી** : નહીં, તેના ઉપરનો પૉઈન્ટ ઑફ ઑર્ડર શું છે?

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : તેમણે જે વાત કરી કે ખેડૂતોને ઢોર માર મારવામાં આવ્યો છે, કોંગ્રેસના જમાનામાં, હું યાદ કરાવવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : નહીં, બેસી જાવ, આપનો પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી. બેસી જાવ. પ્રદિપસિંહજી, આપ આગળ ચલાવો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, છાશવારે છાત્ર આંદોલનો થાય, ખેડૂતોના આંદોલનો થાય, શ્રમિકોના આંદોલનો થાય, પણ છેલ્લા છ વર્ષમાં જ્યારથી આ સરકાર ગુજરાતમાં કામ કરે છે અને એવા જનઆંદોલનો બંધ થતાં ગુજરાતની પ્રજાને રાહત થઈ છે. ગુજરાતની પોલીસને રાહત થઈ છે. આ સારા વહીવટનું પરિણામ છે. ગુજરાતની વસતિ વધી છતાં ગુનાખોરી ઘટી. મારી પાસે કેટલાક રેકૉર્ડ છે એ એ રેકૉર્ડના આધાર ઉપર હું વાત કરવા માગું છું કે ખૂનના ગુનામાં સમગ્ર દેશમાં ગુજરાતનો ૨૮મો ક્રમ છે. દેશમાં ક્રાઈમ રેટ ૨.૯ ટકા છે. જ્યારે ગુજરાતમાં ૨ ટકા છે. ગુજરાતમાં જે રીતે ૬,૬૬,૦૦૦ કરોડના એમ.ઓ.યુ. પછી ગુજરાતમાં શાંતિ અને સલામતીના કારણે દેશના અને વિદેશના ઉદ્યોગકારો જ્યારે પોતાના ઉદ્યોગો સ્થાપવાના છે, ગુજરાતમાં શ્રમિક જગતમાં માનવ કલાકોનો બગાડ જ્યારે નહિવત્ થયો છે તેવા સંજોગોમાં ઔદ્યોગિકરણના કારણે અનેક સમસ્યાઓ ઉભી થાય તેના કારણે ખૂનના ગુના બને, ખૂનની કોશિશના ગુના બને. એ ખૂનની કોશિશના ગુનામાં ગુજરાતનો ૩૩મો નંબર છે. ગુજરાતમાં સમૃદ્ધિ વધી છે. ગુજરાતમાં લોકોની આર્થિક સ્થિતિ ઉંચી આવી છે તેના કારણે સ્વાભાવિક છે કે ક્યાંકને ક્યાંક નાની મોટી ચોરી, લૂંટ કે ધાડના બનાવ બને. ધાડના ગુનામાં ગુજરાતનો ૧૫મો ક્રમ છે. જે બળાત્કાર માટેની વાત કરી, કોઈ પણ દીકરી ઉપર બળાત્કાર થાય ત્યારે સ્વાભાવિક છે કે આપણને સૌને સંવેદના થાય. આ સરકાર સંવેદનશીલ સરકાર છે. હું એટલા માટે કહેવા માગું છું કે ગુજરાતની ધરતી ઉપર પ્રવેશતાં, પગ મૂકતાં જે આતંકવાદીના પાયજામા પલળી જાય છે એવા આતંકવાદીઓની સામે જો આ સરકાર નથી ગભરાતી તો જેણે પણ આ બળાત્કાર કર્યો હોય એ બળાત્કારીઓ સામે અઘરામાં અઘરી સજા થાય, ગુનેગારો જેલના હવાલે થાય અને કાયદામાં બળાત્કાર કરવાવાળા લોકોને પૂરતી સજા થાય તેના માટે આ સરકાર કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર રાત્રે દસથી બાર વાગે પણ યુવતીઓ એકલી ફરી શકે છે એ આપણે જોઈએ છીએ. આખા દેશની અંદર ગુજરાતમાં આ બળાત્કારની ઘટનાનો ક્રમ ચોત્રીસમો છે. જ્યારે કૉન્ગ્રેસનું શાસન હતું અને કૉન્ગ્રેસના શાસનમાં પોતાનું શાસન ટકે એના માટે તેઓ કોમી દાવાનળ સર્જતા હતા. મને યાદ છે કે, દરિયાપુર કે રિલીફ રોડ વચ્ચેથી આપણે પસાર થતા હોઈએ ત્યારે ક્યારે સ્ટેબીંગ થાય કે ક્યારે આગ લાગે એ નિશ્ચિત નહોતું. કોમી દાવાનળ સર્જીને સત્તા ટકાવી રાખવાની આ કૉન્ગ્રેસની ચાલની સામે જ્યારથી મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદી બેઠા છે ત્યારથી આવા કોમી બનાવો શૂન્ય બની ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો દલિત સમાજ, ગુજરાતનો આદિવાસી સમાજ એ સમાજમાં ૧૯૯૦થી ૧૯૯૪ના કૉન્ગ્રેસના શાસનમાં ૭૫૯૪ અત્યાચારના ગુન્હા બન્યા હતા. એની સામે ૨૦૦૩થી ૨૦૦૭માં ૪૯૦૪ બનાવો બન્યા છે. દલિતો ઉપરના અત્યાચાર રોકવા માટે ભારતીય જનતા પાર્ટીની શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની સરકાર સફળ રહી છે અને આ ગુન્હામાં ૩૫ ટકા જેટલો ઘટાડો થયો છે. અનુસૂચિત જનજાતિ વિરુદ્ધના ગુન્હામાં પણ ૪૭ ટકા જેટલો ઘટાડો થઈ ગયો છે. એક જમાનો હતો જ્યારે છાશવારે કોમી તોફાનો થાય, કરફ્યુ નંખાય. કરફ્યુના કારણે સામાન્ય શ્રમિકોને તકલીફ પડે, વેપાર-ધંધાની અંદર સમસ્યા ઊભી થાય અને લોકોને આર્થિક નુકસાન સહન કરવું પડે. આ છ વર્ષનું શાસન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કરફ્યુ વિહીન શાસન મળ્યું છે. આખા દેશમાં ૨૦૦૩થી ૨૦૦૭ની અંદર આતંકવાદી ઘટનાઓના કુલ ૫૪૬ બનાવો બન્યા. જેમાં ૪૦૯૦ નાગરિકોના મોત થયા. એમાં ૧૫૨૯ સૈનિકો હતા. ૨૦૦૩થી ૨૦૦૭ દરમિયાન ગુજરાતમાં માત્ર એક જ બનાવ બન્યો. જેમાં એકપણ સૈનિકનું મૃત્યુ થયું નથી અને માત્રને માત્ર એક વ્યકિતનું મરણ થયું છે. જ્યારે ૧૬ જેટલા આતંકવાદીઓને ગુજરાતની નિર્દોષ જનતાને હેરાન કરવા આવ્યા હતા એમને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. (અંતરાય) મારે થોડોક સમય વધારે જોઈશે.

**અધ્યક્ષશ્રી** : તમારે જોઈશે તો તમારા દંડકશ્રીને કહો કે પાછળના વક્તાઓના નામ રદ કરવાં પડશે. તમારા દંડકશ્રીએ તમને ૧૫ મિનિટ આપી હતી એ પૂરી થઈ ગઈ છે. મને કોઈ વાંધો નથી. પાછળના વક્તાઓને હું ગઈકાલની જેમ કટ કરી દઈશ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આતંકવાદીઓ વિચારમાંથી ઊભા થાય છે. એને ખતમ કરવા માટે પ્રબળ રાજકીય ઈચ્છાશકિત જોઈએ. આ પ્રબળ રાજકીય ઈચ્છાશકિત ગુજરાતના જવાંમર્દ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીમાં છે અને એમણે ગુજરાતના પોલીસ તંત્રને પૂરી પાડી છે. એક કિલો R.D.X. પોલીસ દળ દ્વારા પકડવામાં આવે તો આ અખબારોમાં નાના કોલમમાં માહિતી હોય અને એનો બૉમ્બ બને તો કેટલા લોકોને પોતાના જાન ગુમાવવા પડે એની કલ્પનાથી આપણું હૈયું કકળી ઊઠે છે. આ આતંકવાદીઓને નેસ્ત નાબૂદ કરવા માટે સ્પેશિયલ ઑપરેશન ગ્રૂપની રચના કરવામાં આવી છે. આપણે એવું કહીએ છીએ કે, છ વર્ષમાં આતંકવાદી ઘ ટના બની નથી એના માટે ગુજરાતની સરકાર અને ગુજરાતની સતર્ક પોલીસના કારણે આ શક્ય બન્યું છે અને ગુજરાત ઈસ્લામીક રાષ્ટ્રોની નજરમાં અગ્રિમસ્થાને છે. એવા સંજોગોમાં ગુજરાતમાં આવી ઘટના ન બને એના માટે રચાયેલ આ સ્પેશિયલ ઑપરેશન ગ્રૂપ માટે રાજય સરકાર દ્વારા ૬૫૯ જેટલી નવી જગ્યાઓ ઊભી કરીને રાજયના પોલીસ તંત્રને સજ્જ કરવામાં આવ્યું છે. આ એસ.ઓ.જી. આઈ.એસ.આઈ. એજન્ટોના નામ અને સરનામા તથા તેને આશરો આપનારના નામ અને સરનામા એકત્રિત કરે છે. આ આતંકવાદી સંગઠનોની સાથે જે ઇસમો જોડાયેલા છે એ ઈસમોની એકટીવીટી ઉપર વોચ રાખવાનું કામ કરે છે. ક્યારેક ક્યારેક આપણે જોઈએ છીએ કે ધાર્મિક અપપ્રચાર અને કોમી વૈમનસ્ય ધરાવવાને કારણે સમાજની અંદર આના કારણે એક પ્રકારની તીવ્ર લાગણી ઉભી થાય થાય છે અને એ લાગણીને કારણે બનતી ઘટનાઓને અટકાવવાનું કામ આ સ્પેશિયલ ઑપરેશન ગૃપ કરે છે. સીમી સંગઠન ઉપર પ્રતિબંધ છે પરંતુ આ સીમી સંગઠનની સાથે જોડાયેલી અન્ય સંસ્થાઓની પ્રવૃત્તિઓ ઉપર નજર રાખવાનું કામ આ ગૃપ દ્વારા કરવામાં આવે છે. ક્યાંક ક્યાંક આ દેશની અંદર જ્યારથી આપણે જાણીએ છીએ પોટાનો કાયદો હટાવ્યો છે. તો આતંકવાદીઓ એવું માને છે કે આતંકવાદી પ્રવૃત્તિમાં ક્યાંક ક્યાંક કૂણી લાગણી દેખાય છે આવી આતંકવાદી પ્રવૃત્તિ સામે કૂણી લાગણી ધરાવનારા લોકોની સામે પણ આ સ્પેશિયલ ઑપરેશન ગૃપ દ્વારા નિરીક્ષણ કરવામાં આવે છે. કયાક સત્કાર ટ્રાવેલ એજન્ટ હોય કે ક્યાંક સાઉદી અરેબિયા કે પાકિસ્તાનની અંદર એસ.ટી.ડી./આઈ.એસ.ડી. કે પી.સી.ઓ.ના બુથ ધારક હોય સમગ્રનું આ એસ.ઓ.જી. ગૃપ દ્વારા ધ્યાન રાખવામાં આવે છે. ૧૬૦૦ કી.મી.નો લાંબો દરિયાકિનારો અને સાથે સાથે આપણે જાણીએ છીએ તેમ બાંગ્લાદેશની સરહદથી ઘૂસણખોરો જ્યારથી યુ.પી.એ.ની. સરકાર આવી છે ત્યારથી ઘૂસણખોરીની પ્રવૃત્તિમાં અનેકગણો વધારો થયો છે. એન.ડી.એ.ની સરકારે આ ઘૂસણખોરોને અટકાવવા માટે સતત પ્રયત્નો કર્યા. સુપ્રીમ કોર્ટે આઈ.એન.ડી.ટી. એકટ રદ કર્યો પણ કૅબિનૅટની પેટા કમિટીએ પાછલા બારણે આ ઘૂસણખોરોના માટેના દ્વાર મોકળા કર્યા, આ એ ઘૂસણખોરો છે કે બાંગલાદેશમાં પરોક્ષ રીતે પાકિસ્તાનનું રાજ ચાલે છે. આ એ બાંગલાદેશ છે જ્યાં ઓસામા બીન લાદેનના અડ્ડાઓ ચાલે છે ત્યાંથી પ્રશિક્ષિત કરેલા આતંકવાદીઓ જો ગુજરાતની ધરતી ઉપર પ્રવેશી જાય તો ગુજરાતની સમૃદ્ધિને ડહોળવા, ગુજરાતની શાંતિને ડહોળવા, ગુજરાતની સલામતીને ડહોળવા એ સફળ ન થાય એના માટે આ સ્પેશિયલ ઑપરેશન ગૃપ કામ

કરી રહ્યું છે. પૂર્વ ગુપ્તચર બ્યુરોના સંયુક્ત નિયામક મલયકૃષ્ણએ પોતાના પુસ્તકની અંદર લખ્યું છે કે બાંગલાદેશની અંદર જે આતંકવાદી પ્રવૃત્તિઓ છે...

**અધ્યક્ષશ્રી** : પુસ્તક હોય તો પુસ્તકના પાનાના રેફરન્સ સાથે કહો બાકી તો રેફરન્સ વિનાની વાત ના કરો. **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો આશય એ છે કે બાંગ્લાદેશ એ આતંકવાદી પ્રવૃત્તિઓનો જનક છે, ત્યાંના ઘુસણખોરો એ ગુજરાતની શાંતિ અને સલામતીને માટે જ્યારે ચિંતા કરે છે એવા સંજોગોમાં આ એસ.ઓ.જી. અને એસ.ઓ.જી.ના માધ્યમથી માહિતી એકત્રિત કરીને એ.ટી.એસ. અને ચેતક કમાન્ડોની ફૉર્સના માધ્યમથી ગુજરાતની અંદર બનતી આવી કોઈપણ ઘટનાને રોકવા માટે રાજય સરકારે જે સ્પેશિયલ ઑપરેશન ગૃપ નક્કી કર્યુ છે એને હું હૃદયપૂર્વકના હાર્દિક અભિનંદન આપું છું.

**શ્રીમતી વસુબેન ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહ વિભાગ, નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગની જે માગણીઓ લઈને મંત્રીશ્રીઓ આવ્યા છે એ તમામ માગણીઓને હું મારું સમર્થન આપું છું અને ગૃહ વિભાગ વિશે મારાં કેટલાંક મંતવ્યો રજૂ કરું છું. કોઈપણ રાજય હોય એનો વહીવટ એ વિકાસલક્ષી છે, લોકભોગ્ય છે કે ઉડાઉ છે એનું એક બેરોમીટર એનું બજેટ હોય છે અને બજેટમાં દર્શાવેલો વિકાસલક્ષી ખર્ચ હોય છે. છેલ્લા ૩ વર્ષમાં એટલે કે ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ના વર્ષોમાં પણ ૬૦ ટકાથી વધુ વિકાસલક્ષી ખર્ચ કરતું આ રાજય રહ્યું છે. કેન્દ્ર સરકારના છેલ્લા ચારેય બજેટમાં વિકાસલક્ષી ખર્ચ માત્ર ૩૦ ટકા જ રહ્યું છે આ શું દર્શાવે છે? આ દર્શાવે છે કે ગુજરાતનો સક્ષમ વહીવટ નાણા ઉડાવવાને બદલે લોકકલ્યાણમાં પ્રજાના નાણાનો જે વહીવટ છે એ લોકકલ્યાણના સદઉપયોગ માટે જ કરી રહ્યા છીએ. રાજયનું પોલીસતંત્ર, ઘણી બધી ચર્ચાઓ આ સંદર્ભની અંદર સાથી સભ્યોએ કરી. આ તંત્રને મૉડર્ન સગવડ પૂરી કરવાના સંકલ્પવાળા બજૅટની અંદર ૨૦૪ કરોડ રૂપિયા ફાળવ્યા છે અને એમાં સૌથી મહત્વનું ધ્યાન ખેંચે એવી કેટલીક બાબતો છે જે હું ધ્યાન ખેંચવા માગું છું. એક નવું સરાહનીય પગલું એમાં પોલીસ બેડામાં મહિલા કમાન્ડ યુનિટ ઊભું કરવાનું છે. ચર્ચાઓ થતી હતી કે ભૂતકાળમાં શું થયું અને અત્યારે શું થઈ રહ્યું નથી. શા માટે નથી થઈ રહ્યું? એ નથી થઈ રહ્યું એની કેટલીક વાતોમાં મારે જવું છે. મને લાગે છે કે ગુજરાતમાં ભૂતકાળમાં જે હતું અને એ ન થાય એટલા માટે કર્મઠ મુખ્યમંત્રીશ્રી, કર્મઠ મંત્રીશ્રીઓનો પરિશ્રમ અને કર્મયોગી વહીવટી અધિકારીઓએ પોતાના જીવના જોખમે આ રાજ્યની સલામતી માટેનો વહીવટ કર્યો છે. કદાચ ચર્ચામાં એમ આવ્યું હોત કે આ રાજ્યની સલામતી અને રક્ષણ માટે વહીવટી અધિકારી કે પ્રજાજનોમાંથી જેનાં મૃત્યુ થયાં છે, એના પરિવારોની શું દશા થઈ હશે એ તરફ જોવાની જરૂર હતી. આ મહિલા કમાન્ડ યુનિટ ઊભું કર્યું છે એટલે એક મહિલા તરીકે હું આનંદની લાગણી અનુભવું છું. ગુજરાતમાં સ્ત્રીઓને આજે પણ સ્વતંત્રતા અને સલામતી આપવી એની જવાબદારી એના પરિવારની પણ છે. અને એ પરિવારની ફરજ ગણાય છે. સાથે સાથે સ્ત્રીઓ માટે નવી દિશાઓ ઊઘડતી થઈ છે. સ્ત્રીઓ આજે બહાર ફરતી થઈ છે. સ્ત્રીઓએ આજે નવી ક્ષિતિજો તરફ પ્રયાણ કરવાનું શરૂ કર્યું છે, ત્યારે એનો આત્મવિશ્વાસ વધ્યો છે. નવા બદલાતા ચહેરાઓ ખૂબ સુંદર બન્યા છે અને આત્મ વિશ્વાસથી ભરપૂર બન્યા છે અને વધુ સંવેદનશીલ અને વધુ તેજસ્વી થઈ રહ્યા છે. એનું કારણ આ રાજ્યનું પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર છે. આજે સ્ત્રીઓ શહેરમાં રાત્રિના બે વાગ્યા સુધી ફરી શકે છે. ટુ વ્હીલર ઉપર કે ચાલતી ફરી શકે છે. કારણ કે જેમ પરિવારમાં સ્વતંત્રતા છે એમ રાજ્યમાં રાજ્ય પણ એક પરિવાર છે. ગૃહ વિભાગની વ્યવસ્થાના કારણે એને આ તક મળી રહી છે. ગુજરાત આજે શાંતિ અને સલામતી સાથે મક્કમતાપૂર્વક વિશેષ પ્રકારની પ્રગતિ કરી રહ્યું છે. ગુજરાતીઓના હૃદયમાં ગુજરાત માટેનો એક આગવો અને અનોખો આદર અને ઉત્સાહ બન્ને વધ્યા છે. રાષ્ટ્રીય ફલક ઉપર એક નૂતન પ્રગતિશીલ, આપણું ગુજરાત, મારું ગુજરાત, આગવું ગુજરાત, સાંસ્કૃતિક ગુજરાત તરીકેની પોતાની છાપ ઊભું કરી રહ્યું હોય એવું લાગી રહ્યું છે. શાંતિ અને સલામતી માટે અનેક પ્રકારના પગલાં લીધાં છે. ગુજરાત એ સરહદી રાજ્ય હોવાથી વધુ સંવેદનશીલ રાજ્ય છે. આ વાતને અક્ષરધામની ઘટનાએ સમર્થન આપ્યું છે. આવી ઘટનાઓ ફરી ન બને અને ફરી બની પણ નથી, એ માટે બાહ્ય અને આંતરિક સુરક્ષા વધુ સુદ્રઢ બનાવવા માટેના અનેક પ્રયત્નો રાજ્ય સરકારે કર્યા છે. આતંકવાદ ઉપરાંત એક મહત્ત્વની વાત ડ્રગ અને દાણચોરી દ્વારા રાજ્યનું યુવાધન અને અર્થતંત્ર આ બન્ને પાંગળા બનતા રહ્યા હતા અને આ પાંગળા બનાવવાની મેલી મુરાદ બર ન આવે અને કડક હાથે પગલાં લઈ શકાય એ માટે ચેતક કમાન્ડો ફૉર્સની રચના આ રાજ્ય સરકારે કરી છે. કેટલીક એવી યોજનાઓ કે જે યોજનાઓ વિશેની માહિતી વિપક્ષના સભ્યો પાસે હોય નહીં ત્યારે આ ચર્ચાઓ થતી નથી એનું મને દુ:ખ થતું હતું. નાઈટ વિઝન ડિવાઈસિસ, ડીપ સર્ચ મેટલ ડીટેક્ટર, બુલૅટ પ્રૂફ જેકેટ, ઈમ્પેકટનન્ટ બુલૅટ, ચેઈન કટર, એ.કે. ૪૭ રાઈફલ આવા અનેક આધુનિક ટૅક્નૉલૉજીવાળા સાધનો આ ચેતક કમાન્ડોને આપીને સજ્જ કર્યા છે અને દૃઢ મનોબળ ધરાવતા ચુનંદા અને ઝાંબાઝ અધિકારીઓને આ ફૉર્સમાં તાલીમ આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જામનગર શહેરમાં રહું છું. એના દરિયાકિનારાના અને ઔદ્યોગિક રીતે વિકસિત વિસ્તારના કિનારા ઉપર મારું રહેવાનું છે. ત્યાં લોકમુખે જે ચર્ચાઓ થાય છે અને નગરજનો જે વાત અનુભવી રહ્યા છે તે એ કે આ સરકાર દ્વારા મોટા મોટા શહેરો, આપણા સાત મહાનગરો છે એમાં સંગઠિત ગુનાખોરી નાથવા માટે અને આતંકવાદી તત્ત્વોને ડામવા માટે તેમજ ગુનેગારોના ષડ્યંત્રો ખુલ્લા પાડીને એમની સામે સખતમાં

સખત પગલાંઓ લેવામાં આવી રહ્યાં છે. અનેક ષડ્યંત્રોનો પર્દાફાસ કર્યો છે અને એ પર્દાફાસ કરીને જેલના સળિયા પાછળ આ ગુનેગારોને ધકેલી દેવામાં કોઈને શેહશરમ રાખી નથી. રાજ્યની સલામતીના સંદર્ભમાં જે પરિસ્થિતિ હતી એને નિયંત્રણમાં રાખવા માટે અનેક સિદ્ધિઓ ગૃહ વિભાગે હાંસલ કરી છે. સિદ્ધિ ગૃહ વિભાગે હાંસલ કરી છે હું અમિતભાઈને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા રાજ્યમાં, મારા જામનગરમાં અન્ય રાજ્યોના લોકો પણ રહે છે, એમાં પશ્ચિમ બંગાળના બાબુ હોય, ઉત્તર પ્રદેશના વતની હોય, દક્ષિણ ભારત કે કેરળના નાગરિક હોય, નેવી, આર્મી, એરફોર્સ આ ત્રણેય વીંગ અમારે ત્યાં જામનગરમાં આવેલી છે. આ બધી વીંગોમાં આવનારા બીજા રાજ્યના અને વિદેશીના લોકો તેમની આર્થિક પ્રગતિ અને શાંતિમય જીવન સાથે ઉન્નતિનો માર્ગ જે કંડારી રહ્યાં છે તેનું ગૌરવ લઈએ છીએ. ગૌરવની ગાથાઓ જ્યારે પોતાના વતનમાં જઈને ગાય છે અને વિપક્ષની ત્યાં ટીકા કરે છે, મારે ગૌરવ સાથે કહેવું પડે કે એમાંના મોટાભાગના બીજા રાજ્યના લોકોએ પોતાની જન્મભૂમિ, કર્મભૂમિ, વતન જામનગરને બનાવીને ગુજરાત રાજ્યમાં રહેવાનું પસંદ કરી રહ્યાં છે. ગુજરાત રાજ્યમાં બહારથી આવેલા લોકોની સાથે કેટલાક ક્રિમિનલ લોકો પણ આવેલા છે આ પ્રકારની ચર્ચા જગજાહેર છે પણ મારા ધ્યાનમાં નથી આવ્યું કે આવા લોકો ગુના કરવાની કોઈ હિંમત એમણે કરી હોય, એવા કોઈ ગુના બન્યા હોય જેના કારણે બીજા રાજ્યના ક્રિમિનલનું કોઈ અહીંયા વિશેષરૂપે પ્રદાન છે કે આતંકવાદના સંદર્ભમાં પ્રદાન છે એવું ધ્યાનમાં નથી આવતું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વિશેષ નોંધ લેવા જેવી વાત પણ આપના માધ્યમ દ્વારા કરવી છે. આપણે સૌ જાણીએ છીએ કે અગાઉ ઉદ્યોગમાં અસામાજિક તત્ત્વો અને માથાભારે તત્ત્વો એક અથવા બીજી રીતે ઉદ્યોગોના સંચાનલનમાં હસ્તક્ષેપ કરતા રહ્યાં છે અને જો આવા ઉદ્યોગો આવા તત્વોની ઈચ્છા પૂરી ના કરે, આવા તત્ત્વોનો સાથ ના લે તો હડતાલ પાડે, ઉત્પાદન બંધ થઈ જાય, નુકસાન થાય એવી અનેક પ્રવૃત્તિઓ આ બની બેઠેલા તત્ત્વો દ્વારા કરવામાં આવતી હતી. મને લાગે છે કે જુદા સ્વરૂપનું પ્રોટેકશન મનીનું સ્વરૂપ આપ્યું હતું. આજે આ ઉદ્યોગોને ચલાવવા હોય તો આવા તત્વોને સાચવવા પડે એવી પરિસ્થિતિ રાજ્યની, રાજ્યમાં આટલા બધા ઉદ્યોગો છે ત્યારે એ રહી નથી. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર આ રાજ્યમાં આવી, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું નેતૃત્વ આ રાજ્યને મળ્યું ત્યારથી છેલ્લા ૬ થી ૭ વર્ષની અંદર કાયદો અને વ્યવસ્થાની સુધરેલી સારી પરિસ્થિતિ જે છે અને સારા વહીવટના કારણે આવા તત્ત્વો ભોંભીતર થઈ ગયા છે. મહાકાય કંપની હોય અને એની અંદર એકપણ આવી ઘટના ના બનતી હોય એ આ રાજ્યનો સલામત વહીવટ સૂચવે છે. માનનીય અધ્યક્ષશ્રી, થોડીક વાત મને કરવા દો.

**અધ્યક્ષશ્રી** : આપની સમય મર્યાદા પૂરી થાય છે. મારે પણ સમય મર્યાદામાં ગૃહ પૂરું કરવાનું છે.

**શ્રીમતી વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે બે-ત્રણ વાત જ કરવી છે. ગુજરાતની અંદર લોકો પોતાના આગવા ઉત્સવો ઊજવી રહ્યાં છે. મોટા માટો ઉત્સવો ઊજવાય છે, વિશ્વનો સૌથી મોટો મહોત્સવ નવરાત્રી.

**અધ્યક્ષશ્રી** :શ્રી બાબુભાઈ શરૂ કરે તે પહેલાં મારે પાછલી પાટલીના મિત્રોને વિનંતી કરવાની કે આ ગૃહ છે. ગૃહમાં બેસીને તમે ફેકાફેક કે કેચ કરવાની પ્રવૃત્તિ કરો એ તમને શોભતું નથી. શ્રી બાબુભાઈ પોતાનું પ્રવચન આગળ કરેશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (૨૧૫૨)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ગૃહ વિભાગની માગણી ક્રમાંક ૪૨, ૪૩, ૪૪, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના મંત્રીશ્રી ૬૫ નંબરની માગણી લઈને આવેલા છે અને બંદરો અને વાહન વ્યવહાર વિભાગના મંત્રીશ્રી ૭૪ નંબરની માગણી લઈને આવેલા છે એના ઉપર હું મારી વાત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહ જાડેજા એ કદાચ રાજ્યના મંત્રીમંડળના સભ્ય હોય એ રીતે જે વાત કહેતા હતા હું એમની વાતનો દોર એટલા માટે પકડું છું કે હંમેશા પ્રદિપસિંહ જાડેજાનો દોર પકડવાનું મારા ભાગે આવે છે.

**અધ્યક્ષશ્રી** : એનો અર્થ એવો થાય કે એમનો કપાયેલો પતંગ પકડો છો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એમને એમ કહ્યું કે, માફિયા ગેંગ સુરતથી લઈને કચ્છ સુધીની વાત કરી પણ ત્યારે કદાચ શહેરોમાં હતી હવે તો માફિયા ગેંગ ગ્રામ્ય વિસ્તારમાં આવી છે. આ વખતની ચૂંટણીમાં આ માફિયા ગેંગને આ રાજ્ય સરકારે છુંટોદોર આપ્યો હોયને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી પ્રદિપસિંહજી ગંભીરતાથી સાંભળો. હું પ્રદિપસિંહજી તમને રિકવેસ્ટ કરું છું. તમારા પક્ષના મહિલા ધારાસભ્ય બોલતા હતા ત્યારે પણ તમે શાંત નથી બેસી રહ્યાં એની મેં નોંધ લીધી છે અને હવે પછી તમે આ જાતનું ઈન્ટરવિન્સ કરશો. એ તમે બોલતા હતા ત્યારે એ નથી બોલ્યા.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એટલે આ વખતની ચૂંટણીની અંદર આ માફીયા ગેંગને ખુલ્લે આમ ખુલ્લી મૂકવામાં આવેલી. એ મારા મત વિસ્તારમાં મેં અનુભવેલું છે. આ માફીયા ગેંગ ફલેગ માર્ચ કરતી હોય અને જિલ્લા પોલીસ અધિકારીને કહીએ અને કાંઈ થાય નહીં, પત્ર લખીએ છતાં અટકાયતનાં પગલાં ન લેવાય, હિંમતભેર અમે ચૂંટણી લડયા અને જીતીને આવ્યા અને માફીયા ગેંગનું ગજુ નથી કે હિંમતવાળા લોકોનો સમાનો

કરી શકે. એનું ઉદાહરણ હું આપી શકું. સ્ત્રી દાક્ષિણ્યની વાત કરી. નગરપાલિકાની ચૂંટણીમાં ભચાઉ નગરપાલિકા વિસ્તારમાં મહિલા ઉમેદવાર પૂર્વ નગરપતિ ઉપર શારીરિક હુમલા થયા અને એ બનાવની એ બહેને લેખિત ફરિયાદ આપી તેમ છતાં પણ પોલિસ એની અંદર વિનયભંગની કલમનો પણ ઉમેરો ન કરે. આ ગૃહ ખાતાની કામગીરીના નમૂના માત્ર આપવાના છે. ગ્રામ્ય વિસ્તારમાં ગુના બનતા જ નથી એવું ગૃહમંત્રીશ્રી માને છે. મારા વિસ્તારમાં બે પોલિસ સ્ટેશન આધોઈ અને ભીમાસર ભૂકંપ પછી સગવડ માટે રાપર અને સામાખિયાળીમાં ખસેડવામાં આવ્યા. મૂળ જગ્યાએ પોલિસ સ્ટેશન લઈ જવા માટે લોકોએ માગણી કરી. સામખિયાળી કે આધોઈની અંદર જરૂરિયાત હોય તો પોલીસ સ્ટેશન આપે કે મુળ સગવડ જે સરકારે આપી હતી એ લઈ લેવાની? ગુના માત્ર હાઈવે પર જ બને છે અને ગ્રામ્ય વિસ્તારમાં બનતા નથી એવું ગૃહ મંત્રીશ્રી માને છે. મારા મત વિસ્તાર સામખિયાળી અને આદેસર કે તાલુકા મથક ભચાઉ હોય એ તમામ પોલિસ સ્ટેશન હાઈવે પર હોય તો ગ્રામ્ય પ્રજાએ કોની દયા ઉપર જીવવાનું? આ ગુનાને આધારે આ વિસ્તારમાં પોલિસ સ્ટેશન સ્થાપવામાં આવેલ. તત્કાલીન એ વખતના ગૃહમંત્રીશ્રી રસિકલાલ પરીખે જરૂરિયાત સમજીને અગાઉનું પોલિસ સ્ટેશન શરૂ કરેલું. માત્ર પોલિસ તંત્રની સગવડ સાચવવા માટે ગૃહમંત્રીએ સામખિયાળીનું વ્યાજબીપણું કહેતા હોય તો કાંઈ વાંધો નથી. સામખિયાળીનું પોલિસ સ્ટેશન કઈ રીતે બનાવ્યું?, કોણે બનાવ્યું, મહેકમ કયારે મંજૂર થયું, પોલિસ સ્ટેશનનો ખર્ચ કયારે વિધાનસભામાં મંજૂર કર્યો, ખર્ચ કર્યો છે એની પૂરક બજેટમાં કયારે મંજૂરી આપી એની તપાસ થાય. પોલિસ સ્ટેશનનો ભાગ બનાવ્યો છે એનો ખર્ચ કોની પાસેથી લેવામાં આવ્યો છે. આડકતરી રીતે આ લઠ્ઠા પ્રકરણ થયું હવે તો શુદ્ધ દારૂ મળે છે એટલે લઠ્ઠા પ્રકરણની કયાં જરૂર પડે. દારૂ જોઈએ તેટલો મળે છે. આપણે દારૂની પરમિટ આપવાનું ઓફિશિયલ શરૂ કર્યું છે. ગુજરાતની પરંપરાનો છેદ ઉડાડનારી બાબત છે એ વાત દારૂબંધીની બાબત આવશે ત્યારે કહીશ.

નર્મદાની પણ આજે ચર્ચા છે. ખૂબ કહેવાનું છે પણ અમે મર્યાદા રાખીએ છીએ આપની માત્ર આપને સબંધિત જે બાબત છે એનો જ ઉલ્લેખ કરીએ છીએ. ચૂંટણીમાં માફીયા તંત્રને આપે ખુલ્લો દોર રાખ્યો એની અસર થઈ છે એટલે આપના મારફત કહેવું પડે છે. આ રાજયના પૂર્વ ગૃહ મંત્રીશ્રી રસિકલાલ પરીખે અંજલી આપતા કહેલ તેઓ ગૃહ મંત્રી હતા ત્યારે ભૂપત બહારવટિયાને પકડવા ગૃહ મંત્રી તરીકે પોતે ચોમેર ફરતા હતા. દેશ છોડીને ભૂપતને પાકિસ્તાન જવું પડયું. એવા ગૃહ મંત્રીને આપણે યાદ કરીએ છીએ. એમ કહેવાય છે કે એક સાથે ચાર- ચાર ફરિયાદ કોઈની સામે નોંધાય અંજારમાં એને પકડવા સ્ટે લઈને આવે. સ્ટે વેકેન્ટ કરવાની તૈયાર ન હોય એવું ચલાવી લેવાય. ગૃહ ખાતાના ઉચ્ચ અધિકારીની મીઠી નજર હોય એનો અહેસાસ થયા વગર રહે નહીં.

નર્મદાની વાત કરું છું. નર્મદા યોજના સમગ્ર રાજયની છે. ગયા વર્ષે આપણે ૪૧૦૦ કરોડ રૂપિયા નવેમ્બર સુધીમાં ખર્ચવાના હતા. માત્ર ૧૧૦૦ કરોડ જ રૂપિયા ખર્ચ્યા છે. એવું પ્રવૃત્તિઓની રૂપરેખાના આંકડા ઉપરથી ફલિત થયું છે. ૨૫ ટકા ખર્ચ થાય નહિ અને ૪ મહિનાની અંદર બાકીનો ખર્ચ કઈ રીતે થઈ શકે? એના કરતાં પણ કચ્છની અંદર લગભગ ૨૪૮ માઇલની બ્રાન્ચ કેનાલ આવવાની છે, એમાંથી માત્ર એક કિ.મી.નું કામ જ પૂરું થયું છે. બાકીનાં કામ ચાલુ છે. આ યોજના ઉપર હંમેશા કાઈકને કાઈક એની અંદર અડચણો આવતી હોય છે. વાઈલ્ડ લાઈફ કમિટીની તપાસ આવી. એની અંદર નર્મદા નિગમના અધિકારીઓને ધન્યવાદ આપવા જોઈએ કે એમણે ગીર સંસ્થા તરફથી જે રિપૉર્ટ આપ્યો, એના કારણે વાઈલ્ડ લાઈફ કમિટીને તો સંતોષ થયો, પણ એમ્પાવર્ડ કમિટી પાસે જવાનું બાકી છે. આ ઊભું કોણ કરે છે. આપણા જ ફૉરેસ્ટ ખાતાના જે વાઈલ્ડ લાઈફના અધિકારીઓ છે તે ઊભું કરતા આ ૨૮ કિ.મી. પાઈપલાઈન કચ્છની અંદર આવવાની છે, એના કારણે વાઈલ્ડ એસીસ છે, જંગલી ગધેડાઓ છે એની હેરફેર કરવામાં અડચણ તો નહિ આવે, એની સ્પષ્ટતા આપણે કરવાની હોય. જંગલી ગધેડાને લઈ જવા માટે, હેરફેર કરવા માટે એનો વિકલ્પ આપવા માટે આપણને પૂછવામાં આવે એના માટે જે ૭ પાઈપલાઈન સુજલામ સુફલામમાં નાખીને, તેવી ૨૩ પાઈપલાઈનોથી પાણી લઈ જઈ શકે કે કેમ, આ નહેરને ઊંચી લઈ જઈ શકે કે કેમ તેના વિકલ્પ માટે આપણે બહુ સ્પષ્ટતાથી એમની પાસે ખુલાસો કરેલ છે. આ જ ગીરની અંદરથી પૅટ્રોલિયમની પાઈપલાઈન પસાર થાય તો અડચણ ન આવે, પણ નર્મદા યોજનાની નહેર આવવાની હોય તો અડચણ આવે. આપણે ઇચ્છીએ કે અમારે ગ્રેવિટીથી પાણી જોઈએ છીએ. પૂરતા પ્રમાણમાં પાણી જોઈએ છીએ, પણ એ પાણીનું એલોકેશન થયું છે. તે એક પણ પાણીનું ટીપું ખેતી સુધી કચ્છમાં પહોંચી શક્યું નથી. ગુજરાતમાં ઘણા ભાગમાં નથી પહોંચી શક્યું. રાજસ્થાનમાં પાણી પહોંચાડવા માટે સમયસર આયોજન કરીને નહેરો ભરી દીધી છે. સૂકા વિસ્તારો સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના હોય, સુરેન્દ્રનગર જિલ્લામાં તો ઢાંકીમાં માળિયા શાખામાં પાણી આવેલ છે, ત્યાં ખેડૂતો ખેતી કરી શકે. બાકીના ઉત્તર ગુજરાતના જે વિસ્તાર હોય, કચ્છના ખેડૂતો નર્મદાનું પાણી ઝંખતા હોય. આજે આ યોજનાનો ઢાંચો છે, એની અંદર વધારો જેમાં થયો છે. એ વધારો માત્ર ૬,૦૦૦ કરોડનો વધારો એ ૫ વર્ષની અંદર થઈ ગયો હોય તો યોજના અત્યારે ૨૩૦૦૦ કરોડનો અંદાજ મૂકવામાં આવે છે કે આ યોજના પૂરી થશે ત્યારે કેટલાની થશે. અર્જુનભાઈએ ચિંતા વ્યક્ત કરી એમાં

મારો સૂર પૂરાવું છું. એના માટે થઈને યોજના ઝડપથી પૂરી થાય તે દિશાની અંદર આપણે બધા કાર્યરત છીએ. યોજનામાં રૂકાવટ આવે ત્યારે આ ગૃહ પણ એકમતે આવીને, આ આખું ગુજરાત પણ એકમત આવીને કહીએ છીએ, તે ભાવનાને યાદ રાખીએ, બિરદાવીએ. અમે આ કર્યુ, તમે નથી કર્યુ, ૬,૦૦૦, ૧૦,૦૦૦ કરોડની સામે અમે ૧૩૦૦૦ કરોડનો ખર્ચ કર્યો છે. ૧૦,૦૦૦ કરોડનો ખર્ચ થયો ત્યારે રૂપિયા ગાડાના પૈડા જેવો હતો. ૨૦ રૂપિયાની સિમેન્ટની થેલી મળતી હતી અને નર્મદામાં ૧૦ રૂપિયાની વપરાઈ છે. ડેમનું ડાયફેકિશિયન જ્યારે થયું ત્યારે સિમેન્ટની થેલીનો ૧૦ રૂપિયાનો ભાવ હતો. આજે ૨૦૦, ૨૫૦ રૂપિયાની સિમેન્ટની થેલી હોય અને ૪૦,૦૦૦ રૂપિયા ટન કરતા લોખંડ મોંઘુ હોય અને આ ૨૦૦૦ રૂપિયાના ટનના લોખંડમાં ડેમની લગભગ ૯૦ મિટર સુધીની ઊંચાઈ કરવામાં આવેલ છે. એ વાતને યાદ રાખીએ ત્યારના ૧૩૦૦૦ કરોડ રૂપિયા છે એ ૧૩૦૦ કરોડ રૂપિયા બરાબર છે, આ ૧૦,૦૦૦ કરોડની બરાબરમાં. માત્ર આ યોજના ઝડપથી પૂરી થાય. નર્મદાના ફળ ખેડૂતોને મળે, નર્મદાના પાણીથી સિંચાઈ થાય અને ઉત્પાદન વધે જેનાથી આ રાજ્યનું કરજ પેટાવવામાં મદદરૂપ થશે. હકારાત્મકથી સરકાર આ પક્ષની હોય કે આ પક્ષની, આખરે ગુજરાતની પ્રજા એની સુખાકારી માટે નર્મદા મૈયા એ આપણી તારણહાર બનવાની છે એ વાતમાં કોઈ મીનમેખ નથી. એ વાત કહેવી છે.

સાથે સાથે અહીયા વાહનવ્યવહાર વિભાગની વાત આવી છે. કોઈ સભ્યશ્રીઓ બોલ્યા નથી ત્યારે એસ.ટી. તંત્ર જે રીતે નુકસાનીમાં જાય. હંમેશા નૉન ટેક્સ રેવન્યુની અંદર વાહનવ્યવહારની આવક ભૂતકાળની અંદર આ રાજ્યની અંદર પૂરક બનતી હતી. એસ.ટી. નુકસાનીમાં જાય, પૂરક બનવા માટે આપણે ડેપોને કોમર્શિયલ ધોરણે ડેવલપ કરવાની છુંટ આપીએ. રાપર ડૅપોનું ખાનગીકરણ કરવામાં આવ્યું તેમાં કેટલા પૈસા આવ્યા? આજે પણ તપાસ કરો તો રાપર ડૅપોની દુકાનો કોન્ટ્રાકટરે આપી દીધી અને એસ.ટી. તંત્રની અંદર કેટલા રૂપિયા જમા થયા? રાપર ડૅપોની કેટલી કિંમત થાય અને તેની આકારણી કરીએ તો ચાર કરોડ કરતાં વધારે એસ.ટી.ને નુકસાની આપવામાં આવી છે. આ નુકસાની આપી તેની તપાસ કરે તેવી વિનંતી આપના મારફતે વાહન વ્યવહાર મંત્રીશ્રીને કરવાની છે.

**શ્રી યોગેશ પટેલ (રાવપુરા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વાહન વ્યવહાર મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ રાજયનો વિકાસ કરવો હોય તો તેનું વાહન વ્યવહાર અનિવાર્ય અંગ છે. તેવી જ રીતે તેના રસ્તા પણ સારા હોવા જોઈએ અને તે પણ અનિવાર્ય છે. આપણે ૧૯૯૦ પહેલાં જોઈએ તો કૉન્ગ્રેસના શાસનમાં રસ્તાઓ બહુ ખાડા ટેકરાવાળા અને બહુ ખરાબ હતા. જ્યારે તે સમયે ગુજરાતની ભૂમિ ઉપર કોઈ વિમાન ઉડતું હોય તો તેની અંદર મુસાફરો આંચકા લેતા હોય. ત્યારપછી ભાજપની સરકારે જે રસ્તા બનાવ્યા તેના ઉપરથી ચાલતા હોઈએ તો આપણને એવું લાગે કે આપણે રોડ ઉપર નહીં પણ હવામાં ઉડી રહ્યા છીએ. આજે બસ સેવા બહુ જરૂરી છે. માનનીય બાબુભાઈએ નફા નુકસાનની વાત કરી, એસ.ટી. નિગમ છે તે ખોટ કરે તો પણ નહીં કારણકે આપણા ઘરમાં કોઈ એકાદ માણસ નબળો હોય અને કમાતો ન હોય તો આપણે તેને પોષવો પડે છે. આ બસ સેવા છે તે મધ્યમ અને ગરીબ વર્ગ માટેની સેવા છે. કદાચ તેમાં ખોટ આવે તો પણ આ નિગમ ચલાવવું પડે. છેલ્લા પાંચ દાયકાથી આ એસ.ટી. નિગમ મારફતે બસ સેવા શરૂ થઈ અને આજે દરરોજ ૨૩ લાખ મુસાફરો તેમાં પરિવહન કરે છે. રોજના સવા પાંચ કરોડ રૂપિયા જેટલી આવક થાય છે. આમ, એસ.ટી. નિગમ વાર્ષિક રૂા.૧૫૦૦/- કરોડ જેટલું ટર્નઓવર કરે છે. ૨૦૦૬માં લગભગ ૩૨ ટકા આવક વધી છે. એસ.ટી.માં આજે વિદ્યાર્થીઓ, વિકલાંગો, અંધજનો અને સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે રાહતદરે આ સેવા પૂરી પાડવામાં આવે છે. જ્યારે પ્રાઈવેટ બસો ન હતી ત્યારે લગ્નની મોસમ હોય અને તે સમયે લગ્નમાં એસ.ટી.ની સેવા વાપરતા ત્યારે એક પ્રથા પડી ગઈ હતી કે એક સાઈડનું ભાડું વરરાજા તરફથી અને એક સાઈડનું ભાડુ કન્યા તરફથી ચૂકવવામાં આવતું હતું. આજે પણ આ પ્રથા ચાલે છે. છેલ્લા ત્રણ વર્ષમાં નિગમ દ્વારા ૩૭૦૦ નવી ડિઝલ બસો લાવવામાં આવી અને ૧૫૦૦ જેટલી સી.એન.જી.બસો લાવ્યા. આવતા વર્ષોમાં ૭૦૦ જેટલી બસો લાવવાની છે અને ૩૦૦ જેટલી સી.એન.જી બસો લાવવાની છે. આ સી.એન.જી. બસોને કારણે પર્યાવરણને નુકસાન ઓછું થવાનું છે. પહેલાં સાહેબ બસ પકડવા માટે બસ સ્ટેશને અને બસ ડેપો પર જવું પડતું હતું હવે તો તમે હાથ ઊંચો કરો તો બસ ઊભી રહે છે. આ કૉન્ગ્રેસ પાર્ટીનું નિશાન એવું છે કે બસ થોભો. આવું દર્શાવતું નિશાન હોય તો તેમની પાસે સાહેબ અપેક્ષા શું રાખી શકાય? એટલે ગુજરાતની જનતા ફરીથી ભાજપની સરકારને લાવી છે. ૨૦૦૭-૦૮ની વાત કરું તો ૯૮ કરોડ કિલોમીટર બસો ચાલી છે. હું સાહેબ દિલ્લીની વાત કરું તો ત્યાં બ્લુ લાઈન બસો છે. બ્લ્યુ લાઈન બસના દશમા ભાગની આ બસો નહીં ચાલતી હોય અને એનાથી જે લોકોનો ભોગ લેવાય છે એ તમે ટીવી ઉપર જોઈ શકો છો, દરરોજ એક બે માણસોને આ બ્લ્યુલાઈન બસો મારે છે, માનનીય અધ્યક્ષશ્રી, મારો પણ પહેલાં બસનો ધંધો હતો. કોઈપણ ડ્રાઈવર જો ગાડી ચલાવેને એ પહેલાં એની એ પૂજા કરે, અગરબત્તી કરે અને પછી એ ગાડી ચલાવે પણ મને લાગે છે કે આ બ્લ્યુ લાઈન બસોવાળા છે એ....(અંતરાય) આ તો સરખામણી કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય યોગેશભાઈ, આપ અત્યારે ગુજરાતની ચર્ચામાં છો, બ્લ્યુલાઈન બસનો ઉલ્લેખ આપે કરી દીધો પણ હવે એના ઉપર આપ પ્રવચન ન કરો. હા, સરખામણી કરો.

**શ્રી યોગેશ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં જેટલા એકસીડેન્ટ થાય છે એટલા ગુજરાતમાં થતા નથી, એ હું સરખામણી કરતો હતો. માનનીય અધ્યક્ષશ્રી, રિક્ષાની વાત કરું તો પહેલાં રિક્ષાઓ કેરોસીનથી ચાલતી હતી, એનાથી જે ધુમાડો નીકળતો હતો એનાથી પર્યાવરણને બહુ જ નુકસાન થતું હતું માનવજાતને પણ નુકસાન થતું હતું એટલે સીએનજીની બસો ગુજરાત રાજયમાં થવાથી પર્યાવરણને ઘણો ફાયદો થયો છે, પણ મારું એક સૂચન એ છે કે, આપણી પાસે ઘણો મોટો દરિયા કિનારો છે જો આ દરિયા કિનારાનો આપણે ઉપયોગ કરી અને ભરૂચ થી ભાવનગર સુધીની જો આપણે બોટો ચલાવીએ તો મને લાગે છે કે રસ્તા તૂટવાના ઓછા થશે અને એકસીડેન્ટ પણ ઓછા થાય અને જો માલ દરિયાઈ મારફતે દક્ષિણ ગુજરાતમાંથી સૌરાષ્ટ્ર લાવીએ તો એમાં ખર્ચ પણ ઘણો ઓછો થાય એમ છે અને આ ખર્ચો સરકાર કરે તો એ બહુ નહીંવત્ છે અને એનાથી ઘણો ફાયદો થાય એમ છે, અને પર્યટન વિભાગ વધુ ખીલે એમ છે એટલે આ પણ વિચારવા જેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર વિભાગ છે એમાં, જે રોડ ઉપર અકસ્માત થતા હતા તો હાઈકોર્ટની સૂચનાને લીધે વાહન વ્યવહાર વિભાગે હૅલ્મેટની પ્રથાનો અમલ કર્યો, એનાથી ઘણા લોકોના જે મૃત્યુ થતા હતા, એકસીડેન્ટ થતા હતા એમાં પણ ઘટાડો થયો છે એવી રીતે ઘણી સેવાઓ આ વિભાગ કરી રહ્યું છે એને હું આવકારું છું.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહ વિભાગ, નર્મદા વિભાગ અને વાહન વ્યવહાર વિભાગના માનનીય મંત્રીશ્રીઓ એમની માગણીઓ લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે અને તે વિશેના મારા વિચારો રજૂ કરવા માટે ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે જે બજૅટ રજૂ કર્યુ છે અને એમાં પણ આદરણીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ ૧૩મી વખત બજૅટ રજૂ કર્યુ છે. અને આ સમગ્ર સમય દરમિયાન ગુજરાતના વિકાસ યાત્રાએ જે સ્પીડ પકડી છે એને વધારે વેગવંતી બનાવવા માટે અને ગુજરાત સરકારનો સંકલ્પ છે કે ગુજરાત રાજયની ઓળખ જે ઔદ્યોગિક અને પ્રગતિશીલ રાજયની છે તેનાં ફળ એ છેવાડાના માનવી સુધી પહોંચે અને ગામડાના ગરીબ માણસ સુધી પહોંચે તેના માટે સર્વાંગી વિકાસનું આયોજન આ બજૅટની અંદર કરવામાં આવ્યું છે. આ બજૅટમાં જે સામાન્ય સેવાઓ છે જે માનવ વિકાસ સૂચકાંકને જે અને વધારે પહોંચાડવાની વાત આ બજૅટમાં છે. તેને માટે સામાન્ય સેવામાં ૧૮૭૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે અને ખાસ કરીને પીવાનું પાણી ગામડાં સુધી પહોંચે અને સિંચાઈની વ્યવસ્થા થાય અને ગામડાં સમૃદ્ધ બને અને હરિયાળી ક્રાંતિ ગુજરાતમાં આવે એના માટે નર્મદા વિકાસનો આપણો જે પ્રોજૅક્ટ છે એ નર્મદા વિકાસમાં સરદાર સરોવર ડૅમ બનાવવા માટે ૨૦૦૧ સુધી ૧૦૯૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો અને ૨૦૦૨ થી ૨૦૦૭ સુધીમાં ૧૪૩૧૩ કરોડનો ખર્ચ થયો એ જ બતાવે છે કે કેટલી બધી સંકલ્પબધ્ધતા એ સરદાર સરોવર ડૅમ વિશે રાજય સરકારની છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એક જ વાક્ય કહ્યું છે કે, કેવી સચોટ વાત કરી છે કે આ પાણી નહીં પારસ છે. આ એક જ વાક્યની અંદર સમગ્ર ગુજરાતનો વિકાસ, સમગ્ર ગુજરાતની હરિયાળી ક્રાંતિનો સમાવેશ થાય છે. પારસને પ્રાપ્ત કરવા માટેના પ્રયત્નો આ ગુજરાત સરકારના બજૅટમાં દેખાઈ રહ્યાં છે. કેન્દ્ર સરકારે ૧૪ નદીઓના પ્રોજૅકટને રાષ્ટ્રિય યોજના તરીકે સ્વીકારી પરંતુ દુ:ખની વાત છે કે, આ સરદાર સરોવર યોજના જે સમગ્ર વિશ્વની અંદર બીજા ક્રમે આવે છે એવો આ સરદાર સરોવર ડૅમ કે જે વિશ્વની અજાયબી બનવા જઈ રહ્યો છે એનો આની અંદર સમાવેશ કરવામાં નથી આવ્યો. ગુજરાત રાજ્ય પ્રત્યેની ઓરમાયા વર્તનની જે લાગણીઓ છે એ વધુને વધુ દઢ ગુજરાતની પ્રજામાં બનતી જાય છે. અનેક ક્ષેત્રમાં આ સ્થિતિ છે, પણ એ વાત હું નહીં કરું. રેલવે બજૅટ હોય કે પછી કોઈ પણ ક્ષેત્ર હોય, ગેસની વાત હોય કે બીજી વાત હોય દરેક જગ્યાએ ગુજરાતને કેન્દ્ર તરફથી અન્યાય કરવામાં આવે છે. આ જે દેખીતો અન્યાય છે સરદાર સરોવર ડૅમનો એ ગુજરાતની પ્રજા કયારેય ભૂલવાની નથી અને એનું પરિણામ અહીંયા પ્રાપ્ત થયું છે, ત્રીજી વાર પરિણામ પ્રાપ્ત થયું છે. ૧૪૫૦ મેગાવોટ વીજળી આ ડૅમમાંથી પ્રાપ્ત થવાની છે અને જળ ઉત્પાદિત વીજ મથકોની સ્થાપના કરવામાં આવી છે, બંને વીજ મથકો કાર્યરત થયાં છે. ૨૦૦૭નો રાષ્ટ્રિય પુરસ્કાર આ જળ વિધુત મથકોને પ્રાપ્ત થયો છે અને ખરેખર જોવા જઈએ તો આ સરકારની સાથે સાથે એ અધિકારીઓ પણ અભિનંદનને પાત્ર છે કે સતત મહેનત કરીએ આ કાર્ય તેઓએ સફળ કરેલ છે. જે વીજળીનો જથ્થો પ્રાપ્ત થયો એમાંથી ૫૭ ટકા વીજળી મધ્યપ્રદેશને જવાની છે, ૨૭ ટકા વીજળી મહારાષ્ટ્રને જવાની છે, બાકીની વીજળી ગુજરાતને મળવાની છે. આને માટેનો ફાળો રેગ્યુલર રીતે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર સરકાર આપી રહી છે એ એટલા માટે આપી રહી છે કે જે કાંઈ યોજના બની છે, અને જે કોઈ નિર્ણય કરવામાં આવ્યો છે એની પરિપૂર્ણતા રાજય સરકાર કરી રહી છે. એક પણ ફરિયાદ મધ્યપ્રદેશ કે મહારાષ્ટ્ર સરકારની આવી નથી આ પણ એક સિદ્ધિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈની વાત કરીએ તો સિંચાઈની અંદર ૧૫ લાખ હેકટર જમીનને સિંચાઈ પ્રાપ્ત થવાની છે તેમજ ૧૮૨૦૦ ગામોને પીવાનું પાણી પહોંચવાનું છે. સુજલામ સુફલામ યોજના પણ આની સાથે

સંલગ્ન કરવામાં આવી છે આ ૧૫ લાખ હેકટર જમીનને જ્યારે સિંચાઈનું પાણી પ્રાપ્ત થશે ત્યારે એક હરિયાળી ક્રાંતિ ગુજરાતમાં આવવાની છે. કૃષિ ઉત્પાદન જે અત્યારે આપણે ૯ હજાર કરોડથી ૩૪ હજાર કરોડ પ્રાપ્ત થયું છે એ બતાવે છે કે જે ૧૨૧ મીટરની ઊંચાઈ પૂર્ણ થઈ છે અને ૧૭ હજારથી વધારે કેનાલના કામો પરિપૂર્ણ થયાં છે અને સૌરાષ્ટ્ર અને કચ્છને પાણી પ્રાપ્ત થાય એ માટેની તમામ જોગવાઈઓ કરવામાં આવી છે. ૧૮૬૧ કિલો મીટરની બલ્ક પાઈપ લાઈન પીવાના પાણી માટે નાંખવામાં આવી છે અને સૌરાષ્ટ્રના છેવાડાના ગામડાઓ સુધી પાણી પહોંચાડવામાં આવ્યું છે. ૧ લાખ કિલો મીટરની આંતરિક પાઈપ લાઈનો પણ નાંખવામાં આવી છે અને ૧૩૫ શહેરોને પણ આમાંથી પીવાનું પાણી પ્રાપ્ત થવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી પણ એક વાત કરવી છે કે, આ યોજના દ્વારા પ્રવાસન નિગમને પણ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. નર્મદા ડૅમની આજુબાજુ પ્રવાસનનો વિકાસ કરવામાં આવી રહ્યો છે અને ૧૫ લાખ પ્રવાસીઓએ આ વિસ્તારની મુલાકાત લીધી છે એજ બતાવે છે કે નર્મદા ડૅમનો તમામ રીતે લોકો માટે કેવી રીત ઉપયોગ થઈ શકે એનું તમામ ધ્યાન રાખવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ અંગેની માગણીઓ છે એમાં પણ મારે બે-ત્રણ વાત કરવી છે. અહીંયા આદરણીય સિનિયર સભ્યશ્રી બાબુભાઈ શાહ કચ્છની એમના મત વિસ્તારની વાત કરતા હતા ત્યારે હું ધ્યાનથી સાંભળતી હતી પણ મારે એમાં એટલું જ કહેવું છે કે એમનો જે મત વિસ્તાર છે રાપર એ સમગ્ર કચ્છની અંદર ગૅન્ગ વોર માટે પ્રચલિત છે. વર્ષોથી તેઓ આ વિસ્તારના ધારાસભ્ય છે તો શું એ માટે આ ધારાસભ્યશ્રીની જવાબદારી બને છે? માનનીય શ્રી અર્જુનભાઈ બોલતા હતા અને બળાત્કાર કેસની વાત કરતા હતા ત્યારે હું બરાબર ધ્યાનથી સાંભળતી હતી.આ વિસ્તારના તમામ ધારાસભ્યશ્રીઓ અહીંયા બિરાજમાન છે એમને મારે એકજ પ્રશ્ન કરવો છે કે, કોઈપણ વિસ્તારમાં કોઈ ગુનો બને, કોઈ બળાત્કારનો કેસ બને, કોઈ ચોરીનો કેસ બને. કોઈ લૂંટફાટ બને, કોઈ ગેંગવોર બને એમાં શું ધારાસભ્યની જવાબદારી થાય છે? આવા એલીગેશનો, આક્ષેપો કોઈ વ્યકિતને ટારગેટ બનાવીને કરવામાં આવે છે. એ ખરેખર દુઃખદ બીના છે ગૃહની અંદર મહિલાઓનું સન્માન જળવાય એ જરૂરી છે.

ગૃહ વિભાગની વાત કરું તો માત્રને માત્ર કચ્છને લાગેવળગે છે ત્યાંસુધી જે રીતે ત્યાં ઔદ્યોગિક વિકાસ થયો છે અને જે રીતે બહારના તત્ત્વો પણ ત્યાં આવી ગયા છે તે રીતે ગુનાખોરી ડામવા માટેના તમામ પ્રયત્નો રાજય સરકાર કરી રહી છે. ગાંધીધામમાં બે પોલીસ સ્ટેશનો સ્થાપવાનું નક્કી કર્યુ છે. એક એડિશનલ ડી.એસ.પી. આપવાની માગ છે તે પણ મને ચોક્કસ ખાતરી છે કે એ પણ પરિપૂર્ણ કરવામાં આવશે. પોલીસ ડિપાર્ટમૅન્ટને તમામ સાધનોથી સજ્જ કરવામાં આવ્યું છે તેમાં એકજ વાક્યમાં ઉલ્લેખ કરું તો ટ્રાફિક કન્ટ્રોલ, સંદેશા વ્યવહાર, ક્રાઇમ કન્ટ્રોલ માટે તાલીમના સાધનો હથિયારોથી સજ્જ કરવામાં આવ્યા છે. કૉમ્પ્યુટરથી સજ્જ કરવામાં આવ્યું છે અને ખાસ કરીને પોલીસ પેટ્રોલીંગ. દરિયા કિનારે જે કોસ્ટલ પેટ્રોલીંગની વ્યવસ્થા છે એના પર પૂરેપૂરું ધ્યાન આપવામાં આવ્યું છે. અમારા સભ્ય પ્રદીપસિંહજીએ વાત કરી એ પ્રમાણે અમારા વિસ્તારની અંદર મરીન પોલીસ સ્ટેશનની સ્થાપના કરવામાં આવી છે. મુન્દ્રાની અંદર અને જામનગરની અંદર પણ બે મરીન પોલીસ સ્ટેશનની સ્થાપના કરવામાં આવી છે. અને આ પોલીસ સ્ટેશનોને તમામ અદ્યતન સાધનોથી સજ્જ કરવામાં આવ્યા છે તો હું આ જે માગણીઓ આવી છે તે તમામ માગણીઓને હું અનુમોદન આપું છું. ધન્યવાદ.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ અને બંદરો અને વાહન વ્યવહાર વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં સમર્થન માટે હું ઊભો થયો છું. ગૃહ વિભાગને હું એટલા માટે ખાસ કરીને સમર્થન આપું છું કે હું સરહદી વિસ્તારમાંથી આવું છું. હું ચૂંટાઈને ૧૦ વર્ષ પહેલાં આ વિધાનસભાની અંદર આવ્યો એ પહેલાં એ સરહદી વિસ્તારની શું સ્થિતિ હતી. ચૂંટાઈને આવ્યો એ પહેલાં અમારે ગામોગામ એક એક ગામના યુવક મંડળો બનાવવા પડ્યા. સરહદી સુરક્ષા કરવા માટેના યુવક મંડળ. એમનું કામ શું તો, બહારથી કોઈ ઘૂસપેઠિયો આવી ન જાય અને આવે તો એની તાત્કાલિક પોલીસને અને સરકારી તંત્રને જાણ કરવાની. બે - બે ચાર ચાર મહિને દ ટના એવી એક બનતી કે ત્યાંથી આર.ડી.એક્સ પકડાયો હોય. એ.કે. ૪૬ કે એ.કે. ૫૬ રાયફલ ત્યાં પકડાઈ હોય. એવું કંઈ થતું હોય. વારંવાર કોઈની કોઈ ઘટનાઓ દેશદ્રોહી તત્ત્વો દ્વારા થતી હોય. કેટલાક લોકો એવું કહેતા ત્યાં. અહીંથી કોઈ ગુનાખોરી કરીને તાત્કાલિક પાકિસ્તાન પહોંચી જઈશું. કેટલાય લોકો આ પ્રમાણેની ઘટનાના કારણે જાણેકે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જ ના હોય. કેટલાક પોલીસ અધિકારીઓ પણ આવા ગુનેગારોની ગાડીમાં ફરવાનું ગૌરવ માનતા. એવા સંજોગોની અંદર ત્યાંથી બદલાવ થઈને અત્યારે એ સ્થિતિએ આપણે પહોંચ્યા છીએ કે આજે આ ગુજરાતની ધરતી ઉપર છેલ્લાં પાંચ વર્ષની અંદર એકપણ દેશદ્રોહી તત્ત્વે એ વિસ્તારની સરહદ ઉપર પગ નથી મૂક્યો અને એટલા માટે માનનીય મંત્રીશ્રી ગૃહ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એ તમામ માગણીઓને મારે સમર્થન કરવું જોઈએ. જે દેશની સરહદ સલામત હોય એ દેશ સલામત હોય છે. ગૃહ વિભાગ શું કરી શકે. તો સરહદી સુરક્ષાનું કામ પણ રાજય સરકારનું ગૃહ વિભાગ કઈ રીતે કરી શકે. તો સૌથી પહેલાં અહીંયા શેલ્ટર આપવાવાળા લોકો જે હતા બહારથી એન્ટીનેશનલ એક્ટીવીટી કરવાવાળુ કોઈ તત્ત્વ ગુજરાતની ધરતી ઉપર આવે તો એને જે રક્ષણ આપવાવાળા તત્ત્વો હતા, એને સુરક્ષા આપવાવાળા જે

તત્ત્વો હતા, રાજય સરકારે આવા તત્ત્વો ઉપર ચાંપતી નજર રાખી, જેના કારણે આવા સરહદી વિસ્તારમાંથી આવા કેટલાય તત્ત્વોને જેલભેગાં કર્યા અને એમને પણ લાગ્યું કે નહિ અમારા ઉપર કોઈ ધ્યાન રાખવાવાળું છે જેના કારણે આ સરહદો સલામત બની છે.

આજે સૌથી આનંદનો દિવસ છે અમારા વિસ્તાર માટે કે અમારું વર્ષોનું સ્વપ્ન હતું કે, નર્મદાના પાણી અમારી ધરતી ઉપર આવે અને બે-બે ત્રણ -ત્રણ પેઢીઓ રાહ જોઈને બેઠી હતી. કેટલાક વૃદ્ધો તો એ પ્રમાણે રાહ જોઈને બેઠા હતા કે એક વખત નર્મદાજીના પાણી અમારી ધરતી ઉપર આવે. બસ, પછી યમરાજ અમને લઈ જાય તો પણ ભલે. માનનીય અધ્યક્ષશ્રી, આજે નર્મદાજીનું પાણી છેક ગુજરાતની સરહદને પાર કરતા કરતા છેક રાજસ્થાનના સીમાડે થરાદ સુધી આજે પહોંચ્યું છે. આજે આખો બનાસકાંઠા જિલ્લો હિલોળે ચડયો છે. યુવાનો એમના માબાપને લઈને નર્મદાજીની મુખ્ય કેનાલ પર લઈ જાય છે અને કહે છે કે જૂઓ આ નર્મદાજી આપણે આંગણે આવ્યા છે. વર્ષોનું સ્વપ્ન અમારું પૂરું થવા આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ૪૫૮ કિલોમીટર સુધીની જે મુખ્ય કેનાલ છે. એનું કામ ત્યાં સુધી પાણી આ અઠવાડિયામાં પહોંચે છે. આજે પાટણ જિલ્લાને ઓળંગી આખા બનાસકાંઠા જિલ્લાને ઓળંગી છેક થરાદ સુધી પહોંચે છે. થરાદની હદ સુધી પહોંચવા આવ્યુ છે. પેકેજ ૧૪માં આજે પાણી પહોંચવા આવ્યું છે. અમારા માટે ખૂબ આનંદનો વિષય છે. મારે આજે એ પણ કહેવું પડે કે ઢીમા, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું ગઈકાલે જઈને આવ્યો છું. એટલે એની કલ્પના તમે કદાચ અહીંયા નહીં કરી શકો. અને કોઈ દુ:ખીયારો માણસ હોય, વર્ષો સુધી પાણી પાણી એને...

**અધ્યક્ષશ્રી** : માનનીય શંકરભાઈ, આપ એના ઉપર રહો. માનનીય અમીતભાઈ, ખૂબ ભાવવાહી વાત કરે છે, એમના હૃદયની, એમના વિસ્તારની. (અંતરાય) એમાં આપ ન પડો. મારે મુકેશભાઈની માફક આપને એમ નથી કહેવું કે અમીતભાઈ, આપ સંસદીય વારસના વારસદાર છો.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિસ્તારના લોકોની માગણી હતી. એ લોકો નહીં સમજી શકે, એમની જે કલ્પના છે એ નહીં સમજી શકે. અમારે તો,

ત્વમેવ માતા, ચ પિતા ત્વમેવ: ત્વમેવ બંધુ, ચ સખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા, દ્રવિડં ત્વમેવ, ત્વમેવ સર્વમ્ મમ્ દેવ દેવ:

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાજીને માતૃભાવથી પૂજવાવાળો આ વિસ્તાર છે. ત્યાં નર્મદાજીનું પાણી જયારે પહોંચ્યું છે ત્યારે આ ભાવના વ્યકત કર્યા સિવાય હું રહી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે મને એ બાબતનો પણ આનંદ થાય કે અત્યારે બ્રાન્ચ કેનાલોનું મોટા ભાગનું કામ, છએક બ્રાન્ચ કેનાલો સિવાયનું મોટા ભાગનું કામ પૂરું થવા આવ્યું છે. હવે આગળની ઢીમા, ગડસીસર, માડકા બ્રાન્ચ કેનાલોનું કામ એ પણ ટેન્ડરની પ્રોસીજરમાં છે, ત્યારે મને લાગે છે કે આ કામ થયા પછી ડીસ્ટ્રીબ્યુટરી માઈનોર અને સબ માઈનોરનું કામ અને એ કામ પણ નેટવર્ક પ્લાનિંગનું કામ એ વાફકોસ ઈન્ડિયા નામની સંસ્થાને સરવે માટે આપ્યું છે અને એ સંજોગોમાં હું માનું છું કે હવે આ પૈસા જેટલા પણ નર્મદાની નહેરો આ નર્મદાનું કામ, નેટવર્ક પ્લાનિંગના કામમાં આપણે આપીએ તેટલા ઓછા છે, એવા સંજોગોમાં મારે એક બે સજેશન પણ કરવાં છે.

અત્યારે નેટવર્ક પ્લાનિંગનું કામ ચાલી રહ્યું છે, એની અંદર રાધનપુર બ્રાન્ચ કેનાલનું ૬૦ હજાર હેકટર જેટલું પ્લાનિંગ જે કરવાનું છે, સરવેનું કામ, એની અંદર ૩૫ હજાર હેકટરનું કામ લગભગ પૂરું થયું છે. આ બાકીનું કામ પણ સમય મર્યાદાની અંદર થાય એના માટે મારી એક વિનંતી હતી. સાથે સાથે એ પણ મારે સજેશન કરવું છે કે એક વાર નેટવર્ક પ્લાનિંગનું કામ કર્યા પછી વન સ્ટેજ, ટુ સ્ટેજ, થ્રી અને ફોર એમ એક એક સ્ટેજનું કામ પૂરું થઈ ગયા પછી નર્મદા નિગમે એને માન્યતા આપવાની હોય છે કે આ કામ બરાબર છે. આ કામ હવે કમ્પ્લીટ છે. અને ડિઝાઈન જોઈ અને નકશા જોયા. નકશા અને ડીઝાઈન જોઈ લીધા પછી આગળના સ્ટેજનું કામ કરતા હોય છે. એવા સંજોગોમાં મોટા ભાગનું સ્ટાફની પાસે કામ અત્યારે હાલ નર્મદાની કેનાલો માટેનું કામ હોય ત્યારે એક સબ ડિવિઝન નેટવર્ક પ્લાનિંગ માટેનું કામ જો અલગ થાય તો આ કામ પણ સાથે સાથે સ્પીડી થઈ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, બાકી કસ બ્રાન્ચ કેનાલનું કામ સોળેક કિલોમીટર જેટલું પૂરું થવા આવ્યું છે. આગળનું કામ અને ત્યાં આગળ એક પમ્પીંગ સ્ટેશનનું કામ અને એ કામ માટેના ટેન્ડરની પ્રોસીજર જે પડી છે એને પણ જો હવે અલગથી જ કસ બ્રાન્ચ કેનાલ માટેનું ડિવિઝન છે, એને એના અંતર્ગત ચાલુ થશે, તો હું માનું છું કે સૌથી વધારે કામ હશે. પ્લાનિંગ અને ડિઝાઈન બાબતમાં મારું એક સજેશન એ હતું કે રાધનપૂરથી કરીને કેટલોક વિસ્તાર છે, એ ફલડ પ્રભાવી એરિયા છે અને એમાં કેનાલ બન્યા પછી જે ફલડનું પાણી આવતું હોય એ બન્ને અવરોધરૂપ ન થઈ જાય એટલા માટે એ ડિઝાઈનમાં આ બાબતનું પણ ધ્યાન રાખીએ. કેટલીક જગ્યાએ એકસ્પ્રેસ હાઈવે અને મોટા મોટા રસ્તા જે બની રહ્યા છે એમાં પણ પહેલેથી પ્લાનિંગ કરીને કેનાલો માટેની જગ્યા ત્યાં આગળ રાખી દઈએ અથવા તો કેનાલ સ્પીડી ત્યાં આગળ થઈ શકે તો ફરી રસ્તો તોડીને કામ ન કરવું પડે એટલા માટે પણ ડીઝાઈન પ્લાનિંગની અંદર ધ્યાન રહે તો વધારે સારું રહેશે.માનનીય અધ્યક્ષશ્રી, આજના તબકકે મારે આ બધી કામગીરી જે ઝડપી ચાલી રહી છે, જે અમારી વર્ષોથી માગણી હતી એ નર્મદાનું પાણી આવતાંની

સાથે જ જમીન ૫ હજાર, ૧૦ હજાર કે ૨૫ હજાર રૂપિયે વીઘો લેવા કોઈ તૈયાર નહોતું એ જમીન મારા વિસ્તારમાં આજે ૫૦ હજાર રૂપિયે વીઘો મળતી નથી એવી સ્થિતિ નિર્માણ થઈ છે. ખેડૂતોનું આર્થિક સ્તર સુધરે એ માટે આપણે બધા તૈયાર થયા છીએ. નર્મદાનું પાણી આવતાંની સાથે સાથે આર્થિક રીતે ખેડૂત સધ્ધર થશે એટલું જ નહીં, પરંતુ એની જીવન પધ્ધતિ પણ બદલાઈ જશે. બે બે વખત નર્મદાનું પાણી બનાસ નદીમાં અને કેટલુંક પાણી સુજલામ્ સુફલામ્ યોજનાની કેનાલમાં નાંખ્યું એના કારણે ધરતીમાં પાણી પહોંચ્યાં અને જે સૌથી સૂકો પ્રદેશ ગણાતો હતો એવા રાધનપુરની એ.પી.એમ.સી.માં આજે ૩૦૦ કરોડ રૂપિયા જેટલી કિંમતનો માલ આવતો થયો છે એ એક ઐતિહાસિક ઘટના છે. અમારા માટે કયારે પણ આવડું મોટું સ્વપ્ન જોયું નહોતું. જીરું અને રાયડાના પાકનું ઉત્પાદન હોય અને એના પોષણક્ષમ ભાવના કારણે ખેડૂતો જે દેવામાં આવી ગયા હતા એમને એમાંથી બહાર આવવાનો સરસ મોકો મળ્યો છે. મારે એ પણ કહેવું છે કે આ ગૃહે નર્મદા માટે વિભાગને જોઈએ એટલાં નાણાં સર્વસંમતિથી આપવા જોઈએ કારણ કે અમારા વાવ, સાંતલપુર, રાધનપુર અને સમી જેવા વિસ્તારના ખેડૂતોને નર્મદાનાં પાણી એમના ખેતરોમાં પહોંચે એની રાહ જોઈને બેઠા છે, સરહદી વિસ્તારના ખેડૂતો એની રાહ જોઈને બેઠા છે ત્યારે આ વિભાગની માગણીઓને હું મારું સમર્થન આપું છું.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા (વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૪૨, ૪૩, ૪૪, ૬૫ અને ૮૪ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની અનેક કામગીરી ઉપર રાજય સરકાર દેખરેખ રાખી રહી છે. રાજયમાં બનતા ગુનાઓને નેસ્તનાબૂદ કરવા માટે રાજયનું ગૃહ વિભાગ સક્ષમ છે. રાજયનું ગૃહ વિભાગ આધુનિક સુસુવિધાઓથી સુસજ્જ બન્યું છે. ખાસ કરીને દેશ અને દુનિયામાં બનતા બનાવો અને રાજયમાં બનતા બનાવોમાં એને ચેક કરીને, એનું એનાલિસીસ કરવા માટે રાજય સરકારે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની શરૂઆત કરી છે. આ લેબોરેટરી રાષ્ટ્રમાં નંબર એક લેબોરટરી છે અને આ લેબોરેટરી ઈન્ટરનેશલ રેકગ્નાઈઝેશન ઈન્વેસ્ટીગેશન સાથે પૂરવાર થયેલ છે. આ એફ.એસ.એલ. લેબોરેટરી છે, જે ફરતી લેબોરેટરી છે, મોબાઈલ ઈન્વેસ્ટીગેશન પણ ફરતી લેબોરેટરી દ્વારા થયાં છે. એશિયાના નિષ્ણાતોએ પણ આપણી આ એફ.એસ.એલ. લેબોરેટરીને, એની ફેસેલિટીને ઈન્ટરનેશલ કક્ષાનું રેકગ્નાઈઝેશન આપ્યું છે. હું એક વાત કરવા માગું છું કે ઓસ્ટ્રેલિયામાં ગુજરાતના ૩ યુવાનો એક ઘરમાં બળીને ભડથું થઈ ગયા હતા. ઓસ્ટ્રેલિયાની સરકારે વિચાર્યુ કે આ વિદ્યાર્થીઓ બળીને ભડથું થઈ ગયા છે તો એમની સાચી ઓળખ થાય. તો તેમણે આપણી આ એફ.એસ.એલ.નો કોન્ટેકટ કર્યો, એ યુવાનોના મા-બાપનો કોન્ટેકટ કર્યો અને આપણા મુખ્યમંત્રીશ્રી અને ગૃહ વિભાગના મંત્રીશ્રી દ્વારા એનો ટેસ્ટ રિપોર્ટ ઓસ્ટ્રેલિયાની સરકારને એટલે કે મેલબોર્નના સત્તાવાળાઓને મોકલી આપવામાં આવ્યો.અને ત્યાં જે ઓળખ થઈ છે તે આ એફ.એસ.એલ. લેબોરેટરીઝનું એક રેકોગ્નાઈઝેશનનું મોટું કારણ છે. આપણા ગુજરાતી સમાજે આ માટે મુખ્ય મંત્રીશ્રી અને ગૃહ મંત્રીશ્રીનો આભાર માન્યો છે. ભારત સરકારનું નેશનલ બોર્ડ ઓફ કેલીબરેશન એન્ડ લેબોરેટરીઝ તરફથી આ એફ.એસ.એલ.ને માન્યતા મળી છે. એફ.એસ.એલ.ને કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ રીસોર્સ સેન્ટર તરીકે જાહેર કરવામાં આવ્યું છે. એફ.એસ.એલ.ની આંતર રાષ્ટ્રીય કક્ષાની કામગીરી જોઈને ગુજરાત યુનિવર્સિટીમાં પણ એમ.એસ.સી.માં ફોરેન્સીક સાયન્સનો કોર્ષ શરૂ કરવામાં આવનાર છે. આ લેબોરેટરીની સજજતા માટે ૨૬ કરોડ રૂપિયા જેટલો આવતા વર્ષમાં ખર્ચ થશે. એફ.એસ.એલ.ની ઘણી સિદ્ધિઓ છે. નાર્કો એનાલીસીસ, ઓપરેશન થિયેટર પણ આ લેબમાં શરૂ કરવામાં આવ્યું છે. સાયકોલોજીકલ પ્રોફાઈલીંગ પણ અહીંયા થાય છે, ડી.એન.એ. ફીંગર પ્રીન્ટનો ટેસ્ટ પણ થાય છે. બેંઈન ફીંગર પ્રીન્ટ, વોઈસ આઈડેન્ટીફીકેશન, સાયબર ક્રાઈમ અને ચર્ચાસ્પદ કેસો પણ આ એફ.એસ.એલ.માં આવ્યા છે. અમરમણી ત્રીપાઠી કેસ હોય, તેલગીનો નાર્કો એનાલીસીસ ટેસ્ટ હોય, અનાર ગુપ્તા કેસ હોય કે મીઠા કાંડના આરોપીઓનો એનાલીસીસ કેસ આ લેબમાં એનાલીસીસ માટે અને બ્રેઈન મેપીંગ માટે આવ્યા છે. આ એફ.એસ.એલ. દ્વારા કેન્દ્ર તથા અન્ય રાજયોના ૭૦૦ કરતા વધારે કેસ આ લેબોરેટરીમાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે. પછીથી મારે કોઈ બીજા સભ્યને અન્યાય કરવો પડે તેના કરતાં સમયનું આપણે બધા પાલન કરીએ. શ્રી જેઠાભાઈ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહ વિભાગની જે માગણીઓ લઈને માનનીય ગૃહ મંત્રીશ્રી આવ્યા છે તેમાં મારો સંપૂર્ણ ટેકો આપું છું અને અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ માટે ૨૦૦૭-૦૮ની અંદર ૧૭૫ કરોડની જોગવાઈઓની સામે આ વર્ષે ૧૬.૮૧ ટકાના વધારા સાથે ૨૦૪ કરોડ ૬૫ લાખની જોગવાઈ કરવામાં આવેલી છે. મારા મિત્રો બોલે છે, પણ હું બોલીશ તો હમણાં ઉભા થઈ જશે. કારણ કે ગૃહ વિભાગ ઉપર હું જયારે બોલતો હોઉં ત્યારે એમના કરતાં મને વધારે ખબર છે કે ગૃહ વિભાગમાં શું ચાલે છે. કારણ કે હમણાં થોડા દિવસ પહેલા જયારે ચૂંટણી ગઈ, એક જ દાખલો આપું છું, આ ચૂંટણી દરમિયાન ગુજરાતમાં જે પોલીસ અધિકારીઓ હતા તે પોલીસ અધિકારીઓનું મોરલ બગાડવાનું કામ, મોરલ નીચું લઈ જવાનું કામ કોઈએ આ દેશમાં કર્યુ હોય તો સૌથી પ્રથમ આ કોંગ્રેસના મિત્રોએ કર્યુ છે. ગુજરાતમાં પી.સી. પાંડે જેવા કોઈ પોલીસ અધિકારી સાહેબ આજ સુધીમાં થયા નથી અને થશે નહીં, તેવા અધિકારીઓને બદનામી આપી અને ખોટું કામ કરી અને એમનું મોરલખ ડાઉન કરવાનું કોઈએ કામ કર્યુ હોય તો

આ કોંગ્રેસના મિત્રોએ કર્યુ છે. મારે પૂછવું છે કે એમની ભરતી શું ભારતીય જનતા પાર્ટીના રાજમાં થઈ હતી? શું એમની ભરતી નરેન્દ્ર મોદીના રાજમાં થઈ હતી? જયારે કોંગ્રેસની સત્તા હતી ત્યારે પણ એમણે કામ કર્યુ છે. તો આવા પોલીસ અધિકારીઓનું મોરલ ડાઉન કરવા માટેનું કોઈ કામ કરતું હોય તો એ સામી પાટલીએ થયું છે. આ પાટલી ઉપર હોય કે પેલી પાટલી ઉપર હોય, પણ સૌથી વધારે સારી રીતે કાયદો અને વ્યવસ્થાની વાત કરવી હોય તો એમને બન્ને બાજુથી સપોર્ટ કરીને ગુજરાત પોલીસને અભિનંદન આપીને જો કામ લેવામાં આવે તો ગુજરાતની પ્રજા માટે શાંતિ જળવાઈ રહે. ગુજરાત રાજય એ સરહદી રાજય છે, પાકિસ્તાનની સરહદ ઉપર આવેલું રાજય છે, હું થોડીક વાત એમના માટે કરીશ, કે જયારે આ ગુજરાત મહાત્મા ગાંધીજીના નામે ઓળખાય, પોરબંદર મહાત્મા ગાંધીજીની જન્મ ભૂમિ, પોરબંદરની અંદર કોંગ્રેસના શાસનમાં કેવા કૌભાંડો થતાં હતા, કેટલી હત્યાઓ થતી હતી તેનો જો ઈતિહાસ જોવામાં આવે તો પોરબંદરમાં કોઈ જવાનું નામ નહોતું લેતું.આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકાર આવ્યા પછી પોરબંદરમાં એકદમ શાંતિ છે, ત્યાંની પ્રજા શાંત છે જે રીતે પોરબંદરને આગળ લઈ જવાનો પ્રયત્ન કર્યો છે. (અંતરાય) માનનીય અર્જુનભાઈ બેઠા બેઠા હસે છે ત્યારે એમને મારે કહેવું છે કે એ વખતનું પોરબંદર અને આજના પોરબંદરને જૂઓ તો ખરા કઈ સ્થિતિમાં છે એ જોશો તો અહેસાસ થશે. ત્યારપછી કોંગ્રેસના શાસનમાં રઉફ વલ્લીઉલ્લા હત્યાકાંડ થયો, માનગઢનો હત્યાકાંડ થયો, રાધિકા જીમખાના હત્યાકાંડ થયો, ડબગરવાડ હત્યાકાંડ થયો, ગોલાણા હત્યાકાંડ થયો, વિજ્યનગર હત્યાકાંડ થયો. આ બધા હત્યાકાંડો એમના વખતમાં થયા હતા. અશોક મોદીનો હત્યાકાંડ એમના વખતમાં થયો હતો ત્યારે પણ આજ પોલીસ હતી અને આજે પણ એ જ પોલીસ કામ કરી રહી છે ત્યારે •(xxxxxx) .(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય ખુમાનસિંહજી, આપ બોલવાનું ચાલુ રાખશો તો મારે બહાર જવાનું કહેવું પડશે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : મારા મિત્રો ગરમ થઈ જાય છે પરંતુ મારે સ્પષ્ટ કહેવું પડે છે. હું આ ખાતામાંથી આવ્યો છું ત્યારે આખા ગુજરાતની પોલીસ ગૌરવ લે કે આ વિભાગનો એક માણસ વિધાનસભામાં ગયો છે તેવે વખતે મારે એમનો અવાજ રજૂ કરવો જ પડે. આ લોકોએ જે કામો કર્યા છે એવી (xxxxxx) સરકાર આ રાજયમાં આવશે નહિ. તે વખતે દારૂ અને જુગારના અડ્ડાઓ ચાલતા હતા, એ દારૂ અને જુગારના અડ્ડાઓવાળા અત્યારે ભૂગર્ભમાં જતાં રહ્યા છે અથવા તો ગુજરાત છોડીને બહાર જતા રહયા છે એવું ગુજરાતની પોલીસ કામ કરી છે ત્યારે ગુજરાતની પોલીસને, માનનીય મુખ્યમંત્રીશ્રી અને હોમ મિનિસ્ટરને મારા તરફથી અભિનંદન આપવા માગું છું.(સમય સૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : માનનીય જેઠાભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય બાબુભાઈના મત વિસ્તારની અંદર (અંતરાય) ગુનાખોરી અને ગુનાહિત પ્રવૃત્તિઓ છાવરવાની કોશિશ કોંગ્રેસના શાસનમાં થતી હતી. લતીફ તો આજે આ દુનિયામાં છે નહિ. માનનીય ફારુકભાઈ.....

**અધ્યક્ષશ્રી** : માનનીય બાવકુભાઈ...

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ (બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તથા બંદરો અને વાહન વ્યવહાર વિભાગની માગણી ક્રમાંક ૪૨,૪૩,૪૪,૬૫ અને ૭૪ લઈને મંત્રીશ્રીઓ આવ્યા છે ત્યારે મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

આ સન્માનનીય ગૃહના મારા સાથી સદસ્યશ્રીઓ બોલી રહ્યા હતા ત્યારે ધ્યાનથી હું સાંભળતો હતો. એમણે વાહન વ્યવહારના ખૂબ વખાણ કર્યા પરંતુ હાથ ઊંચો કરો અને બસ ઊભી રહે પરંતુ ગામડાંમાં હાથ ઊંચોને ઊંચો રહે છે બસ આવતી જ નથી. આપણી દીકરીઓને અભ્યાસ કરવા માટે ફ્રી પાસ આપવામાં આવી છે તે ફક્ત સાદી બસમાં જ માન્ય રાખવામાં આવે છે. સેમી બસ કે લકઝરી બસમાં એ માન્ય નથી. તેથી મંત્રીશ્રીને વિનંતી કરવાની કે બધી બસમાં ફ્રી કરે.

મારી સામે બેઠેલા મિત્ર પ્રદીપસિંહજી વાત કરતા હતા કે ગુજરાતની અંદર ગુન્હાઓમાં આટલો ઘટાડો થયો. દેશની સાથે ગુનાની સરખામણી કરવામાં આવે છે. એમાં બિહાર અને ઉત્તર પ્રદેશની સાથે સરખામણી કરવામાં આવે છે પરંતુ ૧૯૯૯ થી ૨૦૦૧ની સાલમાં આ રાજયમાં ફક્ત ત્રણ ટકા જ ગુનાઓ બન્યા હતા જે અત્યારે ૧૧ ટકાએ પહોંચ્યા છે. આપણા રાજયની સાથે અગાઉના વરસો સાથે સરખામણી કરો તો ખ્યાલ આવશે. આ રાજયમાં સંમેલનો બોલાવવામાં આવે છે ત્યારે કહેવામાં આવે છે કે તમને કોઈ તકલીફ હોય તો મને ટપાલ લખજો પરંતુ ગિરનાર જેવા પવિત્ર સ્થળે ચાંદની ઉપર બળાત્કાર થયો.અને રાજય સરકારે એવી જાહેરાત કરી હતી કે ૨૪ કલાકમાં અમે ગુનેગારોને પકડી લઈશું. આજે ૩૦૦ દિવસ ઉપર થવા છતાં ગુનેગાર પકડાયો નથી. આ રાજયમાં કાયદો અને વ્યવસ્થા કેવી છે, રાજકોટમાં પૂજા ચૌહાણ નામની એક આપણી બેન જેને ફક્ત આંતરવસ્ત્રો પહેરીને ન્યાય માટે રાજકોટની બજારમાં રખડવું પડે. આ દેશમાં શરમજનક ઘટનાઓ બને છે એ કાયદો અને વ્યવસ્થા કેવી છે આ તેનો નમૂનો છે. આ રાજયની અંદર જ્યારે અર્જુનભાઈ બોલતા હતા,

• **(xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

વલ્લભભાઈનું અને પોપટભાઈનું ખૂન થયું ત્યારે બધાં બહુ ઉંચા-ઉંચા થતાં હતા. પણ મારે કહેવું છે કે આ રાજયમાં રાજકોટ યુવા જિલ્લા ભાજપના પ્રમુખ વિનુ શીંગાળા, નિલેશ રૈયાણીની હત્યા કઈ સરકારમાં થઈ? શા માટે થઈ? રાજયમાં આઝાદી પછી જે બે-ત્રણ શ્રેષ્ઠ ગૃહમંત્રીઓ ગણાય એમાંના એક ગૃહ મંત્રી •(xxxxx)

**અધ્યક્ષશ્રી** : શ્રી બાવકુભાઈ, જે વસ્તુ અર્જુનભાઈને લાગુ પડે છે એ વાત આપને પણ લાગુ પડે છે. એ કેસ સબજયુડિસ છે. હત્યા થઈ એ વાત સુધી હું નથી બોલ્યો. આપ એ વિષયને બાજુ પર મૂકીને બાકીના વિષય ઉપર આગળ જાવ.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, ગોંડલમાં આજની તારીખે પોલીસરાજ ચાલે છે. જે નવા ચૂંટાયેલા ધારાસભ્યો છે, કાર્યકરો છે, રાજયના આ વિસ્તારના લોકો છે તેને પી.એસ.આઈ. એમ કહે છે કે તમે ભલે જીતી ગયા પણ હું તમને ગમે ત્યાં ફીટ કરી દઈશ. આવી પરિસ્થિતિ આજે ગોંડલમાં ચાલી રહી છે. મારે દુ:ખ સાથે કહેવું છે કે પોલીસનું જે વેલ્ફેરફંડ છે, આમાંથી વી.આઈ.પી. લોકો માટેની સ્કોર્પિયો લઈને આ વેલ્ફેર ફંડ વાપરવામાં આવે છે. અગાઉ તમામ લોકોએ સાંભળેલું હશે. આ રાજયમાં કેટલાય લોકોએ કહેલું છે કે શિક્ષકો ગુનો કરતા બહુ ડરે પણ શિક્ષકો પણ ગૃહ વિભાગની પકડ ઓછી થવાથી આ રાજયમાં ગુરુ પણ વરૂ બન્યા અને શિક્ષણધામ પણ સેકસધામ બન્યા છે. આવી પરિસ્થિતિ આ રાજયમાં કાયદો અને વ્યવસ્થાની થઈ છે. જે આ રાજયનું પાટનગર છે, ગાંધીનગર. ગાંધીનગરમાં છ મહિનામાં ૮૫ ચોરીઓ થઈ છે. રાજયનું પાટનગર ગાંધીનગર પણ સલામત નથી આવી પરિસ્થિતિ આ રાજયમાં થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં વાત થતી હતી દારૂની અને મારા સાથી મિત્ર એમ કહેતા હતા કે લઠ્ઠાકાંડ થયો નથી. રાજયમાં દરરોજ ઓછામાં ઓછી ૫૦ ટ્રક દારૂ આવે છે અને દારૂના અનેક મોટા ભઠ્ઠા ચાલે છે. હું ખાતો નથી અને ખાવા દેતો નથી પણ આ ૫૦ ટ્રક દારૂ કયાંથી આવે છે? દારૂના ભઠ્ઠા કઈ રીતે ચાલે છે? કોની દેખરેખ નીચે ચાલે છે અને કયાં સુધી તેના હપતા પહોંચે છે? આવી રીતે દારૂની છુંટછાટથી રાજયનું યુવાધન પણ બગડી ગયું છે અને દારૂ તરફ વળ્યું છે. ત્યારે આ બાબતે પણ રાજયમાં પકડ રહી નથી. પોલીસની પાસે કેવી કામગીરી કરાવવામાં આવે? પોલીસની પાસે વિધાનસભામાં પ્રશ્ન પૂછવાના ધારાસભ્યના કોરા ફૉર્મ હોય, આમાં એસ.પી., પી.એસ.આઈ. અને પી.આઈ. દ્વારા આ રાજયના ગૃહ વિભાગ દ્વારા કોરા ફૉર્મમાં ધારાસભ્યોની સહી કરાવવાની કામગીરી સોંપવામાં આવે એને શરમજનક ઘટના કહેવાય. આ પ્રશ્ન ગઈ વિધાનસભામાં દાખલ પણ થયેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં ગુનેગારોને કેવી કેવી સગવડ મળે છે, જુનાગઢમાં ગુનેગારો બિમારીના નામે બહાર નીકળે. રાત્રે ફાર્મ હાઉસમાં રહે અને સવારે પાછા આવે. આ જ ગુનેગારો પાછી રાજય સરકારની માનતાઓ પણ કરે કે રાજય સરકાર ત્રીજી વખત આવી એટલે હું માનતા કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થાય છે. આપનું પ્રવચન ચાલુ રહે છે.

**વિરામ- સવારના ૧૦-૩૦થી ૧૧-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી બાવકુભાઈ ના. ઊંઘાડ** : (ક્રમશ:) માનનીય અધ્યક્ષશ્રી, હું કાયદો અને વ્યવસ્થાની વાત કરી રહ્યો હતો. આ રાજયમાં આ સન્માનનીય સભ્ય ઉંઝા માર્કેટ યાર્ડના ચેરમેન જેમણે માર્કેટ યાર્ડની અંદર આવતા ખેડૂતોની સલામતી માટે, જાગૃતિ માટે છાપાઓની અંદર જાહેરાત આપવી પડે અને ખેડૂતોનું ધ્યાન દોરવું પડે કે આ રાજયમાં ડફેરો, ચોરો, લૂંટારાઓ અને ચોરીઓ ખૂબ વધી ગઈ છે. તો તમે એનાથી સચેત રહેજો. એટલે આ એક જ મુદ્દાથી જ ખબર પડી જાય કે રાજયની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કેવી છે? આપણે આ રાજયની અંદર જે ધાર્મિક સંસ્થાઓ છે, આ ધાર્મિક સંસ્થાઓની જે સુરક્ષા છે, આ સુરક્ષા કરવામાં પણ ગૃહ વિભાગ નિષ્ફળ ગયો છે. ૭૦૦ મંદિરોમાં ચોરી થઈ છે, ૭૪ મંદિરોમાં ધાડ પડી છે. મંદિરોમાં સંતો, મહંતો, પૂજારીઓ અને ચોકીદાર જેવા સો લોકોની હત્યા થઈ છે. એક લાખ ગૌવંશની કતલ થઈ છે. મારે આ વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, આ રાજયમાં જે હોમગાર્ડના ભાઈઓ છે..

**અધ્યક્ષશ્રી** : આપ જાણ કરો.. આપના ધારાસભ્યો, આપના મંત્રીઓ..

**શ્રી બાવકુભાઈ ના. ઊંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે હોમગાર્ડના ભાઈઓ છે એમનું વેતન સો રૂપિયા કરવું જોઈએ અને અંગ્રેજોના સમયના હથિયારો આ રાજયની પોલીસ પાસે છે તો તેમને અતિ આધુનિક હથિયારો આપવા જોઈએ. હમણાં જ બે દિવસ પહેલાં પાટણમાં એક અધિકારીને ફોન કરીને મેં પૂછયું. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, પાટણ જિલ્લામાં એકપણ રિવૉલ્વર નથી. ચાર રિવૉલ્વર છે એ કન્ડમ થઈને પડી છે. અંગ્રેજોના સમયના હથિયારો છે અને એ પણ પૂરા નથી. આ રાજયમાં એક હજાર પી.એસ.આઈ. અને આઠ હજાર કૉન્સ્ટેબલોની ઘટ છે. મહેકમમાં પણ પૂરી ભરતી થઈ નથી. આ મહેકમ પણ આઝાદી પહેલાંનું છે. આ રાજયમાં વસ્તી વધી, ઉદ્યોગો વધ્યા, ટ્રાફિક વધ્યો, ગુનાખોરીનું પ્રમાણ વધ્યું, ૩ ટકાથી ૧૧ ટકા થયું. વી.આઈ.પી. લોકોની

• (xxxxxx) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

સેવામાં મોટા ભાગની પોલીસ રોકાઈ છે અને મહેકમ પણ ખૂબ ઓછું છે. આઝાદી પહેલાંનું મહેકમ છે આ વધારવું જોઈએ.(અંતરાય) આ રાજયની અંદર જે પોલીસને પગારો આપવામાં આવે છે, આ પગારોની અંદર પણ પોલીસના નાના કર્મચારીઓના પગારો ખૂબ ઓછા છે એમાં વધારો કરવો જોઈએ. બે-ત્રણ દિવસ થયા. એક ખૂબ ગંભીર બનાવ અંગે આ રાજયમાં ચર્ચા થઈ રહી છે કે, આઈ.પી.એસ. અધિકારીની ગાડીમાં અમૂક માણસો ગન લઈને ફરી રહ્યા છે અને આ સમગ્ર રાજયની અંદર ચર્ચાનો વિષય છે. શા માટે ફરે છે? કોણ ફરે છે તે પણ એક તપાસનો વિષય છે. ધ્રાંગધ્રાની અંદર એક બનાવ બન્યો. સ્કૂલો અને કૉલેજોમાં આપણી દીકરીઓ સલામત નથી. આવી ગંભીર પરિસ્થિતિ થઈ રહી છે. રાજયમાં, સૌથી ધનવાન અને અને નામચીન ગુનેગાર પોલીસ અધિકારી •(xxxxx) (xxxxx) (xxxxx) જે વડોદરા પોલીસે.. ..

**અધ્યક્ષશ્રી** : આપ નામ ના બોલો જે હાજર ના હોય એમનું નામ ના દેવાય.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નામ નથી બોલતો.

**અધ્યક્ષશ્રી** : શ્રી બાવકુભાઈ, એ નામ હું કાઢી નાખું છું. નહીં અને આટલું સરળતાથી ના લો, આપ સિનિયર સભ્યો છો, હું આપને કહુ છું કે આપને કહેવાનો અધિકાર છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : હું પાછું ખેંચી લઉ છું.

**અધ્યક્ષશ્રી** : આપ જે વિષય ઉપર કહો છો એ ચોક્કસ કહો પણ નામ વિના કહો.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ નામ પાછું ખેંચી લઉ છું. માનનીય અધ્યક્ષશ્રી, આ ગુનેગારને છોડાવવા માટે એની ફાઈલ ૩૦ મિનિટમાં મૂવમેન્ટ થઈ અને ૩૦ મિનિટમાં તો આ ફાઈલ પૂરી થઈ ગઈ અને છતાંય એમ કહેવાય કે હું ખાતોય નથી અને ખાવા દેતોય નથી. અમદાવાદની અંદર શેરીએ અને ગલીએ દારૂ વેચાય છે. જે અમદાવાદ શહેરમાં ગૃહમંત્રી રહેતા હોય, મુખ્યમંત્રી ચૂંટાયેલા હોય, ગૃહમંત્રી ચૂંટાયેલા હોય અને આ દારૂ કઈ રીતે ચાલે છે, કઈ રીતે વેચાય છે? ખૂબ ગંભીર બાબત એ છે કે રાજયનું સી.આઈ.ડી. વિભાગ છે, રાજયના જે બાતમી આપવા માટેનો જે વિભાગ જે આમાં આપણે સંપૂર્ણ નિષ્ફળ ગયા છીએ, આ સરકાર સંપૂર્ણ નિષ્ફળ ગઈ છે એટલા માટે કે જે બાતમીદારોને જે પૈસા આપવામાં આવે છે જે રકમ આપવામાં આવે છે આ રકમના ઉચ્ચ અધિકારીઓ દ્વારા બિલો બને અને અહીંને અહીં આ રકમ પૂરી થઈ જાય છે અને બાતમીદારો સુધી આ પેશા પહોંચતા નથી એટલે બાતમીદારો દ્વારા આ રાજયની અંદર જે બાતમી મળવી જોઈએ એ મળતી નથી. આ રાજયમાં જે સી.આઈ.ડી. ક્રાઈમ જેવી અગત્યની જગ્યાઓ છે એમાં પ્રામાણિક નીડર અને બાહોશ અધિકારીઓ હતા એને સાઈડ પોસ્ટ કરી દીધા. જે લોકદરબારો થાય છે, લોક દરબારોમાં જે બુટલેગરો હોય છે, અસામાજિક લોકો હોય છે, જે વરલી મટકાવાળા હોય છે એવા લોકોને અને પોલીસના જાણીતા હોય છે એવા લોકોને બોલાવીને ત્યાં બેસાડી દે એટલે કોઈ લોકો રજૂઆત એમાં કરાતા નથી અને બધા લોક દરબારમાં એમ કહે છે કે બધી કાયદો વ્યવસ્થા સારી છે. વ્યવસ્થિત છે. માનનીય અધ્યક્ષશ્રી,(સમયસૂચક ઘંટડી) એક બે જ મિનિટમાં પૂરું કરું છું.

**અધ્યક્ષશ્રી** : શ્રી બાવકુભાઈ, આપ એક જ મિનિટની અંદર પૂરું કરો.

: **શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈ વિભાગમાં સૌરાષ્ટ્રની અંદર જે મુખ્ય મુખ્ય અધિકારીઓ છે કાર્યપાલક અધિક કાર્યપાલક ઈજનેર અને સિંચાઈમાં.. ..(અંતરાય) નર્મદા છે, સિંચાઈ છે તમે વાંચી લો. માનનીય અધ્યક્ષશ્રી,

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાવકુભાઈ જે વાત કરી રહ્યા છે એ સ્કોપમાં નથી. એમણે શબ્દપ્રયોગ કર્યો છે, સિંચાઇ વિભાગના સૌરાષ્ટ્રના અધિકારી

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : : સિંચાઈની નર્મદાની વાત કરી.

**શ્રી અમિત શાહ** : તમે નથી બોલી રહ્યા જગદીશભાઈ, બાવકુભાઈ બોલી રહ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય જગદીશભાઈ, શ્રી બાવકુભાઈ, નર્મદા ઉપરની ચર્ચા છે આપ એની ઉપર જ ચર્ચા કરો. સિંચાઈની નથી. એક મિનિટમાં પૂરું કરો.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** :: માનનીય અધ્યક્ષશ્રી, હું જળસંપત્તિ વિભાગની વાત કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું એક જ મિનિટમાં મારું પ્રવચન પૂરું કરુ છું. જળસંપત્તિ વિભાગમાં સૌરાષ્ટ્રની અંદર અધિક્ષક ઈજનેરની ૫૦ જગ્યાઓ ખાલી છે. કાર્યપાલકની ૫૦ થી ૬૦ જગ્યાઓ ખાલી છે.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે. માગણી શેની છે એની ચર્ચામાં ના પડો અમિતભાઈ, એમનું પ્રવચન પૂરું કરી લેવા દો.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ કાર્યપાલકની ૧૦૦ જગ્યાઓ ખાલી છે. માનનીય મંત્રીશ્રીને હું મારું સૂચન છે કે આ જગ્યાઓ પૂરી ભરે અને મારા વિસ્તારની દરેડ ખાખરીયા સિંચાઈ યોજના મને ૬ મહિના પહેલા જવાબ આપવામાં આવેલો પ્રશ્નોત્તરીમાં.

---

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : બાવકુભાઈ આપનું પ્રવચન પૂરું થાય છે. મારે આ ગૃહનું એક ગંભીરતાપૂર્વક ધ્યાન દોરવું છે કે વિરામના સમય પછી માત્ર એક જ મંત્રી ગૃહની અંદર હાજર હતા, શ્રી અમિતભાઈ, જેમની માગણીઓ હતી તે પણ નહોતા ખૂબ જ દુ:ખ થયું મેં દંડકને જાણ કરી, દંડકે બોલાવવાના પ્રયત્ન કર્યા તો પણ આવવામાં વિલંબ થયો. મને લાગે છે કે આપણે આ ગૃહ પ્રતિ જવાબદારીપૂર્વક બંધાયેલા છીએ એટલે આ બાબતમાં ધ્યાન રાખે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નં. ૪૨, ૪૩, ૪૪,૬૫ અને ૭૪ લઈને માનનીય મંત્રીશ્રીઓ આવ્યા છે એમાં મારું સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની માગણી જ્યારે ગૃહમાં આવતી હોય ત્યારે આપણે ગંભીરતાપૂર્વક આ રાજ્યની સુરક્ષા વિશે એની સ્પષ્ટતાઓ કરીએ. અમારી સરકારે આ કર્યું અને એમની સરકારે આ કર્યું આ ચર્ચા ઉપર કદાચ સમય બગડી જાય. મારે બાવકુભાઈને યાદ દેવડાવવું છે કે એક ચાંદનીના કેસમાં સમગ્ર ગુજરાત શરમ અનુભવતું હોય ત્યારે તેવી હજારો ચાંદનીઓના શીલ કોંગ્રેસના રાજમાં લૂંટાયા હોય ત્યારે એક પણ *(કોંગ્રેસીઓના પેટનું પાણી હાલતું નથી.) મારે યાદ કરાવવું છે કે, (અંતરાય)

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણેના શબ્દો......(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : (કોંગ્રેસના પેટમાં તેલ.) શ્રી જેઠાભાઈ આપ બેસી જાઓ. ફતેસિંહભાઈ, આપ સિનિયર ધારાસભ્ય છો. આપને શબ્દો પાછા ખેંચવા પડે એવું પણ કહેવું એ સારું ન લાગે. આપને વિપક્ષની ટીકા કરવાનો અધિકાર છે. પરંતુ આપની ભાષામાં સૌજન્ય હોય, સહિષ્ણુતા હોય અને આ ગૃહ જે દિશા તરફ થઈ રહ્યું છે એ દિશાને પ્રેરક બને એ પ્રમાણે શબ્દો વપરાવા જોઈએ. બીજું કે મેં કહ્યું કે શબ્દો પાછા ખેંચી લો ત્યારે તમે ભાવ બતાવ્યો એ ભાવ બહુ જ સારો ન હતો. આપને ગંભીરતા હોવી જોઈએ કે મારે શબ્દો પાછા ખેંચવાનો વારો આવે છે એનું દુ:ખ દેખાતું ન હતું એનું મને દુ:ખ છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, ગોધરાનો એક ભાગ એવો હતો કે એ સમયે લોકશાહી હતી અને એ વખતે પણ સરકારો હતી. ત્યારે નિર્દોષ શિક્ષકોની હત્યા થઈ અને એવી હત્યા થઈ એ પણ મહિલા શિક્ષકની અને મહિલા શિક્ષકના સ્તન કાપી નાખીને આખા ગુજરાતમાં ક્યાંય ન બન્યું હોય એવો ક્રુર બનાવ એ વખતે બન્યો. એમાં કોઈપણ રાજકીય પાર્ટીને ક્યારેય દુ:ખ થયું ન હતું. એ સિવાય ગોધરાની બજારમાં અમારા સિંધી સમાજના સાત લોકોને બંધ બારણે જીવતા બાળી દેવામાં આવ્યા ત્યારે પણ કોઈને શરમજનક ઘટના દેખાતી નથી. ભૂતકાળનો ઈતિહાસ ગુજરાતની ધરતી ઉપર આ એક મર્દ ભાયડો મુખ્યમંત્રી આવ્યો અને ગૃહમંત્રી અને પોલીસ વિભાગને લાખ લાખ અભિનંદન આપું છું. દાહોદ જિલ્લાની પરંપરા છે કે ૨૦-૨૦ વર્ષથી ગુનેગારો નાસતા ફરતા હતા. આ ભારતીય જનતા પક્ષની સરકાર, આ નરેન્દ્ર મોદીજીના નેતૃત્વવાળી સરકાર આવી અને એ તમામ ગુનેગારોને પાસામાં ધકેલી દેવામાં આવ્યા. તો પહેલા પોલીસ ન હતી? લોકશાહી ન હતી? ચર્ચામાં મેં સાંભળ્યું એમાં ગુજરાતની પોલીસ વિશે કેટલીક નીંદાઓ પણ થઈ. માનનીય શંકરભાઈએ વાત કહી એ પ્રમાણે આ ગુજરાતની પોલીસની જે દશા હતી એને રહેવાના ઠામ-ઠેકાણા ન હતા અને પોલીસ સ્ટેશનમાં એના ચોપડા સલામત ન હતા. આવી દશા કરનાર કોંગ્રેસને એવી મતી સૂઝે કે એક પોલીસ સ્ટેશનમાં એક જગ્યા ખાલી અને એના માટે રોદણા રડે. ગૃહ વિભાગને હું લાખ લાખ અભિનંદન આપીશ કે, મારા મત વિસ્તારમાં આવેલા રણજીતનગર, ઘોઘંબા અને બાકરોલ તમામ પોલીસ સ્ટેશનોમાં કરોડો રૂપિયાના ખર્ચે મકાનો બની રહ્યાં છે અને પોલીસ સ્ટેશનો નિર્માણ થઈ ગયાં છે. આ વર્ષની ફાળવણીમાં પાટણ અને દાહોદ જેલના નિર્માણ માટે ૩ કરોડ રૂપિયા ફાળવ્યા છે. વહીવટમાં ચેતના આવવી જોઈએ. પહેલા ગુજરાતની પોલીસના હાથ-પગ બંધાયેલા હતા. કાયદો આ જ હતો પણ એ પોલીસને કહેવામાં આવે કે ગૃહ વિભાગમાંથી સૂચના આવે તો જ તમારે એને ગોળી મારવાની. ચૂંટાયેલ ધારાસભ્ય ફોન કરે કે આને છોડી દો, એને છોડી દેવામાં આવતો. આ પ્રથા હતી. અમારા ગૃહમંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ આ પ્રથા નેસ્તનાબૂદ કરી છે. મારે કોંગ્રેસના મિત્રોને આપના માધ્યમથી કહેવું છે કે, પહેલા શહાદતની વાતો કરતા હતા અને ક્યાંક ગોધરા કાંડને આગળ ધરીને આ મુખ્યમંત્રીને બદનામ કરવાની કોશિશ કરી ગુજરાતની પોલીસને બદનામ કરવાની કોશિશ કરી. હમણાં ચૂંટણીમાં બહારથી મિલેટરી ઉતારી અને ગુજરાતની જનતાને બિવડાવીને મત લેવાની કોશિશ કોંગ્રેસે કરી એનું પરિણામ જનતાએ આપ્યું છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટ, મારું સૂચન છે.(અંતરાય) એમાં કાંઈ ખોટું નથી કીધું. (અંતરાય)

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, મિલિટરી ઉતારવાની જવાબદારી ચૂંટણી પંચની છે

**અધ્યક્ષશ્રી** : એમાં કાંઈ પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી. (અંતરાય) શ્રી ફતેસિંહભાઈ આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી હર્ષદભાઈ વસાવા. (અંતરાય) મારે અગાઉના બાકીના સભ્યોને કાપીને સમય કોઈને નહિ આપું. ફતેસિંહભાઈ આપ બેસી જાવ. (અંતરાય)

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : C.R.P. ચૂંટણીપંચ લાવે છે. કોંગ્રેસ નથી લાવી, એ રેકર્ડ પરથી દૂર થવું જોઈએ. (અંતરાય)

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : કોંગ્રેસને સદ્‌બુદ્ધિ આપે.

---

* xx માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો સભ્યશ્રી દ્વારા અહેવાલમાંથી પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : ફતેસિંહભાઈ આપનું પ્રવચન પૂરું થાય છે, શ્રી હર્ષદભાઈ શરૂ કરો.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૪૨, ૪૩, ૪૪, ૬૫ અને ૭૪ લઈને આવ્યાં છે એને હું મારું સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત રાજ્યનો વિકાસ એ રાષ્ટ્રનું એન્જિન બન્યું છે. વિકાસ ક્યારે શક્ય બને? આ રાજ્યની અંદર સલામતી હોય, શાંતિ હોય તો જ વિકાસ થઈ શકે. આ જ્યાં આગળ જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર નહોતી ત્યારે આ કોંગ્રેસની સરકારે દરેક મહાનગરપાલિકા છે, જે મહા શહેરો છે એની અંદર એના બુટલેગરના અડ્ડા ખોલી રાખ્યાં હતાં. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે એમનો સફાયો કરી નાંખ્યો છે તેના કારણે આ રાજ્યનો વિકાસ થયો છે. વિકાસ, વિકાસની પાછળ શાંતિ ત્યારે જ બને જ્યારે ગૃહ વિભાગના કર્મચારીઓ ચોમાસાની અંદર વરસાદમાં, ઉનાળાની અંદર તાપમાં, શિયાળામાં ઠંડીની અંદર કામગીરી કરે, તહેવાર આવતા હોય ત્યારે આવા કર્મચારીઓ રાતદિવસ મહેનત કરીને આ રાજ્યની ખડેપગે શાંતિ આપવાનું કામ જ્યારે આ વિભાગ કરતો હોય ત્યારે એમની જે માગણીઓ લઈને આવ્યા હોય ત્યારે સમગ્ર ગૃહે એને સમર્થન જ આપવાનું હોય.

માનનીય અધ્યક્ષશ્રી, હું આદિવાસી વિસ્તારમાંથી આવું છું ત્યારે ગુજરાત રાજ્યની સ્થાપના ૧૯૬૦થી થઈ ત્યારથી નશાબંધી અને આબકારી ખાતું અમલમાં આવ્યું હતું. આ દુ:ખ સાથે મારે કહેવું પડે છે કે કોંગ્રેસના લોકોએ આદિવાસી વિસ્તારની અંદર આદિવાસી સમાજ વ્યસનોમાં ડૂબી રહે, ૯૦ ટકા કરતાં પણ વધારે સમાજ આ વ્યસનોની અંદર ડુબેલો હતો. આ વ્યસનમાંથી મૂકત કરવા માટેનું જે અભિયાન, ઝુંબેશ ઉપાડી છે એ ભારતીય જનતા પાર્ટીની સરકારે ઉપાડી છે. આજે ૭૫ ટકા કરતા પણ વધારે આદિવાસી સમાજ દારૂથી દૂર થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું કહેવું છે કે સાથી મિત્રોએ ઘણી બધી વાતો કરી છે, વિકાસની વાતો કરી છે, આદિવાસીની પણ વાત કરી છે તો આ આદિવાસીને દુ:ખી કોણે કર્યો એ મારે તેમને પૂછવું છે. જો તેમણે આ ચિંતા કરી હોત તો આ સમાજ પણ અન્ય સમાજોની સાથે જોડાયો હોત અને આજે વિકસિત થયો હોત પણ એ ગરીબ રહે, વધારે ગરીબ રહે એ પ્રકારની દિશા, એ પ્રકારનું આયોજન તેમણે કર્યુ હતું. જ્યારે ગૃહ વિભાગ થકી સંલગ્ન નવરચિત જિલ્લાની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ કે જેઓ ભ્રષ્ટાચાર નાબુદ કરવા માગે છે તો આવા નવરચિત જિલ્લાની અંદર લાંચરૂશ્વત બ્યુરોની નવી કચેરીઓ ખોલવા માગે છે. આ લાંચરૂશ્વત બ્યુરો થકી જે ભ્રષ્ટાચારના જે કેસો બન્યા છે, જ્યાં આગળ થતા હશે ત્યાં અટકાવ્યા છે. આ નવરચિત જિલ્લાની અંદર નવી કચેરીઓનો ઉપયોગ કરી, એમના કર્મચારીઓને પણ આ જિલ્લાની અંદર નિયુકત કરવાના છે ત્યારે હું માનનીય મુખ્યમંત્રીશ્રીને આ માટે પણ હું સમર્થન આપું છું.માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય ગૃહ મંત્રીશ્રીને એક સૂચન કરવું છે કે જે રીતે આરોગ્ય વિભાગની અંદર ૧૦૮ નંબરની સેવા માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચાલુ કરી છે એવા પ્રકારની સેવા આ ગૃહ વિભાગની અંદર પણ શરૂ કરવાનો વિચાર જો માનનીય મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રી કરે તો એનો ફાયદો આવતા દિવસોમાં સમાજને મળશે. નર્મદા પ્રોજેકટ યોજના મારા મત વિસ્તારની અંદર આવે છે(સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, મને બે મિનિટ આપો.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે સમયની મર્યાદા છે. તમે અર્ધી મિનિટમાં પૂરું કરો.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા એ રાજયની જીવાદોરી છે. મારા વિસ્તારમાંથી જયારે આ યોજના પસાર થાય છે અને જાય છે ત્યારે કેટલાય માનવીઓ તરસ્યા છે એની તરસ ભાંગવાની છે. કેટલીય ધરતી માતા એવી છે કે એ વર્ષોથી તરસી હતી એ ધરતી માતાની તરસ ભાંગવાની છે. જયારે ધરતી માતાની તરસ ભાંગશે ત્યારે ગુજરાત સમૃદ્ધ બનશે અને ગુજરાત એક વિકસિત રાજય તરીકે પહેલ કરી રહ્યું છે એની અંદર બમણી તાકાત સાથે આગળ આવશે. માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે એને સમર્થન આપીને વિરમું છું.

**શ્રી તુષારસિંહ ક. મહારાઉલ (દેવગઢબારીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી હું માનનીય ગૃહ મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે એ માગણીને સમર્થન આપવા કે વિરોધ કરવા ઊભો થયો નથી. આપની પ્રેરણાથી મારા વિસ્તારને લાગતોવળગતો એક મુદ્દો હું રજૂ કરવા માગું છું. મારો મુદ્દો પ્રોહિબિશન વિભાગને લાગેવળગે છે. જે ગૃહ વિભાગનો એક વિભાગ છે. મારા વિસ્તારમાં એક પ્રખ્યાત ઝાડ છે એ મહુડાનું ઝાડ છે. મારા વિસ્તારની માગણી છે આ મહુડાના ફૂલ ૧૯૬૦થી પ્રોહિબિટેડ લિસ્ટમાં આવે છે એ યાદીમાંથી કાઢવા માટેની મારી માગણી છે.હું એક સ્પષ્ટતા કરવા માગું છું કે આ ફૂલમાંથી કાઢેલા દારૂને છુંટો કરવાની મારી માગણી નથી. ફકત એના ફૂલને છુંટા કરવાની મારી માગણી છે. એ કારણો હું વ્યકત કરવા માગું છે કે આ ફૂલને છુટું કરવા અમે કેમ મથીએ છીએ પહેલી વાત દેવગઢબારીયા અને આજુબાજુના તાલુકામાં આ ઝાડની સંખ્યા આખા ગુજરાતમાં વધારેમાં વધારે છે. આખું ગ્રીન બેલ્ટ ફોરેસ્ટ આવેલ છે. એનું મોટામાં મોટું કારણ મહુડાનું ઝાડ છે કારણકે મહુડાનું ઝાડ એ એવરગ્રીન ઝાડ છે. મારા વિસ્તારનો ખેડૂત, એ મોટો ખેડૂત હોય કે નાનો ખેડૂત હોય પણ ઓછામાં ઓછું એક મહુડાનું ઝાડ તો હોય જ. મહુડાના બે ઉપયોગ છે. મહુડાના ફૂલનું ઉત્પાદન થાય છે એ પછી ડોળીઓનું ઉત્પાદન થાય છે.આ એક જ ઝાડ એવું છે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ પણ મારી સાથે એગ્રીડ થશે કે અમારા ખેડૂતભાઈઓ કોઈ દિવસ કાપતા નથી કારણકે એમાંથી એમને આ બે ફળનું ઉત્પાદન મળે છે એ સોર્સ

ઓફ ઈન્કમ હોય છે. હોળીથી માંડીને ચોમાસા સુધી અમારા વિસ્તારમાં ખેતી થતી નથી. પાણીના લીધે અને અમારી જમીનને લીધે. આ મહુડાના ફુલ હોળીમાં પડવા માંડે છે. ત્યાં સુધી, ચોમાસા સુધી જયારે અમારી મકાઈની ખેતી ચાલુ થાય ત્યાં સુધી આ મહુડાના ફુલ અમારા ખેડૂત ભાઈઓ માટે એક સોર્સ ઓફ ઈન્કમ ઉભી થાય છે. દિન રાત સાહેબ અમારે ત્યાં અમારી બહેનો, માતાઓ, દીકરીઓ આ મહુડાના ફુલ શોધવા અમારા વિસ્તારમાં ફરે છે. સાહેબ, અમારી કમનસીબી એ છે કે એવું પ્રખ્યાત થઈ ગયું છે કે મહુડામાંથી ફકત દારૂ ગાળવામાં આવે છે. પણ હમણાં ચર્ચા ચાલતી હતી આજના દિવસોમાં મહુડામાંથી દારૂ ગાળવાનું બહુ મોંઘુ પડે છે. હવે અમારા વિસ્તારમાં કોઈ મહુડામાંથી દારૂ ગાળતું નથી..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એક સભ્ય પોતાનું પ્રવચન પહેલીવાર કરતા હોય, શિરિષભાઈ, પ્લીઝ, તુષારભાઈ કેરી ઓન.

**શ્રી તુષારસિંહ ક. મહારાઉલ** : માનનીય અધ્યક્ષશ્રી, બીજા ઘણા પ્રકારના દારૂ મળે છે એટલે હવે મહુડાથી કોઈ દારૂ ગાળતો નથી.અને ઘણી બધી વસ્તુ કુદરતી છે કે જેમાંથી દારૂ ગાળવામાં આવે છે. જેમાં દ્રાક્ષ છે. મારા સાથી સભ્યશ્રીએ એમના બજેટના પ્રવચનમાં કહ્યું હતું કે ડાંગ જિલ્લામાં સરકાર કાજુનું ઉત્પાદન કરે છે. ગોવામાં કાજુથી પણ ફેની બને છે. ગોવામાં કાજુ મહુડા તરીકે વપરાય છે. મારી માગણી છે કે આ મહુડાને પ્રોહિબિશનની યાદીમાંથી કાઢવામાં આવે. અમારા ખેડૂતોને ફક્ત ૩૦ જૂન સુધી આ મહુડા વીણવાનું મળે છે. ત્યાર બાદ એમાં નિગમ આવે છે, જે નિગમ આ મહુડાના ફૂલો એજન્ટો મારફતે ૧૫ મી જુલાઈ સુધી એ ભેગા કરી શકે છે. એજન્ટો અમારા ખેડૂતોને પૂરતો ભાવ આપતા નથી. નિગમ પણ ગયા વર્ષની ૧૦,૦૦૦ ક્વિન્ટલનો સ્ટૉક હમણાં સુધી પડ્યો છે. જે હમણાં સુધી વેચાયો નથી. એ લોકો રાજસ્થાન, મધ્યપ્રદેશમાં નિગમ વેચે છે. ૧૪૩૦ રૂપિયા પર ક્વિન્ટલના ભાવે આ મહુડાના ફૂલ નિગમે ગયા વર્ષે લીધા હતા, એમાં સરકારશ્રીને ૧.૪૩ કરોડનું નુકસાન થયું છે. કેમ કે આ નિગમ હમણાં સુધી આ મહુડા વેચી શકતી નથી. બીજું કે આ જ મહુડા ઉપર કે જે એક્ચ્યુઅલી છે ફૉરેસ્ટ પ્રોડ્યુસ અને એગ્રીકલ્ચર પ્રોડ્યુસ, પણ એની ઉપર વેટ લગાવવામાં આવ્યો છે, એ વેટના લીધે ૧૫ ટકા એટલે હવે એજન્ટો પણ નિગમને જે ઓક્શન કરેલા ભાવ આપવા તૈયાર નથી, એટલે ટૂંકમાં મારી માગણી આવી છે કે અમારા વિસ્તારમાં આ મહુડાનું ફૂલ પ્રોહિબિશનની યાદીમાંથી કાઢવામાં આવે. તો અમારા ખેડૂતોને એક રાહત મળશે, એક સોર્સ ઑફ ઈન્કમ મળશે, એટલું કહીને વિરમું છું.

**શ્રી મણીભાઈ દે. પટેલ (કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી આજે ગૃહ, પોલીસ, જેલ, નર્મદા વિકાસ, પરિવહનની માગણી ક્રમાંક અનુક્રમે ૪૨,૪૩,૪૪, ૬૫ અને ૭૪ લઈને આવ્યા છે, તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

ગયા અઠવાડિયે જ્યારે હું ગૃહમાં આવતો હતો ત્યારે ગેટ ઉપર સિક્યોરિટીવાળાનું ગાડીનું ચૅકિંગ ચાલુ હતું, ત્યારે મારી આગળની ગાડીવાળા જે સરકારી ગાડી હતી. એમણે સિકયોરિટીવાળા ભાઈને કહ્યું કે આ ગાડી ગુજરાત સરકારની છે. તમારે ચૅકિંગ કરવાની જરૂર નથી. પોલીસ અધિકારીએ સરસ જવાબ આપ્યો કે અમારી આ ફરજ છે. ગુજરાત સરકારની ગાડી હોય કે ભારત સરકારની ગાડી હોય. અમારે ચૅકિંગ કરીને પછીથી જ જવા દેવાના. એટલે આ અધિકારીએ હું ધન્યવાદ આપું છું. સાથે ગઈકાલે બીજી એક ગાડી આ જ રીતે મારી આગળ ગાડી હતી, એમને પણ પોલીસ અધિકારીએ અટકાવીને એમની ગાડીનું ચૅકિંગ કરતા હતા, ત્યારે એણે એમ કહ્યું કે અમે આ ફલાણા માણસ છીએ, સારા માણસ છીએ કોઈ ગુનેગાર નથી, ત્યારે એ જ પોલીસ અધિકારીએ ચૅકિંગની વાત કરી ત્યારે એ માણસે સરકાર વિષે જે વાત કરી તે વાત સાંભળીને આપણું માથું શરમથી ઝૂકી જાય તેવી વાત કરી. આ પરિસ્થિતિ આજે આ સરકારની છે. બીજું. (અંતરાય)

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, થોડીક ટેવ સુધારે. અમારા સભ્યશ્રી બોલે ત્યારે સતત ગણગણાટ થતો હોય છે.

**અધ્યક્ષશ્રી** : આ બાજુ પણ શાંતિની અપેક્ષા રાખીએ તો વધારે સારું છે. હવે પછી વચ્ચે ઊભા થવાનો આગ્રહ પણ ન કરીએ.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : સરકારના વહીવટનો નમૂનો કહો કે સરકારની કિન્નાખોરીનો નમૂનો કહો. ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના આંતરસુંબા પોલીસ સ્ટેશનના પાંચ ગામોને ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના પોલીસ સ્ટેશનના અંડરમાં છેલ્લા ૫ વર્ષથી મૂકવામાં આવ્યા છે. આનું કારણ ફક્તને ફક્ત આ ગામોએ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને મત આપ્યા છે. સંસદની ચૂંટણીમાં ૯૦ ટકા વોટ કોંગ્રેસને આપ્યા છે. ફરી પાછી વિધાનસભાની ચૂંટણીમાં ૯૦ ટકા કોંગ્રેસને વોટ આપ્યા અને એની સજા એમના પ્રત્યે કિન્નાખોરી રાખીને આ ગામોને પોલીસ સ્ટેશનની હદમાં મૂકવામાં આવ્યા છે. આંતરસૂબા પોલીસ સ્ટેશન નિકોલ ગામથી બે કિલોમીટર દૂર થાય છે જ્યારે દહેગામ પોલીસ સ્ટેશન ૨૮ કિલોમીટર દૂર થાય છે. જ્યારે તહોમતદારને મામલતદાર પાસે ૧૫૧ માટે રજૂ કરવાનો હોય ત્યારે ૨૮ કિલોમીટર પોલીસ ડિપાર્ટમેન્ટને લાંબા થવું પડે છે અને ગૃહ ખાતાને ખોટો ખર્ચ કરવો પડે છે. સરકારના વહીવટનો આ નમૂનો છે. મારે કોઈ રાજકીય નિરીક્ષણ કરવું નથી. પરંતુ મારા મિત્ર પ્રદિપસિંહ જાડેજા કહેતા હતા કે કિસાન આંદોલન વખતે કૉન્ગ્રેસની સરકારે ખેડૂતોને ગોળીએ દીધા હતા. તો તે કિસાન સંઘ દ્વારા જ્યારે ગાંધીનગરનો ઘેરાવ કરવાનો કાર્યક્રમ હતો ત્યારે હું કિસાન

સંઘનો એક હોદ્દેદાર હતો અને અમને સૌને એવા આદેશ આપવામાં આવ્યા હતા કે આપણે ગાંધીનગરનો ઘેરાવ કરવાનો છે અને જ્યાં સુધી ચાર-પાંચ ખેડૂતો મરશે નહીં ત્યાં સુધી કોંગ્રેસ સરકાર જશે નહીં. એટલે ગમે તે રીતે એવું આંદોલન કરો કે પોલીસ, સરકારને ગોરીબાર કરવાની ફરજ પડે.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પૉઈન્ટ ઑફ ઈન્ફરમેશન. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એમ કહ્યું કે કિસાન સંઘ તરફથી એવો આદેશ આપવામાં આવેલ કે ગોરીબાર થાય અને ખેડૂતો મરી જાય તો એવો કોઈ પુરાવો હોય તો રજૂ કરે, નહીં તો આ શબ્દો પાછા ખેંચે. જે રીતે પૉઈન્ટ ઑફ ઈન્ફરમેશન છે તો પુરાવા રજૂ કરવા જોઈએ. સાહેબ એલફેલ કોઈ ગમે તે વાત કરશે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વાત કરે છે, સરસ રીતે આ હાઉસનું સંચાલન ચાલે છે. સાંભળવાની તૈયારી રાખે. ટ્રેઝરી બૅન્ચ સાંભળવાની તૈયારી રાખે. વિરોધપક્ષ તમે જે માનો છો તે સિક્કાની એક બાજુ તમને દેખાય છે. તમને કૉન્ગ્રેસની સરકારમાં આદિવાસીને ગોળી મારી એ દેખાય છે. પણ ગોળી કઈ રીતે વાગી? કેવા લોકોએ શું કર્યુ ત્યારે ગોળી વાગી? આ એક જ

**અધ્યક્ષશ્રી** : માનનીય જગદીશભાઈ પૉઈન્ટ ઑફ ઈન્ફરમેશન..

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : પૉઈન્ટ ઉપર એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, કે અહીંયાં વિરોધપક્ષ બેઠો છે ત્યારે એમની પ્રસંશા કરવા નથી બેઠો. અતિ ખોટું બોલવા માટે અમે નથી બેઠા. પણ જે હકીકતો સત્ય બની હોય તે લોકો સાહેબ જે કઈ બાબતો ઉપર ચર્ચા કરે છે ત્યારે કોઈપણ જાતના આધાર, પુરાવા વગરની વાત કરે છે. એમનો અધિકાર છે. અમે પણ...

**અધ્યક્ષશ્રી** : માનનીય જગદીશભાઈ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર..

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : પૉઈન્ટ ઉપર...

**અધ્યક્ષશ્રી** : નહીં નહીં એક મિનિટ.જગદીશભાઈ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર અથવા પૉઈન્ટ ઑફ ઈન્ફરમેશન છે તેના ઉપર કહી દઉં કે નીતિનભાઈએ જે પૉઈન્ટ ઑફ ઈન્ફરમેશન ઉભો કર્યો, મણીભાઈને હું સાંભળતો હતો. તમને પણ સાંભળ્યા છે. ખેડૂત આંદોલનની અંદર જે મૃત્યુ થયા તે અંગે એમણે વાત કરી અને એમણે પોતે એમ કહ્યું કે હું કિસાન સંઘનો સભ્ય હતો અને માહિતી હતી. આ ચર્ચા આગળ લઈ જવાની નથી. એમણે કહ્યું કે હું કિસાન સંઘનો સભ્ય હતો અને અમને આવું કહેવામાં આવ્યું હતું. એ એમણે કહ્યું છે. હવે એના પુરાવા અત્યારે માગવાનો પ્રશ્ન પેદા થતો નથી. પ્રશ્નના જવાબમાં એમણે ઈકરાર કર્યો છે અને એ ઈકરાર હોય તો એ એ વખતના કિસાન સંઘના સભ્ય હતા, પોતે હતા એવું કહીને એમણે ઈકરાર કર્યો છે. માટે વાત પૂરી થઈ છે. તેમનું વકતવ્ય ચાલુ રાખે. કૃષિમંત્રીશ્રી આઈ રીકવેસ્ટ યુ. કોઈપણ મુદ્દો હોય તો. કોઈપણ મુદ્દે અત્યારે ચર્ચા ઉપસ્થિત ન થાય.

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જગદીશભાઈએ કહ્યું કે અમે અતિ ખોટું બોલતા નથી.

**અધ્યક્ષશ્રી** : તમે આ શબ્દોને પકડીને આ પ્રકારની ચર્ચાને શ્રી દિલીપભાઈ શબ્દોને પકડીને ચર્ચાને બીજી દિશામાં લઈ જવાનો પ્રયત્ન ન કરો. જે રીતે ચર્ચા જે વાતાવરણની અંદર ચાલે છે તે વાતાવરણની જો તમને ન પસંદ હોય તો. આઈ રીકવેસ્ટ યુ. હું તમને રીકવેસ્ટ કરું છું કે જે વાતાવરણ સર્જાઈ રહ્યું છે તે વાતાવરણને આગળ વધારવામાં આપ મને મદદ કરો એટલી વિનંતી છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ગુજરાતમાં શાંતિ સ્થાપવા માગે છે તો અમે પણ આ સરકારને કહેવા માગીએ છીએ. સરકારમાં ખરેખર ઇચ્છાશક્તિ હોય આતંકવાદ, ગુંડાગીરી, લૂંટફાટ, બળાત્કાર, બુટલેગરો, ઠગો, માફીયાઓ, જુગારીઓ અને બીજા અસામાજિક તત્ત્વો જે પ્રજાને રંજાડે છે તેમને નેસ્તનાબૂદ કરવા આગળ વધો અમારો તમને પૂરેપૂરો સહકાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, કામગીરી અંદાજપત્રમાં નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તરફથી જે માહિતી આપવામાં આવી છે, એ માહિતીમાં નર્મદા જળ વિવાદ પંચના ચુકાદાના મુખ્ય મુદ્દાઓ નીચે પ્રમાણે છે એમાં એમણે નોંધ્યું છે કે, સરદાર સરોવર યોજનાથી ઉત્પન્ન થનાર વીજળીની ફાળવણી નીચે દર્શાવ્યા પ્રમાણે કરવી, એમાં મધ્યપ્રદેશને ૫૭ ટકા આપી છે, ગુજરાતને ૨૭ ટકા આપી છે અને રાજસ્થાનને ૧૬ ટકા આપી છે, આ માહિતી છે એ આ ગૃહને ગેરમાર્ગે દોરનારી છે અને માહિતી સત્યથી વેગળી હોય એવું મને લાગે છે તો એ માહિતી સત્ય રજૂ કરવા માટેની મારી વિનંતી છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી (અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજની માગણીઓના સમર્થનમાં હું ઊભો થયો છું. ગૃહ ખાતાની વાત કરવા જઈએ તો મારે ભૂતકાળમાં વીસ વર્ષ પહેલાં જવાનું છે કારણ કે હું જે વિસ્તારમાંથી આવું છું એ સરહદી વિસ્તાર છે. બૉર્ડર વિસ્તાર છે અને ત્યાંની વીસ વર્ષ પહેલાંની વાત કરીએ તો હું જે ગામમાં છું એ ગામની આજુબાજુ દાણચોરોનો અડ્ડો હતો અને ખુલ્લેઆમ સોના ચાંદી અને હથિયારોની ગાડીઓ ભરાય અને ખુલ્લેઆમ બંદૂકો લઈને માફિયાઓ ગાડીઓ લઈને જાય, આ પ્રસંગ ૧૯૮૮માં મારા મત વિસ્તારમાં બન્યો હતો.

**( આ તબક્કે માઈક બંધ થઈ જતાં, થોડી વાર બાદ )**

માનનીય અધ્યક્ષશ્રી, હવે માઈક ચાલુ થઈ ગયું છે, હવે સાંભળો, માનનીય અધ્યક્ષશ્રી, ખુલ્લેઆમ બુટલેગરો ફરે, ખુલ્લેઆમ દાણચોરો પોતાની ગાડીઓ લઈને જાય અને પોલીસ અધિકારીઓને પણ દાણચોરોની ધમકીઓ મળે, હું ૧૯૯૨ની વાત કરું તો મને એક પ્રસંગ યાદ છે. • (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) આ તો કોંગ્રેસના વખતની વાત છે, એવા જે જાંબાઝ અધિકારીઓને....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આ ગૃહની અંદર રજૂ કરવા માટે એ જે શબ્દો છે એ શબ્દો આપ કાઢી નાખો, એ સત્યથી વેગળા છે, આ પ્રકારની બેજવાબદાર વાત ન કરો.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, ક્ષમા ચાહું છું. રજૂ કરવાના પ્રયત્નો કર્યા હતા.

**અધ્યક્ષશ્રી** : મને ખબર છે, આ વાતને જવા દો, તમારા કરતાં હું વધારે જાણું છું. આ ગૃહની જોડે એને જોડો નહીં.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, આ કોંગ્રેસના શાસન વિશેની વાત કરવી હોય તો મને એક પ્રસંગ યાદ આવે છે, આ ગૃહમાં, મને એક પ્રસંગ યાદ આવે છે, એક ગામમાં એક મંદિર હતું એ મંદિરમાં એક શેઠ શાહુકાર રોજ દર્શન કરવા માટે આવે, મંદિરના પગથિયાં ઉપર ભિખારીઓની લાઈન હોય, એટલે એ શેઠ શાહુકાર રોજ જઈને ભિખારીઓના હાથમાં હાથ મિલાવે અને એમના દુઃખમા ભાગીદાર થાય અને રડતાંને હસાવે, એવું એ શેઠનું વર્તન હતું. કાર્યકર્તાઓને એમ થયું કે શેઠ બહુ દાનવીર છે એટલે આપણે એનું સન્માન કરવું જોઈએ. કાર્યકર્તા બંધુઓ ગયા અને શેઠને કહ્યું કે શેઠ તમારું અમારે સન્માન કરવું છે. શેઠે કહ્યું શેના માટે? તો કાર્યકર્તાઓએ કહ્યું કે શેઠ આપ ગરીબોના બેલી છો. ત્યારે શેઠે એમ કહ્યું કે હું કોઈ ગરીબોનો બેલી નથી. તો કાર્યકર્તાઓ બોલ્યા શેઠ આપ તો દરરોજ ગરીબોના હાથમાં હાથ મિલાવો છો ત્યારે કરો છો શું? એમને દયા આપો છો, ગુપ્ત દાન આપો છો? કેમ કે આપ હાથ મિલાવો છો ત્યારે ગરીબોના મોઢા ઉપર હાસ્ય હોય છે. ત્યારે શેઠે જવાબ આપ્યો હું કાંઈ દાન નથી કરતો, કાંઈ પૈસા નથી આપતો આ તો એમના હાથમાં ગલગલિયા કરું છું એટલે ગરીબો હશે છે. આમ જ ૪૫ વર્ષ સુધી ગુજરાતની પ્રજાના હાથમાં કોંગ્રેસે ગલગલિયા કર્યા છે. ૪૫-૪૫ વર્ષ સુધી કોંગ્રેસના મિત્રોએ ગલગલિયા કર્યા છે એનું આ પરિણામ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્કૂલમાં ભણતો હતો ત્યારે મને યાદ છે અમારા ગામની બાજુમાં હાઈસ્કૂલ હતી એ હાઈસ્કૂલે અમે બસમાં જતા તો રસ્તામાં બસ બંધ થઈ જાય અને રોજ ધક્કા મારવા પડે. ચૂંટણીઓ આવે ત્યારે એ એસ.ટી.ના ડ્રાઈવરો અને કન્ડેકટરો આમને ધક્કા મરાવે, ચૂંટણી વખતે ધક્કા મારતા જઈએ ત્યારે ફરજ પડાવે કે બોલો કોંગ્રેસ જિંદાબાદ, કોંગ્રેસ જિદાબાદ. આમ કરીને અમને ધક્કા મરાવે અમને પોતાને આનો જાત અનુભવ છે. મિત્રો આપ વિચાર તો કરો કે આવી બંધ પડતી બસો હતી એ બસોને અમે તાજી તગતગતી કરી દીધી છે. મારે આ વાત એટલા માટે કહેવી પડે છે કે કોમી એકતા આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં રહી છે. આપના શાસનમાં તો કરફ્યુના દિવસો હતા. ચાર ચાર મહિના, છ-છ મહિના કરફ્યુ રહેતો હતો. મને ખબર છે હું કચ્છથી એક જાન લઈને આવેલો જ્યારે સ્ટેશન ઉપર ઊતર્યો ત્યારે ખબર પડી કે એ વિસ્તારમાં કરફ્યુ છે. પોલીસની વાનમાં બેસાડી કરફ્યુવાળા વિસ્તારમાં લઈ પોલીસના જાપ્તામાં વરરાજાને ચોરીફેરા ફેરવવા પડયા હતા. આનાથી વધુ શરમની વાત કઈ હોઈ શકે? એટલે કહેવું છે કે આપે જે કર્યું છે એ ૪૫ વર્ષ સુધી ગલગલિયા જ કર્યા છે. આ જાંબાઝ મુખ્યમંત્રીએ આ પાંચ વર્ષની અંદર અસામાજિક તત્ત્વોને નાબૂદ કર્યા છે. જ્યારે ગોળીએ દેવાની વાત કરો છો ત્યારે કહેવું છે કે અસામાજિક તત્ત્વોના એન્કાઉન્ટર કર્યા છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય જયંતીભાઈ અને બધા સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આપણે એક સરસ વાતાવરણ તરફ જઈ રહ્યાં છીએ એને આગળ ધપાવો. તમે જે વિભાગની માગણી હોય એ વિભાગની કાર્યવાહી તમે વાચી હોય તો એમાં જે કહેવા લાયક સારા મુદા છે એને ટાંકો. કલ્પિત કથાઓ કહીને આપ જાહેર સભાની માફક પ્રવચનો ન કરો એટલી મારી વિનંતી છે.

**શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ વિભાગની માગણી ક્રમાંક ૪૨, ૪૩, ૪૪ અને નર્મદા જળસંપતિ, પાણી પુરવઠા વિભાગની માગણી ક્રમાંક ૬૫ અને બંદરો અને વાહન વ્યવહાર વિભાગની માગણી ક્રમાંક ૭૪ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર સંખેડા વિધાનસભા મત વિસ્તારમાંથી પહેલી વખત ચૂંટાયો છું ત્યારે આ ગૃહને હું વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાની જે માગણી છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું. નર્મદા યોજના વહેલીતકે પૂરી થાય એ આપણા સૌની ચિંતાનો વિષય છે. ૨૦૦૧ સુધીમાં ૧૦૯૭૮ કરોડ રૂપિયા વપરાયા હતા અને ૨૦૦૭ સુધીમાં ૧૪૩૧૩ કરોડ રૂપિયા વપરાયા છે અને ૧૪૫૦ મેગાવોટ વીજળી ઉત્પન થઈ રહી છે. ૧૨૧ મીટરની ઊંચાઈથી વધતા ખાસ કરીને મારા વિસ્તારમાં જ્યાં નર્મદા કેનાલ પાસ થાય છે ત્યારે મારા મત

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

વિસ્તાર સંખેડાના ૧૪૧ ગામોને પાણી મળે છે, અમારા વિસ્તારના કુલ ગામો ૨૧૨ છે. બાજુમાં નસવાડી અને જેતપુર તાલુકો આવેલો છે.અમારા વિસ્તારના લોકોની લાગણી અને માગણી છે કે, આ વિસ્તારમાંથી નર્મદા પસાર થતી હોય, નર્મદાની કેનાલ જતી હોય, લોકોએ એના માટે જમીનો આપી હોય તો જે લોકોને પાણીનો લાભ મળતો નથી એ વિસ્તારના લોકોને એટલે કે અમારા વિસ્તારના ગામોને અને નસવાડી અને પાવી-જેતપુરના વિસ્તારો પણ વંચિત રહે છે તો એમને પણ પાણી મળે એવી એક મારી લાગણી અને માગણી પણ છે.

બીજી વાત કેનાલનું કામ પૂરું થતાં અમારા વિસ્તારના જે ૧૨૧ ગામો છે એમાં ૧૯૯૫ પહેલાં જ્યારે દુષ્કાળ પડતો હતો, ૧૯૯૫ પહેલાંની થોડીક વાત કરવા માગું છું કોંગ્રેસની જ્યારે સરકારો હતી ત્યારે જ્યારે બિલકુલ દુષ્કાળ પડે, ખેતી માટે કશું મળે નહિ. લોકો ભૂખે મરે એવા વખતની અંદર સ્વર્ગીય અમરસિંહ ચૌધરી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે મજૂરી માટે સવારથી અમારા આદિવાસી લોકોને જવું પડતું હતું અત્યારે પરિસ્થિતિ બદલાઈ છે. અમારા વિસ્તારમાં પાણી આવવાથી અમારા વિસ્તારની કાયાપલટ થઈ રહી છે.

ડેરી ઉદ્યોગ પણ ખૂબ ખીલ્યો છે. હું પોતે મંડળીનો પ્રમુખ છું. ૨૦૦૫ની સાલની અંદર મેં એક મંડળી બનાવી હતી. ૫૦ લિટર તે વખતે દૂધ થતું હતું અત્યારે ૬૦૦ લિટર દૂધ મારી મંડળી દ્વારા બરોડા ડેરીમાં ભરાય છે. આ સરકારે અમારા આદિવાસીઓની, ખેડૂતોની અનેક ચિંતા કરી છે. પાણી આવવાથી અમારા વિસ્તારની કાયાપલટ થઈ છે એનો આ એક દાર્શનિક પુરાવો છે. સૌરાષ્ટ્ર માટે પણ માનનીય સભ્યશ્રીઓ બોલતા હતા હું શંકરભાઈને અભિનંદન આપુ છું કે એમની જે વેદના છે એવી જ વેદના અમારી પણ હતી પહેલાં, ૧૫ વર્ષ પહેલાં અમારા અગાઉના કોંગ્રેસના જે શાસનકર્તાઓ થઈ ગયેલા એ લોકોએ અમારા વિસ્તારના આદિવાસીઓની કોઈ ચિંતા નહોતી કરી. મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ આવ્યા ત્યારથી અમારી ચિંતા કરી છે.

બીજી એક વાત કરું અગત્યની કે અમારે ત્યાં હીરણ ડેમ અસ્તિત્વમાં છે અને એમાં પાણી નહિ મળવાના કારણે, વરસાદ ન પડે એટલે લોકો બિચારા પાણીથી ટળવળતા હતા. ૨૦૦૨ની સાલમાં જ્યારે મુખ્યમંત્રી બોડેલી મુકામે આવ્યા ત્યારે અમારા પૂર્વ ધારાસભ્ય માનનીય કાંતિભાઈ તડવી અને અમે બીજા આગેવાનો અને ખેડૂતોએ માનનીય મુખ્યમંત્રીને રજૂઆત કરી કે સાહેબ અમારા હીરણ ડેમની અંદર પાણી મળતું નથી તો નર્મદાની કેનાલમાંથી અમને પાણી આપો ત્યારે માનનીય મુખ્યમંત્રીએ અમારી માગણી સ્વીકારી અને એક વર્ષની અંદર ૪૫૦૦ હેકટર જમીનને પાણી મળતું થયું છે અને અમારા તાલુકાની પ્રજા મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપે છે.

કાયદો અને વ્યવસ્થાની બાબતમાં વાત કરું તો પંદર વર્ષ પહેલાંની વાત કરું છું. અમારા વિસ્તારની અંદર આથ ભરાય, આથ ભરાય એટલે લોકો બળદો લેવા જાય, પૈસા લઈને જાય તો રસ્તામાં લોકો લૂંટી લે. એનું ખૂન થાય એવા પ્રયત્નો આ કોંગ્રેસની સરકારમાં થતાં હતાં ૧૯૯૫માં અમારી ભા.જ.પ.ની સરકાર આવી ત્યારપછી અત્યાર સુધીનો રેકૉર્ડ છે કે, એક પણ એવા બનાવો બન્યા નથી અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રહી છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ (બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ગૃહ વિભાગની માગણી નંબર ૪૨, ૪૩, ૪૪ અને નર્મદા વિકાસની ૬૫ અને બંદરો અને વાહન વ્યવહાર મંત્રીશ્રી માગણી નંબર-૭૪ લઈને જે આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય ગૃહમંત્રીશ્રી ગુનાનું પ્રમાણ ગુજરાતમાં ઘટ્યું છે એના આંકડા ગૃહમાં આપતા હતા એમાં અહીં તો દીવા નીચે અંધારું એવી વાત લાગે છે. અહીંયા ગાંધીનગરમાં આપણે જોઈશું તો સવારે છાપામાં દરરોજ ચોરી, ઘરફોડ ચોરી, લૂંટના કેસો આપણા ગાંધીનગરમાં જોવા મળે છે હજી સુધી આપણે જોઈએ તો આ ગુનાઓના જે ગુનેગારો છે એને પકડતા નથી અને કાયમ છાપામાં આવી ચોરી અને લૂંટની બાબતો અહીંયા છાપામાં આવતી હોય છે અહીંયા ગૃહની અંદર બેસીને ઘણી ચર્ચાઓ મેં સાંભળી છે. ગુજરાતમાં જે શિક્ષણધામો છે, સંસ્કારધામો છે, સરસ્વતીના મંદિર જેને કહેવાય, પાટણ હોય, દક્ષિણ ગુજરાત હોય કે બીજા અનેક ગામોની અંદર જે કંઈ બાબતો બની છે એ ખરેખર કલંકિત છે. ગુજરાતના જે વાલીઓ છે એ આ પક્ષ કે તે પક્ષ પરંતુ ગુજરાતના વાલીઓમાં જો દાખલો બેસાડવો હશે તો ચોક્કસ આના માટે કોઈ પારદર્શક પગલાં લેવા જોઈએ. અહીંયા એ પણ વાત કરી કે આજે ફરિયાદી પોલીસ સ્ટેશને ફરિયાદ કરવા જાય છે ત્યારે આજે એવી પરિસ્થિતિ ઊભી થઈ જાય છે કે વાડ જ ચીભડાં ગળે તો પછી ફરિયાદ કોને કરાય? માનનીય અધ્યક્ષશ્રી, ફરિયાદીની હાલત તહોમતદાર જેવી કરવામાં આવે છે. એટલે ગામડામાં આપણે જોઈશું તો પૂરેપૂરા સ્ટાફની ભરતી નથી. પોલીસ મહેકમ છે, એમાં પી.એસ.આઈ.ની ભરતી પણ ઓછી થાય છે. ગામડામાં કાયદો અને વ્યવસ્થા સચવાવા જોઈએ એ સચવાતા નથી. પોલીસ ભરતીમાં ગામડામાં ઘણા ભણેલા ગણેલા યુવાનો ભરતી થવા તૈયાર છે, પરંતુ અહીંયા કોમ્પ્યુટરની બાબત આપવામાં આવે છે. પોલીસની ભરતી થાય અને ચાલુ નોકરીએ તાલીમ આપવામાં આવે તો ખોટું નથી.

અહીંયાં વાહન વ્યવહારની થોડી વાત કરીશ. ગુજરાતમાં મને ખબર છે ત્યાં સુધી ૯૭-૯૮માં ૯ હજાર જેટલી બસો હતી. આ સરકારે ૩,૪૮૧ જેટલી બસો ખરીદી છે. આજે ગામડામાં જોઈએ તો કેટલા બધા રૂટ બંધ થઈ ગયા છે. ગામડાના વિદ્યાર્થીઓ, વેપારી કે કોઈપણ માણસ શહેરમાં જવું હોય તો દિવસ દરમ્યાન એક જ બસ

જતી હોય છે. આથી ગામડામાં બંધ થયેલા રૂટો ફરી ચાલુ કરવા જોઈએ. ગામડામાં વિદ્યાર્થીઓને બસમાં બેસવાની વાત કરી છે, ત્યારે ગામડામાં બસ જ જતી ન હોય, ત્યારે આ રૂટ ચાલુ કરે તો જ વિદ્યાર્થીઓ અને ખેડૂતોને લાભ મળવાનો છે.

નર્મદા વિકાસની કેટલીક વાતો કરી છે. આ યોજનામાં ૧૦ હજાર કરોડ જેટલો ખર્ચ ૨૦૦૧ સુધીમાં કરવામાં આવ્યો છે. એ વખતે બાબુભાઈએ પણ વાત કરી હતી. આવી રીતે તે વખતે સિમેન્ટના ભાવ ઓછા હતા. લોખંડના ભાવ અને મજૂરીના ભાવ ઓછા હતા. આ સરકારે છેલ્લા ૫ વર્ષમાં ૧૧ હજાર કરોડ જેટલો ખર્ચ કર્યો છે. આ નર્મદા યોજના ગુજરાતની સુખાકારી માટે છે. ખેડૂતો સમૃદ્ધ બને એટલા માટે છે. પરંતુ આગળના ભાગમાં કેનાલ જે પૂરી થાય છે, ત્યાં શાખા, પ્રશાખાઓ અને ઢાળિયાઓ દ્વારા ગુજરાતમાં ખેડૂતોને પાણી આપવામાં આવે તો ખેડૂતો સમૃદ્ધ બને અને એના લીધે સરકારને આવક પણ થાય. મારા મત વિસ્તારની વાત કરીશ કે મારા મત વિસ્તારની બાજુ પર સુજલામ્ સુફલામ્ કેનાલ પણ જાય છે, સ્પ્રેડીંગ કેનાલ અને નર્મદા વિકાસમાં મારા વિસ્તારને અડીને જાય છે. મારો ભૌગોલિક વિસ્તાર એવો છે કે અહીંયા નર્મદામાં એવું પણ કહેવામાં આવ્યુ છે કે જમણા કાંઠામાં પાણી આપવામાં આવશે નહીં, તો અહીંયા પમ્પીંગ કરીને કે લીફટીંગ કરીને પાણી આપવામાં આવે તો આ ખરેખર સૂકો વિસ્તાર છે એ લીલો થાય.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું.

નર્મદા કેનાલના જે બ્રીજો બન્યા છે. એ બ્રીજો અને એના બંને છેડા. મારા વિસ્તારની વાત કરું તો સાતેક બ્રીજ એવા છે કે જેના ઉપર ગ્રામ્ય વિસ્તારની ખૂબ મોટી અવરજવર છે. જયારથી નર્મદા કેનાલ બની છે, ત્યારથી ડામર કામ કે એની મરામતનું કામ આજ દિવસ સુધી કરવામાં આવતું નથી. અમે નર્મદા વિભાગને પૂછીએ તો કહે કે અમારી પાસે બજેટ નથી. અમે આર.એન્ડ બી. ને પૂછીએ તો એમની પાસેથી જવાબ મળે છે કે આ રસ્તાઓ અમારી પાસે નથી. માનનીય અધ્યક્ષશ્રી, આનો નિકાલ એટલા માટે થવો જોઈએ કે બે વિભાગ વચ્ચે અટવાતું કામ અને એનાથી પ્રજા હેરાન થાય છે. એટલે માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમ દ્વારા આનું કામ સત્વરે થાય એવી વિનંતી કરું છું.

નર્મદાની માઈનોર કેનાલોના કામો જે થાય છે તે ગુણવત્તા વગરના થાય છે. ગરીબ વિસ્તારોની અંદર કેટલાક લોકો જાણી જોઈને કેટલાકના ખેતરોમાં પાણી ન જાય એનું આયોજન કરે છે. આની પાછળ ખૂબ મોટી વાત છે અને સમજવું પડશે. એને ૩ વર્ષ પાણી ન મળે તો એ કંટાળીને એ જમીન વેચવા મજબૂર થાય, એવું કાવતરું ચાલી રહ્યું છે. એટલે નર્મદાનું પાણી જેને જરૂરિયાત છે, એ ખેડૂત સુધી ન જાય અને કેટલાક માથાભારે ખેડૂતો એ પાણી આગળ ન વધવા દે, આની પણ માનનીય મંત્રીશ્રી ચિંતા કરે એવી વિનંતી કરું છું. માઈનોર કેનાલના કામો ચોમાસા દરમ્યાન જે તૂટયા છે, એને પણ ખેડૂતો રીપેર કરે છે, નર્મદા વિભાગ તરફથી કોઈ કામ થતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે વાત કરીએ છીએ કે પોલીસને કાર્યક્ષમ બનાવવી જોઈએ, પોલીસને શકિત આપવી જોઈએ, પોલીસને તાકાત આપવી જોઈએ. બધી જ વાત કરીએ છીએ, પણ જે પગારની વિસંગતતા છે, એને આપણે દૂર કરવા માગીએ છીએ? માનનીય અધ્યક્ષશ્રી, કોન્સ્ટેબલને ૨૫૦૦ અને ૪૫૦૦ રૂપિયા પી.એસ.આઈ.ને પગાર આપીએ છીએ. ગઈકાલે જ કહ્યું કે ચૂંટણીના કામમાં પોલીસને જમવાની વ્યવસ્થા નથી થતી અને આપણે હળવાશથી એ વાત લીધી કે પોલીસવાળો કયારેય ભૂખ્યો રહેતો નથી. એનો અર્થ એ કે પોલીસવાળાને જે કરવું હોય એ કરવા દઈએ અને પછી એના ઉપર માછલા ધોઈએ? પોલીસવાળાને જે કરવું હોય એ કરવા દઈએ અને પછી એના ઉપર માછલાં ધોઈએ. તો આ રીતે આ ખાતા સાથે અને શિક્ષણ ખાતા સાથે જ આ વહેવાર કેમ થાય છે ? કરારથી તો બધે જ છે તો મામલતદારને કેમ ૨૫૦૦ માં લેવામાં આવતા નથી, તાલુકા વિકાસ અધિકારીને કેમ ૨૫૦૦ માં લેવામાં આવતા નથી, નાયબ મામલતદારને કેમ ૫૦૦ ના પગારમાં લેવામાં આવતા નથી અને માત્ર પોલીસને જ કેમ આ રીતે લેવામાં આવે છે? તો પેલા લોકોને તો ૧૧-૦૦ વાગ્યાથી ૫-૦૦વાગ્યા સુધીની જ નોકરી છે અને આ મહેકમમાં તો સ્ટેન્ડ ટુ ૨૪ એ ૨૪ કલાકની એમની નોકરી હોય છે. એટલે એની પણ આપણે ચિંતા કરવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ડી.વાય.એસ.પી. કક્ષાની ૭૦ જગ્યાઓ ખાલી છે, એસ.સી. અને એસ.ટી.ની નિમણૂક થતી નથી એટલે એના કેસોનો ભરાવો થાય છે અને ડિવિઝનલ અધિકારીઓ આ તપાસ કરે છે એટલે મોટું મહેકમ એ તપાસમાં રોકાતું હોય છે. આ મારે એટલા માટે વાત કરવી પડે છે અને મારા અગાઉના ધારાસભ્યશ્રીઓએ પણ કહયું છે કે મહેકમ પૂરતું નહીં કરીએ, જે મહેકમ છે એને સલામતી કાર્યક્રમો અને અન્ય પ્રસંગોમાં રોકી રાખીશું તો આપણે આ વધતા ગુનાઓને ડામી શકીશું નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, સલામતીની વાતોની વાતો ખૂબ થાય છે. સરકાર હોય અને નાના મોટા બનાવો પણ બને. પરંતુ પાટણકાંડ  સર્જાય અને આંતરસુંબામાં આદિવાસીઓને ગોળીઓ મારવામાં આવે. તો એનો આક્રોશ લોકોમાં હોય અને એની એમને વાત કરવાનો અધિકાર છે એની પ્રજાને, એ આદિવાસી આંતરસુંબાથી નીકળે ત્યાંથી પોલીસ એનો પીછો કરે અને ગાંધીનગરમાં કોના ઘેર રોકાયો એ ગાંધીનગરના ઘર આગળ આવીને પોલીસ

બેસી જાય. પાટણથી વાલીઓ નીકળ્યા એની ત્યાંની પોલીસ તપાસ કરે અને ગાંધીનગર આવ્યા પછી એને પાટણ પાછા મૂકી આવવાની વ્યવસ્થા થાય એ આપણા માટે વાજબી છે ખરું? આદિવાસીઓની રેલી આવે એનાથી કેમ ગભરાઓ છો? એ રેલીને આવવા દો, એમને સાંભળો અને આ રેલી આવે તો જયાં એ વાત કરતા હોય ત્યાં સરકારના બે મંત્રીશ્રીઓ જઈને એમને દિલાસો આપે કે આ જે બનાવ બન્યો છે એની તપાસ કરીશું અને દોષિતોને સજા કરીશું, આ રીતે ના કરી શકે? કોઈપણ આદિવાસીને ગોળી ના મરાય, કોઈપણ નિદોર્ષ દલિત બાલિકા ઉપર બળાત્કાર કરીને એની હત્યા ના થાય એની આપણે ચિંતા કરવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણાનો એક ચોકસી પરિવાર અને એમાં એક ચોકસીનું ખુન થાય છે અને એના પિતાશ્રી બે દિવસ પહેલાં મને મળવા આવે છે, માનનીય મુખ્યમંત્રીશ્રીના લોકદરબારમાં પણ એની વાત કરે છે, માનનીય ગૃહ મંત્રીશ્રીને પણ આ ચોકસી એસોસિએશન ત્રણ ત્રણ વખત મળે, એની તપાસ સોંપવામાં આવે અને આજે એનો બાપ એમ કહે છે કે મારા દીકરાના હત્યારાઓ આજે પણ પકડાતા નથી. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, એક જ વાત કરીને મારી વાત પૂરી કરીશ, વધુ વાત નહીં કરું.

માનનીય અધ્યક્ષશ્રી, વિજાપુરનો એક બનાવ કે એક બક્ષીપંચના ઠાકોર દીકરાનું મૃત્યુ થાય અને એના ઘેર ખબર આપવામાં આવે કે તમારા દીકરાનું મૃત્યુ થયું છે અને એનો એક ભાઈ અને એનો પરિવાર પોલીસ સ્ટેશને લાશ જોવા જાય, એના ભાઈને ત્યાં એટેક આવે અને પોલીસ તેમની જીપમાં એને દવાખાને મોકલે ત્યાંસુધી બીજો દીકરો પણ ભગવાનને વહાલો થઈ જાય. તો આ કયું તંત્ર છે અને કઈ વાત છે ? એટલા માટે હું એક વાત કરીશ કે....

**અધ્યક્ષશ્રી:** માનનીય જગદીશભાઈ, મારી પાસે સમયની ખૂબ મર્યાદા છે, હું બે મંત્રીશ્રીઓને સીધા જવાબ ઉપર જ લઈ લઉં છું.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : એક જ મિનિટમાં મારી વાત કરીને પૂરું કરું છું કે મારી સરકારને વિનંતી છે કે જયારે લોક લાગણીનો પડઘો પડતો હોય ત્યારે  એનાથી ભાગવાનું ના હોય, એના માટેની રજૂઆત કરવાવાળા લોકોને મળવાનો અને રજૂઆત કરવાનો સમય આપવો જોઈએ અને એના માટેનો સમય આપની પાસે હોવો જોઈએ અને એ સમય આપીને જયારે એમનાં આંસુ લૂછવાનો સમય આવ્યો હોય ત્યારે આપના દ્વારા મારી સરકારને વિનંતી છે કે આવાં કામોમાં જો આપણે સારો પડઘો પાડીશું , સારી પ્રણાલિકા પાડીશું તો ગુજરાતના લોકોને શાંતિ થશે. આટલું કહીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે આ સન્માનનીય ગૃહ સમક્ષ મારા વિભાગની માગણીઓ લઈને ઉપસ્થિત થયો છું એના સમર્થનમાં અને એના વિરોધમાં કુલ ૧૭ સભ્યશ્રીઓએ પોત પોતાના વિચારો વ્યકત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો એમાં કેટલાક સભ્યશ્રીઓએ ખૂબ જ  સારાં સૂચનો કર્યા છે એ સૂચનોનો હું આભાર સાથે સ્વીકાર કરું છું અને હું પણ કહેવા માગું છું કે મારો વિભાગ આ સૂચનો ઉપર ખૂબ જ ગંભીરતાથી વિચારણા કરશે અને આ વિભાગની કામગીરી વધુને વધુ સારી કઈ રીતે થાય એના માટે નિશ્ચિતરૂપે પ્રયત્નશીલ રહેશે. .માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ શરૂઆત કરતાં કહ્યું કે ગૃહ વિભાગ ખૂબ અગત્યનો છે, એમની વાત સાથે હું સંમત છું અને આ સરકાર એવું માને જ છે કે ગૃહ વિભાગ ખૂબ અગત્યનો છે. જયારથી શાસન વ્યવસ્થા શરૂ થઈ ત્યારથી ન્યાય અને રક્ષણ આ બે શાસનની મૂળ વાતો છે. કલ્યાણ રાજયની કલ્પના તો પાછળથી જોડે ઉમેરાઈ છે. આ મૂળ બે વાતો શાસન સાથે જોડાયેલી છે એ આજે પણ એટલી જ પ્રાસંગિક છે. અને એટલા જ માટે માનનીય નરેન્દ્રભાઈની સરકારે આ વિભાગની કામગીરીને સરકારની પ્રાથમિકતાઓમાં સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે અને તેના પરિણામે હું આ ગૃહની અંદર છઠ્ઠી વાર ગૃહ વિભાગનો જવાબ આપવા માટે ઉભો થયો છું. અને ફરી વાર કહું છું કે સલામતમાં સલામત રાજય સમગ્ર ભારતમાં જો કોઈ હોય તો એ ગુજરાત રાજય છે. અને તેને સલામત બનાવવાનું શ્રેય ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્ર મોદીની સરકારને જાય છે. માનનીય જગદીશભાઈએ કહ્યું કે •(xxxxx) (xxxxx) અમે મીમાંશામાં ન પડીએ શબ્દ સંસદીય છે કે અસંસદીય છે, પરંતુ તેનો હું ચોકકસ જવાબ આપવા માગું છું કે મેં હમણાં જે વિધાન કર્યુ કે સમગ્ર દેશની અંદર સલામતમાં સલામત રાજય ગુજરાત છે તે (xxxxx)  વાત નથી, કેન્દ્રની યુ.પી.એ. સરકારે બહાર પાડેલા આંકડાઓના આધાર પર હું કહેવા માગું છું. અને કેન્દ્રમાં મારી પાર્ટીની સરકાર નથી, જે સભ્યશ્રીઓએ આ વિભાગની કામગીરીની, આ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની ટીકાઓ કરી છે, ટિપ્પણીઓ કરી છે, રાજકીય અવલોકનો કર્યા છે એમની સરકાર કેન્દ્રમાં છે. અને તેના નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોએ જે આંકડા બહાર પાડયા છે તે શું કહે છે તે મારે આ ગૃહના માનનીય સભ્યશ્રીઓના ધ્યાને મુકવા છે. ૨૦૦૬ નું નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોનો એક આંકડો, કે સમગ્ર દેશની અંદર ખૂનની પરિસ્થિતિ ખૂનના ગુનાઓની પરિસ્થિતિ, સમગ્ર દેશની અંદર દર લાખે ૨.૯ ટકા ખૂન થાય, અને ગુજરાતની અંદર ૨.૧ થાય, એટલું જ નહીં, ખૂનમાં, ખૂનનાં

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ગુનાઓની નોંધણીમાં અને ખૂનના ગુનાઓ બનવામાં ગુજરાતનો ક્રમાંક ૨૮મો છે. અને કોંગી શાસીત રાજયો બધા જ અમારી ઉપર આવે છે.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે, માનનીય મંત્રીશ્રી, અગાઉ પણ આપે જયારે સૂચના આપી હતી કે કેન્દ્ર સરકારની વાત ન થઈ શકે, એટલા માટે, કે આખા દેશમાં ભાજપની પણ સરકારો મધ્યપ્રદેશમાં છે અને રાજસ્થાનમાં પણ છે તો કેન્દ્ર સરકારને અનુલક્ષીને સમગ્ર આંકડાઓ આ ગૃહમાં રજૂ કરે છે તે ઉચિત નથી.

**અધ્યક્ષશ્રી** : આ કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર નથી. માનનીય મંત્રીશ્રી પોતાના જવાબમાં જે કહી રહ્યા છે તે યોગ્ય છે. શ્રી અમીતભાઈ, આગળ ચાલો.

**શ્રી અમિત અ. શાહ** : આભાર સાહેબ, ખૂનની કોશીશ સમગ્ર દેશમાં દર લાખે ૨.૪ ટકા ખૂનની કોશીશોના ગુના નોંધાયા છે, ગુજરાતમાં દર લાખે પોઈન્ટ ૯, એટલે લાખે એક ગુનો પણ નહીં, પોઈન્ટ ૯, અને ક્રમાંક ૩૩, બળાત્કારની અંદર દર લાખે ૧.૪, કોઈ એક કમનસિબ ઘટનાને ઉછાળી ઉછાળીને અખબારોમાં ચમકાવી અને સમગ્ર સમાજનું મોરલ તોડવાનું કામ કરવું તેનાથી આ ઘટનાઓ નથી અટકતી, આ આંકડાઓ તમારી આંખ ઉઘાડે એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, હું સર્વ ગૃહના સભ્યોના ધ્યાને મુકવા માગું છું કે સમગ્ર દેશમાં લાખે ૧.૭ બળાત્કાર નોંધાય છે, ગુજરાતમાં પોઈન્ટ ૬ નોંધાય છે, અને સમગ્ર ભારતમાં મોટા રાજયમાં સૌથી ઓછા બળાત્કાર ગુજરાતમાં નોંધાય છે, એટલા માટે હું કહું છું કે ગુજરાત સલામત રાજય છે. ધાડમાં ૧૫મો નંબર, લૂંટમાં ૧૮મો, ઘરફોડમાં ૨૦મો, અપહરણમાં ૧૮મો, માનનીય અધ્યક્ષશ્રી, કોઈ જગ્યાએ, કોઈ ગંભીર ગુનાની અંદર ગુજરાતનો નંબર ૧ થી ૫ માં નથી આવ્યો. કોઈ જગ્યાએ નથી આવ્યો, અને હું હમણાં કેટલાંક રાજયોના નામ બોલું સાહેબ તમે કહેતા હો તો, વળી પાછો વાંધો ઉઠાવશે કે બીજા રાજયોની ટીકા ન થાય. હા પણ હું કહું છું કે એક થી પાંચમાં કયાંય અમારો નંબર નથી, અને એટલા માટે હું કહું છું કે આ ગુજરાત સલામત છે. હમણાં કોઈ સભ્યશ્રીએ વાતચીતમાં કહ્યું કે ગુજરાતની સરખામણી ઉત્તર પ્રદેશ અને બિહાર સાથે ન થાય. હા, ભાઈ બિહાર અને ઉત્તર પ્રદેશ સાથે ન થાય. મેં એની સાથે સરખામણી નથી કરી, ગુજરાતમાં ગુનાઓ ઓછા થાય, ગુજરાતની સરખામણી કોંગ્રેસ શાસિત ગુજરાત અને ભારતીય જનતા પાર્ટી શાસિત ગુજરાતના ગુનાઓના આંકડા જોડે કરવી છે. એમાં તમે કોઈ ના નહિ પાડી શકો. કેટલાક આંકડાઓ મારે આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા છે. ૧૯૯૧ થી ૧૯૯૪માં કોંગ્રેસની સરકાર હતી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મુકેશભાઈ, આપને આપના ગુજરાતના ઇતિહાસનું જ્ઞાન છે, કયા વર્ષમાં કઈ સરકાર હતી એ પૂછવાની જરૂર નથી.

**શ્રી અમિત શાહ** : એ શાસનમાં ખૂનના ગુનાઓ ૫૯૪૩ થયા હતા, ૨૦૦૪ થી ૨૦૦૭ના અમારા શાસનમાં ૪૫૭૦ નોંધાયા છે. ૩૭ ટકા વસતિ વધી છતાં ૨૩ ટકા ગુનાઓ ઘટ્યા છે. ખૂનની કોશિશ ૩૨૫૩ જ્યારે ભાજપના શાસનમાં અડધો અડધ ૧૮૮૧, ધાડ ૧૪૪૮ થઈ હતી એ અમારા શાસનમાં ૧૨૧૧ થઈ છે. અહીંયા ચોરીઓ વધી એમ કહે છે, રોજ છાપામાં વાચે છે એ વખતના છાપાઓ જોશો તો ચોરી સિવાય કોઈ સમાચાર નહોતા આવતા. ચોરીના કિસ્સા ૨૩૨૫૯ હતા એ ઘટીને ૨૦૭૮૭ થયા. હંગામો ૭૫૦૦થી ઘટીને ૫૩૦૦, ઈજાઓ ૬૦૪૦૦થી ઘટીને ૪૨ હજાર, સરકારી નોકરો પરના હુમલા ૩૯૮૫ થી ઘટીને ૨૧૩૬. આ ગંભીર ગુનાઓનો સરવાળો કરીએ તો પરિણામ શું આવે, ૧૯૯૧ થી ૧૯૯૪ અને ૨૦૦૪ થી ૨૦૦૭ના ગુનાની સરખામણી કરીએ તો ૩૭ ટકા વસતિ વધી પછી ૨૬.૬૦ ટકા ગુનાઓ કોંગ્રેસ શાસન કરતાં માનનીય નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ઘટ્યા છે. છતાં અમે કહીએ છીએ કે એનાથી અમને સંતોષ નથી. આને અમે સુધારવા માગીએ છીએ. પરંતુ જ્યારે એકની એક વાત કહીને, આંકડા બોલીને પોલીસ અધિકારીઓનું મોરલ તોડવાનું હોય તો હું કહેવા માગું છું કે અમારા શાસનની અંદર ગુજરાતની પોલીસે સારી કામગીરી કરી છે એના કારણે ગુજરાત સલામત બન્યું છે.

હમણાં માનનીય અર્જુનભાઈએ વાત કરી કે પોરબંદરમાં આમ ચાલે છે, અમદાવાદમાં આમ ચાલે છે એવી ઘણી બધી વાતો કરી. મારે આપના માધ્યમથી એક વાત મૂકવી છે કે કોંગ્રેસના શાસનમાં પોરબંદરની સ્થિતિ એવી હતી કે ત્યાંની જેલ બંધ કરી દેવી પડી હતી, જેલ ચાલુ રખાય તેવી સ્થિતિ નહોતી. સરકારે રેકર્ડ ઉપર જેલ બંધ કરવી પડી હતી એ સ્થિતિને સુધારતા સુધારતા અમે અહીંયા સુધી લઈ આવ્યા છીએ. એટલે અમારી ટીકા ટિપ્પણ કરવાને બદલે એ વખતની સ્થિતિ જોઈએ તો અમદાવાદની ઓળખાણ •(xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx).વિપક્ષના સભ્યોએ આટલી બધી વાતો કરી કોઈ ગેંગનું નામ નથી બોલી શકતા. એકેય ઓર્ગેનાઈઝ ગેંગનું નામ નથી બોલી શકતા કારણ કે ગેંગ હોય તો નામ બોલેને? આ બધી ગેંગો એમના સમયમાં ગુજરાતની પ્રજાને શાંતિથી જીવવા નહોતી દેતી, ગુજરાતની પ્રજાને શાંતિથી ઊંઘવા નહોતી દેતી. એમાંના કેટલાક

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ગુનેગારોને અમે પકડીને જેલમાં પૂર્યા છે. ૧૯૮૫ના ગુનેગારોને અમે જેલમાં પૂર્યા છે. મારે સબ જયુડિસ મેટરની વાત નથી કરવી. મારે તેમાં કશું કહેવાનું નથી. મારે એટલું જ કહેવાનું છે કે હરેનભાઈના હત્યારાઓને પકડીને અમે જેલના હવાલે કર્યા છે અને સજા કરાવી છે અને આ સજા સી.બી.આઈ.એ કરાવી છે. તેની તપાસ સી.બી.આઈ. કરે છે અને હું બહુ જવાબદારીપૂર્વક કહેવા માગું છું કે સી.બી.આઈ. અત્યારે કેન્દ્ર સરકાર..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હરેન પંડયા હત્યા કેસનો મેં પણ ઉલ્લેખ કર્યો હતો અને મારે તેમાં ઘણું બધું કહેવાનું હતું. તેમના હત્યારાઓને ભગાડી દેવામાં આવ્યા હતા એ પણ મારે વાત કરવાની હતી. પણ આપે તે વખતે આ મેટર સબજયુડિસ છે તેમ કરીને રોક્યા હતા. કાં અમારી એ વાત રૅકૉર્ડ ઉપર રહેવા દો, નહીં તો એ જે ઉલ્લેખ કર્યો છે એ રદ કરો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ મારે કહેવું છે. શ્રી અર્જુનભાઈ, તેમણે માત્ર કોર્ટનો જે ચુકાદો આવ્યો અને સી.બી.આઈ.એ ઈન્કવાયરી કરી છે એટલી જ વાત કરી છે. એટલે એ વસ્તુ સબજયુડિસ થતી નથી. આપ એ વાતને આગળ મૂકીને જવા દો.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : આ જે ચુકાદાની વાત છે તેમાં હરેનભાઈના પિતા એમ કહે છે કે મને બરાબર સાંભળ્યો નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ વાત એટલા માટે ન કરવા દીધી કે આ આખો પ્રશ્ન હાઈકોર્ટમાં છે. તેમણે એક જ વાક્ય કહ્યું છે એ મેં પૂરતું સાંભળ્યું છે કે હરેન પંડયાના કેસના હત્યારાઓને સજા થઈ છે. (અંતરાય) એ આખો પ્રશ્ન કોર્ટમાં પડ્યો છે. એટલે મેં ના કહી. (અંતરાય)

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : રાજય સરકાર અને ભારત સરકાર એમની હતી. એમના પિતાનો આક્ષેપ હતો કે ...

**અધ્યક્ષશ્રી** : સી.બી.આઈ. છે. (અંતરાય) શ્રી જગદીશભાઈ, મેં મારું અવલોકન કહી દીધું છે. એ વાતને આગળ લઈને અમિતભાઈ આપ આગળ વાત કરો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪થી કેન્દ્રની અંદર સરકાર બદલાઈ છે. યુ.પી.એ.ની સરકાર છે અને યુ.પી.એ.ની સરકારના માર્ગદર્શનમાં સી.બી.આઈ. કામ કરે છે અને જે આરોપો થઈ રહ્યા છે એ આરોપોનો સી.બી.આઈ.એ સ્પષ્ટ જવાબ ચાર્જશીટમાં આપ્યો છે કે પકડાયેલા ગુનેગારો સાચા છે અને આમાં કોઈ રાજકીય સંડોવણી નથી. આ સી.બી.આઈ.એ રૅકૉર્ડ ઉપર કહ્યું છે અને એટલા માટે હું કહું છું કે ખાલી લેવા માટે આ વાતોને ઉછાળવાની બંધ કરો.

**અધ્યક્ષશ્રી** : અમિતભાઈ, એ પ્રશ્નને મૂકીને આગળ ચાલો. તમારો સમય થવા આવ્યો છે.

**શ્રી અમિત શાહ** : હા,જી સાહેબ. આના પરિણામે જ પ્રજાએ તમને ત્યાં બેસાડ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જેલોનો ઉલ્લેખ કર્યો, નાની-મોટી ઘટનાઓ થઈ હશે. હું કંઈ જેલ મંત્રી તરીકે તેને છાવરવા માગતો નથી, તેનો બચાવ કરવા નથી માગતો. પરંતુ અમારે ત્યાં કોઈ મંત્રીએ નોનવેજ ટિફિન ઘરેથી લાવવા દેવું એવો પત્ર નથી લખ્યો. આવી ભલામણો નથી કરી, એ કોંગ્રેસના શાસનમાં થયું છે કે નોનવેજ ટિફિન જમવા દેવું અને અધિકૃત રીતે મંત્રીએ લખેલા પત્રો રૅકૉર્ડ ઉપર છે ભાઈ,. અમને સલાહ આપવાની જગ્યાએ તમે થોડું આત્મચિંતન કરો તો ખબર પડશે કે આવું બોલાય કે ના બોલાય.

માનનીય અધ્યક્ષશ્રી, મેં વાત કરી તે પ્રમાણે સમગ્ર રાજયમાં ગુનાઓનું પ્રમાણ ઘટ્યું છે. હમણાં માનનીય સભ્યશ્રીઓએ દારૂની વાત કરી કે રેલમછેલ છે. દેશી દારૂ મળે છે. વિદેશી દારૂ મળે છે. મારે એટલું જ કહેવું છે કે જ્યારે તમારી સરકાર હતી ત્યારે ચાર વર્ષમાં ૨૩ લઠ્ઠાકાંડ થયા હતા અને ૯૪ નાગરિકોના મૃત્યુ થયાં હતાં. ૨૦૦૩થી ૨૦૦૭ સુધીમાં એક પણ લઠ્ઠાકાંડ થયો નથી. એ જ બતાવે છે કે નશાબંધીનો અમલ આ રાજયમાં કેટલો સારો થઈ રહ્યો છે. અનુસૂચિત જાતિ વિરુદ્ધના ગુનાઓમાં ૧૯૯૧-૯૪ની સરખામણીમાં ૩૫ ટકાનો ઘટાડો. અનુસૂચિત જનજાતિ વિરુદ્ધના ગુનાઓમાં ૧૯૯૧-૯૪ની સરખામણીમાં ૪૬ ટકાનો ઘટાડો. મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં ૧૮ ટકાનો ઘટાડો. દલિત સલામત છે, આદિવાસી સલામત છે, મહિલા સલામત છે. અસલામતી તમારા મનની અંદર પડી છે. અને રાજકીય અસલામતી છે બીજું કાંઈ નથી અને એની દવા પોલીસ વિભાગ પાસે નથી. એની દવા તો મનોચિકિત્સક પાસે મળે, સાયકોલોજીસ્ટ જોડે મળે, મારો વિભાગ એની દવા ન કરી શકે. સાહેબ, પોલીટીકલ એન્કાઉન્ટરનો જવાબ આપું? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહભાઈ, આપ જો સંયમ જાળવી શકતા ન હોવ તો આપ સ્વેચ્છાએ બહાર જઈ શકો છો. આપને બાવકુભાઈ કહે એટલા શબ્દો ન બોલો, એમના કહ્યા પ્રમાણે ન ચાલો. મને ખબર છે એ જે શબ્દો બોલ્યા એ મારે નથી ઉચ્ચારવા. એ જે પહેલાં બોલ્યા, આ ગૃહની મર્યાદા હું સમજું છું એટલા માટે, જગદીશભાઈ હું તમને બહાર વાત કરીશ, એમને જે બાબતમાં ધ્યાન દોરવાનું છે એ હું આપને કહીશ. શ્રી ખુમાનસિંહભાઈ, આપને ફરીથી કહું છું કે, આ સભાગૃહમાં જે વાતાવરણ લાવવામાં સહયોગ આપ્યો છે એને કાયમ રાખો.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ છતાંય આવનારા દિવસોની અંદર આ ગૃહ વિભાગ વધુ સક્ષમ બને એના માટે રાજય સરકાર ચિંતિત પણ છે અને એના માટે કાર્યવાહી કરી રહ્યા છીએ. રાજય સરકાર

એક નવો ઈનેસેટીવ લઈને રાજયના બધા જ પોલીસ સ્ટેશનોને કમ્પ્યુટરરાઈઝ કર્યા છે. એટલું જ નહીં પણ એને કનેકટીવીટી પણ પ્રોવાઈડ કરી છે. અંતરિયાળ વિસ્તારના પોલીસ સ્ટેશન હોય ત્યાંથી રાજયના પોલીસ વડાની ઑફિસ સાથે જોડવાનું કામ પૂરું થયું છે. કમ્પ્યુટરથી જોડ્યા પછી એક ટોટલ સોલ્યુસન પ્રોવાઈડર પ્રોવાઈડ કરવા માગીએ છીએ. એની પ્રાયોગિક કાર્યવાહી અત્યારે ચાલુ થઈ ગઈ છે. ગાંધીનગર રેન્જમાં એ ટોટલ સોલ્યુસન પ્રોવાઈડર સંપૂર્ણપણે અમલમાં આવશે અને એનાથી અનેક પ્રકારના ગુનેગારોને પકડવાની સવલત થવાની છે. કેટલીય લાખોની સંખ્યામાં ફિંગર પ્રિન્ટનો ડેટા બેઝ સીધો ઉપલબ્ધ થવાનો છે. દરેક ગુનેગારના ફોટાઓ પોલીસ સ્ટેશને સીધા જ ઉપલબ્ધ થવાના છે. હથિયારોના લાયસન્સની મુદત માટે તરત જ પોલીસ સ્ટેશને રેકર્ડ ઉપલબ્ધ થવાનો છે. વિઝાની મુદત માટે, પાસપોર્ટની મુદત માટે તરત જ સીધો ડેટા ઉપલબ્ધ થવાનો છે. નેશનલ ક્રાઇમ રૅકૉર્ડ બ્યુરો સાથે આનું સીધું જોડાણ થવાનું છે. એફ.એસ.એલ. જોડે સીધું જોડાણ થવાનું છે. જેલો સાથે દરેક પોલીસ સ્ટેશનનું સીધું જોડાણ થવાનું છે અને કોર્ટો સાથે પણ આ અમારા સોફટવેરને સાંકળી લઈને કેસની વિગતો શું શું છે? એ પણ પોલીસ સ્ટેશને જોઈ શકાશે એવી કાર્યવાહી કરવામાં આવશે. અને મને ચોક્કસ ખાતરી છે કે, જે પ્રકારે ઊંડો વિચાર કરી દૂરંદેશીપૂર્વક નીતિનો અમલ કરી ગૃહ વિભાગ દ્વારા પોલીસ સ્ટેશનોનું કમ્પ્યુટરરાઈઝેશન થઈ રહ્યું છે. એ સમગ્ર દેશમાં મૉડલ તરીકે ઊપસી આવવાનું છે અને તેના કારણે ગુનાઓની સંખ્યા ઘટાડવામાં ખૂબ જ ફાયદો થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મોર્ડનાઈઝેશન ઑફ પોલીસ ફૉર્સ. એના માટે ૨૦૦૧થી અત્યાર સુધીમાં ૭૧૩ કરોડ રૂપિયા ખર્ચાયા છે. હમણાં બાવકુભાઈ કહેતા હતા કે, ચાર રિવૉલ્વર નથી અને એકેય ગોળી નથી. (અંતરાય) હું આપને ઉદ્દેશીને જ કહું છું. બાવકુભાઈએ આપને ઉદ્દેશીને જ કહ્યું છે એટલે હું આપને ઉદ્દેશીને બાવકુભાઈને જવાબ આપવા માગું છું કે, એ જમાનો ગયો બાવકુભાઈ, અત્યારે તો આતંકવાદીઓના સ્વાગત માટે ગુજરાતની પોલીસ એ.કે.૪૭ લઈને ઊભી છે. ગુજરાતની પોલીસના હથિયારોની આપ ચિંતા ન કરતા. કારણ કે, રાજય સરકારે સુપેરે ચિંતા કરી છે અને ૭૧૩ કરોડ રૂપિયા એના પોલીસ સ્ટેશનો માટે, એના રહેઠાણો માટે, એના હથિયારો માટે, એના કમ્પ્યુટરરાઈઝેશન માટે અમે ખર્ચ્યા છે. (અંતરાય) મારી એક વિનંતી છે કે, આપ સભ્યશ્રીઓને રક્ષણ આપતા હતા એવું મને આપો.

**અધ્યક્ષશ્રી** : આપને રક્ષણની જરૂર નથી. આપ ચાલુ રાખો. સભ્યશ્રીઓ એટલા માટે આપને દખલ કરે છે કે, આપ બે સૅકન્ડ આરામ કરો.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની એફ.એસ.એલ. સમગ્ર દેશની અંદર એક નંબરની એફ.એસ.એલ. તરીકે પ્રસ્થાપિત થઈ છે અને એમાં કોઈ વિવાદ કે વિખવાદ નથી. એફ.એસ.એલ. માટે ૨૦૦૩થી અત્યાર સુધીમાં સરકારે ૩૨ કરોડ રૂપિયા ખર્ચી કાઢ્યા છે. એવા કેટલાએ ટેસ્ટ જે ભારતની કોઈ લૅબૉરેટરીમાં નથી થતા એ બધા ટેસ્ટો ગુજરાતની એફ.એસ.એલ.માં થાય છે એના પરિણામે રાજયની અંદર કેટલાએ એવા ગુનાઓ દેશભરમાંથી ઉકેલવા માટે અહીંયા આવે છે જેની અંદર આપણી એફ.એસ.એલ.એ મદદ કરી છે અને સમગ્ર રાજયની, સમગ્ર દેશની જુદી જુદી સરકારો, અને જુદી જુદી તપાસ એજન્સીઓને મદદ કરી સમગ્ર દેશના ગુના ઉકેલવામાં મદદ કરી છે. અત્યાર સુધીમાં કેટલાય ચર્ચાસ્પદ કેસો એફ.એસ. એલ. એ ઉકેલ્યા એટલું જ નથી કર્યુ આવનારા દિવસોની અંદર મોટાભાગના ગંભીર ગુનાઓ આપણે એફ.એસ.એલ.ના દાયરાની અંદર સમાવી લેવા માગીએ છીએ અને એ વખતે મેનપાવરની જરૂર પડશે અને આ મેન પાવર મળે એના માટે એફ.એસ.એલ. એ ગુજરાત યુનિવર્સિટી જોડે અને નિરમા યુનિવર્સિટી જોડે જોડાણ કર્યુ છે અને એક કોર્સ આપણે ત્યાં ચાલુ કર્યો અને અને ત્યાંથી ડીગ્રી અને ડિપ્લોમા કોર્સ મળશે એટલે પોલીસ વિભાગને આના નિષ્ણાતો તૈયાર મળે, તાલીમ પાછળ સમય ના બગડે એ પ્રકારની આખી વ્યવસ્થા એફ.એસ.એલ. એ ઉભી કરી છે. ક્રાઈમ બ્રાંચ, મને કહેતાં અનંદ થાય છે કે ૧૯૭૦ પછી પહેલી વાર આ રાજય સરકારે ક્રાઈમ બ્રાંચની સ્થિતિને મજબૂત કરવા માટે પગલા ભર્યા છે. એમના હથિયારો, એમની બેસવાની સુવિધાઓ એમના સંદેશા વહેવારના સાધનો એમના મહેકમની અંદર ઘણોમોટો વધારો રાજય સરકારે કર્યો છે. ટોટલ આખા રાજયની વાત કરું તો ૫૨૮ અધિકારીઓ/ કર્મચારીઓનું મહેકમ ક્રાઈમ બ્રાંચનું વધારવામાં આવ્યું છે અને એના માધ્યમથી અમે આ ગુનાઓને કંટ્રોલમાં લેવા માગીએ છીએ. ગુજરાતની અંદર આર્થિક વિકાસ કૂદકે અને ભૂસકે થઈ રહ્યો છે. સમગ્ર ગુજરાતની અંદર આખા દેશના ખૂણે ખૂણેથી કામ માટે જૂદા જૂદા પ્રકારની જવાબદારીઓ માટે લોકોનો આવવાનો પ્રવાહ ચાલુ છે. સુરત, કચ્છ, બરોડા, અમદાવાદ આ બધા એવા સેન્ટરો છે કે જ્યાં બહારના રાજયોમાંથી આવનારાઓની સંખ્યા ખૂબ વધી છે એના લીધે ગુજરાતનું વર્ષોથી જે ગુનાઓનું કલ્ચર હતું એ કલ્ચર બદલાયું છે અને એના અભ્યાસ માટે બહારના રાજયમાંથી જ્યારે લોકો આવે, બહારના રાજયમાંથી જ્યારે મજૂરી માટે લોકો આવે, જૂદી જૂદી નોકરીઓ માટે આવે, અને એમના રાજયની અંદર થતા ગુનાઓ જેવા ગુનાઓ આપણા રાજયમાં પણ શરૂ થાય અને એના અભ્યાસ માટે મોડસ ઓપરેન્ડી બ્યુરોએ ખૂબ સારી કામગીરી કરી છે. અને આવનારા દિવસોની અંદર અમે એનો અભ્યાસ કરીને થતા ગુનાઓ રોકવા માટે અનેક પ્રકારની નવી યોજનાઓ વિચારી રહ્યા છીએ એનો પણ ફાયદો આ રાજયને થવાનો છે.

ડેઝર્ટ એરિયા પોલીસીંગની શરૂઆત કદાચ ગુજરાતથી જ થઈ છે અને એના માટે ૭૬.૧૪ કરોડનો એક પ્લાન બનાવ્યો છે જેનાથી સમગ્ર રણ વિસ્તારની, બાબુભાઈ ડેઝર્ટ એરિયા પોલીસીંગની વાત થાય છે. સમગ્ર રણ વિસ્તારની સુરક્ષા માટેની ચિંતા રાજય સરકારે કરી છે અને ૭૬.૧૪ કરોડનો પાંચવર્ષીય પ્લાન કરી ડેઝર્ટ એરિયા પોલીસીંગની શરૂઆત કરી છે. દરિયાઇ સુરક્ષા માટે ૨૦૦૩માં રાજય સરકારે ઈનીસીએટીવ લીધો. ૧૬૦૦ કિલોમીટરનો લાંબો દરિયાકિનારો આ રાજયને મળ્યો છે. એ રાજય માટે ઉપલબ્ધિ પણ છે, મોટી મૂડી પણ છે અને સાથે સાથે ચિંતાનું એક કારણ છે એટલા માટે આપણે દરિયાઇ સુરક્ષા માટેનો ૪૫૮ કરોડનો પ્લાન મોકલ્યો હતો કેન્દ્ર સરકારને અને એ મંજૂર થયો છે અને એમાંથી ૫૮ કરોડ રૂપિયાનો પહેલો તબક્કો લાગુ થઈ ગયો છે. એમાં દસ નવા કોસ્ટલ પોલીસ સ્ટેશનો ખોલ્યા છે અને બીજી કેટલીએ ચેકપોસ્ટો ખોલવાની છે અને સાધન સામગ્રી પણ જેની અંદર ૩૦ થી વધુ બોટોનો સમાવેશ થાય છે. એ પણ મળવાની છે. લગભગ કર્મચારીઓની તાલીમ માટે અને વીહીકલ માટે બધું થઈને કુલ ખર્ચ અત્યાર સુધીમાં ૧૦ કરોડથી વધુ કરી નાખ્યો છે અને ૬૦ કરોડ સુધી કરવાનો છે. અમદાવાદને મેગા સીટી જાહેર કર્યુ અને સાથે મેગાસીટી પોલીસીંગ માટે પણ આપણે પગલાં ભરવાની શરૂઆત કરી છે અને અત્યાર સુધીમાં એના માટે ૨૨ કરોડ રૂપિયાનું પ્રોવિઝન કર્યુ છે. ૭ કરોડ રૂપિયા એમાંથી ખર્ચ કરી દેવામાં આવ્યા છે આનાથી જ અમદાવાદ પોલીસનું આખુ લૂક બદલાવાનું છે અને અમદાવાદ પોલીસ મેગા પોલીસીંગ માટે સજજ થવાનું છે. ભરતીના નિયમોમાં પણ આ રાજય સરકારે ખૂબ સુધારાઓ કર્યા છે. શૈક્ષણિક લાયકાતો વધુ ઉચ્ચ કક્ષાએ લઈ ગયા છીએ, કૉમ્પ્યુટરનું શિક્ષણ ફરજિયાત બનાવ્યું છે. કોમપ્યુટરની જાણકારી ફરજિયાત બનાવી છે. એથલેટીકસ અને બીજી રમતગમત સ્પર્ધાઓમાં રાજય કક્ષાએ જેમણે ભાગ લીધો હોય એમને પ્રાયોરીટી આપવામાં આવે છે.એન.સી.સી.નું 'સી' સર્ટિફિકેટ ધરાવતા હોય એ લોકોને પ્રાયોરિટી આપવામાં આવે છે. આના માધ્યમથી એક કેળવાયેલ પોલીસ ફૉર્સ રાજ્યને મળશે. એના માટે રાજ્ય સરકારે ઈનિસિએટીવ લીધા છે. વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૭ દરમિયાન કુલ ૧૬૧૮૪ ની ભરતીની મંજૂરી આપવામાં આવેલ છે. એમાંથી ૩૬૫૫ ની પ્રક્રિયા પૂરી થઈ ગયેલ છે. ૧૧૧૮૩ ની ભરતી પ્રક્રિયા ચાલુ છે અને ૧૩૪૬ ની ભરતી પ્રક્રિયા શરૂ થવામાં છે. આપણી તાલીમ સંસ્થાઓએ ખૂબ સારી કામગીરી કરી છે. દેશના જુદા જુદા ૬ રાજ્યોમાંથી તાલીમ સંસ્થામાં તાલીમ લેવા માટે ૨ હજાર કરતાં વધારે પોલીસ અધિકારી-કર્મચારીઓ અહીં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે હવે પાંચ મિનિટ બાકી રહી છે.

**શ્રી અમિત શાહ** : જી, એના પરિણામ સ્વરૂપે આપણી તાલીમ સંસ્થાઓએ દેશભરમાં ખૂબ સારી પોતાની આબરૂ બનાવી છે. હમણાં એક લોક દરબારનો ઉલ્લેખ થયો. એમણે કહ્યું કે લોક દરબારમાં બુટલેગરો, દારૂના અડ્ડાવાળા, જુગારના અડ્ડાવાળા, આવા લોકો હાજર રહે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ, આપ ૨૦ મિનિટ કરતાં વધારે ન લેવાના હોય તો એમને ૧૦ મિનિટ વધારે આપીએ છીએ.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, લોક દરબારમાં રાજ્ય સરકારે કરેલ પરિપત્ર મુજબ તાલુકા જિલ્લાના ચૂંટાયેલા પદાધિકારીઓ, વેપારી મહાજનો, ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ બધાને હાજર રહેવા માટે સૂચના આપવામાં આવી છે. પણ કેટલીક જગ્યાએ ધારાસભ્યશ્રીઓ હાજર ન રહે. કેમ હાજર ન રહે એમાં મારે પડવું નથી. પરંતુ આ એક સારી પ્રક્રિયા છે અને એના માધ્યમથી અનેક ફરિયાદો પોલીસના ઉચ્ચ અધિકારીઓના ધ્યાને આવી છે અને જવાબદાર લોકો સાથે પગલાં લેવામાં આવ્યા છે, ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું છે. જે ટીકા-ટિપ્પણ વિરોધ પક્ષના મિત્રોએ કરવી હોય એ કરે, આ રાજ્ય સરકાર લોક દરબારને વળગી રહેવાની છે અને એના માધ્યમથી લોકોના સમસ્યાઓ ઉકેલવાનું અમે ચાલુ રાખવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સમયની મર્યાદા છે. થોડી વાહન વ્યવહારની વાત કરી લઉં. અત્યારે કૉમ્પ્યુટર લર્નિંગ લાઈસન્સ માટે લોકોની સુવિધા માટે સગવડ ચાલુ કરી દીધી છે. આર.સી. બુક સ્માર્ટ કાર્ડ આધારિત આપવા માટેની પ્રક્રિયા ચાલી રહી છે. સેન્ટ્રલ મોનિટરીંગ સિસ્ટમ માટે આ વખતના બજેટમાં જોગવાઈ કરી છે. સૌથી મોટું એચીવમેન્ટ વાહન વ્યવહાર વિભાગનું પ્રદૂષણ ઘટાડવાનું છે. અમદાવાદ અને સુરતમાં જે લોકો રહેતા હતા એ લોકોને સાંજે આંખો બળતી હતી. ફારુકભાઈ જેવા લોકો કે જેઓ કોટ વિસ્તારમાં રહે છે એમને ખાસ ખબર છે કે સાંજના સમયે આંખો બળતી હતી. બુકાની બાંધીને જવું પડતું હતું. આદરણીય નરેન્દ્રભાઈએ સી.એન.જી. રિક્ષાનો કન્સેપ્ટ ચાલુ કર્યો, દાખલ કર્યો, વિરોધ છતાં અમલ કર્યો અને પ્રદૂષિતમાં પ્રદૂષિત ગણાતું અમદાવાદ શહેર આજે પ્રદૂષણ કરનારા શહેરોની યાદીમાં છેલ્લામાં છેલ્લા નંબરે પહોંચવાની તૈયારીમાં છે. એનો સંપૂર્ણ યશ જો કોઈને જતો હોય તો ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે. બસમાં પણ સી.એન.જી. બસની શરૂઆત કરી છે. વર્ષોથી ટેક્સનું સ્ટ્રકચર એવું ઓકવર્ડ હતું કે નાગરિકોને સમજવામાં ખૂબ મુશ્કેલી પડતી હતી. એજન્ટોનો સહારો લેવો પડતો હતો. ૬૭ જેટલા દરો અમલમાં હતા જુદા જુદા પ્રકારના વાહનો માટે, એનું રેશનલાઈઝેશન કરીને ફક્ત ૧૮ દરો અમલમાં લાવ્યા છીએ. આને પણ હજુ નીચે લઈ જવા માગીએ છીએ. આના લીધે કર દાતાઓને ખૂબ સહૂલિયત થઈ છે. ૧લી મે થી બેંકમાં આ કર સ્વીકારવાનું ચાલુ કરવાના છીએ. આર.ટી.ઓ. કચેરીમાં ધક્કા ખાવાની જરૂર નહીં પડે. બે રાષ્ટ્રીયકૃત બેંકોને આના માટે

આઈડેન્ટીફાઈ કરી છે. રિઝર્વ બેંકની મંજૂરી માગી છે એ મળે પછી બેંકમાં ટેક્સ લેવાનું શરૂ થશે. આથી આર.ટી.ઓ. સુધી ટેક્સ ભરવા જવું નહીં પડે. પહેલા વાહન ખરીદીએ એ વર્ષે ટેક્સ આવતો હતો.હવે બધાએ ૩૧મી માર્ચના વર્ષ પ્રમાણે ટેકસ ભરવાનો એવો પણ નિયમ કર્યો છે એને પરિણામે પણ દરેક નાગરિકને ટેકસ કયારે ભરવો એ બાબતમાં કોઈ યાદગીરી આપવાની ના રહે. વિભાગ એક નાનકડી જાહેરાત આપે તો બધાને સારી રીતે રિમાઈન્ડર થઈ જાય અને આ રેવન્યુ સીધે સીધી બેંકના માધ્યમથી આર.ટી.ઓ.ની તિજોરીમાં જાય એવી વ્યવસ્થા આપણે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એસ. ટી. વિભાગની વાત કરી. મારે કહેવું છે કે ત્રણ વર્ષમાં ૩૭૦૦ નવી બસો ખરીદી છે એમાં ૮૦૦ સી.એન.જી. બસો ખરીદી છે અને મારે વિપક્ષના બધા જ મિત્રોને કહેવું છે કે આંખ બંધ કરી તમારાં સમયની બસ યાદ કરો અને અત્યારની બસ યાદ કરોને માથે ભગવાનને રાખીને કહો કે તેમાં ફરક પડ્યો છે કે નહિ? સાહેબ, બધાએ હા પાડવી પડે. ધકા મારવા પડતા હતા, લીલા ડબાઓ બદલાઈ ગયા છે, અંદર ટૅલિવિઝનવાળી, વી.સી.ડી.વાળી, ટેલિફોનવાળી આવી સુંદર એસ.ટી. રોડ ઉપર પ્રજાની સેવામાં મૂકી છે અને રોડ ઉપર જતી હોય તો સુંદર પરિ જતી હોય એવા દર્શન થાય છે એ જોતા શીખતા નથી. મારી એમને આપના માધ્યમથી અપીલ છે કે આ બસનું સૌંદર્ય એ લોકો માણે, એની ટીકા કરવાની જગ્યાએ વિરોધપક્ષના મિત્રો સૌંદર્ય માણી પણ નથી શકતા હું શું કરું સાહેબ? પરંતુ આ ૩૭૦૦ બસો એક નવા આઉટલૂક સાથે લોકોની સેવામાં મૂકી છે અને એને પરિણામે ઉતારુઓમાં પણ ધીરે ધીરે વધારો થયો છે. ખાલી એસ.ટી.એ નફો કરતું નિગમ ના હોવું જોઈએ, એણે સામાજિક જવાબદારી નિભાવવી જોઈએ એવું સૂચન એક-બે સભ્યશ્રીઓએ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું આ ગૃહના રૅકૉર્ડ ઉપર મૂકવા માગું છું કે આ રાજ્ય સરકારે વિદ્યાર્થીઓને ૮૫ ટકા, અંધજનોને ૧૦૦ ટકા, ચક્ષુદાન માટે જતા લોકોને અથવા તો દાન માટે ચકાસણીએ લઈ જતા લોકો માટે ૧૦૦ ટકા, વિકલાંગો માટે ૧૦૦ ટકા, સ્વાતંત્ર્ય સેનાઓને ૧૦૦ ટકા કન્સેસન આપીએ છીએ. હમણાંજ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ રક્ષાબંધનના દિવસે સ્કૂલમાં ભણતી દરેક દીકરીઓને એસ.ટી.માં મફત જવાની સુવિધા કરી એક મોટું કામ કર્યુ છે, આનાથી કન્યા કેળવણીને એક મોટું ઉત્તેજન મળવાનું છે. નિર્મળ ગુજરાતના ઉપલક્ષમાં ૨૩ કરોડના ખર્ચે ૧૦૦ બસસ્ટેશનોના કલર કામ, આંતરિક રસ્તા આર.સી.સી. ફલોરિંગ, શૌચાલયો, નાગરિક સુવિધા કેન્દ્રો, સાઈડવોલ, કંમ્પાઉડ વોલ, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, વેઈટિંગ રૂમ આ બધી સગવડો એસ.ટી. સ્ટેન્ડ ઉપર ઉપલબ્ધ કરવામાં આવશે. એટલું જ નહિ દરેક બસસ્ટેશને આર.ઓ. પ્લાન્ટથી મળતા ઠંડા પીવાના પાણીની વ્યવસ્થા આ નિર્મળ ગુજરાતના માધ્યમથી અમારા ગૃહવિભાગે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કાપ દરખાસ્ત મૂકીને ઘણાં લોકો ગેરહાજર રહ્યા છે. મારે કોઈ ટિપ્પણી કરવી નથી. સવારની બેઠક હતી એટલે કદાચ ઊઠવામાં મોડું થાય. ખરેખર સૂચન કોઈનું યોગ્ય હોય તો એક માનનીય રામસિંહભાઈની કાપદરખાસ્ત હતી. અશ્લીલ સીડી બનાવનાર ગુનેગારો સામે સખત પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા.

**અધ્યક્ષશ્રી** : જે કાપદરખાસ્ત ના આવી હોય એના ઉપર ચર્ચા કરવાની જવાદો. કારણ કે આપનો સમય પૂરો થઈ જશે.

**શ્રી અમિત શાહ** : સાહેબ, ચર્ચા નથી કરતો એમના રચનાત્મક સૂચનનો સ્વીકાર કરું છું. એમણે એવું કહ્યું કે તંત્ર ઉદાસીન છે. તંત્ર ઉદાસીન નથી. ૨૦૦૬ માં ૫૫, ૨૦૦૭માં ૫૯ કેસ કર્યા છે. ૨૦૦૭ ના અંતમાં આણંદ-ખેડામાં ચૂંટણીના આગલા દિવસે અશ્લીલ સી.ડી. ફરતી થઈ હતી એનો ગુનો નોંધવાનો રહી ગયો છે. રામસિંહભાઈ નોંધાવશે તો અમે તાત્કાલિક નોંધાવી દઈશું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ડેમોક્રેટિક પાર્લામેન્ટરી સિસ્ટમની અંદર જીવી રહ્યા છીએ અને આ ગૃહ એ પ્રમાણે ચાલે. સ્વાભાવિક છે કે વિરોધપક્ષના મિત્રો સરકારની ટીકા કરે, જરૂર જણાય ત્યાં આરોપોય કરે, પરંતુ સાથે સાથે તંત્રનું મોરલ વધારવા માટેનું કામ પણ વિરોધપક્ષના મિત્રો જો કરે તો વધુ સારું થતું હોય છે કમનસીબે એવું થયું નહિ. ભલે તમે ગમે તે કહો કે ગુજરાતમાં ગુના વધ્યા છે, ગુજરાત અસલામત છે પણ એની જોડે હુંય સંમત નથી અને ગુજરાતની પ્રજાય સંમત નથી. હું એવું ચોક્કસ માનું છું કે નરેન્દ્રભાઈ મોદીની ભારતીય જનતા પાર્ટીની સરકારના શાસનમાં ગુજરાત કરફ્યુ મૂકત થયું છે. આ રાજ્યની અંદર ગમે તે તહેવાર હોય, ગમે તે ધર્મના અનુયાયીઓના તહેવાર હોય એ શાંતિથી ઊજવાય છે. માફિયા ગેંગ નેસ્ત-નાબૂદ થઈ ગઈ છે. એમના પોલિટિકલ કનૅક્શન અહીં ગાંધીનગર લેવલેથી જ કાપી નાંખવામાં આવ્યાં છે. કોઈ આંદોલન આ ૬ વર્ષમાં થયાં નથી. વિદ્યાર્થીઓનું કોઈ આંદોલન થયું નથી. ઔદ્યોગિક હડતાલો આ રાજ્યની અંદર કોઈ થઈ નથી. આ રાજ્યની મહિલા સુરક્ષિત, દલિતો સુરક્ષિત અને આદિવાસીઓ સુરક્ષિત, પ્રજા આતંકવાદથી સુરક્ષિત છે.હવે ગુજરાત તમને સુરક્ષિત ન લાગતું હોય તો મિત્રો, આપની નજરમાં કયાંક ખોડખાંપણ છે. નજર સુધારો, જોવાની દ્રષ્ટિ સુધારો તો ગુજરાત સલામત, ગુજરાત શાંત, ગુજરાત સુરક્ષિત દેખાશે. જો મનની નજરથી જોયા પછી આવું દેખાય તો હું આજે જે માગણી લઈને આવ્યો છું એ પોલિસ વિભાગને સુસજજ બનાવવા માટેની માગણી છે. એમના પગાર

માટેની માગણી છે, સગવડ વધારવા માટેની માગણી છે, કર્મચારીના પરિવારના વેલ્ફેર માટેની માગણી છે. તો આપ સૌ કાપ દરખાસ્તો પાછી ખેંચીને મારી માગણી સર્વાનુમતે પસાર કરાવો એવી મારી માગણી છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી જગદીશભાઈ, આપણી પાસે સમયની મર્યાદા છે. મતદાન ઉપર મૂકવાનું છે. બીજા મંત્રીનો જવાબ ચાલુ થાય છે. બીજી બેઠક પણ છે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપની પાસેથી મારે નમ્રપણે એ માર્ગદર્શન જોઈએ છે કે રાજય સરકારના અધિકારીઓ પ્રેક્ષક ગેલેરીમાં બેસી શકે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : પ્રેક્ષક ગેલેરીમાં રાજય સરકારના અધિકારીઓ ન બેસી શકે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : બેઠા છે સાહેબ.

**અધ્યક્ષશ્રી** : તો એમણે બહાર નીકળી જવું જોઈએ.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માહિતી ખાતાના બે અધિકારીઓ બેઠા છે.

**અધ્યક્ષશ્રી** : માહિતી ખાતાના અધિકારીઓને મેં મંજૂરી એટલા માટે આપી છે કે આ સભાગૃહનું કેટલુંક કાર્ય થાય છે. એ પ્રેસ ગેલેરીમાં નથી બેસી શકતા ત્યાં જગ્યા નથી હોતી. આ સિવાય કોઈ હોય તો જુદી વાત છે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : થેન્ક યુ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (નર્મદામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના એ આજે સાડા પાંચકરોડ ગુજરાતી, ગુજરાત બહાર વસતા લાખો ગુજરાતી અને પરદેશમાં વસતા લાખો ગુજરાતી અને જે જે લોકો ગુજરાતની પ્રજાનું, ગુજરાતના ખેડૂતોનું, તેની સમૃદ્ધિનું, તેના વિકાસ અને પ્રગતિનું હિત જુએ છે એવા કરોડો લોકો આજે નર્મદા યોજનાની પ્રગતિ, નર્મદા યોજનાની આગળ વધતી કામગીરી અને ઝડપથી ગુજરાતની પ્રજાને નર્મદાનું પાણી સિંચાઈ માટે, પીવા માટે મળતું થઈ જાય એ માટેનો જે એક વિરાટ કાર્યક્રમ ચાલી રહ્યો છે એના તરફ નજર રાખી રહયા્ છે. નર્મદા યોજના એટલું કોઈ જગ્યાએ સાંભળવા મળે તો પણ કોઈપણ ગુજરાતીનું હૃદય રોમાંચિત થઈ જાય છે. એ વ્યકિત ઉત્સાહમાં આવી જાય છે. આનું કારણ આપણે બધા જાણીએ છીએ કે નર્મદા યોજના ગુજરાતની જીવાદોરી છે. ગુજરાતની પ્રગતિ, સમૃદ્ધિ માટેની એક મહાન વિરાટકાય યોજના તરીકે સ્વીકારાઈ છે ત્યારે હું પણ સદભાગી છું કે નર્મદા યોજનાનું બજેટ રજૂ કરવાનું મને આ બીજી વખત સદભાગ્ય પ્રાપ્ત થયું છે. આ વર્ષનું નર્મદાનું બજેટ આજે રજૂ થયું એમાં કુલ ૩૨૫૫કરોડ રૂપિયા રાજય સરકારે, નાણામંત્રીશ્રીએ મારા વિભાગને આપ્યા છે અને આ રકમમાં ૧૮૫કરોડ રૂપિયા બીજા આ નર્મદા યોજના દ્વારા અથવા તો બીજી યોજનાઓ દ્વારા જે પાણી, સિંચાઈ માટે વપરાય છે. એને ડ્રીપ ઈરીગેશન અથવા સ્પ્રીંક ઈરીગેશનમાં ફેરવવા માટે ખેડૂતો આકર્ષાય અને પાણીની બચત થાય અને વધુ સિંચાઈને લાભ મળે એ માટે રૂ. ૧૮૫કરોડ વધારાના ફાળવવામાં આવ્યા છે. આપણે બધા જાણીએ છીએ કે નર્મદા યોજનાનું કામ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે પહેલી વાર મુખ્યમંત્રી તરીકે આવ્યા.ત્યારે નર્મદા વિભાગને અને સરકારને એમણે કન્સેપ્ટ આપેલો કે આ નર્મદાનું કામ હું ચાર ચરણમાં વહેંચું છું. અને ચાર ચરણ પ્રમાણે તબક્કાવાઈઝ વહેલામાં વહેલી તકે, વધુમાં વધુ, બની શકે તેટલું વહેલું ઝડપથી પૂર્ણ કરવાનું તમે બધા આયોજન કરો અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ચાર તબક્કા નક્કી કરેલા, તે તબક્કા આ પ્રમાણેના છે. સૌથી પહેલું લક્ષ્યાંક બંધની જે ઊંચાઈ જે સિવિલ વર્ક કરીને આપણે પૂર્ણતાએ પહોંચાડવાની હતી, તે ૧૨૧.૯૨ મિટરે પહોંચે એનો લક્ષ્યાંક માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચરણના પહેલા તબક્કામાં આપેલ. બીજો તબક્કો એટલે કે બીજું ચરણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કેનાલ હેડ અને રીવર બેડ પાવર હાઉસ જે નર્મદા ડેમ સાઈટ ઉપર પ્રસ્થાપિત કરવાનાં હતા અને થયેલ હતા, એને ચાલુ કરીને ૧૪૫૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરવા માટેનું હતું. ત્રીજો લક્ષ્યાંક માનનીય નરેન્દ્રભાઈ મોદીએ આપેલો મેઈન કેનાલ જે કેવડિયાથી ચાલુ થાય નર્મદા ડેમ સાઈટથી ત્યાથી ગુજરાતની સરહદ અને રાજસ્થાનને પાણી આપવાનું છે. ટ્રિબ્યુનલના ચુકાદાની શરતો પ્રમાણે એ ૪૫૮ કિ.મી.ની નર્મદાની જે મેઈન કેનાલ છે, તે ૪૫૮ કિ.મી. ની કેનાલ પૂર્ણ કરવું. એવો માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ લક્ષ્યાંક આપેલો. ચોથો લક્ષ્યાંક એ નર્મદાની જે પેટા કેનાલો છે. જ્યાં ખેડૂતોના ખેતર સુધી, ઢાળિયા સુધી પાણી પહોંચાડવાનો છે, એને વધુને વધુ ઝડપે પૂર્ણ કરવી. આજે મને જણાવતાં આનંદ થાય છે કે અને આપણે બધા જાણીએ છીએ કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે પહેલી વખત મુખ્યમંત્રીશ્રી થયા ત્યારે નર્મદા યોજનાનું કામ કાયદાની આંટીઘૂંટીમાં હતું. કેન્દ્ર સરકાર પાસે પડતર હતું અને સાથી રાજ્યો સાથે પણ એ અંગે ઘણો વિવાદ ચાલતો હતો. આજે આપણા બધા આનંદથી એ વાત સ્વીકારીએ છીએ કે નરેન્દ્રભાઈના કુશળ નેતૃત્વ હેઠળ નર્મદા વિભાગ એમણે એમની પોતાની પાસે રાખીને, નર્મદા વિભાગને માર્ગદર્શન આપીને આજે જે ૪ તબક્કા નક્કી કર્યા હતા: એમાં ૧૨૧.૯૨ મિટરની ઊંચાઈનું લક્ષ્યાંક આપણે બે વર્ષ પહેલા હાંસલ કરી ચૂક્યા છીએ અને નર્મદાનું જે પાણી સિવિલ વર્કની છલતી લેવલે ભરવાનું કામ આપણે પૂર્ણ કર્યુ છે. કેનાલ હેડ અને રીવર બેડ પાવર હાઉસ નર્મદા યોજનાના જે વિવિધ પાસાંઓ છે. જે રીતે નર્મદા યોજનાના પાણીની સાથે સાથે, સિંચાઈની સાથે સાથે, પીવાના પાણીની ઉપલબ્ધતાની સાથે સાથે પાણીનો સદુપયોગ કરી જળ વિદ્યુત ઉત્પન્ન કરવી એ પણ પ્રોજેક્ટનો મોટો હિસ્સો હતો. આજે ૧૪૦૦ મેગાવોટ વીજળી એમાંથી આપણે પ્રાપ્ત કરી રહ્યા છીએ. એ બીજા નંબરનો મુખ્યમંત્રીશ્રીએ લક્ષ્યાંક આપેલ, એ પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે પૂર્ણ કર્યો છે. ત્રીજું લક્ષ્યાંક

માનનીય મુખ્યમંત્રીશ્રીએ નક્કી કરેલ કે ૪૫૮ કિ.મી. સુધી નર્મદાના મેઈન કેનાલનું કામ પૂર્ણ કરવામાં આવે. મને ગૃહને જણાવતાં આનંદ થાય છે કે આ લક્ષ્યાંક પણ આપણે સફળતાપૂર્વક પ્રાપ્ત કર્યો છે. માનનીય વિરોધ પક્ષના સભ્યશ્રીઓએ, સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓએ ખૂબ ગંભીરતાથી ખૂબ પ્રેમથી અને દીર્ઘદ્રષ્ટિ રાખીને નર્મદા યોજનાની ગુજરાત માટેની ઉપયોગિતાને સ્વીકારીને જે જે રજૂઆતો કરી છે. અને બધા જ માનનીય સભ્યશ્રીઓએ નર્મદા યોજના અંગે જે હકારાત્મક સૂચન કર્યાં છે, એમાં જોઈએ તો બધા જ માનનીય સભ્યશ્રીઓએ એ વાતને સ્વીકારી છે કે નર્મદા યોજનાનું કામ ઝડપથી આપણે પૂર્ણ કરવા તરફ જઈ રહ્યા છીએ. નર્મદા યોજના અંગે એક સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે કોર્ટમાં કે બીજે ક્યાંય વિવાદ બાકી નથી. હવે જે પેટા કેનાલો કરવાની છે, ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડવાનું છે. જે મોટામાં મોટું કામ આપણી સમક્ષ બાકી છે અને તે કામ પૂર્ણ કરવા તરફ સરકાર અને નર્મદા નિગમ બંને ગંભીરતાપૂર્વક આગળ વધી રહ્યા છે. હું થોડીક આંકડાકીય માહિતી એક તો જળ વિદ્યુત મથકથી આપણને શું ફાયદો થયો? અહીંયાં માનનીય સભ્યશ્રી બાબુભાઈએ એમના પ્રવચનમાં કહેલું કે નર્મદા યોજના જેટલી મોડી થાય તેટલો તેનો ખર્ચ વધતો જાય છે. વાત સાચી છે. દિત પ્રતિદિન મોઘવારી વધી રહી છે. સિમેન્ટના અને લોખંડના ભાવ વધી રહ્યા છે અને આખો દેશ જાણે છે કે સિમેન્ટના ભાવ ઉપર, લોખંડના ભાવ ઉપર કંટ્રોલ કરવો તે રાજય સરકારની સત્તામાં કે રાજય સરકારના અધિકારમાં આવતી બાબત નથી. એકલું નર્મદા નહીં, એકલું ગુજરાત નહીં આખા દેશની જનતા સિમેન્ટ અને લોખંડના ભાવ વધારા સામે ઝઝૂમી રહી છે અને પીડાઈ રહી છે પણ એ કેન્દ્ર સરકાર હસ્તકની અને કેન્દ્ર સરકારને લગતી બાબત હોવાથી રાજય સરકાર તેમાં સ્વાભાવિક છે કઈ કરી શકે નહીં. સિમેન્ટ કે લોખંડનો ભાવ વધારો થાય તેને રોકવો, તેને ઓછો કરવો, તેના ઉપર કંટ્રોલ કરવો તે સ્વાભાવિક રીતે કેન્દ્ર સરકારની જવાબદારી અને સત્તા છે પણ વધતો ખર્ચ આપણા ઉપર બહુ ન આવે એટલા માટે આપણી પાસે એક જ બાબત બાકી છે કે યોજનાને આપણે ઝડપથી અને સમયસર પૂર્ણ કરવા માટે જઈએ. તેના માટે સ્વાભાવિક બજૅટની જોગવાઈ વધારે કરવી પડે, ફાઈનાન્સિયલ સોર્સીસ નર્મદા માટે જે વધારવામાં આવ્યા છે, અહીંયાં અગાઉ પ્રશ્નોત્તરીમાં કહેવાઈ ગયું છે કે અગાઉની તમામ સરકારો માનનીય નરેન્દ્રભાઈ મુખ્યમંત્રી બન્યા તે પહેલાંની તમામ સરકારો વખતે નર્મદા યોજના માટે જેટલો ખર્ચ થયો છે તેના કરતાં વધારે રકમનો ખર્ચ, એના કરતાં વધારે રકમની જોગવાઈ નરેન્દ્રભાઈની સરકાર, ભાજપ સરકારમાં કરી છે અને તેનો ઘસાઈ ગયેલી કોઈ રકમ નથી બાબુભાઈ તમે સાચુ સાંભળો અને માનનીય અધ્યક્ષશ્રી, તે મને ડીસ્ટ્રબ ન કરે તેવી સૂચના આપો.

**અધ્યક્ષશ્રી** : આપ ડીસ્ટ્રબ ન થાઓ. આપને કોઈ ડીસ્ટ્રબ નહીં કરી શકે. આપ જવાબને વળગી રહો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : જવાબને જ વળગી રહ્યો છું સાહેબ.

**અધ્યક્ષશ્રી** : આપ એના ઉપર જાઓ. એના ઉપર ધ્યાન ન રાખો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : નહીં રાખું સાહેબ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રી નાની નાની બાબતમાં શું કરવા ટચી થઈ જાય છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિષય જ એવો છે કે કોઈક નર્મદા વિરોધી સહેજ વાત કરે તો આપણે સહેજ પણ ચલાવી લઈએ નહીં. તરત આપણું લોહી ગરમ થઈ જાય છે એટલે ટચી થઈ જવું પડે છે. નર્મદામાં ૨૦૦૩-૦૪માં ૧૭૬૨ કરોડ રૂપિયા ફાળવ્યા હતા., ૨૦૦૪-૦૫ ૧૩૯૬ કરોડ રૂપિયા ફાળવ્યા હતા. ૨૦૦૫-૦૬માં ૧૪૬૬ કરોડ અને ૨૦૦૬-૦૭માં ૨૫૨૦ કરોડ ફાળવ્યા હતા અને આ વખતે મેં કહ્યું તે પ્રમાણે ૩૪૪૦ કરોડ રૂપિયાની આ જોગવાઈ કરવામાં આવી છે. એટલે માનનીય સભ્યશ્રીઓને હું આશ્વશત કરવા માગું છું કે નાણાંકીય જોગવાઈ નહીં હોવાના કારણે નર્મદાનું કામ આપણે કયાંય અટકવા દેવા ઇચ્છતા નથી. જે રીતે પણ જરૂર પડશે. ભાગીદાર રાજયો પાસેથી પણ ભૂતકાળમાં ન આવી હોય એટલી રકમની વસૂલાત પાછલા વર્ષોમાં આપણા સાથી રાજયોએ જે રીતે નર્મદાની પ્રગતિ જોઈ, નર્મદાના કામથી થતો લાભ જોયો એના કારણે સાથી રાજયોએ પણ ફાળવણી પૂરતા પ્રમાણમાં હવે કરવા માંડયા છે. ગુજરાત પૂરતું નહીં પણ રાષ્ટ્રના માટે પણ આ એક અગત્યની યોજના છે. આને અગત્યની યોજના એ નર્મદા યોજનામાંથી ઉત્પાદિત થતી જે જળ વિદ્યુત છે તેના કારણે ગુજરાત રાજયને તો ફાયદો પ્રમાણમાં ઓછો થાય છે. કારણકે ગુજરાત રાજયને જે વીજળી ઉત્પન્ન થવાની છે તેમાંથી ૧૬ ટકા વીજળી પ્રાપ્ત થવાની છે. આપણા કરતાં વધુ વીજળી મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રને મળવાની છે. પણ માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે ગુજરાતે ઝડપ કરી, જે પ્રમાણે ગુજરાતે પોતાના બજૅટ સોર્સિસમાંથી અથવા પોતે ગૅરન્ટી આપી અને બહારથી લૉનો લાવી નર્મદાની કામગીરી ઝડપથી કરાવી તેના કારણે અત્યારે જે વીજળીનું ઉત્પાદન થઈ ગયું ૧૪૫૦ મે.વોટનું તેનો લાભ હું માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે જેથી કરીને આપણને ખ્યાલ આવે, પાણી તો આપણી નજર સમક્ષ દેખાય છે, કેનાલો, તળાવો અને ખેતરોમાં અને નદીઓમાં પહોંચેલું નર્મદાનું પાણી દેખાય છે પણ જે જળ વિદ્યુત ઉત્પન્ન થાય છે એના આંકડા હું આપું તો અત્યાર સુધી જે જળ વિદ્યુત ઉત્પાદન થયું છે એના જો કુલ યુનિટ ગણીએ તો ૧૦૧૨ કરોડ યુનિટનું ફેબ્રુઆરી, ૨૦૦૮ સુધી ઉત્પાદન થયું છે. ૧૦૧૨ કરોડ યુનિટ, અને આપણે જાણીએ છીએ કે, ગુજરાતમાં પ્રમાણમાં વીજળીની ઉત્પાદકતા અને વપરાશ બંને સંતોષકારક છે પણ બીજા રાજયોમાં અને દેશમાં વીજળીની ઉપલબ્ધતા જ્યારે ગંભીર બની છે એવા અણિના સમયે ગુજરાતની દૂરંદેશીના કારણે જળ વિદ્યુત ઉત્પાદન વધ્યું છે

અને આજે ૧૦૧૨ કરોડ યુનિટ વીજળી થઈ એની જો આપણે નાણાકીય રીતે મુલવણી કરીએ તો એક યુનિટનો બજાર ભાવે ચાર રૂપિયા પ્રમાણે કિંમત ગણીએ તો ૪૦૪૮ કરોડ રૂપિયાનું વીજ ઉત્પાદન ગુજરાત રાજયમાં થયું છે અને માનનીય અધ્યક્ષશ્રી, એક અમારા માનનીય સભ્યશ્રીએ ખૂબ સાચું કહ્યું કે ગુજરાત સરકાર સાથી રાજયો સાથે અનેક પ્રયત્નો કરી નર્મદા યોજનાને વહેલામાં વહેલી પૂર્ણ કરવા માગે છે. • (xxxx) હમણાં જ (અંતરાય).

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો નર્મદા યોજના છે, એમાં રાજકીય અવલોકનો ન થાય એની માનનીય મંત્રીશ્રીએ કાળજી લેવી જોઈએ, અમે પણ કાળજી લીધી છે અને બીજું (xxxx) (xxxx) (xxxx) એ એ વિધાનો થઈ શકે નહીં એ વિધાનો દૂર થવાં જોઈએ અને નર્મદાની ભાવના છે એ ભાવના માટે આપશ્રીએ પણ બધા સભ્યશ્રીઓને સૂચના આપવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપે જે વાક્યો વાપર્યા છે તે પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે યોગ્ય નથી, આપ આ પ્રકારનાં વાક્ય ન વાપરો, આપણે આ સભાગૃહમાં કેન્દ્ર સરકારની ટીકાઓ કરી શકતા નથી એ સ્પષ્ટ માર્ગદશર્ન અપાયેલું છે એને ચર્ચાનો વિષય બનાવ્યા વિના આપે નર્મદા યોજના વિશે જે કંઈ કહેવું હોય તે કહો, હવે સમય માત્ર પાંચ મિનિટ છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જે કહેવું છે, મારું જે વાક્ય અને રજૂઆત અધૂરી હતી, માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ભારત સરકારે દેશની બાર નદીઓને જુદી જુદી રીતે રાષ્ટ્રિય યોજના તરીકે જાહેર કરી અને આ યોજનાઓને પૂરી કરવા માટે રાજય સરકારોને ૯૦ ટકા નાણાકીય સહયોગ એ આપશે એ પ્રમાણેનું જાહેરનામું બહાર પાડ્યું. ભારતના જળ સંશાધન મંત્રીશ્રીએ પણ એ પ્રમાણેની વાત પ્રેસમાં કહી અને આપણી પાસે પણ ઓફિશિયલી માહિતી આવી છે ત્યારે ભારત સરકારમાં ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ પત્ર લખી કહ્યું કે આ જે તમે બીજા રાજયોની નદીઓની યોજનાઓ પૂરી કરવા માટે ૯૦ ટકા ગ્રાન્ટ આપવાના છો તો નર્મદા યોજના એ અનેક રીતે ગુજરાત અને રાષ્ટ્ર માટે ઉપયોગી છે. માટે તમે નર્મદા યોજનાનો પણ સ્વીકાર કરો અને ૯૦ ટકા ગ્રાન્ટ અમારા બાકીના કામ માટે આપો. પરંતુ કમનસીબે ભારત સરકારે આ મિનિટ સુધી ગુજરાત સરકારની, ગુજરાતની પ્રજાની, મુખ્યમંત્રીશ્રીની લાગણી અને નર્મદાની ઉપયોગિતા અંગેની સ્વીકૃતિ આપી નથી. જે ૧૨ યોજનાઓ મંજૂર કરી છે એમાં ગુજરાતનો સમાવેશ કર્યો નથી. માનનીય સભ્યશ્રીઓ અને ગુજરાતની પ્રજાના ધ્યાન ઉપર મૂકવું એ મારી ફરજ છે એમાં કયાંય કેન્દ્ર સરકારની ટીકા નથી. કેન્દ્ર સરકારને હું વિનંતી કરું છું કે તમે જે બીજી યોજનાઓને ૯૦ ટકા ખર્ચનો લાભ આપ્યો છે એજ રીતે નર્મદાનો પણ એમાં સમાવેશ કરો એ મારી વિનંતી છે. કોંગ્રેસ પક્ષના સાથી સભ્યશ્રીઓને પણ મારી વિનંતી છે તમે બધા દિલ્હી જાવ, જરૂર પડે તો અમે પણ સાથે આવીએ એ યોજનામાં નર્મદા યોજનાનો આપ સમાવેશ કરાવો એવી મારી આપ સૌને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક અગત્યની વાત કરવી છે કે, કોઈ દિવસ માનનીય મુખ્યમંત્રીશ્રીએ (અંતરાય)

**શ્રી આર.સી. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીનો જવાબ પૂર્ણ થાય અને માગણીઓ ઉપર મતદાન થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : મેં પહેલેથી જ કહ્યું હતું એટલે માનનીય મંત્રીશ્રી, સમય લંબાવી શકાશે નહીં આપણે એક વાગે પૂરું કરવું છે એટલે બેથી ત્રણ મિનિટમાં આપનો જવાબ પૂર્ણ કરો.

**શ્રી નીતિનકુમાર ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું લાંબો સમય લેવા માગતો નથી કારણ કે, ફકત ૬-૭ માનનીય સભ્યશ્રીઓએ નર્મદા વિભાગ ઉપર સૂચનો આપ્યાં છે અને એ પણ પૉઝિટીવ સૂચનો આપ્યાં છે. એ તમામને આપણે સ્વીકારીએ છીએ. બીજુ હું સ્પષ્ટતાપૂર્વક કહેવા માગું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોઈ દિવસ કયારેય પણ કોઈ પણ જગ્યાએ એવું વિધાન કર્યું નથી કે એવું કોઈ જગ્યાએ લેખિતમાં પણ કહ્યું નથી કે, નર્મદા યોજના હું જ લાવ્યો, મારા કારણે જ થઈ અથવા નર્મદાની જે તમામ પ્રતિષ્ઠા છે એ મને જ મળે. ઉપરથી વારંવાર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ જ્યારે જ્યારે પ્રસંગ આવ્યો, પાવર હાઉસનું લોકાર્પણ હતું, ૧૨૧ની ઊંચાઈએ પહોંચ્યા હતા એ વખતે પણ કેવડિયા ખાતે-નર્મદા ડૅમ સાઈટ ઉપર જે કાર્યક્રમો થયા ત્યારે તમામ નેતાઓને, દરેક પક્ષના નેતાઓને, તમામ ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રીઓને માનનીય નરેન્દ્રભાઈએ આમંત્રણ આપ્યું હતું. એ વખતે પણ એમણે જાહેર પ્રવચનમાં કહેલું કે મારો કદીએ એવો દાવો નથી કે નર્મદા યોજના હું જ આગળ લાવ્યો છું, દરેક મુખ્યમંત્રીઓનું, દરેક સરકારોનું, દરેક પક્ષોનું, ગુજરાતનું હિત ઈચ્છતા તમામ લોકોનું, ધાર્મિક સંગઠનોનું, એન.જી.ઓ.નું, લોક સેવકોનું એ તમામનું આમાં યોગદાન છે અને અહીંયા જે ત્રણ દિવસનો શિબિર યોજવામાં આવ્યો માનનીય સભ્યશ્રીઓ માટે એ વખતે પણ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ અહીંયા બેઠેલા તમામ માનનીય સભ્યશ્રીઓની હાજરીમાં અગાઉ ગયા અઠવાડિયે જ કહ્યું છે કે નર્મદા યોજના માટે તમામ પક્ષો, તમામ મુખ્યમંત્રીશ્રીઓએ એમાં સહયોગ આપ્યો છે માટે આ રીતે વાત જો કોઈ કરતું હોય તો યોગ્ય નથી.

---

• **(xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

આ વાત મારે અહીંયાં એટલા માટે કરવી પડે છે કે, વિરોધ પક્ષના એક બે માનનીય સભ્યશ્રીઓએ ટીકા કરી એ રીતે મહેરબાની કરીને ન કરે. હું આપ સૌ સભ્યશ્રીઓને કહું છું કે, નર્મદા યોજના આપણા સૌની છે, આપણા માટે મોટામાં મોટી ઉપયોગી યોજના છે. ગુજરાતની સમૃદ્ધિ, ગુજરાતની પ્રગતિ માટે એ જરૂરી છે. પીવાનું પાણી, સિંચાઇનું પાણી તમામ એમાંથી મળવાનું છે એ યોજના પૂર્ણતા તરફ જઈ રહી છે એમાં આપણે બધા ભાગીદાર બનીએ, સહભાગી બનીએ માટે વિરોધ પક્ષના જે માનનીય સભ્યશ્રીઓએ કાપ દરખાસ્ત રજૂ કરી છે એ પાછી ખેંચી લે એવી વિનંતી કરું છું અને આપણે ભૂતકાળમાં પણ આ વિધાનસભા ગૃહે નર્મદા યોજના માટે જે એકતા બતાવી છે એ એકતા આ બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં બતાવે એવી વિનંતી.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિભાગની જે માગણીઓ છે એમાં માનનીય મંત્રીશ્રીએ પણ ખૂબ હકારાત્મક વાત કરી છે અને માનનીય અધ્યક્ષશ્રી, આપે પણ સંસદીય લોકશાહીની ઊંચ પ્રણાલિકાઓની શરૂઆત કરી છે, ભૂતકાળમાં પણ ગુજરાત સુવર્ણ મહોત્સવ ઉજવવામાં આપણે એક સાથે વાત કરી, નીરોગી બાળક માટે પણ એક સાથે વાત કરી. નર્મદાની જે તૃટીઓ હોય એને આપણે એક સાથે બેસીને હલ કરી શકીશું, નર્મદામાં વિપક્ષ પણ કોઈ રાજનીતિ કરવા માગતો નથી એટલે નર્મદાની વાત સાથે પણ અમે સંમત છીએ અને માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય ગૃહ મંત્રીશ્રીને પણ વિનંતી કરવા માગું છું કે, માનનીય અધ્યક્ષશ્રી જ્યારે ઉંચ પ્રણાલિકાઓ સ્થાપિત કરી રહ્યા છે અને આ ગૃહમાં પણ જે ઉંચ પ્રણાલિકાના આપણને દર્શન થઈ રહ્યા છે ત્યારે ગૃહ વિભાગની માગણીઓમાં પણ અમે ચોક્કસ સંમત થવા માગીએ છીએ ત્યારે અમે વાત કરીએ છીએ કે જે બે બાબત છે પાટણની અને આંતરસુબાના જે બનાવો બન્યા છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કાપ દરખાસ્ત પાછી ખેંચવા માગો છો કે નહીં એ કહો. (અંતરાય)

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, અમે તૈયારી બતાવીએ છીએ કે જેથી પ્રણાલિકાઓ સારી પડે. જ્યારે પારદર્શક કાયદાની વાત આપણે સ્વીકારતા હોઈએ ત્યારે બન્ને કેસોની તપાસ સી.બી.આઈ.ને સોંપવાની સરકાર ખાતરી આપતી હોય તો ગૃહ વિભાગની માગણીઓ પરની કાપ દરખાસ્ત અમે પાછી ખેંચીશું.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એ બન્ને ઘટનાઓમાં વિરોધપક્ષના સભ્યશ્રીઓનો ઇરાદો ગુનેગારોને પકડવાનો છે કે રાજકારણ કરવાનો? ગુનેગારોને પકડવાનો અને તટસ્થ તપાસ કરવાનો ઇરાદો હોય તો રાજય સરકાર એમાં ચોક્કસ સંમત છે. પાટણની ઘટનામાં અમે કોઈને છોડવા માગતા નથી અને બધાને જ પકડ્યા છે અને કડકમાં કડક સજા આપવાના છીએ. આના માટે કોઈ સી.બી.આઈ. ઈન્કવાયરીની જરૂર નથી રાજય સરકાર ઈન્કવાયરી કરવા માટે, તપાસ કરવા માટે અને સજા કરવા માટે સક્ષમ છે.

**અધ્યક્ષશ્રી** : હવે હું માગણી ક્રમાંક-૪૨, ૪૩, ૪૪ અને ૭૪ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો.. પ્લીઝ મેં મત માટે મૂકી દીધી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમે નર્મદાની જે કાપ દરખાસ્તો છે એ પાછી ખેંચવાની અમારી તૈયારી છે, પણ બીજી જે ગૃહ વિભાગની કાપ દરખાસ્તો છે એમાં અમારી શરતી તૈયારી છે અને મારે એટલી જ વિનંતી કરવાની છે કે આમાં કશું છુપાવવા જેવું નથી.

**અધ્યક્ષશ્રી** : આપની વિનંતી થઈ ગઈ. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી ક્રમાંક: ૬૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક:૩૪ અને ૩૮ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સી.બી.આઈ. ઈન્કવાયરીની ખાતરી આપે તો અમને વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : એ પ્રશ્ન રહેતો નથી, શ્રી અર્જુનભાઈ એ પ્રશ્ન રહેતો નથી, મંત્રીશ્રી સી.બી.આઈ. ઈન્કવાયરીની આપની માગણી સ્વીકારતા નથી. નર્મદા વિભાગની પાછી ખેંચી છે એ સિવાયની કાપ દરખાસ્તો હું મત માટે મૂકું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨, ૫, ૧૦, ૧૫, ૧૭, ૨૧, ૨૨, ૨૩, ૪૦ અને ૪૩ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

(આ તબક્કે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા)

**માગણી ક્રમાંક-૪૨, ૪૩, ૪૪, ૬૫ અને ૭૪ મત માટે મૂકવામાં આવી અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧-૦૩ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૧૨મી માર્ચ, ૨૦૦૮**
**ફાલ્ગુન ૨૨, ૧૯૨૯ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨.૩૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

### પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકામાં અલગ કોર્ટ આપવા અંગે

***૧૯૫૭ શ્રી હીરાભાઈ હ. પટેલ (લુણાવાડા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) પંચમહાલ જિલ્લાના નવરચિત ખાનપુર તાલુકાના વડામથક બાકોર ખાતે અલગ જયુ. કોર્ટ આપવા માગો છો કે કેમ? અને

(૨) જો હા, તો કેટલા સમયમાં

**ન્યાયતંત્ર મંત્રીશ્રી:**

(૧) હા,જી.

(૨) અંદાજપત્રમાં નાણાકીય જોગવાઈ અને સૂચિત કોર્ટ માટેની માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ થયેથી.

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખાનપુર તાલુકો એ નવો બન્યો છે. ખાનપુર એ એક વિસ્તારનું નામ છે. તાલુકાનું મુખ્ય મથક બાકોડ છે અને આ આખો તાલુકો રાજસ્થાનની બોર્ડર ઉપર આવેલો છે. આ તાલુકાની અંદર ૮, ૯ વર્ષથી એની રચના થઈ છે, આપના મારફતે મારો પ્રશ્ન એ છે કે સરકારશ્રી એના કોર્ટના મકાન માટે નાણાકીય ફાળવણી કરવા માગે છે કે કેમ? અને કયારે અને કેવા પ્રકારની માળખાકીય સુવિધા પૂરી કરવા માગે છે? અને આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવા માગે છે?

**શ્રી અમિત અ. શાહ**: માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો, એમાં વડી અદાલતની મંજૂરી આવી ગઈ છે અને નાણા વિભાગમાં દરખાસ્ત કરીને બજેટની ફાળવણી કરાવવાની પ્રક્રિયા ચાલુ છે અને એ થયેથી તરત જ કાર્યવાહી ચાલુ કરીશું અને મહેકમ ઉપલબ્ધ કરાવવાની કાર્યવાહી પણ ચાલુ કરીશું.

**શ્રી સી.કે. રાઉલજી** : જિલ્લા અને તાલુકાનું વિભાજન આશરે દસ વર્ષ પહેલા થયું. છેલ્લા દસ વર્ષથી જયુડિશ્યલ કોર્ટ નહીં ચાલુ કરવાનું કારણ શું અને હાલમાં જવાબ આપ્યો છે કે હા,જી. તો આપના મારફતે માનનીય મંત્રીશ્રીને એ જણાવવા માગું છું કે જો આ કોર્ટ ચાલુ કરવાની હોય અને મકાનની ઉપલબ્ધિ ન હોય તો ભાડાના મકાનમાં ચાલુ કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ**: માનનીય અધ્યક્ષશ્રી, મોડું થવાનો સવાલ છે, ત્યાં સુધી રાજય સરકારે તો વડી અદાલતને દરખાસ્ત મોકલી, વડી અદાલત મંજૂરી આપે ત્યારે થઈ શકે. વડી અદાલત વતીથી જવાબ નહીં આપી શકું, પરંતુ જો કે અત્યારે મંજૂરી મળી ગઈ છે. હવે નાણાકીય જોગવાઈ થાય, પછી મોડું થાય એવું લાગતું હશે તો ભાડાના મકાનમાં પણ ચાલુ કરવામાં વાંધો નથી.

### પડધરી અને ટંકારા તાલુકાને લીંક કોર્ટ

***૧૧૭૧ શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજય કક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટ જિલ્લાના પડધરી અને ટંકારા તાલુકામાં લીંક કોર્ટ ચાલુ કરવા માગો છો કે કેમ? અને

(૨) જો હા, તો કયારથી?

**ન્યાયતંત્ર મંત્રીશ્રી:**

(૧) ના,જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, કેસોનો નિકાલ ઝડપથી થાય એવો રાજય સરકારનો અભિગમ રહેલો છે, ત્યારે ટંકારા અને પડધરી એ બે અલગ તાલુકા છે. તો ભવિષ્યમાં એને લીંક કોર્ટ આપવા માટે રાજય સરકાર વિચારણા કરશે કે કેમ? બીજું કે આ ટંકારા અને પડધરી તાલુકાના કેટલા કેસો હાલમાં પેન્ડિંગ છે?

**શ્રી અમિત અ. શાહ**: નવી લીંક કોર્ટ શરૂ કરવા માટે રાજયની વડી અદાલતે અત્યારે નીતિ અખત્યાર કરી છે એમાં એવો નિર્ણય કર્યો છે કે કોઈપણ સ્તરે લીંક કોર્ટ સ્થાપવી નહીં. જરૂર પડે ત્યાં આગળ કોર્ટ જ સ્થાપવી.

એમણે જે બીજો પ્રશ્ન પૂછયો કે કેટલા કેસો પડતર છે, તો એમાં પડધરી વિસ્તારના કુલ ૨૮૭ દિવાની કેસો અને ૧૪૬૭ ફોજદારી કેસો તથા ટંકારા વિસ્તારની અંદર ૮૧૩ દિવાની કેસો અને ૭૩૦ ફોજદારી કેસો પડતર છે.

**ભાવનગર બંદરના વિકાસનું આયોજન**

***૧૯૬૨ શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા (પાલીતાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે-

(૧) ભાવનગર બંદરના વિકાસ માટે સરકારનું કોઈ આયોજન છે, અને
(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**મુખ્યમંત્રીશ્રી** (બંદરો):

(૧) હા,જી.
(૨) ભાવનગર બંદર ખાતે લોકગેટનું રીપેરીંગ, હયાત કોંક્રેટ જેટીનું મજબૂતીકરણ, ડ્રેજીંગ વગેરે કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા :** માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કાંપ નિકાલ કરવામાં ગતિશીલતા વધે એ માટે શું કામગીરી હાથ ધરી છે? અને બીજો પ્રશ્ન એ છે કે ભાવનગર બંદર માટે લાંબા ગાળાનું આયોજન નકકી કરવાની કામગીરી કોને સોંપાઈ છે? અને કયા તબકકે પૂર્ણ થવાની છે? અને ત્રીજો પ્રશ્ન એ છે કે ભાવનગરનો વિકાસ થતા એની કેટલી ક્ષમતા વધશે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે જાણવા માગ્યું છે એ અંગે આપના માધ્યમ દ્વારા જણાવવાનું કે ભાવનગર બંદરમાં જે કાંપ ભરાય છે એ માટેના ડ્રેજીંગમાં કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી રહી છે એના જવાબમાં મારે જણાવવાનું કે કાંપ હટાવવા માટેની અગાઉ કામગીરી હતી એ જે ત્રણ ડ્રેજર કાર્યરત હતાં એમાં ૨૦૦૫-૦૬ માં નવું કટર સક્ષમ ડ્રેજર એમાં ઉમેરાયું છે અને જે ૨૦૦૪-૦૫ માં રોજના ૧૦૪૪ ઘનમિટરનું દૈનિક ડ્રેજીંગ થતું હતું અને એની પાછળ ૧૭ હજાર જેટલો ખર્ચ થયો હતો એના બદલે ૨૦૦૬-૦૭ માં ૩૦૨૦ ઘનમિટર જેટલું રોજનું ડ્રેજીંગ અને ૪૦ હજાર રૂપિયાનો ખર્ચ થયો છે.આમ ૧૯૭૬ ઘનમિટરનો રોજનો વધારો થયો છે એ એમાં ઉમેરો થયો છે.

બીજો પ્રશ્ન એમણે પૂછયો છે કે તજજ્ઞ તરીકે આ લાંબાગાળાના આયોજન માટેની કામગીરી કોને સોંપવામાં આવી છે? તો આ માટેની લાંબાગાળાની કામગીરી આઈ મેરી ટાઈમ કન્સલ્ટન્સી પ્રાઈવેટ લિમિટેડને કન્સલટન્ટ તરીકે નીમીને હયાત સુવિધાઓનું વિસ્તૃતિકરણ, નવા આધુનિક લોક ગેટ અને કેપીટલ ડ્રેજીંગની કામગીરી વગેરે સમગ્ર બાબત એક સર્વગ્રાહી વિચારણા કરીને બંદરના વિકાસ માટેની કામગીરી હાથ ધરવાનું કામ તજજ્ઞ તરીકે એ કન્સલ્ટન્સી કંપનીને સોંપવામાં આવ્યું અને આ કંપનીને આ કામગીરી જુલાઈ ૨૦૦૭માં સોંપાઈ છે અને એસેટ વેલ્યુએશન કામગીરી અંગેનો પ્રાથમિક અહેવાલ આ કંપનીએ રજૂ કર્યો છે અને તેમનો ત્રીજો પ્રશ્ન છે કે કેટલો વધારો થશે ? તો આ શકયતાદર્શી અહેવાલ પૂરો થાય ત્યારે ખ્યાલ આવશે.

**શ્રીમતી ભાવનાબેન ૨ા. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે પૂછવું છે કે ટૂંકાગાળાના આયોજન સંદર્ભે લોક ગેટના કામ માટેનો અંદાજીત ખર્ચ શું છે અને હાલમાં આ કામગીરી કયા તબકકે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : લોકગેટ રિપેરિંગના કામનો કુલ અંદાજીત ખર્ચ ૪.૪૧ કરોડ રૂપિયા છે અને આ કામગીરી ટૂંક સમયમાં જ શરૂ કરીને ૬ માસમાં પૂરી કરવા માટેનું આયોજન છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે વિકાસ માટેનું જે આયોજન છે તેમાં ભાવનગર બંદરના હયાત લોકગેટનું રિપેરિંગ, હયાત કોંક્રેટ જેટીનું મજબૂતીકરણ અને ડ્રેજીંગની કામગીરીનું છે. તો માનનીય મંત્રીશ્રીએ જે વિગતો આપી છે એ તો સામાન્ય મેન્ટેનન્સની વિગતો છે જયારે માનનીય સભ્યશ્રીએ જે માહિતી માગી છે એ એના વિકાસ-ડેવલપમેન્ટ માટેની એટલે કે એકસપાન્શન માટેની વિગતો માગી છે એટલે આ મેન્ટેનન્સને બદલે આ બંદરમાં વિસ્તૃતિકરણ થાય, એનો વિકાસ થાય અને ટ્રાફિક વધે અને જો તમે એવું વિચાર્યુ હોય એકસપાન્શન કરવાનું તો આ આયોજનથી કેટલો ટ્રાફિક વધવાનો છે એની માહિતી આપો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિનિયર સભ્યશ્રી અર્જુનભાઈ એ તો એક કાબેલ ઈજનેર છે અને જે મેં માહિતી આપી એ અગાઉ મેં માનનીય સભ્યશ્રી સરવૈયાને મેં કહયું હતું એ પ્રમાણે લાંબાગાળાના આયોજનની મેં આપી હતી. એટલે માત્ર મર્યાદિત પ્રશ્ન મને જે પૂછવામાં આવ્યો હતો લોકગેટના રિપેરિંગનો એટલા પૂરતી માહિતી આપી છે. હું કહેવા માગું છું કે બે ભાગમાં આ આયોજન હાથ ઉપર લીધું છે. એટલે ટૂંકાગાળાનું આયોજન સરકારે જે સીલબીંબ માનનીય સભ્યશ્રી ઈજનેર છે એટલે આ સીલબીંબની અગત્યતા આ લોકગેટની સાથે ફંકશનમાં શું હોય એ મિકેનીકલ ઈજનેર તરીકે માનનીય સભ્યશ્રીને ખ્યાલ હશે જ. એટલે સીલબીંબમાં લીકેજ હતું એટલે લોકગેટ પાણી હોલ્ડ કરવું જોઈએ એ ના કરે તો જરૂરી ટ્રાફિક મળે નહીં તો એના માટેના જરૂરી વેસલ્સ લાવી શકાય નહીં. એટલે પ્રાથમિક તબકકામાં આ મેન્ટેનન્સની કામગીરી નથી, આ બંદર ૧૯૩૭ માં સ્થપાયું હતું અને ૧૯૬૧ માં લોકગેટનું કામ કર્યુ હતું એટલે આ ટૂંકા ગાળાના આયોજનમાં લીધું છે, હા બાકી માનનીય સભ્યશ્રી જે વિગતો જાણવા માગે છે એમાં કુલ જે આયોજન છે તે લો ગેટના

રીપેરીંગ પાછળ ૪.૪૧ કરોડ, હયાત જેટીના મજબૂતીકરણ પાછળ ૨.૬૪ કરોડ, ઈલેકટ્રીકટ વાયર ફેન્સીંગ પાછળ .૬૦ કરોડ, ગોદામ અને સ્ટ્રેકીંગ પ્લેટફોર્મ રસ્તા વગેરે માટે બે કરોડ, ડ્રેજીંગ માટે ૨.૫૦ કરોડ, ટ્રાફીક હેરફેરના યાંત્રીકીકરણ માટે ૧.૫૦ કરોડ, જી.એસ.પી.સી.એલ.ની લેન્ડ ફોલ જેટી જે થવાની છે તેના માટે સો કરોડ અને જુદા જુદા શીપ બીલ્ડીંગ યાર્ડના વિકાસ માટે ૫૦ કરોડ અને ભાવનગર ખાતે એક આયોજન એવું પણ સરકારે વિચાર્યુ છે કે ભાવનગરથી થોડેક જ દૂર લગભગ ૧૨ થી ૧૫ મીટરનો ડ્રાફટ મળે તો એ શોધીને નવું ખાનગી બંદરનો વિકાસ થાય એ માટે ૧૫૦ કરોડ, એમ થઈ ને કુલ લગભગ ૩૧૩ કરોડ રૂપિયા ઉપરની રકમ ખર્ચીને ભાવનગર બંદરના વિકાસ કરવા માટેનું નકકર આયોજન છે. અને માનનીય સભ્યશ્રીએ જે પૂછયું કે તેનાથી ટ્રાફિકમાં કેટલો વધારો થશે, તો આ તો માનનીય અધ્યક્ષશ્રી ચીકન એન્ડ એઈડ થીયરી જેવુ છે ટ્રાફિક નથી કારણ કે બંદરીય સુવિધાઓ નથી, બંદરીય સુવિધાઓ નથી કારણ કે ટ્રાફિક નથી આ સવલતો ઉભી થશે પછી રોડ સર્વિસથી માંડીને કેપેમરોલ સુધીની સર્વિસીસ ઉભી કરવા માટેનું, કોસ્ટલ શીપીંગ માટેનું અને જી.એસ.પી.સી.એલ. એ. આ જેટીને પોતાના પોર્ટ જેટી તરીકે ડેવલપ કરવા માટેનું આયોજન કરેલું છે તે જોતા હું માનનીય સભ્યશ્રીને આપના થકી કહેવા માગું છું કે એક વખત સંપૂર્ણપણે બંદરની સુવિધાઓ તૈયાર થાય એટલે આ વિકાસ જ નહીં પણ અન્ય વિકાસ પણ આ જગ્યાએ થવાની પૂરેપૂરી શકયતા છે એટલે અમારો પ્રયાસ આ બંદર સંપૂર્ણતયા આંતર માળખાકીય સવલતોથી પૂરેપૂરું સુસજજ બને તે માટેનો છે.

**શ્રી કેશુભાઈ હી. નાકરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે હું એ જાણવા માગું છું કે આ જેટી રીપેરીંગ અને મજબુતીકરણમાં શું પ્રગતિ થઈ છે અને હાલમાં આ કામગીરી કયા તબકકે છે?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, જેટી રીપેરીગ તથા મજબુતીકરણની કામગીરી હજુ ૨.૫૬ કરોડના ખર્ચે હાથ ધરવાની છે, આ માટેના જરૂરી ટેન્ડરો માનનીય અધ્યક્ષશ્રી મંગાવી લીધા છે અને ટેન્ડરો મંજૂરીની પ્રકિયામાં છે અને આયોજન મુજબ ટેન્ડરનું કામ મંજૂર થાય અને વર્ક ઓર્ડર અપાય તે દિવસથી ૮ મહિનામાં આ કામ પૂરું કરવા માટેનું આયોજન છે.

**શ્રી કનુભાઈ કળસરીયા** : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે લાંબા ગાળાનું જે આયોજન છે તેમાં કલ્પસર યોજના પણ એની નજીકમાં આકાર લઈ રહી છે, તો એની કોઈ અસર આ લાંબા ગાળાના આયોજન ઉપર પડવાની છે કે કેમ?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન ખૂબ જ યોગ્ય છે, અને એટલા માટે જ અમે આઈ મેરીટાઈમ કન્સલ્ટન્સી કરીને જે એક તજજ્ઞ સંસ્થા છે તેની નીમણૂક કરી છે કે જેથી સર્વગ્રાહી રીતે અભ્યાસ કરીને જે જે બીજા પ્રોજેકટ અથવા તો દરિયામાં જે કંઈ બીજા સ્ટ્રકચર ઉભા થતાં હોય તેની અસર નોંધમાં લઈને આ અંગેનું આયોજન કરી શકાય. એટલે કલ્પસરના કારણે તેના ઉપર શું અસર પડશે તે આ જે અભ્યાસ થશે સર્વગ્રાહી જે ટેકનોઈકોનોમીક ફીઝીબીલીટી રિપોર્ટસ જેને કહે છે તેના ભાગરૂપે આ પ્રશ્નનો ઉત્તર પણ મેળવવાનો પ્રયત્ન કરવાનું આયોજન છે.

## રાજયને મળતી ઓઈલ અને ગેસની રોયલ્ટી

***૧૫૬૦ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ)** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં ઉત્પાદન થતા ઓઈલ અને ગેસની તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલી રોયલ્ટી સરકારને મળે છે, અને

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં તેમાં કેટલો વધારો થયો છે?

**મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) :**

(૧) ૨૦૦૭-૦૮ માટે તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ નીચે મુજબ રોયલ્ટી મળેલ છે.

| તારીખ | ઓઈલ (રૂા. કરોડમાં) | ગેસ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧-૪-૦૭-૩૧-૧-૦૮ | ૧૬૨૨.૩૧ | ૬૯.૯૭ |

(૨) સામેલ પત્રક મુજબ.

**<u>પત્રક</u>**

ગત વર્ષની સરખામણીમાં રોયલ્ટીમાં છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ વધારો દર્શાવતું પત્રક

| **વર્ષ** | **મળેલ રોયલ્ટી** | | **ગત વર્ષની સરખામણીમાં વધારો** | |
|---|---|---|---|---|
| | ઓઈલ (રૂા. કરોડમાં) | ગેસ (રૂા. કરોડમાં) | ઓઈલ (રૂા. કરોડમાં) | ગેસ (રૂા. કરોડમાં) |
| ૨૦૦૩-૦૪ | ૧૦૩૮.૦૭ | ૭૫.૦૧ | -- | -- |

| **વર્ષ** | **મળેલ રોયલ્ટી** | | **ગત વર્ષની સરખામણીમાં વધારો** | |
|---|---|---|---|---|
| | ઓઈલ (રૂા. કરોડમાં) | ગેસ (રૂા. કરોડમાં) | ઓઈલ (રૂા. કરોડમાં) | ગેસ (રૂા. કરોડમાં) |
| ૨૦૦૪-૦૫ | ૧૦૭૬.૬૧ | ૯૫.૦૬ | ૩૮.૫૪ | ૨૦.૦૫ |
| ૨૦૦૫-૦૬ | ૧૪૮૦.૬૩ | ૯૬.૫૫ | ૪૦૪.૦૨ | ૦૧.૪૯ |
| ૨૦૦૬-૦૭ | ૧૭૮૩.૩૭ | ૯૭.૮૩ | ૩૦૨.૭૪ | ૦૧.૨૮ |
| | | **કુલ વધારો** | **૭૪૫.૩૦** | **૨૨.૮૨** |

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ક્રુડ ઓઈલ અને ગેસની રોયલ્ટીની ગણતરી કેવી રીતે થાય છે? બીજો પ્રશ્ન, આ નીતિમાં ક્રુડ ઓઈલની રોયલ્ટીનો ઘણો મોટો વધારો થયો છે તેનું મુખ્ય કારણ શું, અને ત્રીજો પ્રશ્ન હાલની તારીખમાં રોયલ્ટીના પ્રશ્ને કેન્દ્ર સરકાર જોડે કોઈ પેન્ડિંગ દરખાસ્તો પડેલી છે?

**શ્રી સૌરભ પટેલ** : ઓઈલની રોયલ્ટી ત્રણ પ્રકારે ગણવામાં આવે છે, એક તો નોમીનેશન બ્લોક્સ, નોમીનેશન્સ બ્લોક્સ એટલે કેન્દ્ર સરકારે નેશનલ ઓઈલ કંપનીઝને જે બ્લોક આપ્યા હોય તેની રેયલ્ટી રેટ વેલ એટની કિંમતના ૨૦ ટકા તરીકે ગણવામાં આવે છે. બીજું કે જે પ્રી એન.ઈ.એલ.પી. બ્લોકસની અંદર જે ઓઈલ મળ્યું ગવર્નમેન્ટને અને જે એમણે પ્રોડકટ શેરીંગ પ્રાઈટવે કંપની સાથે કર્યુ, તેની અંદર ફીકસ બેઈઝ ઉપર રોયલ્ટી ગણવામાં આવે છે.ત્રીજું એનીએમપી બ્લૉક્સની અંદર જે એવોર્ડસ આપવામાં આવ્યા એની અંદર રૉયલ્ટી ૧૨.૫ ટકા ઑન ધી વેલ તરીકે ગણવામાં આવે છે એની અંદર ૧૯૯૮ સુધી એડ્હોક બેઝીસ ઉપર રૉયલ્ટી આપવામાં આવતી હતી. જ્યારે બાજપાઈ વડાપ્રધાન બન્યા અને એન.ડી.એ.ની સરકાર આવી અને પેટ્રોલીયમ મંત્રી તરીકે રામ નાઈક આવ્યા એમને ૧૭મી માર્ચ, ૨૦૦૩ના રોજ નવો જી.આર. બહાર પાડ્યો અને ૧૯૯૮થી રૉયલ્ટી ગણવામાં આવી. આ રૉયલ્ટીના આધારે ક્રુડના ભાવ ગણવામાં આવે એ એડ્હોક બેઝીસ નહિ પરંતુ આંતરરાષ્ટ્રીય ભાવ ગણવામાં આવે છે. દર મહિનાના ભાવ ગણાય અને એમાંથી જે વેલ એટ પ્રાઈઝ આવે એમાં ૭.૫ ટકા ડિસ્કાઉન્ટ કરે છે અને વેલ એટ પ્રાઈઝ આવે છે. એટલે ફાયદો એ થયો કે ૧૯૯૭માં જે ક્રુડનું ઉત્પાદન હતું એટલું જ ઉત્પાદન આજે છે. તે વખતે ૫૯ લાખ ૫૨ હજાર મેટ્રિક ટનનું ઉત્પાદન હતું ત્યારે આપણને ૫૭૭ કરોડ રૂપિયા રૉયલ્ટી મળતી હતી. એ ૨૦૦૬-૨૦૦૭માં પણ ૫૯ લાખ ૫૨ હજાર મેટ્રિક ટનનું ઉત્પાદન થયેલ છે અને રૉયલ્ટી વધીને ૧૭૮૩ કરોડ થઈ છે. આ વરસે ઉત્પાદન એ જ ફિગરમાં આવશે અને રૉયલ્ટીનો ફિગર આવશે એ ૧૯૫૦ કરોડ આશરે હશે. એટલે ૧૯૯૭-૯૮માં જે રૉયલ્ટી મળતી હતી એનાથી ૧૫૦૦ કરોડનો રૉયલ્ટીની નવી ફોર્મ્યુલા રામ નાયક લાવ્યા, બાજપાઈની સરકાર આવી એના કારણે ગુજરાત સરકારને લાભ મળ્યો છે. માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન પૂછ્યો કે ભારત સરકાર સાથે કોઈ ઈસ્યુ પેન્ડિંગ છે કે કેમ. આમાં અત્યારે જે કોઈ ઑઈલ કંપનીઓ ગુજરાતમાં ઉત્પાદન કરે છે એમણે દરેક મહિનાના આંકડા રાજય સરકારને આપવા પડે અને મહિનાને અંત સુધીમાં પેમેન્ટ આપવું પડે એ પ્રમાણે વ્યવસ્થા ગોઠવાણી છે. હમણાં પ્રિન્સિપલ એકાઉન્ટ જનરલે કહ્યું કે જે ઑઈલ કંપનીઓએ રાજય સરકારને આંકડા આપ્યા છે એ આંકડા અને ત્યાં કેન્દ્ર સરકારનો વિભાગ મિનિસ્ટ્રી ઑફ પેટ્રોલીયમ એ જે છાપે છે એ બંને આંકડામાં ફેર છે. કેન્દ્રના મિનિસ્ટરે છાપ્યા છે એ વધારે છે જ્યારે સ્ટેટને કંપનીઓએ આંકડા આપ્યા છે એ ઓછા છે એટલે એ.જી. એ જાણ કરી છે એ જાણના આધારે માર્ચ થી સપ્ટેમ્બર સુધી છ કાગળો મિનિસ્ટ્રી ઑફ પેટ્રોલીયમને લખેલા છે. હજી જે આંકડા ટેલી થવા જોઈએ એ થયા નથી અને સંપૂર્ણપણે માહિતી મળી નથી.

**શ્રી ઈકબાલ પટેલ** : આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગેસ અને ઑઈલની રૉયલ્ટી રાજય સરકારને મળે છે. જે ક્ષેત્રમાં ઑઈલ અને ગેસ ઉત્પાદન થાય છે તે ક્ષેત્રના વિકાસ માટે ઈન્ફાસ્ટ્રકચર માટે આપ કેવા પ્રકારનું આયોજન કરવા માગો છો? એ વિસ્તારને આપ પ્રાયોરિટી આપવા માગો છો કે કેમ? ગાંધાર તેલ ક્ષેત્ર અને રોઝા ટંકારિયાનું ગેસનું તેલ ક્ષેત્ર જે અમારા વિસ્તારમાં છે ત્યાં જવાનો રસ્તા માટે અથવા તો પીવાના પાણી માટે પુષ્કળ પ્રમાણમાં તકલીફ પડે છે. તો આવા વિસ્તારમાંથી જ્યાંથી ગેસ ઑઈલ મળેલ હોય ત્યાંથી રાજય સરકારને રૉયલ્ટીની આવક મળતી હોય એમાંથી જે તે વિસ્તારના લોકલ એરિયાને ડેવલપ કરવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : જે કંઈ રૂપિયા આવે છે એ સ્ટેટના એકાઉન્ટની અંદર જમા થાય છે. અને ટોટલ ડેવલપમેન્ટનાં ખર્ચા પ્લાન દ્વારા રાજયના જુદા જુદા વિભાગને આપવામાં આવે છે. એમાં કોઈ કમી રહી ગઈ હોય તો એ વિભાગના મંત્રીશ્રીને જાણ કરશો તો ચોક્કસ આ બાબતમાં ધ્યાન આપવામાં આવશે.

### નર્મદા કેનાલમાંથી ખેતી માટે પાણીની વ્યવસ્થા

*** ૧૫૬૫ શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) નર્મદા કેનાલમાંથી કેનાલ નજીકના વિસ્તારોમાં ખેતી માટે પાણીની કામ ચલાઉ વ્યવસ્થા કરવા વિશે સરકારની વિચારણા છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા):**

(૧) હા, જી.

(૨) સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તાર માટેની વચગાળાની સિંચાઇ નીતિ પ્રમાણે નર્મદા યોજનાની કેનાલ નજીક આવેલ વિસ્તારમાં જેનો નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં સમાવેશ થયેલ હોય ત્યાં વિસ્તાર વિકાસના કામો બાકી હોય તેવા વિસ્તારની પિયત સહકારી મંડળીના સભ્ય હોય તેવા લાભિત ખેડૂતોને માઈનોર અને સબ માઈનોરમાંથી પોતાની વ્યવસ્થા જેવી કે, પંપથી ખેતી માટે પાણીનો લાભ આપવામાં આવશે.

વચગાળાની સિંચાઇ નીતિ હેઠળ ૨૦૦૭-૨૦૦૮ દરમિયાન નર્મદા યોજના દ્વારા કુલ ૫૭૯૧૯ હેકટરમાં સિંચાઇ થયેલ છે. જે પૈકી પંપ દ્વારા નહેરમાંથી પાણી લિફ્ટ કરીને કુલ ૨૬૫૨૫ હેકટરમાં સિંચાઇ થયેલ છે.

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જણાવેલ છે કે લિફ્ટ કરીને કુલ ૨૬૫૨૫ હેકટરમાં સિંચાઇ થયેલ છે. મારે આપની મારફતે જાણવું છે કે મારા કઠલાલ તાલુકામાં કેટલા હેકટરમાં હાલ પિયત કરવામાં આવે છે. મારો બીજો પ્રશ્ન એ છે કે લિફ્ટ ઈરિગેશન દ્વારા પાણી આપવાનું બંધ કરીને માઈનોર અને સબ માઈનોર ઢાળિયા મારફત ખેડૂતોને કેટલા સમયમાં પાણી આપવામાં આવશે. અને ત્રીજો પ્રશ્ન એ છે કે આ લિફ્ટ અને પંપ દ્વારા પાણી આપવામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પહેલો પ્રશ્ન કર્યો કે મારા વિસ્તારમાં એટલે પર્ટીકયુલર કહે તો મને ખબર પડે, એમના વિસ્તારમાં શું આવતું હોય એ મને ખબર ન હોય. બીજી વાત છે એમનો પ્રશ્ન છે, એ મોટે ભાગે નીતિવિષયક નિર્ણય છે. જેમ જેમ નર્મદાનું કામ આગળ વધ્યું, મેઈન કેનાલ, સબ કેનાલ, સબ માઈનોર કેનાલ સુધી પાણી પહોંચ્યું. ત્યાં સુધી કેનાલમાં પાણી પહોંચવાને કારણે સ્વાભાવિક રીતે ખેડૂતોની માગણીઓ આવી કે અમને સબમાઈનોરથી આગળનું કામ થયું નથી તો આ પાણી અમને વાપરવા દેવામાં આવે, એટલા માટે ૨૦૦૨માં નર્મદા નિગમે બોર્ડમાં ઠરાવ કરીને એક પરિપત્ર બહાર પાડ્યો કે જ્યાં આગળ સબમાઈનોર અને માઈનોરના કામો થઈ ગયા છે, જ્યાં પાણી આવી ગયું છે અને ઢાળિયાનું બીજું કામ બાકી છે જે ખેડૂતોએ કરવાનું છે, તો એ કામ જમીનની ઉપલબ્ધિ ન મળતી હોય તો લંબાઈ ગયું હોય, બીજાં કારણે લંબાઈ ગયું હોય અને પાણી ઉપલબ્ધ છે તો ખેડૂતો પોતે લિફ્ટ કરીને પાણી લઈ શકે એવી એ વખતે પરવાનગી આપવામાં આવેલી. ત્યાર પછી એ વખતે એન્જિનથી કે પંપથી કોઈ કેનાલને નુકસાન ન થાય એટલા માટે ૧૦૦૦ રૂપિયા ડિપૉઝિટ લેવાની પણ જોગવાઈ કરેલી, પરંતુ એ વખતે માનનીય ધારાસભ્યશ્રીઓ અને અન્ય અગ્રણીઓ દ્વારા આ ડિપૉઝિટની રકમ ન લેવી અને એ સિવાય પાણી લેવા દેવું એવી રજૂઆતો આવતા તેમાં પણ સુધારો કરીને અત્યારની પદ્ધતિ પ્રમાણે જે નર્મદા કમાન્ડનો વિસ્તાર આવે છે તેમાં ખેડૂતોને પાણી લેવા દેવાની છૂટ આપી છે. એ રીતનો આ નીતિવિષયક ઠરાવ છે અને નર્મદાનો જે કમાન્ડ એરિયા આખા ગુજરાતમાં છે, જ્યાં જ્યાં આ પ્રકારે પાણી લઈ શકવાની શક્યતા છે ત્યાં તમામ વિસ્તારને આ લાગુ પડે છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા વિસ્તારમાં નર્મદાની પાઈપલાઈન આવી ગઈ છે. તેમાં ૨૦ ગામ રહી ગયા છે. તેને લેવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સિંચાઈના પાણી માટેનો પ્રશ્ન છે. હું માનું છું, માનનીય સભ્યશ્રીએ પાઈપલાઈનની વાત કરી એ પીવાના પાણીની બાબતમાં છે. જે અત્યારે ઉપસ્થિત થતો નથી.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : નર્મદા યોજના દ્વારા કુલ ૫૭,૯૧૯ હેકટરમાં સિંચાઈ થઈ. જે પૈકી પંપ દ્વારા નહેરમાંથી પાણી લિફ્ટ કરીને કુલ ૨૬,૫૨૫ હેકટરમાં સિંચાઈ થઈ. તેનો અર્થ એ થાય છે કે ખેડા જિલ્લામાં માઈનોર, સબમાઈનોર અને ઢાળિયા બિલકૂલ થયા નથી. એ કેટલા વખતમાં પૂરા થશે અને જ્યાં સુધી માઈનોર, સબમાઈનોર અને ઢાળિયા પૂરા ન થાય ત્યાં સુધી ખેડૂત બકનળી મારફત લિફ્ટ કરીને પાણી લેતા હોય ત્યારે અધિકારી તેને હેરાન ન કરે એવી સૂચના આપવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા મેઈન કેનાલનું કામ પૂરું થયું. બ્રાન્ચીસ કેનાલના કામો પૂરાં થયાં છે. માઈનોરના કામ પૂરાં થયાં છે. સબ માઈનોરના કામ પણ મોટા ભાગની જગ્યાઓમાં મધ્ય ગુજરાત અને ખેડા જિલ્લાના વિસ્તાર સુધી અને ભરૂચ જિલ્લામાં પૂરા થયા છે. તેનું ઈરીગેશન મળે છે તે અલગ છે, પણ જ્યાં મેં અગાઉ કહ્યું તે પ્રમાણે પાણી ઉપલબ્ધ થયું છે અને બાકીનું ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ કરવાનું બાકી છે ત્યાં ખેડૂતોને છૂટ આપવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો કે બકનળીથી પાણી લેવા દેવા માગો છો કે કેમ? તો જ્યાં આગળ કમાન્ડ એરિયા આવે છે ત્યાં બકનળીથી પાણી લે તો કેનાલને નુકસાન ન થતું હોય, સબ માઈનોર, માઈનોર કેનાલને નુકસાન ન થતું હોય અને તોડફોડ ન થતી હોય તો વિચારવામાં આવશે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નર્મદા કેનાલ અમારા પંચમહાલમાંથી પસાર થઈ, પણ પંચમહાલને પિયતનો લાભ મળતો નથી. તો એ આપવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા ટ્રિબ્યુનલના ચુકાદામાં ૧૮ લાખ હેકટર ઈરીગેશન ગુજરાતની જમીનને મળવાનું છે. એ પાણી ફળવાઈ ગયું છે. એ ફળવાયેલું પાણી કયા વિસ્તારમાં કયા તાલુકામાં કેટલી સિંચાઈમાં આપવાનું છે એ પણ અગાઉ નિશ્ચિત થઈ ચૂકેલું છે. એટલે સ્વાભાવિક તેમાં હમણાં કોઈ ફેરફારને અવકાશ નથી.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નના જવાબ બેમાં જણાવ્યું છે કે, સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તાર માટેની વચગાળાની સિંચાઇ નીતિ પ્રમાણે નર્મદા યોજનાની કેનાલ નજીક આવેલ વિસ્તારમાં જેનો નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં સમાવેશ થયેલ હોય ત્યાં વિસ્તાર વિકાસના કામો બાકી હોય તેવા વિસ્તારની પિયત સહકારી મંડળીના સભ્ય હોય તેવા લાભિત ખેડૂતોને માઈનોર અને સબ માઈનોરમાંથી પોતાની વ્યવસ્થા કરવાની રહેશે. તો બાકી જે સામાન્ય ખેડૂતો રહ્યા જે સહકારી મંડળીના સભ્ય નથી તેઓને પાણી આપવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જેમ જેમ પાણીની ઉપલબ્ધતા વધતી જાય તે પ્રમાણે જે ખેડૂતો કમાન્ડ વિસ્તારના છે, નર્મદા નિગમ અને સરકારનો એ સ્પષ્ટ અભિગમ રહ્યો છે કે, નર્મદાનું તમામ ઈરીગેશન ફક્તને ફક્ત મંડળીઓ દ્વારા કરવામાં આવે. મંડળીઓ માટે એની વ્યવસ્થા કરવામાં આવી છે. એના રજીસ્ટ્રેશન, નોંધણીની પ્રક્રિયા જ્યાં પાણી પહોંચ્યા છે ત્યાં પૂર્ણ થવાના આરે છે. ખેડૂતો પોતાની મંડળી બનાવે અને નર્મદા નિગમ દ્વારા પાણી મળે અને આ પાણીના જથ્થાને મંડળીનો જે સિંચાઇ વિસ્તાર છે એમાં વહેંચણી કરવાનું, એનું બિલ ઉઘરાવવાનું, કેનાલમાં તોડફોડ થાય, કયાંક નુકસાન થાય તો એનું મેઈન્ટેનન્સ કરવાનું પણ સરકાર તરફથી સામે મંડળીઓને ખર્ચ આપવાનું છે ત્યારે સ્વાભાવિક છે કે, સરકાર આગ્રહ રાખે કે જે ખેડૂત સભ્યો કમાન્ડ એરિયામાં આવતા હોય અને તે સભ્ય ન બન્યા હોય તો સભ્ય બની જાય.

**શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મારા વાઘોડીયા મત વિસ્તારની અંદર દેવ નદી છે. એ નદીનું પાણી વાઘોડીયા વિસ્તારને મળે છે. એમાં થોડુંક પીવા માટે મળે છે અને થોડુંક પિયત માટે મળે છે. જે કમાન્ડ એરિયામાં વર્ષોથી પાણી મળતું નથી ત્યાં દેવ નદીનું પાંખિયું વાળ્યું છે. એમ આ નર્મદાનું નાનું પાંખિયું જોઈન્ટ કરવામાં આવે એવી મારી માગણી છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે એ તાંત્રિક રીતે તપાસી લઈશું અને શકય હશે તો તે પ્રમાણે આગળની કાર્યવાહી કરીશું.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, માઈનોર અને સબમાઈનોર કેનાલનો આપણો કેટલા કિલોમીટરનો લક્ષાંક હતો અને કેટલા કિલોમીટર કેનાલ બની છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન એમાંથી ઉપસ્થિત નથી થતો એટલા માટે કે, જે પ્રમાણે મેઈન કેનાલ, સબપ્લાન કેનાલ, માઈનોર, સબમાઈનોર એમ જેમ જેમ નર્મદાની કામગીરી આગળ વધતી જાય છે અને જ્યાં પાણી પહોંચે છે ત્યાં તબક્કાવાર આ કામગીરી હાથ પર લેવામાં આવે છે અને મેં સવારે નર્મદાના બજૅટ વખતે માનનીય સભ્યશ્રીઓને કહ્યું છે કે, નર્મદા નિગમ પાસે અને સરકાર પાસે મોટામાં મોટું જો કામ નર્મદાને લગતું બાકી હોય તો આ કમાન્ડ એરિયાને ડેવલપ કરવાનું બાકી છે અને એ ઝડપથી કરવા માગીએ છીએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ સવારે ચર્ચામાં કહી શક્યા હોત, અત્યારે એ ઉપસ્થિત થતું નથી.

## કૅપ્ટિવ જેટીઓના વિસ્તૃતિકરણની યોજના

***૧૬૨૨ શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયના દરિયાકાંઠે ખાનગી કંપનીઓ દ્વારા બાંધવામાં આવેલ કૅપ્ટિવ જેટીઓના વિસ્તૃતિકરણ માટે કોઈ દરખાસ્ત છે કે કેમ? અને

(૨) જો હા, તો તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ તેની પરિસ્થિતિ શું છે?

**મુખ્યમંત્રીશ્રી** :

(૧) હા, જી.

(૨) હજીરા ખાતે ત્રણ જેટીના વિસ્તૃતિકરણ પૈકી એકનું કામ પૂર્ણ થયેલ છે અને બેનું કામ પ્રગતિમાં છે. સિક્કા ખાતે કુલ ત્રણ સીંગલ બોય મુરીંગના વિસ્તૃતિકરણના આયોજન પૈકી બેનું કામ પૂર્ણ થયેલ છે અને એકનું કામ પ્રગતિમાં છે. આ ઉપરાંત કોવાયા (પીપાવાવ), જખૌ અને મૂળ દ્વારકા ખાતે જેટી વિસ્તૃતિકરણ માટેની કાર્યવાહી કંપનીઓએ હાથ ધરેલ છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ખાનગી બંદરો, ખાનગી જેટીઓ, કૅપ્ટિવ જેટીઓ આ બધા વચ્ચે શું તફાવત છે? અને ભાવનગરની અંદર ઘોઘા દહેજમાં હોવર ક્રાફટ શરૂ કરવાનું વિચાર્યું છે? કઈ રીતે?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એના જવાબમાં એમ કહી શકાય કે, રાજય સરકારની ખાનગીકરણની નીતિ છે. તે પ્રમાણે ખાનગી રાહે માલના પરિવહન માટેની, કાર્ગોના પરિવહન માટેની કાર્યવાહી કરવામાં આવે છે અને જેમાં એક શરત એવી પણ હોય છે કે, ૫૦ ટકા જેટલું કાર્ગો એ કૅપ્ટિવ કાર્ગો હેન્ડલીંગ કરવું પડે અને તે ઉપરાંત ચૂકવવા પાત્ર ચાર્જીસ છે એ ચાર્જીસમાંથી ૨૦ ટકા રાજય સરકારને આપે અને ૮૦ ટકા સેટ અપ તરીકે જાય એ પ્રમાણે કૅપ્ટિવ જેટીના ધારાધોરણ નક્કી થયેલ છે અને તે પ્રમાણે રાજય સરકાર વખતો વખત આ યોજનાઓ હાથમાં ધરે છે. ખાનગી બંદરોને લાગે વળગે છે ત્યાં સુધી આ યોજના અંતર્ગત નવા દસ બંદરોની પસંદગી કરવામાં આવી છે. અને એ સરકારશ્રીની બંદરોનો વિકાસ કરવાની જે નીતિ છે એની અંદર તે હાથ ધરવા માગે છે. ખાનગી જેટીઓને લાગે વળગે છે ત્યાં સુધી હયાત બંદરો ઉપરની સુવિધા ખાનગી મૂડીરોકાણથી વિકસાવવા માટે ખાનગી જેટીની ટૂંકા ગાળાની યોજનાઓ પણ અમલમાં મૂકવામાં આવી છે. જેમાં હયાત સુવિધાઓ વિકસાવી મિકેનીકલ હેન્ડલીંગ સુવિધાઓ સ્થાપી, કાર્ગો પરિવહન થાય એ માટેની વ્યવસ્થા છે. દહેજ ઘોઘા ફેરી સર્વિસ અંગેનો આમાંથી સીધો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ છતાંય હું એવું એવું માનું છું કે આને કયાંકને કયાંક જેટી અને બંદરોની સુવિધા સાથે જોડાણ છે અને એટલા માટે માનનીય સભ્યશ્રીને હું આપના થકી એક માહિતી આપવા માગું છું કે ઘોઘા અને દહેજ વચ્ચે કેપેમેરલ સર્વિસ એટલે ઓછી ગતિથી ચાલતી અને ૨૦ થી ૨૫ પેસેન્જરને લઈ જઈ શકવાની ક્ષમતાવાળી ફેરી સર્વિસ એ સામલીંક નામની કંપની દ્વારા ચાલુ કરવાની ગોઠવણી થયેલી છે અને ભાવનગરમાં લોકેટ થઈ જાય ત્યારબાદ આ સવલત અંગે ટ્રાયલ લઈ શકાય એ રીતનું જે પ્રોવિઝન છે તે મુજબ આયોજન છે. આ ઉપરાંત ઘોઘા-સુંવાલી વચ્ચે રોલ ઓન રોલ ઓફ સર્વિસ શરૂ કરવા માટે સૌરાષ્ટ્ર જલપરિવહન લીમીટેડ ભાવનગર તેમજ ગ્લોબલ મરીન સર્વિસ ભાવનગરને મંજૂરી આપવામાં આવી હતી પણ એ દિશામાં જાજી પ્રગતિ નહીં થઈ એટલે ગુજરાત મેરીટાઈમ બોર્ડે ૧૨૮ કરોડના ખર્ચે સુવાલી અને ઘોઘા બંને જગ્યાએ જેટીના વિકાસ માટેની કામગીરી કરવાનું કામ રાજય સરકારે સોંપ્યું છે. એમાં થોડો વિલંબ એટલા માટે થયો કે એ માટે વાયેબીલીટી ગેપ ફંડીંગ નામની જે યોજના છે એ યોજના હેઠળ કેન્દ્ર સરકારમાંથી મદદ મેળવવા માટેની અરજી ૨૦૦૬માં કરવામાં આવી હતી અને એ મદદ કેન્દ્ર સરકાર દ્વારા નકારવામાં આવી છે. આ સંયોગોમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડ આ સમગ્ર કામગીરી હાથ ધરે તે માટે જૂન-જૂલાઈ ૨૦૦૭માં વહીવટી મંજૂરી આપી દીધી છે અને અત્યારે સરવેનું કામ ચાલે છે અને આ સમગ્ર કામગીરીને કોસ્ટલ શીપીંગ સાથે સાંકળી લેવાનું આયોજન છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, દરિયાકાંઠાનો જેટલો વહેલો વિકાસ થશે પોર્ટનો એમાં જે ટ્રાન્સપોર્ટેશન જે છે જમીન માર્ગે એના કરતાં સસ્તુ અને ઝડપી..

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર આવી જાવ. પૂર્વભૂમિકા નહીં

**શ્રી આત્મારામ મ. પરમાર** : હા હું પ્રશ્ન ઉપર જ આવું છું. મારો મોટામાં મોટો પ્રશ્ન સૂરતથી ભાવનગર પહોંચવાનો છે એટલા માટે અને આ હું અત્યારે જમીન માર્ગે જાવ છું ૧૦ કલાક જાય છે. મારા ત્યાં પણ આ જે ફેરી સર્વિસ જે હતી ત્યાં હોવરક્રાફટ ચાલતી હતી એ બંધ થઈ હવે નાની એમણે વ્યવસ્થા કરી છે પણ વિહિકલ પણ અહીંયાથી જઈ શકે, અંદર વાહન નાખીને રોલ ઓન રોલ ઓફ સર્વિસ શરૂ થાય, એ કેટલા ઝડપથી એનું પ્લાનીંગ છે તો અમને ખ્યાલ આવે કે કેટલા દિવસ પછી અમે ઝડપથી પહોંચી શકીશું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા પરમમિત્ર અને માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ ઝડપથી એમના સૂરત અને સૌરાષ્ટ્ર વચ્ચેનો સંપર્ક પ્રસ્થાપિત કરે એ માટે અમે પણ સતર્ક છીએ અને મેં કહયું તે મુજબ ગુજરાત મેરીટાઈમ બોર્ડે આ માટેની વહીવટી મંજૂરી આપ્યા બાદ સરવેનું કામ હાથ ધર્યુ છે અને આ સમગ્ર કામગીરી પૂરી થાય ત્યારબાદ જેટી માટેની કામગીરી હાથ ધરી શકાય એટલે એક વખત જેટીની આંતરમાળખાકીય સવલતો તૈયાર થાય ત્યાર પછી વહેલામાં વહેલી તકે મને લાગે છે કે આત્મારામભાઈ સૂરત અને ઘોઘા વચ્ચે રોલ ઓન રોલ ઓફ સર્વિસમાં જઈ શકશે અને ફાયદો એનો એ થશે કે એ જે ગાડી વાપરે છે એ ગાડી પણ એમાં એમની સાથે મુસાફરી કરી શકશે એટલે એમને કોઈ તકલીફ ન પડે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે કેપ્ટીવ જેટીના વિસ્તૃતીકરણ માટેનો પ્રશ્ન છે અને એમાં માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપતા કેપ્ટીવ જેટી ઉપરની જે આવકો થાય છે એમાંથી રાજય સરકાર પાસે અત્યાર સુધીમાં કેપ્ટીવ જેટીના ટ્રાફિકના અંગે કેટલી રકમ જમા આવી છે અને કેપ્ટીવ જેટી જેમણે બનાવી છે એમની પાસે કેટલી રકમ જમા છે અને એમાં ડેપ્રીશીએશનની રકમ જે છે એ અંગેનો કોઈ નિર્ણય લેવામાં આવેલો છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, કેપ્ટીવ જેટી માટેના જે ધારા-ધોરણો છે એ પ્રમાણે ૨૦ ટકા ચાર્જ ફરજિયાત રીતે રાજ્ય સરકારને આપવાનો હોય છે. બાકીની ૮૦ ટકા રકમ એમાંથી ૨૫ વર્ષ સુધીમાં આ સેટ-ઑફ પૂર્ણ ન થઈ જાય ત્યાં સુધી જેણે કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ કર્યું હોય એને આપવાની રાજ્ય સરકારની નીતિ છે. આ નીતિ એટલા માટે છે કે રાજ્ય સરકાર આ કેપ્ટીવ જેટીની આંતરમાળખાકીય સવલતોમાં રોકાણ કરતી નથી. હું માનનીય સભ્યશ્રીને કહેવા માગું છું કે ૧૯૭૨ થી ૧૯૯૯ સુધીમાં માત્ર ૧૭ કેપ્ટીવ જેટીઓ હતી. ૮૮ મિલિયન ટન જેટલા ટ્રાફિકની હેરફેર હતી. આમાં ૩૯૦૦ કરોડ રૂપિયાનું રોકાણ થયું છે. વર્ષ ૨૦૦૧ થી

૨૦૦૮ સુધીમાં બીજી ૧૭ જેટલી કેપ્ટીવ જેટીઓ ૯૧ મિલિયન ટન એટલે કે ૯૧૦૦ લાખ ટન જેટલો ટ્રાફિકમાં વધારો અને ૭૮૦૦ કરોડનું રોકાણ થયું છે. આમ કુલ ૩૪ જેટીઓમાં ૧૧૭૦૦ કરોડનું રોકાણ કરવાનું થાય એ પ્રકારની ખાનગી રોકાણની વાત છે. એની સામે રાજ્ય સરકારની સેટ-ઓફની યોજના છે એ સંપૂર્ણપણે વાજબી છે. ૧૧૭૦૦ કરોડનું રોકાણ ખાનગી કંપની કરે છે એની સામે કાર્ગોમાંથી જે આવક ઊભી થાય તે સામે સેટ-ઑફ મળે છે. માનનીય સભ્યશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો કે રાજ્ય સરકારને કેટલી આવક થઈ? હયાત જેટીઓ છે એમાં દિગ્વિજય સિમેન્ટની સૌથી જૂનામાં જૂની ૧૯૭૨થી છે. જેમાંથી રાજ્ય સરકારને ડિસેમ્બર ૨૦૦૭ સુધીમાં રૂપિયા ૧૫.૬૩ કરોડની આવક થઈ. ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપની....

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, વિગતો લાંબી હોય તો ટેબલ ઉપર મૂકજો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : કુલ ૭૧૮ કરોડ રૂપિયાની આવક થઈ છે.

**શ્રી કનુભાઈ વા. કળસરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી મારે જાણવું છે કે આ કેપ્ટીવ જેટીની માલિકી કોની ગણાય છે અને માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં કહ્યું કે ૧૦ બંદરોનો આ કેપ્ટીવ જેટી દ્વારા વિકાસ કરવાનો છે તો એ બંદરો કયા કયા છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : કેપ્ટીવ જેટીની માલિકી એ રાજ્ય સરકારની એટલે કે ગુજરાત મેરીટાઈમ બોર્ડની ગણાય છે. જ્યાં હયાત જેટીના વિસ્તૃતીકરણ કરવાના છે એ બંદરોમાં સિક્કા, હજીરા, કોવાયા, જખૌ અને મૂળ દ્વારકા છે. એમ કરીને કુલ ૪૯૦૦ કરોડ રૂપિયાના અંદાજિત મૂડીરોકાણથી લગભગ ૬૮ મિલિયન ટન વધારાની કાર્ગો ક્ષમતા ઊભી કરવાનું આયોજન છે. એનાથી રાજ્ય સરકારને દર વર્ષે ૫૮.૧ કરોડ રૂપિયા જેટલી વધારાની આવક ઊભી થશે.

## રાજયમાં મોટા શહેરોમાં આઈ.ટી. પાર્કની સ્થાપના

***૧૫૭૧ શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવા રાજ્ય સરકારનું શું આયોજન છે, અને

(૨) રાજ્યના કયા કયા વિસ્તારમાં આઈ.ટી. પાર્ક બનાવવા માગે છે?

**મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) :**

(૧) આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવા માટે રાજ્ય સરકારે તા. ૧-૧૧-૨૦૦૬ના ઠરાવથી આઈ.ટી. પૉલિસી જાહેર કરેલ છે.

(૨) ૧. ગાંધીનગર અમદાવાદ નૉલેજ કોરીડોર
૨. વડોદરા
૩. સૂરત
૪. રાજકોટ
૫. ભાવનગર
૬. જામનગર.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આઈ.ટી. સમીટ અને વાયબ્રન્ટ ગુજરાત સમીટ. આઈ.ટી. સમીટ ક્ષેત્રે કેટલા રૂપિયાના એમ.ઓ.યુ. થયા અને કઈ કઈ નામાંકિત કંપનીઓએ આવીને એમ.ઓ.યુ. કર્યા?

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, આઈ.ટી. એ ગુજરાતનું ભવિષ્ય છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની આગેવાની નીચે ૧લી ડિસેમ્બર ૨૦૦૬ના રોજ અમદાવાદ ખાતે ૫૦૦ ડેલીગેટ્સની ઉપસ્થિતિમાં આ આઈ.ટી. સમીટનું આયોજન કરવામાં આવ્યું. આ આઈ.ટી. સમીટમાં સ્ટોલવોર્ટસ જેને લીઝન્ટ પર્સનાલિટિસ કહેવાય એવા ટી.સી.એસ.ના રામદૂરાઈ, સત્યમના રામલીંગ, નાસ્કોના કિરણ કાર્તિક, આઈ.બી.એમ.ના પવન વૈશ્ય, સિન્ટેલના ભરત દેસાઈ, સાસ્કેનના રાજુ મોદી જેવા પર્સનાલિટિસ ઉપસ્થિત રહ્યા હતા. આમાં ૧૧૦૦૦ કરોડના એમ.ઓ.યુ. થયા. એ ઉપરાંત જ્યારે વાયબ્રન્ટ ગુજરાત થયું જાન્યુઆરી ૨૦૦૭માં એ સમયે પણ ૪૬૬૧ કરોડ એમ કુલ મળીને ૧૫૬૬૧ કરોડના એમ.ઓ.યુ. થયા અને માનનીય સભ્યશ્રી જાણવા માગે છે કે કેટલી નામાંકિત કંપનીઓએ એમ.ઓ.યુ. કર્યા? આમાં કુલ ૨૨ નામાંકિત કંપનીઓએ એમ.ઓ.યુ. કર્યા.

**અધ્યક્ષશ્રી** : લિસ્ટ લાંબું હોય તો ૨૨ નામાંકિત કંપનીઓના નામ વાંચ્યા વીના આપ મેજ ઉપર મૂકી દેજો.

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : માનનીય સભ્યશ્રી નામ જાણવા માગે છે.

**અધ્યક્ષશ્રી** : નામ જાણવાની પધ્ધતિ આ જ છે. ટેબલ ઉપર મૂકી દેજો. ૨૨ નામો વાંચો એટલે ૧૦ મિનિટ લાગે.

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, હા, જી. સાહેબ, ૨૨ નામાંકિત કંપનીઓના એમ.ઓ.યુ. કર્યા.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા અને ભાવનગર જેવા શહેરોમાં બંધ પડેલી મીલોની જમીનમાં આઈ.ટી. પાર્ક બનાવવા માટેનું સરકારે આયોજન કર્યુ છે કે કેમ? અને આઈ.ટી. પાર્ક સાથે એસ.ઈ.ઝેડ સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન પ્રકારના આઈ.ટી.પાર્ક રાજ્ય સરકાર બનાવવા માગે છે કે કેમ?

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : હા, જી. બનાવવા માગે છે.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ અંર્તગત કોલેજ ટુ કેરિઅર પ્રોજેકટ ચાલે છે તો એ પ્રોજેકટ શું છે અને તેના શું ઉદ્દેશો છે?

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, ઈન્ફરમેશન એન્ડ ટેકનોલોજીના વિકાસ માટે સ્કીલ્ડ મેન પાવર ઉપલબ્ધ કરાવવો પડે જેથી કરીને ટેકનોક્રેટની ઉપલબ્ધી થાય એ માટે રાજ્ય સરકારે માઈક્રોસોફટ અને ટાટા કન્સલ્ટન્સી જેવી સંસ્થાઓના સહયોગથી 'કોલેજ ટુ કેરિઆર' પ્રોગ્રામ બનાવેલ છે, આનો હેતુ વર્કફોર્સ ઊભો કરીએ અને  કાર્યક્ષમતા લાવીએ અને આઈ.ટી. ક્ષેત્રે રોકાણકારોને આકર્ષિત કરીએ એના માટે એન્જિનિયરિંગ કોલેજ અને એમ.સી.એ કોલેજના વિદ્યાર્થીઓને જાવા અને ડોટનેટ સોફટવેર અંગેનું જ્ઞાન અને તાલીમ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ચાર બેંચમાં આવી રીતે તાલીમ આપવામાં આવી છે. કુલ ૧૬,૫૨૯ વિદ્યાર્થીઓ રજીસ્ટર્ડ થયા. ૬,૩૨૩ વિદ્યાર્થીઓ એમાં એપિઅર થયા. ૨,૭૯૪ વિદ્યાર્થીઓ કવોલીફાય થયા આનો લાભ હું બતાવવા માગું તો બહાર જો આ ટ્રેનિંગ લે તો  કુલ દસ હજાર ફી ચૂકવવી પડે. જ્યારે રાજ્ય સરકારના માધ્યમ દ્વારા માત્ર ૧૦૦ રૂપિયામાં એમને આ લાભ મળે છે અને જો ગુજરાત બહાર જાય તો ખૂબ મોટી રકમની ફી આપવી પડે એટલે 'કોલેજ ટુ કેરિઅર' પ્રોગ્રામ અંર્તગત આવી રીતે એન્જિનિયરિંગ અને એમ.સી.એ. કોલેજના વિદ્યાર્થીઓને ટ્રેઈન્ડ કરવા માટેનો કાર્યક્રમ છે. એવી રીતે બી.પી.ઓ. ક્ષેત્રે પણ સ્કીલ્ડ મેન પાવર..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બેન જેટલો પ્રશ્ન છે એમાં આપ વધારે માહિતી આપશો? મારી પાસે સમયની મર્યાદા રહે છે, શ્રી ચંદુભાઈ ડાભી.

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવા રાજ્ય સરકારે વડોદરા માટે શું આયોજન કર્યુ છે, તેના માટે કોઈ જમીન સંપાદન કરી છે, કોઈ ખર્ચ કર્યો છે અથવા આયોજન કયા તબકકે છે? અને ગ્રામ્ય વિસ્તારમાં આને વિકસાવવા માગો છો કે નહિ?

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા ખાતે પણ એમ.ઓ.યુ. સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન ડેવલપમેન્ટ કરવામાં આવ્યું છે.  નીપીયલ ઈન્ફોટેક પ્રાઈવેટ લિમિટેડ આજવાનીમેટા વડોદરા ખાતે એની બહાલી આપી દેવામાં આવી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે  આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રકચર જેમાં આપણે સ્કીલ્ડ મેન પાવર અને કનેકટીવીટી સારી રીતે ઉપલબ્ધ કરાવીએ છીએ તો આ પોલીસી ડીકલેર કર્યા પછી રાજ્યની અંદરથી આઈ.ટી.નું કેટલું એક્ષપોર્ટ થયું?

**અધ્યક્ષશ્રી** : આમાંથી એ પ્રશ્ન નહિ આવે. આઈ.ટી. એક્ષપોર્ટ અંગેની માહિતી આપની પાસે છે?

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : હા, છે. આઈ.ટી. એક્ષપોર્ટ ૨૦૦૫-૦૬માં ૧૦૦ યુનિટ કાર્યરત હતા એ આજે વધીને ૧૬૬ યુનિટ કાર્યરત થયા છે અને એક્ષપોર્ટ જે ૨૬૪ કરોડ રૂપિયા હતું એ આ વર્ષે વધીને ૫૮૭.૭૩ કરોડ રૂપિયા એક્ષપોર્ટ થયું છે.

### પારડી પોલીસ સ્ટેશન હેઠળના ચોરીના નોંધાયેલ ગુના સંબંધે તપાસ

***૧૨૬૧ શ્રી છનાભાઈ કા. ચૌધરી (ધરમપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) વલસાડ જિલ્લામાં પારડી પોલીસ સ્ટેશનમાં તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નોંધાયેલ ચોરીના કેટલા કેસો પૈકી કેટલા કેસોમાં આજદિન સુધી કાર્યવાહી થઈ નથી, અને

(૨) તેના કારણો શાં છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) ઘરફોડ ચોરીના ૧૪ તથા ચોરીના ૧૩ ગુન્હાઓ નોંધાયેલ છે જે તમામ કેસોમાં પોલીસ તપાસની કાર્યવાહી થયેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી છનાભાઈ કા. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ઘરફોડ ચોરીના ૧૪ અને ૧૩ ચોરીના બનાવો એમ કુલ ૨૭ બનાવો બન્યાં છે. મારે એ જાણવું છે કે આ ૨૭ બનાવો પૈકી એમાં કેટલા ગુનેગારો પકડાયા અને કેટલા બાકી? વાપી, પારડી એ વિભાગમાં પારડી, વાપી ટાઉન અને વાપી જી.આઈ.ડી.સી. એ ત્રણ પોલીસસ્ટેશનો આવેલા છે એ ત્રણેય પોલીસ સ્ટેશનોમાં કાચાકામના કેદી ઓને પારડી તાલુકામાં મૂકવાની કોઈ જેલ નથી. અને ૬૦ કિલોમીટર દૂર ધરમપુર કાં કપાડા લઈ જાય છે તો પારડીમાં જેલની વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જેલવાળું આમાંથી ઉપસ્થિત થતું નથી પરંતુ આંકડામાં ૨૧માંથી ૧૫ પકડાયા છે. ૬ બાકી છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પારડી તાલુકામાં પારડી પોલિસ સ્ટેશનની હદ વિસ્તારમાં તા.૬-૯-૦૬ ના દિવસે ગુના નંબર- ૧૨૨/૦૬ , ૧૦ લાખની. ચોરી..

**અધ્યક્ષશ્રી** : પર્ટીકયુલર જશો તો મુશ્કેલી થશે. છતાં એમની પાસે જવાબ હોય તો આપશે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦ લાખની ચોરી થઈ છે. જિલ્લા પંચાયતના ભા.જ.પા.ના ઉપપ્રમુખ છે. ચોરી થયે ૧૮ મહિના થઈ ગયા.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ. આ સભાગૃહમાં પર્ટીકયુલર કેસનો જવાબ આપવો મુશ્કેલ બને છે. પ્રશ્ન ક્રમાંકઃ ૯ (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : (બેઠાબેઠા): ૧૪ ગુના પૈકીની વાત છે.

**અધ્યક્ષશ્રી** : ૧૪ ગુના પૈકીનો ગુનો છે.?

**શ્રી અમિત શાહ** : સાહેબ તારીખ ફરીવાર કહે તો હું જવાબ આપું.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : તા.૬-૯-૦૬ ગુના નં. ૧૨૨/૦૬ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, તા.૬-૯-૦૬ તો પ્રશ્નના દાયરામાં જ નથી (અંતરાય) એમ નહીં પારડી તાલુકામાં તો રાજય બન્યું ત્યારથી ચોરી થઈ હોય.

**અધ્યક્ષશ્રી** : એ ચર્ચામાં જવા દઈએ. તમારી પાસે માહિતી નથી. એમણે જે વિગતો આપી છે.

**શ્રી અમિત શાહ :**માહિતીનો પ્રશ્ન નથી સાહેબ તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ એક વર્ષનું પૂછયું છે એટલે ન હોય. મારી પાસે માહિતી નથી એવું નથી એ સ્કોપની બહાર જઈ રહ્યા છે.

**અધ્યક્ષશ્રી** : પર્ટીકયુલર કેસની વિગત ન હોય એ સ્વાભાવિક છે. જીતુભાઈ, આપને લાગતું હોય તો આપ એમને વિગત આપશો. આપ એ અંગેની રજૂઆત બહાર કરી શકશો. નેકસ્ટ પ્રશ્ન ક્રમાંકઃ ૯, શ્રી મફતલાલ પુરોહિત

## નિયામક, રાજય સૈનિક પુનઃ વસવાટ કલ્યાણની કામગીરી અંગે

***૧૫૭૭ શ્રી માનસિંહ કો. ચૌહાણ (બાલાસિનોર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) નિયામક રાજય સૈનિક પુનઃ વસવાટ કલ્યાણ દ્વારા અમદાવાદ અને શાહીબાગ ખાતે અનુક્રમે હોસ્ટેલ અને ગેસ્ટ હાઉસ બનાવવા સરકાર વિચારે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ હોસ્ટેલ અને ગેસ્ટ હાઉસ માટે કેટલા નાણાં સરકારે ફાળવ્યા?

**મુખ્યમંત્રીશ્રી:**

(૧) અને (૨)

શાહીબાગ ખાતે કેન્ટોનમેન્ટ તરફથી ફાળવવામાં આવેલ જમીન ઉપર રૂ. ૧૨૦લાખના ખર્ચે ગેસ્ટ હાઉસ અને બોડકદેવ ખાતે સરકારે ટોકન રકમથી ફાળવેલ જમીન ઉપર રૂ. ૧૦૦લાખના ખર્ચે હોસ્ટેલનું બાંધકામ કરવામાં આવનાર છે. આ માટેના જરૂરી નાણાં રાજય સૈનિક બોર્ડના ભંડોળમાંથી ફાળવવામાં આવેલ છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે શાહીબાગ ખાતે કેન્ટોનમેન્ટ તરફથી કેટલી જમીન ફાળવવામાં આવી અને બોડકદેવ ખાતે હોસ્ટેલ માટે અને ગેસ્ટ હાઉસ માટે કેટલી જમીન ફાળવવામાં આવી અને તેની ટોકનની રકમ શું હતી?

**શ્રી અમિત શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, કેન્ટોનમેન્ટની તો વિગત મારી પાસે હાલ ઉપલબ્ધ નથી. પછી હું માનનીય સભ્યશ્રીને પૂરી પાડીશ. પરંતુ બોડકદેવની અંદર સાત કરોડ રૂપિયાની જમીન રાજય સરકારે એક રૂપિયાના ટોકન દરે લીધી છે.

**શ્રી અંબાલાલ આ. રોહિત** : માનીય અધ્યક્ષશ્રી, હું આપની મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ હોસ્ટેલ અને ગેસ્ટ હાઉસ બનાવવા પાછળ કેટલો ખર્ચ થવા સંભવ છે?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન આપ વાંચો. આ હોસ્ટેલ અને એ તો નિયામક સૈનિક બોર્ડ બનાવે છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સૈનિક કારાગૃહ અને છાત્રાલય બંને બનાવવા પાછળ અનુક્રમે ૧.૨કરોડ અને એક કરોડ એ બાંધકામનો ખર્ચ થવાની સંભાવના છે.

**અધ્યક્ષશ્રી** : આપના વિભાગ દ્વારા થવાનો છે?

**શ્રી અમિત શાહ** : સૈનિક કલ્યાણ બોર્ડ દ્વારા.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગું છું કે શહીદ જવાનોના કુટુંબોની સારસંભાળ માટે રાજય સરકાર દ્વારા કોઈ ભંડોળ કાર્યરત છે કે કેમ? અને જો હા તો તેની વિગત તેમજ આ રાહત ભંડોળ દ્વારા કેવા પ્રકારની અને કેટલી સહાય આપવામાં આવે છે? બીજો પ્રશ્ન એ છે કે આ ભંડોળમાંથી કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, શહીદ થયેલ જવાનોના પરિવારોને નીચે મુજબ રકમ ચૂકવવામાં આવે છે. જવાનની પત્નીને પચાસ હજાર રૂપિયા રોકડ અને માસિક એક હજાર રૂપિયા સહાય પુનઃ લગ્ન ન કરેલ હોય તો અને જવાનના સંતાનને માસિક ૫૦૦ રૂપિયા અને બે સંતાન હોય તો એક હજાર રૂપિયા સહાય ૨૫ વર્ષની ઉંમર સુધી ચૂકવવામાં આવે છે અને માતા-પિતાને જીવિત હોય ત્યાં સુધી માતાને ૫૦૦ અને પિતાને ૫૦૦ એમ કુલ ૧૦૦૦ રૂપિયા જીવિત હોય ત્યાં સુધી ચૂકવવામાં આવે છે અને અત્યાર સુધીમાં ૫,૬૮,૦૯,૬૦૦/- રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નિયામક સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટ કલ્યાણ ગુજરાત રાજ્ય દ્વારા અમદાવાદ ખાતે હોસ્ટેલ અને ગેસ્ટહાઉસ બનાવવા પાછળનું પ્રયોજન શું છે?

**શ્રી અમિત શાહ** : માજી સૈનિકો અને શહીદ જવાનો એમના પરિવારના વેલ્ફર માટે આ બંને બાંધકામો કરવાનું આયોજન છે અને જ્યાં જ્યાં આવાં બાંધકામો થયાં તેમનો ખૂબ સારો ઉપયોગ જવાનોના પરિવાર દ્વારા થઈ રહેલ છે.

**સંખેડા તાલુકામાં નર્મદાની માઈનોર કેનાલોનું બાકી કામ**

***૧૫૨૪ શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે :

(૧) સંખેડા તાલુકામાં નર્મદાની માઈનોર કેનાલનું કામ તથા નાની કેનાલ (ધારીયા કેનાલ) કેટલી બાકી છે અને

(૨) આ કેનાલ સરકાર ક્યારે પૂરી કરવા માગે છે?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા) :**

(૧) સંખેડા તાલુકામાં નર્મદા યોજનાની માઈનોર તથા નાની કેનાલોની વિગત.

| **કેનાલનું નામ** | **કુલ લંબાઈ કિ.મી.** | **બાંધકામ થયેલ લંબાઈ કિ.મી.** | **બાકી લંબાઈ કિ.મી.** |
|---|---|---|---|
| માઈનોર કેનાલ | ૩૧૧.૧૫ | ૨૮૯.૦૫ | ૨૨.૧૦ |
| નાની કેનાલ (ધારીયા કેનાલ) | ૧૦૬૫.૨૦ | ૭૫૭.૨૯ | ૩૦૭.૯૧ |

(૨) બાકી લંબાઈમાં કામો પ્રગતિ હેઠળ છે અને ટૂંક સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે હું જાણવા માગું છું કે કોઈ એજન્સીને કામ આપ્યું હોય અને તે એજન્સી માઈનોર અને ધારીયા કેનાલમાં કામ છોડીને ચાલી ગઈ છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માઈનોર કેનાલ માટે ૬ એજન્સીને કામ સોંપવામાં આવ્યું છે અને સબ માઈનોર માટે ૪૦ એજન્સીને કામ સોંપવામાં આવ્યું છે. મારા રેકર્ડ મુજબ કોઈ એજન્સી કામ છોડીને ગયેલ નથી.

**શ્રી ચંદુભાઈ ડાભી** : વડોદરા જિલ્લાનો આ સંખેડા તાલુકાનો પ્રશ્ન છે, પણ અમારા બધા જ તાલુકામાં આ પરિસ્થિતિ છે.

**અધ્યક્ષશ્રી** : આ એક જ તાલુકા પૂરતો મર્યાદિત રહી શકશો.

**શ્રી ચંદુભાઈ ડાભી** : આ માઈનોર કેનાલ, નાની કેનાલનાં કામો બાકી છે, છતા પણ ઓછી ગુણવત્તાનાં કારણે એના સમારકામ કેટલીક એજન્સીને આપવામાં આવેલ છે? માનનીય મંત્રીશ્રી આ જાણે છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય સભ્યશ્રી આવી કોઈ વિગત આપશે તો તપાસી લઈશ. અહીયા કામ અંગેનો પ્રશ્ન છે. ગેરરીતિ કે નબળું બાંધકામ અંગેનો પ્રશ્ન નથી.

**અધ્યક્ષશ્રી** : ફરિયાદ આવે તો તપાસશો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : હા જી.

**ટ્રાયબલ વિસ્તારના તાલુકાઓમાં થયેલ નર્મદા યોજનાનું કામ**

***૨૦૨૭ ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે :

(૧) નર્મદા યોજના માટે ટ્રાયબલ વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૭-૦૮ ના બજેટમાં શેર મૂડી માટે ફાળવેલ રૂપિયા ૩૦૦ કરોડમાંથી ટ્રાયબલ વિસ્તારના કયા કયા તાલુકાઓ માટે કેટલી યોજનાઓનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ કેટલો ખર્ચ થયો અને કેટલા હેક્ટર વિસ્તારને પાણી મળવાનું છે અથવા મળતું થયું છે?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા) :**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ નર્મદા યોજનામાંથી પ્રભાવિત આદિજાતિ કુટુંબો અને વિસ્તારો માટે રૂપિયા ૫૮૭.૦૦ કરોડનો ખર્ચ થયેલ છે. આ ખર્ચ વિસ્થાપિતો કે જે મોટે ભાગે આદિજાતિ છે. તેના પુનઃસ્થાપન તેમજ કમાંડ વિસ્તારના આદિજાતિ ખેડૂતોના લાભાર્થે કરવામાં આવેલ છે.

(૨) રૂપિયા ૫૮૭.૦૦ કરોડ
આશરે ૮૩૨૭ હેક્ટર વિસ્તારને સિંચાઈ માટે પાણી મળતું થયેલ છે.

**ડૉ. અનિલ જોષીયારા** : મેં સ્પષ્ટ જાણવા માગ્યું છે કે ટ્રાયબલ વિભાગમાંથી કયા કયા તાલુકા માટે અને કઈ કઈ યોજના પૂછી છે. આમાથી એકેયનો જવાબ મળતો નથી. મેં સ્પષ્ટ જવાબ માગ્યો છે કે કયા કયા તાલુકા માટે કઈ કઈ યોજના છે. ૩૦૦ કરોડમાંથી? તો એનો જવાબ મળતો નથી. બીજો પ્રશ્ન તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ ખર્ચ કેટલો? તો ૩૦૦ માંથી ખર્ચ કરવાનો હતો તો ૫૮૭ કરોડ અને ૮૩૨૭ હેક્ટર એટલે એક હેક્ટર માટે ૬ લાખ રૂપિયાનો ખર્ચ બતાવેલ છે. આનો મનમેળ બેસતો નથી.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે એમણે જે વિગતો માગી છે કે કેટલી યોજના અને કઈ કઈ યોજના તાલુકાવાર એનો જવાબ છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : છે સાહેબ.

**અધ્યક્ષશ્રી** : આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** :આ રકમ આદિજાતિ વિસ્તારના લાભાર્થીઓ અને વિસ્તારો એના માટે વાપરવામાં આવે છે. નર્મદાની જે કેનાલો અને લાભાર્થીઓ એ નર્મદા જિલ્લામાં નાંદોદ તાલુકામાં, વડોદરા જિલ્લામાં સંખેડા તાલુકામાં આ કામો થયાં છે અને એનું મેઈન કેનાલથી માંડીને અન્ય બ્રાન્ચ કેનાલનું એ તમામ વિગતો ઘણી લાંબી થાય, તેથી આપ કહો તો ટેબલ ઉપર મૂકી દઈશ.

**અધ્યક્ષશ્રી** :મૂળ પ્રશ્નની અંદર કેટલી યોજનાઓ, કુલ યોજનાના નંબર બોલો કે આટલી યોજના? અને કેટલા તાલુકા, તાલુકાનાં નામ બોલો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આ કેનાલ અને કેનાલો એનું આખું નેટવર્ક હોય છે. એનું વિભાજન નથી કરી શકાતું. એના નંબર આપી શકાતા નથી.

**અધ્યક્ષશ્રી** : ૧૫ યોજના કે ૧૦ યોજના એવી રીતે કેટલી છે તમારી પાસે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મુખ્ય કેનાલ અને એમાંથી નીકળતી કેનાલ અને એમાંથી નીકળતી સબ બ્રાન્ચ કેનાલના નંબર ના બની શકે ને સાહેબ.

**ડૉ. અનિલ જોષીયારા** : મારો પ્રશ્ન સ્પેસિફિક છે. કયા કયા તાલુકાઓ માટે કઈ કઈ યોજના. આ ૩૦૦ કરોડ રૂપિયા ટ્રાબયલ વખતના આપ્યા તો કઈ કઈ યોજનાઓ છે.

**અધ્યક્ષશ્રી** : એમાં તાલુકાનાં નામ બોલો કયા કયા તાલુકા?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** :તાલુકાના નામ મેં આપ્યાં છે.

**અધ્યક્ષશ્રી** : બે તાલુકા છે. તો બાકીના છે કે નથી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : ના બીજા નથી સાહેબ.

**અધ્યક્ષશ્રી** : કેટલા? બે તાલુકા છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : બે તાલુકા આવે છે. તેમાં બાવળા તાલુકો આવે સાહેબ. ત્રણ તાલુકા આવે છે.

**અધ્યક્ષશ્રી** : બે તાલુકાના નામ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : પણ સાહેબ એક તાલુકો નાંદોદ તાલુકો, સંખેડા તાલુકો અને બાવળા તાલુકો છે. ત્રણ તાલુકા છે.

**અધ્યક્ષશ્રી** : બે તાલુકાના નામ આપી દીધા. કેટલી યોજનાઓ એની અંદર પ્રશ્ન બીજો હોય તો પૂછો.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, કઈ કઈ યોજનાઓ છે અને આ ૩૦૦ કરોડનું આયોજન હતું અને ૫૮૭ કરોડનો ખર્ચ બતાવે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રકમ નર્મદા નિગમને શેર મૂડી તરીકે મળી એનો બીજો જે વધારાનો ખર્ચ થાય કામોમાં. કારણકે કામોનો વ્યાપ વધારે છે અને કિંમત પણ વધારે છે. એટલે ૩૦૦

કરોડ વત્તા રાજય સરકારના બજેટમાંથી નર્મદા નિગમમાં જે ફંડ જાય છે તે ઉમેરીને આ કામો થયા છે તે રીતે રકમ બતાવી છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રી પાસે જાણવું છે કે નાંદોદ તાલુકામાં જે કામો થયાં છે તે કામોમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કયા કયા કામો કરવામાં આવ્યાં?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમાં અલગ અલગ ખર્ચ મારી પાસે ઉપલબ્ધ નથી.

**અધ્યક્ષશ્રી** : ટેબલ ઉપર મૂકજો. નેકસ્ટ. પ્રશ્ન ક્રમાંક: ૧૪

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ૫૮૭ કરોડનો ખર્ચ થયેલ છે અને આ ખર્ચ વિસ્થાપિતો કે જે મોટા ભાગે આદિજાતિ એટલે કેટલા આદિજાતિ અને તેમાં કમાન્ડ વિસ્તારના આદિજાતિ એટલે તેમાં કેટલા ખેડૂતોને લાભ મળેલ છે ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ આખું એક પેકેજ છે. પુનઃવસવાટ પેકેજમાં જે લાભાર્થીઓનો વસવાટ કરવામાં આવે છે તે નિયમો પ્રમાણે પેકેજની જુદી જુદી સવલતો ઉપલબ્ધ કરાવવાની છે તે આખું પેકેજ આમાં લાગુ પડે છે.

## અમદાવાદ શહેર અને જિલ્લામાં પોલીસ સ્ટેશનમાં ખાલી જગ્યાઓ

***૧૦૭૪ શ્રી શૈલેષ મ. પરમાર (શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં કયા કયા પોલીસ સ્ટેશનમાં કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ):**

(૧) સામેલ પત્રક ૧ અને ૨ મુજબ.

(૨) ભરતી/બઢતીથી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા ચાલુ છે. છેલ્લા ત્રણ વર્ષોમાં રાજયમાં નીચે પ્રમાણે જગ્યાઓ ભરવામાં આવેલ છે.

| સંવર્ગ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ |
|---|---|---|---|
| નાયબ પોલીસ અધિક્ષક (હથિયારી) | -- | ૧૪ | ૧ |
| નાયબ પોલીસ અધિક્ષક (બિન હથિયારી) | ૪૭ | ૪૨ | ૧ |
| પોલીસ સબ ઈન્સપેકટર (બિન હથિયારી) | -- | ૧૯૧ | ૩૯૬ |
| લોકરક્ષક | -- | ૨૯૯૯ | ૧ |

હાલમાં લોકરક્ષક (હથિયારી/બિનહથિયારી/મહિલા)ની કુલ-૭૩૮૨ જગ્યાઓ ભરવા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ હસ્તક પ્રક્રિયા ચાલુ છે. મંડળે તાજેતરમાં એસ.આર.પી. લોકરક્ષકની જગ્યા માટે ૩૫૫૪ જેટલા ઉમેદવારોના નામોની ભલામણ કરેલ છે, જેમની નિમણૂકની કાર્યવાહી ગતિમાં છે.

પત્રક-૧

### અમદાવાદ શહેરના પોલીસ સ્ટેશનની વિગતો

| ક્રમાંક | પોલીસ સ્ટેશન | ખાલી જગ્યા | ક્યારથી ખાલી | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ૬ માસ સુધીથી | ૬ થી ૧૨ માસ સુધી | ૧૨ માસથી ૨ વર્ષ સુધી | ૨ વર્ષથી ઉપર |
| ૧ | વેજલપુર | ૧૮૫ | ૧૨૨ | ૪૦ | ૧૨ | ૧૧ |
| ૨ | એલીસબ્રીજ | ૫૫ | ૨૮ | ૧૮ | ૭ | ૨ |
| ૩ | સેટેલાઈટ | ૫ | ૨ | ૩ | -- | -- |
| ૪ | નવરંગપુરા | ૪૯ | ૨૧ | ૧૪ | ૧૦ | ૪ |
| ૫ | નારણપુરા | ૪૦ | ૨૧ | ૧૪ | ૪ | ૧ |
| ૬ | સોલા | ૩ | ૧ | ૨ | -- | -- |
| ૭ | ઘાટલોડીયા | ૫૦ | ૨૫ | ૧૬ | ૬ | ૩ |
| ૮ | સાબરમતી | ૩૦ | ૧૯ | ૫ | ૫ | ૧ |
| ૯ | માધવપુરા | ૧૦૧ | ૩૭ | ૩૧ | ૧૯ | ૧૪ |
| ૧૦ | શાહપુર | ૭ | ૩ | ૩ | ૧ | -- |
| ૧૧ | કારંજ | ૮૪ | ૨૦ | ૩૦ | ૨૨ | ૧૨ |
| ૧૨ | કાલુપુર | ૬૪ | ૩૦ | ૨૫ | ૭ | ૨ |

| ક્રમાંક | પોલીસ સ્ટેશન | ખાલી જગ્યા | ક્યારથી ખાલી | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ૬ માસ સુધીથી | ૬ થી ૧૨ માસ સુધી | ૧૨ માસથી ૨ વર્ષ સુધી | ૨ વર્ષથી ઉપર |
| ૧૩ | શહેર કોટડા | ૯૩ | ૪૭ | ૨૦ | ૧૭ | ૯ |
| ૧૪ | ખાડીયા | ૧૧૩ | ૫૬ | ૧૬ | ૨૩ | ૧૮ |
| ૧૫ | ગા.હવેલી | ૫૧ | ૧૯ | ૧૩ | ૧૨ | ૭ |
| ૧૬ | દરિયાપુર | ૧૭ | ૯ | ૪ | ૪ | -- |
| ૧૭ | શાહીબાગ | ૬૧ | ૩૮ | ૧૩ | ૮ | ૨ |
| ૧૮ | સરદારનગર | ૩૭ | ૧૪ | ૧૨ | ૬ | ૫ |
| ૧૯ | નરોડા | ૧૩ | ૪ | ૪ | ૫ | -- |
| ૨૦ | મેઘાણીનગર | ૧૩ | ૬ | ૭ | - | -- |
| ૨૧ | ગોમતીપુર | ૮૦ | ૩૮ | ૨૪ | ૧૨ | ૬ |
| ૨૨ | બાપુનગર | ૧૦ | ૩ | ૨ | ૫ | -- |
| ૨૩ | રખિયાલ | ૩૬ | ૧૫ | ૧૨ | ૯ | -- |
| ૨૪ | ઓઢવ | ૬ | ૧ | ૪ | ૧ | -- |
| ૨૫ | અમરાઈવાડી | ૪ | ૧ | ૩ | -- | -- |
| ૨૬ | મણીનગર | ૩૯ | ૧૯ | ૧૪ | ૪ | ૨ |
| ૨૭ | વટવા | ૩ | -- | ૨ | ૧ | -- |
| ૨૮ | જી.આઈ.ડી.સી. | ૫૭ | ૩૪ | ૧૪ | ૯ | -- |
| ૨૯ | કાગડાપીઠ | ૬૨ | ૩૬ | ૧૭ | ૬ | ૩ |
| ૩૦ | દાણીલીમડા | ૫૪ | ૨૯ | ૧૩ | ૫ | ૭ |
| ૩૧ | ગુજ.યુની. | ૧૦૬ | ૧૦૬ | -- | -- | -- |
| ૩૨ | વસ્ત્રાપુર | ૭૦ | ૭૦ | -- | -- | -- |
| ૩૩ | રામોલ | ૯૨ | ૯૨ | -- | -- | -- |
| ૩૪ | ઈસનપુર | ૧૦૦ | ૧૦૦ | -- | -- | -- |

## પત્રક-૨
## અમદાવાદ જિલ્લા પોલસ સ્ટેશનની વિગતો

| ક્રમાંક | પોલીસ સ્ટેશન | ખાલી જગ્યા | ક્યારથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧. | વિ.ગામ ટાઉન | ૧૬ | છ માસથી |
| ૨. | ધોળકા | ૧૩ | છ માસથી |
| ૩. | બાવળા | ૮ | છ માસથી |
| ૪. | કોઠ | ૫ | છ માસથી |
| ૫. | બગોદરા | ૫ | છ માસથી |
| ૬. | ધંધુકા | ૧૫ | છ માસથી |
| ૭. | બરવાળા | ૧૦ | છ માસથી |
| ૮. | ધોલેરા | ૮ | છ માસથી |
| ૯. | રાણપુર | ૬ | છ માસથી |
| ૧૦. | વિ.ગામ રૂરલ | ૫ | છ માસથી |
| ૧૧. | દેત્રોજ | ૧૩ | છ માસથી |
| ૧૨. | વિઠલાપુર | ૧૦ | છ માસથી |
| ૧૩. | માંડળ | ૭ | છ માસથી |

| ક્રમાંક | પોલીસ સ્ટેશન | ખાલી જગ્યા | ક્યારથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧૪. | સરખેજ | કોઈ જગ્યા ખાલી નથી | |
| ૧૫. | સાણંદ | | |
| ૧૬. | કણભા | | |
| ૧૭. | અસલાલી | -- | |

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, અમદાવાદ શહેરની અંદર અને અમદાવાદ જિલ્લામાં નાયબ પોલીસ અધિક્ષક હથિયારધારી, બિન હથિયારધારી, પોલીસ ઈન્સપેકટર અને સબ ઈન્સપેકટર હથિયારધારી અને બિનહથિયારધારી હાલમાં કેટલી જગ્યાઓ ખાલી છે અને કયારે ભરવા માગે છે. બીજું લોકરક્ષકમાં ૭૩૮૨ જગ્યાઓ ખાલી છે તે કેટલા સમયમાં ભરવા માગે છે અને એસ.સી., એસ.ટી., અને મહિલાઓની કેટલી સંખ્યા છે તે મારે જાણવું છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલી જગ્યાઓ ખાલી છે તેનું પત્રક તો આપેલું જ છે. કયારે ભરવા માગે છે તેમાં એકચ્યુલી કોઈ જિલ્લા માટે ભરતી થતી નથી. આ ભરતી રાજયકક્ષાની થાય છે. તેમાં ૧૧૧૮૩ જુદા જુદા સંવર્ગની ભરતીની પ્રક્રિયા ચાલુ થઈ ગઈ છે. કેટલાકની શારીરિક પરીક્ષાઓ પતી છે કેટલાકની લેખીત પતી છે અને કેટલાકના મૌખિક ઈન્ટરવ્યુ બાકી છે. એટલે ૧૧૧૮૩ જુદા જુદા સંવર્ગની ભરતી મારા અંદાજ પ્રમાણે જુન પહેલાં પૂરી થઈ જશે. એમાંથી અમદાવાદ જિલ્લાના ફાળે ટકાવારી પ્રમાણે જે આવતા હોય, શહેરના ફાળે જે આવતા હોય તે જશે. બીજા ૧૩૪૬ જુદા જુદા સંવર્ગની ભરતીની મંજૂરી મળી ગઈ છે. તેની પ્રક્રિયા પણ ટૂંક સમયમાં ચાલુ કરી દઈશું અને મહિલા અને એસ.સી.નું માગ્યું છે તે માહિતી મારી જોડે નથી. હું ટેબલ પર મૂકી દઈશ.

## વીજ કંપનીને પ્રવહન ક્ષેત્રે મળેલ એવોર્ડ

***૧૭૪૩ શ્રી કાન્તિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે,

(૧) રાજય સરકારની કોઈ કંપનીને પ્રવહન ક્ષેત્રે ગત વર્ષ દરમ્યાન સારી કામગીરી કરવા બદલ કેન્દ્ર સરકાર તરફથી કોઈ એવોર્ડ મળેલ છે, અને

(૨) જો હા, તો કયારે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા):**

(૧) અને (૨) હાજી.

રાજય સરકારના ગુજરાત ઉર્જા વિકાસ નિગમની પ્રવહન ક્ષેત્રની પેટા કંપની ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડને "પાવર યુટીલીટી ફોર મેરીટોરીયસ પરફોર્મન્સ ૨૦૦૫-૦૬" માટે મીનસસ્ટ્રી ઓફ પાવર ભારત સરકાર દ્વારા "સીલ્વર મેડલ" તા. ૨૧-૦૩-૨૦૦૭ના રોજ માન.પ્રધાનમંત્રીશ્રીના હસ્તે એનાયત કરવામાં આવેલ છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર દ્વારા એવોર્ડ શા માટે આપવામાં આવ્યો હતો અને બીજા કોઈ એવોર્ડ કેન્દ્ર દ્વારા કે અન્ય એજન્સી દ્વારા આપવામાં આવ્યા છે કે કેમ? સારી કામગીરી માટે બિરદાવવામાં આવેલ છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઈન્ડિયન ટેકસ એકસીલન્સ એવોર્ડ ગુજરાતને મળ્યો છે. બેસ્ટ સકસેસીસ એવોર્ડ મળ્યો છે અને સારી કામગીરી કરવા માટે યુટિલીટી એવોર્ડ મળ્યો છે. એવી જ રીતે ઈન્ફ્રા લાયન એકસીલન્સ એવોર્ડ-૨૦૦૭ સ્ટેટ પાવર સેકટરને મળ્યો છે. આ બી સારી કામગીરી કરવા માટે મળ્યો છે. એવી જ રીતે આઈ.સી.આર.એ અને ક્રિસીલ આખા સ્ટેટ ઈલેકટ્રીસીટીમાં ગુજરાતનું ૨૦૦૩માં સાતમું સ્થાન હતું તે ૨૦૦૬માં બીજા ક્રમે લાવ્યા છે તેના માટે એવોર્ડ મળ્યો છે. તેવી જ રીતે કેન્દ્ર સરકારે આ એવોર્ડ આપ્યા છે તે ઉપરાંત વણાકબોરી, ગાંધીનગર...

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

## રાજ્યમાં આવેલ સી.એન.જી. સ્ટેશનો

૧૭૧૭ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલા સી.એન.જી.સ્ટેશનો કાર્યરત છે; અને | (૧) ૧૦૬. |
| (૨) ભવિષ્યમાં કેટલા વધુ સ્ટેશનો કાર્યરત કરવાનું સરકારનું આયોજન છે ? | (૨) હાલમાં વધુ ગેસની ફાળવણી માટેની રાજ્ય સરકારની માંગણી કેન્દ્ર સરકારમાં પડતર છે. કેન્દ્ર સરકાર તરફથી જેમ જેમ ગેસની ઉપલબ્ધિ થશે, તેમ તેમ નવા સી.એન.જી. સ્ટેશનો કાર્યરત કરી શકાશે. |

----------

## જ્યોતિગ્રામ યોજનાથી રોજગારીની તકોમાં થયેલ ફેરફાર

૧૭૪૪ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જ્યોતિગ્રામ યોજનાના અમલીકરણ બાદ રોજગારીની તકોમાં અને અન્ય સુવિધામાં શું ફેરફાર થયો છે તેનો કોઇ અભ્યાસ કરવામાં આવ્યો છે, અને

(૨) તેમાં કઇ કઇ બાબતોની માહિતી મેળવવામાં આવેલ ?

**જવાબ**

(૧) અને (૨)

જ્યોતિગ્રામ યોજનાના અમલથી ગ્રામ્ય કક્ષાએ શિક્ષણ, ઉદ્યોગો, વાણિજ્યિક પ્રવૃત્તિઓ, રોજગારી, ગ્રામ્યજનોની આવક તથા તેમના જીવન પર થયેલ સામાજિક અને આર્થિક અસરોની માહિતી મેળવવા મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે.

ઈન્સ્ટીટ્યુટ ઓફ રુરલ મેનેજમેન્ટ (ઈરમા)ના અભ્યાસમાં એવું તારણ નીકળ્યું છે કે રોજગારમાં વૃધ્ધિ થઈ છે અને ગામડામાંથી શહેરમાં થતા સ્થળાંતરમાં ૩૩% જેટલો ઘટાડો થયો છે.

આ ઉપરાંત કન્યા કેળવણીનાં ક્ષેત્રમાં શાળા છોડી જનાર વિદ્યાર્થીઓમાં ૮૦% જેટલો ઘટાડો થયો છે. તદ્ઉપરાંત શાળામાં ગેરહાજરીનું પ્રમાણ પણ ૧૩% જેટલું ઘટ્યું છે.

ઘેર અભ્યાસ કરવાનું (લેશન, ગૃહકાર્ય) પ્રમાણ વિદ્યાર્થીનીઓમાં ૯૨ ટકા તથા વિદ્યાર્થીઓમાં ૮૧ ટકા વધ્યું છે.

સ્વાસ્થ્ય, પોષણ, પરિવાર કલ્યાણ તથા રોજગારી યોજનાની જાણકારીમો વધારો થયો છે.

ગ્રામ્ય મહિલાઓમાં શિક્ષણમાં ૯૦ ટકા સામાજિક પ્રવૃત્તિઓમાં ૪૩ ટકા અને આવક ઉપાર્જન પ્રવૃત્તિઓમાં ૧૮ ટકા વધારો થયો છે.

આ ઉપરાંત ગ્રામ્ય ઉદ્યોગો જેવાં કે હીરા ઘસવા, કૃષિ વિષયક ગૃહ ઉદ્યોગો, સાબુ ઉદ્યોગ વિગેરેની સંખ્યા, પ્રવૃત્તિ અને રોજગારીમાં વધારો થયો છે. આમ છતાં ૫૩% જેટલાં કુટુંબો રાત્રિના સમયમાં આર્થિક પ્રવૃત્તિ કરતાં થયાં છે.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને સેન્ટર ફોર એન્વાયરન્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેક્નોલોજી (સેપ્ટ) દ્વારા હાથ ધરાયેલ પાટણ અને અમદાવાદ જિલ્લાના ગામોના ગૃહ ઉદ્યોગોની અસરો પર અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં ગૃહ ઉદ્યોગોનાં કામના કલાકો જે અગાઉ ૬ થી ૮ હતા તેમાં વૃધ્ધિ થઈ ૧૨ કલાક થયા છે અને નફામાં લગભગ બમણી વૃધ્ધિ થઈ છે.

તદ્ઉપરાંત રાજ્ય સરકારનાં મૂલ્યાકન નિયામક દ્વારા હાથ ધરાયેલ અભ્યાસમાં પ્રાપ્ત થયેલ પરિણામો મુજબ ગ્રામ્ય ઉદ્યોગ, વાણિજ્યિક પ્રવૃત્તિ વિગેરેનાં એકમોમાં લગભગ ૨૫% રોજગારીમાં લગભગ ૪૦% અને માથાદીઠ આવકમાં લગભગ ૩૦% ની સરેરાશ વૃધ્ધિ થવા પામી છે.

----------

**પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં અપાતું પ્રશિક્ષણ**

૧૭૧૩ **શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સ્થપાયેલ પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં કોઇ ચોક્કસ શાખાનું પ્રશિક્ષણ અપાઇ રહેલ છે; અને | (૧) પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી તા. ૨૧-એપ્રિલ-૨૦૦૭માં સ્થપાઈ અને ત્યારબાદ થોડા સમયગાળામાં આ યુનિવર્સિટીમાં,<br>(૧) બેચરલ ઓફ ટેક્નોલોજી<br>(૨) માસ્ટર ઓફ ટેક્નોલોજી તથા<br>(૩) પી.એચ.ડી. ક્ક્ષાનું પ્રશિક્ષણ તેમજ<br>(૪) પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઈન પેટ્રોલિયમ મેનેજમેન્ટનું પ્રશિક્ષણ અપાઈ રહેલ છે. |
| (૨) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં શિક્ષણ પ્રાપ્ત કરે છે ? | (૨) યુનિવર્સિટી શરૂ થયાના ટૂંકા સમયગાળામાં, તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં પ્રશિક્ષણ પ્રાપ્ત કરે છે. |

| ક્રમાંક | ઈન્સ્ટીટ્યુટ ઓફ પેટ્રોલિયમ ટેક્નોલોજી | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| (૧) | બી.ટેક. | ૨૩૩ |
| (૨) | એમ.ટેક. | ૦૦૯ |
| (૩) | પી.એચ.ડી. | ૦૦૪ |
| | ઈન્સ્ટીટ્યુટ ઓફ પેટ્રોલિયમ મેનેજમેન્ટ | |
| (૧) | ડિપ્લોમા (પ્રથમ વર્ષ) | ૬૦ |
| (૨) | ડિપ્લોમા (દ્વિતીય વર્ષ) | ૫૯ |
| | કુલ..... | ૩૬૫ |

----------

**સરકારી કાર્યક્રમો અંગે એસ. ટી બસનો ઉપયોગ**

૧૬૫૮ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ થી તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં રાજ્ય સરકારે સરકારી કાર્યક્રમો અન્વયે એસ. ટી. ની કેટલી બસો બુક કરાવેલ છે, અને | (૧) ૨૦૭૬૬ બસો |
| (૨) તે અન્વયે એસ. ટી. ને કેટલી રકમ ચૂકવાઇ ? | (૨) રૂા. ૧૨,૫૮,૫૫,૨૬૦-૦૦ |

**રાજ્યમાં વિજ્ઞાનના પ્રચાર અને પ્રસારણ યોજના**

૧૭૦૪ **શ્રી રણજીતભાઈ મં.ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગીકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વિજ્ઞાનનો પ્રચાર-પ્રસાર થાય તેવી કોઇ યોજના છે કે કેમ, | (૧) અને (૨)<br>રાજ્યમાં વિજ્ઞાનનો પ્રચાર પ્રસાર થાય તે માટે જિલ્લા અને |

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

પ્રાદેશિક કક્ષાએ લોક વિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના કરવાની યોજના અમલમાં મૂકેલ છે.

રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે દર વર્ષે તાલુકા, જિલ્લા, રાજ્ય કક્ષાએ વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવે છે.

આ ઉપરાંત અમદાવાદ ખાતે સાયન્સ સીટીની સ્થાપના કરવામાં આવેલ છે. જ્યાં વિજ્ઞાનના થીમ પેવેલિયન, આઈમેક્ષ થિયેટરમાં સાયન્સ ફિલ્મોનું નિદર્શન અને રાષ્ટ્રિય બાળ વિજ્ઞાન કોંગ્રેસ, નેશનલ સાયન્સ કોમ્યુનિકેશન કોંગ્રેસ, બાળકો માટે વિજ્ઞાનની કાર્યશિબિરો, રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રીય ઓલમ્પીયાડ માટે વિદ્યાર્થીઓને તેયાર કરવાનો કાર્યક્રમ, વિજ્ઞાનના સંશોધનાત્મક પ્રયોગોની કાર્યશિબિર અને કાર્યશાળાઓ જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે.

(૩) લોક વિજ્ઞાન કેન્દ્રો કઇ કઇ કામગીરી કરે છે,

(૩) લોકવિજ્ઞાન કેન્દ્રો વિજ્ઞાન અને ટેક્નોલોજીના પ્રચાર પ્રસાર થકી લોકજાગૃતિ કેળવવા નીચે પ્રમાણેના વિવિધ કાર્યક્રમો હાથ ધરે છે.

વિજ્ઞાનને લગતા પ્રદર્શનો
વિજ્ઞાન દિવસની ઉજવણી.
સાયન્સ ફેર, સાયન્સ વર્કશોપ, સાયન્સ ક્વીઝ
અને તાલીમ કાર્યક્રમો.
અંધશ્રધ્ધા નિર્મૂલન.

(૪) આ યોજનામાં કેટલી આર્થિક સહાય આપવામાં આવે છે, અને

(૪) આ યોજનામાં નીચે મુજબ આર્થિક સહાય આપવામાં આવે છે.

| અ.નં. | લોક વિજ્ઞાન કેન્દ્રનો પ્રકાર | વાર્ષિક આર્થિક સહાય (રૂા. લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | કેપીટલ | રીકરીંગ | કુલ |
| ૧. | પ્રાદેશિક કક્ષા | ૨.૨૫ | ૫.૨૫ | ૭.૫૦ |
| ૨. | જિલ્લા કક્ષા | ૧.૨૫ | ૩.૭૫ | ૫.૦૦ |

નવા લોકવિજ્ઞાન કેન્દ્ર માટે ઉપરોક્ત રકમના પ્રથમ વર્ષે ૧૦૦% બીજા વર્ષે ૯૦% અને ત્રીજા વર્ષે
૭૫% આર્થિક સહાય મળવાપાત્ર રહેશે. ત્રણ વર્ષ પુરા કરેલ હયાત કેન્દ્રોને ૭૫% સહાય ત્રણ વર્ષ સુધી મળવાપાત્ર થશે.

(૫) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ કેટલા લોક વિજ્ઞાન કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે ?

(૫) ૧૬ (સોળ)

----------

## ભાવનગર બંદરના વિકાસનું આયોજન

૧૬૨૩ **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર બંદરના વિકાસ માટે સરકારનું કોઇ આયોજન છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની વિગત શી છે ?

(૨) ભાવનગર બંદર ખાતે લોકગેટનું રીપેરીંગ, હયાત કોક્રેટ જેટીનું મજબૂતીકરણ, ડ્રેજીંગ વગેરે કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

----------

## જી.એસ.પી.સી. ધ્વારા ઓઈલ અને ગેસ માટે થતું ઉત્પાદન

૧૫૫૪ **શ્રી ભરતસિંહજી શં.ડાભીM#> (ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

રાજ્ય સરકાર હસ્તકની પેટ્રોલિયમ કંપની જી.એસ.પી.સી. ધ્વારા રાજ્યમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલી જ્ગ્યાએ ઓઈલ અને ગેસના ઉત્પાદન માટેનું ઉત્ખનન થઈ રહેલ છે ?

વિવિધ ભાગીદારો સાથે સંયુક્ત રીતે જી.એસ.પી.સી. દ્વારા રાજ્યમાં કુલ ૧૯ (ઓગણીસ) બ્લોકમાં ઓઇલ અને ગેસનું સંશોધન થઇ રહેલ છે.

----------

## હસ્તકલા ઉત્પાદનો માટે વેચાણ વ્યવસ્થા

૧૫૬ **શ્રી જયંતિલાલ ૫.ભાનુશાલી(અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની હસ્તકલા ક્ષેત્રે કાર્યરત મહિલાઓ ધ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ માટે કોઇ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી.<br>રાજ્ય સરકારની કચેરીઓ તથા બોર્ડ/નિગમો દ્વારા યોજાતા મેળા, પ્રદર્શનોમાં સ્ટોલ ફાળવીને ઉત્પાદિત ચીજ-વસ્તુઓના વેચાણની તક આપવામાં આવે છે. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) ઇન્ડેક્ષ-સી દ્વારા છેલ્લા બે વર્ષમાં યોજેલ બાવન મેળામાં ૭૯૧ મહિલા કારીગરોએ ભાગ લઇ રૂા. ૨૫૬ લાખના માલનું વેચાણ કરેલ છે. માટીકામ કલાકારી બોર્ડે બે વર્ષમાં યોજેલ ૧૨ મેળામાં ૧૨૯ મહિલા કારીગરોએ ભાગ લઇ રૂા. ૫૦.૪૫ લાખના માટીકામ માલનું વેચાણ કરેલ છે. ગુજરાત રાજ્ય મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા બે વર્ષમાં યોજેલ ૧૨ મેળામાં ૩૭૩ મહિલા કારીગરોએ ભાગ લઇ રૂા. ૫૩.૭૫ લાખના માલનું વેચાણ કરેલ છે. ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા બે વર્ષમાં યોજેલ ૯ મેળામાં ૫૫ મહિલા કારીગરોએ ભાગ લઇ રૂા. ૩૩.૯૫ લાખના માલનું વેચાણ કરેલ છે. ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ દ્વારા બે વર્ષમાં યોજાયેલ ૧૬૮ પ્રદર્શનોમાં ૧૩૮ મહિલા કારીગરોએ ભાગ લઇ રૂા. ૭૫.૦૫ લાખના માલનું વેચાણ કરેલ છે. આ ઉપરાંત નિગમ દ્વારા છેલ્લા બે વર્ષમાં ૯૫૫૬ મહિલા કારીગરોના રૂા. ૫૦૪ લાખના માલની ખરીદી કરી નિગમના એમ્પોરીયમ દ્વારા વેચાણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી દ્વારા યોજાતા સરસ મેળાઓમાં સ્ટોલ ફાળવી મહિલા કારીગરો દ્વારા ઉત્પાદિત ચીજ-વસ્તુઓના વેચાણની તક આપવામાં આવે છે. આ સર્વે મેળાઓમાં પુરૂષ કારીગરો કે સંસ્થાઓને અપાતા સ્ટોલ્સના માલ વેચાણમાં ઉત્પાદન કક્ષાએ મહિલા કારીગરો કામ કરતા હોઇ, આ માલ વેચાણનો લાભ રોજગારી માટે મહિલા કારીગરોને મળતો હોય છે. |

----------

## લોક કલ્યાણની યોજના અંગે અધિકારીઓને પ્રોત્સાહન

૧૭૨૪ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જિલ્લા તથા તાલુકા કક્ષાએ સરકારી અધિકારીઓ ધ્વારા લોકકલ્યાણ અર્થે હાથ ધરવામાં આવતા પ્રોજેક્ટ માટે પ્રોત્સાહનની કોઇ યોજના છે, | (૧) હા, જી. આ માટે સ્વાન્તઃસુખાય પ્રોજેક્ટ પુરસ્કાર યોજના અમલમાં છે. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રોજેક્ટોને પ્રોત્સાહન આપવામાં આવેલ છે, અને | (૨) ૪૫ પ્રોજેક્ટને પુરસ્કૃત કરેલ છે. |
| (૩) સરકાર આવી પ્રોત્સાહન યોજનાને વધુ વિસ્તારવા કે સુધારવા માંગે છે કે કેમ ? | (૩) ના, જી. |

----------

## ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર અંતર્ગત થયેલ કાર્યવાહી

**૧૭૪૭ શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નવી દિલ્હી-મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર અને ડેડીકેટેડ કોરીડોર અંતર્ગત રાજ્ય સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

**જવાબ**

ડેડીકેટેડ ફ્રેઇટ કોરીડોરનો ૩૮ ટકા ભાગ ગુજરાતમાંથી પસાર થનાર છે, જેની બંને બાજુએ આશરે ૧૫૦ કિ.મી.ના અંતર સુધીમાં દિલ્હી-મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર અંતર્ગત વિકાસનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટોનો મહત્તમ લાભ રાજ્ય સરકારને મળે તે માટે રાજ્ય સરકારે ૬ ઓદ્યોગિક રીજીયન/એરીયા તારવેલ છે. પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં એટલે કે ૨૦૦૮-૧૨ દરમ્યાન (૧) અમદાવાદ-ધોલેરા ઇન્વેસ્ટમેન્ટ રીજીયન અને (૨) વડોદરા-અંકલેશ્વર ઇન્ડસ્ટ્રીયલ એરીયાના વિકાસની કામગીરી કેન્દ્ર સરકારના પ્લાન અંતર્ગત થશે જ્યારે તે ઉપરાંત ભરૂચ-દહેજ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન અને પાલનપુર-મહેસાણા ઇન્ડસ્ટ્રીયલ એરીયાના વિકાસની કામગીરી રાજ્ય સરકાર પ્રથમ ફેઝમાં કરશે.

-- ભરૂચ-દહેજ વિસ્તારમાં ૪૫૩ ચોરસ કિલોમીટર વિશાળ વિસ્તારમાં પેટ્રોલીયમ, કેમીકલ્સ અને પેટ્રોકેમિકલ્સ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન સ્થાપવામાં આવશે આ માટે ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમ કાર્યવાહી કરશે. આ અંગેની દરખાસ્ત તા. ૬-૯-૨૦૦૭ના પત્રથી કેન્દ્ર સરકારને રજૂ કરવામાં આવેલ છે.

--દિલ્હી-મુબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર અન્વયે ફેઝ-૧માં હાથ ધરવાની આંતર-માળખાકીય સુવિધાઓ જેવી કે રેલ્વે લાઇન, રોડ, ટ્રાન્સપોર્ટનગર વિગેરે માટેનો માસ્ટર પ્લાન તેયાર કરી તા. ૧૭-૧૨-૨૦૦૭થી ભારત સરકારને મોકલવામાં આવેલ છે.

--અમદાવાદ-ધોલેરા ખાતે ઇન્વેસ્ટમેન્ટ રીજીયનનો વિકાસ કરવા અંગેનો ફિઝીબીલીટી અભ્યાસ કન્સલ્ટન્ટને સોંપાયેલ છે.

----------

## રાજ્યના મંદિરો અને મહંતો પર થયેલ હુમલા

**૧૯૮૨ શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં જિલ્લાવાર મંદિરો અને મહંતો ઉપર કેટલા હુમલાના બનાવો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પોલીસ દફતરે નોંધવામાં આવ્યા ?

**જવાબ**

રાજ્યમાં જિલ્લાવાર મંદિરો અને મહંતો ઉપર નીચે મુજબના હુમલાના બનાવો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પોલીસ દફતરે નોંધવામાં આવ્યા છે.

| | | હુમલાના બનાવો |
|---|---|---|
| ૧. | સુરત શહેર | ૧ |
| ૨. | આણંદ | ૨ |
| ૩. | જામનગર | ૫ |
| ૪. | રાજકોટ રૂરલ | ૩ |
| ૫. | કચ્છ-ભૂજ | ૧ |
| ૬. | અમરેલી | ૧ |
| ૭. | ભાવનગર | ૧ |
| ૮. | ભરૂચ | ૧ |

**આ સિવાયના અન્ય શહેર/જિલ્લાઓની માહિતી શૂન્ય છે.**

તમામ શહેર/જિલ્લાઓમાં નીચે મુજબના તકેદારી રૂપે પગલાંઓ લેવામાં આવે છે.

(૧) અવાર-નવાર મંદિરોની વિઝીટો લેવી, ગામથી દૂરના વિસ્તારમાં આવેલ મંદિરોમાં એકલવાયા ન રહેવા પુજારી અને મહંતોને સમજાવવામાં આવે છે.

(૨) શંકાસ્પદ માણસોને મંદિરમાં રોકાણ નહિ કરવા દેવા તથા મોટી રકમ મંદિરોમાં નહિ રાખવા મંદિરના મહંત, પુજારી અને ટ્રસ્ટીઓને સુચના કરવામાં આવે છે.

(૩) ગામડાની ફેરણી વખતે મંદિરની આજુબાજુ તથા અંદરના દર્શનાર્થીઓની વોચ રાખી શંકાસ્પદ જણાયે પૂછપરછ કરવામાં આવે છે અને બી રોલ ભરવામાં આવે છે.

(૪) મંદિરોમાં ધાર્મિક ઉત્સવો કે તહેવારોમાં જરૂર જણાયે પોલીસ બંદોબસ્ત આપવામાં આવે છે. આ પ્રકારના ગુના કરતા હિસ્ટ્રીશીટરોને વારંવાર ચેક કરવામાં આવે છે.

(૫) સ્થાનીક પોલીસ સ્ટેશનના પો.સ.ઇ./પો.ઇન્સ.ને આવા ગુન્હાઓ અટકાવવા સારૂ સતત પોલીસના માણસોની ફુટ પેટ્રોલીંગ, મોબાઇલ પેટ્રોલીંગ તથા રાત-દિવસ સ્પેશયલ પેટ્રોલીંગ તથા કોમ્બીંગ પણ કરવામાં આવે છે.

----------

## રાજકોટ જિલ્લામાં ચોરીના બનાવો

૧૮૫૮ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૦૬-૦૭માં કેટલા ચોરીના બનાવો બન્યા, | (૧) ૩૯૪ (ત્રણસો ચોરાણું) |
| (૨) કેટલા ચોરીના ભેદ ઉકેલાયા, અને | (૨) જે પૈકી ૧૬૮ ચોરીઓના ભેદ ઉકેલાયેલ છે. જ્યારે વણશોધાયેલ રહેવા પામેલ ગુનાઓ શોધી કાઢવા ગુનાની ઉંડાણપૂર્વક તપાસ કરી શકદારો તથા સજેશનવાળા ઇસમોને તપાસવામાં આવેલ છે તથા જરૂર જણાય ત્યાં ડોગ સ્કવોડ તથા એફ.એસ.એલ.ની મદદ પણ લેવામાં આવેલ છે. |
| (૩) કેટલા ગુનેગારો પકડાયા ? | (૩) ૨૬૩ આરોપીઓ પકડાયેલ છે. જે આરોપીઓ નાસતા ફરતા હોય તેઓની વિરુધ્ધ સી.આર.પી.સી.ની કલમ-૭૦ મુજબ વોરંટ કઢાવી તેઓ મળી આવવાના સંભવિત સ્થળો જેવા કે તેમના આશ્રય સ્થાનો, સગા-સંબંધી, મિત્રો વિગેરે સ્થળોએ તપાસ કરવામાં આવેલ છે તેમજ ખાનગી રાહે હકીક્ત મેળવી પકડી પાડવા પ્રયો કરવામાં આવેલ છે અને જે ગુનામાં આરોપીઓના નામ-નમૂદ નથી તેવા ગુનાઓમાં શકદારો તેમજ સજેશનવાળા ઇસમોને પણ તપાસી ઉંડાણપૂર્વક તપાસ કરી, આરોપીઓ બાબતે ગુનાઓ શોધી કાઢવા પ્રયો ચાલુ છે. |

----------

## નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસે લેણી રકમ

૧૫૪૯ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી કુલ કેટલી રકમોની વસુલાત બાકી રહે છે, | (૧) નર્મદા યોજનામાં ભાગીદાર રાજ્યો પાસેથી તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રૂા. ૨૮૪૨.૮૨ કરોડની રકમ બાકી રહે છે જેમાં રૂા. ૨૬૯૭.૩૬ કરોડની રકમ |

વિવાદીત છે અને રૂા. ૨૨૭.૦૨ કરોડની રકમ બિન વિવાદીત છે.

(રૂા. કરોડમાં)

| ક્રમ | રાજ્યનું નામ | બાકી રકમ | વિવાદીત રકમ | બિન વિવાદીત રકમ |
|---|---|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૧૭૧૧.૮૩ | ૧૬૪૯.૨૬ | ૬૨.૫૭ |
| ૨ | મહારાષ્ટ્ર | ૯૪૫.૬૯ | ૭૮૧.૨૪ | ૧૬૪.૪૫ |
| ૩ | રાજસ્થાન | ૧૮૫.૩૦ | ૨૬૬.૮૬ | ૦.૦૦ |
| | કુલ... | ૨૮૪૨.૮૨ | ૨૬૯૭.૩૬ | ૨૨૭.૦૨ |

(૨) છેલ્લા એક વર્ષમાં આ ભાગીદાર રાજ્યો પાસેથી રાજ્ય સરકારને કુલ કેટલી રકમ મળી છે, અને

(૨) ભાગીદાર રાજ્યો પાસેથી રાજ્ય સરકારને ૩૧મી ડીસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રૂા. ૬૬૧.૦૭ કરોડની રકમ નીચેની વિગતે મળેલ છે.

(રૂા. કરોડમાં)

| ક્રમ નંબર | રાજ્યનું નામ | ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ રકમ |
|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૪૦૧.૦૭ |
| ૨ | રાજસ્થાન | -- |
| ૩ | મહારાષ્ટ્ર | ૨૬૦.૦૦ |
| | કુલ... | ૬૬૧.૦૭ |

(૩) આ અંગે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને ક્યારે ક્યારે રજૂઆતો કરી હતી ?

(૩) માનનીય મુખ્યમંત્રીશ્રીએ માનનીય નાયબ અધ્યક્ષશ્રી, યોજના આયોગ અને માનનીય વડાપ્રધાનશ્રી સમક્ષ ભાગીદાર રાજ્યોના બાકી લેણાં માટે રજુઆત કરેલ છે. સરદાર સરોવર કન્સ્ટ્રકશન એડવાઇઝરી કમિટિની ૭૦,૭૧,૭૨,૭૪ અને ૭૫મી મીટીંગોમાં આ બાબતે જરૂરી રજૂઆતો કરવામાં આવેલ તદ્ઉપરાંત ભાગીદાર રાજ્યોને નિયમીતપણે દર માસના અંતે જે પત્રો લખવામાં આવે છે તેની નકલો સરદાર સરોવર કન્સ્ટ્રક્શન એડવાઈઝરી કમિટિને પણ પાઠવવામાં આવે છે.

----------

**જ્યોતિગ્રામ યોજનાના અમલથી રોજગારીની તકોમાં થયેલ વધારો**

૧૭૪૯ **શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ (કામરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જ્યોતિગ્રામ યોજનાના અમલીકરણ બાદ રોજગારીની તકોમાં અને અન્ય સુવિધામાં શું ફેરફાર થયો છે તેનો કોઇ અભ્યાસ કરવામાં આવ્યો છે, અને

(૨) તેમાં કઈ કઈ બાબતોની માહિતી મેળવવામાં આવેલ છે ?

(૧) અને (૨)

જ્યોતિગ્રામ યોજનાના અમલથી ગ્રામ્ય કક્ષાએ શિક્ષણ, ઉદ્યોગો, વાણિજ્યિક પ્રવૃત્તિઓ, રોજગારી, ગ્રામ્યજનોની આવક તથા તેમના જીવન પર થયેલ સામાજિક અને આર્થિક અસરોની માહિતિ મેળવવા મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે.

ઈરમા દ્વારા વિવિધ બાબતોનો અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે જેવા કે....

૧. ગામમાંથી શહેરમાં સ્થળાન્તરનું પ્રમાણ
૨. ભણતર ઉપર અસર.

૩. ગ્રામ્ય મહિલાઓની સ્થિતિ
૪. ગ્રામ્ય ઉદ્યોગો
૫. ગામડામાં સામાજિક અને સાંસ્કૃતિક અસરો

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને સેન્ટર ફોર એન્વાયરન્મેન્ટલ પ્લાનીંગ એન્ડ ટેક્નોલોજી (સેપ્ટ) દ્વારા હાથ ધરાયેલ પાટણ અને અમદાવાદ જિલ્લાના ગામોના ગૃહ ઉદ્યોગોની અસરો પર અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં ગૃહ ઉદ્યોગોનાં કામનાં કલાકો જે અગાઉ ૬ થી ૮ હતા તેમાં વૃધ્ધિ થઇ ૧૨ કલાક થયા છે અને નફામાં લગભગ બમણી વૃધ્ધિ થઇ છે. આ અભ્યાસનાં તારણોમાં ગૃહ ઉદ્યોગની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે દરજીકામ, સુથારીકામ, ફર્નીચર ઉદ્યોગ, છરી બનાવવાના ઉદ્યોગોનો સમાવેશ થાય છે.

તદ્ઉપરાંત રાજ્ય સરકારના મૂલ્યાંક્ન નિયામકની કચેરી દ્વારા હાથ ધરાયેલ મૂલ્યાંક્ન અભ્યાસમાં નીચે મુજબ પરિણામો પ્રાપ્ત થયા છે.

| પ્રવૃત્તિ | વૃધ્ધિ ટકામાં | | | |
|---|---|---|---|---|
| | એકમની સંખ્યા | રોજગારી | માથાદીઠ આવક | મશીનરીનો ઉપયોગ |
| વાણિજ્યિક | ૨૯ | ૩૦ | ૨૬ | ૩૪ |
| ઓદ્યોગિક | ૩૬ | ૭૬ | ૨૩ | ૭૨ |
| ઘરગથ્થું પ્રવૃત્તિઓ | ૧૦ | ૦૯ | ૪૧ | ૨.૫૦ |

----------

## બેટ દ્વારકામાં સતત વીજ પુરવઠો આપવા અંગે

૧૭૦૩ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય** (ઉર્જા) **મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ જામનગર જિલ્લામાં બેટ દ્વારકા વિસ્તારમાં સતત વીજ પુરવઠો આપવા સારું રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે, અને

**જવાબ**

(૧) જ્યોતિગ્રામ યોજના અન્વયે બેટ દ્વારકાનું ગ્રીડ સાથે જોડાણ કર્યું તે અગાઉ બેટ દ્વારકામાં ડીઝલ જનરેટીંગ સેટ દ્વારા ૬૯૭ લાઇટીંગ જોડાણોને ફક્ત ૧૬ કલાક વિજ પુરવઠો પૂરો પાડવામાં આવતો હતો. તદ્ઉપરાંત તેઓને પૂરતા વોલ્ટેજ મળતા ન હતા અને નવા જોડાણની વધુ માંગણી આવવા છતાં તેઓની માંગણી સંતોષી શકાતી ન હતી. વધુમાં વીજ ઉત્પન્ન કરવાનો ખર્ચ યુનિટ દીઠ રૂા. ૧૮ જેટલો આવતો હતો અને ડીઝલનું વહન તથા મરામતનાં ઘણાં પ્રશ્નો ઉદભવતા હતા.

આ સંજોગોમાં જ્યોતિગ્રામ થકી ભારતમાં અત્યાર સુધી નંખાયેલ મરીન કેબલ પેકી લાંબામાં લાંબો ૨૫૦૦ મીટર જેટલો લાંબો કેબલ નાંખી તથા ૧૨ કી.મી. ભારે દબાણની અને ૯.૭ કી.મી. હળવા દબાણની લાઇન તથા નવા ૧૦ ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભા કરી ૨૪ કલાક થ્રી ફેઝ વીજ પુરવઠો આપવાની કામગીરી પૂર્ણ કરી તા. ૧૯-૧૨-૨૦૦૭થી વીજ પુરવઠો આપવાનું શરૂ કરેલ છે.

આ યોજના થકી ૨૦ હોર્સ પાવરનું વોટરવર્ક્સનું નવું જોડાણ તેમજ ૩૩૩ નવા લાઇટીંગ જોડાણ આપેલ છે જ્યારે ૧૦૫ જોડાણોની કામગીરી હાથ પર છે અને નવા જોડાણો માટેની માંગણી ચાલુ છે. જે વિના વિલંબે પૂરા પાડવાનું આયોજન છે. હયાત લાઇનોનું સમારકામ પણ ચાલુ છે. ટૂંકમાં ગુણવત્તાવાળો વીજ પુરવઠો બેટ દ્વારકામાં પૂરો પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| (૨) તે માટેનો કુલ ખર્ચ કેટલો થયો છે ? | (૨) તે માટે કુલ ખર્ચ અંદાજિત રૂા. ૬.૪૮ કરોડ થયેલ છે. |

----------

**ભૂકંપ સંશોધન સંસ્થાના નવા પ્રોજેક્ટ અંગે**

૫૯૮**શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભૂકંપ સંશોધન સંસ્થાન (ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ) ખાતે નવા સંશોધન પ્રોજેક્ટ ક્યાં છે, અને<br><br>(૨) તેની તા. ૩૧-૧-૨૦૦૮ની પરિસ્થિતિ શું છે ? | (૧) અને (૨)<br>ભૂકંપ સંશોધન સંસ્થાન (ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ) ખાતે ૦૪ નવા સંશોધન પ્રોજેક્ટો તથા પરિસ્થિતિની વિગત નીચે મુજબ છે.<br>૧. ગાંધીનગર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં સિસ્મીક માઇક્રોઝોનેશનનો પ્રોજેક્ટ.<br>આ પ્રોજેક્ટ હેઠળ ગાંધીનગર તથા કચ્છ વિસ્તારમાં ગાંધીધામ, રાપર તેમજ ભચાઉ ખાતે સિસ્મીક માઇક્રોઝોનેશનની કામગીરી હાથ ધરેલ છે.<br>૨. પેલીઓ સિસ્મોલોજી અને એકટીવ ફોલ્ટસ ઇન ગુજરાત.<br>આ પ્રોજેક્ટ હેઠળ કચ્છ વિસ્તારમાં ધરતીકંપના પૂર્વ ઇતિહાસની જાણકારી જમીનના નમૂનાઓના પૃથ્થકરણ મારફત મેળવવામાં આવનાર છે.<br>૩. કચ્છ અને નર્મદા વિસ્તારમાં ક્રસ્ટલ ડીફોર્મેશન સ્ટડી પ્રોજેક્ટ.<br>આ પ્રોજેક્ટ હેઠળ અત્યાર સુધી કચ્છ ખાતે ૦૩ કાયમી અને ૦૯ કામચલાઉ સ્ટેશનો ધરતીના ખડકની સમસ્તરીય (હોરીઝોન્ટલ) ડીફોર્મેશનની તપાસ અને સમીક્ષા માટે સ્થાપવામાં આવેલ છે.<br>૪. કચ્છ જિલ્લાના વાગડ વિસ્તારમાં ક્રસ્ટલ ડીફોર્મેશન સ્ટડી પ્રોજેક્ટ.<br>આ પ્રોજેક્ટ હેઠળ ઇસરો સેટેલાઇટની મદદથી ધરતીના ખડકની લંબરૂપ (વર્ટીકલ) ડીફોર્મેશનની તપાસ અને સમીક્ષા હાથ ધરવામાં આવનાર છે. |

----------

## "ગુજરાત" પાક્ષિક્ના વિકાસ માટેના થયેલ પ્રયાસો

૧૭૩૯ **શ્રી લક્ષ્મણભાઈ પ.પટેલ(ગણદેવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માહિતી ખાતા ધ્વારા પ્રકાશીત થતું "ગુજરાત" પાક્ષિક રાજ્ય સરકારનું મુખપત્ર છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના વિકાસ માટે શું પ્રયાસો કરાયા છે ? | (૨) રાજ્ય સરકારની કલ્યાણલક્ષી યોજનાઓ, કાર્યક્મો તથા કાર્યસિધ્ધિની તલસ્પર્શી માહિતીના ઉત્તમ લેખો/અહેવાલો અને ફોટોગ્રાફ્સ તૈયાર કરવા, માહિતી કમિશ્નરશ્રીની ક્ચેરીના અધિકારીઓ/કર્મચારીઓને ખાસ તાલીમ આપવામાં આવેલ છે. રાજ્યના દરેક જિલ્લા ક્ચેરીએથી લેખો, અહેવાલો, ફોટોગ્રાફ્સ પ્રકાશન માટે ઝડપથી પ્રાપ્ત થાય તે માટે અદ્યતન ટેક્નોલોજીના વિજાણુ ઉપકરણોથી તંત્રને સુસજ્જ કરવામાં આવેલ છે. ગુજરાત પાક્ષિક ગુણવત્તાયુક્ત કાગળ, ઉત્કૃષ્ટ ડીઝાઈનીંગ અને આકર્ષક રંગોમાં છાપકામ કરી વાંચકોને સમયસર પહોંચે તે માટે સુચારૂ વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. |

----------

## દૂરદર્શન ઉપર પ્રસારિત થતી શ્રેણીઓ અંગે

૧૭૩૩ **શ્રી દોલતભાઈ દેસાઈ(વલસાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માહિતી ખાતા દ્વારા દૂરદર્શન ઉપર પ્રસારિત થતી "ઝરૂખો" ઉપરાંતની "પરિવર્તન" તેમજ "યશગાથા ગુજરાતની" જેવી લોકપ્રિય શ્રેણીઓ બંધ કરવામાં આવી છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી.<br>માહિતી કમિશ્નરશ્રીની ક્ચેરી દ્વારા નિર્મિત "ઝરૂખો" સિવાયની દૂરદર્શન પરથી પ્રસારિત થતી "પરિવર્તન", "યશગાથા ગુજરાતની " અને "વિકાસ વિશેષ" લોકપ્રિય શ્રેણીઓ બંધ કરવામાં આવી છે. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, | (૨) દૂરદર્શન કેન્દ્ર અમદાવાદે આ લોકપ્રિય શ્રેણીઓનું પ્રસારણ અટકાવી દીધેલ છે. |
| (૩) આ શ્રેણીના કેટલા એપીસોડ તા. ૩૧-૧-૦૮ સુધીમાં બન્યા, અને | (૩) (૧) ઝરૂખો ૫૦૯ એપિસોડ<br>(૨) યશગાથા ગુજરાતની ૨૮૧ એપિસોડ<br>(૩) પરિવર્તન ૪૧૮ એપિસોડ<br>(૪) વિકાસ વિશેષ ૮૪ એપિસોડ |
| (૪) દૂરદર્શન સિવાય અન્ય કઈ ચેનલો ઉપર આનું પ્રસારણ કરવામાં આવે છે ? | (૪) |

| | શ્રેણીઓ | ચેનલ |
|---|---|---|
| (૧) | પરિવર્તન | ઈ.ટી.વી. (ગુજરાતી) અને ઝી.ટી.વી. (ગુજરાતી) |
| (૨) | વિકાસ વિશેષ | ઈ.ટી.વી. (ગુજરાતી) |
| (૩) | યશગાથા ગુજરાતની | ઝી.ટી.વી. (ગુજરાતી) |

----------

## રાજ્યમાં નોંધાયેલ સામૂહિક અને વ્યક્તિગત આત્મહત્યાના બનાવો

૧૯૮૯ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સામૂહિક અને વ્યક્તિગત આત્મહત્યાઓ | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૭ સામૂહિક આત્મહત્યાના બનાવોમાં ૪૮ |

થઈ, અને

(૨) આત્મહત્યાઓ થવાના શાં કારણો હતા ?

વ્યક્તિઓએ આત્મહત્યા કરેલ છે. જ્યારે ૧૦૫૬૦ જેટલી વ્યક્તિગત આત્મહત્યા થઈ છે.

(૨) આત્મહત્યા થવાનાં કારણો :-

- ઘરકંકાસના કારણે
- આર્થિક અને કૌટુંબિક કારણોસર
- જુગાર રમવાની ટેવના કારણે
- લાંબી બિમારીનાં કારણોસર
- પરિક્ષામાં નાપાસ થવાના ભયથી કે ઓછી ટકાવારીના કારણે
- પ્રેમમાં નિષ્ફળ જવાથી
- સંતાનના અભાવથી આઘાત લાગતાં
- ધંધામાં દેવું વધી જતાં આર્થિક ભીંસના કારણે
- હતાશાના કારણે અને
- અગમ્ય કારણોસર આવા બનાવ બને છે.

----------

**વીજ વિતરણ ક્ષેત્રે કેન્દ્ર સરકાર તરફથી મળેલ એવોર્ડ**

૧૭૨૭ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારની કોઈ વીજ કંપનીને ૨૦૦૭-૦૮ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં (ચાલુવર્ષ) વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ કેન્દ્ર સરકાર તરફથી કોઈ એવોર્ડ મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યારે ?

**જવાબ**

(૧) અને (૨)

હા, જી. રાજ્ય સરકારની ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડની સંલગ્ન કંપની ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, ને કેન્દ્ર સરકારના મીનીસ્ટ્રી ઓફ પાવર દ્વારા ""નેશનલ એવોર્ડ ફોર પાવર યુટીલીટીઝ મેરિટોરિયસ પરફોર્મન્સ"" વર્ષ ૨૦૦૫-૨૦૦૬ માટેનો ""બ્રોન્ઝ શીલ્ડ"" મળેલ છે.

----------

**રાજ્યમાં ગેસ પરિવહન માટેનું નેટવર્ક**

૧૫૫૮ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગેસના પરિવહન માટેનું કેટલું પાઈપલાઈન નેટવર્ક તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ રાજ્યમાં કાર્યરત છે, અને

(૨) ભવિષ્યનું આયોજન શું છે ?

**જવાબ**

(૧) ગેસના પરિવહન માટે કુલ ૧૧૬૪ કિ. મી. લંબાઈનું પાઈપલાઈન નેટવર્ક કાર્યરત છે.

(૨) ૮૦૦ કિ. મી. પાઈપલાઈન નેટવર્કનું આયોજન છે.

----------

**રાજ્યના બંદરો પર થતા યાતાયાતના ઓછા દરો અંગે**

૧૮૩૯ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દર પાંચ વર્ષે રાજ્યમાં ખાનગી, કેપ્ટીવ અને મેરીટાઈમ બોર્ડ હસ્તકના બંદરો પર યાતાયાત થતા માલ સામાનના દરો નક્કી કરવા નીમાયેલ કન્સલટન્ટ/તજજ્ઞ પેઢી દ્વારા સુચવાયેલા દરો કરતાં લીકવીડ કારણો અને સોલીડ કારણોની, કેટલીક આઈટમોમાં રાજ્ય સરકારના નિર્ણય અનુસાર ઓછા દરો લેવાય છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ૨૦૦૩માં નવા દરો લાગુ કરવાનાં ધોરણોનો ક્યારે અમલ થયો અને રાજ્ય સરકાર દ્વારા ઓછા દરો લેવાના અમલને કારણે તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ આવકમાં કેટલો ઘટાડો

**જવાબ**

(૧) રાજ્યમાં ખાનગી, કેપ્ટીવ અને ગુજરાત મેરીટાઈમ બોર્ડ હસ્તકના બંદરો પર યાતાયાત થતા માલસામાનના દરો નક્કી કરવા માટે દર પાંચ વર્ષે કન્સલટન્ટ/તજજ્ઞ પેઢીની નિમણૂંક કરવાની કોઈ જોગવાઈ કે પ્રથા નથી.

આમ છતાં જરૂર જણાયે કન્સલટન્ટ/તજજ્ઞ પેઢીની સેવાઓ લઈ શકાય છે.

(૨) ૨૦૦૩માં નવા દરોનો અમલ તા. ૯-૭-૨૦૦૩ થી કરવામાં આવ્યો.

રાજ્ય સરકાર દ્વારા નક્કી થતા સુધારેલ દરો મુજબ જ વસુલાત કરવામાં આવે છે. તેથી આવકમાં ઘટાડાનો કોઈ

થયો, અને

(૩) જો ના, તો છેલ્લા ત્રણ વર્ષમાં ખાનગી અને કેપ્ટીવ ઉપયોગ કરતા બંદરો દિઠ ટ્રાફીક અને આવકની શી વિગત છે ?

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પત્રક-૧ અને પત્રક-૨ મુજબ

**પત્રક-૧**
**ટ્રાફિકની માહિતી દર્શાવતું પત્રક**
**વર્ષ-૨૦૦૪-૨૦૦૫**

**(મે. લાખ ટનમાં)**

| અ. નં. | બંદરનું નામ | કેપ્ટીવ જેટી | ખાનગી જેટી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૫૧૫.૦૯ | ૧૯.૫૮ | ૫૩૪.૬૭ |
| ૨ | મગદલ્લા | ૯૮.૮૧ | - | ૯૮.૮૧ |
| ૩ | દહેજ | ૨૯.૮૨ | - | ૨૯.૮૨ |
| ૪ | જાફરાબાદ | ૪૦.૬૧ | - | ૪૦.૬૧ |
| ૫ | પોરબંદર | - | ૧૦.૧૧ | ૧૦.૧૧ |
| ૬ | વેરાવળ | ૩૯.૨૬ | - | ૩૯.૨૬ |
| ૭ | નવલખી | - | ૧૦૫૨ | ૧૦.૫૨ |
| ૮ | માંડવી | ૬.૩૭ | ૫.૩૫ | ૧૧.૭૨ |
| | **કુલ :** | **૭૨૯.૯૬** | **૪૫.૫૬** | **૭૭૫.૫૨** |

**ટ્રાફિકની માહિતી દર્શાવતું પત્રક**
**વર્ષ-૨૦૦૫-૨૦૦૬**

**(મે. લાખ ટનમાં)**

| અ. નં. | બંદરનું નામ | કેપ્ટીવ જેટી | ખાનગી જેટી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૫૨૧.૮૨ | ૩૩.૯૧ | ૫૫૫.૭૩ |
| ૨ | મગદલ્લા | ૧૧૦.૬૦ | - | ૧૧૦.૬૦ |
| ૩ | દહેજ | ૨૮.૮૩ | - | ૨૮.૮૩ |
| ૪ | જાફરાબાદ | ૪૩.૬૪ | - | ૪૩.૬૪ |
| ૫ | પોરબંદર | - | ૮.૩૩ | ૮.૩૩ |
| ૬ | વેરાવળ | ૩૮.૪૮ | - | ૩૮.૪૮ |
| ૭ | નવલખી | - | ૧૩.૫૧ | ૧૩.૫૧ |
| ૮ | માંડવી | ૩.૯૫ | ૪.૨૪ | ૮.૧૯ |
| | **કુલ :** | **૭૪૭.૩૨** | **૫૯.૯૯** | **૮૦૭.૩૧** |

**ટ્રાફિકની માહિતી દર્શાવતું પત્રક**
**વર્ષ-૨૦૦૬-૨૦૦૭**

**(મે. લાખ ટનમાં)**

| અ. નં. | બંદરનું નામ | કેપ્ટીવ જેટી | ખાનગી જેટી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૬૦૨.૫૧ | ૨૮.૩૩ | ૬૩૦.૮૪ |
| ૨ | મગદલ્લા | ૧૬.૩૯ | - | ૧૬.૩૯ |
| ૩ | દહેજ | ૩૦.૩૨ | - | ૩૦.૩૨ |
| ૪ | જાફરાબાદ | ૫૫.૦૪ | - | ૫૫.૦૪ |
| ૫ | પોરબંદર | - | ૭.૪૩ | ૭.૪૩ |
| ૬ | વેરાવળ | ૪૦.૭૮ | - | ૪૦.૭૮ |
| ૭ | નવલખી | - | ૧૪.૬૬ | ૧૪.૬૬ |
| ૮ | માંડવી | ૫.૦૨ | ૩.૯૭ | ૮.૯૯ |
| | **કુલ :** | **૭૫૦.૦૬** | **૫૪.૩૯** | **૮૦૪.૪૫** |

**પત્રક-૨**
**આવકની માહિતી દર્શાવતું પત્રક**
**વર્ષ-૨૦૦૪-૨૦૦૫**

(રૂા. લાખમાં)

| અ. નં. | બંદરનું નામ | કેપ્ટીવ જેટી | ખાનગી જેટી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૬૭૭૩.૫૩ | ૭૩૬.૮૧ | ૭૫૧૦.૩૪ |
| ૨ | મગદલ્લા | ૩૪૨૬.૭૧ | - | ૩૪૨૬.૭૧ |
| ૩ | દહેજ | ૯૮૫.૭૯ | - | ૯૮૫.૭૯ |
| ૪ | જાફરાબાદ | ૧૩૦૫.૨૬ | - | ૧૩૦૫.૨૬ |
| ૫ | પોરબંદર | - | ૨૪૦.૯૫ | ૨૪૦.૯૫ |
| ૬ | વેરાવળ | ૪૮૬.૦૪ | - | ૪૮૬.૦૪ |
| ૭ | નવલખી | - | ૩૩૮.૫૮ | ૩૩૮.૫૮ |
| ૮ | માંડવી | ૧૨૧.૨૧ | ૧૦૯.૪૧ | ૨૩૦.૬૨ |
| | **કુલ :** | **૧૩૦૯૮.૫૪** | **૧૪૨૫.૭૫** | **૧૪૫૨૪.૨૯** |

**આવકની માહિતી દર્શાવતું પત્રક**
**વર્ષ-૨૦૦૫-૨૦૦૬**

(રૂા. લાખમાં)

| અ. નં. | બંદરનું નામ | કેપ્ટીવ જેટી | ખાનગી જેટી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૬૫૧૧.૦૫ | ૧૧૭૨.૦૧ | ૭૬૮૩.૦૬ |
| ૨ | મગદલ્લા | ૪૫૬૦.૬૦ | - | ૪૫૬૦.૬૦ |
| ૩ | દહેજ | ૯૩૪.૦૪ | - | ૯૩૪.૦૪ |
| ૪ | જાફરાબાદ | ૮૩૫.૪૦ | - | ૮૩૫.૪૦ |
| ૫ | પોરબંદર | - | ૪૪૮.૫૯ | ૪૪૮.૫૯ |
| ૬ | વેરાવળ | ૪૭૪.૬૧ | - | ૪૭૪.૬૧ |
| ૭ | નવલખી | - | ૪૭૪.૦૧ | ૪૭૪.૦૧ |
| ૮ | માંડવી | ૯૭.૦૨ | ૭૫.૦૮ | ૧૭૨.૧૦ |
| | **કુલ :** | **૧૩૪૧૨.૭૨** | **૨૧૬૯.૬૯** | **૧૫૫૮૨.૪૧** |

**આવકની માહિતી દર્શાવતું પત્રક**
**વર્ષ-૨૦૦૬-૨૦૦૭**

(રૂા. લાખમાં)

| અ. નં. | બંદરનું નામ | કેપ્ટીવ જેટી | ખાનગી જેટી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૮૧૫૬.૯૦ | ૧૪૧૬.૬૩ | ૯૫૭૩.૫૩ |
| ૨ | મગદલ્લા | ૫૩૯૮.૦૧ | - | ૫૩૯૮.૦૧ |
| ૩ | દહેજ | ૮૧૮.૭૬ | - | ૮૧૮.૭૬ |
| ૪ | જાફરાબાદ | ૧૭૩૯.૬૨ | - | ૧૭૩૯.૬૨ |
| ૫ | પોરબંદર | - | ૪૦૬.૨૪ | ૪૦૬.૨૪ |
| ૬ | વેરાવળ | ૧૨૧૪.૯૩ | - | ૧૨૧૪.૯૩ |
| ૭ | નવલખી | - | ૪૩૩.૯૮ | ૪૩૩.૯૮ |
| ૮ | માંડવી | ૭૯.૨૯ | ૯૭.૯૪ | ૧૭૭.૨૩ |
| | **કુલ :** | **૧૭૪૦૭.૫૧** | **૨૩૫૪.૭૯** | **૧૯૭૬૨.૩૦** |

----------

**ભરૂચ જિલ્લાની કેનાલો તૂટી ગયા અંગેની ફરિયાદો**

૨૮૭ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાની કેટલી પિયત મંડળીઓએ નર્મદા યોજનાની કેનાલો બિસ્માર થઈ તૂટી જવાના કારણે સિંચાઈમાં પડતી મુશ્કેલીઓ અંગે ફરિયાદો લેખિતમાં કરેલી છે, અને | (૧) ૩૧ ફરિયાદો |
| (૨) આ ફરિયાદો પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ | (૨) ૧૯ ફરિયાદોનો નિકાલ થયેલ છે. બાકી રહેતી |

માટે કેવા પ્રકારનું આયોજન અથવા બાકી ફરિયાદોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ?

૧૨ ફરિયાદોનો નિકાલ આગામી જૂન-૨૦૦૮ સુધીમાં કરવાનું આયોજન છે.

----------

**જુનાગઢ જિલ્લામાં ધાર્મિક સ્થાનોમાં નોંધાયેલા ગુના**

૧૯૮૩ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ પૂરા થતા છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં મંદિરો-ધાર્મિક સ્થળો-આશ્રમો દેવસ્થાનમાં ધાડ-લૂંટ-ખૂનની કોશીશ અને ખૂન થવાના કેટલા ગુન્હા નોંધાયેલ છે,

(૨) કુટ કેટલી રકમની લૂંટ થયેલ છે,

(૩) નોંધાયેલ ગુન્હાઓમાં સંડોવાયેલ ઈસમો પેકી કેટલાની ધરપકડ થઈ, અને

(૪) કેટલાની ધરપકડ કરવાની બાકી છે ?

**જવાબ**

(૧) એક પણ નહિ.

(૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**જી.એસ.પી.સી. દ્વારા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં ઉત્ખનન પ્રક્રિયા**

૧૫૫૬ **શ્રીમતી જશોદાબેન ચ.પરમાર(જોટાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શું એ હકીકત સાચી છે કે રાજ્ય સરકાર હસ્તકની પેટ્રોલિયમ કંપની જી.એસ.પી.સી. દ્વારા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રોમાં પણ ઓઈલ અને ગેસના ઉત્ખનન માટેની પ્રક્રિયા હાથ ધરાઈ છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**એચબી-૧૦૫૮-૭**

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| **દેશ** | **બ્લોક્સ** | **બ્લોક વિસ્તાર ચો.કી.મી.** | **ભાગીદારી હિસ્સો ટકા** |
|---|---|---|---|
| ઓસ્ટ્રેલીયા | ઈપીપી-૨૭ | ૩૮૭૦ | ૩૩.૩૦ |
| | ડબલ્યુ-એ-૩૮૮ | ૪૨૯૦ | ૨૦.૦૦ |
| | જેપીડીએ-૦૬૧૦૭ | ૩૭૪૧ | ૨૫.૦૦ |
| ઈજીપ્ત | દક્ષિણ ડીયુર | ૩૭૬૭૮ | ૫૦.૦૦ |
| | ઉત્તર હેપી | ૪૧૮૦ | ૫૦.૦૦ |
| યમન | ૧૯ | ૮૪૨૫ | ૪૫.૦૦ |
| | ૨૮ | ૪૪૬૫ | ૪૫.૦૦ |
| | ૫૭ | ૧૦૯૬૩ | ૪૫.૦૦ |

----------

**બેટ ધ્વારકા જતા યાત્રાળુઓ માટે સુવિધા**

૧૬૨૫ **શ્રી પબુભા માણેક(ધ્વારકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ઓખા બંદરેથી બેટ ધ્વારકા જતા યાત્રાળુઓની સુવિધાઓ માટે દરિયાઈ માર્ગે અવર-જવર માટે સરકારશ્રી ધ્વારા શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**જવાબ**

ઓખા અને બેટ ધ્વારકા ખાતે નવી પેસેન્જર જેટીઓ બાંધવામાં આવેલ છે. યાત્રાળુઓની સુવિધા માટે દરિયાઈ માર્ગે અવર-જવર માટે એક આધુનિક બોટ મુકવામાં આવેલ છે તથા ખાનગી હોડીઓ ચલાવવા માટે પરવાનગી આપેલ છે.

----------

**આધુનિક ટેક્નોલોજીથી સાંકળવામાં આવેલ વીજ કંપનીઓ**

૧૭૫૬ **શ્રી રજનીકાન્ત સો.પટેલM#> (ચાણસ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આધુનિક ટેક્નોલોજીના માધ્યમ ધ્વારા જુદી જુદી વીજ કંપનીઓને સાંકળી લેવામાં આવેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે ધ્વારા વીજ કંપનીઓની કામગીરીમાં શા ફેરફારો થયા છે ? | (૨) જુદી જુદી વીજ કંપનીઓમાં ""એન્ટરપ્રાઇઝ રીસોર્સ પ્લાનીંગ"" (ઇ.આર.પી.) ના અમલીકરણ માટેની કાર્યવાહી ઇ-ઉર્જા પ્રોજેક્ટ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. આ ઇ-ઉર્જા પ્રોજેક્ટમાં જરૂરીયાત પ્રમાણે વીજ કંપનીની ક્ચેરીઓને સાંક્ળી લીધલ છે. આ કામગીરીમાં અત્યારે દરરોજના વ્યવહારો (ટ્રાન્ઝકશન) ઇ-ઉર્જા સિસ્ટમમાં મૂક્વાનું કાર્ય ચાલે છે અને તેના સંપૂર્ણ અમલીકરણની કાર્યવાહી ગતિમાં છે. આથી આ સિસ્ટમમાંથી પ્રાપ્ત થતા ફાયદાઓ/ફેરફારોની અસર હવે પછી ઉપલબ્ધ થશે. તેમ છતાં, હાલમાં દેખીતા ફાયદાઓ જેવા કે કર્મચારીઓ કોમ્પ્યુટર ઉપર કામ કરતા થયા. દરેક કામમાં ચોક્સાઇ આવી. માહિતીની ઝડપી આપ-લે થઇ શકે છે અને દરેક વિષય-વસ્તુને લગતી માહિતી ભેગી કરી ""સેન્ટ્રલ ડેટા બેઝ"" તેયાર થઇ શક્યો છે. |

----------

**કરજણ અને શિનોર તાલુકામાં નોંધાયેલ વિવિધ ગુનાઓ**

૨૦૨૨ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં કરજણ અને શિનોર તાલુકાઓમાં ધાડ, લૂંટ, ખૂન અને અપહરણના કેટલા બનાવો બન્યા, | (૧) કરજણ તાલુકા<br>ધાડ-----લૂંટ---- ખૂન---- અપહરણ<br>૨ ૫ ૧૨ ૪<br>શિનોર તાલુકા<br>ધાડ---- લૂંટ----- ખૂન---- અપહરણ<br>૧ ૧ ૫ ૨ |
| (૨) આ પેકી જુદા જુદા ગુનાઓ હેઠળ કેટલી વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી, અને | (૨) કરજણ તાલુકા<br>ધાડ---- લૂંટ----- ખૂન-----અપહરણ<br>-- ૩ ૧૪ ૭<br>શિનોર તાલુકા<br>ધાડ---- લૂંટ----- ખૂન-----અપહરણ<br>-- -- ૧૦ ૨ |
| (૩) આવા બનાવો ન બને તે માટે તંત્ર ધ્વારા શું આયોજન કરવામાં આવેલ છે ? | (૩) જરૂરી અટકાયતી પગલાં લેવામાં આવે છે અને સખત નાઇટ પેટ્રોલીંગ કરવામાં આવે છે. સ્થાનિક શકદારો અને સજેશન વાળા શકદારો તથા હિસ્ટ્રીશીટરોને ચેક કરવામાં આવે છે. તેમજ એફ.એસ.એલ., ડોગ સ્કવોડ તથા ફીંગર પ્રિન્ટનો ઉપયોગ કરવામાં આવે છે. તેમજ ખાનગી બાતમીદારો રોકી ગુના શોધવા માટેના તમામ પ્રયત્નો કરવામાં આવે છે. |

----------

## અધિકારીઓ, મુખ્ય મંત્રીશ્રી અને મંત્રીશ્રીઓ દ્વારા લેવાયેલ ખાનગી વિમાની સેવાઓ

૧૬૫૧ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકારશ્રીના અધિકારીઓ, મુખ્ય મંત્રીશ્રી તથા મંત્રીશ્રીઓ તરફથી લેવાયેલ ખાનગી વિમાની સેવાઓનો વર્ષ દીઠ કેટલો ખર્ચ રાજ્ય સરકારશ્રીને વેઠવો પડેલ છે ?

**જવાબ**

તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ દરમિયાન રાજ્ય સરકારશ્રીના અધિકારીઓ, માન. મુખ્ય મંત્રીશ્રી તથા માન. મંત્રીશ્રીઓ દ્વારા લેવાયેલ ખાનગી વિમાની સેવાઓ કે જે ભાડેથી લેવાયેલ હતી, નો વર્ષ દીઠ થયેલ ખર્ચ નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| સને | ૨૦૦૫-૦૬ | રૂા. | શૂન્ય |
| સને | ૨૦૦૬-૦૭ | રૂા. | શૂન્ય |
| સને | ૨૦૦૭-૦૮ | રૂા. | ૫૦,૫૧,૨૬૫ |

(અંકે રૂપિયા પચાસ

લાખએકાવનહજાર

બસો પાંસઠ પુરા)

----------

## કુટિર જ્યોતિ યોજના હેઠળ પેટલાદ, ખંભાત તથા સોજીત્રા તાલુકાના ઈસમોને મળેલ લાભ

૧૧૬૨ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટિર જ્યોતિ યોજનામાંથી પેટલાદ, ખંભાત તથા સોજીત્રા તાલુકામાં કેટલા ઈસમોને વિદ્યુતિકરણનો લાભ મળ્યો છે, અને

(૨) બાકી રહેલ ઈસમોને આ યોજનાનો લાભ ન મળવાના કારણો શું છે ?

**જવાબ**

(૧) અને (૨)

કુટિરજ્યોતિ યોજના હેઠળ માત્ર આદિજાતિ વિસ્તારમાં લાભ આપવામાં આવે છે. પેટલાદ, ખંભાત તથા સોજીત્રા તાલુકાઓનો સમાવેશ બિન-આદિજાતિ વિસ્તારમાં થાય છે.

પરંતુ રાજ્યની ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત આ ત્રણેય તાલુકાઓને આપેલ વીજ ક્નેકશનની વિગતો નીચે મુજબની છે.

| તાલુકો | આપેલ વીજક્નેકશનની સંખ્યા |
|---|---|
| પેટલાદ | ૨૩૯૭ |
| ખંભાત | ૩૦૦૦ |
| સોજીત્રા | ૧૫૧૩ |

આ ઉપરાંત આર.જી.જી.વી.વાય. હેઠળ કેન્દ્ર સરકારે આણંદ જિલ્લાને મંજુરી આપ્યા બાદ સ્થગિત કરેલ છે.

----------

## પંચમહાલ જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુનાઓ

૧૦૬૮ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૫ થી તા. ૩૧-૩-૨૦૦૭ સુધીમાં પંચમહાલ જિલ્લામાં ધાડ, લૂંટ, ચોરી, ખૂન, બળાત્કાર અને આત્મહત્યાના કેટલા ગુનાઓ બન્યા,

(૨) આ ગુનાઓમાં કુલ કેટલા તહોમતદારોની ધરપકડ કરવામાં આવી, અને કેટલા ગુનાઓ ડિટેક થયા,

(૩) કેટલા તહોમતદારો નાસતા ફરે છે,

**જવાબ**

| (૧) | ગુન્હાની વિગત | દાખલ થયેલ ગુના |
|---|---|---|
| ૧. | ધાડ | ૧૧ |
| ૨. | લૂંટ | ૪૦ |
| ૩. | ચોરી | ૪૪૮ |
| ૪. | ખૂન | ૧૦૮ |
| ૫. | બળાત્કાર | ૩૮ |
| ૬. | આત્મહત્યા | ૧૪૩ |

(૨) આ ગુનાઓમાં કુલ ૧૦૫૧ આરોપીઓની ધરપકડ થઇ છે અને ૫૫૭ ગુનાઓ ડિટેક થયા છે.

(૩) કુલ ૨૨ આરોપીઓ નાસતા ફરે છે.

| | |
|---|---|
| (૪) આવા ગુનાઓમાં કેટલો મુદ્દામાલ કબ્જે લીધેલ છે, અને | (૪) રૂા. ૯૭,૬૨,૪૪૬/- |
| (૫) અનડિટેક રહેલ ગુનાઓ બાબતે શી કાર્યવાહી કરેલ છે ? | (૫) સ્થાનિક અને રાજ્ય એમ.ઓ.બી. તરફથી મળેલ યાદીવાળા શકદારો, હિસ્ટ્રીશીટરોને ચેક કરવા, એફ.એસ.એલ.-ડૉગ-સ્કોર્ડ તથા ફીંગરપ્રિન્ટનો ઉપયોગ કરી, ખાનગી બાતમીદારો દ્વારા ગુના ડીટેક કરવા પ્રયત્ન કરવામાં આવેલ છે. રાજ્ય બહારના ગુનેગારો અંગેની માહિતી મેળવવા માટે પાડોશી રાજ્યોના પોલીસ અધિકારીઓ સાથે બોર્ડર મીટીંગનું આયોજન કરવામાં આવે છે અને માહિતીની આપ-લે કરવામાં આવે છે. ઉચ્ચ અધિકારીઓની પો.સ્ટે.ની મુલાકાતો દરમ્યાન અનડિટેક્ટ કેસોની સમીક્ષા હાથ ધરવામાં આવે છે અને ગુનાઓ ડિટેક્ટ કરવા માર્ગદર્શન આપવામાં આવે છે. |

----------

**નર્મદા યોજનાના ડાબા કાંઠાની કેનાલનું કામ**

૧૮૬ શ્રી અમરસિંહ રા. વસાવા(દેડિયાપાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજનાના ડાબા કાંઠાની કેનાલનું કામ સરકાર ચાલુ કરવા માંગે છે કે કેમ, | (૧) નર્મદા યોજનાની ડાબા કાંઠાની કેનાલનું કોઇ આયોજન નથી. |
| (૨) ચાલુ કરવા માંગતી હોય તો તેના માટેની શી શી જોગવાઈ થઈ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ક્યા તબક્કે કામગીરી કરવાની બાકી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**ભૂકંપ સંશોધન સંસ્થાનના કેમ્પસ અંગે**

૫૯૪ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભૂકંપ સંશોધન સંસ્થાન (ઈન્સ્ટીટયુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ) ના કેમ્પસના બાંધકામની તા. ૩૧-૧-૦૮ની પરિસ્થિતિ શું છે, | (૧) ભૂંકપ સંશોધન સંસ્થાન (ઇન્સ્ટીટયુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ)ના કેમ્પસના સંશોધન બ્લોકનું ૫૮.૧૧% કામ પૂર્ણ થયેલ છે. છાત્રાલય અને રહેણાંકના મકાનના બાંધકામનું ૪૦.૮૫ % કામ પૂર્ણ થયેલ છે. |
| (૨) તેના બાંધકામનો વિસ્તાર કેટલો છે, અને | (૨) ૨૦,૦૦૦ ચો.મી. |
| (૩) બાંધકામ પૂરું થવાની સંભવિત તારીખ કઈ છે ? | (૩) કેમ્પસનું બાંધકામ નવેમ્બર-૦૮ સુધીમાં પૂર્ણ થવાની શક્યતા છે. |

----------

**હળવદ અને મુળી તાલુકાનું પોલીસ મહેકમ અને ઘટ**

૧૪૫૩ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હળવદ અને મુળી તાલુકામાં તારીખ ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ પોલીસ મહેકમ કેટલું મંજૂર છે, | (૧) હળવદ - ૪૮<br>મુળી - ૪૮ |
| (૨) તે પેકી મંજૂર મહેકમમાં ઘટ થવાના કારણો શું, અને | (૨) વય નિવૃત્તિ, સ્વેચ્છિક નિવૃત્તિ. |
| (૩) ઘટવાળા પોલીસ સ્ટેશનોમાં મહેકમ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) વહીવટી અનુકૂળતાએ નિયમોનુસાર ભરતી કરવામાં આવે છે. |

## રાજ્યમાં થયેલ સામૂહિક આપઘાતના બનાવો

૧૨૬૬ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર એક જ કુટુંબના સામૂહિક આપઘાતના કુલ કેટલા બનાવો બન્યા, અને

**જવાબ**

(૧)

| અ. નં. | શહેર/જિલ્લો | બનાવની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ શહેર | ૨ |
| ૨ | રાજકોટ શહેર | ૧ |
| ૩ | સુરત શહેર | ૨ |
| ૪ | આણંદ | ૨ |
| ૧ | ૨ | ૩ |
| ૫ | ગાંધીનગર | ૨ |
| ૬ | સાબરકાંઠા | ૪ |
| ૭ | જામનગર | ૨ |
| ૮ | અમરેલી | ૩ |
| ૯ | જુનાગઢ | ૧ |
| ૧૦ | પોરબંદર | ૧ |
| ૧૧ | પંચમહાલ | ૧ |
| | કુલ... | ૨૧ |

(૨) તેના સામાન્ય કારણો શું છે ?

(૨) - ઘર કંકાસના કારણે
- આર્થિક અને કોટુંબીક કારણોસર
- જુગાર રમવાની ટેવના કારણે
- સંતાન નહીં હોવાના કારણે લાગી આવવાથી
- પુત્રના અવસાનના કારણે લાગેલ આઘાતના કારણે
- ધંધામાં દેવું થઇ જતા આર્થિક ભીંસના કારણોસર અને
- હતાશાના કારણે.

----------

## પાદરા તાલુકાના મહુવડ ગામે નવું સબસ્ટેશન સ્થાપવા અંગે

૧૨૬૩ **શ્રી દિનેશભાઈ બી.પટેલ (પાદરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પાદરા તાલુકાના મહુવડ ગામે ૬૬ કે.વી.નું સબ સ્ટેશન બનાવવા માંગો છો, કે કેમ ?

**જવાબ**

હા, જી. હાલમાં કામગીરી ચાલુ છે.

----------

## લીઝની પરવાનગીથી થયેલ આવક

૧૯૯૧ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫-૦૬ અને સન ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષમાં જુદા જુદા પ્રકારની લીઝ પરવાનગી આપતાં રાજ્ય સરકારને કેટલી આવક પ્રાપ્ત થયેલ છે, અને

(૨) તે પૈકી ભાવનગર જિલ્લામાંથી કેટલી આવક પ્રાપ્ત થયેલ છે ?

**જવાબ**

(૧) સને ૨૦૦૫-૦૬ માં રૂા. ૨૧૭૭.૮૯ લાખ
સને ૨૦૦૬-૦૭ માં રૂા. ૨૦૮૯.૬૩ લાખ

(૨) સને ૨૦૦૫-૦૬ માં રૂા. ૧.૧૯ લાખ
સને ૨૦૦૬-૦૭ માં રૂા. ૩.૯૬ લાખ

**રાજ્યમાં કાર્યરત સી. એન. જી. સ્ટેશનો**

૧૫૫૨ **શ્રી દિલીપસિંહ વ. પરમાર(મોડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલા સી. એન. જી. સ્ટેશનો કાર્યરત છે, અને | (૧) ૧૦૬ |
| (૨) ભવિષ્યમાં કેટલા વધુ સ્ટેશનો કાર્યરત કરવાનું સરકારનું આયોજન છે ? | (૨) હાલમાં વધુ ગેસની ફાળવણી માટેની રાજ્ય સરકારની માંગણી કેન્દ્ર સરકારમાં પડતર છે. કેન્દ્ર સરકાર તરફથી જેમ જેમ ગેસની ઉપલબ્ધિ થશે તેમ તેમ નવા સી.એન.જી. સ્ટેશનો કાર્યરત કરી શકાશે. |

----------

**પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં રાજ્યના વિદ્યાર્થીઓના પ્રવેશ અંગે**

૧૫૬૨ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે ગુજરાતના મૂળ વિદ્યાર્થીઓ માટે શી જોગવાઇ છે, અને<br>(૨) રાજ્યના મૂળ વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારે કોઇ છૂટછાટો આપેલ છે ? | (૧) અને (૨)<br>પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં ગુજરાતના મૂળ વિદ્યાર્થીઓ માટે ૫૦ ટકા બેઠકો અલાયદી ફાળવવામાં આવી છે તથા આ અલાયદી બેઠકો માટે રાજ્ય લેવલે અલગ મેરીટ યાદી તૈયાર કરી પ્રવેશ આપવામાં આવે છે. |

----------

**રાજ્યની પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં અપાતું પ્રશિક્ષણ**

૧૫૬૧ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સ્થપાયેલ પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં કઇ ચોક્કસ શાળાનું પ્રશિક્ષણ અપાઇ રહેલ છે, અને | (૧) પેટ્રોલિયમ યુનીવર્સિટીમાં<br>(૧) બેચરલ ઓફ ટેક્નોલોજી<br>(૨) માસ્ટર ઓફ ટેક્નોલોજી તથા<br>(૩) પી.એચ.ડી. કક્ષાનું પ્રશિક્ષણ તેમજ<br>(૪) પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન પેટ્રોલિયમ મેનેજમેન્ટનું પ્રશિક્ષણ અપાઈ રહેલ છે. |
| (૨) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં શિક્ષણ પ્રાપ્ત કરે છે ? | (૨) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં પ્રશિક્ષણ પ્રાપ્ત કરે છે. |

| ક્રમ | ઈન્સ્ટીટ્યુટ ઓફ પેટ્રોલિયમ ટેક્નોલોજી | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| (૧) | બી.ટેક | ૨૩૩ |
| (૨) | એમ.ટેક | ૦૦૯ |
| (૩) | પી.એચ.ડી | ૦૦૪ |
| | ઈન્સ્ટીટ્યુટ ઓફ પેટ્રોલિયમ મેનેજમેન્ટ | |
| (૧) | ડિપ્લોમા (પ્રથમ વર્ષ) | ૬૦ |
| (૨) | ડિપ્લોમા (દ્વિતીય વર્ષ) | ૫૯ |
| | કુલ : | ૩૬૫ |

----------

**જામનગર જિલ્લાના ખેડૂતોની વીજ જોડાણો માટેની અરજીઓ**

૧૫૦૮ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ખેડૂતોએ ખેતીવાડી માટે માંગેલ વીજ કનેક્શનોની તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને | (૧) ૩૮૨૫૬ અરજીઓ |

(૨) આ પડતર અરજીઓનો નિકાલ સરકાર કેટલા સમયમાં કરવા માંગે છે ?

(૨) ઉપલબ્ધ વિજ પુરવઠો અને માળખાગત સુવિધા લક્ષ્યમાં રાખી પડતર અરજીઓનો નિકાલ કરવાનું આયોજન છે.

----------

**સાવરકુંડલામાં પાસા અને તડીપારના થયેલ કેસો**

૨૧૫૨ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા તાલુકામાં અને શહેરમાંથી કાયદો અને વ્યવસ્થા જાળવવા અસામાજિક તત્વો તરીકે ગુનેગારોને છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં ગુનેગારોને પાસા અથવા તડીપાર કરવાનાં જુદા જુદા કાયદાની કલમ નીચે કેટલા કેસો કરવામાં આવ્યા છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં કેટલા ગુનેગાર પાસામાં લીધેલ અને કેટલા ગુનેગાર તડીપાર કરવામાં આવેલ છે, અને

(૩) એક પણ ગુનેગારને પાસા અથવા તડીપાર કરેલ નથી તેના શું કારણો છે ?

**જવાબ**

(૧) અને (૨)

તડીપારનો એક કેસ કરવામાં આવેલ છે અને એક ગુનેગારને તડીપાર કરવામાં આવેલ છે.

(૩) કાયદાકીય જોગવાઇની મર્યાદામાં રહીને ગુનેગાર સામે પૂરતા પુરાવા હોય તેવા કિસ્સામાં જરૂરી પગલાં લેવામાં આવે છે.

----------

**રાજ્યમાં ખેડૂતોને વીજ જોડાણ**

૧૭૦૦ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ખેડૂતોને કેટલા સમયમાં વિજળી ક્નેક્શનો આપવામાં આવે છે એ બાબતે કોઇ સમય મર્યાદા નિર્ધારિત કરેલ છે કે કેમ, અને

(૨) આ વિજળીના જોડાણ પછી ખેડૂતોને ટ્રેપિંગ વગર ૧૨ ક્લાક વિજળી આપવાનું કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) રાજ્યમાં ખેતી વિષયક વીજ જોડાણો મેળવવા માટે મોટી સંખ્યામાં અરજીઓ મળતી હોવાથી ઉપલબ્ધ વીજ પુરવઠો અને માળખાગત સુવિધા લક્ષ્યમાં રાખી વીજળી ક્નેક્શનો આપવામાં આવે છે.

(૨) ખેડૂતોને ખેતી હેતુ માટે સામાન્ય સંજોગોમાં ન્યુનત્તમ સતત ૮ ક્લાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. આમ છતાં પાક્ની જરૂરીયાતને ધ્યાનમાં લઈ સમયાન્તરે વધુ સમય માટે વીજ પુરવઠો આપવાનું આયોજન કરવામાં આવે છે.

----------

**રાજ્યમાં ભૂકંપ સંશોધનને લગતા કેન્દ્રો**

૫૯૬ **શ્રી કિશોર વાંકાવાલા (સુરત શહેર (પશ્ચિમ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ભૂકંપ સંશોધનને લગતા કેટલા કેન્દ્રો છે, અને ક્યાં ક્યાં આવેલા છે,

**જવાબ**

(૧) રાજ્યમાં ભૂકંપ સંશોધન માટે નીચે મુજબ ૧૯ સ્થાયી અને ૧૦ અસ્થાયી કેન્દ્રો છે.

**સ્થાયી કેન્દ્રો :-**

(૧) ખાવડા, જિલ્લો-કચ્છ
(૨) નલિયા, જિલ્લો-કચ્છ
(૩) સિપુ, જિલ્લો-બનાસકાંઠા
(૪) રાધનપુર, જિલ્લો-પાટણ
(૫) કડાણા, જિલ્લો-દાહોદ
(૬) ગાંધીનગર
(૭) ઝઘડિયા, જિલ્લો-ભરૂચ
(૮) ઉકાઇ, જિલ્લો-તાપી
(૯) મધુબન, જિલ્લો-વલસાડ
(૧૦) મોરબી, જિલ્લો-રાજકોટ
(૧૧) સુરેન્દ્રનગર

(૧૨) દ્વારકા, જિલ્લો-જામનગર
(૧૩) લાલપુર, જિલ્લો-જામનગર
(૧૪) રાજકોટ
(૧૫) જુનાગઢ
(૧૬) સાવરકુંડલા, જિલ્લો-અમરેલી
(૧૭) ઉના, જિલ્લો-જુનાગઢ
(૧૮) કેવડિયા, જિલ્લો-નર્મદા
(૧૯) વડોદરા

**કચ્છ અને જુનાગઢ જિલ્લામાં આવેલ અસ્થાયી કેન્દ્રો :-**

કચ્છ જિલ્લાના (૧) દુધઈ (૨) લકડીયા (૩) સુવઈ (૪) લોધરાની (૫) ફતેગઢ (૬) રાપર (૭) ભચાઉ (૮) રૂદ્રમાતા (૯) અંજાર (૧૦) તલાલા (જૂનાગઢ જિલ્લો)

(૨) ડેટા એકત્રિત કરવાની પધ્ધતિ કઈ કઈ છે, અને

(૨) પેટા ખંડ (૧)માં દર્શાવેલ સ્થાયી કેન્દ્રોના વિસ્તારોમાં ભૂકંપીય હિલચાલના લાઇવ ડેટા સેટેલાઈટ દ્વારા આઈ.એસ.આર. ગાંધીનગર ખાતે સીધેસીધા પ્રાપ્ત થાય છે. જ્યારે અસ્થાયી કેન્દ્રોના ડેટા જે તે સ્થળેથી રૂબરૂ મેળવવામાં આવે છે.

(૩) ભૂકંપને લગતી માહિતી પહોંચાડવા માટે કઇ વ્યવસ્થા છે ?

(૩) રાજ્યમાં કોઈપણ સ્થળે ભૂકંપ આવે ત્યારે તે અંગેની તમામ વિગતો રાહત કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, કલેકટરશ્રી/ મામલતદારશ્રીને ફેક્સ / ફોન / એસ.એમ.એસ દ્વારા મોકલવાની વ્યવસ્થા છે.

----------

**ક્રિશ્ના/ગોદાવરી ખાતે ઓઇલ/ગેસનું ઉત્પાદન**

૧૫૫૭ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ક્રિશ્ના ગોદાવરી બેઝીન ખાતેના જી.એસ.પી.સી. હસ્તકના બ્લોકની ઓઇલ અને ગેસનું ઉત્પાદન ક્યારે ચાલુ થશે, અને

(૨) ઉત્પાદન ચાલુ થતાં રાજ્યને તેનાથી કેટલો લાભ થશે ?

**જવાબ**

(૧) જી.એસ.પી.સી. દ્વારા ૮ કૂવાનું શારકામ કર્યુ છે અને ૨ કૂવાનું શારકામ હાલ ચાલી રહ્યું છે. શારકામ કરાવેલ કૂવાઓના મેળવાયેલ (પ્રાપ્ત) શારકામ અને ટેસ્ટીંગ ડેટાના આધારે દીન દયાલ ૫મિ ૧૫ ચો.કિ.મી. વિસ્તારનું મુલ્યાંકન થઈ ગયેલ છે અને એનું વિકાસ આયોજન તેયારી હેઠળ છે. હાઈડ્રોકાર્બન નિયામક જનરલ, ભારત સરકાર, નવી દિલ્હી દ્વારા વિકાસ આયોજનની મંજૂરી બાદ કિશ્ના-ગોદાવરી બ્લોકમાંથી ઓઈલ/ગેસના ઉત્પાદન માટેના પગલાં લેવામાં આવશે.

(૨) રાજ્યમાં વીજ ક્ષેત્ર, ખાતરો, રસાયણોને, મોટર વાહનોમાં સી.એન.જી. અને ઘરવપરાશકારો સહિત નાના અને મધ્યમ ઉદ્યોગોને અનુકૂળ આવે તેવા કુદરતી ગેસની પ્રાપ્તતામાં સુધારો થશે. આના પરિણામે ઓદ્યોગિક પ્રવૃત્તિઓમાં સમગ્રતયા વૃધ્ધિ આવશે અને રાજ્યનું અર્થતંત્ર સમૃધ્ધ થશે.

----------

**રાજ્યમાં નોંધાયેલા વિવિધ ગુનાઓ**

૧૧૬૩ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના જિલ્લાઓમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખૂન-લૂંટ-ધાડ-બાળકોના અપહરણ અને બળાત્કારના કેસો પોલીસ

**જવાબ**

રાજ્યમાં છેલ્લા બે વર્ષની સ્થિતિએ નીચે મુજબના હેડવાઈઝ કેસો તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ નોંધાયેલ છે.

| | |
|---|---|
| ખૂન | ૨૩૩૩ |
| લૂંટ | ૧૭૯૭ |

| | | |
|---|---|---|
| દફતરે નોંધાયેલા છે ? | લૂંટ | ૧૭૯૭ |
| | ધાડ | ૬૦૩ |
| | બાળકોના અપહરણ | ૮૨૭ |
| | બળાત્કાર | ૬૯૭ |

----------

## દારૂ અંગે પાડવામાં આવેલ રેડ

૩૫૬ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૭ની સ્થિતિએ દારૂ અંગે છેલ્લા છ માસમાં કેટલી રેડ પાડવામાં આવી, | (૧) ૯૪૩૮૫. |
| (૨) સાબરકાંઠા-બનાસકાંઠા માંથી લાવવામાં આવતા દારૂને રોકવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે કે કેમ, અને | (૨) ના જી. |
| (૩) પોલીસ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી શી છે ? | (૩) પોલીસ દ્વારા સફળ રેડો કરી, ગુન્હાઓ દાખલ કરી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે અને આરોપીઓને અટક કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે. |

----------

## સ્પીપા ખાતે તાલીમ લઈ સનદી સેવા માટે ઉત્તિર્ણ થયેલ ઉમેદવારો

૧૭૨૬ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સનદી સેવાઓ માટે સ્પીપા ખાતે તાલીમ લઈને કેટલા ઉમેદવારો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઉત્તિર્ણ થયેલ છે, | (૧) સનદી સેવાઓ માટે સ્પીપા ખાતે તાલીમ લઈને તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ નીચે મુજબના વિદ્યાર્થીઓ છેલ્લા ત્રણ વર્ષમાં ઉત્તિર્ણ થયેલ છે.<br>૨૦૦૪ — ૩<br>૨૦૦૫ — ૧<br>૨૦૦૬ — ૮<br>કુલ — ૧૨<br>વર્ષ ૨૦૦૭માં લેવાયેલ પરીક્ષાનું આખરી પરિણામ હજુ આવેલ નથી. |
| (૨) આ પ્રકારની તાલીમ વ્યવસ્થાને હાલની જરૂરિયાત પ્રમાણે વધારે સક્ષમ બનાવી રાજ્યના વધુ યુવાનો ઉત્તિર્ણ થાય તે માટે સરકાર કોઈ પગલાં ભરવા માંગે છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) ક્યાં ક્યાં પગલાં યોજીને રાજ્યના વધુ યુવાનો સનદી સેવામાં જોડાય તેવું સરકારનું આયોજન છે ? | (૩) સ્પીપા દ્વારા ઓરીએન્ટેશન કોર્ષ તેમજ સેમિનાર યોજીને શાળા-કોલેજોના વિદ્યાર્થીઓને આવી પરીક્ષા આપવા માટે માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન આપવામાં આવે છે. તેમજ જિલ્લા કક્ષાએ ફરજ બજાવતાં રોજગાર ખાતાના, શિક્ષણ ખાતાના, સામાજિક ન્યાય ખાતાના જુદા જુદા અધિકારીઓ ખાસ તાલીમ કાર્યક્રમ યોજી સનદી સેવાઓ તથા અન્ય ક્ષેત્રોમાં કારકીર્દી લક્ષી પુરતી સમજણ આપી જિલ્લા કક્ષાએ યુવાનોમાં જાગૃતિ આવે તેવા પ્રયાસો કરવામાં આવે છે. |

----------

## વાપી ઉદ્યોગ નગરની ભૂગર્ભ ગટરની વ્યવસ્થા

૯૧૩ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાપી ઉદ્યોગ નગર મધ્યેથી વહેતી બિલખાડી, છરવાડા ખનકી, નીમધા ખનકી તથા આવી અન્ય નાની મોટી ૮ થી ૧૦ વોટર સ્ટ્રીથમાં પ્રદૂષિત પાણી પ્રવાહ સતત ખુલ્લામાં વહેવડાઈ રહ્યું છે, જે આસપાસના ગ્રામ્ય વિસ્તારના ભુતળને ભારે નુક્સાની પહોંચાડી રહ્યાનું અનુભવાયેલું છે, ત્યારે સરકાર વાપી ઉદ્યોગનગરની ભૂગર્ભ ગટર વ્યવસ્થા ચુસ્ત દુરસ્ત કરીને ખુલ્લામાં વહેવડાવતા પાણીને રોક્વા માંગો છે કે કેમ, અને<br>(૨) જો હા, તો કેટલા સમયમાં કાર્ય પૂર્ણ કરવા માગે છે ? | (૧) અને (૨)<br>વાપી ઓદ્યોગિક વસાહતના એકમો માટે ગંદા પાણીના શુધ્ધિકરણ માટે કોમન એફ્લુઅન્ટ શુધ્ધિકરણ પ્લાન્ટની વ્યવસ્થા છે.<br>વાપી, ઓદ્યોગિક, એકમોમાંથી પ્રાથમિક શુધ્ધિકરણ પ્લાન્ટમાંથી ક્યારેક એફ્લુઅન્ટ ઉભરાવવાના કારણે સ્ટ્રોમ વોટર (કાચી ગટર) માં વહે છે. તે એફ્લુઅન્ટ બિલખાડી તેમજ નામદા ખડકીમાં વહેતું અટકાવવા માટે જુદી જુદી છ જ્ગ્યાએ આડ દિવાલ બનાવવાનું કામ પૂર્ણતાના આરે છે.<br>સદર સમસ્યાના કાયમી ઉકેલ માટે વાપી ઓદ્યોગિક વસાહતમાં જુદી જુદી જગ્યાઓ ઉભરાતી સ્ટ્રોમ વોટર (કાચી ગટર), પાકી ચેનલ બનાવીને પાણીના પ્રવાહને હયાત ભૂગર્ભ ગટર યોજનામાં લેવાનું આયોજન કરવામાં આવેલ છે. |

----------

## પાટણ શૈક્ષણિક સંકુલમાં થયેલ બળાત્કારની ઘટના

૧૬૦૬ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૪-૨-૨૦૦૮ દરમિયાન કોઈ શૈક્ષણિક સંકુલમાં બળાત્કાર થયો છે, | (૧) પાટણ જિલ્લામાં પી.ટી.સી. કોલેજના અધ્યાપકો દ્વારા એક વિદ્યાર્થીની ઉપર બળાત્કાર કરવાનો બનાવ પાટણ સીટી પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૨/૦૮ થી તા. ૪-૨-૦૮ ના રોજ ૧૫.૦૦ ક્લાકે નોંધાયેલ છે. આ પ્રકરણનો મેજીસ્ટ્રેરીયલ ઈન્કવાયરી જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પાટણને તા. ૫-૨-૦૮ ના રોજ સોંપવામાં આવેલ છે. તથા આ ગુનાની ઝીણવટ પૂર્વકની અને અસરકારક તપાસ કરવા, સદરહુ ગુનાની તપાસ સી.આઈ.ડી.ક્રાઈમને તા. ૨૧-૨-૦૮ ના રોજ સોંપવામાં આવેલ છે . |
| (૨) જો હા, તો બળાત્કારનો ભોગ બનનાર વિદ્યાર્થીનીએ આ બાબતે અગાઉ કોઈ રજુઆત કરેલ છે કે નહિ, અને | (૨) ના, જી. |
| (૩) બળાત્કારીઓ સિવાય કોઈ વ્યક્તિઓ આમાં સંડોવાયેલ છે, કે નહિ ? | (૩) આ ગુનામાં સંડોવાયેલ તમામ ૬ (છ) આરોપીઓની તેજ દિવસે (તા. ૪-૨-૦૮ ના રોજ) ૧૭.૦૦ ક્લાકે અટકાયત કરવામાં આવેલ છે. |

----------

## રાજ્યમાં આવેલ જેલો

૧૪૫૨ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કેટલી મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલો આવેલી છે, | (૧) મધ્યસ્થ જેલ--૨ (બે)<br>જીલ્લા જેલ--૮ (આઠ) |
| (૨) આ જેલોમાં કેદીઓને રાખવાની ક્ષમતા કેટલી છે, | (૨) |

| અ.નં. | જેલનું નામ | કેદીઓ રાખવાની ક્ષમતા |
|---|---|---|
| ૧. | અમદાવાદ મધ્યસ્થ જેલ | ૧૮૯૬ |

| | | |
|---|---|---|
| ૨. | વડોદરા મધ્યસ્થ જેલ | ૭૯૫ |
| ૩. | રાજકોટ જીલ્લા જેલ | ૨૧૨ |
| ૪. | સુરત જીલ્લા જેલ | ૩૬૫ |
| ૫. | જુનાગઢ જીલ્લા જેલ | ૨૬૫ |
| ૬. | જામનગર જીલ્લા જેલ | ૩૨૦ |
| ૭. | ભાવનગર જીલ્લા જેલ | ૩૨૦ |
| ૮. | નડિયાદ જીલ્લા જેલ | ૨૭૫ |
| ૯. | મહેસાણા જીલ્લા જેલ | ૧૨૪ |
| ૧૦. | પાલનપુર જીલ્લા જેલ | ૨૬૮ |

(૩) આ જેલોમાં જેલવાર કેટલા કેદીઓ રાખવામાં આવેલ છે, આ કેદીઓ તેમની નિયત સંખ્યાની ક્ષમતા કરતાં કેટલા વધારે છે,

(૩)

| અ.નં. | જેલનું નામ | કેદી સમાવેશની ક્ષમતા | ખરેખર સમાયેલ કેદીઓની સંખ્યા | નિયત સંખ્યા કરતાં વધારે રાખેલ કોદીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ મધ્યસ્થ જેલ | ૧૮૯૬ | ૩૬૬૯ | ૧૭૭૩ |
| ૨. | વડોદરા મધ્યસ્થ જેલ | ૭૯૫ | ૨૨૫૦ | ૧૪૫૫ |
| ૩. | રાજકોટ જીલ્લા જેલ | ૨૧૨ | ૬૮૭ | ૪૭૫ |
| ૪. | સુરત જીલ્લા જેલ | ૩૬૫ | ૮૬૪ | ૪૯૯ |
| ૫. | જુનાગઢ જીલ્લા જેલ | ૨૬૫ | ૪૮૨ | ૨૧૭ |
| ૬. | જામનગર જીલ્લા જેલ | ૩૨૦ | ૪૦૫ | ૮૫ |
| ૭. | ભાવનગર જીલ્લા જેલ | ૩૨૦ | ૩૯૫ | ૭૫ |
| ૮. | નડિયાદ જીલ્લા જેલ | ૨૭૫ | ૩૪૮ | ૭૩ |
| ૯. | મહેસાણા જીલ્લા જેલ | ૧૨૪ | ૧૫૮ | ૩૪ |
| ૧૦. | પાલનપુર જીલ્લા જેલ | ૨૬૮ | ૩૦૦ | ૩૨ |

(૪) ક્ષમતા કરતાં વધારે કેદીઓ રાખવામાં આવ્યા હોય તો નવી જેલો ખોલવાની કે હાલની જેલોમાં સગવડ વધારવાની કોઈ દરખાસ્ત વિચારણા હેઠળ છે કે કેમ, અને

(૪) હા, જી.

૧. સુરત નજીક લાજપોર મુકામે ૨૫૦૦ કેદી સમાવેશ ક્ષમતાવાળી જેલનું બાંધકામ ચાલુ છે.
૨. અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ૧૦૦૦ કેદીઓ સમાવી શકાય તેવી જેલનું બાંધકામ ચાલુ છે.
૩. રાજકોટ જીલ્લા જેલ ખાતે ૧૦૦૦ કેદીઓ સમાવી શકાય તેવી જેલનું બાંધકામ ચાલુ છે.
૪. વડોદરા મધ્યસ્થ જેલ ખાતે ૧૦૦ સ્ત્રી કેદીઓ સમાવી શકાય તેવો એક સ્ત્રી યાર્ડ બાંધવામાં
૫. મહેસાણા સબ જેલનું જિલ્લા જેલમાં રૂપાંતર કરતાં ૧૪૦ કેદીઓનો સમાવેશ કરી શકાય
૬. પાલારા (કચ્છ) જિલ્લા જેલ ખુલતાં ૫૦૦ વધુ કેદીઓનો સમાવેશ થઈ શકશે.

૬. પાલારા (કચ્છ) જિલ્લા જેલ ખુલતાં ૫૦૦ વધુ કેદીઓનો સમાવેશ થઈ શકશે.

૭. પાટણ અને દાહોદ ખાતે અનુક્રમે ૧૫૦-૧૫૦ કેદીઓની સમાવેશ ક્ષમતાવાળી બે હેડ ક્વાર્ટર સબ જેલ બનાવવા માટેના પ્લાન નકશાઓ તૈયાર કરવામાં આવેલ છે. અને કચ્છ જિલ્લાના ગળપાદર મુકામે ૧૫૦ કેદીઓની હેડ ક્વાર્ટર સબ જેલ બનાવવાનું આયોજન છે.

૮. ભાવનગર જલ્લા જેલ ખાતે બે નવી બેરેકો તથા સ્ત્રી યાર્ડનું બાંધકામનું આયોજન છે.

(૫) હાલના કેદીઓની સંખ્યાને પહોંચી વળવા બીજી કેટલી નવી જેલો ખોલવી પડે ?

(૫) હયાત જેલોમાં વિસ્તરણ તથા નવી જેલો બનાવવામાં આવી રહેલ હોય, તે સિવાય બીજી વધારાની જેલો ખોલવાની જરૂરિયાત હાલમાં જણાતી નતી.

----------

**બેટ દ્વારકા જતા યાત્રાળુઓ માટે આપેલ સુવિધા**

૧૬૨૪ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ઓખા બંદરેથી બેટ દ્વારકા જતાં યાત્રાળુઓની સુવિધાઓ માટે દરિયાઈ માર્ગે અવરજવર માટે સરકાર દ્વારા કઈ કઈ કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

ઓખા અને બેટ દ્વારકા ખાતે નવી પેસેન્જર જેટીઓ બાંધવામાં આવેલ છે. યાત્રાળુઓની સુવિધા માટે દરિયાઈ માર્ગે અવરજવર માટે એક આધુનિક બોટ મુકવામાં આવેલ છે તથા ખાનગી હોડીઓ ચલાવવા માટે પરવાનગી આપેલ છે.

----------

**રાજ્યના એલ.એન.જી. ટર્મિનલ**

૧૫૬૪ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૦૮ અંતિત કેટલા એલ.એન.જી. ટર્મિનલ છે, અને

(૨) કોની સહાયથી સ્થાપિત થયેલ છે ?

**જવાબ**

(૧) ૨(બે) એલ.એન.જી. ટર્મિનલ કાર્યરત છે.

(૨) (૧) દહેજ ખાતે પેટ્રોનેટ એલ.એન.જી. ટર્મીનલ

(૧) મે.ગેઇલ ઇન્ડિયા લી.

(૨) મે.ઓ. એન.જી.સી. લી.

(૩) મે. ભારત પેટ્રોલિયમ કોર્પો.લી.

(૪) મે.આઈ.ઓ.સી.એલ. તથા અન્ય પ્રમોટર્સ દ્વારા તથા

(૨) હજીરા ખાતેનું એલ.એન.જી. ટર્મીનલ મે. શેલ ગેસ કંપની તથા મે.ટોટલ ગેસ કંપની લિ. દ્વારા પ્રસ્થાપિત થયેલ છે.

----------

**પાલનપુર શહેર પોલીસ સ્ટેશન નવું બનાવવા અંગે**

૧૦૭૧ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાલનપુર શહેર પોલીસ સ્ટેશન જૂનું હોઈ જોખમી છે તે હકીક્ત સાચી છે, અને

**જવાબ**

(૧) અને (૨)

પાલનપુર શહેર પોલીસ સ્ટેશન તા.૧૬/૧૧/"૪૯

(૨) પોલીસ સ્ટેશન નવું બનાવવા માટે તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ચાલુ વર્ષમાં બજેટમાં કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ ?

થી અસ્તિત્વમાં આવેલ છે. આ પોલીસ સ્ટેશન શ્રી ઈકબાલ મહંમદ ખાનજી પાસેથી ભાડેથી રાખેલ મકાનમાં કાર્યરત છે. આ પોલીસ સ્ટેશન નવાબી સમયનું જૂનું છે. આ મકાન તા. ૩/૭/"૭૨ના રોજ શ્રી બી. બી. કેલાને રૂા. ૯૫,૦૦૦/-માં વેચાણથી આપેલ છે. આમ, હાલ આ મકાનની માલિકી શ્રી બી.બી.કેલાની છે. આ જગ્યા કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે અગત્યની અને વ્યૂહાત્મક હોઈ સરકારે સંપાદન કરવાનો નિર્ણય કરેલ છે. આ મકાન અને જમીનની કિંમત પેટે નામદાર કોર્ટમાં જમા કરાવવા સરકારે રૂા. ૯૪,૮૭,૦૦૦/-મંજૂર પણ કરેલ છે. મકાન માલિક આ મકાન અને જમીનની વધુ કિંમત મેળવવા ઈચ્છતા હોઈ નામ. હાઈકોર્ટમાં ગયેલ છે. આમ વળતર ચૂકવણીના પ્રશ્ને આ બાબત ન્યાયાધીન હોઈ હાલના તબક્કે નવું પોલીસ સ્ટેશન બનાવવાનો પ્રશ્ન પડતર રહેલ છે.

----------

## પંચમહાલ જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો

૧૧૫૪ **શ્રી સી.કે.રાઉલજી(ગોધરા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૧-૪-૨૦૦૬ થી તા. ૩૦-૧૨-૨૦૦૭ સુધી દારૂબંધી કાયદા મુજબ કેટલો જથ્થો કેટલા બુટલેગરો પાસેથી પકડાયો, અને

(૨) સદરહુ પકડાયેલ બુટલેગરો અંગે શી કાર્યવાહી થઈ ?

**જવાબ**

(૧) દેશી દારૂ ૮૦૦૫ લીટર, વિદેશી દારૂ ૭૨૯૪ બોટલ અને વોશ ૨૮૫૪ લીટર કુલ ૪૧૦ બુટલેગર્સ પાસેથી પકડાયેલ છે.

(૨) પકડાયેલ બુટલેગરો વિરૂધ્ધમાં કેસો કરી અટક કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે. જે બુટલેગરો સામે વધુ જથ્થાના કેસ થયેલ છે, તેઓની વિરૂધ્ધ પાસા-તડીપાર કરવાના પગલાં પણ ભરવામાં આવેલ છે.

----------

## ડાર્ક ઝોનવાળા વિસ્તારના ખેડૂતોને વીજ જોડાણ

૫૪૫ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ડાર્કઝોન વિસ્તારમાંના ખેડૂતોને કૂવાના વીજળીકરણ માટે તત્કાલ ક્નેકશન અને રેગ્યુલર ક્નેક્શન આપવાની યોજનાનો અમલ કરવા રાજ્ય સરકારની કોઈ યોજના છે કેમ, અને

(૨) જો હા, તો સાબરકાંઠા જિલ્લાના ડાર્કઝોનવાળા ક્યા ક્યા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યોજનાવાર કેટલા ખેડૂતોની અરજીઓ હતી અને તે પેકી કેટલાને જોડાણ અપાયા ?

**જવાબ**

(૧) રાજ્યમાં ડાર્કઝોન વિસ્તારનાં ખેડૂતોને વીજળીકરણ માટે હાલમાં રાજ્ય સરકારની કોઈ યોજના નથી કારણ કે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગે એક્સ્પ્લોઈટેડ કેટેગરીવાળા તાલુકાઓમાં ભૂગર્ભ જળ ખેંચાણ પર તા. ૦૧-૦૧-૨૦૦૪ થી નિયંત્રણો મૂકેલ છે, પરંતુ તા. ૩૧-૦૩-૨૦૦૪ પહેલાં જે ખેડૂતોએ કૂવા/બોર કરાવેલા હોય તેવા ખેડૂતોને અરજીઓ કરવાની તક આપવામાં આવેલ છે.

(૨) સાબરકાંઠા જિલ્લાનાં ડાર્કઝોનવાળા ઈડર, મેઘ ારજ અને મોડાસા તાલુકાઓમાં છેલ્લા બે વર્ષમાં એટલે કે તા. ૦૧-૦૧-૨૦૦૬ થી ૩૧-૧૨-૨૦૦૭ દરમ્યાન કોઈ અરજી નોંધાયેલ નથી આમ છતાં અગાઉની પડતર અરજીઓ પેકી ૧૮૬૬ વીજ જોડાણો આપવામાં આવ્યા તેની યોજનાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તત્કાલ યોજના હેઠળ અપાયેલ | ટીએએસપી યોજના હેઠળ |
|---|---|---|
| ઈડર | ૧૩૯ | ૩૭ |
| મેઘરજ | ૮૧ | ૧૩૭૦ |
| મોડાસા | ૨૩૯ | ૦૦ |

| | | |
|---|---|---|
| મોડાસા | ૨૩૯ | ૦૦ |
| **કુલ :** | **૪૫૯** | **૧૪૦૭** |

----------

**નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી લેણી રકમ**

૧૧૫૭ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ સાથી રાજ્યો પાસેથી નર્મદા યોજના માટે લ્હેણી થતી રકમ ક્યા ક્યા રાજ્યો પાસેથી કેટલી આવી અને કેટલી બાકી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ સાથી રાજ્યો પાસેથી નર્મદા યોજના માટે લ્હેણી થતી રકમ, મળેલ રકમ તેમજ બાકી રકમની વિગતો નીચે મુજબ છે.

(રૂા. કરોડમાં)

| ક્રમ નંબર | રાજ્યનું નામ | મળવાપાત્ર કુલ રકમ | મળેલ રકમ | બાકી રકમ |
|---|---|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૩૭૯૦.૧૦ | ૨૦૬૫.૦૭ | ૧૭૨૫.૦૩ |
| ૨ | મહારાષ્ટ્ર | ૧૭૯૫.૩૩ | ૮૪૩.૩૯ | ૯૫૧.૯૪ |
| ૩ | રાજસ્થાન | ૮૩૭.૮૩ | ૬૪૬.૯૫ | ૧૯૦.૮૮ |
| કુલ | | ૬૪૨૩.૨૬ | ૩૫૫૫.૪૧ | ૨૮૬૭.૮૫ |

ઉક્ત દર્શાવેલ બાકી રકમ પૈકી કુલ રૂા. ૨૭૧૪.૯૮ કરોડની રકમ વિવાદિત છે. જ્યારે બાકીની રૂા. ૧૫૨.૮૭ કરોડની રકમ બિનવિવાદિત છે.

(૨) બાકી નીકળતી લ્હેણી રકમ લેવા રાજ્ય સરકારે છેલ્લા ક્યારે કેન્દ્ર સરકાર કક્ષાએ રજૂઆત કરી; અને

(૨) માનનીય મુખ્યમંત્રીશ્રીએ માનનીય નાયબ અધ્યક્ષશ્રી, યોજના આયોગ અને માનનીય વડાપ્રધાનશ્રી સમક્ષ ભાગીદાર રાજ્યોના બાકી લેણાં માટે રજૂઆત કરેલ છે. સરદાર સરોવર કન્સ્ટ્રકશન એડવાઈઝરી કમિટિની ૭૦,૭૧,૭૨,૭૪ અને ૭૫મી મીટીંગોમાં આ બાબતે જરૂરી રજૂઆતો કરવામાં આવેલ તદ્ઉપરાંત સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ ધ્વારા સંબંધિત ભાગીદાર રાજ્યોને આ બાબતે પત્રો લખવામાં આવે છે. તેની નક્લો સરદાર સરોવર કન્સ્ટ્રકશન એડવાઈઝરી કમિટિને પણ પાઠવવામાં આવે છે.

(૩) આ રજૂઆતોનું શું પરિણામ આવ્યું ?

(૩) રજૂઆતના પરીણામ સ્વરૂપે આજદિન સુધીમાં કુલ રૂા. ૩૫૫૫.૪૧ કરોડ પ્રાપ્ત થયા છે. જે પૈકી છેલ્લા ત્રણ વર્ષમાં કુલ રૂા. ૭૯૨.૦૭ કરોડ ભાગીદાર રાજ્યો પાસેથી પ્રાપ્ત થયેલ છે.

----------

**અમદાવાદ અને ગાંધીનગર સિવાયના શહેરોમાં આઈ.ટી. પાર્ક સ્થાપના અંગે**

૧૭૦૨ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ગાંધીનગર/અમદાવાદ સિવાયના અન્ય મોટા શહેરોમાં આઈ. ટી. પાર્ક સ્થાપવા માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

(૨) રાજ્ય સરકારે નીચે મુજબના શહેરોમાં ખાનગી ક્ષેત્ર/સોફ્ટવેર ટેક્નોલોજી પાર્ક ઓફ ઈન્ડીયાના

સહયોગથી આઈટી પાર્ક સ્થાપવા આયોજન કરેલ છે.
- વડોદરા
- સુરત
- રાજકોટ
- ભાવનગર
- જામનગર

----------

**સાવલી તાલુકાની ગોઠડા-૩ કેનાલ અંગે**

૧૧૬૬ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકાની-૧૧-એ/૧ માં ગોઠડા-૩ કેનાલમાં પાણી આગળ વધતું નથી તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે ટેસ્ટીંગ કામ કરવામાં આવેલ હતું કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) આ પાણી આગળ વધે તે માટે સરકાર દ્વારા શી કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે? | (૩) રવિ સિંચાઈની મોસમ (માર્ચ-૦૮ બાદ) બંધ થયેથી એપ્રિલ-૨૦૦૮માં મરામતની કાર્યવાહી હાથ ધરી આગામી સિંચાઈ મોસમ પહેલાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

**દેવુ વધી જવાના કારણે ખેડૂતોના આપઘાત**

૧૦૫૦ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન રાજ્યમાં ખેડૂતો પર દેવું વધી જવાના કારણે આપઘાત કરવો પડ્યો હોય તેવા કેટલા કિસ્સા સરકારના ધ્યાને આવ્યા; અને

**જવાબ**

(૧) ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્યમાં ખેડૂતો ઉપર દેવું વધી જવાના કારણે આપઘાત કરવો પડ્યો હોય તેવા કુલ ૧૦ કિસ્સા સરકારના ધ્યાને આવેલ છે. જે નીચે મુજબ છે.

| અ. નં. | શહેર/જિલ્લા | બનેલ બનાવ |
|---|---|---|
| ૧. | વડોદરા ગ્રામ્ય | ૧ |
| ૨. | સાબરકાંઠા | ૧ |
| ૩. | મહેસાણા | ૧ |
| ૪. | સુરેન્દ્રનગર | ૨ |
| ૫. | અમરેલી | ૩ |
| ૬. | ભાવનગર | ૧ |
| ૭. | જુનાગઢ | ૧ |
| | **કુલ** | **૧૦** |

આ સિવાયના અન્ય જિલ્લા/શહેરમાં એકપણ આવો બનાવ બનેલ નથી.

(૨) તે માટે સરકાર શું પગલાં લેવા માગે છે?

(૨) સરકારે કેટલીક કલ્યાણકારી યોજનાઓ દાખલ કરેલ છે. જેમ કે,

- રાષ્ટ્રિય કૃષિ વિમા યોજના હેઠળ (કેન્દ્રીયકૃત) જો ખેડૂતનો પાક નિષ્ફળ જાય તો સહાય ચૂકવવામાં આવે છે.

- ખેડૂત વિમા યોજના અંતર્ગત મૃત્યુના કિસ્સામાં રૂા. ૧ લાખ અને કાયમી અપંગતાના કિસ્સામાં રૂા. ૫૦ હજારની સહાય આપવામાં આવે છે.

- ખેડૂતોના પાકના ! લઘુતમ ટેકાના ભાવો ! જાહેર કરીને બજારમાં રક્ષણ આપવામાં આવે છે.

- ભારે વરસાદ કે પૂરની સ્થિતિ વખતે ખેડૂતોને """ખાસ પેકેજ"" આપી નાણાકિય સહાય આપવામાં આવે છે.

- કૃષિ મહોત્સવનું આયોજન કરી ખેડૂતોને કૃષિ "કીટ" આપવામાં આવે છે. તેમજ નવી ટેક્નોલોજીની જાણકારી, પાક્ના વ્યવસ્થા આયોજન અંગેથી માહીતગાર કરવામાં આવે છે.

- ગરીબ ખેડૂતોને માટે વૈજ્ઞાનીક ખેતી માર્ગદર્શન આપવામાં આવે છે અને સુધારેલું બિયારણ આપવામાં આવે છે.

- સોઈલ હેલ્પ કાર્ડ આપી જમીનની ગુણવત્તા સંબંધી જ્ઞાન આપવામાં આવે છે.

- ભૂગર્ભ જળમાં વધારો કરીને, ખેત તલાવડી, બોરી બંધ કરી પાણીની સુવિધામાં વધારો કરવામાં આવે છે.

----------

**હસ્તકલા ઉત્પાદનો માટે વેચાણ વ્યવસ્થા**

૧૫૯ **શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની હસ્તકલા ક્ષેત્રે કાર્યરત મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ; અને

(૨) જો હા, હોય તો તેની વિગતો શું છે?

**જવાબ**

(૧) હા, જી.

રાજ્ય સરકારની કચેરીઓ તથા બોર્ડ/નિગમો ધ્વારા યોજાતા મેળા, પ્રદર્શનોમાં સ્ટોલ ફાળવીને ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણની તક આપવામાં આવે છે.

(૨) ઈન્ડેક્ષ્ટ-સી ધ્વારા છેલ્લા બે વર્ષમાં યોજેલ બાવન મેળામાં ૭૯૧ મહિલા કારીગરોએ ભાગ લઈ રૂા. ૨૫૬ લાખના માલનું વેચાણ કરેલ છે. માટીકામ કલાકારી બોર્ડ બે વર્ષમાં યોજેલ ૧૨ મેળામાં ૧૨૯ મહિલા કારીગરોએ ભાગ લઈ રૂા. ૫૦.૪૫ લાખના માટીકામ માલનું વેચાણ કરેલ છે. ગુજરાત રાજ્ય મહિલા આર્થિક વિકાસ નિગમ ધ્વારા બે વર્ષમાં યોજેલ ૧૨ મેળામાં ૩૭૩ મહિલા કારીગરોએ ભાગ લઈ રૂા. ૫૩.૭૫ લાખના માલનું વેચાણ કરેલ છે. ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ ધ્વારા બે વર્ષમાં યોજેલ ૯ મેળામાં ૫૫ મહિલા કારીગરોએ ભાગ લઈ રૂા. ૩૩.૯૫ લાખના માલનું વેચાણ કરેલ છે. ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ ધ્વારા બે વર્ષમાં યોજાયેલ ૧૬૮ પ્રદર્શનોમાં ૧૩૮ મહિલા કારીગરોએ ભાગ લઈ રૂા. ૭૫.૦૫ લાખના માલનું વેચાણ કરેલ છે. આ ઉપરાંત આ નિગમ ધ્વારા છેલ્લા બે વર્ષમાં ૯૫૫૬ મહિલા કારીગરોના રૂા. ૫૦૪ લાખના માલની ખરીદી કરી નિગમના એમ્પોરીયમ ધ્વારા વેચાણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી ધ્વારા યોજાતા સરસ મેળાઓમાં સ્ટોલ ફાળવી મહિલા કારીગરો ધ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણની તક આપવામાં આવે છે. આ સર્વે મેળાઓમાં પુરૂષ કારીગરો કે સંસ્થાઓને અપાતા સ્ટોલ્સના માલ વેચાણમાં ઉત્પાદન કક્ષાએ મહિલા કારીગરો કામ કરતા હોઈ, આ માલ વેચાણનો લાભ રોજગારી માટે મહિલા કારીગરોને મળતો હોય છે.

----------

**સ્પીપા ખાતે તાલીમ લઈ સનદી સેવાઓ માટે ઉત્તિર્ણ થયેલ ઉમેદવારો**

૧૭૨૫ **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સનદી સેવાઓ માટે સ્પીપા ખાતે તાલીમ લઈને કેટલા ઉમેદવારો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઉત્તિર્ણ થયેલ છે.

(૨) આ પ્રકારની તાલીમ વ્યવસ્થાને હાલની જરૂરિયાત પ્રમાણે વધારે સક્ષમ બનાવી રાજ્યના વધુ યુવાનો ઉત્તિર્ણ થાય તે માટે સરકાર કોઈ પગલાં ભરવા માંગે છે કે કેમ, અને

(૩) ક્યા ક્યા પગલાં યોજીને રાજ્યના વધુ યુવાનો સનદી સેવામાં જોડાય તેવું સરકારનું આયોજન છે?

**જવાબ**

(૧) સનદી સેવાઓ માટે સ્પીપા ખાતે તાલીમ લઈને તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ નીચે મુજબના વિદ્યાર્થીઓ છેલ્લા ત્રણ વર્ષમાં ઉત્તિર્ણ થયેલ છે.

| | |
|---|---|
| ૨૦૦૪ | ૩ |
| ૨૦૦૫ | ૧ |
| ૨૦૦૬ | ૮ |
| કુલ | ૧૨ |

વર્ષ ૨૦૦૭માં લેવાયેલ પરીક્ષાનું આખરી પરીણામ હજુ આવેલ નથી.

(૨) હા, જી.

(૩) સ્પીપા ધ્વારા ઓરીએન્ટેશન કોર્ષ તેમજ સેમિનાર યોજીને શાળા-કોલેજોના વિદ્યાર્થીઓને આવી પરીક્ષા આપવા માટે માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન આપવામાં આવે છે. તેમજ જિલ્લા કક્ષાએ ફરજ બજાવતા રોજગાર ખાતાના, શિક્ષણ ખાતાના, સામાજિક ન્યાય ખાતાના જુદા જુદા અધિકારીઓ ખાસ તાલીમ કાર્યક્રમ યોજી સનદી સેવાઓ તથા અન્ય ક્ષેત્રોમાં કારકીર્દી લક્ષી પૂરતી સમજણ આપી જિલ્લા કક્ષાએ યુવાનોમાં જાગૃતિ આવે તેવા પ્રયાસો કરવામાં આવે છે.

----------

**ટ્રકોમાં ૩૦ ટનથી વધુ વજનના પરિવહન અંગે**

૧૨૬૪ **શ્રી યોગેશભાઈ ના. પટેલ(રાવપુરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના આમળાપુરા ગામથી લાર્સન અને ટુબ્રો કંપનીના હોટ-મિક્સ પ્લાન્ટથી ૩૦ ટનથી પણ વધુ પથ્થરો ટ્રકોમાં (ડમ્પર) પરિવહન કરે છે. તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો ટ્રકો (ડમ્પર) દ્વારા ૩૦ ટન કે તેથી વધુ પથ્થરનું પરિવહન કરવાની મંજૂરી વાહન-વ્યવહાર વિભાગે આપી છે કે કેમ; અને

(૩) જો આ વિભાગ દ્વારા આવી કોઈ મંજૂરી આપી ન હોય તો નિયત મર્યાદા કરતાં વધુ ટન માલનો પરિવહન કરતી ટ્રકોને અટકાવવા સરકાર શું પગલાં લેવા માગે છે?

**જવાબ**

(૧) આર.ટી.ઓ. વડોદરાના ચેકીંગ દરમ્યાન લાર્સન એન્ડ ટુબ્રો કંપનીના ઓવરલોડ વાહનો ફરતા પકડાયેલ છે.

(૨) વાહન વ્યવહાર વિભાગે આવી કોઈ મંજૂરી આપેલ નથી કે કાયદાકીય જોગવાઈઓમાં આપી શકાય નહિ.

(૩) વડોદરા જિલ્લા આર.ટી.ઓ. ધ્વારા ઓવરલોડ ચેકીંગ દરમ્યાન તા. ૧-૪-૨૦૦૭ થી તા.૩૧-૧-૦૮ દરમ્યાન કુલ્લે ૮૪૮ વાહનો ઓવરલોડ ફરતા પકડાયેલ છે જેમાં રૂા. ૩૭,૩૭,૧૫૦-૦૦ માંડવાળ ફી પેટે વસુલ કરેલ છે.

----------

**કચ્છ જિલ્લાના પીવાના પાણીનો ગેરકાયદેસર સિંચાઈ માટે ઉપયોગ**

૯૭૧ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાને પીવાનું પાણી પુરુ પાડવા માટેની નર્મદાની મેઈન કેનાલમાં સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લાનાં કેટલાક વિસ્તારોમાં મોટર બેસાડીને ગેરકાયદેસર

**જવાબ**

(૧) આવો કોઈ કિસ્સો છેલ્લા એક વર્ષમાં ધ્યાન પર આવેલ નથી. નર્મદાની શાખા નહેરમાંથી સિંચાઈ માટે મોટર બેસાડી પિયત વિસ્તારમાં ખેડૂતોને સ્વખર્ચે

પાણી મેળવી સિંચાઈમાં અવાર નવાર ઉપયોગ થાય છે તે હકીક્ત સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાણીની ચોરી અટકાવવા અને તેમ કરીને ક્ચ્છના લોકોને પીવાનું પાણી નિયમિત રીતે પહોંચાડવા સરકારે કોઈ કાયમી શાં પગલાં લીધા છે?

ઉદ્વહન ધ્વારા સિંચાઈ કરવા માટે સરદાર સરોવર નર્મદા નિગમે નક્કી કરેલ નીતિ પ્રમાણે છૂટ આપવામાં આવેલ છે.

(૨) ક્ચ્છ જિલ્લાને નિયમિત પાણી પુરૂ પાડવા માટે માળીયા શાખા નહેરમાં સિંચાઈ તથા પીવાના પાણીની જરૂરીયાત જેટલું પાણી ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

----------

## આધુનિક ટેક્નોલોજીથી સાંકળવામાં આવેલ વીજ કંપનીઓ

૧૭૪૬ **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આધુનિક ટેક્નોલોજીના માધ્યમ દ્વારા જુદી જુદી વીજ કંપનીઓને સાંકળી લેવામાં આવેલ છે તે વાત સાચી છે; અને

(૨) જો હા, તો તે દ્વારા વીજ કંપનીઓની કામગીરીમાં શા ફેરફાર થયા છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જુદી જુદી વીજ કંપનીઓમાં ""એન્ટરપ્રાઈઝ રીસોર્સ પ્લાનીંગ"" (ઈ.આર.પી.) ના અમલીકરણ માટેની કાર્યવાહી ઈ-ઉર્જા પ્રોજેકટ ધ્વારા હાથ ધરવામાં આવેલ છે. આ ઈ-ઉર્જા પ્રોજેકટમાં જરૂરીયાત પ્રમાણે વીજ કંપનીની ક્ચેરીઓને સાંકળી લીધેલ છે. આ કામગીરીમાં અત્યારે દરરોજના વ્યવહારો (ટ્રાન્ઝક્શન) ઈ-ઉર્જા સિસ્ટમમાં મૂક્વાનું કાર્ય ચાલે છે અને તેના સંપૂર્ણ અમલીકરણની કાર્યવાહી ગતિમાં છે. આથી આ સિસ્ટમમાંથી પ્રાપ્ત થતા ફાયદાઓ/ ફેરફારોની અસર હવે પછી ઉપલબ્ધ થશે. તેમ છતાં, હાલમાં દેખીતા ફાયદાઓ જેવા કે કર્મચારીઓ કોમ્પ્યુટર ઉપર કામ કરતા થયા, દરેક કામમાં ચોક્સાઈ આવી, માહિતીની ઝડપી આપ-લે થઈ શકે છે અને દરેક વિષય-વસ્તુને લગતી માહિતી ભેગી કરી ""સેન્ટ્રલ ડેટા બેઝ"" તેયાર થઈ શક્યો છે.

----------

## જી.એસ.પી.સી. દ્વારા થતું ઓઈલ અને ગેસ માટેનું ઉત્પાદન

૧૫૫૫ **શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ (હિંમતનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિક્લ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય સરકાર હસ્તક્ની પેટ્રોલિયમ કંપની જી.એસ.પી.સી. દ્વારા રાજ્યમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલું અને કઈ જ્ગ્યાએ ઓઈલ ગેસનું ઉત્પાદન થાય છે?

**જવાબ**

| ક્રમ | ક્ષેત્રો | ઉત્પાદન | જીએસપીસીપીઆઈ (ટકામાં) |
|---|---|---|---|
| ૧. | હજીરા | ગેસનું ઉત્પાદન ૧૭.૫ લાખ ઘનમીટર/દિવસ અને ઓઈલનું ઉત્પાદન ૬૦૦ બીબીએલએસ/દિવસ | ૬૬.૬૭ |
| ૨. | ભાંડુત | રોજના ૧૭.૫ બીબીએલએસ ઓઈલ | ૬૦.૦૦ |
| ૩. | ખંભાત | રોજના ૫ બીબીએલએસ ઓઈલ | ૫૫.૦૦ |
| ૪. | સાબરમતી | રોજના ૨૧ બીબીએલએસ ઓઈલ | ૬૦.૦૦ |
| ૫. | આસજોલ | રોજના ૪૫ બીબીએલએસ ઓઈલ | ૫૦.૦૦ |
| ૬. | ઉનાવા | રોજના ૧૦ બીબીએલએસ ઓઈલ | ૭૦.૦૦ |
| ૭. | ઈંગોલી | રોજના ૬૦૦ બીબીએલએસ ઓઈલ | ૩૫.૦૦ |
| ૮. | પ્રમોદા | રોજના ૪૧૫ બીબીએલએસ ઓઈલ અને રોજના ૧૫૦૦૦ | ૩૫.૦૦ |

| | | | |
|---|---|---|---|
| | | ઘનમીટર ગેસ | |
| ૯. | ઉત્તર બલોલ | રોજના ૨૫૦૦૦ ઘનમીટર ગેસ | ૭૦.૦૦ |
| ૧૦. | કનવારા | રોજના ૮૦૦૦૦ ઘનમીટર ગેસ અને રોજના ૨૨ બીબીએલએસ ઓઈલ | ૭૦.૦૦ |
| ૧૧. | ઉત્તર કઠાણા | રોજના ૨૫ બીબીએલએસ ઓઈલ | ૭૦.૦૦ |

----------

**રીક્ષા અને અન્ય વાહનોમાં સી.એન.જી.નો ઉપયોગ**

૧૭૩૪ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં રીક્ષા અને અન્ય વાહનોમાં સી.એન.જી. નો ઉપયોગ ક્યારથી શરૂ થયો, અને

(૨) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કુલ કેટલા વાહનોનું સી.એન.જી.માં રૂપાંતર કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ધી મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ની કલમ-૫૨માં તા.૧૧-૮-૨૦૦૦ના સુધારાથી, વાહનોમાં અન્ય ઉર્જા સ્ત્રોતો કે બળતણના ઉપયોગ માટે વાહનોમાં ફેરફાર કરવાની જોગવાઈ કરવામાં આવી, જેના અનુસંધાને ત્યારબાદ એપ્રિલ-૨૦૦૫ થી શરૂ કરીને ક્રમશઃ વાહનોમાં સીએનજીનો ઉપયોગ શરૂ થયો.

(૨) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૪૭,૫૧૬ વાહનોનું સી. એન.જી. માં રૂપાંતર કરવામાં આવેલ છે. પત્રક સામેલ છે.

**પત્રક**

**રાજ્યમાં કચેરી દીઠ તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ સીએનજીમાં રૂપાંતર કરવામાં આવેલ વાહનોની સંખ્યા દર્શાવતું પત્રક**

| અ.નં. | કચેરીનું નામ | ઓટીરીક્ષા | એલ.એમ.વી. | પેસેન્જર બસ | સીએનજીમાં રૂપાંતર થયેલ કુલ વાહનોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૨૮૬૪ | ૨૨૨૯ | ૨ | ૧૫૦૯૫ |
| ૨ | મહેસાણા | ૨ | ૧૭ | -- | ૧૯ |
| ૩ | સુરત | ૧૯૪૪૬ | ૯૦૪૫ | ૨૦ | ૨૮૫૧૧ |
| ૪ | વડોદરા | ૮૬૯ | ૯૫૬ | -- | ૧૮૨૫ |
| ૫ | હિંમતનગર | -- | ૬ | -- | ૬ |
| ૬ | અમરેલી | -- | ૨ | -- | ૨ |
| ૭ | વલસાડ | ૫૮૮ | ૮૧ | -- | ૬૬૯ |
| ૮ | ભરૂચ | ૩૬૪ | ૨૭૫ | -- | ૬૩૯ |
| ૯ | ગાંધીનગર | ૩૩૩ | -- | -- | ૩૩૩ |
| ૧૦ | નવસારી | ૧૯૯ | ૨૦૫ | ૩ | ૪૦૭ |
| ૧૧ | આણંદ | ૧ | ૯ | -- | ૧૦ |
| | **કુલ** | **૩૪૬૬૬** | **૧૨૮૨૫** | **૨૫** | **૪૭૫૧૬** |

**સમી અને હારીજ તાલુકામાં જી.આઈ.ડી.સી.ની સ્થાપના**

૧૪૫૪ **શ્રી ભાવસિંહ રાઠોડ (સમી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સમી અને હારીજ તાલુકાના ઓદ્યોગિક વિકાસ માટે જી.આઈ.ડી.સી. બનાવવા અંગેની માગણી સરકારમાં ઘણાં લાંબા સમયથી પડતર છે એ હકીકત સાચી છે, અને

(૨) જો, હા, તો બંને તાલુકાના વિકાસ માટે જી.આઇ.ડી.સી. કેટલા સમયમાં મંજૂર કરી શરૂ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ના

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## ગુજરાત રીફાઈનરી પ્લાન્ટનું મટીરીયલ્સ ગામડાઓમાં ઠાલવવા અંગે

૧૦૪૦ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વડોદરા તાલુકામાં આવેલી ગુજરાત રીફાઇનરીમાંથી સમયમર્યાદાના કારણે નાબુદ થયેલ પ્લાન્ટનું આર.સી.સી. મટીરીયલ્સ તાલુકાના અસંખ્ય ગામડાઓમાં ઠાલવવામાં આવ્યું છે તે હકીકત સાચી છે?

**જવાબ**

ના જી,

આર.સી.સી. મટીરીયલ્સ વડોદરા તાલુકાના ગામોમાં ઠાલવવામાં આવેલ નથી, પરંતુ ગુજરાત રિફાઈનરીના વિસ્તૃતીકરણની કામગીરી અન્વયે ફાઉન્ડેશન માટે પાયો ખોદતાં નીકળેલ માટી વડોદરા તાલુકાના બાજવા, ગોરવા તથા કોયલી ગામોની માંગણી અનુસાર વિના મૂલ્યે ઠાલવવામાં આવેલ છે.

------------

## કેન્દ્ર દ્વારા ગેસ પુરવઠામાં કાપ

૧૦૭૭ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યને મળતા ગેસ પુરવઠામાં જાન્યુ-૦૮ની સ્થિતિએ કેન્દ્ર સરકારે કાપ મુકેલ છે કે કેમ, અને

(૨) જો, હા, તો રાજ્યના જી.એસ.પી.એલ.ના હિસ્સામાંથી કેટલા ક્યુબીક મીટર ગેસ-પુરવઠો કાપી લેવામાં આવ્યો?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જીએસપીસીએ પન્ના, મુક્તા અને તાપી સંયુક્ત સાહસમાંથી દરરોજ ૧.૩ મીલીયન ઘનમીટર ગેસ ખરીદવાના કરાર નિયત કરેલ છે. વધુમાં ૨.૫ મીલીયન ઘનમીટર ગેસ દરરોજ સ્પોટ બેઝીઝ પર સંયુક્ત સાહસમાંથી જીએસપીસી દ્વારા ખરીદવામાં આવે છે. ભારત સરકારના પેટ્રોલીયમ અને ગેસ મંત્રાલયએ તેમના પત્રક : એલ-૧૨૦૧૫-૧-૦૫-જીપી તા. ૨૬-૧૧-૨૦૦૭ થી સંયુક્ત સાહસના ભાગીદારોને જીએસપીસીને સ્પોટ ગેસ સપ્લાય તરત જ બંધ કરવા સુચના આપેલ છે તથા

તા. ૩૧-૩-૨૦૦૮ પછી ૧.૩ મિલીયન ઘનમીટર ગેસ સપ્લાય અંગેનો કરાર રીન્યુ નહી કરવા અને ગેસ પુરવઠો બંધ કરવા પન્ના, મુક્તા અને તાપીના સંયુક્ત સાહસના ભાગીદારોને સુચના આપેલ છે

----------

## રાજ્યમાં પાઇપલાઇન દ્વારા થતું ગેસનું વિતરણ

૧૫૫૩ **શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલી જગ્યાએ પાઈપલાઈન દ્વારા ઘરગથ્થું ગેસનું વિતરણ થઈ રહેલ છે, અને

(૨) ભવિષ્યના આયોજનની વિગતો શું છે?

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ નીચે દર્શાવેલ શહેરોમાં ઘરગથ્થું ગેસનું વિતરણ થઈ રહેલ છે.

વાપી, નવસારી, હઝીરા, અને તેની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારો, સુરત અંકલેશ્વર, ભરૂચ, નડીયાદ આણંદ, વિદ્યાનગર, વડોદરા, અમદાવાદ, ચાંદખેડા-મોટેરા, ગાંધીનગર, કલોલ, મહેસાણા, હિંમતનગર, કડી, રાજકોટ, જામનગર.

(૨) હાલમાં વધુ ગેસની ફાળવણી માટેની રાજ્ય સરકારની માંગણી કેન્દ્ર સરકારમાં પડતર છે. કેન્દ્ર સરકાર તરફથી જેમ જેમ ગેસ ઉપલબ્ધ થશે, તેમ તેમ મે. જીએસપીસી ગેસ કંપની લિ. દ્વારા સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, અને દક્ષિણ પૂર્વ ગુજરાત વગેરે વિસ્તારોના મુખ્ય તાલુકા મથકોને ઘરગથ્થું ગેસ પુરો પાડવા માટે

પાઈપલાઇન નેટવર્ક ઉભું કરવાનું આયોજન છે.

----------

**પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકાના વડા મથકે પોલીસ સ્ટેશન આપવા અંગે**

૧૯૫૮ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના નવરચિત ખાનપુર તાલુકાના વડા મથક બાકોર ખાતે નવીન પોલીસ સ્ટેશન આપવા માંગો છો કે કેમ, | (૧) હા, જી. |
| (૨) આ બાબતે કોઈ કાર્યવાહી કરેલ છે, અને | (૨) જિલ્લા તાલુકાનું વિભાજન થતાં ખાનપુર તાલુકો અસ્તિત્વમાં આવેલ છે. તાલુકાનું વડું મથક બાકોર ખાતે હોઈ બાકોર ખાતે પોલીસ સ્ટેશન ખસેડવા કાર્યવાહી ગતિમાં છે. ક્લેકટરશ્રી દ્વારા જમીન ફાળવવામાં આવી છે. |
| (૩) કેટલા સમયમાં ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી. |

----------

**નેનો ટેક્નોલોજીના વિષયને પ્રોત્સાહન**

૧૭૩૨ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નેનો ટેક્નોલોજી જેવા અદ્યતન વિષયને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો, હા, તો તા. ૩૧-૧૨-૦૭ સુધી કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૫ (પાંચ) |
| (૩) આ યોજનામાં કુલ કેટલી રકમ ફાળવેલી છે? | (૩) રૂપિયા ૨૨૪.૭૦ લાખ |

----------

**નર્મદા યોજનાની કામગીરી**

૧૫૬૬ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ નર્મદા યોજનાનું કામ ચાલુ છે કે કેમ, | (૧) યોજનાનું કામ ચાલુ છે. |
| (૨) મુખ્ય બંધનું કેટલી ઉંચાઈ સુધી બાંધકામ કરવામાં આવ્યું, અને | (૨) મુખ્યબંધમાં બંધની છલતીના બ્લોક નં. ૨૧ થી બ્લોક નં. ૫૧ની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટરે લઈ જવામાં આવેલ છે. બાકીના નોન ઓવરફ્લો બ્લોક્સ નં. ૧ થી ૨૦ અને ૫૨ થી ૬૪, નર્મદા કંટ્રોલ ઓથોરીટીની મંજુરીને આધિન ૧૨૫.૦૦ મી.થી ૧૪૬.૫૦ મી. સુધીની જુદી જુદી ઉંચાઈએ લઈ જવામાં આવેલ છે. |
| (૩) કેટલી ઉંચાઈ સુધી બાંધકામ કરવા આયોજન સામે કેટલી મંજૂરી મળી છે? | (૩) બંધની છલતીની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટર સુધી લઈ જવાની મંજૂરી મળેલ છે અને તે મુજબ કામગીરી પૂર્ણ થયેલ છે. હવે પછી નીચે મુજબની કામગીરી કરવાનું આયોજન છે.<br>(૧) પીયર્સ ૧૨૧.૯૨ મી.થી ૧૪૬.૫૦ મી. સુધી ઉંચા કરવા તથા તેના ઉપર પુલનું બાંધકામ કરવું.<br>(૨) ૩૦ રેડીયલ દરવાજા બેસાડવાની, આ માટે નર્મદા કંટ્રોલ ઓથોરીટીની મંજૂરી મળ્યા બાદ, કામગીરી આશરે ૩૦ કામકાજના મહીનામાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

**ભાવનગર જિલ્લામાં નવા સબ સ્ટેશનો**

૧૭૧૫ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચાલુ વર્ષે ભાવનગર જિલ્લામાં કેટલા નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન હતું, અને | (૧) ૫ (પાંચ) |
| (૨) તે પેકી તા. ૩૧-૧-૦૮ સુધીમાં કેટલા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા? | (૨) ઓથા અને રતનપર ખાતેના બે સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવેલ છે. જ્યારે દિહોર, દાથા તથા વાંગર ખાતે સિવિલ વર્ક્સના કામો ચાલુ છે અને આ વર્ષમાં પૂર્ણ થશે. |

----------

**સાયન્સ સીટીમાં થયેલ રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો**

૧૫૭૨ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ ખાતેના સાયન્સ સીટીમાં રાષ્ટ્રીય સ્તરના તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલાં કાર્યક્રમ કરવામાં આવ્યા, અને | (૧) ૧૪ |
| (૨) આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા માન્યતા મેળવી છે કે કેમ? | (૨) હા, જી. |

----------

**બનાસકાંઠા જિલ્લામાં સ્થપાયેલ નવા સબસ્ટેશનો**

૧૭૧૯ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચાલુ વર્ષે બનાસકાંઠા જિલ્લામાં કેટલા નવા સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન હતું, અને | (૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં ચાર નવા સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન હતું. |
| (૨) તે પેકી તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં કેટલા સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા ? | (૨) તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં ગોરડ, ખીમાના, વાટમ અને વોડા ખાતે તમામ ચાર ૬૬ કે. વી.નાં સબસ્ટેશનો કાર્યાન્વિત થયેલ છે. |

----------

**નોન-ટ્રાયબલ વિસ્તારમાં પેટા પરાનાં વીજળીકરણ અંગે સહાય**

૧૫૭૮ **શ્રી માનસિંહ કો.ચૌહાણM#> (બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નોન-ટ્રાયબલ વિસ્તારોમાં પેટા-પરાના વીજળીકરણ માટે રાજ્ય સરકાર સહાય આપતી નથી તે વાત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સરકાર આવા વિસ્તારોમાં પેટા પરાના વીજળીકરણ માટે સહાય આપવાનું શું આયોજન છે અને તેનો કેટલા સમયમાં અમલ કરવામાં આવશે? | (૨) રાજ્યના નોન-ટ્રાયબલ વિસ્તારના પેટાપરાઓ માટે રાજ્યની વિવિધ યોજનાઓના ધારાધોરણ મુજબ વીજળીકરણ કરવામાં આવે છે. તદુપરાંત કેન્દ્ર સરકારની આર.જી.જી.વી.વાય. હેઠળ કેન્દ્ર સરકારની મંજૂરી મળ્યે પેટાપરાં સમાવવાનું આયોજન છે. |

----------

**વડોદરા જિલ્લામાં એસ.ટી.ને સમાંતર ચાલતા વાહનોનું ચેકિંગ**

૧૫૨૩ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૪-૨૦૦૭ થી તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધી વડોદરા જિલ્લામાં એસ.ટી.ને સમાંતર ગેરકાયદેસર પેસેન્જરોની હેરાફેરી કરતાં વડોદરા, બોડેલી, છોટાઉદેપુર, નસવાડી, સંખેડા, કોસીન્દ્રા રોડ ઉપર કેટલા વાહનો આર.ટી.ઓ./ટ્રાફીક પોલીસ દ્વારા ચેક કર્યા, | (૧) ૧૨૭૫ |
| (૨) કેટલા વાહનો ડીટેન કર્યા, | (૨) ૭૭ |
| (૩) આર.ટી.ઓ.એ કેટલા વાહનો એક વર્ષ દરમ્યાન ચેક કરેલ, અને | (૩) ૧૩૯૮ |
| (૪) કેટલો દંડ વસુલ કર્યો ? | (૪) રૂા. ૧,૫૨,૯૫૦/- |

----------

**ભિલોડા ચેક પોસ્ટ ઉપર મંજૂર થયેલ મહેકમ સિવાયનો સ્ટાફ**

૨૦૨૮ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી ખાતે આવેલ આર.ટી.ઓ. ચેક પોસ્ટ પર મંજૂર થયેલ મહેકમ સિવાય કામગીરી માટે જે માણસો રાખેલ છે તે સરકારના ધ્યાન પર છે, | (૧) શામળાજી આર.ટી.ઓ. ચેક પોસ્ટ ખાતે મંજૂર થયેલ મહેકમ સિવાય કોઈ માણસોને રાખવામાં આવેલ નથી. |
| (૨) તા. ૧-૧-૦૮ની સ્થિતિએ કુલ કેટલા માણસો રાખેલ છે, એમનો ખર્ચ ક્યા હેડે પાડવામાં આવે છે, અને | (૨) અને |
| (૩) કોની વહીવટી મંજૂરીથી આવો સ્ટાફ રાખવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**એલ.પી.જી. અને સી.એન.જી. ગેસ આધારિત સ્કૂલ વાહનોનું રજિસ્ટ્રેશન**

૧૦૭૬ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ ખાતે ખાનગી સ્કૂલ વાહનોમાં એલ.પી.જી. અને સી.એન.જી. ગેસ આધારિત વાહનો રજિસ્ટર્ડ થયેલાં છે કે કેમ, અને | (૧) અમદાવાદ ખાતે ખાનગી સ્કુલ વાહનોમાં પેસેન્જર ઓટોરીક્ષાઓ તેમજ મારૂતિકારમાં એલ.પી.જી. અને સી.એન.જી. ગેસ કીટો સાથે નોંધાયેલ છે. |
| (૨) ગેસથી થતી દુર્ઘટના ટાળવા રાજ્ય સરકાર દ્વારા કોઇ પગલાં લેવા માંગે છે કે કેમ, અને રજીસ્ટર્ડ પ્રથા દાખલ કરવા માંગે છે કે કેમ ? | (૨) એલપીજી તથા સી.એન.જી. ગેસ કીટ ફીટીંગ થયેલા વાહનો આરટીઓ ક્ચેરી ખાતે પાસીંગ તથા રજિસ્ટ્રેશન અર્થે આવે છે. ત્યારે ગેસ કીટ ફીટીંગ સ્વીકારવાના ધારાધોરણ, પુના એ.આર.એ.આઈ. ""એપ્રુવ્ડ ગેસ કીટ"" ફીટીંગ કરનાર રીટ્રોફીટર દ્વારા જાળવવામાં આવેલ છે. તેની ચકાસણી કરી ત્યાર બાદ જ વાહન પાસ કરવામાં આવે છે અને તેની નોંધ વાહનના રેકર્ડ રજીસ્ટરમાં નોંધવામાં આવે છે. |

----------

**ખેડા જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે મળેલ અરજીઓ**

૧૬૫૯ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની | (૧) જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં મળેલ તાલુકાવાર |

સ્થિતિએ કુટિર ઉદ્યોગ માટે કેટલી અરજીઓ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મળી, અને

અરજીઓ નીચે મુજબ છે.

| અ. નં | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | નડીયાદ | ૧૮૧૫ |
| ૨ | ખેડા | ૩૧૯ |
| ૩ | મહેમદાવાદ | ૬૨૯ |
| ૪ | ઠાસરા | ૭૭૨ |
| ૫ | કપડવંજ | ૭૩૪ |
| **૧** | **૨** | **૩** |
| ૬ | બાલાસિનોર | ૨૬૧ |
| ૭ | માતર | ૩૫૫ |
| ૮ | મહુધા | ૨૫૨ |
| ૯ | કઠલાલ | ૪૯૩ |
| ૧૦ | વિરપુર | ૧૩૮ |
| | **કુલ :** | **૫૭૬૮** |

(૨) તે પૈકી કેટલી મંજૂર કરી ?

(૨) બેંકોએ મંજૂર કરેલ અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| અ. નં | તાલુકાનું નામ | મંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | નડીયાદ | ૯૬૨ |
| ૨ | ખેડા | ૧૨૭ |
| ૩ | મહેમદાવાદ | ૨૭૫ |
| ૪ | ઠાસરા | ૩૭૩ |
| ૫ | કપડવંજ | ૩૭૦ |
| ૬ | બાલાસિનોર | ૧૩૧ |
| ૭ | માતર | ૧૩૬ |
| ૮ | મહુધા | ૧૨૪ |
| ૯ | કઠલાલ | ૨૧૮ |
| ૧૦ | વિરપુર | ૬૪ |
| | **કુલ :** | **૨૭૮૦** |

----------

## સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશનમાં સમાવેલ શહેરો

૧૭૦૫ **શ્રી રણજીતભાઈ મં.ગિલીટવાલા(સુરતશહેર(પૂર્વ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશનમાં સમાવેલ શહેરો ક્યાં ક્યાં છે ?

**જવાબ**

વાપી, નવસારી, હઝીરા અને તેની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારો, સુરત, અંકલેશ્વર, ભરૂચ, નડીયાદ, આણંદ, વિદ્યાનગર, વડોદરા, અમદાવાદ, ચાંદખેડા-મોટેરા, ગાંધીનગર, કલોલ, મહેસાણા, હીંમતનગર, કડી, રાજકોટ, સરીગામ, બીલીમોરા, ઓલપાડ, કીમ, કોસમ્બા, ખંભાત, હાલોલ, સુરેન્દ્રનગર, વઢવાણ, મોરબી, થાનગઢ, જામનગર.

----------

## રાજ્યના યાત્રાધામોમાં ગુજરાતના વિકાસની ઝાંખી દર્શાવવાનું આયોજન

૧૭૦૯ **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના યાત્રાધામોમાં આવતા પ્રવાસીઓને રાજ્યના વિકાસ, સંસ્કૃતિની વિગતો માહિતી ખાતા દ્વારા પૂરી પડાય છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો ક્યા ક્યા યાત્રાધામોમાં આવી વ્યવસ્થામાં રાખવામાં આવી છે ?

(૨) (૧) ડાકોર (૨) પાલીતાણા
(૩) અંબાજી (૪) દ્વારકા
(૫) સોમનાથ (૬) વિરપુર

----------

**રાજ્યમાં કાર્યરત સી.એન.જી. સ્ટેશનો**

૧૭૧૨ **શ્રી ભરતસિંહજી શં.ડાભીM#> (ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કેટલા સી.એન.જી. સ્ટેશનો કાર્યરત છે, અને | (૧) ૧૦૬ |
| (૨) ભવિષ્યમાં કેટલા વધુ સ્ટેશનો કાર્યરત કરવાનું સરકારનું આયોજન છે ? | (૨) હાલમાં વધુ ગેસની ફાળવણી માટેની રાજ્ય સરકારની માંગણી કેન્દ્ર સરકારમાં પડતર છે. કેન્દ્ર સરકાર તરફથી જેમ જેમ ગેસની ઉપલબ્ધિ થશે તેમ તેમ નવા સી.એન.જી. સ્ટેશનો કાર્યરત થઈ શકશે. |

----------

**રાજ્યમાં કાર્યરત લોક વિજ્ઞાન કેન્દ્રો**

૧૫૬૭ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ રાજ્યમાં કેટલા લોક વિજ્ઞાન કેન્દ્રો કાર્યરત છે, અને | (૧) ૧૬ (સોળ) |
| (૨) આ કેન્દ્રો કઇ કઇ કામગીરી કરે છે ? | (૨) લોકવિજ્ઞાન કેન્દ્રો વિજ્ઞાન અને ટેક્નોલોજીના પ્રચાર પ્રસાર થકી લોક જાગૃતિ કેળવવા માટે વિવિધ કાર્યક્રમો હાથ ધરે છે. |

----------

**વીજ કંપનીને પ્રવહન ક્ષેત્રે મળેલ એવોર્ડ**

૧૭૪૮ **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારની કોઈ કંપનીને પ્રવહન ક્ષેત્રે ગત વર્ષ દરમીયાન સારી કામગીરી કરવા બદલ કેન્દ્ર સરકાર તરફથી કોઈ એવોર્ડ મળેલ છે, અને<br>(૨) જો, હા, તો ક્યારે? | (૧) અને (૨)<br>હા, જી; રાજ્ય સરકારના ગુજરાત ઉર્જા વિકાસ નિગમની પ્રવહન ક્ષેત્રની પેટા કંપની ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડને ""પાવર યુટીલીટી ફોર મેરીટોરીયસ પરફોર્મન્સ ૨૦૦૫-૦૬"" માટે મીનીસ્ટ્રી ઓફ પાવર ભારત સરકાર દ્વારા ""સીલ્વર મેડલ"" તા. ૨૧-૦૩-૨૦૦૭ના રોજ માન. પ્રધાન મંત્રીશ્રીના હસ્તે એનાયત કરવામાં આવેલ છે. |

----------

**ભરૂચ જિલ્લાના ગામોને જ્યોતિગ્રામ યોજનાનો લાભ**

૧૫૫૦ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કુલ કેટલા ગામોમાં જ્યોતિગ્રામ યોજનાનો અમલ કરેલ છે, | (૧) રાજ્યમાં વીજળીકરણ થયેલ તમામ ૧૭૮૩૭ ગામોમાં જ્યોતિગ્રામ યોજનાનો અમલ કરેલ છે. |
| (૨) તે પૈકી ભરૂચ જિલ્લામાં કેટલા ગામોને લાભ આપવાનો બાકી છે, અને<br>(૩) તે માટે શું આયોજન છે? | (૨) અને (૩)<br>ભરૂચ જિલ્લાના કુલ ૬૫૭ ગામોમાંથી ૬૫૬ ગામોને જ્યોતિગ્રામ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. જ્યારે એક ગામ (વાગરા તાલુકાનું અલિયા બેટ) ટાપુ હોઇ ત્યાં સોર ઉર્જાથી વીજળીકરણ કરવામાં આવ્યું છે. |

----------

## ઈ-ગર્વનન્સ માટે ગુજરાતી ભાષાના ઉપયોગનું આયોજન

૧૭૨૩ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈ-ગર્વનન્સ માટે ગુજરાતી ભાષાના સ્ટાન્ડર્ડાઈઝેશન માટે સરકારે કોઈ આયોજન કરેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો, હા, તો તેની વિગતો શી છે? | (૨) રાજ્ય સરકારની તમામ કચેરીઓમાં માઇક્રોસોફ્ટ કંપનીના ગુજરાતી ફોન્ટ સહીતનું સોફ્ટવેર ""એમએસ ઓફીસ ૨૦૦૩ ઈન્ડીક"" ને રાજ્યના ""કોમન ગુજરાતી ભાષાના સોફ્ટવેર"" તરીકે તા. ૨૫-૯-૨૦૦૭ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ છે. |

----------

## નર્મદા યોજનાની મુખ્ય કેનાલનું કામ

૧૯૮૮ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ નર્મદા યોજનામાં મુખ્ય કેનાલ કેટલા કિ.મી. ની છે, | (૧) આશરે ૪૫૮ કિ.મી. |
| (૨) કેટલા કિ.મી.ની કેનાલનું કામ પૂર્ણ થયું છે, કેટલું બાકી છે, ક્યારે પૂરૂ થશે, | (૨) મુખ્ય કેનાલનું આશરે ૪૪૮ કિ.મી.નું કામ પૂર્ણ થયેલ છે અને આશરે ૧૦ કિ.મી.નું કામ પ્રગતિમાં છે. નાળાઓની કામગીરી સહિત કામ વહેલાસર પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) માઈનોર કેનાલ કેટલા કિ.મી.ની કરવાનું અંદાજવામાં આવ્યું છે, | (૩) ૨૦૦૨૭ કિ.મી. |
| (૪) માઈનોર કેનાલ કેટલા કિ.મી. ની બની છે, કેટલી બાકી છે, અને | (૪) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ માઇનોર કેનાલ ૪૭૧૧ કિ.મી. પૂર્ણ થયેલ છે અને ૧૫૩૧૬ કિ.મી. બાકી છે. |
| (૫) ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૫) વહેલાસર પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

## આઈ.ટી. ક્ષેત્રે માનવબળ તેયાર કરવા અંગે

૧૭૨૮ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આઈ.ટી. ક્ષેત્રે માનવબળ તેયાર કરવા માટે રાજ્ય સરકારે કોઈ ખાસ કાર્યક્રમો હાથ ધરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો, હા, તો તેની વિગતો શી છે? | (૨) આ અંગે રાજ્ય સરકારે નીચે મુજબના કાર્યક્રમો હાથ ધરેલ છે.<br>૧. ઇન્વાઇટ પ્રોજેક્ટ<br>૨. કોલેજ ટુ કેરીયર પ્રોગ્રામ<br>૩. નેક ટેસ્ટ |

----------

## નર્મદા યોજનાનું પાણી રાજસ્થાન ન પહોંચવા અંગે

૧૮૪૦ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજનાની મુખ્ય નહેરમાંથી રાજસ્થાન સુધી તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ પાણી પહોંચ્યું નથી તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) રાજસ્થાન દ્વારા નર્મદા યોજનાનું પાણી મેળવવાની માંગણી પૂરી કરવાની કઈ તારીખ આપવામાં | (૨) નર્મદા કંટ્રોલ ઓથોરીટી દ્વારા નીમવામાં આવેલ નર્મદા મેઇન કેનાલ સબ-કમિટીની તા. ૨૨મી |

આવી કે નક્કી કરાઈ, અને

જાન્યુઆરી, ૨૦૦૮ ના રોજની મીટીંગમાં રાજસ્થાન અને ગુજરાત રાજ્યના પ્રતિનિધિઓની હાજરીમાં ફેબ્રુઆરી-૨૦૦૮માં નર્મદા મુખ્ય નહેરમાં રાજસ્થાન માટે પાણી છોડવું તેમ નક્કી કરવામાં આવેલ.

(૩) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ નર્મદા યોજનાના લાભાર્થી/ભાગીદાર રાજ્યો તથા રાજ્ય સરકારને કેટલી રકમ મળી, અને કેટકેટલી રકમ લેવાની બાકી રહી?

(૩) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ નર્મદા યોજનાના લાભાર્થી/ભાગીદાર રાજ્યો તરફથી રાજ્ય સરકારને રૂા. ૩૫૫૫.૪૧ કરોડની રકમ મળેલ છે. જ્યારે રૂા. ૨૮૪૨.૮૨ કરોડની વસુલાત બાકી રહેલ છે. આ અંગેની વિગતો નીચે મુજબ છે.

(રૂા. કરોડમાં)

| **ક્રમ** | **રાજ્યનું નામ** | **ભાગીદાર રાજ્યો તરફથી મળેલ રકમ** | **બાકી વસુલાતની કુલ રકમ** |
|---|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૨૦૬૫.૦૭ | ૧૭૧૧.૮૩ |
| ૨ | મહારાષ્ટ્ર | ૮૪૩.૩૯ | ૯૪૫.૬૯ |
| ૩ | રાજસ્થાન | ૬૪૬.૯૫ | ૧૮૫.૩૦ |
| | કુલ : | ૩૫૫૫.૪૧ | ૨૮૪૨.૮૨ |

ઉક્ત રકમ પેકી કુલ ૨૬૯૭.૩૬ કરોડની વિવાદીત છે. જ્યારે રૂા. ૧૪૫.૪૬ની રકમ બિનવિવાદીત છે.

----------

## રાજ્યમાં ઓદ્યોગિક મૂડી રોકાણ

૨૮૮ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧ ડીસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓદ્યોગિક મૂડી રોકાણની દરખાસ્તો પેકી વાસ્તવિક ઓદ્યોગિક મૂડી રોકાણ કેટલા કરોડનું થયું,

(૨) ક્યા ક્યા ક્ષેત્રમાં કેટલા કરોડનું થયું, અને

(૩) તે અન્વયે વિદેશી મૂડી રોકાણ કેટલું?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રૂા. ૧૫૪૧૯૭ કરોડનાં મૂડી રોકાણની દરખાસ્ત મળેલ છે. અને રૂા. ૨૨૪૩૪ કરોડના પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા છે. આ સિવાય કે આ સહિત વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૭માં રૂા. ૪૬૧૮૩૫ કરોડના મૂડી રોકાણના કુલ ૩૬૩ એમ.ઓ.યુ. થયા જેમાં ૪૫૪ પ્રોજેક્ટો સમાવિષ્ટ હતાં તે પેકી રૂા. ૨૨૬૨૩૬ કરોડના ૨૫૯ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે. જ્યારે ૧૯૩૪૦ કરોડના ૪૫ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયેલા છે.

(૨) આ સાથેના પરિશિષ્ટ-૧ અને ૨ મુજબ.

(૩) વિદેશી મૂડી રોકાણ માટે ભારત સરકારની નીતિ અનુસાર અમુક કિસ્સાઓને બાદ કરતાં મોટા ભાગના પ્રોજેક્ટોમાં ભારત સરકારની અથવા રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાની પુર્વ મંજુરી મેળવવાની જરૂરીયાત નથી. પરંતુ વિદેશી મૂડી રોકાણ મેળવ્યા બાદ ૩૦ દિવસમાં રીઝર્વ બેન્કની પ્રાદેશિક કચેરીને જાણ કરવાની હોય છે. બાકીના કિસ્સા, એટલે કે જે પ્રવૃત્તિમાં ઇન્ડસ્ટ્રીયલ લાઇસન્સ જરૂરી છે, વિદેશી કંપની કે જે ભારતમાં રોકાણ ધરાવતી હોય અથવા કોઇ ભારતીય કંપનીમાં વિદેશી કંપની શેરમૂડી લેવા માગતી હોય તેવા કિસ્સાઓમાં ભારત સરકારની મંજુરી મેળવી જરૂરી હોય છે.

આમ રાજ્યમાં કેટલું વિદેશી મૂડી રોકાણ થયું તેની સચોટ માહિતી ભારત સરકાર દ્વારા પ્રસિધ્ધ કરવામાં

આવે ત્યારે જ ઉપલબ્ધ થઇ શકે છે.

## પરિશિષ્ટ-૧

**(LOI+LOP+IEM) MONITORING REPORTS
PERIOD FROM ૦૧/૦૧/૨૦૦૬ TO ૩૦/૧૧/૨૦૦૭ PROGRESS AS ON ૩૧/૧૨/૨૦૦૭**

**INVESTMENT RS. IN CRORE**

| SR. NO. | PRODUCT NAME | TOTAL |
|---|---|---|
| ૧ | ૧. METALLURGICAL INDUSTRIES | ૮૩ |
| ૨ | ૨. FUELS | ૧૩૨૨૪ |
| ૩ | ૫. ELECTRICAL EQUIPMENTS | ૧૬ |
| ૪ | ૭. TRANSPORTATION | ૬૦૦ |
| ૫ | ૮. MACHINE TOOLS | ૫ |
| ૬ | ૧૨. MISC. MACH AND ENGINEERING IND | ૨૧૩૫ |
| ૭ | ૧૫. INDUSTRIAL INSTRUMENTS | ૯ |
| ૮ | ૧૬. SCIENTIFIC INSTRUMENTS | ૪૦ |
| ૯ | ૧૯. CHEMICALS (OTHER THAN FERT.) | ૨૪૦૫ |
| ૧૦ | ૨૧. DYE STUFFS | ૨૫ |
| ૧૧ | ૨૩. TEXTILES (INC-DYED PRINTED OR PRO) | ૧૮૩૩ |
| ૧૨ | ૨૪. PAPER & PULP INCL. PAPER PRODUCT | ૧૮૬ |
| ૧૩ | ૨૬. FERMENTATION INDUSTRIES | ૩ |
| ૧૪ | ૨૭. FOOD PROCESSING INDUSTRIES | ૩૯ |
| ૧૫ | ૨૮. VEGETABLE OILS AND VANASPATI | ૪ |
| ૧૬ | ૨૯. SOAPS, COSMETICS & TOILET PREPARA | ૫૯ |
| ૧૭ | ૩૦. RUBBER GOODS | ૨૦૫ |
| ૧૮ | ૩૨. GLUE AND GELATIN | ૧૫ |
| ૧૯ | ૩૪. CERAMICS | ૨૫૭ |
| ૨૦ | ૩૮. MISCELLANEOUS INDUSTRIES | ૪૬૬ |
| ૨૧ | ૩૯. ELECTRONICS | ૫૮ |
| ૨૨ | ૪૧. PLASTICS & PLAST. PRODUCT | ૭૦૫ |
| ૨૩ | ૪૪. INFRASTRUCTURE PROJS. | ૬૨ |
| | **TOTAL :** | **૨૨૪૩૪** |

## પરિશિષ્ટ-૨

**SUMMARY VGGIS**

| SR. NO. | SECTOR | TOTAL INVEST |
|---|---|---|
| ૧ | SEZ | ૧૭૦૮૮૯ |
| ૨ | CHEMICALS & PETROCHEMICALS | ૧૩૪૧૨ |
| ૩ | PHARMACEUTICALS | ૩૪૭ |
| ૪ | ENGINEERING AUTO & | ૧૪૯૬૩ |
| ૫ | TEXTILE & APPARELS | ૮૨૮૩ |

| | | |
|---|---|---|
| ૬ | PAPER INDUSTRIES | ૧૫૭૭ |
| ૭ | AGRO & FOOD PROCESSING | ૧૦૩૭૫ |
| ૮ | BIO TECHNOLOGY | ૧૫૪૧ |
| ૯ | INFORMATION TECHNOLOGY | ૧૪૮૧૧ |
| ૧૦ | OIL & GAS | ૪૪૭૬૬ |
| ૧૧ | POWER | ૧૩૩૪૨૯ |
| ૧૨ | PORT | ૧૩૫૧૮ |
| ૧૩ | CIVIL AVIATION | ૧૦૦૨૮ |
| ૧૪ | ROAD & RAIL PROJECT | ૨૫૧૬ |
| ૧૫ | URBAN DEVELOPMENT | ૬૯૮૫ |
| ૧૬ | FINANCIAL SECTOR | ૧૦૦૦ |
| ૧૭ | EDUCATION | ૫૧૦ |
| ૧૮ | HEALTH CARE | ૨૦૯૨ |
| ૧૯ | TOURISM | ૧૦૭૯૩ |
| | **TOTAL :** | **૪૬૧૮૩૫** |

----------

**જૂનાગઢ જિલ્લામાં પકડાયેલ દારૂ**

૧૯૮૫ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમનો દારૂ પકડવામાં આવ્યો,

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | રૂા. |
|---|---|---|
| ૧. | જૂનાગઢ | ૧૭,૦૯,૯૬૩ |
| ૨. | વિસાવદર | ૩૮,૮૨૫ |
| ૩. | ભેંસાણ | ૬૩,૧૨૦ |
| ૪. | મેંદરડા | ૪૧,૨૭૦ |
| ૫. | કેશોદ | ૧,૫૦,૧૧૬ |
| ૬. | વંથલી | ૪,૩૧,૪૧૦ |
| ૭. | માણાવદર | ૧,૨૦,૩૯૦ |
| ૮. | વેરાવળ | ૧૧,૮૩,૬૭૨ |
| ૯. | સુત્રાપાડા | ૧,૫૭,૫૮૦ |
| ૧૦. | તાલાળા | ૬૭,૫૦૫ |
| ૧૧. | કોડીનાર | ૬,૫૯,૨૬૮ |
| ૧૨. | ઉના | ૧૩,૬૮,૩૩૩ |
| ૧૩. | માંગરોળ | ૧,૪૦,૭૦૦ |
| ૧૪ | માળીયા | ૧,૩૫,૪૧૫ |
| | **કુલ :** | **૬૨,૬૭,૫૬૭** |

(૨) વીસ હજાર કે તેથી વધુ રકમનો દારૂ ક્યા ક્યા પોલીસ સ્ટેશન હેઠળથી પકડવામાં આવ્યો, અને

(૨) કેશોદ, વંથલી, માણાવદર, શીલ, ચોરવાડ, વેરાવળ, કોડીનાર, ઉના, સુત્રાપાડા, નવાબંદર, ભેંસાણ, મેંદરડા, જૂનાગઢ એ ડીવીઝન અને જૂનાગઢ બી ડીવીઝન પોલીસ સ્ટેશન.

(૩) તે અન્વયે જવાબદાર પોલીસો સામે સરકાર શા પગલાં લીધા?

(૩) સને ૨૦૦૬માં આર્થિક ગુના નિવારણ શાખા, જૂનાગઢ દ્વારા જૂનાગઢ એ ડીવીઝન પો.સ્ટે. થર્ડ ગુના રજિસ્ટર નં. ૫૯/૦૬, પ્રોહી એક્ટ ૬૬(૧) બી, ૬૫એઇ ૮૧,૧૧૬(૧) બી મુજબના ગણનાપાત્ર કેસો શોધી કાઢતાં સ્થાનિક પોલીસ સ્ટેશનના જવાબદાર કર્મચારીને દંડની શિક્ષા, સને ૨૦૦૭માં ગુજરાત વિજીલન્સ સ્કવોર્ડ, ગાંધીનગર દ્વારા કોડીનાર પો.સ્ટે. થર્ડ ગુ.ર.નં. ૨૩૭/૦૭ પ્રોહી. એક્ટ કલમ ૬૬ બી વિગેરે મુજબ ગણનાપાત્ર કેસ શોધી કાઢતાં સ્થાનિક પોલીસ

ઇન્સ્પેક્ટરને ફરજ મોકુફ કરેલ છે અને અન્ય સુપરવાઇઝરી અધિકારીઓ અને જવાબદાર બીટ ઇન્ચાર્જ વિરૂધ્ધ પ્રાથમિક તપાસ શરૂ કરેલ છે.

----------

**કરજણ અને શિનોર તાલુકામાં તત્કાલ વીજ જોડાણોની અરજીઓ**

૨૦૨૩ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરજણ અને શિનોર તાલુકાઓમાં તત્કાલ વીજ જોડાણો માટેની કેટલી અરજીઓ આવી, (૨) તે પૈકી કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને (૩) જોડાણો ન આપવાના કારણો ક્યા ક્યા છે? | (૧), (૨) અને (૩) છેલ્લા બે વર્ષમાં તત્કાલ યોજના જાહેર થયેલ ન હોઇ આ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરજણ અને શિનોર તાલુકાઓમાં નવી અરજીઓ નોંધાયેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**ટાટા ટેલિકોમ કંપની સાથેના કરારથી રાજ્યને થયેલ આવક**

૧૬૫૨ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સચિવાલય તથા ગાંધીનગરના સરકારી આવાસોની ટાટા ટેલિફોન સુવિધાના બીલો ઉઘરાવીને નાણાં ટાટા કંપનીને પહોંચાડવા રાજ્ય સરકારે ટાટા કંપની સાથે કરાર કરેલા છે તે વાત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) એ કરારથી રાજ્ય સરકારને તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષ દરમ્યાન કેટલી આવક થઈ, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ કામગીરી માટે રાજ્ય સરકાર તરફથી કેટલો સ્ટાફ રોકવામાં આવ્યો, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) જો ના, તો આવાં બીલો રાજ્ય સરકાર શાના આધારે વસુલ કરે છે? | (૫) ઇન્ફોર્મેશન ટેક્નોલોજી પ્રભાગ, સા.વ.વિ.ના તા. ૧૯-૯-૨૦૦૧ના ઠરાવ ક્રમાંક : ટીઇએલ-૨૦૦૧/૧૧૨૨-આઇ.ટી.ડી. ના આધારે આ બીલો વસુલ કરવામાં આવે છે. |

----------

**લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો ધ્વારા પંચમહાલ જિલ્લાના નોંધાયેલ ગુના**

૧૦૬૯ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો ધ્વારા કેટલા ગુના પકડવામાં આવ્યા, | (૧) કુલ--૨૨ ગુના |
| (૨) આવા ગુનાઓમાં કેટલા તહોમતદારો પકડાયા અને કેટલા તહોમતદારો પકડવાના બાકી છે, | (૨) ૨૨ તહોમતદારો પકડાયેલ છે અને ૩ તહોમતદારો પકડવાના બાકી છે. |
| (૩) પકડાયેલ તહોમતદારો ક્યા ક્યા વિભાગના હતા, અને | (૩) મહેસૂલ, ગૃહ, નર્મદા, અન્ન અને નાગરિક પુરવઠા, વન, શિક્ષણ, આરોગ્ય, સામાજીક ન્યાય અને પંચાયત વિભાગના આરોપીઓ છે. |
| (૪) ભ્રષ્ટાચાર નાબુદ કરવા બાબતે સરકારે શું પગલાં લીધેલ છે ? | (૪) ૧ વર્ષ ૧૯૬૩ થી રાજ્ય સરકાર દ્વારા લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોની રચના કરવામાં આવેલ છે. જેના નિયામક પદે સ્વતંત્ર ડાયરેકટર જનરલ ઓફ પોલીસની નિમણૂંક કરવામાં |

આવેલ છે.

૨ નવરચિત--૭ જિલ્લાઓ સિવાય દરેક જિલ્લામાં એ.સી.બી. પો.સ્ટે. કાર્યરત છે. દરેક પો.સ્ટે.માં બે પોલીસ ઈન્સ્પેકટરનું મહેકમ મંજુર થયેલ છે. તથા બે થી ત્રણ પોલીસ સ્ટેશન ઉપર સુપરવિઝન રૂપે નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીની નિમણૂંક કરવામાં આવેલ છે. નવરચિત ૭ જિલ્લાઓમાં એ.સી.બી. પો.સ્ટે. શરુ કરવા માટે આગામી વર્ષના બજેટમાં સામવેશ કરેલ છે.

૩ સરકારી કર્મચારી/અધિકારી દ્વારા લાંચ લેવી તથા આપવી તે ગુન્હો બને છે આથી, દરેક સરકારી કચેરીમાં પ્રજાજન પાસે કોઈ સરકારી કર્મચારી/અધિકારી લાંચ માંગે તો તેઓ તુરત જ લાંચ રુશ્વત વિરોધી બ્યુરોનો સંપર્ક કરી શકે તે માટે લાંચ રુશ્વત વિરોધી બ્યુરોનું સરનામું તથા સંપર્ક નંબરની માહિતી દર્શાવતું બોર્ડ દરેક સરકારી કચેરીમાં લગાવવા સુચનાઓ આપવામાં આવેલ છે.

૪. જાહેર જનતા માટે લાંચ રુશ્વત વિરોધી બ્યુરોની કાર્યપધ્ધતિ તથા સંપર્ક નંબરો સાથેની નાગરિક અધિકાર પુસ્તિકા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ તમામ વિગતો વેબસાઈટ પર પણ મુકવામાં આવેલ છે.

૫. આધુનિક સમયને અનુરૂપ ટેપરેકોર્ડરની મદદથી ગુન્હાને લગતા પુરાવાઓ મેળવવામાં આવે છે, આ ઉપરાંત, ટ્રેપ/ડીકોયમાં વૈજ્ઞાનિક પુરાવાઓ મળી રહે તે માટે આધુનિક સાધનો જેવા કે પેન રેકોર્ડર, અને સુક્ષ્મ ટેપ રેકોર્ડર/પેન કેમેરા, બટન કેમેરા જેવા આધુનિક સાધનો ખરીદવામાં આવી રહ્યા છે, જેથી દ્રશ્ય/શ્રાવ્ય રેકોર્ડીંગના આધારે ભ્રષ્ટ અધિકારીઓ/કર્મચારીઓ વિરુધ્ધ સંગીન પુરાવાઓ પ્રાપ્ત થઈ શકે જેના આધારે ન્યાયની અદાલતોમાં અને ખાતાકીય તપાસમાં આ પુરાવાઓ ઉપયોગી થઈ શકે.

૬ ગુન્હાના કામે ટ્રેપ/ડીકોય દરમ્યાન સરકારી કર્મચારી/અધિકારીને પંચ તરીકે રાખવામાં આવે છે. તેમાં પણ ખાસ કરીને અધિકારી વિરૂધ્ધની જ્યારે ટ્રેપ/ડીકોય હોય ત્યારે અધિકારીને જ પંચ તરીકે રાખવામાં આવે છે. સરકારી કર્મચારી પંચ તરીકે રાખવામાં આવતાં કોર્ટ કાર્યવાહીમાં તેઓની જુબાની આરોપી વિરુધ્ધ ગુન્હો સાબિત કરવામાં મદદરૂપ બને છે.

૭. લાંચ રુશ્વત વિરોધી બ્યુરો દ્વારા સાંયોગિક પુરાવા રૂપે પહેલા ઍન્થ્રેસિન પાવડરનો ઉપયોગ થતો હતો, પરંતુ હવે ફિનોલ્ફથેલિન પાવડરનો ઉપયોગ કરવામાં આવે છે. જે તેના રાસાયણિક ગુણધર્મને આધારે વૈજ્ઞાનિક ઢબે

કોર્ટ કાર્યવાહીમાં મજબૂત પુરાવો પુરો પાડે છે.

૮ લાંચ રૂશ્વત બ્યુરો દ્વારા ડીકોય ગોઠવતી વખતે બનાવટી ગ્રાહક/અરજદાર તૈયાર કરી ડીકોયનું આયોજન કરવામાં આવે છે. જેની સફળતા મળ્યે ગુનો દાખલ કરવામાં આવે છે.

૯ સરકારી કામકાજમાં લાંચ રૂશ્વત તથા ભ્રષ્ટાચારના આક્ષેપો અન્વયેની અરજીઓની તપાસ રેકર્ડ તથા સાંયોગિક પુરાવા આધારિત ઉંડી અને તલસ્પર્શી રીતે કરવામાં આવે છે. અને દોષિત કર્મચારી/અધિકારી વિરૂધ્ધ ખાતાકીય તપાસ અન્વયેના પગલાં લેવા માટે પણ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા જે તે સંબંધિત વિભાગને અહેવાલ મોકલવામાં આવે છે. અને તેઓ વિરૂધ્ધ ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવે છે.

૧૦ લાંચરૂશ્વત વિરોધી બ્યુરોને પ્રાપ્ત થતી ફરિયાદો અને/ અથવા ગુજરાત રાજ્ય તકેદારી આયોગ તરફથી આપવામાં આવતી સૂચનાઓ અન્વયે સરકારી કર્મચારી/અધિકારીની આવકના પ્રમાણમાં અપ્રમાણસરની મિલકતો વસાવેલ હોવાના કિસ્સાઓમાં તપાસ દરમ્યાન જણાઈ આવતાં જે તે કર્મચારી/અધિકારી વિરૂધ્ધ અપ્રમાણસર મિલકત અંગનો ગુન્હો દાખલ કરવામાં આવે છે. અને આ પ્રકારના ગુન્હામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, સિવિલ એન્જીનિયર વગેરે તજજ્ઞોની મદદ લેવામાં આવે છે. અને તેઓના માર્ગદર્શન નીચે પુરાવાઓ એકઠા કરવામાં આવે છે.

૧૧. ફરિયાદી દ્વારા લાંચના ગુના સંબંધિત રજૂ થયેલ નાણા ગુનાની નોંધણી બાદ તાત્કાલિક ફરિયાદીને પરત કરવામાં આવે છે. ઘણીવાર આર્થિક રીતે નબળા ફરિયાદીને સરકારશ્રી દ્વારા પણ લાંચની રકમની વ્યવસ્થા કરવામાં આવે છે.

૧૨ અપ્રમાણસર મિલકતો તથા બેનામી મિલકતોની માહિતી આપનાર બાતમીદારોને પ્રોત્સાહિત કરવા રૂપે સરકારશ્રી દ્વારા સિક્રેટ ફંડની જોગવાઈ પણ કરવામાં આવેલ છે. અને તેમાંથી પુરસ્કાર રૂપે ચૂકવણું પણ કરવામાં આવે છે.

૧૩ લાંચ રૂશ્વત વિરોધી ગુનાઓમાં તાત્કાલિક ન્યાયની માગણી સંતોષાય તે હેતુસર રાજ્યમાં કાર્યરત ફાસ્ટ ટ્રેક કોર્ટોમાં પણ ભ્રષ્ટાચાર અધિનિયમની જોગવાઈ પ્રમાણેના ગુન્હાઓની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

૧૪ બ્યુરોમાં નિમણૂંક પામતા અધિકારી/ કર્મચારીઓ સી.બી.આઈ.ની પધ્ધતિથી તથા નિયમિત થતા ઉચ્ચ ન્યાયાલયોના ચૂકાદાઓથી વાકેફ થાય તે માટે નિયમિત રૂપે ન્યુ દિલ્હી-ગાઝિયાબાદ ખાતે સી.બી.આઈ.ના ટ્રેનીંગ

સેન્ટરમાં તાલીમ અર્થે મોકલવામાં આવે છે.
૧૫ સફળ રહેલ ટ્રેપ/ડીકોયના કિસ્સામાં જે અધિકારી/કર્મચારી સંડોવાયેલ હોય તેના શિસ્ત અધિકારી પાસે પ્રોસિક્યુશન મંજુરી માંગવામાં આવે છે જેથી સંબંધિત કર્મચારી/અધિકારી વિરૂધ્ધ કોર્ટમાં કેસ દાખલ કરી શકાય.

----------

**ભાવનગર જિલ્લામાં પોલીસ ખાતાનું મહેકમ**

૧૯૯૨ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં દરેક પોલીસ સ્ટેશન દીઠ કેટલું મહેકમ મંજૂર થયેલ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં દરેક પોલિસ સ્ટેશનદીઠ મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| ક્રમ | પોલીસ સ્ટેશન | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | એ.ડી.વી. | ૭૪ |
| ૨ | બી.ડી.વી. | ૬૧ |
| ૩ | સી.ડી.વી. | ૧૧૧ |
| ૪ | ડી.ડી.વી. | ૪૦ |
| ૫ | વરતેજ | ૩૧ |
| ૬ | ઘોઘા | ૪૪ |
| ૭ | મરીન પો.સ્ટે. | ૨૩ |
| ૮ | મહિલા પો.સ્ટે. | ૧૫ |
| ૯ | મહુવા | ૯૬ |
| ૧૦ | ખુંટવડા | ૨૦ |
| ૧૧ | બગદાણા | ૨૯ |
| ૧૨ | તળાજા | ૫૫ |
| ૧૩ | દાઠા | ૨૬ |
| ૧૪ | અલંગ | ૩૨ |
| ૧૫ | બોટાદ | ૭૩ |
| ૧૬ | પાળિયાદ | ૧૯ |
| ૧૭ | ગઢડા | ૫૦ |
| ૧૮ | વલ્લભીપુર | ૪૬ |
| ૧૯ | ઉમરાળા | ૩૯ |
| ૨૦ | વેળાવદર | ૧૯ |
| ૨૧ | પાલીતાણા ટાઉન | ૭૭ |
| ૧ | ૨ | ૩ |
| ૨૨ | પાલીતાણા રૂરલ | ૩૪ |
| ૨૩ | જેસર | ૨૮ |
| ૨૪ | શિહોર | ૬૭ |
| ૨૫ | સોનગઢ | ૨૩ |
| ૨૬ | ગારિયાધાર | ૩૫ |

(૨) કેટલું ભરવામાં આવેલ છે ?

(૨) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં દરેક પોલિસ સ્ટેશન દીઠ ભરવામાં આવેલ મહેકમ નીચે મુજબ છે.

| ક્રમ | પોલીસ સ્ટેશન | ભરાયેલ જગ્યાઓ |
|---|---|---|
| ૧ | એ.ડી.વી. | ૭૪ |
| ૨ | બી.ડી.વી. | ૬૦ |
| ૩ | સી.ડી.વી. | ૯૪ |
| ૪ | ડી.ડી.વી. | ૪૦ |
| ૫ | વરતેજ | ૨૬ |
| ૬ | ઘોઘા | ૩૨ |
| ૭ | મરીન પો.સ્ટે. | ૨૩ |
| ૮ | મહિલા પો.સ્ટે. | ૮ |
| ૯ | મહુવા | ૭૪ |
| ૧૦ | ખુંટવડા | ૧૫ |
| ૧૧ | બગદાણા | ૧૭ |
| ૧૨ | તળાજા | ૩૭ |
| ૧૩ | દાઠા | ૧૯ |
| ૧૪ | અલંગ | ૨૩ |
| ૧૫ | બોટાદ | ૫૭ |
| ૧૬ | પાળિયાદ | ૧૭ |
| ૧૭ | ગઢડા | ૪૦ |
| ૧૮ | વલ્લભીપુર | ૩૦ |
| ૧૯ | ઉમરાળા | ૨૦ |
| ૨૦ | વેળાવદર | ૧૨ |
| ૨૧ | પાલીતાણા ટાઉન | ૫૯ |
| ૨૨ | પાલીતાણા રૂરલ | ૨૨ |
| ૨૩ | જેસર | ૧૫ |
| ૨૪ | શિહોર | ૪૩ |
| ૨૫ | સોનગઢ | ૧૮ |
| ૨૬ | ગારિયાધાર | ૩૧ |

----------

**માહિતી ખાતાના ગ્રામ પ્રસારણ વિભાગ અંગે**

૧૭૧૦ **શ્રી દિલીપસિંહ વ. પરમાર(મોડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| માહિતી ખાતાનો ગ્રામ પ્રસારણ વિભાગ બંધ કરવામાં આવ્યો છે કે કેમ ? | ના જી. |

----------

**રાજ્યના સી.એન. જી. સ્ટેશનો**

૧૫૬૩ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૦૮ અંતિત કેટલા સી.એન.જી. સ્ટેશન કાર્યરત છે, અને | (૧) ૧૦૬. |
| (૨) કઈ કંપનીના અને કઈ જગ્યાએ કાર્યરત છે ? | (૨) |

| **ક્રમ** | **કંપનીનું નામ** | **સી.એન.જી.** | **સંખ્યા** |
|---|---|---|---|

| | | સ્ટેશનની જગ્યા/ શહેર | |
|---|---|---|---|
| ૧. | સાબરમતી ગેસ કંપની | (૧) ગાંધીનગર | ૧ |
| | | (૨) મહેસાણા | ૧ |
| | | (૩) હિંમતનગર | ૧ |
| | | કુલ ..... | ૩ |
| ૨. | મે. અદાણી એનર્જી લી. | (૧) અમદાવાદ | ૪૬ |
| | | (૨) વડોદરા | ૫ |
| | | કુલ ...... | ૫૧ |
| ૩. | મે. હિન્દુસ્તાન પેટ્રો. | (૧) અમદાવાદ | ૧૦ |
| | | કુલ ... | |
| ૪. | ગુજરાત ગેસ કંપની લી. | (૧) સુરત | ૨૧ |
| | | (૨) અંક્લેશ્વર | ૨ |
| | | (૩) ભરુચ | ૧ |
| | | (૪) કિમ | ૧ |
| | | (૫) બારડોલી | ૧ |
| | | કુલ ...... | ૨૬ |
| ૫. | જી.એસ.પી.સી. ગેસ કંપની | (૧) વાપી | ૧ |
| | | (૨) હજીરા | ૧ |
| | | (૩) રાયસણ-ગાંધીનગર | ૧ |
| | | (૪) સેકટર-૨૧ ગાંધીનગર | ૧ |
| | | (૫) સેકટર-૧૧ ગાંધીનગર | ૧ |
| | | (૬) કલોલ | ૧ |
| | | (૭) બામણબોર | ૧ |
| | | (૮) રાજકોટ | ૫ |
| | | (૯) નવસારી | ૨ |
| | | કુલ ...... | ૧૪ |
| ૬. | મે. ગેઈલ ઈન્ડિયા લી. | (૧) વડોદરા | ૨ |
| | | કુલ ... | ૨ |

----------

**ઈ-ગવર્નન્સ ક્ષેત્રે મેળવેલ સિધ્ધિઓ**

૧૫૬૯ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઈ-ગવર્નન્સ ક્ષેત્રે રાજ્ય સરકારે કઈ કઈ સિધ્ધિઓ મેળવી છે, અને | (૧) સામેલ પત્રક મુજબ |

**પત્રક**
**ઈ-ગવર્નન્સ ક્ષેત્રે રાજ્ય સરકાર ધ્વારા મેળવેલ સિધ્ધિઓ**

| ક્રમ | પ્રોજેક્ટનું નામ | મેળવેલ સિધ્ધિ | સિધ્ધિ મેળવ્યાનું વર્ષ સમયગાળો/તારીખ |
|---|---|---|---|
| ૧ | ઇ-ગવર્નન્સ | ઇ-ગવર્નન્સ રાજ્ય.<br>બેંગલોર આઇટી કોમ માહિતી અને તંત્રજ્ઞાન પ્રોત્સાહક પુરસ્કાર. | ૨૦૦૧ |
| ૨ | ઇ-ગવર્નન્સ | ઇ-ગવર્નન્સ રાજ્ય.<br>બેંગલોર આઇટી કોમ માહિતી અને તંત્રજ્ઞાન પ્રોત્સાહક પુરસ્કાર. | ૨૦૦૨ |
| ૩ | ઇ-ગવર્નન્સ (માહિતી શક્તિ પ્રોજેક્ટ) | નાગરીક લક્ષી ઉત્તમ પ્રકલ્પ | ૨૦૦૨ |
| ૪ | ઇ-ગવર્નન્સ | શ્રેષ્ઠ વેબ સાઇટ (ગુજરાત ઇન્ડિયા પોર્ટલ) | ૨૦૦૩ |
| ૫ | ઇ-ગવર્નન્સ | શ્રેષ્ઠ વેબ સાઇટ (વડોદરા જિલ્લામાં વન ડે ગવર્નન્સ) | ૨૦૦૩ |
| ૬ | ઇ-ગવર્નન્સ | સ્વાગત | ૨૦૦૩ |
| ૭ | ઇ-ગવર્નન્સ | ઇ-ગવર્નન્સ રાજ્ય. રનર-અપ.<br>બેંગલોર આઇટી કોમ માહિતી અને તંત્રજ્ઞાન પ્રોત્સાહક પુરસ્કાર. | ૨૦૦૪ |
| ૮ | ઇ-ગવર્નન્સ | ઇ-ગવર્નન્સ રાજ્ય-શ્રેષ્ઠ નાગરીક સુવિધા માટે | ૨૦૦૫ |
| ૯ | ઇ-ગવર્નન્સ | સેવા સ્ફૂરીતા. ક્લેક્ટરશ્રી, અમદાવાદની ક્ચેરી | ૨૦૦૫ |
| ૧૦ | ઇ-ગવર્નન્સ | ટેક્નોલોજી ક્ષેત્રે | ૨૦૦૫ |
| ૧૧ | ઇ-ગવર્નન્સ | મંથન પારિતોષિક (સ્વાગત-ખાસ ઉલ્લેખ) | ૨૦૦૫ |
| ૧૨ | ઇ-ગવર્નન્સ | વહીવટી તંત્રમાં આઇટી પધ્ધતિને અપનાવવી. રનર-અપ | ૨૦૦૫ |
| ૧૩ | ઇ-ગવર્નન્સ | ઇ-ગવર્નન્સ શ્રેષ્ઠ રાજ્ય | ૨૦૦૬ |
| ૧૪ | ઇ-ગવર્નન્સ | ઇ-ગવર્નન્સ શ્રેષ્ઠ રાજ્ય-પ્રથમ રનર-અપ | ૨૦૦૬ |
| ૧૫ | ઇ-ગવર્નન્સ | માઇક્રોસોફ્ટ સ્કોચ ઇ-ગવર્નન્સ એવોર્ડ.<br>સ્વાગત. ૩૩ શ્રેષ્ઠ ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટમાં સ્થાન મળેલ છે. | ૨૦૦૬ |
| ૧૬ | ઇ-ગવર્નન્સ | માઇક્રોસોફ્ટ સ્કોચ ઇ-ગવર્નન્સ એવોર્ડ.<br>ઇ-ધરાને ૧૦ શ્રેષ્ઠ ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટમાં સ્થાન મળેલ છે. | ૨૦૦૬ |
| ૧૭ | ઇ-ગવર્નન્સ | ઇ-ગવર્નન્સ રાજ્ય-શ્રેષ્ઠ નાગરીક સુવિધા માટે | ૨૦૦૬ |
| ૧૮ | ઇ-ગવર્નન્સ | ઇ-ધરા-શ્રેષ્ઠ ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ. દ્વિતિય રનર-અપ. | ૨૦૦૬ |
| ૧૯ | ઇ-ગવર્નન્સ | ઇલેક્ટ્રોનીક એન્ડ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્સ્પોઝીશન-૨૦૦૭.<br>શ્રેષ્ઠ ઇ-ગવર્નન્સ રાજ્ય. | ૨૦૦૭ |
| ૨૦ | ઇ-ગવર્નન્સ (કોલેજ ટુ કેરીયર પ્રોગ્રામ) | મંથન એવોર્ડ ૨૦૦૭ | ૨૧-૨૨/૯/૨૦૦૭ |
| ૨૧ | ઇ-ગવર્નન્સ | કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઇન્ડીયા ૨૦૦૬-૦૭.<br>શ્રેષ્ઠ ઇ-ગવર્નન્સ રાજ્ય. | ૦૧/૧૨/૨૦૦૭ |
| ૨૨ | ઇ-ગવર્નન્સ | કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઇન્ડીયા ૨૦૦૬-૦૭.<br>હેલ્થ મેનેજમેન્ટ ઇન્ફોર્મેશન સીસ્ટમ,<br>(બેસ્ટ ઇ-ગવર્નન્સ ડીપાર્ટમેન્ટ)<br>જોઇન્ટ વીનર ડીપાર્ટમેન્ટ ઓફ ઇલેક્ટ્રીસીટી, લક્ષદ્વીપ. | ૦૧/૧૨/૨૦૦૭ |
| ૨૩ | ઇ-ગવર્નન્સ | કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઇન્ડીયા ૨૦૦૬-૦૭.<br>ઇ-પ્રોક્યોરમેન્ટ, ગુજરાત<br>(બેસ્ટ ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ-જીટુબી)<br>જોઇન્ટ વીનર વીથ વેટ ગુજરાત. | ૦૧/૧૨/૨૦૦૭ |

| ક્રમ | પ્રોજેક્ટનું નામ | મેળવેલ સિધ્ધિ | સિધ્ધિ મેળવ્યાનું વર્ષ સમયગાળો/તારીખ |
|---|---|---|---|
| ૨૪ | ઇ-ગવર્નન્સ | કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઇન્ડીયા ૨૦૦૬-૦૭. વેટ. ગુજરાત (બેસ્ટ ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ-જીટુબી) જોઇન્ટ વીનર વીથ ઇ-પ્રોક્યોરમેન્ટ, ગુજરાત. | ૦૧/૧૨/૨૦૦૭ |
| ૨૫ | ઇ-ગવર્નન્સ | ગવર્નમેન્ટ ટેક્નોલોજી એવોર્ડ ફોર કનેક્ટેડ ગવર્નમેન્ટ (પબ્લીક સેક્ટર ટેક્નોલોજી મેગેઝીન, સિંગાપોર ધ્વારા) | ૨૫/૧૦/૨૦૦૭ |
| ૨૬ | ઇ-ગવર્નન્સ | રાષ્ટ્રીય ઇ-ગવર્નન્સ એક્સલન્સ એવોર્ડ વેટ ઇન્ફોર્મેશન સીસ્ટમ, સીલ્વર આઇકન એવોર્ડ (એક્સલન્સ ઇન ગવર્નમેન્ટ પ્રોસેસ રી-એન્જીનીયરીંગ). | ૦૭/૦૮/૨/૨૦૦૮ |

(૨) આ અન્વયે ક્યા ક્યા પ્રોજેક્ટો હાથ ધરવામાં આવે છે ?

(૨) ઈ-ગવર્નન્સ ક્ષેત્રે નીચે દર્શાવ્યાનુસારના પ્રોજેક્ટો હાથ ધરવામાં આવે છે.

૧. ઈ-ધરા
૨. ઈ-નગરપાલિકા
૩. વન ડે ગવર્નન્સ
૪. ગુજરાત ઈન્ડીયા પોર્ટલ
૫. સ્વાગત
૬. ઈ-પ્રોક્યોરમેન્ટ
૭. હેલ્થ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સીસ્ટમ
૮. વેટ ઈન્ફોર્મેશન સીસ્ટમ
૯. સીટી સીવીક સેન્ટર
૧૦ ઈન્ટીગ્રેટેડ ફાઈનાન્સ મેનેજમેન્ટ સીસ્ટમ
૧૧. ઈ-સ્ટેમ્પીંગ
૧૨. ઈ-ગ્રામ
૧૩. હોમ ડીપાર્ટમેન્ટ ઈન્ટીગ્રેટેડ આટી સોલ્યુશન
૧૪. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઈ-ગવર્નન્સ
૧૫. સોઈલ હેલ્થ કાર્ડ પ્રોજેક્ટ

----------

## રાજ્યની વીજ કંપનીને વીજ ક્ષેત્રે મળેલ એવોર્ડ

૧૭૪૦ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારની કોઈ વિજ કંપનીને ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં વિજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી બદલ કેન્દ્ર સરકાર તરફથી કોઈ એવોર્ડ મળેલ છે કે કેમ, અને

(૨) જો હા તો ક્યારે ?

**જવાબ**

(૧) અને (૨)

હા,જી. રાજ્ય સરકારની ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડની સંલગ કંપની ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, ને કેન્દ્ર સરકારના મીનીસ્ટ્રી ઓફ પાવર દ્વારા ""નેશનલ એવોર્ડ ફોર પાવર યુટીલીટીઝ મેરિટોરીયસ પરફોર્મન્સ"" વર્ષ ૨૦૦૫-૦૬ માટેનો ""બ્રોન્ઝ શીલ્ડ"" મળેલ છે.

----------

## રાજ્યમાં મોટા શહેરોમાં આઈ.ટી.પાર્કની સ્થાપના

૧૭૨૨ **શ્રી કિશોર વાંકાવાલા (સુરત શહેર (પશ્ચિમ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ગાંધીનગર/અમદાવાદ સિવાયના

**જવાબ**

(૧) હા જી.

અન્ય મોટા શહેરોમાં આઈ.ટી. પાર્ક સ્થાપવાની રાજ્ય સરકારની કોઈ યોજના છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

(૨) રાજ્ય સરકારે નીચે મુજબના શહેરોમાં ખાનગી ક્ષેત્રના/ સોફ્ટવેર ટેક્નોલોજી પાર્ક ઓફ ઇન્ડીયા સંસ્થાનો સહકાર મેળવી આઇટી પાર્ક સ્થાપવા આયોજન કરેલ છે.
-વડોદરા
-સુરત
-રાજકોટ
-ભાવનગર
-જામનગર

----------

**નેનો ટેક્નોલોજીના વિષયને પ્રોત્સાહન**

૧૭૧૪ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નેનો ટેક્નોલોજી જેવા અદ્યતન વિષયને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારે કોઈ આયોજન કરેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં કેટલા પ્રોજેકટો મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૫ (પાંચ). |
| (૩) આ યોજનામાં કુલ કેટલી રકમ ફાળવી છે ? | (૩) રૂપિયા ૨૨૪.૭૦ લાખ |

----------

**શાળાએ જતી કન્યાઓને વિના મુલ્યે મુસાફરી**

૧૧૬૪ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે ગ્રામીણ વિસ્તારની શાળાએ જતી કન્યાઓ માટે એસ. ટી. બસમાં વિના મુલ્યે પ્રવાસ કરવાની મંજૂરી આપેલી છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ જાહેરાત થી તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં રાજ્ય સરકારે એસ. ટી. તંત્રને તે અન્વયે કેટલી રકમ ચુકવી ? | (૨) તા.૩૧-૧૨-૦૭ સુધીમાં રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને કોઇ રકમ ચૂક્વેલ નથી પરંતુ , ૨૦૦૭-૦૮ના અંદાજપત્રના સુધારેલ અંદાજપત્રમાં રૂા.૫.૬૨ કરોડની જોગવાઇ સુચવવામાં આવેલ છે. |

----------

**વીજ મીટર ટેસ્ટીંગ લેબોરેટરી અંગે**

૩૫૭ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રવર્તમાન વીજળીના કાયદા મુજબ રાજ્ય સરકારની મીટર ટેસ્ટીંગ લેબોરેટરી કઈ છે અને તે ક્યાં આવેલ છે, અને | (૧) ઇલેક્ટ્રીસીટી એક્ટ,૨૦૦૩ હેઠળ રાજ્ય સરકારે મીટર ટેસ્ટીંગ લેબોરેટરી સ્થાપવાની જોગવાઈ નથી અને સરકારે આવી કોઇ લેબોરેટરી સ્થાપેલ પણ નથી. |
| (૨) અમદાવાદ શહેરમાં વીજળી પૂરી પાડનાર ટોરેન્ટ એ.ઈ.સી. લી. ના ગ્રાહકોના મીટરનું ટેસ્ટીંગ તેમજ ચેકીંગ કઈ લેબોરેટરીમાં થાય છે ? | (૨) નેશનલ એક્રીડીટેશન બોર્ડ ફોર ટેસ્ટીંગ એન્ડ કેલીબ્રેશન લેબોરેટ્રીઝ દ્વારા પ્રમાણિત ટોરેન્ટ પાવર લી., અમદાવાદની નારણપુરા, અમદાવાદ ખાતેની લેબોરેટરીમાં મીટર ટેસ્ટ કરવામાં આવે છે. |

----------

## પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં અપાતું પ્રશિક્ષણ

૧૭૫૦ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સ્થપાયેલ પેટ્રોલીયમ યુનિવર્સિટીમાં કોઈ ચોક્કસ શાખાનું પ્રશિક્ષણ અપાઈ રહેલ છે, અને

(૨) હાલમાં કેટલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટીમાં શિક્ષણ પ્રાપ્ત કરે છે?

**જવાબ**

(૧) પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં
૧. બેચલર ઓફ ટેક્નોલોજી
૨. માસ્ટર ઓફ ટેક્નોલોજી તથા
૩. પી.એચ.ડી. કક્ષાનું પ્રશિક્ષણ તેમજ
૪. પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઇન પેટ્રોલિયમ મેનેજમેન્ટનું
પ્રશિક્ષણ અપાઇ રહેલ છે.

(૨) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં પ્રશિક્ષણ પ્રાપ્ત કરે છે.

| **ક્રમ** | **ઇન્સ્ટીટયુટ ઓફ પેટ્રોલિયમ ટેક્નોલોજી** | **વિદ્યાર્થીઓની સંખ્યા** |
|---|---|---|
| (૧) | બી.ટેક | ૨૩૩ |
| (૨) | એમ.ટેક | ૦૦૯ |
| (૩) | પી.એચ.ડી. | ૦૦૪ |
| | **ઇન્સ્ટીટયુટ ઓફ પેટ્રોલિયમ મેનેજમેન્ટ** | |
| (૧) | ડિપ્લોમા (પ્રથમ વર્ષ) | ૬૦ |
| (૨) | ડિપ્લોમા (દ્વિતીય વર્ષ) | ૫૯ |
| | **કુલ :** | **૩૬૫** |

----------

## વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં કોર્ટનું બાંધકામ

૧૮૬૪ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં રાજ્યના મુખ્ય-ન્યાયાધીશ દ્વારા કોર્ટનું ખાત મુહૂર્ત કરેલ તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ આ કોર્ટનું બાંધકામ ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કોર્ટનું બાંધકામ શરૂ થયેલ નથી.

----------

## અમરેલી જિલ્લાને ખેતીવાડી માટે નર્મદાનું પાણી આપવા અંગે

૧૮૬૬ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાને ખેતીવાડી માટે નર્મદાનું પાણી આપવાની યોજના સરકાર દ્વારા કોઈ વિચારવામાં આવેલ છે કે નહીં, અને

(૨) જો હા, તો આ યોજનાની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવશે અને કેટલા સમય સુધીમાં ખેડૂતોને પાણી પહોંચાડવામાં આવશે?

**જવાબ**

(૧) નર્મદા જળ વિવાદ ટ્રિબ્યુનલ દ્વારા ફાળવવામાં આવેલ ૯૦ લાખ એકર ફીટના પાણીમાંથી અમરેલી જિલ્લાને નર્મદાનું પાણી આપવાનું આયોજન નથી. નર્મદા નદીના પુરના વધારાના પાણીમાંથી ૧૦ લાખ એકર ફીટ પાણી સોરાષ્ટ્ર વિસ્તાર માટે ફાળવવામાં આવ્યું છે. આ વધારાના પાણીમાંથી અમરેલી જિલ્લાના જળાશયોમાં પાણી ભરવાની શક્યતાઓ અભ્યાસ હેઠળ છે.

(૨) પૂરના વધારાના પાણીના વપરાશનો તાંત્રિક શક્યતા અને વિકલ્પો દર્શાવતો અભ્યાસ કરવામાં આવી રહયો છે. આ અભ્યાસ પૂર્ણ થયા બાદ આર્થિક અને તાંત્રિક પાસાઓ ધ્યાને લઇને વધારાના ૧૦ લાખ એકર ફીટ પાણીના ઉપયોગનું આયોજન કરવામાં આવશે.

----------

**બેટ દ્વારકામાં સતત વીજ પુરવઠાનું આયોજન**

૧૭૦૬ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ જામનગર જિલ્લાના બેટ દ્વારકા વિસ્તારમાં સતત વીજ પુરવઠો આપવા સારૂ રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) તે માટેનો કુલ ખર્ચ કેટલો થયો કે થશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૦૮ની સ્થિતિએ જામનગર જિલ્લાનાં બેટ દ્વારકા વિસ્તારમાં દરિયામાં મરીન કેબલ પાથરી તે દ્વારા સતત વીજ પુરવઠો આપવામાં આવે છે.

(૨) તે માટે કુલ ખર્ચ અંદાજિત રૂા. ૬.૪૮ કરોડ થયેલ છે.

----------

**જીઓ-ઈન્ફોર્મેટિક ટેકનોલોજી અંગે સરકારનું આયોજન**

૧૫૭૩ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (રખિયાલ) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં જીઓ-ઈર્ન્ફોમેટિક જેવી ટેક્નોલોજી માટે માનવબળ તૈયાર કરવાનું રાજ્ય સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

રાજ્ય સરકાર દ્વારા ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટયુટ ઓફ સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ-ઇર્ન્ફોમેટીક્સ (બાઇસેગ)ની સ્વાયત્ત સંસ્થા તરીકે રચના કરવામાં આવેલ છે જેમાં,

(૧) એમ. ટેક., પી.એચ.ડી.ના અભ્યાસક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

(૨) જીઓ-ઇર્ન્ફોમેટીક્સ ટેકનોલોજી (જી.આઇ.એસ.) ના સર્ટીફીકેટ કોર્ષને શરૂ કરવાનું આયોજન કરેલ છે.

(૩) સરકારી અધિકારીશ્રીઓને તાલીમ આપવામાં આવે છે.

----------

**બનાસકાંઠા જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુનાઓ**

૧૦૭૨ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ધાડ, લૂંટ અને ખૂન અંગેના કેટલા કિસ્સાઓ બનેલ છે, અને

(૨) આ પૈકી કેટલા કિસ્સાઓમાં ગુનેગારો પકડાયા અને આવા બનાવો બનતા અટકાવવા લીધેલાં પગલાંઓની વિગતો શું છે?

**જવાબ**

(૧)

| કિસ્સા | નોંધાયેલ કેસો |
|---|---|
| ધાડ | ૧૨ |
| લૂંટ | ૫૯ |
| ખૂન | ૮૭ |

(૨)

| કિસ્સા | પકડાયેલા ગુનેગારો |
|---|---|
| ધાડ | ૪૭ |
| લૂંટ | ૭૧ |
| ખૂન | ૧૪૨ |

- ધાડ અને લૂંટ માટે જાણીતા ગુનેગારોની માહિતી સંબંધિત પોલીસ સ્ટેશનના રેકોર્ડ ઉપરથી મેળવી તેની પ્રવૃત્તિ ઉપર વોચ રાખવામાં આવે છે, તેમજ આવી મોડસ ઓપરેન્ડી ધરાવતા ગુનેગારો જેલમાંથી છૂટે ત્યારે તેઓના રહેણાંક અને તેઓના સાગરીતો ઉપર ખાનગી વોચ રાખવામાં આવે છે.

- ધાડ અને લૂંટના કિસ્સાઓ અટકાવવા માટે જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારો નક્કી કરી ત્યાં પોલીસ મારફતે સઘન ચેકીંગ કરવામાં આવે છે. આવા ગુનેગારો મોટા ભાગે વાહનોનો ઉપયોગ કરતા હોવાથી અગત્યના માર્ગો પર પોલીસ ચેક પોસ્ટ ઉભી કરી વાહનોની ચકાસણી કરવામાં આવે છે.

- છેવાડાના વિસ્તારોમાં અશ્વદળ અને ઉંટદળ પોલીસ દ્વારા પેટ્રોલીંગ કરવામાં આવે છે.
- ખૂનના કેસો અટકાવવા માટે અંગત અદાવત અને વેરઝેરને લગતી અરજીઓ ઉપર યોગ્ય અટકાયતી પગલાં લેવામાં આવે છે.

----------

**પ્રચાર અને પ્રસારણ માટે વિભાગવાર થયેલ ખર્ચ**

૧૧૫૯ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૧ જાન્યુઆરી, ૨૦૦૭ થી તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૦૭ સુધીમાં સરકાર દ્વારા વિભાગવાર પ્રચાર-પ્રસાર માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

| **પ્રચાર-પ્રસાર વિભાગ** | | **કુલ ખર્ચ (રૂા. લાખમાં)** |
|---|---|---|
| જાહેરાત | - | ૫,૩૩,૨૯,૦૦૦/- |
| હોર્ડીંગ્સ | - | ૧,૧૭,૪૯,૦૦૦/- |
| ફિલ્મ નિર્માણ | - | ૧,૬૩,૩૨,૨૦૭/- |
| પ્રદર્શન કેન્દ્રો | - | ૧૯,૭૫,૩૩૨/- |
| ઇલેકટ્રોનિક મીડીયા | - | ૫,૫૬,૩૭૨/- |
| પ્રકાશન | - | ૬,૬૦,૯૯,૩૨૩/- |

-

----------

**મીઠાની નિકાસ માટે બંદરીય સવલતો**

૧૭૩૧ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના માળીયા-મીયાણા વિસ્તારમાં મીઠાના નિકાસ માટે સરકાર દ્વારા કોઈ બંદરીય સવલતો પુરી પાડવાનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજકોટ જિલ્લાના માળીયા-મીયાણા તાલુકાના બગસરા વિસ્તારમાં મીઠાની નિકાસ માટે જેટી બનાવવાનું આયોજન છે.

----------

**સાવલી તાલુકાની જાવલા બ્રાંચ કેનાલમાં ગેરરીતિ અંગે મળેલ ફરિયાદો**

૧૧૬૭ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં આવતી કેનાલ ૧૧-એ/૧ માં જાવલા બ્રાન્ચ માઈનોરમાં તથા સબમાઈનોરમાં વ્યાપક ગેરરીતિઓ થઈ છે તેવી કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સરકારને મળી, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે સરકારે શા પગલાંઓ લીધા?

**જવાબ**

(૧) કુલ-૭ ફરિયાદો મળી છે.

(૨) સાવલી તાલુકાની જાવલા બ્રાન્ચ માઇનોરમાં ગેરરીતિ અંગે પ્રમુખશ્રી માઇનોર નર્મદા પિયત સહકારી મંડળી જાવલા તરફથી ૭ ફરિયાદો અંગે નીચે મુજબના પગલાઓ લેવામાં આવેલ છે.

| **અ.નં.** | **ફરિયાદ** | **તારીખ** | **શા પગલાં લીધા ?** |
|---|---|---|---|
| ૧ | જાવલા માઇનોરનું બાકી કામ પૂર્ણ કરવા બાબત. | ૧૮-૧૨-૦૬ | ઇજારદારશ્રી દ્વારા સદર કામ પૂર્ણ કરાવવામાં આવેલ છે અને જરૂરી મરામતની કામગીરી |

| અ.નં. | ફરિયાદ | તારીખ | શા પગલાં લીધા ? |
|---|---|---|---|
| | | | પૂર્ણ કરવામાં આવેલ છે. |
| ૨ | જાવલા માઇનોર સિંચાઇનું બાંધકામ ખૂબ જ હલકી કક્ષાનું થવા બાબત. | ૯-૨-૦૭ | સદર કામ મંડળીને સોંપવાની રૂબરૂમાં ચર્ચા તા. ૨૦-૨-૦૭ના રોજ કરવામાં આવેલ પરંતુ તે કામગીરી ઇજારદારશ્રી દ્વારા પૂરી કરાવવામાં આવેલ છે. |
| ૩ | જાવલા માઇનોરમાંથી અમુક વિસ્તારને પાણી મળવા બાબત. | તારીખ વગરની અરજી | સદર રજુઆતને ધ્યાને લઇ તે વિસ્તારને પાણી પહોંચાડી શકાય તેમ હોઇ તેના માટે વધારાના સબ માઇનોરની કામગીરી પિયત મંડળી દ્વારા કરાવી લઇ તે વિસ્તારમાં સિંચાઇ ચાલુ કરી દેવામાં આવેલ છે. |
| ૪ | જાવલા માઇનોર, બ્રાન્ચ માઇનોર તેમજ સબ માઇનોર કેનાલનું બાંધકામ નિયમ મુજબ ન થવા બાબત. | ૯-૪-૦૭ | મંડળીના પ્રમુખશ્રીની રજુઆતને ધ્યાને લઇ વી.એસ.એ.માં સ્થળ તપાસ કરી સુધારા વધારા કરી જેમકે ગાડા વાટના રસ્તાના ક્રોસીંગ ટેન્ડરમાં ન હતાં તેમ છતાં ૯ ગાડા વાટ ક્રોસીંગ બનાવી આપેલ છે. |
| ૫ | ખરાબ ગુણવત્તા અને ઓછી ગુણવત્તાનું કામ કરવા બાબતે પ્રમુખશ્રીના તા. ૧૮-૧૨-૦૬, તા. ૯-૨-૦૭ તથા તા. ૯-૪-૦૭ના પત્રો અન્વયે તપાસ કરવાનો રસ દાખવેલ નથી અને જવાબ પણ આપેલ નથી. | ૧-૭-૦૭ | પ્રસ્તુત રજુઆતો અન્વયે તા. ૨૧-૧૨-૦૬, તા. ૨૦-૨-૦૭ અને તા. ૨૪-૪-૦૭ના પત્રોથી જરૂરી પ્રત્યુત્તર પાઠવેલ છે. રજુઆત પરત્વે તપાસ હાથ ધરવામાં આવેલ છે. |
| ૬ | જાવલા માઇનોર વી.એસ.એ.ની નહેરોના મરામતના કામ. | તારીખ વગરની અરજી | સદર રજુઆત કરવામાં આવેલ પરંતુ ઇજારદારશ્રી દ્વારા જ જે કોઇ મરામતની કામગીરી હતી તે કરાવી લેવામાં આવેલ છે. |
| ૭ | ઇજારદાર દ્વારા કામમાં ગેરરીતી થવા બાબત. | ૧૫-૧૧-૦૭ | પ્રસ્તુત બાબતની તપાસ પ્રક્રીયા ચાલુ છે. હકીકતલક્ષી અહેવાલ મળ્યા બાદ ઘટિત કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

----------

**મુખ્યમંત્રી સહિત મંત્રીઓએ કરેલ સરકારી હેલીકોપ્ટર મારફત મુસાફરી**

૧૮૭૦ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એપ્રિલ-૨૦૦૭ થી ઓકટોબર-૨૦૦૭ દરમ્યાન રાજ્યના મુખ્યમંત્રી અને પ્રધાનમંડળના મંત્રીશ્રીઓએ સરકારી હેલીકોપ્ટર-વિમાન મારફતે ક્યા ક્યા કામો માટે ઉડ્ડયનો કોણે કોણે કેટલી વખત કર્યા, અને

**જવાબ**

(૧) એપ્રિલ-૨૦૦૭ થી ઓકટોબર-૨૦૦૭ દરમ્યાન રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી અને પ્રધાનમંડળના મંત્રીશ્રીઓએ સરકારી હેલીકોપ્ટર તેમજ વિમાન ઉડ્ડયન જુદાજુદા સરકારી કામકાજો માટે કરેલ છે. જેની માહિતી આ સાથેના પત્રક-અમાં આપેલ છે.

**પત્રક - અ**

એપ્રિલ-૨૦૦૭ થી ઓકટોબર-૨૦૦૭ દરમ્યાન રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી અને પ્રધાનમંડળના મંત્રીશ્રીઓએ સરકારી હેલીકોપ્ટર અને વિમાનમાં કરેલ ઉડ્ડયનોની વિગતો દર્શાવતું પત્રક.

| ઉડ્ડયનની વિગત | હેલીકોપ્ટર | વિમાન |
|---|---|---|
| માનનીય મુખ્યમંત્રીશ્રી | ૩૩ | ૧૨ |
| માનનીય મંત્રીશ્રી આદિજાતિ વિકાસ, વન અને પર્યાવરણ | --- | ૦૧ |
| માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા | ૦૧ | --- |
| માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ | --- | ૦૧ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો?

(૨) કુલ રૂા. ૧૬,૯૩,૮૪૧/- (અંકે રૂપિયા સોળ લાખ ત્રાણું હજાર આઠસો એકતાલીસ પુરા)

----------

**ખંભાત બંદર બનાવવા અંગે**

૧૬૪૯ **શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ખંભાત ખાતે ક્યાં સુધીમાં ખંભાત બંદરનું કામ ચાલુ કરવામાં આવશે ? | ખંભાત ખાતે બંદરના વિકાસ માટે વિકાસકારની પસંદગી કરવામાં આવેલ છે અને વિકાસકારને આપવામાં આવેલ ઈરાદાપત્રની જોગવાઈઓ અનુસાર વિકાસકાર કંપની ધ્વારા જરૂરી મંજૂરીઓ મેળવ્યા બાદ બંદરનું કામ શરૂ કરવામાં આવશે. |

----------

**દૂરદર્શન ઉપર પ્રસારિત થતી શ્રેણીઓ અંગે**

૧૭૩૫ **શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ (હિંમતનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| માહિતી ખાતા દ્વારા દૂરદર્શન ઉપર પ્રસારિત થતી "ઝરૂખો" ઉપરાંતની "પરિવર્તન" તેમજ "યશગાથા ગુજરાતની" જેવી લોકપ્રિય શ્રેણીઓ કેમ બંધ કરાઇ છે ? | માહિતી કમિશ્નરશ્રીની ક્ચેરી ધ્વારા નિર્મિત "ઝરૂખો" સિવાયની લોકપ્રિય શ્રેણીઓ "પરિવર્તન", "યશગાથા ગુજરાતની" અને "વિકાસ વિશેષ"નું પ્રસારણ દૂરદર્શન ધ્વારા અટકાવી દીધેલ હોઈ, બંધ કરાઈ છે. |

----------

**સમી અને હારીજ તાલુકાના પોલીસ સ્ટેશનો**

૧૪૫૫ **શ્રી ભાવસિંહ રાઠોડ (સમી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લાનાં સમી અને હારીજ તાલુકામાં કેટલા પોલીસ સ્ટેશન અને આઉટ પોષ્ટ આવેલા છે, | (૧) સમી તાલુકામાં એક પોલીસ સ્ટેશન અને ચાર આઉટ પોસ્ટ તથા હારીજ તાલુકામાં એક પોલીસ સ્ટેશન અને એક આઉટ પોસ્ટ આવેલા છે. |
| (૨) આઉટ પોષ્ટના મકાનો નવા બનાવવાના બાકી છે એ વાત સાચી છે, અને | (૨) શંખેશ્વર, લોલાડા તથા દુનાવાડા આઉટ પોષ્ટના મકાનો બનાવવાના બાકી છે. |
| (૩) જો હા, તો ક્યા ક્યા આઉટ પોષ્ટ બનાવવાની દરખાસ્ત સરકાર કક્ષાએ પડતર છે ? | (૩) શંખેશ્વર તથા લોલાડા આઉટ પોષ્ટના નવા મકાન બનાવવાના કામ માટે પ્રાયોરીટી આપવામાં આવેલ છે. જે બનાવવાનું કામ પોલીસ આવાસ નિગમ લી. ગાંધીનગર ધ્વારા હાથ ધરાયેલ છે.<br>દુનાવાડા આઉટ પોષ્ટનું મકાન જુનું હોવાથી તોડીને તે જ્યાએ નવીન મકાન બનાવવા સારૂ વર્ષ ૨૦૦૮-૦૯ની અગ્રતા યાદીમાં કામનો સમાવેશ કરવાની દરખાસ્ત ચકાસણી હેઠળ છે. |

----------

**માણસોની ગેરકાયદેસર હેરફેર કરતા વાહનોને નિયમિત કરવા અંગે**

૧૦૬૭ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| માણસોની ગેરકાયદેસર હેરફેર કરતા વાહનોને રાજ્ય સરકાર ટેક્ષ લઇ નિયમિત કરવા માગે છે કે કેમ ? | ના, જી. |

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક ક્ષેત્રે સંશોધકોને પ્રોત્સાહન**

૧૭૨૯ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક ક્ષેત્રે સંશોધકોને પ્રોત્સાહન મળે તે માટે રાજ્ય સરકારની કોઇ | (૧) હા, જી. |

યોજના છે,

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૨) ""ડૉ. વિક્રમ સારાભાઈ એવોર્ડ"" આપવાની યોજના અંતર્ગત ઉદ્યોગ, ઉર્જા, પર્યાવરણ, ઈન્ફર્મેશન ટેક્નોલોજી અને બાયોટેક્નોલોજીના ક્ષેત્રોમાં દરેક ક્ષેત્રનો એક એવોર્ડ આપવામાં આવે છે. જેમાં રૂપિયા એક લાખ રોકડા, પ્રશસ્તિપત્ર તેમજ સ્મૃતિચિન્હ આપવામાં આવે છે.

(૩) તા. ૩૧-૧-૦૮ સુધીમાં કેટલા સંશોધકોને એવોર્ડ આપવામાં આવ્યા ?

(૩) ૨૫ (પચ્ચીસ)

----------

**ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજીના કાર્યક્રમો અંગે**

૧૭૧૬ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજીનો ગણિત વિજ્ઞાન પ્રશ્નોત્તરી કાર્યક્રમ શું છે,

**જવાબ**

(૧) ધોરણ ૮ થી ૧૦ના વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાન વિષયમાં મૂંઝવતા તેમજ અઘરા પ્રશ્નોના જવાબો સરળ અને રસાળ શૈલીમાં ઘરે બેઠા મળી શકે તે અંગેનો શૈક્ષણિક કાર્યક્રમ છે.

(૨) આ કાર્યક્રમનું પ્રસારણ કેવી રીતે થાય છે, અને

(૨) આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ દર બુધવારે ૧૫.૦૦ થી ૧૬.૩૦ કલાક દરમિયાન બાઈસેગ સ્ટુડિયો ગાંધીનગરથી ""ડી.ટી.એચ. એજ્યુસેટ"" ના માધ્યમથી કરવામાં આવે છે. અને તેનું પુનઃ પ્રસારણ દુરદર્શન-૧૧ ઉપરથી તે પછીના રવિવારે ૧૩.૦૦ થી ૧૪.૩૦ કલાક દરમિયાન કરવામાં આવે છે.

(૩) આ કાર્યક્રમનું વિદ્યાર્થીઓને કઇ રીતે ઉપયોગી છે ?

(૩) ધોરણ-૮ થી ૧૦ના વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાન વિષયમાં મૂંઝવતા અને અઘરા પ્રશ્નોના જવાબો સરળ અને રસાળ શૈલીમાં તેમજ જરૂર જણાય ત્યાં ગ્રાફીક્સ અને મલ્ટીમીડીયાનો ઉપયોગ કરીને વિષય નિષ્ણાંત દ્વારા ""ડી.ટી.એચ. એજ્યુસેટ"" નેટવર્કના માધ્યમથી આપવામાં આવે છે. અને વિદ્યાર્થીઓ ઘરે બેઠા શિક્ષણ મેળવી શકે છે.

----------

**ઇ-ગવર્નન્સ ક્ષેત્રે મેળવેલ સિધ્ધિઓ**

૧૭૩૦ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઇ-ગવર્નન્સ ક્ષેત્રે રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કોઇ સિધ્ધિઓ મેળવેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો ક્યા ક્યા પ્રોજેક્ટો માટે અને ક્યારે ક્યારે ?

(૨) સામેલ પત્રક મુજબ.

**પત્રક**

**ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટ હેઠળ તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ રાજ્ય સરકાર ધ્વારા મેળવેલ સિધ્ધિઓ**

| ક્રમ | પ્રોજેક્ટનું નામ | મેળવેલ સિધ્ધિ | સિધ્ધિ મેળવ્યાનું વર્ષ-સમયગાળો/તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ઈ-ગવર્નન્સ | ઈ-ગવર્નન્સ રાજ્ય બેંગ્લોર આઈટી કોમ માહિતી અને તંત્રજ્ઞાન પ્રોત્સાહક પુરસ્કાર. | ૨૦૦૧ |

| ક્રમ | પ્રોજેક્ટનું નામ | મેળવેલ સિધ્ધિ | સિધ્ધિ મેળવ્યાનું વર્ષ-સમયગાળો/તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૨ | ઈ-ગવર્નન્સ | ઈ-ગવર્નન્સ રાજ્ય<br>બેંગ્લોર આઈટી કોમ માહિતી અને તંત્રજ્ઞાન પ્રોત્સાહક પુરસ્કાર. | ૨૦૦૨ |
| ૩ | ઈ-ગવર્નન્સ (માહિતી શક્તિ પ્રોજેક્ટ) | નાગરીક લક્ષી ઉત્તમ પ્રકલ્પ | ૨૦૦૨ |
| ૪ | ઈ-ગવર્નન્સ | શ્રેષ્ઠ વેબસાઈટ (ગુજરાત ઈન્ડીયા પોર્ટલ) | ૨૦૦૩ |
| ૫ | ઈ-ગવર્નન્સ | શ્રેષ્ઠ વેબસાઈટ (વડોદરા જિલ્લામાં વન ડે ગવર્નન્સ) | ૨૦૦૩ |
| ૬ | ઈ-ગવર્નન્સ | સ્વાગત | ૨૦૦૩ |
| ૭ | ઈ-ગવર્નન્સ | ઈ-ગવર્નન્સ રાજ્ય.રનર-અપ<br>બેંગ્લોર આઈટી કોમ માહિતી અને તંત્રજ્ઞાન પ્રોત્સાહક પુરસ્કાર. | ૨૦૦૪ |
| ૮ | ઈ-ગવર્નન્સ | ઈ-ગવર્નન્સ રાજ્ય-શ્રેષ્ઠ નાગરીક સુવિધા માટે | ૨૦૦૫ |
| ૯ | ઈ-ગવર્નન્સ | સેવા સ્ફૂરીતા. ક્લેકટરશ્રી, અમદાવાદની ક્ચેરી | ૨૦૦૫ |
| ૧૦ | ઈ-ગવર્નન્સ | ટેક્નોલોજી ક્ષેત્રે | ૨૦૦૫ |
| ૧૧ | ઈ-ગવર્નન્સ | મંથન પારિતોષિક (સ્વાગત- ખાસ ઉલ્લેખ) | ૨૦૦૫ |
| ૧૨ | ઈ-ગવર્નન્સ | વહિવટી તંત્રમાં આઈટી પધ્ધતિને અપનાવવી. રનર-અપ | ૨૦૦૫ |
| ૧૩ | ઈ-ગવર્નન્સ | ઈ-ગવર્નન્સ શ્રેષ્ઠ રાજ્ય | ૨૦૦૬ |
| ૧૪ | ઈ-ગવર્નન્સ | ઈ-ગવર્નન્સ શ્રેષ્ઠ રાજ્ય-પ્રથમ રનર-અપ | ૨૦૦૬ |
| ૧૫ | ઈ-ગવર્નન્સ | માઈક્રોસોફ્ટ સ્કોચ ઈ-ગવર્નન્સ એવોર્ડ.<br>સ્વાગત. ૩૩ શ્રેષ્ઠ ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટમાં સ્થાન મળેલ છે. | ૨૦૦૬ |
| ૧૬ | ઈ-ગવર્નન્સ | માઈક્રોસોફ્ટ સ્કોચ ઈ-ગવર્નન્સ એવોર્ડ.<br>ઈ-ધરાને ૧૦ શ્રેષ્ઠ ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટમાં સ્થાન મળેલ છે. | ૨૦૦૬ |
| ૧૭ | ઈ-ગવર્નન્સ | ઈ-ગવર્નન્સ રાજ્ય, શ્રેષ્ઠ નાગરીક સુવિધા માટે | ૨૦૦૬ |
| ૧૮ | ઈ-ગવર્નન્સ | ઈ-ધરા- શ્રેષ્ઠ-ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટ. દ્વિતિય રનર-અપ | ૨૦૦૬ |
| ૧૯ | ઈ-ગવર્નન્સ | ઈલેક્ટ્રોનીક એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્સ્પોઝીશન-૨૦૦૭.<br>શ્રેષ્ઠ ઈ-ગવર્નન્સ રાજ્ય. | ૨૦૦૭ |
| ૨૦ | ઈ-ગવર્નન્સ (કોલેજ ટુ કેરીયર પ્રોગ્રામ) | મંથન એવોર્ડ ૨૦૦૭ | ૨૧-૨૨/૯/૨૦૦૭ |
| ૨૧ | ઈ-ગવર્નન્સ | કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડીયા ૨૦૦૬-૦૭.<br>શ્રેષ્ઠ ઈ-ગવર્નન્સ રાજ્ય. | ૧-૧૨-૨૦૦૭ |
| ૨૨ | ઈ-ગવર્નન્સ | કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડીયા ૨૦૦૬-૦૭.<br>હેલ્થ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સીસ્ટમ,<br>(બેસ્ટ ઈ-ગવર્નન્સ ડીપાર્ટમેન્ટ)<br>જોઈન્ટ વીનર ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રીસીટી, લક્ષદ્વીપ | ૧-૧૨-૨૦૦૭ |
| ૨૩ | ઈ-ગવર્નન્સ | કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડીયા ૨૦૦૬-૦૭.<br>ઈ-પ્રોક્યોરમેન્ટ, ગુજરાત.<br>(બેસ્ટ ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટ-જીટુબી)<br>જોઈન્ટ વીનર વીથ વેટ, ગુજરાત. | ૧-૧૨-૨૦૦૭ |
| ૨૪ | ઈ-ગવર્નન્સ | કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડીયા ૨૦૦૬-૦૭.<br>વેટ. ગુજરાત<br>(બેસ્ટ ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટ-જીટુબી)<br>જોઈન્ટ વીનર વીથ ઈ-પ્રોક્યોરમેન્ટ, ગુજરાત. | ૧-૧૨-૨૦૦૭ |
| ૨૫ | ઈ-ગવર્નન્સ | ગવર્નમેન્ટ ટેક્નોલોજી એવોર્ડ ફોર ક્નેક્ટેડ ગવર્નમેન્ટ<br>(પબ્લીક સેક્ટર ટેક્નોલોજી મેગેઝીન, સિંગાપોર ધ્વારા) | ૨૫-૧૦-૨૦૦૭ |
| ૨૬ | ઈ-ગવર્નન્સ | રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ એક્સલન્સ એવોર્ડ<br>વેટ ઈન્ફોર્મેશન સીસ્ટમ, સીલ્વર આઈક્ન એવોર્ડ<br>(એક્સલન્સ ઈન ગવર્નમેન્ટ પ્રોસેસ રી-એન્જીનીયરીંગ). | ૭, ૮-૨-૨૦૦૮ |

----------

**નોન-ટ્રાયબલ વિસ્તારમાં કૂવા વિજળીકરણ અંગે સહાય**

૧૫૭૯ **શ્રી માનસિંહ કો.ચૌહાણM#> (બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નોન-ટ્રાયબલ વિસ્તારોમાં કૂવા વીજળીકરણ માટે રાજ્ય સરકાર સહાય આપતી નથી તે હકિક્ત સાચી છે, અને

(૨) જો હા, તો રાજ્ય સરકારનું નોન-ટ્રાયબલ વિસ્તારોમાં કૂવા વિજળીકરણ માટે સહાય આપવાનું શું આયોજન છે અને તેનો કેટલા સમયમાં અમલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યના નોન-ટ્રાયબલ વિસ્તારમાં કૂવાના વિજળીકરણ માટે સહાય આપવાનું હાલમાં કોઈ આયોજન ન હોઈ, અમલનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, આવા વિસ્તારોમાં કેન્દ્ર સરકારની રૂરલ ઈલેક્ટ્રીફીકેશન કોર્પોરેશન, નવી દિલ્હી તેમજ અન્ય નાણાંકીય સંસ્થાઓ પાસેથી લોન સ્વરૂપે નાણાં મેળવીને કૂવાના વિજળીકરણની કામગીરી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડની સંલગ્ન વીજ વિતરણ કંપનીઓ દ્વારા કરવામાં આવે છે.

----------

**અમદાવાદ શહેરનું સંવર્ગવાર પોલીસ મહેકમ**

૧૩૭૨ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર, હકુમત હેઠળ તા. ૧-૧-૦૮ની સ્થિતિએ કુલ કેટલી નાયબ પોલીસ કમિશ્નર, આસિ. પોલીસ કમિશ્નર, પોલીસ ઇન્સ્પેક્ટર, પોલીસ સબ ઇન્સ્પેક્ટર, હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલોની કુલ કેટલી સંખ્યા છે,

(૨) ઉપરોક્ત જ્ગ્યાઓ પેકી કેટલી જ્ગ્યા ભરાયેલ છે અને કેટલી જ્ગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧) અને (૨)

| **સંવર્ગ** | **મંજૂર જ્ગ્યાઓ** | **ભરેલી જ્ગ્યાઓ** | **ખાલી જ્ગ્યાઓ** |
|---|---|---|---|
| નાયબ પોલીસ કમિશ્નર, | ૧૦ | ૦૬ | ૦૪ |
| મદદનીશ પોલીસ કમિશ્નર, | ૨૬ | ૨૦ | ૦૬ |
| પોલીસ ઈન્સ્પેક્ટર | ૧૧૫ | ૧૦૯ | ૦૬ |
| પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૬૨૯ | ૩૦૪ | ૩૨૫ |
| હેડ કોન્સ્ટેબલ | ૩૬૧૪ | ૨૯૩૦ | ૬૮૪ |
| પોલીસ કોન્સ્ટેબલ | ૭૨૨૧ | ૪૮૨૨ | ૨૩૯૯ |
| **કુલ** | **૧૧૬૧૫** | **૮૧૯૧** | **૩૪૨૪** |

**પ્રશ્ન**

(૩) ઉપરોક્ત જ્ગ્યાઓની મંજૂર જ્ગ્યાઓ કેટલી છે અને તે માટેના નોર્મ્સ છેલ્લે ક્યારે નક્કી કરવામાં આવેલ હતાં, અને

(૪) વધેલી ગુનાખોરી જોતાં મંજૂર જ્ગ્યા માટેના નોર્મ્સ સરકાર સુધારીને વધારે જ્ગ્યાઓ મંજૂર કરવા વિચારે છે કે કેમ ?

**જવાબ**

(૩) અને (૪)

મંજૂર જ્ગ્યાઓ ઉપર ખંડ-૧ મુજબ છે. જ્ગ્યાઓ મંજૂર કરવા માટે નોર્મ્સ એકમાત્ર ધોરણ અનુસરવાના બદલે જરૂરીયાત પ્રમાણે નવી જ્ગ્યાઓ / પોલીસ સ્ટેશન મંજૂર કરવામાં આવે છે. જાન્યુઆરી-૧૯૬૦માં નક્કી કરવામાં આવેલ નોર્મ્સ સુધારવાની પ્રક્રિયા પણ ચાલુ છે.

----------

## ખેડા જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુનાઓ

૧૬૬૦ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર બળાત્કાર, ખૂન, લૂંટ, ધાડના કેટલા બનાવો છેલ્લા એક વર્ષમાં પોલીસ દફ્તરે નોંધાયા, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| તાલુકો | બળાત્કાર | ખૂન | લૂંટ | ધાડ |
|---|---|---|---|---|
| નડીયાદ | ૨ | ૧૬ | ૨ | ૩ |
| માતર | ૨ | ૩ | - | - |
| ઠાસરા | - | ૫ | ૧ | - |
| ખેડા | ૨ | ૩ | ૩ | ૧ |
| મહેમદાવાદ | - | ૩ | - | - |
| મહુધા | - | ૧ | - | ૧ |
| કઠલાલ | ૨ | ૩ | ૨ | - |
| કપડવંજ | ૧ | ૫ | - | - |
| બાલાસિનોર | - | ૩ | - | - |
| વિરપુર | ૧ | ૧ | - | - |

(૨)

| | | | |
|---|---|---|---|
| ૨૬ | ૭૭ | ૮ | ૨૨ |

----------

## રાજ્યમાં નેનો ટેક્નોલોજીને પ્રોત્સાહન

૧૫૬૮ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નેનો ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા માટે સરકારનું શું આયોજન છે, અને

**એચ(બી)-૧૭૫૮-૨૨**

(૨) આ પેટે ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં કેટલી રકમ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) રાજ્યમાં નેનો ટેક્નોલોજી ક્ષેત્રમાં સંશોધન અને વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે પાંચ યુનિવર્સિટીઓમાં સેન્ટર ઓફ એક્સલન્સ ઉભા કરવામાં આવેલ છે.

(૨) રૂપિયા ૧૨.૭૫ લાખ.

----------

## રાજ્યમાં બિન પરંપરાગત સ્ત્રોતથી થયેલ વીજ ઉત્પાદન

૧૫૫૧ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં બીન પરંપરાગત સ્ત્રોતથી કઈ કઈ રીતે કેટલી વીજળી ઉત્પાદન કરવામાં આવ્યું,

(૨) દરેક રીતે કુલ ઉત્પાદનની ટકાવારી કેટલી થઈ, અને

(૩) આવા બીજા ક્યા ક્યા સ્ત્રોતથી ઉત્પાદન કરવાનું વિચાર્યુ છે ?

**જવાબ**

(૧) પવન ઉર્જા દ્વારા ૮૨૨૨ લાખ યુનિટ અને ઓદ્યોગિક ઓર્ગેનિક વેસ્ટ દ્વારા ૧૧૨.૨૬ લાખ યુનિટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવેલ છે.

(૨) બીન પરંપરાગત સ્ત્રોતોથી
- (૧) પવન ઉર્જા ૯૮.૬૫ ટકા
- (૨) ઓદ્યોગિક વેસ્ટ : ૧.૩૪ ટકા

(૩) (અ) શેરડીના કુચા
- (બ) કૃષિજન્ય કચરો
- (ક) સોર ઉર્જા

----------

## રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવાના થયેલ એમ.ઓ.યુ.

૧૯૯૦ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાતમાં અને અન્ય કાર્યક્રમોમાં કેટલા ઉદ્યોગોના એમ.ઓ.યુ. તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન યોજાયેલ વાઇબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૦૭ દરમ્યાન કુલ ૪૫૪ પ્રોજેક્ટો માટે ૩૬૩ એમઓયુ/જાહેરાતો થયેલ છે.

(૨) એમ.ઓ.યુ. કર્યા પછી હાલ કેટલા ઉદ્યોગો ચાલુ થયા છે, અને

(૨) ઉપર્યુક્ત કુલ ૪૫૪ પ્રોજેક્ટો પૈકી ૩૦૪ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે અને તે પૈકી ૪૫ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા છે.

(૩) કેટલા ઉદ્યોગો ચાલુ થવાના બાકી છે ?

(૩) ૧૩૨ પ્રોજેક્ટોએ અમલીકરણની કાર્યવાહી શરૂ કરવાની બાકી છે, જ્યારે ૧૮ પ્રોજેક્ટો પડતા મુકવામાં આવેલ છે.

----------

**મીઠાની નિકાસ માટે બંદરીય સવલતો**

૧૭૩૮ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧): માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના માળિયા-મીયાણા વિસ્તારમાં મીઠાના નિકાસ માટે સરકાર દ્વારા કોઈ બંદરીય સવલતો પૂરી પાડવાનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજકોટ જિલ્લાના માળિયા-મીયાણા તાલુકાના બગસરા વિસ્તારમાં મીઠાની નિકાસ માટે જેટી બનાવવાનું આયોજન છે.

**વડોદરા જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટેની માંગણીઓ**

૨૦૨૪ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કુટિર ઉદ્યોગ માટે કેટલી માંગણીઓ આવી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) બાકી રહેતી માંગણીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) કુલ ૮૭૯૬ અરજીઓ આવેલ છે.

(૨) બેંક દ્વારા ૩૯૭૭ અરજીઓ મંજૂર કરેલ છે.

(૩) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ પડતર રહેલ માંગણીઓનો ત્વરાએ નિકાલ કરવામાં આવશે. બેંક કક્ષાએ પડતર અરજીઓના ઝડપી નિકાલ માટે પ્રયાસો કરાશે.

----------

**ફ્લાય એશ પર કર વસુલાત અંગે**

૧૬૫૩ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા )જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાતના પાડોશી રાજ્યોમાં ગુજરાતના પાવર સ્ટેશનોમાંથી નીકળતી ફ્લાય એશ મોટા પ્રમાણમાં સીમેન્ટ બનાવવાના ઉપયોગમાં લેવાય છે તે ફ્લાય એશ પર રાજ્ય સરકાર તરફથી કોઈ જાતનો કર વસૂલવામાં આવતો નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેની પાછળના શું કારણો છે,

**જવાબ**

(૧) અને (૨) પર્યાવરણના મુદ્દાને ધ્યાનમાં લઇને સિમેન્ટ અને તેની અન્ય બનાવટોમાં ફ્લાય એશનો ઉપયોગ વધે તે માટે ફ્લાય એશનું વેચાણ નહીં કરતાં, વિના મુલ્યે ફાળવવા ભારત સરકારે સૂચના આપેલ હોઇ, ફ્લાય એશનું વેચાણ થતું ન હોઇ તે ઉપર કરવેરા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તેમ છતાં ફ્લાય એશનું વેચાણ કરવામાં આવે તો આવું વેચાણ ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ એક્ટ, ૨૦૦૩ ની અનુસૂચિ-૨ ની નોંધ ૨૦(ii) મુજબ ૪ ટકા વેરાને પાત્ર બને છે.

(૩) આ પાવર સ્ટેશનો તરફથી પાડોશના રાજ્યોમાં દૈનિક મોકલાતી ફ્લાય એશની કોઈ માહિતી રાજ્ય સરકારને પૂરી પાડવામાં આવે છે કે કેમ,

(૩) ફ્લાય એશ લઇ જતી દરેક પાર્ટીની માસિક માહિતી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, ગાંધીનગરને સંબંધિત પાવર સ્ટેશન તરફથી પૂરી પાડવામાં આવે છે.

(૪) જો ના, તો તેના કારણો શું છે, અને

(૪) લાગુ પડતું નથી.

(૫) એવી માહિતી રાજ્ય સરકાર ક્યારથી મેળવવાનું શરૂ કરશે ?

(૫) લાગુ પડતું નથી.

----------

## પંચમહાલ જિલ્લામાં રેતીની લીઝ અંગે

૧૦૭૦ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કઈ કઈ નદીઓમાં કોની કોની રેતીની લીઝો આપવામાં આવેલ છે,

(૨) આવી કઈ કઈ નદીઓ પર લીઝ ન આપવાનો પ્રતિબંધ છે,

(૩) આવી લીઝો મેળવવા કેટલી અરજીઓ આવી,

(૪) તે પૈકી કેટલી મંજૂર થઈ અને કેટલી નામંજૂર થઈ, અને

(૫) નામંજૂર થવાના કારણો શું છે ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષ દરમ્યાન પાનમ, મહી, મેશરી, ચુડવેલ, કરડ, ગોમા, સુક્ના નદીઓમાં રેતીની લીઝો આપવામાં આવેલ છે. લીઝ ધારકોની યાદીનું પત્રક સામેલ છે.

(૨) પંચમહાલ જીલ્લામાં કોઇ પણ નદીઓ પર લીઝ ન આપવા પ્રતિબંધ નથી.

(૩) ૧૯૮

(૪) મંજુર -૩૫
નામંજુર -૫૫

(૫) અરજી નામંજુર થવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. માંગણીવાળા વિસ્તારનું ધોવાણ થતું હોય, નજીકમાં ગોચર કે પીવાના પાણીની સમસ્યાથી ગ્રામપંચાયતનો અભિપ્રાય થતો ન હોય, જે તે વિસ્તારમાં ચેકડેમ હોય કે લાગુ વિસ્તારમાં ઇસમોના વાંધા વિગેરે કારણોથી મહેસુલી અભિપ્રાય નકારાત્મક બનતો હોય.
૨. અપરિપક્વ અરજી.
૩. અગાઉ મંજૂર થયેલ લીઝ સાથે વિસ્તાર બેવડાતો હોઇ.
૪. અરજદાર દ્વારા માંગેલ માહિતીની પૂર્તતા ન કરવાના લીધે.
૫. અરજદારશ્રી બિનઅધિકૃત ખાણકામ પ્રવૃત્તિમાં સંકળાયેલ હોવાથી.

**પત્રક**

પંચમહાલ જીલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષ દરમ્યાન પાનમ, મહી, મેશરી, ચુડવેલ, કરડ, ગોમા, સુક્ના નદીઓમાં આપવામાં આવેલ રેતીની લીઝોની વિગત દર્શાવતું પત્રક.

**વર્ષ - ૨૦૦૫**

| અ.નં. | અરજદારનું નામ | ગામનું નામ | નદીનું નામ | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| ૧ | બારીયા ભેમાભાઇ મનસુખભાઇ | ઉંડારા | પાનમ | ૧.૫૦.૦૦ |
| ૨ | બારીયા સુરસિંહ ગજાભાઇ | પીપળીયા | પાનમ | ૨.૦૦.૦૦ |
| ૩ | શ્રીમતિ સીતાબેન કિરીટભાઇ પટેલ | ચોપડા | પાનમ | ૨.૦૦.૦૦ |
| ૪ | રમણભાઇ તેજાભાઇ ચોહાણ | ધનોલ | કોતર | ૧.૦૦.૦૦ |
| ૫ | પટેલ મુકેશભાઇ અમથાદાસ | ચાંપેલી | મહી | ૧.૦૦.૦૦ |
| ૬ | નવઘણ ખેંગારભાઇ ભરવાડ | વાવડી બુઝર્ગ | કોતર | ૦.૪૮.૦૦ |
| ૭ | શ્રમતિ લીલાબેન અર્જુનસિંહ ભરવાડ | છાવડ | પાનમ | ૦.૭૦.૦૦ |
| ૮ | વાઘેલા કેશવભાઇ દેવજીભાઇ | રતનપુરા | કરડ | ૧.૦૦.૦૦ |

| અ.નં. | અરજદારનું નામ | ગામનું નામ | નદીનું નામ | વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|---|---|---|
| ૯ | પગી રાજેશભાઇ ધૂળાભાઇ | કાકચીયા | ૩૬૪ ધોવાણ (પાનમ) | ૨.૦૦.૦૦ |
| ૧૦ | ભટ્ટ અતુલ ગજાનંદ | તેણોછા | મહી | ૪.૦૦.૦૦ |
| ૧૧ | પટેલ મુકેશભાઇ અમથાદાસ | તેણોછા | મહી | ૩.૦૦.૦૦ |
| ૧૨ | બારીયા રુખીબેન રમણભાઇ | છાવડ | પાનમ | ૦.૬૪.૦૦ |
| ૧૩ | બારીયા માવસિંહ ચંદ્રસિંહ | છાવડ | પાનમ | ૦.૬૩.૦૦ |
| ૧૪ | શ્રીમતિ સુરજબેન રતનસિંહ | પીપળીયા | મેસરી | ૧.૦૦.૦૦ |
| ૧૫ | સંગાડા હિતેન્દ્રકુમાર સનાભાઇ | છાવડ | પાનમ | ૨.૦૦.૦૦ |
| ૧૬ | ગોહિલ બળદેવસિંહ હરિસિંહ | બાકરોલ | કરડ | ૧.૦૦.૦૦ |
| ૧૭ | દિપકકુમાર ઇન્દ્રવદન ત્રિવેદી | સીમલીયા | ગોમા | ૪.૦૦.૦૦ |
| ૧૮ | સોનેરા કિશોરભાઇ નારણભાઇ | ફણસી | સુકના | ૦.૬૦.૦૦ |
| ૧૯ | પટેલ ભારતસિંહ ગુલાભાઇ | ભામેયા | ચુડવેલ | ૩.૦૦.૦૦ |
| ૨૦ | પટેલ અનોપસિંહ અભેસિંહ | મહુલીયા | મેશરી | ૧.૦૦.૦૦ |
| ૨૧ | મકવાણા કિરણસિંહ આર. | સીમલીયા | ગોમા | ૪.૦૦.૦૦ |
| **વર્ષ - ૨૦૦૬** | | | | |
| ૨૨ | બારીયા જુવાનસિંહ અભેસિંહ | ધામણોદ | પાનમ | ૨.૦૦.૦૦ |
| ૨૩ | ધી ભામેયા મજુર કા.સ.મં.લી. | ભામેયા | ચુડવેલ | ૪.૦૦.૦૦ |
| ૨૪ | પટેલ ભાવસિંહ નાનાભાઇ | દહીકોટ | પાનમ | ૪.૦૦.૦૦ |
| ૨૫ | પટેલીયા શંભુભાઇ શનાભાઇ | આંબલીમુવાડા | પાનમ | ૧.૦૦.૦૦ |
| ૨૬ | સીકંદર એ. દાંત | જોરાપુરા | ચુડવેલ | ૨.૦૦.૦૦ |
| ૨૭ | વણકર જગદીશભાઇ નાથાભાઇ | આંબલીમુવાડા | પાનમ | ૧.૨૦.૦૦ |
| ૨૮ | વણકર રમેશભાઇ કાળુભાઇ | આંબલીમુવાડા | પાનમ | ૦.૮૫.૦૦ |
| ૨૯ | પગી અમરાભાઇ મોતીભાઇ | આંબલીમુવાડા | પાનમ | ૦.૮૫.૦૦ |
| ૩૦ | સોલંકી લાલસિંહ માનસિંહ | ચાંપેલી | મહી | ૩.૦૦.૦૦ |
| ૩૧ | સોલંકી સ્વરૂબેન લાલસિંહ | ચાંપેલી | મહી | ૨.૦૦.૦૦ |
| ૩૨ | સોલંકી મનહરબેન લાલસિંહ | ચાંપેલી | મહી | ૨.૦૦.૦૦ |
| ૩૩ | બારીયા છત્રસિંહ કાળુભાઇ | છાવડ | પાનમ | ૧.૨૦.૦૦ |

**વર્ષ - ૨૦૦૭**

| અ.નં. | અરજદારનું નામ | ગામનું નામ | નદીનું નામ | વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|---|---|---|
| ૩૪ | પટેલ મુકેશસિંહ એ. | રીંછીયા | મેશરી | ૦.૬૦.૦૦ |
| ૩૫ | શ્રીમતિ લીલાબેન મહેન્દ્રસિંહ | ગદુકપુર | મેશરી | ૧.૦૦.૦૦ |

**દારૂ ગાળવા, વેચવા તથા વહન કરવા સંબંધે દરોડા**

૧૯૯૩ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ-૨૦૦૬-૨૦૦૭ દરમ્યાન દારૂ ગેરકાયદેસર ગાળવા, વેચવા તથા વહન કરવાના કુલ કેટલા દરોડા ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં પાડવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન દારુ ગાળવાના કે વેચવાના ૩૫૯ કેસ, દારુ વહન કરવાના ૪૭ કેસ કરવામાં આવ્યા. |
| (૨) તેમાં કેટલી રકમનો ક્યા પ્રકારનો દારૂ પકડાયો અને અસામાજિક પ્રવૃત્તિ કરનારા કુલ કેટલા ઈસમો હતા, અને | (૨) રૂા.૧,૦૯,૧૦૦/- નો દેશી દારુ તથા રૂા.૪૮,૫૭૦/- નો ઇંગ્લીશ દારુ પકડાયો અને અસામાજિક પ્રવૃત્તિ કરનાર કુલ ૬૧૪ ઇસમો હતા. |
| (૩) તેમાં એકથી વધુ આ પ્રકારના ગુનામાં સંડોવાયેલા શખ્સો કેટલા હતા ? | (૩) તેમાં એકથી વધુ આ પ્રકારના ગુનામાં સંડોવાયેલા ૪૧ શખ્સો હતા. |

----------

**ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ અને ટેકનોલોજીનો શૈક્ષણિક કાર્યક્રમ**

૧૭૧૮ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજીનો ગણિત વિજ્ઞાન પ્રશ્નોત્તરી કાર્યક્રમ શું છે, | (૧) ધોરણ-૮ થી ૧૦ના વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાન વિષયમાં મૂંઝવતા તેમજ અઘરા પ્રશ્નોના જવાબો સરળ અને રસાળ શૈલીમાં ઘરે બેઠા મળી શકે તે અંગેનો શૈક્ષણિક કાર્યક્રમ છે. |
| (૨) આ કાર્યક્રમનું પ્રસારણ કેવી રીતે થાય છે, | (૨) આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ દર બુધવારે ૧૫.૦૦ થી ૧૬.૩૦ કલાક દરમિયાન બાઇસેગ સ્ટુડિયો, ગાંધીનગરથી ""ડી.ટી.એચ. એજ્યુસેટ"" ના માધ્યમથી કરવામાં આવે છે. અને તેનું પુનઃ પ્રસારણ દુરદર્શન-૧૧ ઉપરથી તે પછીના રવિવારે ૧૩.૦૦ થી ૧૪.૩૦ કલાક દરમિયાન કરવામાં આવે છે. |
| (૩) આ કાર્યક્રમમાં કોણ કોણ ભાગ લઈ શકે, અને | (૩) ધોરણ-૮ થી ૧૦ના વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમ જ ગણિત વિજ્ઞાનના રસ ધરાવતી કોઇ પણ વ્યક્તિ પ્રશ્નો પુછી આ કાર્યક્રમમાં ભાગ લઇ શકે છે. |
| (૪) આ કાર્યક્રમ વિદ્યાર્થીને કઈ રીતે ઉપયોગી થઈ શકે ? | (૪) ધોરણ-૮ થી ૧૦ના વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાન વિષયમાં મૂંઝવતા અને અઘરા પ્રશ્નોના જવાબો સરળ અને રસાળ શૈલીમાં તેમ જ જરૂર જણાય ત્યાં ગ્રાફીક્સ અને મલ્ટીમીડીયાનો ઉપયોગ કરીને વિષય નિષ્ણાંત દ્વારા ડી. ટી. એચ. એજ્યુસેટ નેટવર્કના માધ્યમથી આપવામાં આવે છે. અને વિદ્યાર્થીઓ ઘરે બેઠા શિક્ષણ મેળવી શકે છે. |

----------

**આઈ.ટી. ક્ષેત્રે લેવાયેલ અગત્યના પગલાં**

૧૭૨૧ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આઈ.ટી. ક્ષેત્રે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સગવડો વિકસાવવા માટે રાજ્ય સરકારે તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ અગત્યના પગલાંઓ લીધેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) રાજ્યમાં આઇટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે રાજ્ય સરકારે નીચે મુજબના પગલા લીધેલ છે.<br>(૧) આઇટી/આઇટીઇએસ ક્ષેત્રે જુદા જુદા નામાંક્તિ એકમોને જમીન આપવામાં આવેલ છે. |

(૨) ગાંધીનગર ખાતે મેગા આઇટી પ્રોજેક્ટસ માટે જમીન નીમ કરવામાં આવેલ છે. અને તે પૈકી આઇટી-એસઇઝેડ સ્થાપવા માટે જીઆઇડીસીને જમીન આપવામાં આવેલ છે.

(૩) દેશના નામાંક્તિ આઇટી પાર્ક ડેવલપર્સને આઇટી પાર્ક/એસઇઝેડ સ્થાપવા માટે જમીન ફાળવવામાં આવેલ છે.

(૪) ઉપરાંત ખાનગી જમીનો ઉપર આઇટી-એસઇઝેડ પાર્ક સ્થાપવા માટે ૦૬ દરખાસ્તોને યોગ્ય રીતે ચકાસી એસઇઝેડ સ્ટેટસ આપવા માટે ભારત સરકારને ભલામણસહ મોકલવામાં આવેલ છે અને તે પૈકી બે આઇટી-એસઇઝેડ પાર્ક ભારત સરકાર દ્વારા નોટીફાય પણ થયેલ છે.

(૫) ભારત સરકાર હસ્તકની સોફટવેર ટેક્નોલોજી પાર્ક ઓફ ઇન્ડીયા સંસ્થાનો સહકાર મેળવી રાજ્ય સરકારે સુરત, રાજકોટ, ભાવનગર અને જામનગર ખાતે સોફટવેર ટેક્નોલોજી પાર્ક સ્થાપવા આયોજન કરેલ છે જે પૈકી સોફટવેર ટેક્નોલોજી પાર્ક સેન્ટર સુરતની સ્થાપના માટે ભારત સરકારની મંજૂરી મળેલ છે અને સુરત ખાતે આ માટે સરકારી જમીન મેળવી સોફટવેર ટેક્નોલોજી પાર્ક સેન્ટરના વિકાસ માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

----------

## સ્પેશીયલ ઈકોનોમીક ઝોનના કાયદા હેઠળ મળેલ મંજૂરી

૧૭૫૩ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ઘડવામાં આવેલ સ્પેશીયલ ઈકોનોમીક ઝોન કાયદા અન્વયે રાજ્યમાં કેટલા ઝોનને હાલ પર્યંત મંજૂરી મળેલ છે, | (૧) હાલ પર્યંત રાજ્યમાં કુલ ૫૧ સ્પેશીયલ ઈકોનોમીક ઝોનને મંજૂરી મળેલ છે. |
| (૨) તે પૈકી કેટલા ઝોન માટે નોટીફીકેશન બહાર પડેલ છે, | (૨) તે પૈકી ૩ એસઈઝેડ કાર્યરત છે અને ૧૬ એસઈઝેડના નોટીફિકેશન બહાર પડેલ છે. |
| (૩) આ ઝોનમાં કેટલું મુડી રોકાણ થવાની સંભાવના છે, અને | (૩) રાજ્યમાં કૂલ રૂ. ૨,૪૪,૮૫૪ કરોડનું મૂડી રોકાણ થવાની સંભાવના છે. |
| (૪) કેટલી રોજગારીની સંભાવના છે? | (૪) રાજ્યમાં ૧૬,૬૨,૮૯૦ રોજગારી ઉભી થવાની સંભાવના છે. |

----------

## ખેડા અને આંણદ જિલ્લાના ખાનગી સીક્યુરીટીના ગનમેનોના ડુપ્લીકેટ લાયસન્સ

૧૧૬૫ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) : જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા-આણંદ જિલ્લામાં ખાનગી એજન્સીના સીક્યુરીટી ગનમેનો પાસે ડુપ્લીકેટ લાયસન્સો હોય છે તે અન્વયે તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વખત તપાસ કરી, | (૧) ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૫ વખત અને આણંદ જિલ્લામાં ૨૬ વખત તપાસ કરવામાં આવેલ છે. |

(૨) કેટલા લાયસન્સો ખોટા નિકળ્યા,

(૩) આવા ગનમેનો પાસે નોકરી કરવા માટે ફરજીયાતપણે ઈન્ડસ્ટ્રીયલ લાયસન્સ હોવું જરૂરી છે તે હકિક્ત સાચી છે, અને

(૪) જો, હા, તો આવા લાયસન્સ ન ધરાવતા ગનમેનો સામે સરકાર શા પગલાં ભરવા માંગે છે?

(૨) એક પણ લાયસન્સ ખોટું મળી આવેલ નથી.

(૩) ના. જી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**અમદાવાદ શહેરમાં નોંધાયેલ વિવિધ ગુનાઓ**

૧૬૫૪ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ થી તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૭ સુધીમાં તમામ પોલીસ સ્ટેશનોમાં ખૂન, લૂંટ, ચોરી ધાડ, છેડતી અને બળાત્કારના કેટલા ગુનાઓ નોંધાયા,

(૨) કેટલા ઉકેલાયા, અને

(૩) કેટલા બાકી છે?

**જવાબ**

(૧)

| ખૂન | લૂંટ | ચોરી | ધાડ | છેડતી | બળાત્કાર |
|---|---|---|---|---|---|
| ૧૯૯ | ૫૮૯ | ૯૬૯૦ | ૪૨ | ૧૨૮ | ૧૦૮ |

(૨)

| ખૂન | લૂંટ | ચોરી | ધાડ | છેડતી | બળાત્કાર |
|---|---|---|---|---|---|
| ૧૭૪ | ૩૦૬ | ૨૦૬૭ | ૩૫ | ૧૨૮ | ૧૦૮ |

(૩)

| ખૂન | લૂંટ | ચોરી | ધાડ | છેડતી | બળાત્કાર |
|---|---|---|---|---|---|
| ૨૫ | ૨૮૩ | ૭૬૨૩ | ૭ | - | - |

વણઉકેલાયેલ કેસોમાં સાક્ષી/પૂરાવાના આધારે આરોપી શોધી કાઢવા તથા મિલ્ક્તને લગતા ગુનામાં મુદ્દામાલ રિક્વર કરવા નીચે મુજબનાં પગલાં લીધેલ છે.

વણઉકેલાયેલ કેસોમાં ગુનાની હકીક્ત અંગેની નોંધ સાથે ચોરીનો મુદ્દામાલ શોધી કાઢવા તમામ પોલીસ સ્ટેશનોને યાદી લખી ગુનો શોધી કાઢવા પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

- પોલીસ સ્ટેશનની સુપરવાઈઝરી અધિકારીઓ તરફથી જ્યારે મુલાકાત લેવામાં આવે ત્યારે વણશોધાયેલ કેસો શોધી કાઢવા ચર્ચા કરી કેસ દીઠ કરવા લાયક કામગીરી હાથ ધરવા સુચના આપી કામગીરી કરાવાય છે.
- આરોપીની જો ચાન્સ પ્રીન્ટ મળી હોય તો તે ફીંગરપ્રિન્ટ બ્યુરોમાં મોકલી ક્લાસીફીકેશન કરાવી જ્યારે ભવિષ્યમાં આવું ક્લાસીફીકેશન ધરાવનાર પકડાય ત્યારે જાણ કરવા કાર્યવાહી કરવામાં આવે છે.
- જે પધ્ધતિથી ગુનો બન્યો હોય તે પધ્ધતિના આરોપીઓ ગમે ત્યાં પકડાય ત્યારે જાણ થયેથી તેઓની પુછપરછ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.
- ગયેલ મુદ્દામાલમાં વાહન હોય તથા એન્જીન, ચેસીસ નંબર વિગેરે ઓળખવા માટે એન.સી.આર.બી. તથા એસ.સી.આર.બી. ને લીંકઅપ માટે જણાવવામાં આવે છે.
- મોબાઈલ ફોન વિગેરેના કિસ્સામાં તેના આઈ.ઈ.એમ.આઈ. નંબર મોબાઈલ સર્વિસ કંપનીને પૂરા પાડી ગયેલ મોબાઈલ કોઈ વાપરે ત્યારે તેની માહિતી મેળવવા પ્રયાસો હાથ ધરાય છે.

----------

**વલસાડ જિલ્લાના ટ્રાયબલ વિસ્તારના ખેડૂતોને ખેતલક્ષી વીજ જોડાણ**

૧૮૬૫ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં ટ્રાયબલ વિસ્તારમાં રહેતા ખેડૂતોને ખેતલક્ષી વિજ કનેક્શનો છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેટલાને આપવામાં આવ્યાં, અને

(૨) કેટલાને આપવાના બાકી છે?

**જવાબ**

(૧) અને (૨)

તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ટ્રાયબલ વિસ્તારમાં રહેતા ખેડૂતોને છેલ્લા બે વર્ષમાં ૮૯૭ ખેતલક્ષી વિજ કનેક્શનો આપવામાં આવ્યા છે અને નાણાં ભરપાઈ થયેલ બાકી ૭૮ અરજીઓમાં માર્ચ-૦૮ અંતિત નિકાલ કરવાનું આયોજન છે.

----------

**રાજ્યમાં નોંધાયેલ વિવિધ ગુનાઓ**

૧૮૬૭ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૧-૧-૦૭ થી તા. ૭-૨-૦૮ સુધીમાં કુલ કેટલા આત્મહત્યા, લુંટ, ખૂન, બળાત્કાર, ચોરી અને મારધાડના બનાવો બન્યા,

(૨) તેમાંથી કેટલા ગુનેગારોને પકડવામાં આવ્યાં, અને

(૩) કેટલાની ધરપકડ કરવાની બાકી છે?

**જવાબ**

(૧)

| અ.નં. | હેડ | બનાવની સંખ્યા |
|---|---|---|
| ૧ | આત્મહત્યા | ૫૧૭૭ |
| ૨ | લુંટ | ૧૧૬૮ |
| ૩ | ખૂન | ૧૨૭૨ |
| ૪ | બળાત્કાર | ૪૨૭ |
| ૫ | ચોરી | ૨૦૭૭૧ |
| ૬ | **મારધાડ** | |
| | ખૂનની કોશીષ | ૫૧૭ |
| | મહાવ્યથા | ૨૪૧૭ |
| | સાદી વ્યથા | ૯૪૦૯ |

(૨)

| અ.નં. | હેડ | પકડાયેલ આરોપી |
|---|---|---|
| ૧ | આત્મહત્યા | ૩૭૨ |
| ૨ | લુંટ | ૧૪૮૩ |
| ૩ | ખૂન | ૨૪૮૬ |
| ૪ | બળાત્કાર | ૬૪૭ |
| ૫ | ચોરી | ૧૧૩૦૧ |
| ૬ | **મારધાડ** | |
| | ખૂનની કોશીષ | ૧૯૩૬ |
| | મહાવ્યથા | ૫૭૬૦ |
| | સાદી વ્યથા | ૨૦૫૫૭ |

(૩)

| અ.નં. | હેડ | ન પકડાયેલ આરોપી |
|---|---|---|
| ૧ | આત્મહત્યા | ૭ |
| ૨ | લુંટ | ૨૩૬ |
| ૩ | ખૂન | ૧૭૧ |
| ૪ | બળાત્કાર | ૬૪ |
| ૫ | ચોરી | ૧૩૬૦ |
| ૬ | **મારધાડ** | |
| | ખૂનની કોશીષ | ૧૯૨ |
| | મહાવ્યથા | ૧૧૩ |
| | સાદી વ્યથા | ૩૨૩ |

ન પકડાયેલ આરોપીઓને પકડી પાડવા માટે

નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ ૭૦ હેઠળ વૉરંટ મેળવી ખાનગી તથા વિશ્વાસુ બાતમીદારોથી આરોપી અંગેની ભાળ મેળવવાના ઘનિષ્ઠ પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. ઘરના માણસો, નજીકના સગા સબંધીઓ તેમજ હેતુમિત્રોની કડક તપાસ, વોચ, ગોઠવી સંભવીત સ્થળો ઉપર આકસ્મીક અને છૂપી રેઈડ કરી તેમજ આરોપીઓને લગતી સચોટ માહિતી પ્રસિધ્ધ કરી તેમજ ઈનામો જાહેર કરી આરોપીઓને પકડવાના પ્રયાસો/પગલાંઓ લેવામાં આવે છે.

----------

**વિજ્ઞાન અને પ્રોદ્યોગીકી ક્ષેત્રે સંશોધકોને પ્રોત્સાહન**

૧૭૦૭ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગીકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં વિજ્ઞાન અને પ્રોદ્યોગીકી ક્ષેત્રે સંશોધકોને પ્રોત્સાહન મળે તે માટે રાજ્ય સરકારની કોઈ યોજના છે, | (૧) હા, જી. |
| (૨) જો, હા, તો તેની વિગતો શી છે; અને | (૨) ""ડૉ. વિક્રમ સારાભાઈ એવોર્ડ"" આપવાની યોજના અંતર્ગત ઉદ્યોગ, ઉર્જા, પર્યાવરણ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને બાયોટેક્નોલોજીના ક્ષેત્રોમાં દરેક ક્ષેત્રનો એક એવોર્ડ આપવામાં આવે છે. જેમાં રૂપિયા એક લાખ રોકડા, પ્રશસ્તિપત્ર તેમજ સ્મૃતિચિન્હ્ આપવામાં આવે છે. |
| (૩) તા. ૩૧-૧-૦૮ સુધીમાં કેટલા સંશોધકોને એવોર્ડ આપવામાં આવ્યા? | (૩) ૨૫ (પચ્ચીસ). |

----------

**બાયસેક સંસ્થા દ્વારા શિક્ષણ ક્ષેત્રે યોગદાન**

૧૫૭૪ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગીકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં બાયસેક સંસ્થા શિક્ષણ ક્ષેત્રે કોઈ યોગદાન આપે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો, હા, તો તા. ૩૧-૧-૦૮ સુધીમાં છેલ્લા એક વર્ષમાં કેટલી સંસ્થાઓએ આ કાર્યક્રમથી લાભ લીધો? | (૨) વર્ષ ૨૦૦૭-૦૮માં એજ્યુસેટ દ્વારા દુરવર્તી શિક્ષણનું આયોજન હાથ ધરેલ છે. જે કાર્યક્રમનો લાભ નીચે મુજબની સંસ્થાઓએ લીધેલ છે,<br>(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.<br>(૨) બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.<br>(૩) ટેકનિકલ શિક્ષણ નિયામકની કચેરી.<br>(૪) ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ).<br>(૫) શ્રીમતી નાથીબા હરગોવનદાસ લક્ષ્મીચંદ મ્યુનિસિપલ મેડીકલ કોલેજ.<br>(૬) ગુજરાત વિદ્યાપીઠ.<br>(૭) ગુજરાત કાઉન્સીલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ. |

----------

## સાવલી તાલુકાની નહેરોના કામમાં ફાઈલ થયેલ મંડળીઓ

૧૧૬૮ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં ૧૧/એ/૧ નર્મદા કેનાલની નહેરોમાં કેનાલોમાં કેટલી મંડળીઓ તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ફાઈલ થયેલ છે અને કેટલી મંડળીઓ ફાઈલ થવાની બાકી છે અને તેના કારણો શા છે?

**જવાબ**

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના નર્મદા યોજના નહેરોના બ્લોક નં. ૧૧/એ/૧ માં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કુલ ૨૪ પિયત સહકારી મંડળીઓ ફાઈલ થયેલ/નોંધાયેલ છે. કોઈપણ મંડળી ફાઈલ થવાની બાકી નથી.

----------

## પાટણ પી. ટી.સી. કોલેજના સેક્સ કોભાંડ અંગે

૧૮૭૧ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧૧-૨-૨૦૦૮ની સ્થિતિએ તાજેતરમાં પાટણ ખાતે આવેલ પી. ટી. સી. કોલેજમાં ચાલતા સેક્સ કોભાંડની જાણ સરકારને ક્યારે થઈ,

(૨) સેક્સ કોભાંડ સાથે ક્યા ક્યા અધ્યાપકો સંડોવાયેલા છે, તેમના સામે શા પગલાં લીધા; અને

(૩) શિક્ષણ સંસ્થાઓમાં આવા કૃત્યો ન બને તે માટે સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) તા. ૪-૨-૨૦૦૮ ના રોજ ૧૫-૦૦ કલાકે એફ.આઈ.આર. નોંધાવવામાં આવી છે.

(૨) (૧) અશ્વિનભાઈ ચતુરભાઈ પરમાર
(૨) મનીષભાઈ બાબુભાઈ પરમાર
(૩) કિરણભાઈ અંબાલાલ પટેલ
(૪) સુરેશભાઈ ગોવિંદભાઈ પટેલ
(૫) અતુલભાઈ મણીલાલ પટેલ
(૬) મહેન્દ્રભાઈ વિરમભાઈ પ્રજાપતિ

આ તમામ અધ્યાપકોને તા. ૪-૨-૦૮ ના રોજ ૧૭-૦૦ કલાકે અટક કરવામાં આવેલ છે અને આઈ.પી.સી.ની કલમ ૩૭૬, ૩૫૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એક્ટની કલમ ૩ (૧)(૧૨) અને ૩(૨)(૫) હેઠળ ગુનો પાટણ શહેર પો.સ્ટે. માં નોંધાવવામાં આવેલ છે.

(૩) શિક્ષણ વિભાગના તા. ૨૨-૨-૦૮ ના ઠરાવ ક્રમાંકઃજસભ/૧૨૦૮/૨૫૮/ન થી તજજ્ઞોની એક સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિ રાજ્ય અને રાજ્ય બહારની સંસ્થાઓનો અભ્યાસ કરી પોતાનો અહેવાલ રજૂ કરશે. ત્યારબાદ આગળની કાર્યવાહી સબંધિત વિભાગ દ્વારા કરવામાં આવશે.

## સ્પેશીયલ ઈકોનોમીક ઝોનના કાયદા અન્વયે મળેલ મંજૂરી

૧૭૪૧ **શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ (હિંમતનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ઘડવામાં આવેલ સ્પેશીયલ ઈકોનોમીક ઝોન કાયદા અન્વયે રાજ્યમાં કેટલા ઝોનને તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ મંજૂરી મળેલ છે,

(૨) તે પૈકી કેટલા ઝોન માટે નોટીફીકેશન બહાર પડેલ છે,

(૩) આ ઝોનમાં કેટલું મુડી રોકાણ થવાની સંભાવના છે, અને

(૪) કેટલી રોજગારીની સંભાવના છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૫૧ સ્પેશીયલ ઈકોનોમીક ઝોનને મંજૂરી મળેલ છે.

(૨) તે પૈકી ૩ એસઈઝેડ કાર્યરત છે અને ૧૬ એસઈઝેડના નોટીફિકેશન બહાર પડેલ છે.

(૩) રાજ્યમાં કુલ રૂા. ૨,૪૪,૮૫૪ કરોડનું મૂડી રોકાણ થવાની સંભાવના છે.

(૪) રાજ્યમાં ૧૬,૬૨,૮૯૦ રોજગારી ઉભી થવાની સંભાવના છે.

**પાટણ જિલ્લામાં લોકજાગૃત્તિ અને સંસ્કૃતિ બચાવ અંગેના કાર્યક્રમો**

૧૪૫૬ **શ્રી ભાવસિંહ રાઠોડ (સમી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માહિતી અને પ્રસારણ વિભાગ તરફથી લોક જાગૃતિ અને સંસ્કૃતિ બચાવ અંગેના કાર્યક્રમો ક્યા ક્યા તાલુકામાં રાત્રી-શો અને પ્રદર્શન ગોઠવવામાં આવ્યા, અને

(૨) સરકારને આ કાર્યક્રમ પાછળ કુલ કેટલો ખર્ચ વર્ષવાર ભોગવવો પડ્યો?

**જવાબ**

(૧) પાટણ, સિધ્ધપુર, ચાણસ્મા, હારીજ, સમી, રાધનપુર અને સાંતલપુર તાલુકાઓમાં ફિલ્મ-શો અને પ્રદર્શનો ગોઠવવામાં આવ્યા.

(૨)

| વર્ષ | કુલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧.૦૫ |
| ૨૦૦૭-૦૮ | ૩.૧૦ |

----------

**રાજ્યમાં કાર્યરત સી.એન.જી. સ્ટેશનો**

૧૭૪૫ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કેટલા સી.એન.જી. સ્ટેશનો કાર્યરત છે, અને

(૨) ભવિષ્યમાં કેટલા સી.એન.જી. સ્ટેશનો વધારવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) ૧૦૮.

(૨) હાલમાં વધુ ગેસની ફાળવણી માટેની રાજ્ય સરકારની માંગણી કેન્દ્ર સરકારમાં પડતર છે. કેન્દ્ર સરકાર તરફથી જેમ જેમ ગેસની ઉપલબ્ધિ થશે તેમ તેમ નવા સી.એન.જી. સ્ટેશનો વધારી શકાશે.

# તારાંકિત પ્રશ્નના જવાબમાં સુધારો કરતું નિવેદન

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય નટવરસિંહ ઠાકોરના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૭૭૦ (અગ્રતા-૩)ના જવાબમાં સુધારો કરતું નિવેદન કરું છું.

"માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નટવરસિંહ ઠાકોર,ધારાસભ્યશ્રી, મહુધાએ પૂછેલા પ્રશ્નમાં ટાઈપિંગ એરરથી વડોદરા શહેર અને સૂરત શહેરમાં બળાત્કારના આંકડા ઉલટફેર છપાઈ ગયા હતા, વડોદરા શહેરમાં ૭૩ છપાયું છે અને સૂરત શહેરમાં ૧૫ છપાયું છે એ હકીકત એવી છે કે વડોદરા શહેરમાં ૧૫ અને સૂરત શહેરમાં ૭૩ છે આ સુધારો છે. "

# ઔચિત્યભંગનો મુદ્દો

## શહેરી વિકાસ મંત્રીશ્રીએ સભાગૃહની બહાર કરેલી જાહેરાત અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું એક ઔચિત્યભંગનો મુદ્દો આપશ્રીની પરવાનગીથી ઉપસ્થિત કરવા માગું છું.

ગઈ કાલે માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રીએ એક પ્રેસ નિવેદન કરીને, એમાં જે પાવર ઑફ એટર્નીથી વેચાણ થયેલ હાઉસીંગ બોર્ડના મકાનોના દસ્તાવેજ કરાવવાની સમય મર્યાદા લંબાવાઈ, આ સમયમર્યાદા જે હતી તે તા. ૩૧ માર્ચ, ૨૦૦૮ સુધી હતી, જે પાવર ઑફ એટર્ની રજિસ્ટર કરવાનો જે કાનૂન પસાર થયો અને એને કારણે તા. ૩૧-૩-૨૦૦૮ સુધી આ બધા જ દસ્તાવેજો પાવર ઑફ એટર્નીથી જે કરેલા વેચાણો હતા એને દસ્તાવેજ કરાવી દેવાની મુદત અત્યાર સુધીની હતી અને તેને લીધે ખૂબ મુશ્કેલીઓ પણ ઉભી થઈ અને એ મુશ્કેલીઓ નિવારવા માટે આ નિર્ણય લેવો એ પણ ખૂબ જરૂરી હતું, હું એમ નથી કહેતો કે એ નિર્ણય લેવો જરૂરી ન હતો. અત્યાર સુધી માનનીય મંત્રીશ્રીને ઘણા બધા તબક્કાઓ આવ્યા જેમાં માનનીય મંત્રીશ્રી આ નિર્ણયની જાહેરાત આ ગૃહમાં કરી શક્યા હોત, માનનીય રાજયપાલશ્રીના આભાર પ્રવચનમાં જાહેરાત કરી શક્યા હોત, બજૅટ ઉપર જે સામાન્ય ચર્ચા હતી ત્યારે પણ એ જાહેરાત કરી શક્યા હોત અને એ સિવાય પણ માનનીય અધ્યક્ષશ્રી, આપણા નિયમ ૪૪માં બહુ સ્પષ્ટ જોગવાઈ છે અને એ જોગવાઈ મુજબ પણ માનનીય મંત્રીશ્રી આ

ગૃહમાં આ બાબતની જાણકારી પહેલાં આપી શક્યા હોત અને ગૃહ ચાલું હતું, એ ગઈ કાલે જે પ્રેસમાં જાહેરાત આપી એને બદલે આજે પણ જાહેરાત કરી શક્યા હોત, એનાથી કોઈ ફરક પડવાનો ન હતો એટલે આ બાબતે જ્યારે જ્યારે આવી ઘટનાઓ બની છે ત્યારે ઔચિત્યભંગનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે અને એ બાબતે હું આપનું જે માનનીય અધ્યક્ષશ્રીના નિયમ -૩૩ તરફ આપશ્રીનું ધ્યાન દોરવા માગું છું અને એ બાબતે જે ઔચિત્યભંગ થયો છે એ બાબતે માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી નિર્ણય લો એવી મારી આપશ્રીને વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ જે મુદ્દો ઉઠાવ્યો છે એ અત્યંત અગત્યનો અને સભાગૃહના સન્માનને સીધી અસર પહોંચાડતો મુદ્દો છે. માનનીય અર્જુનભાઈએ જે નિર્ણય ટાંકયો છે એ ઉપરાંત, માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪ પેઈજ- ૩૧, ચાલુ સત્ર હોય ત્યારે જાહેરાત કરવાની બાબતના ઈવન ખોટી માહિતી હોય તો પણ જાહેરાત કરવાની બાબત અંગેનો નિર્ણય ક્રમાંક: ૩૬, સભાગૃહનું અધિવેશન ચાલુ હોય ત્યારે માનનીય મંત્રીશ્રી સરકારના કોઈપણ નિર્ણયની સભાગૃહની બહાર જાહેરાત કરી શકે નહીં, ઈટ ઈઝ વેરી કલીઅર ઓપોર્ચ્યુનીટી માનનીય અર્જુનભાઈએ કહ્યું એમ સરકાર પાસે હતી, આપણા નિયમોમાં જોગવાઈ છે કે સરકાર નિવેદન કરી શકે, ગઈકાલે અહીંયાં ગૃહમાં નિવેદન કરી શક્યા હોત કે અમે આ તારીખો લંબાવીએ છીએ, મહત્ત્વની બાબત છે, ત્યારે ખાસ કરીને પાના નંબર ૩૨ પરની ત્રણ જ લાઈનો તરફ આપનું વિશેષ ધ્યાન દોરું છું. પેઈજ ૩૨ના લાસ્ટ પેરેગ્રાફમાં છે કે, 'સભાગૃહની અંદર તમામ મહત્ત્વની જાહેરાત સરકારે કરવી જોઈએ. એની પાછળનો હેતુ માત્ર સભાગૃહ તરફ માન બતાવવાનો છે એવો સંકુચિત અર્થ કરવો જોઈએ નહીં. જેમ જેમ વિચાર કરું છું તેમ મને લાગે છે કે એની પાછળનો મૂળ હેતુ તો એ છે કે, સભાગૃહ ચાલુ હોય ત્યારે આવા કોઈ પણ મહત્ત્વનો નિર્ણય સભાગૃહની આગળ રજૂ કરવાથી સભાગૃહ પોતાના વિચાર રજૂ કરી સરકારના નિર્ણયમાં યોગ્ય ફેરફાર કરી શકે.' માનનીય અધ્યક્ષશ્રી, ઘણું બધું ઓબ્ઝર્વેશન માનનીય અધ્યક્ષશ્રીનું છે પણ હું એ પૂરું વાંચતો નથી ગૃહનો સમય બચાવવા, પરંતુ આપને વિનંતી કરું છું કે, માનનીય અર્જુનભાઈએ કહ્યું તેમ નિર્ણય ક્રમાંક૩૬, અને નિર્ણય ક્રમાંક ૩૩ અને એ સંજોગોમાં આ સરકાર ગૃહ બોલાવ્યા પછી પણ જે વારંવાર પબ્લિસિટી માટે થઈને બહાર જાહેરાત કરે અને ગૃહ ચાલુ હોય ત્યારે બહાર જાહેરાત થાય ત્યારે હું માનું છું કે, એને હળવાશથી લઈ શકાય નહીં. હું માનનીય અર્જુનભાઈએ ઉઠાવેલા મુદ્દાને સમર્થન આપું છું.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના ધ્યાન ઉપર મૂકવા માટે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ જે નિર્ણય સંભાળાવ્યો એજ વાંચી સંભળાવું છું. પાના નં.૩૩ નિર્ણય ક્રમાંક ૩૬, ' એ ખરું છે કે મંત્રીએ આવી જાહેરાત કરી છે, પરંતુ આ બાબતમાં પ્રણાલી એ છે કે સભાગૃહનું અધિવેશન ચાલુ હોય ત્યારે કોઈ પણ મંત્રીએ સભાગૃહની બહાર કોઈ પણ નીતિ વિષયક નિવેદન કરવું જોઈએ નહીં.' માનનીય અધ્યક્ષશ્રી, આ કિસ્સામાં પણ આ નીતિ વિષયક નિવેદન નથી. સમય મર્યાદા લંબાવવી એ પ્યોરલી એડમિનિસ્ટ્રેટીવ નિર્ણય છે, એમાં કોઈ સરકારની નીતિમાં ફેરફાર નથી કર્યો, નીતિ પહેલાથી ચાલુ છે, કાર્યક્રમ પહેલાથી ચાલુ છે. ફક્ત સમય મર્યાદા જ વધારી છે એટલે આ વાત નીતિ વિષયક છે જ નહીં આથી આવી જાહેરાત કરવાથી ગૃહના અવમાનનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે એ ખૂબ અગત્યનો છે. એના શું પરિણામો આવે? જે માનનીય શકિતસિંહજીએ અને માનનીય અર્જુનભાઈએ જે વાત કરી એ પ્રમાણે જો કોઈ પણ વહિવટી વ્યવસ્થા આ ગૃહની બહાર જાહેર કરી જ ન શકાય તો ગૃહ ચાલતું હોય એ સમય દરમ્યાન સંપૂર્ણપણે વહિવટી તંત્ર ઠપ થઈ જાય. આ નિર્ણય આ સન્માનીય સભાગૃહ સમક્ષ લેવાઈ ચૂક્યો છે, એના માટેની એક સમય મર્યાદા નક્કી કરવામાં આવી હતી એ સમય મર્યાદામાં પ્રજાને તકલીફ ન પડે એ હેતુથી વહિવટી કારણોસર આ સમય મર્યાદા વધારીને વધારાનો સમય આપવા માટે માનનીય મંત્રીશ્રીએ જાહેરાત કરી છે. આ સમગ્ર પ્રક્રિયામાં આવા નિર્ણયો વિભાગોમાં રોજ લેવાતા હોય છે એ નિર્ણય કોઈને કોઈ નીતિ વિષયક નિર્ણય આ સભાગૃહે લીધો હોય એના ઉપર આધારિત વહિવટી પ્રક્રિયાના ભાગરૂપે લેવાતા હોય છે. એટલે જે વહિવટી પ્રક્રિયાના ભાગરૂપે નિર્ણય લેવાતા હોય છે એની તેઓ જાહેરાત બહાર કરી શકે છે. હા, જો એમણે આ પ્રકારે દસ્તાવેજો રજિસ્ટ્રર કરાવવાનું અમે ફરજિયાત કરવાના છીએ એ પ્રકારની જો જાહેરાત કરી હોત ગૃહની બહાર તો એ નીતિ વિષયક બાબત હતી ચોક્કસ પણ, એક વખત એ માટેની પ્રક્રિયા નિર્ણીત થઈ ગઈ છે, એ માટેની એક સમય મર્યાદા નિર્ણીત થઈ ગઈ છે પછી માત્રને માત્ર વહિવટી કારણસર એમાં સમયમાં વધારો આપવાનું કામ જે છે એને નીતિ વિષયક નિર્ણય કહી શકાય નહીં અને એ બંને કારણોને લક્ષમાં લઈએ તો માનનીય અધ્યક્ષશ્રીના અગાઉના નિર્ણયો આના ટેકામાં ટાંકવામાં આવ્યા છે એ સદર કિસ્સામાં લાગુ પડતા નથી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય મંત્રીશ્રી અમિતભાઈ અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈએ જે બાબત કહી એજ બાબત પ્રમાણે મેં કાર્યવાહી કરી છે. હાઉસીંગ બોર્ડના જે મકાન ધારકો છે એમના પાવર ઑફ એટર્નીથી મકાનોના જે વેચાણ થયા હતા એ વેચાણોને નિયમિત કરવા માટે હાઉસીંગ બોર્ડે પોતે કામગીરી ચાલુ કરેલી અને એમાં લોકોનો ભારે ધસારો થતાં પ્રજાને અને લાભાર્થીઓને તકલીફ ન પડે એ માટે અમદાવાદ શહેરના અને ભાવનગરના માનનીય ધારાસભ્યશ્રીઓએ મારી સમક્ષ રજૂઆત

કરી એ પ્રશ્નની છણાવટ કરતા મને એમ જણાયું કે આ ૧૫ દિવસનો ગાળો આ કામ માટે, આ કાર્યવાહી માટે લંબાવવો જરૂરી છે.એટલે એ જાહેરાત અને એ નિર્ણય મેં કર્યો. આ ફક્ત વહિવટી નિર્ણય છે. આમાં કોઈ નીતિ નિયમ બદલાયા નથી અને ગૃહની અવગણના કરવાનો કોઈ પ્રશ્ન જ આમાં ઉપસ્થિત થતો નથી માટે સભ્યશ્રી અર્જુનભાઈએ જે વિશેષાધિકાર ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે એ રદ કરવા વિનંતી છે.

**અધ્યક્ષશ્રી:** રદ કરવાનો પ્રશ્ન નથી થતો. ૨૦૦૩ના પાના નંબર-૧૯ ઉપર પણ જણાવેલ છે તે વાત કરું તે પહેલાં આ સમગ્ર પ્રશ્ન અર્જુનભાઈએ ઊભો કર્યો અને શકિતસિંહજીએ એના સમર્થનમાં કહ્યું. મુદ્દાની બીજી બાજુ સંસદીય બાબતોના મંત્રી અને આરોગ્યમંત્રી અને વિભાગના મંત્રીશ્રીએ પણ કહી. પ્રશ્ન ઊભો કરવા પાછળનું જે મૂળ તત્ત્વ છે એ આ સભાગૃહના અવમાનનો છે. પ્રશ્નનું મૂળ તત્ત્વ એ છે કે આ સભાગૃહની અંદર, સભાગૃહ ચાલુ હોય ત્યારે અથવા તો ચાલુ થવાનું હોય એના બે દિવસ પહેલાં કોઈપણ નીતિ વિષયક જાહેરાત બહાર નહિ કરવી, હવે જે જાહેરાત થઈ છે તે હું જોઈ ગયો છું અને એની અખબારી યાદી પણ મેં જોઈ છે અને એ મને માનનીય સભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ આપી છે. આખી - સમગ્ર અખબારી યાદી જો વાંચીએ તો એમની પાસે કેટલાક આ જ સભાગૃહના ધારાસભ્યશ્રીઓએ રજૂઆત કરી હતી અને એના અનુસંધાનમાં હાઉસીંગ બોર્ડે તારીખ વધારવાનો જે નિર્ણય કર્યો એ જ નિર્ણયની વાત આદરણીય અર્જુનભાઈએ કહી છે. હવે ધારાસભ્યશ્રીઓ મંત્રીશ્રીઓ પાસે રજૂઆત કરે અને એ નિર્ણય, એમાં તારીખ લંબાવવાની રજૂઆત હોય અને એ નિર્ણયને જો આપણે નીતિ વિષયક નિર્ણય ગણીશું તો શ્રી જયનારાયણભાઈએ જે કહ્યું એ પરિસ્થિતિ હંમેશા પેદા થાય કારણકે આ સભાગૃહની બહાર એવી અનેક રજૂઆતો મંત્રીશ્રી પાસે આવતી હોય, ધારાસભ્યશ્રીઓ પાસેથી અથવા તો બીજી રીતે આવતી હોય. આ બધી જ જાહેરાતોને આપણે આ સભાગૃહની અંદર રજૂ કરવાનો આગ્રહ રાખીએ અને એ ન થાય તો એને ઔચિત્ય ગણીએ તો આપણે ત્યાં ખૂબ ચિંતન સાથે કહ્યું છે કે, "સભાગૃહના ઔચિત્યભંગને લાગેવળગે છે ત્યાંસુધી પ્રસ્થાપિત થયેલી પ્રણાલિકા મુજબ વિધાનસભાનું સત્ર ચાલુ હોય અથવા એક કે બે દિવસમાં મળવાનું હોય ત્યારે તમામ નીતિવિષયક અને જાહેર અગત્યની બાબતોની સૌપ્રથમ જાહેરાત સભાગૃહમાં થવી જોઈએ." આ વાતને હું પણ વળગી રહું છું પણ આ જે જાહેરાત થઈ છે એ જાહેર અગત્યની બાબત નથી વહિવટી બાબત છે અને કેટલાક ધારાસભ્યશ્રીઓએ કરેલ ફરિયાદમાંથી ઉપસ્થિત થયેલી હતી અને તેમણે એ સ્વીકારીને કરી છે એટલે એ નીતિવિષયક ગણવી એ યોગ્ય ગણાશે નહિ.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

**સામાન્ય વહીવટ વિભાગ**

**માગણી ક્રમાંક-૩૦**

**શ્રી વજુભાઈ વાળા (મુખ્યમંત્રીશ્રીમંત્રીશ્રી વતી નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદ સેવાને લગતી, સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨,૩૧,૫૧,૦૦૦/- ની માગણી ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી**

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી**

**માગણી ક્રમાંક-૩૧**

**શ્રી વજુભાઈ વાળા (મુખ્યમંત્રીશ્રીમંત્રીશ્રી વતી નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ચૂંટણી સેવાને લગતી, સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૧,૬૦,૨૯,૦૦૦/- ની માગણી ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી**

**શ્રી મુકેશકુમાર ભે. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૩૩**

**શ્રી વજુભાઈ વાળા (મુખ્યમંત્રીશ્રીમંત્રીશ્રી વતી નાણામંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩૯,૭૯,૨૦,૦૦૦ની માગણી ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.**

**ઉદ્યોગ અને ખાણ વિભાગ.**

**માગણી ક્રમાંક: ૪૯**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૫,૭૮,૮૬,૭૯,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૬૦,૩૦,૫૦,૦૦૦ની માગણી ક્રમાંક: ૪૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૪૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૫૦**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનિજ સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૪૬,૪૨,૯૦,૦૦૦ની માગણી ક્રમાંક ૫૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૫૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી બુધવાર, તા.૧૨/૩/૨૦૦૮ (બીજી બેઠક) (ત્રીજો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | સામાન્ય વહીવટ વિભાગ<br>માગણી નં. ૩૦ | |
| ૧. | ૨૦૧૩-મંત્રી પરિષદ<br>૧૦૧-મંત્રીઓ......પગાર<br>રૂા. ૧,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૧૨ | ૧૦૦ | જાહેર કરવામાં આવેલ યોજનાઓનો અસરકારક અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨. | --"-- | ૧૦૦ | ધારાસભ્યોના લખેલા પત્રો સંબંધમાં સત્વરે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગૌતમભાઈ ઝાલા |
| ૩. | --"-- | ૧૦૦ | પ્રજાના પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ થાય તેવું આયોજન ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૪. | --"-- | ૧૦૦ | મંત્રીમંડળના કાર્યાલયોમાં થતી નિમણૂકોમાં કરવામા આવતો વિલંબ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૫. | --"-- | ૧૦૦ | મંત્રીશ્રીઓ સતત પ્રવાસ અને મીટીંગોમાં વ્યસ્ત હોવાને કારણે ધારાસભ્યોને પડતી હાડમારીઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરુભાઈ ભીલ |
| ૬. | ૨૦૧૩-મંત્રી પરિષદ<br>૧૦૪-સરભરા.....ખર્ચ<br>રૂા. ૧,૫૦,૦૦૦<br>પા.નં. ૧૨ | ૧૦૦ | મંત્રીશ્રીઓ ધ્વારા કરવામાં આવતા સરભરા ખર્ચ ઉપર અંકુશ રાખવામાં નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| | | | માગણી નં. ૩૧ | |
| *૭. | ૨૦૧૫-ચૂંટણી<br>૧૦૧-ચૂંટણી પંચ<br>૦૧-રાજય ચૂંટણીપંચ<br>રૂા. ૧,૯૫,૭૯,૦૦૦<br>પા.નં. ૧૬ | ૧૦૦ | આચારસંહીતાની ફરીયાદોનો ત્વરીત નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૮. | ૨૦૧૫-ચૂંટણી પંચ<br>૧૦૩-મતદાર...છપાવવી<br>૦૧-મતદાર...છપાવવી<br>રૂા. ૧,૦૦૦<br>પા.નં. ૧૮ | ૧૦૦ | મતદાર યાદીઓ તૈયાર કરવામાં થતી ભૂલોની જવાબદારી નકકી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મુકેશકુમાર ગઢવી |
| ૯. | ૨૦૧૫-ચૂંટણી<br>૧૦૮-મતદારોને....આપવા<br>રૂા. ૧૦,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૨૩ | ૧૦૦ | બોગસ મતદાર ઓળખપત્રો છપાતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજરાજસિંહ જાડેજા |
| ૧૦. | ૨૦૧૫-ચૂંટણી<br>૧૦૮-મતદારોને....આપવા | ૧૦૦ | મતદારોને સમયસર અને ક્ષતિરહિત ઓળખપત્રો મળી રહે તેવુ આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરંજયાદિત્યં |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૧૦,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૨૩ | | | સહજી પરમાર |
| | | | **માગણી નં. ૩૩** | |
| ૧૧. | ૨૦૫૨-સચિવાલય....સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૨-સામાન્ય....વિભાગ<br>રૂ.૯,૭૨,૪૦,૦૦૦<br>પા.નં. ૩૦ | ૧૦૦ | પ્રજાજનોની ફરીયાદો માટે મંત્રી મંડળ ધ્વારા અપાતી ઓન લાઈન સૂચનાઓનું પાલન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૧૨. | --"-- | ૧૦૦ | કેન્દ્ર સરકાર સમક્ષ પડતર પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૧૩. | --"-- | ૧૦૦ | એકસપ્લોરા સીસ્ટમના અમલ પછી પણ કર્મચારોની હાજરી/શિસ્ત જાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોધાજી ઠાકોર |
| *૧૪. | --"-- | ૧૦૦ | મંત્રીમંડળનું વિર્સજન થતા અધિકારીઓને ઝડપી પોસ્ટીંગ આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૫. | --"-- | ૧૦૦ | ધારાસભ્યોના પત્રોની પહોંચ પાઠવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૧૬. | ૨૦૫૨-સચિવલાય....સેવાઓ<br>૦૯૧-સંલગ્ન કચેરીઓ<br>૦૧-નિવાસી......દિલ્હી<br>રૂ. ૩,૨૪,૦૦,૦૦૦<br>પા.નં. ૩૩ | ૧૦૦ | નિવાસી આયુકત દિલ્હી ખાતે સંસદ સભ્યો/ધારાસભ્યો સાથે યોગ્ય વર્તાવ/રૂમ ફાળવવામાં અને સંકલન જાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બચુભાઈ કિશોરી |
| | | | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં. ૪૯** | |
| ૧૭. | ૨૮૫૧-ગ્રામ.....ઉદ્યોગો<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-આઈએનડી-૧૧<br>દેખરેખ.....કર્મચારી વર્ગ<br>રૂ.૪,૭૪,૬૫,૦૦૦<br>પા.નં. ૨૪, ૨૫ | ૧૦૦ | કુટિર ઉદ્યોગો અને સહકારી મંડળીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિતકુમાર ચાવડા |
| ૧૮. | --"-- | ૧૦૦ | કુટિર ઉદ્યોગોના ઉત્પાદનોના વેચાણને પ્રોત્સાહન આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સી. કે. રાઉલજી |
| *૧૯. | --"-- | ૧૦૦ | બંધ પડેલા કુટિર ઉદ્યોગોને પુનઃ જીવીત કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૦. | ૨૮૫૧-ગ્રામ.....ઉદ્યોગો<br>૧૦૨-લઘુ ઉદ્યોગો<br>રૂ. ૯૦,૪૯,૮૨,૦૦૦<br>પા.નં. ૨૬ થી ૨૮ | ૧૦૦ | લઘુ ઉદ્યોગોનો ગ્રામીણ ક્ષેત્રમાં વ્યાપ વધે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૨૧. | --"-- | ૧૦૦ | લઘુ ઉદ્યોગોને નાણાકીય સવલતો વધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નિરંજન પટેલ |
| ૨૨. | --"-- | ૧૦૦ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો ધ્વારા લઘુ ઉદ્યોગોની રજૂઆતો સત્વરે મંજૂર કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૨૩. | ૨૮૫૧-ગ્રામ....ઉદ્યોગ<br>૧૧૧-કેયુયો<br>શિક્ષિત....યોજના<br>૦૧-વડાપ્રધાનની....યોજના<br>રૂ. ૭૫,૦૦,૦૦૦<br>પા.નં. ૩૭ | ૧૦૦ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની ભલામણ છતા બેંકો લોન આપતી નથી તે મુશ્કેલી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૨૪. | --"-- | ૧૦૦ | વડાપ્રધાન રોજગાર યોજનાના લક્ષ્યાંકો પૂરા કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રામસિંહ પરમાર |
| | | | **માગણી નં. ૫૦** | |
| ૨૫. | ૨૮૫૩-બિનલોહ.....ઉદ્યોગ | ૧૦૦ | ગેરકાયદેસર ખોદકામ સત્વરે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરુભાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૨-ખાણોનું.......વિકાસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા. ૧૨,૮૯,૭૬,૦૦૦<br>પા.નં. ૫૯-૬૦ | | | ભીલ |
| ૨૬. | --"-- | ૧૦૦ | ખાણોની લીઝ આપવામાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| *૨૭. | --"-- | ૧૦૦ | જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં માફીયા તત્વો ધ્વારા થતી પથ્થર રોયલ્ટીની ચોરી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૮. | --"-- | ૧૦૦ | રોયલ્ટીની રકમ ભરપાઈ કરાવવામાં અધિકારીઓ ધ્વારા અપનાવાતી ગેરકાનૂની રીતો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૨૯. | --"-- | ૧૦૦ | ઠેકેદારો ધ્વારા ખાણની ઉંડાઈની હદ કરતા પણ વધુ ખોદકામ થાતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદ પરની માગણીઓની વાત તો પછી કરીશ, પણ શરૂઆત ત્યાંથી કરીશ કે આજે ૧૨મી માર્ચનો દિવસ છે. દાંડી યાત્રાની તિથિને આ મંત્રી પરિષદ યાદ કરતાં ભૂલી જાય છે. માનનીય અધ્યક્ષશ્રી સૂર્ય સામે ધૂળ ઉડાડવાથી આપણી જ આંખમાં ધૂળ પડે છે. પૂજય બાપુની લીટી ટૂંકી કરીને આપણી લીટી લાંબી થઈ શકે તેમ નથી. મિથ્યા પ્રયત્નો. ગૃહની બહાર નીકળીએ અને નંબર વનના બોર્ડ દેખાય. કોઈ કલબના. ૧૨મી માર્ચ દાંડી યાત્રાને ભૂલી જવાતી હોય, હું માનું છું કે આ શરમજનક ઘટના કહી શકાય. માનનીય અધ્યક્ષશ્રી ગુજરાતના ઉદ્યોગોના વિકાસની આપણે વાત કરીએ છીએ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, (સતત અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઈને આપે કયા શબ્દોમાં હવે કહેવું એ મને તો સમજાતું નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ, આપના ત્યાર પછીના જવાબ આપનારા સભ્યને આપ કહેજો. જે જવાબ આપવો હોય તે જવાબ આપે. (અંતરાય) જે કોઈ એની પાછળ હોય એ જવાબ આપે. (અંતરાય) તમારા બેમાં લજામણીનો છોડ કોણ છે એ મને ખબર નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ સ્વ. જીવરાજભાઈ મહેતાથી લઈને આ રાજયના તમામ મુખ્યમંત્રીશ્રીઓના પ્રયત્નોના પ્રતાપે વિકાસને એક નવી દિશા મળી છે. માત્ર રાજકીય પક્ષે કે રાજકીય નેતાઓ કે મંત્રીશ્રીઓ કે મુખ્યમંત્રીશ્રી નહીં, એ તો ગુજરાતીઓના જીન્સમાં છે. જયારે કોઈ રસ્તાઓ નહોતા દેખાતા, જયારે કોઈ સુવિધાઓ નહોતી ત્યારે ગુજરાતના ભાઈઓ સાહસ કરીને દક્ષિણ આફ્રિકામાં દરિયાનાં મોજાંની સામે ઝઝૂમીને વેપાર કરનારા અને વિકાસ કરનારા એ ગુજરાતીઓ છે, એનો યશ તેમને આપવો જોઈએ. આ તો 'હું કરું હું કરું એ જમોટી અજ્ઞાનતા, સકટનો ભાર જેમ શ્વાન તાણે' આપણે યશ કોને આપવો પડે, એ ગુજરાતીઓની તાકાતને આપવો જોઈએ કે જેમણે ઓડઝની વચ્ચે, મુશ્કેલીઓની સામે, વિઘ્નોની સામે પણ આગળ વધતા રહયા છે. વિકાસ કેવો હોવો જોઈએ તો એ સમતુલિત એટલેકે બેલેન્સ્ડ ડેવલપમેન્ટ હોવો જોઈએ. આદિવાસી વિસ્તારમાં આ ઈન્ફ્રાસ્ટકચર આપો, આવી સુવિધાઓ આપો, ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ માટે વિચારો. તો આવા બેલેન્સ્ડ ડેવલપમેન્ટ તરફ આપણે જવું પડશે કારણ કે મારો એક આદિવાસી ભાઈ કે એને રોજી મળે એને માટે ભૂતકાળના સરકારના દાખલાઓ કયારેક જોજો. માત્ર ૫ કરોડપતિઓની આજુબાજુ મુજરો ના થઈ શકે, પરંતુ પા કરોડની જનતાની ચિંતા પણ થવી જોઈએ. મારે અત્યંત ગંભીર બાબતો તરફ ધ્યાન દોરવું છે. આ મોટા ઉદ્યોગપતિઓ છે એને આપણું જે ઉદ્યોગ વિભાગ છે એ લીલાલહેર કરાવે છે અને નાના ઉદ્યોગપતિઓને રક્ષણ પણ આપતા નથી એવી એક પેરવી ચાલે છે. હું અતિ ગંભીરતાપૂવૃક કહેવા માગું છું કે જો આ સરકાર સચેત નહીં રહે અથવા એમની સાથે હાથ મિલાવશે તો એસ્સાર કંપનીને, એસ્સાર ઓઈલ ઈન્ડસ્ટ્રીઝને ૧૦ હજાર કરોડ રૂપિયાના સેલ્સટેકસનો નાજાઈઝ ફાયદો મળી જાય છે. હું તો એની તારીખો અને વાર સાથે કહેવા માગું છું કે કયા પ્રકારે કઈ દિશામાં આપણે જઈ રહયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, તા. ૧૧-૯-૯૫ ના રોજ ઉદ્યોગ વિભાગ એક સ્કીમ લઈને આવ્યા કે કેપિટલ ઈન્સેન્ટિવ ટુ પ્રિમિયર એન્ડ પ્રેસ્ટિજીયસ યુનિટસ. તો આ ઈન્સેન્ટિવ આપે એને કે નવી ઈન્ડસ્ટ્રીઝ કે જે ચોકકસ સમયમર્યાદામાં શરૂ થાય. આઈ એમ ફોર ઈટ, હું એની તરફદારી કરું છું કે ભલે લાવો, આખરે આપણે ઔદ્યોગિક વિકાસ પણ જરૂરી છે. આપે શું કર્યું કે ૧૧-૯-૯૫ ના પરિપત્રમાં આ સ્કીમ ૧૯૯૫ થી ૨૦૦૦ ની સ્કીમ હતી અને એના માટે સેલ્સટેકસનો લાભ કયારે આપવાનો હતો કે જો આ ઈન્ડસ્ટ્રીઝ ૧૬-૮-૯૫ થી ૧૫-૮-૨૦૦૦ સુધીમાં યુનિટ કામ કરતું થઈ જાય તો.That unit is intitled for the benifit under the given

scheme. માનનીય અધ્યક્ષશ્રી, મારા ભાવનગર જિલ્લામાં જોઈએ કે બીજા જિલ્લામાં જોઈએ તો નાના નાના ઉદ્યોગો સ્થપાયા, ઓકસિજન પ્લાન્ટસ સ્થપાયા, શા માટે કે એક ઈન્સેન્ટિવ ટુ પ્રિમિયર ઈન્ડસ્ટ્રીઝની વાત આવે છે. તો અમને લાભ મળશે. ઈલેકટ્રીસીટી તો ના મળી, સમયસર ઉત્પાદન ના કરી શકયા. એમનો પોતાનો વાંક નહોતો. તો ઉદ્યોગ વિભાગમાંથી અધિકારીઓ મકકમતાથી આવ્યા અને કોર્ટમાં આ કંપનીઓ સામે કડક એફિડેવિટ થઈ કે એમને આ લાભ ના આપી શકાય. Production on particular date was not there so these industries are not eligible આ રીતે  કડક એફિડેવિટ કરી,  તો સારું ના આપો, પરંતુ આ દંડો એટલે કે એક જ દંડો બધા માટે રહેવો જોઈએ ને? એસ્સાર ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ તેણે પ્રોવિઝનલ પ્રીમીયર રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ ૨૮-૬-૯૯ના રોજ લીધું. એ ઈન્ડસ્ટ્રીઝ કમિશનરે આપ્યું, એ સર્ટિફિકેટ પ્રમાણે ૧૫-૮-૨૦૦૦ સુધી આ સર્ટિફિકેટ વેલીડ હતું. જો ત્યાં સુધીમાં ગીવન ડેઈટ સુધીમાં કદાચ ઈન્ડસ્ટ્રી પ્રોડકશન ન કરી શકે તો, એને પાઈપલાઈન પ્રોજેકટ ગણવાનો, અને પાઈપ લાઈન પ્રોજેકટ હોય તો ગીવન ડેઈટ થી બે વર્ષમાં  પણ જો ચોકકસ શરતોને પૂરી કરે તો એને લાભ મળે, ચાલો બધા માટે છે વાંધો નહીં, માનનીય અધ્યક્ષશ્રી, એસ્સાર ઈન્ડસ્ટ્રીઝે એ પ્રમાણે પાંચ જાન્યુઆરી ૨૦૦૦ પહેલા એજ એ પાઈપ લાઈન પ્રોજેકટ પ્રોડકશન કરવું જોઈએ. ન થયું, અને એ કારણે એસ્સાર ઈન્ડસ્સટ્રીઝને ૧૫-૮-૨૦૦૦ સુધીમાં પ્રોડકશન નહીં કરી શકાયું માટે પાઈપ લાઈન પ્રોજેકટ તરીકે ન માન્ય ગણવામાં આવ્યું. અને એ કારણે ૨૮-૫-૨૦૦૦ના રોજ એકસ્ટેન્શન એપ્લીકેશન છે તે ઈન્ડસ્ટ્રીઝ કમિશનરે રદ કરી, એસ્સાર ઈન્ડસ્ટ્રીઝે કારણ શું આપ્યું,  કે મને કામ કરતાં અટકાવ્યા હતા. ધ સર્કમટન્સીસ નોટ બીયોન્ડ માય કન્ટ્રોલ વોટ વોઝ ધી સર્કમસ્ટેન્સીસ, ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની મંજૂરી લીધા વગર, ફોરેસ્ટ વિભાગમાં પોતે પોતાના કન્સ્ટ્રકશન ચાલુ કર્યા, એ રોકાયા, એમના પાપે રોકાયા, એ કારણે હવે એમ કહે કે સરકમસ્ટન્સીસ નોટ બીયોન્ડ કન્ટ્રોલ, માટે હવે મને લાભ આપી દો. એ લાભ કેટલો થાય, પૈસા બે પૈસાનો નહીં, હજાર બે હજારનો નહીં, દસ હજાર કરોડ રૂપિયાનો સેલ્સ ટેકસ બેનીફીટ આની નીચે એ માંગે છે. જે કારણે એ ઈન્ડસ્ટ્રીઝ પોતે એમ કહે છે કે હું પ્રોડકશન શરૂ નહોતો કરી શકયો, તે સમયે જો કે એમની ભૂલ હતી છતાં ગુજરાતનું મેરી ટાઈમ બોર્ડ બહાર આવ્યું હતું, એમણે એમ કહ્યું કે યુઝ માય જેટી, મારી જેટીનો ઉપયોગ કરો, અને તમારું પ્રોડકશન ચાલુ કરો, એસ્સાર ઈન્ડસ્ટ્રીઝે મેરી ટાઈમ બોર્ડની જેટી ન વાપરી, કારણ કે ખરેખર તો એ ઈન્ડસ્ટ્રીઝ કામ કરી શકે એમ જ નહોતી. આ તો એક માત્ર બહાનું હતું. સરકારની તિજોરીને લૂંટવા માટેનું, સમગ્ર બાબત શ્રી શેલત કમિટી પાસે આવી, શેલત કમિટીએ એસ્સાર ઈન્ડસ્ટ્રીઝની વાત રદ કરી, ૬-૯-૨૦૦૪ના રોજ ડી. રાજગોપાલન કમિટીએ તમામ મુદ્દાઓને ચકાસ્યા, એસ્સાર ઓઈલ લીમીટેડની તમામ બાબતોને જોયા પછી તેનો કલેઈમ રીજેકટ કર્યો. પ્રિન્સિપલ સેક્રેટરી પી.એન. રાય ચૌધરીની કમીટી, ધીસ ઈઝ થર્ડ કમિટી, ૨૪-૮-૨૦૦૬ના રોજ એસ્સાર ઓઈલ લીમીટેડની તમામ બાબતોનું હિયરીંગ કરે છે, અને પી.એન. રાય ચૌધરી એ ડીસીઝન આપે છે કે ધીસ ઈન્ડસ્ટ્રીઝ ઈઝ નોટ એન્ટાઈટલ, આટલી આટલી બાબતો છતાં માનનીય અધ્યક્ષશ્રી, એક સ્કીમ ગોઠવાય છે. એક ષડયંત્ર ગોઠવાય છે, કયા લેવલ પર એ તપાસનો વિષય છે. આપે પણ કાયદા વિભાગ સંભાળ્યો છે, ન્યાયની દેવીના પુતળાને આપણે સૌએ જોયું છે. આંખ પર પટ્ટી છે, હાથમાં ત્રાજવું છે, એ પોતાની આંખથી નહીં માત્ર ત્રાજવાથી તોળે છે. એનું એક પલ્લું છે તે એક પક્ષકારનું છે. બીજું પલ્લું એ બીજા પક્ષકારનું છે. જે માણસ એમાં જેટલું નાખશે તે તરફ એ પલ્લું નમશે. હવે જવાબદારી કોની હોય? જવાબદારી હોય રાજય સરકારની.• (xxxxx) (xxxxx)

## પોઈન્ટઓફ ઓર્ડર

સબજયુડિસ મેટરમાં ચર્ચા કરવા અંગે

**શ્રી વજુભાઈ વાળા** : આ બાબતે કોર્ટમાં કેસ છે, સબ જયુડિસ છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીની જે વિગત છે તે એમણે બધી વર્ણનાત્મક, શું શું પ્રોસીઝર થઈ તે રીતે એમણે વાત કરી છે, પણ હવે પછીની બાકીની વાત કોર્ટમાં છે અને કોર્ટમાં કેમ બચાવ કરવો અને શું કરવું તેના માટે આ હાઉસમાં કોઈ ચર્ચાની જરૂર નથી. માનનીય અધ્યક્ષશ્રી,  આ લાભ નથી મળ્યો  એ મેળવવા માટે કોર્ટમાં એપ્લિકેશન કરી છે.  અમે હા નથી પાડી કે તમને આટલા લાભ મળશે. રાજય સરકારે હા પાડી હોય કે આટલા લાભ તમને મળશે. જી.આર. વગેરે બતાવે. માનનીય વિરોધપક્ષના નેતા વર્ણન કરીને આક્ષેપાત્મક વાત કરે છે. કોઈ સ્પષ્ટ આક્ષેપ તો છે નહિ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આ સમગ્ર કેસ કોર્ટ પાસે છે. કોણ કોર્ટમાં ગયું છે.  ચાર કમિટીઓના રિપોર્ટ સુધી સબ જયુડિસ થતું નથી.  આ ચાર કમિટીના રિપોર્ટ સામે એ કોર્ટમાં ગયા હોય તો એ સબ જયુડિસ થાય છે.

**શ્રી વજુભાઈ વાળા** :  આ જે નિર્ણય છે એમાં સરકારે હજી સુધી કોઈ પોઝિટિવ લીધેલ નથી કે  એને દસ હજાર કરોડનો લાભ આપીશું.  કોર્ટ  એનો ચુકાદો આપશે.

• **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન એટલો છે કમિટીએ જે નિર્ણય લીધો હોય, સરકારે નથી આપ્યું અને એ કહે છે આપવાના છે. પ્રશ્ન એટલો થાય છે કે જે વાત એમણે કહી ત્યાં સુધી સબ જયુડિસ આક્ષેપાત્મક ચોક્કસ છે, એમની પાસે વિગતો છે એના આધારે કહે છે. એ વિગતો ન સ્વીકાર્ય હોય તો આપના જવાબમાં કહેજો કે આ વાત સ્વીકાર્ય નથી. હવે પછીની વાત કરે છે એ કોર્ટની અંદર હોય, સરકારના નિર્ણય સામે એસ્સાર કંપની કોર્ટમાં ગઈ હોય તો અત્યારે સબ જયુડિસ ચોક્કસ છે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારી વાત એટલી હતી કે ટ્રેઝરીના પૈસા બચાવવાની જવાબદારી એ કોની છે. આ પૈસાની મંજૂરી આ ગૃહ આપે છે. આ બધા રિપોર્ટ કોર્ટ પાસે ન મૂકે આપણે એફિડેવિટ પ્રોપર વેમાં ન મૂકીએ, બધી કમિટીઓની હકીકતો ન મૂકીએ, આપણે એ ન કહીએ કે મેરી ટાઈમ બોર્ડે જેટીની પરમીશન આપી હતી છતાં એમણે યુઝ નથી કર્યો. Than what will happen? It will go against us.

**અધ્યક્ષશ્રી** : આપે જ કહ્યું કે સબ જયુડિસ છે, એફિડેવિટની વાત છે, એફિડેવિટ સરકારે કેવી કરવી એ એક પ્રશ્ન છે. એ પ્રશ્ન હોય તો એમાં પહેલો પાર્ટ છે તે સ્વીકાર્ય છે. પરંતુ એફિડેવિટ આવી કરવી જોઈએ, કોર્ટ પાસે રજૂઆત કરવી જોઈએ એ મુદ્દો સબ જયુડિસ નથી ગણતા. એફિડેવિટ કેવી રીતે કરવી એ બાબતમાં સરકારનું ધ્યાન દોરે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું માત્ર એટલી વાત કહેતો હતો. Whatever is subjudice, I will not comment on it. પ્રજાના જે પૈસા બચાવવાની વાત હતી એમાં હકીકતો લઈ જાય એટલી જ હું અપેક્ષા રાખું છું. Whatever I wanted to say, I have put on record. Now it is upto the Government; whether they are interested to save public money or they want to do some charity for particular person. I don't want to comment on it, માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય અમારા માટે શીરો માન્ય છે. I will change my subject. I will go to another subject.

**અધ્યક્ષશ્રી** : અત્યારે કેસ દાખલ થયેલ છે?

**શ્રી વજુભાઈ વાળા** : વન વિભાગે અને ઉદ્યોગ વિભાગે વિગતવાર એફિડેવિટ કરેલ છે. હાલ આ બાબત હાઈકોર્ટમાં પેન્ડિંગ છે. આવતી ૧૪મી તારીખે મુદત છે એટલે મેટર સબ જયુડિસ છે. તેથી અત્યાર સુધી જે વાત કરેલ છે તે રેકર્ડમાંથી દૂર કરવી જોઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : These are the reports of the bureaucrats. These are the reports of the committees. How can it go out of the record?

**શ્રી વજુભાઈ વાળા** : અત્યાર સુધી નિર્ણય લીધેલ છે એ યોગ્ય છે કે નહિ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : Court will decide it. I am not criticizing those reports.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપ આપનો જવાબ ચોક્કસ કહી શકો તેમ છો. એમણે જેટલું કહ્યું એટલું અને ચર્ચાને આગળ લઈ જઈએ. તેમણે જે વાત કરી એ સરકારના નિર્ણયો કરતાં સરકારે જે તપાસ સમિતિઓ નીમી હતી તેની વાત કરી છે. સરકારે એ વાતનો સ્વીકાર કર્યો છે કે નહીં, કારણ કે એ સબજયુડિસ છે. એટલે એ વાતને આપણે આગળ લઈ જવા દેતા નથી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે માનનીય સભ્યશ્રીએ એમ કહ્યું કે આ બાબત સબજયુડિસ નથી ત્યારે આપે નાણામંત્રીશ્રીને એમ કહ્યું હતું કે તમારી પાસે રીટ નંબર વગેરે હોય, ત્યારે શકિતસિંહજીએ રજૂ કરવાનું કહ્યું હતું. હવે જ્યારે નાણામંત્રીશ્રીએ મુદતની તારીખ અને રીટ નંબર બન્નેનો ઉલ્લેખ કર્યો છે ત્યારે સ્વાભાવિક જે બાબત સબજયુડિસમાં એ બોલ્યા હોય એટલું રેકૉર્ડ ઉપરથી કાઢવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન એટલો જ છે કે તેમનું જે વક્તવ્ય છે તે વક્તવ્યમાં તેમણે એસ.કે. શેલત કમિટીની વાત કરી. પી.એન. રાયચૌધરીની કમિટીની વાત કરી તે વખતે તેમણે કોર્ટના ઉલ્લેખો નહોતા કર્યા. એટલે એ વિગતોને સબજયુડિસ કહેવી.. કારણ કે એ તો છે. હવે સરકાર આખા કેસની એફિડેવિટ કરવાની છે તેમાં એ જે કહે છે કે એફિડેવિટમાં આવું કહેવું જોઈએ એ વાતને હું એલાઉ કરતો નથી અને વાતને આગળ લઈ જઈએ.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) (ક્રમશઃ)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ વિભાગ જે રીતે કામ લઈને ચાલે. મારી વાત બેલેન્સ ડૅવલપમૅન્ટની પણ એટલી જ મહત્ત્વની છે. સમતુલિત વિકાસ. મારો સરકારને સવાલ થાય છે ખરો? પાંચ કરોડપતિ પાંચ અબજોપતિ બની જશે અને સરકારની માલિકીની જમીનો, અસ્ક્યામતો પડાવીને વેચીને થાય તેને વિકાસ ન કહી શકીએ. સામાન્ય રોજગારી કરતો ગરીબ માણસ એક નાની ઈન્ડસ્ટ્રીઝમાં જઈને કામ કરતો હોય એ ઈન્ડસ્ટ્રીઝ સમૃદ્ધ થાય છે ખરી? તેને મોટા ઉદ્યોગો સામે રક્ષણ મળે છે ખરું? અને એ જો મોટા ઉદ્યોગો સામે તેને રક્ષણ ન મળતું હોય તો તેને યોગ્ય વિકાસ નહીં કહી શકીએ. બહુ મોટી ભાવના સાથે જી.આઈ.ડી.સી. બન્યા છે. આજે કઈ હાલત છે જી.આઈ.ડી.સી.ની? રાજય સરકારે નાના ઉદ્યોગકારો માટે બનેલ આ જી.આઈ.ડી.સી.ને સ્ટ્રેન્ધન કરવા પડશે. તેમના પોલ્યુશનને લગતા પ્રશ્નો નાની ઈન્ડસ્ટ્રીઝ પર નાખવામાં આવે છે કે યુ સોલ્વ ધીસ. તમે પૂરું કરો. તમારી જવાબદારી છે.

માનનીય મંત્રીશ્રીને આપના મારફત એક દાખલો આપીશ. ભાવનગરમાં ચિત્રા જી.આઈ.ડી.સી. છે. જવાબદારી રાજય સરકારની હોવી જોઈએ કે પ્રદૂષિત પાણીનો ત્યાંથી યોગ્ય નિકાલ થાય. ઉદ્યોગમાં રહેલી નાની ઈન્ડસ્ટ્રીઝના માથે ભારણ નાખવાને બદલે આપની માગણીમાં આપણે આવું કામ લઈને આવવું જોઈએ. પ્રદૂષિત પાણીનો યોગ્ય નિકાલ થતો નથી એટલે બાજુમાં નારી ગામ છે. માણસ પાણી પીવે છે એ જગ્યાએ લાલ કલરનું પાણી થાય છે. કેમીકલવાળું પાણી પ્રાપ્ત થાય છે. અનેક લોકોને, અનેક જીવોને, પશુઓને નુકસાન થયાના અનેક દાખલાઓ છે. શા માટે જી.આઈ.ડી.સી.ને પાણીના નિકાલ માટે નાણાની ફાળવણી નથી કરતા અને પેલા નાના ઉદ્યોગપતિઓનું નાક દબાવવામાં આવે. કલેક્ટર સંકલનમાં દબાવે અને ઉદ્યોગકારો ત્યાં જઈને દબાવે અને મોટા ઉદ્યોગપતિઓ માટે રેડ કાર્પેટ, વેલકમ, વી આર વાઈબ્રન્ટ ફૉર યુ. અરે, વાઈબ્રન્ટ થવું હોય તો નાના માણસો માટે થાવ. બહુ બહુ તો ધનપતિઓ કદાચ આપ વાઈબ્રન્ટ થશો અને આપને હરવા-ફરવા માટે એકાદું વિમાન ફાળવશે. પણ તેનાથી ગુજરાતનું હિત નહીં થાય. ગુજરાતના કામદારોનું કલ્યાણ જોઈતું હોય તો નાના ઉદ્યોગકારોને રક્ષણ આપવું પડશે. ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ થયો છે ને તેનો યશ આપવો હોય તો આપણાં કામદારોને પણ આપવો પડશે. એ ગરીબ મજદૂર મહેનત કરીને ખાય છે. મહાત્મા ગાંધીજીની વિચારધારાને આજે પણ અનુસરનારો એ કામદાર છે. એ કામદારને તકલીફ પડે છે તો ડબલ કામ કરે છે પણ એ કામદાર એ ફૅક્ટરીને સળગાવતો નથી. એ કામદાર ફૅક્ટરીના માલિકને બ્લેકમેલ કરતો નથી. એ કામદાર પોતાના શોષણ સામે અવાજ ઉઠાવવાનો હોય તો મર્યાદામાં રહીને અવાજ ઉઠાવે છે અને એટલે ઉદ્યોગો ગુજરાતમાં આવે છે. કારણ કે બીજાં રાજયોમાં કામદાર સંગઠનો તેને ઝૂકાવી પાડે છે. જ્યારે અહીંનો કામદાર છે એ સમર્પિત કામદાર છે. ગુજરાતના વિકાસનો યશ આપવો હોય તો એ કામદારની પીઠ થાબડો. તેને વીમાની યોજના આપો. તેને રક્ષણ આપો, તેની ચિંતા કરો. એના માટે કાંઈક ગરીબ માણસ માટે કાંઈક કરો તો ઉદ્યોગ વિભાગ વાઈબ્રન્ટ થયું છે એમ કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, મારી છેલ્લી વાત મંત્રી પરિષદ ઉપર કરીને હું મારી વાત પૂરી કરીશ. મંત્રી કોણ છે? લોકશાહીમાં મંત્રી એ પ્રજાનો સેવક છે. ગરીબ અશક્ત માણસ મંત્રી પાસે રજૂઆત માટે નહીં, મુખ્યમંત્રીનું બાવડું પકડે એવી વ્યવસ્થા હોવી જોઈએ. કારણ કે, આપણે લોકોના પ્રતિનિધિ છીએ. સચિવાલયના દરવાજે આવનાર માણસ લાલ લાઈટવાળો જ આવે એવું નહીં, બસમાંથી એ અશક્ત માણસ ઊતરે, રિક્ષા કરે અને બ્લૉક નંબર એકના દરવાજે ઊતરે અને મુખ્યમંત્રી માટે જ વપરાતી હોય એ લિફ્ટ ખુલ્લી જ પડી હોય એમાં બેસીને એ મુખ્યમંત્રીને મળવા જાય એવી લોકશાહીની કલ્પના હતી. આજે તો સામાન્ય માણસની વાત જવા દો. ભલભલા ખેરખાંઓ વાત સ્વીકારે કે ન સ્વીકારે એ મનમાં સમજતા હશે અને એ દરવાજે પહોંચતાં કેટલા કોઠા પાર કરવા પડે છે અને કઈ પરિસ્થિતિમાં જવું પડે છે? Charity begins from home. હમણાં કહેતા હતા કે કૉન્ગ્રેસના શાસનમાં શું કર્યું? કૉન્ગ્રેસના શાસનમાં સામે બેઠા હતા, નાણા વિભાગ હતો અને એ શાસનમાં મંત્રીમંડળ માટે નિર્ણય કર્યો કે, હવાઈ મુસાફરી કરવાની હોય છે એ ઈકોનૉમિક ક્લાસમાં કરવી. જ્યારે અમે મંત્રી હતા. મુખ્યમંત્રી પણ ટ્રાવેલીંગ ઈકોનૉમિક ક્લાસમાં જ કરશે. આપણને જરૂર પૂરતો પ્રવાસ કરવાનો, સમય બચાવવાનો અધિકાર છે. પણ પ્રજાના પૈસે લકઝરી ભોગવવાનો અધિકાર નથી. Why business class? Why First Class? Why special aircraft? શું આ કલ્પના હતી લોકશાહીના ઘડવૈયાઓની? શું આ મંત્રી પરિષદની કલ્પનાઓ હતી? માનનીય મંત્રીશ્રીઓ ઘણા એવા અહીંયાં એ વાતના સાક્ષી છે. માગણીઓ ઉપર જે વિભાગની ચર્ચા થતી ત્યારે એ સાંજે એ વિભાગના મંત્રીને ત્યાં આ બન્ને પક્ષના લોકોનું ભોજન થતું અને એમાં અધિકારીઓ સાથે મળીને પ્રજાકીય પ્રશ્નોની પાર્ટીથી પર ઊઠીને પતાવટ થતી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, મંત્રી વિસ્તારમાં જતા હતા. કાર્ડ છપાય કે આ પક્ષના ધારાસભ્ય છે એમ નહીં પણ એ ધારાસભ્ય છે, પ્રજાનો ચૂંટાયેલ પ્રતિનિધિ છે, મંત્રી તરીકે હું એમને એમ નહીં આવું, સરકારી કાર્યક્રમ છે, યુનિવર્સિટીનો કાર્યક્રમ છે, પ્રજાનો કાર્યક્રમ છે, લોકોના ચૂંટાયેલ પ્રતિનિધિઓ એમાં રહેશે. આજે પણ આપ જોજો કેન્દ્રીય મંત્રીશ્રીઓ આવે છે ત્યારે મારા શહેરમાં, મારા પક્ષના કાર્યકરોએ અવાજ ઉઠાવ્યો હતો કે, આ રાજય કક્ષાના રેલવે મંત્રીશ્રી આવે છે અને તમારું નામ આ કાર્ડમાં નથી અને શહેરમાંથી ચૂંટાયેલા બન્ને ભારતીય જનતા પાર્ટીના બન્ને ધારાસભ્યો છે એમના નામ છે અને મેં મારા પક્ષના કાર્યકરોને કહ્યું હતું કે, એમને પ્રજાએ મૅન્ડેટ આપ્યો છે એ આપણા પક્ષના હોય કે ગમે તે પક્ષના હોય આપણે એમને મળવા જઈશું, એમના કાર્યક્રમનો વિરોધ નહીં કરીએ. કારણ કે, આ લોકશાહીની પરંપરા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરના રેલવે સ્ટેશનનું ઉદ્દઘાટન થયું એ વિસ્તારના સંસદસભ્યનો ફોટો કેવડો અને કોની સાથે હતો? એ કેન્દ્ર સરકારની જાહેરાત જોઈ લેજો અને ક્યારેક આપનું જોજો. અમે તો એવા લોકોને અહીંયાં જોયા છે કે, જે લડતા હતા, માનનીય અર્જુનભાઈ સાચું જ કહે છે કે, આ પોપટ રામ બોલતો બંધ થઈ ગયો છે. નહીં તો અમારા માનનીય વજુભાઈ અમારા સમાજનું ગૌરવ છે એ રણકો મારીને બોલે..

**અધ્યક્ષશ્રી** : આજે સવારથી પોપટ નહોતો આવ્યો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : માનનીય અધ્યક્ષશ્રી, બન્ને જણાએ બહુ સાચા અર્થમાં કહ્યું હતું. માનનીય જયનારાયણભાઈ તો બહુ ઈન્ટેલીજન્ટ માણસ છે. પહેલાં એવી કહેવત હતી કે કોથળામાં રાખીને પાંચ શેરી મારે.

એમણે તો પાંચ કિલો ફટકાર્યું અમારા વજુભાઈને, પાંચ શેરી નહીં. ભમરો છેને એને અમે સૌરાષ્ટ્રમાં સારી રીતે ઓળખીએ છીએ. હું અને નાણામંત્રીશ્રી સૌરાષ્ટ્રમાંથી આવીએ છીએ. એ મધ પેદા ન કરે. માનનીય અર્જુનભાઈએ સાચું જ કહ્યું હતું કે, એ કુમળી કળીને પણ ડંખ મારી આવે. માણસ નીકળ્યો હોય અને છંછેડાયો હોય તો જ ડંખ મારે એવું નહીં, તો એ ખાનદાની ભમરો કહેવાય. પણ છંછેડ્યો ન હોય તો પણ કરડે એવું વેટમાં નાંખ્યુંને એ તો બધાને ફટકાર્યા. એના કરતા લિમિટેડને પકડ્યા હોતને તો વાંધો નહોતો. આજ વાત ઉદ્યોગ વિભાગ પર કરીને મંત્રી પરિષદ પર ઘણું કહી શકાય. મારા અન્ય સભ્યશ્રીઓ આ વિષય પર કહેવાના હોય. હું આ માગણીઓને આ કારણોસર સ્વીકારી નથી શકતો.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગની માગણી ક્રમાંક: ૩૦, ૩૧, ૩૩, ૪૯ અને ૫૦ લઈને જે આવ્યા છે એમાં મારો સૂર પૂરાવવા માટે ઉભો થયો છું. અત્યારે ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત નંબર વન છે એ આપણે સ્વીકારવું જોઈએ. ગુજરાતની અંદર આટલા બધા ઉદ્યોગો આવવાના કારણો શું? પહેલા પણ ગુજરાત હતું. પહેલા પણ સરકારો હતી. આટલા બધા ઉદ્યોગો નહોતા આવતા. મારે ગુજરાતની અંદર ઉદ્યોગોની સરળ નીતિ ઔદ્યોગિક સલામતી, ઉદ્યોગને વીજળીની પૂરી સુવિધા, ઉદ્યોગોને પાણીની પૂરી સુવિધા આના કારણે ગુજરાતમાં ઉદ્યોગોનો વધુને વધુ વિકાસ થયો છે. હમણાં શકિતસિંહભાઈ વાત કરતા હતા કે ગુજરાતના પાંચ ઉદ્યોગપતિને યાદ કર્યા અને એક એસ.આર.ને યાદ કર્યા અને એની વાત પૂરી કરી. એણે એસ.આર.વાળાને ફોન કર્યો હોત તોય મળવા આવેત. આમાં અડધો કલાક ટાઈમ બગાડ્યો એના કરતા જો સારાં સૂચનો કર્યા હોત તો આ ગુજરાતના ઉદ્યોગોના હિતમાં લાભકારક બનેત. વાત વાતમાં એક મંત્રીશ્રી અને પાંચ ઉદ્યોગપતિ યાદ કર્યા છે, નસીબમાં તમારું પાનખર જેવું વસંતને યાદ કરશો કયાં સુધી, એ પાનખર જેવું નસીબમાં લખ્યું હોય તો આ મંત્રીપદ મળવાનું નથી. હું એમને કહેવા માગું છું કે જો એના ભાવનગર જિલ્લાના શીપીંગ બ્રેકીંગ યાર્ડ અને જે એ ઉદ્યોગોને યાદ કર્યા હોત તો ત્યાંના એસોસિએશને ભાવનગરના તમામ ધારાસભ્યોને પત્રો લખ્યા હતા એટલે કદાચ એમને પણ પત્ર મળ્યો હશે. કે આના ઉપર જે કસ્ટમ ડ્યૂટી છે એ કેન્દ્ર સરકાર ઘટાડે તો આ ઉદ્યોગ ત્યાં ધમધમતો રહે નહીંતર ભાવનગર જિલ્લાની અંદર ઉદ્યોગ મરણપ્રાય ઉપર પડ્યો છે.

**પૉઈન્ટ ઑફ કલેરીફીકેશન**

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ :** માનનીય અધ્યક્ષશ્રી, મારા નામ જોગ કહ્યું છે એટલે પૉઈન્ટ ઑફ કલેરીફીકેશન. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જયનારાયણભાઈને પણ કહ્યું હતું, સંયુક્ત રીતે અલંગ ઉદ્યોગ માટે સાથે આવવાની પણ તૈયારી, રજૂઆત કરવાની તૈયારી , ૧૫ ટકા કસ્ટમ ડ્યૂટી એન.ડી.એ.ના શાસનમાં હતી. યુ.પી.એ. સરકાર આવી એટલે ૫ ટકા કરાવી હતી એ મે જ કરાવી હતી. એટલું ખાલી આપને આપના ધ્યાન માટે કહી રાખુ છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, બીજી એમણે વાત કરી કે આજે ૧૨ માર્ચ, એટલે દાંડી યાત્રા અમે પણ ગાંધીજીને યાદ કરીએ છીએ, અમે પણ ગુજરાતના એમના વારસદાર છીએ અને ગાંધીજી પ્રત્યે જો આપને બધાને હમદર્દી હોય ખાલી * (xxxxx) (xxxxx) આપ જો દાંડીકૂચની યાત્રામાં ગયા હોવ અને એમને આશ્રમે જઈ જો યાદ કર્યા હોય...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી મોહનભાઈ તમારા એ શબ્દો હું કાઢી નાંખુ છું. તમે પાછા ખેંચી લો.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સોરી, હું શબ્દો પાછા ખેંચી લઉ છું.

**અધ્યક્ષશ્રી** : જો આપણે જ્યારે બોલતા હોઈએને દાંડીયાત્રા વિશે તો એમનો જવાબ ચોક્કસ આપો પણ દાંડીયાત્રાનું સન્માન રહે એ રીતે તમે આપો.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ખરા અર્થમાં દાંડીયાત્રાને યાદ કરું છું અને એ વાતમાં હું સંમત છું પણ એમણે આજે ગાંધી આશ્રમે જઈ અને આ ૧૨મી માર્ચની દાંડીયાત્રાને જો ખરા અર્થમાં યાદ કરી હોત અને પછી એ આવીને જો અમને ગૃહમાં કીધું હોત તો અમારે કાનની બૂટ પકડવી પડે. પણ પોતાને પણ યાદ નથી. તકલીફ ત્યાં છે કે આ રાજયસભાની ટીકીટ નક્કી કરવા માટે શકિતસિંહભાઈ બે દિવસથી દિલ્હી હતા એટલે અહીંથી અર્જુનભાઈને બોલાવ્યા નહીં એટલે આ બધાને દુ:ખે છે પેટમાં અને કુટે છે માથું. (અંતરાય)

**શ્રી જગદીશ ઠાકોર :** (અંતરાય) પછી અમને પણ બોલવા દેજો સાહેબ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી મોહનભાઈ, બેસી જાવ આપ. આ સભાગૃહની અંદર જે મર્યાદાઓ આપણે નક્કી કરી છે એને ઓળંગીને આપે કયા રસ્તે જવું છે એ નક્કી કરો તમે. .. ના હવે નહીં. એક વખત કીધું બે વખત કીધું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : સોરી સાહેબ, સોરી. માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની અંદર મને વિધાનસભામાં ખબર છે અગાઉ કોંગ્રેસના મિત્રો એમ કહેતા કે આ એમ.ઓ.યુ. એટલે શું અને સામૈયું એટલે શું? આ એમ.ઓ.યુ. અને સામૈયું એટલે એ કે ૨૦૦૩ થી ૨૦૦૫ સુધીમાં ૧,૭૨,૨૨૮ કરોડના મૂડીરોકાણના

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

એગ્રીમૅન્ટ થયા, કરાર થયા. એમાંથી ૧,૩૫,૨૬૩ કરોડ રૂપિયાના કામો શરૂ થઈ ગયા અને ફૅકટરીઓ શરૂ થઈ ગઈ. આને એમ.ઓ.યુ. કે સામૈયુ જે કહેવું હોય તે કહી શકાય. ૨૦૦૭માં ૬ લાખ ૬૬ હજાર કરોડના આઈ.ટી. ક્ષેત્રમાં ઉદ્યોગો માટેના જે એગ્રીમેન્ટ કરાર થયા. આપણે સૌ જોઈ શકીએ છીએ કે કચ્છમાં મને યાદ છે કે ૧૯૯૫માં કચ્છનું એક પ્રતિનિધિમંડળ આવ્યું અને ત્યારના મંત્રીશ્રીને એક મોમેન્ટો આપ્યો એમાં ગુજરાતનું ચિત્ર દોરાયેલું હતું. એમાં આખા ગુજરાતને એક સારસ પક્ષી તરીકે બતાવ્યું હતું અને કચ્છને એનું બચ્ચું ચીતર્યું હતું. એનો કહેવાનો ઉદ્દેશ એ હતો કે ગુજરાત એ મોટું સારસ પક્ષી છે અને કચ્છ નાનું બચ્ચું છે તો એને ખોરાક આપો. આજે ગૌરવભેર આપણે કહી શકીએ કે સામખિયાળીનો બ્રિજ પસાર કરો તો આખા કચ્છમાં આપણે જોઈએ તો થાય કે કચ્છમાં નહીં પણ વિદેશની ધરતી ઉપર આવી ગયા છીએ. ત્યાંના ઉદ્યોગો ધમધમી રહ્યાં છે. ફોરલેન રોડ, વીજળી ક્ષેત્રમાં પ્રગતિ કરી છે. આ ઔદ્યોગિક પ્રગતિના કારણે મને યાદ છે મોરબીમાં સીરામિક ઉદ્યોગ ભારતનું હબ ગણાય. આમાં ગરીબ વિસ્તારના આદિવાસી ભાઈ-બહેનો કામ કરવા આવે છે. મને યાદ છે કે છેલ્લા પાંચ વર્ષમાં ખાલી મોરબીમાં ઓછામાં ઓછા ૨૫ હજાર આદિવાસી ભાઈ-બહેનો કામ કરે છે. એના વિસ્તારમાં રોજના ૨૫ રૂપિયા રોજ મળતું ન હતું. આજે એવા ગરીબ માણસને રોજીરોટી આપતું આ ગુજરાતનું ઔદ્યોગિક ક્ષેત્ર ધમધમતું થયું છે. હમણાં શક્તિસિંહભાઈ કહેતા હતા. ઉદ્યોગોની પ્રગતિ પાછળ ગુજરાત સરકાર અને મુખ્યમંત્રીની દીર્ઘદૃષ્ટિ, ઉદ્યોગ ખાતાના અધિકારીઓની જહેમત અને કામ કરનાર કારીગરોની મહેનત, એને પણ જશ આપીએ એની ના નહીં. મારે આ હાઉસમાં કહેવું છે કે ગુજરાતમાં જે આ ઉદ્યોગ ક્ષેત્રમાં રોજીરોટી મળે છે એના કારણે આપણા ગુજરાતના એકેએક માણસની સ્થિતિ સદ્ધર થઈ છે એ સ્વીકારવું જોઈએ. આ ગુજરાતની અંદર આઈ.ટી. ક્ષેત્રના કારણે આવતા તમામ મોટા ઉદ્યોગકારોને એને જોઈતા કારીગરો પણ આ ઔદ્યોગિક ક્ષેત્રે મળવાની સુવિધા ઉપલબ્ધ થઈ છે. ખાસ કરીને શક્તિસિંહભાઈ ભાવનગરની જી.આઈ.ડી.સી.ની વાત કહેતા હતા. ખરા અર્થમાં ગુજરાતમાં જી.આઈ.ડી.સી.નો વિકાસ થયો છે. ગુજરાતની કોઈપણ જી.આઈ.ડી.સી.માં જઈને જોશો તો પાણીની સુવિધા, રસ્તાની સુવિધા, કારખાનાને વીજળીની સુવિધા અને એકે એક જી.આઈ.ડી.સી.ની અંદર જે સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે એ આ ભારતીય જનતા પક્ષની સરકારે કરાવી છે. જે આદિવાસી ભાઈઓની કાયમ વાતો કરીએ છીએ એ આપણા ભાઈઓ છે. એને રોજીરોટી મળવી જોઈએ એમાં ગુજરાત સરકાર અને દરેક ધારાસભ્યશ્રી સંમત હોય પણ અગાઉના વખતમાં આ આદિવાસી ભાઈઓની રોજીરોટીનો કોઈ દિવસ વિચાર કર્યો ન હતો.

"તુલસી હાય ગરીબ કી, કબુ ન ખાલી જાય,
મુએ ઢોર કે ચામ સે લોહા ભસ્મ હો જાય."

માનનીય અધ્યક્ષશ્રી, આ અગાઉ ગરીબોનું વિચાર્યું નથી એની હાયના કારણે તેઓ અહીં બેઠા છે. જો વિચાર્યું હોત, ગરીબી દૂર કરી હોત તો અહીં બેસવાનો વારો એમને ન આવતો. ખરા અર્થમાં આ ઉદ્યોગ ક્ષેત્રની જેમ ગામડામાં વાત કરી કે ગુજરાતના માનવીની અંદર જીવ સેવા છે. હું એક વાત કરું કે મોરબીમાં ૧૯૯૫ પછી નળિયા ઉદ્યોગની સ્થાપના થઈ. ગામડાંમાં ખેતી કરતા ચાર-પાંચ મિત્રો ભેગા થાય અને નાનું યુનિટ સ્થાપવાની શરૂઆત કરે, એમાં પોતે મહેનત મજૂરી કરે. આજે એમાં આગળ વધીને એ સીરામિક ઉદ્યોગ આજે ભારતનો નંબર વન ઉદ્યોગ બન્યો છે. ગુજરાતમાં આ ઉદ્યોગોની સુવિધા પૂર્ણ કરવા માટે ૫૦૦ કિલોમિટર લાંબી ગેસની પાઈપલાઈન આ ગુજરાત સરકારે એક વર્ષમાં આપી હતી. આના કારણે ગુજરાત અને મોરબીનો સીરામિક ઉદ્યોગ, જેવી ક્વોલિટી બનાવવી જોઈએ, ચાઈના સાથેની અમારી હરીફાઈ છે, એને પૂરી કરવા માટે ગુજરાત સરકારે ગેસ પૂરો પાડ્યો. જેના કારણે ખૂબ જ વિકાસ થયો છે. મારે એક વિનંતી કરવાની છે કે, આ ઉદ્યોગોમાં જે અમે બોરના પાણીનો ઉપયોગ કરીએ છીએ એના કારણે ક્વોલિટીમાં તકલીફ પડે છે. આથી નર્મદાના પાણીની માગણી આ ઉદ્યોગકારોની છે. આ ઉદ્યોગોની અંદર નર્મદાનું જો પાણી મળે તો આથી વિશેષ કવોલીટીમાં સુધારો થાય અને આજે જે માગણીઓ લઈને આવ્યાં છે એમાં મારો સૂર પૂરાવું છું.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા (સૂરત શહેર (પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગ તરફથી અનુદાનો માટેની માગણી ૪૯ અને ૫૦ ને અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું. ઉદ્યોગ વિભાગ તરફથી ૬૩૯.૧૭ કરોડ અને ખાણ-ખનીજ વિભાગની ૪૬.૪૩ કરોડ રૂપિયાની જે માગણી આવી છે તેને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં ઔદ્યોગિક પ્રગતિ અને ઔદ્યોગિક મૂડીરોકાણમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. ગુજરાત સરકારની ઔદ્યોગિકરણ માટેની શરત અને ઉદાર નીતિઓના કારણે, ઉચ્ચ કક્ષાની આંતરમાળખાકીય સવલતોના કારણે ગુજરાત સમગ્ર દેશમાં સૌથી વધારે ઔદ્યોગિક મૂડીરોકાણ  ખેંચી લાવનારું રાજ્ય બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ઔદ્યોગિક રોકાણ કરનારાઓ ફકત અને ફકત ગુજરાતી corporate houses નથી. પરંતુ બીન-ગુજરાતી corporate houses છે અને NRI પણ છે. આ infratstructure ના કારણે Asian economic giants કહેવાતા એવા દેશો ખાસ કરીને ચીન, જાપાન, કોરિયા જેવા દેશો પણ ગુજરાતમાં મૂડીરોકાણ કરવા માટે industrial capital invest કરવા માટે એ લોકો પણ આજે તત્પર બની રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ business house ઔદ્યોગિક સહાય શરૂ કરતા તેનું financial viability નો વિચાર કરતા હોય છે એ આ financial viability consider કરતી વખતે capital machinery, technical know-how, financial viability જેવી અનેક વસ્તુઓને consider કરીને ફાઈનલ viability જો એ પ્રોજેક્ટને viable લાગે તો એ નિર્ણયમાં આગળ વધતો હોય છે અને ત્યાર પછી તરત જ પહેલો નિર્ણય કરવાનો હોય છે સ્થળ પસંદગી. જો સ્થળની સ્થાપવા માટે સ્થળની પસંદગીના નિર્ણયમાં જરા પણ ભૂલ થાય એ ઔદ્યોગિક સાહસને નફાકારકતા તરફ લઈ જવામાં એને માટે ખૂબ અઘરું બનતું હોય છે ત્યારે selection of a proper site is the most important decision which the industrialist has to take.

માનનીય અધ્યક્ષશ્રી, આજના તબકે, આ જ તબક્કે ગુજરાત સરકારની જે વાયબ્રન્ટ ગુજરાતની Internationl Investors Summit છે એ prospective investors મદદરૂપ થવા માટેની છે. Welcome, the real growth of the International Investors Summit.

માનનીય અધ્યક્ષશ્રી, આંતરરાષ્ટ્રીય રોકાણકારોની પરિષદો આ દેશના રોકાણકારોને ઔદ્યોગિકરણ માટે ગુજરાતમાં ફકત આંતરમાળખાકીય સવલતોની જાણ કરે છે. They keep them informed to come down to Gujarat. તમારે ઈન્ડસ્ટ્રીઝ માટે શું શું વસ્તુની જરૂર છે? એ બધી વસ્તુઓ, દરેક ચીજ, દરેક ફેકટર, પરિબળ ગુજરાતમાં ઈઝીલી આપણા માટે અવેલેબલ છે. આ ઉદ્યોગ ગૃહોને જમીન, રોડ, રસ્તા અને પાણીની જરૂરિયાત હોય, તેને પાવર, કાચોમાલ કે માર્કેટની જરૂરિયાત હોય, બેકિંગ or finance જરૂર હોય transport by road, rail, sea or air હોય, લેબર અને લેબરનું harmony હોય આ તમામ ફેકટરને prospective investors ની જાણ માટે મૂકવામાં આવતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસોને આ બધા ફેકટરોને પોતાના પેરામીટરની અંદર મૂલ્યાંકન કરીને પછી એને એવું લાગતું હોય આ ઈન્ડસ્ટ્રીઝ મારે ગુજરાતમાં કરવી હોય તો જે આ ગુજરાતમાં ઈન્ડસ્ટ્રીઝ કરવા માટે આવે છે અન્યથા એ કરવા આવે નહિ.

માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છેકે આ International Investors Summit એ મેળાવડા રાજ્ય સરકાર તરફથી કરવામાં આવે છે એવી એક ટીકા પણ થતી આવે છે પણ મારે કહેવું છે કે ગુજરાતમાં ઔદ્યોગિક મૂડીરોકાણ માટે દેશનું સૌથી આદર્શ અને ઈન્ફાસ્ટ્રકચર ધરાવતું રાજ્ય છે એ હકીકત છે અને આ હકીકતને માર્કેટિંગ કરવા માટેની campaign હકીકતને માર્કેટિંગ કરવા માટેની જો campaign કરવામાં આવશે તો એ International Investors Summit છે. આ સમીટ દ્વારા આ ઈન્ફાસ્ટ્રકચરનું માર્કેટિંગ કરવાની માનનીય મુખ્યમંત્રીને જે વિચાર આવ્યો છે તેના માટે હું ખૂબ ખૂબ અભિનંદન આપવા માગું છું. આ campaign ની સફળતાના પરિણામ રૂપે ગુજરાત રાજ્યે ત્રણ સમિટ મળીને લાખો કરોડો રૂપિયાના.. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ સાંજના ૪-૩૦ થી ૫-૦૦**

**માનનીય સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ, અધ્યક્ષસ્થાને**

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા** : (ક્ર): માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારની આ માર્કેટીંગ કેમ્પેઈનની સફળતાને કારણે ગુજરાત રાજય ત્રણેય સમીટમાં મળીને લાખો, કરોડો રૂપિયાના એમ.ઓ.યુ. મેળવી શકયા હતા. હું કહેવા માગું છું This is like selling air-conditioners and refrigerators in the north pole આ એવું અશકય કામ ગુજરાત સરકારે કરી બતાવ્યું છે કે ઉત્તર ધ્રુવની અંદર કદાચ કયારેય એરકન્ડીશન કે રેફ્રીજરેટર વેચી નહીં શકાય એવું કામ આ ગુજરાત સરકારે કરી બતાવ્યું છે. હું સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપવા માગું છું. આ જ ઈન્ફ્રાસ્ટ્રકચરના કારણે ભારત સરકારે ૫૧ જેટલા એસ.ઈ.ઝેડ સ્થાપવા માટેની મંજૂરી પણ ગુજરાત સરકારને આપી છે. જાપાન સરકારના સહયોગથી દિલ્હી, મુંબઈ ઉપર એક Special Industrial corridor બની રહ્યો છે. તેમાંનો ૪૦ per cent of the total corridor passes through Gujarat. અને આ કોરીડોરની અંદર પ્રથમ ચરણમાં ધોલેરા, સાંતલપુર, હાલોલ, દહેજ પૈકીના વિસ્તારમા Japanese Special Investment Region એસ.આઈ.આર. તરીકે પણ વિકસાવવાનો ગુજરાત સરકારે નિર્ણય કર્યો છે તેને પણ હું અભિનંદન આપું છું. આ જ કોરીડોરમાં Japanese External Trade Organisation દ્વારા ૧૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારની માગણી ગુજરાત સરકાર પાસેથી કરી છે અને ગુજરાત સરકારે પણ મારી માન્યતા અને જાણ મુજબ સારો પ્રતિભાવ આમાં આપ્યો છે. જાપાનની ઈન્ડસ્ટ્રીયલ જાયન્ટસ ગણાતી કંપની જેવી કે Toshiba, Tsumitome, Fujitans વગેરે મલ્ટીનેશનલ કંપનીઓએ પણ પોતાના પ્રોજેકટ આ ઝોનની અંદર સ્થાપવાની તૈયારી બતાવી છે. ગુજરાતમાં એક નાનકડું જાપાન બનવાનું છે. જેમાં residential town, Sports Complex, Corporate Offices જેવી તમામ સુવિધાJapanese style બનશે.There will be a little Japan made in Gujarat. કે આ જાપાન ગુજરાત સરકારે બનાવ્યું છે. ઔદ્યોગિકરણમાં ગુજરાતે પણ હરણફાળ ભરી છે અને ઉચ્ચકક્ષાનું રેટીંગ એને પ્રાપ્ત થયું છે ત્યારે આ ગુજરાત Gujarat State based public limited કંપનીને પણ કેપીટલ માર્કેટમાં બેસ્ટ આકર્ષણ મળી રહયું છે. આકર્ષક શેર ગણાય છે અને આ ગુજરાત બેઝ કંપનીના શેરો

બ્લ્યુચીપ શેર્સ તરીકે પણ શેર માર્કેટમાં ગણાય છે ત્યારે આ માગણીઓને આ સંદર્ભમાં અનુમોદન આપી આપનો આભાર માનું છું. ધન્યવાદ.

**શ્રી મુકેશકુમાર ભે. ગઢવી (દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ઉદ્યોગ, ખાણ, ખનીજ અને મંત્રી પરિષદ, ચૂંટણી અને સામાન્ય વહીવટ વિભાગની માગણી લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. કોઈપણ રાજયનો જો સાચા અર્થમાં વિકાસ કરવો હોય તો સમાંતર વિકાસ થાય, સર્વે દિશાઓમાં વિકાસ થાય, સર્વે ક્ષેત્રોની અંદર વિકાસ થાય એ ખૂબ જ જરૂરી છે એક વિસ્તારની અંદર વિકાસ થયો, એક વિસ્તારમાં વધુ સવલત આપવામાં આવી કારણકે ત્યાંની ભૌગોલિક પરિસ્થિતિ એવી છે એ ભૌગોલિક પરિસ્થિતિનો મહત્તમ  લાભ મોટા ઉદ્યોગપતિઓ લે, એના લાભો વધુ ને વધુ  સરકાર એમને આપતી જાય એ સમન્વય વિકાસ નથી. તમામ ક્ષેત્રો, તમામ દિશાઓ. એકબાજુ દરિયાકિનારો હોય, બીજીબાજુ પહાડો હોય, ત્રીજી બાજુ રણ હોય અને ચોથી બાજુ આખા પાણીની નદીઓ વહેતી હોય તો જે વિસ્તારની અંદર જેવા પ્રકારના ઉદ્યોગો સ્થાપી શકાય એ પ્રમાણેનું આયોજન સરકારે કરવું જોઈએ.  આજે  આપણે સૌ ગૌરવ લઈ રહ્યા છીએ કે આટલો બધો વિકાસ થયો, આટલા મોટા ઉદ્યોગો ગુજરાતમાં આવ્યા તે સારી બાબત છે.  કચ્છની અંદર ભૂકંપ આવ્યો.  ભૂકંપે કાળો કેર વર્તાવ્યો તે ખૂબ દુ:ખનીય  ઘટના હતી, પરંતુ ભારત સરકારે એ ભૂકંપગ્રસ્તોને બહાર કાઢવા માટે ઈન્સેન્ટિવની સ્કીમ આપી, એના અનુસંધાને આ બધા ઉદ્યોગો આવ્યા.  કેટલાય ટેક્સના બેનિફિટ આપવામાં આવ્યા અને એના અનુસંધાને એ જ રીતે દરિયાકિનારાની અંદર દરિયાકાંઠે જેટીઓ બની.  ઈરાન એ બાજુએથી પાઈપલાઈનથી ઑઈલ લાવવાની વ્યવસ્થા ગોઠવાઈ.  એના કારણોસર દરિયાકિનારે પણ ઉદ્યોગો મોટા મોટા આવ્યા, પણ એને સમાંતર વિકાસ ન કહી શકાય.  આજે આપણે ગુજરાત રાજ્યે ચિંતા કરવાની જરૂર ઊભી થાય.  તો તમામ ક્ષેત્રની અંદર મીનરલ પડયું છે.  પહાડી વિસ્તારની અંદર આપણે બહારથી લાવીએ અને પ્રોસેસિંગ યુનિટને લાભ આપવાની વાત કરતા હોઈએ તો ઘરનું છોકરું ઘંટી ચાટે અને મહાદેવજીને આટો.  એવી પરિસ્થિતિ આજે પેદા થાય તેવું લાગી રહ્યું છે. એનું કારણ કહું.  આજે અમીરગઢ મત વિસ્તારની અંદર આખી પૂર્વ પટ્ટીના પહાડી વિસ્તારની અંદર આદિવાસી ભાઈઓ, બક્ષીપંચના ભાઈઓ વસે છે, ત્યાં ખાણ અને ખનિજની ખૂબ સંપત્તિ ભરેલી પડી છે. વોલેસ્ટોનાઈટ, આર્યનઓર, માર્બલ, કેલ્સાઈટ, બ્લેકગેબ્રો, એટલું જ નહિ ગ્રેનાઈટનો પણ વિપુલ જથ્થો આજે ઉપલબ્ધ છે.  ખૂબ દુ:ખની વાત એ છે કે મારે એટલા માટે ગૃહ સમક્ષ મૂકવું છે કે જે ક્વોરીઓ એની અંદર નાના નાના ઉદ્યોગકારો પોતાની ક્વોરીઓ ચાલુ કરે અને અહીયા ઉદ્યોગ વિભાગ દંડો મારે કે કાલે સવારથી ક્વોરીઓ બંધ કરી દો, કાલે સવારથી તમારી લીઝો બંધ કરી દો.  લીઝો આપવા માટે ૧૫-૧૫ વર્ષથી માગણી પડતર પડી હોય, આજે એક પ્રશ્નની અંદર જ્યાં નદીની રેતીની લીઝ લેવા માટે અરજીઓ પડતર હોય, રૉયલ્ટીનો સવાલ એટલા માટે નથી આવતો કે જે રોયલ્ટી નથી ભરતો એ ગુનેગાર બને છે, પણ જેનું લીઝનું કરારખત સરકારે કર્યુ છે.  એ કરારખત કર્યા પછી એને લીઝની પાસબુક આપવામાં આવી છે અને એના ઉપર લીઝ આપ્યા પછી, પોતાનાથી થતું ૫૦ લાખ કે કરોડનું ઈન્વેસ્ટમેન્ટ કરીને તે ક્વોરી ઊભી કરી છે, તે ક્વોરીઓ આજે બંધ થવા માંડી છે.  એક જ દંડા, એક જ કાગળ ઉપર ક્વોરી બંધ થવા માંડી છે.  દુ:ખની વાત એ છે કે કયાં આપણે વિકાસની વાતો કરીએ છીએ?  આજે જી.આઈ.ડી.સી. પડી ભાંગવા માંડી.  આજે જી.આઈ.ડી.સી.નું ઈન્ફ્રાસ્ટ્રકચર કરવું હોય તો સરકાર કહે છે કે જી.આઈ.ડી.સી. ના બધા હોલ્ડરો બધા ભેગા થઈને જે કરવું હોય તે કરે.  ત્રીજી વાત કહું પોલ્યુશનના બહાના હેઠળ નાના નાના યુનિટોને બંધ કરી દે. શક્તિસિંહજી વાત કરતા હતા.  અંકલેશ્વરમાં પ્રોજેકટ બંધ થવા માંડ્યા. અમદાવાદના વટવામાં પ્રોજેકટ બંધ થવા માંડ્યા.  થાનગઢમાં પરશુરામ પોટરીઝ પ્રોજેકટ બંધ થઈ ગયો.  સિમેન્ટ ઉદ્યોગ બંધ થવા માંડ્યો.  લાઈમસ્ટોનના માફિયાઓએ કેવી પરિસ્થિતિ પેદા કરી છે.  આપણે કેટલા બદનામ થઈ રહ્યા છીએ. એ વાતમાં હું નથી પડવા માગતો.  એમાં હું વાત, ચર્ચા કરીશ તો આપ કહેશો કે આ ફ્લોરમાં મુકેશ તું ક્યાં વાત લાવ્યો? એટલા માટે પડવા માગતો નથી.  લાઈમસ્ટોન કોઈપણ ઉદ્યોગનું બેઝિક મીનરલ છે.  આજે મોટી મોટી કંપનીઓને આકર્ષવા માટે કોશિશ કરીએ, બિઝનૅસ સમિટ ભરીએ.  નાના નાના ઉદ્યોગો કે જેના થકી પોકેટની અંદર કંઈક ડેવલપમેન્ટ થાય છે, કંઈક ઊભું થાય છે.

આજે આરસ ઉદ્યોગની વાત કરું તો મારા અંબાજીમાં સૌથી મોટામાં મોટો આરસ ઉદ્યોગ છે. આજે આરસ ઉદ્યોગ પડી ભાંગવા માંડયો છે. આપણે એવી વાત નથી કરતા કે આ આરસ ઉદ્યોગ કેમ પડી ભાંગ્યો? પણ આરસ ઉદ્યોગને બચાવવાની ફરજ આપણી છે કે નહીં? એ ઉદ્યોગને પણ આપણે એનું જે ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું થયું છે તેમાં આપણે લાભો આપવાની વાત કરવી પડે કે ન પડે? તે જ રીતે એન્જિનિયરીંગ યુનિટો છે તો તેમાં એન્જિનિયરીંગ યુનિટોની પણ તે જ પરિસ્થિતિ છે. આજે બહારથી માની લો કે મોટી મોટી કંપનીઓ એલ એન્ડ ટી જેવી કંપનીઓ મોટા મોટા યુનિટો લઈને આવે અને અહીંયાં ઉત્તર ગુજરાતના મહેસાણા હોય કે બનાસકાંઠા હોય, સાબરકાંઠા હોય કે ધનસૂરા જેવું કવોરીનું સૅન્ટર હોય એ આજે ભાગતા જાય છે. આ પણ આપણે વિચાર કરવો પડે. આ યુનિટો કેમ બંધ થઈ રહ્યા છે, આ યુનિટોની શું મુશ્કેલી છે. આપણે આટલું મોટું બજૅટ લઈને આવતા હોઈએ અને ગર્વથી કહેતા હોઈએ કે ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે નંબર વન છે તો તેની પણ ચિંતા કરવી

જોઈએ અને તેની સમિતિ બનાવવી જોઈએ અને નાના ઉદ્યોગકારોને કેવી રીતે આકર્ષી અને તે ઉદ્યોગો બંધ ન થાય તે દિશામાં પણ આપણે વિચારવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હમણાં હું શાંતિથી સાંભળતો હતો મોહનભાઈ કુંડારીયા કહેતા હતા તે. સાહેબ ૧૯૮૦માં અને ૧૯૮૫માં તમામ તાલુકાઓની અંદર એક જી.આઈ.ડી.સી. ઊભી કરવી જોઈએ અને તે જી.આઈ.ડી.સી. ઊભી કર્યા પછી અને તેનો તમામ ખર્ચ રાજય સરકાર ભોગવે, સરકારી ખરાબાની જમીન ન મળે તો ખાનગી જમીનનું સંપાદન કરી અને ખેડૂતો સાથે બેસી, મીટિંગ કરી અને જોઈન્ટ વેન્ચર કરીને ખેડૂતો જમીન આપે અને જમીન લઈ ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ કરવો જોઈએ તેવી વિચારણા હતી. તેના પછી એટલું જ નહીં તેના પછી ઉદ્યોગોને તે તાલુકાની અંદર ત્રણ ઉદ્યોગો જો આવે તો એમને પાયોનિયર સ્ટેટસ આપવાની વાત તે વખતની સરકારોએ કરી હતી. પાયોનિયર સ્ટેટસ. એ ચર્ચામાં મારે નથી પડવું. કર્યુ નથી તે ચર્ચામાં મારે નથી પડવું. કારણકે ઔદ્યોગિક ક્ષેત્ર... માનનીય અધ્યક્ષશ્રી, મોહનભાઈ કુંડારીયાએ હમણાં બેઠા બેઠા વાત કરી અને આ તો વાત કેવી કરે છે ખબર છે કે બાપાએ મકાન બનાવી આપ્યું અને પૌત્રએ ધોળ્યું અને કહે કે આ મકાન મેં બનાવ્યું છે આવી વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે આ સરકારને એક જ દાખલો આપવો છે આદરણીય લીલાધરભાઈ સાહેબ મિનીસ્ટર હતા, ખૂબ આભાર માનવો જોઈએ કેશુભાઈ પટેલનો અને વજુભાઈ વાળા સાહેબનો એટલા માટે માનવો જોઈએ કે મેં રજૂઆત કરી હતી કે અમારા ત્યાં અમીરગઢની અંદર એક ગ્રોથ સૅન્ટર મંજૂર થયેલું છે. આ ગ્રોથ સૅન્ટરની જમીન ફાળવી અને તાત્કાલિક એનું ખાત મુર્હૂત કરી કામ ચાલુ કરાવો. સાહેબ એનું તાત્કાલિક મુર્હૂત કરવામાં આવ્યું તે બોર્ડ આજે પણ

**સભાપતિશ્રી :** મુકેશભાઈ બે મિનિટ જ છે.

**શ્રી મુકેશકુમાર ભે. ગઢવી** : કઈ વાંધો નહીં બે મિનિટ વધારે આપજો ને પ્લીઝ. એ મુર્હૂત કર્યુ. એનું ખાત મુર્હૂત કર્યુ અને તે કર્યા પછી આજે પરિસ્થિતિ એવી છે •(xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) એટલે મારી આપ થકી નમ્ર વિનંતી છે કે આપણે સમાંતર વિકાસની વાત કરતા હોઈએ, ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે વાત કરતા હોઈએ તો માત્ર મોટા યુનિટોને ધ્યાને રાખ્યા સિવાય નાના નાના ઉદ્યોગકારો છે જેને પોતાનું જીવન તેમાં હોમી નાંખ્યું છે, પોતાના જીવનનું બલિદાન કર્યુ છે, આર્થિક જે કઈ મૂડી હતી તે નાંખી છે ત્યારે તેવા ઉદ્યોગકારોને પણ આપણે મરતા બચાવવા પડશે. સિમેન્ટ યુનિટો પણ આજે મૃતપ્રાય થતા જાય છે. ભલે બધા કહીએ કે ૨૦૦ રૂપિયાનો ભાવ છે. ૫૦ કિલોના ૨૦૦ રૂપિયા. ચાર રૂપિયે કિલોનો ભાવ થયો. આજે એક કપ ચાના દસ રૂપિયા થઈ ગયા છે. આપણે આ બધી વાતમાંથી બહાર નીકળી વાસ્તવિકતા ઉપર આવીએ. આપણે ધરતી ઉપર પગ મૂકીએ અને વાસ્તવિકતાને ધ્યાને લઈ આખું આયોજન કરીએ એટલી વિનંતી કરી વિરમું છું. **ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે એમાં ઉદ્યોગ અને ખાણ ખનિજ વિશે મારે વાત કરવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક વિકાસની જો વાત કરવી હોય તો એ વાત સાત મિનિટમાં પૂરી ન થાય, સાત દિવસની સપ્તાહ બેસાડવી પડે પણ હું ખાલી હાઈલાઈટ્સ આપું છું, માત્ર મારી ઝલક આપીશ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી એકવાર મેં એક શબ્દ સાંભળ્યો હતો કે માનનીય મુખ્ય મંત્રીશ્રી સ્વપ્ન વેચે છે પણ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી સ્વપ્ન વેચતા નથી પણ માનનીય મુખ્ય મંત્રીશ્રી દિવસે મક્કમતાથી, જાગૃતતાથી એ દૃઢ સંકલ્પો કરે છે, મક્કમ નિર્ધાર સાથે દૃઢ સંકલ્પો કરે છે અને એ સંકલ્પોને સિદ્ધ કરવા માટે આખું તંત્ર એમની સાથે કામે લાગે છે ત્યારે આવા ઔદ્યોગિક વિકાસની સિદ્ધિ હાંસલ થાય છે, ત્યારે ઔદ્યોગિક ક્ષેત્રે આ ગુજરાત રાજય પ્રથમ ક્રમાંકે આવ્યું છે, આજે ગુજરાતની ઓળખ એક ઔદ્યોગિક રાજય તરીકે થઈ રહી છે, એક પ્રગતિશીલ રાજય તરીકે થઈ રહી છે, ગુજરાતને ૧૧મી પંચવર્ષીય યોજનામાં ૧૧.૨ ટકાનો વૃદ્ધિ દર આપવાનું નક્કી થયું એ વૃદ્ધિ દર જો હાંસલ કરવો હોય તો ૧૪.૫ ટકા ઔદ્યોગિક ક્ષેત્રે વિદ્યુત ક્ષેત્રે કરવું પડે, અને એટલા માટે ઉદ્યોગોની નવી ક્ષિતિજો આંબવાનું આયોજન છે, ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાર ભરવાનું આયોજન છે અને તેના માટે સૌથી પ્રથમ ૧૬૦૦ કિલોમીટરનો જે દરિયા કિનારો છે એ દરિયા કિનારાના વિકાસ માટે એ બંદરોનો વિકાસ કરવાનો છે અને તેની સાથે સાથે ત્યાં જહાજવાડાઓ ઊભા કરી અને શીપ બ્રેકિંગ યાર્ડ, શીપ મેકિંગ યાર્ડ, શીપ રિપેરિંગ યાર્ડ આવા ઉદ્યોગો લાવવાનું નક્કી કરવામાં આવ્યું છે અને જેથી કરીને શીપીંગ ઉદ્યોગને એક જબરજસ્ત તાકાત પ્રાપ્ત થશે, શીપીંગ ઉદ્યોગ ખૂબ આગળ વધશે તેની સાથે સાથે ઓટોમોબાઇલ્સ ક્ષેત્રના ઉદ્યોગો લાવવાનું આયોજન કરવામાં આવ્યું છે, દિલ્હી મુંબઈ કોરીડોરની વાત કરું તો ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર જે નક્કી થયો છે એનો ૪૦ ટકા ભાગ એ ગુજરાતમાંથી પસાર થઈ રહ્યો છે એ આપણા માટે આનંદની વાત છે અને એના પ્રથમ ચરણની અંદર દાહોદ, સાંતલપુર, ધોલેરા, દહેજ અને વિલાયત જેવા અને હાલોલ જેવા સ્થાનોમાં વિકાસની પ્રક્રિયા માટે સ્પેશિયલ ઈન્વેસ્ટર ઝોન બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ વાત તો એ કરવી છે કે, બંદરોનો વિકાસ, બંદર આધારિત ઇન્ડસ્ટ્રીયલ લાઈનનો વિકાસ, પૂર્વનો હાઈવે, દિલ્હી મુંબઈ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર આ બધાને લીધે આ રાજયમાં ચારેય તરફ

---

• **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

ઔદ્યોગિક વિકાસ થવાનો છે અને એ ઔદ્યોગિક વિકાસને લીધે જે રોજગારી પ્રાપ્ત થવાની છે એ ૨૧ લાખ જેવી રોજગારી પ્રાપ્ત થવાની છે, આ રોજગારીની વાત ઉપર આવું એ પહેલાં મારે ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટની વાત કરવી છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ વાયબ્રન્ટ ગુજરાતનું આયોજન કર્યુ છે અને એમાં જે ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૭માં જે સમિટ કરવામાં આવ્યું એના પરિણામે જે ઉદ્યોગો આકર્ષાયા, દેશ અને વિદેશમાંથી ઉદ્યોગપતિઓએ આવીને પોતાના અહીંયાં એમઓયુ કર્યા, એવા એક લાખ બોતેર હજાર કરોડના એમઓયુ થયા તેમાંથી એક લાખ પાંત્રીસ હજાર કરોડના એમઓયુના કામ પૂર્ણ થયા છે અને ૨૦૦૭ની માત્ર વાત કરું તો છ લાખ છાસઠ હજાર કરોડના એમઓયુ થયા અને એમાંથી એંસી ટકા ઉદ્યોગો કાર્યાન્વિત થયા અને આ સમીટને લીધે આ ગુજરાતમાં ઔદ્યોગિક ક્રાંતિ આવી છે, રોજગારી માટે જે આયોજન થયું એ આપણા જ લોકોને રોજગારી પ્રાપ્ત થવાની છે, રોજગારીની ઘણી બધી વાતો અહીંયાં થતી હોય છે ત્યારે આપણા યુવાધનને તાલીમબદ્ધ કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે અને એને માટે ૩૫ કરોડ રૂપિયાના ખર્ચે એન્કર ઇન્સ્ટિટ્યૂટ દ્વારા તાલીમબદ્ધ કરવામાં આવશે અને એની સાથે સાથે જેમ્સ એન્ડ જવેલર્સમાં વીસ કરોડ રૂપિયાના ખર્ચે આપણા યુવાધનને તાલીમબદ્ધ કરવા માટે તાલીમ કેન્દ્રો ખોલવાનું નક્કી થયું છે. આખા રાજયમાં ૨૦ આઈ.ટી.આઈ. કૉલેજો અને તેમાં ૪ મહિલા આઈ.ટી.આઈ.કૉલેજો સ્થાપવાનું નક્કી કર્યું છે કે જેથી કરીને આપણું યુવા ધન તાલીમબદ્ધ થાય જેથી કરીને આપણા ઉદ્યોગોનો પૂરેપૂરો લાભ એ યુવાનોને મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, ખનિજ વિશે પણ મારે થોડીક વાત કરવી છે. આપણા રાજયની અંદર વિપુલ પ્રમાણમાં ખનિજ સંપત્તિ આવેલી છે. ખાસ કરીને કચ્છ-જામનગર-પંચમહાલ આ જિલ્લાઓમાં વિશેષ ખનિજ સંપત્તિ પડેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, એક કવિની પંકિત છે, " મેરે દેશ કી ધરતી સોના ઉગલે ઉગલે હીરે મોતી " આ વાતની પ્રતીતિ આ ખનિજ વિકાસમાં આપણને થવાની છે. આ ખનિજ વિકાસને લીધે જે ખનિજ ઉદ્યોગોની સ્થાપના થવાની છે, કચ્છની અંદર બોકસાઈટના અપગ્રેડેશન દ્વારા એલ્યુમિનિયમ પ્લાન્ટ સ્થાપવાનું આયોજન છે, લાઈમ સ્ટોનનો ઉપયોગ કરીને સિમેંટ પ્લાન્ટો સ્થાપવાનું આયોજન છે. ઘણાં સિમેંટ ઉદ્યોગો પાઈપ લાઈનની અંદર છે ત્યારે આવા પછાત વિસ્તારની અંદર, જામનગર અને કચ્છ જેવા વિસ્તારમાં, લખપત અને અબડાસા વિસ્તારમાં આવા ઉદ્યોગો કાર્યાન્વિત થવાના છે. લાઈમ સ્ટોનના જે વિસ્તારો છે ખાસ કરીને લખપત-અબડાસામાં ત્યાં જીયો પાર્કની સ્થાપના કરવાનું નક્કી થયું છે અને આ જીયો પાર્કની સ્થાપનાને લીધે ભૂસ્તરીય અવશેષોના પ્રદર્શન કરતા જીયો પાર્ક કરવામાં આવશે, અને કચ્છના ૨૩ હજાર ચોરસ કિલો મીટરના વિસ્તારમાં જીયો કૅમીકલ મેપીંગનો એક પ્રોજેકટ હાથ ધરવામાં આવનારો છે જેમાંથી ખનિજ સંશોધનો થશે અને તે ઉપરાંત કૃષિ અને પર્યાવરણમાં પણ આ જીયો કૅમીકલ મેપીંગનો ખૂબ સારો ઉપયોગ આપણે કરી શકીશું. તે ઉપરાંત અહીંયા એક બીજી વાત થતી હતી, અસંગઠિત ક્ષેત્રના કામદારોની પણ અહીંયા ચિંતા કરવામાં આવી ત્યારે એ અંગે પણ મારે વાત કરવી છે. ૧૦૦ કરોડના ખર્ચે અસંગઠિત ક્ષેત્રના કામદારોનો સર્વાંગી વિકાસ થાય એને માટેની અલગ નીતિ ઘડી કાઢવાનું પણ આની અંદર આયોજન છે. એ લોકોની સામાજિક સૂરક્ષા, તેઓનું કૌશલ્ય નિર્માણ અને એવા અનેક પાસાઓને આ યોજનાની અંદર આવરી લેવામાં આવનાર છે, ત્યારે મારે માત્ર એટલી જ વાત કરવી છે કે, અહીંયા જે ઘણી બધી વાતો થાય છે એમાં મારી એક વિનંતી છે, મારા સાથી મિત્રોને મારી વિનંતી છે કે, ૩૧ ડિસેમ્બર ૨૦૦૫માં કચ્છની અંદર જે ઉદ્યોગો આવ્યા એ ઉદ્યોગો વિવિધ અમલીકરણ તબક્કામાં છે પરંતુ અમુક ઉદ્યોગો ઉત્પાદન કરી શક્યા નથી ત્યારે આવા ઉદ્યોગોને સેન્ટ્રલ એકસાઈઝ રિલીફ પૅકેજનો લાભ આપવાની માગણી છે એ કેન્દ્ર સરકારમાં પડી છે એને મંજૂર કરાવી આપવામાં આવે તો આ ઉદ્યોગો ખૂબ સારો વિકાસ પામી શકે અને કચ્છનો સાચા અર્થમાં ઔદ્યોગિક વિકાસ થઈ શકે. ખાસ કરીને બાબુભાઈને મારી વિનંતી છે. તે ઉપરાંત ઐાદ્યોગિક વિકાસ માટે જે જરૂરી બીજી સવલતો છે એમાં અનેક આયોજનો આ ગુજરાત સરકારે વિચાર્યા છે એમાં ગુજરાત મેરી ટાઈમ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરવાની છે, ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નૉલૉજીનું વિવિધ કક્ષાનું પૂર્ણ કદની ટૅક્નીકલ પ્રશિક્ષણની સંસ્થાની સ્થાપના કરવાની છે, ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એજ્યુકેશન સંસ્થાની પણ સ્થાપના કરવાની છે. આ બધા જ પ્રોજૅકટો કેન્દ્ર સરકારમાં મંજૂરી માટે પડ્યા છે આ પ્રોજૅકટોને ત્વરિત મંજૂરી મળે એ બહુ જરૂરી છે. અહીંયા બિરાજમાન મારા સાથી સભ્યશ્રીઓ છે તેમને મારી વિનંતી છે કે ૨૦૧૦ ની અંદર જ્યારે ગોલ્ડન ગુજરાત બનવાનું છે, સ્વર્ણીમ ગુજરાતની રચના જ્યારે આપણે કરવાના છીએ ત્યારે એ સુવર્ણ જયંતી પ્રસંગે આ તમામ પ્રોજૅકટો જો આપણા મંજૂર થઈ જશે તો જ આપણે ગોલ્ડન ગુજરાતમાં પ્રવેશ કરી શકીશું.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

અને ગોલ્ડન ગુજરાતમાં તમામ સદસ્યશ્રીએ આ જે જે યોજનાઓ આ બજૅટની અંદર મૂકવામાં આવી છે એ બધી જ યોજનાઓનો પૂરેપૂરો લાભ પોતાના વિસ્તારને મળે, પોતાનો વિસ્તાર વિકસિત થાય, રોજગારીની તકો પ્રાપ્ત થાય અને તમામ લાભ આપણે ગામડાના ગરીબ માણસ સુધી પહોંચાડીએ એ જાતની કામગીરી કરવા માટે આપણે બધાએ પણ સજ્જ થવાનું છે અને બીજી વાતો બાજુએ મૂકીને આપણે આ કામમાં લાગી જઈએ નહિતર, જો આપણે આ કામ નહિ કરીએ તો આપણો વિસ્તાર, ગોલ્ડન ગુજરાતમાંથી બાકાત ન રહી જાય તેની જવાબદારી પણ આપણી રહેવાની છે ત્યારે અહીંયા પોપટની વાત થતી હતી. હવે મને પણ એમ થયું કે પોપટની વાત હું પણ

થોડીક કરી લઉં કે પોપટ રામ બોલે કે રાધેશ્યામ બોલે, સાહેબ મારી એટલી જ વિનંતી છે. •(xxxxx) (xxxxx) (xxxxx)

**અધ્યક્ષશ્રી :** નીમાબહેન, આપને શોભે એવું આપ બોલ્યા નથી, (xxxxx). એક વાતાવરણ જે બનતું જાય છે એ વાતાવરણને આગળ લઈ જવાનો આપણે પ્રયત્ન કરીએ. (અંતરાય) હવે મને લાગે છે કે પોપટની વાત આપણે બંધ કરીએ કારણકે એના કારણે આપણે બીજી દિશા તરફ જતા રહીએ છીએ મને એ બદલાતી દિશાઓની ચિંતા છે.

**ડૉ. નીમાબેન ભા. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, સોરી.

**શ્રીરમણલાલ ના. પાટકર (ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ અને ખાણની માગણી લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું અને મારો ટેકો જાહેર કરું છું. સમગ્ર ગુજરાતની અંદર અને આપણા ભારત દેશની અંદર ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત પ્રથમ નંબર આવ્યું છે અને હું જ્યાંથી પ્રતિનિધિત્વ કરું છું એ વાપીનો ઔદ્યોગિક ક્ષેત્રે વિશ્વની અંદર નામ છે. વિધાનસભાની આ છેલ્લી સીટ છે ૧૮૨ અને વાપી વિશ્વની અંદર ઔદ્યોગિક ક્ષેત્રે નામના મેળવેલું એક નગર છે. મારા મત વિસ્તારની અંદર કમસેકમ પાંચ હજાર નાના મોટાં ઉદ્યોગો આવેલા છે. એમાં એની આજુબાજુની અંદર સેલવાસ, દમણ, ઉમરગામ, સરીગામ એવો એક આખો જે ઔદ્યોગિક ઝોન આવેલો છે, એનું અવલોકન કરીએ અને જો કંઈક સાચો વિચાર કરીએ તો ઔદ્યોગિક દૃષ્ટિએ એવી વ્યવસ્થા આ વિસ્તારની અંદર કરવી જોઈએ કે ત્યાંથી ઉત્પન્ન થયેલો માલ મુંબઈ જાય જે આ વિસ્તારથી ૨૦૦ કિલોમીટર થાય છે જો એક એકસપોર્ટ ઝોન આ વિસ્તારની અંદર જાહેર કરવામાં આવે તો આવતા દિવસોની અંદર જે કોરીડોર થવાનો છે એને કારણે ખૂબ મોટો ફાયદો ઉદ્યોગોને થશે એવું મારું માનવું છે. એક તો ઉદ્યોગની માગણીની અંદર ૬૨૯ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ અને ખરચા સાથેનું આયોજન છે એમાં અત્યારસુધી જે કંઈ ઉદ્યોગો નાના મોટા આવ્યા છે એને સરકારશ્રી દ્વારા ઘણા બધા ફાયદા આપવામાં આવે છે. જે રીતે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની અંદર ઉદ્યોગોની નોંધણી થાય અને ઉદ્યોગો પોતે પોતાની જમીન, રસ્તા, ઇન્ડસ્ટ્રી માટે પાવર એ માન્ય થઈ જાય તો એ ઉદ્યોગોને ૨૫ ટકા સરકાર તરફથી સહાય તરીકે આપવામાં આવે છે. ઉદ્યોગો જેવા કાર્યાન્વિત બને અને ઉદ્યોગો પોતે સારી રીતે સારો ગુણવત્તાવાળો માલ ઉત્પાદન કરતા જાય ત્યારે એક વર્ષે પાંચ લાખ રૂપિયા એવા પાંચ વર્ષ સુધી એને સબસીડી આપવામાં આવે છે અને એના કારણે આજે ગુજરાતની અંદર ઔદ્યોગિક દૃષ્ટિએ હરણફાળ આપણે જોઈ રહ્યા છીએ. હું રાજકીય નેતાઓને અભિનંદન આપું છું કારણકે ગુજરાતની અંદર અત્યારસુધી એટલા સારા સારા ઉદ્યોગો આવ્યા છે. વિશ્વની અંદર ગુજરાત ઔદ્યોગિક દૃષ્ટિએ આગળ વધી રહ્યું છે, પરંતુ ઉદ્યોગો જ્યારે આગળ વિકાસ પામે છે ત્યારે ઉદ્યોગની અંદર કામદારોની શાંતિ હોવી જોઈએ અને અશાંતિની નેજા, આગેવાની રાજકીય નેતાઓ લેતા હોય છે પણ ખૂબ સારું વાતાવરણ છે કે ગુજરાતના કોઈપણ પાર્ટીના રાજકીય આગેવાનો એવા કોઈ આંદોલનો કરાવતા નથી, પરિણામે શાંતિપૂર્ણ રીતે ઉદ્યોગો આગળ વધી રહ્યા છે અને એનાથી મૂડીરોકાણની દૃષ્ટિએ અને આર્થિક દૃષ્ટિએ આપણે ખૂબ પગભર બન્યા છીએ. ઉદ્યોગોની અંદર અત્યારે અમે માનીએ છીએ કે જે ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો છે એના આધાર ઉપર એક ઝોન 'દક્ષિણ ટુ ઉત્તર' સુધીનો આખો એક ઝોન ઉદ્યોગ ઝોન તરીકે વિકાસ પામે તો આવતા દિવસની અંદર આપણું આર્થિક મૂડીરોકાણ ખૂબ વધવાનું છે અને તેનાથી આપણને ફાયદો થવાનો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખૂબ દીર્ઘ દૃષ્ટિ વાપરી છે અને એના કારણે આજે ૬૬,૦૦૦ કરોડ રૂપિયાના વાયબ્રન્ટ ગુજરાતની અંદર રોકાણ થયાં છે અને એમાં જે કંઈ બે પાંચ વર્ષ પછી ઉદ્યોગોનો વિકાસ થવાનો છે, એનાથી ઔદ્યોગિક વિકાસમાં ખૂબ મોટી હરણફાળ ભરી શકાશે. હું મારા વિસ્તારની વાત કરીશ. મારે ત્યાં બાજુમાં ત્રણ પ્રદેશ આવે છે. મહારાષ્ટ્ર, દમણ સેલવાસ અને ગુજરાત. પછી ઈન્ડટ્રીયલ ઝોન ઉમરગામ છે. ત્યાં જોઈએ છીએ કે રોજીરોટી માટે આવે છે, એ ૯૦ ટકા તો બહેનો આવે છે. એ ભણેલી નથી, છતા પણ આ ઉદ્યોગોમાંથી રોજી મળી રહે છે. આ આપણી પ્રગતિની નિશાની છે. એટલા માટે અમે એમ કહીએ છીએ કે આપણો દેશ ભલે ખેતીપ્રધાન હોય, પણ એવી પરિસ્થિતિ ઉભી થવાની છે કે હવે જયારે બહેનો ફેકટરીમાં જતી થઈ છે, તો આવતા દિવસોમાં ખેતરમાં કામ કરવા માટે માણસો નહીં મળે, એવી સ્થિતિ થશે. ૨૦૦ રૂપિયા આપતાં પણ મજૂરો ન મળે, એવી પરિસ્થિતિ આવતા દિવસોમાં આપણે જોવાના છીએ.

આજે આપણે ઔદ્યોગિક વિકાસની દૃષ્ટિએ નજર કરીએ તો આપણે ત્યાં ૩, ૪ નદીઓ આવેલી છે. એનું એકત્રિકરણ કરીને એમાં ખાસ કરીને કીન, તાપી, મીંઢોળા, ઓરંગા, કાવેરી, દમણગંગા. એ નદીઓનું એકત્રિકરણ કરીને પૂર્વપટ્ટીના અવિકસિત વિસ્તાર સોનગઢ, વ્યારાથી માંડીને વાપી સુધી આ વિસ્તારને એક કરીને પૂર્વ પટ્ટીના ઉદ્યોગોને પાણીની વ્યવસ્થા કરીને ઉદ્યોગો નાંખવામાં આવે તો આ વિસ્તારનો ખૂબ વિકાસ થાય એ પરિસ્થિતિ હું જોઈ રહ્યો છું અને આવતા દિવસોમાં માનનીય ગુજરાત સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી આ માટે વિચાર કરશે એવી અપેક્ષા રાખું છું.

---

**• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

આજે આપણે જાણીએ છીએ કે ઔદ્યોગિક બંદર વાણિજય બંદરની વાત પણ ગુજરાત સરકારની ચાલે છે, એમાં ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો છે. એમાં ઉમરગામ ખાતે વાણિજય બંદરની વાત ભૂતકાળમાં કરવામાં આવી છે એ અત્યારે ચાલુ કરવામાં આવે તો એનાથી ગુજરાતનો ખૂબ મોટો વિકાસ થશે અને અત્યારે જે આપણો આર્થિક વિકાસ દર ૧૧ ટકા છે એ ૧૪ ટકા સિદ્ધ કરવા માટે કોઈ મુશ્કેલી પડશે નહીં એવી હું આશા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે બે વર્ષના ગાળામાં ઉદ્યોગોનો વિકાસ થયો છે એનો સીધો ફાયદો ખેડૂતોને એ થયો છે કે એક એકર જમીનના ભાવ ૧ લાખ રૂપિયા બોલાતા હતા, એ હવે ૨૫ લાખ થવા લાગ્યા છે. આનો સીધો ફાયદો ઔદ્યોગિક વિકાસને કારણે ખેડૂતોને થઈ રહ્યો છે. એટલા માટે એને ગુજરાત સરકાર વીજળીની પૂરતી વ્યવસ્થા આપે છે. કામદારોની સૂખાકારીની ભાવના સાથે આગળ વધવાની ટેવ પાડવામાં આવી છે. સરળતાથી ઉદ્યોગોની નોંધણી કરવામાં આવે છે અને કેટલીક બાબત એ પણ છે કે મજૂરોને પણ પૂરતી રોજીરોટી મળી રહે છે. એટલા માટે ગુજરાતની અંદર જે કંઈ ઔદ્યોગિક વાતાવરણ પેદા થયું છે એમાં હું સૂર પૂરાવું છું અને માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ અને ખાણની જે માગણીઓ લઈને આવ્યા છે, એમાં મારો ટેકો છે. ભારત માતાકી જય.

**શ્રી નિરંજન પટેલ (પેટલાદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાન્ય વહીવટની જે માગણીઓ લઈને આવ્યા છે, એમાં મારાં બે સૂચનો કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારું પહેલું સૂચન એ છે, જે આ સન્માનનીય ગૃહના ૧૮૧ ધારાસભ્યશ્રીઓને લાગુ પડે છે. વાત એવી છે કે આ સન્માનનીય સભાગૃહ ૧૯૦૩૦ કરોડના ખર્ચને મંજૂરી માટે આગળ વધી રહ્યું છે. આટલા મોટા બજેટ તરફ હરણફાળ ભરી રહ્યા છીએ ત્યારે આ બજેટનું ઈમ્પ્લીમેન્ટેશનનું કાર્ય અધિકારીગણ કરે છે. આપણે મોટી મોટી યોજનાઓ બનાવીએ, મોટા મોટા બજેટ બનાવીએ, નંબર વન બનવું હોય, હરણફાળ ભરવી હોય, આ બધી પ્રગતિ કરવી હોય તો પાયાનું કામ અધિકારીગણ કરે છે. એમના ઉપર આપણો અંકુશ નહીં હોય તો આ બધી યોજનાઓના ફળ છેવાડાનો ગરીબ માનવી ચાખી શકવાનો નથી. વાતો મોટી જ રહી જશે. ખાળે ડૂચા અને દરવાજા મોકળા જેવી પરિસ્થિતિ રહી જશે. એવું ન થાય એટલા માટે આ બધી યોજનાઓ જે બનાવીએ છીએ, એમાં કેન્દ્ર સરકારની યોજના હોય, રાજય સરકારની યોજના હોય, એનું ઈમ્પ્લીમેન્ટેશન તો જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત કરે છે. અને એના દ્વારા ગરીબ અને છેવાડાના માનવી સુધી એનો લાભ મળે છે અને તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના પ્રશ્નો આપણે સંકલન સમિતિમાં ચર્ચા કરી શકતા નથી અને એ ચર્ચી શકતા નથી માટે એ અધિકારીઓ ઉપર આપણો અંકુશ રહેતો નથી, જે અધિકારીઓ એનું ઈમ્પ્લીમેન્ટ કરે છે એના ઉપર ધારાસભ્યશ્રીઓનો અંકુશ હોતો નથી અને એટલા માટે નાનાં નાનાં કામો થયેલ છે. સરકારની યોજનાઓનો લાભ જે લોકોને મળે છે એ લાભમાં આપણું ધ્યાન રહી શકતું નથી કારણ કે આપણને મિટિંગમાં બોલાવતા નથી. એવા સંજોગોમાં જો આપણે છેવાડાના માનવી સુધી જવા માગતા હોય તો જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની મિટિંગો જે હવે તો દર ત્રણ મહિને બોલાવે છે એમાં એક કલાક ચર્ચાનો સમય રાખે છે, પરંતુ એમાં જિલ્લા પંચાયતના સભ્યો રહી શકતા હોય છે અને ધારાસભ્યોને ચાન્સ ઓછો મળે છે માટે જિલ્લા સંકલન સમિતિમાં તમામ અધિકારીઓ આવતા હોય છે એમાં ચર્ચા કરીશું તો આપણો અંકુશ તેમની ઉપર આવશે. ઘણા સારાં અધિકારીઓ હોય છે, પરંતુ અમૂક અધિકારીઓ માથાભારે હોય છે, જે રાજકીય રંગે રંગાયેલા હોય છે એ કહે છે કે આજે અમે અહીં છીએ અને કાલે રામ જાણે કોણ કયાં અને કેવું બેસવાનું છે એના કારણે જો તંત્રમાં સુધારો કરવો હોય, એમની ઉપર અંકુશ રાખવો હોય તો આ વસ્તુ એ ૧૮૧ ધારાસભ્યાને લાભકર્તા વસ્તુ છે અને જેના કારણે પાા કરોડની જનતાને લાભ થશે એટલા માટે હું આ સૂચન કરું છું. તો માનનીય મંત્રીશ્રી મારું આ સૂચન જે મંત્રી હોય એને રજૂ કરશો એવી મારી વિનંતી છે.

મારું બીજું સૂચન એ છે કે આપણને ૧૮૧ ધારાસભ્યશ્રીઓને ૫૦ લાખ રૂપિયાનું વિકાસનાં કામો માટેનું ફંડ મળે છે એમાં ૫૦ લાખ રૂપિયામાં આજની તારીખમાં આપણે જે સિમેન્ટના ભાવ જોઈએ તો ૨૫૦ રૂપિયાથી વધારે છે, લોખંડના ભાવ વધી ગયા છે, ઈંટોના ભાવ વધી ગયા છે, ટ્રેકટરોના ભાવ માટીકામના વધી ગયા છે, એ બધું આપણે સ્વીકારીને ચાલીએ તો ૫૦ લાખ રૂપિયાની રકમ બહુ નાની પડે છે અને ધારાસભ્ય જયારે એમના વિસ્તારની મુલાકાતે જાય ત્યારે પ્રજા એમની રજૂઆત કરતી હોય છે કે અમારે આ કામ કરાવવાનું છે. તો ધારાસભ્યશ્રી આવી રીતે જે કામોની રજૂઆત થાય છે એ કામો એમની પાસે ઓછું ફંડ હોવાના કારણે કરાવી શકતા નથી. ઘણા વિસ્તારમાં તો ૧૦૦ કે ૧૫૦ જેટલાં ગામ હોય છે અને પછી લોકોને મનદુ:ખ થાય ઉભું થાય છે.એવા સંજોગોમાં ધારાસભ્યનું ફંડ જે ૫૦ લાખ રૂપિયા છે એ વધારીને ૨ કરોડ રૂપિયા કરવામાં આવે તો બધા જ ધારાસભ્યો જે પોતાના વિસ્તારમાં વિકાસનાં ફળ આપવા માગે છે એ ડાયરેકટ આપી શકે એવું હું માનું છું અને મારી આ વાતમાં તમામ ધારાસભ્યશ્રી સંમત થશે એવું માનું છું અને આપણે બધા ભેગા થઈને રજૂઆત કરીને આપણું ફંડ વધે જેથી આપણે વિકાસમાં સારો એવો હિસ્સો આપી શકીએ અને નાનામાં નાના અને છેવાડાના માનવી સુધી આ વિકાસનાં ફળ પહોંચી શકે એવું હું માનું છું.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા (રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગ અને માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એને હું આવકારું છું અને અભિનંદન આપું છું. આ સન્માનનીય સભાગૃહમાં પ્રથમ વખત રખિયાલ મત વિસ્તારમાંથી મને લોકોએ ચૂંટીને મોકલ્યો છે અને હું પ્રથમ વખત મારા વિચારો રજૂ કરતાં હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે છેલ્લા પાંચ વર્ષમાં વિકાસની હરણફાળ ભરી છે. તેમનો અભિગમ છેવાડાના માનવી સુધી વિકાસનાં ફળ પહોંચાડવાનો રહ્યો છે અને એ પ્રમાણે વિકાસનાં કાર્યો સરકાર કરી રહી છે. ઉદ્યોગ અને ખાણ ક્ષેત્રે સન ૨૦૦૭-૦૮ ના વર્ષમાં ૬૪૦.૮૫ કરોડની જોગવાઈ સામે આગામી વર્ષે ૩૯.૮૧ ટકાનો વધારો કરીને સૂચિત જોગવાઈ રૂા. ૮૯૬ કરોડ રૂપિયાની કરેલ છે તે ઉદ્યોગ માટે આવકારદાયક છે. માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારમાંથી આવું છું એ રખિયાલ મત વિસ્તાર મજૂર વિસ્તાર છે, એક સમય એવો હતો કે મારો વિસ્તાર કાપડની મિલોથી ધમધમતો હતો અને હજારો લોકો રોજી મેળવતા હતા. મિલ ઉદ્યોગની જયારે વાત કરીએ ત્યારે મુરબ્બી શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ, મુરબ્બી શેઠ શ્રી અમૃતલાલ હરગોવનદાસ અને મુરબ્બી શેઠ શ્રી જયકૃષ્ણ હરીવલ્લભદાસને કેમ ભૂલી શકાય, જે મુરબ્બીશ્રીઓની દીર્ઘ દૃષ્ટિથી અમદાવાદ શહેરમાં ૧૮૯૫ થી મિલ ઉદ્યોગની સ્થાપના થઈ, એ જે ૮૦ મિલોથી ધમધમતું આ શહેર હતું અને કાપડ ઉદ્યોગનું દુનિયાનું માન્ચેસ્ટર કહેવાતું હતું, આ મિલ ઉદ્યોગમાં હજારો લોકો રોજી રળવા માટે ગામડાંમાંથી શહેરમાં આવેલ છે તેમાનો હું પણ એક છું. માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના કોંગ્રેસના શાસનમાં બિન અસરકારક વહીવટના કારણે મિલો બંધ થઈ, અને હજારો મિલ મજૂરો બેકાર બન્યા, તેનો હું સાક્ષી છું. કારણ કે મારી પણ મિલ બંધ થયેલ અને ઉદ્યોગમાં સન્નાટો ફેલાયેલ. ગુજરાતની ખમીરવંતી પ્રજા પોતાના કોઠાસૂઝથી નવી પ્રગતિની કેડીઓ કંડારે છે. એમાંની એક કેડી હતી હીરા ઉદ્યોગ, એ વખતે હીરા ઉદ્યોગની અમદાવાદમાં મારા મત વિસ્તારમાં શરૂઆત થઈ અને લોકો રોજી મેળવતા થયા, પરંતુ એ વખતે કોગ્રેસનું શાસન હતું અને કાયદો અને વ્યવસ્થા બરાબર ન હોવાને કારણે એ જ વિસ્તારમાં હીરાના કારખાનામાં બંદૂકની અણીએ સાંજના સમયે લૂંટ થઈ અને ૧૫ લાખ રૂપિયાના હીરા લૂંટી ગયેલ, એ જ લૂંટારાઓ સાક્ષીઓને ધાક ધમકી આપીને કોર્ટમાંથી છૂટી ગયેલ અને છૂટીને એક જ માસની અંદર એ જ વિસ્તારના હીરાના કારખાનામાં બીજી લૂંટ કરેલ અને બંદૂકની ગોળીથી કારખાનાના માલિકનું ખૂન કરેલ. મારે કહેવું છે કે જયાં સલામતી ન હોય ત્યાં વિકાસ શકય નથી. ત્યાર પછી ૧૩ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવેલ અને કાયદો અને વ્યવસ્થાની સારી સ્થિતિના હિસાબે હીરા ઉદ્યોગનો વિકાસ ખૂબ જ ઝડપથી થયેલ છે. અને અત્યારે ૧ લાખ ૨૫ હજાર રત્ન કલાકારો આ વિસ્તારમાં અમદાવાદમાં કામ કરી રહેલ છે. તેમાં ૨૦ ટકા બહેનો પણ રોજી મેળવેલ છે. હીરાને તો ઝવેરી જ પારખી જાણે, ગુજરાતની ખમીરવંતી પ્રજાના ઝવેરી માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈની દીર્ઘ દૃષ્ટિના હિસાબે આ હીરા ઉદ્યોગ અમદાવાદ સૂરત અને ગુજરાતના ગામડે ગામડે વિકાસ પામેલ છે, અને તેમાં અત્યારે દસ થી બાર લાખ લોકો રોજી મેળવે છે. દુનિયામાં જે દસ હીરા બને છે તેમાં આઠ હીરા ગુજરાતમાં બને છે. ૨૦૦૬-૦૭માં ૭૭ હજાર કરોડનું હીરા ઝવેરાતનું એકસ્પોર્ટ કરેલ છે અને ભારતને મોટું હુંડિયામણ કમાવી આપેલ છે. ગુજરાતના ગામડાંમા આ હીરા ઉદ્યોગનો ચળકાટ વધેલ છે, કારણ કે જયોતિ ગ્રામના હિસાબે વીજળી ૨૪ કલાક મળતી થઈ છે. ગુજરાતમાં હીરાના ઉદ્યોગમાં વિકાસમાં માનનીય મુખ્ય મંત્રી નરેન્દ્રભાઈને બહુ જ રસ હોવાના હિસાબે આ હીરા ઉદ્યોગ માટે આ બજેટની અંદર માનનીય નાણા મંત્રીશ્રીએ જેમ્સ એન્ડ જવેલરીના તાલીમાર્થી માટે ૨૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરેલ છે. જે અત્યંત આવકાર દાયક છે. આ ઉપરાંત ભારતીય જનતા પાર્ટીની સરકારે જવેલરી પાર્ક બનાવવા માટે સૂરતમાં ૧૦ લાખ ચોરસ મીટર જમીન ફાળવેલ છે. અને જવેલરી પાર્કમાં ૪૦૦ ફેકટરીઓ બનવા જઈ રહેલ છે. આ ઉદ્યોગમાં કુશળ કારીગરોની આજે પણ શોર્ટેજ છે. ટ્રેઈનિંગ સેન્ટરો ઉભા થવાથી કુશળ કારીગરો તૈયાર થશે અને ઉદ્યોગનો વિકાસ થશે. રોજગારીની તકો વધશે. હીરો એક શુક્ર ગૃહ છે, પહેરવાથી ફાયદો થાય છે. મારી સભ્ય મિત્રોને વિનંતી કે દરેક લોકો પહેરે એવી આશા રાખું છું. (અંતરાય) પૈસા આપીને પહેરે તો ફાયદો થાય. માનનીય અધ્યક્ષશ્રી, મુંબઈમાં જે ડાયમન્ડ જવેલરી બને છે તે હવે સૂરત અને ગુજરાતમાં બનતી થશે અને જવેલરી પાર્કમાં ૩ લાખ લોકો વધારાની રોજી મેળવશે. મારે કહેવું છે કે કોંગ્રેસના શાસનમાં જે મિલો બંધ પડી હતી. તે મિલોના કામદારો માટે. તે મિલોના કામદારો માટે ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારે અમદાવાદમાં બંધ પડેલ મિલની જમીન પર ભાજપની સરકારમાં બેઠેલા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસને એપરેલ પાર્ક બનાવેલ છે ત્યાં રેડી મૅઇડ ગારમેટની અંદર ૧ લાખ ૭૦ હજાર લોકો રોજી મેળવશે. બીજી બંધ પડેલ મિલની જમીનમાં હજી વધુ વિકાસ કરવાની માનનીય મુખ્યમંત્રીશ્રીની નેમ છે તેમાં પણ વધારે ઉદ્યોગો સ્થાપવામાં આવશે અને વધારે લોકોને રોજી મળશે.

આ તબક્કે મારે એક દાખલો આપવો છે કે એક હોંશિયાર વ્યકિત ઘઉંમાંથી સારી લાપસી બનાવી શકે છે જ્યારે એક અણ આવડતવાળો વ્યકિત ઘઉંમાંથી ઘેસ બનાવી દે છે. આ માનનીય મુખ્યમંત્રીશ્રીના સારા વહીવટની નિશાની છે. ગુજરાતમાં મોટા અને મધ્યમ ઉદ્યોગોનો ઝડપી વિકાસ થયો છે એટલું જ નહિ પરંતુ લઘુ ઉદ્યોગો તથા તેને આનુસાંગિક ઉદ્યોગોનો પણ ઝડપથી વિકાસ આ રાજયમાં થયો છે. આજે ત્રણ લાખ ૨૩ હજાર જેટલા

લઘુ એકમો રાજયમાં નોંધાયા છે અને પાંચ હજાર ઉપરાંત ચીજવસ્તુઓનું ઉત્પાદન આ ક્ષેત્રમાં થઈ રહ્યું છે. રોજગારી આપવામાં તેનો ફાળો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. લઘુ ઉદ્યોગમાં સન ૨૦૦૦ પછી ખૂબ જ ઝડપ આવી છે. વર્ષ ૨૦૦૦માં તેની સંખ્યા બે લાખ ૫૧ હજાર હતી તે ૨૦૦૭ માં ૩ લાખ ૫૩ હજાર થઈ છે એટલે કે ૭૨ હજાર નવા લઘુ ઉદ્યોગો આ સાત વર્ષના ગાળામાં નોંધાયા છે. એટલે દૈનિક ૨૮ એકમો રાજયમાં વધતા ગયા છે જે ગુજરાતની મોટી સિદ્ધિ છે.

ઔદ્યોગિક શાંતિમાં પણ ગુજરાત દેશમાં પ્રથમ છે. હડતાળ, તાળાબંધી એ ઐતિહાસિક બાબતો બની ગઈ છે અને દેશના અન્ય રાજયોના ઉદ્યોગકારો ગુજરાતની આ પરિસ્થિતિ પામીને ગુજરાતમાં મૂડી રોકાણ કરવા તત્પર બન્યા છે.

દેશમાં ઘણી ચીજવસ્તુઓના ઉત્પાદનમાં ગુજરાત અગ્રણી બન્યું છે. સોડાએશમાં ૯૫ ટકા, મીઠામાં ૫૦ ટકા, કૅમિકલ્સમાં ૨૯ ટકા, હીરા પ્રોસેસીંગમાં ૮૦ ટકા, પૅટ્રોલિયમ પ્રોડક્શનમાં ૩૮ ટકા, કોસ્ટીક સોડામાં ૪૬ ટકા, દવામાં ૪૫ ટકા, (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને મારું અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી (સૂરત શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ ખાતાની માગણી લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, એમને મારું સમર્થન આપીને અને એ વિષયમાં બે વાત કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

ઉદ્યોગની માગણી ઉપર ચર્ચાની શરૂઆત કરતાં વિપક્ષના નેતા જ્યારે ઊભા થયા ત્યારે મને એક એવી અપેક્ષા હતી કે સામેની પાટલી ઉપરથી આ રાજયના ઉદ્યોગોના વિકાસ માટે ખૂબ સારાં સારાં સૂચનો આવશે, પરંતુ જ્યારે તેમની સમગ્ર વાત સાંભળી ત્યારે ખૂબ નિરાશા ઉત્પન્ન થઈ કારણ કે એમણે જે વાત કરી એમાં વાત કરતાં વાર્તા વધારે હતી. એમની વાત સાંભળતો હતો ત્યારે એવું ચિત્ર ઉપસ્થિત થયું કે ચોર, ચોર ચોર પણ એમની વાત છેલ્લે પૂરી થઈ ત્યારે મને અખાનો છપો યાદ આવ્યો.

" વા વાયાને નળિયું ખસિયું, તે દેખીને કૂતરું ભસ્યું,
બહુ થયો ત્યાં શોરબકોર, કોઈ કહે મેં દીઠો ચોર."

વાત કર્યા પછી કંઈ ન નીકળ્યું, ખોદ્યો ડુંગર અને કાઢ્યો ઉંદર, અહીંયા તો ઉંદર પણ ન નીકળ્યો. ગુજરાત સરકાર આ રાજયના સર્વાંગી વિકાસ તરફ જઈ રહી છે. એ તમામ ક્ષેત્રોનો જે વિકાસ થઈ રહ્યો છે, ખેતીવાડી ક્ષેત્ર હોય, ઔદ્યોગિક ક્ષેત્ર હોય, સર્વીસ સેકટર હોય એ તમામ ક્ષેત્રમાં આ રાજય જે વિકાસ કરી રહ્યું છે તેની સમગ્ર રાષ્ટ્રે નોંધ લીધી છે. ગુજરાતના ઉદ્યોગોને વિકાસનો નવો મોડ આપવા માટે ગુજરાત સરકારે ૨૦૦૩માં તેમની ઔદ્યોગિક નીતિ જાહેર કરી. આ ઔદ્યોગિક નીતિ સર્વગ્રાહી હતી. ગુજરાત રાજયના ઉદ્યોગો વિકાસ પામે અને તેમને તમામ જરૂરી સુવિધા મળે, આંતર માળખાકીય સુવિધાઓ મળે, નવી ટૅક્નૉલૉજી મળે અને સાથોસાથ વૈશ્વિક કક્ષાનું માર્કેટીંગ મળે એવી તમામ બાબતોની વાત લઈને આ ગુજરાત રાજયની ઔદ્યોગિક નીતિ ૨૦૦૩માં લોન્ચ થઈ. તે નીતિ અન્વયે ગુજરાતમાં જે ઉદ્યોગોએ હરણફાળ ભરી છે અને નીતિ અન્વયે ગુજરાત સરકારે જે પગલાં લીધાં છે તેમાં આ નીતિ અન્વયે ઉદ્યોગ સાહસિકો માટે માહિતી પ્રાપ્ત કરવા માટે સ્ત્રોતો ઉભા કર્યા. સર્વશ્રેષ્ઠ માળખાકીય સવલતો ઉભી કરી. આજે ગુજરાતમાં ઉદ્યોગોને માળખાકીય સવલતો એ સર્વશ્રેષ્ઠ સવલતો છે. મારા સાથી સભ્યશ્રી વલ્લભભાઈ વાત કરતા હતા. આ નીતિના અભાવે, આ દિશાના અભાવે, આ દર્શનના અભાવે એક વખત અમદાવાદ ગુજરાતનું માન્ચેસ્ટર કહેવાતું હતું. મિલો જે બંધ થઈ, આ દિશા દર્શનના અભાવે મિલો બંધ થઈ હતી. જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતમાં જે હયાત ઉદ્યોગો હોય તેનો વધારે વિકાસ થાય, નવા ઉદ્યોગો આવે, મને જણાવતાં ખૂબ આનંદ થાય છે કે હું સૂરતમાંથી આવું છું. એમ કહેવાય છે કે ગુજરાત એ ભારત દેશનું ગ્રોથ એન્જિન છે. તો મને કહેતાં બિલકૂલ સંકોચ નથી કે સૂરત એ ગુજરાતનું ગ્રોથ એન્જિન છે. સૂરતમાં જે ટૅક્સટાઈલ અને ડાયમન્ડ ઉદ્યોગો જે રીતે વિકાસ કરી રહ્યા છે તેમાં રાજય સરકારનો જે સહયોગ છે, મને જણાવતાં આનંદ થાય છે કે પહેલાં માત્ર ટૅક્સટાઈલમાં કાપડ ઉત્પાદન થતું હતું અને તેનું માર્કેટીંગ થતું હતું પણ હવે છેલ્લા બે વર્ષથી સૂરતમાં કાપડની અંદર પણ વેલ્યુએડીશનનો ખૂબ મોટો ઉદ્યોગ એમ્બ્રોઈડરીનો ઉદ્યોગ વિકાસ પામ્યો છે. તેના કારણોમાં રાજય સરકારની ઉદ્યોગની ૨૦૦૩ની નીતિ છે, જે પૉલિસી છે તેને આભારી છે. મારા સાથી સભ્યશ્રી વલ્લભભાઈ ડાયમન્ડ ઈન્ડસ્ટ્રીઝની વાત કરતા હતા. આપણે જાણીએ છીએ. તેમણે જે આંકડાઓ આપ્યા છે એ સત્ય છે કે દુનિયામાં કટીંગ એન્ડ પોલીશીંગમાં ભારત નં.૧ છે. તેમાં ગુજરાતનો હિસ્સો છે પણ ગુજરાત સરકાર એટલેથી સંતોષ માનતી નથી. માત્ર કટીંગ એન્ડ પોલીશીંગ જ નહીં, ભારતની અંદર કે ગુજરાતની અંદર બને તેનાથી ગુજરાત સરકારને સંતોષ નથી. સંપૂર્ણ જેમ એન્ડ જવેલરીનું હબ ગુજરાત બને. ગુજરાતમાં કટીંગ એન્ડ પોલીશીંગ થાય, ગુજરાતમાં જવેલરી મેન્યુફેકચરીંગ થાય, ગુજરાતમાં જવેલરીનું માર્કેટીંગ થાય, ગુજરાતમાં ડાયમન્ડના રો-મટિરિયલનું માર્કેટીંગ થાય તેનું સંપૂર્ણ જેમ એન્ડ જવેલરીનું હબ ગુજરાત બને એ માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે અને આ પ્રયત્નના કારણે જો જેમ એન્ડ જવેલરી મેન્યુફેકચરીંગનું હબ બનાવવું હોય તો તેને વૈશ્વિક કક્ષાની માળખાગત સુવિધા આપવી પડે. આપણે ભલે અત્યારે વાત કરતાં હોઈએ પણ દુનિયામાં ડાયમન્ડની જવેલરીનું મેન્યુફેકચરીંગ થાય છે તેમાં ભારતનો

હિસ્સો માત્ર ત્રણ ટકા છે. રો-મટિરિયલ આપણી પાસે છે. કટીંગ એન્ડ પોલીશીંગમાં પોલીશ થયેલ ડાયમન્ડ આપણી પાસે છે. દુનિયાની અંદર ૧૦૦ હીરા ઉત્પન્ન થાય છે તેમાં ૯૫ હીરા ભારતમાં ઉત્પન્ન થતાં હોય ત્યારે, ગુજરાતમાં ઉત્પન્ન થતાં હોય ત્યારે એ ૯૫ ડાયમન્ડની જવેલરી ગુજરાતમાં બને એવો ગુજરાત સરકારનો અત્યારે ઈરાદો છે અને એ ઈરાદાને કારણે વૈશ્વિક કક્ષાની માળખાગત સુવિધા સાથે માત્ર વર્લ્ડ કલાસ નહીં પણ વર્લ્ડ ધ બૅસ્ટ, દુનિયાનો મોટામાં મોટો જેમ્સ એન્ડ જવેલરી પાર્ક એસ.ઈ.ઝેડ. સૂરતમાં સાકાર થઈ રહ્યો છે.એ આ ગુજરાત સરકારને આભારી છે. મને જણાવતાં આનંદ થાય છે કે, અત્યારે જે દસ લાખ લોકો રોજગારી મેળવી રહ્યા છે એમાં બીજા ૫ લાખ લોકોનો ઉમેરો થવાનો છે. જેમ્સ એન્ડ જવેલરી પાર્કમાં ડાયમંડ જવેલરીનું મેન્યુફેકચરીંગ ચાલુ થશે ત્યારે ત્યારે બીજા ૫ લાખ લોકોને રોજગારી મળશે આ ગુજરાત સરકારની ઔદ્યોગિક નીતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં વાત કરવામાં આવી કે, નાના ઉદ્યોગોને કે મોટા ઉદ્યોગોને કોઈ સહાય કરવામાં આવતી નથી. ૨૦૦૩ની પૉલિસી અન્વયે આઈ.એન.ડી. શ્રેણી એકથી નવ એમાં અનેક એવી યોજનાઓ છે કે લઘુ ઉદ્યોગ હોય, નાનો ઉદ્યોગ હોય કે મોટો ઉદ્યોગ હોય એના ઈન્ફ્રાસ્ટ્રકચર માટે વ્યાજની લોન, રોકડ લોન આ બધી સહાય આપી અને ગુજરાતના ઉદ્યોગોને પગભર કરી અને ગુજરાત ઉદ્યોગોમાં પણ આખા દેશમાં હબ બને એવી સરકારની નીતિ છે. આ માગણીઓ છે એને હું સમર્થન કરું છું.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ ક્રમાંક- ૩૦,૩૧ અને ૩૩ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણીઓ ક્રમાંક- ૪૦ અને ૫૦ ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગને લાગે વળગે છે ત્યાં સુધી આપના દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીને અને મુખ્યમંત્રી વતી જે જવાબ આપતા હોય એમને નમ્રપણે વિનંતી છે કે, તાલુકા, જિલ્લાનું વિભાજન થયું એમાં એક તાલુકો એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં આવ્યો છે ત્યારે જે એનું જે વાર્ષિક ફંડ આવતું હોય છે એમાં બહુ જ મોટી વિસંગતતા છે. ગત ૫ વર્ષમાં પણ સતત આ ગૃહમાં આ જ વાત કરી છે. જિલ્લાના આયોજનમાં પણ પ્રભારી મંત્રીશ્રી અને સામાન્ય વહીવટ વિભાગના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં પણ આ વાત કરી છે. પ્રભારી મંત્રીશ્રીને પણ અસંખ્ય મિટિંગોમાં આ વાત કરી છે. પણ છઠ્ઠા વર્ષે પણ એનો નિકાલ નથી આવતો એ ખૂબ જ દુઃખદ બીના છે. ૯૪ પંચાયતો અને ૭૦ પરાઓનો દહેગામ તાલુકો, એને વાર્ષિક ૪૬ લાખ રૂપિયા મળે છે. એ જ રીતે માણસા તાલુકાની પરિસ્થિતિ છે. અમારો તાલુકો અમદાવાદ જિલ્લામાં હતો ત્યારે એક કરોડ રૂપિયા ઉપરાંતનું ફંડ મળતું હતું. વિભાજન પછી એની આ પરિસ્થિતિ થઈ છે એનો આપના દ્વારા તાત્કાલિક નિકાલ આવે એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ એટલે પ્રોટોકોલ મેઈન્ટેન કરવું, બીજું, ત્રીજું, જી.આર. કરવા તે અને એમાં પણ આપના દ્વારા નમ્રપણે સૂચન કરું છું કે, ધારાસભ્ય કોઈ અગત્યના કામે, કોઈપણ અધિકારી પછી એ કલેક્ટર હોય, ડી.ડી.ઓ. હોય કે ડી.એસ.પી. હોય એને ફોન કરે. કેટલીક વખત તો માહિતી મળે છે કે મિટિંગમાં છે. તો એમને મેસેજ આપવામાં આવે અને સરકારનો પરિપત્ર હોવા છતાં કોઈપણ ધારાસભ્યનો ફોન આવે તો આ અધિકારીએ સામેથી ફોન કરીને પૂછવું, પણ ધારાસભ્યએ ફોન કર્યા પછી, મેસેજ આપ્યા પછી એકપણ ફોન પાછો અધિકારીઓનો આવતો નથી આ ચૂંટાયેલા પ્રતિનિધિઓની હાલત છે. એના પર આપના દ્વારા ધ્યાન દોરવું છે. સમગ્ર વિકાસ, સમગ્ર ઉદ્યોગની વાત અહીંયાં મારા મિત્રોએ કરી છે. પેટ્રો કૅમિકલ્સ અને રિફાઈનરીમાં ખૂબ મોટું આપણું રાજય. સમગ્ર દેશ અને દુનિયામાં નંબર વન બને એવી તમામ ગુજરાતીઓની ખ્વાહિસ હોય છે. પણ સાથોસાથ નાના ઉદ્યોગો એ લઘુ ઉદ્યોગો ગણાય છે આજે એક લાખ નાના ઉદ્યોગો, નાના કારખાનાઓ બંધ થઈ ગયા છે એના તરફ પણ આપણે જોવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો સારું પકવતા હોય, ખેડૂતો નવી ટૅક્નૉલૉજીથી ખેતી કરતા થયા છે ત્યારે ખેતી આધારિત ઇન્ડસ્ટ્રીઝ સ્થપાય એવી આપના દ્વારા સરકારને રજૂઆત કરું છું. ચૂંટણીઓમાં જઈએ છીએ ત્યારે ભાષણો ખૂબ સારાં થાય છે. મેં પણ એક જગ્યાએ ભાષણ સાંભળેલું. એક ચૂંટણીમાં ભાષણ કરવામાં આવ્યું કે બટાટાનું શાક બનાવવાથી બટાટા પકવતા ખેડૂતોને એના ભાવ મળતા નથી. આ બટાટાને આ બાજુથી મશીનમાં નાખો અને પેલી બાજુ મશીનમાંથી એની વેફર નીકળે અને પૅકૅટ બને તો ૧૦૦ ગ્રામના ૨૦ રૂપિયા મળે અને ખેડૂતો તાકાતવાળા બને, ખેડૂતો પૈસાવાળા બને, ખેડૂતો મારૂતિમાં ફરતા થાય એવું ભાષણ સાંભળ્યું હતું. સાહેબ ૫ દિવસથી વર્તમાનપત્રોમાં ફોટા છપાય છે. હું કહું છું કેટલાક મિત્રોને કે જોજો, ૫૦ રુપિયે બટાકાના લેનાર કોઈ નથી. પણ ત્યાં ફુડ ઇન્ડસ્ટ્રીઝ બની ગઈ હોત, કોલ્ડ સ્ટોરેજ અમારા બની ગયા હોત તો અમારા બટાકાની નગરી ગણાતા દહેગામના ખેડ્રતો પણ રાજી થયા હોત અને એ ભાષણને યાદ કરી અને બોલનાર માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનતા હોત. ખૂબ ઓછો ભણ્યો છું એટલે મને આ ઉદ્યોગની બહુ ખબર નથી પડતી પણ અમને જે બુક આપવામાં આવી છે, પ્રવૃત્તિની રૂપરેખાની એમાં ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટ ૨૦૦૩માં સપ્ટેમ્બર-ઑકટોબર ૨૦૦૩માં ૬૮૨૫૩ કરોડના ૭૬ એમ.ઓ.યુ. થયા, ૨૩,૦૩૧ કરોડના ૩૦ પ્રોજૅકટ ઉત્પાદનમાં આવ્યા, ૨૮૩૮.૪૪ કરોડના ૧૭ પ્રોજૅકટ વિવિધ તબક્કામાં છે એવું કહે છે. આ ૬૮ અને ૨૫ અને

બધો સરવાળો માંડીએ તો ૩૨ કરોડના પ્રોજેક્ટ કયાં ગયા એવો કોઈ ઉલ્લેખ આ બુકમાં મને દેખાતો નથી. ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટ ૨૦૦૫ની વાત લખી છે.. ૧,૦૬,૧૬૦.૪૧ ના ૨૨૭ એમ.ઓ.યુ. થયા એમાં ૧૨,૮૧૩ કરોડના ૮૮ પ્રોજેક્ટ મૂડીરોકાણ સાથે ઉત્પાદનમાં ગયા અને ૨૮૦૩, ૧૧ પ્રોજેક્ટ ૭૭ પ્રોજેક્ટ વિવિધ તબક્કામાં છે ત્યારે ૯૦હજાર રૂપિયાના પ્રોજેક્ટો તૈયાર થાય છે પણ બાકીના પ્રોજેક્ટો કયાં જાય છે? બંધ થઈ ગયા, એ પ્રોજેક્ટો બહાર નીકળી ગયા, એમ.ઓ.યુ. કરવાવાળા જતા રહ્યા? એમ.ઓ.યુ. કરવા વાળા કોણ હતા? આ એમ.ઓ.યુ. માટે વાત થઈ છે એના હિસાબથી દેખાય છે કે માત્ર એમ.ઓ.યુ. કરીને મોટા આંકડાઓ આપીને ગુજરાતની પ્રજાને આપણે ભ્રમિત નહીં કરી શકીએ. વાસ્તવિકતા, શ્વેતપત્ર બહાર પડવું જોઈએ, આટલા કરોડના એમ.ઓ.યુ. થયા, આટલા કરોડના ધંધા ચાલુ થયા, આટલા કરોડના પાઈપલાઈનમાં છે અને જેને અનુકૂળતા નહોતી એવા લોકો નીકળી ગયા છે એવું કહીએ તો પણ ક્યાંકને ક્યાંક સાચા ઉદ્યોગની વાત થઈ શકે. આ સમતોલ વિકાસની વાત મારા મિત્ર ભાઈશ્રી મુકેશભાઈએ ખૂબ સાચી વાત કરી. કે જે વિસ્તારોમાં જી.આઈ.ડી.સી. નથી, જે વિસ્તારોમાં શિક્ષિત યુવાનો તૈયાર થઈ રહ્યા છે ત્યાં એગ્રીકલ્ચર ઇન્ડસ્ટ્રીઝ બનવી જોઈએ, ખેત આધારિત જે તાલુકાઓ છે, સારો રાયડો પકડતો તાલુકો હોય તો એના માટેની કોઈક ઇન્ડસ્ટ્રીઝ બનવી જોઈએ, ખેત આધારીત જે તાલુકાઓ છે, સારો રાયડો પકવતો તાલુકો હોય તો એના માટેની ઈન્ડસ્ટ્રીઝ બનવી જોઈએ. સારી કેરી પકવતો તાલુકો હોય તો એના માટેનું કોઈ પ્લાનીંગ થવું જોઈએ, બટાકા પકવતા ગુજરાતમાં બે-ત્રણ તાલુકા એવા છે કે જે બટાકાની ખેતી માટે સમગ્ર ભારતમાં વિખ્યાત છે તો ત્યાં એવી પણ ઇન્ડસ્ટ્રી થવી જોઈએ જેથી બહુમતી લોકોને આપણે ઉદ્યોગનો લાભ આપી શકીએ. ઉદ્યોગના સપના સાકાર કરી શકીએ. મેં અગાઉ પણ કહ્યું હતું કે જી.આઈ.ડી.સી.ઓ. કરી અને આપણે ગુજરાત સરકાર દ્વારા વિકાસ નથી કરવો. એક જ મિનિટ લઈશ માનનીય અધ્યક્ષશ્રી, જી.આઈ.ડી.સી.માં ૧૯૬૮ હેકટર જમીન આપણે ફાળવીએ છીએ. અને ૨-૩ જિલ્લામાં ૫ કરોડપતિ ઉદ્યોગપતિને ૧૬,૯૮૫ હેકટર જમીન આપણે ફાળવીએ છીએ. આ જમીનો ફળવાય, ઉદ્યોગો બને આનંદ થાય પણ એની પાછળ સુપરવિઝન તો રાખવું પડશેને કે હજારો હેકટર જમીન આપી આપણે, ટોકન ભાવે આપી હશે, ક્યાંક ૧૦ રૂપિયા ભાવે આપી હશે તો રોડ, રસ્તાનું પ્લાનીંગ કરી અને એ જમીનો ક્યાંક બે બે હજારના ભાવે તો નથી વેચાતીને, એનું સુપરવિઝન કરી રહ્યા છીએ? એ જમીનમાં જે ઉદ્યોગ નંખાયો છે એ કેટલા સમયનો ઉદ્યોગ છે એ તમામ બાબતોનો વિચાર કરીને મોનીટરીંગ કરતી સરકાર બનશે તો માત્ર કમાવા માટેના ઉદ્યોગપતિ નહીં પણ ગુજરાતના હિતના ઉદ્યોગપતિઓને ન્યાય અપાવી શકીશું અને મોનીટરીંગ દ્વારા એ ઉદ્યોગોને આપણે સફળતા તરફ લઈ જઈ શકીશું.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ વિભાગની માગણીઓ લઈને હું હાઉસમાં આવ્યો હતો અને ઘણા બધા સભ્યશ્રીઓએ સૂર પુરાવ્યો હતો. વિરોધપક્ષના નેતા અને ઘણા સભ્યશ્રીઓએ થોડી ચિંતા વ્યક્ત કરી હતી. આ ચિંતા દૂર કરવા માટે હું થોડી માહિતી આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાએ ખૂબ વિગતવાર રીતે રાજ્યની ચિંતા કરી હતી અને સારો એવો સમય એમણે એક ઉદ્યોગ ગૃહના ટેક્સ બેનિફિટ વિશે વાત કરીને લીધો હતો. મારે એમને એટલું જ કહેવું છે કે આપના વિચારો છે એ જ આ રાજ્ય સરકારના વિચારો છે. આપનો જે સ્ટેન્ડ છે એ જ આ રાજ્ય સરકારનું સ્ટેન્ડ છે. હજુ સુધી કોઈ બેનિફિટ અમે આપ્યો નથી અને છેલ્લા વર્ષોથી આ બેનિફિટમાં એક રૂપિયો આપ્યો નથી. એટલે કોઈ ચિંતા કરતા નહીં. અમે આ લડાઈ આવતા દિવસોમાં આપે કહ્યું એ મુજબ ચલાવ્યે રાખીશું. બીજી વાત એમણે કરી પાંચ કરોડપતિઓની. છેલ્લા છ-બાર મહિનાથી પાંચ કરોડપતિઓની વાતો થાય છે. મારે ખાલી એક જ વાતનું ધ્યાન દોરવું છે કે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ઈન્ફ્રાસ્ટ્રકચર રીલેટેડ ડેવલપમેન્ટ કરવા માગે છે, ઈન્સેન્ટિવ રીલેટેડ નહીં. લોંગેસ્ટ સર્વિંગ ચીફ મિનિસ્ટર છે, પરંતુ મુખ્યમંત્રીશ્રીએ હજુસુધી ઈન્સેન્ટિવ બેઝ સ્કીમ નથી આપી. કચ્છનો ભૂકંપ આવ્યો ત્યારે હતું એ બાજુએ રાખીએ. એ સિવાય આગલા મુખ્યમંત્રીશ્રીઓએ આ રાજ્યમાં ૫૦ હજાર કરોડના ઈન્સેન્ટિવ આપ્યા છે. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ ધારતા હોત તો આપી શક્યા હોત. એમણે નથી આપ્યો અને અમારી સ્કીમમાં કોઈ ઈન્સેન્ટિવ નથી. માત્ર ઈન્ફ્રાસ્ટ્રકચર છે. એટલે પાંચ કરોડપતિઓની વાત કરો છો, આપ કહેતા હોય તો બધા કરોડપતિઓના નામો બોલું. આગલી સરકારોમાં કોને કેટલી રાહત મળી છે. જે વિચારો રજૂ કર્યા એ બધાને રાહતો આપવામાં આવી છે એટલે આવતા દિવસોમાં વાત કરો ત્યારે પહેલો સવાલ પૂછજો કે આ પાંચ કરોડપતિઓને સૌથી વધારે કોની સરકારમાં કેટલી રાહત મળી હતી અને કોને કેટલો લાભ મળ્યો હતો? જેટલી ઈન્સેન્ટિવ સ્કીમો બની છે એના અંદર ૧૭૪૯૧ ઉદ્યોગોને લાભ મળ્યો છે. ૫૧૪૨૨ કરોડના ઈન્સેન્ટિવ સેંકશન કર્યા છે. એની અંદર ખાલી કચ્છ પૅકેજ ગણીએ તો એમાં ૮૩ છે અને કચ્છ પૅકેજમાં ૧૭૮૦ કરોડ છે. આ સિવાય બધું કાઢો તો હિસાબ ચોખ્ખો છે. દૂધનું દૂધ અને પાણીનું પાણી છે. હવે આગળ વાત નથી કરવી. જવાબ ચોક્કસપણે વિરોધ પક્ષના સભ્યશ્રીઓને મળી ગયો હશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક વાત કરવી છે. ફાઈવ યર પ્લાનની અંદર જ્યારે આપણે ૧૦.૨ ટકાનો ટાર્ગેટ હતો ત્યારે પણ ૧૦.૬ ટકા આપણે એચીવ કર્યો છે. એની અંદર મેન્યુફેકચરીંગ સેંકટરનું એચીવમેન્ટ ૧૨.૬ ટકા છે અને મેન્યુફેકચરીંગ સેંકટરનો ૧૯૯૯-૨૦૦૦નો કોન્સ્ટન્ટ પ્રાઈઝ ઉપર એનો જી.એસ.ડી.પી.

૫૫,૫૩૨ કરોડનો છે. મારે બીજું ધ્યાન દોરવું છે કે આવતા પાંચ વર્ષના ૧૧.૨ ટકાનો ફાઈવ યર પ્લાનનો ગ્રોથ આપ્યો છે એમાં મેન્યુફેકચરીંગ સૅકટરનો ગ્રોથ ૧૪.૫ ટકા છે. આ એચીવ કરવા માટે નાના ઉદ્યોગો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝ અને મોટા ઉદ્યોગો બધાને અમે સાંકળ્યા છે. આજે એક વિગતવાર નવા જ વિષયની વાત કરવી છે. વિરોધ પક્ષના નેતાશ્રીએ બાપુને યાદ કરાવી, ચોક્કસપણે બાપુના વિચારો હતા કે બેલેન્સ વિકાસ હોવો જોઈએ. આ માટે થોડી માહિતી હું આપું છું. પહેલી જ વખત રાજ્યના ઈતિહાસમાં ઈન્ફોર્મલ સૅકટર એટલે અનઓર્ગેનાઈઝડ સૅકટર માટે ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. હવે ઈન્ફોર્મલ સૅકટરમાં આવે કોણ? ઈન્ફોર્મલ સૅકટરમાં ખાનગી ઉદ્યોગો જે "owned by individuals or households engaged in the sell and production of goods and services, operated on proprietory or partnership basis with less than ten workers."

માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર બધી જ એકટીવીટી આવી જાય. રાજ્યના informal sector અંદર total workforce નો ૮૧.૨ ટકાનો હિસ્સો છે એના માટે આ નીતિ બનાવી છે અને એની અંદર જે દુકાનમાં કામ કરતો વ્યકિત હોય, રેસ્ટોરંટમાં કામ કરતો વ્યકિત હોય, કોટન ઈન્ડસ્ટ્રીઝ, ગૃહ ઉદ્યોગની અંદર કામ કરતા લોકો હોય, આર્ટીસ્ટ જે લોકો જાતે કામ કરતા હોય, કડિયા, પ્લમ્બર, સુથાર આ બધા જ આવે છે. નાની ઓફિસમાં એકાઉન્ટન્ટ, કલાર્કનો પણ સમાવેશ થાય છે. ડાયમંડથી માંડીને agriculture sector ની અંદર જે કોઈ કામ કરતા હોય આ બધાનો સમાવેશ થાય છે અને આના માટે informal sector ની નીતિ ઘડી છે અને એમના લાભ માટે ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ લોકો માટે શું કરવાનું છે? આ લોકો માટે એ લોકોની જે સ્કીલ છે તેને upgrade કરવા માટે યોજનાઓ હશે. એની જે કામ કરવાની કેપેસિટી કામ કરવાની એ કેપેસિટી કેવી રીતે વધે અને વધારે આવક કેવી રીતે ઊભી કરે એના માટે કરવામાં આવશે. આની અંદર એ લોકોને ટ્રેનિંગ આપવામાં આવશે. એમના new avenues of employment વધારે સારી રીતે કયાંક મળી શકે એના માટે પણ કરવામાં આવશે. એ લોકોનું production વધે, એ લોકોને Formal Credit બેંકો જે આપતી નથી એ બેંકોની ક્રેડીટ મળે એના માટે રાજ્ય સરકારે catalyst પણ રોલ પ્લે કરશે એટલે આવતા દિવસોની આ યોજનામાં સંપૂર્ણપણે રાજ્ય સરકાર વિચારી છે કે એકેએક વ્યકિતનો સરવે થાય, એકેએક વ્યકિતનો રેકોર્ડ મુકાય. એ રેકોર્ડમાં એને વીમો કઈ રીતે મળે અને એને કઈ રીતે લાભ થાય? Medicine નો પણ આવતા દિવસોની અંદર, આ બધું જ આ informal sector અંદર આવી જશે એટલે આવડી મોટી યોજના જે આપ વિચારો છોને નાના માણસની યોજના, ગરીબમાં ગરીબ વ્યકિતને લાભ મળે. આજે આ વ્યકિતઓને દા.ત. એક પટાવાળો છે એ મહિને ૪૦૦૦ કમાતો હોય અને એક જ વ્યકિત કમાનારો માણસ હોય અને એના ઘરે માંદગી હોય, લગ્ન હોય તો દેવું થઈ જાય છે, એટલે એની આવક કેમ વધે? એના માટે રાજ્ય સરકારે ચિંતા વ્યકત કરી છે અને હિન્દુસ્તાનની અને દેશની અંદર ૧૦૦ કરોડ રૂપિયા લઈને પહેલાં જ વર્ષે જો આવડી મોટી જોગવાઈ કરી અને informal sector હોય, unorganized sector ની ચિંતા કરી હોય તો એ આ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે નાના ઉદ્યોગોની વાત કરી. મારે ખાસ ધ્યાન દોરવું છે કે નાના ઉદ્યોગો માટે પ્રોત્સાહન આપવાની આ સરકારની નીતિ છે. નાના ઉદ્યોગોને આજની તારીખમાં Interest free સબસિડી આપીએ છીએ, એના માટે પાંચ લાખ રૂપિયા સુધી એને ૫ ટકાના Interest સુધી અને વર્ષે પાંચ લાખ રૂપિયાની સબસિડી આપીએ છીએ એ આ નાના ઉદ્યોગોને લાભ આપવા માટે કરીએ છીએ. નાના ઉદ્યોગોને મદદ થાય એના માટે સપોર્ટ આપીએ છીએ. એને DIA certificate, ISO ૯૦૦૦, ISO ૧૪૦૦૦ certificate જોઈતું હોય તો આપણે એને પણ મદદ કરીએ છીએ, International Trade Fair માં એને participate થવું હોય તો બે લાખ રૂપિયા રેન્ટ સુધી આપણે મદદ કરી રહ્યા છીએ. આના માટે નાના ઉદ્યોગોની નીતિ બનાવવા માટે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે એટલે એ શું કામગીરી કરશે અને કેવો અહેવાલ આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, અંતમાં હું મારી વાત કરી એટલું જ કહેવું છે કે આ લોકો માટે ૨૦૦૭-૦૮ માં જે ૪૩ કરોડની જોગવાઈ હતી એ ૨૦૦૮-૦૯ માં ૧૩૧ કરોડ રૂપિયામાં આવી છે, ૨૦૨ ટકા વધારો કરવામાં આવ્યો છે અને મને કહેતાં આનંદ થાય છે કે આ ત્રણ લાખ બાર હજાર યુનિટો છે એની અંદર છેલ્લા એક વર્ષમાં ૨-૧૦-૨૦૦૬ થી માંડીને ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં ૧૩,૭૪૩ યુનિટોનો વધારો થયો છે અને મારે એક બીજી પણ માહિતી આપવી છે. હમણાં નાના ઉદ્યોગો, હમણાં કહ્યું કે મોટા ઉદ્યોગો તરફ ધ્યાન આપ્યું છે. આ જ્યોતિ ગ્રામ યોજના શું હતી? આ જ્યોતિ ગ્રામ યોજના નાના ઉદ્યોગોને, કોટેજ ઈન્ડસ્ટ્રીઝને લાભ આપવા માટેની યોજના હતી. આજે આ આખુંય infrastructure કર્યુ છે. એ નાના ઉદ્યોગોને ઘરે ઘરે કેવી રીતે artisans ઉભા થાય એના માટેની યોજના હતી અને મને કહેતા આનંદ થાય છે કે જ્યોતિ ગ્રામ યોજના આવ્યાં પછી રાજ્યની અંદર ૬૧,૬૫૩ કનેકસનો જ્યોતિ ગ્રામ ફીડર ઉપરથી Comercial Conections આપવામાં આવ્યાં છે અને L.T. Industries ૭,૯૭૯ જ્યોતિ ગ્રામ ફીડરમાં આ શું ગામડાંમાં નથી તો શહેરોમાં છે? આ જયોતિગ્રામ યોજના ગામડાંઓમાં છે અને હાઈટેન્શનના ૨૩૮ કનેકશન આપવામાં આવ્યા છે. આજની તારીખે જયોતિ ગ્રામ યોજનામાં સરકારે પૈસા ખર્ચ્યા છે એનો સંપૂર્ણ લાભ ગામડાંઓમાં થઈ રહયો છે એટલે વાતો કરીએ નાના ઉદ્યોગોની તો

મારે ખાલી એટલું જ કહેવું છે કે નાના ઉદ્યોગો માટે અમે ઘણી યોજનાઓ કરી છે. મારે ખાલી એટલું જ કહેવું છે કે આજની તારીખમાં રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સ્કીમ છે અમારી એ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સ્કીમ કોના માટે છે? ફંડીંગ એટલા માટે કરીએ છીએ. સંસ્થાઓને પૈસા આપીએ છીએ. સંસ્થાઓને એટલા માટે આપીએ છીએ કે નાના ઉદ્યોગો કે વેપારીઓ રીસર્ચ જાતે નથી કરી શકતા. મારે ખાલી એક જ દાખલો આપવો છે કે અટીરા અને જીનીંગ ઈન્ડસ્ટ્રીઝ માટે રાજય સરકારે ગ્રાન્ટ આપી. એ ગ્રાન્ટ કયાં વપરાઈ કે કોટનની cotton bale dust reduction નો પ્રોજેકટ હાથમાં લીધો. હવે આ પ્રોજેકટ હાથમાં લીધો એ સફળ થયો એને કારણે આજની તારીખમાં જીનીંગની અંદર પ્રોજેકટની અંદર રીસર્ચ થયો, એનું અમલીકરણ થયું અને સારી કવોલીટીનું રૂ એકસ્પોર્ટ કરવા મળ્યું અને ચાઈનાની અંદર આજે ખૂબ જાય છે. અમે અટીરાને રૂપિયા આપીએ છીએ. અમે CGCRI, CIPET,ERDA, MANTRAને આપીએ છીએ. આ બધી સારી સારી સંસ્થાઓ છે અને ઉદ્યોગોવાળા રિપોર્ટ લઈને આવે અને સારી સંસ્થાઓમાં જાય અને સારી સંસ્થાઓને કહે કે અમારે જોઈન્ટ પાર્ટીશીપેશન કરવું છે તો રાજય સરકાર સ્વીકારે છે અને આનો લાભ કોને મળે છે? નાના ઉદ્યોગોને મળે છે. આમાંથી કાંઈ મોટા ઉદ્યોગો નથી લઈ જતા. એવી જ રીતે નાના ઉદ્યોગો માટે કલસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ કર્યો છે. આ કલસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામની અંદર શું કે આ સ્મોલ અને medium sector ને મદદ કરીએ, એને કલસ્ટરમાં રાખીએ, એને ભેગા કરીએ. આવા ૧૮ કલસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ ચાલુ થઈ ગયા છે એ લોકોના કોમન ફેસીલીટી સેન્ટર શરૂ થઈ ગયા છે. મને આનંદ થાય છે કે હમણાં જ એક મહિના પહેલાં હું ફાઉન્ડ્રી ઉદ્યોગના કલસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ગયો હતો ઓઢવની અંદર અને એ લોકોએ common testing facility રાખી હતી એના ઉદઘાટનમાં મને બોલાવ્યો હતો. સરકારે ગ્રાન્ટ આપી હતી ઉદ્યોગોવાળાએ એની સાથે હાથ મિલાવ્યો અને નાના ઉદ્યોગોએ એ લોકોનું જે રોમટીરીયલ આવે, એ લોકોના જે finished products casting બને એ માટે એક કોમન ટેસ્ટીંગ ફેસીલીટી બનાવી હતી અને એ ફેસીલીટી રાજય સરકારની મદદ દ્વારા થઈ એટલે આ બધું મોટા ઉદ્યોગોવાળા માટે નથી. નાના ઉદ્યોગોને કયારેય સુવિધા નહોતી મળી એ બધી સુવિધા આ રાજય સરકાર આપે છે. એક રોડમેપ સાથે ચાલીએ. આ રોડમેપ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલી અને દરેક ક્ષેત્રમાં નંબર-૧ કેવી રીતે આવે અને મેન્યુફેકચરીંગ સેકટર કેવી રીતે ગ્રોથ એન્જીન બને એના દ્વારા અમે આ બધું કામ કરતા હોઈએ છીએ એને મેન્યુફેકચરીંગ સેકટરને કરવા માટે જુદા જુદા ક્ષેત્રનો રાજયની અંદર વિરોધ દા.ત. જી.આઈ.ડી.સી.થી માંડી, GIDB થી માંડી આ બધું જ આપણો પાયો છે. વાઈબ્રન્ટ ગુજરાતની અહિયા વાત કરી. વાઈબ્રન્ટ ગુજરાતની અંદર થોડી ટીકા પણ થઈ. કોઈ સભ્યશ્રી એમ સમજતા હોય કે એમ.ઓ.યુનો સો ટકા સકસેસ રેશીયો થાય એ કયારેય શકય નથી. દેશની અંદર એમ.ઓ.યુ.નો સકસેસ રેશીયો ૫૦ટકાથી નીચે છે. ગુજરાત એક માત્ર એવું રાજય છે કે જેણે ૨૦૦૩ના એમ.ઓ.યુ.માં ૭૪ ટકા સકસેસ રેશીયો છે. ૨૦૦૫ના એમ.ઓ.યુ.માં ૮૧.૧ ટકા સકસેસ રેશીયો છે અને ૨૦૦૭માં ૫૩.૧૭ ટકા છે બાકીના પ્રોજેકટ અન્ડર ઈમ્પ્લીમેન્ટેશન છે. જે આવતા દિવસોમાં ચાલુ થઈ જશે. આવો સકસેસ રેશીયો તમે એક રાજયમાં તો બતાવો કે રાજયમાં વાઈબ્રન્ટ ગુજરાત સમીટના કારણે સારાં સારાં ઉદ્યોગો રાજયમાં આવે છે એક Delhi-Mumbai Industrial Corridor જેમાં ગુજરાત સૌથી વધારે લાભ લેશે આવતા દિવસોમાં અને એ માટે અમે મહેનત કરતા આવ્યા છીએ. આ જે National Dedicated Frieght Corridor છે એ ૧૪૮૩ કિલોમીટરનો છે અને ૫૬૫ કિલોમીટર ગુજરાતમાં આવે છે એટલે આજે ૫૬૫ કિલોમીટર કોરીડોરના બંને બાજુ ૧૫૦-૧૫૦ મીટર આખો કોરીડોર ગણાય. ગુજરાતનો ૬૨ ટકા વિસ્તાર એની અંદર છે. ૨૬માંથી ૧૮ જિલ્લાનો એની અંદર સમાવેશ થાય છે. ૭૪ટકા વસ્તીનો સમાવેશ થાય છે.આની અંદર જે પ્લાન કર્યા છે. એમાં ૩,૬૪,૮૦૦ કરોડ ઈન્વેસ્ટમેન્ટ આવે એમાં ગુજરાતનો હિસ્સો ૧,૨૩,૯૫૦ કરોડનો હશે. આના માટે અમે લોકોએ સ્પેસિફિક એરિયા આઈડેન્ટીફાઈ કર્યા છે. બે રિજિયન આઈડેન્ટીફાઈ કર્યા છે. અમદાવાદ, ધોલેરા ઈન્વેસ્ટમેન્ટ રિજિયન અને ભરૂચ દહેજ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન. એટલે બે રિજિયન આઈડેન્ટીફાઈ કર્યા છે. ચાર એરિયા કર્યા છે. પાલનપુર, મહેસાણા ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વડોદરા ભરૂચ ઈન્ડસ્ટ્રિયલ એરિયા, સૂરત, નવસારી ઈન્ડસ્ટ્રિયલ, એરિયા, વલસાડ ઉમરગાવ ઈન્ડસ્ટ્રિયલ એરિયા. અમે લોકોએ સ્પેસિફિક આયોજન કર્યુ છે. છેક દિલ્હી મોકલી આપ્યું છે. અમને ખબર છે આ દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર એ ગુજરાતમાં સૌથી વધારે સફળ થશે. એનું કારણ છે કે લૉંગ કોસ્ટ લાઈન છે. બીજું કે સરકારની નીતિ ધ વે ગવર્નમૅન્ટ ફંક્શન અને the way in which the Government has planned. Infrastructure is ready. GIDDB apex body નીચે ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ કોરીડોર કૉર્પોરેશન એ ડેવલપમેન્ટ એજન્સી હશે. એ પછી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી અને પ્રોજેકટ specific SVPs દ્વારા આખો પ્રોજેકટ કરવાનો છે, એટલે આવતા દિવસોની અંદર thrust area રહેશે. આના કારણે ખૂબ મોટું વધારાનું મૂડીરોકાણ આવતા દિવસોમાં આવશે. એવી જ રીતે એક ખૂબ મોટું ઈન્વેસ્ટમેન્ટ જો આવી શકવાની ઘ ણી મોટી શક્યતા છે. તે છે પી.સી.પી.આઈ.આર. દહેજ. આની અંદર પેટ્રોકેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન. આ રિજિયનની અંદર ટોટલ ઈન્ફ્રાસ્ટ્રકચર will be created by the State Government - roads, water connectivity બધું જ રાજય સરકાર આપશે. ટોટલ અમે કેન્દ્ર સરકારને પ્રોમીસ આપ્યું છે. ૪૦૦ કરોડનું પ્રોમીસ આપ્યું છે. એની અંદર ૪૦૦ કરોડ ગુજરાત સરકાર ખર્ચશે, એની અંદર private

participation દ્વારા કામ કરવામાં આવશે. આની અંદર biggest petrochemical ઈન્ડસ્ટ્રિઝથી માંડીને નાના નાના કેમિકલ ઉદ્યોગથી માંડીને આ બધા જ આની અંદર આવવાના છે અને જે છે એ મોટો વિસ્તાર છે. એની અંદર પોપ્યુલેશન ઓછું છે અને વધારાનો લાભ દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રિયલ કોરીડોરના વિસ્તારમાં પડે છે. એની બાજુમાં હાઈવેથી માંડીને બધા લાભ છે. કુલ ૪૫૩ સ્કે. કિ.મી.નો એરિયા આઈડેન્ટીફાઈ કર્યો છે અને ભરૂચ તાલુકા અને વાગરા તાલુકાને પણ મોટા પ્રમાણમાં લાભ મળવાનો છે. આની અંદર ઓ.એન.જી.સી. થી માંડીને ઘ ણા મોટા ઉદ્યોગની સ્થાપના પણ થવાની શક્યતા ઊભી છે. જી.આઈ.ડી.સી. ની વાત કરી. જી.આઈ.ડી.સી.એ પોતાનો રોલ ચોક્કસ બદલવાની જરૂરિયાત છે. ચેઈન્જિંગ ટાઈમ્સ આવ્યા છે. જી.આઈ.ડી.સી. નાના ઉદ્યોગકારો માટે ખૂબ મોટા પ્રમાણમાં concentrate કરવાનું છે. જી.આઈ.ડી.સી.એ અત્યાર સુધી ૨૬,૦૦૦ હેક્ટરની એસ્ટેટો બનાવી છે. આવતા દિવસોની અંદર નાના ઉદ્યોગો માટે, બેકવર્ડ તાલુકામાં લાભ મળે એના માટે બધાને ફાયદો થાય એના માટે ૫૦,૦૦૦ હેકટરનું પ્લાનિંગ કર્યુ છે અને એના માટે land acquisition નું કામ કર્યુ છે. હું ચોક્કસપણે કહીશ કે આની અંદર જે જમીન સંપાદનનું કામ કરવાનું કદાચ થશે. એ જમીન સંપાદનના કામની અંદર ખેડૂતોને નુકસાન નહિ જાય. એ ૧૦૦ ટકા અમે ધ્યાન રાખીશું. સરકારની, મુખ્યમંત્રીશ્રીની નીતિ બહુ ક્લિયર છે. નાના ખેડૂતોને નુકસાન કરીને આપણે ઉદ્યોગોને મદદ કરવાની નથી. ઉદ્યોગોએ રૂપિયા ચુકવવા પડશે. એ પ્રમાણે ધ્યાન રાખવામાં આવશે. જે વાત કરી existing જી.આઈ.ડી.સી. ના ઈન્ફ્રાસ્ટ્રકચરની વાત કરી. હું સંપૂર્ણપણે સહમત છું, વિરોધપક્ષના સભ્યશ્રી જોડે આની અંદર આવતા દિવસોમાં જ્યાં જી.આઈ.ડી.સી. ના ઈન્ફ્રાસ્ટ્રકચરમાં સુધારો કરવાની જરૂર છે. એ હાલના જી.આઈ.ડી.સી.ના સ્ટ્રકચરમાં કોશિશ કરીશું. બધી નવી જી.આઈ.ડી.સી. બનશે એ ચોક્કસપણે international standard બનશે. એ પ્રમાણે આપણે વ્યવસ્થા ગોઠવીશું એક બીજી વાત કરી. એસ.ઈ.ઝેડ. આપણે એસ.ઈ.ઝેડ એકટ દ્વારા ખૂબ મોટો વિકાસ કરી રહ્યા છીએ. ગુજરાત એકમાત્ર રાજય છે કે જ્યાં ૫૧ એસ.ઈ.ઝેડ આવ્યા છે. અગત્યનું એ છે કે ૫૧ એસ.ઈ.ઝેડ કોઈ એક સૅકટર માટે નથી. ૧૧ એસ.ઈ.ઝેડ મલ્ટી પ્રોડક્ટ છે. ૧૧ electronic - ITs ના છે, ૮ એન્જિનિયરિંગ, ૫ ફાર્માસ્યુટીકલ્સ, ૨ કૅમિકલ્સ, ૪ apparental and textile, bio-technology, gems and jewellary, handicrafts, ceramic અને આ બધુ જ છે. કોઈ રાજ્યની અંદર આટલું wide-spread છે નહિ, પણ આનંદની વાત છે કે આપણે ત્યાં પણ એક વિષય એસ.ઈ.ઝેડની જમીનો ઉપર નથી આવ્યો. એસ.ઈ.ઝેડના વિષય ઉપર કયારેય કોઈ પ્રોબ્લેમ નથી. આવ્યો બંગાળના નંદિગ્રામમાં આવ્યો પણ અહીંયાં નથી આવ્યો. આટલા બધા એસ.ઈ.ઝેડ આવ્યા, આટલી બધી જમીનો, હેકટરો જમીનો આપી, હેકટરો જમીનો ખરીદી પણ બધુ કન્સેન્ટ આપેલ છે. કયાંય કોઈ તકલીફ પડી નથી. એના કારણે ગુજરાતનું એસ.ઈ.ઝેડ મોડલ દેશની અંદર વખણાય છે અને અહીંના એસ.ઈ.ઝેડ મોડલની સરખામણી થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વાત કરવામાં આવી કે નાના ઉદ્યોગોને લાભ આપવા માટે ક્રિટીકલ ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડની સ્કીમ છે એની અંદર ક્રિટીકલ ઉદ્યોગોને ઈન્ફ્રાસ્ટ્રકચર જોઈતું હોય તેને આપણે મદદ કરીએ છીએ. તેવી જ રીતથી વાયબીલીટી ગેપ ફન્ડીંગની પણ સ્કીમ છે જેમાં કોઈ પ્રોજેકટ હોય અને તે પ્રોજેકટનું કામ અધૂરું રહી ગયું હોય તો ચોકકસપણે આપણે મદદ કરીએ છીએ એટલે તેવી સ્કીમ આની અંદર છે. રાજય ઉદ્યોગોમાં શ્રેષ્ઠ છે. મને વિધાનસભાના ગૃહના સભ્યશ્રીઓને કહેતાં આનંદ થાય છે કે સૌથી વધારે આઈ.ઈ.એમ. જો રજીસ્ટર થઈ હોય આખા દેશમાં તો તે ગુજરાતમાં થઈ છે. દેશના ૧૪.૩૨ ટકા આઈ.ઈ.એમ ગુજરાતમાં થઈ છે. ટોટલ રોકાણ ૪ કરોડ ૫૭ લાખ ૧૯૨ છે. બીજું રાજય છત્તીસગઢ છે અને ત્રીજું રાજય મહારાષ્ટ્ર છે. તેવી જ રીતથી આર.બી.આઈ.નો રિપોર્ટ જુઓ તો તે કહે છે અને એનો એન્યુઅલ રિપોર્ટ આવ્યો એમાં લખેલ છે કે ૨૦૦૬-૦૭ ની અંદર ગુજરાત એકાઉન્ટ્સ ફોર ૨૫.૮ પર્સન્ટ શેર ઈન ટોટલ પ્રોજેકટ કોસ્ટ. ૨૫.૮ ટકા. ૨,૦૨,૮૩,૪૪૦માંથી ૭૩,૦૦,૧૭૦ ગુજરાતમાં થયું એટલે ગુજરાતનો ૨૫.૮, આંધ્રપ્રદેશ બીજા નંબરે ૮.૯, મહારાષ્ટ્ર ત્રીજા નંબરે ૮.૬ આ ગુજરાતની સિદ્ધિ છે. તેવી જ રીતથી તમે ડોઈઝ બેન્કનો રિપોર્ટ જુઓ તો એ પણ કહે છે કે ગુજરાત રેન્કસ એટ નંબર વન પોજીશન ઈન ધી કન્ટ્રી વીથ ૨૮ પોઈન્ટસ ટોટલ આઉટ ઓફ ૩૩ પોઈન્ટ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આગળને આગળ વધે તેનો સંપૂર્ણપણે પ્રયાસ રહેશે. અમે અટકવાના નથી. અમે નવી ઈન્ડસ્ટ્રીયલ પોલીસી લઈને આવીશું અને હું ચોકકસપણે કહું છું કે આ પોલીસીની અંદર આજની તારીખમાં રાજય સરકારે એક ટાસ્ક ફોર્સ બનાવી છે. તેની અંદર ગુજરાત ચેમ્બર્સ, ફિકકી, સી.આઈ.આઈ. આ બધા જ એજયુકેશનલ ઈન્સ્ટિટયૂશનો જોડે પણ એક ગુજરાતના વિકાસ માટે શું આગળ કરવું જોઈએ તેના માટે આપણે સૂચનો મંગાવ્યા છે અને હું ચોકકસ કહું કે સ્મોલ કેસ ઈન્ડસ્ટ્રીઝ હરીફાઈમાં કેમ ઉભા રહી શકે તેને કેવી રીતે મદદ થાય તે ધ્યાનમાં રાખીશું. રાજયનું ઈન્ફ્રાસ્ટ્રકચર કેવી રીતે વધે તે ધ્યાનમાં રાખીશું. એન્વાયરમેન્ટની પણ આપણે જ ચિંતા કરવી પડશે. તેની ચિંતા કરીશું અને તે પણ ધ્યાનમાં રાખીશું. જે હમણાં ટેકસટાઈલની વાતો કરી, ડાયમંડની વાતો કરી એ પણ આની અંદર ધ્યાનમાં રાખીશું અને બને એટલું જલદી આ નવી નીતિ આવતા દિવસોની અંદર લાવી અને અમલીકરણ કરીશું. જી.આઈ.ડી.સી.ની જે વાત કરી તેની અંદર પી.પી.પી. મોડમાં, બેકવર્ડ રીજીયનમાં ચોકકસપણે ફોકસ આપીશું. જી.આઈ.ડી.સી.ની અંદર એકસ્ટેન્શન છે સેન્ટર ખોલીશું અને

ટેકનિકલ એરેન્જમેન્ટ કેવી રીતે થાય વર્કસ ફોર્સનું તેની પણ આપણે કોશિશ કરીશું. એટલે કલસ્ટર ડેવલપમેન્ટથી માંડી, એન્વાયરમેન્ટલ ઈન્ફ્રાસ્ટ્રકચરથી માંડી અનેક આર.એન્ડ ડી. ના પ્રોગ્રોસથી માંડી બધુ કામ આવતા દિવસોમાં કરીશું. એક નાના લોકોને તકલીફ ન થાય તેના માટે સી.એસ. લેવલ ઉપર ડુઈંગ બીઝનેસ ઈઝી તેના માટે એક કમિટી બનાવી છે. એની અંદર વહેલામાં વહેલી તકે એપ્લીકેશન ફોર્મથી માંડી, ચેક લીસ્ટથી માંડી પ્રોસીજર કેવી રીતે સ્ટ્રીમલાઈન થાય આ માટેની વ્યવસ્થા ગોઠવી છે. એટલે મારે સભ્યશ્રીઓને એટલું જ કહેવું છે ઉદ્યોગો ગુજરાતમાં નંબર વન રહેશે. નાના ઉદ્યોગોને આપણે પ્રોત્સાહન આપીશું અને તે લોકો દ્વારા રોજગારી વધારેમાં વધારે કેમ થાય તે આપણે ગોઠવીશું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી, વિરોધપક્ષના નેતાશ્રીએ ભાવનગરની ચિંતા કરી, એમણે જે એફલુઅન્ટની વાત કરી, ત્યારે મારે એટલું જ કહેવાનું છે કે, ચિત્રા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં પ્રોજેકટ ૩.૬૦ કરોડનો મંજૂર થઈ ગયો છે, રાજય સરકારે ૧.૮૦ કરોડ રૂપિયાની બજેટમાં જોગવાઈ કરી છે, ૫૦ ટકા રાજય સરકાર છે અને ૫૦ ટકા મ્યુનિસિપલ કોરપોરેશન અને ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ છે અને ૫૦ ટકા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ છે એ જો વહેલામાં વહેલીતકે એ કરે તો ધ્યાનમાં રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી જે વાત કરી એ બેકવર્ડ તાલુકાની વાત કરી, આ બેકવર્ડ તાલુકાની અંદર રાજય સરકાર ઈન્ફ્રાસ્ટ્રકચર ક્રિએટ વધારે કરે છે અને સ્પેશિયલ કોલગી સમિતિએ જે ૩૦ તાલુકાને બેકવર્ડ આઈડેન્ટીફાઈ કર્યા છે એ ગયા વર્ષે એક કરોડ રૂપિયા આપ્યા હતા, આ વર્ષે બેકવર્ડ તાલુકાઓ માટે બે કરોડ રૂપિયા આપીએ છીએ, અને આ ઉપરાંત કલેકટરશ્રીને સ્પેશિયલ ગ્રાન્ટ આપવાના છીએ કે એ પણ એમના વાપરવા હોય તો એ વાપરી શકે એટલે બેકવર્ડ તાલુકાઓને સારી રીતે એનો લાભ મળે અને એ પણ બીજાની સરખામણીમાં આવી જાય એવો આપણે પ્રયાસ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ અને બીજા માનનીય સભ્યશ્રીઓએ જે વાતો કરી હતી, મોટા ઉદ્યોગોની, નાના ઉદ્યોગોને ટેકો આપવાની અને જે અનેક વાતો કરી હતી અને મને ચોક્કસ વિશ્વાસ છે કે મારા આ જવાબથી એમને સંતોષ મળશે અને હું એમને વિનંતી કરું છું કે, એમણે જે કાપદરખાસ્તો મૂકી છે એ પાછી ખેંચી લે અને સર્વાનુમતે માગણીઓને મંજૂર કરે.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે દરખાસ્તો મૂકેલી છે એના ઉપર માનનીય સભ્યશ્રીઓએ જે પોતાનાં મંતવ્યો રજૂ કર્યા છે અને એમાં જે સૂચનો થયાં છે એ સૂચનોને હું ચોક્કસ આવકારું છું અને ખાતાને અને સરકારમાં પણ એનું કેમ નિરાકરણ થાય એ માટે પૉઝિટીવ પ્રયત્નો કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજીએ શરૂઆત જ કરી કે, આજે બારમી માર્ચ છે અને બારમી માર્ચ દાંડી યાત્રાનો શરૂઆતનો દિવસ છે અને આ સરકાર આ દિવસને ભૂલી ગઈ છે, હું તો અહીયાં બાવીસ ચોવીસ વર્ષથી ધારાસભ્ય છું પણ કોંગ્રેસનું શાસન હતું તે દિવસે કયારેય કોઈ કાર્યક્રમનું આયોજન નથી કર્યુ, અને આ તો અમે નથી કર્યું તેનો વાંધો નહીં પણ તેઓ કહે છે કે તમે કેમ નથી કર્યુ એનો વાંધો છે. હા, તમે એક કાર્યક્રમ કર્યો હતો સમસ્ત હિન્દુસ્તાનની અંદરથી બધાને બોલાવીને દાંડીકૂચ યાત્રા લઈને ગયા હતા આશ્રમેથી, પણ એમાંય મારે કહેવાનું કે એ વખતે જે વચનો એમણે આપ્યાં હતાં, કે અમે આ પથને આમ કરીશું, આ રીતે કરીશું, પણ એ કૂચ પૂરી થઈ અને વચનો પણ બધા પૂરા થઈ ગયા, આજની તારીખે એક પણ કામ એ રીતે નથી થયું. આજે આ ભાજપાની સરકારે ત્યાં ચરખા કેન્દ્ર બનાવ્યું છે, હજીએ હું સૌ માનનીય સભ્યશ્રીઓને કહું છું કે, આ દાંડીકૂચની યાત્રાનો જે પથ છે એને એક સ્મારક તરીકે આપણે જેને કહીએ તો એને એ રીતે વિકસાવવા માટે થઈને કેન્દ્ર સરકાર પાસે રાજય સરકાર છે એ રાજય સરકારની માગણી તો પડેલી જ છે અને આ માગણી મંજૂર કરાવો અને સવિશેષ પૂજય મહાત્મા ગાંધીની યાદી કાયમ રહે એના માટે કોઈપણ સૂચનો હશે તે રાજય સરકાર કરવા માટે તૈયાર છે. એક ભાવૂકાના કારણે પૂજ્ય મહાત્મા ગાંધીજીનું નામ લઈને છાણવાળો પગ લૂછવાની વાત કરવી એ કોઈ રીતે યોગ્ય નથી. જો મહાત્મા ગાંધીજીનું જ માનવાનું હોયને તો આપને કહું કે મહાત્મા ગાંધીજીએ એમને એમ કહેલું છે કે આ દેશને હવે સ્વતંત્રતા મળી ગઈ છે અને કોંગ્રેસની જરૂર નથી અને કોંગ્રેસનું વિસર્જન કરી નાખવું જોઈએ પણ મને વિશ્વાસ છે એ જે તે વખતે જે તે નેતાઓએ વિસર્જન નથી કર્યુ. અત્યારના જે કાંઈ બાકી રહી ગયા છે એના હાથે આ શુભ કામ થવાનું છે એની અમને ખાતરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ મહાત્મા ગાંધીજીનું નામ છેને.. (અંતરાય) કોંગ્રેસ પરિવારની અંદર પહેલા મહાત્મા ગાંધી ઉપયોગમાં આવતા હતા પણ અત્યારે બીજા ગાંધી ઉપયોગમાં આવે છે. તમારા નસીબમાં ગાંધી જ છે (અંતરાય) અને એના કારણે તો અમે અહીં બેઠા છીએ નહીં તો ત્યાં ન બેસવું પડયું હોત. આપણા ગુજરાતના કવિ શેખાદમ આબુવાલા છે એણે પણ કહ્યું હતું કે મહાત્મા ગાંધીજીના નામનો કેવી રીતે ઉપયોગ કરે છે. એમણે કહ્યું કે, 'ઓ ગાંધીજી તમે કેટલા સસ્તા બની ગયા કે સત્તા ઉપર જવાની સીડી બની ગયા.' સત્તા ઉપર જવું હોય ત્યારે મહાત્મા ગાંધીજીને યાદ કરવાના બીજી કોઈ રીતે ચારિત્રની અંદર અનુકરણ કરવાની વાત હોય તો એ આચરણમાં લાવવું એ બહુ મુશ્કેલ વાત છે. મહાત્મા ગાંધીજી પોતાના શરીર ઉપર એક ધોતી પહેરતા હતા અને એ ધોતી પહેરીને કહેતા હતા કે જ્યાં સુધી મારા દેશના બાંધવો ઉપર પૂરતા પહેરવા કપડાં નહીં મળે ત્યાં સુધી હું મારા અંગ ઉપર

એક ધોતી જ પહેરીશ. અને આ કોંગ્રેસવાળાએ? આ કોંગ્રેસ આટલા વર્ષોથી શાસનમાં છે તો એણે આ દેશની અંદર ગરીબી કેમ નાબૂદ ન કરી? ગરીબીને જાકારો આપવા માટે થઈને આ દેશને જે સ્વાતંત્ર્યતા મળી હતી એને આજે ૬૦ વર્ષ થયા અને ત્યારથી જે લોકો શાસન ઉપર બેઠા છે એણે કર્યું શું? કોંગ્રેસે શાસનમાં રહીને જેના શરીર ઉપર કપડાં હતાને એને કઢાવીને ધોતી ભર રહેવા દીધા છે. આજે વાત કરે છે એટલે કહું છું કે, દાંડી કૂચ માટે અમને માન છે, સન્માન છે એટલા જ માટે થઈને હું કહું છું આ રાષ્ટ્રને જે મક્કમતાથી કૂચ કરી હતી એ મક્કમતાને પણ યાદ કરવી જોઈએ. ગાંધીજીએ તે દિવસે કહ્યું હતું કે ' હું અહીંથી કૂચ લઈને નીકળું છું પણ હું આ દેશને સ્વાતંત્ર્યતા અપાવીને જ પાછો ફરીશ અને ન ફરું તો હું કૂતરાના મોતે મારું મોત સ્વીકારવા તૈયાર છું, બાકી સ્વાતંત્ર્યતા અપાવીને જ પાછો ફરીશ.' આ જે મક્કમતા જે છે એ મારે આજે હાઉસને કહેવી છે. મહાત્મા ગાંધીજીએ આ દેશને માટે જે કામગીરી કહી હતી એ આપણે ગુજરાતમાં તો કમસે કમ કરી શકીએ. એના જે વિચારો હતા એ પ્રમાણે ગુજરાતની અંદર ગરીબીને તીલાંજલિ આપવા માટે થઈને સામાન્ય માણસ ઉત્કર્ષના માર્ગે આગળ વધે એટલા માટે આપણે સૌએ સહિયારો પ્રયત્ન કરવો જોઈએ. હું એટલું પણ આપને કહીશ કે અહીં બેઠેલા અમે લોકો એવું માનતા નથી કે અમે સત્તા ઉપર છીએ અને તમે સામા પક્ષે છો તમામ લોકોની સંયુકત જવાબદારી છે કે ગુજરાતના તમામ લોકોનો ઉત્કર્ષ થાય એના માટે પ્રયત્ન કરવો જોઈએ. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ બીજી પણ વાત કરી કે, " રાજયનો સંતુલિત વિકાસ થવો જોઈએ અને એમાં ખાસ કરીને જે આદિવાસી વિસ્તારમાં રહેતા લોકો છે એનો જે વિકાસ કરવો જોઈએ એ નથી થતો." મારે એટલું કહેવાનું કે આ વર્ષના બજેટમાં આદિવાસી ભાઈઓ માટે મેકસીમમ પૈસા અત્યાર સુધીમાં જેટલા પૈસાની ફાળવણી કરી હોય એમાં મેકસીમમ પૈસાની આ વર્ષે એ વિભાગને ફાળવણી કરી છે. આ ઉપરાંત આ રાજયના જે ૩૦ તાલુકા એવા છે કે જેનો વિકાસ નથી થયો જેને આપણે પહેલા પછાત તાલુકા કહેતા હતા પણ જેનો વિકાસ નથી થયો એવા ૩૦ તાલુકા માટે રાજય સરકારે ગયા વર્ષ સુધી આ ૩૦ તાલુકાના વિકાસ માટે સચિવ કક્ષાના અધિકારીની નિમણૂકો કરી અને એનો વિકાસ યોગ્ય રીતે થાય એના માટે ૧ કરોડની ફાળવણી કરી હતી એને બદલે આવતા વર્ષની અંદર આ ગરીબ તાલુકા માટે ૨ કરોડ રૂપિયા વપરાય એટલે ૩૦ તાલુકા માટે ૬૦ કરોડ રૂપિયા વપરાય એવું આયોજન પણ આ રાજય સરકારે કરેલું છે. બીજી જે વાત કરી કે, સચિવાલયના દરવાજાની અંદર આજે કોઈ સામાન્ય માણસ આવી શકતો નથી. સચિવાલયની અંદર કોઈપણ માણસને આવવા માટેની છૂટ છે, પણ એક પદ્ધતિ ફેરવી છે કે કોણ આવે છે એ દરવાજા ઉપર પોતાનું નામ લખાવે, શું કામ છે એની ચિઠ્ઠી કઢાવી, (અંતરાય) સાધન માટે થઈને વાત કરું તો બધાને આવવાની છૂટ છે. સાધન લઈને નથી આવવા દેતા એના માટે થઈને ત્રણ બસોની સગવડતા કરી છે. જેને આવવું હોય એને દરવાજેથી બસ મળે છે અને સચિવાલયના બ્લૉક સુધી લાવે છે અને જે બ્લૉકમાં જેને આવવું હોય તે આવી શકે છે અને આ બસો કન્ટીન્યુઅસ ફરતી હોય છે. બસની અંદર જે મુલાકાતી આવ્યા હોય તેને બસમાં ત્યાં પાછા જવાની પણ સગવડતા કરી છે. ત્રણ બસોની સગવડતા કરી છે. પણ મારે આજે એટલું જ કહેવાનું કે, આ ગાડીઓ લઈ લઈને, ગાડીની અંદર ભરી ભરીને, ભૂતકાળની અંદર અહીં જે કામ કરાવવા માટેના જે દલાલો આવતા હતાને એ દલાલો બધાય બંધ થઈ ગયા છે, એકપણ મંત્રી પાસે, કોઈપણ ઑફિસર પાસે આ જે માણસો કામ કરાવવા માટે આવતા હતા એવા કોઈ આવતા નથી. આ સિવાય માનનીય શ્રી નિરંજનભાઈએ જે વાત કરી એમણે એમ કહ્યું કે તાલુકાઓના વિભાજનના કારણે ગ્રાન્ટ ફાળવણીની અંદર વિસંગતતા.. સોરી, જગદીશભાઈએ જે વાત કરી કે ગ્રાન્ટ ફાળવણીની અંદર એ જે અસમતુલા રહે છે અને એના માટે થઈને થતું નથી તો એની ફાઈલ પણ અમારી રીતે ચાલે છે અને એનો વહેલામાં વહેલી તકે અત્યારે જે પદ્ધતિ છે એમાં કેમ સુધારો થાય અને તાલુકાને સપ્રમાણ રીતે ગ્રાન્ટ મળે, પોઝીટીવલી એ દિશાની અંદર એ રીતે અમે આગળ વધવાના છીએ. બીજી જે આપે વાત કરી કે ધારાસભ્યશ્રીઓને અધિકારીઓ જે તે વિભાગની અંદર એ ગાંઠતા નથી એને જવાબ નથી દેતા તો મારે એટલું જ કહેવાનું કે કોઈપણ ધારાસભ્યશ્રી તરફથી જો પ્રજાલક્ષી કામ એને કહેવામાં આવ્યું હોય, વ્યકિતગત કામ નહિ પણ પ્રજાલક્ષી કામ કહેવામાં આવ્યું હોય અને જો એ ના કરતા હોય એ ગમે તે અધિકારી હોય તમે એની વિગત અમને આપજો. ગમે તે મંત્રીશ્રીને તમે કહેજો, ડિપાર્ટમૅન્ટના જે અધિકારી હોય એ કામ ન કરતા હોય તો કહેજો તમારું એ કામ ચોક્કસ થઈ જશે એ દિશાની અંદર આ રાજય સરકાર મક્કમ છે. બાકી નિરંજનભાઈએ પણ જે વાત કરી, એમણે કહ્યું કે જિલ્લા સંકલન સમિતિની બેઠકની અંદર પંચાયત તંત્રને લગતા પ્રશ્નો ધારાસભ્યશ્રી દ્વારા રજૂ કરવા દેવા જોઈએ. પણ એવું છે કે આ ધારાસભ્ય જે છે એ જિલ્લા પંચાયતની અંદર સભ્ય તરીકે નોમીનેટ થયેલા છે એની પ્રશ્નોત્તરીની અંદર એ પોતે ભાગ લઈ શકે છે એટલા માટે થઈને આ નથી અને એના માટે થઈને હું કહું કે આપણો સામાન્ય વહીવટ વિભાગનો તારીખ ૧૬ જાન્યુઆરી, ૧૯૫૫નો જે જી.આર. છે, એની અંદર લખ્યું છે કે સંસદ સભ્યશ્રીઓ અને વિધાનસભાના સભ્યશ્રીઓ, અત્યારે તો હવે સંસદ સભ્યો સભ્ય નથી ખાલી વિધાનસભાના સભ્યો જ સભ્ય છે, કાયદાની રૂએ જિલ્લા પંચાયતના એસોસીએટ સભ્ય હોઈ તેઓ પંચાયતની સામાન્ય સભામાં પ્રશ્નોત્તરી માટે ફાળવેલ સમય દરમિયાન પંચાયતી તંત્રની કામગીરી અંગે પ્રશ્નો રજૂ કરી શકે છે, તેથી પંચાયતી તંત્રના પ્રશ્નો, જિલ્લા સંકલન સમિતિમાં લેવા નહિ. આ જે જી.આર. છે એ જાન્યુઆરી, ૧૯૫૫માં થયેલો છે એટલે આપના પૂર્વ મિત્રોએ જ આ કરેલો છે પણ હું એમ કહું છું કે બદલાતી

જતી પરિસ્થિતિની અંદર આ કોઈ શાશ્વત સત્ય નથી, નિયમો અને એકટ બદલી શકાય છે આની અંદર આ જે છે એ દિશાની અંદર પણ આજની સ્થિતિએ આ છે આના માટે થઈને નિયમોની રીતે આ બદલાવવું પડે એવી પરિસ્થિતિ છે એટલા માટે થઈને. એવી પરિસ્થિતિ છે, એટલા માટે થઈને. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ધારાસભ્યની ગ્રાન્ટ માટે જે વાત કરી, એમાં મારે એટલું કહેવાનું કે બધા ધારાસભ્યોની આ વાત છે. એટલે જ કહું કે આજની તારીખે ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૨૦૦૭ની ગ્રાન્ટ પણ વપરાતી નથી અને એમાં મુદત વધારી દો એવી માગણી કરવામાં આવે છે. (અંતરાય) એ તો ચોકકસ, અત્યારે બધાને શરૂઆતમાં જે ૧૦ લાખ હતા એના ૨૦ લાખ કર્યા, પછી ૩૦ લાખ કર્યા. પછી ૫૦ લાખ કર્યા અને હવે ૫૦માંથી તમારી લાગણી અને માગણી કહું તો માગણી એ બંને જે છે એ કેટલી ૧ કરોડ કે ૧ લાખ? (અંતરાય) આ બધી કાપ દરખાસ્તો છે, એટલે મને એમ કે તમે આમાં ૫૦ લાખમાંથી ૧ લાખ કરવાની માગણી કરી હોય. તો એ માટે જે કંઈ સૂચન છે એ માટે ચોકકસ આ રાજયની જે કંઈ કામ કરવાની પદ્ધતિ માટે તમારું જે કાંઈ સૂચન છે એ ધ્યાનમાં લઈશું. એટલે એ સવાલ નથી.

બીજું સામાન્ય વહીવટ માટે જે વાત છે, એના ૪ પેટા વિભાગો છે. એમાં એક કર્મચારીગણ પ્રભાગ છે. બીજો આયોજન પ્રભાગ છે, ત્રીજો ચૂંટણી પ્રભાગ છે અને ચોથો વહીવટી સુધારણા પ્રભાગ છે. એમાં કર્મચારીઓ માટે એની કામગીરીમાં જે પહેલું કામ છે એ સ્વાતંત્રય સેનાનીનું પેન્શન. એમને રેગ્યુલર એ પેન્શન મળી જાય એ માટેની વાત છે. આજની તારીખે પેન્શન વધારો થતા થતા ૫૦૦૦ રૂપિયા સ્વાતંત્રય સેનાનીને આપવામાં આવે છે. કેન્દ્રના સ્વાતંત્રય સેનાનીને ૧૦૬૩૪ કેન્દ્ર આપે છે અને ૨૦૦ રૂપિયા આપણે આપીએ છીએ. એટલે કે કેન્દ્રમાં નોંધ થઈ હોય એને ૧૦૮૩૪ રૂપિયા મળે છે. રાજય સરકારની અંદર ૯૦૦ પેન્શનર છે એ લાભ લે છે. અમે તમામ લોકોને કહ્યું છે કે પેન્શનરના કેસો આવે તો કમિટીમાં વહેલામાં વહેલી તકે મંજૂર કરી દેવા. આપણને ખ્યાલ છે કે એમની ઉંમર વધતી જવાની છે. દિવસે દિવસે ૯૦૦માંથી ૮૦૦ થવાના છે, કાંઈ ૧૦૦૦ તો થવાની શકયતા નથી. એના ઉપર પૂરતું ધ્યાન રાખીશું.

સચિવાલયમાં કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા માટે સચિવાલયની અંદર કલ્યાણ સમિતિ દ્વારા જે કર્મચારીઓ છે, એ દૃષ્ટિએ એમને રમતગમત માટે, સાંસ્કૃતિક કાર્યક્રમો માટે, એમની બોડી ફીટનેસ માટે બે જગ્યાએ હેલ્થ સેન્ટર પણ કરવામાં આવ્યા છે. અહીંયા હમણાં જ સામાન્ય કેન્ટીન હતી તેને અપગ્રેડ કરીને સારો ખોરાક મળી રહે એના માટેની કર્મચારીઓની કેન્ટીન માટેની સારી વ્યવસ્થા કરી છે.

ચૂંટણી પંચની કામગીરી પણ આ સામાન્ય વહીવટ વિભાગ નીચે આવે છે. એમાં કેન્દ્રના ચૂંટણી પંચની કામગીરીમાં આપણે કાંઈ ન કરી શકીએ, પરંતુ રાજયના ચૂંટણી પંચમાં મહા નગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતમાં આની ચૂંટણીઓ આપણી રીતે એ કરવામાં આવે છે. એમાં કેન્દ્ર સરકારને પણ જોઈએ એટલી પૂરેપૂરી મદદ ગુજરાત રાજયનું ચૂંટણી પંચ કરે છે.

આઈડેન્ટીટી કાર્ડ મળ્યા નથી અને એટલે મતદાન થયું નથી એમ કહેવામાં આવ્યું. આજે જે લોકોના નામ મતદાર યાદીમાં નથી એમના નામ નવેસરથી ૨૦૦૮ની સાલમાં ઉમેરાશે. લગભગ આઈડેન્ટીટી કાર્ડની અંદર ૩ કરોડ ૬૫ લાખ મતદારો ગુજરાત રાજયમાં છે, એમાંથી ૩ કરોડ ૨૫ લાખ એટલે કે અંદાજે ૮૯ ટકા લોકોને એમના આઈડેન્ટીટી કાર્ડ મળી ગયા છે અને બાકીના જે હવે છે એમને પણ આઈડેન્ટીટી કાર્ડ આપવા માટે એ રીતે વ્યવસ્થા કરીશું.

વહીવટી સુધારણા માટે લોકોના પ્રશ્નોનું નિરાકરણ થાય એટલા માટે નાગરિક અધિકાર પત્ર એ આપણે જુદા જુદા જિલ્લાઓમાં અને તાલુકાઓમાં બહાર પાડયા છે અને એ પ્રમાણે ૨૩ વિભાગોની જુદી જુદી કચેરીઓ મારફતે ૩૦૫ આવા નાગરિક અધિકાર પત્રો બહાર પાડયા છે, જેના કારણે પ્રજાને ખબર પડે કે મારા પ્રશ્નનું કેટલા સમયમાં નિરાકરણ થવું જોઈએ. એનું નિરાકરણ ના થાય તો ફરીયાદના સ્વરૂપે કહી શકે છે અને એના માટે આ જે પ્રશ્નોનું સારી રીતે નિરાકરણ કરનાર અધિકારીઓ હોય એમાં પણ કેટલી ફરિયાદ આવી, કેટલાનું નિરાકરણ કર્યુ, કોઈ ફરિયાદ પ્રજાની છે એને રિજેકટ કરીને નિરાકરણ કર્યુ હોય એમ નહીં, પરંતુ એમાં પોઝિટીવલી કેટલું કર્યુ છે એના માટે આ જે અધિકારી છે એ અધિકારીને ૩૧ હજાર રૂપિયાનું ઈનામ પણ અપાય છે અને જે તે જિલ્લાએ સારું મેળવ્યું હોય એને ૧૦ લાખ રૂપિયા જિલ્લાના વિકાસ માટે આપીએ છીએ કે જેના કારણે અધિકારીઓને પ્રોત્સાહન મળે અને કર્મચારીગણને એને બરાબર વ્યવસ્થિત રીતે તાલીમ મળે એટલા માટે સરદાર પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન એટલે કે સ્પીપા એને પણ સ્વતંત્ર દરજ્જો આપીને તા. ૩૦-૯- ૨૦૦૪ થી સ્વતંત્ર દરજ્જો આપીને કર્મચારી, અધિકારી અને એન.જી.ઓ. ને વહીવટ અપાય છે અને આવી રીતે હજારો કર્મચારીઓને તાલીમ આપવામાં આવી છે અને ખાસ કરીને આપણે ૧૯૯૨માં આઈ.એ.એસ.ના

કોર્સ માટે પૂર્વ તૈયારી માટે સ્ટડી સેન્ટર શરૂ કર્યુ છે અને જે આઈ.એ.એસ.ની પરીક્ષામાં બેસવા માગતા હોય એને પરીક્ષામાં કેવી રીતના પ્રશ્નો પૂછાય છે, પાસ થવા માટે કેવી રીતની વ્યવસ્થા કરવી જોઈએ, કેવી રીતે એની તૈયારી કરવી જોઈએ એ બધું એડવાન્સમાં શીખવવા માટેની વ્યવસ્થા કરી છે અને ૨૦૦૬ સુધીમાં ૪૮ ઉમેદવારો જે છે એ યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા પાસ કરીને કેન્દ્ર સરકારમાં નોકરીમાં ગયા છે. આખા હિન્દુસ્તાનમાં આ રાજય તરફથી જો આવું ઈન્સ્ટિટયુટ હોય તો એ ગુજરાત રાજયમાં આ પહેલું આવા પ્રકારનું તાલીમ આપતું ઇન્સ્ટિટયુટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે આયોજન પ્રભાગમાં જે આ વર્ષે ૨૬૬.૫૪ કરોડ રૂપિયા છે એ વિકેન્દ્રિત જિલ્લા આયોજન માટે ફાળવ્યા છે. એમાં આ વર્ષે ૧૫ ટકા વિવેકાધીન જોગવાઈ મુજબ ૯૫ કરોડ રૂપિયાની ફાળવણી થઈ છે. ૫ ટકા પ્રોત્સાહક જોગવાઈ માટે ૯ કરોડ ૪૦ લાખ રૂપિયાની જોગવાઈ છે. ભૌગોલિક ખાસ પછાત વિસ્તાર છે એના માટે ૨ કરોડ ૩૯ લાખ રૂપિયાની ફાળવણી થઈ છે. ધારાસભ્યો ૧૮૨ છે એટલે એમને દરેકને ૫૦ લાખ પ્રમાણે ૯૧ કરોડ રૂપિયાની ફાળવણી થઈ છે અને રાષ્ટ્રીય તહેવારની ઉજવણી એટલે કે સ્વાતંત્ર્ય દિન, પ્રજાસત્તા દિન અને ગુજરાત સ્થાપના દિન માટે ૮ કરોડ ૭૫ લાખ રૂપિયાની ફાળવણી થઈ છે, એ પ્રમાણે કુંલ ૨૬૬.૫૪ કરોડ રૂપિયાની ફાળવણી થઈ છે.(અંતરાય) પ્રપોશનેટલી ધારાસભ્યો માટે કરીશું, બાબુભાઈ, એ પણ ધીરેધીરે આગળ વધો ને.

માનનીય અધ્યક્ષશ્રી, જે ૨૦ મુદ્દાનો કાર્યક્રમ છે એ કાર્યક્રમમાં મુખ્ય લક્ષ્ય એ છે કે ગરીબી નાબૂદ કરવી, ઉત્પાદકતા વધારવી, આવકની અસમાનતા ઘટાડવી અને સામાજીક અને આર્થિક અસમાનતા દૂર કરવી એટલે કે જીવન ધોરણ ઉંચું લાવવા માટે આ જે ૨૦ મુદ્દાના કાર્યક્રમની જે યોજનાઓ છે એમાં ગુજરાત રાજયે છેલ્લા એક વર્ષથી નહીં, પરંતુ ૨૦૦૧ થી માંડીને ૨૦૦૬-૦૭ સુધી છેલ્લા ૬ વર્ષમાં સો એ સો ટકા સિધ્ધિ મેળવી છે અને આખા દેશમાં પ્રથમ નંબરે છે. માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે માનવ વિકાસ નિયામકશ્રીની કચેરી મારફતે પ્રજાનો સર્વાંગી વિકાસ અને રાજયના માનવ વિકાસના સૂચિત આંકની વૃધ્ધિ થાય એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે ગુજરાત આંતર માળખાકીય વિકાસ બોર્ડની સ્થાપના પણ કરી છે અને એનું મોનિટરિંગ કરવા માટે ચીફ સેક્રેટરીની એમાં નિમણૂક પણ કરવામાં આવી છે. આની અંદર જે વહીવટી સુધારણા અને બાકી ચૂંટણી પંચ, પેન્શનરો અને બાકી બધાની વાત છે. હું માનનીય ધારાસભ્યશ્રીઓને કહીશ કે સામાન્ય માણસની ફરિયાદ હોય એના માટે એણે અહીં સુધી આવવું ના પડે એના માટે કોમ્પ્યુટર પધ્ધતિથી અત્યારે દર ગુરુવારે માનનીય મુખ્યમંત્રીશ્રીનો સ્વાગત કાર્યક્રમ છે એ અંતર્ગત દર ગુરુવારે જેની ફરિયાદ આવી હોય તે ફરિયાદની અંદર પહેલેથી જે તે જિલ્લાના કલેકટર, ડીડીઓ અને સી. પી. હોય કે ડી.એસ.પી.હોય તેને જાણ કરે છે અને વીડીયો કોન્ફરન્સ મારફત અરજદાર છે તેને...

## સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

**શ્રી આર.સી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને મતદાન થઈ જાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રીનો જવાબ પુરો થાય અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સમય વધારવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, વીડીયો કોન્ફરન્સ દ્વારા અત્યાર સુધી જે જિલ્લા કક્ષાએ થતું હતું તેના બદલે કોઈ પણ તાલુકાની વ્યકિતને ફરિયાદ હોય તો એ માણસ વીડીયો કોન્ફરન્સ દ્વારા આ સ્વાગત કાર્યક્રમ નીચે એના જે પ્રશ્નો છે તે હલ થઈ શકે તેના માટેનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ફરિયાદ સાંભળવાનું મોર્ડનીફીકેશન જે જિલ્લા કેન્દ્ર સુધી મર્યાદિત હતું તેને તાલુકા કેન્દ્ર સુધી હજુ વધુ ને વધુ બીજા તાલુકાને ઉમેરી અને તમામ તાલુકા સુધી લઈ જવા માટે આ કાર્યવાહી થઈ છે, આ રીતે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેની જે નકકી થયેલી કાર્ય પદ્ધતિ છે તે કાર્યપદ્ધતિ આજે સંતોષકારક રીતે તમામ રીતે તેનું નિરાકરણ થાય છે અને એની યોગ્ય રીતે વ્યવસ્થા પણ ગોઠવાઈ છે, છતાં પણ હું હજું કહું છું કે આમાં કદાચ જે ભાઈઓ, સભ્યશ્રીઓ બોલ્યા ન હોય અને કોઈ આની અંદર સૂચન હોય તો એ સૂચન ચોકકસ કહેજો, આપણે સૌ સાથે મળી સામાન્ય માણસના પ્રશ્નોનું નિરાકરણ કરવા માટે વધુમાં વધુ મહેનત કરવી એ તમારું અને મારું સૌનું કર્તવ્ય છે, આ આપણું કર્તવ્ય સમજી અને હજુ જે કોઈ સૂચન રહી ગયા હોય તો ચોકકસ આપ કરજો, આ દૃષ્ટિએ હું તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે મારી જે માગણીઓ છે તેના ઉપર મુકેલી કાપ દરખાસ્તો તે પાછી ખેંચી લે, અને માગણી મંજૂર કરશે તેવી સભાગૃહને વિનંતી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના જવાબમાંથી મારી લાગણી એવી હતી કે ચિત્રા જી.આઈ.ડી.સી. લગભગ ખરાબ પરિસ્થિતિમાં છે. ૫૦ ટકા સરકાર ભોગવે, ૨૫ ટકા કોરપોરેશન અને ૨૫ ટકા થી ૪૦ ટકા જી.આઈ.ડી.સી. ઉપર નાખવાને બદલે, ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ બધા નાના ઉદ્યોગકારો છે તો એમાંથી બહાર નીકળીને સરકાર તે ઉઠાવવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાની આટલી લાગણી છે, હું મ્યુનિસિપલ કોરપોરેશન, જી.આઈ.ડી.સી. બધા જોડે બેસીસ અને કંઈક રસ્તો નીકળે તે માટે કોશિશ કરીશ.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮,અને ૨૯ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૩૦, ૩૧, ૩૩, ૪૯ અને ૫૦ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૬-૫૯ કલાકે પૂરું થતાં,સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર,ગુરુવાર, તા.૧૩મી માર્ચ, ૨૦૦૮ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર તા. ૧૩મી માર્ચ, ૨૦૦૮**
**ફાલ્ગુન ૨૩, ૧૯૨૯ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લા રોજગાર કચેરી ખાતે બેરોજગારોની નોંધણી અને રોજગારી અંગે**

***૧૮૦૭ શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની રોજગાર કચેરી ખાતે કેટલા બેરોજગાર રોજગાર કચેરીના દફતરે નોંધાયેલા છે, અને

(૨) આ કચેરી દ્વારા વર્ષ ૨૦૦૭માં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) ૮૪,૭૩૭

(૨) ૨૫,૧૫૬

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, જે રોજગારી કચેરી અંતર્ગત ૮૪,૭૩૭ બેરોજગાર પૈકી ૨૫,૧૫૬ રોજગારી આપવાની વાત કરવામાં આવી છે તો તે વર્ષમાં કેટલા નામોની ભલામણ હતી અને તે પૈકી સ્ત્રી ઉમેદવારો કેટલી હતી ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે નોંધાયેલા બેરોજગારો ૮૪,૭૩૭ હતા અને તેની અંદરથી રોજગારી ૨૫,૧૫૬ લોકોને આપવામાં આવી. એમાંથી જે શિક્ષિત અને અશિક્ષિતની વાત કરી છે એમાં જે શિક્ષિત છે એ શિક્ષિતમાં પુરૂષો છે એ કુલ ૬૮૦૪૧ છે અને સ્ત્રીઓ છે એ ૧૬૬૯૬ છે, આમ ૮૪,૭૩૭ કુલ છે. એમાંથી શિક્ષિત લોકો ૬૨૨૨૯ અને સ્ત્રી ૧૫૬૬૮ બેરોજગાર હતા આમ કુલ ૭૭૮૫૭ થયા એ શિક્ષિત છે અને અર્ધ શિક્ષિત ૫૮૧૨ પુરૂષો અને ૧૦૨૮ સ્ત્રી બેરોજગાર છે એમ અશિક્ષિત ૬૮૪૦ છે આમ કુલ ૮૪,૭૩૭ બેરોજગારો જે હતા. એમાંથી જે લોકોને રોજગારી મળી એમાં પુરૂષોમાં ૪૧૭૪૩ લોકોને રોજગારી મળી અને સ્ત્રીઓમાં ૩૪૧૩ને રોજગારી મળી, આ પ્રમાણે ૨૫,૧૫૬ લોકોને રોજગારી મળી, આમાંથી જે શિક્ષિત હતા, એમાં પુરૂષો ૧૫૯૫૧ અને સ્ત્રી ૨૫૬૮ છે એટલે શિક્ષિત લોકોને રોજગારી મળી એવા ૧૮૫૧૯ થયા અને અર્ધ શિક્ષિત હતા એમાં પુરૂષો ૫૭૯૨ અને સ્ત્રી ૮૪૫ હતા એટલે અર્ધ શિક્ષિતમાં ૬૬૩૭ લોકોને રોજગારી મળી. એમ કુલ ૨૧૭૪૩ પુરૂષોને અને ૩૪૧૩ સ્ત્રીઓને મળી, આ પ્રમાણે રોજગારી મળી.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બક્ષી પંચ અને ઓબીસી એ બધા લોકોને આની અંદર બધાને સારી એવી નોકરી મળી છે. અનુસૂચિત જાતિમાં ૩૧૧૧ લોકોને રોજગારી મળી, અનુસૂચિત જનજાતિમાં ૯૦૭ લોકોને રોજગારી મળી, બક્ષીપંચના ૮૨૫૫ લોકોને રોજગારી મળી અને અન્ય લોકો જે હતા એમાં ૧૨૮૭૭ લોકોને મળી, આ પ્રમાણે ૨૫૧૬૫ લોકોને રોજગારી મળી.

**આઈ. ટી. આઈ.ને અપગ્રેડ કરવા અંગે**

***૧૮૧૬ શ્રી કિરીટભાઈ ગં. પટેલ (ઓલપાડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૫-૨૦૦૬માં રાજયમાં કુલ કેટલી આઈ.ટી.આઈ.ને સૅન્ટર ઑફ એકસલન્સ તરીકે અપગ્રેડ કરવામાં આવી, અને

(૨) કયા કયા સ્થળોએ ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) ૦૮ (આઠ).

(૨) (૧) કુબેરનગર (૨) સરસપુર (૩) ગાંધીનગર (૪) તરસાલી (૫) અંકલેશ્વર (૬) સુરત (૭) બિલીમોરા (૮) રાજકોટ.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા હું જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં આઈ. ટી. આઈ. ને સૅન્ટર ઑફ એકસલન્સ તરીકે અપગ્રેડ કરવામાં આવી તેમાં કયા કયા અભ્યાસક્રમોમાં કેટલી બેઠકો છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૦૫-૨૦૦૬માં આઈ.ટી.આઈ. ને સૅન્ટર ઑફ એકસલન્સ તરીકે અપગ્રેડ કરવામાં આવી એવી આઠ જે અપગ્રેડ કરવામાં આવી તે આ પ્રમાણે છે. કુબેરનગરમાં જે સૅન્ટર ઑફ એકસલન્સ તરીકે જે પ્રમાણિત કરી એમાં પ્રોડકશન અને મેન્યુફેકચરીંગના હેતુ માટે કરી એમાં ૯૬ બેઠકો નક્કી કરી, સરસપુરમાં એપરલ માટે ૯૬ બેઠકો નક્કી કરી, ગાંધીનગરમાં ઈન્ફરમેશન ટૅક્નૉલૉજી માટે

૯૬ બેઠકો નક્કી કરી, તરસાલી, વડોદરાની અંદર ઓટોમોબાલ્સ માટે ૯૬ લોકોને પ્રવેશ મળે એ પ્રમાણે છે. અંકલેશ્વરમાં કૅમિકલ્સ હેતુ માટે થઈને ૯૬ લોકો, સુરતમાં એપરલ માટે થઈને એમાં પણ ૯૬ લોકો, બીલીમોરામાં કૅમિકલ્સ માટે થઈને એમાં પણ ૯૬ લોકો અને રાજકોટની અંદર પ્રોડક્શન એન્ડ મેન્યુફેક્ચર એમાં ૯૬ લોકોને. આ રીતે ૨૦૦૫-૨૦૦૬માં મળી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની કામગીરીને જોઈ કેન્દ્ર સરકારે ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ની અંદર પણ વધુ એની રીતે આપી છે. સરખેજ, મોડાસા, વીસનગર, પાલનપુર, પલાણા, વડનગર, અમરેલી, દસરથ, ગોધરા, પારડી, ભાવનગર, જુનાગઢ, ગોંડલ, જામનગર અને ભુજ આ બીજી ૧૫ જગ્યાએ ૨૦૦૬-૦૭માં આપી અને એજ પ્રમાણે ૨૦૦૭-૦૮ની અંદર ઉત્તરસંડા, સુરેન્દ્રનગર, પાટણ, હિંમતનગર, ગાંધીધામ, દાહોદ, મહેસાણા, હાલોલ અને વાંસદ આટલી જગ્યાએ આપી.. આવતા વર્ષે ૨૦૦૮-૦૯ની અંદર પણ ૧૦ નવી આઈ.ટી.આઈ.ને સૅન્ટર ઑફ એકસલન્સ હેઠળ અપગ્રેડ કરવા માટેનું આયોજન છે. અને આ અપગ્રેડ કરવા માટે કેન્દ્ર સરકાર પણ આપણને એની અંદર એના ફાળાની ગ્રાન્ટ આપે છે આના કારણે જે સારામાં સારા ટ્રેઈન્ડ વર્કરો છે જે તે રોજગારી ક્ષેત્રના એ આમાં નિર્માણ થવા પામે છે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બીલીમોરા મારા મત વિસ્તારમાં આવે છે એને પણ સૅન્ટર ઑફ એકસલન્સ તરીકે વિકસાવ્યું છે ત્યારે એમાં સરકારે વધારાની કોઈ આંતર માળખાકીય સુવિધા આપી છે કે કેમ, અથવા આપવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, બીલીમોરામાં કૅમિકલ્સ માટે થઈને ૨૦૦૫-૨૦૦૬માં સૅન્ટર ફૉર એકસલન્સ તરીકે સ્વીકૃત કરેલું જ છે અને ત્યાં ચાલુ જ છે. એની અંદર બીજી કોઈ ફરિયાદ આવે એવી વાત હોય તો ચોક્કસ આપ મને કહેજો. ૯૬ની લિમિટ છે એ કેન્દ્ર સરકારે નક્કી કરેલી છે. બીજી કોઈ આપના વિસ્તારની સારી આઈ.ટી.આઈ. હોય તો એનો આમાં સમાવેશ કરાવવાનો લાગતું હોય તો કહેજો તો રાજય સરકાર તરફથી કેન્દ્ર સરકાર પાસે આપણે માગણી મૂકીશું. વધુમાં વધુ સૅન્ટર ઑફ એકસલન્સ ગુજરાત રાજયને મળે, કેમ કે અમે ઈચ્છીએ છીએ રાજય સરકારની તમામ આઈ.ટી.આઈ. છે એને સૅન્ટર ઑફ એકસલન્સ તરીકે કેન્દ્ર સરકાર સ્વીકારે કારણ કે, એનાથી અપગ્રેડેશન મળશે એની કાર્ય પદ્ધતિ અને એની અંદર ખૂબ જ ફાયદો થાય એવું છે. બીજું પણ કોઈ આપના વિસ્તારમાં સૂચન હોય તો ચોક્કસ કહેજો.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ધ્રોળમાં આઈ.ટી.આઈ. છે પણ એનું મકાન નથી ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આઈ.ટી.આઈ.નું મકાન બનાવવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો ગુજરાત રાજયમાં ૨૨૫ તાલુકામાંથી ૪૭ તાલુકામાં આઈ.ટી.સી. એટલે કે આઈ.ટી.આઈ. આપણા છે એ સિવાય આઈ.ટી.સી. કેન્દ્ર નથી એના માટેની વાત કરીએ છીએ.બીજું જે જગ્યાએ આપણા આઈ.ટી.આઈ. ભાડાના મકાનમાં બેસતા હોય એને બદલે સારા એવા આપણા પોતાના મકાનમાં બેસે અને આપણું આઈ.ટી.આઈ. છે એ સૅન્ટર ઑફ એકસલન્સ કેવી રીતે બને એના માટેની મેકસીમમ સુવિધા માટેની વાત છે એમાં આપના વિસ્તારમાં મકાન ભાડાનું હોય અને મકાન સારી સ્થિતિમાં ન હોય અને આપણું પોતાનું કરવું હોય તો ચોક્કસ કહેજો તો રાજય સરકાર ચોક્કસ એ દિશામાં આયોજન કરશે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અમારા મોરબીમાં છેલ્લા ૧૦ વર્ષથી આઈ.ટી.આઈ. ચાલુ છે એનું નવું મકાન બનાવવા માટે જમીનની દરખાસ્ત પણ કલેકટરશ્રીએ મંજૂર કરી છે તો આ આઈ.ટી.આઈ. માટે કેટલા સમયમાં નવું મકાન બનાવવા માગો છો?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સૅન્ટર ઑફ એકસલન્સ માટેની જ વાત છે પણ મોરબીની અંદર આપ કહો છો એ પ્રમાણે જમીન જો પ્રાપ્ત થઈ હશે તો વહેલામાં વહેલી તકે મકાન થાય અને ત્યાં જે એની સંખ્યા છે એ સંખ્યામાં પણ વધારો થાય એ તમામ રીતે આપણે પૂરેપૂરું આયોજન કરીશું.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, રાજયમાં જ્યારે ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો છે ત્યારે ગામડાઓમાં વોકેશનલ ટ્રેનિંગ સ્કૂલ જો માગવામાં આવે તો એ આપવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા :** આમ તો એ છે જ પણ એ વધુમાં વધુ થાય અને આપણે ઇચ્છીએ છીએ કે, તમામ જિલ્લામાં થાય અને મેકસીમમ થાય એના માટે થઈને આપણા પૂરા પ્રયત્નો છે કયા કયા ઇન્સ્ટિટ્યૂટની અંદર કેટલી ક્ષમતા છે, એની કુશળતા કેટલી છે એ પ્રમાણે એને કન્વર્ઝન કરવા માટે થઈને રાજય સરકારનું પૂરું આયોજન છે.

**ગાંધીનગર જિલ્લામાં સ્વરોજગાર શિબિરોના આયોજનમાં હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા**

***૧૮૦૮ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) વર્ષ-૨૦૦૭માં ગાંધીનગર જિલ્લામાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતા.

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી

(૧) ૧૩

(૨) ૮૪૩

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં સ્વરોજગારી માટે તાલીમાર્થીઓ માટે ૧૩ શિબિરો કરી અને ૮૪૩ તાલીમાર્થીઓ હાજર રહ્યા એમાંથી અનુસૂચિત જાતિના કેટલા, અનુસૂચિત જનજાતિના કેટલા અને બક્ષીપંચના કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવી.

**શ્રી વજુભાઈ વાળા:** ૨૦૦૭ની સાલમાં ગાંધીનગરમાં ૧૩ શિબિરોનું આયોજન થયું અને એમાં જે ઉમેદવારો હાજર રહ્યા હતા એ ૮૪૩. ખરેખર શિબિરમાં બોલાવેલા ઉમેદવારોની સંખ્યા ૨૫૯૧ હતી. એમાંથી સ્વરોજગારી માટે થઈને પ્રોત્સાહિત કર્યા એવા ૭૪૧ અને એમાંથી જેની લોન મંજૂર થઈ એવા જે ઉમેદવારો હતા એ ૫૮૭ છે, એમાં શિક્ષિત ૭૮૧ અને અર્ધશિક્ષિત ૬૨ લોકો. કુલ હાજર રહેલા ઉમેદવારો ૮૪૩માં અનુસૂચિત જાતિના ૧૮૮, અનુસૂચિત જનજાતિના ૪૦ અને બક્ષીપંચના ૨૨૯ હતા અને અન્ય ૩૮૬ હતા. આ જે ૮૪૩ હતા એમાંથી જેને લોન મળી એના માટે થઈને અનુસૂચિત જાતિના પુરૂષો ૧૦૭, સ્ત્રી ૩૫ કુલ ૧૪૨, અનુસૂચિત જનજાતિના ૮ પુરૂષોને લોન મળી, બક્ષીપંચના ૨૨૧ પુરૂષોને લોન મળી, ૨૬ સ્ત્રીઓને લોન મળી એટલે કુલ ૨૪૭ બક્ષીપંચના લોકોને લોન મળી અને અન્યની અંદર ૧૬૦ પુરૂષ ૩૦ સ્ત્રી અને એ પ્રમાણે કુલ ૧૯૦ એટલે કુલ ૪૯૬ પુરૂષોને લોન મળી ૯૧ સ્ત્રીઓને લોન મળી. કુલ ૫૮૭ લોકોને લોન મળી અને આ જ પ્રમાણે હજી પણ શિડ્યુલ કાસ્ટ અને શિડ્યુલ ટ્રાઈબ્સના વધુ લોકોને રોજગારી મળે એ માટે ડિપાર્ટમૅન્ટ તરફથી વધુને વધુ પ્રયત્ન કરવામાં આવે છે અને વધુમાં વધુ લોકોને બોલાવવામાં પણ આવે છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સ્વરોજગાર શિબિરોનું જે આયોજન થાય છે એમાં માર્ગદર્શન ખૂબ સારું મળે છે એવો મારો અનુભવ છે, સાથે સાથે વિનંતી પણ કરવા માગું છું કે, ગાંધીનગર જિલ્લામાં એવી કોઈ ખાસ તાલીમની વ્યવસ્થા કે જે ૨૫૦૦ને આપણે બોલાવીએ છીએ અને ૮૪૩ હાજર રહે છે એટલે એવું સ્પષ્ટ આયોજન થાય કે, જેટલા બોલાવીએ એટલા પૂરેપૂરા હાજર રહે એને રોજગારીની જેટલી તાલીમ મળશે એટલી સ્વરોજગારીમાં કામ કરવાની ક્ષમતા પણ વધશે અને માહિતી પણ મળશે તો આ પૂરેપૂરા લોકો હાજર રહે માટે કોઈ પ્રયત્ન કરવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા :** જે ઉમેદવારો હોય એને સ્વરોજગારીની અંદર વર્ષમાં એકવાર કરતાં વધુ વખત તાલીમ માટે થઈને બોલાવતા હોઈએ છીએ, જે આપણે હાજર રહેલા ૮૪૩ હતા એમાંથી ૭૪૧ લોકોને સ્વરોજગારી માટે પ્રોત્સાહિત કર્યા અને ૫૮૭ એટલે અંદાજે ૮૦૦માંથી ૬૦૦ લોકોને રોજગારી મળી એટલે ૭૫ ટકા લોકોને રોજગારી મળી. છતાં પણ આ સેન્ટરની અંદર કોઈ બીજું કંઈ સૂચન કરવાનું હોય, હું તો આ સેન્ટર નહિ પણ આ સ્વરોજગારીનું ક્ષેત્ર છેને કારણકે રાજય સરકાર કે કેન્દ્ર સરકાર તમામ લોકોને નોકરી આપવાની નથી ભણેલા લોકોને પણ સ્વરોજગારી કેમ મળે એના માટે થઈને આયોજન છે હું તો માનનીય તમામ સભ્યશ્રીઓને વિનંતી કરીશ કે આઈ.ટી.આઈ. કે આઈ.ટી.સી.ની અંદર ગમે તે હોય તે એ કહેજો જેમ ગાંધીનગરનું આપનું સૂચન છે એમાં તમામ સભ્યોને કહુ છું કે બીજી જગ્યાએ સૂચન હોય તો પણ આપ જરૂર કહેશો.

## જિલ્લા તિજોરી કચેરીઓનું કોમ્પ્યુટરાઈઝેશન અન્વયે થયેલ ફાયદા

***૧૭૯૨ શ્રીમતી જશોદાબેન ચ. પરમાર (જોટાણા)** : **માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં આવેલ જિલ્લા તિજોરી કચેરીઓ અને પેટા તિજોરી કચેરીઓ કોમ્પ્યુટરાઈઝ થઈ તેના કારણે શું ફાયદા થયા

**નાણામંત્રીશ્રી:**

(૧) કામગીરી સરળ તથા ઝડપી બની છે.

**જશોદાબેન ચ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજયમાં આવેલ જિલ્લા તિજોરી કચેરી અને પેટા તિજોરી કચેરીઓનું કોમ્પ્યુટરાઈઝેશન થયું, તેના શું ફાયદા થયા?

**શ્રી વજુભાઈ વાળા**: રાજયની અંદર આવેલ તિજોરી કચેરીઓ અને પેટા તિજોરી કચેરીઓનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાથી એક તો અત્યંત જટિલ કામગીરી સરળ તથા કાર્યદક્ષ બની છે. આ આંકડાકીય માહિતી હોવાથી જટિલ હોય છે, તે કાર્યદક્ષ બની છે. આંકડાકીય માહિતીની કામગીરીમાં ભૂલ થવાની શકયતાઓ રહેલી હોય છે, પરંતુ આ વિગતો એકવાર કોમ્પ્યુટરમાં ફીડ થઈ ગઈ હોય તો આંકડા એ જ મળે. એટલે જટિલ કામગીરી સરળ બની છે. કામગીરીમાં સુરક્ષા તથા ચોકસાઈ આવી છે. કામગીરીમાં નિયમિતતા, ઝડપ અને પારદર્શિતા પણ વધી છે, કારણ કે કોમ્પ્યુટરમાં જે આંકડા ફીડ કર્યા હોય એમાં છેકછાક કે ઈવેઝન ન થઈ શકે. એટલે પારદર્શિતા પણ વધારે થાય છે. કરકસરને લીધે આજે રાજય સરકારે જયારે માનનીય છબીલભાઈ મહેતાના વખતથી ૨૦ ટકા કાપ મૂકયો હતો, એટલે એ કાપ મૂકવા છતા પણ કોમ્પ્યુટરાઈઝેશન થવાથી કરકસરની દૃષ્ટિએ નિયમિતતા જળવાય છે. એકાઉન્ટન્ટ જનરલની કચેરીને જે હિસાબો મોકલાય છે, એ બરાબર ચોકસાઈથી મોકલાય છે, તેમજ પેન્શનર અને અધિકારી, કર્મચારીઓના પગાર કોમ્પ્યુટર મારફતે બેંક ખાતામાં સીધે સીધા જમા થાય છે. જમા થયેલ પગારમાં કેટલા પેન્શનરને જમા મળ્યા કે નહીં, એનો પણ ચોકસાઈથી હિસાબ રહે છે અને આ પ્રમાણે જોઈએ તો જિલ્લા તિજોરી કચેરીઓ અને પેટા તિજોરી કચેરીઓનું આ પ્રમાણે અંદાજે ૨૦૨ જગ્યાએ આ ૧૦૦ % કોમ્પ્યુટરાઈઝેશન બધે થઈ ગયું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ:** હું બે બાબત જાણવા માગું છું. એક તો આ કોમ્પ્યુટરાઈઝેશન થયું, એમાં કુલ કેટલા કોમ્પ્યુટરો મૂકવામાં આવ્યા? અને માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે એવી ફરિયાદો આવી છે કે કોમ્પ્યુટરાઈઝેશન કરવાથી જે કોમ્પ્યુટરો મૂકવામાં આવ્યા તે ચોકકસ બ્રાન્ડના નહી, પણ એસેમ્બલ મૂકવામાં આવ્યા છે, જેના કારણે એમાં વાયરસ આવે અને અટકે અને કામગીરી ખોરવાય છે. આવી કોઈ ફરિયાદ મળી છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા:** હલકી કવોલિટીના કોમ્પ્યુટરો છે, એવી કોઈ ફરિયાદ આવી નથી. બાકી તો મશીન માત્ર રીપેરેબલ જ હોય છે, પણ માનનીય અધ્યક્ષશ્રી, આજે જે પ્રમાણે ટેન્ડર માગ્યા હોય એ પ્રમાણે જ માલ લેતા હોઈએ છીએ. ટેન્ડર નકકી થયેલા હોય છે કે આ જ પ્રકારના અને આઈ.એસ.આઈ. માર્કાના કે જે ટેન્ડર નકકી કર્યા હોય એ જ પ્રમાણે લેવાના હોય. ટેન્ડરમાં માગણી કરતાં જુદા લીધા હોય તો ચોકકસ મારું ધ્યાન દોરજો. હજુ સુધી કોમ્પ્યુટરના અભાવે કામ અટકયું હોય કે હલકી કવોલિટીના લીધા હોય એવી કોઈ ફરિયાદ મળી નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ:** સીધો સવાલ છે. સંખ્યા પૂછી અને આ.

**અધ્યક્ષશ્રી** : કુલ કેટલા કોમ્પ્યુટરો લીધા એ માહિતી આપો.

**શ્રી વજુભાઈ વાળા :**કુલ કેટલા કોમ્પ્યુટર લીધા એ માહિતી નથી, પરંતુ કુલ ૨૦૨ ઓફિસમાં છે, એટલે એક ઓફિસમાં ૧, હોય ૨, હોય કે ૩ હોય. એની ચોકકસ આંકડાની માહિતી નથી, ઘણીવાર ૪ કોમ્પ્યુટર રાખવા પડે અને ૩ પાસેથી કામ લેતા હોઈએ એવું પણ બની શકે છે.

## જૂનાગઢ ગિરનાર પર્વત પરના સ્મારકોની જાળવણી અને ખર્ચ

***૧૮૮૯ શ્રી પંકજકુમાર વી. દેસાઈ (નડિયાદ) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ૧૦મી અને ૧૧મી સદીઓના પૌરાણિક સ્મારકો પૈકીના જૂનાગઢ ગિરનાર પર્વત પર આવેલ (૧) રાખેંગાર મહેલ (૨) વસ્તુપાળ મંદિર (૩) નેમીનાથ મંદિર (ત્રણ સ્થંભવાળું) પુરાતત્વ ખાતાના ગુજરાત રાજયના સ્મારકો છે કે કેમ?

(૨) જો હા, તો આ સ્મારકોમાં થયેલ અથવા થઈ રહેલ ફેરફાર અથવા આ સ્મારકોના પ્રતિબંધિત વિસ્તારમાં કરવામાં આવેલ અથવા થઈ રહેલ બાંધકામ જેવા ફેરફાર માટે સરકાર દ્વારા પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો સરકારના વિભાગ દ્વારા આ અંગે ખર્ચ થયેલ હોય તો તેની વિગતો શી છે?

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી:**

(૧) હા, જી.

(૨) આ સ્મારકો ખાનગી ટ્રસ્ટ હેઠળ હોવાથી તેની જાળવણી તેના મૂળ સ્વરૂપ મુજબ જ થાય તે હેતુસર માત્ર તેની જરૂરી મરામત અને સુરક્ષા માટે ફેન્સીંગની પરવાનગી આપવામાં આવેલ છે.

(૩) ટ્રસ્ટ દ્વારા નિભાવ કરવામાં આવતો હોઈ રાજય પુરાતત્વ ખાતાએ કોઈ ખર્ચ કરેલ નથી.

**શ્રી પંકજકુમાર વી. દેસાઈ** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગિરનાર પર્વત ખાતેના રાજય રક્ષિત સ્મારક પૈકી તમામ સ્મારક પાસે પુરાતત્વ વિભાગની જાણકારી તથા માહિતી દર્શાવતું નોટિસ બોર્ડ લગાવવામાં આવેલ છે કે કેમ? અને ના, તો કયારે અને કેટલા સમયમાં લગાવવામાં આવશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સ્મારક છે એની ઉપર નામદર્શક બોર્ડ વગૈરે લગાવવામાં આવેલ છે અને એની પાછળ ૧૭૬૧૦ રૂપિયાનો ખર્ચ કર્યો છે અને કોઈ સ્મારક બાકી નથી કે જેની ઉપર આવી માહિતી લખેલી ના હોય.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે કે આ સ્મારક રાજય સરકારના પૂરાતત્વ ખાતાનાં છે ? તો એના જવાબમાં 'હા,જી' જણાવેલ છે અને બીજો એમનો જે પ્રશ્ન છે કે બાંધકામમાં ફેરફાર કરવા માટે સરકાર દ્વારા પરવાનગી આપવામાં આવેલ છે? તો એના જવાબમાં એમ જણાવેલ છે કે આ સ્મારકો ખાનગી ટ્રસ્ટ હેઠળ છે. તો આ સંપૂર્ણ એનો વહીવટ કરવા માટે અને આ પુરાતત્વ અવશેષોનો નાશ ના થાય એટલા માટે એનો વહીવટ અને એનું સઘળું કામ સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર પાસે આ સ્મારક છે જ, પરંતુ એ સ્મારકોનું રિપેરિંગ કરવાનું હોય અને ફેન્સિંગ કરવાનું હોય અને કોઈ ટ્રસ્ટ માગે તો એ કામ કરવા પૂરતું જ એ આપવામાં આવે છે, બાકી એની માલિકી તો રાજય સરકારની છે.

## આઈ.ટી.આઈ.ની બેઠકો

***૧૭૬૭ શ્રી દિલીપસિંહ વ. પરમાર (મોડાસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

તા. ૩૧-૦૧-૨૦૦૮ ની સ્થિતિએ રાજયમાં આવેલ સરકારી આ.ટી.આઈ.ની મંજૂર બેઠકો કેટલી છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી:**

૬૪,૯૨૦.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ૬૪,૯૨૦ બેઠકો મંજૂર થયેલ છે. તો આ શૈક્ષણિક વર્ષ દરમ્યાન આ મંજૂર થયેલ બેઠકો પૈકી કેટલી બેઠકો ભરાઈ છે અને આ બેઠકોમાં વધારો કરવા માગો છો કે કેમ અને આ વાયબ્રન્ટ ગુજરાત સમિટ થકી જે ઉદ્યોગો ગુજરાતમાં આવવાના છે એને અનુલક્ષીને એ મુજબ નવા ટ્રેડ શરૂ કરવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જયાં સુધી ટ્રેડનો સવાલ છે ત્યાં સુધી દરેક ઈન્સ્ટિટયુટમાં એની જરૂરિયાત પ્રમાણે વધુને વધુ ટ્રેડ વધારીએ છીએ અને જે સંખ્યા વધારવાની વાત કરી એ આઈ.ટી.આઈ. ની ૧૪૫ તાલુકામાં ૬૪,૯૨૦ બેઠકો છે, પરંતુ આઈ.ટી.આઈ. એ રાજય સરકાર હસ્તક છે અને ગ્રાન્ટ ઈન એઈડથી ઈન્ડસ્ટ્રીયલ ટ્રેઈનિંગ સેન્ટર બે રીતે ચાલે છે. એક ગ્રાન્ટ ઈન એઈડથી અને બીજા સ્વનિર્ભરની રીતે ચાલે છે. એટલે ગ્રાન્ટ ઈન એઈડની ૧૦૭ તાલુકામાં અને સ્વનિર્ભર ૧૮૯ છે. એટલે કુલ સ્ટ્રેન્થ રાજય સરકાર તરફથી નકકી થયેલ છે એ ૮૭૯૮૧ અને એમાંથી ૭૫૫૭૪ ભરાયેલી છે અને હજુપણ જે વિસ્તારમાં બેઠકોની વધારાની સગવડની માગણી કરે છે એની રાજય સરકાર મંજૂરી આપે છે. વધારાના કોર્સ એટલે કે વિષય માટેની માગણી કરવામાં આવે તો એ વિષયમાં પણ છૂટ આપવામાં આવે છે અને ખાસ કરીને નેશનલ કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેઈનિંગ એટલે કે એન.સી.વી.ટી. છે એમાં કેન્દ્ર સરકારના સિલેબસ મુજબ ૮૦ વિષયો છે. આ ૮૦ વિષયો કેન્દ્ર સરકારના છે એ બધી જગ્યાએ એનો અભ્યાસક્રમ આવે એ જાતના પણ રાજય સરકારના પ્રયત્ન છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે બાવળા અને સરખેજ એમાં આખી ઔદ્યોગિક વસાહતો છે અને ચાંગોદર અને બાવળામાં સરકારી આઈટી.આઈ. નથી અને આજુબાજુના લોકોને મજૂર તરીકે જવું પડે છે. તો તેમને ટેકનીકલ તાલીમ મળે એ માટે નવી આઈ.ટી.આઈ. શરૂ કરવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** :માનનીય અધ્યક્ષશ્રી, કુલ જે આઈ.ટી.આઈ. આ રીતે છે કે ૧૨૬ તાલુકામાં આઈ.ટી.આઈ. છે અને ૯૯ તાલુકામાં નથી અને ગ્રાન્ટ ઈન એઈડની ૭૬ તાલુકામાં છે, ૧૪૯ તાલુકામાં નથી. જયાં સરકારી આઈ.ટી.આઈ. નથી અથવા તો આઈ.ટી.સી. નથી એવા ૪૭ તાલુકા છે એ ૪૭ તાલુકામાં આ વર્ષે આઈ.ટી.આઈ. શરૂ થઈ જાય એવું આયોજન કર્યુ છે. અરજીઓ પણ મંગાવી છે અને એમાં સ્વનિર્ભર આઈ.ટી.આઈ. માટે ૨૩ અરજી આવી છે અને ૨૪ બાકી છે એ ૨૪ ને ગ્રાન્ટ ઈન એઈડ કરવી કે સ્વનિર્ભર કરવી કે સરકારે આઈ.ટી.આઈ. શરૂ કરવી એ કરવાનું બાકી છે. બાકી એકપણ તાલુકો આઈ.ટી.આઈ. કે આઈ.ટી.સી. વિના બાકી ના રહે એને માટેના સરકારના પૂરા પ્રયત્નો છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ગુજરાતનો ૧૬૦૦ કિલો મીટરનો લાંબો દરિયા કિનારો છે. તો આ આઈ.ટી.આઈ.ને અપગ્રેડ કર્યા પછી એની અંદર મરીન એન્જિનિયરીંગના કોર્ષની બેઠકો ભરાય છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : આ દિશામાં આપણે શરૂઆત કરી છે, મરીન એન્જિનિયરીંગ માટે જે નવી ટેકનોલોજીની વાત છે તે પણ આપણે લઈએ છીએ, કેન્દ્ર સરકાર પણ આપણને કહે છે કે આટલા કોર્ષ તમે સ્વીકારો, તે પણ આપણે સ્વીકારીએ છીએ, અને આપે કહ્યું તેમ સાગર ખેડૂ માટે દરિયા કાંઠે રહેતા બેરોજગારોને રોજગારી મળી રહે તેના માટે આનો પણ સમાવેશ છે. અને એમાં દરિયાકાંઠાના કોઈ તાલુકાઓમાંથી આનો કોર્ષ અમારે કરવો છે તેવી માગણી આવશે તો અપણે ચોકકસ તેના માટે વિચાર કરીશું.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી આપના મારફતે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે હિંમતનગર તાલુકામાં સીરામીક ઉદ્યોગનો ખૂબ ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. ત્યાં સીરામીક ઉદ્યોગને લગતા સ્કીલ લેબરની ખૂબ આવશ્યકતા છે. આ ટ્રેડને અનુરુપ એવી કોઈ આઈ.ટી.આઈ. એ વિસ્તારમાં શરૂ કરવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આઈ.ટી.આઈ. જે છે એ તો સ્વરોજગારી અપાવવા માટેના કેન્દ્રો હોય છે. એમના વિસ્તારની કોઈ માગણી હોય કે અહીં અમારે નવી આઈ.ટી.આઈ. આ વિષયની કરવી છે તો ચોક્કસ તેનું ધ્યાન દોરશે તો તે પ્રમાણે રાજય સરકાર એમાં આગળ વધશે.

## કુંવરબાઈના મામેરાની મળેલ અરજીઓ

***૧૮૮૮ શ્રી મફતલાલ મો. પુરોહિત (ધાનેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કુંવરબાઈનું મામેરું યોજનામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલી અરજીઓ રાજય સરકારને મળી હતી, અને

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને કેટલી નામંજૂર કરવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) છેલ્લા બે નાણાકીય વર્ષમાં આવેલ અરજીઓ

| | | |
|---|---|---|
| | સા.શૈ.પ.વ. | અનુસૂચિત જાતિ |
| | ૯૪૪૯ | ૧૨,૩૬૧ |
| (૨) | ૫૨૯૪ મંજૂર | ૯૪૪૪ મંજૂર |
| | ૪૧૫૫ નામંજૂર | ૨૭૭૮ નામંજૂર |

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ નાણાકીય વર્ષમાં કેટલી અરજીઓ આવી અને કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, તેના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતની ૯૪૪૯ અને અનુસૂચિત જાતિની ૯૪૪૪ જેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે. તો મારે એ જાણવું છે કે આ ૯૪૪૪ અનુસૂચિત જાતિની જે અરજીઓ મંજૂર કરવામાં આવી છે તેના પછી બીજી કોઈ અરજીઓ મંજૂર કરવામાં આવી છે કે કેમ, અને આની અંદર સહાય આપવા માટેના ધોરણો શું છે અને કેટલી સહાય આપવામાં આવે છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પૂછેલા પ્રશ્નના જવાબ પ્રમાણે ૯૪૪૪ મંજૂર કરવામાં આવેલી છે. પરંતુ તે પછી ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં બીજી ૭૫ અને તેના પછી પણ ૧૩ અરજીઓ એટલે કુલ ૮૮ અરજીઓ તેના પછી મંજૂર કરવામાં આવેલ છે. કુંવરબાઈનું મામેરું યોજનામાં પાંચ હજાર રૂપિયા, એમાં ૩ હજાર રૂપિયાના બોન્ડ અને બે હજાર રોકડ સ્વરૂપે આપવામાં આવે છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં અતિ ગરીબ લોકોએ જે અરજીઓ કરેલ છે એમાં ૬૯૩૩ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે. તો આ યોજનામાં જે અતિ ગરીબ લોકો અરજીઓ કરે છે તેવા લોકોની અરજીઓ નામંજૂર કરવાના કારણો શું છે?

**શ્રી રમણલાલ વોરા** :આમાં અરજીઓ મંજૂર કરવાના ધોરણો હોય છે, જે અરજીઓ નામંજૂર કરવામાં આવી છે એમાં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિ એમ બન્નેનો ભેગો પ્રશ્ન છે એટલે સાથે જવાબ આપું છું કે વધુ આવક હોવાના કારણે અનુસૂચિત જાતિની ૯૮૧ અને વિકસતી જાતિની ૨૯૫૪, બીજું કે આમાં એક વર્ષમાં અરજી કરવાની હોય છે એ સમય મર્યાદા બહાર અરજીઓ મળી હોય તેવી અનુસૂચિત જાતિની ૫૮૫ અને વિકસતી જાતિની ૨૨૧, ઉંમરનો પુરાવો રજૂ કરેલ ન હોય તેવી અનુસૂચિત જાતિની ૩૪૦ અને વિકસતી જાતિની ૯૨૫, બીજા અન્ય પુરાવા, સાધનિક પુરાવા ન હોવાના કારણે અનુસૂચિત જાતિની ૮૦૧ અને વિકસતી જાતિની ૫૩, અગાઉ લાભ લીધેલ હોય તેવી અનુસૂચિત જાતિની ૭૧ અને પુનઃલગ્નના કિસ્સામાં વિકસતી જાતિની બે, આ રીતે અનુસૂચિત જાતિની ૨૭૭૮ અને વિકસતી જાતિની ૪૧૫૫ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : કુંવરબાઈનું મામેરું યોજનામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોની ૫૨૯૪ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. જ્યારે અનુસૂચિત જાતિના લોકોની ૯૪૪૪ અરજીઓ મંજૂર કરવામાં આવી છે એમ બંને મળીને ૧૪૭૩૮ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. તો આ અરજીઓ આ જ વર્ષની હતી? કેટલા સમયની હતી અને એની પાછળ કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : એમણે માહિતી માગી છે એ છેલ્લા બે નાણાકીય વર્ષની માગી છે. આ બે નાણાકીય વર્ષમાં મેં અગાઉ કહ્યું એ પ્રમાણે અનુસૂચિત જાતિની ૯૪૪૪ અરજીઓ મંજૂર કરી છે જેની પાછળ ૪૭૫.૯૫ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે. એ જ રીતે વિકસતી જાતિની ૫૨૯૪ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને એની પાછળ ૪૭૬.૬૮ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય મંત્રીશ્રીએ હમણાં અરજીઓ મંજૂર ન થવાના કારણો આપ્યા એમાં સૌથી મોટું કારણ ઉંમરનો દાખલો છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતમાં ૯૦૦ એવા લોકો છે જે ઉંમરના દાખલા આપી શક્યા નથી. તેથી માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી પણ અહીંયા બેઠા છે ત્યારે વિનંતી કરું છું કે સરકારની ગરીબ લોકોને ઉપયોગી થવાની ખૂબ જ સારી યોજનાઓ હોય છે પરંતુ પાયમાં યોજના માટેની વિસંગતતા રહેલી છે. એના પાયામાં જન્મનો દાખલો કઢાવવો હોય ત્યારે તલાટીઓ કચેરીમાં હાજર હોતા નથી, બીજું કે સમયસર જન્મ નોંધાતા નથી. તો આવી માહિતી બધાને મળે. સમૂહ લગ્ન સમિતિઓ હોય છે એ આખા ગુજરાતની માહિતી જોઈતી હોય તો હું પહોંચતી કરીશ. આવા લોકોને માર્ગદર્શન મળે અને વધુમાં વધુ લોકો આ વસ્તુનો લાભ લેતા થાય તેવું મંત્રીશ્રી કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : એમણે પૂછ્યું એમાં બે બાબત આવે છે. આવકનો પુરાવો અત્યાર સુધી આવક મર્યાદા ૧૧ હજાર રૂપિયા હતી એમાં કેન્દ્ર સરકારે આ ધોરણમાં સુધારો કરીને ૨૧ હજાર કરેલ છે ત્યારે ૧૧ હજારની આવક મર્યાદા છે એમાં સુધારો કરવાની રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે. અત્યારની પરિસ્થિતિમાં તો આ લગ્ન કરવાના સમયની વાત છે. કુંવરબાઈનું મામેરું યોજનામાં સમય મર્યાદા છે એ લગ્ન કર્યા પછી એક વર્ષમાં પુરાવો આપવાનો હોય છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય મંત્રીશ્રી, ૧૮ વર્ષ કે જે ઉંમર નક્કી થઈ એમાં જન્મનો દાખલો માગે છે. જન્મના દાખલામાં કેટલાક એવા પરિવાર સમૂહ લગ્ન કરે ત્યારે મુશ્કેલી નડે છે. એનો જન્મનો દાખલો ન હોવાને કારણે એની ઉંમરનું નક્કી થતું નથી તેથી એવા ફોર્મ રદ થાય છે. તો આ બાબતમાં સરકાર વિચારવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : ઉંમરના પુરાવામાં તો કન્યાની વય ૧૮ વર્ષ અને પુરૂષની ઉંમર ૨૧ વર્ષ આ ધોરણ તો નક્કી થયેલ છે. પુરાવાના આધારે એમાં કંઈ ક્ષતિ પૂર્તતા કરવાની હશે અને વાજબી લાગે કે આમાં ભૂલ છે અથવા તો ગ્રામ્ય વિસ્તારનો એ છે તો એની ચકાસણી કરીને ફરીથી એની ક્ષતિપૂર્તતા કરીને એને મંજૂર કરાવી શકાય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સવાલ માત્ર એટલો છે. કાયદામાં નક્કી થયેલી ઉંમરથી નીચી ઉંમરે લગ્ન થાય તો એ ગુનો બને છે, પરંતુ ગુનો દાખલ નથી કરતાં એનો અર્થ એવો કે એ મેચ્યોર એઈજ વાળો છે. આ બાબત વિસંગતતા ઊભી કરે તો માનનીય મંત્રીશ્રી આ વસ્તુ કાઢી નાખવા માગે છે કે કેમ? ઉંમર ઓછી હોય તો એની સામે ક્રિમિનલ કેસ થાય એમાં કોઈ સવાલ નથી. પરંતુ દાખલો રજૂ નથી કરી શકતા માનનીય સભ્યશ્રીની વાત સાચી છે એ અત્યંત પછાત કુટુંબો હોય અથવા નામ નોંધાયું ન હોય, સ્કૂલમાં ગયો જ ન હોય, ગ્રામ પંચાયતના રજિસ્ટરમાં નામ નોંધાયું નથી એના કારણે વંચિત રહે છે. આમાં ફેરફાર કરીને એ દાખલાને બદલે સ્થાનિક ધારાસભ્ય લખી આપે કે આ મેચ્યોર ઉંમરનો છે એવું કંઈ કરીને સરળતા કરવા માગો છો કે કેમ? બીજું કેન્દ્ર સરકારે આવક મર્યાદા વધારી છે. ટાઈમ બૉન્ડ એક પરિપત્રથી આવક મર્યાદા વધારવાનું નક્કી કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : આવક મર્યાદાનું ધોરણ ૧૧ હજાર છે એ વધારીને કેન્દ્ર સરકારે આ ધોરણ ૨૧ હજારનું કરેલ છે. એ પ્રમાણે એમાં સુધારો કરવાનું રાજય સરકારની વિચારણા હેઠળ છે. હવે જે કિસ્સામાં ઉંમરના પુરાવા પૂરતા નથી મળતા તો સિવિલ સર્જનનું પ્રમાણપત્ર આપે તો એ અમે મંજૂર કરીશું. સિવિલ સર્જનનું પ્રમાણપત્ર જોશે, આધાર પુરાવો જોશે. ઉંમરના પુરાવા સિવાય આપવાની કોઈ સંભાવના નથી.

## વડોદરા જિલ્લામાં વિકલાંગ ઈસમોને સહાયની ચૂકવણી

***૧૧૭૨ શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ (સાવલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા વિકલાંગ ઈસમોને સહાયતા આપવામાં આવી, કેટલી રકમની?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં નીચે મુજબ વિકલાંગ ઈસમોને સહાયતા આપવામાં આવી છે.

**વિકલાંગ સાધન સહાય યોજના**

| **વર્ષ** | **મંજૂર અરજીઓ** | **ચૂકવેલ રકમ રૂા.** |
|---|---|---|
| ૨૦૦૬ | ૧૪૪ | ૨,૮૬,૮૫૦/- |
| ૨૦૦૭ | ૧૨૨ | ૨,૪૪,૪૦૦/- |
| **સંત સુરદાસ યોજના** | | |
| **વર્ષ** | **મંજૂર અરજીઓ** | **ચૂકવેલ રકમ રૂા.** |
| ૨૦૦૬ | ૧૪૫ | ૫,૫૪,૪૦૦/- |
| ૨૦૦૭ | ૩૭૯ | ૭,૦૮,૦૦૦/- |

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જે પ્રશ્ન છે એ આ સભાગૃહ માટે અને આપણા સૌના માટે માનવતાવાદી પ્રશ્ન છે. મારા પ્રશ્નના જવાબમાં મેં જે વિગતો માગી છે, તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિકલાંગ ઈસમોને કેટલી સહાય આપવામાં આવી? મારા પ્રશ્નના જવાબમાં વિકલાંગ સાધન સહાય યોજનામાં ૨૦૦૬માં વડોદરા જિલ્લામાં ૧૪૪ અરજીઓ આવી. ૧૪૪ અરજીઓ મંજૂર કરવામાં આવી. સંત સુરદાસ યોજના નીચે ૨૦૦૬માં ૧૪૫ અરજીઓ મંજૂર કરવામાં આવી. માનવતાવાદી એટલા માટે કહેવા માગું છું કે મને જે અનુભવ છે, હું જે સમજું છું તે રીતે આ માનવતાવાદી એટલા માટે છે કે અત્યારે જે સહાયના ધોરણો છે એ ઘણાં બધા ઓછાં છે. સહાય કરવા માટેના જે નિયમો છે એ નિયમોમાં પણ કંઈક હળવાશથી લેવા જેવી આ વાત છે. ત્યારે હું માનનીય મંત્રીશ્રીને એટલું પૂછવા માગું છું કે વિકલાંગ સાધન સહાય અને સંત સુરદાસ યોજનામાં કેટલી અને કેવા પ્રકારની સહાય ચૂકવવામાં આવે છે? સહાયની જે રકમો છે એ ઘણી

ઓછી છે તો તેમાં વધારો કરવા માગો છો કે કેમ? સહાય માટેના જે નિયમો છે તેમાં કોઈ સુધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : આમાં બે બાબત છે. વિકલાંગ સાધન-સહાય યોજનામાં જેટલી અરજીઓ આવી છે એ સંપૂર્ણ ૧૦૦ ટકા અરજીઓ મંજૂર કરવામાં આવી છે. ૧૪૪ અને ૧૨૨. એ પછી આ યોજનામાં રાજય સરકારે સુધારો કરીને માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ નવી યોજના સંત સુરદાસ યોજના તા. ૨૨-૯-૨૦૦૦થી અમલમાં મૂકી અને સંત સુરદાસ યોજનામાં એમણે કહયું એ પ્રમાણે ૧૫૨ અરજીઓ પૈકી માત્ર ૭ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે અને ૪૦૦ અરજીઓ પૈકી ૩૭૯ અરજીઓ મંજૂર કરીને માત્ર ૨૧ નામંજૂર કરવામાં આવી છે. તેમણે કહ્યું તે પ્રમાણે રાજય સરકારે જ્યારે સંત સુરદાસ યોજના અમલમાં મૂકી એ પછી ૨૦૦૬માં આના ધોરણોમાં સુધારો કરવામાં આવ્યો છે અને ૭૫ ટકા કે તેનાથી વધુ વિકલાંગતા ધરાવતા ૧૮ વર્ષની વયજૂથની નીચેના ઈસમોને માસિક ૧૦૦ રૂપિયા આપવામાં આવતા હતા તેના ૨૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે. ૧૮થી ૪૫ વર્ષની વય જૂથમાં ૭૫ ટકાથી વધારે વિકલાંગતા ધરાવતા ઈસમોને ૨૦૦ રૂપિયાની મર્યાદા હતી તેના બદલે ૪૦૦ એમ બન્ને જગ્યાએ ૨૦૦૬માં સહાય ડબલ કરવામાં આવી છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં સંત સુરદાસ યોજનામાં ૨૦૦૬માં ૧૪૫ અરજીઓ મંજૂર કરવામાં આવી. તેમાં ૫,૫૪,૪૦૦/-નો ખર્ચ કરવામાં આવ્યો છે. ૨૦૦૭માં ૩૭૯ અરજીઓમાં ૭,૦૮,૦૦૦/-નો ખર્ચ કરવામાં આવ્યો છે. તો ૧૪૫ અરજીઓ ૨૦૦૬માં મંજૂર કરી તેમાં સહાયનું ધોરણ વધારે હતું કે ૨૦૦૭માં વધારે હતું? બન્નેનો તફાવત કરવામાં ૨૦૦૭માં સહાયનું ધોરણ ઓછું છે. એ ઓછું કરવાના કારણો શું છે?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, બન્ને વખતે સહાયના ધોરણો એક સરખા છે. સહાયના ધોરણોમાં કોઈ ફેરફાર થયો નથી.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : ૧૪૫ છે તેમાં ૫,૫૪,૦૦૦ છે. તેમાં સહાયનું ધોરણો ગણીએ છીએ તો ઘણો તફાવત પડે છે.

**શ્રી રમણલાલ ઈ. વોરા** : આમાં કયા સહાયર્થીને કેટલી સહાય મળે છે, કયા પ્રકારનો છે, કયા પ્રકારની સહાય લીધી છે, તે સહાયના ધોરણોમાં સુધારો છે તેની લાંબી યાદી છે અને તે કારણે સંખ્યાબળમાં જુદું આવે છે.

**શ્રી યોગેશ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, વડોદરા શહેર અને જિલ્લામાં વિકલાંગોની સંખ્યા કેટલી છે? એમાં ભાઈઓ કેટલા અને બહેનો કેટલી છે?

**અધ્યક્ષશ્રી** : એમનો પ્રશ્ન છે કે, કુલ સંખ્યા કેટલી છે? તમારી પાસે છે? વિકલાંગોનું રજીસ્ટ્રેશન થાય છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ભાઈ બધુ મારી પાસે છે? વડોદરા જિલ્લામાં એમને ઓળખકાર્ડ આપ્યા છે અને આ વખતે રાજય સરકારે દરેક જિલ્લામાં સી.આર.સી., પી.એચ.સી. સેન્ટરો ખોલીને કરીએ છીએ એના કારણે કુલ ૮૨૫૬ વિકલાંગો છે..(અંતરાય) એ આંકડો મારી પાસે ઉપલબ્ધ નથી.

**અમદાવાદ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોમાં હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા**

***૧૮૦૯ શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા (રખિયાલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વર્ષ ૨૦૦૭માં અમદાવાદ જિલ્લામાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતા?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** :

(૧) ૨૦.

(૨) ૩૯૦૪.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, શિબિરોમાં હાજર રહેલા ઉમેદવારોને કયા પ્રકારના લાભ મળે છે? શિબિરમાં હાજર રહેલ ઉમેદવારને વેતન આપવામાં આવે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં કુલ ૨૦ શિબિર કરી હતી અને એમાં ૩૯૦૪ ઉમેદવારો હતા. એમાં ૩૧૩૪ શિક્ષિત હતા અને અર્ધ શિક્ષિત ૭૭૦ હતા. જ્યારે બોલાવેલ સંખ્યા ૭૭૩૭ હતી. હાજર રહેલ ૩૯૦૪માંથી પ્રોત્સાહિત ઉમેદવાર ૩૩૮૯ હતા અને એમાં ખરેખર લોન મળી એવા ૨૫૯૦ હતા. અને જ્ઞાતિવાઈઝ..

**અધ્યક્ષશ્રી** : જ્ઞાતિવાઈઝ પૂછ્યું નથી તો શું કામ?

**ખેડા જિલ્લામાં બેરોજગારોની નોંધણી અને રોજગારી અંગે**

***૧૬૬૬ શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર (મહુધા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને
(૨) આવા બેરોજગારોને રોજગારી મળે તે માટે સરકારે કયા પ્રકારનું આયોજન કરેલ છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | બેરોજગારોની નોંધણી |
|---|---|---|
| ૧ | નડિયાદ | ૮૬૯૭ |
| ૨ | મહેમદાવાદ | ૨૮૫૯ |
| ૩ | કઠલાલ | ૩૦૧૨ |
| ૪ | કપડવંજ | ૩૧૦૦ |
| ૫ | વીરપુર | ૧૮૯૦ |
| ૬ | બાલાસિનોર | ૨૨૭૪ |
| ૭ | ખેડા | ૧૫૬૬ |
| ૮ | માતર | ૧૫૮૩ |
| ૯ | ઠાસરા | ૨૮૮૨ |
| ૧૦ | મહુધા | ૨૫૦૯ |
| કુલ: | | ૩૦૩૭૦ |

(૨) ઔધોગિક ભરતી મેળાઓ, લશ્કરી મેળાઓ, સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરિયર કોર્નરના વર્ગો ચલાવવામાં આવે છે.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં બેરોજગારોની જે નોંધણી થઈ છે એ તાલુકાવાર આપી છે. એમાં ગ્રેજ્યુએટ કેટલા અને બેરોજગારોને કેટલા સમયમાં રોજગારી મળશે? એમાં આઈ.ટી.આઈ. કેટલા થયેલા છે અને એન્જિનિયર તથા ડૉક્ટરો કેટલા થયેલા છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એમના સવાલની મને ખબર નથી પડી. મારો જવાબ દઈશ એમાં એમને ખબર નહીં પડે.. (સભાગૃહમાં હાસ્યનું મોજું ફરી વળ્યું) ભાઈ, બેય સરખા જ છીએ. આપણને ખબર પડવાની જરૂર નથી, અહીંયાં કેમ આવવું એની ખબર રાખો એટલે બસ છે. તા.૧-૧-૨૦૦૭થી તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ જે બેરોજગારોની સંખ્યા છે એ તાલુકાવાઈઝ આમાં જણાવેલ છે. પરંતુ એમાંથી ખરેખર કેટલા લોકોને રોજગારી મળી એવા ૩૦૩૭૦ હતા એમાંથી તા.૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં ૪૦૯૭ લોકોને રોજગારી મળી છે. એમાં ૨૨૨૮ શિક્ષિત હતા અને ૧૮૨૩ પુરૂષો અને ૪૦૫ સ્ત્રીઓ હતી.

અર્ધશિક્ષિત હતા એવા ૧૮૬૯ લોકોને રોજગારી મળી એમાં ૧૭૬૧ પુરૂષો હતા અને ૧૦૮ સ્ત્રીઓ હતી એ પ્રમાણે ૪૦૯૭ લોકોને રોજગારી મળી અને ખાસ કરીને આ વિસ્તારની અંદર જે બક્ષીપંચના લોકો વધુ રહે છે એમાં ૪૩૬ લોકોને બક્ષીપંચના લોકોને પણ મળી, અનુસૂચિત જાતિના ૩૫૪ લોકોને મળી અને એ સિવાય એમને વિશેષ માહિતી જોઈતી હોય કે કેટલા ભણેલા લોકો હતા, શું શું ભણેલા લોકો હતા એનું પણ લીસ્ટ છે.

**અધ્યક્ષશ્રી** : એમણે જે માહિતી માગી હતી એટલી જ આપ આપો, કારણ કે બીજા પ્રશ્નો છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લાની અંદર બેરોજગારની સંખ્યા દહાડે દહાડે વધતી જાય છે. ૩૦૩૭૦ માંથી માનનીય મંત્રી શ્રીએ કહ્યું એ પ્રમાણે ૪૦૯૭ લોકોને સ્વરોજગારી મળે છે. ઔદ્યોગિક ભરતી મેળાઓ, લશ્કરી મેળાઓ, સ્વરોજગાર શિબિરો, શાળા- કૉલેજ કૅરિયર કૉર્નર વર્ગો ચલાવવામાં આવે છે. જે સંખ્યા છે એની અંદર મારે પૂછવું છે કે ઔદ્યોગિક ભરતી મેળાઓ અને લશ્કરી મેળાઓ અને સ્વરોરોજગાર શિબિરો એમાંથી કેટલાને કાયમી લીધા, ,એપ્રેન્ટીસ કેટલા અને ટ્રેઈની કેટલાને લીધા એનું જૂદું જૂદું વર્ગીકરણ કરે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જેને નોકરી મળે એ કાયમી તરીકે જ હોય છે. એપ્રેન્ટીસ તરીકે કોઈને આપણે મોકલ્યા નથી. આપણી પાસે નામ માગે કે અમારે આટલા માણસોની જરૂર છે, આવા પ્રકારના માણસોની જરૂર છે આપણે એને ઈન્ટરવ્યુ માટે મોકલીએ છીએ, એ સિલૅક્ટ કરી દે પછી આ દરેક જગ્યાએ અજમાયશી પિરિયડ માટે કેટલોક વખત રાખે અને પછી જો અજમાયશી કન્ફોમ થાય તો ભલે અને નહીં તો કન્ફોમ ન થાય તો પાછા આવતા હોય છે પણ જનાર લોકો કાયમી તરીકે જ જતા હોય છે અને ઔદ્યોગિક મેળાઓ યોજવામાં આવ્યા એ ૧૨ ઔદ્યોગિક મેળાઓમાંથી રોજગારી મળી ૨૩૭૧ને , લશ્કરી મેળાઓનું કોઈ આયોજન હતું નહીં એમાંથી કોઈને રોજગારી નથી મળી પણ સ્વરોજગારીની જે શિબિરો હતી એ ૨૨ શિબિરોનું આયોજન કર્યુ એમાં ૩૩૦૭ લોકો હાજર રહ્યા અને એમાં સ્વરોજગારની શિબિરની અંદર એને લોન મળતી હોય છે એવા ૨૭૬૯ લોકોને લોન મળી અને તમે કયાંથી કેવી રીતે તમને રોજગારી મળે એના માટે કૅરિયર કૉર્નરના જે કલાસીસ ચાલે એવા ૧૧૨ કૅરિયર કૉર્નરના કલાસીસ ચલાવવામાં આવ્યા.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી શ્રી પાસેથી જાણવા માગું છું કે વીરપુર તાલુકાના ૧૮૯૦ અને બાલાસિનોર તાલુકાના ૨૨૭૪ એ કેટલા સમયથી નોંધાયેલા હતા અને એમાંથી કેટલાને રોજગારી મળી?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો નોંધાયેલા લાંબા સમયથી હોય, ૨ વર્ષ, ૩ વર્ષ, ૪ વર્ષ, એટલા માટે ૩ વર્ષમાં વારો ના આવે, વારો આવે છતાં નોકરી ન મળે તો એ પાછા રીન્યુ થતા હોય છે. આ તો કન્ટીન્યુ પ્રવાહની અંદર આ રીતે હોય છે પરંતુ એટલી વસ્તુ છે કે જ્યારે માગણી આવે ત્યારે એની પ્રાયોરીટી પ્રમાણે જે તે સ્થળે એને મોકલવામાં આવે છે. એક જગ્યા ઉપર ત્રીસ ઉમેદવારને, કોઈ એમ કહે કે અમને ઓછા મોકલજો તો અમે ઓછા મોકલીએ પણ ૧૦ જગ્યા હોય તો ૩૦૦ લોકોને આપણે મોકલીએ છીએ. આ પ્રમાણે અને છતાંય આ બધાની અંદર બેરોજગારીની સંખ્યાને આ બધું છે કેટલા સમયથી કઈ વ્યકિત છે એની નોંધ ના હોય એ એના પર્સનલ રેકૉર્ડની અંદર હોય.

**કચ્છ જિલ્લામાં બેરોજગારોને આપેલ રોજગારીની સંખ્યા**

***૨૩૦૪ શ્રી રમેશ વ. મહેશ્વરી (મુંદ્રા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા:૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લા રોજગાર વિનિયમ કચેરીમાં કુલ કેટલા બેરોજગાર નોંધાયેલા છે, અને

(૨) તા:૧-૧-૦૭થી તા:૩૧-૧૨-૦૭ સુધીમાં કચ્છ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા બેરોજગારોને નોકરી માટેની તકો આપવામાં આવી?

**શ્રમ અને રોજગાર મંત્રી શ્રી :**

(૧) ૨૦૬૭૭

(૨) ૮૮૨૯

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા:૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કુલ કેટલા બેરોજગાર નોંધાયેલા છે, અને તા:૧-૧-૦૭થી તા:૩૧-૧૨-૦૭ સુધીમાં કચ્છ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા બેરોજગારોને નોકરી માટેની તકો આપવામાં આવી?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બંને પ્રશ્નના જવાબ છાપીને આપ્યા છે કે તા: ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ૨૦૬૭૭ લોકો છે એ બેરોજગારોની સંખ્યા હતી એમાંથી ૧-૧-૦૭ થી ૩૧-૧૨-૦૭ ની અંદર નોકરી માટેની તકો આપી છે એ તકો ૮૮૨૯ લોકોને આપી હતી. માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો હેતુ એ છે કે એમાંથી કેટલા લોકોને રોજગારી મળી, તો ખરેખર રોજગારી મળી એ ૭૮૬૯ લોકોને રોજગારી મળી. આ રોજગારી મળી એમાંથી શિક્ષિત ૫૬૦૯ લોકો હતા એમાંથી ૪૬૦૨ પુરૂષો હતા અને ૧૦૦૭ સ્ત્રીઓ હતી અને અર્ધ શિક્ષિત કે અશિક્ષિત હતા એ ૨૧૯૩ પુરૂષ અને ૬૭ સ્ત્રીઓ હતી. આ પ્રમાણે ૨૨૬૦ અર્ધ શિક્ષિત બેરોજગારોને રોજગારી મળી છે. કુલ આ પ્રમાણે ૭૮૬૯ લોકોને નોકરી મળી છે. આમાં નિયમાનુસાર અનુસૂચિત જાતિ, જનજાતિ, બક્ષીપંચ છે. આટલા લોકોને નોકરી મળી છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે બાકી રહેતા ૧૧૭૪૮ બેરોજગારોને નોકરી આપવા સરકારે શું વિચાર્યું છે અને કચ્છ જિલ્લામાં નવા ઉદ્યોગો આવે છે ત્યારે એમને સ્થાનિક લોકોને રોજગારી આપવા માટેનું સરકાર તરફથી કોઈ સૂચના છે? ત્રીજો પ્રશ્ન એ છે કે સ્થાનિક બેરોજગારોને રોજગારી ન આપતા ઉદ્યોગો માટે સરકાર પાસે કોઈ ફરિયાદ આવી છે? અને જો આવી હોય તો શું પગલાં લીધાં?

**શ્રી વજુભાઈ વાળા** : સ્થાનિક એટલે એ જિલ્લાના કે એ તાલુકાના કે એ ગામના લોકોને રોજગારી મળે એવું નથી હોતું. સ્થાનિક એટલે ગુજરાતમાં, પછી એ પર પ્રાંતના હોય પણ ગુજરાતમાં છેલ્લા ૧૫ વર્ષથી રહેતો હોય તો સ્થાનિક ગણાય. આવા સ્થાનિક લોકો માટે થઈને રાજ્ય સરકારના જેટલા એકમો હોય એની અંદર અને કેન્દ્ર સરકાર અને જેને આપણે વેચાણવેરાના પ્રોત્સાહન આપીએ છીએ એવા તમામ લોકોને જાળવણી કરવાની હોય છે. કારીગર વર્ગમાં ૮૫ ટકા જાળવણી કરવાની હોય છે અને સુપરવાઈઝરમાં ૬૦ ટકા લોકોની જાળવણી કરવાની હોય છે. આ રીતે હોય છે. કચ્છમાં ઉદ્યોગ આવે એટલે કચ્છના લોકોનું જ આ ધોરણ જાળવવાનું એવું નથી. સમસ્ત ગુજરાતમાંથી આવી શકે. આપણે જેને પ્રોત્સાહન આપીએ છીએ એ તમામ આ ધોરણ જળવાઈ રહે એના માટે આપણે કાયમી સુપરવિઝન કરીએ છીએ.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં મહિલા રોજગાર કચેરીઓ સ્થાપવાનું નક્કી થયું છે. તો આવી મહિલા રોજગાર કચેરી કયાં કયાં છે.

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન કચ્છ જિલ્લાનો છે એટલે કચ્છ વિશે પૂછો.

**ડૉ. નીમાબેન ભા. આચાર્ય** : કચ્છ જિલ્લામાં આવી મહિલા રોજગાર કચેરીની સ્થાપના કરવા માગો છો કે કેમ? કારણ કે આટલા બધા ઉદ્યોગો કચ્છમાં આવે છે તો આવી વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : આ એમનું સૂચન છે.

**શ્રી જગદીશ ઠાકોર** : હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રોજગાર કચેરીઓમાંથી આપણે રોજગારી આપવા માટે નામો મોકલીએ અને એમણે રાખ્યા એ કેટલો સમય રાખ્યા, કેટલાક સમય પછી એને રાખ્યા, નથી રાખ્યા એવું કોઈ મોનિટરીંગ કરીએ છીએ કે નહીં? આ એટલા માટે કે આપણે ત્યાંથી નામો જાય છે. છ-બાર મહિના નોકરી કરે છે અને કેટલાક કિસ્સામાં નહીં પણ ૫૦ ટકા ઉપરાંતના કેસોમાં એને ત્યાંથી કાઢી મૂકવામાં આવે છે. એના કરતાં જે આપણી ઔદ્યોગિક વસાહતો છે એને કારીગરોની જરૂરિયાત છે, જે ટ્રેડના તાલીમી લોકોની જરૂરિયાત છે એવા લોકોને બોલાવી અને એને તાલીમ આપીએ અને જેટલાને તાલીમ આપીએ એટલાને પૂરેપૂરી ૧૦૦ ટકા નોકરીની ગૅરન્ટી મળે એવું કોઈ આયોજન કરવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : આ જ્યારે ભરતી મેળા કરવામાં આવે છે ત્યારે ઉમેદવારોને બોલાવીએ છીએ. પણ એની પસંદગી જે તે ઈન્સ્ટિટયૂટના મેનેજર અને લેબર ઑફિસર અને જેવા પ્રકારના કારીગરો જોઈએ એ માટે એના સુપરવાઈઝર સ્ટાફના લોકો આવીને સિલૅક્ટ કરે છે અને મોટી ઈન્સ્ટિટયૂટ હોય એમાં આ લોકોને નોકરીમાં રાખ્યા પછી તાલીમ આપે છે. કારણ કે એ લોકોને માણસોની જરૂર છે. એ માણસ પાછો જતો ન રહે, એ કાર્યકુશળ બને એટલા માટે તાલીમ આપતા હોય છે. આપણે પણ આવા કોર્ષ ચાલું કર્યા છે. જેથી વધુમાં વધુ માણસો રોજગારી પ્રાપ્ત કરે, જે તે ટ્રેડમાં એક્સપર્ટ બને એના માટે ક્લાસિસ દ્વારા શિક્ષકોને તાલીમ આપીને એના મારફતે આપણે કરાવીએ છીએ.

### ઔદ્યોગિક ભરતી મેળા અને રોજગારી અંગે

***૧૭૭૨ શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજ્યમાં કૅલૅન્ડર વર્ષ ૨૦૦૭માં કેટલા ઔદ્યોગિક ભરતી મેળા યોજવામાં આવ્યા, અને

(૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) ૪૩૦

(૨) ૯૬૫૪૧

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ૨૦૦૭માં ઔદ્યોગિક ભરતી મેળા ૪૩૦ યોજવામાં આવ્યા અને ૯૬,૫૪૧ ને રોજગારી પૂરી પાડવામાં આવી એ બદલ રાજ્ય સરકારને અભિનંદન આપું છું. પરંતુ એ પૈકી મારા નવસારી જિલ્લામાં કેટલા ભરતી મેળા થયા અને કેટલાને રોજગારી પૂરી પાડવામાં આવી?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સવાલ છે એ જનરલ સવાલ છે. છતાં પણ મારી પાસે એકેએક જિલ્લાનું લિસ્ટ છે. એમાં નવસારી જિલ્લાની અંદર ૧૩ ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવ્યું. એમાં ૩,૨૩૭ ઉમેદવારોને બોલાવવામાં આવ્યાં હતા, એમાંથી ૧,૮૬૨ હાજર રહ્યા, એમાંથી રોજગારી મેળવી એવા ૧,૦૨૭ને રોજગારી આપનાર લોકો હતા એવા ૮૮ ઇન્ટિટ્યુટ છે. એની અંદર આ ૧,૦૨૭ લોકોને રજોગારી મળી.

### રાજકોટ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

***૧૮૨૩ શ્રી દોલતરાય ના. દેસાઈ (વલસાડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ રાજકોટ જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કુલ કેટલા બરોજગાર નોંધાયેલ છે, અને

(૨) કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) ૪૧,૧૧૪

(૨) ૯,૯૯૯

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે મારે એ જાણવું છે કે રાજકોટ જિલ્લા
રોજગાર કચેરીમાં ૪૧,૧૧૪ બેરોજગારો નોંધાયા છે એમાંથી અશિક્ષિત કેટલા અને શિક્ષિત બેરોજગારો કેટલા? અને જે ૯,૯૯૯ ને નોકરી આપવામાં આવી છે તેમાં પણ અશિક્ષિત અને શિક્ષિત બેરોજગારો કેટલા અને કયા વિભાગમાં નોકરી આપવામાં આવી છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ૪૧,૧૧૪ લોકોને જે નોકરી વાંછુ છે, એમાંથી શિક્ષિત લોકો છે એ ૩૪,૯૬૭ અને અર્ધશિક્ષિત ૬,૧૪૭ આ પ્રમાણે ૪૧,૧૧૪ છે. એમાં અનુસુચિત જાતિના શિક્ષિત ૪,૮૭૯ પછી અનુસુચિત જનજાતિના ૯૦૩, બક્ષીપંચના ૧૧,૧૪૫, ઓ.બી.સી. ૫૫૬, અન્ય ૧૭,૪૬૪ આ રીતે પુરૂષો આટલા છે. એ જ પ્રમાણે સ્ત્રીઓ મળીને ૬,૧૪૭ છે એ ૪,૧૬૪ આ લોકો છે. એમાં જે નોકરી મળી એમાં પુરૂષ શિક્ષિત ૬,૨૩૧ પુરૂષોને નોકરી મળી અને ૧,૭૫૨ સ્ત્રીઓને નોકરી મળી એટલે આ પ્રમાણે ૭,૯૮૩ શિક્ષિતિ

લોકોને રોજગારી મળી અને અર્ધશિક્ષિત હતા એવા પુરૂષો ૧,૫૭૮ અને સ્ત્રીઓ ૪૩૮ એટલે ૨,૦૧૬ લોકોને રોજગારી મળી. આમાં ૭,૯૮૩ શિક્ષિત અને અર્ધશિક્ષિત ૨,૦૧૬ આ રીતે ૯,૯૯૯ ચાર નવડી આટલા લોકોને રોજગારી મળી.

**રોજગાર કચેરીઓને પ્રમાણપત્રથી પ્રમાણિત કરવા અંગે**

***૧૭૭૭ શ્રી ઋષિકેશ ગ. પટેલ (વિસનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રોજગાર કચેરીઓ પૈકી કેટલી કચેરીઓ આઈ.એસ.ઓ. ૯૦૦૦/૨૦૦૦ પ્રમાણપત્રથી પ્રમાણિત કરવામાં આવેલ છે,

(૨) અત્યાર સુધી કઈ કઈ રોજગાર કચેરીઓને પ્રમાણિત કરવામાં આવેલ છે, અને

(૩) ચાલુ વર્ષે કઈ કઈ કચેરીઓને પ્રમાણિત કરવામાં આવશે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) ૧૨ (બાર)

(૨) (૧) મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, અમદાવાદ
(૨) મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, વડોદરા
(૩) મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, સુરત
(૪) મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, રાજકોટ
(૫) મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, ભાવનગર
(૬) પેટા પ્રાદેશિક રોજગાર કચેરી, નડિયાદ
(૭) જિલ્લા રોજગાર કચેરી, ગાંધીનગર
(૮) જિલ્લા રોજગાર કચેરી, મહેસાણા
(૯) જિલ્લા રોજગાર કચેરી, ગોધરા
(૧૦) જિલ્લા રોજગાર કચેરી, ભરૂચ
(૧૧) જિલ્લા રોજગાર કચેરી, અમરેલી
(૧૨) જિલ્લા રોજગાર કચેરી, જૂનાગઢ

(૩) ચાલુ વર્ષે જિલ્લા રોજગાર કચેરી, આણંદ, પાટણ,પ વલસાડ, નવસારી, પોરબંદર અને ભૂજ એમ કુલ-૦૬ કચેરીઓને પ્રમાણિત કરવામાં આવશે.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે પુછવા માગું છું કે બાકી રહેલ રોજગાર કચેરીઓ આઈ.એસ.ઓ. સર્ટિફિકેશનથી પ્રમાણિત કરવા શું આયોજન કર્યુ છે? બીજો પ્રશ્ન આઈ.એસ.ઓ. સર્ટિફિકેશન મેળવવા રોજગારીઓના નોર્મ્સ પ્રમાણે શું ફેરફારો કરવા પડે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે રોજગાર કચેરીઓ વધુમાં વધુ નિયમિત રીતે અને સારી રીતે જે કાર્યશીલ હોય છે એના માટેના આ ધોરણની વાત છે એમાં જે આપણી ૧૨ કચેરીઓ છે એને આઈ.એસ.ઓ.૯૦૦/૨૦૦૦ નીચે એમાં કરે છે એ પ્રમાણે જે ધોરણો છે એ ધોરણો માટે થઈને આપણી પહેલા કચેરીઓ આવે એના માટે એક ઈન્સ્ટિટ્યુટને કામ સોપ્યું છે જે આપને સર્ટિફિકેટ આપે છે. આ માટે ઈલેકટ્રોનિકસ કવોલિટી એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર ગાંધીનગરની તજજ્ઞોની સેવાઓનો આપણે લાભ લઈએ છીએ. આઈ.એસ.ઓ. ૯૦૦/૨૦૦૦ જેવા પ્રમાણપત્રો જે આપણને આપે છે એ બ્યુરોવર્ટી સર્ટિફિકેટ સંસ્થા છે એના દ્વારા આપે છે. આવી ઘણી વર્લ્ડની અંદર છે કે જે આઈ.એસ.ઓ. ૯૦૦/૨૦૦૦ સર્ટિફિકેટ આપે છે અને એમાં કોને મળે એ કચેરીઓની કાર્યપધ્ધતિ અને કાર્ય.. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**નવી આઈ.ટી.આઈ.ને મંજૂરી અંગે**

૨૦૪૭ **શ્રી રણછોડભાઈ ક.મેર(ધંધૂકા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૦૭-૨૦૦૮માં તા.૩૧/૧/૨૦૦૮ સુધીમાં રાજ્યમાં સરકારી અને સ્વનિર્ભર કેટલી અને કઈ નવી આઈ.ટી.આઈ. અને આઈ.ટી.સી.ને મંજૂરી આપવામાં આવી, | (૧)<br>૧૦ (દસ) - સરકારી આઈ.ટી.આઈ.<br>-પત્રક-અ* મુજબ.<br>૯૫ (પંચાણું) સ્વનિર્ભર આઈ.ટી.સી.<br>-પત્રક-બ* મુજબ. |

(૨) અમદાવાદ જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં સરકારી અને સ્વનિર્ભર આઈ.ટી.આઈ. અને આઈ.ટી.સી. છે,

(૨) (૧) સરકારી આઈ.ટી.આઈ. છે તેવા તાલુકાઓનાં નામ (૧) અમદાવાદ (૨) દશક્રોઈ (૩) સાણંદ (૪) વિરમગામ (૫) ધંધુકા (૬) ધોળકા

(૨) જે તાલુકાઓમાં સ્વ-નિર્ભર આઈ.ટી.સી. છે તે તાલુકાઓનાં નામ (૧) અમદાવાદ (૨) દસક્રોઈ (૩) સાણંદ (૪) વિરમગામ (૫) ધોળકા (૬) બાવળા (૭) માંડલ

(૩) બાકી રહેતા તાલુકામાં કેટલા સમયમાં સરકારી આઈ.ટી.આઈ. શરૂ કરવામાં આવશે, અને

(૩) બાકી રહેતા તાલુકાઓમાં અપેક્ષિત તાલીમાર્થીઓની સંખ્યાને ધ્યાને લઈ યોગ્ય નિર્ણય થઈ શકે.

(૪) જે તાલુકામાં સ્વનિર્ભર આઈ.ટી.સી. છે ત્યાં સરકારી આઈ.ટી.આઈ. શરૂ કરવામાં આવશે કે કેમ ?

(૪) ના, જી
હાલમાં કોઈ આયોજન નથી.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

----------

## શિષ્યવૃત્તિની મળેલ ગ્રાન્ટની ફાળવણી

૧૯૦૯ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભારત સરકાર તરફથી પ્રિ. મેટ્રીક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની યોજના માટે સન ૨૦૦૭-૦૮ના વર્ષના ૩૧ ડીસેમ્બર, ૨૦૦૭ સુધી કેટલી ગ્રાન્ટ મળેલ છે, અને

**જવાબ**

(૧) **અનુસૂચિત જાતિ માટે** રૂા. લાખમાં

| | |
|---|---|
| પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિ | ૨૬૨.૭૧ |
| પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ | ૨૪૦.૩૬ |
| **વિકસતિ જાતિ માટે** | |
| પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિ | ૧૧૫.૨૦ |
| પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ | ૨૨૩.૯૨ |

(૨) તે પૈકી કેટલી ગ્રાન્ટ ફાળવાઈ ?

(૨) **અનુસૂચિત જાતિ માટે**

| | રૂા. લાખમાં |
|---|---|
| પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિ | ૨૬૨.૭૧ |
| પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ | ૨૪૦.૩૬ |
| **વિકસતિ જાતિ માટે** | |
| પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિ | ૧૧૫.૨૦ |
| પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ | ૨૨૩.૯૨ |

----------

## રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં રમતગમતના મેદાનોના નિભાવ અંગે થયેલ ખર્ચ

૧૪૫૯ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં રાજ્યકક્ષાના તથા જિલ્લાકક્ષાના કુલ કેટલા રમતગમતના મેદાનો આવેલા છે,

(૨) રમતગમતના મેદાનોના વાર્ષિક નિભાવ ખર્ચ કેટલો થાય છે, અને

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં રાજ્યકક્ષાનું કે જિલ્લા કક્ષાનું મેદાન નથી જ્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં રાજ્યકક્ષાનું મેદાન નથી. પરંતુ જિલ્લા કક્ષાનું એક મેદાન લીંબડી મુકામે છે, જેના પર અદ્યતન જિલ્લા રમત સંકુલના નિર્માણનું કાર્ય ચાલુ છે.

કામ ચાલુ છે તેથી વાર્ષિક નિભાવનો ખર્ચ ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે ખર્ચ ક્યા સદર હેઠળ કરવામાં આવે છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**ભરૂચ જિલ્લાના દહેજ ઓદ્યોગિક એકમોમાં સ્થાનિક બેરોજગારોને નોકરી અંગે**

૩૩૮**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના દહેજ ઓદ્યોગિક એકમોમાં સ્થાનિક બેરોજગારોને નોકરીમાં રાખવા અંગેના રાજ્ય સરકારના પરિપત્રોનો અમલ થતો નથી તેવા કેટલાં એકમો તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છે, | (૧) ૦૩ (ત્રણ). |
| (૨) આ એકમો સ્થાનિક બેરોજગારોને પ્રાથમિક્તા આપી નોકરી આપે તે અંગે કેવા પ્રકારના પગલાંઓ ભરવા માંગે છે, અને | (૨)<br>(૧) સ્થાનિક ભરતીના ઠરાવની જોગવાઇ મુજબ સ્થાનિકોની નિયત ટકાવારી ન જાળવતા ખાનગી ક્ષેત્રના ઉત્પાદનલક્ષી એકમોની યાદી ઉદ્યોગ કમિશ્નરશ્રીને મોકલી આપીએ છીએ અને તેમાં પ્રોત્સાહીત એકમો સામે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે.<br>(૨) બિન પ્રોત્સાહીત એકમો સામે પગલા લેવાની ઠરાવમાં કોઇ જોગવાઇ નથી.<br>(૩) મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં રાજ્ય કક્ષાની મોનીટરીંગ સમિતિની બેઠકમાં આ અંગે સમીક્ષા કરવામાં આવે છે. |
| (૩) આ કામગીરી માટે આવા એકમોની સ્થાનિક અધિકારીઓએ સન-૨૦૦૭માં કેટલીવાર તપાસણી કરી? | (૩) ૧ (એક). |

----------

**વેલ્યુએડડ ટેક્સ ઉઘરાવવાની નીતિના કાયદામાં સુધારો કરવા અંગે**

૧૬૬૧ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં વેલ્યુએડડ ટેક્સ ઉઘરાવવાની નીતિનાં કારણે, પોતાના ભાગે આવતો ટેક્સ ઉઘરાવવાના બદલે ઉત્પાદકો, ટ્રાન્સપોર્ટરો અને વેપારીઓ, તમામ જગ્યાએ ગ્રાહકો પાસેથી પુરેપુરો ટેક્સ વસુલે છે અને રાજ્ય સરકારશ્રીની તિજોરીમાં માત્ર ૧/૩ ભાગ જમા કરાવવામાં આવે છે તે વાત સરકાર જાણે છે, અને | (૧) વાત સાચી નથી. |
| (૨) જો હા, તો આ અંગે કાયદામાં સુધારા દ્વારા ગ્રાહકના ખિસ્સા પરનો બે ભાગનો બોજ હળવો કરવા રાજ્ય સરકાર કોઇ વિચારણા કરે છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**ગ્રાન્ટ છુટી કરવા અંગે**

૧૭૮૪ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| સરકારે ત્રણ માસની ગ્રાન્ટ એકી સાથે છૂટી કરવાના હુકમો કર્યા છે તે અધુરા કામો પૂર્ણ કરવા માટે છે તેવા આક્ષેપો થાય છે તે હકીક્ત સાચી છે ? | ના, જી. |

----------

**કાર્યરત આઇ.ટી.આઇ. ની સંખ્યા**

૧૭૬૯ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી ગ્રાન્ટ ઇન એઇડ આઇ.ટી.આઇ. કાર્યરત છે ? | ૧૦૭ |

----------

## જામનગર જિલ્લામાં પેન્શનના પડતર કેસો

૧૫૦૧ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર પેન્શનપાત્ર કર્મચારીઓને પેન્શન ચૂકવવા અંગેની કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | મળેલ અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | જામનગર | ૭૨૬ |
| ૨ | ભાણવડ | ૪૭ |
| ૩ | ધ્રોલ | ૫૦ |
| ૪ | દ્વારકા | ૫૯ |
| ૫ | જામજોધપુર | ૭૫ |
| ૬ | જોડીયા | ૬૮ |
| ૭ | કાલાવડ | ૬૨ |
| ૮ | કલ્યાણપુર | ૨૯ |
| ૯ | ખંભાળીયા | ૬૨ |
| ૧૦ | લાલપુર | ૩૨ |
| | કુલ | ૧૨૧૦ |

(૨) આ સમય દરમ્યાન કેટલા પેન્શનપાત્ર કર્મચારીઓને પેન્શન ચૂકવવાના હુકમો કરવામાં આવ્યા,

(૨) ૧૧૬૦ કર્મચારીઓને પેન્શન ચૂકવણાના હુકમો (P.P.O) કરવામાં આવ્યાં છે.

(૩) ચૂકવવામાં થયેલ વિલંબના કારણો શું છે, અને

(૩) ૧૧૬૦ પૈકી ૫૧ કિસ્સામાં પેન્શનર દ્વારા નિયમાનુસાર રજૂ કરવાના થતાં નીચે જણાવાયેલ દસ્તાવેજો રજૂ નહિ કરવાના કારણોસર ચૂકવણુ બાકી છેઃ-

(૧) પેન્શનરની હયાતી અંગે પેન્શનર જાતે રૂબરૂ ઉપસ્થિત નહિ થયેલ હોવાથી,

(૨) પેન્શનર તરફથી છેલ્લા પગારનું પ્રમાણપત્ર રજુ નહિ કરેલ હોવાથી,

(૩) પેન્શનરની ખાતાકીય તપાસ / કોર્ટ મેટર નહિ હોવાનુ પ્રમાણપત્ર રજૂ નહિ કરેલ હોવાથી.

(૪) બાકી રહેલા કેસોનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

(૪) પેન્શન મંજૂર કરવાની ૫૦ અરજીઓ પડતર હતી. તેમાંથી ૨૪ પેન્શન પેમેન્ટ ઓર્ડર ઈસ્યુ કરેલ છે. ૩ કેસો પૂર્તતા માટે પરત મોકલેલ છે, જ્યારે ૨૩ કેસોમાં કર્મચારી હવે પછી નિવૃત્ત થનાર હોઈ નિવૃત્તિની તારીખ પહેલાં કાર્યવાહી પૂર્ણ કરાશે.

----------

## ભાવનગર જિલ્લામાં મકાન બાંધકામ સહાયના લાભાર્થીઓ

૧૯૯૪ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૬-૨૦૦૭ના નાણાંકીય વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાદીઠ વિકસતી જાતિ કલ્યાણ ખાતા દ્વારા મકાન બાંધકામ પેટે કેટલા લાભાર્થીઓને સહાય આપવામાં આવી, અને

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા |
|---|---|
| ભાવનગર | ૧૯૨ |
| શિહોર | ૧૩ |
| મહુવા | ૫૨ |
| તળાજા | ૨૨ |
| ગારીયાધાર | ૧૨ |
| વલ્લભીપુર | ૩૦ |
| ગઢડા | ૨૮ |
| બોટાદ | ૧૦ |
| પાલીતાણા | ૧૧ |

| | |
|---|---|
| ઉમરાળા | - |
| ઘોઘા | - |
| કુલ | ૩૭૦ |

| | |
|---|---|
| (૨) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલા મકાન અધૂરા છે ? | (૨) ૯૫ |

----------

## ઇન્ટરવ્યૂ સ્થળે જવા સવલત આપવા અંગે

૧૭૭૪ **શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રોજગાર ક્ચેરી દ્વારા નોકરી માટે ભલામણ કરવામાં આવેલ ઉમેદવારોને ઇન્ટરવ્યૂના સ્થળે જવા કોઇ સવલત આપવામાં આવે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા પ્રકારની સવલત આપવામાં આવે છે ? | (૨) ઉમેદવારના રહેઠાણના સ્થળથી ઇન્ટરવ્યુના સ્થળ સુધીનું આવવા તથા જવાનું એસ.ટી. ભાડુ ચુકવવાની યોજના અમલમાં છે. |

----------

## રમતગમત ક્ષેત્રે આપેલ પારિતોષિક

૨૩૦૭ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય રમગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના બાળકો ઇન્ટરનેશનલ રમતગમતમાં પ્રથમ ક્રમાંક મેળવે છે તેમને રાજ્ય સરકાર ધ્વારા પારિતોષિક આપવામાં આવે છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) રાજ્યના બાળકો (ખેલાડી) આંતરરાષ્ટ્રીય રમતગમતમાં પ્રથમ ક્રમાંક મેળવે તેઓને એકલવ્ય એવોર્ડ, અને વર્લ્ડ ચેમ્પિયનશીપ, કોમનવેલ્થ ગેમ્સ તથા આફ્રો એશીયન ચેમ્પિયનશીપ વિજેતાને ખાસ એવોર્ડ આપવામાં આવે છે. |

----------

## સિમેન્ટ કંપનીઓ પાસેથી વેચાણવેરાની બાકી વસુલાત

૧૫૮૪ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કઇ કઇ સિમેન્ટ કંપનીઓ પાસેથી વેચાણવેરાની વસુલાતો તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષથી કરવાની બાકી છે, | **(૧) પત્રક.** |

### પત્રક

| **સિમેન્ટ એકમનું નામ** |
|---|
| એલ એન્ડ ટી. જે. ટી. આઈ. ઓઈલ ફીલ્ડ પ્રોજેકટ. |
| બાલારામ સિમેન્ટ |
| રાધાકિશન સિમેન્ટ |
| હનુમાન સિમેન્ટ પ્રા. લીમીટેડ |
| સોમાની સિમેન્ટ કંપની |
| મહાકાળી સિમેન્ટ |
| પંચમહાલ સિમેન્ટ કંપની લીમીટેડ |

પંચમહાલ સિમેન્ટ કંપની લીમીટેડ

સેવાલીયા સિમેન્ટ વર્કસ.

વી. કી. સિમેન્ટ પ્રા. લીમીટેડ

* અલ્ટ્રાટેક સિમેન્ટ લીમીટેડ

* ગજ અંબુજા સિમેન્ટ કંપની

ગુજરાત હાઈટેક ઈન્ક.

ગુજરાત સિધ્ધિ સિમેન્ટ

કામદાર સિમેન્ટ કંપની

સોરાષ્ટ્ર સિમેન્ટ કંપની

એચ. એમ. પી. સિમેન્ટ કંપની

ગુજરાત હિમાલીયા સિમેન્ટ કંપની

સરદાર સિમેન્ટ પ્રા. લીમીટેડ

કાંગારૂ સિમેન્ટ પ્રા. લીમીટેડ

સુવિધા સિમેન્ટ પ્રા. લીમીટેડ

ગાયત્રી સિમેન્ટ એન્ડ કેમીકલ

શક્તિ સિમેન્ટ

જ્યુપીટર સિમેન્ટ કંપની

ધ્વારકા સિમેન્ટ

જે. કે. સિમેન્ટ પ્રા. લીમીટેડ

* અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની તેમજ ગજ અંબુજા સિમેન્ટ કંપની પાસે જે રકમ બાકી છે, તે વિલંબિત કર ચુકવણીની છે. આ રકમ ભરવાનો સમય થયેલ નથી.

(૨) આ કંપનીઓ પાસે કુલ કેટલી રકમોની વસુલાતો બાકી છે,

(૨) રૂા. ૨૭,૧૭૧.૩૮ લાખ

(૩) આ અંગે રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા પગલાં લીધા, અને

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા અને જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવ્યા છે.

(૪) કુલ કેટલી રકમોની ક્યારે વસુલાત કરવામાં આવી ?

(૪) કુલ રૂા. ૫૩૧૭.૫૫ લાખ તારીખ ૧-૧-૦૭ થી ૩૧-૧૨-૦૭ ના સમયગાળા દરમ્યાન વસૂલાત કરવામાં આવી.

## સાબરકાંઠા જિલ્લામાં મહર્ષિ અષ્ટાવક્ર પ્રોગ્રામ હેઠળના લાભાર્થીઓ

૨૩૧૭ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં મહર્ષિ અષ્ટાવક્ર યોજના હેઠળ વિકલાંગ સર્વે તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કઇ કઇ સંસ્થાઓ કરે છે,

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં મહર્ષિ અષ્ટાવક્ર યોજના હેઠળ વિકલાંગ સર્વે તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર નીચેની સંસ્થાઓ કરે છે.

| અ. | સંસ્થાનું નામ | સોંપાયેલ | કામગીરી શરૂ | કામગીરી પૂર્ણ |
|---|---|---|---|---|
| ૧ | રાષ્ટ્રીય | મેઘરજ | ૧-૭-૦૪ | ૩૧-૭-૦૬ |
| ૨ | સાધના | ધનસુરા | ૫-૮-૦૪ | ૩૦-૬-૦૬ |

| | | | | |
|---|---|---|---|---|
| | હિંમતનગર | | | |
| ૩ | શ્રી આંબેડકર એજ્યુકેશન ટ્રસ્ટ, કુંપ | ભિલોડા | ૫-૮-૦૪ | ૩૧-૭-૦૬ |
| ૪ | શ્રીજી ભવાની એજ્યુકેશન ટ્રસ્ટ, માલપુર | માલપુર | -/૮/૦૪ | ૨૮-૨-૦૬ |
| ૫ | શ્રી વનવાસી કેળવણી મંડળ, કોટડા | ખેડબ્રહ્મા | ૮-૯-૦૪ | ૩૧-૭-૦૬ |
| ૬ | ન્યુ ગુજરાત ગ્રામ વિકાસ કોમ્પ્યુટર એજ્યુકેશન સોસાયટી, ભિલોડા | વિજયનગર | ૫-૯-૦૪ | ૨૮-૨-૦૬ |
| ૭ | યુવા ચેતના સંસ્થા, હિંમતનગર | મોડાસા | ૩-૯-૦૪ | ૩૧-૭-૦૬ |

(૨) ભિલોડા અને વિજયનગર તાલુકામાંની સંસ્થાઓ સર્વે વગર જ રીપોર્ટ કરે છે એ સરકારના ધ્યાનમાં છે, અને

(૨) ભિલોડા અને વિજયનગર તાલુકામાંની સંસ્થાઓએ સર્વે કરીને રીપોર્ટ નોડલ એજન્સી સમક્ષ રજુ કરેલ છે. આથી સર્વે વગર જ રીપોર્ટ કરે છે, તે હકીક્ત સાચી નથી.

(૩) સરકાર આવી સંસ્થાઓ સામે ક્યા ક્યા પગલાં ભરવા માંગે છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સિમેન્ટ કંપનીઓ પાસેથી વેચાણવેરાની બાકી વસુલાત

૧૫૮૧ શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કઇ કઇ સિમેન્ટ કંપનીઓ પાસેથી વેચાણવેરાની વસુલાતો તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષથી કરવાની બાકી છે,

**જવાબ**

(૧) **પત્રક**

**સિમેન્ટ એકમનું નામ**

એલ એન્ડ ટી જે. ટી. આઈ. ઓઈલ ફીલ્ડ પ્રોજેક્ટ.

બાલારામ સીમેન્ટ.

રાધાકિશન સિમેન્ટ.

હનુમાન સિમેન્ટ પ્રા. લીમીટેડ.

સોમાની સિમેન્ટ કંપની.
મહાકાળી સિમેન્ટ.
પંચમહાલ સિમેન્ટ કંપની લીમીટેડ.
સેવાલીયા સિમેન્ટ વર્કસ.
વી. કી. સિમેન્ટ પ્રા. લીમીટેડ.
* અલ્ટ્રાટેક સિમેન્ટ લીમીટેડ.
* ગજ અંબુજા સિમેન્ટ કંપની.
ગુજરાત હાઈટેક ઈન્ક.
ગુજરાત સિધ્ધિ સિમેન્ટ.
કામદાર સિમેન્ટ કંપની.
સોરાષ્ટ્ર સિમેન્ટ કંપની.
એચ. એમ. પી. સિમેન્ટ કંપની.
ગુજરાત હિમાલીયા સિમેન્ટ કંપની.

સરદાર સિમેન્ટ પ્રા. લીમીટેડ.
કાંગારૂ સિમેન્ટ પ્રા. લીમીટેડ.
સુવિધા સિમેન્ટ પ્રા. લીમીટેડ.
ગાયત્રી સિમેન્ટ એન્ડ કેમીકલ
શક્તિ સિમેન્ટ.
જ્યુપીટર સિમેન્ટ કંપની.

દ્વારકા સિમેન્ટ.
જે. કે. સિમેન્ટ પ્રા. લીમીટેડ.

* અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની તેમજ ગજ અંબુજા સિમેન્ટ કંપની પાસે જે રકમ બાકી છે, તે વિલંબિત કર ચુકવણીની છે. આ રકમ ભરવાનો સમય થયેલ નથી.

(૨) આ અંગે સરકારે ક્યા ક્યા પગલાં ભર્યા, અને

(૨) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા અને જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવ્યા છે.

(૩) કુલ કેટલી રકમોની ક્યારે વસુલાત કરવામાં આવી ?

(૩) કુલ રૂા. ૫૩૧૭.૫૫ લાખની તા. ૧-૧-૦૭ થી તા. ૩૧-૧-૦૮ સુધીમાં વસુલાત કરવામાં આવી.

----------

## નવસારી જિલ્લામાં સ્વરોજગાર શિબિરો

૧૮૨૦ **શ્રી કિશોર વાંકાવાલા (સુરત શહેર (પશ્ચિમ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી ધ્વારા વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માં તા. ૩૧-૧-૦૮ સુધીમાં કેટલી સ્વરોજગાર શિબિરો યોજવામાં આવી, અને

(૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારોને સ્વરોજગારી માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૨૦

(૨) ૫૨૦

----------

## વ્યારા ખાતે વેચાણવેરાની કચેરી શરૂ કરવા અંગે

૨૦૫૦ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવરચિત તાપી જિલ્લાનાં વ્યારા ખાતે જિલ્લા કક્ષાએ વેચાણવેરા અધિકારીની કચેરી ક્યારે શરૂ કરવામાં આવશે,

(૨) આ કચેરી ચાલુ કરવાની પ્રક્રિયા જાન્યુઆરી, ૨૦૦૮ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે, અને

(૩) આ કચેરી માટે કેટલું મહેકમ મંજૂર કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) વ્યારા ખાતે વેચાણવેરા (વાણિજ્યિક વેરા) કચેરી તા. ૦૬-૦૪-૧૯૯૩થી કાર્યરત છે.

(૨) આ કચેરી તા. ૦૬-૦૪-૧૯૯૩થી કાર્યરત હોઈ તે કચેરી ચાલુ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ કચેરી માટેનું મંજૂર કરવામાં આવેલ કુલ મહેકમ **૧૨** છે.

----------

## અપંગ સાધન સહાય યોજનાની મળેલ અરજીઓ

૧૮૯૪ **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં અપંગ સાધન સહાય યોજના અન્વયે ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં કેટલી અરજીઓ આવી,

(૨) તે પેકી કેટલી મંજૂર કરવામાં આવી,

(૩) તે પેકી કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૪) જો હા, તો આ યોજના હેઠળ કેટલી અરજીઓ ડાંગ જિલ્લામાં પડતર છે ?

**જવાબ**

(૧) ડાંગ જિલ્લામાં અપંગ સાધન સહાય યોજના અન્વયે ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં કુલ ૨૦ અરજીઓ આવી.

(૨) તે પેકી (તમામ) ૨૦ અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## પાલક માતા-પિતા યોજના હેઠળ જિલ્લાવાર લાભાર્થીઓ

૨૦૫૮ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પાલક માતા-પિતા યોજના હાલ કેટલા જિલ્લામાં અને તાલુકામાં અમલમાં છે. હાલ કુલ કેટલા બાળકો લાભ લઈ રહ્યા છે. તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા લાભાર્થીને કેટલી સહાય ચૂકવી?

**જવાબ**

પાલક માતા-પિતા યોજના હાલ રાજ્યના છ જિલ્લાઓના કોર્પોરેશન એરિયા (૧) અમદાવાદ (૨) વડોદરા (૩) સુરત (૪) રાજકોટ (૫) ભાવનગર (૬) જામનગરમાં અમલમાં છે. તથા ભૂકંપ ગ્રસ્ત જિલ્લાઓના નીચે જણાવેલ ૨૨ તાલુકાઓમાં અમલમાં છે.

(૧) ભૂજ (૨) અંજાર (૩) ભચાઉ

(૪) રાપર (૫) ગાંધીધામ (૬) માળીયા, મીયાણા (૭) જોડીયા (૮) મોરબી (૯) હળવદ (૧૦) ધાંગધ્રા (૧૧) સુરેન્દ્રનગર (૧૨) દસક્રોઇ (૧૩) સમી (૧૪) પાટડી (૧૫) રાધનપુર (૧૬) સાંતલપુર (૧૭) વાંકાનેર (૧૮) મુંદ્રા (૧૯) નખત્રાણા (૨૦) લખપત (૨૧) અબડાસા અને (૨૨) માંડવી

હાલ નીચેની વિગતે કુલ ૪૩ બાળકો લાભ લઇ રહ્યા છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **લાભાર્થીની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ભૂજ | ૧૪ |
| ૨ | અંજાર | ૦૭ |
| ૩ | ગાંધીધામ | ૦૬ |
| ૪ | રાપર | ૦૧ |
| ૫ | ભચાઉ | ૦૭ |
| ૬ | માંડવી | ૦૩ |
| ૭ | મોરબી | ૦૪ |
| ૮ | રાજકોટ | - |
| ૯ | અમદાવાદ | ૦૧ |
| | **કુલ ...** | ૪૩ |

તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષના લાભાર્થીઓ અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **વર્ષ** | **લાભાર્થીની સંખ્યા** | **ખર્ચ રૂા.** |
|---|---|---|---|
| ૧ | તા. ૧-૧-૦૫ થી તા. ૩૧-૧૨-૦૫ | ૬૬ | રૂા. ૩,૫૫,૮૦૦/- |
| ૨ | તા. ૧-૧-૦૬ થી તા. ૩૧-૧૨-૦૬ | ૪૩ | રૂા. ૨,૭૦,૬૦૦/- |
| ૩ | તા. ૧-૧-૦૭ થી તા. ૩૧-૧૨-૦૭ | ૪૫ | રૂા. ૨,૭૦,૬૦૦/- |

----------

**પંચમહાલ જિલ્લાની ઓદ્યોગિક તાલીમ સંસ્થામાં અલગ અલગ ટ્રેડના અભ્યાસક્રમો**

૧૦૭૮ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કુલ કેટલી ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓ આવેલી છે, અને | (૧) ૫ (પાંચ) |
| (૨) સંસ્થાઓમાં કુલ કેટલા બાળકો ક્યા ક્યા ટ્રેડમાં અભ્યાસ કરે છે ? | (૨) ૨૨૬૪ તાલીમાર્થી<br>ઇલેક્ટ્રોનીક્સ મીકેનીક, સ્ટેનો ક્મ કોમ્પ્યુટર ઓપરેટર (ગુજરાતી), ઇન્સ્ટ્રુમેન્ટ મીકેનીક, વાયરમેન, ટર્નર, ઇલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એરકન્ડીશનીંગ મીકેનીક, ઇન્ફરમેશન ટેક્નોલોજી એન્ડ ઇલેક્ટ્રોનિક્સ સીસ્ટમ |

મેન્ટેનન્સ, મીકેનીક ડીઝલ, કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ, ફીટર, આર્મેચર મોટર રીવાઇન્ડીંગ, વેલ્ડર, ડ્રાફ્ટસમેન સીવીલ, પ્લાસ્ટીક પ્રોસેસીંગ ઓપરેટર, ડ્રેસમેકીંગ, મીકેનીક મોટર (વ્હીકલ), મીકેનીક રેડીયો એન્ડ ટી.વી., મશીનીષ્ટ, સેન્ટર ઓફ એક્સલન્સ (ઇલેક્ટ્રીકલ), સેન્ટર ઓફ એક્સલન્સ (ઓટોમોબાઇલ).

----------

**સુરત જિલ્લામાં બક્ષીપંચના મંજૂર થયેલ છાત્રાલયોની સંખ્યા**

૨૨૯૭ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૭ ના વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા બક્ષીપંચ છાત્રાલયો મંજૂર થયા, અને | (૧) એક પણ નહી. |
| (૨) આ પેકી કુમાર છાત્રાલયો કેટલા; કન્યા છાત્રાલયો કેટલા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**આઈ.ટી.આઈ.ની મંજૂર થયેલ બેઠકો**

૧૭૬૬ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ રાજ્યમાં આવેલ ગ્રાન્ટ ઈન એઈડ આઈ.ટી.આઈ.ની મંજૂર બેઠકો કેટલી છે ? | ૧૧,૭૬૭. |

**રાજ્યની માથાદીઠ આવક અને દેવું**

૧૦૮૨ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ રાજ્યની માથાદીઠ આવક કેટલી, | (૧) અને (૨) |
| (૨) તેની સામે માથાદીઠ દેવું કેટલું છે, અને | તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ<br>રાજ્યની માથાદીઠ આવક: માથાદીઠ આવકની ગણતરી નાણાકીય વર્ષના સંદર્ભમાં કરવામાં આવે છે. આગોતરા અંદાજ મુજબ ૨૦૦૭-૦૮ના વર્ષ માટે માથાદીઠ આવક રૂા. ૪૨,૬૬૩ થનાર છે.<br>માથાદીઠ દેવું: રૂા. ૧૩,૨૫૯ |
| (૩) માથાદીઠ દેવું ઘટાડવા સરકારે ક્યા ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ? | (૩) (૧) લોનની પાક્યા તારીખે ચૂકવણી કરવામાં આવે છે.<br>(૨) ગુજરાત રાજવિત્તિય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫માં નિર્ધારિત લક્ષ્યાંક બે વર્ષ અગાઉ પુરા કરવામાં આવેલ છે.<br>(૩) રાજ્યની નાણાકીય શિસ્તના કારણે મહેસુલી પુરાંત રહે છે.<br>(૪) દેવું રાજ્યના ઘરગથ્થું ઉત્પાદનના ૩૦ ટકા કરતાં ઓછો રહે છે. |

----------

## સાબરકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું તેમજ સાતફેરા સમૂહ લગ યોજનાના લાભાર્થીઓ

૧૪૬૧ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુંવરબાઈનું મામેરું અને સાતફેરા સમૂહ લગ યોજના હેઠળ લાભાર્થીઓને સહાય મળી ન હોવાના કુલ કેટલા કેસો પડતર છે,

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **સા.શે.પ.વર્ગની પડતર અરજીઓ** | | **અનુ. જાતિની પડતર અરજીઓ** | |
|---|---|---|---|---|
| | કુંવરબાઇનું મામેરું યોજના | સાત ફેરા સમુહ લગ યોજના | કુંવરબાઇનું મામેરું | સાત ફેરા સમુહ લગ યોજના |
| હિંમતનગર | ૩૦ | ૦૦ | ૨ | ૦ |
| પ્રાંતિજ | ૦૭ | ૦૦ | ૦ | ૧૫ |
| તલોદ | ૦૮ | ૦૦ | ૪ | ૦ |
| મોડાસા | ૧૪ | ૦૦ | ૪ | ૦ |
| ધનસુરા | ૦૭ | ૦૦ | ૧ | ૦ |
| ઇડર | ૧૦ | ૦૦ | ૦ | ૦ |
| વડાલી | ૦૦ | ૦૦ | ૧ | ૦ |
| ખેડબ્રહ્મા | ૦૧ | ૦૦ | ૨ | ૦ |
| મેઘરજ | ૦૦ | ૦૦ | ૧ | ૦ |
| ભીલોડા | ૦૮ | ૦૦ | ૯ | ૦ |
| બાયડ | ૦૨ | ૦૦ | ૧ | ૦ |
| વિજયનગર | ૦૦ | ૦૦ | ૦ | ૦ |
| માલપુર | ૦૦ | ૦૦ | ૫ | ૦ |
| **કુલ ...** | **૮૭** | **૦૦** | **૩૦** | **૧૫** |

(૨) કેસો પડતર રહેવાના કારણો શાં છે, કેટલા સમયમાં આ બાકી સહાય આપવામાં આવશે, અને

(૨) પડતર અરજીઓમાં ક્ષતિ પુર્તતા માટે અરજદારોને જાણ કરેલ છે. અરજદારો તરફથી ક્ષતિ પુર્તતા થઇ આવેથી તાત્કાલિક સહાય ચુકવવામાં આવશે.

(૩) આ સ્થિતિએ આ યોજના હેઠળ તાલુકાવાર કેટલા કેસોમાં સહાય આપવામાં આવી છે ?

(૩) નીચે મુજબ તાલુકાવાર કેસોમાં સહાય આપવામાં આવી છે.

| **તાલુકાનું નામ** | **સા.શે.પ.વર્ગ** | | **અનુ. જાતિ** | |
|---|---|---|---|---|
| | કુંવરબાઇનું મામેરું | સાત ફેરા સમુહ લગ | કુંવરબાઇનું મામેરું | સાત ફેરા સમુહ લગ |
| હિંમતનગર | ૪૪ | ૧૧ | ૯૬ | ૦૦ |
| પ્રાંતિજ | ૧૭ | ૦૦ | ૩૫ | ૦૦ |
| તલોદ | ૧૨ | ૦૦ | ૩૦ | ૦૦ |
| મોડાસા | ૩૩ | ૧૬ | ૩૮ | ૦૦ |
| ધનસુરા | ૧૬ | ૦૦ | ૦૭ | ૦૦ |
| ઇડર | ૩૬ | ૩૬ | ૧૦૨ | ૦૦ |
| વડાલી | ૦૪ | ૦૦ | ૧૯ | ૦૦ |
| ખેડબ્રહ્મા | ૦૫ | ૦૦ | ૧૮ | ૦૦ |
| મેઘરજ | ૦૦ | ૦૦ | ૦૬ | ૦૦ |
| ભીલોડા | ૧૬ | ૦૦ | ૩૩ | ૦૦ |
| બાયડ | ૦૭ | ૦૦ | ૧૪ | ૦૦ |
| વિજયન | ૦૩ | ૦૦ | ૦૮ | ૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ગર | | | | |
| માલપુર | ૦૭ | ૦૦ | ૦૮ | ૦૦ |
| **કુલ ...** | **૨૦૦** | **૬૩** | **૪૧૪** | **૦૦** |

----------

## નવી આઈ.ટી.આઈ. શરૂ કરવા અંગે

૧૮૧૮ **શ્રી રણજીતભાઈ મં.ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૦૬-૨૦૦૭ માં રાજ્યમાં કુલ કેટલી નવી આઈ.ટી.આઈ. શરૂ કરવામાં આવી, અને | (૧) ૦૩ (ત્રણ) |
| (૨) ક્યા ક્યા સ્થળોએ ? | (૨) ૧. અંજાર, ૨. ધોળકા, ૩. જામ-ખંભાળીયા. |

----------

## લશ્કરી ભરતી મેળા અન્વયે આપેલ રોજગારી

૨૧૫૭ **શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં કેલેન્ડર વર્ષ ૨૦૦૭ માં કેટલા લશ્કરી ભરતી મેળા યોજવામાં આવ્યા, અને | (૧) ૯ |
| (૨) આ ભરતી મેળાઓમાં કેટલાને રોજગારી આપવામાં આવી ? | (૨) ૨૮૧. |

----------

## કાર્યરત આઈ.ટી.આઈ.ની સંખ્યા

૧૭૭૦ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી સરકારી આઈ.ટી.આઈ. કાર્યરત છે ? | ૧૪૫ |

---------

## રાજકોટ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળના લાભાર્થીઓ

૨૩૦૦ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તાલુકાવાર સરસ્વતી સાધના યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન કેટલી કન્યાઓને સાયકલ સહાય પેટે કેટલી રકમ ચૂકવી, અને

**જવાબ**

(૧)

| | **અનુસૂચિત જાતિ** | | **વિકસતી જાતિ** | |
|---|---|---|---|---|
| તાલુકાનું | કન્યાઓ | ચૂકવેલ | કન્યાઓ | ચૂકવેલ |
| રાજકોટ | ૨૮ | ૪૨૦૦૦ | ૫૨ | ૭૮૦૦૦ |
| ટંકારા | ૨૧ | ૩૧૫૦૦ | ૧૧ | ૧૬૫૦૦ |
| મોરબી | ૪૮ | ૭૨૦૦૦ | ૬૮ | ૧૦૨૦૦૦ |
| માળીયા- | ૧૦ | ૧૫૦૦૦ | ૩૭ | ૫૫૫૦૦ |
| પડધરી | ૧૬ | ૨૪૦૦૦ | ૧૭ | ૨૫૫૦૦ |
| લોધીકા | ૦૭ | ૧૦૫૦૦ | ૦૦ | ૦૦ |
| વાંકાનેર | ૩૦ | ૪૫૦૦૦ | ૩૦ | ૪૫૦૦૦ |
| જસદણ | ૩૫ | ૫૨૫૦૦ | ૧૭૯ | ૨૬૮૫૦૦ |
| કોટડા | ૩૮ | ૫૭૦૦૦ | ૫૫ | ૮૨૫૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| સાંગણી | | | | |
| જામકંડોરણ | ૧૧ | ૧૬૫૦૦ | ૧૦ | ૧૫૦૦૦ |
| ,, | | | | |
| ગોંડલ | ૫૫ | ૮૨૫૦૦ | ૭૬ | ૧૧૪૦૦૦ |
| જેતપુર | ૫૨ | ૭૮૦૦૦ | ૪૦ | ૬૦૦૦૦ |
| ધોરાજી | ૧૭ | ૨૫૫૦૦ | ૩૪ | ૫૧૦૦૦ |
| ઉપલેટા | ૨૦ | ૩૦૦૦૦ | ૬૦ | ૯૦૦૦૦ |
| **કુલ...** | **૩૮૮** | **૫૮૨૦૦૦** | **૬૬૯** | **૧૦૦૩૫૦૦** |

(૨) સાયકલની જે સહાયતા ચૂકવાઈ છે તેટલી રકમમાં સાયકલ મળતી નથી તો રાજ્ય સરકાર સાયકલ સહાયતાની રકમ વધારવા માંગે છે કે કેમ ?

(૨) હા જી.

----------

**વિદેશ અભ્યાસ માટેની મળેલ અરજીઓ**

૧૯૦૮ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિદેશમાં અભ્યાસ કરવા માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૦૬-૦૭માં અને ૨૦૦૭-૦૮માં ડીસે.-૦૭ અંતિત કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૬-૦૭ ૮૬
વર્ષ ૨૦૦૭-૦૮(ડિસે.૦૭ અંતિત) ૮૪
કુલ. ૧૭૦

(૨) મંજુર કરેલ અરજીઓ ૭૯
નામંજુર કરેલ અરજીઓ ૪૫
કુલ. ૧૨૪

----------

**નવા છાત્રાલયોની ફાળવણીની સંખ્યા**

૧૯૯૮ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બક્ષીપંચના કેટલા છાત્રાલયો નવા ફાળવવામાં આવ્યા, અને

(૨) ક્યા જિલ્લાઓમાં ?

**જવાબ**

(૧) ૪૧

(૨) અમરેલી, બનાસકાંઠા, ભરૂચ, સુરેન્દ્રનગર, સાબરકાંઠા, જુનાગઢ, અમદાવાદ, જામનગર, પાટણ, મહેસાણા, ગાંધીનગર, દાહોદ, ખેડા, રાજકોટ, પંચમહાલ, કચ્છ, પોરબંદર અને આણંદ.

----------

**કચ્છ જિલ્લામાં શ્રમજીવીઓના મૃત્યુ**

૧૮૪૩ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ઓદ્યોગિક એકમોમાં શ્રમજીવીઓનું અકસ્માત કે બેદરકારી અને સલામતીનાં અભાવને કારણે મૃત્યુનું પ્રમાણ વધેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો સલામતીમાં બેદરકારી દાખવવા બદલ ક્યા ક્યા એકમોમાં મેનેજમેન્ટ કે માલિકો સામે છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ક્યાં પગલાં લેવાયા, અને

(૩) જો ના, તો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા ઓદ્યોગિક

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં ઓદ્યોગિક એકમોમાં વધારો થતાં અને ઓદ્યોગિક એકમો દ્વારા સલામતીનાં ધોરણોનો અમલ ન થવાથી અને શ્રમયોગીઓની બેદરકારીને કારણે મૃત્યુનું પ્રમાણ વધેલ છે.

(૨) કસુરવાર કારખાનાના માલિક/મેનેજર સામે કોર્ટમાં કેસ કરવામાં આવેલ છે.
*પત્રક-(ક) મુજબ

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

એકમોમાં મજદુરોનાં ક્યારે મૃત્યુ થયા, નોંધાયા ?

***પત્રક-(ક)**

**૨૦૦૫**

| **ક્રમ** | **પગલા લેવાયેલ સંસ્થા /એકમનું નામ** |
|---|---|
| ૧ | મીડ ઇન્ડીયા એન્જી. ઇ. લી. મીઠી રોહર, ગાંધીધામ |
| ૨ | મહા શક્તિ કોક યુનિટ, મુદ્રા |
| ૩ | મુંદ્રા કોક લી. મુદ્રા |
| ૪ | વી. વી. એફ. લી. મેઘપર |
| ૫ | વેલ્સ્પન ઇન્ડિયા લી. અંજાર |
| ૬ | વેલ્સ્પન ગુજરાત સ્ટીલ રોહર લી. અંજાર |
| ૭ | માન ઇન્ક ઇન્ડીયા લી. ખેડોઇ |
| ૮ | કચ્છ સ્ટીલ પ્રા. લી. ગામ : ગુનાઉ |
| ૯ | સોલારીશ કેમટેક પ્રા. લી. ખાવડા |
| ૧૦ | સંતોષ સ્ટાર્ચ પ્રોડક્ટ, ભચાઉ |
| ૧૧ | ન્યુ ટેક ફોર્જ એન્ડ ફાઉન્ડ્રી લી. સામખીયાળી |
| ૧૨ | ઇલેક્ટ્રો થર્મ (ઇ) લી. સામખીયાળી |
| | **૨૦૦૬** |
| ૧૩ | પી. એસ. લી. ગાંધીધામ |
| ૧૪ | ઇફ્કો, ગાંધીધામ |
| ૧૫ | કચ્છ કેમીકલ, કંડાણા |
| ૧૬ | એક્સેલ ક્રોપ કેરલી, ગજોડ |
| ૧૭ | આશાપુરા વોલક્લે લી. લેર ભુજ |
| ૧૮ | વેલ્સ્પન ગુજરાત સ્ટીલ રોહર લી. અંજાર |
| ૧૯ | વેલ્સ્પન પાવર એન્ડ સ્ટીલ લી. અંજાર |
| ૨૦ | સેફાલી રોલ્સ લી. તૃણા અંજાર |
| ૨૧ | વેલ્સ્પન (ઇ) લી. અંજાર |
| ૨૨ | મોનો સ્ટીલ (ઇ) લી. ધમકડા |
| ૨૩ | ન્યુ ટેક ફોર્જ એન્ડ ફાઉન્ડ્રી લી. સામખીયાળી |
| ૨૪ | શ્રી અરિહંત ટ્રેડ લીંક ઇન્ડીયા પ્રા. લી. ચોપડવા |
| ૨૫ | ઇલેક્ટ્રો થર્મ (ઇ) લી. સામખીયાળી |
| ૨૬ | જીન્દાલ સો. લી. સમાઘોઘા મુંદ્રા |
| ૨૭ | મહાશક્તિ કોક, લાખાપર, મુન્દ્રા |
| ૨૮ | ગુજરાત અદાણી પોર્ટ લી. મુંદ્રા |
| | **૨૦૦૭** |
| ૨૯ | સી.આર.એલ. ટર્મીનલ પ્રા. લી. કંડલા |
| ૩૦ | મીડ ઇન્ડીયા એન. લી. ગાંધીધામ |
| ૩૧ | નવકાર ઇસ્પાત લી. મોરગર |
| ૩૨ | ન્યુ ટેક ફોર્જ એન્ડ ફાઉન્ડ્રી લી. સામખીયાળી |
| ૩૩ | ઇલેક્ટ્રો થર્મ (ઇ) લી. સામખીયાળી |
| ૩૪ | ગુજરાત એન.આર.આઇ. કોક લી. લુણવા |
| ૩૫ | આશાપુરા માઇન કેમ લી. બરાયા |
| ૩૬ | જીન્દાલ સો. લી. સમાઘોઘા, મુદ્રા |
| ૩૭ | મુંદ્રા પોર્ટ એન્ડ એસઇઝેડ લી. મુદ્રા |
| ૩૮ | જીન્દાલ સો. લી. નાનકપાયા |
| ૩૯ | હંસ ઇસ્પાત લી. બુઢારમોરા |
| ૪૦ | ગોકુલ રીફાઇલ્સ એન્ડ સો. લી. મેઘપર |
| ૪૧ | મોનો સ્ટીલ ઇન્ડીયા લી. ધમડકા |
| ૪૨ | પી.એસ.એલ. લી. વરસાણા, અંજાર |
| ૪૩ | વેલ્સ્પન ગુજરાત સ્ટીલ રોહર લી. અંજાર |

૪૪ કચ્છ સ્ટીલ પ્રા. લી. ગુનાઉ
૪૫ ગ્લોબલ હાઇટેક લી. કનેયા, ભુજ

----------

**રોજગાર કચેરીઓને કોમ્પ્યુટરાઇઝ કરવાથી થયેલ ફાયદાઓ**

૧૭૭૮**શ્રી ભરતસિંહજી શં.ડાભીM#>(ખેરાલુ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની તમામ રોજગાર કચેરીઓને કોમ્પ્યુટરાઇઝડ કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા |
| (૨) જો હા, તો તેનાથી શું ફાયદાઓ થયેલ છે ? | (૨) રોજગાર કચેરીઓને કોમ્પ્યુટર રાઇઝડ કરવાથી રોજગાર વાંચ્છુ ઉમેદવારો અને નોકરીદાતાઓને ઝડપી, કાર્યક્ષમ અને નિષ્પક્ષ સેવાઓ પૂરી પાડી શકાય છે. |

----------

**બેરોજગારીની સમસ્યા અન્વયે લીધેલાં પગલાં**

૧૭૭૩ **શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ (હિંમતનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર બેરોજગારીની સમસ્યા માટે ચિંતિત છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તે માટે રોજગાર ખાતા ધ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૨) ઓદ્યોગિક ભરતી મેળાઓ, લશ્કરી મેળાઓ, સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો ચલાવવામાં આવે છે. |

----------

**સુરત જિલ્લામાં સ્વરોજગાર શિબિરોમાં હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા**

૧૮૧૦ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૭ માં સુરત જિલ્લામાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૬૧ |
| (૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતા ? | (૨) ૧૨૦૫૩. |

----------

**નાટ્ય કલાકારોને ચૂકવેલ સહાય**

૨૩૧૧ **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના નાટ્યકારો, કલાકારોને તેમની કૃતિઓ રાજ્ય બહાર રજુ કરી શકે તે માટે સરકારે કોઇ યોજના બનાવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા નાટયવૃંદોને શું સહાય આપવામાં આવેલ છે ? | (૨) ૩૮ નાટયવૃંદોને રૂા. ૬૧,૫૭,૭૦૦/-ની આર્થિક સહાય આપવામાં આવી છે. |

----------

**રાજ્ય સરકાર દ્વારા લીધલ ઓવરડ્રાફ્ટ અંગે**

૨૩૧૪ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર ધ્વારા ઓવરડ્રાફ્ટ લેવાયેલ નથી, | (૧) હા, જી. |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અને | |
| (૨) તો એ રાજ્ય સરકારની સધ્ધર સ્થિતિને કારણે કે અન્ય કોઇ કારણસર છે ? | (૨) રાજ્ય સરકારના અસરકારક નાણાકીય સંચાલન અને કુશળ નાણાંકીય વ્યવસ્થાપનને કારણે છે. |

----------

**આઇ.ટી.આઇ. ને અપગ્રેડ કરવા અંગે**

૧૮૧૪ **શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ (કામરેજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ સને ૨૦૦૭-૨૦૦૮ માં રાજ્યમાં કુલ કેટલી આઇ.ટી.આઇ. ને સેન્ટર ઓફ એક્સલન્સ તરીકે અપગ્રેડ કરવામાં આવી, અને | (૧) ૦૯ (નવ) |
| (૨) ક્યા ક્યા સ્થળોએ ? | (૨) (૧) ઉત્તરસંડા (૨) સુરેન્દ્રનગર (૩) પાટણ (૪) હિંમતનગર (૫) ગાંધીધામ (૬) દાહોદ (૭) મહેસાણા (૮) હાલોલ (૯) વાસદ |

----------

**આદિજાતિ વિસ્તારના જિલ્લાઓમાં રમતગમત ક્ષેત્રે યુવાનોને પ્રોત્સાહિત કરવા પાછળ થયેલ ખર્ચ**

**૨૩૨૦ શ્રી અમરસિંહ રા. વસાવા(દેડિયાપાડા) :** માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે ગુજરાતના આદિજાતિ વિસ્તારોમાં રહેતા યુવાનોને પ્રોત્સાહિત કરવા રમતગમત ક્ષેત્રે કેટલી ગ્રાન્ટ સને ૨૦૦૬ અને ૨૦૦૭માં ફાળવણી કરેલ છે, અને | (૧) રાજ્ય સરકારે ગુજરાતના આદિજાતિ વિસ્તારોમાં રહેતા યુવાનોને પ્રોત્સાહિત કરવા રમતગમત ક્ષેત્રે સને-૨૦૦૬ અને ૨૦૦૭માં નીચે દર્શાવ્યા પ્રમાણે ગ્રાંટ ફાળવણી કરી છે.<br>વર્ષ-૨૦૦૬ રૂા. ૮,૯૯,૦૫૦/-<br>વર્ષ ૨૦૦૭ રૂા. ૮,૯૯,૦૫૦/- |
| (૨) આ ગ્રાન્ટ ક્યા ક્યા જિલ્લામાં વાપરીને યુવાનોને પ્રોત્સાહિત કરવામાં આવેલ છે ? | (૨) આ ગ્રાન્ટ દાહોદ, સુરત, ગોધરા, વલસાડ, નવસારી, વડોદરા, રાજપીપળા, ભરૂચ, સાબરકાંઠા, બનાસકાંઠા અને ડાંગ જિલ્લાઓના આદિજાતિ વિસ્તારોમાં રહેતા યુવાનોને પ્રોત્સાહિત કરવા વાપરવામાં આવેલ છે. |

----------

**શ્રમ યોગીઓને પુરસ્કાર આપવા અંગે**

૧૭૬૧ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર ધ્વારા ગુજરાતના ઓદ્યોગિક શ્રમયોગીઓને પ્રોત્સાહિત કરવા માટે કોઈ પુરસ્કાર આપવાની યોજના છે, | (૧) હા, જી. |
| (૨) જો યોજના હોય તો કેટલા પુરસ્કાર આપવામાં આવે છે, આ પુરસ્કારમાં શ્રમયોગીઓને શું આપવામાં આવે છે, | (૨) ૧૬ પુરસ્કારો<br>પુરસ્કારમાં શ્રમયોગીઓને પ્રમાણપત્ર, સ્મૃતિચિન્હ અને રોકડ રકમ આપવામાં આવે છે. |
| (૩) છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા શ્રમયોગીઓને આવા પુરસ્કાર આપવામાં આવેલ છે, અને | (૩) ૪૨ |
| (૪) આ પુરસ્કાર કોને આપવા તે માટે કોઈ કમિટિની રચના થયેલ છે, જો હા, તો તે કમિટિના મેમ્બર કોણ છે ? | (૪) હા, જી.<br>કમિટિના મેમ્બર નીચે મુજબ છે.<br>(૧) સચિવશ્રી, શ્રમ અને રોજગાર — અધ્યક્ષ<br>(૨) સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ — સભ્ય<br>(૩) સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ — સભ્ય<br>(૪) ઉદ્યોગ કમિશ્નરશ્રી — સભ્ય |

| | | |
|---|---|---|
| (૪) | ઉદ્યોગ કમિશ્નરશ્રી | સભ્ય |
| (૫) | શ્રમ આયુક્તશ્રી | સભ્ય |
| (૬) | નિયામકશ્રી, રોજગાર અને તાલીમ | સભ્ય |
| (૭) | ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસરશ્રી (સી.ઈ.ઓ.) ગુજરાત ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર | સભ્ય |
| (૮) | એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી, ગુજરાત એમ્પલોયર્સ ઓર્ગેનાઈઝેશન, વડોદરા | સભ્ય |
| (૯) | નિયામકશ્રી ઓદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય | સભ્ય સચિવ |

**રમતગમત ક્ષેત્રે થયેલ કાર્યક્રમો**

૧૮૪૫ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સન ૨૦૦૬-૨૦૦૭માં કેટલા રમતગમત ક્ષેત્રે કાર્યક્રમો થયાં, | (૧) ૧૮૦ |
| (૨) કેટલાં યુવા મહોત્સવ થયાં, અને અને | (૨) ૧ (એક) |
| (૩) કેટલાં યુવક અને યુવતીઓએ ભાગ લીધો હતો ? | (૩) ૬૮,૦૪૨ યુવકો અને ૫૦,૩૦૭ યુવતિઓ મળીને કુલ : ૧,૧૮,૩૪૯ યુવક યુવતિઓએ ભાગ લીધો હતો. |

----------

**અમદાવાદ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળના લાભાર્થીઓ**

૨૦૪૮**શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાનાં ધંધુકા, રાણપુર અને બરવાળા તાલુકાઓમાંથી તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માનવ ગરીમા યોજના હેઠળ સ્વરોજગારીના ધંધા માટે અનુસૂચિતજાતિ, બક્ષીપંચ તેમજ અન્ય જાતિઓની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલા અરજદારોની અરજીઓ મંજૂર કરી,

(૩) કેટલી નામંજૂર કરી, કેટલી પડતર છે, અને

**જવાબ**

(૧), (૨) અને (૩)

| જાતિ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|---|
| અનુસૂચિત જાતિ | ૧૨૦ | ૮૯ | ૩૧ | - |
| બક્ષીપંચ અને અન્ય | ૪૨૪ | ૨૯૯ | ૭૦ | ૫૫ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) લાંબા સમયથી પડતર રહેવાના કારણો શાં છે ? | (૪) લાભાર્થીઓ દ્વારા (૧) સક્ષમ અધિકારીના આવક્ના દાખલા રજુ કરેલ ન હોવાને કારણે તથા (૨) બી.પી.એલ. રેશનકાર્ડ રજુ ન કરવાને કારણે. |

----------

**કાર્યરત આઈ.ટી.આઈ.ની સંખ્યા**

૧૭૬૮ **શ્રી દિલીપસિંહ વ. પરમાર(મોડાસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી સેલ્ફ ફાયનાન્સ આઈ.ટી.આઈ. કાર્યરત છે ? | ૧૮૯ |

----------

**વડોદરા જિલ્લામાં બાળ મજૂરોને મુક્ત કરવા અંગે**

૧૧૭૪ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળ મજૂરોને મુક્ત કરવામાં આવ્યા, અને

(૧)

| તાલુકો | મુક્ત કરેલ બાળ મજુરો | | |
|---|---|---|---|
| | ૨૦૦૬ | ૨૦૦૭ | કુલ |
| વડોદરા | - | - | - |
| સંખેડા | - | - | - |
| ડભોઈ | - | - | - |
| સાવલી | - | - | - |
| નસવાડી | - | - | - |
| ક્વાંટ | - | - | - |
| વાઘોડીયા | - | - | - |
| પાવીજેતપુર | - | - | - |
| શીનોર | - | - | - |
| કરજણ | - | - | - |
| પાદરા | - | - | - |
| વડોદરા સીટી | ૨૧ | ૩ | ૨૪ |
| **કુલ** | **૨૧** | **૩** | **૨૪** |

(૨) આવા બાળ મજૂરોને કામે રાખનાર ઈસમો સામે સરકારે શાં પગલાં લીધા ?

(૨) સરકારે નીચે મુજબ પગલાં લીધેલ છે.

| વર્ષ | સંસ્થાઓ | કરવામાં આવેલ ફોજદારી કેસો |
|---|---|---|
| ૨૦૦૬ | ૧૩ | ૧૮ |
| ૨૦૦૭ | ૨ | ૪ |
| **કુલ** | **૧૫** | **૨૨** |

----------

**અમદાવાદ જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષકોની જગાઓ અંગે**

૧૮૮૯ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષકોની કુલ કેટલી જગ્યાઓ છે, — (૧) ૧૪

(૨) તે પૈકી વણપૂરાયેલ કેટલી જગ્યાઓ છે, અને — (૨) ૦૬

(૩) ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ? — (૩) શક્ય તેટલી વહેલી

----------

**સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં બક્ષીપંચના છાત્રાલયોની સંખ્યા**

૧૪૬૦ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં બક્ષીપંચના તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ કેટલા છાત્રાલયો આવેલા છે, — (૧) ૫૫ છાત્રાલયો

(૨) તેમાં કુલ સંખ્યા કેટલી, અને — (૨) ૨૮૯૪

(૩) તેમને આપવામાં આવતી સગવડો શું ? — (૩) સરકારશ્રીના ધારા ધોરણ મુજબ

----------

## ખેડા જિલ્લામાં વિદ્યાર્થીઓને સાયકલ વિતરણ તેમજ ખર્ચ અંગે

૧૬૬૭ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બક્ષીપંચ-અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને સાયકલનું વિતરણ તાલુકાવાર કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) વિદ્યાર્થીઓ કે વિદ્યાર્થીનીઓને સાયકલનું વિતરણ કરવામાં આવતું નથી પરંતુ ફક્ત વિદ્યાર્થીનીઓને સાયકલ ખરીદવા માટે રૂા. ૧૫૦૦ રોકડ સહાય આપવામાં આવે છે. તદનુસાર નીચે જણાવ્યા મુજબ તાલુકાવાર વિદ્યાર્થીનીઓને સાયકલ ખરીદવા માટે રોકડ સહાય ચૂકવવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | અનુસૂચિત જાતિ | | વિકસતી જાતિ | |
|---|---|---|---|---|
| | લાભાર્થીઓની સંખ્યા | | | |
| | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૬ | ૨૦૦૭ |
| નડીયાદ | ૯ | ૬ | ૨૦૩ | ૧૩૩ |
| મહેમદાવાદ | ૫ | ૧૦ | ૩૩૫ | ૪૮૩ |
| બાલાસિનોર | ૫ | ૨૧ | ૬૨૬ | ૨૫૯ |
| કપડવંજ | ૨૪ | ૪૯ | ૫૧૧ | ૬૬૭ |
| ખેડા | ૯ | ૨૬ | ૪૧ | ૭૨ |
| મહુધા | ૨ | ૫ | ૧૩૨ | ૧૫૫ |
| કઠલાલ | ૪ | ૧૧ | ૯૫૦ | ૭૧૯ |
| ઠાસરા | ૧૩ | ૧૮ | ૭૫૦ | ૩૨૧ |
| વિરપુર | ૪ | ૧૩ | ૬૨૬ | ૯૨ |
| માતર | ૬ | ૭ | ૬૯ | ૭૯ |
| **કુલ** | **૮૧** | **૧૬૬** | **૪૨૪૩** | **૨૯૮૦** |

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

(૨) અનુસૂચિત જાતિ રૂા. ૩,૭૦,૫૦૦
બક્ષીપંચ રૂા. ૧,૦૮,૩૪,૫૦૦

----------

## રોજગાર કચેરી ધ્વારા કરેલ ભલામણના ઈન્ટરવ્યૂની સવલત અંગે

૨૧૫૯ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રોજગાર કચેરી ધ્વારા નોકરી માટે ભલામણ કરવામાં આવેલ ઉમેદવારોને ઈન્ટરવ્યૂ આપવા જવા માટે કોઈ સવલતો આપવામાં આવે છે, અને

(૨) જો હા, તો કયા પ્રકારની ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઉમેદવારના રહેઠાણના સ્થળથી ઈન્ટરવ્યુના સ્થળ સુધીનું આવવા તથા જવાનું એસ.ટી. ભાડુ ચુકવવાની યોજના અમલમાં છે.

----------

## ઓવર ડ્રાફ્ટ લેવા અંગે

૧૭૮૫ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ઓવર ડ્રાફ્ટ લેવાયેલ નથી, અને

(૨) તો એ રાજ્ય સરકારની સધ્ધર સ્થિતિને કારણે કે અન્ય કોઇ કારણોસર તે કહેશો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્ય સરકારના અસરકારક નાણાકીય સંચાલન અને કુશળ નાણાકીય વ્યવસ્થાપનને કારણે છે.

----------

### રાજ્ય સરકાર દ્વારા કરેલ લોનોની ચુકવણી તેમજ વ્યાજ અંગે

૧૫૦૨ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કઇ કઇ લોનોની ચૂકવણી કરી, | (૧), (૨) અને (૩) પત્રક-અ મુજબ. |
| (૨) આની સામે સરકારે ૨૦૦૭-૦૮ના નાણાકિય વર્ષમાં કઇ કેટલી રકમની લોન લીધી, અને | |
| (૩) જેનો વ્યાજનો દર શું છે ? | |

**પત્રક-અ**

| | લોનની કરેલ ચુકવણી રૂા. કરોડમાં | | | સને ૨૦૦૭-૦૮માં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ | |
|---|---|---|---|---|---|
| | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | નાણાકિય વર્ષ ૨૦૦૭-૦૮માં તા. ૩૧-૧૨-૦૭ સુધી | લીધેલ લોન રૂા. કરોડમાં | લીધેલ લોનનો એવરેજ વ્યાજનો દર |
| નાણાકિય સંસ્થાઓ | ૨૪૯.૦૩ | ૧૧૫.૩૨ | ૧૫૪.૬૭ | ૨૧૯.૧૩ | ૬.૫૦ |
| એનએસએસએફની લોન | ૧૨૯.૭૫ | ૩૦૧.૧૫ | ૪૦૦.૮૭ | ૯૧૫.૦૨ | ૯..૫૦ |
| ખુલ્લા બજારની લોન | ૨૫૬.૦૦ | ૪૪૪.૪૮ | ૪૭૬.૨૭ | ૨૨૭૫.૦૦ | ૮.૧૧ |
| કેન્દ્ર સરકારની લોન | ૫૮૬.૫૮ | ૮૫૯.૧૯ | ૫૪.૫૫ | ૧૭૦.૩૯ | ૯.૦૦ |

----------

### ભાવનગર જિલ્લામાં મજૂરોના શોષણ અંગે

૧૯૯૫ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં કેટલા ઓદ્યોગિક એકમો સામે તા.૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શ્રમિકોના થતા શોષણ અંગે કેટલી ફરિયાદો મળી, અને | (૧) ૯૫ એકમોમાં ૧૨૬ ફરીયાદો મળી. |
| (૨) આ ફરિયાદો સામે સરકાર દ્વારા કોના સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી.<br>(૧) ૭૮ ફરીયાદોનો અધિકારીઓની દરમિયાનગીરીથી નિકાલ કરવામાં આવ્યો.<br>(૨) ૪૫ ફરીયાદોમાં વિવિધ શ્રમ કાયદાઓ હેઠળ નિરીક્ષણો કરેલ છે. જે પૈકી ૪૯ જેટલા કોર્ટમાં કેસ કરેલ છે.<br>(૩) ૩ ફરીયાદોમાં તપાસ ચાલુ છે. |

----------

### ખેડા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

૧૮૨૧ **શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ ખેડા જિલ્લા રોજગાર વિનિમય ક્ચેરીમાં કુલ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૩૦૩૭૦. |
| (૨) તા.૧-૧-૨૦૦૭ થી તા.૩૧-૧૨-૦૭ સુધીમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૪૦૯૭. |

## નિગમો પાસેથી વેચાણ વેરાની બાકી રકમ

૧૫૮૫ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ રાજ્યના નિગમો પાસેથી વેચાણવેરાની કેટલી રકમ લેણી નીકળે છે,

**જવાબ**

(૧) રૂપિયા ૨૨૯.૫૭ કરોડ.

**પ્રશ્ન**

(૨) કેટલા સમયથી કેટલી અને ક્યા ક્યા નિગમોની રકમ લેણી નીકળે છે, અને

**જવાબ**

(૨) સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| ક્રમ | નિગમનું નામ | જે વર્ષની રકમ બાકી છે, તેની વિગત | રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|---|
| ૧. | જી.એમ.ડી.સી. | ૯૩/૯૪, ૯૫/૯૬, ૯૭/૯૮ | ૧.૨૩ |
| ૨. | ગુજરાત સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લીમીટેડ. | ૯૦/૯૧ થી ૯૯/૨૦૦૦ | ૧૭૭.૬૩ |
| ૩. | ગુજરાત નાણાકીય નિગમ લીમીટેડ. | ૯૫/૯૬ થી ૨૦૦૦/૨૦૦૧ | ૩૯.૧૫ |
| ૪. | જી.સી.ઇ.એલ. (વડોદરા એકમ) | ૮૬/૮૭ થી ૨૦૦૧/૨૦૦૨ | ૬.૦૯ |
| | જી.સી.ઇ.એલ. (ગાંધીનગર એકમ) | ૯૪/૯૫ થી ૨૦૦૧/૨૦૦૨ | ૨.૪૬ |
| ૫. | ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લીમીટેડ. | ૦૯/૯૧ થી ૨૦૦૧/૨૦૦૨ | ૦.૪૫ |
| ૬. | ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ લીમીટેડ, સુરત. | ૯૫/૯૬ થી ૨૦૦૨/૨૦૦૩ | ૨.૫૬ |
| | | **કુલ :** | **૨૨૯.૫૭** |

**પ્રશ્ન**

(૩) વસુલાત માટે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૩) ત્રણ નિગમોના કેસમાં નામ. હાઇકોર્ટ/ વેચાણવેરા પંચનો મનાઇહુકમ છે. બાકીના ત્રણ નિગમોના કેસમાં વેચાણવેરા કાયદા/જમીન મહેસૂલ કાયદા હેઠળ વસુલાત માટે કાર્યવાહી કરી છે.

## <પંચમહાલ જિલ્લામાં કુંવરબાઇનું મામેરાંની મળેલ અરજીઓ

૧૦૮૦ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કુંવરબાઇના મામેરાની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી, અને

**જવાબ**

(૧) અને (૨)

| | અનુસૂચિત જાતિ | | | વિકસતી જાતિ | | |
|---|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
| ગોધરા | ૨૬ | ૨૪ | ૨ | ૩૩ | ૨૯ | ૪ |
| મોરવાહડફ | ૧ | ૧ | -- | ૨૧ | ૧૭ | ૪ |
| ખાનપુર | ૧ | ૧ | -- | ૮ | ૭ | ૧ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| લુણાવાડા | ૨૭ | ૨૫ | ૨ | ૫૮ | ૪૪ | ૮ |
| હાલોલ | ૧૧ | ૯ | ૨ | ૧૩ | ૧૦ | ૩ |
| જાંબુઘોડા | ૧ | ૧ | -- | ૨ | ૨ | -- |
| સંતરામપુર | ૮ | ૮ | -- | ૭ | ૫ | ૨ |
| કાલોલ | ૧૪ | ૧૩ | ૧ | ૨૨ | ૧૮ | ૪ |
| શહેરા | ૩૪ | ૩૪ | -- | ૨૨ | ૧૭ | ૫ |
| ઘોઘંબા | ૩ | ૩ | -- | ૨૪ | ૧૮ | ૬ |
| કડાણા | ૧ | ૧ | -- | ૧ | ૧ | -- |
| કુલ : | ૧૨૭ | ૧૨૦ | ૭ | ૨૧૧ | ૧૬૮ | ૩૭ |

(૩) નામંજૂર થવાના કારણો શાં છે ?

(૩) ૧ વર કન્યાની ઉંમર ઓછી હોવાથી.
૨ અરજીઓ સમય મર્યાદા બાદ મળેલ હોવાથી
૩ નિયત કરેલ આવક મર્યાદા કરતાં વધુ આવક હોવાથી.

----------

**ભાવનગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૧૮૨૨ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ભાવનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કુલ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૩૨૮૭૮. |
| (૨) તા. ૧-૧-૨૦૦૭ થી તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૭૦૧૨. |

----------

**રાજકોટ જિલ્લામાં ખેતમજૂરોના મૃત્યુ અંગે ચૂકવેલ સહાય**

૨૩૦૧ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેતમજૂરો તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ નોંધાયેલ છે, | (૧) રાજકોટ જિલ્લામાં ૧,૧૯,૩૧૪ ખેત શ્રમિકો નોંધાયેલા છે. જે તાલુકાવાર નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ ખેત શ્રમિકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધોરાજી | ૧૦૪૫૭ |
| ૨ | રાજકોટ | ૮૬૧૯ |
| ૩ | પડધરી | ૫૦૮૮ |
| ૪ | ટંકારા | ૩૯૮૨ |
| ૫ | મોરબી | ૧૦૧૩૨ |
| ૬ | માળીયા (મીયાણા) | ૬૫૯૧ |
| ૭ | ગોંડલ | ૧૪૨૩૨ |
| ૮ | જસદણ | ૧૦૧૩૨ |
| ૯ | કોટડા સાંગાણી | ૪૪૭૨ |
| ૧૦ | વાંકાનેર | ૭૨૧૩ |
| ૧૧ | લોધીકા | ૫૯૯૨ |
| ૧૨ | ઉપલેટા | ૧૬૨૬૨ |
| ૧૩ | જેતપુર | ૮૪૩૨ |
| ૧૪ | જામ કંડોરણા | ૭૭૧૦ |

**કુલ : ૧૧૯૩૧૪**

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા ખેતમજૂરોના મૃત્યુ થયા, અને | (૨) તે પૈકી છેલ્લા એક વર્ષમાં ચાર ખેત શ્રમયોગીઓના અકસ્માતથી મૃત્યુ થયેલ છે. જે તાલુકાવાર નીચે મુજબ છે.<br>૧. જેતપુર - ૧ (એક)<br>૨. ધોરાજી - ૩ (ત્રણ) |
| (૩) તેમને સરકારે કેટલી સહાયતા ચૂકવી ? | (૩) સહાયતા ચુકવવાની અરજી ચકાસણી હેઠળ છે. |

----------

**સ્થાનિક ઉમેદવારોને રોજગારી**

૨૧૬૦ **શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ (હિંમતનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ઓદ્યોગિક એકમોમાં સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે સરકારે કોઇ જોગવાઇ કરેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે શું જોગવાઇ કરેલ છે ? | (૨) ઉદ્યોગોમાં સ્થાનિક ઉમેદારોને રોજગારી મળે તે માટે એકમની કુલ રોજગારી સામે સુપરવાઇઝરી કક્ષામાં ૬૦ ટકા કામદાર કક્ષામાં ૮૫ ટકા અને એકંદર કુલ ૮૫ ટકા સ્થાનિકોને રોજગારીની જોગવાઇ કરવામાં આવેલ છે. |

----------

**આઇ.ટી.આઇ.ને અપગ્રેડ કરવા અંગે**

૧૮૧૫ **શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ (કામરેજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સને ૨૦૦૬-૨૦૦૭માં રાજ્યમાં કુલ કેટલી આઇ.ટી.આઇ.ને સેન્ટર ઓફ એક્સલન્સ તરીકે અપગ્રેડ કરવામાં આવી, અને | (૧) ૧૫ (પંદર). |
| (૨) ક્યા ક્યા સ્થળોએ ? | (૨) (૧) સરખેજ (૨) મોડાસા (૩) વિસનગર (૪) વડનગર (૫) પાલનપુર (૬) પલાણા (૭) દશરથ (૮) ગોધરા (૯) પારડી (૧૦) ભાવનગર (૧૧) અમરેલી (૧૨) જુનાગઢ (૧૩) ગોંડલ (૧૪) જામનગર (૧૫) ભુજ. |

----------

**રાજકોટ જિલ્લામાં બેરોજગારોને આપેલ રોજગારીની સંખ્યા**

૨૩૦૩ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૦૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કુલ કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને | (૧) ૪૧૧૧૪. |
| (૨) તા.૧/૧/૦૭ થી તા.૩૧/૧૨/૦૭ સુધીમાં રાજકોટ જિલ્લા રોજગાર કચેરી દ્વારા કેટલા બેરોજગારોને નોકરી માટેની તકો આપવામાં આવી ? | (૨) ૧૪૫૩૩. |

----------

**રાજ્યમાં વિકલાંગ બાળકોને શિક્ષણ**

૨૩૦૬ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વિકલાંગ બાળકોને શિક્ષણ આપવા માટે ખાસ શિક્ષકો તૈયાર કરવા આરસીઆઈની માન્યતા ધરાવતી હોય તેવી તાલીમ કોલેજ કેટલી છે,

(૨) આ કોલેજોમાં તા. ૩૧/૧/૦૮ની સ્થિતિએ વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન કેટલા તાલીમાર્થીઓ તાલીમ મેળવે છે, અને

(૩) આ કોલેજો પૈકી કેટલી કોલેજો ગ્રાન્ટ ઈન એઈડ મેળવે છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં વિકલાંગ બાળકોને શિક્ષણ આપવા માટે ખાસ શિક્ષકો તૈયાર કરવા આરસીઆઈની માન્યતા ધરાવતી હોય તેવી તાલીમ કોલેજ ૧૯ છે.

(૨) આ કોલેજોમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન ૫૩૯ તાલીમાર્થીઓ તાલીમ મેળવે છે.

(૩) આ કોલેજો પૈકી ૩ કોલેજો ગ્રાન્ટ ઈન એઈડ મેળવે છે.

----------

**અમદાવાદ જિલ્લામાં ખેત મજૂર મૃત્યુ વીમા યોજના હેઠળના લાભાર્થીઓ**

૨૦૪૯ **શ્રી રણછોડભાઈ ક.મેર(ધંધુકા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના ધંધુકા, રાણપુર અને બરવાળા તાલુકાની તા.૩૧/૧૨/૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેત મજૂર મૃત્યુ વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તે પૈકી કેટલા ખેતમજૂરોને વીમાની રકમ ચૂકવવામાં આવેલ છે, અને

(૩) બાકી રહેલી અરજીઓનો કટેલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ખેતમજૂર : ૧૩
કડીયાકામ : ૦૪
કુલ ...... ૧૭

(૨) ખેતમજૂર : ૦૨
કડીયાકામ : ૦૨
કુલ...... ૦૪

(૩) વીમા કંપની પાસે બાકી રહેલ ૭ અરજીઓમાં તાત્કાલિક નિકાલ કરી જાણ કરવા સંબંધીત વીમા કંપનીને સુચના આપી છે. ૩ અરજીઓ ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર કચેરીમાં પુર્તતા અર્થે પડતર છે. તેનો બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે. ૦૩ (ત્રણ) અરજી ના મંજૂર કરેલ છે.

----------

**રાષ્ટ્રીય યુવા મહોત્સવમાં રાજ્યને મળેલ સિધ્ધિઓની સંખ્યા**

૧૫૦૩ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય યુવા મહોત્સવમાં ગુજરાતની ટીમો મોકલવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સિધ્ધિઓ મળી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સાત.

----------

**ભાવનગર જિલ્લામાં વેચાણવેરાની વસુલ કરવાની બાકી રકમ**

૧૯૯૬ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૬-૨૦૦૭ના નાણાકીય વર્ષમાં તેમજ તા.૩૧/૧૨/૨૦૦૭ સુધીમાં ભાવનગર જિલ્લામાં તાલુકાદીઠ વેચાણવેરાની કેટલી આવક થઈ,

**જવાબ**

(૧)

(રૂા. લાખમાં)

| ક્રમ | તાલુકો | ૨૦૦૬-૦૭ની આવક | ૨૦૦૭-૦૮ તા.૩૧-૧૨-૦૭ સુધીની આવક |
|---|---|---|---|
| ૧. | બોટાદ | ૧૩૦૪.૫૨ | ૭૬૩.૮૮ |

| | | | |
|---|---|---|---|
| ૨. | મહુવા | ૧૦૫૨.૧૧ | ૭૦૧.૦૦ |
| ૩. | તળાજા | ૨૯૭.૯૦ | ૬૯૧.૭૭ |
| ૪. | સિહોર | ૧૦૮.૮૫ | ૧૯૫.૦૦ |
| ૫. | પાલીતાણા | ૩૧.૨૬ | ૮૫.૦૧ |
| ૬. | ઘોઘા | ૬૫.૫૬ | ૯૪.૯૮ |
| ૭. | ગઢડા | ૫૬.૨૩ | ૨૦૩.૫૨ |
| ૮. | ઉમરાળા | ૧૧.૨૬ | ૩૧.૮૨ |
| ૯. | વલ્લભીપુર | ૭.૯૯ | ૧૯.૯૬ |
| ૧૦. | ગારીયાધાર | ૨૨૭.૯૯ | ૧૦૭.૨૧ |
| ૧૧. | ભાવનગર | ૨૦૧૩૧.૯૪ | ૧૮૯૫૭.૬૨ |

(૨) કેટલા એકમો પાસેથી વેચાણવેરાની કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને

(૨) ૧૩૨ એકમો પાસેથી રૂા. ૯૩૦.૨૯ કરોડ.

(૩) આ બાકી વસુલાત ઝડપી બનવવા સરકારે શાં પગલાં લીધા છે ?

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા અને જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

----------

**રાષ્ટ્રીય કક્ષાએ કૃતિઓ કલાવારસાને આપેલ સહાય**

૨૦૩૦ **શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાતની ભાતીગળ અને પારંપારીક સાંસ્કૃતિક કલા વારસાને રાષ્ટ્રીય કક્ષાએ આગવી ઓળખ મળે તે માટે સરકારે શું કાર્યવાહી કરી, અને

(૨) તા.૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા કલા વૃંદોને રાજ્ય બહાર કે વિદેશમાં તેઓની કૃતિ રજૂ કરવા કેટલી સહાય આપી ?

**જવાબ**

(૧) ૧. રાજ્ય બહાર વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમો માટે જનારા કલાવૃંદોને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં છે.

૨. ચિત્રકલા, શિલ્પકલા, છબી કલા અને ગ્રાફિક કલાના કલાકારોને રાજ્ય બહાર પ્રદર્શન યોજવા આર્થિક સહાયની યોજના અમલમાં છે.

૩. ગુજરાતની સાંસ્કૃતિક અસ્મિતાના જતન અને કલાકારોના ગોરવને પ્રોત્સાહન માટે રાજ્ય બહાર અને વિદેશોમાં નાટક/શાસ્ત્રીય નૃત્યના કાર્યક્રમો રજુ કરવા આર્થિક સહાયની યોજના અમલમાં છે.

(૨) ૨૩૩ કલાવૃંદોને રૂા. ૨,૧૬,૬૫,૫૭૯/-સહાય આપવામાં આવી છે.

----------

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## સભાગૃહના અવમાન અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪ નિર્ણય ક્રમાંક: ૩૮૧, પાના નં. ૨૬૦ ના ઉપર આધાર રાખીને મારો મુદ્દો ઉપસ્થિત કરવા માગું છું. આજે પ્રશ્નોત્તરી કાળ દરમિયાન માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરાએ માનનીય યોગેશભાઈના પ્રશ્નના જવાબમાં લાંબા સમય સુધી નીચે બેસીને કેટલા પુરૂષો, કેટલી સ્ત્રીઓની ફાઈલ જોયા કરી. માનનીય અધ્યક્ષશ્રી, suo moto એ જે તે વખતે સૂચના આપી હતી ટ્રેઝરી બેંચ પર મંત્રીશ્રીઓની વિશેષ જવાબદારીઓ હોય છે. આ ગૃહના અવમાન બરાબર લાગે જયારે પ્રશ્ન પૂછાયા પછી With your kind permission I will read. Page No. ૨૬૦ નિર્ણય ક્રમાંક: ૩૮૧માં " ફાઈલ જોવી આવશ્યક જણાય તો મંત્રીશ્રીએ પહેલા ઊભા થવું જોઈએ અને પછી ફાઈલો જોવી જોઈએ". તા. ૫મી એપ્રિલ, ૧૯૬૫ ના રોજ કાલાવાડથી રાજકોટ રસ્તાના છાપરા ગામ પાસે લોંડી નદીના પુલના બાંધકામ બાબતનો વિધાનસભાના સભ્યશ્રી ભાણજીભાઈ પટેલના તારાંકિત પ્રશ્ન ક્રમાંક સો એન્ડ સોની પ્રશ્નોત્તરી દરમિયાન સભ્યશ્રીએ પૂરક પ્રશ્નો પૂછતાં મંત્રીશ્રી બહાદુરભાઈ કે. પટેલ ઊભા ન થતાં બેઠાબેઠા ફાઈલો તપાસતા હતા ત્યારે અધ્યક્ષશ્રીએ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો. " માનનીય મંત્રીશ્રી, પહેલાં ઊભા થવું જોઈએ અને પછી કાગળો જોવા જોઈએ." અહીં પ્રશ્નોત્તરીના કાળ દરમિયાન Page No. ૨૬૦ 6th line from the bottom ડાબા હાથ તરફ છેલ્લો નિર્ણય. મંત્રીશ્રીએ ઊભા થવું પ્રશ્નોત્તરીના કાળ દરમિયાન. આજે જે બન્યું છે એના ઉપરથી અને પ્રશ્નોત્તરીના કાળને જે રીતે લાઈટલી લેવામાં આવે છે. એ સંજોગોમાં એટલીસ્ટ જે suo motoમાનનીય અધ્યક્ષશ્રીએ ત્યારે ઓબ્ઝર્વ કર્યું

ત્યારે આપનો પણ કંઈ આદેશ, માનનીય અધ્યક્ષશ્રી, હું મુદ્દો ઉઠાવીને આપની પાસેથી આદેશની અપેક્ષા આના આધારિત રાખું છું.

**શ્રી <#Mir રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ ચાલુ જ હતો. હું ઊભો જ હતો. પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો એ પછી પૂરક પ્રશ્ન માનનીય યોગેશભાઈ પટેલે પૂછેલો હતો. આ એક પ્રશ્ન પછી બીજો પ્રશ્ન પૂછાય એ સમયના ગાળા દરમિયાન મારી ફાઈલ લેવા માટેની જે પણ ૨-૪-૫ સેકન્ડ થઈ હોય, સાહેબ એટલો સમય સ્વાભાવિક છે. એની પાછળ ગૃહનો સમય બરબાદ કરવાનો કોઈ આશય હોતો નથી અને એના કારણે આ પ્રશ્નનો જવાબ શોધવાનો પણ કોઈ આશય હોતો નથી એટલે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીને વિનંતી કરું કે એ સમયગાળો જે હતો એના કરતાં એમણે પ્રશ્ન ઊભો કર્યો અને હું જવાબ આપું છું એ સમયગાળો વધારે લાંબો વ્યતિત થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપનું આટલું ધ્યાન દોરવું છે.

**અધ્યક્ષશ્રી** : કેટલો સમયગાળો વ્યતિત થયો છે એ અગત્યનું નથી. એમનો જે પ્રશ્ન છે એ પહેલાં આપણે સમજી લઈએ. એમણે જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે તે એ છે કે પ્રશ્નનો જવાબ તમે જયારે આપતા હતા ત્યારે બેઠાબેઠા ફાઈલ જોતા હતા કે નહીં એટલું જ કહો.

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે મારા પ્રશ્નનો જવાબ ચાલુ જ હતો અને એ વખતે ધારોકે થોડુંક મોડું થયું હશે તો ભવિષ્યમાં ન થાય એની ચિંતા કરીશું.

**અધ્યક્ષશ્રી** : પહેલી વસ્તુ એ છે કે માનનીય શકિતસિંહજીએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો એની અંદર તત્કાલીન તે વખતની જયારે ઘટના હતી ત્યારે પૂરક પ્રશ્ન પૂછતાં નાયબ મંત્રીશ્રી બહાદુરભાઈ કે. પટેલ ઊભા ન થતાં બેઠાબેઠા ફાઈલ તપાસતા હતા ત્યારે માનનીય અધ્યક્ષશ્રીએ નીચે પ્રમાણેનો નિર્ણય આપ્યો હતો." માનનીય મંત્રીશ્રીએ પહેલા ઊભા થવું જોઈએ અને કાગળો જોવા જોઈએ." અહિયા આગળ શ્રી રમણભાઈએ પોતે કહ્યું છે કે મારો જવાબ ચાલુ જ હતો. એક જવાબ જયારે ચાલુ હતો, પ્રશ્નનો ઉત્તર તેઓ આપતા હતા અને ઊભા થઈને એમણે જવાબ આપ્યો છે બેઠાબેઠા જવાબ નથી આપ્યા (અંતરાય) નહીં, નહીં, જવાબ ઊભા થઈને આપ્યો છે અને એ વખતે ઊભા થતાંની જેટલી ઘડી જાય એ પૂરતું એમણે કીધું છે કે ફાઈલ જોવી પડે અને એ જોઈને જવાબ આપવા માટે ઊભા થયા. મને લાગે છે કે એટલી ક્ષણો જે છે એ ક્ષણો પૂરતી કોઈપણ મંત્રી કે સભ્યશ્રી હોય એને ફાઈલ જોવા જેટલો પણ સમય કારણકે.આપણે વાસ્તવિકતાનો વિચાર કરવો પડશે, શક્તિસિંહજી. શાબ્દિક લઈશું કે એ વખતની ઘટના શું હતી એ એક્ઝેટ ખબર નથી. આજની પરિસ્થિતિ છે એના ઉપર તમારો જે પ્રશ્ન પૂછાયો. પ્રશ્ન આટલો છે કે ફાઈલ જોતા જ.. શક્તિસિંહજી, બહાદુરભાઈના વખતે જે બન્યું હશે, ત્યારપછી તત્કાલિન જે અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો. અહીયા નજર સમક્ષ બન્યું છે, તે અગત્યનું છે અને એટલા માટે ત્યારપછી તમે મુદો ઉપસ્થિત કર્યો, ત્યારે શ્રી રમણભાઈએ જે જવાબ આપ્યો છે, તે પણ એટલો જ અગત્યનો છે. બંને વસ્તુને સાથે જોતા પ્રશ્નની અંદર સમયની વાત નથી. સમય કેમ ગયો, કેટલો ગયો એ અગત્યનું નથી, પણ એક પ્રશ્ન જે પૂછાયો, એનો રેફરન્સ જે છે એ ફાઈલની અંદર હોય એ ફાઈલ જોઈને તરત જ જવાબ આપવાનો પ્રયત્ન કર્યો છે અને એટલા માટે આપણે એટલી સુક્ષ્મરીતે જો અગાઉના નિર્ણયનું મૂલ્યાંકન કરીશું તો એની પાછળનો હેતુ પણ નહિ જળવાય, એટલે શ્રી રમણભાઈનો હેતુ સભાગૃહના અવમાનનો નહોતો. બેઠા બેઠા જવાબ આપવાનો કે બેઠા બેઠા ફાઈલ જોવાનો. (અંતરાય) પ્રશ્ન એમાંથી જ ઉદભવ્યો છે. શ્રી જગદીશભાઈ, એમનો પ્રશ્ન સમજવાનો મેં પૂરો પ્રયત્ન કર્યો છે. એ બીજી કોઈ ફાઈલ જોતા હોત તો બરાબર છે. જે ફાઈલમાંથી જવાબ આપવાનો છે એ ફાઈલ બેઠા જોઈ અને ઉભા થયા. આટલી ક્ષણ લાગી. એમાં અવમાનનો સવાલ હતો નહીં. આજે જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો થયો છે, તેને હું સ્વીકારનો નથી.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## બિનસરકારી સંકલ્પ માટે સમયની ફાળવણી અંગે

**અધ્યક્ષશ્રી** : મારે ગૃહમાં એક જાહેરાત કરવાની કે નિયમોનુસાર બિનસરકારી સભ્યોના કામકાજ માટેનો બે કલાકનો સમય ફાળવવામાં આવે છે. આ કામકાજને બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ સમય ફાળવણી કરતી હોય છે, પરંતુ બિનસરકારી સભ્યોના કામકાજ માટેના સમિતિની રચના થઈ શકી નથી, તેથી મને મળેલી સત્તાની રૂએ આવતીકાલે હાથ ધરવાના બિન સરકારી સંકલ્પો પૈકી શ્રી ચંદુભાઈ ડાભીના સંકલ્પને ૫૫ મિનિટ અને શ્રી બ્રીજરાજસિંહ જાડેજાના સંકલ્પને ૫૫ મિનિટનો સમય ફાળવવામાં આવે છે. મને લાગે છે કે સમયની ફાળવણી સાથે સભાગૃહ સંમત થશે અને સભાગૃહની સંમતિ માટે મૂકું છું. મારી એક વિનંતી છે કે હવે આ સમિતિની રચના કરવાની મેં કાર્યવાહી હાથ ધરેલ છે. બંને દંડકોને પત્રો લખેલ છે. આ જ સાંજ સુંધીમાં બંને દંડકો તરફથી એમાંથી આ બાજુથી નામ આવી ગયાં છે. શ્રી જગદીશભાઈ આપના તરફથી નામો આજ સાંજ સુધી મળી જાય તો આ બધાં કામો સમિતિ કરે એ વધારે સારું છે. નેકસ્ટ.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

**શિક્ષણ વિભાગ**

**માગણી ક્રમાંક- ૮**

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગની સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૯૬,૯૨,૦૦૦/- ની માગણી ક્રમાંક-૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી મુકેશકુમાર ભે. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૯**

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૫૪,૬૩,૭૦,૧૩,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂા.૧,૧૭,૧૫,૦૦,૦૦૦/- માગણી ક્રમાંક-૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ માનનીય સભ્યશ્રી ગેરહાજર**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.**

**મહેસૂલ વિભાગ**

**માગણી ક્રમાંક: ૭૬**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું મહેસૂલ વિભાગની સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૧૬,૫૩,૦૧,૦૦૦/-ની માગણી ક્રમાંક-૭૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૭૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૭૮**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટ સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૧,૦૪,૨૪,૮૪,૦૦૦/- ની માગણી ક્રમાંક- ૭૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૭૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી કાનજીભાઈ રા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૭૯**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અંગે રાહત સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૬,૧૧,૮૯,૮૮,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા.૨,૬૨,૫૯,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક- ૭૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૭૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી ગુરુવાર, તા.૧૩/૩/૨૦૦૮ (ચોથો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | શિક્ષણ વિભાગ<br>માગણી નં. ૮ | |
| *૧. | ૨૨૫૧ સચિવાલય ...સેવાઓ<br>૦૯૦ સચિવાલય<br>૦૧-શિક્ષણ વિભાગ<br>રૂા. ૩,૯૧,૯૨,૦૦૦<br>પાન ૧૩૮-૧૩૯ | ૧૦૦ | રીશફલીંગ બાદ અન્ય કોલેજોમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી બિન સરકારી ફી વિદ્યાર્થીઓને પરત કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨. | --"-- | ૧૦૦ | ફી વધારો અને પાઠયપુસ્તકમાં ભાવ વધારાથી શિક્ષણ જગતમાં વ્યાપેલ અજંપો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩. | --"-- | ૧૦૦ | રાજય સરકારની "વિનામૂલ્યે પાઠય પુસ્તકો" યોજના અન્વયેના પુસ્તકોનું બજારમાં થતું વેચાણ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | ડાં. અનીલ જોષીયારા |
| ૪. | --"-- | ૧૦૦ | શિક્ષકો બાળકોને લખતા વાંચતા પણ શીખવી શકતા નથી તેવી કમનસીબી દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગૌતમભાઈ ઝાલા |
| ૫. | | ૧૦૦ | અભ્યાસ પ્રવૃત્તિ માટે અપાતી સહાય લાભાર્થી સુધી પહોંચાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિતકુમાર ચાવડા |
| ૬. | --"-- | ૧૦૦ | ટેન્ડર વગર અપાયેલ મધ્યાહન ભોજન યોજનાના કામ બાબતે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| ૭. | --"-- | ૧૦૦ | શાળાઓમાં વીજ બીલ ચૂકવવામાં પૂરતી નાણાંકીય જોગવાઈ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| ૮. | --"-- | ૧૦૦ | મધ્યાહન યોજનામાં એક બાળક દીઠ થતા ખર્ચમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જગદીશ ઠાકોર |
| ૯. | --"-- | ૧૦૦ | ધો.૧૨ના પરિણામ બાદ એડમીશન પ્રક્રિયામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૧૦. | --"-- | ૧૦૦ | શાળાઓની ઠરાવેલ ધોરણો બહાર અપાતી મંજૂરીઓ અંગે જવાબદારો સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મુકેશ ભૈ. ગઢવી |
| ૧૧. | | ૧૦૦ | પી.ટી.સી. કોલેજોમાં વિધાર્થીનીઓને ફરજીયાત હોસ્ટેલમાં રહેવાના નિયમોમાં સુધારા કરી રક્ષણ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૧૨. | --"-- | ૧૦૦ | શાળાઓમાં વર્ગખંડ બાંધવામાં ગેરરીતિની ફરીયાદો નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| | | | **માગણી નં. ૯** | |
| ૧૩. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા. ૩,૫૬,૨૫,,૦૦૦<br>પા.નં. ૧૭ થી ૨૧ | ૧૦૦ | સીન્ટેક્ષ ઓરડાઓની મરામત કામગીરીમાં ચાલતી ગેરરીતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરંજયાદિત્યસિંહજી પરમાર |
| ૧૪. | --"-- | ૧૦૦ | ખાનગી શાળાઓમાં લેવાતી ઉંચી ફી ઉપર નિયંત્રણ રાખવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૧૫. | --"-- | ૧૦૦ | પ્રાથમિક શાળામાં વિદ્યાસહાયકોની ભરતીમાં ચાલતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| ૧૬. | --"-- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા જાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બ્રિજરાજસિંહ જાડેજા |
| ૧૭. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૨-માધ્યમિક શિક્ષણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૨-ગુજરાત....બનાવવું<br>રૂા. ૧,૯૬,૪૭,૦૦૦<br>પા.નં. ૩૪ | ૧૦૦ | બોર્ડની પરીક્ષામાં ચેંકીંગ ટુકડીઓ ધ્વારા નિર્દોષ વિધાર્થીઓને થતી હેરાનગતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જોધાજી ઠાકોર |
| ૧૮. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૩-યુનિવર્સિટી....શિક્ષણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા.૫૩,૬૫,૦૦૦<br>પા.નં. ૫૩ થી ૫૫ | ૧૦૦ | યુનિવર્સિટીઓના કથળેલા વહીવટ અને શૈક્ષણિક ફરીયાદો સામે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | ડાં. અનિલ જોષીયારા |
| *૧૯. | ૨૨૩૬-પોષણ<br>૦૨-પોષણ....વિતરણ<br>૧૦૨-મધ્યાહન ભોજન<br>૦૧-એમડીએમ-૧સરકારી..યોજના<br>રૂા. ૨,૪૭,૯૭,૯૮,૦૦૦<br>પા.નં. ૧૩૫-૧૩૬ | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનામાં વહીવટી ખર્ચ વધતું અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૦. | --"-- | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનામાં પીરસાતા ભોજનની ગુણવતાની ચકાસણી નિયમિત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| | | | **મહેસૂલ વિભાગ**<br>**માગણી નં. ૭૬** | |
| *૨૧. | ૨૦૫૨-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-મહેસૂલ વિભાગ<br>રૂા. ૬,૫૩,૩૦,૦૦૦<br>પા.નં. ૫૮-૫૯ | ૧૦૦ | ઉનાળામાં જે જિલ્લામાં પીવાના પાણીની અને ઘાસચારાની અછતો ઉભી થનાર છે તે માટે આગોતરુ આયોજન કરી જરુરી પગલાં લેવામા તંત્રની નિષ્ફળતા | |
| ૨૨. | --"-- | ૧૦૦ | સરકારી જમીનો પચાવી પાડતા માફીયાઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| *૨૩. | --"-- | ૧૦૦ | સરકારી જમીનો સસ્તા ભાવમાં આપી દેવાતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૨૪. | --"-- | ૧૦૦ | ગૌચરની જમીનો ઉપરના દબાણો હટાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૫. | --"-- | ૧૦૦ | જિલ્લા કચેરીઓ ઉપર ચાંપતી નજર રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૨૬. | ૨૦૫૨-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-મહેસૂલ વિભાગ | ૧૦૦ | મકાનોની જંત્રીમાં અસહય ભાવ વધારો કરાતાં નાના અને મધ્યમવર્ગની જનતાને પડતી આર્થિક હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રભુભાઈ વસાવા |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂા. ૬,૫૩,૩૦,૦૦૦<br>પા.નં. ૫૮-૫૯ | | | |
| ૨૭. | --"-- | ૧૦૦ | કુદરતી માનવસર્જિત આપત્તિ વેળાએ પૂરતી સહાયો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| | | **માગણી નં. ૭૮** | | |
| ૨૮. | ૨૦૫૩-જિલ્લા વહીવટ<br>૦૯૩-જિલ્લા મહેકમ<br>૦૧-કલેકટર કચેરીઓ<br>રૂા. ૨૯,૭૦,૫૪,૦૦૦<br>પા.નં. ૬૯-૭૦ | ૧૦૦ | પ્રજાજનોને સાચા જવાબો આપવામાં અને તુમાખી ભર્યુ વર્તન નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાનજીભાઈ તળપદા |
| ૨૯. | --"-- | ૧૦૦ | ધારાસભ્યોની સંકલન સમિતિમાં થતા પ્રશ્નો સમયે સંબંધિત અધિકારીઓ હાજર રહે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૩૦. | --"-- | ૧૦૦ | કુદરતી આપત્તિના સમયે ઝડપી રાહત કામગીરી હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે. રાઉલજી |
| ૩૧. | --"-- | ૧૦૦ | ધારાસભ્યોના પ્રજાલક્ષી કામો પ્રત્યે સેવાતા દુર્લક્ષને કારણે તેઓને ઉપવાસ ઉપર ઉતરવાની પરિસ્થિતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહંમદ ફારુક શેખ |
| ૩૨. | --"-- | ૧૦૦ | પ્રજાના પ્રશ્નો ત્વરિત હલ થાય તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદજાવેદ પીરઝાદા |
| *૩૩. | --"-- | ૧૦૦ | વચેટીયાઓ ધ્વારા નાણા લઈ પ્રજાના કામો કરી આપવાની કાર્યરિતિ સામે સખતાઈ ભર્યા પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **માગણી નં. ૭૯** | | |
| ૩૪. | ૨૨૪૫-કુદરતી....રાહત<br>૦૨-પૂર....વગેરે<br>૧૦૧-મફત રાહત<br>રૂા. ૮,૦૫,૦૦,૦૦૦<br>પા.નં. ૧૧૦ | ૧૦૦ | પૂર વાવાઝોડા વખતે અસરગ્રસ્તોને રાહતો આપવામાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| *૩૫. | --"-- | ૧૦૦ | પૂર, વાવાઝોડા વખતે સાચા અસરગ્રસ્તોને બદલે અન્ય લોકો રાહત ઓળવી જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૩૬. | ૨૨૪૫-કુદરતી ....રાહત<br>૮૦- સામાન્ય<br>૧૦૨-કુદરતી.....યોજના<br>રૂા. ૧,૬૪,૨૭,૦૦૦<br>પા.નં. ૧૪૨ | ૧૦૦ | પ્રજાજનોને પૂર-વાવાઝોડાની જાણ અગાઉથી કરવામાં તંત્રની નિષ્ફળતા | |

***આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી અને માનનીય મહેસૂલ મંત્રીશ્રી તેમના વિભાગની માગણી ક્રમાંક: ૮, ૯, ૭૬, ૭૮, અને ૭૯ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દિવસોમાં જે શિક્ષણ જગત માટે અને આપણા સૌ માટે જે કલંકિત ઘટનાઓ બની રહી છે તે એક ચિંતાનો વિષય બની રહયો છે. સવાર પડે અને કયાંકને કયાંક રાજયની અંદર પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ અને ઉચ્ચ શિક્ષણની અંદર જે ખાસ કરીને પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ કે ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં જે ખાસ કરીને અઘટિત કૃત્યો ક્યાંક સેકસકાંડ થાય, ક્યાંક શિક્ષકો અને શિક્ષણ જગત સાથે સંકળાયેલા લોકો મારફતે કુમળા માનસ ઉપર જે અસરો પડે એવા બનાવો આજે દિનપ્રતિદિન બનતા રહ્યા છે અને એ આપણા સૌના માટે ખૂબ ચિંતાનો વિષય બન્યો છે ત્યારે જે છેલ્લે પાટણની ઘટના બની અને એ ઘટનાના અનુસંધાને કાયદાની મર્યાદામાં રહીને પગલાં લેવાયાં પણ આ રાજય સરકાર જો તેમાં કોઈ દાખલો બેસે તેવાં પગલાં લીધાં હોત તો મને એવું લાગે છે કે, ક્યાંક હજી આવા બનાવો બનતા અટકે અથવા જે શિક્ષણ જગત સાથે સંકળાયેલા લોકોને પણ ભાન થાય કે આનું પરિણામ શું આવે છે? આની સાથે સાથે આપણા સૌના માટે બીજો ચિંતાનો વિષય એ છે કે છેલ્લા સાત આઠ માસમાં કાંતો કયાંક પરીક્ષા પદ્ધતિમાં ક્યાંક ઊપણ હોય કે વિદ્યાર્થીઓ ઉપર શિક્ષણ ભારને કારણે અથવા તો એમના માનસને જે શિક્ષણની અંદર જે શૈક્ષણિક પદ્ધતિઓ છે એનું ભારણ છે એના કારણે ૮ થી ૧૦ વિદ્યાર્થીઓએ આપઘાત કરવાના બનાવો બન્યા છે એમાં પણ આપણે સૌએ ચિંતા કરીને આમાં શું ખૂટે છે કે શું કરવા જોઈએ એ અંગે આપણે સૌએ ચિંતા કરવાનો સમય આવી ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે સૌ અને રાજય સરકાર પણ ખૂબ શિક્ષણની ચિંતા કરે છે, છેલ્લા વર્ષોમાં પ્રવેશોત્સવ ઉજવીને, ખાસ કરીને એની સાથેના સંલગ્ન જે કાર્યક્રમો યોજીને પણ વધારે બાળકો શિક્ષણ લેતા થાય એના માટેના પગલાં લેવાતાં રહ્યાં છે પણ એમાં સૌથી વધારે મારે બે ત્રણ બાબતો ઉપર રાજય સરકારનું ધ્યાન દોરવું છે. પ્રાથમિક વિભાગની અંદર ડ્રોપ આઉટ રેશિયો તો ઘટ્યો પણ એની સાથે સાથે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં આઠ થી બારમા ધોરણમાં જે ડ્રોપ આઉટ રેશિયો છે એમાં પણ આપણે ચિંતા કરવાનો સમય છે. એમાં પણ ખૂબ મોટા પ્રમાણમાં દીકરા- દીકરીઓ, છોકરા- છોકરીઓ શાળા છોડી દે છે, એમાં આ સૌથી

વધારે છે. શાળા છોડવાના કારણના મૂળમાં જવાની પણ જરૂર છે, કન્યા કેળવણીની આપણે સૌ સાથે મળીને ચિંતા કરીએ છીએ. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સૌથી વધારે પછાતવર્ગની બાળાઓ, એસ.સી., એસ. ટી. એસ.સી.બી.સી. બાળાઓ એ આ શિક્ષણ છોડવાનું સૌથી વધારે પ્રમાણ હોય તો આ સમાજમાંથી છે. એમાં આર્થિક નબળાવર્ગમાં આ વધારે પ્રમાણ છે. એમાં જે કોઈ જગ્યાએ ખૂટતું હોય ત્યાં ઊંડાણના વિસ્તારોમાં અથવા તો જ્યાં આજુબાજુના દશ પંદર કિલોમીટરની અંદર માધ્યમિક શાળા કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ન હોય ત્યાં રાજય સરકાર ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ શરૂ કરે જેથી કરીને જે આર્થિક નબળાવર્ગના લોક છે એ એમના દીકરા-દીકરીઓને ત્યાં સહેલાઈથી ભણાવી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક વાત રાજય સરકારના ધ્યાને એ મૂકવી છે કે, આપણે પાંચમા ધોરણથી અંગ્રેજી વિષય દાખલ કર્યો છે એમાં સૌથી વધારે ચિંતાનો વિષય એ છે કે જે શિક્ષણ આપવાવાળા શિક્ષકો છે એની પાસે અંગ્રેજીનું જ્ઞાન કેટલું છે? મોટાભાગના પીટીસી થયેલા શિક્ષકો છે એને બારમા ધોરણમાં પણ અંગ્રેજી વિષય હોતો નથી અને આવા શિક્ષકોએ આ પાંચમા ધોરણથી પ્રાથમિક શાળાઓની અંદર બાળકોને શિક્ષણ આપવાનું છે, ભણાવાનું છે એને પણ વધારેમાં વધારે જે સાયન્સના વિદ્યાર્થીઓ હોય, જેને બારમા ધોરણમાં સાયન્સ કર્યુ હોય, અને એણે પી.ટી.સી. કરેલ હોય અથવા તો જેણે અંગ્રેજી સાથે ૧૨ ધોરણ પાસ કર્યા પછી પી.ટી.સી. કરેલ હોય એવા એક એક શિક્ષક જે પ્રાથમિક શાળાઓ છે એની અંદર એની ભરતી થાય અને અલગથી ભરતી થાય અથવા તો એવા શિક્ષકોની અલગથી પ્રાથમિક શાળાઓમાં નિમણૂક કરવામાં આવો તો એનું ગુણવત્તાનું ધોરણ વધે. સૌથી દુ:ખની વાત તો એ છે કે, અહીંયા પ્રાથમિક શિક્ષાણ નિયામકમાંથી સર્વે કરવામાં આવ્યો છે, જે મોનિટરિંગ કમિટી છે એ કમિટીએ સર્વે કર્યો છે, રાજયની ૪૭.૭૭ ટકા જેટલી શાળાઓમાં સર્વે કરતા ૫૦ ટકા બાળકો પ્રાથમિક શાળાઓમાં એવા જોવામાં આવ્યા કે જે બાળકોને લખતા-વાચતા કે ગણતા પણ નથી આવડતું. ગુણવત્તા સભર શિક્ષણ મળે એના માટે પણ ખાસ કરીને ચિંતા કરવાનો સમય પાકી ગયો છે અને સૌથી વધારે અસર જો આની હોય તો ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં છે. જ્યાં મોટા ભાગના વાલીઓ અશિક્ષિત હોય છે અને એ બાળકો ફક્તને ફક્ત શાળામાં જે શિક્ષણ મળતું હોય એના પર નિર્ભર હોય છે. એટલા માટે ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં પણ યોગ્ય શિક્ષણ મળે એના માટે આપણે સૌએ ચિંતા કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, એની સાથેનો બીજો એક ચિંતાનો વિષય એ છે કે, જે પાઠય પુસ્તકો છે એની છેલ્લા ત્રણ વર્ષમાં સો ટકા જેવી કિંમત વધી છે. અગાઉ એક કિલો કાગળના ૪૦ રૂપિયા હતા ત્યારે ૪.૮૦ રૂપિયા એમાં ટેક્સ લગાડવામાં આવતો એ આજે ૩.૨૦ રૂપિયા કરી નાંખ્યો છે છતાં પણ આ પાઠય પુસ્તકોની કિંમત વધતી જાય છે, એની સાથે સાથે એની સાઈઝ છે એ નાની થતી જાય છે એની સાથે પાઠય પુસ્તકો નવા કોર્સ મુજબ બદલાતા રહે છે ત્યારે પાઠય પુસ્તકો સમયસર વિદ્યાર્થીઓને મળે એ ખૂબ જરૂરી છે. પ્રાથમિક શાળાઓમાં જે વી.ઈ.સી. કમિટીઓ બનાવવામાં આવી છે એમાં મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, દરેક શાળામાં વી.ઈ.સી. કમિટી બનતી હોય એમાં જે તે શાળાના આચાર્ય હોય એ મોટા ભાગનો એમનો સમય બાંધકામ વગેરે જે કામ શાળામાં ચાલતું એની પાછળ વ્યતીત કરતા હોય છે, શિક્ષિણમાં બિલકુલ એ ધ્યાન આપી શકતા નથી. એટલે વી.ઈ.સી. કમિટીની અંદર ચેરમેન તરીકે અન્ય વ્યકિતને એ જવાબદારી સોંપીને જે શિક્ષકો છે એ કમિટીના સભ્ય રહે પણ બાંધકામ વગેરે બાબતની જે જવાબદારી છે એ એની ઉપરથી લઈ લેવી જોઈએ જેથી કરીને શિક્ષણના કામની અંદર એ પૂરતું ધ્યાન આપી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પ્રાથમિક શાળાઓની અંદર કૉમ્પ્યુટરની સુવિધા કરી પણ આજે રાજયની અંદર ૭૨૧૩ જેટલી પ્રાથમિક શાળાઓ છે એની અંદર આજે વીજળી નથી અને એટલા માટે વહેલીતકે એને વીજળી જોડાણ મળે એના માટેની રાજય સરકારે ચિંતા કરવી જોઈએ અને એના માટે માનનીય શિક્ષણ મંત્રીશ્રી ખૂબ ધ્યાન આપ્યું છે અને મેં બજૅટમાં ખૂબ ધ્યાનપૂર્વક જોયું છે એટલે હું એમ કહીશ કે આ વખતના બજૅટમાં એના માટેની જોગવાઈ કરી છે ત્યારે વહેલીતકે વીજળી જોડાણ મળે એના માટે વિભાગને સૂચના અપાય એવી આ તકે માનનીય મંત્રીશ્રીને મારે વિનંતી કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના એક બે સૂચનો મારે માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવાં છે. જે શાળાઓમાં કૉમ્પ્યુટરનું શિક્ષણ અપાય છે એ શાળાઓ કૉમ્પ્યુટરના શિક્ષકો એ શાળા રોકે અને કૉમ્પ્યુટરની ફી લઈ અને શિક્ષણ આપે છે એના બદલે રાજય સરકારે જે શિક્ષકોનો સ્ટાફ હોય એના સેટઅપમાં લઈ શિક્ષકોની જે ભરતી થાય છે એમાં એની ડિગ્રી નક્કી, કરીને કવોલિફિકેશન નક્કી કરીને એ શિક્ષકોની ભરતી એ સેટઅપમાં ગણીને રેગ્યુલર ગ્રાન્ટવાળી શાળા હોય તો એમાં એનો સમાવેશ કરવામાં આવે કે જેથી કરીને કૉમ્પ્યુટરની લાયકાતવાળા શિક્ષકો આવે જેથી ગુણવત્તાવાળું કૉમ્પ્યુટરનું શિક્ષણ બાળકોને મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, એની સાથે સાથે મારે એક વાત રાજય સરકારના ધ્યાન ઉપર મૂકવી છે અને એક સૂચન પણ કરવું છે કે, છેલ્લા વર્ષોમાં આપણે સેલ્ફ ફાઈનાન્સમાં માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ફક્ત વાતો કરતા રહ્યાં, આ વખતની બજૅટની બૂક પણ મેં વાચી છે એ બાબતમાં ચોક્કસ માનનીય મંત્રીશ્રી રમણભાઈને હું અભિનંદન આપીશ કે આ વખતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં એવી જોવાઈ કરી છે કે એવા વિસ્તારની અંદર આવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ થાય કે જ્યાં ૧૦

કિલો મીટરની અંદર આવી સુવિધા ન હોય અને પછાત વિસ્તાર હોય અને પછાત વિસ્તાર હોય, અંતરિયાળ વિસ્તાર હોય જ્યાં આવી સગવડતા કોઈપણ પ્રકારની ના હોય ત્યાં આવી સુવિધા ઊભી થાય તે માટે મારું રાજય સરકારને સૂચન છે એ હું ધ્યાન પર મૂકું છું. જે તાલુકા મથકે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ ઘટતા જાય છે. વિજ્ઞાન શાળાઓ તાલુકા મથકે શરૂ કરવી એવી સરકારે જાહેરાતો અગાઉ કરી હતી અને ક્યાંક અપાઈ પણ છે પણ હજી પણ વિજ્ઞાન પ્રવાહની માધ્યમિક શાળાઓ કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તાલુકા મથકે નથી ત્યાં રાજય સરકારે શિક્ષણ સંસ્થાઓ મારફતે આ શાળાઓ શરૂ કરવી જોઈએ. સૌથી દુઃખની વાત તો એ છે કે, એજયુસેટ જે વિશ્વભરમાં ભારતે સૌથી પ્રથમ ઉપગ્રહ શિક્ષણ જગત માટે તરતો મૂક્યો. આ દેશની ૧૮૦ જેટલી યુનિવર્સિટીઓ અને કોલેજો આની સાથે સંકળાયેલી છે ત્યારે સૌથી દુઃખની વાત એ છે કે, એજયુસેટનો ઉપયોગ કરવામાં આ રાજય સરકાર અથવા તો આ રાજયનું શિક્ષણ જગત સૌથી પાછળ રહ્યું છે અને એમાં પણ વહેલી તકે એનો ઉપયોગ થાય જેથી કરીને બાકીના વિદ્યાર્થીઓ પણ એનો લાભ લેતા થાય.

મહેસૂલ વિભાગની અંદર ફક્ત બે સૂચન કરવા માગું છું. ખાસ કરીને નિયમ એવો છે કે ૩૦ વર્ષે જમીનની માપણી કરવી જોઈએ, જે માપણી સમયસર નહિ થવાના કારણે ઘણા બધા રસ્તાના અને બીજા વિવાદો થયાં છે અને એને કારણે ગ્રામ્ય વિસ્તારની અંદર ૨૫ થી ૫૦ ટકા ઝઘડાઓ થાય છે. આ માપણી નહિ થવાના કારણે અને હદ નિશાન નક્કી નહિ થવાના કારણે ખેડૂતો અને ખેતમજૂરો વચ્ચે ચાલવા બાબતના ઝઘડા ઊભા થાય છે એટલે વહેલી તકે માપણી થાય એ માટે મારું ખાસ સૂચન છે.

બીજું જે ખાસ કરીને જે ખેડૂતો ભળતી જમીન માટેની અથવા લાગુ જમીનની માગણી કરે છે એના ધોરણો નક્કી કરીને, કયો ખેડૂત નાનો છે, મોટો છે કયા પ્રકારની જમીન છે વિગેરે ધોરણો નક્કી કરીને એને ભળતી જમીન અથવા લાગુ જમીન આપવામાં આવે જેથી કરીને એ ખેડૂત એ જમીન ખેડે અને રાષ્ટ્રીય આવકમાં પણ વધારો થાય. આ વહેલીતકે ભળતી જમીન લાગુ જમીન આપવાના ધોરણો નક્કી કરીને જમીન અપાય તે માટે મારું સૂચન છે.

છેલ્લી એક વાત ખાસ કરીને ગામતળ નીમ કરવા માટેની કાર્યવાહી ખૂબ લાંબા સમયથી ચાલે છે અને એ પતતી નથી અને ગામતળ નીમ નહિ થવાના કારણે ગ્રામ્ય વિસ્તારની અંદર દબાણો થાય છે અને એ થવાનું કારણ ગામતળ સમયસર નીમ નહિ થવાના કારણે. ખાસ કરીને ટુકડા ધારો છે, એમાં વહેલીતકે સુધારો કરીને ટૂકડાધારાનો અમલ થાય એ માટે મારું ખાસ સૂચન છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલી વાત કરીને હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા (વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ માગણી નંબર-૮, ૯, ૭૬, ૭૮ અને ૭૯ લઈને જે આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

રાજયના શિક્ષણ વિભાગે પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અને યુનિવર્સિટીઓમાં મોટી સિદ્ધિઓ હાંસલ કરી છે. પ્રાથમિક શિક્ષણમાં આદરણીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે કન્યા કેળવણી, શાળા પ્રવેશ ઉત્સવના કાર્યક્રમો છેલ્લાં છ વર્ષથી ચાલે છે અને એને કારણે રાજય સરકારે ૧૦૦ ટકા નામાંકનના ધ્યેય સાથે કામગીરી શરૂ કરી છે અને એમાં ૯૯ ટકા જેટલી સિદ્ધિ હાંસલ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાની પણ રાજય સરકારે શરૂઆત કરી છે. ખાસ તો પ્રાથમિક શિક્ષણમાં, વિદ્યાર્થીઓ શાળાના ઓરડામાં બેસે અને એમને પૂરું સેનીટેશન મળે એ માટે પણ પ્રાથમિક શિક્ષણ વિભાગે કામગીરી કરી છે. ૫૮૯૩૪ જેટલા વર્ગોનું બાંધકામ કર્યુ છે અને ૪૩૬૮૪ જેટલા સેનીટેશન માટેના સંકુલ ઊભાં કર્યા છે. ૯૪૮૩૯ જેટલા વિદ્યા સહાયકો દ્વારા પ્રાથમિક શિક્ષણના બાળકોને શિક્ષણ આપવામાં આવે છે. હું કહીશ કે જી.સી.ઈ.આર.ટી. દ્વારા જે શિક્ષણ વિભાગ સાથે સંલગ્ન સંસ્થા છે એના દ્વારા અનેક સંશોધનો થાય છે અને એમાં ખાસ કરીને શિક્ષકોને અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન સંબંધી તાલીમ આપવામાં આવે છે જેના કારણે રાજયના જે વિદ્યાર્થીઓ છે એ લોકો અંગ્રેજી બોલતા થાય. રાજયનું માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ જે બોર્ડ રાજયમાં અનેક કામગીરી કરે છે એમાં ખાસ કરીને. એમાં ખાસ કરીને શિક્ષકોને અંગ્રેજીમાં બોલી શકે અને શિક્ષણ આપી શકે અને વ્યવસ્થિત પ્રશ્નપત્રો તૈયાર કરી શકે એટલા માટે એન.સી.ઈ.આર.ટી. અને સી.બી.એસ.ઈ. પેટર્ન મુજબ એમને અભ્યાસક્રમમાં ટ્રેનિંગ આપવામાં આવી છે. અંગ્રેજી વિષય માટે શિક્ષકોની ગુણવત્તા સુધારવા માટે બોર્ડે કેમ્બ્રીજ યુનિવર્સિટી સાથે એમ.ઓ.યુ. કર્યા છે.

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ પણ શરૂ કરી છે, જેના કારણે મેડિકલ, ઈજનેરી, ફાર્મસી જેવી વિદ્યા શાખાઓમાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકે. રાજય સરકારે વાયબ્રન્ટ ગુજરાત સંદર્ભે રાજયમાં થનાર મૂડીરોકાણ અને ઉપલબ્ધ થનાર રોજગારીની તકો અને વ્યવસાયિક વિભાગો માટે રાજય સરકારના માર્ગદર્શન હેઠળ શાળાઓમાં માર્ગદર્શક પુસ્તિકાનું વિતરણ સૌ પ્રથમવાર કરવામાં આવ્યું છે. ધોરણ ૮, ૯ અને ૧૦માં રાજય સરકારે અંગ્રેજી કમ્પલસરી કર્યુ છે. વાયબ્રન્ટ ગુજરાત સમ્મીટ દ્વારા ૪,૬૨,૦૦૦ કરોડ જેટલું મૂડીરોકાણ આવેલું છે અને એમાં જે ઉદ્યોગો આવવાના છે. એમાં પેટ્રોકેમિકલ, ફાર્માસ્યુટીકલ, જેમ્સ એન્ડ જવેલરી, એન્જીનીયરીંગ ઉદ્યોગ છે, શૈક્ષણિક સંસ્થાઓ પણ રાજયમાં સ્થપાવાની છે. ઈન્ફરમેશન ટેકનોલોજી, કેમિકલ એન્ડ ફાર્માસ્યુટીકલ, ટેકસટાઈલ એનર્જી, ગેસ એન્ડ પેટ્રોલિયમ, પોલ્ટ્રી ડેવલપમેન્ટ, ટુરિઝમ એન્ડ કોસ્ટલ

ડેવલપમેન્ટ ઈન્ડસ્ટ્રીઝ આવી રહી છે. મારા કહેવાનો આશય એ છે કે આ ઉદ્યોગોને સંબંધિત રાજય સરકારે ટેકનિકલ ક્ષેત્રે અનેક કોર્સ શરૂ કર્યા છે. એમાં સ્નાતક અભ્યાસક્રમો હોય, ડીગ્રી, ઈજનેરી, ફાર્મસી, આર્કિટ્રેકચર હોય, હોટલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ સર્વિસ હોય. આવા કોર્સ રાજય સરકારે શરૂ કર્યા છે. જેના કારણે વિદ્યાર્થીઓને રોજગારીની તકો પ્રાપ્ત થાય.

રાજયમાં ઉપર ટેકનિકલ સંસ્થાઓમાં ૫૨૯૫૫ બેઠકો સાથે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવે છે. રાજયમાં યુનિવર્સિટીઓની સ્થાપના પણ થઈ છે. એમાં ખાસ કરીને કડી વિદ્યાલયને યુનિવર્સિટીનો દરજજો આપવામાં આવ્યો છે. અમદાવાદ ખાતે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. ધરમશી દેસાઈ ઈન્ફરમેશન ટેકનોલોજીને પણ યુનિવર્સિટીનો દરજજો મળ્યો છે. ગણપત વિદ્યાલય, ખેરવાને પણ યુનિવર્સિટીનો દરજજો મળ્યો છે. ખાસ કરીને રાજયમાં આ બધી શૈક્ષણિક સંસ્થાઓને વધુ સ્વાયત્ત દરજજો આપવા માટે રાજય સરકારે પ્રયત્નો કર્યા છે. એમાં ખાસ કરીને નિરમા યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને ધીરુભાઈ અંબાણી યુનિવર્સિટીને આ દરજજો આપવામાં આવ્યો છે.

ટેકનિકલ કવોલિટી એમ્પ્લોયમેન્ટ પ્રોગ્રામ રાજય સરકારે શરૂ કર્યો છે, એમાં વિશ્વબેંક પણ સહાય આપે છે. બે ડિપ્લોમા ઈજનેરી સંસ્થાઓને માન્યતા આપવામાં આવી છે, એમાં વિશ્વબેંકની ૫૦ ટકા સહાય છે. એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજે બાયો મેડિકલ ઈજનેરીનું નવું ડિપાર્ટમેન્ટ શરૂ કર્યુ છે. રાજયમાં આઈ.ટી. પાર્ક અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન ડેવલપ થઈ રહ્યા છે. એમાં ખાસ કરીને આપણા રાજયમાં software export registration growth at a rate of forty seven percent during the last five years. રાજયમાં one seventy two registered units more than fifty BPO companies are in operation.

માનનીય અધ્યક્ષશ્રી, ટી.સી.એસ. largest software company પણ ગાંધીનગરમાં સેટઅપ થઈ રહી છે. કહેવાનો આશય એ છે કે આ ઉદ્યોગો દ્વારા રાજયના યુવાનોને રોજગારી મળવાની છે. કેમ્પસ ઈન્ટરવ્યુ થવાના છે. અને એને લીધે બીજા ઉદ્યોગોને પણ આની તક મળી છે. ખાસ કરીને હું કહીશ કે માનનીય નાણામંત્રીશ્રીના પ્રયાસોને કારણે આઈ.આઈ.ટી., બોમ્બેએ ચાદખેડા ખાતે તેમનું એકમ સ્થાપ્યું છે અને ત્યાં આગળ પણ આ એકમ દ્વારા આધુનિક ક્ષેત્રે ટૂંકાગાળાના અભ્યાસક્રમો આવી રહ્યા છે જેવા કે પાઈપિંગ એન્જિનિયરિંગ, હાઈટેક ઓટોમેશન, વોટર ફ્રી, સાઈકલિંગ થ્રુ સોઈલ બાયો ટેકનોલોજી અને નાના શોર્ટ ટર્મ કોર્સો એવા ૪૫ જેટલા કોર્સ રાજયમાં આવી રહ્યા છે. કોલેજ ટુ કેરીયર પ્રોગ્રામ દ્વારા રાજયમાં માઈક્રોસોફ્ટ કોરપોરેશન અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસના સહયોગથી ઈજનેરી વિદ્યાર્થીઓને સેટેલાઈટના માધ્યમ દ્વારા તાલીમ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત તાજેતરમાં ૫૪ ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ જેમાં ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ૧૨ જેટલી બહુ રાષ્ટ્રીય કંપનીઓમાં નિમણૂક મેળવેલ છે. સ્કોપ દ્વારા રાજયના ૧૫ વર્ષથી ૩૫ વર્ષના યુવાનોને અંગ્રેજીમાં શિક્ષણ આપવામાં આવે છે. (સમયસૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને હું મહેસૂલ વિષે પણ કહેવા માગું છું કે મહેસૂલ વિભાગ દ્વારા જમીન રેકર્ડ, જમીન માપણી, હક્ક પત્રક, દસતાવેજોની નોંધણી, સ્ટેમ્પ ડયુટી, ખેત જમીન ટોચમર્યાદા, આપત્તિ વ્યવસ્થાપન વગેરે કામગીરી મહેસૂલ વિભાગ દ્વારા થાય છે. ખાસ કરીને મહેસૂલ વિભાગ ઈ-ધારા, લેન્ડ રેકર્ડ કોમ્પ્યુટરાઈઝ, લેન્ડ રેકર્ડની વ્યવસ્થા મહેસૂલ વિભાગ કરે છે. ખાસ કરીને ૧.૫૪ કરોડ લેન્ડ રેકર્ડનું કોમ્પ્યુટરાઈઝેશન મહેસૂલ વિભાગે કર્યુ છે. ઈ-ધારા પ્રોજેકટ દ્વારા ખાતેદારોની સલામતી એના દ્વારા થાય છે. એશિયાનું સૌથી વિશાળ વ્યાપ ધરાવતું જીસ્વાન પણ ઈ-ધારામાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. શ્રેષ્ઠ ઈ-ગવર્નન્સ પ્રોજેકટ અમલીકરણ માટે પણ કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડિયા, ૨૦૦૬ નો બીજા ક્રમનો નામાંકિત એવોર્ડ ઈ-ધારાનો મળ્યો છે. બે મળ્યા છે તેમાં આ એક છે. ૩૨ જેટલી વેબસાઈટ આ વિભાગે શરૂ કરી છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૌરવવંતા ગૃહમાં આજે માનનીય શિક્ષણ મંત્રીશ્રી પોતાના વિભાગની માગણી લઈને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ લેવું અને શિક્ષિત બનવું એ ખૂબ મહત્વનું છે. બાળક જન્મે ત્યારપછી એ બાળક ચાર વર્ષનું થાય અને તેને સ્કૂલમાં દાખલ કરવાનું થાય, એને સ્કૂલમાં મૂકવાનું થાય ત્યારે આ નિર્દોષ બાળકને ખબર નથી કે પોતે પોતાના જીવનનો જે પાયો છે એ પાયાને શિક્ષણરૂપી એ મજબૂત કરવા જઈ રહયો છે. આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને આ રાજયના મંત્રીશ્રી અને પૂર્વ શિક્ષણ મંત્રીશ્રી આનંદીબેન પટેલને અભિનંદન આપું છું કે શાળા પ્રવેશોત્સવ મહોત્સવ જેવો કાર્યક્રમ કરીને કે આજસુધી જે લોકોને શિક્ષણ પ્રત્યેની જાગૃતતા નહોતી, શિક્ષણ શું છે એનું એમને મહત્વ નહોતું, એ શિક્ષણના મહત્વનથી જે અજ્ઞાન લોકો હતા તેમને સમજાવીને શાળા પ્રવેશોત્સવ મહોત્સવ જેવા કાર્યક્રમ કરીને પ્રાથમિક શિક્ષણ આપવું અને લેવું એ ખૂબ જરૂરી છે એ બાબતમાં લોકોને ખૂબ જ જાગૃત્ત કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, એક સુંદર મજાનું સુવાકય છે કે " જીવન તણા બાગની અંદર ભણતર એ સુગંધિત ફૂલ છે, એ હું ન લઉં તો એ મારી એક મહાન મોટી ભૂલ છે.'ત્યારે આ ભૂલ ન થાય તેની ચિંતા રાજય સરકાર કરી રહી છે. પ્રવેશ મહોત્સવની હું વાત કરતી હતી, ઉનાળાનો ગમે એટલો તાપ હોય, છતાં તાપની અંદર આ રાજયના મુખ્ય મંત્રી અને શિક્ષણ મંત્રીએ સારો વિચાર કરી અને પ્રવેશ મહોત્સવનો કાર્યક્રમ આપી અને શિક્ષણ પ્રત્યે જે જાગૃકતા લાવ્યા છે, ગ્રામ્ય વિસ્તારમાં બાળકો પ્રાથમિક શિક્ષણ

નહોતા લેતા તે આજે શિક્ષણ મેળવવવા લાગ્યા છે અને તેના કારણે આજે ગુજરાતનું શિક્ષણનું સ્તર નીચું ગયું હતું તે સ્તર આજે ઉંચું આવ્યું છે અને સાથે સાથે ડ્રોપ આઉટ રેશીયો હતો તે ડ્રોપ આઉટ રેશીયો ઘટાડવા માટે પણ આ રાજય સરકારે પ્રયત્નો કરી અને તેમાં ઘટાડો કર્યો છે. આ રાજય સરકારે આખા રાજયની અંદર પ્રાથમિક શાળાની અંદર બાળકો અધ વચ્ચેથી શાળા છોડી દેતા હતા અને તેના કારણે ડ્રોપ આઉટ રેશીયો ઘણો બધો ઉંચો હતો તે રેશીયો આપણે આજે ઘટાડી શકયા છીએ. તેની પૂરેપૂરી કાળજી લેવામાં આવે છે, આ રાજયના શિક્ષણ મંત્રી અને આ રાજયની પ્રાથમિક શાળાના શિક્ષકો અને વાલીઓ, જાગૃત થઈને પોતાનું બાળક શાળાની અંદરથી અધવચ્ચે શાળા ન છોડે તેની ચિંતા કરી રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૯ થી ૨૦૦૭ માં ધોરણ ૧ થી ૫ સુધીમાં ડ્રોપ આઉટ રેશીયો આજે ઘટીને ૩.૬૮ ટકા થઈ ગયો છે. ૧૯૯૭ થી ૨૦૦૭ કમાં ધોરણ ૧ ણી ૭ માં ૧૧.૬૪ ટકા જેટલો ડ્રોપ આઉટ રેશીયો આજે છે. અને મને કહેતા ખૂબ આનંદ થાય છે કે ૧ થી ૭ ધોરણમાં આજે બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવી રહ્યા છે. નિરંતર શિક્ષણ કાર્યક્રમ હેઠળ ૨૩ જિલ્લાઓ અને બે કોરપોરેશનમાં તેની શરૂઆત કરવામાં આવી છે, અને તેના દ્વારા જે લાભાર્થીઓએ અત્યાર સુધી જે લાભ મેળવ્યો છે તેમાં પુરૂષ વર્ગે ૮૧૧૭૮, એસ.સી. અને એસ.ટી. ૧,૭૧,૧૪૦ લોકોએ આનો લાભ મેળવ્યો છે. સાક્ષરતા અભિયાન દ્વારા કુલ ૯,૩૦,૪૩૬ નિરક્ષરોને આપણે સાક્ષર કર્યા છે. સાક્ષર દિપ યોજનામાં પણ ૨૦૦૭ માં ૩,૧૭,૬૩૪ મહિલાઓએ ૨,૦૮,૬૨૫ પુરૂષ નિરક્ષરોને આપણે સાક્ષર કર્યા છે. ગામડાંમાં મોટી ઉમરની જે બહેનો હતી તે બહેનોને પોતાનું નામ લખતાં આવડતું નહતું, આવી બહેનો, આજે શાળાઓ ચાલુ કરી તેમાં જઈ અને પોતાનું નામ લખતા પણ શીખી છે અને પોતે સહી કરતાં શીખી ગઈ છે. આ રાજય સરકારે આ રાજયની ઉછરતી પેઢીને શિક્ષણ આપવાનું મહત્વ સમજીને જરૂરી હાર્ડવેર અને સોફ્ટવેર પૂરા પાડેલા છે. અને તેના કારણે શાળાઓની સંખ્યા અને શાળાઓના રૂમ વધારવાના હતા તે પણ વધારીને આજે શાળાના સંકુલો બનાવ્યા છે. શાળાઓની અંદર વિદ્યા સહાયકોની ભરતી કરીને પ્રાથમિક શિક્ષકો પણ ગામડાંમાં પૂરા પાડવામાં આવ્યા છે. સાથે સાથે જે વિદ્યા સહાયક શિક્ષકો હતા તેમને કાયમી કરવામાં આવ્યા છે અને આજે પૂરતો પગાર પણ આ વિદ્યા સહાયકો મેળવી રહ્યા છે. રાજયનું વિશાળ યુવા ધન એ આધુનિક યુગ માટે તૈયાર થાય આધુનિક વિશ્વની તમામ શકયતાઓ અને તકોનો લાભ મેળવી શકે ઔદ્યોગિક હોય કે વૈજ્ઞાનિક પ્રવાહ હોય તેનો પૂરતો વિકાસ થાય તે માટે રાજય સરકાર અને શિક્ષણ વિભાગે વિવિધ પ્રકારનું આયોજન કરેલ છે. આ માટે નવી ટેકનોલોજી યુનિવર્સિટીની રચના આ વર્ષે કરી અને તેમાં નવા અભ્યાસક્રમો આ જુલાઈ ૨૦૦૮ થી શરૂ કરવામાં આવનારા છે. પ્રથમવાર આજે વિજ્ઞાન પ્રવાહની અંદર વિદ્યાર્થીઓની સંખ્યા ૧,૦૬,૦૦૦ સુધી પહોંચતા ટેકનિકલ શિક્ષણ પૂરું પાડીને વધુ સંસ્થાઓ ઉભી કરવાનું કામ આજે આ રાજય સરકાર કરી રહી છે અને આયોજન કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગની માગણીઓને મારું સમર્થન આપું છું.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા (જેતપુર-પાવી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી અને માનનીય મહેસૂલ મંત્રીશ્રી તેમની માગણીઓ લઈને આવ્યા છે, તેના ઉપર કેટલાંક મારાં નક્કર સૂચનો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

ગુજરાતના ૧૮૨૭૨ જેટલા ગામો, ૨૫ જેટલા જિલ્લાઓ, ૨૫ જેટલા કલેકટરશ્રીઓ, ૫૪ જેટલા પ્રાંત અધિકારીશ્રીઓ, ૨૨૫ જેટલા મામલતદારો, ૯૬૯ જેટલા રેવન્યુ સર્કલ ઈન્સ્પેકટરો, ૧૨,૫૯૫ જેટલા તલાટીઓ સમગ્ર ગુજરાતના ગામડાંમાં કોઈપણ બાળકનો જન્મ થાય કે મરણ થાય, ૭(૧૨), ૮(અ), નમૂના નંબર છે, વેચાણની નોંધો આ બધું તલાટીઓ કરે છે. પરંતુ સમગ્ર ગુજરાતમાં ત્રણ હજાર જેટલા તલાટીઓની જગ્યાઓ ખાલી છે. એ તલાટીની જગ્યાઓ ખાલી હોવાને કારણે ખેડૂતોને ખૂબ જ મુશ્કેલી પડે છે. એક તલાટી પાસે બે-ત્રણ જગ્યાનો ચાર્જ હોવાને કારણે એના કોઈ કામો થતાં નથી. તલાટી પંચાયતનું દફતર લખતા નથી એવી લોકોની માગણીઓ છે, રજૂઆતો છે આ બધું કામ તલાટી ન હોવાના કારણે કરાવી શકતા નથી. તો આટલા અધિકારી સમગ્ર ગુજરાતમાં મહેસૂલ વિભાગમાં નોકરી કરતાં હોય તો તલાટીઓ શા માટે નહિ? મારી સરકારશ્રીને નમ્ર વિનંતી છે કે જેમ બને તેમ જલદી યુદ્ધના ધોરણે તલાટીની જગ્યાઓ ભરો. વર્ગ-૨ અને ૩ ના કર્મચારીઓની ભરતી પણ કરવામાં આવતી નથી એના કારણે વર્ગ-૨ અને ૩ના કર્મચારી પાસે પણ એક ટેબલથી વધારે ટેબલનો ચાર્જ હોવાને કારણે સમગ્ર ગુજરાતમાં લાખોની સંખ્યામાં તુમારો સમય મર્યાદામાં નિકાલ થતા નથી અને એ તુમારોના નિકાલનું કામ મહેસૂલ વિભાગમાં અટવાઈ પડ્યું છે. ૭(૧૨), ૮(અ) નમૂના નંબર છ, વગેરેની નકલોમાંથી સરકારને નર્મદા જિલ્લામાંથી ૧૦,૨૦,૦૨૫ની આવક થઈ છે. જ્યારે મહેસાણા જિલ્લામાંથી ૫૪,૦૯,૦૨૦ની આવક થઈ છે. સમગ્ર ગુજરાતમાં ૨૬ જેટલા જિલ્લાઓમાં કરોડો રૂપિયાની આવક થઈ છે. તેથી મારી સરકારને એ પણ વિનંતી છે કે આ નકલોની ફી છે તેમાં ઘટાડો કરવો જોઈએ.

મારી એ પણ મહત્ત્વની સરકારશ્રીને રજૂઆત છે કે આધુનિક ટૅક્નૉલૉજીના ઉપયોગથી સરકારી પડતર જમીનો ખેતી લાયક બનાવવા માટે મહેસૂલ વિભાગે ૧૭-૫-૨૦૦૫ના રોજ એક ઠરાવ બહાર પાડેલ. ગુજરાત રાજયમાં ટોટલ જમીન ૧ કરોડ ૮૮ લાખ હેકટર જેટલી છે. એમાં સમગ્ર ગુજરાતનું વિસ્તરણ થયેલ છે. એ પૈકી ૧૮ લાખ ૮૫ હજાર હેકટર જમીન વન વિસ્તારની છે. ૨૫.૯૯ લાખ હેકટર જમીન બિન ખેડાણ પડતર જમીન છે. ૧૯,૮૪,૦૦૦ હેકટર ખેડાણ લાયક પડતર જમીનો છે. આ પડતર જમીનોનું વાવેતરમાં લાવવાના ઉદ્દેશથી

૧૭-૫-૨૦૦૫ના રોજ ગુજરાત મહેસૂલ વિભાગે એક ઠરાવ કરીને આ જમીનો મોટા ઉદ્યોગોને અને મોટા ખેડૂતોને આપવા માટે એક ઠરાવ કરેલો છે એમાં બે હજાર એકર સુધીની જમીન મોટા ખેડૂતોને અને ઉદ્યોગોને આપવાનો ઠરાવ કરેલો છે અને તે ૨૦ વર્ષ સુધીનો આ પ્રોજૅક્ટ અને બે હજાર એકર જમીન આપવાનું આ ઠરાવમાં જાહેર થયું છે. એના કારણે સમગ્ર ગુજરાતની પડતર ખરાબાની જમીનો મોટા ખેડૂતો અને ઉદ્યોગોના હાથમાં જતી રહેવાની છે. ૨૦ વર્ષ સુધી આ જમીનો ફળદ્રુપ કરવા માટેની કામગીરી આ ઉદ્યોગપતિઓ અને માલેતુજાર ખેડૂતો કરવાના છે. પાંચ વર્ષ સુધી સરકારને કંઈ પણ મળવાનું નથી. પાંચ વર્ષ બાદ છઠ્ઠા વર્ષે એક એકરના ૪૦ રૂપિયા લેવાના અને ૧૧થી ૨૦ વર્ષ બાદ એક એકરે ૧૦૦ રૂપિયા લેવાના એટલે સ્વાભાવિક રીતે ૨૦ વર્ષની અંદર આવી જમીનોમાં મોટા મોટા ઉદ્યોગો બની જશે. મોટા મોટા ફાર્મ બની જશે અને આ રીતે આ જમીનો પાછી મળવાની નથી. જો મોટા ખેડૂતો અને મોટા ઉદ્યોગપતિઓને આટલી જમીન મળવાની હોય તો ગુજરાતના પાંચ એકરથી ઓછી જમીન ધારણ કરનાર ખેડૂતોને તેની માલિકીની જમીન જોડે જે પડતર ખરાબાની જમીન ૧૯૭૪-૭૫ની સાલમાં એ જમીનો મળેલી. આજ સુધી કોઈને જમીનો મળેલી નથી. તો મારી સરકારશ્રીને એ પણ લાગણી છે કે પડતર ખરાબાની જમીનો જે બે-બે એકર ખેડૂતો ખેડી રહ્યા છે તેવા તમામ ખેડૂતોને પડતર ખરાબાની જમીનો આ સરકાર આપે એવી પણ મારી લાગણી છે. મારી એ પણ લાગણી છે કે જેટલા જેટલા ડૅમો થયા, નર્મદા યોજનાના ભાગ રૂપે સુખી, હેરણ, રામી, કરજણ આ જે ડૅમો બન્યા તેમાં તમામ ખેડૂતોની જમીન એકવાયર કરી લીધી અને તેમને વળતર ચૂકવી દીધું અને આ તમામ જમીનો ઉપર જે તે સુખી સિંચાઈ યોજના હોય કે દેવ સિંચાઈ યોજના, તેના નામ લખાઈ ગયા પણ આ જમીન અત્યારે ખેડૂતો જ ખેડી રહ્યા છે. એ જમીન ડૂબાણમાં થઈ નથી. તો આવી તમામ જમીનો જેમ જંગલ ખાતાએ ૧૦ એકર જમીન આપવાનો ખરડો ભારત સરકારે પસાર કર્યો તેમ આ જમીનો જે સંપાદન કરેલી છે તે ડૂબાણમાં જતી નથી તેવા તમામ ખેડૂતોની જે જમીનો જે તે ડૅમમાં લેવાયેલી છે તે જમીનો જે તે ખેડૂતોને પાછી આપવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે શિક્ષણ વિભાગને એક મારી નમ્ર વિનંતી છે કે જેતપુર-પાવી તાલુકામાં ભેંસાવી અને ભીખાપુર આ બે હાઈસ્કૂલોમાં ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ધોરણ-૮ અને ધોરણ-૯ શરૂ કરવા માટે માગણી કરેલી છે. લગભગ ધોરણ-૮ના ૨૪૫ વિદ્યાર્થીઓ છે. તેની માગણી ૨૦૦૪માં અમે કરી હતી. એ ૨૦૦૪ની માગણી જેમાં ૮૦ વિદ્યાર્થીઓની સંખ્યા, ધોરણ-૯માં બે વર્ગો ચાલે છે. તેમાં ૨૧૦ની સંખ્યા છે. જૂન ૨૦૦૫માં નવા વર્ગની માગણી કરી, ૬૮ વિદ્યાર્થીઓની સંખ્યા છે અને ત્રણવાર અપીલો નાયબ શિક્ષણ સચિવ સાહેબે સાંભળી. તા. ૯-૧-૦૮ના રોજ સુનાવણીમાં ગ્રાઉન્ડ નથી તેવું જણાવી મંજૂરી આપેલ નથી તો જે જગ્યાએ ગ્રાઉન્ડ પણ નથી ત્યાં ધોરણ-૮ અને ધોરણ-૯ની મંજૂરી આપવી એવા શિક્ષણ વિભાગે પરિપત્રો કરેલા છે. મારી માનનીય મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે કે આદિવાસી વિસ્તારોમાં ગ્રાન્ટેડ સંસ્થાઓ યુદ્ધના ધોરણે આપવી જોઈએ. બધી જગ્યાએ આવી સંસ્થાઓ અપાશે તો જ આદિવાસીના વિદ્યાર્થીઓ ભણી શકશે. નહીં તો આદિવાસીના વિદ્યાર્થીઓ ભણી નહીં શકે.

**શ્રીમતી વસુબેન ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ અને મહેસૂલ વિભાગની જે માગણીઓ લઈને મંત્રીશ્રીઓ આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું. મુખ્યમંત્રીશ્રીના ગુજરાતના શાસનકાળમાં જનસેવા અને સુવિધાઓમાં જે ગુણાત્મક સુધારાઓ થયા છે તેના દર્શન થઈ રહ્યા છે. ગુજરાત રાજયમાં સંસ્કારો અને શિક્ષણનું વિશેષ વાવેતર થઈ રહ્યું છે. ૨૧મી સદીની પેઢીના નિર્માણની સાથે સાથે ગુજરાતના નિર્માણ થકી દેશના નિર્માણની આ સરકારે પોતે જવાબદારી ઉઠાવી છે એવો જનમત બની રહ્યો છે. શિક્ષણની સાથે સંસ્કાર અપાય છે ત્યારે નવી આશાનો સૂર્યોદય થયો છે એવું મને લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની સરકારે શિક્ષણરૂપી ધન સમગ્ર જનતાને આપવું. એવો સુંદર મજાનો અવસર ઊભો કર્યો છે.

" ન ચોર હાર્યમ્, ન ચ રાજ હાર્યમ્, ન ભાતૃ ભાજયમ્, ન ચ ભાર કાર્યમ્"

આ શિક્ષારૂપી ધન કોઈ ચોરી શકતું નથી, કોઈ ભાગ પડાવી શકતું નથી. "વિદ્યા ધનમ્ સર્વ ધનમ્ પ્રધાનમ્" વિદ્યારૂપી ધન એ સર્વ ધનમ્āં સૌથી મહામૂલું ધન છે અને એ અવસર રાજય સરકારે પૂરો પાડ્યો છે. ત્યારે હું સરકારશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શૈક્ષણિક વિકાસ કર્યો, શાળાઓ ઊભી કરી પરંતુ શાળાઓમાં જ્ઞાન પ્રાપ્ત કરવા માટે વિદ્યાર્થીઓની માનસિકતા બને. અત્યારે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ ચાલી રહી છે. પહેલાં રાજયના શિક્ષણ મંત્રી શ્રીમતી આનંદીબહેન હતા ત્યારે આ પરીક્ષા એક ઉત્સવ બને એટલા માટે બાળકોને કંકુના તિલક કરવા, ગોળ અને ધાણા આપવા, ટોપરું અને ખાંડ આપી શુકન આપવાનો કાર્યક્રમ શરૂ કયો છે. એના દ્વારા સંસ્કાર આપવાનું કામ આ રાજયની સરકારે કર્યું છે. પાયાની વાત એ છે કે, શિક્ષણ એ પાયો છે. આ શિક્ષણ સંસ્કારોથી ભરપૂર બને, આજના યુવાનોને દિશા મળે, ભારતીય પરંપરા ઉજાગર કરનારું શિક્ષણ મળે. આ પ્રાપ્ત કરવા માટે જ્યારે રાજયના શિક્ષણ મંત્રી આનંદીબેન હતા ત્યારે એક સુંદર મજાના એમના વહીવટની સાથે સાથે જ્યાં જ્યાં એમના પ્રવચન થતા ત્યાં તેઓ એક વાત કરતા હતા. શિક્ષણ આજે વરવું સ્વરૂપ લઈ રહ્યું છે, વિદેશી સંસ્કારોની

અસર એના ઉપર થઈ રહી છે ત્યારે શાળા- કૉલેજોની અંદર રોઝ ડે, મધર ડે, ફ્રેન્ડશીપ ડે, કોણ જાણે કેટલાય ડે આ વિદ્યાર્થીઓ ઉજવતા થયા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, મારા જામનગરમાં ધરતીકંપ પછી એક કાર્યક્રમ હતો. ત્યાં એક નવી સરકારી કૉલેજનો શિલાન્યાસ કરવાનો કાર્યક્રમ હતો. આખા જામનગરના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષણ જગત ત્યાં ઉપસ્થિત હતું. ત્યાં આ રોઝ ડેની વાત કરતા બહેને ખૂબ સુંદર મજાની વાત કરી હતી. એ બધાને દિશા આપનારી વાત હતી. વિદ્યાર્થી રોઝ ડે જરૂર ઉજવે, કૉલેજ કૅમ્પસમાં ગુલાબનો છોડ રોપીને આ કામ કરે તો આ ઉજવણી પરંપરાગત રીતે ઊજવાય અને આજે જામનગરમાં કેટલીય કૉલેજોમાં કુંડાઓમાં મૈત્રી ગુલાબ છોડ રોપીને, મૈત્રેયી ગુલાબ છોડ આવા છોડના વાવેતર કરવાનું કામ આજે થઈ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવેશોત્સવ એક મહોત્સવ બન્યા છે. ૨૦૦૭-૨૦૦૮માં ૭,૭૩,૨૦૮ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. એક વિદ્યાલક્ષ્મી બૉન્ડ યોજના સરકારે શરૂ કરી છે. ડ્રોપ આઉટ રેશિયો ઘટે નહીં પણ વધે. ધોરણ સાત સુધી અભ્યાસક્રમમાં ચાલુ રહે તે માટે વિદ્યાલક્ષ્મી યોજના આ સરકારે શરૂ કરી છે. પ્રાથમિક શિક્ષણની વાત કરી. હમણાં કુંવરજીભાઈ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની વાત કરતા હતા. સરકાર કોઈ દિશા આપવાનું કામ કરે, સરકારે પથ બતાવ્યો. શું એક સામાજિક પ્રતિનિધિ તરીકે આ વાતને માધ્યમિક શિક્ષણમાં ન લઈ જઈ શકીએ. બીજી એક યોજના વિદ્યાદીપ યોજના. ૮૫ લાખ વિદ્યાર્થીઓને ૨૪ કલાકનું વીમા કવચ આ યોજના અંતર્ગત અપાય છે. અકસ્માતે મૃત્યુ પામનાર વિદ્યાર્થીના વાલીને ૨૫૦૦૦ રૂપિયા વીમાની રકમ ચૂકવવામાં આવે છે. કન્યા કેળવણી વધે એ માટે સરકારે કન્યા કેળવણી નીતિ શરૂ કરી છે. આર્થિક મુશ્કેલીમાં ભણતી ગુજરાતની દીકરીઓ એમને કોઈ તકલીફ ન પડે અને એ ભાવથી આ નિધિ શરૂ કરી છે. ચોક્કસ નિયમો કરીને એનો લાભ બધાને અપાય છે. અત્યાર સુધીમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રીઓમાં આ પહેલા મુખ્યમંત્રીશ્રી એવા છે કે, તેમને મળતી ભેટ સોગાદો એ કન્યા કેળવણી નિધિમાં જમા કરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વનબંધુ યોજના. કરી આ યોજના અંતર્ગત ૨૦૦૭-૨૦૦૮ની અંદર ટ્રાયબલ વિસ્તારમાં જ્યાં શાળાઓ વિજ્ઞાન પ્રવાહની ન હતી ત્યાં ૧૧ નવી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે. એવી જ એક યોજના સાગરખેડૂ યોજના. આ યોજના હેઠળ જ્યાં શિક્ષણ નહિવત્ હતું અથવા તો હતું જ નહીં એવા બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે હેતુથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ ૨૦૦૭-૨૦૦૮માં ૨૫ માધ્યમિક અને ૧૮ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરી છે. આમાં મહિલાઓનું, ગુજરાતની મહિલાઓનું દેશની સેવામાં મહત્વનું પ્રદાન હોય છે. આમ સમજીને રાજયની સરકારે મહિલા સૈનિક શાળા ક્ષેરવા મહેસાણા જિલ્લાની અંદર આ સરકારે શરૂ કરી છે અને આ પહેલી સૈનિક શાળા ત્યાં શરૂ થઈ છે. વિશ્વની નજર ગુજરાત ઉપર છે. ગુજરાતનો વિદ્યાર્થી ગુજરાતમાંથી વિપુલ તકોનો લાભ લેવા માટે બહાર ન જાય એ માટે ગુજરાતના વિદ્યાર્થીને ગુજરાતમાં શિક્ષણ પ્રાપ્ત થાય એ હેતુથી અહીં અનેક યુનિવર્સિટીઓની સ્થાપના કરી અને એમાં કૃષિ યુનિવર્સિટીની પણ સ્થાપના કરી છે. હું સરકારશ્રીને અભિનંદન આપું છું એટલા માટે કે લાખો રૂપિયાનો ખર્ચ કરી અને માબાપ પોતાના બાળકોને ગુજરાતની બહાર દેશ અને વિદેશમાં મોકલતા હોય છે ત્યારે સાંસ્કૃતિક પ્રદૂષણનો પોતાનો બાળક ભોગ ન બને એની ચિંતામાં માતાઓ સૂઈ નહોતી શકતી. (સમય સૂચક ઘંટડી) બે મિનિટમાં જ પૂરું કરું છું સાહેબ.

**અધ્યક્ષશ્રી** : અડધી મિનિટમાં જ પૂરું કરો.

**શ્રીમતી વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો યુવાન વિશ્વની હરીફાઈમાં ઉભો રહે, ગુજરાતની યુવાન એ દેશમાં હરીફાઈ ન કરે, જાપાનમાં, જાપાનના દેશના યુવાનો સાથે હરીફાઈ કરે.. ..

**અધ્યક્ષશ્રી** : ડૉ. નીમાબેન આચાર્ય.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ, ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન અને શિક્ષણ વિભાગની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે હું એ માગણીઓને મારો ટેકો આપું છું અને તેના માટેના મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર જે રીતે કુદરતી આપત્તિઓ આવી એ કુદરતી આપત્તિઓમાં સૌથી વિશેષ જ્યારે કચ્છની અંદર ભૂકંપ આવ્યો અને એ ભૂકંપની જે અસર થઈ ત્યારે ગુજરાત સરકારે આ કુદરતી આપત્તિઓને પહોંચી વળવા માટે ડીઝાસ્ટર મેનેજમેંટ એકટ લાવવામાં આવ્યો. આ ડીઝાસ્ટર મેનેજમેંટ એકટ એ સૌપ્રથમ લાવવામાં આવ્યો. આખા દેશમાં આ એકટ લાવવામાં ગુજરાત એ પહેલું રાજય હતું અને તેના દ્વારા અનેક આયોજનો એ આપત્તિઓને પહોંચી વળવા માટે કરવામાં આવ્યા. ભૂકંપને પહોંચી વળવા માટે જે આયોજન થયું એ તો વિશ્વમાં એક અજાયબીરુપ પુર્નવસનની કામગીરી થઈ છે. લોકો જોવા આવે છે એવી કામગીરી થઈ છે ત્યારે આ આપત્તિઓને પહોંચી વળવા માટે વિશેષ આયોજન આ વર્ષે કરવામાં આવ્યું છે. જેની અંદર જી.એસ.ડી.એમ.ને ૧૬૦.૯૫ કરોડની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. બધા જ લોકો આપત્તિઓથી ચિંતિત છે ત્યારે ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજીકલ રીસર્ચ સૅન્ટરની સ્થાપના કરવાનું નક્કી કર્યુ છે કે જેની અંદર પ્રાકૃતિક હિલચાલને સમજવા તથા તેના પર દેખરેખ રાખવાનું કામ આ સૅન્ટર દ્વારા કરવામાં આવશે જેમાં ૯ વૈજ્ઞાનિકોની ટુકડી અત્યારે કામ કરી રહી છે. પણ ૫ વર્ષની અંદર ૧૪૦ વૈજ્ઞાનિકોની નિમણૂક કરવાનું આની

અંદર આયોજન છે અને એના માટે રાયસણ ખાતે જમીન પણ ફાળવવામાં આવી છે. જ્યાં કેન્દ્ર બનાવવામાં આવશે. આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે અદ્યતન તાલીમ આપવા જી.આઈ.ડી.એમ. જયાં હાલ એ સ્પીપા ખાતે કાર્યરત છે તેના માટે પણ જમીન ફાળવવામાં આવી છે અને ૨૨૨૦ તાલીમાર્થીઓ તાલીમ લઈ શકે એવા ૭૭ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ભૂકંપના જોખમને પહોંચી વળવા માટે સિસ્મીક માઈક્રોઝોનેશનનો અભ્યાસ પણ હાથ ધરવામાં આવ્યો છે. પ્રજાકીય શકિતના સથવારે જે કુદરતી આપત્તિઓને પહોંચી વળવાનું જે આયોજન કરવામાં આવ્યું છે એમાં ઝડપથી સહાય પહોંચે અને પુર્નવસન ખૂબ સારું અને સુંદર થાય એવી વ્યવસ્થા કરવામાં આવી છે. ૨૦૦૪માં દક્ષિણ ભારતની અંદર જે સુનામી આવી એની અંદર સૌથી પહેલી સહાય તાત્કાલિક સહાય એ ગુજરાત સરકારે ત્યાં પહોંચાડી હતી અને જેની સમગ્ર દેશે નોંધ લીધી હતી. ૨૦૦૪-૦૫ માં જે અતિવૃષ્ટિ થઈ એ અતિવૃષ્ટિને પહોંચી વળવા માટે જે આયોજન કરવામાં આવ્યું. એ દાખલારૂપ છે. બહારના બીજા રાજ્યના લોકો પણ આપણું આપત્તિ વ્યવસ્થાપન તંત્ર જોવા આવે છે અને શીખીને જાય છે. દેશના લોકો નહિ પણ વિદેશના લોકો પણ આ આયોજન જોવા આવે છે. જ્યારે અતિવૃષ્ટિમાં જે અસર થઈ એ ૧૪ જિલ્લાના ૮૦ તાલુકાના ૨૦૫૯ જેટલા ગામોમાં આ અતિવૃષ્ટિની અસર થઈ અને ૨૧ લાખ લોકોને ૫૧ કરોડ રૂપિયાની સહાય પહોંચાડી. કુટુંબની ઘરવખરી માટે ૩૨ કરોડની સહાય પહોંચાડી. આવું આયોજન કરવું અને આવી સહાય પહોંચાડવી એ કેટલું બધું અઘરું કામ છે? પરંતુ રાજ્ય સરકાર અને તમામ અધિકારીઓએ ભેગા થઈને અને સંસ્થાઓનો સાથ લઈ ખૂબ જ સારી રીતે આપણે આ આપત્તિમાંથી પાર ઉતરી શક્યા. સુરતમાં જે અતિવૃષ્ટિ થઈ એમાં ૮ હજાર ગામોને અસર પહોંચી અને એમાં ૧.૪૧ કરોડ લોકોને અસર થઈ. એમાં આપણે સુરતમાં પણ ૪.૨૫ લાખ લોકોનું સ્થળાંતર કરેલ. સુરતમાં યુદ્ધના ધોરણે કામ કરીને સહાયની તમામ કામગીરી કરવામાં આવી. (સમયસૂચક ઘંટડી) મારે હજી થોડું બોલવું હતું.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે સમયની મર્યાદા છે. આપના દંડકશ્રીઓએ વક્તાઓની યાદી ઘણી લાંબી આપી છે.

**ડૉ. નીમાબેન ભા. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, જે ચુનંદા અધિકારીઓની ટીમને સુરતમાં મોકલી તેમણે અને સંસ્થાઓએ કાર્ય કર્યું અને રાહત સામગ્રી પહોંચાડી એ અદ્‌ભુત હતું. ૧૫ દિવસમાં સુરતને ધમધમતું કરી દેવામાં આવ્યું. આવો અજોડ દાખલો ક્યાંય જોવામાં ન આવે એવી કામગીરી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે શિક્ષણની પણ થોડી વાતો કરવી છે. શિક્ષણ ક્ષેત્રમાં જે કામગીરી આપણા રાજ્યમાં થઈ છે એ ખૂબ નોંધનીય છે. રાજ્યનું શિક્ષણ વિશાળ યુવાધન આધુનીકરણ માટે તૈયાર થાય, આધુનિક વિશ્વની તમામ શક્યતાઓ અને તકનો લાભ મેળવી શકે, ઔદ્યોગિક અને વૈજ્ઞાનિક પ્રવાહમાં પૂરતા તૈયાર થાય અને યુવાધનને તેની ઉદ્યમશીલતાનું સમર્થન મળે કે જેથી રાષ્ટ્ર નિમાર્ણમાં તેઓ ઉપયોગ થઈ શકે તે હેતુથી શિક્ષણ વિભાગે વિવિધ પ્રકારના આયોજનો કરેલ છે. હું આ માગણીઓને સમર્થન આપું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી અને માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદરણીય વસુબેન અને નીમાબેન વકતવ્ય આપતા હતા. વસુબેને કહ્યું કે અમારા આનંદીબેને આમ કર્યું, આનંદીબેને આમ કર્યું, દશ વર્ષ કર્યું પણ હવે આપના પોપટને કહો કે હવે રમણભાઈનું નામ આપે. (અંતરાય) વસુબેન તો અમારા બેન છે અને અમે સાથે કામ કર્યું છે એટલે તમે ચિંતા ન કરો.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, તમારો પોપટ તમારી પાસે રાખો. પીંજરું ન હોય તો વસાવો. એટલા માટે યુનિસેફનું જે સાહિત્ય આપ્યું છે એમાં પોપટની સિરિયલ આવે છે એ જોઈ લેજો, કેટલો સારો લાગે છે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું વસુબેનના પોપટની વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : તમે બીજાના પોપટની વાત નહીં કરો. આપ આપના પંખીને રાખો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય વસુબેને એમ કહ્યું કે નવી પરંપરાઓ શરૂ થઈ. પ્રવેશોત્સવો થયા, કેળવણી રથો થયા અને જ્યારે પરીક્ષા દેવા જાય ત્યારે કંકુ-ચોખા અને ગોળ-ધાણા અને આવી પ્રથાઓ શરૂ કરી. જો કદાચ આ કંકુ-ચોખા અને ગોળ-ધાણાથી શિક્ષણ સુધરી જતું હોત તો આપણું રાજ્ય જે અત્યારે...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી અંબાલાલભાઈ આ બાજુથી બોલતા હતા ત્યારે અવાજ નથી થયો, આપ પણ સંયમ જાળવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, સાક્ષરતા દર નવમા સ્થાનેથી અગિયારમાં સ્થાને ના આવ્યું ઠીક છે પરંપરા ચાલુ રાખે. નવું શરૂ કરે પણ એના કારણે શિક્ષણની ગુણવત્તાની અંદર ફેરફારો નથી થતા અને એટલા માટે જે સાક્ષરતાની અંદર આપણું રાજ્ય આગળ હતું, પ્રગતિ કરતું હતું એ રાજ્યના આ શાસનની અંદર પાછળ જઈને અગિયારમાં સ્થાને આવ્યું. દિવસો ઉજવવાથી કે એવું કરવાથી કોઈ એનાથી ફરક નથી પડતો. સર્વશિક્ષા અભિયાન આખા દેશમાં ચાલે છે અને એના હેઠળ આપણાં રાજ્યની અંદર પણ ઈન્ફ્રાસ્ટ્રકચર બને છે. મારે કહેવું છે કે સર્વશિક્ષા અભિયાન હેઠળના જે હમણાં રૂમો શરૂ કર્યા છે, જે સર્વશિક્ષા અભિયાનની શરત

પ્રમાણે સ્થાનિક સમિતિઓ બનાવીને રૂમનુ કામ સારું થાય, પણ મેં વારંવાર આ ગૃહમાં કહ્યું છે કે એક માનીતી કંપની સિન્ટેક્ષને લાભ અપાવવા માટે રૂમો બન્યાં, સેંકડોની સંખ્યામાં એ તૂટી ગયાં એ તો પછી વાત છે પણ એ રૂમોની અંદર હજુ સુધી કોઈ બેસવા નથી ગયું. હું જે કહું છું કે વારંવાર એમ કહેવામાં આવે છે કે 'હું ખાતો નથી અને ખાવા દેતો નથી' પણ હું ખાઉ અને ખાવાની કેવી સગવડતા કરી આપું એના અનેક દાખલાઓ આ સરકારની અંદર હાજર છે. મારે એકજ વાત કરવી છે કે ખાવાની અને ખવડાવવાની કેવી સરસ સગવડતાઓ થાય છે. એક સંસ્થા છે બ્લોસમ એકેડેમી ઓફ કોમ્પ્યુટર એજ્યુકેશન જેને શિક્ષણ સાથે કશું લેવાદેવા નહિ. કમાણી કરવા માટે એક સંસ્થા ઊભી કરવામાં આવી અને એ સંસ્થા અગિયાર જિલ્લા પંચાયતો પાસે ગઈ. ત્યાં જઈને એમણે કહ્યું કે, અમારે સેવા કરવી છે એટલે અમને આ તમારી જે પ્રાથમિક શાળાના બાળકો છે તેમને મફત કોમ્પ્યુટર શિક્ષણ આપવાની સગવડતા કરી આપો. સૂચનાઓ હશે એટલે અગિયાર જિલ્લા પંચાયતોએ હા પાડી દીધી. હા, તમને સગવડતાઓ કરી આપવામાં આવશે અને એના સરકયુલર જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિએ પણ કરી આપ્યા. ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આવ્યા એમા અમારા મહેન્દ્રસિંહએ કહ્યું કે, તમે પણ આવો ઠરાવ કરાવી આપો તો મહેન્દ્રસિંહે એમ કહ્યું કે તમને એવો કયો શોખ જાગ્યો છે કે મફત શિક્ષણ આપવનું છે. એણે આ મુદ્દો પંચાયત પરિષદમાં પણ ઉઠાવ્યો. એણે કહ્યું કે આવી રીતે આની અંદર મને શંકાસ્પદ વલણ લાગે છે અને એ વખતે જે તે વખતના પંચાયત મંત્રીશ્રીનું પણ ધ્યાન દોર્યુ અને પંચાયત મંત્રીશ્રીએ કહ્યું કે હું રોકવાની કોશિશ પણ કરીશ, પણ કોઈકની માનીતી સંસ્થા હતી એટલે એને કોઈએ રોક્યા નહિ. બન્યું એવું આ સંસ્થાએ અગિયાર જિલ્લા પંચાયતો અને ૧૨૦ તાલુકા પંચાયતોની જે સંસ્થાઓ હતી એની અંદર કોમ્પ્યુટર મૂકી અને શિક્ષણ આપવાનું કામ શરૂ કરાવવાનું નકકી કર્યુ અને એમાં એમણે ૮૦૦૦ જેટલા જે કોમ્પ્યુટરની અંદર જે યુવાનો હતા એમને રોજગારી આપવાના નામે એની સાથે કરારો કર્યા. એ કરારો કરવાના નામે ૫૨,૦૦૦ રૂપિયા પહોંચ આપીને લેવામાં આવ્યા અને વધારાના જે પૈસા લેવાયા એ જુદા. એણે એમ કહ્યું કે તમને પાંચ વર્ષ સુધી તમને કોમ્પ્યુટર શિક્ષક તરીકે રાખીશું અને ૩૫૦૦ રૂપિયાનો પગારેય આપીશું અને ભવિષ્યમાં નોકરી અપાવીશું. છ-આઠ મહિના આ બધું ચાલ્યું. ૪૦ થી ૫૦ કરોડ રૂપિયા ઉઘરાવી લેવામાં આવ્યા અને આજે જે લોકોએ ૫૨,૦૦૦ અને ૫૦,૦૦૦ રૂપિયા ઘરેણા વેચીને, મકાન ગીરવે મૂકીને જેણે લીધા હતા એ સચિવાલયના પગથિયા ઘસે છે અને જે 'ખાતો નથી અને ખાવા દેતો નથી' એમ કહેવાવાળા લોકો જે છે એ એને પગથિયુંય ચઢવા દેતા નથી. ખાવાની અને ખવડાવવાની કેવી વ્યવસ્થા થાય છે તેનો આ સૌથી આદર નમૂનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવી સગવડ કરવાના તો અનેક દાખલા છે. હું વિશેષ નથી કહેવા જતો, મારે એટલું જ કહેવું છે શિક્ષણની અંદર કે શિક્ષણમંત્રીશ્રી આવ્યાં છે. કદાચ ૧-૨ પુલ ઓછા બનશે તો ચાલશે પણ ૧-૨ બાળકો શાળાએ જતા અટકશે તો સમાજનું સૌથી મોટું અહિત થશે એટલા માટે આપણે સૌએ ખાતરી રાખવી પડશે કે આપણા બાળકો શાળાએ જાય અને એમાં વધારેમાં વધારે ખર્ચ થાય. આ વખતે નવી એન્જીનીયરીંગ કોલેજની સ્થાપના કરવાનું સરકારી ક્ષેત્રમાં લાવ્યા છે એ વાતને હું આવકારું છું. જમીનની નીતિ અને જમીનનો વહીવટ એ આપણને વારસામાં મળેલો છે અને સૌથી શ્રેષ્ઠ સંપત્તિ રાજયની જો કોઈ હોય તો તે જમીન છે. એનો સારો ઉપયોગ થવો જોઈએ. ગઈકાલે જ મેં વાંચ્યું કે દિલ્હીમાં નોઈડામાં એક પ્લોટ વેચાયો એ પ્લોટના ૫૦૦૦ કરોડ આવ્યા. ૯૫ એકરનો પ્લોટ છે. બાંદ્રા, કુર્લામાં થોડા સમય પહેલા ૨૦૦૦૦ ચોરસ મીટર જમીન વેચાઈ એના ૧૮૦૦ કરોડ આવ્યા. દુરંદેશી રાખી હશે એ લોકોએ અને એ પૈસા આવેલા છે એનું રોકાણ ઈન્ફ્રાસ્ટ્રકચર વધારવામાં, લોકોની સુવિધા વધારવામાં કર્યું હોય. આપણે શું થાય છે. અમદાવાદથી ગાંધીનગર વચ્ચેની જમીન છે એ ખૂબ કિંમતી જમીન છે. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો મારે રેવન્યુમાં બોલવાનું બાકી છે.

**અધ્યક્ષશ્રી** : આપને કેટલામાં બોલવાનું છે એ અગત્યનું નથી. આપને આઠ મિનિટનો સમય મળ્યો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા દંડકને વિનંતી કરીશ કે મને ૨-૩ મિનિટ વધારે આપે.

**અધ્યક્ષશ્રી** : દંડકને વિનંતી કરો એનો મને વાંધો નથી પણ હવે પછી બધી જ વ્યકિતઓની બે મિનિટ કપાશે ઈન્કલુડીંગ સિદ્ધાર્થભાઈ. તમને બે મિનિટ આપશે તો ત્યાં ઓછી થશે. અથવા તો તમે બંને દંડક બેસો અને કહો સમય વધારો તો હું વધારવા તૈયાર છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપણી પાસે પણ એવી જમીન છે જેનો સારો ઉપયોગ થવો જોઈએ. ગામડાંમાં ૧૦૦ વારનો પ્લોટ હોય, ગામતળ વધારવાનો નિર્ણય ન થાય, ગામડાંની નાનકડી સંસ્થા હોય, હાઈસ્કૂલ માટે જમીન જોઈતી હોય તો એ ન થાય. ગામડાંનો દલિત વિસ્તાર હોય ત્યાં કોમ્યુનિટી હોલ બનાવવા સરકાર જમીન ન આપે પણ માનીતા લોકોને કેવી જમીન આપે છે એનો દાખલો આપું. આ દેશના સૌથી પૈસાદાર માણસ, પૈસાદાર કંપની એટલે ડી.એલ.એફ. અંબાણી ગૃપ કરતાં પણ સૌથી વધારે સંપત્તિ ધરાવે છે. રાજય સરકારને એમ લાગે છે કે તે ગરીબ છે એટલે એને રાહત દરે જમીન આપવી જોઈએ. ૧,૦૧,૨૦૦ મીટર જમીન એમને ગાંધીનગરની બાજુમાં અપાઈ. જેની કિંમત નકકી થઈ ૮૮૦૦ રૂપિયે ચોરસ મીટર જમીન આપવી. માનનીય મુખ્યમંત્રીશ્રી સુધી ફાઈલ ગઈ, કૅબિનૅટમાં મુકાઈ અને ગમેતેમ ફાઈલ પાછી આવી અને કીધું કે આના ૫૦૦૦ કરી દો. એક જાટકે ૫૦કરોડ ઓછા કરીને આ ગરીબ કરોડપતિને આપી દેવામાં આવ્યા. એવી જ

રીતે રહેજા બિલ્ડર્સને ૧૮કરોડ રૂપિયામાં જમીન અપાઈ. ખરેખર કિંમત હતી એની ૨૧૮કરોડ રૂપિયા એના માટે આ ભાવે અપાય પણ જેના માટે આપણે એમ કહીએ છીએ કે આપણા પડોશી દેશો સાથે આપણા જે સુરક્ષા દળો લડે છે, ત્રાસવાદીઓ સામે લડે છે અને જેના ફંકશનની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી વારંવાર જાય છે એવા સાઉથ વેસ્ટ એર કમાન્ડ એણે જમીન પાંચ વર્ષથી માગતા હતા કે અમને નોમિનલ રેટથી જમીન આપો. તો એને એમ કહેવામાં આવ્યું કે ૮૮૦૦ રૂપિયા ભરો પછી જમીન મળે. અમે વિધાનસભામાં પ્રશ્ન ઉઠાવ્યો. ભારત સરકારે ઉઠાવ્યો. તો પણ ઔદ્યોગિક ગૃહોને જે ભાવે જમીન આપે છે એ ભાવે ન અપાઈ. વિકાસ દરના ભાવથી, ૧૧૦૦ રૂપિયાના ભાવથી એને જમીન અપાઈ કારણકે આપણા સુરક્ષા દળો છે એ ખાતા નથી અને ખાવા દેતા નથી. જયારે અહિંયા તો ખાવું પણ છે અને ખવડાવવું પણ છે આ સહકારી ધોરણે ચાલે છે. મારે માત્ર એક વિનંતી કરવી છે કે આ બાબતોમાં પારદર્શિતા લાવવાની ખૂબ જરૂર છે. પારદર્શિતા લાવી અને અમારા કુંવરજીભાઈએ જે અપેક્ષા વ્યકત કરી કે ગામડાંની અંદર રાજકીય રીતે ઓથવાળો માણસ હોય કે બીજો હોય, રસ્તો જતો હોય તો રસ્તો દબાવી દે. શેઢાઓના ઝઘડા થાય અને એને કારણે વહીવટની અંદર ખૂબ મુશ્કેલી પડે.આ બાબતની અંદર રાજ્ય સરકાર હકારાત્મક વલણ અપનાવી અને જ્યાં જ્યાં આવા પ્રશ્નો છે. ત્યાં સ્થાનિક રીતે ઉકેલ લાવી શકાય તેવી વ્યવસ્થા ગોઠવીને આ વહીવટ પારદર્શક રીતે ચાલે એ માટે આપના મારફત આ સરકારને વિનંતી કરી આ માગણીમાં હું સહમત થઈ શકતો નથી.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા (વિસાવદર)** : માનનીય અધ્યક્ષશ્રી, જે મહેસૂલ મંત્રીશ્રી મહેસૂલ વિભાગની માગણી ક્રમાંક-૭૬, ૭૮, ૭૯ લઈને આવ્યા છે, એના સમર્થનમાં હું વાત કરવા માટે ઊભો થયો છું. મહેસૂલ વિભાગ રાજ્ય સરકારના અન્ય વિભાગોની સરખામણીમાં ઘણો મોટો અને પ્રજાનાં કામ સાથે સીધી રીતે સંકળાયેલ આ વિભાગ છે. જિલ્લા મથકો ઉપર નાગરિક સુવિધા કેન્દ્ર આ વિભાગ દ્વારા જે શરૂ કરવામાં આવ્યું છે. એનાથી ગ્રામ્ય વિસ્તારના અને શહેરી વિસ્તારના જે નાગરિકો જિલ્લા મથકનાં કામ સબબ આવતા હોય, ત્યારે એના અધિકાર પત્રના ભાગરૂપે ૭૨ જેટલી વિવિધ પ્રકારની સેવા આજે જિલ્લા મથક ઉપરથી પૂરી પાડવામાં આવે છે. પહેલા ગ્રામીણ વિસ્તારના લોકો જિલ્લા મથકોએ જતા ત્યારે અટવાઈ જતા હતા કે કયા ટેબલે જવું, કઈ જગ્યાએ કયું કામ કરવું? આજે આ સુવિધા ઊભી થવાથી જે ઑફિસની અંદર ખોટી રીતે ટેબલે ફરતો માણસ એ અત્યારે સીધો જ્યાં કામ હોય તે ટેબલે જઈને ઊભો રહે છે અને એ કામનો પણ એ પૂરી ગતિથી જવાબ મેળવીને, કામનો ન્યાય મેળવીને આજે માણસ સાંજ પહેલા ઘરે પહોંચી જતો હોય ત્યારે આ વિભાગને આવી માહિતીઓ જિલ્લામાં ઉપલબ્ધ કરાવવા માટે મહેસૂલ વિભાગને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

રાજ્યના તમામ ૨૨૫ તાલુકા આવેલા છે ત્યાં પણ સિવિક સૅન્ટર શરૂ કરવામાં આવ્યાં છે, જેમાંથી પ્રજાજનો રોજિંદી માહિતી પણ તેમાંથી મેળવી રહ્યા છે. બીજી વાત કરું તો આજે તાલુકા પંચાયતથી લઈને ગ્રામ પંચાયત સુધી ઈ-ધરા દફતર મારફત આજે દેશની અંદર ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે. ગ્રામ પંચાયતની અંદર ઈ-ધરા કેન્દ્રમાંથી ૭-૧૨, ૮(અ) ની આવી જે કઈ અન્ય પેપરો તેમજ વિવિધ લગતી માહિતીઓ આજે ઉપલબ્ધ થાય છે, તેમાં ગુજરાતની અંદર કયા માર્કેટિંગ યાર્ડમાં ખેત ઉત્પાદનમાં કયાં કેટલો ભાવ છે, તેની માહિતી મળી રહે છે. એવી રીતે વિદ્યાર્થી પરીક્ષાના પેપર અને નંબરથી માંડી અન્ય માહિતીઓ આજે આ ગ્રામીણ લેવલ ઉપર ઈ-ધરા મારફતે મેળવી રહ્યો છે. બીજી વાત કરું તો આ તમામ ગ્રામ પંચાયતોને એક બીજા સાથે જોડતી બ્રોડ બૅન્ડ ઈ કનેક્ટિવિટી શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય બની રહ્યું છે અને આપણે તમામ ૧૮,૦૦૦ ગામડાઓની અંદર જ્યારે આવી ઈ-ધરા અંતર્ગત કૉમ્પ્યુટર આપી માહિતી ઉપલબ્ધ કરાવવા માગીએ છીએ, ત્યારે એક મારું સૂચન છે કે એના માટેની બિલ્ડિંગ અથવા કૅબિન જો ગામડાઓની અંદર આની સાથે સાથે પ્રયોજન કરવામાં આવે તો આ સારી રીતે આપણે જે કઈ સાધનો મૂકીએ છીએ એ સચવાઈ રહે અને એનો સરળતાથી ગામલોકો ઉપયોગ કરી શકે.

બીજી વાત કરું તો વિપક્ષોએ પીવાના પાણીની બાબતમાં પણ કાપદરખાસ્ત મૂકી છે, પરંતુ પીવાના પાણીની બાબતમાં આપણે જોયું કે પહેલા ગામની અંદર પીવાનું પાણી ટૅન્કરોથી આપવામાં આવતું હતું. આજે મહી-પરીએજ યોજના મારફત ૧૮,૦૦૦ ગામડાની અંદર પીવાનું પાણી ઉપલબ્ધ કરાવી રહ્યા છીએ. ભૂતકાળની અંદર પીવાના પાણીના ટૅન્કરો ક્યારે શરૂ થાય તે માટે જે તે વખતના સરપંચ અને આગેવાનો રાહ જોતા હતા. આ ટૅન્કરો શરૂ થાય તો બીજુ શરૂ થાય તેમાંથી મુક્તિ મળશે. પીવાનું શુદ્ધ પાણી આજે ગ્રામ્ય વિસ્તારની અંદર દરેક વ્યક્તિઓને મળી ગયું છે.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના શિક્ષણ મંત્રીશ્રી આ સન્માનનીય ગૃહમાં શિક્ષણ વિભાગની માગણી ક્રમાંક-૮ અને ૯ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં અને તેના ઉત્થાન માટે શિક્ષણ પાયાની વસ્તુ છે. તેમાં તે પ્રાથમિક શિક્ષણ હોય, માધ્યમિક શિક્ષણ હોય કે ઉચ્ચત્તર માધ્યમિક હોય તેમાં દરેક ક્ષેત્રમાં રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની આગેવાનીવાળી ભારતીય જનતા પાર્ટીની સરકારે પાયાનું કામ કર્યુ છે. આ રાજય સરકારે એક તરફ શિક્ષણની ગુણવત્તા તરફ ધ્યાન આપ્યું છે અને બીજી તરફ સ્કૂલોમાં બાળકો ભણવા

જાય એટલું જ નહીં પણ શાળામાંથી અધવચ્ચે ઉઠી ન જાય તેની પણ ચિંતા કરી છે. આ રાજ્ય સરકારે ૧૯૯૯થી સમગ્ર ગુજરાતમાં પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મહોત્સવના કાર્યક્રમો ચલાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધી કહેતા હતા કે દીકરો ભણે તો એક વ્યકિત ભણે છે અને દીકરી ભણે તો એક પરિવાર ભણે છે. આ વિધાનને સાર્થક કરવા માટે રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે દીકરીઓના શિક્ષણ ઉપર વિશેષ ધ્યાન આપ્યું છે અને તેને પ્રોત્સાહન આપવા કન્યા કેળવણી મહોત્સવ ઉજવાય છે. આ કાર્યક્રમમાં ઉનાળાના ધમધોખતા તાપની અંદર ગામડે ગામડે રાજયના મુખ્યમંત્રીશ્રી, શિક્ષણ મંત્રીશ્રી, અન્ય મંત્રીશ્રીઓ, સચિવશ્રીઓ, આઈ.એ.એસ. અધિકારીગણ, સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ બધા જોડાય છે. તેના કારણે આ રાજયમાં દીકરીના ભણતરમાં વધારો થયો છે. વર્ષ ૨૦૦૩-૦૪ની વાત કરું તો ૭૫,૮૪૭ કન્યાઓએ પ્રવેશ લીધો હતો તે વધીને ૨૦૦૭-૦૮ના વર્ષમાં ૩,૬૫,૫૭૩ જેટલી કન્યાઓએ પ્રવેશ લઈને તેમાં વધારો કર્યો છે. આનાથી આગળ વધીને સાહેબ રાજય સરકારે વિદ્યાલક્ષ્મી બૉન્ડની યોજના દાખલ કરી. ૭ લાખ કન્યાઓને ૭૦ કરોડ જેટલા વિદ્યાલક્ષ્મી બૉન્ડ આપવામાં આવ્યા છે. બીજું સાહેબ શાળામાં ભણતાં ભણતાં બાળકનું અકસ્માતે મૃત્યુ થાય તો તેના માતા પિતા અને વાલીને મદદરૂપ થવા માટે રાજય સરકારે વિદ્યાદીપ વીમા યોજના દાખલ કરી છે. આ યોજનામાં ૮૫ લાખ જેટલા વિદ્યાર્થીઓને આ યોજનાથી વીમા કવચ પૂરું પાડવામાં આવ્યું છે. રાજયના મુખ્યમંત્રીશ્રીએ કન્યાઓને તેમના શિક્ષણમાં પડતી આર્થિક મુશ્કેલીઓ દૂર કરવા અને તેમાં મદદરૂપ થવા માટે ૨૦૦૩-૦૪ માં કન્યા કેળવણી નિધિ યોજના દાખલ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રીશ્રી માટે ગૌરવ એટલા માટે લઈ શકાય કે તેમણે મળેલી ભેટ સોગાદો ઘરે લઈ જવાને બદલે સરકારશ્રીમાં જમા કરવી છે અને તેના વેચાણમાંથી જે રકમ મળી છે તે કન્યા કેળવણી નિધિમાં જમા કરાવી છે. રાજય સરકારની આવી પ્રોત્સાહક યોજનાઓને કારણે રાજયમાં ડ્રોપ આઉટ રેશીયો ઘટ્યો છે. ૧૯૯૮ની વાત કરું ત્યારે ડ્રોપ આઉટ રેટ ૨૦.૮૧ હતો તે આજે ઘટીને ૨૦૦૭ના વર્ષમાં ૩.૬૮ ટકા જેટલો થઈ ગયો છે. પ્રાથમિક શાળામાં વર્ગખંડોની વાત કરીએ તો ભૂતકાળમાં વર્ગખંડ હોય તો શિક્ષક ન હોય અને શિક્ષક હોય તો વર્ગખંડ ન હોય. આની અંદર રાજય સરકારે ૧૯૯૨-૯૩ થી ૧૯૯૬-૯૭ સુધીમાં જે ધીમી ગતિએ કામ ચાલતું હતું અને આટલા સમયગાળામાં ૬૫૭૯ વર્ગખંડ બનાવવામાં આવ્યા હતા. જ્યારે ૧૯૯૮-૯૯ થી ૨૦૦૬-૦૭ના વર્ષ સુધીમાં રાજય સરકારે જુદા જુદા ગામડાઓમાં ૫૮,૯૩૪ વર્ગખંડો બનાવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : આપનું વક્તવ્ય પૂરું થાય છે.

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ (ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ એમના વિભાગની માગણી નંબર ૮ અને ૯ લઈને આવ્યા છે ત્યારે મારા વિચારો રજૂ કરવા માટેની હું આપશ્રીની રજા લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૫૪૬૩ કરોડ રૂપિયાની મહેસૂલી ખર્ચ માટે અને લગભગ ૧૧૭ કરોડ રૂપિયા મૂડી ખર્ચ માટેની માગણી નંબર નવ શિક્ષણ મંત્રીશ્રી લઈને આવ્યા છે, એની જો પાછલા વર્ષોની સાથે સરખામણી કરીએ તો ૨૦૦૭ અને ૨૦૦૮ના સુધારેલા અંદાજો હતા એ પ્રમાણે પણ શિક્ષણ વિભાગમાં ૫૪૬૨ કરોડ રૂપિયાનું ખર્ચ થયું, આ વર્ષે ૫૪૬૩ કરોડ રૂપિયાના ખર્ચની માગણીઓ લઈને આવ્યા છે એટલે ગયા વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે શિક્ષણ વિભાગના ખર્ચામાં કોઈ ઝાઝો ફેરફાર થવાનો નથી, મોંઘવારીના દરને ધ્યાનમાં લઈએ તો શિક્ષણ વિભાગનું બજૅટ ગયા વર્ષ કરતાં આ વર્ષે કમ્પેરેટીવલી ઘટે એવી પરિસ્થિતિ ઉભી થઈ છે. આપણા કુલ બજૅટના લગભગ ૩૫ ટકા જેટલી રકમ શિક્ષણ માટે ખર્ચીએ છીએ અને એટલી રકમ ખર્ચ્યા પછી પણ શિક્ષણનું જે સ્તર જળવાવવું જોઈએ, જે શિક્ષણની ગુણવત્તા ગુજરાતમાં ઉભી થવી જોઈએ, શિક્ષણ માટે જે પાયાની સુવિધાઓ આપણે પૂરી પાડવી જોઈએ, આ બધું પૂરું પાડવામાં આપણે ક્યાંકને કયાંક પાછળ પડતા જઈએ છીએ, ગ્રામ્ય વિસ્તારોમાં અનેક શાળાઓ શિક્ષક વગરની હોય, ઓરડાઓનો અભાવ હોય, ૧૩૦૦૦ કમ્પાઉન્ડ વૉલ વગરની શાળાઓ હોય, પીવાના પાણીની સુવિધાઓ ન હોય, બાળાઓ માટે બાથરુમની શાળાઓમાં સુવિધા ન હોય અને પછી આપણે ચિંતા કરીએ કે ડ્રોપ આઉટ દર કેમ વધ્યા કરે છે. કુમારો કરતાં બાળાઓમાં અઢી ટકા જેટલો ડ્રોપ આઉટ દર વધારે છે, અને આજે આપણે બાળાઓને વધારે શિક્ષણ આપવાનો પ્રયત્ન કરીએ છીએ એવો દેખાવ કર્યા કરીએ છીએ. ૨૦૦૫ અને ૨૦૦૬માં ૮૨.૬૭ લાખ વિદ્યાર્થીઓ પ્રાથમિક શાળામાં ભણી રહ્યા હતા. ૨૦૦૬-૦૭માં આ આંકડો ૮૨.૭૬ લાખ થયો એટલે ૨૦૦૫ થી ૨૦૦૬ના ગાળામાં, એક વર્ષમાં માત્ર ૯૦૦૦ વધારે વિદ્યાર્થીઓને શાળાઓમાં એડમિશન આપ્યું, એ જ રીતે સાક્ષરતાના દરની વાત કરીએ તો ગુજરાત જેવા વિકસિત રાજયની અંદર એમ આપણે અપેક્ષા રાખીએ કે શિક્ષણ સાક્ષરતાનો દર વધે પણ જે સમાજના પછાતવર્ગો છે, આદિવાસી, જનજાતિનો સાક્ષરતાનો દર આજે પણ ૪૭ ટકા છે અને એમાં અનુસૂચિત જનજાતિની મહિલાઓનો સાક્ષરતા માત્ર ૩૬ ટકા સુધી આપણે પહોંચી શક્યા છીએ, આ બધા સંજોગોમાં કઈ ગતિથી આ ક્ષેત્રમાં પ્રગતિ કરવામાં આવી છે એના માટે કેટલાક સવાલો ઊભા થાય છે. શિક્ષણનું

સ્તર અને એની ગુણવત્તા આપણા જેવા ગુજરાત રાજય માટે ખૂબ અગત્યના છે. ઔદ્યોગિક રીતે ગુજરાત રાજય એક હરણફાર ભરતું રાજય છે અને એવા રાજયની અંદર આપણા બાળકોનો પાયો મજબૂત બને, પ્રાથમિક શિક્ષણ સારી ગુણવત્તાનું ઉપલબ્ધ થાય આ બધુ કરવાની જવાબદારી આપણે વિદ્યા સહાયકોના માથા ઉપર નાખી દીધી, માત્ર ૨૫૦૦ રૂપિયાના ફીકસ પગારથી લઈએ છીએ,એમનું કમિટમૅન્ટ શું? આપણી નવી પેઢીના ઘડતરનું કામ આ વિદ્યા સહાયકો આટલા ટૂંકા પગારમાં કેવી રીતે કરી શકવાના? એટલે જે આખો પાયો મજબૂત બનાવવાની વાત છે તે વાતમાં આપણે કયાંકને કયાંક પાછા પડયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પાટણની ઘટના એ આપણા સૌના માટે આંખ ઉઘાડનારી ઘટના છે. વિદ્યાની શાળાઓ માટે વર્તમાન પત્રોમાં છેલ્લા ઘણા દિવસોમાં ઘણું બધું લખાતું ગયું, જાણે આપણા શૈક્ષણિક સંકૂલો સૅક્સ સંકૂલો બનતા જાય છે એવી વાત ક્યાંક ક્યાંક રજૂ થઈ. પણ પાટણની ઘટના અને ત્યાર બાદ એટલિસ્ટ ગુજરાતના લોકોની એક હિંમત ખૂલી અને લોકોએ હવે આજે એકલા પાટણમાં જ નહીં સમગ્ર ગુજરાતમાં જ્યાં જ્યાં આવી ઘટનાઓ બનવા માંડી છે ત્યાં ફરિયાદ કરવાની હિંમત કરી છે. છેલ્લા થોડા વખતની જે માહિતી મારી પાસે છે એના આધારે હું કહું ગુજરાતની અંદર ૭-૮ જગ્યાએ આવી જુદી જુદી ઘટનાઓ બન્યાની એફ.આઈ.આર. દાખલ થઈ છે અને એ સંજોગોમાં ગુજરાતની પ્રજા ગુજરાતની સરકાર સામે જોઈ રહી છે, ગુજરાતની પ્રજા આજે અપેક્ષા રાખી રહી છે કે આવા બનાવો જ્યાં જ્યાં બન્યા હોય ત્યાં સરકાર દ્વારા કડકમાં કડક પગલાં લેવામાં આવે, એક દાખલો બેસાડવામાં આવે જેથી જે વિદ્યાર્થી અને મા-બાપ આવી ફરિયાદ દાખલ કરવાની પહેલા હિંમત નહોતા કરી શકતા એ આજે ખુલ્લે આમ બહાર આવીને જ્યારે કહી રહ્યા હોય ત્યારે શિક્ષણ ક્ષેત્રે એક વિશ્વાસનું વાતાવરણ ઊભું થાય અને લોકોનો વિશ્વાસ પુન:પ્રસ્થાપિત થાય એ દૃષ્ટિએ સરકારે આમાં તાત્કાલિક કડકમાં કડક પગલાં લેવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ગુજરાત યુનિવર્સિટી એ આપણા રાજયની સૌથી મોટી યુનિવર્સિટી છે. ૩૦૩ સંસ્થાઓ એ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન છે અને ૧,૯૯,૭૪૩ વિદ્યાર્થીઓનું ઘડતર કરવાનું કામ આ ગુજરાત યુનિવર્સિટી કરી રહી છે. આ ગુજરાત યુનિવર્સિટીનો વહીવટ એવો ચાલી રહ્યો છે કે, અત્યારે કદાચ ગુજરાત યુનિવર્સિટીનું ૨૦૦૧-૨૦૦૨નું ઑડિટ થઈ રહ્યું છે. છેલ્લા પાંચ વર્ષનું રાજયની સૌથી મોટી કહેવાથી શિક્ષણ સંસ્થાનું ઑડિટનું કામ બાકી હોય હવે અને પછીના પાંચ વર્ષનું ઑડિટ ક્યારે થશે એની ચિંતા સૌને સતાવતી હોય અને આપણા રાજયમાં તો નિયમ છે કે, જે સંસ્થાનું ઑડિટ ન થયું હોય એ સંસ્થા ગ્રાન્ટને પાત્ર બનતી નથી. એવા સંજોગોમાં આટલી મોટી શિક્ષણની સંસ્થાનું પાંચ પાંચ વર્ષનું જ્યારે ઑડિટ બાકી હોય ત્યારે હું માનું છું કે શિક્ષણ વિભાગે ખૂબ જ ગંભીરતાથી એની નોંધ લેવી જોઈએ અને શિક્ષણના ક્ષેત્રમાં આ જે વાત બની રહી છે એમાં તાત્કાલિક સુધારો થાય એવી પરિસ્થિતિ પેદા કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શિક્ષણનો જ્યાં સુધી સવાલ છે ત્યાં સુધી અનેક પ્રાથમિક શાળાઓ આજે સગવડ વગરની છે. પાંચ વર્ગની સાત ધોરણની શાળા હોય અને માત બે શિક્ષકો હોય, માત્ર ત્રણ શિક્ષકો હોય, વડોદરા જિલ્લો એક એવો જિલ્લો છે કે જેમાં ૧૯૦૦ જેટલા શિક્ષકોની ઘટ હોવા છતાં પણ એ ઘટને પૂરી કરી શકાતી નથી અને એ ઘટની સીધી અસર વિદ્યાર્થીઓના ભવિષ્ય ઉપર પડી રહી છે. મારી આપના થકી માનનીય શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી છે કે, ગુજરાત રાજયને એક પ્રથમ કક્ષાનું રાજય બનાવવાની દિશા તરફ જ્યારે આપણે આગળ વધી રહ્યા છીએ ત્યારે આપણા બાળકોનું ભાવિ, આપણા વિદ્યાર્થીઓનું શિક્ષણ અને આવતી કાલનું ભવિષ્ય જેમના હાથમાં છે એવા બાળકોના શિક્ષણનો વધારેમાં વધારે પાયો મજબૂત કરવાની દિશામાં શિક્ષણ મંત્રીશ્રી ધ્યાન કેંદ્રિત કરે.

માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટીના પણ ઘણા પ્રશ્નો છે એ સમયના અભાવે અમુક રજૂઆતો આજે નહીં પણ ફરી કોઈ વાર કરીશ. આજે મેં રજૂ કરેલા જે પ્રશ્નો છે એ પ્રશ્નોને ધ્યાનમાં લે અને શિક્ષણ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપી શકતો નથી.

**શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રી અને મહેસૂલ મંત્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું. ખાસ કરીને ગુજરાત સરકારે શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, વિદ્યાલક્ષ્મી, વિદ્યાદીપ યોજના અને માનનીય મુખ્યમંત્રીની કન્યા કેળવણી નિધિની યોજનામાં આ ગુજરાતના સ્વપ્નદૃષ્ટા, આ ગુજરાતના પ્રણેતા આદરણીય મુખ્યમંત્રીએ શિક્ષણ નીતિમાં અને ગુજરાતમાં જે શિક્ષણ કથળ્યું હતું. ૩૮-૪૦ વર્ષથી જેમણે શાસન કર્યુ છે, શિક્ષણ કયા ક્ષેત્રમાં કઈ જગ્યાએ પહોંચ્યું છે તેની ચિંતા નહોતી કરી એના માટે ગુજરાતના મુખ્યમંત્રીએ શાળા પ્રવેશ મહોત્સવમાં પોતે મુખ્યમંત્રી તરીકે, શિક્ષણ મંત્રી અને ગુજરાત સરકારના તમામ મંત્રીઓ, આઈ.એ.એસ. અધિકારીઓ, કલેક્ટર, ડી.ડી.ઓ. તથા તમામ પદાધિકારીઓએ ધોમધખતા તાપમાં ૪૪-૪૫ ડીગ્રી સૅલ્સીયસ ગરમી પડતી હોય, જૂન મહિનો હોય ત્યારે ઘ રમાંથી બહાર નીકળવાની કોઈ હિંમત ના કરે, એ સમયે આ ગુજરાતના મુખ્યમંત્રી ક્યાંક આદિવાસી વિસ્તારની અંદર હોય કે ક્યાંક કચ્છ વિસ્તારમાં હોય, ક્યાંક વડોદરા જિલ્લાના વિસ્તારમાં રહીને, ત્રણ દિવસ જનતાની વચ્ચે જઈને મારા માતા પિતા સમાન જે ગરીબ વાલીઓ છે એમને પ્રોત્સાહિત કરવા માટે પોતે ભિક્ષા માગી છે અને ભિક્ષામાં દીકરીને ભણાવવા માટેનું વચન માગ્યું છે એ માત્ર જો કોઈ કરી શકે તો એ ગુજરાતના મુખ્યમંત્રી,

ગુજરાતનું મંત્રીમંડળ અને ગુજરાતના આ ધારાસભ્યશ્રીઓ કે સંસદસભ્યશ્રીઓ કરી શકે. હું એમને પૂછું છું કે, ૩૮-૪૦ વર્ષના શાસન દરમિયાન હા અમે તમને રોકવા માટે આવ્યા હતા? અમે તમને ના પાડી હતી? કે તમે શા માટે નથી કરતાં? પરંતુ એ સત્તાના નશામાં ક્યાંક મશગૂલ હતા ક્યાંક એમને ખબર એવી નહોતી કે અમે જે કરી રહ્યા છીએ એ ગુજરાતની પારદર્શક જનતા જોઈ રહી છે અને અમને અહીંથી કયાંય ફેંકી દેશે એવી ખબર નહોતી એટલા માટે નહોતા કરતા. એટલેથી વાત પૂરી નથી થતી. અત્યારસુધીમાં હું માનું છું કે તેર-ચોદ મુખ્યમંત્રીશ્રીઓ આવી ગયા હશે. આ મુખ્યમંત્રીશ્રીઓને જે કંઈ ભેટસોગાદો મળી એ તમામને એવી છૂટ હતી કે એનો જે ઉપયોગ કરવો હોય તે કરી શકે પણ કોઈ મુખ્યમંત્રીશ્રીએ આ પહેલ નહોતી કરી. અમારા આદરણીય, ગરીબોની ચિંતા સદાય દિલમાં રાખીને ચાલવાવાળા મુખ્યમંત્રીશ્રીએ એમને મળતી ભેટસોગાદો, એની જાહેર હરાજી કરીને એમણે મારા આદિવાસી ભાઈની, મારા દલિત ભાઈની દીકરી ભણે એના માટે થઈને ૧૦૦૦ રૂપિયાનું બોન્ડ કરીને ભણતી દીકરીને બોન્ડ આપીને કુલ મળીને પાંચ વર્ષમાં ૭૦ કરોડ રૂપિયાથી વધારે આ ગુજરાતની ગરીબ દીકરીઓને બોન્ડ આપ્યા છે અને પ્રોત્સાહિત કર્યા છે. આ ગુજરાતના મુખ્યમંત્રી અને આ ગુજરાતના શિક્ષણમંત્રીશ્રી અને ગુજરાતના મંત્રીમંડળના ઉમદા ભાવના ગરીબોના ઘેર સુધી પહોંચવા માટે એની દીકરી-દીકરો ભણે એના માટેના પ્રયત્નો કર્યા છે. બીજી વાત કરું તો આ ગુજરાત સરકાર, ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાત માટે નવી નથી બની. જનતાદળની સરકાર આવી છે, કોંગ્રેસની સરકાર આવી છે એવી અનેક સરકારો આવી છે, દીકરા-દીકરીઓ અત્યારે જ બીમાર પડે છે પહેલાં બીમાર નહોતા પડતા એવું પણ હોતું પહેલાં પણ બીમાર હતા. કેટલાક રક્તપિત્તના રોગમાં પીડાતા હતા, કોઈ કૅન્સરમાં, કોઈ ટી.બી.માં અનેક રોગોથી પીડાતા હતા, અત્યારના મહેસૂલ મંત્રી અને તે વખતના શિક્ષણ મંત્રીશ્રીએ વિચાર કર્યો અને ગુજરાતના જે ગરીબ આદિવાસીના બાળકો સ્કૂલમાં ભણતા હોય અને તાવથી, બિમારીથી પીડાતા હતા, કૅન્સરથી પીડાતા હતા હૃદયરોગથી પીડાતા હતા એમની સેવા કરવા માટે વિદ્યાદીપ યોજના લાવીને એમણે ગુજરાતમાં તો ટ્રિટમૅન્ટ અપાવી પણ મદ્રાસ સુધી ટ્રિટમૅન્ટ અપાવીને ઑપરેશન કરાવીને એ ગરીબોના હામી બનવા માટે આ ગુજરાતના મુખ્યમંત્રી અને ગુજરાતના શિક્ષણમંત્રીશ્રીએ પ્રયત્ન કર્યા છે.

મહેસૂલ ખાતાની વાત કરું તો હમણાં જ અમારા આદરણીય અર્જુનભાઈ મોઢવાડિયા કહેતા હતા. આ ગુજરાતના મહેસૂલ મંત્રીશ્રીએ સાંથણીમાં જમીન આપવાની ૧૯૯૪માં જે તે વખતના મુખ્યમંત્રીએ બંધ કરી હતી એ સાંથણીમાં ૭૫૦૬ હેકટર અને ૬૫ ગુંઠા જમીન ૬૬૬૭ લાભાર્થીઓને પૂરી પાડી છે એટલું જ નહિ ભૂતપૂર્વ સરકારોએ આ જમીનોની લહાણી કરી ત્યારે કોંગ્રેસના ટેકાથી ચાલતી સરકાર હતી ૧૯૯૮-૯૯માં.

**અધ્યક્ષશ્રી:** શ્રી બાબુભાઈ,

**શ્રી બાબુભાઈ જ. પટેલ (દસક્રોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને મારું સમર્થન કરું છું. મહેસૂલ એ રાજયના માળખામાં સૌથી જૂનો વિભાગ છે. બહુ જૂનો વિભાગ છે. અકબરના વખતમાં ટોડરમલે બનાવેલો આ કાયદો છે. એના પછી એમાં બ્રિટિશ ગવર્નમેન્ટ વખતે એન્ડ્રોસને સુધારો કર્યો. એ કરીને ગયા એ ગયા. ત્યારપછી કોંગ્રેસની સરકારોએ કોઈ ધ્યાન આપ્યું જ નહીં. એમાં કોઈ સુધારો કર્યો હોય તો માત્ર ને માત્ર ભાજપની સરકારે કર્યો છે. આ વિભાગ એટલો મહત્વનો વિભાગ છે કે છેવાડાના માનવી સુધી અસર કરે છે.

મારે આપણા માજી વિરોધ પક્ષના નેતા અર્જુનસિંહને બતાવવું છે. તેઓ બેઠા હોત તો કહેત કે ભાજપની સરકારે શું કર્યુ છે. ખેત જમીન ટોચમર્યાદા ધારા હેઠળ ૨૦ મુદ્દાના કાર્યક્રમ અંતર્ગત ૫ વર્ષમાં ૨૫ હજાર એકર જમીન ગરીબોને આપવાનો લક્ષ્યાંક હતો, તેની સામે ૩૧.૨૫૦ એકર જમીન આ ગરીબોને આપીને ૧૨૫ ટકા સિદ્ધિ હાંસલ કરી છે. આ જમીન લેનાર કોણ છે? આ જમીન કોને મળી છે? આ જમીન રાજયના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગ, કૃષિ સહકારી મંડળીઓ, ખેતમજૂરો, ભૂમિહિન વ્યકિતઓ જેવા નાના નાના લોકોને મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કરવી છે કે સૌરાષ્ટ્રના રજવાડાના સમયની જમીન જે આપી હતી. જે ખોરડા આપ્યા હતા. ૫૦ વર્ષ આ લોકોએ રાજ કર્યુ. અત્યારસુધી તો એને માલિકી મળી નહીં. ભારતીય જનતા પાર્ટીની સરકારે આ જમીન ટોકન લઈને જૂના કરારે જે તે લોકોને આપી. આવા સાત જિલ્લા હતા. ભાવનગર, જામનગર, પોરબંદર, જૂનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગર. ૫૬૫ કરોડ ચોરસ મીટર આ જગ્યા હતી. અર્જુનભાઈ હોત તો બીજી વાત કરવી હતી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આ સભાગૃહમાં મારા દ્વારા સભાગૃહને કહો. કોઈ હોય કે ના હોય, એની ચિંતા ના કરો.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : મારે વાત કરવી છે કે કોંગ્રેસની સરકારની અંદર એક કાળો કાયદો હતો. શહેરી જમીન ટોચમર્યાદા ધારો. આજે મારે કહેવું છે કે આ શહેરી જમીન ટોચમર્યાદા કોઈએ કાઢી હોય તો એ આ સરકારે કાઢી છે. કયાં ગયા અર્જુનભાઈ? મારે વાત કરવી છે કે હજારો એકર, હજારો વીઘા જમીન જેના પર શહેરી જમીન ટોચમર્યાદાના કાયદાનું (આ તબકકે માનનીય અર્જુનભાઈ મોઢવાડિયા ગૃહમાં પ્રવેશતા) માનનીય

અર્જુનભાઈ, મારે તમને જાણ કરવી છે કે શહેરી જમીન ટોચમર્યાદામાં કયાં ગયા હતા ગરીબોની વાત કરવાવાળા?

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આપ બેસો પહેલા. તમે આ સભાગૃહની અંદર કોઈ એક સભ્યશ્રીને સંબોધીને આપનું ઉદ્‌બોધન ન કરો. માત્ર મારા દ્વારા કહો. વારંવાર એકને એક નામ લેવાનો અર્થ નથી. આપની બે જ મિનિટ બાકી છે. જે વાત કરવી હોય તે કરી લો.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કહેતો હતો કે કોંગ્રેસની સરકારની અંદર શહેરી જમીન ટોચમર્યાદાની અંદર હજારો ખેડૂતોની લાખો વીઘા જમીન આજે પણ લેન્ડ બેંકમાં પડી છે. ગરીબ ખેડૂત એ જમીન વેચી પણ શકતો નથી કે કંઈ કરી શકતો નથી.

બિન ખેતીની પરવાનગી કોંગ્રેસના શાસનમાં ૯૦ દિવસથી લઈને ૧૦૦ દિવસે થતી હતી. આ ભારતીય જનતા પાર્ટીની આ સરકારને મારે અભિનંદન આપવા છે કે એન.એ.ની અંદર ૪૫ દિવસની અંદર અને જે ૧૩ વાંધા હતા એ ૩ વાંધા કરીને મૂકી દીધા છે. એના માટે મારે અભિનંદન આપવા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કરવી છે કે હું તેમનું નામ લઈ શકું છું, નામ લીધા સિવાય ચાલશે નહીં. જે માણસ એમ કહેતા હતા કે આ કરોડો અને લાખો એકર જમીન સુખી લોકોને આપી છે. તો મારે તેમને એ કહેવું છે કે આ જમીન જે ઉદ્યોગપતિને આપી છે એ ત્યાં શું કરવાના છે? તો મારે ગૃહને એ વાત કરવી છે કે એ ઉદ્યોગપતિ એમાં મોટા ઉદ્યોગ અને મોટી ફેકટરીઓ બનાવવાના છે અને એમાં અસંખ્ય લોકોને રોજગારી મળવાની છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** માનનીય બાબુભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય ડો. અનિલભાઈ જોષીયારા.

..... **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી અને માનનીય મહેસૂલ મંત્રીશ્રી બન્ને એમના વિભાગોની માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાક્ષરતાનો દર શહેરોને ધ્યાનમાં રાખીને ગામડાંનો સાક્ષરતાનો દર વધતો જતો નથી કે ગામડાનું શિક્ષણ સુધરતું નથી. આજે પરિસ્થિતિ શું છે કે આજે ૫૪ ટકા બહેનો અભણ રહી છે. આપણે ડ્રોપ આઉટ રેશિયો નીચો આવ્યો એમ કહીને સંતોષ માની છીએ, પણ પ્રાથમિક શાળામાંથી ધકેલીને પછી એ આગળ હાઈસ્કૂલમાં જઈને અટકી જશે. એમને સારું અને ગુણવત્તાવાળું શિક્ષણ મળે એના માટે કોઈ સગવડ કરી છે ખરી? આજે સરકાર પ્રવેશોત્સવ કરે છે, કન્યા કેળવણી રથ થાછળ ૫૦-૫૦ લાખ રૂપિયાનો ખર્ચ કરે છે, પરંતુ એનાથી શિક્ષણ સુધરવાનું નથી. આજે શિક્ષકો જોઈએ છે. ૧૩ હજાર શાળાઓમાં કમ્પાઉન્ડ વોલ નહીં હોય તો ચાલશે, પરંતુ શિક્ષક નહીં હશે તો બાળકોને શિક્ષણ નહીં મળી શકે. આજે એમ કહીએ છીએ કે મા-બાપને અને બાળકોને ભણાવવા માટે ભીખ માગે છે. તો સાથે એમને શિક્ષક અને સારું શિક્ષણ આપો. તો જો શાળાઓમાં પૂરતા શિક્ષક હશે તો જ સારું શિક્ષણ આપી શકાશે અને એનાથી શિક્ષણ સુધરશે. આજે ધોરણ ૧ અને ધોરણ ૨ એક જ વર્ગખંડમાં બેસે છે, ધોરણ ૩ અને ધોરણ ૪ એક જ વર્ગખંડમાં બેસે છે. આપણી નીતિ છે કે દર ૬૭ ની સંખ્યાએ બીજો વર્ગ અને શિક્ષક આપવામાં આવે છે. તો આ નીતિ પણ બદલવાની જરૂર છે.

**(સભાપતિશ્રી મહેન્દ્ર મશરૂ અધ્યક્ષસ્થાને)**

અપગ્રેડેશનમાં ચોથું પૂરું કર્યુ અને પાંચમું આવ્યું ત્યારે પાંચમું અપગ્રેડેશન કર્યુ અને ૬ ઠું ચાલુ કર્યુ તો શિક્ષક આપતા નથી. ૧૭ ઉપર સંખ્યા જાય તો જ આપીએ છીએ. એના એ જ શિક્ષક દ્વારા આ બધા વર્ગો ચલાવવામાં આવે છે તો આ નીતિમાં ફેરફાર કરવાની જરૂર છે. ગઈ વખતે પણ માનનીય મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં ટ્રાયબલ એડવાઈઝરી કમિટીમાં પણ આ મુદ્દો મેં રજૂ કર્યો હતો અને તે વખતના ચીફ સેક્રેટરીએ પણ કબૂલ કર્યુ હતું કે આમાં ફેરફાર કરવાની જરૂર છે. તો આમાં ફેરફાર કરવામાં આવશે અને શિક્ષક આપવામાં આવશે તો જ અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન ભણી શકતા નથી એ ભણી શકશે. આજે એમ ઘણી જગ્યાએ કહેવામાં આવે છે કે ધોરણ ૭ પાસ કરે છે છતાં એ વિદ્યાર્થીને વાંચતાં પણ આવડતું હોતું નથી. તો આપણે એમને સારું શિક્ષણ આપી શકતા નથી એનું આ પરિણામ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગઈ વખતે જાહેરાત કરી હતી કે આદિવાસી વિસ્તારોમાં જયાં ૧૧ મું ધોરણ નથી ત્યાં દરેક તાલુકા મથકે ધોરણ ૧૧ અને ૧૨ ની વિજ્ઞાન પ્રવાહની શાળા શરૂ કરવામાં આવશે. તો આ રીતે વિજ્ઞાન વાહની શાળાઓ ચાલુ કરી છે ખરી, પરંતુ એ શાળાઓમાં જે વિજ્ઞાનના શિક્ષકો જોઈએ એ શિક્ષકો મૂકવાની કોઈ ચિંતા કરી છે ખરી? આજે એ વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ ની પરીક્ષા વગર શિક્ષકે ભણીને આપે છે. ત્યાં લેબોરેટરી નથી, વિજ્ઞાનના શિક્ષકો નથી. આજે આદિવાસી વિસ્તારમાં હજારો વિદ્યાર્થીઓ આ રીતે વગર લેબોરેટરીએ ભણ્યા છે. તો જો આ રીતે વિજ્ઞાન પ્રવાહની શાળા ચાલુ ના કરી હોત તો એ બીજે કયાંક સારી શાળામાં પ્રવેશ મેળવી શકયા હોત. તો આ શાળાઓમાં પૂરતા શિક્ષકો મૂકવા જોઈએ તો એ સારું શિક્ષણ મેળવી શકશે. સરકારની બીજી બેવડી નીતિ છે. નવી સ્કૂલો ચાલુ કરવાની વાત કરે છે અને ૧૨૧ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ચાલુ કરી છે એ બહુ સારી વાત છે, પરંતુ જૂની હાઈસ્કૂલો હતી એ શાળા સારી ચાલતી નથી એમ કરીને ભાજપના કાર્યકરોને એ શાળાઓ આપી દીધી છે અને આ તેમણે એટલા માટે આપી છે કે એમનું સ્થાન ઉભું થાય. સરકાર કેમ જવાબદારી ના સ્વીકારે ત્યાં

આગળ સારા શિક્ષકો મૂકીને શિક્ષણનું સ્તર સુધાર્યુ હોત તો ચોકકસ મને લાગે છે કે સારું પરિણામ આવી શકયું હોત.

માનનીય અધ્યક્ષશ્રી, ટેકનોલોજી માટે નવી ટેકનોલોજી યુનિવર્સિટી સ્થાપવાની વાત છે એ બહુ સારી વાત છે, પરંતુ પરિસ્થિતિ શું છે કે એન્જિનિયર કોલેજોમાં ૧૦૧૧ લેકચરરોની સામે ૫૧૩ પ્રોફેસરો અને લેકચરરોની જગ્યાઓ ભરેલી છે. તો આજે આપણે કઈ જાતનું શિક્ષણ આપવા માગીએ છીએ ? આજે વગર ભણે છોકરાઓને એન્જિનિયર થવું પડે એવી સ્થિતિ છે અને ગ્રેસ માકર્સ માટે આંદોલન પડે છે.એટલે મારી વિનંતી છેકે પહેલાં આ જગ્યાઓ ભરો, સારા શિક્ષકો આપો અને પછી નવી યુનિવર્સિટી કરો. માનનીય અધ્યક્ષશ્રી, મારી એ પણ વિનંતી છે કે આદિવાસી વિસ્તારમાં પણ હવે એકાદ યુનિવર્સિટી આપો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મહેસૂલ વિભાગ માટે પણ વાત કરવી છે કે મહેસૂલ વિભાગમાં મારા ઈડર તાલુકાના મૂડેલી ગામે ૩ાા એકર જમીન છે એ જમીનમાં આદિવાસીનાં ૫૦ ઘર છે તેમાંથી તેમને હટાવીને એ જ જગ્યા ઉપર એસ.આર.પી.ના કેમ્પનું ખાતમૂહૂર્ત કર્યુ છે.બીજી ૩૦૦ એકર જમીન પડી રહી છે તેને સરકાર જોતી નથી. પણ પેલા આદિવાસીઓને હટાવવા માટે સ્પેશિયલી એ જગ્યાએથી ઉઠાવીને તેમને બીજે મુકે છે, સરકારે આમાં જોવું જોઈએ, બીજી મારી વિનંતી છે કે અત્યારે ગામોનો વિકાસ વધી ગયો છે અને ગામોની વસતિ પણ વધી ગઈ છે ત્યારે પેટા પરા તરીકે ઓળખાતા ગામોને રેવન્યુ ગામો તરીકે ડિકલેર કરવા જોઈએ અને તેનો નવેસરથી સરવે કરવો જોઈએ. અને તે સરવે કરાવવામાં આવે તો તેમનો સારો વિકાસ થઈ શકે. અત્યારે તો સરકાર ઉદ્યોગો અને મોટા ખેડૂતોને બે બે હજાર એકર જમીન આપે છે પણ ખરેખર જે ખેડૂતો છે, એ ખેડૂતો એમની પોતાની ખેડાણની જોડે વાળી ખાડા ટેકરા વાળી જમીન, એ જમીન એમણે સરખી કરી છે, લોહી પસીનો રેડયો છે, એ વરસોથી આજે ચાલીસ ચાલીસ પચાસ પચાસ વર્ષથી એમની સાથે એ જમીન છે અને અગાઉના ૭/૧૨ અને ૮-અ ના ઉતારમાં એ જમીન એમની પોતાની જમીનની સાથે જે આવી સરકારી પડતર જમીન હતી તે એમના ૭/૧૨ના ઉતારમાં લખાતી હતી પણ જયારે જમીન દફતરનું કોમ્પ્યુટરાઈઝેશન થયું ત્યારથી આવી જમીન નીકળી ગઈ છે. તેથી મારી સરકારને વિનંતી છે કે આવી જે જમીનો છે જેમના પર એમનો શરૂઆતથી કબજો હતો પોતે ખેડતા હતા અને પોતાના ૭/૧૨ અને ૮-અ માં એમનું નામ હતું તેવી જમીન એમના નામે કરી આપવી જોઈએ. અને એના સિવાય પણ નવો સરવે નથી થતો તેના લીધે ગામડાંમાં રસ્તાની ખૂબ મોટી મુશ્કેલી પડે છે. હમણાં મોહનસિંહભાઈએ વાત કરી કે ગામડાંમાં જે રસ્તાઓ છે તેમાં એન્ક્રોચમેન્ટ થઈ ગયું છે અને નવા પ્રમાણે સરવે થાય તો એન્ક્રોચમેન્ટ દૂર થાય અને તે જગ્યાઓ એમને મળી શકે. આ વાત કરીને મારી વાત પૂરી કરું છું

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા (બાયડ)** : માનનીય અધ્યક્ષ મહોદય, શિક્ષણ મંત્રી અને મહેસૂલ મંત્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું. ગુજરાત રાજય ૧૯૬૦ પહેલી મે નો શિક્ષણ વિભાગ અને શ્રમ વિભાગ એ એકમ અલગ થયું, વહીવટી ક્ષમતાને કારણે વખત જતાં શિક્ષણ વિભાગ અલગ કર્યો, અને શિક્ષણ વિભાગમાં જિલ્લા લેવલે પ્રાઈમરી સેકસનને ચલાવવા માટે જિલ્લા શિક્ષણ સમિતિ અને ખાનગી સંસ્થાઓએ જિલ્લાનો વહીવટ કરતી હતી, શહેરી વિસ્તારમાં નગર સમિતિઓ અને ખાનગી સંસ્થાઓ વહીવટ કરતી હતી. આ ખાનગી સંસ્થાઓ જે વખતે વહીવટ કરતી હતી તે વખતે આ બધી સંસ્થાઓમાં જે જે શિક્ષકોની ઘ ટ પડતી હતી એ ઘટ પૂરવા માટે જાહેરાતો આપવામાં આવતી હતી. અને અગાઉની સરકારોએ એ જાહેરાતો આપી અને જે ભરતી કરવામાં આવતી હતી તેની અંદર ભ્રષ્ટાચારનો પાર ન હતો. આ સરકારે, માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારે આવી જાહેરાતો આપી અને ગુણવત્તાના ધોરણે અત્યાર સુધીમાં ૯૩ હજાર વિદ્યાસહાયકોની ભરતી કરી અને જેની અંદર ભ્રષ્ટાચારનું નામ નિશાન પણ નહીં, અને એ ખરેખર પ્રશંસાને પાત્ર છે. વિરોધપક્ષના સભ્યો ઘણી વખત પૂછતા હોય કે આ વિદ્યા સહાયકોને ટ્રેઈનિંગ આપી આપી અને કયારે તેમની ભરતી કરવાની છે? મેં કહ્યું સરકારને નીતિ નિયમો અને ગણતરી પૂર્વક ભરતી કરવાનો જયારે સમય થશે ત્યારે કરશે. તો તેમનું કહેવું એમ હતું કે જયારે ભરતી થાય ત્યારે અમારી બાબતે ધ્યાન રાખજો. તો મેં કહ્યું કે શું બાબતો? તો એમણે કહ્યું કે જે કરવાનું હશે તે કરીશું. એટલે આ ભૂતકાળની અંદર વિદ્યા સહાયકોની ભરતીમાં ભ્રષ્ટાચાર થયેલો અને શિક્ષકોની ભરતી કરવામાં આવેલ એમાં કોઈ ગુણવત્તા હતી જ નહિ. એક શિક્ષક ભાઈ મને એવું કહેતા હતા કે મારે ગણિત અને વિજ્ઞાન ભણાવવાનું આવ્યું, હું ગણિત અને વિજ્ઞાન કેવી રીતે ભણાવી શકું. નવું ગણિત છે છતાં આવા શિક્ષકોની ભરતી કરવામાં આવેલી. એ શિક્ષકો અત્યારે લાચાર બન્યા છે અને જે ગુરુજનો કહેવાય, જ્ઞાની કહેવાય, ઋષિ વર્ય કહેવાય એવા શિક્ષકો એમના શિષ્ય આગળ ગુરુ થઈ બેઠો હાસ્ય કરી કંઠે બાંધી શકે કેમ કરી એ વાત સાબિત થઈ છે, તેવા ગુરુઓની ભરતી કરીને શિક્ષણ જગતને શરમીંદુ બનાવ્યું છે. માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે તેને સમર્થન કરું છું.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર શહેર (ઉત્તર)** : અધ્યક્ષ મહોદય, મહેસૂલ વિભાગ અને શિક્ષણ વિભાગની આવેલી માગણીઓના સમર્થનમાં હું મારી વાત મૂકું છું.

અધ્યક્ષ મહોદય, જ્યારે કોઈ સત્તા ગ્રહણ કરવામાં આવે, એ સત્તા ગ્રહણ કર્યા પછી શપથવિધિ પછી હંમેશા જે પણ કંઈ કામ કરવામાં આવતું હોય છે એ કામ આખી સરકારનો કઈ તરફનો ઝૂકાવ રહેવાનો છે, સરકાર કઈ તરફ લાગણી રાખવાની છે, સરકારનો આવતા દિવસોમાં ધ્યેય શું રહેવાનો છે એ નક્કી થતું હોય છે. હમણાં ત્રીજી વખત માનનીય નરેન્દ્રભાઈ મોદીએ લાંબા સુશાસનમાં કટિબદ્ધ બની જઈને શપથ ગ્રહણ કર્યા બાદ સૌથી પહેલું કાર્ય કર્યુ હોય તો એ ઑન લાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા કક્ષાથી તાલુકા કક્ષા સુધી લઈ જવાનું અભિનવ કાર્ય કરેલ છે. આના કારણે રાજયના ખૂણામાં બેઠેલો માણસ ઑન લાઈન ફરિયાદ કરી શકે અને એનું નિવારણ પણ કરાવી શકે. મને યાદ કરવા દો આ યુ.પી.એ.ની સરકારે શપથ ગ્રહણ કરેલા ત્યારે એમણે પહેલામાં પહેલું કાર્ય પોટો નાબૂદ કરવાનું કર્યુ હતું. આ જે પોટા નાબૂદ કર્યો એના દ્વારા લઘુમતીઓને પ્રોત્સાહન આપવાનું અને આતંકવાદીઓને રક્ષણ આપવાનું કામ કર્યુ હતું. (અંતરાય) આ જે ઑન લાઈન ફરિયાદ નિવારણની વાત છે એના અનુસંધાને મને યાદ આવે છે. હમણાં થોડા દિવસ પહેલા અમારા વિપક્ષના સભ્યે એવું કહેલ કે કોંગ્રેસની સરકારમાં કોઈપણ માણસ બસમાં આવતો, ધક્કા ખાતો, પૈસા ખર્ચતો અને એ બસમાં ગાંધીનગરના બસ સ્ટેન્ડે ઊતરે અને ત્યાંથી રિક્ષા કરીને સચિવાલયમાં ઊતરે એ પછી માનનીય મુખ્યમંત્રીશ્રીની લિફ્ટમાં ઉપર જાય અને ત્યાં જઈને મુખ્યમંત્રીશ્રી મળે તો ફરિયાદ કરે, મુખ્યમંત્રીશ્રી મળે નહિ, ફરિયાદ થાય નહિ અને કદાચ મુખ્યમંત્રીશ્રી મળી ગયા તો કોઈ અધિકારી એની આજુબાજુમાં હોય નહિ, તાલુકા કક્ષાએ પણ કોઈ ન હોય, જિલ્લા કક્ષાએ કોઈ અધિકારી આજુબાજુમાં ન હોય એટલે એની ફરિયાદ કોના સુધી પહોંચે. એના નિવારણ સુધી પહોંચે નહિ. પરંતુ આ સરકાર માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ચાલતી સરકારે તાલુકા કક્ષાએ ઑન લાઈન ફરિયાદ નિવારણનું કાર્ય કર્યુ છે. ગરીબ બિચારા બાપડાને બસના ધક્કા ખાવા ન પડે, રોદા નહિ ખાવાના, પૈસા પણ નથી ખર્ચવાના ફક્ત તાલુકા કક્ષાએ જઈને મુખ્યમંત્રીશ્રી સાથે સીધી ફરિયાદ કરવાની છે. તાલુકા કક્ષાના અને જિલ્લા કક્ષાના અધિકારીઓ બેઠા હોય અને મુખ્યમંત્રીશ્રી સાથે ઑન લાઈન વાત કરીને ફરિયાદનું નિવારણ કરવાનું છે. હમણાંની જ વાત લઈએ, ૨૦૦૮ના વર્ષના એક મહિનાના આંકડા જોઈએ તો ઑન લાઈન ફરિયાદ નિવારણની કુલ ૧૦૮૯ અરજીઓ આવી એમાંથી નિવારણ ૭૮૯ અરજીઓનું થયું છે. ૭૪ ટકાનો નિકાલ થયો. તેમાંથી કામ ન થઈ શક્યું હોય એવી ફરિયાદ કેટલી? તો ૧૮૦, માત્ર ૧૫ ટકા. હજી જે પેન્ડીંગ છે એવી અરજીઓ ૧૨૦ એટલે કે ૧૧ ટકા, ૯૫-૯૫ ટકા સુધીની ફરિયાદ નિવારણનો રેકૉર્ડ બ્રેક કરનાર આ સરકાર લોકોની ફરિયાદને નિવારણ સુધી લઈ જવાની તાકાત ધરાવે છે. એટલા જ માટે એક શાયરે સરસ વાત કરી છે-

મંઝિલે બદલ ગઈ, નઝારા બદલ ગયા
કશ્તિ બદલ ગઈ તો કિનારા બદલ ગયા.

મુખ્યમંત્રી બદલાઈ ગયા તો વિકાસ અને ફરિયાદ નિવારણનું આ કાર્ય થઈ શક્યું.

**શ્રી શૈલેષ મ. પરમાર (શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રી અને માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાતની અંદર જે શિક્ષણમાં વેપારીકરણ થયું છે અને આ વેપારીકરણના ભાગ રૂપે કોઈ માને કે ન માને, ખાસ કરીને જે સેલ્ફ ફાયનાન્સ સ્કૂલો અને સેલ્ફ ફાયનાન્સ કૉલેજો, સેલ્ફ ફાયનાન્સ પી.ટી.સી. અને બી.એડ. કૉલેજો, સેલ્ફ ફાયનાન્સ ડૉકટર અને એન્જિનિયરીંગ કૉલેજો ખોલવામાં આવી છે એ આવનારા દિવસોમાં ડો. બાબાસાહેબ આંબેડકરના બંધારણમાં આપેલા જે અનામતના હક્કો છે તે હક્કોની સામે સેલ્ફ ફાયનાન્સ સ્કૂલોથી માંડીને જે સેલ્ફ ફાયનાન્સ કૉલેજો છે એ કૉલેજોના માધ્યમથી આ હક્કોને દબાવી દેવામાં આવશે. એટલા માટે કે જ્યારે ડો. બાબાસાહેબ આંબેડકરે જ્યારે બંધારણ બનાવ્યું હતું ત્યારે તેમને ખ્યાલ હતો કે આ સમાજનો દલિત વર્ગ, આ સમાજનો એસ.ટી. વર્ગ, અને આ સમાજનો ઓ.બી.સી. વર્ગ જ્યાં સુધી પોતાનું શિક્ષણ પૂરું કરવા તત્પર નહીં થાય ત્યાં સુધી અનામતની જોગવાઈ હિંદુસ્તાનના બંધારણમાં ચાલુને ચાલુ રહેશે. આજે પરિસ્થિતિ એવી થઈ છે કે સેલ્ફ ફાયનાન્સ કૉલેજોના નામે જે વેપારીકરણ થયું છે એ વેપારીકરણના લીધે રૂા. ૩૦૦૦થી માંડીને રૂા. ૨૬,૦૦૦ સુધીની કૉલેજોમાં, બી.એડ. કૉલેજ અને સ્કૂલોમાં ફી લેવામાં આવે છે. જે રીતે ડૉકટર અને એન્જિનિયરીંગ કૉલેજ છે તેમાં ૩,૦૦,૦૦૦થી માંડીને ૧૫,૦૦,૦૦૦ સુધીની તેની પાસેથી ફી લેવામાં આવે છે. મારે આજની તકે કહેવું છે કે માનનીય ઈશ્વરભાઈ, અત્યારે ખબર નહીં પડે. પણ આજથી ૧૫ વર્ષ જવા દો. ખાલી સરકારી કૉલેજોમાં જ આપણો દલિત આદિવાસી કે ઓ.બી.સી.નો વિદ્યાર્થી ડૉકટર અને એન્જિનિયર થઈને બહાર નીકળી શકશે. આપણે ધારાસભ્ય થઈ ગયા, આપણે અહીં સુધી પહોંચી શક્યા, આપણાં બાળકોને આપણે ભણાવી શકીશું. સેલ્ફ ફાયનાન્સ કૉલેજોમાં મોકલી શકીશું, પણ આવનારા સમયમાં એવા દિવસો આવશે કે દલિત સમાજ, ઓ.બી.સી. સમાજ કે આદિવાસીનો દીકરો કે દીકરી સેલ્ફ ફાયનાન્સ કૉલેજમાં નહીં ભણે અને ડૉકટર અને એન્જિનિયર નહીં થાય. મારે આજના તબક્કે કહેવું છે કે માનનીય શિક્ષણ મંત્રીશ્રી પોતે પણ દલિત સમાજમાંથી આવે છે. મોસાળમાં લગ્ન છે અને માં પીરસનાર છે. મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે જ્યારે આપ મોસાળમાં બેઠાં છો અને પીરસવા બેઠાં છો, અનામતની જોગવાઈ સેલ્ફ ફાયનાન્સ કૉલેજોમાં કરો, કરો ને કરો. તેનું કારણ છે કે જે રીતે સેલ્ફ ફાયનાન્સ કૉલેજોમાં મેનેજમેન્ટ કવોટા આપવામાં આવે છે એ ૧૫

ટકા આપવામાં આવે છે. તે જ રીતે એન.આર.આઈ.ને કહેવામાં આવે છે કે એન.આર.આઈ.ના ૧૫ ટકા. માટે આ રીતે શિક્ષણ મંત્રીશ્રીને કહેવા માગું છું કે આપશ્રી આ શાખાઓ જેટલી પણ છે, સ્કૂલોથી માંડીને એન્જિનિયર-ડૉક્ટર સુધીની શાખાઓમાં, તેમાં અનામતનું ધોરણ દાખલ કરો. ૫૦ ટકા ફી સરકાર ભોગવે, ૨૫ ટકા ફી મેનેજમેન્ટ ભોગવે અને ૨૫ ટકા ફી દલિત, આદિવાસી અને ઓ.બી.સી.નો પરિવાર ભોગવે. આ વાત કહેવા માટે આજે હું આ માગણીઓ માટે આવ્યો છું. મારે આજની તકે કહેવું છે કે નાઝિરે કહ્યું છે કે-

જો હું મારા હાથને ફેલાવું તો ખુદા તારી ખુદાઈ દૂર નથી.
તું આપે અને હું ન લઉં એ વાત મને મંજૂર નથી.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી (વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રી અને મહેસૂલ મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારની શિક્ષણની સફળ ગાથા ઉપર મને બોલવાની તક મળી છે તે માટે હું આભારી છું. હું શિક્ષણ ક્ષેત્રમાંથી આવું છું અને એટલે શિક્ષણની સંવેદના, શિક્ષણની જવાબદારી, શિક્ષણની ગુણવત્તા અને શિક્ષણનું મહત્ત્વ શું છે એનાથી વાકેફ છું. એકવીસમી સદી જ્ઞાનની સદી છે. જેની પાસે જ્ઞાન હશે તે જ આગળ ધપી શકશે. આવી સરસ વાત લોકો સુધી લઈ જવાનું ભગીરથ કામ કર્યું હોય તો તે ગત પાંચ વર્ષની સરકારના સમયમાં થયું છે. એટલે શિક્ષણની સાચી ભૂખ જગાડવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને પૂર્વ શિક્ષણ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે. શિક્ષણ ક્ષેત્ર વિશાળ છે. વિદ્યાર્થીનું અઢી વર્ષથી ૨૨ વર્ષ સુધી અલગ અલગ પદ્ધતિથી તબક્કાવાર ઘડતર થતું હોય છે. ત્યારે આ ઘ ડતરની અંદર પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સુંદર કામગીરી થઈ છે. શ્રેષ્ઠ શિક્ષકોને બિરદાવવામાં આવે છે. મને કહેતાં આનંદ થાય છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જેમ કૃષ્ણ ભગવાનને જન્મ આપનાર દેવકી માતા હતી એથી વિશેષ તેને ઉછેરનાર યશોદા માતાને સૌ યાદ કરે છે તેમ જન્મ આપનાર માતા કરતાં ઘડતર કરનાર માતાનું યોગદાન વધારે છે. એ જ રીતે જે બાળકોનું ઘડતર આંગણવાડીની બહેનો કરે છે. એમને યશોદા એવોર્ડ આપીને પુરસ્કૃત કરવાનું કામ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં થયું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવેશોત્સવ તો થયા પણ એમાં સમાજને જોડવાનું કામ થયું અને આ ઉત્સવ માત્ર સરકારનો નહીં પણ સમાજનો બની રહ્યો. એટલે ઘેરથી શાળા સુધી લઈ જવાનું ભગીરથ કાર્ય થયું અને તેના કારણે અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ થઈ અને ડ્રોપ આઉટ દૂર થયો. મને કહેતાં આનંદ થાય છે કે, સરકારશ્રીએ વિદ્યાર્થીને ભણવામાં રસ પડે એટલા માટે સુંદર ગુણવત્તાયુકત પાઠ્ય પુસ્તકોનું નિર્માણ થયું. એ પણ મને કહેતાં આનંદ થાય છે કે, વર્ષો સુધી જે અનુરૂપ નહોતા એવા અભ્યાસક્રમો રદ કરવાનું સૌથી પહેલાં બીડું ઝડપ્યું હોય તો તે આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં શિક્ષણ વિભાગે કર્યું અને જ્ઞાન અને બાળકને અનુરૂપ આ સમયની જરૂરિયાત હતી એવા અભ્યાસક્રમો દાખલ કર્યા. મને યાદ છે કે, ત્રીજા ધોરણથી ગુજરાતીમાં કમ્પ્યુટરનો વિષય ઝડપથી દાખલ કર્યો હોય તો આ સમયમાં થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની અનેક યોજનાઓ અમલમાં છે. જેમાં વિદ્યાર્થીની સુરક્ષા માટે વિદ્યાદીપ યોજના, સ્વાસ્થ્ય માટે શાળા આરોગ્ય તપાસ, ગુણવત્તાયુકત શિક્ષણ માટે શિક્ષકોને કર્મયોગી તાલીમ, દીકરીઓને ભણાવવા માટે વિદ્યાલક્ષ્મી બૉન્ડ અને ઉચ્ચ શિક્ષણ માટે બસમાં જવા આવવા માટે મફત પાસ. જેવા અનેક પ્રયત્નો દ્વારા શિક્ષણને વેગ આપવાનું કામ છેલ્લા ૫ વર્ષમાં થયું છે. છેલ્લા ૫ વર્ષમાં ગુજરાત સરકાર દ્વારા સવિશેષ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ ખૂલે તેવા પ્રયત્નો થયા અને આ સફળ અભિયાનથી વિજ્ઞાન પ્રવાહની શાળાઓમાં વિદ્યાર્થીઓનો વધારો થયો છે. મને કહેતાં આનંદ થાય છે કે, આવતા વર્ષોમાં ગુજરાતની પ્રગતિની ગતિ જાળવવા માટે આ વિજ્ઞાનના વિદ્યાર્થીઓ મદદરૂપ બનશે. જે રીતે રાજયની અંદર ટેકનોલોજીના અભ્યાસક્રમથી સમાનતા અને એકજ શિક્ષણ કેલેન્ડર અને સમાન પરીક્ષા પદ્ધતિ લાગુ કરવા માટે પ્રયત્ન કર્યા.(અંતરાય)

**સભાપતિશ્રી** :પૂરું કરો.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટમાં પૂરું કરું છું. ગુજરાતમાં ટૅક્નૉલૉજી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે તે રીતે આજના અને આવતા દિવસોમાં ટૅક્નૉલૉજીના અભ્યાસક્રમમાં વધારે ગુણવત્તા લાવી શકાશે એ પ્રસંશનીય છે. (અંતરાય) આવતા દશકામાં સમાજને જીવનપર્યંત ઉચ્ચ સંસ્કૃતિ સ્થાપવા રાજય સરકારે નોલેજ કોર્પોરેશન સ્થાપ્યું છે તે બદલ અભિનંદન આપું છું અને માગણીઓને સમર્થન આપું છું.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ (વિસનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રી અને માનનીય શિક્ષણ મંત્રીએ જે માગણીઓ મૂકી છે તેના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત વ્યકત કરવા ઉભો થયો છું. ૧૯૬૦થી આપણા ગુજરાત રાજયની સ્થાપના થઈ, ગુજરાતની પ્રજાએ ૧૯૬૦માં ગુજરાતની વિકાસની ગાડીને વેગ આપવા માટે કોંગ્રેસના સુકાનીઓને શાસન સોંપ્યું અને ચાવી સોંપી એ વખતે જે સુકાન વિકાસની ગાડીનું જે સોંપ્યું, કોંગ્રેસે પહેલા ગિયરમાંથી કોઈ દિવસ ગિયર બદલવાની કોશીશ નથી કરી. ભારતીય જનતા પાર્ટીના હાથમાં જ્યારથી સુકાન આવ્યું છે, માનનીય નરેન્દ્રભાઈ મોદીસાહેબના હાથમાં જયારથી સુકાન આવ્યું છે, ત્યારથી પહેલા ગીયરથી

અત્યારે ગાડી, વિકાસની ગાડી સડસડાટ ટોપગીયરમાં દોડી રહી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પરંપરાગત કોંગ્રેસના શાસનમાં અધિકારીઓ જે વહીવટ કરતા હતા એ જોયો, અધિકારીઓ પાસે જે રાજકીય પ્રેશરથી, રાજકારણથી જે વહીવટ કરાવવામાં આવતો હતો, માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્મયોગીનું શિક્ષણ આપ્યું, એમની શકિતઓ એમનો આત્મવિશ્વાસ બહાર લાવી અને એમને એમની બુદ્ધિમત્તાનો ઉપયોગ કરી અને વિકાસના યજ્ઞમાં એમની બુદ્ધિમત્તાને જોતરી દઈ અને વિકાસની ગાડીને આજે પૂરપાટ સ્પીડ ઉપર બહુ ઝડપથી દોડાવી રહ્યા છે. રાજયના મહેસૂલ વિભાગ દ્વારા જે રાજય વહિવટી માળખામાં જે જૂનામાં જૂનો વિભાગ છે આ વિભાગ મહાનગરથી માંડીને છેક ગ્રામ્ય વિસ્તારના છેવાડાના માનવી સુધી સ્પર્શે છે. રાજય મહેસૂલ વિભાગ ગુજરાતની પ્રજાની અપેક્ષા અને સંવેદનાની કદર કરે છે. તેમના રેકર્ડ અને હકોની જાળવણી સારી રીતે અને ઝડપી રીતે થાય તેના માટે અદ્યતન ટૅક્નોલૉજીનો ઉપયોગ કરી ઈ-ધરા કાર્યક્રમ દ્વારા જમીન દફતર વ્યવસ્થાપન ક્ષેત્રે ક્રાંતિ સર્જી રાજયની પ્રજાને સલામત અને પારદર્શક રેકર્ડ પાડવા રાજયના ૯૮ લાખ ૭/૧૨, ૫૬ લાખ જેટલા ૮/અ ખાતા કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવ્યા છે, અને એ પણ ફક્ત ૫ રૂપિયામાં લોકોને ઉપલબ્ધ કરવામાં આવે છે અને એમાંથી આવક ઉભી કરવામાં આવે છે અને એ આવક જે પહેલા તલાટીઓના ખિસ્સામાં જતી હતી, અધિકારીઓના ખિસ્સામાં જતી હતી એ આજે રાજય સરકારની તિજોરીમાં જમા થાય છે. આ ઈધરા પ્રોજેકટને ૨-૨ વખત તો એવોર્ડ મળ્યા છે. આવી તો અનેક યોજનાઓ દ્વારા મહેસૂલ વિભાગ અદ્યતન અને ઝડપી સેવા માટે સક્ષમ બનાવ્યું છે. જ્યારે તમે દસ્તાવેજ નોંધાવવા જાવ ત્યારે (અંતરાય) જંત્રીની પણ વાત કરું છું. જંત્રીની પણ વાત કરું છું. અત્યારે જ્યારે તમે દસ્તાવેજ નોંધાવવા જાવ ત્યારે વેચનારનો ફોટો, ફિંગર પ્રિન્ટ પણ લેવામાં આવે છે અને સમગ્ર પ્રક્રિયાને કોમ્પ્યુટરાઈઝ કરી છે અને સામાન્ય પ્રજાને છેતરપિંડીથી બચાવી ખરીદનાર અને મિલકત ધારણ કરનારનું હિત જાળવ્યું છે. હું દાખલો પણ આપું છું. આ વખતના સ્ટૅમ્પ ડ્યૂટી સુધારણા વિધેયકમાં જમીન તબદીલ થતી હોય તેવા પાવર ઑફ એટર્નીની નોંધણી ફરજીયાત કરી અને એક પ્રસંશનીય પગલું ભર્યુ છે. અને તે માટે એક જ ઉદાહરણ કાફી છે. જ્યારે જમીનોની કિંમત ખૂબ વધી રહી છે તેવા સમયે મને યાદ છે અમદાવાદની એક કિંમતી જમીનનો કિસ્સો બનાવટી બાનાખત દ્વારા કે જેની અંદર બનાવટી સહી કરવામાં આવી, મિલકત જેની હતી તેનો ખાતાનંબર શોધી અંદર ચેક નાખી દેવામાં આવ્યો અને બનાવટી ખાતા દ્વારા બનાવટી પાવર ઑફ એટર્ની દ્વારા એ મિલકત ઉપર કબજો જમાવી દેવામાં આવ્યો. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે પાંચ મિનિટમાં મારો પતંગ કપાઈ જાય છે, પરંતુ હું મારી વાત (અંતરાય) હું મહેસૂલ વિભાગ દ્વારા અને શિક્ષણ વિભાગ ની માગણીઓને મારું સમર્થન આપી અને મહેસૂલ ખાતાના મારા મંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રીને મારું સમર્થન આપું છું.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ અને શિક્ષણ ખાતાના મંત્રીશ્રીઓ પોતાના ખાતાની માગણીઓ લઈને ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું સાંભળતો હતો. માનનીય સભ્યશ્રીઓએ ગુજરાતના ડિઝાસ્ટર મેનેજમેન્ટના ખૂબ વખાણ કર્યા. આપણે બધા જાણીએ છીએ કે આ ગુજરાતનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ કેવું છે. સુરતમાં પૂર આવ્યું ત્યારે આગોતરી ચેતવણી આપવા માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટની હયાતી ન હતી. પૂરમાં ફસાયેલા લોકોને કાઢવા માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટનું કોઈ કામ ન હતું. સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ચાલું વર્ષે અતિવૃષ્ટિ થઈ, પૂર આવ્યું, પાંચ-સાત દિવસ સુધી તો ડિઝાસ્ટર મેનેજમેન્ટ જેવું કોઈ નામ ન હતું. કન્ટ્રોલ રૂમો ખાલી હતા, ટેલિફોનો બંધ હતા, ટેલિફોન ઑપરેટરો મળે નહીં, મામલતદાર મળે નહીં. અમે તો જાત અનુભવ કર્યો છે. આવું જો ડિઝાસ્ટર મેનેજમેન્ટ હોય અને એને મારા મિત્રો દેશનું નંબર વન ડિઝાસ્ટર મેનેજમેન્ટ કહેતા હોય તો આપણા બધા માટે વિચારવાની વાત છે. પૂર આવ્યું, ખેડૂતોના ખેતરો ધોવાઈ ગયા, ઊભા પાક નાશ પામ્યા, એના ખેતીના સાધનો, ઢોર-ઢાંખર તણાયા એને આઠ મહિનાનો સમય થઈ ગયો. સરકારે સરવે કર્યો છે પણ આ ખેડૂતોને કોઈ જાતની સહાય આજ દિવસ સુધી ચૂકવવામાં આવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એવો જ પ્રશ્ન ઈ-ધારાનો છે. મારા મિત્રોએ બહુ વખાણ કર્યા કે પાંચ રૂપિયામાં ૭/૧૨ અને ૮-અ નો દાખલો મળે. પરંતુ મારે કહેવું છે કે ગામડેથી તાલુકા મથકે આવી ત્રણ ત્રણ ધક્કા ખાય પણ ઑપરેટર ન હોય, લાઈટ ન હોય અને ઑપરેટરના કારણે ત્રણ ત્રણ ધક્કા ખાય છે. જો ખરેખર આ સરકારે ખેડૂતોને મદદરૂપ થવું હોય તો, સરકારનો દાવો છે કે જ્યોતિગ્રામ યોજનાના માધ્યમથી અમે ગામડે ગામડે વીજળી પહોંચાડી છે તો ગામડે ગામડે કૉમ્પ્યુટર રાખે અને ખેડૂતોને ઘર આંગણે આવા દાખલાઓ મળે એવી વ્યવસ્થા કરો ત્યારે માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપીશ. બાકી અત્યારે ખેડૂતો હેરાન થાય છે. ધક્કા ખાઈને થાકી જાય છે છતાં દાખલાઓ મળતા નથી. આવી આ તંત્રની સ્થિતિ છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આવો જ પ્રશ્ન લાગુ જમીનનો છે. વર્ષો સુધી પડખેની જમીન ખેડતો ખેડૂત હોય એ અરજી કરે પણ વર્ષો સુધી એનો નિકાલ થતો નથી. જમીન સાંથણીનો પ્રશ્ન પણ છે. છેલ્લા કેટલાય વર્ષોથી જમીનની સાંથણી થઈ નથી. બેરોજગાર અને એવા લોકો છે કે જેને રોજગારી માટે આવી ખેતીની જમીન આપવી

જોઈએ. સરકાર પાસે પડતર અને ખરાબાની જમીન હોય એ જમીનો આવા લોકોને આપવામાં આવતી નથી. એવો જ મહત્ત્વનો પ્રશ્ન છે માલધારી અને પશુપાલકોને ઢોર રાખવા માટેના વાડા બનાવવા માટેની જમીન આપવાનો. વર્ષોથી વાતો કરે છે, જાહેરાતો કરી છે પણ આજ સુધી લોકોને એના ઢોર અને ઘાસચારો રાખવા માટે વાડા માટેની જમીન આપી નથી. આવા અનેક પ્રશ્નો છે પણ સમયના અભાવે હું રજૂ કરી શકતો નથી.

**શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા (તળાજા)** :માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ અને મહેસૂલ વિભાગની માગણીઓ આ ગૃહમાં રજૂ કરી છે. શિક્ષણ એ ચેતનાની જ્યોતિ છે, શિક્ષણ એ રાષ્ટ્ર નિર્માણ અને રાષ્ટ્ર કેળવણી સાથેનો પવિત્ર વ્યવસાય છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી શિક્ષણના હિમાયતી છે. રાજ્યમાં જ નહીં સારાય ભારત રાષ્ટ્રમાં શિક્ષણનું સ્તર ઊંચું લાવવાનું તેમનું લક્ષ છે. રાજ્ય સરકાર દ્વારા અત્યારે વિધાનસભા સમક્ષ શિક્ષણ વિભાગની માગણી નં.૯ હેઠળ શિક્ષણ માટે રૂપિયા. ૫૪,૬૩,૭૦,૧૩,૦૦૦ના મહેસૂલ ખર્ચ માટેની અને ૧,૧૭,૧૫,૦૦,૦૦૦ રૂપિયાની મૂડી ખર્ચ અને માગણી નં.૮ હેઠળ શિક્ષણ વિભાગની સેવાઓ અંગે ૩,૯૬,૯૨,૦૦૦ની રકમના મહેસૂલી ખર્ચની મંજૂરી માટે ચર્ચામાં મૂકવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની અલગ અલગ સેવાઓ માટે વર્ષ ૨૦૦૬-૦૭માં કુલ ૫૩,૩૪,૪૬,૫૫,૦૦૦ ની રકમનો ખર્ચ થયો હતો. જ્યારે વર્ષ ૨૦૦૭-૦૮નો સુધારેલ અંદાજ રૂપિયા ૫૪,૬૨,૩૧,૨૦૦૦ની રકમનો હતો. વર્ષ ૨૦૦૮-૦૯માં શિક્ષણ વિભાગની સેવા માટે ૫૭,૬૭,૦૩,૨૦,૦૦૦ની રકમનો અંદાજ મૂકવામાં આવ્યો છે.જેમાં વર્ષ ૨૦૦૬-૦૭ના ખરેખર ખર્ચની સામે ૪૩૨,૫૬,૬૫,૦૦૦ એટલે કે ૮.૧૧ ટકા વધારો સૂચવવામાં આવ્યો છે. ભારતીય જનતા પાર્ટી જ્યારથી ગુજરાતમાં સત્તામાં આવી ત્યારથી શિક્ષણ માટે સતત ચિંતા કીરને ઝડપથી શિક્ષણનું સ્તર ઉચ્ચે લાવવા માટેના પ્રયત્નો કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સારાયે ગુજરાતમાં ૧૯૯૮-૯૯ થી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવ કાર્યક્રમો ચાલુ કર્યા. વેકેશન ખુલતાંની સાથે સરકારશ્રી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ કરીને અનેક નવા બાળકોને શાળામાં પ્રવેશ અપાવ્યો. કન્યા કેળવણી રથયાત્રાને કારણે અભણ વાલીઓને શિક્ષણ પ્રત્યે અને કન્યા કેળવણી પ્રત્યે આકર્ષણ વધ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આ કાર્યક્રમને વધારે ગંભીરતાપૂર્વક લેતા તેના સાથે માનનીય શિક્ષણ મંત્રીશ્રી, રાજ્યના અન્ય વિભાગના મંત્રીશ્રીઓ અને જિલ્લાના પ્રભારી સચિવશ્રીઓ, જિલ્લા કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, આઈ.એ.એસ.,આઈ.પી.એસ. અધિકારીઓ, સચિવાલયના અધિકારીઓથી માંડીને સામાજિક આગેવાનો સહિત ઉનાળામાં ધમધમતા તાપ-તડકામાં ગામડે ગામડે પ્રવેશ કાર્યમાં સક્રિયપણે રસ લીધો એના ફળસ્વરૂપે આ કાર્યક્રમને વેગ મળ્યો. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, મારું એક સૂચન છે, મને અડધી મિનિટ આપવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : બેન મને વાંધો નથી. યાદી લાંબી આવી છે એટલે સમય ઓછો છે. બધાને સમાવવાની મુશ્કેલી પડે છે. બેન ફરીવાર ચર્ચામાં બોલજો. શ્રી અમરસિંહભાઈ ઝડપથી પૂરું કરજો.

**શ્રી અમરસિંહ રા. વસાવા (દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રી અને મહેસૂલ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે એમાં મારાં મંતવ્યો રજૂ કરવા માટે ઊભો થયો છું.

શિક્ષણએ માનવ જીવન માટે મહત્ત્વનો ભાગ છે અને એની માગણીમાં મારે પણ આપના માધ્યમથી મંત્રીશ્રીને અને સરકારને જણાવવું છે કે ભા.જ.પ.ના મંત્રીશ્રીઓ કે મુખ્યમંત્રીશ્રીના સાથીદારો ગુજરાતમાં કહે છે કે કોંગ્રેસે કશું કર્યુ નથી એમ જ બધુ કર્યુ છે એટલે મારે એમને યાદ દેવડાવવું છે. શિક્ષણ મંત્રી પણ પછાત વિસ્તારમાંથી ચૂંટાઈને આવે છે મારે એમને યાદ કરાવવું છે કે ૧૯૫૦માં ભારતનું બંધારણ રચાયું અને એના આધારે શિક્ષણ જ્યારે જ્યારે જે સરકારોએ આપ્યું એમાંથી હું પણ છું. મને મળ્યું. શિક્ષણ મેળવીને આ વિધાનસભા ગૃહમાં જે રિઝર્વ સીટો છે તેમાં ૨૭ ધારાસભ્યો ચૂંટાઈને આવ્યાં છે તેમાં માનનીય મંત્રીશ્રી પણ આ વિભાગ સંભાળે છે ત્યારે એમને મારે કહેવું છે કે એ જમાનાથી આ શિક્ષણ કોંગ્રેસ પક્ષે આપ્યું છે. ભારતીય જનતા પાર્ટીએ તેર વર્ષમાં બધું કર્યુ છે એવું મારું માનવું નથી. મારે એમને મુદ્દો યાદ કરાવવો છે કે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી માનનીય માધવસિંહ સોલંકીએ મધ્યાહ્યન ભોજન યોજના ૧૯૯૫માં ખોલી હતી, એનો મોટો શુભ આશય હતો કે પછાત વિસ્તારના જે લોકો છે, ગ્રામ્ય વિસ્તારના જે બાળકો છે એને સારી જાતનું ભોજન મળે અને સ્કૂલમાં જાય, સારું એજ્યુકેશન મળે એટલા માટે આ શુભ આશયથી આ યોજના કોંગ્રેસ પક્ષે દાખલ કરવામાં આવી હતી અને આ યોજના કાઈ ભા.જ.પ.ની નથી પણ કોંગ્રેસ પક્ષની છે. મારે મિત્રોને યાદ કરાવવું છે કે આજનું જે શિક્ષણ છે, ગુજરાતની જે સરકાર છે હમણાં તો બાલવાડીથી કે.જી. સ્કૂલ હોય, ૧ થી ૪ હોય, ૫ થી ૭ હોય, ૮ થી ૧૨ હોય, કૉલેજનું શિક્ષણ જે એટલું બધું બગડી ગયું છે, એટલા બધી બેકારી છે, કેટલા બધા છોકરાં બેકાર છે કે જેને નોકરીઓ મળતી નથી. આપણને રોજગારીની સંખ્યાના જે આંકડા બતાવવામાં આવ્યાં છે એનું આપણને દુ:ખ થાય છે. મારે શિક્ષણ મંત્રીને કહેવું છે કે જે શિક્ષકો છે એના માટેનો જે સ્ટાફ છે, એના ટાઈમિંગ છે એ ટાઈમમાં એટલી બધી મિટિંગો ગોઠવવામાં આવે, એટલા બધા પ્રોગ્રામો ગોઠવવામાં આવે જેથી એ બાળકોને ગુજરાતી ધોરણમાં કે હાઈસ્કૂલના વિભાગમાં ભણાવી શકતા નથી અને એનો સીલેબસ છે એ પણ સારી રીતે પાર પડી શકતો નથી. માટે શિક્ષણ મંત્રીશ્રીને મારે કહેવું છે કે આમાં કાંઈક સુધારો કરો અને સ્ટાફને શિક્ષણ આપવા

માટેની પ્રવૃત્તિ હાથ ધરો એવી વિનંતી કરવાની છે. મારે બે સૂચનો કરવા છે. શિક્ષણ મંત્રીશ્રીએ શહીદ કિનારીવાલા વિદ્યાર્થી જુથ યોજના દાખલ કરી છે. તો પછાત વિદ્યાર્થીઓને પણ આ યોજનાનો લાભ આપવો જોઈએ. બીજું કે મહેસૂલ વિભાગની માગણીમાં મારે કહેવાનું છે કે આ સરકાર ઉદ્યોગપતિઓને જમીન આપી દેવાની વાત કરી રહી છે. ૨૦૦૦ એકર તો મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે આદિવાસી વિસ્તારની મોટા પ્રમાણમાં ગૌચરની જમીન કલેકટરશ્રી મારફતે જે ખાનગી એજન્સી, એન.જી.ઓ.ને આપી દેવામાં આવે છે. એમાં થોડો સુધારો કરે કાં તો ગ્રામ પંચાયતમાં સરપંચ, ગ્રામસભા કે ત્યાંના લોકોનું મંતવ્ય લઈને સુધારો લાવીને ગૌચરની જમીન ફાળવે. નહીંતર આદિવાસી વિસ્તારની જમીન તમામ ઉદ્યોગપતિઓને મળે એ બરાબર નથી. જેથી મંત્રીશ્રીને આ બાબતમાં કહેવું છે કે આમાં ખાસ સુધારો લાવે અને જે ૭/૧૨, ૮/૧૨ની નકલ છે એમાં જે ૧૫ રૂપિયાનો ખર્ચ થાય છે અને મામલતદાર કચેરીમાંથી ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર મારફત લોકોને મળે એવી સુવિધા જો સરકાર કરે તો મારા ખ્યાલ મુજબ ગુજરાતના ગામડાંના લોકોને સારો લાભ આપી શકીએ એટલા માટે થોડો તાલુકા કક્ષાએ સુધારો કરીને ગ્રામ્ય લેવલ ઉપર લઈ જાય એવું સૂચન કરું છું. જે માગણી લઈને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપી શકતો નથી.

## સભાગૃહનો સમય લંબાવવા અંગે

**અધ્યક્ષશ્રી** : બંને બાજુ એક-એક સભ્યો બોલવાના બાકી છે અને બંને મંત્રીશ્રીઓએ ૩૦-૩૦ મિનિટ માગી છે. તો કેટલો સમય? (અંતરાય) નહીં એટલે પહેલેથી અર્ધો કલાક તો આપણે નકકી કરેલો છે. બંને દંડકોએ મને અર્ધો કલાકનું કહેલું છે. મેં એ પ્રપોઝલ જાળવીને જ બધાને મિનિટો આપી છે. અર્ધો કલાક વધારી દઈએ છીએ. એટલે આપણે સવા પાંચે જે પૂરું કરવાના છીએ એમાં ૩૦ મિનિટ વધારીએ છીએ. નહીંતર શું થશે કે મારે અત્યારે બંન્ને બાજુએ એક-એક સભ્યશ્રીનાં નામ કાપી નાંખવાં પડે..(અંતરાય) મંત્રીશ્રીઓને જે ટાઈમ મળે છે એમના પ્રમાણે જ ગણ્યો છે. બંનેને પૂરતો સમય આપ્યો છે. એમને પણ એ જ રીતે મિનિટો ફાળવી છે.(અંતરાય) નહીં, નહીં, આપને જવાબ ન સાંભળવો હોય તો. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી (અંતરાય)

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫ મિનિટ વધારીએ.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, ૧૫ મિનિટ વધારવા કરતાં હવે પૂરું થાય ત્યાં સુધી વધારીએ.

**શ્રી આર.સી. ફળદુ** : જી.

**અધ્યક્ષશ્રી** : આજે બપોર પછી મને બંને દંડકોએ કહ્યું હતું કે ૩૦ મિનિટ વધારવાની છે એટલે હું ૩૦ મિનિટની મર્યાદામાં રહીને પૂરું કરીશ.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ (બારડોલી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના શિક્ષણ મંત્રી ક્રમાંકઃ૮ અને ૯ લઈને આવ્યા છે એમાં હું મારું વકતવ્ય રજૂ કરું છું. શિક્ષણની અનેક વાતો થઈ છે ત્યારે હું આદિવાસી બાળકોને જે અન્યાય થઈ રહ્યો છે તેના તરફ ધ્યાન દોરું છું. પ્રાથમિક શાળાના બાળકોને ગણવેશના જે ૧૫૦ રૂપિયા ચૂકવવામાં આવે છે તે આજની મોંઘવારીમાં ચાલી શકે તેમ નથી ત્યારે એના તરફ વિચાર કરીને આપણે ૩૦૦ થી ૩૫૦ રૂપિયા આપી શકીએ એવું હું સૂચન કરું છું. બીજું, પ્રાથમિક શાળાની અંદર જે અંગ્રેજી શિક્ષણ છે એ અંગ્રેજી શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે આપણે બી.એ. બી.એડ થયેલા અંગ્રેજી શિક્ષકોની ભરતી કરીએ તો શિક્ષણની ગુણવત્તા સુધારી શકાય અને પ્રાથમિક શાળાની અંદર જે બી.એસ.સી. બી.એડ શિક્ષકો છે.એવા શિક્ષકોની ભરતી કરીને પણ આપણે પ્રાથમિક શાળાની ગુણવત્તા સુધારી શકીએ. આ માટે રાજ્ય સરકારે વિચાર કરવો જોઈએ. એનું કારણ છે કે આદિવાસી બાળકો ગામડામાં અભ્યાસ કરતા હોય, જ્યારે તવંગરો છે એ લોકોના બાળકો ઉચ્ચ શાળાની અંદર અભ્યાસ લેતા હોય, ત્યારે પ્રાથમિક શાળાની ગુણવત્તા કથળી ગયેલ છે. એ ગુણવત્તાનું ધોરણ ઊંચે લાવવા માટે અંગ્રેજી અને બી.એસ.સી. અને બી.એ.ડ ની ભરતી થાય તેવી કાર્યવાહી કરવી જોઈએ. પ્રાથમિક શાળાની અંદર જે આદિવાસી બાળકોને ઘઉં આપવામાં આવે છે, એની જગ્યાએ એસ.સી. અને બક્ષીપંચના બાળકોને ઘઉં આપવામાં આવે. આવી યોજના દાખલ કરવી જોઈએ. પ્રાથમિક શાળાના કેટલાક શિક્ષકોની વાત કરું તો એમને વસ્તી ગણતરીમાં જોતરી દઈ, ચૂંટણીમાં જોતરી દેવામાં આવે છે, તેના કારણે શિક્ષણ કથળી ગયું છે. તેને બદલે રાજ્યના બેકારોને તક આપવી જોઈએ, તે બેકારોને વેતન મળે તેવા પ્રકારનું આયોજન કરવું જોઈએ અને બેકારી નિવારી શકાય, એના માટેનું આ મારું સૂચન છે.

બીજું શિક્ષકોની ભરતી કરવામાં આવે, જિલ્લા શિક્ષણાધિકારી ભરતી કરીને નિમણૂક આપવામાં આવે અને કાયમી બહાલી માટે ગાંધીનગરમાં ફાઈલ મોકલવામાં આવે એ છેલ્લે ૨૦૦૩ થી આજદિન સુધી કોઈ કાયમી બહાલી આપવામાં આવી નથી. આવી બહાલી પડેલી છે, એવી બહાલીને તાત્કાલિક નિમણૂક આપવામાં આવે. આને કારણે કેટલાક શિક્ષકોની પગાર રિકવરી કરવામાં આવે છે, એ ન થાય એની કાળજી માનનીય શિક્ષણમંત્રીશ્રીએ લેવી જોઈએ. બીજી એક વાત અગત્યની કરું તો જે શિક્ષણ સહાયકની ભરતી કરવામાં આવી. એમાં આજે ૪-૪ વર્ષ થઈ ગયાં. એવા શિક્ષકોને ૪,૦૦૦ રૂપિયાનું વેતન આપવામાં આવતું હતું. આજે પરિસ્થિતિ એ થઈ કે વેતન ઘટાડો કરીને ૩,૦૦૦ કરવામાં આવ્યું. વેતન વધવું જોઈએ એના બદલે વેતન દ ટાડયું. આ કેવી શિક્ષણની ગુણવત્તા?

બીજી એક વાત કરું છું કર્મયોગી તાલીમ અંગેની. આપણે કર્મયોગી તાલીમ જિલ્લે જિલ્લે આપીએ છીએ અને આ કર્મયોગી તાલીમની અંદર જે તજજ્ઞો આવેલ છે, તે તજજ્ઞો જે તે વિષયના નિષ્ણાંત હોવા જોઈએ. જે તે વિષયના નિષ્ણાત ન હોવાના કારણે આવા તાલીમની અંદર શિક્ષકોનો ખોટો સમય વ્યર્થ થાય છે અને ખોટા વિષય ઉપર ચર્ચા થાય છે, તેવો મારો જાત અનુભવ છે. આવું ન થવું જોઈએ. જે તે વિષયના તજજ્ઞો હોવા જોઈએ. બીજી શિક્ષણની નીતિની વાત કરું. જે માધ્યમિક શાળા છે, એ માધ્યમિક શાળાઓની અંદર ૧ થી ૭ વર્ગોની શાળા છે, એને જે ગ્રાન્ટ નીતિ છે, તે આજથી લભગગ ૧૫-૨૦ વર્ષ પહેલાની જૂની નીતિ છે. એક વર્ગદીઠ માત્ર ૧૮૦૦ રૂપિયા આપવામાં આવે. આ ૧૮૦૦ રૂપિયાથી શિક્ષણની નીતિની અંદર શૈક્ષણિક કાર્યની ખરીદી કરવી જોઈએ, વહીવટની અંદર પારદર્શિતા લાવવી જોઈએ એ લાવી શકાતી નથી. એટલે આમાં શિક્ષણની ગ્રાન્ટ નીતિની અંદર વધારો થવો જોઈએ. છેલ્લે, અંગ્રેજીના વિષયની મેં વાત કરી. એના ઉપર દાખલો આપવા માગું છું. આપણા ૩ અભણ વ્યક્તિઓ રેલ્વેની અંદર ( સમય સૂચક ઘંટડી ) સાંભળવા જવો દાખલો છે.

**અધ્યક્ષશ્રી** : પછીથી મને આવીને કહી જજો. મારી પાસે સમય નથી. હું નિરાંતે તમને અડધો કલાક સાંભળીશ. શ્રીમતી ભાનુબેન બાબરીયા.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા (રાજકોટ (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી જે માગણીઓ લઈને આવેલ છે, તે અંગે આ સભાગૃહમાં મારા વિચારો રજૂ કરું છું. ગુજરાત રાજ્ય આજે શક્તિશાળી રાજ્ય છે, ગુજરાત રાજ્ય આજે પ્રગતિશીલ રાજ્ય છે, ગુજરાત રાજ્ય આજે સુરક્ષિત રાજ્ય છે, ગુજરાત રાજ્ય આજે વિકાસશીલ રાજ્ય છે. શિક્ષણ એ તો રાજ્યના વિકાસનો પાયો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શિક્ષણને સવિશેષ મહત્ત્વ આપીને ખાસ કરીને કન્યા કેળવણી માટે ભા.જ.પ. સરકારે છેલ્લા વર્ષથી એક અભિયાન છેડ્યું છે. એના સારાં પરિણામો આપણે જોઈ રહ્યા છીએ. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, સહિતના મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી અને અધિકારીશ્રીઓ વગેરે ધોમધખતા તાપમાં કન્યા કેળવણી માટે પ્રતિવર્ષ ગામડાઓમાં જઈને શાળા પ્રવેશોત્સવના નક્કર કાર્ય કરે છે. જે અભિનંદનને પાત્ર છે. તેના કારણે જ રાજયમાં પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેટ સુધરીને ૩ ટકા સુધી નીચે આવેલ છે. એનાથી આગળ આપણે ૯૯ ટકા સુધી પ્રવેશદર હાંસલ કરી શક્યા છીએ. આ રીતે ૧૦૦ ટકા પ્રવેશના સરકારના સંકલ્પને બળ મળ્યું છે. તેના માટે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને પૂર્વ શિક્ષણમંત્રીશ્રી આનંદીબેન પટેલને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના બાળકો આધુનિક સમય સાથે કદમ મિલાવી શકે તે માટે ઔદ્યોગિક અને વૈજ્ઞાનિક પ્રવાહોમાં તેમનો પૂરતો વિકાસ થાય અને યુવાધનને તેની ઉદ્યમશીલતાનું સમર્થન મળે, જેથી તેનો રાષ્ટ્ર નિર્માણમાં સદુપયોગ થઈ શકે તે હેતુથી શિક્ષણ વિભાગે વિવિધ પ્રકારના આયોજનો હાથ ધરેલ છે. અત્યાર સુધીમાં ૮૩,૦૦૦ જેટલા વિદ્યા સહાયકોથી નિમણૂક કરવામાં આવી છે. ૩૫,૯૪૬ સ્વચ્છતા સંકુલોનું નિર્માણ તેમજ બીજા ૧૧ હજાર વિદ્યાસહાયકોની નિમણૂક માટે અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમય સાથે જરૂરિયાત મુજબ નવી ટૅક્નીકલ યુનિવર્સિટીની રચના કરી કૌશલ્યયુકત યુવાનો તૈયાર કરવા સરકારે કામગીરી કરી છે. જેમાં એક લાખથી વધુ વિદ્યાર્થીઓને ટૅક્નીકલ શિક્ષણનો લાભ મળશે. અત્યારે ગુજરાતનો વિદ્યાર્થી દેશ અને દુનિયામાં અંગ્રેજી બોલવામાં પાછો ન પડે અને કડકડાટ અંગ્રેજી બોલી શકે તે માટે સ્કોપ કાર્યક્રમ હેઠળ ૧૫ થી ૩૫ વર્ષના યુવાન ભાઈ બહેનોને અંગ્રેજીની તાલીમ આપી રોજગારીની તકો વધારવાનું અનેરું આયોજન આ સરકારે કરેલ છે. રાજયમાં આવનારા વર્ષોમાં જંગી ઔદ્યોગિક મૂડી રોકાણ થઈ રહ્યું છે ત્યારે આવનાર કંપનીઓને ગુજરાતમાંથી જ યોગ્ય શિક્ષણ ધરાવતા કર્મચારીઓ મળી રહે તેવું આયોજન નૉલેજ કૉર્પોરેશન દ્વારા થઈ રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રી રમણભાઈ વોરાએ માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન દ્વારા અંદાજપત્રમાં આ વર્ષે ૨૬ ટકાનો વધારો કરીને શિક્ષણને વિશેષ મહત્ત્વ આપ્યું છે. પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ, પીવાના પાણીની સુવિદ્યા માટે ૪૩ કરોડની જોગવાઈ, શાળાઓને કૉમ્પ્યુટરથી સજજ કરવા ૮૫ કરોડની જોગવાઈ તથા ગુજરાતના પછાત વિસ્તારોમાં વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્ય માટે સરકારે દશ નવી કૉલેજો શરૂ કરવા બજેટમાં જોગવાઈ સૂચવેલ છે. જે બદલ હું અભિનંદન પાઠવું છું. ગુજરાતના દીર્ઘદષ્ટા, કન્યા કેળવણીના હિમાયતી એવા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્ત્રી કેળવણીને પ્રોત્સાહન મળે તેમજ કન્યાઓમાં તેમના શૈક્ષણિક વિકાસ માટે પડતી આર્થિક મુશ્કેલીઓમાં મદદરૂપ થઈ શકાય તે હેતુથી માનનીય મુખ્યમંત્રીશ્રી તરફથી વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં કેળવણી નિધિની રચના કરવામાં આવેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિવિધ પ્રસંગોએ મળેલ ભેટ સોગાદો સરકારમાં જમા કરવી તેના વેચાણમાંથી મળતી રકમનો ઉપયોગ કન્યા કેળવણીના ઉત્તમ હેતુ માટે વાપરવામાં આવે છે. આમ આ દેશમાં પ્રથમ એવા મુખ્યમંત્રી છે કે તેને મળેલી ભેટ સોગાદોની જાહેરમાં નિલામી કરીને તેના મળેલ રૂપિયા કન્યા કેળવણી માટે વાપરે છે. જેના માટે આ ગૃહના તમામ સભ્યોએ ગર્વ લેવો જોઈએ. આ સાથે માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમને મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું. આભાર.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી રમણભાઈ. સમયની મર્યાદા તમને ખબર છે. તે મર્યાદાની અંદર આપ પૂરું કરશો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : દસ મિનિટ મળેને વધારો તો.

**અધ્યક્ષશ્રી** : આપ બોલવાના છો?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, દસ મિનિટ અમારી વધે છે. આપ અડધી કલાક ન વધારવાના હોય તો મારે નથી બોલવું.

**અધ્યક્ષશ્રી** : નહીં નહીં.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જો અડધી કલાક વધારવાના હોવ તો મને પ્રપોસનેટ મળે ને? તે દસ મિનિટ બાકી છે. જો મંત્રીશ્રીઓ સવા પાંચ સુધીમાં પૂરું કરવાના હોય તો I don't want to speak.

**અધ્યક્ષશ્રી** :એક મિનિટ. સવા પાંચે પૂરું કરવાનું છે. આપની એ સમય મર્યાદા રહેશ. ૪૫ મિનિટની સમય મર્યાદા છે.

**શ્રી રમણલાલ વોરા** : મારા માટે.

**અધ્યક્ષશ્રી** : બંને જણા માટે. એની અંદર પૂરું કરો. જો સમય વધારવાના હોય તો શકિતસિંહજી ને.

**શ્રી રમણલાલ વોરા** : ૩૦ મિનિટ આપેલી છે.

**અધ્યક્ષશ્રી** : સામાન્ય રીતે આપ આપના સમયમાં પૂરું કરશો. બેન એમના સમયમાં પૂરું કરશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સમય વધારવાનો હોય તો સહમત છીએ. પ્રપોસનેટ મિનિટ મારા ભાગે જે આવે છે.

**અધ્યક્ષશ્રી** : નહીં નહીં I agree

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : otherwise સવા પાંચે એમ કહે કે મારું દસ મિનિટ રહી ગયું છે તો નહીં. સવા પાંચ એટલે સવાપાંચ

**અધ્યક્ષશ્રી** : નહીં નહીં સવાપાંચમાં બે મિનિટે હું મતદાન માટે લઈ લઈશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જો એટલે તેમને વધારે સમય ન જોઈતો હોય then I don't want to speak. But if you extend the time I will use my ten minutes.

**અધ્યક્ષશ્રી** : ૪.૩૦ થઈ છે આપ બંનેએ ૫.૧૫ એ પૂરું કરવાનું છે.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ) ઉચ્ચ અને ટૅક્નીકલ વિભાગના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની માગણીઓમાં લગભગ ૨૧ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાનાં સૂચનો આપ્યાં છે પણ માનનીય અધ્યક્ષશ્રી, કમનસીબી એવી છે કે (અંતરાય) મારે જવાબ આપવા ઊભા થવાનું છે અને ત્યારે જ વિપક્ષના નેતાશ્રીની સમયની વાત છે. (અંતરાય) એટલા માટે, સૌથી પહેલાં માનનીય કુંવરજીભાઈ બાવળીયાએ શરૂઆત કરી, પવિત્ર માણસ, સારા માણસ, શિક્ષણ જગત સાથે સંકળાયેલા અને છતાંય એમણે શરૂઆત કરી સેકસકાંડ અને પાટણની ઘટનાથી. • (આ જે પક્ષમાં છે એ પક્ષનું ચારિત્ર્ય એમણે છતું કર્યુ છે) માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

( આ તબક્કે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના નેતાશ્રી સહિતના વિરોધપક્ષના તમામ ધારાસભ્યશ્રીઓ એક સાથે ઊભા થઈ ગયા અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા.)

**અધ્યક્ષશ્રી :** માનનીય મંત્રીશ્રી, નહીં, નહીં, આપ જવાબની મર્યાદામાં રહો, નહીં નહીં, એ શબ્દો પાછા ખેંચી લો અને આપણી વાત આગળ જવા દો, આ જાતના આક્ષેપાત્મક પ્રવચન... (અંતરાય)

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા એ શબ્દો હું પાછા ખેંચું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હા, શબ્દો પાછા ખેંચે છે, (અંતરાય) માનનીય જગદીશભાઈ, ઑર્ડર, ઑર્ડર. મેં કહી દીધું છે.

**( આ તબક્કે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિપક્ષના નેતાશ્રી સહિતના કોંગ્રેસ પક્ષના તમામ ધારાસભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.)**

**શ્રી રમણલાલ વોરા** : કોંગ્રેસના આગેવાનો સંડોવાયેલા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય રમણલાલ વોરા, તમે જવાબ ફક્ત (અંતરાય)

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે શરૂઆત થઈ એ શરૂઆતનો જવાબ આપવાનો મેં પ્રયાસ કર્યો છે, પહેલેથી જ શરૂઆત જ્યારે માત્ર આક્ષેપાત્મકમાં થાય અને કોઈ ઘટનાને લઈને થાય તો એના માટે એનો જવાબ એ પ્રમાણે આપવો જોઈએ. જે એમણે ટીકા કરી છે એ ટીકાનો જવાબ મારે આપવો જોઈએ અને એટલા માટે મેં આ વાત કરી છે.

---

• ( ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો માનનીય મંત્રીશ્રી દ્વારા પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા અગાઉના પૂર્વ શિક્ષણ મંત્રી બેનશ્રી આનંદીબેને શિક્ષણ વિભાગની સાથે દશ વર્ષની કામગીરી કરીને જે મજબૂત પાયો નાખ્યો છે અને એના કારણે શિક્ષણ જગતમાં જે આમૂલ ફેરફાર થયા છે એ માટે માનનીય આનંદીબેન પટેલ અને માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, એ બંને અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે હું શિક્ષણ જગતની વાત કરું છું ત્યારે આધુનિક વિજ્ઞાન એવું કહે છે કે, બાળક પોતાની ઉંમરના શરૂઆતના વર્ષોમાં જે શિક્ષણ મેળવે છે એ શિક્ષણ સમગ્ર જીવનકાળ એને યાદ રહે છે અને એટલા માટે જ પ્રાથમિક શાળાઓથી શરૂ કરીને શિક્ષણને અગ્રિમતા આપવાનું કામ આ રાજય સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગના ટૅક્નીકલ શિક્ષણ બાબતે વાત કરું તો ડીગ્રી અને ઇજનેરી કૉલેજો, ડિપ્લોમા ઇજનેરી સંસ્થાઓ, ફાર્મસી સંસ્થાઓ આ તમામ સંસ્થાઓમાં ઉચ્ચ ગુણવત્તા સભર ટૅક્નીકલ તાલીમની સેવા પૂરી પાડવા માટે આધુનિક ઔદ્યોગિક એકમોમાં માનવબળની જરૂરિયાતને પૂરી પાડવા માટે અભ્યાસક્રમોમાં સુઆયોજિત આયોજન અને સુધારો થાય એટલા માટે રાજય સરકારે અનેકવિધ પગલાં લીધાં છે.

રાજય સરકારની ટૅક્નીકલ સંસ્થાઓ જે ૧૯૯૭માં ૯૪ હતી, એ છેલ્લા દશ વર્ષમાં ૨૦૦૭ સુધીમાં ૩૫૨ થઈ છે, ૧૯૯૭માં ઈન્ટેક વ્યવસ્થા જે ૧૩૩૧૫ હતી, છેલ્લા દશ વર્ષમાં આ સંસ્થાઓ વધીને ૫૨૯૫૫, એની ઈન્ટેકની વ્યવસ્થા થઈ છે અને સંસ્થાઓ અને વિદ્યાર્થીઓની કેપેસીટીમાં ચાર ગણો વધારો થયો છે. છેલ્લા પાંચ વર્ષમાં આઠ જેટલી નવી ટૅક્નીકલ યુનિવર્સિટીઓ થઈ છે. છેલ્લા પાંચ વર્ષમાં ટૅક્નીકલ ક્ષેત્રે, ડિપ્લોમા કક્ષાએ ચાર અને ડીગ્રી કક્ષાએ ચાર એમ નવા આઠ અભ્યાસક્રમો દાખલ કરવામાં આવ્યા છે. આઈ ટી ઉદ્યોગના ઝડપી અમલ અમલ દરમિયાન જે પ્રવેશની પ્રક્રિયા અત્યાર સુધી જે ત્રીસ દિવસમાં થતી હતી એમાં ૧૧૯ સંસ્થાઓ દ્વારા માત્ર દશ જ દિવસમાં આ કામગીરી કરવાનું આયોજન આ રાજય સરકારે કર્યુ છે. ગુજરાતમાં ટેકનોલોજીકલ અભ્યાસક્રમોમાં સમાનતા આવે, એક જ કૅલૅન્ડર વર્ષમાં સમાનતા પદ્ધતિને લાગું કરવામાં આવે અને એટલા માટે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની સ્થાપના ૨૦૦૯થી શરૂ કરવાનું આ રાજય સરકારે વિચારેલ છે. અને આ માટે ૧૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલ છે. વાઈબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમના કારણે આજે ગુજરાતમાં ઔદ્યોગિક મૂડી રોકાણ વધ્યું છે ૧૨ લાખ કરતા વધારે ટૅક્નીકલ લોકોની જરૂરિયાત જ્યારે ઉભી થવાની છે ત્યારે રાજયના ઉદ્યોગોની માગને અનુરૂપ તાલીમબદ્ધ કુશળ ટૅક્નીકલ મેન પાવર ઉભો કરવાના હેતુસર નૌલેજ કોરપોરેશનની સ્થાપના કરવામાં આવેલ છે. વિશ્વ બેન્કના સહયોગથી અત્યારે ચાર ડિગ્રી અને બે ડિપ્લોમાના સહાયથી રાજય સરકાર જ્યારે ચાલે છે ત્યારે આગામી દિવસોમાં ૧૪ સરકારી એન્જિનિયરીંગ કૉલેજો પૈકી ૨૮ પૉલિટૅક્નિક પૈકી બેમાં આપી છે એમાં બાકીની ૨૬ પૉલિટૅક્નિક કૉલેજો અને આ તમામમાં વિશ્વ બૅન્ક કક્ષાની સગવડ આપવા માટે રાજય સરકારે ૨૦૦૮-૦૯ના બજેટમાં ૨૯૦.૨૨ કરોડની જોગવાઈ કરીને સુવિધા આપી છે. ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીના આધુનિકરણ માટે 'નેટ' અને 'જાવા'ના કાર્યક્રમો દ્વારા ઈજનેરી વિદ્યાર્થીઓને સેટેલાઈટના માધ્યમથી તાલીમ આપવાનું આયોજન કરવામાં આવેલ છે. હમણાં જ ૨૮ જેટલી બહુરાષ્ટ્રીય કંપનીઓએ ૧૨૦૦ જેટલા ઉમેદવારોને આ દિશામાં પસંદગી કરી છે. ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રમાં પ્રથમ રાજય છે અને એટલા માટે આઈ.ટી.આઈ. કૉલેજ અને ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ કૉલેજ ઑફ એજ્યુકેશન સંસ્થાની માગણી છેલ્લા ચાર વર્ષથી રાજય સરકાર સતત કરતું આવ્યું છે પણ કેન્દ્ર સરકારે આ માગ જ્યારે સ્વીકારી નથી ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વ્યકિતગત પ્રયાસોના કારણે આઈ.આઈ.ટી. મુંબઈનું એકમ ગુજરાતમાં સ્થાપવા માટે યોગ્ય જમીન સંપાદનની કાર્યવાહી હાલ ચાલુ છે એ દરમ્યાન ચાંદખેડા ખાતે સરકારી ઈજનેરી કૉલેજમાં ગોલ્ડન જ્યુબિલી એકસ્ટેન્શન સૅન્ટર શરૂ કરવામાં આવ્યું છે. ૩ થી ૬ માસના અભ્યાસક્રમો ચાલુ રાખીને ગુજરાતના યુવાનોને અદ્યતન તાંત્રિક શિક્ષણ વ્યવસ્થા મળે એની વ્યવસ્થા રાજય સરકારે ગોઠવી છે. નવી એન્જિનિયરીંગ અને પોલિટેકિનક બેઠકોમાં વધારો કરવા માટે રાજય સરકારે રાજપીપળા ખાતે નવી પૉલિટૅક્નિક કૉલેજની સ્થાપના કરવા અને સાગર ખેડૂ યોજના અંતર્ગત ૧૫ જિલ્લાઓમાંથી ૮ જિલ્લામાં નવી સરકારી પોલિટેકિનક કૉલેજો શરૂ કરવી અને ડિગ્રી એન્જિનિયરીંગ કૉલેજોમાં નવા અભ્યાસક્રમો તથા બેઠકોમાં ૮૨૦ બેઠકોનો વધારો કરવાનું નક્કી કર્યું છે. જી.આઈ.ડી.સી. ખાતે ૧૦૦ જેટલા પોલિટેકિનક એકસ્ટેન્શન સૅન્ટર શરૂ કરવા માગીએ છીએ જેમાં જે તે ઉદ્યોગને અનુરૂપ હોય તે પ્રમાણેની તાલીમની વ્યવસ્થા રાજય સરકાર કરશે. ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં ૨૦૦૦ ની સાલ સુધી ગુજરાતમાં ૧૧ યુનિવર્સિટી હતી આજે ડિસેમ્બર ૨૦૦૭ સુધીમાં ૨૫ યુનિવર્સિટીઓ કાર્યરત છે, ૩૫ સરકારી કૉલેજો, ૩૫૫ અનુદાન પાત્ર કૉલેજો, ૩૦૭ સ્વનિર્ભર કૉલેજો ઉપરાંત અન્ય ૩૩ સંસ્થાઓ આમ કુલ ૭૩૮ સંસ્થાઓ પૈકી ૪૨૭ અનુદાનને પાત્ર છે અને એટલા માટે બિન આદિજાતિ વિસ્તારની સરકારી કૉલેજોના બાંધકામ માટે ૧૭.૫ કરોડ રૂપિયા અને આદિજાતિ વિસ્તારના બાંધકામ માટે ૧૦.૨૭ કરોડની જોગવાઈ આ રાજય સરકારે કરી છે. યુનિવર્સિટીઓમાં એકસલન્સ સૅન્ટર વિજ્ઞાન શિક્ષણના વિકાસ માટે આ કાર્યને વેગ આપવા માટે ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૨૨ કરોડની જોગવાઈ કરી છે. શ્રીમતી ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટી અને ડો. બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટીમાં.કન્યાઓને શિક્ષણ ફીની રકમ ખરાઈ કરીને પરત કરવા માટે ૪૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આંબેડકર ઓપન યુનિવર્સિટી માટે નવા મકાન માટે ૧૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલ છે. એક માત્ર સંસ્કૃત યુનિવર્સિટી છે એના માટે ૭૦ લાખની

જોગવાઈ અને કચ્છ જિલ્લાના વિકાસ માટે કચ્છ જિલ્લાની કચ્છ યુનિવર્સિટી માટે ૫૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. જ્યારે અંગ્રેજી શિક્ષણને અગ્રતા આપવામાં આવી રહ્યું છે ત્યારે ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં વધુ સારી રીતે લખી-વાંચી શકે તે માટે ૧૦૦ જેટલી લેબની સ્થાપના કરવામાં આવનાર છે. ગુજરાત યુનિવર્સિટીને વૈશ્વિક કક્ષાની યુનિવર્સિટી બનાવવાનું આયોજન છે. રાજયમાં પી.ટી.સી. અને બી. એડ. ની પ્રવેશ પ્રક્રિયાને કેંદ્રવર્તી બનાવવા માટે ગુજરાત ટીચર્સ એજ્યુકેશન યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે એક કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. શહીદ વીર કિનારીવાળા સુરક્ષા જૂથ વીમા યોજના દ્વારા ૧,૦૦,૦૦૦ રૂપિયાના વીમાના સુરક્ષા કવચ સાથે ૫,૦૦,૦૦૦ વિદ્યાર્થીઓને ચોવીસ કલાક વીમાનું સુરક્ષા કવચ આપવામાં આવે છે. રાજયના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વિસ્તારો, દરિયા કાંઠાના વિસ્તારો અને રણ વિસ્તારો માટે ૨૦૦૮-૦૯માં નવી ૧૩ કોલેજો શરૂ કરવામાં આવનાર છે. આ ૧૩ કોલેજો પૈકી કોમર્સ ૫, આર્ટસ ૩, સાયન્સ ૩ અને આર્ટસ અને કોમર્સ ૨ મળી કુલ નવી ૧૩ કોલેજો શરૂ કરવામાં આવશે. માધ્યમિક શિક્ષણ વિભાગમાં રાજય સરકારના કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશ ઉત્સવના કાર્યક્રમના કારણે જ્યારે ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો છે ત્યારે આગામી દિવસોમાં ગુજરાતમાં ૧૩ લાખ કરતાં વધારે બાળકો માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં એમના માટેની જ્યારે જરૂરિયાત ઊભી થશે ત્યારે માધ્યમિક શાળાઓ માટે ૧૦ કિલોમીટરની ત્રિજ્યાને બદલે ૫ કિલોમીટરની ત્રિજ્યાને ધ્યાને લઈ માધ્યમિક શાળાઓની સંખ્યા ડબલ કરવામાં આવશે, ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ૧૫ કિલોમીટરની ત્રિજ્યાને બદલે ૭ કિલોમીટરની ત્રિજ્યાને ધ્યાનમાં લઈ એમાં પણ ડબલ શાળાઓ કરવામાં આવશે, વિજ્ઞાન પ્રવાહમાં હાલ ૧,૦૬,૦૦૦ વિદ્યાર્થીઓ જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં જોડાયા છે ત્યારે આગામી દિવસોમાં ૨,૦૦,૦૦૦ સુધી આ લક્ષ્યાંક જ્યારે વધારવાનો છે ત્યારે અગિયારમી પંચવર્ષીય યોજનાના પહેલાં તબક્કામાં આ વર્ષે ૨૭૮ માધ્યમિક શાળા અને ૨૨૨ ઉચ્ચતર માધ્યમિક શાળા મળી કુલ ૫૦૦ શાળાઓનું આયોજન આ રાજય સરકારે કર્યુ છે. આ સાથે સાથે સરકારી તેમજ બિન સરકારી ૨૭૪૦ શાળાઓમાં ટી.ડી.એસ. કનૅક્શન પૂરા પાડવા માટે કલર ટી.વી.ની જોગવાઈ કરી છે. દરેક શાળાને પ્રયોગશાળા માટે શાળાદીઠ ૧,૦૦,૦૦૦ રૂપિયા આપવાનું આયોજન, ગ્રંથાલય માટે રૂપિયા ૧૦ હજાર આપવાનું આયોજન અને નિર્મળ ગુજરાત યોજના અંતર્ગત ૧૧૭૦ શાળાઓમાં શૌચાલયની સુવિધાઓ માટે ૨૯૨.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. રાજયની અંદર કોલેજ કેરિયર ગૃપ પ્રોજેકટ હેઠળ ૧૦ અને ૧૨ ના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી માર્ગદર્શન મળે તે માટે ૨૦ લાખ વિદ્યાર્થીઓના માટે રૂપિયા ૨૬૩.૧૦ લાખની જોગવાઈ કરી છે. તેજસ્વી આદિજાતિ વિદ્યાર્થીના છાત્રાલય સહાય માટે ૧૦૦૦ વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૧,૮૦,૦૦૦/- ની જોગવાઈ કરી છે. વોકેશનલ ગાઇડન્સ પૂરું પાડવા માટે અગાઉ રૂપિયા ૫,૦૦,૦૦૦/- ની જોગવાઈ મંજૂર કરવામાં આવી હતી, ૨૦૦૮-૦૯માં ૫,૦૦,૦૦૦ રૂપિયાની સૂચવેલ જોગવાઈ સામે ૧૩૦૦ શાળાઓને લાભ આપવાનું રાજય સરકારે વિચાર્યુ છે.

સ્કોપ જેવી સંસ્થા, ગુજરાતનો વિદ્યાર્થી અંગ્રેજી ભાષા ઉપર પોતાનું પ્રભુત્વ જાળવી રાખે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની યોજનાથી આ વર્ષે જેટલા પણ વિદ્યાર્થીઓ આવી રહ્યા છે એમાં ૫ વર્ષની અંદર ૧,૦૦,૦૦૦ યુવાનો આ સ્કોપનો લાભ લે એ પ્રમાણે રાજય સરકારની અપેક્ષા છે. ૬,૨૦૩ જેટલા વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક કેમ્બ્રીજ યુનિવર્સિટીની પરીક્ષા આપી છે અને એમણે પ્રમાણપત્ર મેળવ્યા છે અને આ પ્રમાણપત્ર મેળવવા માટે જે રૂપિયા ૪૦,૦૦૦ જેટલો ખર્ચ થતો હતો તેને બદલે રાજય સરકાર માત્ર ૧,૨૦૦ રૂપિયા જેટલી ફી લઈને આ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપે છે. ધોરણ ૧૦ અને ૧૨ની ૨૦૦૮ની પરીક્ષામાં પાસ થનાર ૧૦ લાખ કરતાં વધારે વિદ્યાર્થીઓમાંથી ૫૦,૦૦૦ વિદ્યાર્થીઓને આ યોજના અંતર્ગત સાંકળવાનો પ્રયાસ છે.

**અધ્યક્ષશ્રી:** માનનીય મંત્રીશ્રી આપને ૪-૫૨ વાગ્યા સુધીમાં પૂરું કરવાનું છે એ મર્યાદામાં રહીને આપ આપનું પ્રવચન કરશો.

**શ્રી રમણલાલ ઈ. વોરા :** મધ્યાહ્‌ન ભોજન યોજનામાં નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા પ્રમાણે ૩૦૦ કેલેરીને બદલે ૪૫૦ કેલેરી આપવામાં આવે છે. તિથિ ભોજન યોજના એ રાજય સરકારનો એક નવતર પ્રયોગ છે અને એમાં બાળકોને ગરમ ભોજન મળે છે, દાન મળે છે અને એટલા માટે જ ૨૦૦૮-૦૯ની યોજનામાં ૩૧૮ કરોડની સૂચિત જોગવાઈ કરવામાં આવી છે. કિચનશેડની યોજના, એક કિચન બનાવવા માટે ૬૦,૦૦૦ રૂપિયા કેન્દ્ર સરકારે નક્કી કર્યા છે રાજય સરકારની યોજના પ્રમાણે આ શાળા કિચન શેડ બનાવવા માટે બીજા ૪૫,૦૦૦ રૂપિયા ઉમેરીને ૧,૦૫,૦૦૦ રૂપિયાના ખર્ચે ૬૩૧૮ કિચનશેડ આ રાજય સરકાર કરવા માગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શિક્ષણ માટે રાજય સરકારે કન્યા કેળવણી રથયાત્રા અને પ્રવેશોત્સવમાં ૪૪ ડીગ્રી તાપમાનમાં મુખ્યમંત્રીશ્રી પોતે, તમામ મંત્રીશ્રીઓ, તમામ ધારાસભ્યશ્રીઓએ આ કન્યાઓને કેળવણી આપવાની સાથે ૧૦૦ ટકા નામાંકન થાય એ દિશામાં કામ કર્યુ છે. ૩૫ ટકાથી ઓછી સાક્ષરતા દરવાળી જે પણ જગ્યાએ કન્યાઓનું ધોરણ માલૂમ પડે ત્યાં ૧૦૦૦ રૂપિયાના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાનું રાજય સરકાર કરી રહી છે.

વિદ્યાદીપ યોજના અન્વયે કોઈ બાળકનું અકસ્માતે અવસાન થાય તો એને ૨૫ હજાર રૂપિયાના વીમા સુરક્ષા કવચવાળા ૮૫ લાખ વિદ્યનાર્થીઓને આ વીમાનું સુરક્ષા કવચ આપવામાં આવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની

કન્યા કેળવણી નિધિમાં એમને મળતી ભેટ સોગાદો છે, એમાંથી પ્રાથમિક શિક્ષણથી માંડીને પી. એચ. ડી. સુધીના અભ્યાસક્રમોમાં આ શૈક્ષણિક વિકાસ માટે તેમને પડતી આર્થિક મુશ્કેલીઓમાં મદદરૂપ થઈ શકાય એ માટે આ કન્યા કેળવણી નિધિ જેની પાછળ અત્યાર સુધીમાં ૧૪.૮૨ લાખ જેટલી માતબર રકમ મળેલ છે.

ધોરણ ૧થી ૫ નો ડ્રોપ આઉટ રેશિયો કન્યા અને કુમારમાં ૩.૨૪ થી ઘટાડો થઈ ૨.૯૮ થયો છે. વર્ગખંડોનું બાંધકામ ૨૦૦૬-૦૭ સુધીમાં ૫૮,૯૩૪ હતું આગામી વર્ષમાં ૮૮૫ લાખની એમાં જોગવાઈ કરવામાં આવી છે. વર્ગખંડોનું રીપેરીંગ કરવામાં આવે છે. સ્વચ્છતના સંકુલોનું બાંધકામ કરવામાં આવે છે અને વિશિષ્ટ કાર્યક્રમ શાળાના આરોગ્યની તપાસણી, આરોગ્ય વર્ધક શાળાનો પાઈલોટ પ્રોજેકટ કાર્યક્રમ દેશભરમાં ગુજરાત રાજય એ પહેલું રાજય છે. અત્યાર સુધીમાં ૯૪ હજાર કરતા વધારે વિદ્યા સહાયકોની ભરતી થઈ છે આ વર્ષે બાકીના ૧૧ હજાર વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવશે. સાથે સાથે ૩૩ હજાર પૈકી માત્ર ૧૩ હજાર શાળાઓને કમ્પાઉન્ડ વોલની સુવિધા બાકી છે. આગામી દિવસોમાં ૨૦૦૬-૦૭ અને ૨૦૦૮-૦૯ માં ૩૮૫૩ જેટલી શાળાઓમાં કમ્પાઉન્ડ વોલ પૂરી કરવામાં આવશે.

આગામી દિવસોમાં વીજળીકરણ અને પાણીની સુવિધા ૧૦૦ ટકા પૂરી થાય એટલા માટે ૪૩ કરોડની જોગવાઈ આ રાજય સરકારે કરી છે. પ્રાથમિક શિક્ષકોને આંતરીયાળ વિસ્તારમાં, પર્વતીય વિસ્તારમાં રહેવા માટે સૌ પહેલીવાર એમના રહેઠાણની સુવિધા કરવા માટે આ રાજય સરકારે ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૬૦ શિક્ષક કવાર્ટર સંકુલ માટે ૨૪૦ લાખની જોગવાઈ કરી છે. એ સિવાય પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિક વિકાસને પહોંચી વળવા માટે એમને ભૌતિક સુવિધાઓ આપવા માટે ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૨૪.૮૭ કરોડની વિવિધ યોજનાની આમાં જોગવાઈ સૂચવેલી છે. વિશેષ કરીને બાલ ગોકુલમ ઈન્સ્ટીટયૂટની સ્થાપના કરવા માટે આ રાજય સરકારે ૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.

આ તબકકે મારે જણાવવું જોઈએ કે વિરોધ પક્ષના પૂર્વ નેતા અર્જુનભાઈ મોઢવાડિયાએ 'બ્લોસમ' નામની સંસ્થા માટે જે આક્ષેપ કરેલા છે. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ ૩૦/૩/૨૦૦૭ અને ૧૧/૩/૨૦૦૮ના પત્ર દ્વારા એમણે સ્પષ્ટ કહ્યું છે કે આપના જિલ્લાની શાળામાં કોમ્પ્યુટર ખરીદ કરવા, વિના મૂલ્યે તાલીમ આપવા કે કોમ્પ્યુટરને લગતી કોઈપણ કાર્યવાહી કરી આપવા માટે કોઈ દરખાસ્ત કે કોઈ સ્વૈચ્છિક સંસ્થા કરે તો એને મંજૂરી મળી નથી અને એટલા માટે આવી કોઈ સ્વૈચ્છિક સંસ્થાને મંજૂરી આપવામાં આવતી નથી. ૩૧/૩/૨૦૦૭ના એમના પત્રમાં એમને આપના જિલ્લામાં બ્લોસમ કે અન્ય કોઈ કોમ્પ્યુટર સંસ્થા આ તાલીમ આપવા માટે કરતી હોય તો સ્વૈચ્છિક સંસ્થાઓને તાલીમ માટે મંજૂરી આપેલ હોય તો તાત્કાલિક અસરથી રદ કરવાનું આ રાજય સરકારે અહીંથી હુકમ કરેલો છે. કહેવાનો મતલબ એટલો છે કે માત્ર આક્ષેપ કરીને આ રાજય સરકાર કોઈને છાવરવા માગે છે એવું જયારે એમણે કહ્યું છે ત્યારે રાજય સરકારને એમના સ્વયં સ્પષ્ટ પરિપત્રો છે, એ જ બતાવે છે કે આ રાજય સરકાર પારદર્શક છે. માનનીય અધ્યક્ષશ્રી, હું જે મારી માગણીઓ લઈને આવ્યો છું. આ તમામ માગણીઓ આ સભાગૃહ સર્વાનુમતે મંજૂર કરે, એવી હું વિનંતી કરું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ ઉપર ૮ થી ૧૦ જેટલા ધારાસભ્યશ્રીઓએ પોતાનાં સૂચનો કર્યા છે અને સરકારની સારી કામગીરીને બિરદાવવાનું કામ પણ કર્યુ છે, પરંતુ આજે જયારે મહેસૂલ વિભાગ ઉપર હું પહેલીવાર બોલી રહી છું ત્યારે આ રાજય સરકારે એક મહત્વનો નિર્ણય કર્યો છે ત્યારે આ સન્માનનીય ગૃહને અને ગુજરાતના હજારો નાગરિકોને આર્થિક રીતે ફાયદો થાય એવો એક સુધારો અહીં હું આપશ્રી સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બિન ખેતી આકારણી દરમાં સુધારો કરવાની બાબત રાજય સરકાર પાસે પેન્ડિગ હતી અને એનો સુધારો કરવા માટેનો નિર્ણય આજે કર્યો છે અને એની હું જાહેરાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જમીન મહેસૂલ કાયદાની કલમ ૬૫ અને ૬૬ હેઠળ જમીનના બિન ખેતી ઉપયોગ પ્રસંગે જમીન મહેસૂલ નિયમોના નિયમ-૮૧ હેઠળ તા. ૨૬-૧૨-૨૦૦૩ ના જાહેરનામાથી નકકી થયેલ અને તા. ૩૧-૦૫-૨૦૦૬ ના પરિપત્ર ક્રમાંકઃ એસ.સી.એ./૯૧૬૪/૦૫/૧૩૫૨/૦૫/ક થી સુધારવામાં આવેલ અને તા. ૦૧-૦૮-૨૦૦૩ થી અમલમાં આવેલ બિન ખેતી આકારના દર નીચે મુજબ હતાઃ

**(રકમ પૈસામાં પ્રતિ ચો.મિ. પ્રતિ વર્ષ)**

| શહેર/નગર/ગામનો વર્ગ | રહેણાંક અને સખાવતી હેતુ | અન્ય હેતુ |
|---|---|---|
| એ | ૫૦ | ૧૦૦ |
| બી | ૨૫ | ૫૦ |
| સી | ૧૦ | ૧૫ |

બિન ખેતી આકારના દરમાં રાજય સરકારે ૧૪ વર્ષ પછી કરેલ ઉપર્યુકત વધારા સામે સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને વિવિધ એજન્સીઓ તરફથી દર ઘટાડવા અવારનવાર રજૂઆતો થતી હતી જેના અનુસંધાને

માનનીય મંત્રીશ્રી (પંચાયત)ના અધ્યક્ષસ્થાને તા. ૩૧-૦૫-૦૬ ના રોજ મળેલ બેઠકમાં માનનીય મંત્રીશ્રી (પંચાયત) માનનીય મંત્રીશ્રી (મહેસૂલ) અને માનનીય રાજય કક્ષાના મંત્રીશ્રી (ઉદ્યોગ)ની ઉપસ્થિતીમાં થયેલ વિસ્તુત ચર્ચા અને તે અન્વયે મંત્રીમંડળની બેઠકોમાં લેવાયેલ નિર્ણય મુજબ મહેસૂલ વિભાગ દ્વારા તા.૨૧-૦૬-૦૭ ના રોજ બિન ખેતી આકારના દરમાં ઘટાડો કરતા જાહેરનામાનો મુસદ ો (ડ્રાફ્ટ નોટિફિકેશન) પ્રસિધ્ધ કરી જાહેર જનતાનાં વાંધા/સૂચનો મંગાવવામાં આવેલ, જે અન્વયે મળેલ વાંધા/સૂચનો વિચારણામાં લીધા બાદ આ સન્માનનીય સભાગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે બિન ખેતી આકારના તા.૨૬-૧૨-૨૦૦૩ ના જાહેરનામાથી નિયમ કરેલ દરમાં ઘટાડો કરી નીચે દર્શાવ્યા મુજબના દરો નિયમ કરવા અંગેનું આખરી જાહેરનામું બહાર પાડવાનો અને આ સુધારેલ દરનો અમલ તા. ૧-૦૮-૨૦૦૭ થી કરવાનો સરકારે નિર્ણય લીધેલ છે.

**(રકમ પૈસામાં પ્રતિ ચો.મિ.પ્રતિવર્ષ)**

| શહેર/નગર/ગામનો વર્ગ | રહેણાંક, સખાવતી અને શૈક્ષણિક હેતુ માટે | ખનીજ, ઈંટ ઉત્પાદન અને અન્ય ઉદ્યોગ માટે | વાણિજય અને અન્ય હેતુ માટે |
|---|---|---|---|
| એ | ૨૫ | ૪૦ | ૬૦ |
| બી | ૧૫ | ૨૫ | ૩૦ |
| સી | ૧૦ | ૧૦ | ૧૫ |

માનનીય અધ્યક્ષશ્રી, આના કારણે રાજયના હજારો ભાઈ બહેનોને કરોડો રૂપિયાનો ફાયદો થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના કેટલાક કોંગ્રેસી ધારાસભ્યશ્રીઓએ કેટલાંક અવલોકનો કર્યા છે અને એમાં ખાસ કરીને માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ એક વાત કરી કે ગાંધીનગરમાં સુરક્ષા દળોને જમીન ૮ ગણી કિંમતે આપવામાં આવે છે. તો મારે આ સન્માનનીય ગૃહને કહેવું છે કે તા. ૨૯-૬-૧૯૮૮ ના દિવસે આ જી.આર.બનેલો છે એ જી.આર.કોંગ્રેસના શાસનમાં બનેલો છે અને એ જી.આર.માં કેન્દ્રની કચેરીઓ છે, કેન્દ્રના બોર્ડ હોય, કેન્દ્રનાં નિગમો હોય અને કેન્દ્રનાં સરકારી ખાતાં હોય તેમને કયા પ્રકારે જમીન આપવી એ અંગેનો નિર્ણય કરવામાં આવેલ છે અને એમાં લખ્યું છે કે " ભારત સરકારના કોઈપણ ખાતાને જમીન આપવી હોય તો વિકાસનો પ્રવર્તમાન દર છે એ દરના ૮ ગણી કિંમતે તેમને આપવામાં આવે" અને એ જ દરે આપણે આ જમીન એમને આપીએ છીએ અને એટલા માટે રાજય સરકાર ઉપર આક્ષેપ છે કે આવાં સુરક્ષા દળોને વિના મૂલ્યે અથવા તો જમીન આપતા નથી. તો આ તેમનો જ બનાવેલો નિયમ છે અને આટલા વખતથી એ પ્રમાણે કરવામાં આવે છેએ જ રીતે અહીં અતિવૃષ્ટિના કારણે કોઈ કામો આ રાજય સરકારે કર્યા નથી, અથવા તો કોઈ સહાય કરી નથી, તેવી વાત પણ અહીં આવી, એટલું જ નહીં રાઘવજીભાઈ તો ત્યાં સુધી કહે છે કે જિલ્લામાં કન્ટ્રોલ રૂમમાં કોઈ મળે જ નહીં આ પ્રકારની વાત કરીને ગયા છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે સૌથી પહેલું આખા દેશમાં જો આપત્તી વ્યવસ્થાપન તંત્ર તૈયાર કર્યુ હોય અને તેના માટેની જે કોઈ જોગવાઈઓ કરવાની હોય, એકટ બનાવવાના હોય તો આ પહેલું રાજય છે આખા દેશમા કે જેણે આ કામ કર્યુ છે. કન્ટ્રોલરૂમ દરેક જિલ્લાએ ૨૪ કલાક કાર્યરત રહે છે. સુરતના પુરમાં પણ ચેતવણી આપવામાં આવી હતી, એસ.એમ.એસ. દ્વારા પણ ચેતવણી આપવામાં આવી હતી અને લોકોને સૂચનાઓ પહોંચે તે માટેની પુરતી જોગવાઈઓ કરવામાં આવી હતી. સુરતના પુરની અંદર પણ ૧૪ લાખ જેટલા લોકોનું સ્થળાંતર થયું હતું અને ૯૭૪ કરોડની સહાય આ બધાને આપવામાં આવી છે. અને ૨૦૦૬ના પુરમાં પંચમહાલની અંદર ૪ કલાકામાં ૨૨ હજાર વ્યકિતઓને સમયસર ખસેડવામાં આવ્યા હતા. અને ફસાઈ ગયેલા ૧૮૦૦ વ્યકિતઓને પણ બચાવામાં આવ્યા હતા. અને આ પ્રયાસો થયા છે તે કેસ સ્ટડી તરીકે લખવામાં આવ્યું છે અને આઈ.એ. એસ.ની તાલીમ સંસ્થાઓએ પણ આને તાલીમ કાર્ય કરવા માટે એમણે આ કેસ સ્ટડી કરવા માટે આપ્યો છે. એ જ રીતે કૃષિ ક્ષેત્રે ૭૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. અને આ રીતે રાજય સરકારે અતિવૃષ્ટિની અંદર પણ સુંદર કામ કર્યુ છે. તે આના ઉપરથી આપણને સમજાય છે. એક માગણી એમની હતી પરંતુ આ રાજય સરકારે તો અહીં માગણી આવે તે પહેલા જ આ કામની શરૂઆત કરી દીધી છે. ઈ ધરા કેન્દ્ર રાજયના દરેક તાલુકા મથકો ઉપર પૂર્ણ કરી દેવામાં આવ્યા છે. અને અત્યાર સુધીમાં ઈ ધરા કેન્દ્ર ઉપરથી ૭/૧૨ અને ૮-અના ગામ નમુના નંબર ૬ ની જે નોંધો અપાય છે તે ૪.૩૭ કરોડ નકલો આપણે લોકોને આપી છે અને એમાંથી ૨૮ કરોડની આવક રાજય સરકારને થઈ છે. હવે જયારે તાલુકા કક્ષાએથી આપણે ગ્રામ કક્ષાએ લઈ જવા માગીએ છીએ તેની અંદર પણ આ રાજય સરકારે ૧૧-૩-૨૦૦૮થી ૨૩ જિલ્લાના ૧૦૬ તાલુકામાં ૭૭૩ ગામની અંદર હકક પત્રો આપવાની શરૂઆત કરી દીધી છે. એમાં ૧.૨૭ લાખ નકલો આપવામાં આવી છે. અને તેનાથી ૬.૩૯ લાખની આવક રાજય સરકારને થઈ છે. એ ઉપરાંત આપણે બધા જાણીએ છીએ કે કોઈ તાલુકામાં વધારે ગામો હોય છે અને કોઈ તાલુકામાં ઓછા ગામો હોય છે અને જયાં આ

૭/૧૨ અને ૮-અ ની નકલો આપવામાં આવે છે ત્યાં લાઈનો લાગેલી હોય છે એવું જયારે સરકારના ધ્યાન ઉપર આવ્યું ત્યારે આ સન્માનનીય સભાગૃહને મારે એટલું જ કહેવાનું છે કે આ વર્ષે આવા કેન્દ્રો ઉપર વધારાના કોમ્પ્યુટર અને હાર્ડવેર વગેરે આપવા માટે પાંચ કરોડની વિશેષ જોગવાઈ પણ આ વર્ષના બજેટમાં રાજય સરકારે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે કુંવરજીભાઈ બાવળીયાએ એમ કહ્યુ કે લોકોને લાગુ જમીન જે છે તે આપવામાં નથી આવતી, પરંતુ મહેસુલ વિભાગના ૨૫-૯-૯૭ના ઠરાવથી ખેતી માટે લાગુ જમીન આપવાની જોગવાઈ છે જ, આપણને આની ખબર નહીં હોવાને કારણે અને કોઈ પણ પ્રકારની જાણ ન હોય અને અહીં આવીને રજૂઆતો જયારે કરે છે ત્યારે અમારે આ જવાબ અહીં આપવો પડે છે. એ જ રીતે મોહનસિંહભાઈ રાઠવાએ એક વાત કરી કે સરકારે જે જમીનો આપી તેમાં ખાસ કરીને જે જમીનો નકામી હતી ખાડા ટેકરા વાળી હતી અને ખરાબા વાળી જમીનો હતી એ જમીનોમાં જો એને સરખી કરવી હોય તો આવી જમીનો સરખી કરવા માટે ઉચ્ચ ટેકનોલોજીનો ઉપયોગ કરવો પડે અને ખૂબ મોટું નાણાકીય રોકાણ કરવું પડે છે અને એટલા માટે આવી જમીનોને ભાડા પટ્ટે આપવાની નીતિ રાજય સરકારે બનાવી, પરંતુ અત્યાર સુધીમાં માત્ર બે જ સંસ્થાઓને આવી જમીનો આપવામાં આવી છે એક સંસ્થા છે એન.એ.એફ.ઈ.ડી. ને ૧૧૫ હેકટર જમીન આપી છે અને ભીમાસર પ્રોજેકટ માટે કચ્છની અંદર ૬૬૭ હેકટર જમીન રાજય સરકારે એમને આપી છે. રાજય સરકારે જે કોઈ કામ કર્યુ છે તેમાં ફીની વાત કરવામાં આવી કે ૭/૧૨ અને ૮-અ ના ઉતારાની ૧૫ રૂપિયાની ફી લેવામાં આવે છે. ધારાસભ્યશ્રીને એ પણ ખબર નથી કે ૧૫ રૂપિયા ફી નથી લેવામાં આવતી પરંતુ માત્ર ૫ રૂપિયા તેની ફી લેવામાં આવે છે. કુંવરજીભાઈ બાવળીયાએ જમીનની માપણીની વાત કરી, મારે અહીં કહેવું છે કે આઝાદી મળ્યા પછી, આજ સુધીમાં પૂર્વની સરકારોએ જમીનની માપણી કરવા માટે કોઈ પણ પ્રકારનો પ્રયાસ નથી કર્યો અને મને તો એવી માહિતી છે કે છેલ્લા સો વર્ષથી જમીનોની માપણી કરવા માટેનું કોઈને યાદ પણ નથી આવ્યું પણ આ રાજય સરકારે માનનીય નરેન્દ્રભાઈના માર્ગદર્શન હેઠળ આ વર્ષે જામનગર જિલ્લાની જમીનનો સરવે કરવા માટેની આપણે શરૂઆત કરી રહ્યા છીએ અને તેના માટે ૨૧ કરોડ રૂપિયાની જોગવાઈ પણ આ રાજય સરકારે કરી છે. જેના કારણે દરેકના એના જમીનના માપ વગેરે મળી જશે જેથી ભવિષ્યમાં કોઈપણ મુશ્કેલી ઊભી ન થાય એના માટેનો રાજય સરકારનો પ્રયાસ છે.

મહેસૂલ વિભાગની અંદર અનેક પ્રકારની કામગીરી થતી હોય છે. એમાં ખાસ કરીને સ્ટૅમ્પોનું વેચાણ થાય છે એની અંદર કૌભાંડ થવાની શક્યતાઓ રહેલી છે અને એ ઉપરાંત જનતાને પણ નજીકમાં સ્ટૅમ્પ ઝડપથી મળી રહે એના માટેની કામગીરીની શરૂઆત કરી છે. ઈ-સ્ટૅમ્પીંગની વાત કરું તો ઈ-સ્ટૅમ્પીંગથી સ્ટૅમ્પ ડ્યૂટી ભરપાઈ કરવાની સુવિધા અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, સુરત અને રાજકોટ ખાતે શરૂ થઈ ગઈ છે. આવતા વરસે જામનગર, ભાવનગર અને જુનાગઢમાં ઈ-સ્ટૅમ્પીંગનું આયોજન કરવાનું રાજય સરકારે વિચાર્યુ છે.

ફ્રેકીંગ મશીનથી સ્ટૅમ્પીંગ કરી શકાય અને જાહેર જનતા નજીકના સ્થળેથી સ્ટૅમ્પ ડ્યૂટી ભરી શકે એના માટે રાજય સરકારે નેશનાલાઈઝ બેંકો, શિડ્યુલ બેંકો, રિઝર્વ બેંક એને પણ આની અંદર સામેલ કરેલ છે અને અધિકૃત ખાનગી બેંકો હોય એ ઑડિટ વર્ગ ધરાવતી હોય તથા સરકારી બેંકો હોય તો એમને પણ ફ્રેંકીંગ મશીનથી સ્ટૅમ્પ ડ્યૂટી કરવા માટે રાજય સરકારે નીતિ વિષય નિર્ણય લઈ લીધો છે અને અત્યાર સુધીમાં લગભગ ૫૮ વિવિધ બેંકોને આ કામગીરી સોંપવામાં આવી છે. એજ રીતે પોસ્ટ ઑફિસ દ્વારા પણ આવા સ્ટૅમ્પોનું વેચાણ થઈ રહ્યું છે અને રાજયની અંદર ૨૭૫ જેટલી પોસ્ટ ઑફિસો દ્વારા નૉન પોસ્ટલ સ્ટૅમ્પોનું વેચાણ આ રાજય સરકારે શરૂ કર્યુ છે.

સબ રજિસ્ટ્રાર કચેરીઓનું કોમ્પ્યુટરાઈઝેશન પણ સરકારે કર્યુ છે અને ૧-૫-૨૦૦૫ના ગુજરાત સ્થાપના દિનથી સાત મહાનગરપાલિકાઓની અંદર ૨૫ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજોની નોંધણી આઉટ સોર્સીંગથી આ કોમ્પ્યુટરાઈઝેશન પદ્ધતિથી શરૂ કરવામાં આવ્યું છે. આ દસ્તાવેજોની અંદર જે તે પક્ષકારોની હાજરીમાં એની નોંધણી થાય છે જેથી એમાં પારદર્શકતા પણ રહે અને નોંધણી કર્યા પછી તરત એને દસ્તાવેજ મળી જાય છે અને કોઈપણ પ્રકારની ગરબડો આની અંદર થતી નથી. રાજયની બાકી ૧૨૪ સબ રજિસ્ટ્રાર કચેરીઓનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાનું બાકી છે એનું કામ પણ ૨૦૦૭થી શરૂ કરી દીધું છે. બીજી ૧૪૯ સબ રજિસ્ટ્રાર કચેરીઓના દસ્તાવેજોની પ્રક્રિયા પણ આવતા વરસે આપણે શરૂ કરવાના છીએ અને આવતા એક વર્ષની અંદર આ કામ આપણે પૂર્ણ કરી દઈશું.

સ્ટૅમ્પ ડ્યૂટીના દરનું સરળીકરણ આ રાજય સરકારે કર્યુ છે. જુદા જુદા જે લેખો થાય છે અને એના ઉપર સ્ટૅમ્પ ડ્યૂટી નાખવામાં આવે છે જેના કારણે રાજયનો વેપાર ઉદ્યોગ બહારની હરિફાઈમાં ટકી શકે, વિદેશમાંથી નવા ઉદ્યોગોને રાજયમાં આવવાનું પ્રોત્સાહન મળે અને સામાન્ય અને મધ્યમવર્ગના લોકો ઉપર સ્ટૅમ્પ ડ્યૂટીનું ભારણ ઘટે એના માટે આ રાજયની અંદર દરોનું સરળીકરણ કરવામાં આવ્યું છે. પહેલા ૨૭ પ્રકારના દરો હતા પરંતુ અનેક મુશ્કેલીઓ આની અંદર ઊભી થતી હતી. એટલા માટે રાજય સરકારે દરોમાં યોગ્ય ફેરફાર કર્યા અને વિચારણા કરીને માત્ર નવ દરો જ રાખ્યા જેના કારણે લોકોની અગવડતા ઓછી થઈ છે.

એ જ પ્રમાણે સમાન પ્રકારના લેખો હોય તો એના ઉપર પણ અલગ અલગ દરના લીધે કેટલીક વહીવટી ગૂંચવડો પેદા થતી હતી, ઑડિટ પેરા આવતા હતા, લિટિગેશન થતા હતા અને એટલા માટે એમનો પણ વિચાર કરીને એના નિયમો છે એ સુધારીને ૧-૪-૨૦૦૭થી સ્ટૅમ્પ ડ્યૂટીનો એકત્રિત દર કરી દેવામાં આવ્યો અને એમાં ૫.૯૫ ટકાથી ઘટાડીને ૪.૯૦નો દર કરી દેવામાં આવ્યો છે. જેના કારણે વહીવટી સુધારણા આપણે કરી શક્યા છીએ.

એ જ રીતે આ રાજય સરકારે કિઓસ્ક યોજના શરૂ કરી છે અને એમાં સબ રજિસ્ટ્રારની કચેરીની અંદર પક્ષકારોના દસ્તાવેજ સબંધિત નકલો, બાંધકામના એસ.ઓ.આર, મૂલ્યાંકનના રિપોર્ટ આ બધાની માહિતી સરળતાથી જિલ્લા કક્ષાએ મળી જાય છે.

એ જ રીતે જંત્રી જે ૧૯૯૯માં મંજૂર કરવામાં આવી હતી એ જંત્રી પણ રીવાઈઝ કરી છે અને સેપ્ટ સંસ્થાની મદદ લઈને મૂલ્યાંકન પદ્ધતિનો અભ્યાસ કરીને વૈજ્ઞાનિક ઢબે આ જંત્રી તૈયાર કરવામાં આવી છે. આ જંત્રી પણ પ્રસિદ્ધ કરવામાં આવી છે જેનો અમલ ૧-૪-૨૦૦૮થી આપણે કરવા જઈ રહ્યા છીએ.

થોડા સમય પહેલા આપણે આ જ વિધાનસભાની અંદર પાવર ઑફ એટર્નીનું બિલ રજૂ કરવામાં આવ્યું હતું. એ બિલ રજૂ કરવા પાછળનો એ જ પ્રયત્ન હતો કે એ યોગ્ય સ્ટૅમ્પ ડ્યૂટી ન ચૂકવવાની, જે લેખો છે એ બીજાના નામે ચડી જાય લોકો પોતાની જમીન વેચે ત્યારે પણ મુશ્કેલીઓ ઊભી થાય, ગરીબોની જમીન જતી રહે, પાવર ઑફ એટર્ની લખાવી લેવી એવા તો અનેક પ્રશ્નો ઊભા થતા હતા. એટલા માટે પાવર ઑફ એટર્નીનો એકટ આપણે લાવ્યા છીએ અને એનાથી પણ મિલકતો સબંધી ગુનાઓ થાય છે એનું પ્રમાણ ઘટશે, બેનામી પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણ પણ આવશે અને સરકારી રેકર્ડમાં સાચી નોંધણી થશે અને ટાઈટલ કલીયર મળશે અને કોર્ટ કેસોનું પ્રમાણ ઘટશે. માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે ઈ-ધરાની વાત આગળ કરી. શ્રેષ્ઠ સર્વિસ ડિલિવર કરવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. એટલા જ માટે વિશ્વપ્રસિદ્ધ માઈક્રોસોફટ-૨૦૦૬નો એવોર્ડ તથા શ્રેષ્ઠ ઈ-ગવર્નન્સ પ્રોજૅકટ અમલીકરણ માટે કૉમ્પ્યુટર સોસાયટી ઑફ ઈન્ડિયા ૨૦૦૬નો બીજાં ક્રમનો નામાંકિત એવોર્ડ ઈ-ધરા પ્રોજૅકટને મળ્યો છે. એ આપણાં સૌના માટે ગૌરવની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવી શરત-જૂની શરતની વાત હું અહીં કરવા નથી માગતી, કારણ કે બધા જ મિત્રો જાણે છે. એટલું જ નહીં, તેમાં પણ ઘણું બધું સરળીકરણ આ રાજય સરકારે કર્યું છે અને ભવિષ્યમાં પણ રાજય સરકાર અનેક નવા સુધારાઓ કરવા પણ ધારે છે. જમીન દફતર ખાતુ, તેની અંદર પણ ઘણા બધા સુધારાઓ આપણે કરવા માગીએ છીએ. અત્યાર સુધીમાં જે કામગીરી થઈ છે તેમાં એકત્રીકરણ યોજના અન્વયે ખેડૂત ખાતેદારના ખાતાના અનુસરણની કામગીરી ૬૫ લાખના ખર્ચે ત્રણ ગામની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જમીન દફતર ખાતામાં આધુનિક સરવે માપણીના સાધનો જેવા કે ગ્લોબલ પોઝીશનીંગ સિસ્ટમ ૩૭ ઇલૅક્ટ્રોનિક્સ total station મશીનની મદદથી ટ્રાઈબલ વિસ્તારના ૫૨ ગામોના રી-સરવેની કામગીરી કરવામાં આવી છે. ડિસ્ટ્રિક્ટ ઈન્સ્પૅક્ટર-જમીન રેકર્ડની કચેરીમાં જાળવવામાં આવતા વર્ષો જૂના જમીન રેકર્ડના કુલ ૪૦૦ ગામોનું ૧૦ લાખના ખર્ચે ટીપ્પણબુકના ૧૮,૫૧,૯૭૯ પાનિયા તથા ગુણાકાર બુક્ના ૭૦,૮૮૪ પાનિયા લેમિનેશન કરી પૂર્ણ કરવામાં આવ્યા છે તથા શહેરી વિસ્તારની સીટી સરવે કચેરીના ૪૦૬૨ સનદો લેમીનેશન કરવામાં આવ્યા છે અને આ બધા જ રેકર્ડ યોગ્ય રીતે જળવાઈ રહે તેના માટે આ પ્રવૃત્તિ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે રાજયની સીટી સરવે કચેરીઓના ૨૩ લાખ મિલકત કાર્ડ કે જે શહેરી રેકર્ડ ઑફ રાઈટનો એક ભાગ છે. તે પૈકી ૨૧ લાખના ખર્ચે ૯.૫૦ લાખ મિલકત કાર્ડની ડેટા એન્ટ્રીની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. રેવન્યુ સરવે નંબરોની મૂળ માપણી વખતે ગામ નમૂના નં.૧ તૈયાર થાય છે. જમીનના સરવે નંબર, ક્ષેત્રફળની વિગતો દર્શાવેલી હોય છે. જેની નકલ સામે મોકલવામાં આવે છે અને સ્થાનિક એ સંબંધિત નંબરમાં ફેરફાર થાય તે માપણી કરીને દુરસ્તી કરવામાં આવે છે. આ સોફટવેરની મદદથી અત્યાર સુધીમાં ૩૨૫૦ ગામની કૉમ્પ્યુટરાઈઝેશનની કામગીરી પણ આ રાજય સરકારે પૂરી કરી છે. રાજયમાં ૨૦ જિલ્લામાં City Civic Centre તૈયાર થયા છે અને તેમાં જીસ્વાન કનેકટીવીટી મળતા એ ચાલુ થઈ જશે અને મેં આગળ કહ્યું એમ તેની અંદરથી ગ્રામ કક્ષાથી ૭/૧૨ અને ૮/અ ના ઉતારાઓ આપણને મળશે. એ જ રીતે મહેસૂલ વહીવટ સંગીન બનાવવા અને જમીન દફતર અદ્યતન કરવા માટે ૨૦૦ લાખની જોગવાઈ પણ રાજય સરકારે કરી છે. એ જ રીતે આદિજાતિ વિસ્તારમાં પણ રિવિઝન સરવે કરવા બહુ જ જરૂરી છે અને એટલા માટે ત્યાં કામ કરવા માટે ૨૯૦ લાખની જોગવાઈ કરી છે અને એ જોગવાઈઓનો ઉપયોગ કરીને ૫૦ ગામનો સરવે કરી લેવામાં આવશે. મહેસૂલી કચેરીનું આધુનિકરણ કરવાની પણ એટલી જરૂરિયાત છે અને એટલા માટે ૨૦૦૭-૦૮માં અમદાવાદ, વલસાડ ખાતે જમીન દફતર ખાતાના સરવે ભવનોનું બાંધકામ શરૂ થયું અને ૨૦૦૮-૦૯માં

એ પૂરું થશે. જેના કારણે કોઈને પણ જિલ્લા કક્ષાએ આ કામ કરવા માટે આવવું નહીં પડે. મહેસૂલ ખાતામાં રોકાયેલા કર્મચારીઓને પણ તાલીમ આપવાની જોગવાઈ રાજય સરકારે કરી છે. આ વખતે એક Lamination & scanning of Legacy Record તેના માટે પણ ૩૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે અને ૪૦ લાખ પાનિયાનું લેમીનેશન અને સ્કેનીંગ પણ કરી લેવામાં આવશે. એ જ રીતે જમીન દફતર ખાતામાં માહિતી આધુનિકરણ માટે હાર્ડવેર વગેરે ખરીદવાનું પણ આયોજન છે અને તેના માટે ૧૫૯ લાખ રૂપિયાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. જે કામ રાજય સરકાર કરી રહી છે તેમાં એક બાકી રહ્યું છે કે મહેસૂલી કચેરીઓના બાંધકામ, આ સંદર્ભમાં ૨૦૦૭-૦૮માં ત્રણ પ્રાંત કચેરી અને ૨૭ મામલતદાર કચેરીનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે અને ૨૦૦૮-૦૯માં ૪ કલેકટર કચેરી અને ૧૧ મામલતદાર કચેરીના મકાનનું બાંધકામ પણ કરવામાં આવશે. જેમાં નવો જિલ્લો બન્યો છે તાપી જિલ્લો, તેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગ અને આપત્તિ વ્યવસ્થાપન દ્વારા  ઘણાં બધાં કામો થયા છે. પરંતુ સમયના અભાવે હું બીજી વાત નથી કરી શકતી. પરંતુ રાજય સરકારે અને મહેસૂલ વિભાગે જે કોઈ કામગીરી કરી છે તેને વિધાનસભા ગૃહના સન્માનનીય સભ્યો મંજૂર રાખે એવી વિનંતી કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૨, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨ અને ૩૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક- ૮, ૯, ૭૬, ૭૮ અને ૭૯ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૧૪મી માર્ચ,૨૦૦૮ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું .**

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **અંબાલાલ આ. રોહિત** | | |
| | ખંભાત બંદર બનાવવા અંગે | ૨૬૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૬૪ |
| | હસ્તકલા ઉત્પાદનો માટે વેચાણ વ્યવસ્થા | ૨૪૨ |
| **અનિલ જોષીયારા** | | |
| | ટ્રાયબલ વિસ્તારના તાલુકાઓમાં થયેલ નર્મદા યોજનાનું કામ | ૨૧૦ |
| | ભિલોડા અને ઈડર તાલુકાના રસ્તાઓના ડીપ તૂટી જવા અંગે | ૨૮ |
| | ભિલોડા ચેક પોસ્ટ ઉપર મંજૂર થયેલ મહેકમ સિવાયનો સ્ટાફ | ૨૪૯ |
| | ભિલોડા તાલુકામાં મહેસૂલી ગામોની જાહેરાત | ૪૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૬૬ |
| | રાજ્યની સ્ટાફ નર્સોને છૂટી કરવા અંગે | ૧૦૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં મહર્ષિ અષ્ટાવક્ર પ્રોગ્રામ હેઠળના લાભાર્થીઓ | ૩૨૯ |
| | હેન્ડપંપ રીપેરનું કામ ગ્રામ પંચાયતને સોંપવા અંગે | ૧૧૯ |
| **અનિલકુમાર ત્રિ. પટેલ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૪૬ |
| **અભેસિંહ મો. તડવી** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૮૬ |
| | સંખેડા તાલુકામાં પાણી પુરવઠા યોજનાઓ | ૧૦૫ |
| | સંખેડા તાલુકામાં નર્મદાની માઈનોર કેનાલોનું બાકી કામ | ૨૦૯ |
| **અમરસિંહ રા. વસાવા** | | |
| | આદિજાતિ વિસ્તારના જિલ્લાઓમાં રમતગમત ક્ષેત્રે યુવાનોને પ્રોત્સાહિત કરવા પાછળ થયેલ ખર્ચ | ૩૩૯ |
| | નર્મદા યોજનાના ડાબા કાંઠાની કેનાલનું કામ | ૨૩૦ |
| | ભરુચ અને નર્મદા જિલ્લામાં ચોમાસાના પાણીની નિકાલ વ્યવસ્થા | ૧૦૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૭૧ |
| **અમિત શાહ** | | |
| | અગાઉથી જાણ કર્યા સિવાય આક્ષેપ કરવા અંગે | ૭૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૬૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૬૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૮૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૬૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૬૦ |
| | રાજ્યમાં કાર્યરત સી.એન.જી. સ્ટેશનો | ૨૮૩ |
| | વિધેયક પાછું ખેંચવા અંગે | ૬૧ |
| | શહેરી વિકાસ મંત્રીશ્રીએ સભાગૃહની બહાર કરેલી જાહેરાત અંગે | ૨૮૪ |
| | સબ જયુડિસ મેટરનો ઉલ્લેખ કરવા અંગે | ૧૬૬ |
| **અમિતકુમાર અ. ચાવડા** | | |
| | આણંદ જિલ્લામાં મહી નદીના કિનારે રહેણાંક | ૧૧૧ |
| | આણંદ જિલ્લામાં વિધવા બહેનોના પેન્શન અંગે | ૨૫ |
| | નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી લેણી રકમ | ૨૪૦ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અમિતકુમાર અ. ચાવડા** | |
| પ્રચાર અને પ્રસારણ માટે વિભાગવાર થયેલ ખર્ચ | ૨૬૭ |
| રાજ્યમાં એઈડસના દર્દીઓ | ૯૯ |
| સદસ્ય નિવાસનો મરામત ખર્ચ | ૪૩ |
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૬૬ |
| ગુજરાત વિધાનસભાનાપૂર્વ મંત્રી સ્વ.ડાં. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ,પૂર્વ સભ્ય સ્વ.શ્રી નાનાલાલ ચોક્સી, સ્વ.શ્રીહિંમતસિંહજી વિજયરાજજી અને સ્વ.શ્રી માધુભાઈજે.ભોયેના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો | ૧૨૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૬૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૪૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૬૩ |
| રાજ્યમાં થયેલ સામૂહિક આપઘાતના બનાવો | ૨૩૧ |
| વિધેયકને પાછું ખેંચવાની અનુમતિ માગતા પ્રસ્તાવ અંગે | ૫૯ |
| શહેરી વિકાસ મંત્રીશ્રીએ સભાગૃહની બહાર કરેલી જાહેરાત અંગે | ૨૮૩ |
| **આત્મારામ મ. પરમાર** | |
| ગઢડા અને ઉમરાળા તાલુકામાં શિક્ષણ સુવિધા | ૨૯ |
| ભૂકંપ સંશોધન સંસ્થાના નવા પ્રોજેક્ટ અંગે | ૨૨૨ |
| સુરત જિલ્લામાં બક્ષીપંચના મંજૂર થયેલ છાત્રાલયોની સંખ્યા | ૩૩૩ |
| **આનંદીબેન મ. પટેલ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૭૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૫૧ |
| **ઇકબાલ પટેલ** | |
| ભરૂચ જિલ્લામાં જમીન બિનખેતી કરવા માટેની અરજીઓ | ૧૯ |
| **ઈકબાલ પટેલ** | |
| ભરૂચ જિલ્લાના દહેજ ઓદ્યોગિક એકમોમાં સ્થાનિક બેરોજગારોને નોકરી અંગે | ૩૨૬ |
| ભરૂચ જિલ્લાની કેનાલો તૂટી ગયા અંગેની ફરિયાદો | ૨૨૬ |
| ભરૂચ જિલ્લાની દહેજ પાણી પુરવઠા યોજનામાં વિલંબ | ૧૧૩ |
| ભરૂચ જિલ્લામાં ગામતળની જમીનોની માગણી | ૪૩ |
| ભરૂચ જિલ્લામાં મેડીકલ ઓફીસર અને ડૉક્ટરોની ખાલી જગ્યાઓ | ૧૨૨ |
| ભરૂચ સિવિલ હોસ્પીટલમાં મંજૂર થયેલ મહેકમ | ૧૦૦ |
| રાજ્યમાં ઓદ્યોગિક મૂડી રોકાણ | ૨૫૩ |
| **ઈશ્વરસિંહ ઠા. પટેલ** | |
| પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં અપાતું પ્રશિક્ષણ | ૨૬૫ |
| સ્પીપા ખાતે તાલીમ લઈ સનદી સેવા માટે ઉત્તિર્ણ થયેલ ઉમેદવારો | ૨૩૫ |
| **ઉદેસિંહ પું. ઝાલા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૭૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૬૭ |
| રાજ્યમાં પાઇપલાઇન દ્વારા થતું ગેસનું વિતરણ | ૨૪૬ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ઉદેસિંહ પું. ઝાલા** | |
| લશ્કરી ભરતી મેળા અન્વયે આપેલ રોજગારી | ૩૩૫ |
| **ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** | |
| ગુજરાત રીફાઈનરી પ્લાન્ટનું મટીરીયલ્સ ગામડાઓમાં ઠાલવવા અંગે | ૨૪૬ |
| બાજવા ગામમાં પી.એચ.સી.ને બદલવા વિચારણા | ૧૦૩ |
| માણસોની ગેરકાયદેસર હેરફેર કરતા વાહનોને નિયમિત કરવા અંગે | ૨૬૯ |
| વડોદરા તાલુકામાં પીવાના પાણીની સમસ્યા | ૧૧૪ |
| **ઋષિકેશ ગ. પટેલ** | |
| ક્રિશ્ના/ગોદાવરી ખાતે ઓઇલ/ગેસનું ઉત્પાદન | ૨૩૩ |
| નેનો ટેક્નોલોજીના વિષયને પ્રોત્સાહન | ૨૬૪ |
| મહેસાણા જિલ્લામાં કોમ્પ્યુટરાઈઝ્ડ જમીન દસ્તાવેજોના વેચાણની આવક | ૧૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૬૯ |
| રોજગાર ક્ચેરી ધ્વારા કરેલ ભલામણના ઈન્ટરવ્યૂની સવલત અંગે | ૩૪૨ |
| રોજગાર કચેરીઓને પ્રમાણપત્રથી પ્રમાણિત કરવા અંગે | ૩૨૪ |
| સ્પેશીયલ ઈકોનોમીક ઝોનના કાયદા હેઠળ મળેલ મંજૂરી | ૨૭૮ |
| **કનુભાઈ મે. ભાલાળા** | |
| પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં અપાતું પ્રશિક્ષણ | ૨૧૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૬૨ |
| **કનુભાઈ વા. કળસરીયા** | |
| દારૂ ગાળવા, વેચવા તથા વહન કરવા સંબંધે દરોડા | ૨૭૭ |
| ભાવનગર જિલ્લામાં પોલીસ ખાતાનું મહેકમ | ૨૫૯ |
| ભાવનગર જિલ્લામાં મકાન બાંધકામ સહાયના લાભાર્થીઓ | ૩૨૭ |
| લીઝની પરવાનગીથી થયેલ આવક | ૨૩૧ |
| **કાંતિલાલ રા.લકુમ** | |
| અમદાવાદ જિલ્લા રજીસ્ટ્રારની ક્ચેરી ખસેડવા અંગે | ૫૦ |
| અમદાવાદ જિલ્લામાં ચેકડેમ બનાવવાની માંગણી | ૧૦૯ |
| અમદાવાદ જિલ્લામાં નર્મદાના પીવાના પાણીની યોજના | ૧૨૦ |
| બાવળા મામલતદાર ક્ચેરીના રેકર્ડ અંગે | ૩૭ |
| વિદેશ અભ્યાસ માટેની મળેલ અરજીઓ | ૩૩૬ |
| **કાંતિલાલ શી. અમૃતિયા** | |
| મોરબી બાયપાસ પર ટોલટેક્સ | ૨૨ |
| માળીયા તાલુકાને સિચાઈ સુવિદ્યા ઉપલબ્ધ કરવા અંગે | ૮૭ |
| **કાનજીભાઈ રા. તળપદા** | |
| અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ઓરડાઓ અંગે | ૨૨ |
| **કાન્તિલાલ રા. લકુમ** | |
| અમદાવાદ જિલ્લામાં બ્લોક વિભાજનની માગણી | ૧૨ |
| વીજ કંપનીને પ્રવહન ક્ષેત્રે મળેલ એવોર્ડ | ૨૧૩ |
| **કાળુભાઈ વીરાણી** | |
| સાવરકુંડલા શહેરમાં ગટર વ્યવસ્થાની સગવડ | ૧૧૦ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કાળુભાઈ વીરાણી** | |
| સાવરકુંડલા શહેરમાં મહી પરીએજ યોજના હેઠળ પીવાના પાણી માટેની કાર્યવાહી | ૧૨૧ |
| સાવરકુંડલા, અમરેલી સ્ટેટ હાઇવે ઉપર બ્રીજ બાંધવા અંગે | ૩૮ |
| સાવરકુંડલા-રાજુલા રાજ્યધોરી માર્ગને પહોળો કરવા અંગે | ૫૦ |
| સાવરકુંડલામાં પાસા અને તડીપારના થયેલ કેસો | ૨૩૩ |
| **કાળુભાઈવીરાણી** | |
| સાવરકુંડલા શહેરમાં બી.પી.એલ.કુટુંબોને મકાનો બાબત | ૯૬ |
| સાવરકુંડલા, ચલાળા, બગસરા રોડ પર માઈનોર બ્રીજ બનાવવા અંગે | ૧૨ |
| **કિરણકુમાર એલ. મકવાણા** | |
| ઈજનેરી કોલેજોની બેઠકોમાં વધારો | ૧૫ |
| ચેકડેમો બાંધવાનું આયોજન | ૧૨૫ |
| નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસે લેણી રકમ | ૨૧૯ |
| ભરૂચ જિલ્લાના ગામોને જ્યોતિગ્રામ યોજનાનો લાભ | ૨૫૧ |
| રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં છેડછાડના બનાવો | ૪૦ |
| રાજ્યમાં ચેકડેમોનું આયોજન | ૧૦૯ |
| રાજ્યમાં બિન પરંપરાગત સ્ત્રોતથી થયેલ વીજ ઉત્પાદન | ૨૭૩ |
| સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના પ્રતિસાદ માટે પ્રક્રિયામાં ફેરફાર | ૧૨૧ |
| સિમેન્ટ કંપનીઓ પાસેથી વેચાણવેરાની બાકી વસુલાત | ૩૩૦ |
| **કિરીટભાઈ ગં. પટેલ** | |
| આઈ. ટી. આઈ.ને અપગ્રેડ કરવા અંગે | ૩૧૩ |
| આધુનિક ટેક્નોલોજીથી સાંકળવામાં આવેલ વીજ કંપનીઓ | ૨૪૩ |
| **કિશોર વાંકાવાલા** | |
| નવસારી જિલ્લામાં સ્વરોજગાર શિબિરો | ૩૩૧ |
| રાજ્યમાં ભૂકંપ સંશોધનને લગતા કેન્દ્રો | ૨૩૩ |
| રાજ્યમાં મોટા શહેરોમાં આઈ.ટી.પાર્કની સ્થાપના | ૨૬૩ |
| **કુંવરજીભાઈ ન. હળપતિ** | |
| કિમ થી માંડવી રસ્તાને પહોળો કરવાની કામગીરી અંગે | ૨૭ |
| માંડવી તાલુકામાં કોઝ-વેનું બાંધકામ અંગે | ૪૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૭૨ |
| વ્યારા ખાતે વેચાણવેરાની કચેરી શરૂ કરવા અંગે | ૩૩૧ |
| સુરત અને તાપી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની ટાંકીઓ | ૧૧૩ |
| સુરત અને તાપી જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની સુવિધા | ૧૨૩ |
| સુરત અને તાપી જિલ્લામાં પાણીના સંગ્રહ માટે તળાવો | ૧૦૧ |
| **કુંવરજીભાઈ મો. બાવળિયા** | |
| જસદણ તાલુકાની નાની સિંચાઈ યોજના મંજૂર કરવા અંગે | ૧૦૨ |
| જસદણ તાલુકામાં ગામતળ નીમ કરવા અંગે | ૪૦ |
| જસદણ તાલુકામાં ઘેલા સોમનાથ યાત્રા ધામના વિકાસ અર્થે કરેલ ખર્ચ | ૧૧૪ |
| જસદણ તાલુકામાં પી.પી. યુનિટમાં સ્ટાફની ખાલી જગ્યાઓ | ૧૨૪ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કુંવરજીભાઈ મો. બાવળિયા** | |
| દેવુ વધી જવાના કારણે ખેડૂતોના આપઘાત | ૨૪૧ |
| પાટણ પી. ટી.સી. કોલેજના સેક્સ કૌભાંડ અંગે | ૨૮૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૫૩ |
| મુખ્યમંત્રી સહિત મંત્રીઓએ કરેલ સરકારી હેલીકોપ્ટર મારફત મુસાફરી | ૨૬૮ |
| રાજકોટ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળના લાભાર્થીઓ | ૩૩૫ |
| રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેડ કરવા અંગ | ૨૩ |
| **ખુમાનસિંહ ૨ા. ચૌહાણ** | |
| અમદાવાદ અને ગાંધીનગર સિવાયના શહેરોમાં આઈ.ટી. પાર્ક સ્થાપના અંગે | ૨૪૧ |
| ગુજરાત વિધાનસભાનાપૂર્વ મંત્રી સ્વ.ર્ડા. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ,પૂર્વ સભ્ય સ્વ.શ્રી નાનાલાલ ચોક્સી, સ્વ.શ્રીહિંમતસિંહજી વિજયરાજજી અને સ્વ.શ્રી માધુભાઈજે.ભોયેના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો | ૧૨૯ |
| પ્રાથમિક શાળાઓમાં વીજ વપરાશ ખર્ચ | ૩૦ |
| રાજ્યને સન ૨૦૦૬-૦૭માં સ્ટેમ્પ ડ્યૂટી પેટે થયેલ આવક | ૪૭ |
| વડોદરા જિલ્લામાં બાળ મજૂરોને મુક્ત કરવા અંગે | ૩૪૧ |
| વડોદરા જિલ્લામાં મહી નદીમાંથી ઉદવહન સિંચાઈ યોજના | ૧૦૪ |
| વડોદરા જિલ્લામાં વિકલાંગ ઈસમોને સહાયની ચૂકવણી | ૩૧૯ |
| શ્રીમદ રાજચંદ્ર આશ્રમ સંચાલિત હોસ્પિટલમાં આંખના ઓપરેશન બાદ દૃષ્ટિ ગુમાવવા બાબત | ૧૩૨ |
| સાવલી તાલુકાની જાવલા બ્રાંચ કેનાલમાં ગેરરીતિ અંગે મળેલ ફરિયાદો | ૨૬૭ |
| સાવલી તાલુકાની નહેરોના કામમાં ફાઈલ થયેલ મંડળીઓ | ૨૮૨ |
| સાવલી તાલુકામાં ચેકડેમ પૂરો કરવાની કાર્યવાહી | ૧૧૫ |
| **ગણપતભાઈ વે. વસાવા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૬૨ |
| **ગીતાબેન યો. પટેલ** | |
| ઇ-ગવર્નન્સ ક્ષેત્રે મેળવેલ સિધ્ધિઓ | ૨૭૦ |
| રાજયમાં મોટા શહેરોમાં આઈ.ટી. પાર્કની સ્થાપના | ૨૦૬ |
| સાયન્સ સીટીમાં થયેલ રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો | ૨૪૮ |
| **ગોવિંદભાઈ ઉ. પટેલ** | |
| આઈ.ટી. ક્ષેત્રે માનવબળ તેયાર કરવા અંગે | ૨૫૨ |
| મીઠાની નિકાસ માટે બંદરીય સવલતો | ૨૭૪ |
| રાજકોટ જિલ્લામાં બેરોજગારોને આપેલ રોજગારીની સંખ્યા | ૩૪૬ |
| વીજ વિતરણ ક્ષેત્રે કેન્દ્ર સરકાર તરફથી મળેલ એવોર્ડ | ૨૨૪ |
| શ્રમ યોગીઓને પુરસ્કાર આપવા અંગે | ૩૩૯ |
| **ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** | |
| પાલનપુર શહેર પોલીસ સ્ટેશન નવું બનાવવા અંગે | ૨૩૮ |
| પાલનપુર શહેરમાં કસ્બા તલાટી કચેરી ખસેડવા અંગે | ૧૯ |
| બનાસકાંઠા જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુનાઓ | ૨૬૬ |
| **ગૌતમભાઈ જે. ઝાલા** | |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **ગૌતમભાઈ જે. ઝાલા** | | |
| | ઈજનેરી કોલેજોની બેઠકોમાં વધારા અંગે | ૩૦ |
| | ચેકડેમો બાંધવાનું આયોજન | ૧૨૪ |
| | જળસંચય યોજનાના પ્રતિસાદ માટે પ્રક્રિયામાં ફેરફાર | ૧૧૯ |
| | નર્મદા કેનાલમાંથી ખેતી માટે પાણીની વ્યવસ્થા | ૨૦૨ |
| | નર્મદા યોજનાની કામગીરી | ૨૪૭ |
| | રાજ્ય મહિલા આયોગની રચના અંગે | ૪૭ |
| | રાજ્યમાં ચેકડેમોનું આયોજન | ૧૦૭ |
| | સિમેન્ટ કંપનીઓ પાસેથી વેચાણવેરાની બાકી વસુલાત | ૩૨૮ |
| **ચંદુભાઈ ડાભી** | | |
| | કરજણ અને શિનોર તાલુકામાં તત્કાલ વીજ જોડાણોની અરજીઓ | ૨૫૬ |
| | જવાહરલાલ નહેરૂ અર્બન રિન્યુઅલ મીશન હેઠળ મંજૂરી બાબત | ૯૨ |
| | નારી અદાલતોમાં મળેલ કેસો | ૪૬ |
| | વડોદરા જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટેની માંગણીઓ | ૨૭૪ |
| | વડોદરા જિલ્લામાં ખેતીની જમીન બિન ખેતીમાં ફેરવવાની મળેલ અરજીઓ | ૫૨ |
| | વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ | ૨૮ |
| | વડોદરા જિલ્લામાં યાત્રાધામ સ્થળોની પસંદગી | ૧૧૦ |
| **ચંદુભાઈ બ. વઘાસીયા** | | |
| | ગોંડલ તાલુકાના આંબરડી તેમજ કાલાવડ તાલુકાના કાલમેઘડા ગામે કોઝ-વે બાંધવા અંગે | ૫૪ |
| | ગોંડલ નગરપાલિકાને વિકાસના કામો માટે રાજ્ય અને કેન્દ્ર સરકારની ગ્રાન્ટ | ૧૦૬ |
| | મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાથી હ્રદયરોગ, કેન્સર જેવા ગંભીર રોગોમાં આર્થિક સહાય આપવા બાબત | ૩૨ |
| **છનાભાઈ કા. ચૌધરી** | | |
| | ગુજરાત વિધાનસભાનાપૂર્વ મંત્રી સ્વ.ર્ડા. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ,પૂર્વ સભ્ય સ્વ.શ્રી નાનાલાલ ચોક્સી, સ્વ.શ્રીહિંમતસિંહજી વિજયરાજજી અને સ્વ.શ્રી માધુભાઈજે.ભોયેના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો | ૧૩૧ |
| | ધરમપુર અને વાંસદા તાલુકામાં પૂર્ણ કરેલ પીવાના પાણીની યોજનાઓ | ૧૦૦ |
| | પારડી પોલીસ સ્ટેશન હેઠળના ચોરીના નોંધાયેલ ગુના સંબંધે તપાસ | ૨૦૭ |
| | વાપી ખાતેના કામદાર રાજ્ય વીમા યોજના હોસ્પિટલમાં સંવર્ગવાર ખાલી જગ્યા | ૧૧૨ |
| **જગદીશ ઠાકોર** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૭૩ |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૭૨ |
| | ખેડૂત અકસ્માત યોજનાના લાભાર્થીઓ | ૭ |
| | ગાંધીનગર જિલ્લામાં પીવાના પાણીના બોર | ૮૯ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક | ૬૨ |
| | નર્મદા યોજનાની મુખ્ય કેનાલનું કામ | ૨૫૨ |
| | નવા છાત્રાલયોની ફાળવણીની સંખ્યા | ૩૩૬ |

| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **જગદીશ ઠાકોર** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૩૦૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૮૮ |
| | રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવાના થયેલ એમ.ઓ.યુ. | ૨૭૩ |
| | રાજ્યમાં નોંધાયેલ સામૂહિક અને વ્યક્તિગત આત્મહત્યાના બનાવો | ૨૨૩ |
| **જયંતીલાલ પ. ભાનુશાલી** | | |
| | કચ્છ જિલ્લામાં સી.એચ.સી. અને પી.એચ.સી. મૅડિકલ ઑફિસરની ખાલી જગ્યાઓ | ૮૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૮૫ |
| | રાજ્યમાં નેનો ટેક્નોલોજીને પ્રોત્સાહન | ૨૭૩ |
| | લખપત તાલુકામાં સી.એચ.સી. શરૂ કરવા અંગ | ૧૦૯ |
| **જયનારાયણ વ્યાસ** | | |
| | શ્રીમદ રાજચંદ્ર આશ્રમ સંચાલિત હોસ્પિટલમાં આંખના ઓપરેશન બાદ દૃષ્ટિ ગુમાવવા બાબત | ૧૩૨ |
| **જશોદાબેન ચ. પરમાર** | | |
| | જિલ્લા તિજોરી કચેરીઓનું કોમ્પ્યુટરાઈઝેશન અન્વયે થયેલ ફાયદા | ૩૧૫ |
| | જી.એસ.પી.સી. દ્વારા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં ઉત્ખનન પ્રક્રિયા | ૨૨૭ |
| **જસુબેન સ. કોરાટ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૫૬ |
| | રમતગમત ક્ષેત્રે થયેલ કાર્યક્રમો | ૩૪૦ |
| | રાજકોટ જિલ્લામાં ચોરીના બનાવો | ૨૧૯ |
| **જીતુભાઈ હ. ચૌધરી** | | |
| | દીપડાએ મચાવેલો આતંક અંગે | ૫૪ |
| | વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં કોર્ટનું બાંધકામ | ૨૬૫ |
| | વલસાડ જિલ્લાના ટ્રાયબલ વિસ્તારના ખેડૂતોને ખેતલક્ષી વીજ જોડાણ | ૨૮૦ |
| | વાપી ઉદ્યોગ નગરની ભૂગર્ભ ગટરની વ્યવસ્થા | ૨૩૬ |
| **જીતેન્દ્ર સુખડીયા** | | |
| | ગુજરાત વિધાનસભાનાપૂર્વ મંત્રી સ્વ.ડૉ. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ,પૂર્વ સભ્ય સ્વ.શ્રી નાનાલાલ ચોક્સી, સ્વ.શ્રીહિંમતસિંહજી વિજયરાજજી અને સ્વ.શ્રી માધુભાઈજે.ભોયેના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો | ૧૩૦ |
| | વડોદરા મહાનગરપાલિકામાં કલીન્સીંગ પ્રોજૅક્ટ | ૯૪ |
| **જીતેન્દ્રભાઈસુખડીયા** | | |
| | રીક્ષા અને અન્ય વાહનોમાં સી.એન.જી.નો ઉપયોગ | ૨૪૫ |
| **જેઠાભાઈ ઘે. ભરવાડ** | | |
| | પંચમહાલ જિલ્લાની ઓદ્યોગિક તાલીમ સંસ્થામાં અલગ અલગ ટ્રેડના અભ્યાસક્રમો | ૩૩૨ |
| | પંચમહાલ જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુનાઓ | ૨૨૯ |
| | પંચમહાલ જિલ્લામાં રેતીની લીઝ અંગે | ૨૭૫ |
| | પંચમહાલ જિલ્લામાં સ્ટેમ્પ વેંડરોની સંખ્યા | ૫૩ |
| | પાનમ અને કડાણા ડેમની મરામત પાછળ ખર્ચ બાબત | ૧૧૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **જેઠાભાઈ ઘે. ભરવાડ** | | |
| | પાનમ સિંચાઈ યોજનાનું પાણી ખેડૂતોને આપવા અંગે | ૯૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૭૮ |
| | રાજ્યમાં ગોપાલકોના વાડા નિયમિત કરવા અંગે | ૪૬ |
| | લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો ધ્વારા પંચમહાલ જિલ્લાના નોંધાયેલ ગુના | ૨૫૬ |
| | શહેરા અને લુણાવાડા તાલુકામાં વારસાઈની એન્ટ્રીઓ | ૨૯ |
| | શહેરા અને લુણાવાડા તાલુકામાં સ્વજલધારા યોજના હેઠળ અરજીઓ | ૧૨૧ |
| **જોધાજી ગુ. ઠાકોર** | | |
| | પાટણ - શિહોરી માર્ગના કામ અંગે | ૩૧ |
| | પાટણ - સિધ્ધપુર માર્ગની મરામત | ૫૩ |
| | પાટણ જિલ્લામાં જમીન બિનખેતી કરવાની અરજીઓ | ૪૮ |
| **તુષારસિંહ ક. મહારાઉલ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૮૩ |
| **દિનેશભાઈ બી. પટેલ** | | |
| | તિથોર-બદલપુર વિયર યોજના | ૯૭ |
| | પાદરા તાલુકાના મહુવડ ગામે નવું સબસ્ટેશન સ્થાપવા અંગે | ૨૩૧ |
| | પાદરા તાલુકામાં સંપ બનાવવા માટે જમીનની ફાળવણી | ૨૩ |
| | પાદરાથી તાજપુરા પંચાયત માર્ગ પહોળો કરવા તેમજ નાળુ બનાવવા અંગે | ૫૦ |
| | રણું તુલજામાતાના મંદિરથી લતીપુરા સુધીનો રસ્તો વધારવા અંગે | ૩૮ |
| **દિલીપ સંઘાણી** | | |
| | ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ માટેવિધાનસભામાંથી અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી પંદર સભ્યોની ચૂંટણી કરવા અંગે | ૧૩૮ |
| **દિલીપસિંહજી વ. પરમાર** | | |
| | આઈ.ટી.આઈ.ની બેઠકો | ૩૧૬ |
| | કાર્યરત આઈ.ટી.આઈ.ની સંખ્યા | ૩૪૦ |
| | માહિતી ખાતાના ગ્રામ પ્રસારણ વિભાગ અંગે | ૨૬૦ |
| | રાજ્યમાં કાર્યરત સી. એન. જી. સ્ટેશનો | ૨૩૨ |
| **દીતાભાઈ ભી. મછાર** | | |
| | ઝાલોદ-ગરાડુ ફતેપુરા રોડના ડામર કામ અંગે | ૩૦ |
| **દુષ્યંતભાઈ ૨. પટેલ** | | |
| | નાટ્ય કલાકારોને ચૂકવેલ સહાય | ૩૩૮ |
| **દેવજીભાઈ ગો. ફતેપરા** | | |
| | રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં રમતગમતના મેદાનોના નિભાવ અંગે થયેલ ખર્ચ | ૩૨૫ |
| | સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં બક્ષીપંચના છાત્રાલયોની સંખ્યા | ૩૪૧ |
| | હળવદ અને મુળી તાલુકાનું પોલીસ મહેકમ અને ઘટ | ૨૩૦ |
| **દેવુસિંહ જે. ચૌહાણ** | | |
| | પાલક માતા-પિતા યોજના હેઠળ જિલ્લાવાર લાભાર્થીઓ | ૩૩૧ |
| **દોલતરાય ના. દેસાઈ** | | |
| | દૂરદર્શન ઉપર પ્રસારિત થતી શ્રેણીઓ અંગે | ૨૨૩ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **દોલતરાય ના. દેસાઈ** | | |
| | રાજકોટ જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૩૨૩ |
| | વલસાડ નજીક પૂર્ણ કક્ષાનું મત્સ્યોદ્યોગ બંદર વિક્સાવવા અંગે | ૨૨ |
| **ધનજીભાઈ ગો. સેંધાણી** | | |
| | કચ્છ જિલ્લાના પીવાના પાણીનો ગેરકાયદેસર સિંચાઈ માટે ઉપયોગ | ૨૪૩ |
| **ધીરૂભાઈ ચુ. ભીલ** | | |
| | નસવાડી તાલુકામાં કોલેજનું મકાન બનાવવા અંગે | ૪૪ |
| | નસવાડી તાલુકામાં મંજૂર કરેલ પુલના ખર્ચ અંગે | ૨૬ |
| | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ વડોદરા જિલ્લામાં મંજૂર કરેલ રસ્તાઓ | ૫૧ |
| | વડોદરા જિલ્લામાં પીવાના પાણીની સુવિધા | ૧૦૨ |
| **નટવરસિંહ ફુ. ઠાકોર** | | |
| | ખેડા જિલ્લામાં કેનાલોનું મરામત કામ | ૧૦૩ |
| | ખેડા જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે મળેલ અરજીઓ | ૨૪૯ |
| | ખેડા જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુનાઓ | ૨૭૩ |
| | ખેડા જિલ્લામાં રસ્તાઓની મરામત પાછળ કરેલ ખર્ચ | ૨૦ |
| | ખેડા જિલ્લામાં બેરોજગારોની નોંધણી અને રોજગારી અંગે | ૩૨૦ |
| | ડાકોર યાત્રાધામના અધૂરા કામો | ૧૧૪ |
| | સરકારી કાર્યક્રમો અંગે એસ. ટી બસનો ઉપયોગ | ૨૧૫ |
| **નરેન્દ્રભાઈ મોદી** | | |
| | ગુજરાત વિધાનસભાનાપૂર્વ મંત્રી સ્વ.ર્ડા. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ,પૂર્વ સભ્ય સ્વ.શ્રી નાનાલાલ ચોક્સી, સ્વ.શ્રીહિંમતસિંહજી વિજયરાજજી અને સ્વ.શ્રી માધુભાઈજે.ભોયેના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો | ૧૨૫ |
| **નરેશભાઈ મ. પટેલ** | | |
| | આંતર રસ્તા જોડાણ કાર્યક્રમ નીચે વધુ ગામોને રસ્તાનું સીધું જોડાણ | ૨૮ |
| | ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર અંતર્ગત થયેલ કાર્યવાહી | ૨૧૮ |
| | ઔદ્યોગિક ભરતી મેળા અને રોજગારી અંગે | ૩૨૩ |
| | વલસાડ નજીક પૂર્ણ કક્ષાનું મત્સ્યોદ્યોગ બંદર વિક્સાવવા અંગે | ૪૬ |
| | વીજ કંપનીને પ્રવહન ક્ષેત્રે મળેલ એવોર્ડ | ૨૫૧ |
| **નરોત્તમભાઈ ત્રિ. પટેલ** | | |
| | ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ માટેવિધાનસભામાંથી અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી પંદર સભ્યોની ચૂંટણી કરવા અંગે | ૧૩૮ |
| **નાનુભાઈ ભ. વાનાણી** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૩૦૨ |
| | રાજ્યમાં ગેસ પરિવહન માટેનું નેટવર્ક | ૨૨૪ |
| **નિરંજન પટેલ** | | |
| | આણંદ જિલ્લામાં કાંસની સફાઈ પાછળ ખર્ચ | ૧૧૦ |
| | આણંદ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય અંગે | ૪૮ |
| | આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ | ૩૨ |
| | આણંદ જિલ્લામાં સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મરામત | ૯૫ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **નિરંજન પટેલ** | | |
| | કુટિર જ્યોતિ યોજના હેઠળ પેટલાદ, ખંભાત તથા સોજીત્રા તાલુકાના ઈસમોને મળેલ લાભ | ૨૨૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૩૦૦ |
| **નીતિનભાઈ ૨. પટેલ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૬૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૯૫ |
| **નીમાબેન બી. આચાર્ય** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૫૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૯૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૭૫ |
| **પંકજકુમાર વી. દેસાઈ** | | |
| | જૂનાગઢ ગિરનાર પર્વત પરના સ્મારકોની જાળવણી અને ખર્ચ | ૩૧૬ |
| | નડિયાદ શહેરમાંથી વરસાદી પાણીનો નિકાલ | ૯૮ |
| | વિકાસ પથ યોજના હેઠળ નડિયાદ શહેરમાંથી પસાર થતા રસ્તાઓના નવીનીકરણ અંગે | ૨૪ |
| **પબુભા વિ. માણેક** | | |
| | બેટ ધ્વારકા જતા યાત્રાળુઓ માટે સુવિધા | ૨૨૭ |
| **પુનાભાઈ ઢે. ગામીત** | | |
| | રાજ્યના મંદિરો અને મહંતો પર થયેલ હુમલા | ૨૧૮ |
| | વ્યારા તાલુકામાં કાચા-પાકા રસ્તાઓથી જોડાયેલા ગામ | ૨૫ |
| **પોપટભાઈ સ. જીંજરીયા** | | |
| | ચોટીલા અને સાયલા તાલુકામાં તળાવોની ઊંડાઈ | ૨૦ |
| | રાજ્યમાં આવેલ જેલો | ૨૩૬ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં સહકારી મંડળીઓ | ૩૫ |
| **પ્રદિપસિંહ ભ. જાડેજા** | | |
| | ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ અને ટેક્નોલોજીનો શૈક્ષણિક કાર્યક્રમ | ૨૭૭ |
| | પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં રાજ્યના વિદ્યાર્થીઓના પ્રવેશ અંગે | ૨૩૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૬૮ |
| | રાજ્યના સી.એન. જી. સ્ટેશનો | ૨૬૦ |
| | સુરત જિલ્લામાં સ્વરોજગાર શિબિરોમાં હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા | ૩૩૮ |
| **પ્રફુલભાઈ ખો. પટેલ** | | |
| | જી.એસ.પી.સી. દ્વારા થતું ઓઈલ અને ગેસ માટેનું ઉત્પાદન | ૨૪૪ |
| | દૂરદર્શન ઉપર પ્રસારિત થતી શ્રેણીઓ અંગે | ૨૬૯ |
| | સ્થાનિક ઉમેદવારોને રોજગારી | ૩૪૬ |
| | સ્પેશીયલ ઈકોનોમીક ઝોનના કાયદા અન્વયે મળેલ મંજૂરી | ૨૮૨ |
| **પ્રવિણભાઈ મો. માકડિયા** | | |
| | ભૂકંપ સંશોધન સંસ્થાનના કેમ્પસ અંગે | ૨૩૦ |
| **પ્રાગજીભાઈ ના. પટેલ** | | |
| | અમદાવાદ જિલ્લામાં રસ્તાઓના કામ | ૩૩ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **પ્રાગજીભાઈ ના. પટેલ** | | |
| | કેન્દ્ર દ્વારા ગેસ પુરવઠામાં કાપ | ૨૪૬ |
| | કિસાન પથ યોજના હેઠળ રસ્તાના કામો | ૫૪ |
| | પ્રવાસ પથ યોજના હેઠળ રસ્તાના કામો | ૪૯ |
| | માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકામાં ભારે વરસાદથી તૂટેલ નાળા | ૧૦૦ |
| | રાજ્યમાં કાર્યરત સી.એન.જી. સ્ટેશનો | ૨૮૩ |
| | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક ક્ષેત્રે સંશોધકોને પ્રોત્સાહન | ૨૬૯ |
| | શિષ્યવૃત્તિની મળેલ ગ્રાન્ટની ફાળવણી | ૩૨૫ |
| **ફતેસિંહ વ. ચૌહાણ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૮૨ |
| **બચુભાઈ ના. કિશોરી** | | |
| | દાહોદ જિલ્લાના ખેડૂતોને પાક વીમાની ચૂકવવાની બાકી રકમ અંગે | ૩૯ |
| | દાહોદ જિલ્લામાં આયુર્વેદ સેન્ટરોમાં ડૉક્ટરોની ખાલી જગ્યા | ૧૧૫ |
| | દાહોદ જિલ્લામાં પાણી પુરવઠા યોજનાના કામો | ૧૦૪ |
| | દાહોદ-ખોડવા-સુથારવાસા બિસ્માર રોડને ડામર કામ | ૨૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૪ |
| **બાબુભાઈ જ. પટેલ** | | |
| | જ્યોતિગ્રામ યોજનાથી રોજગારીની તકોમાં થયેલ ફેરફાર | ૨૧૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૬૫ |
| **બાબુભાઈ મે. શાહ** | | |
| | કચ્છ જિલ્લાના ઉદ્યોગો માટે જમીનની ફાળવણી | ૩૧ |
| | કચ્છ જિલ્લામાં શ્રમજીવીઓના મૃત્યુ | ૩૩૬ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક | ૬૨ |
| | ગુજરાત વિધાનસભાનાપૂર્વ મંત્રી સ્વ.ડૉ. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ,પૂર્વ સભ્ય સ્વ.શ્રી નાનાલાલ ચોક્સી, સ્વ.શ્રીહિંમતસિંહજી વિજયરાજજી અને સ્વ.શ્રી માધુભાઈજે.ભોયેના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો | ૧૨૮ |
| | નર્મદા યોજનાનું પાણી રાજસ્થાન ન પહોંચવા અંગે | ૨૫૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૪૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૭૨ |
| | રાજ્યના બંદરો પર થતા યાતાયાતના ઓછા દરો અંગે | ૨૨૪ |
| | રાજ્યમાં તળાવો ઊંડા કરવા અને તૂટી ગયેલા રીપેર કરવા અંગેની જોગવાઈ | ૧૦૨ |
| **બાવકુભાઈ ના. ઉંઘાડ** | | |
| | અમરેલી જિલ્લાને ખેતીવાડી માટે નર્મદાનું પાણી આપવા અંગે | ૨૬૫ |
| | અમરેલી જિલ્લામાં અસરગ્રસ્ત ખેડૂતોને વળતર | ૪૬ |
| | પાટણ શૈક્ષણિક સંકુલમાં થયેલ બળાત્કારની ઘટના | ૨૩૬ |
| | બાબરા તાલુકાના રસ્ત અંગે | ૨૮ |
| | બાબરા-વડીયા તાલુકામાં સિંચાઈ યોજના | ૧૦૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૭૯ |
| | રાજ્યમાં નોંધાયેલ વિવિધ ગુનાઓ | ૨૮૦ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **બાવકુભાઈ ના. ઉંઘાડ** | |
| વડીયા તાલુકામાં પી.એચ.સી. મંજૂર કરવા અંગે | ૧૧૭ |
| **ભગવાનભાઈ ધા. બારડ** | |
| જુનાગઢ જિલ્લામાં ધાર્મિક સ્થાનોમાં નોંધાયેલા ગુના | ૨૨૭ |
| જૂનાગઢ ખાતે રોપ વે નું કામ | ૧૦૬ |
| જૂનાગઢ જિલ્લાના સ્થળોનો યાત્રાધામ પ્રવાસન વિકાસ અન્વયે સમાવેશ | ૧૧૭ |
| જૂનાગઢ જિલ્લામાં પકડાયેલ દારૂ | ૨૫૫ |
| જૂનાગઢ જિલ્લામાં સરકાર સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | ૩૩ |
| રમતગમત ક્ષેત્રે આપેલ પારિતોષિક | ૩૨૮ |
| સહકારી ખાંડ મિલોને લીકવીડીટી સ્પોટ લોન આપવા બાબત | ૧ |
| **ભરત બારોટ** | |
| રાજ્ય સરકાર દ્વારા લીધેલ ઓવરડ્રાફ્ટ અંગે | ૩૩૮ |
| **ભરતસિંહજી શં. ડાભી** | |
| જી.એસ.પી.સી. ધ્વારા ઓઈલ અને ગેસ માટે થતું ઉત્પાદન | ૨૧૬ |
| રોજગાર ક્ચેરીઓને કોમ્પ્યુટરાઇઝ કરવાથી થયેલ ફાયદાઓ | ૩૩૮ |
| રાજ્યમાં કાર્યરત સી.એન.જી. સ્ટેશનો | ૨૫૧ |
| **ભાનુબેન મ. બાબરીયા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૭૩ |
| મીઠાની નિકાસ માટે બંદરીય સવલતો | ૨૬૭ |
| **ભારતીબેન અ. રાઠોડ** | |
| આઇ.ટી.આઇ. ને અપગ્રેડ કરવા અંગે | ૩૩૯ |
| આઇ.ટી.આઇ.ને અપગ્રેડ કરવા અંગે | ૩૪૬ |
| જ્યોતિગ્રામ યોજનાના અમલથી રોજગારીની તકોમાં થયેલ વધારો | ૨૨૦ |
| રાષ્ટ્રીય કક્ષાએ કૃતિઓ ક્લાવારસાને આપેલ સહાય | ૩૪૮ |
| **ભાવનાબેન રા. મકવાણા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૭૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૭૧ |
| **ભાવસિંહભાઈ ડા. રાઠોડ** | |
| પાટણ જિલ્લામાં લોક્જાગૃત્તિ અને સંસ્કૃતિ બચાવ અંગેના કાર્યક્રમો | ૨૮૩ |
| સમી અને હારીજ તાલુકાના પોલીસ સ્ટેશનો | ૨૬૯ |
| સમી અને હારીજ તાલુકામાં જી.આઈ.ડી.સી.ની સ્થાપના | ૨૪૫ |
| સમી અને હારીજ તાલુકામાં સ્વજલધારા યોજના હેઠળના કામો | ૧૦૪ |
| હારિજ તાલુકામાં મામલતદાર ક્ચેરી બનાવવા અંગે | ૪૨ |
| **ભાવસિંહભાઈ ડા.રાઠોડ** | |
| હારીજ તાલુકમાં સરકારી વિશ્રામ ગૃહ બનાવવા અંગે | ૧૮ |
| **ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૭૧ |
| ગુજરાત વિધાનસભાનાપૂર્વ મંત્રી સ્વ.ડાૅ. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ,પૂર્વ સભ્ય સ્વ.શ્રી નાનાલાલ ચોક્સી, સ્વ.શ્રીહિંમતસિંહજી વિજયરાજજી અને સ્વ.શ્રી માધુભાઈજે.ભોયેના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો | ૧૨૭ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૫૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૭૮ |
| **મંગુભાઈ છ. પટેલ** | |
| ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ માટેવિધાનસભામાંથી અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી પંદર સભ્યોની ચૂંટણી કરવા અંગે | ૧૩૮ |
| ગુજરાત વિધાનસભાનાપૂર્વ મંત્રી સ્વ.ડાૅ. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ,પૂર્વ સભ્ય સ્વ.શ્રી નાનાલાલ ચોક્સી, સ્વ.શ્રીહિંમતસિંહજી વિજયરાજજી અને સ્વ.શ્રી માધુભાઈજે.ભોયેના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો | ૧૨૮ |
| દીપડાએ મચાવેલો આતંક અંગે | ૫૪ |
| **મણીભાઈ દે. પટેલ** | |
| કપડવંજ તાલુકામાં રસ્તાથી વંચિત ગામો | ૪૩ |
| કપડવંજ તાલુકામાં રસ્તાના ધોવાણ અંગે | ૨૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૮૪ |
| **મનસુખભાઈ પાં. ભુવા** | |
| અમરેલી જિલ્લામાં ચેકડેમો બનાવવાના આયોજન અંગે | ૧૦૯ |
| અમરેલી જિલ્લામાં ચેકડેમો બનાવવાના આયોજન અંગે | ૯૦ |
| કાર્યરત આઈ.ટી.આઈ.ની સંખ્યા | ૩૩૫ |
| રાજ્યની વીજ કંપનીને વીજ ક્ષેત્રે મળેલ એવોર્ડ | ૨૬૩ |
| રાજ્યમાં ખેડૂતોને વીજ જોડાણ | ૨૩૩ |
| **મફતલાલ મો. પુરોહિત** | |
| કુંવરબાઈના મામેરાની મળેલ અરજીઓ | ૩૧૭ |
| બનાસકાંઠા જિલ્લામાં સ્થપાયેલ નવા સબસ્ટેશનો | ૨૪૮ |
| રાજ્યમાં આવેલ સી.એન.જી. સ્ટેશનો | ૨૧૪ |
| **મહમદજાવીદ અ. પીરઝાદા** | |
| વાંકાનેર ભૂગર્ભ ગટર યોજનાની દરખાસ્ત | ૮૮ |
| **મહેન્દ્રસિંહ પ. સરવૈયા** | |
| ભાવનગર બંદરના વિકાસનું આયોજન | ૨૦૦ |
| **મહેન્દ્રસિંહ શં. વાઘેલા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૭૯ |
| ડાર્ક ઝોનવાળા વિસ્તારના ખેડૂતોને વીજ જોડાણ | ૨૩૯ |
| મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં ચેકડેમો | ૧૦૪ |
| મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ | ૪૯ |
| મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં પ્રાથમિક સુવિધા વગરની પ્રાથમિક શાળાઓ | ૩૬ |
| મેઘરજ,માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં ડામર કર્યા વગરના રોડ | ૨ |
| સાબરકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું તેમજ સાતફેરા સમૂહ લગ યોજનાના લાભાર્થીઓ | ૩૩૪ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **મહેન્દ્રસિંહ શં. વાઘેલા** | | |
| | સાબરકાંઠાને નર્મદા આધારીત પાઈપલાઈનથી આવરી લેવાનું આયોજન | ૧૧૫ |
| **માનસિંહ કો. ચૌહાણ** | | |
| | નોન-ટ્રાયબલ વિસ્તારમાં કૂવા વિજળીકરણ અંગે સહાય | ૨૭૨ |
| | નોન-ટ્રાયબલ વિસ્તારમાં પેટા પરાનાં વીજળીકરણ અંગે સહાય | ૨૪૮ |
| | નિયામક, રાજય સૈનિક પુનઃ વસવાટ કલ્યાણની કામગીરી અંગે | ૨૦૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૮૭ |
| **મુકેશ ભે. ગઢવી** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૭૫ |
| | અધિકારીઓ, મુખ્ય મંત્રીશ્રી અને મંત્રીશ્રીઓ દ્વારા લેવાયેલ ખાનગી વિમાની સેવાઓ | ૨૨૯ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક | ૬૩ |
| | ટાટા ટેલિકોમ કંપની સાથેના કરારથી રાજ્યને થયેલ આવક | ૨૫૬ |
| | તાલુકા તથા જિલ્લા કક્ષાએ યાત્રાધામ વિકાસની સુવિધાઓ | ૧૧૭ |
| | થરા ખાતેના ગો સંવર્ધન કેન્દ્રની જમીન | ૩૧ |
| | ફ્લાય એશ પર કર વસુલાત અંગે | ૨૭૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૯૬ |
| | વેલ્યુએડેડ ટેક્સ ઉઘરાવવાની નીતિના કાયદામાં સુધારો કરવા અંગે | ૩૨૬ |
| | સિંચાઇ યોજનાના અસરગ્રસ્તોને જમીનો આપવાનો અભિગમ | ૧૦૭ |
| **મૂળુભાઈ હ. આયરબેરા** | | |
| | કાર્યરત આઇ.ટી.આઇ. ની સંખ્યા | ૩૨૬ |
| | જામનગર જિલ્લાના નાળા / પુલીયાની મરામત | ૩૭ |
| | લોક કલ્યાણની યોજના અંગે અધિકારીઓને પ્રોત્સાહન | ૨૧૭ |
| | ઓવર ડ્રાફ્ટ લેવા અંગે | ૩૪૨ |
| **મૂળુભાઈ હ.આયરબેરા** | | |
| | જામનગર જિલ્લામાં નમૂના-૬માં એન્ટ્રીની અરજીઓ | ૬ |
| **મોહંમદ ફારૂક હુ. શેખ** | | |
| | અમદાવાદ શહેરમાં નોંધાયેલ વિવિધ ગુનાઓ | ૨૭૯ |
| | દારૂ અંગે પાડવામાં આવેલ રેડ | ૨૩૫ |
| | વીજ મીટર ટેસ્ટીંગ લેબોરેટરી અંગે | ૨૬૪ |
| **મોહનભાઈ ક. કુંડારિયા** | | |
| | પડધરી અને ટંકારા તાલુકાને લીંક કોર્ટ | ૧૯૯ |
| | પડધરી તાલુકામાં ખેડૂત અકસ્માત વીમાની બાકી ચૂકવણી અંગે | ૧૬ |
| | મોરબી તાલુકામાં ખેડૂત અકસ્માત વીમાની બાકી ચુકવણી અંગે | ૪૧ |
| | મોરબી તાલુકામાં મચ્છુ-૩ સિંચાઈ યોજનાનું કામ | ૧૦૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૯૩ |
| | રાજકોટ જિલ્લાની સિંચાઈ યોજનાને લીફ્ટ ઈરિગેશનમાં કનવર્ટ કરવા અંગે | ૯૧ |
| **મોહનસિંહ છો. રાઠવા** | | |
| | આદિજાતિ જિલ્લાઓની માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | ૯ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **મોહનસિંહ છો. રાઠવા** | |
| ગુજરાત વિધાનસભાનાપૂર્વ મંત્રી સ્વ.ડૉ. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ,પૂર્વ સભ્ય સ્વ.શ્રી નાનાલાલ ચોક્સી, સ્વ.શ્રીહિંમતસિંહજી વિજયરાજજી અને સ્વ.શ્રી માધુભાઈજે.ભોયેના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો | ૧૨૭ |
| પાવી-જેતપુર તાલુકામાં પુલ બનાવવા અંગે | ૧૦૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૫૭ |
| **યોગેશ પટેલ** | |
| ગુજરાત વિધાનસભાનાપૂર્વ મંત્રી સ્વ.ડૉ. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ,પૂર્વ સભ્ય સ્વ.શ્રી નાનાલાલ ચોક્સી, સ્વ.શ્રીહિંમતસિંહજી વિજયરાજજી અને સ્વ.શ્રી માધુભાઈજે.ભોયેના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો | ૧૨૯ |
| ટ્રકોમાં ૩૦ ટનથી વધુ વજનના પરિવહન અંગે | ૨૪૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૭૪ |
| વડોદરા શહેરમાં ઠંડાપીણાનું વેચાણ | ૧૦૫ |
| **રજનીકાંત સો. પટેલ** | |
| આધુનિક ટેક્નોલોજીથી સાંકળવામાં આવેલ વીજ કંપનીઓ | ૨૨૮ |
| **રણછોડભાઈ ક. મેર** | |
| અમદાવાદ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળના લાભાર્થીઓ | ૩૪૦ |
| નવી આઈ.ટી.આઈ.ને મંજૂરી અંગે | ૩૨૪ |
| **રણજીતભાઈ મં. ગિલીટવાલા** | |
| નવી આઈ.ટી.આઈ. શરૂ કરવા અંગે | ૩૩૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૯૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૪૫ |
| રાજ્યમાં વિજ્ઞાનના પ્રચાર અને પ્રસારણ યોજના | ૨૧૫ |
| સભાગૃહની હદ મર્યાદા અંગે | ૧૩૬ |
| સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશનમાં સમાવેલ શહેરો | ૨૫૦ |
| **રમણલાલ ના. પાટકર** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૯૯ |
| **રમણલાલ વોરા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૬૯ |
| ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના પાંચ સભ્યશ્રીઓની ચૂંટણી કરવા અંગે. | ૧૩૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૫૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૫૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૭૪ |
| **રમેશ વ. મહેશ્વરી** | |
| કચ્છ જિલ્લામાં બેરોજગારોને આપેલ રોજગારીની સંખ્યા | ૩૨૨ |
| **રાકેશ શાહ** | |
| અમદાવાદ જિલ્લા રોજગાર કચેરી ખાતે બેરોજગારોની નોંધણી અને રોજગારી અંગે | ૩૧૩ |
| આઈ.ટી. ક્ષેત્રે લેવાયેલ અગત્યના પગલાં | ૨૭૮ |
| ઈ-ગવર્નન્સ ક્ષેત્રે મેળવેલ સિધ્ધિઓ | ૨૬૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **રાકેશ શાહ** | | |
| | રાજયમાં વિદ્યાર્થીઓને વીમા સહાય | ૧૬ |
| | રાજ્યની પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં અપાતું પ્રશિક્ષણ | ૨૩૨ |
| **રાઘવજીભાઈ હં. પટેલ** | | |
| | અતિવૃષ્ટિથી ક્ષતિગ્રસ્ત થયેલ સિંચાઈ યોજનાઓ | ૧૧૪ |
| | જામનગર જિલ્લાના ખેડૂતોની વીજ જોડાણો માટેની અરજીઓ | ૨૩૨ |
| | જામનગર જિલ્લાના ગામોમાં શિક્ષણની સગવડ અંગે | ૨૭ |
| | જામનગર જિલ્લામાં ડૉક્ટર અને નર્સની ખાલી જગ્યાઓ | ૧૨૩ |
| | જામનગર જિલ્લામાં પેન્શનના પડતર કેસો | ૩૨૭ |
| | ધ્રોલ-જોડીયાના પીવાના પાણીથી વંચિત ગામો | ૧૦૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૭૦ |
| **રાજેન્દ્રસિંહ ધી. પરમાર** | | |
| | આણંદ જિલ્લાના કાંઠા વિસ્તારના ગામોમાં પીવાનું પાણી શુધ્ધ કરવા આયોજન | ૧૨૨ |
| | આણંદ જિલ્લામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા મળેલ માગણીઓ | ૧૪ |
| | આણંદ જિલ્લામાં દરિયાનું ખારૂ પાણી અટકાવવા આયોજન | ૧૧૩ |
| | આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાના બાંધકામ અંગે | ૩૮ |
| | આણંદ જિલ્લામાં મહિલા સંમેલનો પાછળ ચૂકવેલ રકમ | ૫૧ |
| | ખેડા અને આંણદ જિલ્લાના ખાનગી સીક્યુરીટીના ગનમેનોના ડુપ્લીકેટ લાયસન્સ | ૨૭૮ |
| | બોરસદ મહી નદી પર આડબંધ બનાવવાનું સર્વે | ૧૦૦ |
| | રાજ્યમાં નોંધાયેલા વિવિધ ગુનાઓ | ૨૩૪ |
| | શાળાએ જતી કન્યાઓને વિના મુલ્યે મુસાફરી | ૨૬૪ |
| **લક્ષ્મણભાઈ પ. પટેલ** | | |
| | "ગુજરાત" પાક્ષિકના વિકાસ માટેના થયેલ પ્રયાસો | ૨૨૩ |
| **લાલજીભાઈ પ્રે. સોલંકી** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૩ |
| **લાલસિંહ ઉ. વડોદીયા** | | |
| | ૭/૧૨ અને ૮/અ નો ઉતારો મળવા અંગે | ૪૩ |
| | આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા અંગે | ૨૬ |
| | કેન્યા દેશમાં થયેલા તોફાનોમાં સરકાર દ્વારા ગુજરાતી પરીવારોને મદદ | ૧૧૩ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક | ૬૩ |
| | મહી સિંચાઈ નહેરના પાણીના દર | ૧૦૧ |
| **લીલાધરભાઈ ખો. વાઘેલા** | | |
| | બનાસકાંઠા જિલ્લામાં પીવાના પાણીની વ્યવસ્થા | ૧૧૯ |
| | બનાસકાંઠા રેફરલ હોસ્પિટલમાં સ્ટાફ અને દવાની વ્યવસ્થા | ૧૦૭ |
| **વંદનાબેન મ. મકવાણા** | | |
| | ઈ-ગર્વનન્સ માટે ગુજરાતી ભાષાના ઉપયોગનું આયોજન | ૨૫૨ |
| | બેટ દ્વારકામાં સતત વીજ પુરવઠો આપવા અંગે | ૨૨૦ |
| **વજુભાઈ વાળા** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૮૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **વજુભાઈ વાળા** | | |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક | ૬૪ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક | ૬૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૮૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૮૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૮૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૩૦૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૩૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૩૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૩૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૩૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૩૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૪૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૬ |
| **વર્ષાબેન ન. દોશી** | | |
| | ગ્રાન્ટ છુટી કરવા અંગે | ૩૨૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૬૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૩ |
| **વલ્લભભાઈ ગો. કાકડિયા** | | |
| | અમદાવાદ જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષકોની જગાઓ અંગે | ૩૪૧ |
| | અમદાવાદ જિલ્લામાં સ્વરોજગારશિબિરોમાં હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા | ૩૨૦ |
| | જીઓ-ઈન્ફોર્મેટિક ટેક્નોલોજી અંગે સરકારનું આયોજન | ૨૬૬ |
| | બાયસેક સંસ્થા દ્વારા શિક્ષણ ક્ષેત્રે યોગદાન | ૨૮૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૩૦૧ |
| | રાજ્યના એલ.એન.જી. ટર્મિનલ | ૨૩૮ |
| **વસુબેન ત્રિવેદી** | | |
| | ધોલાઈ મત્સ્ય બંદર ખાતે સુવિધાઓ | ૨૪ |
| | બેટ દ્વારકા જતા યાત્રાળુઓ માટે આપેલ સુવિધા | ૨૩૮ |
| | બેટ દ્વારકામાં સતત વીજ પુરવઠાનું આયોજન | ૨૬૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૫૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૭૧ |
| | વિજ્ઞાન અને પ્રોદ્યોગીકી ક્ષેત્રે સંશોધકોને પ્રોત્સાહન | ૨૮૧ |
| **વાસણભાઈ ગો. આહિર** | | |
| | ગુજરાત વિધાનસભાનાપૂર્વ મંત્રી સ્વ.ડૉ. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ,પૂર્વ સભ્ય સ્વ.શ્રી નાનાલાલ ચોક્સી, સ્વ.શ્રીહિંમતસિંહજી વિજયરાજજી અને સ્વ.શ્રી માધુભાઈજે.ભોયેના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો | ૧૩૧ |
| **વિજયભાઈ ર. પટેલ** | | |
| | અપંગ સાધન સહાય યોજનાની મળેલ અરજીઓ | ૩૩૧ |
| | આદિજાતિ વિસ્તારમાં સિકલસેલના દર્દીઓ | ૧૦૩ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **વિજયભાઈ ૨. પટેલ** | | |
| | સ્પીપા ખાતે તાલીમ લઈ સનદી સેવાઓ માટે ઉત્તિર્ણ થયેલ ઉમેદવારો | ૨૪૩ |
| **વિભાવરીબેન વિ. દવે** | | |
| | આઈ.ટી.આઈ.ની મંજૂર થયેલ બેઠકો | ૩૩૩ |
| | કૅપ્ટિવ જેટીઓના વિસ્તૃતિકરણની યોજના | ૨૦૪ |
| | ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજીના કાર્યક્રમો અંગે | ૨૭૦ |
| | ભાવનગર જિલ્લામાં નવા સબ સ્ટેશનો | ૨૪૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૬૭ |
| **શંકરભાઈ લ. ચૌધરી** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૭૬ |
| **શંભુજી ઠાકોર** | | |
| | ગાંધીનગર જિલ્લામાં સ્વરોજગારશિબિરોના આયોજનમાં હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા | ૩૧૪ |
| | નેનો ટેક્નોલોજીના વિષયને પ્રોત્સાહન | ૨૪૭ |
| | રાજયને મળતી ઓઈલ અને ગેસની રોયલ્ટી | ૨૦૧ |
| **શંભુપ્રસાદ બ. ટુંડિયા** | | |
| | ભાવનગર બંદરના વિકાસનું આયોજન | ૨૧૬ |
| | રાજ્યના યાત્રાધામોમાં ગુજરાતના વિકાસની ઝાંખી દર્શાવવાનું આયોજન | ૨૫૦ |
| **શક્તિસિંહ હ. ગોહિલ** | | |
| | વિધેયકને પાછું ખેંચવાની અનુમતિ માગતા પ્રસ્તાવ અંગે | ૫૮ |
| | શહેરી વિકાસ મંત્રીશ્રીએ સભાગૃહની બહાર કરેલી જાહેરાત અંગે | ૨૮૪ |
| | સભાગૃહના અવમાન અંગે | ૩૪૮ |
| **શૈલેષ મ. પરમાર** | | |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં પોલીસ સ્ટેશનમાં ખાલી જગ્યાઓ | ૨૧૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૬૮ |
| **શૈલેષભાઈમ.પરમાર** | | |
| | મહિલા અને બાળ કલ્યાણ યોજના અંતર્ગત રાજ્યને ફાળવાયેલ રકમ અંગે | ૪૪ |
| | રાજ્યની બી.એડ. કોલેજોમાં પ્રવેશ અંગે | ૨૭ |
| | રાજ્યની માથાદીઠ આવકઅને દેવું | ૩૩૨ |
| | એલ.પી.જી. અને સી.એન.જી. ગેસ આધારિત સ્કૂલ વાહનોનું રજિસ્ટ્રેશન | ૨૪૯ |
| **સિધ્ધાર્થ ચી. પટેલ** | | |
| | કેન્દ્ર સરકારે રાજ્યને પાણી પુરવઠા યોજના માટે ફાળવેલ રકમ | ૯૮ |
| | કેન્દ્ર સરકારે રાજ્યના ખેડૂતો માટે ફાળવેલ ગ્રાન્ટ | ૨૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૬૩ |
| | યાત્રાધામો માટે બ્લ્યુ પ્રિન્ટ બનાવવા અંગે | ૧૧૦ |
| | વડોદરા જિલ્લામાં પાક વીમાની ચૂકવણી | ૫૧ |
| | વડોદરા જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ અંગે | ૪૨ |
| **સી.કે. રાઉલજી** | | |
| | પંચમહાલ જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો | ૨૩૯ |
| **સુંદરસિંહ ભ. ચૌહાણ** | | |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **સુંદરસિંહ ભ. ચૌહાણ** | | |
| | ઇન્ટરવ્યૂ સ્થળે જવા સવલત આપવા અંગે | ૩૨૮ |
| **સૌરભ પટેલ** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૭૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૮૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૮૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૩૦૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૫ |
| **હરીલાલ મો. પટેલ** | | |
| | ધાંગધ્રા અને લખતર તાલુકાની જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા અંગે | ૧૩ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ચેકડેમો બાંધવાની અરજીઓ | ૧૦૩ |
| **હર્ષદભાઈ ચુ. વસાવા** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૮૩ |
| | માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી સહાય | ૪૧ |
| | મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી સહાય | ૧૭ |
| **હીરાભાઈ હ. પટેલ** | | |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક | ૬૩ |
| | પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકાના વડા મથકે પોલીસ સ્ટેશન આપવા અંગે | ૨૪૭ |
| | પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકામાં અલગ કોર્ટ આપવા અંગે | ૧૯૯ |
| | પંચમહાલ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડૉક્ટરો | ૧૧૯ |
| | પંચમહાલ જિલ્લામાં કોલેજોની સંખ્યા | ૩૦ |
| | પાનમ સિંચાઈની પેટા ક્ચેરી દ્વારા ચેકડેમ તથા કેનાલનું રીપેરીંગ | ૧૦૮ |